00054285

BOMBAY BRANCH
OF THE
ROYAL ASIATIC SOCIETY
TOWN HALL, BOMBAY.

Digitized with financial assistance from
NSDL
Technology, Trust & Reach
on 11 March, 2020



*Yours most affectionately*
*A. Kinloch Forbes.*

# रासमाळा;

અથવા

## ગૂજરાત પ્રાન્તનો ઇતિહાસ.

આનરેબલ એ૦ કે૦ ફાર્બસનો રચેલો,

તેનું

ગૂજરાતીમાં ભાષાન્તર

રણછોડભાઇ ઉદયરામે કરેલું

તેની પુનઃ શોધિત તથા વૃદ્ધિત

બીજી આવૃતિ

મનઃસુખરામ સૂર્યરામ રચિત ફાર્બસ જીવન ચરિત્ર સહિત

છપાવી પ્રસિદ્ધ કરનાર,

ગૂજરાત વર્નાક્યુલર સોસાઇટી.

ભાગ ૧ લો.

54285

અમદાવાદઃ

ધી અમદાવાદ યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની

લિમિટેડના છાપખાનામાં છાપ્યો.

સંવત્ ૧૯૫૫. સન ૧૮૯૯.

મૂલ્ય રૂ. ૨.

00054285

# RAS MALA;

OR,

HINDU ANNALS OF THE PROVINCE OF GUJARÁT,

BY

**THE LATE HON. ALEXANDER KINLOCH FORBES,**

TRANSLATED INTO GUJARÀTI,

## FOR FORBES GUJARÁTI SABHÁ,

BY

**RANACHHODABHÁI UDAYARÀM,**

WITH A MEMOIR OF THE AUTHOR

BY

MANSSUKHARÁM SURYARÁM TRIPÁTHI.

*Published by the Gujarat Vernacular Society.*

BOM. BRANCH OF THE ROYAL ASIATIC SOC

**VOL. I.**

23 31

AHMEDABAD:
Printed at the "UNION PRINTING PRESS COMPANY LIMITED.

1899.

Price Rs. 2.

# ગ્રંથકર્ત્તાની પ્રસ્તાવના.

પ્રાચીન હિંદુસ્થાનનો વિષય, જે ઇતિહાસકર્ત્તા અને પંડિતોનું ધ્યાન ખેંચે એવો છે તે વિષે વધારે લક્ષ આપવામાં આવ્યું છે; પણ તેની સાથે મુકાબલો કરતાં, તેના મધ્યકાલિક ઇતિહાસનો શોધ કરવાના, એ કરતાં જરા ઉતરતી પંક્તિના કામ ઉપર, પ્રમાણમાં ઓછું ધ્યાન આપવામાં આવ્યું છે. જો કે અશોક અને ચંદ્રગુપ્તનો સમય, શોધ કરવાને માટે વિશેષ ઉંચો વિષય છે, તોપણ તેટલા સારૂ, જે સમય ઓછો પ્રાચીન છે તે ચાલતા હિંદુસ્થાન સાથે વધારે વ્યાવહારિક સંબંધ ધરાવેછે, તે વાત ભૂલી જવી જોઇયે નહિ. વળી વિશેષ એ છે કે, અર્વાચીન હિંદુસ્થાનથી પ્રારંભ કરીને, તેથી ગયલા પાછલના સમયો ઉપર ઉતરિયે તો તેથી આપણને પાકો આધાર મળેછે; તેમ છતાં જ્યાં સુધી તે સમયો અંધારામાં રહી ગયેલા રેહે ત્યાં સુધી તેમના પછીના સમય ઉપર પડેલું અજવાળું ગમે એટલું પ્રકાશમાન હોય તથાપિ તે અજવાળું ગ્રહણ કરી લેવાનું કામ સંશયજનક થઈ પડે. કોઈ પરદેશી જન હિંદુની ભૂમિમાં ગમે તેટલી મુદ્દત સુધી વસ્યો હોય તો, હાલના લોકોની ઘણી રીતભાતો અને રેહેણિયો, જે લોકો થઈ ગયાંને ઘણી મુદ્દત થઈ નથી તેઓની સ્થિતિની રહી ગયેલી નિશાનિયો છે એવું ખુલ્લી રીતે તેના જોવામાં આવ્યાવિના રેહેશે નહિ–જેમ કે, દબદબા ભરેલા વાહાણનો પ્રાતિભાસિક આકાર, જે કે માત્ર આવરણે કરીને વાતાવરણમાં ચમત્કારિક રીતે વક્રીભવન થવાથી થયેલો, તે જેવી રીતે વાહાણના નાનાવિધના દેખાવ ઉંચસ્થાને પરાવર્ત્તન પામેલા દેખાડી આપેછે ( ઈટલીમાં થાયછે તેમ ) તેવી રીતે, હવણાંની હૈયાત વસ્તુઓ, લાંબો વિચાર કરતાં, મૂલ વસ્તુઓનું ભાન કરાવેછે. જે લોકોનું રાજ્ય લઈ પડીને મુસલમાનોએ તેને ઠેકાણે પોતાનું કર્યું તેજ લોકોનાં લક્ષણ, મુસલમાનના રાજ્યની નિશાનિયો હાલ રેહેલી છે તેમાં ઘણી મજબુતાઇથી અંકિત થયેલાં છે, અને તેજ ઉપરથી, પશ્ચિમના પર્વતો ભણીથી મુસલમાન લોકોના હુમલાનું ધાડું આવીને દેશમાં પડ્યું તેના પેહેલાં આર્યાવર્ત્તની ભૂમિ ઘણાંદબદબા ભરેલાં નગરોથી શણગરાયલી હશે એવી સત્યતા કાહાડી શકાયછે. આ પ્રમાણે છતાં પણ આગળના દિવસોનો એવો મહિમા બતાવી આપનાર, વધારે ચોકસ નિશાનિયો છે, અને તે ઉપરથી, મહાપ્રતાપવાન કનોજ, ભોજનું ક-

## ગ્રંથકર્તાની પ્રસ્તાવના.

લ્પિત કથાઓમાં વર્ણવેલું નગર, ગહન યોગિનીપુર, એઓનો, છાયારૂપે ચિતાર આપણે ધારી શકિયે છિયે. અમે લખ્યાં તે શેહેરોની એકલી હૈયાતીજ નથી. એઓની શ્રેષ્ઠતા માન્ય કરી તે દેશ કરતાં પણ વધારે વિસ્તારવાન પ્રદેશ ઉપર કલ્યાણના રાજાઓએ પોતાનું રાજ્ય વિસ્તાર્યું હતું, અને ક્રમીમાં ક્રમી, પરમાર, ચોહાણ, અથવા રાઠોડની બરાબરિયો અણહિલપુરનો સોલંકી હતો.


અમારા આ પુસ્તકમાં અમે વનરાજના નગરની વાત લખિયે છિયે, તેમજ તેનો નાશ થવા ઉપરથી તેમાંથી હિંદુનાં બીજાં રાજ્ય અને સંસ્થાન સ્થપાયાં તથા જે માહેલાં કેટલાંક તો આજ સુધી ચાલતાં આવ્યાં છે તે સંબંધી પણ લખીને એ બંને ઉપર અમારા વાંચનારનું લક્ષ અમે ખેંચિયે છિયે. હું સારી પેઠે સમજુંછું કે મારો વિષય,–હિંદુસ્થાન વિષેનો છે એટલુંજ નહિ પણ વળી જે એક ચોકસ જગ્યા વિષે છે તે સર્વને રસિક થઈ પડવો કઠિણ છે. તેમજ તેનું વર્ણન કરવાની મારી પોતાની ખામિયો વિષે પણ હું અજાણ છું એમ નથી. તથાપિ હું આઠ વર્ષ સુધી ગૂજરાતમાં રહ્યો છું અને તાપી નદીના કિનારાથી તે છેક બનાસ નદીના કિનારા સુધી વસનારા જૂદા જૂદા લોકોના ધાડા સંબંધમાં કામની રૂઇયે તથા ખાનગી રીતે આવેલો છું, તેથી મને મારા આ કામમાં યોગ્ય થવાને કેટલોક લાભ મળેલો છે.

પૂર્વની વિદ્યાનું જ્ઞાન મને છે એવું ડોળ હું પ્રથમથીજ ઘાલતો નથી તોપણ, તે સાથે મારે લખવું જોઇયે કે હિંદુ વિદ્વાનો પાસેથી મને જોયતો આશ્રય મળ્યો છે અને એ વાતથી જો કે પુસ્તક રચનારની હોંશિયારી ઓછી થઈ જણાઈ આવેછે તોપણ તેથી કરીને પુસ્તકની કદર ઓછી થઈ ગયેલી વિચારવામાં આવશે નહિ.

વ્યાપારી લોકો ઘણું કરીને વિદ્યાસંબંધી વિષયમાં નિસ્પૃહી હોયછે તોપણ એક વ્યાપારી વીરચંદજી ભંડારી કરીને મારવાડનો રેહેવાશી જૈનધર્મપાળનારો હતો તે સંસ્કૃત અને પ્રાકૃતમાં કુશળ હતો, તેણે મને પ્રબંધ ચિંતામણીનું પુસ્તક આપીનેજ માત્ર ઉપકૃત કરયો છે એટલુંજ નહિ પણ તેનું ભાષાન્તર કરવામાં તેના આશ્રયની ખરેખરી અગત્ય હતી તે તેણે પૂરી પાડી છે.

સોરઠની સીમા ઉપર વઢવાણ આવેલું છે ત્યાંના રેહેવાશી દલપતરામ ડાહ્યાભાઈ છે તેમનો ઉપકૃત હું વિશેષે કરીને થયેલો છું.

મને ગૂજરાતમાં ગયાંને ઘણા દિવસ થયા નહિ એટલામાં હું સરકારી અધિકાર ઉપર હતો તેવામાં મારા મ્હો અગળ એક કાગળ રજુ કરવામાં આવ્યો, તેમાં બે ભાટની સહિયો સાથે કટારિયોનાં નિશાન કાહાડેલાં હતાં, તે જોઇને



મારી જિજ્ઞાસા ઉદય થઈ; પછી મેં પૂછપરછ કરવામાંડી અને એ જાતિના લોકોમાંથી જેઓનો સમાગમ કરવો બની આવ્યો તેઓનો મેં સમાગમ કરયો. ભાટલોકોના ભંડારની આ પ્રમાણે મને ઝાંખી થઈ એટલે મારી જિજ્ઞાસા શમી જવાને બદલે ઉલટી વધી. જે લોકોની પાસે રાસના ભંડાર હતા, અને જે મેળવવાની મારી ઇચ્છા હતી તે લોકોને સમજાવવાને અને ભંડારના ડાબલાનો ખુલાસો કરી લેવાને ભાટની વાતોનું જ્ઞાન મેળવી લેવાની અગસ હતી, તે મેળવવા માટે કોઈ દેશી માણસના આશ્રયની મને ખરેખરી અગત્ય જણાઈ. સારા ભાગ્યે કરીને, તરતજ કવીશ્વરનું નામ મને જાણ કરવામાં આવ્યું—કેમકે દલપતરામને તેમના દેશના લોકોએ એ પદ આપેલું છે,—અને એમને મેં ઈ૦ સ૦ ૧૮૪૮ માં ઠરાવ કરીને રાખ્યા, તે દિવસથી મારા એ ઉપયોગી સહાય્યક ઘણુંકરીને મારી પાસેજ રેહેતા. રાસ, વાર્તા, એકઠી કરવાને, અને લેખનો ઉતારો કરી લેવાની મતલબે, ગૂજરાતના ઘણા ખરા ભાગમાં ફરવાની મેં દલપતરામને ગોઠવણ કરી આપી, તોયપણ અમારા શ્રમનો બદલો મળવાને કેટલીક વાર થઈ. અજ્ઞાનતા, અદેખાઈ, અને લોભ નડવાથી અમારે ઘણીક હરકતો વેઠવી પડી છે, તેનું વર્ણન આ ઠેકાણે જો હું આપું તો તે કદાપિ વાંચનારને ગંમત ભરેલું થઈ પડે ખરું, પણ તે નિશ્ચય કંટાળો ઉપજાવે; તથાપિ તે વિષેનો જોઇયે તેવો વિચાર, હું નીચે થોડી હકિકત લખુંછું તે ઉપરથી લક્ષમાં આવશે. મારા શોધ ઉપરથી કેટલાક એમ ધારતા હતા કે છૂપો ખજાનો શોધી કાહાડવા સારૂ સરકારે મને ઠરાવ્યો છે; વળી કેટલાક એમ ધારતા કે આપણી જમીન સરકાર ખાલસા કરી દેવા સારૂ આપણા હક સંબંધી કાંઇ સબબ શોધી કાહાડવાનો હેતુ છે; વળી જે વહિવંચા લોકો પાસે હકિકત લખેલી હતી તેનો ઉતારો કરવા દેવાના બદલામાં ગામ ઈનામ આપવામાં આવે

તો તે યોગ્ય બદલો આપ્યો કેહેવાય એવી ઘણીવાર મને સૂચના કરવામાં આવતી હતી. છેવટે મારા સરકારી અધિકારને લીધે હું વાઘેલા, ઝાલા, અને ગોહિલ વંશના ઠાકોરોના સંબંધમાં આવ્યો, અને તુરતજ મારા જાણવામાં આવી ગયું કે ભાટ લોકોને ગમે તેવી લાલચ બતાવવા કરતાં, અને ગમે તે પ્રકારે તેઓને વિનવવા કરતાં, તેમને જો તેઓ વંશ પરંપરાના જેના પરિયાગત છે એવા આ સંસ્થાનિકો ભણીથી જરા સૂચના મળે તો કામ થાય. હું મહીકાંઠાનો પોલિટિકલ એજન્ટ હતો તેથી ઉપરના વિચાર પ્રમાણે મારૂં કામ તે પ્રાન્તના રાજકર્ત્તાઓની સહાયતાથી કાહાડી લેવાને શક્તિવાન્ થયો એટલુંજ નહિ, પણ ગાયકવાડના મુલકમાંથી પણ એવા પ્રકારની સુલભતા મને મળી ગઈ. ( પ્રથમ તો એકવાર મને ત્યાંના કારભારિયો ભણીથી ચોખ્ખી ના કેહેવામાં આવી હતી. ) અને વડોદરા સરકારના પાટણના સૂબા બાબા સાહેબની કૃપાથી, અણહિલપુર જે ખરેખરી વિનોદજનક જગ્યા છે ત્યાંથી એક દ્વયાશ્રયનું પુસ્તક અને બીજી મૂલ્યવતી સામગ્રી મળી આવી.

મારૂં સરકારી અધિકારનું કામ જે ઘણું કરીને બહુ વધારે હતું તેમાંથી અવકાશ મળતી મારી વેળામાં મેં વહિવંચાના ચોપડાના અને જૈનના રાસના શોધ પછવાડેજ પ્રયત્ન કરચો છે એટલુંજ નહિ પણ હિંદુઓમાં ચાલતી પ્રત્યેક રીતભાત અને તેમાં મુખ્યત્વે કરીને જે મારા શોધની વાતોમાં અને પુસ્તકોમાં આવતી, તેનું જ્ઞાન મેળવવાને કરેલો છે; દેવાલય, કૂવા, વાવ, અને છત્રિયો ઉપરના લેખના ઉતારા મેં કરાવ્યા છે, અને હિંદુ શિલ્પચાતુર્યનાં સ્થાનનાં પ્રત્યેક ખંડેર જે જોવાને મને બની આવેલું છે તે મેં તપાશેલાં છે. આ છેલ્લા કામની મારી તપાસના કામમાં અમદાવાદનું નવું જૈનનું દેરૂંબાંધનાર કુશળ સલાટ પ્રેમચંદનો મને ઘણો આશ્રય મળ્યો છે, તેમજ ઘણા બુદ્ધિશાળી એવા બે સુતાર, ત્રીભોવનદાસ અને ભૂધર દયારામ કરીને હતા તેઓનો પણ એવોજ આશ્રય મળેલો છે.

આવા સમયમાં ગૂજરાત વર્નાકયુલર સોસાઇટીની સ્થાપના થઈ, અને આપણા કવીશ્વર જે એના કામને માટે સારી પેઠે તૈયાર થયેલા હતા તેમણે ગૂજરાતમાં ચાલતા વેહેમ સંબંધી અને જ્ઞાતી સંબંધી બે ઈનામના નિબંધ રચ્યા; એ બંને પુસ્તકોનો ઘણો ઉપયોગ મેં આ પુસ્તકના ચોથા વિભાગમાં કરેલો છે.

મને ઈંગ્લંડ જવાની થોડી રજા મળી તેમાં ઇન્ડિયાહાઉસનું દફતરખાનું જોવાની મને આનરેબલ ઈસ્ટઇન્ડિયા કંપનીના કોર્ટ આફ ડરેકટરોએ આજ્ઞા આપી, તેથી તેમાંથી મારા સંગ્રહના ઉપયોગની સામગ્રી મેળવીને મારો પ્રયત્ન હું પરિપૂર્ણ કરવાને શક્તિમાન્ થયો. મારી મેહેનતનું ફળ હું લોકોની સેવામાં મૂકુંછું, તે જેવું તેવું છે, તોયપણ તે સ્થાનિક અધિકારિયોના ઉપયોગનું થઈ પડશે, અને વિલાયતમાંના પણ મારા થોડાક દેશિયો, જેઓના સરખી પ્રજા ગૂજરાતના હિંદુઓ છે તેઓના લાભમાં, તેમનું લક્ષ ખેંચાવનાર સાધન થઈ પડશે.

મારો સંગ્રહ મેં જે રાસોમાંથી કરેલો છે તેઓને નામે નામ મારા સંગ્રહનું નામ મેં "રાસમાળા" રાખ્યું છે.

# ભાષાન્તરકર્ત્તાની પ્રસ્તાવના.

ગૂજરાત સરખો વિસ્તીર્ણ દેશ, જેવો સૃષ્ટિસૌંદર્યથી ભરપૂર અને ચિત્તાકર્ષક છે તે પ્રમાણે ઐતિહાસિક વિષયમાં પણ તેવોજ છે. પણ તે વિષે જ્ઞાન મેળવવાને જ્યાં સુધી આપણને સાધન મળ્યાં હોય નહિ, ત્યાં સુધી તે વિષેનો વિચાર આપણા મનમાં આવી શકે નહિ. જે પરદેશી રાજ્યોની અને આપણી વચ્ચે હજારો ગાઉનું અંતર આવી પડેલું, અને મહાવિશાળ સાગરે વચ્ચે પડીને એક બીજાને જૂદા પાડેલા, એવા દેશોનો પ્રાચીન, મધ્યકાલિક, અને અર્વાચીન ઇતિહાસ, આપણી નજર આગળ બનેલા વૃત્તાન્તની પેઠે જાણિયે, અને આપણો પોતાનાજ દેશનો ઇતિહાસ, તેવાંજ રાજ્યોના ઇતિહાસ સાથે સરખાવતાં, તેવોજ મનોરંજક, તેવોજ બોધકારક, તેવોજ ખેદકારક, અને તેવોજ દેશભક્તિ ઉત્પન્ન કરાવે એવો છતાં, તેના ચમત્કારિક પૃષ્ઠો ઉપર દૃષ્ટિ ફેરવવાને આપણને સાધન મળે નહિ એ કેવું શોકાસ્પદ કહેવાય ? આનરેબલ મિ० ફાર્બસે અતિશય રટણ કરીને ગૂજરાતનો મહિમા બતાવી આપનાર રાસમાળારૂપી સાધન કરીને ગૂજરાતની સારી સેવા બજાવી છે. એ સદ્‌ગૃહસ્થે ઘણાં પુસ્તકોનું* મંથન કરીને તેમાંથી પોતાનો અભિષ્ટ સંગ્રહ કરી લીધો છે. તે ઉપરાંત વહિવંચાના ચોપડા અને બીજા લેખ, તેમજ બીજાં પુસ્તકો જોયાં હશે તે તો જૂદાં.

આ० મિ० ફાર્બસે ઘણો શ્રમ વેઠીને અંગ્રેજી પુસ્તક તૈયાર કર્યું છે. તેમાં તેમણે આ દેશના લોકો ઉપરનો પોતાનો ભાવ બતાવી આપ્યો છે. એવા સદ્‌ગૃહસ્થનું જીવન ચરિત્ર આ પુસ્તક સાથે જોડવાને લખવાનો મારો વિચાર હતો, પણ તે કામ ઉપાડી લેવાનું કામ સભાના આનરેરી મંત્રી ભાઈ મનઃસુખરામ સૂર્યરામે માથે લીધું તેથી મને ઘણી ખુશી થઈ, કેમકે, એ ભાઇનો એ ગૃહસ્થ સાથે ઘાડો સંબંધ થયેલો હતો તથા સભા

---

* પ્રબંધ ચિંતામણી, દ્વયાશ્રય, શત્રુંજય માહાત્મ્ય, કુમારપાળ ચરિત્ર, કુમારપાળ પ્રબંધ, ભોજ પ્રબંધ, વસ્તુપાળ તેજપાળનો રાસ, કુમારપાળ રાસો, ગરૂડપુરાણની પ્રેત મંજરી, ઈત્યાદિ સંસ્કૃત તથા પ્રાકૃત પુસ્તકો, તેમજ મારવાડી ભાષાનો પૃથુરાજ રાસો, હિંદુસ્થાની ભાષામાં રત્નમાળા, અને જગદેવ પરમારની વાત. અંગ્રેજીમાં ટાડ રાજસ્થાનના બે ભાગ, અઇન અકબરી, મિરાતે અહમદી, એલ્ફિન્સ્ટન કૃત હિંદુસ્થાનનો ઈતિહાસ, ફાર્બસ કૃત ઓરિએન્ટલ મેમ્વાર, ગ્રાન્ટડફકૃત ઈતિહાસ, ટાડ વેસ્ટર્ન ઈન્ડિયા, ઈત્યાદિ, ઈત્યાદિ.

સ્થાપન કરવાના શુભ ઉદ્દેશમાં એ ભાઇને પ્રેમપૂર્વક આશ્રય આપ્યો હતો તેથી પ્રફુલ્લિત થતા મને કરીને, એવા સદ્ગૃહસ્થનું ચરિત્ર ઉમળકા ભરેલી રીતે લખાય તે નિઃશંક ઉત્તમજ થાય; અને થયું છે પણ તેમજ, તે આ પછીનાં પૃષ્ટ તેની મેળેજ બતાવી આપશે.

અમદાવાદના મગનલાલ વખતચંદે કુમારપાળ રાસા ઉપરથી રાસમાળાના ધોરણે ગૂજરાતનો લઘુ ઇતિહાસ રચ્યો છે, પરંતુ તે કરતાં વધારે વિસ્તારવાળો એક ઇતિહાસ રચવાની ઘણી અગત્ય હતી અને તે રચવાનાં સાહિત્ય એકઠાં કરીને તેમાં આજસુધી ડાકટર ભાઉ દાજી સરખા વિદ્વાનના નવા કરેલા શોધનો ઉપયોગ કરવાનો મારો વિચાર હતો, પણ તેમ કરવાને કેટલોક વિલંબ હોવાને લીધે ફાર્બસ ગૂજરાતી સભાએ રાસમાળાનું ભાષાન્તર કરાવવાનો ઠરાવ કરયો તેનો મેં લાભ લીધો છે. નજર ચૂકથી અથવા જૂદી રીતે અર્થ સમજવાથી અંગ્રેજી પુસ્તકમાં જે જુજ ચૂકો રહી ગઈ છે તે મારાથી બની આવ્યું તેમ મેં સુધારી લીધી છે, અને તે વિષે ટીપમાં જણાવેલું છે, તેમજ જે ઠેકાણે વિશેષ સૂચન આપવાનું મને યોગ્ય જણાયું છે તે ઠેકાણે ટીપ આપીને તે પણ જણાવેલું છે. આ પ્રમાણે બનતી કાળજી રાખતાં છતાં પણ આવડા મ્હોટા પુસ્તકમાં અલબત મારાથી ચૂકો થઈ ગઈ હશે તો " મનુષ્ય પ્રાણી ભૂલ કરવાને પાત્ર છે " એ વાત ધ્યાનમાં રાખીને વિદ્વાનોએ ક્ષમા કરવી.

રાસમાળાના એ ભાગમાં યઇને ચાર વિભાગ છે, તેમાં ત્રણ વિભાગ તો ઇતિહાસવિષયક છે અને ચોથો રીતભાત અને વેંહેમ વિષે છે.

આ પુસ્તકમાં જે ચિત્ર આપ્યાં છે તે સિવાય બીજી આકૃતિયો દાખલ કરવાની હતી અને તે વિષેનું વર્ણન લખતાં આકૃતિ જોવાનું સૂચન પણ કરવામાં આવેલું છે, પણ તે આકૃતિયો વિલાયતથી આવી શકી નથી.

રણછોડભાઈ ઉદયરામ

## નવી આવૃત્તિ વિષે સૂચન.

પ્રથમ આવૃતિ પ્રસિદ્ધ થયાંને આજે ત્રીશ વર્ષ થઈ ગયાં છે. હવણાં તે મળી શકતી નથી, વળી તેનું મૂલ્ય ભારે હોવાથી સામાન્ય પુરૂષો લઈ શકયા નથી. ગૂજરાત વર્નાકયુલર સોસાઈટીના સ્થાપકે રચેલો ગૂજરાતનો ઇતિહાસ બને તેટલો વધારે પ્રસિદ્ધિમાં લાવવાના હેતુથી ગૂજરાત વર્નાકયુલર સોસાઇટિયે નવી આવૃતિ પ્રસિદ્ધ કરવાની પરવાનગી મેળવી છે; અને મૂલ્ય ઘણું ઓછું કરી નાંખ્યું છે, તેથી આ પુસ્તકનો લાભ ઘણા જન લઈ શકશે. આ પુસ્તક છપાતા પેહેલાં તેમાં જે સુધારો વધારો કરવાનો હોય તે કરવાને મને સૂચવવામાં આવવાથી મેં તે કામ પ્રીતિપૂર્વક કર્યું છે અને તેમ કરવામાં જ્યાંથી મેં આશ્રય લીધો છે તેનું નામ તે પ્રસંગમાં જણાવ્યું છે. હજી પણ કેટલાંક સ્થળ સંશય ભરેલાં રહ્યાં છે. પૃથ્વીરાજ રાસામાં આવેલી કેટલીક વાત સંશય ભરેલી છે તે વિષે ઝગડો મચી રહ્યો છે તેનું જોઇયે તેવું નિરાકરણ હજી લગણ થયું નથી.

સસ્તુ પુસ્તક થવા માટે પ્રથમ આવૃતિમાં આપેલાં ચિત્ર આમાં દાખલ થઈ શકયાં નથી.

ભુજ—કચ્છ.
માઘ શુદિ ૧૩ સંવત્ ૧૯૫૫.

રણછોડભાઈ ઉદયરામ.

# અનુક્રમણિકા.

## વિભાગ ૧.


ફાર્બસ જીવન ચરિત્ર ... ... ... પ્રારંભમાં નિરાળાં પૃ. ૧–૫૮

પ્રકરણ. પૃષ્ઠ.

૧ ગૂજરાતની સ્વાભાવિક સીમા-શત્રુંજય-વલભીપુર ... ... ... ૨

૨ જયશિખરી ચાવડો, પંચાસરનો રાજા. ... ... ... ... ૨૬

૩ વનરાજ અને તેના ક્રમાનુયાયી–અણહિલપુરનો ચાવડો વંશ. ... ૩૮

૪ મૂલરાજ સોલંકી. ... ... ... ... ... ... ... ૫૭

૫ ચામુંડ-વલ્લભ–દુર્લભ–સોમનાથનો નાશ.... ... ... ... ૧૦૧

૬ પેહેલો ભીમદેવ. ... ... ... ... ... ... ... ૧૨૧

૭ રાજા કર્ણ સોલંકી–મયણલ્લ દેવીનો રાજકારભાર–સિદ્ધરાજ. ... ૧૪૪

૮ જગદેવ પરમારની વાત. ... ... ... ... ... ... ૧૭૪

૯ રા ખેંગાર. ... ... ... ... ... ... ... ... ૨૧૦

૧૦ સિદ્ધરાજ. ... ... ... ... ... ... ... ... ૨૩૧

૧૧ કુમારપાળ. ... ... ... ... ... ... ... ... ૨૪૬

૧૨ અજયપાળ–બાળ મૂળરાજ–બીજો ભીમદેવ. ... ... ... ૩૦૯

૧૩ અણહિલપુરના રાજ્યનું પશ્ચાદવલોકન. ... ... ... ... ૩૬૧

૧૪ વાઘેલા–તેજપાળ અને વસ્તુપાળ–આબુ પર્વત–
ચંદ્રાવતીના પરમાર. ... ... ... ... ... ... ૩૮૯

વાઘેલા વિષે ભાષાન્તરકર્ત્તાનો વધારો. ... ... ... ૪૧૦

૧૫ રાજા કર્ણ વાઘેલો. ... ... ... ... ... ... ૫૧૦

## વિભાગ ૨.


| પ્રકરણ. | | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧ | મુસલમાનોની કારકીર્દિનો પ્રારંભ. ... ... ... ... | ૫૨૫ |
| ૨ | વાઘેલા—લુણાવાડા—સોડા પરમાર—કાડી—ઝાલા—ઇડર—પીરમના ગોહિલ. ... ... ... ... ... ... | ૫૩૨ |
| ૩ | મુઝફ્ફરશાહ પેહેલો—શાહ અહમદ પેહેલો. ... ... ... | ૫૬૯ |
| ૪ | અહમદશાહ ૧ લો—મહંમદશાહ ૧ લો—કુતુબશાહ. ... | ૫૯૫ |
| ૫ | મહમૂદ બેગડો. ... ... ... ... ... ... ... | ૬૦૫ |
| ૬ | મહમૂદ બેગડો. ... ... ... ... ... ... ... | ૬૨૩ |
| ૭ | મુઝફ્ફર બીજો—સિકંદર—મહમૂદ બીજો—બહાદુરશાહ—મહમૂદ લતીફખાન—અમદાવાદના રાજવંશની સમાપ્તિ—અકબર પાદશાહ. ... ... ... ... ... | ૬૪૦ |
| ૮ | ઇડરનો રાજકારભાર—રાવ નારણદાસ—રાવ વીરમદેવ—રાવ કલ્યાણમલ. ... ... ... ... ... ... ... | ૬૫૫ |
| ૯ | અંબા ભવાનીનું દેવલ—દાંતા. ... ... ... ... ... | ૬૭૯ |
| ૧૦ | ઇડર. ... ... ... ... ... ... ... ... | ૭૦૧ |
| ૧૧ | ગોહિલ. ... ... ... ... ... ... ... ... ... | ૭૧૦ |

# विभाग पेहेलो.

# फार्बसजीवनचरित्र.[1]

A MEMOIR OF THE LATE HON'BLE
ALEXANDER KINLOCH FORBES.

### શાર્દૂલવિક્રીડિત.

જેવી રીતિથીં પુષ્પવાસ તિલમાં સ્થાયી થઈ જાય છે;
નિરાકાર સુગુણ આવીં ગુણીમાં આકારીં દેખાય છે;
વિવેકી ગુણગ્રાહીં તે અતરની લે મસ્તકે વાસના;
સત્પાત્રો ગુણ નિર્ખિ સદ્વત્ બને, ધન્યાંગીં સદ્વાસના.[2]

આપણા દેશનું કલ્યાણ ઈચ્છનાર અને કરનાર, સમભાવી, દેશીઓના પ્રતિપાલ, ઉદાર, ગુણી, સહૃદયહૃદયવાન્, પ્રેમી, કુલીન, અને સ્વધર્મજ્ઞ, વિરલ પરદેશીય રાજપુરુષોમાંના એક; ગૂર્જરાતની કીર્તિનો જીર્ણોદ્ધાર કર્તા, અને ગૂર્જરના અસ્ત પામતા સ્તુતિપાઠક–ભાટ ચારણાદિ કવિઓની કૃતિને સ્તંભાવીને તે કવિઓના પણ કવિનો અર્થ સારનાર અલેક્ઝાન્ડર કિન્લાક ફાર્બસ, મૂલ એક કુલીન વંશમાં તારીખ ૭ મી જુલઈ સન ૧૮૨૧ માં લણ્ડન નગરમાં અવતર્યા હતા. પૂર્વજ પ્રમાણે પ્રજા, પવન પ્રમાણે ધ્વજા. એ યથાર્થ છે. ફારસીમાં પણ એવા જ અર્થની કહેવત છે કે: 'તુખ્મ તાસીર સોબત અસર' એટલે જેવું બીજ તેવો ગુણ; જેવો સંગ તેવો રંગ.

ફાર્બસ વંશના આજથી સાતસેં વર્ષ ઉપરના મૂલ પુરુષોમાંથી એક જોન નામનો પુરુષ સ્કાટલંડમાં આવી રહ્યો. તેના પરાક્રમથી તેને એક

---

૧ આ જીવનચરિતની પ્રથમાવૃત્તિ વિક્રમ સંવત્ ૧૯૨૫ માં પ્રસિદ્ધ થઈ હતી, તેની શુદ્ધિ વૃદ્ધિ થઇ આ દ્વિતીયાવૃત્તિ વિક્રમ સંવત્ ૧૯૫૩ માં મુદ્રાંકિત થાય છે.

૨ સદ્વાસના અંગી ધન્ય છે, અર્થાત્ જેના અંગમાં સારા ગુણોના વાસ છે એવા ધન્ય–સાબાશ–છે.

પ્રગણું ભેટ આપવામાં આવ્યું. તેનો એક પ્રપૌત્ર સ્કાટલંડના રાજાની કન્યાને વરયો હતો. તે એના પુત્રનું નામ જેમ્સ ફાર્બસ હતું. તેના ઉત્તરાધિકારીઓએ કેટલાંક ઉચ્ચપદ રાજદ્વારમાં મેલવ્યાં હતાં. તેઓમાંના કેટલાકે ધર્મોપદેશકનું પવિત્ર કામ પણ કરેલું છે. ફાર્બસ વંશના મુખ્ય ક્રમાનુયાયી અજી ભારે ભૂમિસ્વામી–વતની–છે અને લાર્ડ ફાર્બસનું પદ ભોગવે છે.

આપણા ફાર્બસની પાસેની શાખા શોધતાં તે નીચે પ્રમાણે જાણ્યામાં આવે છે.

પૂર્વે સર. એન્ડ્રુ. મિચેલ નામે એક ગૃહસ્થ ગ્રેટ બ્રિટનનો રાજપ્રતિનિધિ મંત્રી, (Envoy Extraordinary and Minister Plenipotentiary to the Court of Prussia) પ્રસ્સિયાના રાજદ્વારમાં સન ૧૭૫૬ થી ૭૧ સુધી હતો. તેને અને સર. આર્થર. ફાર્બસને દૃઢમૈત્રી હતી. તેના સ્મરણમાં સર. એન્ડ્રુ. મિચેલે પોતાનાં ભૂમિ ધન આદિ સર્વસ્વ તે સર. ફાર્બસને અર્પણ કર્યું. સર. આર્થર ફાર્બસે પોતાના બીજા પુત્રને અને તેના દાયાદોને (વારસોને) તે વતન દાયાદમાં (વારસામાં) આપ્યું. તે એવા નિયમથી કે વારસાસાથે તેના મિત્રનું મૂલ મિચેલ નામ પણ તે દાયાદ ધારણ કરે. આપણા ફાર્બસનો પિતા મિ. જાન ફાર્બસ મિચેલ તે એ સર આર્થર ફાર્બસનો પૌત્ર થાય. તેઓનો સ્વદેશ સ્કાટલન્ડમાંનો આબરડીન નામે પ્રાન્ત છે, તે પ્રાન્ત ભણીથી પ્રતિનિધિ થઈ સર આર્થર ફાર્બસ બહુ વર્ષસુધી રાજ્યસભામાં વિરાજ્યા હતા. સર આર્થર ફાર્બસ, બીજા લાર્ડ ફાર્બસનો અને સ્કાટલન્ડના પ્રથમ અર્લ મારશાલ ઉલિયમની પુત્રી લેડી કીથનો પુત્ર, ધી. આનરેબલ સર પાટ્રિક ફાર્બસ, તેના વંશમાંનો એક પુરુષ હતો. તે સર આર્થર ફાર્બસ, બુચાનના અર્લ અર્સ્કિન્સ અને લાર્ડ ફ્રેઝરના વંશમાંની કન્યા સાથે પરણ્યો હતો.

ફાર્બસનાં માતાજી સર. થામસ્ બ્રાઉનના વંશનાં હતાં. જે ગૃહસ્થે Hydriotophia અને Religio Medici નામે સારા ગ્રંથો રચેલા છે, અને જે અજી પ્રશંસાપાત્ર ગણાય છે. એમ ઉભય પ્રકારથી–રાજમૂલક કુલીન પિતૃવંશથી અને વિદ્વાન્ માતૃવંશથી–ફાર્બસ ઉત્તમ કુલના હતા; અને પોતાની કુલદીપકતાથી 'પૂર્વજ પ્રમાણે પ્રજા' એ વાક્ય સપ્રમાણ કર્યું હતું.

એ રીતિએ જે ઉત્તમ રાજમૂલક કુલમાં આપણા ફાર્બસ જન્મ્યા હતા, તે ઉત્તમ વંશોના શુભ અંશ તેનામાં કેવા હતા, એ તેના સુચરિત્ર ઉપરથી આપણને સ્પષ્ટ જણાશે જ. બાલ્યાવસ્થાનું તેનું ભવિષ્યસૂચક ચરિત્ર જાણવાને આટલે દૂર દેશ આપણી પાસે કઈ સાધન નથી. તથાપિ વિદ્યાસંપાદન કરતાં, પોતાની વિદ્યાઉપરની રુચિને લીધે, તે દીપતા હતા, એ આદિ કઈંક જાણ્યામાં આવ્યું છે. ઉચ્ચવિદ્યા અને ઉચ્ચકલાઓ ઉપર તેને બહુ ભાવ હતો. એ વિદ્યાર્થી હતા ત્યાંથી જ એનું મન, સ્વાભાવિકી રીતિએ એવા દૃઢ સંસ્કાર પામ્યું હતું કે, તે વિદ્યામૃતનું પાન કરતાં મરણ સુધી તૃપ્ત થયું ન હતું. એક સમયે એની વૃત્તિ શિલ્પશાસ્ત્રી (Architect) થવાની થઈ હતી; અને તેથી ઇંગ્લન્ડના પ્રખ્યાત શિલ્પશાસ્ત્રી મિ. જ્યાર્જ. બાસ્સેવિની પાસે એક શિષ્ય રૂપે અષ્ટ માસ સુધી તે રહ્યા હતા.

પછી અત્ર રાજ્યકર્ત્રી મંડલી ધી આનરેબલ ઈસ્ટ ઇન્ડિયા કમ્પની, તેની 'સિવિલ સર્વિસ'માં એનું નામ નોંધાયું, તેથી હેલીબરી પાઠશાલામાં અભ્યાસ કરવા તે ગયા. ત્યાં તેણે સારી ખ્યાતિ મેલવી હતી. પારિતોષિક (ઈનામ) પણ ત્યાં તેણે બહુ મેલવ્યાં હતાં. યુરોપમાં સંસ્કૃત ભાષાનો મધુર સ્વાદ ચખાડનાર પ્રખ્યાત ન્યાયાધીશ સર ઉલિયમ જોન્સના સર્વ ગ્રંથો, એના શાલાસ્નેહીઓથી કે પછી પાઠશાલામાંથી એને અર્પણ કરવામાં આવ્યા હતા. એ ગ્રંથો ફાર્બસને બહુ માનીતા હતા. એક પ્રસંગે પોતાની પુસ્તકશાલા દેખાડતાં એ ગ્રંથો આવ્યા ત્યારે સદભિમાનથી પ્રસન્ન મુખે ફાર્બસ સાહેબે કહ્યું કે 'મને એ પ્રીતિદાનમાં મળ્યા છે; અને એમાંના વિષયો ઉત્તમ છે.' 'મિત્ર પ્રમાણે મતિ અને ગ્રંથ પ્રમાણે ગતિ.' એ સત્ય છે. સારા મિત્રો અને સારા ગ્રંથો, સારા સંસ્કાર કરે છે અને તેથી અંતઃકરણ સારૂ થાય છે. અને તે સારા અંતઃકરણમાંથી બહુ કલ્યાણકારી પ્રવાહ નિઃસરી અનેકને સુખી કરે છે. ફાર્બસ સાહેબને મહાકવિ શેક્સપીઅરના લેખ ઉપર બહુ પ્રીતિભાવ હતો. તેનો દૃઢ અભ્યાસ ફાર્બસના લેખ ઉપરથી સ્પષ્ટ પ્રતીત થાય છે. ફાર્બસના લેખોમાં શેક્સપીઅરની કવિતાનાં અવતરણો વારંવાર આવે છે.

તા૦ ૩૦ મી ડિસેમ્બર સન ૧૮૪૨ ને દિને મુંબઈ પ્રાન્તની સિવિલ સર્વિસમાં ફાર્બસ સાહેબ નિમાયા, અને સન ૧૮૪૩ ના નોવેમ્બરની

૧૫ મી તારીખે તેણે ભરતખંડમાં પ્રથમ પગ મૂક્યો. તે જ માસની તા. ૨૦ મીને દિને અહમદનગરના કલેક્ટરની નીચે,-હિંદુસ્થાની ભાષામાં પરીક્ષા આપી પ્રસાર થાય ત્યાં સુધી,-ફાર્બસ સાહેબને રાખવામાં આવ્યા. ધારણાશક્તિ તેનામાં અસાધારણ હતી, તેથી થોડાક જ માસમાં હિંદુસ્થાની ભાષા શીખી લીધી. તા૦ ૧૦ મી જાન્યુઆરી સન ૧૮૪૪ માં પરીક્ષા ઉતર્યા. હાલમાં આપણી ધારા બાંધનાર અને ચલાવનાર મંડલીના સભાસદ ધી. આનરેબલ બી. એચ એલિસ, એ પરીક્ષામાં આપણા ફાર્બસની સાથે હતા. એ બન્ને ગૃહસ્થો એવી સારી રીતિએ પરીક્ષા ઉતર્યા કે તે વિષે તા. ૧૭ મી જાન્યુઆરી સન ૧૮૪૪ ના બામ્બે ગવર્નમેન્ટ ગાઝેટમાં સરકાર તરફથી લખવામાં આવ્યું છે કે—

"ધી ગવર્નર ઇન કૌન્સિલ ધારે છે કે, આ પરીક્ષાનો પરિણામ મે૦ ફાર્બસ અને એલિસને બહુ કીર્ત્તિકર છે. હિંદુસ્થાનમાં આવ્યા પછી ફા-ર્બસ બે માસમાં અને એલિસ એક માસમાં પાસ થયા છે."

પરીક્ષામાં ઉતર્યા પછી ત્રીજે જ દિવસે અહમદનગરના ત્રીજા આ-સિસ્ટન્ટ કલેક્ટરની જગ્યા મિ૦ ફાર્બસને આપી. ત્યાર પછી તા૦ ૧૦ મી અકટોબર સ૦ ૧૮૪૪ ને દિને તેણે મહારાષ્ટ્ર ભાષાની પરીક્ષા આપી. તા૦ ૮ મી નોવેમ્બર ૧૮૪૪ માં ખાનદેશના બીજા આસિસ્ટન્ટ કલેક્ટર નિ-માયા. પછી તા૦ ૬ ઠી એપ્રિલ સ૦ ૧૮૪૬ માં સદરઅદાલતના આ-ક્ટિંગ ડેપ્યુટી રેજિસ્ટ્રાર, અને તેને ત્રીજે જ દિવસે એટલે તા૦ ૮ મી ને દિને અમદાવાદના 'આસિસ્ટન્ટ જજ' (સહાયકારી ન્યાયાધીશ) નું પદ મળ્યું, પણ તે જ વર્ષના નોવેમ્બર માસસુધી 'ડેપ્યુટી રેજિસ્ટ્રાર'નું કામ ચલાવવા તેને મુંબઈમાં રાખ્યા હતા.

પ્રથમ સન ૧૮૪૬ ના નોવેમ્બર માસમાં અમદાવાદમાં ફાર્બસના શુભ ચરણ થયાં. ગૂર્જરાતના ભાગ્યોદયનો અવતાર થયો તે એ જ સમયમાં એમ કહિયે તો ચાલે.

ગૂર્જરત્રા અથવા ગૂર્જરાષ્ટ્ર-'ભરતખંડની દુજણી ગાય;' ગૂર્જરરાષ્ટ્ર-ઈ-શ્વરલીલાની એક વાટિકા; ગૂર્જરાષ્ટ્ર-જેના, થોડાં જ વર્ષો ઉપર મહાપ્રતાપી વનરાજ, ક્ષત્રિયકુલદીપક ભીમદેવ, અને સિદ્ધરાજ જેવા મહાકીર્ત્તિમન્ત રાજાધિરાજો સ્વામી હતા; ગૂર્જરાષ્ટ્ર-જેમાં સોમનાથ જેવું જગત્‌વિખ્યાત

દેવાલય એક સમયે અખિલ જગતનું ચિત્ત આકર્ષતું; ગૂર્જરાષ્ટ્ર-જેમાંના ક્ષત્રિય રાજપુત્રો, એક સમયે ક્ષત્રિય ધર્મ યથાર્થ સમજી, કીર્તિના દેહ પામવા જયના કુંડ આગળ સર્વસ્વ મહાપ્રેમપૂર્વક અર્પણ કરતા; આ ક્ષણિક સ્થૂલ દેહ કરતાં અમર યશોદેહને નિષ્કલંક રાખવાનું લક્ષ જેઓને સદાકાલ લાગી રહ્યું હતું; જે શૂરવીર રાજપુત્રોના છત્રની છાયા નીચેનાં ધ્વજાપતાકાએ અને વાદિત્રઘોષે-નિશાન ડંકાએ-સુભટોના કાનમાં કેટલાંક વર્ષ સુધી તો "જય જય જય" ના મંગલ સિંહનાદ વિના અન્ય શબ્દ જ પડવા દિધેલા નહિ, અને જેઓએ વિમુખ એ શબ્દ જાણેલો નહિ; કાલધર્મથી અસ્ત પામતાં પણ જે સુવંશના કરણરાજાએ ક્ષત્રિયધર્મના બહુ અંશ પોતામાં દર્શાવેલા, દુર્દૈવે અંતે અજય અને વિનાશ થયો તથાપિ તેના અંતઃપટમાં જે ક્ષત્રિય વંશના શાર્યાદિ પુરુષાર્થના,-તેજ ક્ષીણ થઈ શાન્તિ પામતા, પણ લોહીવર્ણું લાલ ઉષ્ણ-કિરણો, દેશાભિમાની મર્મજ્ઞ દેશીયો અને અનુકંપાવાન્ ઉદાર પરદેશીયોનાં મનને અદ્યાપિ ખેદાત્મક આનંદ આપે છે, તે ક્ષત્રિયોનાં જ્યાં સન ૧૩૦૦ સુધી રાજ્ય હતાં; એવો ગૌરવિત ગૂર્જર દેશ. જે ગૂર્જર દેશ સંબંધમાં રત્નમાલાનો કૃષ્ણજિત્ કવિ, શંકર કવિના મુખદ્વારા કાન્યકુબ્જની રાજધાની કલ્યાણમાં આવી મહારાજશ્રી ભૂવર સમીપ પંચમ રત્નવિષે વદે છે કેઃ—

"મહીકો ઉત્તમ અંગ કહાવે, જહાં સુ ગૂર્જરદેશ સુહાવે,
જલ-તૃણ-દ્રુમયુત મહી રસાલા, ધન સંપૂર્ણ હિ લોક દયાલા. ૨૦
\+ \+ \+ \+ \+ \+
તહાં બડી વિદ્યાકી શાલા, રહી પ્રત્યક્ષ તહાં અજબાલા. ૨૭

---

દ્રવ્યસાર પારસમણિ, વપુમેં વદન કહાત,
સાર તરુનકો ફલ જ્યુંહિ ઉર્વીસાર ગૂર્જરાત." ૨૫

અહો! એવી ગુર્વી ગૂજરાત! જહિ પછી ઉદયાસ્તનો નિયમ લાગુ પડી અન્ધકાર થયો. જે અંધકારના કાલમાં, સદ્ગુણ માત્ર ઉપર ત્રાસદાયક બલાત્કારના પ્રહાર પડતા તે રૂઝવા વેલા જ આવતી નહિ. જે અંધકારના રાજ્યમાં મનુષ્ય પ્રાણીને સાર્થક કરનાર ગુણો ઉપર,-અથવા જે ગુણોથી મનુષ્યપ્રાણી અવર પ્રાણીથી ઓલખાઈ મનુષ્ય કહેવાય છે, એવા વ્યાવર્તક ગુણો ઉપર-દુઃસહ ભાર આવી પડ્યો તેથી પાંચસે ઉપર વર્ષ લગી તે ગુણો ચગદાઈ રહ્યા હતા, તે

અંધકારનો અંત આવવાની ક્રિયાઓનો આરંભ ચાલ્યો, તેવા સંધિમાં આપણા ફાર્બસ સાહેબનું અમદાવાદમાં પધારવું થયું.

ગાયકવાડ અને પેશવાની વારા ફરતી ચડતી પડતી ગૂર્જરાતમાં થતી, તે તે વારામાં તેઓના અધિકારીઓ ગૂર્જરાતને ચૂસતા: ગૂર્જરાત એક અને તેને ચૂસનાર ક્ષુધાતુર અનેક એટલે ગૂર્જરાતની દુર્દશામાં શી ન્યૂનતા ! સન ૧૮૧૮ સુધી ગૂર્જરાતવાસીથી નિર્મલ વસ્ત્ર પણ પહેરાતાં નહિ. કોઇને ઊજલો દીઠો તો ચાડિયા તૈયાર હતા. તેઓ ચાડી ખાય અને તે પ્રમાણે તે કાલના મૂર્ખ રાજાના અતિ મૂર્ખ અધિકારીઓ તેને લુંટે. ધન નામ ધરનારા સર્વે પદાર્થોને પૃથિવીમાં ડટાઈ રહેવું પડતું હતું. તહિં પૃથિવીના સંગમાં સંતાઈ રહેનો ક્ષય, પોતાનું પરિપૂર્ણ બલ ચલાવી પૃથિવીને અધીન થયેલા ધનનો નાશ કરતો. તે કાલમાં સર્વ વિપરીત જ દીઠામાં આવતું. લક્ષ્મી–જે અંતરમાં મલિના પણ ઉપરથી પ્રકાશી બહુનાં મન હરણ કરી ફાંફાં મરાવે છે, તે લક્ષ્મીએ બાહ્ય–ઉપર–પણ મલિન રહેતી. એટલું જ નહિ પરંતુ સરસ્વતી જે ઉજ્જ્વલ પ્રકાશવતી કાન્તિમતી અને સદા ઉચ્ચસંગે સ્વતંત્ર વસનારી–તેની પણ વિપરીતા દશા તે કાલે હતી. સરસ્વતી બંધનમાં બંધાઈ ભૂયરાં રૂપા બંદિશાલામાં પડેલી ! જેને સુગડ પંડિતો સેવે તેને કનિષ્ઠ કીટોએ–ઉધાઇઓએ–સેવવા માડેલી ! ગૂર્જરાતમાં જ્યાં ત્યાં અક્ષર–શત્રુ વિના બીજું કોઈ દીઠામાં જ આવે નહિ. અદૂરદષ્ટિ રાજાના દુષ્ટ બિલાડા જેવા કાર્યભારીઓના ત્રાસથી રંકપ્રજા ઉંદરની પેઠે પોતાના દરમાં જ ભરાઈ બેસી રહે. જ્યાં ત્યાં બલાત્કાર, અન્યાય, અનીતિ, વ્યભિચાર, આદિ દુર્ગુણોનો પરિવાર મહાલી રહેલો. અરે! ઇતિહાસમાં વાચતાં, અને કોઈ ઘરડા માણસનાથી સાંભળતાં, આજ પણ કમકમી આવે એવી અવસ્થામાં ગૂર્જરાત પચી રહ્યું હતું. એવા અંધકારમાં ઈસ્વી સન ૧૮૦૦ ના વર્ષથી કહિં કહિં કિરણ દેખાવા માડ્યા. અને સન ૧૮૧૮ માં આપણા ગૂર્જરાતમાં ઈંગ્લિશ રાજ્ય થયું, અને અંધકાર ખસવા માડ્યો. એ સંધિમાં ફાર્બસ સાહેબ આવ્યા. ગૂર્જરાતની ફલદાત્રી વાટિકા દૂરસ્થ રાજાના જંગલી કાર્યભારીઓથી ભિલાડી મૂકાઈ હતી. ઘણાં વર્ષસુધી ગૂર્જર ક્ષેત્ર વાવેતર વિનાનું પડતર પડી રહી અધિક ફલ આપે એવું થયું હતું. તે સમયમાં ફાર્બસ જેવા ‘ માલી ’ નું ત્યાં આવવું થયું.

ફાર્બસ સાહેબ વિદ્યામાં અને કલામાં ઉભયમાં કુશલ હતા. વિદ્યાનો

પ્રકાશ કલા ઉપર અને કલાનો પ્રકાશ વિદ્યા ઉપર નાખી, ઉભયના સાધનથી પ્રકટતા સિદ્ધાંતો કરવા ફાર્બસ સાહેબ સમર્થ હતા. ગૂર્જરાતની ભવ્યા શિલ્પકૃતિ જોઈ તેઓને લાગ્યું કે કોઈ પૂર્વે થઈ ગયેલા પ્રતાપી લોકના મહિમાનાં એ અત્રાચિક ચિહ્ન છે. પોતે કુલીન તેથી કુલીન ચિહ્નવાન્ પણ દીન થઈ ગયેલા ગૂર્જરાતસહ સમભાવ થઈ તેને અંતઃકરણથી દયા આવી. તેનો પરિણામ એ થયો કે ગૂર્જરત્રાનો અનુગ્રહ કરવા તે તત્પર થયા. તેનું આધુનિક સમયને અનુકૂલ સમર્થ સાધન ઐતિહાસિક લેખ છે. તે ઐતિહાસિક લેખ–**રાસમાલા** નામે–પ્રીતિભાવથી લખી ગૂર્જરના સમર્થ મહાકવિનો અર્થ ફાર્બસે સાર્યો છે.

દુહો.

કરનલ ટાડ કુલીન વિણ, ક્ષત્રિયયશ ક્ષય થાત;
ફાર્બસ સમ સાધન વિના, ન ઉદ્ધરત ગૂજરાત.

કલા ઉપર વિદ્યાનો પ્રકાશ (તાપ અને તેજ) પાડી તેને વાગ્મિની કરવાનો ફાર્બસે નિશ્ચય કરચો. એ હેતુથી દેશીયવિદ્યાનો શોધ કરવા માંડચો. પ્રથમ રા. ભોગીલાલ માસ્તર પાસે શીખવા માડયું. તેમાં સ્વાદ લાગ્યાથી વિશેષ અભ્યાસ કરવાસારૂ અભિરુચિ થઈ, અને રા. ભોલાનાથ સારાભાઈની ભલામણ ઉપરથી ક૦ દલપત્તરામને સન ૧૮૪૮ ના નોવેમ્બર માસમાં પોતાની પાસે તેડાવ્યા. રાજ્યકાર્ય કરતાં અવકાશ મલતો તે વિદ્યાભ્યાસ કરવામાં વાવતા. ગૂર્જરાતનો પૂર્વનો મહિમા તેના જાણુવામાં આવવા માડયો તેમ તેમ, તેને ગૂર્જરાત ઉપર અધિક અધિક અનુકંપા અને સ્નેહમમતા થવા માંડ્યાં. તેનું ફલ એ થયું કે ગૂર્જરાતનું કલ્યાણુ કરવામાં તેણે પોતાનું તનુ મન અને ધન અર્પણુ કરવા સંકલ્પ કર્યો. હસ્તલિખિત ગ્રંથના શોધ અને સંગ્રહ થવા માંડ્યા. ખુણે ખોચલે ભરાઈ રહેલા ભાટ ચારણાદિ કવિઓને ખોળવાના પ્રયત્ન ચાલ્યા. માનવેલીનાં મૂલિયાં જેવા સુકાઈ જતાં જતાં કોઈ કોઈ વંચી ગયેલા કવિલોકને પણુ આમંત્રણુ–જલ જઈ પહોંચ્યું. કવિઓનો આદર સત્કાર થવા માડયો.

જે કવિઓના સમર્થ પૂર્વજો દીર્ઘદૃષ્ટિ રાજ્યકર્તાઓના પ્રીતિપાત્ર હતા, અને તેઓને સ્વધર્મમાં સ્થાપિત કરતા, અને સદભિમાનથી પ્રતાપી યશોલોભી રાજાપાસે માન માગી સૂચવતા કે,–

'કવિ ના મિલે તાહિકું કોન જાને,'
અને આવા આશયનું કવતા કેઃ—
"માનત હેં સુજાન, સકલ જાનત હે જહાન,
જસકે જો ગરજવાન્ તો આપ હિ બોલાવેંગે;
સુજાન બી અજાન હોય (અત્રનું ચરણ હસ્તગત નથી.)
દૈયગે ન મોજ તો નિદાન પસ્તાવેંગે;
કીર્તિકા કટાર શિક્કા સહિ હે અમારે હાથ,
જેસે જેતી દૈયંગે તેસે તેતી પાવંગે;
કહતે કલ્યાણ ભૂપ માનિયો સુજાન
અમ માગેંગે દાન તો કવીન્દ્ર ક્યું કહાવેંગે.
માંગ માંગ લેનહાર, માગે પર દેનહાર,
એસે બેશહુરદાર જહાન બીચ જેતે હે,
માગેબિન દેનહાર, દીયે બી નલેનહાર
એસા મેં શોધતા હું નીતિમાન કેતે હે;
માગે નામરદ જાય, મરદ જાય માગે ન,
મરદાંકું મરદ દાન મના મના દેતે હે;
કહેત હે કલ્યાન ભૂપ માનિયો સુજાન તુમ
હમ મરદુંકા દાન તો માન સહિત લેતેં હેં."

પૂર્વેના સ્વતંત્ર કવિઓ દીનદાન લેતા નહિ, અને મિથ્યામાન દેતા નહિ; પરંતુ બલદાન લેતા, અને ખલને દંડ દેતા. તેઓ માનવાન્, માનદ અને માન્ય હતા. તેઓ સ્વબલ સમજતા અને અયાચક તથા પ્રૌઢ રહેતા. અને જ્યારે યાચના કરતા ત્યારે પણ તે કોઈ સામાન્ય જન પાસે નહિ, કિન્તુ અધિક ગુણવાન્ સ્વગ્રાહક યશોધન રાજાઓ સમીપ જ કરતા, પછી તે સફલા થાય વા નિષ્ફલા જાય. કવીશ્વર કાલિદાસ કવે છે કેઃ—

"याच्ञा मोघा वरमधिगुणे नाधमे लब्धकामा." मेघदूत. ६

"For, better far, solicitation fail
With high desert, than with the base prevail."

પરંતુ તેવા યશોલોભી રાજાઓનો દુર્ભાગ્યે અભાવ થતાં, તેવાને યોગ્ય કવિઓનો પણ દુષ્કાલ પડ્યો. તેઓની પ્રજા, રંક અધમો પાસે યાચના કરવા લાગી, અને સ્થાનભ્રષ્ટ થઈ ઉતરી ગઈ: તે એટલે સુધી કે, કવિ શ્યા-

મલભટ્ટનો ભોજ–રખિદાસ પટલ–તેના વર્ગના મુખીપટલો પણ તેવા કંટકવત્ પતિત કવિપુત્રોથી કંટાલી જઈ કહેવા લાગ્યા કેઃ—

"ભાટ બ્રાહ્મણનું લાકડું વણ પેસાર્યું પેસે,
કહ્યું હોય ચોરે આવજો તો ઘેર આવીને બેસે."

દેશીય રાજ્યમાં વિદ્યાના અભાવે કવિઓનાં ગ્રાહક નહતાં તેથી તે ઉચ્ચ વર્ગ નીચ થઈ ક્ષય પામ્યો હતો. કોઈ કોઈ નામના કવિ તેમાંથી બચી ગયેલા તેઓ પાછા ફાર્બસથી પ્રોત્સાહન પામી ગર્જના કરી ઉઠ્યા, અને ફાર્બસને ભોજની ઉપમા આપવા લાગ્યા. અને કવવા લવવા લાગ્યા કે,—

"કરેલ કીર્ત્તિમેર, દુનિયામાં તે દેખવા
ફાર્બસ રૂપે ફેર, ભોજ પધારયો ભૂમિમાં."

કવિઓની પ્રતિભાશક્તિમાં ( Imaginative Power ) અથવા કલ્પનાશક્તિમાં પાછો જરા જરા જીવ આવવા માડચો. તેઓએ કઈં કઈં કલ્પનાઓ કરવા માડી. એક કવિ ઉધાઇને ( પુસ્તકોને ખાઈ જનાર કીડાને ) કહે છે,—

"કુથ્યા પુસ્તક કાપિને, એનો ન કરીશ અસ્ત;
ફરતો ફરતો ફારબસ, ગ્રાહક મળ્યો ગૃહસ્થ."

એ પ્રકારે ગૂર્જરાતમાં થઈ રહ્યુ. મધ્યનાં રાજ્યના ત્રાસદાયક બલાત્કાર દૂર થયા તેથી લોકો જંપી નીરાંતે બેસવા લાગ્યા. તેઓને સર્વ નવું નવું લાગવા માડ્યું. ક્યાં જંગલી મૂર્ખ સ્વછંદી સરદારોનો તિરસ્કાર અને અન્યાય ! અને ક્યાં વિદ્વાન્, નાગર, પ્રજાહિતૈષી અને વિવેકી ફાર્બસ જેવા અધિકારીઓનો સત્કાર અને ન્યાય ! ક્યાં પહેલાંનો દુઃખદ ત્રાસ ! અને ક્યાં બીજાની સુખદા માયા મમતા ! જાણે નવા વાયુચક્રમાં આવ્યા હોય એવું વૃદ્ધ લોકોને લાગવા માડ્યું. શાન્તિના પરિવાર–વિદ્યા, કલાકૌશલ્ય, સાંસારિક સુખ આદિ–વધવા માડ્યાં. ફાર્બસ સાહેબ એ સુખદસામગ્રી વધારવામાં એક મુખ્ય સાધન થઈ રહ્યા. સ્વદેશનો જે સાધનથી ઉત્કર્ષ થયો હતો, તેવાં જ સાધનનાં બીજ ગૂર્જરાતમાં વાવવાનો પોતે આરંભ કરયો. કર્નલ ફુલજેમ્સ, કર્નલ વાલેસ, અને રેવરેન્ડ પીરીટ આદિ ગૃહસ્થોને સામીલ રાખી પ્રથમ સન ૧૮૪૮ માં 'ગૂજરાત–વર્નાક્યુલર–સોસાઈટી' સ્થાપી.

તેણે ગૂર્જરાતમાં વિદ્યાવૃદ્ધિ સારૂ આજ સુધીમાં કેટલું બધું કર્યું છે, તે આ દેશમાં અજાણ્યું નથી, એટલે તે વિષયે વિશેષ લખવું અત્ર આવશ્યક નથી. એ જ 'સોસાઈટી' ના સંબંધમાં સન્ ૧૮૪૯ માં સરસ્વતીમંદિરનું પુસ્તકશાલાનું–સ્થાપન, ગૂજરાતમાં પ્રથમ જ અમદાવાદમાં ભદ્રના દરવાજા ઉપર થયું.

પૂર્વે ભટ્ટ ચારણાદિ જેઓ સંદેશવાહકાદિનું કર્મ કરતા હતા, જેઓ રાજ્યના સંધિવિગ્રહનું કાર્ય કરતા હતા, જેઓ અન્યના અભાવે રાજ્યકર્તાને મર્યાદામાં વર્તાવનાર ઉપયોગી અંકુશ જેવા હતા, અને પ્રજાના પ્રોત્સાહક તથા મનોરંજક હતા, જેઓ બહુ કારણથી રાજ્યનું એક અંગ જ ગણાતા, તેઓ અંતર્ધાન પામ્યા હતા; અને તેઓને સ્થાને તેવા કોઈ સાધનની સંપૂર્ણ અપેક્ષા હતી. આ દેશકાલના રાજ્યકર્ત્તા તથા પ્રજા એઓને અનુકૂલ અને ઉપયોગિ થાય એવું સાધન, વર્તમાનપત્રનો અવતાર જ હતો. તે વર્ત્તમાનપત્ર,–જે આજ કાલ અન્ય દેશોમાં પૃથિવી ઉપરની વૃદ્ધિનું અને સુધારાનું મુખ્ય અને મહાબલવત્ સાધન ગણાય છે; જે રાજાનો સબલ શિક્ષક અને પ્રજાની રક્ષકઢાલ ગણાય છે; જે સ્વતંત્રતાનું અનુપમ વાહન ગણાય છે; અને જેનું સામર્થ્ય આપણા રાજ્યકર્તાના દેશમાં એટલું બધું છે કે તે રાજ્યકર્ત્તાથી પણ કોઇ કોઈ પ્રસંગે શિરોમણિ અને રાજ્યનું ચતુર્થ અંગ ગણાય છે, તેવું વર્તમાનપત્ર તો નહિ, કિંતુ તેની છાયા ગૂર્જરાતમાં પ્રથમ ફાર્બસ સાહેબથી લોકે દીઠી. એક વારપત્ર ( Weekly Paper ) પ્રત્યેક બુધવારે ફાર્બસની સહાયતાથી નિઃસરવા માંડ્યું. તે બુધવારે પ્રકટતું તેથી ગૂર્જરાતમાં વર્તમાનપત્રોને લોકો અજી બુધવારીઆને નામે ઓળખે છે. યૂરોપમાં જેવી પ્રવીણતાથી પત્રો પ્રકટ થાય છે, અને જેવો તે પત્રોનો ભાર અને પ્રતાપ પડે છે, તેની તુલના કરે એવાં પત્ર અજી પણ આ દેશમાં વિરલ છે, તો આરંભમાં તો આશા જ શી! તથાપિ પ્રથમ સર્વ બીજ વેરવાં જોઇયે તેમાં એ બીજ વેરવામાં પણ ફાર્બસ સાહેબ ચૂકયા ન હતા. વર્તમાનપત્રનો મુખ્ય ધર્મ આ છે કેઃ–રાજા પ્રજાનો પરસ્પર સદ્ભાવ વધારી પ્રજાની અપેક્ષાઓ અને ઇચ્છાઓ રાજ્યકર્તાને નિવેદન કરવી, અને એ પ્રકારે રાજ્યકર્તાને સહાયભૂત થઈ, તેઓને સ્વધર્મમાં જાગ્રત્ રાખવા. ફાર્બસસાહેબ રાજ્યકર્તૃવર્ગમાં હતા, પણ જે સમયે વર્તમાનપત્ર લખાવવાનું કામ કરતા, તે સમયે પ્રજાવર્ગમાં આવી રાજ્યના તેજમાં ન ત-

ણુતાં, તે ધર્મ નિષ્પક્ષપાતથી યથાર્થ બજાવતા. રાજ્યકર્તૃવર્ગના સર્વ અધિકારીઓ ફાર્બસ જેવા મહામના અને ઉદાર હોવા દુર્લભ જ. યૂરોપમાં નથી તો આ દેશમાં તો આશા જ શી. વર્તમાનપત્રમાં એક બે વિષય, રાજ્યકર્ત્તા ઉપરિઅધિકારિવર્ગને પ્રતિકૂલ લાગે એવા આવ્યા. તેનો જાગ્રત્ કરે એવો ગંધ 'સદર અદાલત'ના ન્યાયધીશો સુધી ગયો, તેથી તેઓ ચમકયા. તેઓએ જાણ્યું કે કોઈ પ્રતાપી સૂત્રધાર પટાંતરમાં છે, તેથી તેઓએ તત્કાલ 'સર્ક્યુલર' કહાડયો કે "સરકારી નોકરે વર્તમાનપત્રના કામથી દૂર રહેવું." ફાર્બસ સાહેબને "કનિષ્ઠસેવા" કહેવાય છે તેનો અનુભવ તે વેલા યથાર્થ થયો હશે. ફાર્બસને પોતાના મનના માન્યા કામથી દૂર થવું પડયું. સોસાઇટીના (સભાના) મંત્રીનું કામ ડાક્ટર. સીવર્ડને સોંપ્યું.

સોસાઈટીએ એક નિશાલ પણ સ્થાપી હતી. તે નિશાલમાં ડાકટર સીવર્ડે પોતાના એક ઢેડ ચાકરનો છોકરો પોતાની ચીઠી સાથે ભણવા મોકલ્યો. મહેતાજીએ ડાકટર પાસે જઇને કહ્યું કે, છોકરાને દાખલ કરતાં એથી ભારે હાનિ થશે. બીજા નિશાલીઆ ઉઠી જશે. પણ કેટલાક યુરોપીઅનો આપણી રીતિભાતિથી કેવલ અજાણ્યા હોય છે. તેઓ ધીરતા રાખીને માનસિકશાસ્ત્ર શીખ્યાનો ઉપયોગ કરી સામાના મનોભાવ જોવા રહેતા નથી. પોતાના મતથી વિરૂદ્ધ તે ખોટું માની પ્રતિપક્ષીના ઉપર કોપાયમાન થાય છે. ડાક્ટર સીવર્ડે તેમ જ કર્યું. મહેતાજીને મૂર્ખ ગણી કહાડી, તેને શિક્ષકસ્થાનેથી કહાડી મૂકવાની ધમકી આપી. કોને શરણ જવું એ તે મહેતાજી જાણતો હતો. ફાર્બસ સાહેબના ગુણગ્રાન ત્યાં સર્વના જાણ્યામાં હતાં, તેથી તત્કાલ ત્યાં ગયો. વિવેકી અને ક્ષમાવાન્ પુરુષની બલીહારી છે. મહેતાજીએ ફાર્બસસાહેબ આગળ માંડીને વાત કરી. અન્યોઅન્યના વિચારથી અજ્ઞાત એવા બન્નેજણ વચ્ચે થયેલી કેવલ તુચ્છવાર્તાએ ભારે રૂપ ધર્યું છે જાણી, વિચારવાન્ ફાર્બસ સાહેબને બહુ જ હસવું આવ્યું. પછી ડાક્ટર સીવર્ડના ઉપર એક પત્રિકા લખી, તેમાં લખ્યું છે કે,–'આ દેશમાં એવું થવાને અજી બસેં વર્ષનો અવકાશ જોઇયે, હાલમાં એવું બની શકવાતું નથી' ઇત્યાદિ. તેથી ડા. સીવર્ડનો ક્રોધ શાન્ત થયો.

તા૦ ૨૨ મી નોવેમ્બર સન ૧૮૪૯ થી તા૦ ૨ જી જાન્યુઆરી સન્ ૧૮૫૦ સુધી 'જજ્જ અને સેસ્શન્સ જજ્જ'નું કામ ફાર્બસ સાહેબે અ-

મદાવાદમાં ચલાવ્યું. પછી તા૦ ૧૫ મી એપ્રિલ સન ૧૮૫૦ માં સુરતના આસિસ્ટન્ટ જડ્જ અને સેસશન્સ જજ્જ થયા. જ્યાં સુધી પોતે અમદાવાદ રહ્યા ત્યાં સુધીમાં ત્યાં અત્યુપયોગિની વિદ્યાકલાનાં બીજ નાખી તેનાં અંકુર ફૂટેલાં જોયાં હતાં. ગૂજરાતની પૃથિવી રસાલા દીઠી હતી. સુરતમાં આવ્યા ત્યાં પણ એ પરોપકારી ગૃહસ્થે પ્રજાને સુખદાતા પ્રયત્ન ચાલતો રાખ્યો. સુતરમાં એક "સુરત અષ્ટાવિંશી સોસાઇટી" ઉભી કરી પોતે તેના મંત્રી (Secretary) થયા. તે સભાને અંગે વિચારનું અને સ્વતંત્રતાનું વાહન જે વર્ત્તમાનપત્ર તે કહાડવાનો નિશ્ચય કરયો. રા. મુકુંદરાય મણિરાય–હાલ વઢવાણમાં એકસ્ટ્રા આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટ *છે, તેઓને તન્ત્રી (Editor) ઠરાવી "સુરત સમાચાર" નામે એક પત્ર પ્રકટ કરાવ્યું. હિતૈષી માતાપિતાદિ સંબંધીઓ પોતાનાં બાલકને ઢીંગલાં પુતલાં આપી રમત સાથે સંસારની રીતિ–ભાતિમાં પલોટાવા, શિખેવે છે, તે જ રીતિએ ફાર્બસે અમદાવાદમાં અને સુરતમાં કર્યુ. અનુભવ વિનાનાં શિખતાં બાલક બહુ ઠોકરો ખાય; કેટલાક વાંઝિયા અદેખા લોકોથી પેલાં નિર્દોષ બાલકોને અનાયાસે નિર્જીવ પદાર્થથી કલ્લોલ પામતાં જોઇને ખમાય નહિ, તેથી તેઓના ઉપર કમળાવાળી ક્રૂરદષ્ટિથી જોયાં કરે, અને તેઓની અલ્પ ભૂલનો પણ લાભ લઈ તેઓને સંતાપવા ધારે, એમાં કંઈ આશ્ચર્ય નથી. તેઓની ઇર્ષાલુ પ્રકૃતિનો એ સ્વાભાવિક પરિણામ છે. સુરતમાં એ સમયે એ જ પ્રકારે હતું. ફાર્બસ જેવા કુલીન હૃદયના ઉદાર ગૃહસ્થો કેટલાક હતા, તેઓ, દેશીયોને ભવિષ્યત્ કાલમાં કર્તવ્ય કાર્ય ઢીંગલાં પુતળાંથી શીખવવા સારૂ નહાની નહાની સભાઓ, વર્તમાનપત્રો, પુસ્તકશાલાઓ, નિશાલો આદિ કઢાવતા. ક્ષુદ્ર મનના સગર્વ અધિકારીઓને તે ગમતું નહિ. તેથી સુરતમાં બે પક્ષ થયા. દ્વૈષી પક્ષવાળા છિદ્રો શોધ્યાં કરતા હતા. તેઓએ 'સુરત સમાચારના' અધિપતિ અને તન્ત્રી રા૦ મુકુંદરાયજીના ઉપર એક તુચ્છ અપરાધ મૂકયો અને કામ ચલાવ્યું. ફાર્બસ સાહેબ કુલીન હતા. પોતાના આશ્રિતો ઉપર મમતા રાખવી એ કુલીન પુરુષોનો મૂલથી જ સ્વભાવ હોય છે; તેમાં આવેલા તો ધર્મપક્ષ હતો. ફાર્બસ સાહેબે સર્વ પ્રકારનો આશ્રય રા૦ મુકુંદરાયજીને આપ્યો. તેથી તે નિરપરાધી, શિક્ષામાંથી વંચી ગયા. રા૦ મુકુંદરાયજી પોતાના ઉપકૃત હૃદયથી આજ લખે છે કે "તે સમય પ્રમાણે મારા ઉપર કામ

* એ લખ્યા પછી તેઓ સુરતના પ્રિન્સિપાલ સદર અમીન થયા છે.

ચાલ્યું. તે કામ પોતાના ઉપર ચાલતું હોય એવી મિ. ફાર્બસને કાળજી હતી. * * * એ રીતિની તેમની કાળજીથી આખર સત્ય હતું તે તરી આવ્યું, ને પ્રપંચી અમલદારો વગર અપરાધે કુટી મારવાની પેરવી કરે છે તે ચાલી શકી નહિ."

સુરતમાં 'એન્ડ્રુસ પુસ્તક શાલા' સ્થપાઈ તે પણ ફાર્બસ સાહેબનાં જ પ્રતાપ. એ પ્રકારે સ્વસંબંધનાં કાર્ય ઉદારતાથી કરતા એટલું જ નહિ, કિંતુ રાજ્યસંબંધનાં કામ પણ પ્રજાને સમજણ આપી પરસ્પર રાજા પ્રજાને પ્રીતિ વધે એમ કરતા.

શહેરસુધરાઈ વિષેનો સન્ ૧૮૫૦ નો ૨૬ મો આક્ટ સુરતમાં ચલાવવા સારૂં સરકારે નિશ્ચય કરયો. પૂર્વેનાં રાજ્યની જગાત લેવાની રીતિથી લોકો ત્રાસી, ઈંગ્લિશ રાજ્યમાં નિરાંતમાં બેઠા હતા, તેઓએ પાછી જગાતનું નામ સાંભળ્યું એટલે તેઓ બીની ઉઠયા, અને કોલાહલ કરવા મંડ્યા. ફાર્બસસાહેબના યોગ્ય મનોહર સ્વભાવની વાર્તા સરકારના કાન સુધી જઈ પહોંચી હતી, તેથી કઈં નવું કાર્ય કરતાં પ્રજાને પ્રસન્ન રાખી તે કરવા ફાર્બસ જેવા બીજા યોગ્ય અધિકારી મળવા દુર્લભ છે, એવું સમજી, સન્ ૧૮૫૧ માં ફાર્બસસાહેબને જ એ શહેર સુધરાઇનો ધારો ચલાવનાર અધિકારી નિયમ્યા. તેઓએ યથેષ્ટ કાર્ય કર્યું. કવિ દલપતરામને તથા દુર્ગારામ મહેતાજીને એ ધારાનો આશય સમજાવી, બીજા લોકોને સમજુત આપવાનું કામ તેઓએ સોંપ્યું. પોતે પણ તેઓની સાથે જઈ શેરીએ શેરીએ ઉભા રહી, લોકોને સમજાવતા. સાહેબના સત્કારપૂર્વક મધુર વચનથી લોકોના મનમાં વિશ્વાસ વધી ભયનો ભાર દૂર થતો, અને તેઓના મનનું સમાધાન થતું. કેટલાક અવિચારી અજ્ઞાની લોકો અસમજે તુમુલ કોલાહલ કરી મૂકતા, અને ગમે તે ગમે તે બકતા, પણ તેથી મહામનના ફાર્બસ કોપ કરતા નહિ, એટલું જ નહિ પણ ઉલટા પોતે હસતા અને અજ્ઞાનીઓ ઉપર કૃપાદૃષ્ટિથી જોતા હતા. એક રાજ્યાધિકારીના આવા સારા સદ્વર્તનથી પ્રજાની રાજા ઉપર કેટલી ભક્તિ અને કેટલો વિશ્વાસ થાય છે, તે અનાયાસે સમજાશે. સુરતના લોકોએ રાજી થઈ અનુમત આપ્યું કે,–અમારા નગરમાં એ ધારો ચલાવો. વિરૂદ્ધ બોલી કોલાહલ કરી હાંશી કરવાને આવેલા અજ્ઞાની લોકો પોતાનો ધારેલો હેતુ ભૂલી જઈ, પાછા વલતાં બોલતા

કે,–'આ તો સાહેબ કંઈ અપર જ છે, એઓના જેવું તો અમે કોઈ માણુસ દીઠું નથી. આ તો પ્રજાના માબાપ જેવા છે.' એ પ્રમાણે પ્રજા રાજી રહી; અને રાજ્યકર્તા પણ પ્રસન્ન થયા. તારીખ ૩ જી જુલાઈ સન્ ૧૮૫૧ અંક ૨૨૭૧ નું એક પત્ર લખી સરકારે પણ ફાર્બસ સાહેબને, એ સૂક્ષ્મ કાર્ય ઉત્તમ પ્રકારે કરી, પશ્ચિમ પ્રાન્તમાં પ્રથમ જ સુરતમાં એ ધારો લાગુ કરયો માટે, ભારી આભાર માન્યો. તેના બીજા ખણ્ડમાં લખે છે કેઃ—
"I have been directed to convey to you the thanks of Government for the tact and judgment which you have displayed in conducting this delicate commission."

તા૦ ૧ લી મે સ૦ ૧૮૫૧ માં તેઓ અમદાવાદના પહેલા આસિસ્ટન્ટ કલેક્ટર અને માજીસ્ટ્રેટ નિયોજાયા; અને તે જ વર્ષના જુલાઈ માસમાં ધોલકા અને વિરમગામ એ બે મંડલ એઓને સ્વાધીન થયાં, પછી સન્ ૧૮૫૨ ના આગસ્ટ માસમાં મહીકાંઠાના પોલિટિકલ એજન્ટનું સ્થાન ફાર્બસને મળ્યું. સન્ ૧૮૫૩ ના જુન માસમાં અમદાવાદના આક્ટિંગ જજ્જ અને સેસ્શન્સ જજ્જ ઠરયા.

અમદાવાદમાં પ્રથમ પગ મૂકયો ત્યાંથી જ હસ્તલિખિત ગ્રંથની પૃચ્છા ચાલુ હતી. પ્રાકૃત મહાકવિ ચંદનો પૃથુરાજરાસ મળવો દુર્લભ હતો. તે સારૂ સાનંદ, વિજાપૂર આદિ ગ્રામોમાં ઘણી ખોળ કરાવી. પરંતુ તેનું ફલ થયું નહિ. પછી જયાં તે છે, એવા સમાચાર સાંભળતા, ત્યાં માણસો મોકલતા, પણ કહિંથી અખણ્ડ પુસ્તક હાથમાં આવ્યું નહિ. 'રોયલ એશિયાટિક સોસાઇટી'ની મુંબઈની શાખામાં એ પુસ્તક છે, એવું સાંભળ્યાથી ત્યાંનું પુસ્તક પણ મંગાવ્યું. તે પણ સંપૂર્ણ નહોતું. પછી સાંભળવામાં આવ્યું કે બુંદીકોટાના રાજા પાસે એ પૃથુરાજરાસનું આખું પુસ્તક છે, તેથી ત્યાંના રેસિડેન્ટની વગ પહોંચાડી તે પુસ્તક મહાપ્રયત્નથી મંગાવ્યું. તે પુસ્તક પણ અર્ધ આવ્યું. તેની પ્રતિકૃતિ કરાવી. તે સંપૂર્ણ પુસ્તક આશ્રયે એંશી હજાર શ્લોકપૂરતું છે. પુસ્તક મંગાવતાં રૂ ૧૧૦) તો માત્ર ટપાલ ખર્ચના થયા. એ દુર્લભ ગ્રંથ બહુ નાણું ખરચી લખાવી લીધો છે. તે હાલ મુંબઈમાં "ફાર્બસગૂજરાતીસભા"ના સ્વાધીનના પુસ્તક

સંગ્રહમાં મુંબાઇના પુરાલયમાં ( ટાઉનહાલમાં ) છે. બીજાં પણ સંસ્કૃત, ગૂર્જરાતી અને વ્રજ ભાષાનાં પુસ્તકોનો શોધ અને સંગ્રહ કરવા ફાર્બસ સાહેબે બહુ શ્રમ લીધો જણાય છે.

ગુણપ્રદ ગ્રંથોના સંગ્રહ સમાન અન્ય સંગ્રહ અત્ર કોઈ નથી. ગુણ-ગ્રાહી ગુણવાનોએ દેશ દેશાન્તરના અને કાલ કાલાન્તરના પૂર્વજ ગુણીઓના અન્તઃકરણમાંના વિવેક વિચારના અને અનુભવના સુખપ્રદ અમૂલ્ય અમર સારનું અતિપ્રયાસે દોહન કરી, દેશ દેશાન્તરના અને કાલકાલાન્તરના ઉત્તરજ લોક સારૂ સંગ્રહી, રક્ષુ છે જેમાં, એવા ગ્રંથ,–જે અજ્ઞોને અચેતન મૃત-વત્ મૂક જડ છે, પરંતુ જે વિદ્વાનોને સચેતન અમર વાગીશના સમ છે–તે ગ્રંથના અનેક અક્ષય ભવ્ય ભાંડારોથી આ ભરતખંડ ભરપૂર હતો. રત્ન-ખાનિ, સુવર્ણાદિધાતુખાનિ રૂપ સંપત્તિ પણ જેની તુલના કરી શકે નહિ, એવા મહાન્ અનુપમ અમર ગ્રંથનિધિ આ દેશમાં હતા. પુસ્તક સંગ્રહ સંબંધમાં ઈંગ્લિશ કવિઓ કવે છે કેઃ—

"With awe, around these silent walks I tread;
These are the lasting mansions of the dead:
"The dead!" methinks a thousand tongues reply;
These are the tombs of such as cannot die!
Crowned with eternal fame, they sit sublime,
And laugh at all the little strife of time."

The Library by George Crabbe.

"The animate spirit has even consented to shut itself up in that inanimate thing–a book—and there retains its ancient prerogative of befriending and teaching, encouraging and delighting, its fellow–spirits."

Culture and Self–culture by Samual Neil, page. 51

"Coal has been beautifully described as the treasured sun-beams of pre–Adamite eras,—capable of glowing, brightening, and heating now, even as before

their prisoned light was packed and sealed up for the behoof of coming ages; yea, made all the more useful and precious by their portability and adaptability. If coal may thus be said to cast forth the latent sun-rays of long by-gone times, what shall we call those treasure-cities of the soul-books which send forth from each page, as if from a deftly painted window, the light and glory of thought-the thought of those who have partaken

"Of that immortal death that leads to life"?

How brilliant yet substantial are the textures with which the intellect, "plying fast her golden shuttles" in the loom of time, weaves for herself as raiment, and adorns herself, while transforming thought into literature, feeling into music, and investigation into science!"

Culture and Self-culture by Samuel Neli,page 72

પુસ્તકપ્રિય પુરુષોને એ ઉપરથી અનેક વિચારસંકલનાનું પ્રતિભાન થશે.

ફાર્બસસાહેબ પુસ્તકનું નામ જાણે, અને તે ઉપયોગનું છે એવું તેઓને લાગે, એટલે તેના સંગ્રહ સારૂ અનેક યુક્તિઓ અને પ્રયત્ન કરતા, વગ લગાડતા, ધન આપતા, અને પોતે જાતે સામાને ઘેર જઈ યાચના કરતા, પણ ધારેલું પુસ્તક મેળવતા. પાટણમાં પુસ્તકોના ભવ્ય ભંડાર છે એવું તેઓના જાણવામાં આવ્યું હતું. તેમાંથી પુસ્તકો મંગાવવા બહુ ઉપાય કરયા, પણ તે નિષ્ફલ થયા ત્યારે પિંડે ત્યાં ગયા. પૃચ્છા કરતાં પુનમિયાગચ્છ અને સાગરગચ્છના બે ઉપાશ્રય (અપાશરા) મુખ્ય જણાયા. સાહેબ પિંડે અપાશરાના શ્રીપૂજ્ય પાસે ગયા. નમ્રતા અને અમૃત જેવાં મધુર વચનથી શું અસાધ્ય છે? સાહેબને ખુરશી આપવા માંડી, પણ દેવસ્થાનને માન આપી ખુરશિયે ના બેસતાં, એક ચાકળા ઉપર લાંબે પગે બેઠા; સાહેબે શ્રીપૂજ્યોને માનવસ્ત્ર આપ્યાં અને મધુર વાણીથી તેઓને રુચે એવી

વાર્તાઓ કરી. બન્ને ઉપાશ્રયના શ્રીપૂજ્યો પ્રસન્ન થયા. પછી સાહેબે પુસ્તકોનાં નામની ટીપ માગી. શ્રીપૂજ્યોએ એક ડાબલાનાં પુસ્તકોની ટીપ આપી, તેમાં આશ્રયે ૫૦૦ પુસ્તકોનાં નામ હતાં. પુસ્તકો બહુ ઉપયોગિ હતાં, પણ સાહેબે જાણ્યું કે વધારે માગીશ તો લોભ જેવું લાગશે, તેથી દ્વાશ્રય નામનું અત્યુપયોગી પુસ્તક માત્ર માગ્યું. શ્રીપૂજ્યોએ આનાકાની તો કરી, પણ અંતે લખાવી લેવા દેવાની હા કહી. તે પ્રમાણે ઉપાશરામાં લેખક બેસારી ઉતારી લેવરાવ્યું. તે એક સાગરગચ્છના ઉપાશ્રયમાં જ ૩૫૦૦૦ પુસ્તકો છે! ભરતખંડની અમરકીર્તિકરા અનુપમસમૃદ્ધિ સરસ્વતી છે. તે સરસ્વતીના ભંડારના ભંડાર મધ્યકાલની આ દેશની દુર્દશામાં લુંટાયા છે, અને બળાયા છે, ચોરાયા છે અને દ્વીપાન્તરે ગયા છે. અને અજી પણ જો અજ્ઞના હાથમાં હોય છે તો ગંધીના હાટોમાં જઈ પડીકાં બંધાઈ ચૂરો થાય છે.

પાટણમાં બીજા પુસ્તકભંડાર છે તે પણ સાહેબે જોયા. સર્વ કરતાં એક મહાભવ્ય અને અસંખ્ય પુસ્તકનો ભંડાર જયપુરના રાજદ્વારમાં છે—જે જયપુરમાં આર્યવંશના દેશીય રાજા પૂર્વથી અદ્યાપિ પર્યંત એક ક્રમે રાજ્ય કરે છે, જે જયપુરના પૂર્વના રાજા ભારતીના ભારે ભક્ત હતા, ને જયપુરમાં મુસલમાનોથી નાશ કરવા અવાયું નથી, એટલે પુસ્તકોનો નાશ પણ થયો નથી, તે જયપુરના રાજદ્વારમાંનો પુસ્તકભંડાર, અને તેવા જ કાશ્મીર અને નેપાલના પુસ્તકભંડાર મિ૦ ફાર્બસના જોવામાં આવ્યા હોય એવું લાગતું નથી. માત્ર ગૂજરાતમાં ખંભાત, વડોદરા, અને અમદાવાદના ભંડારો થોડા ઘણા સાહેબે જોયા હોય એમ લાગે છે. તેઓએ મુખ્યત્વે ઇતિહાસ સંબંધિ પુસ્તકોનો પોતાની પાસે સંગ્રહ કર્યો હતો. તેમાં પ્રબંધચિંતામણિ, ભોજપ્રબંધ, દ્વાશ્રય, પૃથુરાજરાસ, કુમારપાલરાસ, રત્નમાલા, પ્રવીણસાગર, જગદેવપરમાર, બાબીવિલાસ, શ્રીપાલરાસ, કેસરરાસ, હમીરપ્રબંધ, આદિ મુખ્ય છે. તેઓને સમજી લઈ તેનો રાસમાલામાં સારો ઉપયોગ કરચો છે.

અમુક જીર્ણ અને છિન્ન ભિન્ન થઈ ગયેલાં સ્થાન, અથવા રીતિભાતિ સાહેબના જોવામાં આવતાં કે, તત્કાલ એક કવિના જેટલી કલ્પનાઓ તેઓના મનમાં ઉત્પન્ન થતી, અને ભારે ઉત્કંઠાથી તેનું પૂર્વનું માહાત્મ્ય શોધી

કહાડવા પ્રયત્ન કરતા. શિલ્પકલામાં પોતે પ્રથમ અભ્યાસ કરેલો તેથી પ્રવીણ હતા. કોઈ પણ દેશના પૂર્વેના મહિમાને તત્કાલ દર્શાવનાર શિલ્પકલા જેવાં અન્ય સૂચક ચિહ્ન ઓછાં છે.

આ નિરન્તર ભ્રમતી પૃથિવીની પેઠે તે ઉપર આવેલા ખંડો અને દેશો પણ અનેકને અધીન થાય છે. જેમ પૃથ્વી રાત્રિને અધીન થઈ અન્ધકારને વશ થાય છે, અને દિનને અધીન થઈ પ્રકાશને વશ થાય છે; તેમ દેશો પણ કોઈ વાર પ્રજારંજક રાજ્યકર્તાને હસ્તગત થઈ રક્ષાઇ સુખી થાય છે, અને કોઈવાર પ્રજાભંજક રાજ્યકર્તાને હસ્તગત થઈ ભક્ષાઈ દુઃખી થાય છે. તે રાજ્યકર્તાનું દેશીય હોવું કે પરદેશીય હોવું, સ્વધર્મી હોવું કે વિધર્મી હોવું, એ રક્ષક ભક્ષક થવામાં વાસ્તવિક નિમિત્ત નથી હોતું. મુખ્ય આધાર રાજ્યકર્તાના જ્ઞાન, સુસ્વભાવ અને દૂરદૃષ્ટિ ઉપર રહે છે જે રાજ્યકર્તા પ્રજાભંજક હોય છે, તે અન્તે સ્વાર્થભંજક અને શત્રુરંજક થાય છે. આ દેશમાં અનેક રાજ્યકર્તા થયા છે. પ્રખ્યાત મુસલમીન મહારાજ અકબર વિધર્મી હતા તોપણ તેના સમયમાં આ દેશ શ્રીમાન્, વર્ધમાન અને સમૃદ્ધિમાન્ હતો. આપણા હાલના બ્રિટિશ રાજ્યના વારામાં પાછો તેવો થાય છે. સારા રાજ્યકર્તાનાં રાજ્ય અધિક સુસ્થાયિ અને ચિરંજીવ પણ થાય છે. પરંતુ મધ્યના અન્ધકારકાલના રાજ્યકર્તા તેવા ન હોવાથી, આ દેશને અને તેઓને ઉભયને ભારે હાનિ થઈ છે. નાશ કરવો એમાં જ કીર્તિ છે, એવું સમજેલા અવિચારી કેટલાક રાજ્યકર્તાઓ જેમાંના ખલીફ઼ ઓમર સંબંધમાં યૂરોપીઅન ઐતિહાસિકો લખે છે કે,-તેણે ટાલેમીનું પુસ્તકાલય બાળી મૂકી અખિલ જગત્‌ના ઇતિહાસને ભારે હાનિ કરીછે, અને અનેક વિદ્યાકલાનો નાશ કર્યો છે, તે અજી ૧૨૪૦ વર્ષે પણ આપણે વિસારી મૂકાતો નથી, તેવા રાજ્યકર્તાઓએ આ ભરતખંડનું પણ ઓછું સત્યાનાશ વાળ્યું નથી. મધ્યકાલના અંધકારના ત્રાસદાયક ઝપાટામાંથી મરણ તુલ્ય થઈ વંચી ગયેલાં, કોઈ કોઈ વિશીર્ણ સ્થલો અને ખંડિત ચિહ્નો પણ, વિચારવાનોને, આર્ય લોકોની ગતકીર્તિ અને મહિમાનાં અનુમાન કરાવવાને પરિપૂર્ણ લાગ્યાં છે. કુલીન કરનલ ટાડ અને ફ઼ાર્બસના ગ્રંથ વાંચ્યેથી પૂર્વોક્ત લેખની સત્યતા સહસા ધ્યાનમાં આવશે. ફ઼ાર્બસસાહેબે સિદ્ધપૂર, અણહિલ્લપુર, પાલીટાણા, આબુ આદિ સ્થલોએ સ્વતઃ જઇને ત્યાંનાં ભવ્ય

ખંડેરો, કીર્તિસ્તંભો, દેવાલયો, જલાશયો આદિ નિરખી જોયાં હતાં. પોતે ચિત્રકલામાં પણ પ્રવીણ હતા. પોતાને હાથે કેટલાંક ચમત્કારિક સ્થાનોનાં ચિત્ર આલેખી લઇને રાસમાલામાં મૂકેલાં છે.

એવાં રમણીય સ્થલે જોવા જતા ત્યાં કોઈનું મન દુઃખાવતા નહિ. પોતાના 'બૂટ' કહાડી જ્યાં સુધી જવાનો બાધ ન હોય ત્યાં સુધી જ જતા. અને તે પણ સામાની આજ્ઞા લઇને. જે જે સ્થલ જોતા તેના સંબંધિની જે દંતકથા ચાલતી હોય તેની, અને કંઈ તેનું માહાત્મ્ય લખાયલું હોય તો તેની પૃચ્છા કરતા, અને તેમાંથી ઉપયોગનો સાર કહાડતા. સાહેબનો સ્વભાવ હાસ્યવિનોદી પણ હતો. એક સમયે પંચાસરા પાર્શ્વનાથમાં વનરાજની મૂર્ત્તિ જોવા પોતે ગયા હતા. ત્યાં એક હીરજી નામે ઘરડો ભાટ સાહેબની કીર્તિ સાંભલી એક પુસ્તક લઈ ભેટ કરવા આવ્યો, અને બોલ્યો કે, 'એક વાર ગાયકવાડને અમારા વૃદ્ધે એક જુનું સરસ પુસ્તક દેખાડ્યું હતું, તેથી સરકારે ખુશી થઈ એક ગામ બખશીશ આપ્યું છે. તો અંગ્રેજ તો મ્હોટો રાજા છે, માટે અમને એથી કંઈ વધારે આશા છે.' સાહેબને આ વાત સાંભળી બહુ હસવું આવ્યું. પછી ક૦ દલપત્તરામને કહ્યું કે 'હનુમાન્ નાટક'ની પેલી વાર્તા એ બારોટને તમે સંભલાવો. તે આ હતીઃ–એક સમયે નાટકમાં હનુમાન્‌નો વેશ આવ્યો. તેને એક માણસે કહ્યું કે "ઓ હનુમાન બાપજી! તમે મને બાયડી મેલવી આપો તો હું તમને તેલ સિંદૂર ચડાવું." હનુમાને ઉત્તર આપ્યું કે–"તને પરણાવવા મારી પાસે સ્ત્રી હોય તો હું જ કુંવારો રહું!" સાહેબે પેલા બારોટને કહ્યું કે,—'ભાઈ! તમને ગામ આપવાની મારી શક્તિ હોત તો હું જ ચાકરી શા વાસ્તે કરત!' એ પુસ્તકાદિના સંગ્રહ સંબંધમાં એક વૃત્ત લક્ષમાં રાખવાનું છે કે સાહેબ તેમાં જે વ્યય કરતા હતા તે સ્વોપાર્જિત સ્વધનમાંથી જ કરતા હતા.

પ્રવાસમાં પગે ચાલવાનો સાહેબને અનુરાગ હતો. પાસે નકશો, નાણાની કોથલી, પીસ્તોલ અને લાકડી રાખતા. માર્ગમાં ભાત ભાતના વિવિધ વાટેમાર્ગુઓ મળે તેની સાથે, એક સાધારણ મનુષ્યની પેઠે, વાર્તા કરતા, અને તેઓને સર્વ સમાચાર પૂછી લેતા; તેથી તેઓની રીતિભાતિ, તેઓના અંતરના અનેક મનોભાવ, તેઓની ધારણાઓ, તેઓના દુઃખ સુખની વાર્તાઓ, તેઓના સરકાર વિષયના વિચાર કેવા છે તે, એ આદિ અનેક વિ-

ષયો સ્પષ્ટ જાણ્યામાં આવતા. કોઈ અનાથ દરિદ્રી વાટેમાર્ગુ હોય તો તેને પેલી કોથલીથી સહાય કરતા; અસમજુને સમજણ આપી તેના મનનું સમાધાન કરતા; અને નિર્બલને સ્વબલનું સહાય આપતા. એક સમયે વનવગડામાં એક બાઈ માથે ભાર ઉચકી જતી હતી. તે બહુ થાકી ગઈ હતી, પણ તેનો ભાર ઉતરાવનાર એક ઇશ્વર વિના કોઈ ન મળે. ફાર્બસે તેને દીઠી. તેની પાસે પોતે ગયા. અને પોતાને હાથે તેનો ભાર ઉતાર્યો. આ વાર્તા તો સાધારણ છે, પણ એ ચારિત્ર્ય કેવું ઉત્તમ અંતઃકરણ દર્શાવે છે, તે વાચનારે જ વિચારી લેવું. માયાળુ સ્વભાવનાં મનુષ્યનો એક પલવાર પણ સમાગમ થયો હોય તો તે વર્ષ સુધી વિસરતો નથી, તો જેને માયાળુ સ્વભાવ મિશ્રિત અનેક સદ્ગુણશીલ ફાર્બસનો સમાગમ બહુ વર્ષ રહ્યો હોય, તેની શી વાર્તા કહેવી ! ફાર્બસની સાથે અનેક પ્રકારના સંબંધમાં આવેલા અનેક લોકોને મળવાનું બની શક્યું છે, તેઓને મુખેથી ફાર્બસની પ્રશંસા વિના બીજું કશું કાને પડ્યું નથી. ફાર્બસના પરિચયવાળાં સર્વે મનુષ્યો એક સ્વરે તેના ગુણ ગાય છે. ધન્ય છે ફાર્બસનું જીવન ! તેનાથી અધિક ભાગ્યશાલી નર તે કિયો ! કહ્યું છે કે—

> " જબ તુમ આયે જગત્મેં, લોક હસેં તુમ રોય;
> ઐસી કરણી કર ચલો, આેસેં વિપરીત હોય. "

ફાર્બસ સંબંધમાં એવું જ થયું છે. ફાર્બસ સદ્ગત થયા પછી તેનું નામ અને ગુણ સંભારીને અશ્રુપાત રૂપ અવાચક સતે ચિત્તવેધક શબ્દવતે ગુણ ગાતા કેટલાક ગૃહસ્થોને પ્રત્યક્ષ દીઠા છે. અને ફાર્બસ અન્ય દેહમાં લોકનું કલ્યાણ કરવાથી થતા સંતોષના અકલ સુખથી, હસતો હશે.

મહીકાંઠાના પોલિટિકલ એજન્ટ પોતે હતા તેવામાં, રાજકુમારોને વિદ્યાભ્યાસ કરાવવો, એ બહુ આવશ્યકી વાર્તા તેઓએ પ્રથમ લક્ષમાં લીધી. સાદરામાં એક નિશાલ સ્થાપી. તે અદ્યાપિ " ફાર્બસ શાલા " નામે પ્રસિદ્ધ છે.

સન્ ૧૮૫૨ માં સાહેબની અશ્વારી ઇડર ગઈ. ઇડરના ક્ષત્રિય રાજાઓ પૂર્વે મહાપ્રતાપી અને યશોધન હતા. તેઓ કવિઓના લાડ પાલનારા હતા. તેઓએ પોતાના રાજ્યનો અર્ધો ભાગ તો કવિઓને ત્યાગ (પ્રીતિદાન)માં આપ્યો હતો. એ વાર્તા સાહેબના જાણવામાં આવી; તે ઉપરથી કવિઓનો મેલો

કરવાનું એ ઇડર યોગ્ય સ્થાન ગણી ત્યાં કવિમેલો કરયો. મહારાજ યુવનૃસિંહજી પાસે કવિઓને પત્ર લખાવી નિમંત્ર્યા. તેઓની કવિતા પોતે સાંભલતા. તેમાંથી પોતાને ઉપયોગિની વાર્તા તારવી કહાડતા. પોતાની શક્તિને અનુસરી કવિઓની યોગ્યતાપ્રમાણે તેઓને માનવસ્ત્ર આપી વિદાય કરતા; તે સાથે તેઓને નમ્રતાપૂર્વક કહેતા કે "હું તમને તમારા ગુણ પ્રમાણે આપી શકતો નથી." ફાર્બસનો સ્વભાવ દયાલુ અને ધર્મનિષ્ઠ હતો. પોતાના આયપતમાંથી ધર્મદાય કહાડવાનો આપણા લોકમાં ચાલ છે, તે પ્રથા ફાર્બસે પકડી હતી. એક સમયે પ્રવાસ કરતાં દાંતામાં આવી પહોંચ્યા. તહિ એક તીર્થવાસી બ્રાહ્મણ સાંજની વેલાએ આવી યાચતો આખા ગામમાં ફરયો, પણ અન્ન મલ્યું નહિ, તેથી નિરાશ થઈ એક બાગમાં ગયો. ત્યાં પડયો પડયો પોકાર કરતો હતો કે "ભલા ભગવાન્! તેં શું ધાર્યું છે! આખા ગામમાં કોઈ દયાલુ દાતા ન મળે! ભર વસ્તીમાં મારે ભુખ્યાં આલોટવા કાલ! કોઈ ઈશ્વરનો લાલ નહિ હોય!' ઇત્યાદિ કહી નિઃશ્વાસ નાખતો અંતરમાં ઈશ્વરને નિર્દય માનવા લાગ્યો. પણ ઈશ્વરના લાલ નીકળ્યા. ફાર્બસને કાને તેના શબ્દો પડતાં જ તેણે ઈશ્વરનો મહિમા દેખાડયો. અંતરીક્ષથી ઉત્તરે એમ કવિ દલપરામને મોકલીને, તે બ્રાહ્મણને પાકુ સાકરનું શીધું અપાવ્યું; પછી ત્યાં સદાવ્રત બાંધ્યું. જે કોઈ અનાથ--હિંદુ, મુસલમાન, કે પછી ગમે તે આવે તેને ઘી સાકર સાથે પાકુ શીધુ ફાર્બસના સદાવ્રતમાંથી મળતું. શુભ કાર્યોમાં ફાર્બસનો બધો પગાર ખરચાતો હતો એટલું જ નહિ પણ ઉલટા વિલાયતથી રૂપીઆ મંગાવવા પડતા, એવા ઉદાર મનથી તે ખરચ કરતા.

દાંતેથી ફાર્બસ સાહેબ અંબામાતાએ જઈ આબુજી ગયા. આબુજીના શાન્ત, શીતલ અને ઈશ્વર લીલાથી ભરપૂર પર્વતને નિરખી, અમદાવાદ ભણી આવવાસારૂ દાંતામાં પાછા આવ્યા. સાહેબની અમદાવાદ બદલી થઈ તેથી આખો મહીકાંઠો ખેદ પામ્યો. રાજાથી તે રંક સુધી જેને સમાન રીતિએ ફાર્બસના સ્નેહે સુખી કરયા હતા, તે સર્વ તેના વિયોગથી ભારે શોકાતુર થયા હતા.

સન૧૮૫૩ ના જુન માસમાં ફાર્બસ સાહેબ અમદાવાદના ન્યાયાધીશ થયા. ત્યાં પોતાનું કાર્ય કોમલ અને સૂક્ષ્મદૃષ્ટિથી (પણ જોઇયે તે કરતાં જરા વધારે વિશ્વાસ કાર્યભારીઓ ઉપર રાખી) ચલાવી સર્વને સદય ન્યાય આપતા એ તો પ્રસિદ્ધ છે.

ગૂર્જરાતના મહિમાનો જીર્ણોદ્ધાર કરવાના હેતુથી, પોતે તેનાં અનેક માર્ગેથી સાધન સંપાદન કરતા હતા, તે આપણા જાણ્યામાં ઉપર આવ્યું છે. તે સર્વ સામગ્રી સાથે લઈ તા૦ ૨૮ મી માર્ચ સન્ ૧૮૫૪ માં યૂરોપ સિધાવ્યા. ગૂર્જરાતથી તેનું તનુ દૂર યૂરોપ ગયું, પણ તેનું મન ગૂર્જરાતમાં જ હતું. ત્યાં રહીને પણ ગૂર્જરાતની જ સેવા કરયાં કરી. '**રાસમાલા**' નામે સુંદર પુસ્તક ત્યાં રચ્યું. 'ઇસ્ટ ઇન્ડિયા કમ્પની'ની 'કોર્ટઆવ ડરેક્ટર્સ'ના સ્વાધીનમાં આ દેશને લગતા લેખ-પત્રો હતાં, તે અતિ શ્રમ વેઠી વાચી તેમાંનો આ દેશને લગતો સાર કહાડી, રાસમાલાનું પુસ્તક પરિપૂર્ણ કરયું. તે સન ૧૮૫૬ માં બે ભાગમાં લંડનમાં રિચર્ડસન બ્રધર્સના મુદ્રાયંત્રાલયમાં સુંદર મુદ્રાંકિત કરાવી સચિત્ર પ્રસિદ્ધ કર્યું. એ પુસ્તકના ઉપર વિલાયતનાં પત્રોએ અને હિંદુસ્થાનનાં પત્રોએ* તથા બીજા કેટલાક સંભાવિત વિદ્વાન્ પુરુષોએ× બહુ સારા અભિપ્રાય આપ્યા છે. સ્થલસંકોચને લીધે તેનો અત્ર સમાવેશ કરી શકાતો નથી. અને તેમ કરવાનું આવશ્યક પણ જણાતું નથી, કારણ કે જે સારૂ જ છે, તેને સંમતિનું આવશ્યક બહુ રહેતું નથી. એક કવિ કવે છે કે—

"કવિતાને કસ્તૂરી તે સાક્ષી વિના સિદ્ધ થાય."

એ સત્ય છે. રાસમાલા વાચેથી તેના ગુણો રસજ્ઞોને તત્કાલ જણાશે જ. રાસમાલામાં પોતાની બન્ને પ્રકારની કલમથી (ચિત્રની અને લેખનની) ગૂર્જરાત ઉપર પ્રકાશ નાખ્યો છે. ટાડની પેઠે તેઓએ ગૂર્જરાષ્ટ્રના પ્રાચીનકાલનો મહિમા ભરેલો ઉત્કર્ષ, અને અર્વાચીન કાલની તેની પતિતદશા, એ ઉભયનો વિલક્ષણ વિરોધ જોતાં, તેઓના મનમાં અનુકંપા પ્રકટ થઇ, તેથી રસાર્દ્ર હૃદયે, તેણે કોઈ કોઈ પ્રસંગે જે ગૂર્જરાતના ગુણ ગાઈ તેનો જીર્ણોદ્ધાર કરયો છે, તે અખિલ ગૂર્જરાતી મંડલને ઉપકારી કરવાને પરિપૂર્ણ છે.

સ્વદેશના નિર્બંધ સ્વચ્છ અને શીતલ વાતાવરણમાં પોણાત્રણ વર્ષ રાસમાલાની રચના રચવામાં સફલ કરી પાછા સન ૧૮૫૬ ના નોવેંબર

---

* Overland Mail. The Athenæum. The Daily News. The Saturday Review. The Calcutta Review. &c.

× The Director of Public Instruction. Sir. H. M. Lawrence, K, C. B. Dr. Wilson. Lord Elphinstone. &c.

માસમાં આ દેશમાં પધારયા. તા૦ ૧૦ મી જાન્યુઆરી સન ૧૮૫૭ માં સુરતના ન્યાયાધીશ થયા, અને એક માસના અંદર પાછા સરકારના પ્રતિનિધિ (એજન્ટ) થયા. ફાર્બસની તીવ્રબુદ્ધિ અને ન્યાય કરવામાં તેનો વિવેક જોઇ, સરકારને તેઓના ઉપર એવો વિશ્વાસ આવી ગયો હતો કે, કોઈ પણ કઠિન કાર્ય હોય તો તે ફાર્બસને સ્વાધીન કરવામાં આવતું. સન ૧૮૫૭ ના મે માસમાં ભરૂચના મુસલમીનો અને પારસીઓ વચ્ચે જે મ્હોટો કલહ થયો હતો, તેમાંના અપરાધીઓનો નિર્ણય કરવા મિ. ફાર્બસને નિ- યોજ્યા. તે કાર્ય કરતાં જરા અધીરતા અને ઉતાવળ થઈ હતી, તો પણ તેઓએ એવી સારી રીતિએ દીર્ઘદષ્ટિથી અને વિવેકથી સત્ય શોધી, નિરપ- રાધી અને અપરાધીઓને વિણી કહાડ્યા કે, સર્વને આશ્ચર્ય લાગ્યું, અને કોઈ પક્ષવાલાને, 'અન્યાય થયો' એવું કહેવા અવકાશ રહ્યો નહિ. તેણે સન ૧૮૫૭ ના આગસ્ટમાં કામ ચલાવી તે જ માસમાં પૂરૂં કરયું. એ ભારે કાર્ય સારૂ મારિસના 'સદર અદાલતના ફેંસલાના' આઠમા ભાગના પૃષ્ઠ ૪૭૬ મે લખે છે કે—

"એ કામમાં કરેલી પરીક્ષા (તપાસ) મિ. ફાર્બસને એટલી બધી માનદ છે કે તેની અસંકુચિત પ્રશંસા કોર્ટ (સદર અદાલત) કરી શકતી નથી તેથી વિશેષ ખેદ પામે છે."

કોઇનું કલ્યાણ કરવું તે અનેક પ્રકારે થાય છે. તેમાં મુખ્ય બે છે. અજ્ઞાત કિંવા પરોક્ષ, અને પ્રત્યક્ષ કિંવા અપરોક્ષ. આપણે ઉપર જે વૃત્તાંત જાણ્યો તે ફાર્બસે આપણું અપરોક્ષ કલ્યાણ કરયું તેનો છે. સ્વાર્થ રહિત ઉત્તમ પ્રકૃતિના પુરુષોનો, કર્તાનું નામ જણાય નહિ એવું પરોક્ષ કલ્યાણ કરવું, એ પણ એક સ્વભાવ હોય છે. પરોક્ષ કલ્યાણકારી થવું એ સાત્વિક ધર્માત્માઓના હૃદય ઉપર આવતાં સુવાસિત પુષ્પફલવત્ છે. અને તેનો પરિણામ બહુને કલ્યાણકારી થાય છે.

ફાર્બસે આપણું પરોક્ષ કલ્યાણ કરવામાં પણ ન્યૂનતા રાખી નથી; અને તે પણ એવા અવસરે કે જેનું મૂલ્ય થાય નહિ. સન્ ૧૮૫૭ ના વ- ર્ષમાં બલવો થયો. તે વેલ્રા ક્રોધાવેશમાંઆવી પડી યૂરોપીઅનો સર્વ દેશીય લોકને ધિક્કારવા લાગ્યા. અપરાધી વા નિરપરાધીના વિવેકને વિસારી મૂકી, કોઇને લાભ નહિ અને મન સર્વનાં દુઃખાય એવાં લખાણ વર્તમાન પત્રાદિમાં

લખી અત્રના અને યૂરોપના લોકોના મનમાં સર્વ દેશીયો વિષે નીચા અભિપ્રાય તેઓ કરાવવા મંડ્યા. એવાઓએ દેશીયોને મહાઘાતકી પ્રાણી જેવા વિરૂપ ચિત્રી, તેઓના ઉપર સારા લોકોનો તિરસ્કાર અને કોપ થાય એવું કરવા માડ્યું. બરછીની અણીકરતાં, ક્રૂર કલમથી અણી કોઈ કોઈ વેલા વિશેષ બલતી અને ત્રાસદાયિકા જણાઈ છે, અને તોપોના ધડાકા કરતાં વિચારના તુમુલ ગંભીર ઘોષો બહુ દૂર દેશ જઈ પહોંચ્યા છે, અને ભારે રોળ વાળી દીધો છે. બળવાનો કાલ પણ વિલક્ષણ હતો. નિરપરાધી દેશીયોને શસ્ત્રઅસ્ત્રથી બલવાની વેલા જેટલી હાનિ થતી, તેના કરતાં સહસ્ત્ર ગુણિત અધિક હાનિ વર્તમાનપત્રોમાં વિરુદ્ધ લખનારા કરી શકતા. તે વિષમકાલે વિવેકી ફાર્બસે ન્યાયપક્ષ પકડ્યો હતો, એ થોડાના જ જાણ્યામાં હશે. પોતે તે વેલા ગૂજરાતમાં હતા. ચોપાસથી, દેશીયો કુભાંડી છે, દેશીયો ઘાતકી છે, દેશીયો કોઈ પ્રકારનો વિશ્વાસ રાખવા યોગ્ય નથી, દેશીયોને પશુ જેવા ગણી તે પ્રમાણે તેઓના પ્રતિ વર્ત્તવું જોઇયે, ઇત્યાદિ, એવા અવિવેકી અને અવિચારી શબ્દોની ગર્જનાઓ, સેતુબંધ રામેશ્વરથી તે હુરદ્વારસુધી, અને જગન્નાથજીથી તે દ્વારિકા સુધી, યૂરોપીયોમાં પથરાઈ રહી હતી. તેને ભેદીને સત્ય સંભળાવવા અને દર્શાવવાને વિરલ વીરો શક્તિમાન્ હતા. પરંતુ તે વિરલ વિવેકી વીરોએ ધર્મપક્ષની ઢાલથી ઘણું જ કર્યુંછે. તેમાં કલકત્તામાં ' હિંદુપેટ્રિઅટ 'વાળો હરિશ્ચંદ્ર, મુંબઇમાં 'બૉમ્બે ટાઈમ્સ' ( જે પાછળથી 'ટાઈમ્સ આવ ઈંડીઆ' કહેવાય છે ) તેનો તંત્રી મિ. રાબર્ટ નાઇટ આદિ હતા. ફાર્બસે તે સમયે પ્રત્યક્ષ નહિ પણ પરોક્ષ રીતિએ લેખનવતે આપણા દેશની સારી સેવા કરી છે. રાજનીતિસંબંધમાં ફાર્બસ સાહેબના વિચાર, આપણાં તત્રભવતી મહારાણી અને તેઓના કેટલાક ઉદાર રાજપુરુષોના ઉચ્ચ વિચારો હોય છે, તેને અનુસરતા હતા. તેવાઓના રાજનીતિ સંબંધના વિચારો રાજા પ્રજા ઉભયને લાભકારી અને પ્રશંસનીય હોય છે. તેઓનો નિર્ણય છે કે,–શસ્ત્રાસ્ત્રના બલથી કોઇપણ પ્રજાને ચિરકાલ સુધી સ્વાધીનમાં રાખી શકાતી નથી. તેઓ સર્વ જાતિની પ્રજા ઉપર સમાન ભાવ રાખે છે. તેઓ દેશીય વિદેશીયમાં અથવા જાતીય વિજાતીયમાં અન્તર્ ગણુતા નથી. સર્વા પ્રજાનું દુ:ખભંજન કરવું અને મનરંજન કરવું એ જ રાજધર્મ માને છે. તેઓ પ્રજાની પ્રીતિમાં જ સબલા રાજનીતિ ગણે છે. ઉતરતા વર્ગના સામાન્યલોક રાજ્યાધિકાર પામે છે તેઓની

દૃષ્ટિ એવી રહી શકતી નથી, તેઓ ગર્વી હોય છે અને તાત્કાલિકી સ્વાર્થ-સિદ્ધિ સારૂ ભેદબુદ્ધિ ઉપજાવે છે; અને રાજ્યાધિકારનો આશ્રય આડે લઈ સ્વછંદ-તાથી વર્તે છે. પરંતુ આપણાં તત્રભવતી મહારાજ્ઞીના પ્રધાન મંડલમાં કેવા સારા અને યોગ્ય વિચારો વર્તે છે, એ પ્રસંગોપાત્ત અનેકવાર પ્રસિદ્ધ થયાં જાય છે, તે લક્ષમાં ન રાખી તેઓ રાજદ્રોહના દોષમાં આવે છે. મહા-રાજ્ઞી શ્રી રાજ્યાસને વિરાજ્યાં તેના દશ વર્ષ પશ્ચાત્, અને આ દે-શમાં બલવો થયો તેના દશ વર્ષ પૂર્વે, સન ૧૮૪૭માં એક રાજલેખ લખા-યો છે. તે લેખ સર્વ રાજ્યકર્તાના હિતાર્થે અને સ્મરણાર્થ અત્ર અવતારાય છે.

યૂરોપમાં પોર્ટુગાલદેશમાં રાજકર્ત્રીના પક્ષપાતથી અવ્યવસ્થા ચાલતી હતી. તે વેળા આપણાં તત્રભવતી મહારાજ્ઞીના મંત્રી લાર્ડ. પામર્સ્ટને સ્વ-રાજ્યના રાજદૂતદ્વારા પોર્ટુગલની રાજ્ઞીને જે સન્દેશો લખ્યો હતો તે આ પ્રમાણે છે.

Lord Palmerston's despatch to Sir H. Seymour, the English minister at Lisbon, dated 5th February 1847.

"The Queen should remember that unless she
"shows herself to be the Sovereign of the whole
"nation, she cannot expect the whole nation to re-
"gard and love her as their Sovereign; and that a
"throne whose stability rests on the point of the
"bayonet has a very ticklish and uncertain basis.
"Pray preach all these things, and such others as may
"occur to you in the same spirit."

Life of the Prince Consort. People's Edition. Part I. page 70.

જેણે અન્યાય કરચા હોય છે, તેને એવા કોઈઅસાધારણ સૂક્ષ્મ સમ-યમાં ભારે ભય રહે છે. પેલા પોતે જ કરેલા અન્યાય તે કાલે ભયનો વેશ ધરી બેસે છે; અને તેને બીવરાવે છે. ફાર્બસે તો ન્યાય અને લોકનું કલ્યા-ણ જ કરચાં કરચું હતું, તેથી એવા ભયંકર કાલમાં પણ તેનું મન સદા

નિર્ભય રહેતું હતું. પોતાના અન્ય યૂરોપીય મિત્રોને પણ પત્રદ્વારા નિર્ભય રહેવાનું કારણ સહિત લખી તેઓના ચિંતા ઓછી કરાવતા. એ રીતિએ પોતાના અનુભવથી તેઓના મનનું સમાધાન કરી બહુ યૂરોપીયોને અને તેઓની સુકુમારી સ્ત્રીઓને ભયના ભારે દુઃખથી મુક્ત કર્યાં છે. એક મિત્રને ફાર્બસ લખેછે કેઃ–" We are all right here, though some of us very absurdly alarmed, and people who know nothing of what has gone on for the last thirty years, are very distrustful of the Gaekwad, the Rajput chiefs and every body in general." "અમે તો નિર્ભય સ્વસ્થ છિયે, જો કે આપણમાંના કેટલાક નિરર્થક ભયભીત થઈ રહે છે; અને જે લોકોને ગયાં ત્રીશ વર્ષમાં શું શું થયું છે તેની કંઈ જાણ નથી તેઓને ગાયકવાડનો, રજપૂત રાજાઓનો અને સાધારણતઃ કોઈ એકનો પણ વિશ્વાસ આવતો નથી." એમ રાજ્યકર્તા લોકને ધૈર્ય આપતા અને તેથી વિશ્વાસ ન ત્રુટી સમાધાન રહેતું. ભારે બલવાના સમયમાં પણ ગૂર્જરાતમાં શાન્તિ રહી હતી તેમાં,–ફાર્બસ જેવા સદ્ગૃહસ્થોના, સદ્ગુણથી અને વિવેકથી રાજ્યકર્તાનો અને પ્રજાનો સંબંધ ગૂજરાતમાં સજ્જડ રહેતો–એ એક મુખ્ય કારણ હતું. એ સંબંધમાં ફાર્બસને એક પત્ર લખી સરકારે ઉપકાર માન્યો છે.

"મુંબઈ ત્રૈમાસિક વાર્તિકપત્ર" માં (Bombay Quarterly Review) પણ ફાર્બસ સાહેબના લેખો આવતા. તે એવા સમભાવથી લખાતા કે તેના વાચકને આ દેશ ભણી સદ્ભાવ થાય. "મુંબઈ ત્રૈમાસિક વાર્તિકપત્ર" ના એપ્રીલ સન ૧૮૫૭ માં, દશમા અંકમાં, 'ભરતખંડનું કલાકૌશલ્ય' 'Indian Architecture' ઉપર ફાર્બસે વાર્તિક લખ્યું છે. તે એવા હેતુથી કે, ગૂર્જરાતનો મહિમા તેનાં બાંધકામોનાં ખંડિત ચિહ્નથી પોતે જાણ્યો, તેમ અખિલ ભરતખંડનો મહિમા તેનાં અલૌકિક કલાકૌશલ્યનાં પ્રાચીન ચિહ્નથી, રાજ્યકર્તા લોક જાણે; અને તેનો મહિમા અને તેની કુલીનતા જાણી તેના ઉપર અનુકંપા આણી પ્રીતિ કરે. કલ્યાણ કરવું એ તો પછી પ્રીતિનું અનિવાર્ય ફલ છે.

તે જ પત્રના સન્ ૧૮૫૭ના જુલાઈ માસવાળા ૧૧ મા અંકમાં સર જોહન માલ્કોમ જેવા એક હિતકારી રાજ્યકર્તાના જીવનચરિત્ર ઉપર વાર્તિક લખ્યું છે. રાજ્યાધિકારીઓએ પ્રજા પ્રતિ કેમ વર્તવું, એ સંબંધિની સારી સૂચનાઓ તેમાં છે. સત્પુરુષનાં જીવનચરિત્ર છે તે દર્પણસમ છે. તેમાં

દૃષ્ટિ નાખ્યાથી મનુષ્ય પોતાના દોષો પોતે જુવે છે. બીજું કોઈ આપણા દોષ આપણને દેખાડે છે ત્યારે આપણને રુચતું નથી. દોષ દેખાડનાર ઉપર રોષ આવે છે, મન પીડા પામે છે અને કોપાઈ સામુ થવાનું કરે છે. તેથી પેલા દોષ સુધરતા નથી પણ ઉલટા સજડ થાયછે. એ આદિ બાધ સદ્ગુણીનાં સચ્ચરિત્ર દૂર કરે છે. પોતાના દોષ પોતે દીઠા કે તેને દૂર કરવાનું સમજણાને સ્વાભાવિક મન થાય છે. ફાર્બસે, માલ્કોમનું ચરિત યૂરોપીયો આગળ ધરી, એ અર્થ સાધવા યત્ન કરયો છે. તેમાં સમાવેશ કરેલાં થોડાં વાક્યો અત્ર નિરર્થક નહિ કહેવાય—

માલ્કોમનો સ્વભાવ.—"[૧]જય મેળવાય તો તે પ્રત્યેકને રાજી રાખી મેળવવો એવો તેનો નિયમ હતો એટલું જ નહિ પણ તેમાં જ તેને આનંદ થતો. તે પિંડે સાધુસ્વભાવનો અને આડંબરવિનાના આચારનો હતો." (રાજદૂત થઇને ઇરાનમાં તે ગયો હતો અને ત્યાં બ્રિટનદેશનો મહિમા તેણે સ્થાપિત કરયો હતો, ઇત્યાદિ લખી ફાર્બસ કહે છે કે:)—"જો કદાપિ તેથી રાજ્યનાં ભવિષ્ય નહિ બદલાયાં હોય પણ તેણે 'સદા કાલના દર્પણમાં' એક શૂરવીર અને નિર્મલ મનના સરલ ઇંગ્લિશ જ-

---

૧ "Moreover it was as much a principle as it was a pleasure with him to achieve success, whenever he could, by keeping every one in good humour". page 112.

× × × × × ×

"He was personally a man of simple habits and unostentatious demeanour." page 112.

× × × × × ×

"If it did not change the destinies of kingdoms, it certainly left "in the mirror of perpetuity" the image of a brave, frank Englishman." page 114.

× × × × × ×

"His native visitors he was wont always to receive not only with unfailing courtesy but with that thorough understanding of the character and circumstances of each individual,................ he seldom failed to send them away gratified." page 117.

નનું પ્રતિબિંબ પાડ્યું છે. કોઈ દેશીયો મળવા આવતા તેઓનો માલ્કોમ બહુ વિનયપૂર્વક આદર સત્કાર કરતો એટલું જ નહિ, કિંતુ મલવા આવનાર પ્રત્યેક મનુષ્યનો સ્વભાવ અને તેની દશા યથાર્થ સમજી તે પ્રમાણે વર્ત્તતો; ... મળવા આવનારા પાછા વળતાં સંતોષ અને આનંદ પામતા." ઈરાનમાં પોટેટોઝની પ્રથમ વાવણી માલ્કોમે કરાવી છે, તેથી તેનું નામ સારૂ રહેશે એવું સર. જેમ્સ આકિન્ટાશ લખે છે. પણ ફાર્બસ સાહેબ કહે છે કે:—"માલ્કોમે એક એથી પણ વિશેષ ફલપ્રદ બીજ રોપ્યું છે. * * માલ્કોમના ઈરાનમાં પ્રવાસથી એવા તો પ્રખ્યાત ગ્રંથ ઉત્પન્ન થયા છે કે, જેણે એશિયા ઉપર પ્રકાશ નાખ્યો છે, જેણે યૂરોપને ઉપદેશ આપ્યો છે, અને જેણે આપણા દેશના (ઇંગ્લાન્ડના) સાહિત્યને શોભાવ્યું છે." * *"માલ્કમ પંથનું મુખ્ય તત્ત્વ બે શબ્દમાં છે.—સુગમ્યતા અને પરકાર્યની અચર્ચા—" Accessibility and non-interference—. તે પોતે દશે દ્વાર ખુલ્લાં મૂકી પોતાના સ્થાનમાં વિરાજતો. જે દેશીયો મળવા આવતા, તે સમાધાન અને સંતોષ લઈ પાછા વળતા." ફાર્બસ કહેછે કે "એ ખેદકારક વાર્તા છે કે હાલમાં એવા પુરુષ ભરતખંડમાં થોડા છે. પ્રથમ તો દેશીયોને સારૂ દ્વાર જ ખુલ્લાં ભાગ્યે હોય છે; તેમ કરતાં કોઇને પ્રવેશ કરવાનું બની આવ્યું તો, અંદર, પોતાના વિષે જાણનાર અને સમભાવવાન્ પુરુષ મળવા એતો તેથી પણ ક્વચિત્. રાજાપ્રજામાં અંતર પડે છે તે એ જ કારણથી. પછી ધુંધવાતા ઢગલા ઉપર એક તનખો પડે છે એટલે તે શલગી ઉઠે છે. જે મનુષ્યો માલ્કોમ સારૂ પ્રાણ પાથરવા તત્પર હોત તે જ મનુષ્યો કંટાલીને રાજ્યબંધનથી નરમ પડી, બલવામાં અને ઘાતકી કામોમાં સામીલ થાય છે. ઈત્યાદિ ઈ૦ ઈ૦" અનેક સપ્રમાણ વાર્ત્તાઓ લખી માલ્કોમનું જીવન વખાણ્યું છે; અને તેવા ગુણોનું પ્રતિબિંબ પોતે જ હતા, તેથી પોતાનું લખેલું પાછું પોતે જ સ્પષ્ટ સિદ્ધ કરી આપ્યું છે. ફાર્બસસાહેબ માલ્કોમપંથી હતા. તે પંથ અથવા સંપ્રદાયના ગૃહસ્થો પરમાર્થી, વિનયી, પરોપકારી, કૃપાલુ, વિવેકી, દીનના નાથ, સર્વને પોતાના બાંધવ જેવા માનનાર, સ્વતંત્ર, તથા આ દેશનું કલ્યાણ ઇચ્છનાર અને કરનાર હતા.

રાજા પ્રજા વચ્ચેનાં કાર્યોમાં, તાત્કાલિક સ્વાર્થસાધક અધિકારીઓભણીથી, પ્રજાને થતા અન્યાય વિષે ફાર્બસ સાહેબના વિચાર દૂરદષ્ટિ વાળા, સર્વને લાભકારક, અને યથાર્થ હતા. તે કહે છે કે:—"ન્યાય કરવામાં કિઞ્ચિત્

*પણ પક્ષપાત કરચાથી આપણા-વિશ્વાસ ઉપર જેટલો ધક્કો લાગે, અને તેનો જે પરિણામ થાય, તે પચાશેક આખા પ્રાન્તો હાથમાંથી જાય, તેનાં કરતાં પણ વિશેષ હાનિકારક છે એવું માલ્કોમ માનતા. અરે! આપણી જ પ્રજા સાથેના, અને બીજા માંડલિક રાજા સાથેના, આપણા કરારોના અર્થ કરવામાં, બ્રિટિશ સરકાર અને તેના કાર્યભારીઓ કેટલો બધો પક્ષ કરે છે; તેઓ પોતાને ફાવે એવા અર્થ કહાડે છે, કારણ કે બલ પોતાના પક્ષમાં છે. આપણે આપણી મેળે વિશ્વાસ વિષે અહંકારની વાતો ગમે તે કરિયે, પણ કોઈ દેશીયસાથે જેને બરાબર સમાગમ હોય, તેના જાણ્યામાં આવશે કે, દેશીયો આપણી પ્રામાણિકતા વિષે કેવા વિચાર રાખે છે. સિંહમનુષ્યની લડાઈના ચિત્રમાં મનુષ્ય સિંહને સહસા જીતે છે, એવું મનુષ્યો ચિત્રે છે, પરંતુ તે જ ચિત્ર જો સિંહ ચિત્રે તો કંઈ બીજા જ પ્રકારનું ચિત્ર. પ્રખ્યાત આર્થર વેલેસ્લી (ડયુક આવ વેલિંગટન) અને માલ્કોમનું પણ એ જ મત હતું. એક પ્રસંગે ગોવાલિયેર વિષેની ચર્ચામાં વેલેસ્લી માલ્કોમને લખે છે કેઃ-[1]"આપણી પ્રા-

---

*" He believed that if we determine a case of disputable nature in onr own favour, because we had the power, we should give a blow to the existing reliance upon our faith that would be more injurious to our interests than the loss of fifty provinces. We fear that in things small as in things great, in times present as in times past, with individuals as with states, the British Government in India and its officials have too often been guilty of-shall we call it only?—the mistake of interpreting treaties and agreements in a one-sided manner, because on that one side lay all the power. We boast, and with general truth, of our faith; but no one who has been in the habit of conversing with the natives of India, and who has the capacity of appreciating their feelings, can fail to be aware that *in their opinion* serious deductions should be made from the claim to unsullied integrity which we assert, and that the picture would be coloured some-what less brightly were the lion painting the portrait of the man." Page 119-120.

(1) Arthur Wellesley writes to Malcolm that:—" I would

માણિકતાની કીર્ત્તિ જાળવવાને સારૂ ગોવાલિયર અને હિંદુસ્થાનના બીજા દેશો દશવાર નોછાવર કરિયે તો પણ કંઈ નથી. ઈ૦' મદ્રાસ પ્રાન્તમાં વેલોરનો બલવો થયો તે સમયે તે બલવો કરનારાએ બલવો બ્રિટિશ અધિકારીઓના અન્યાય અને અજ્ઞાનથી કરયો હતો, એવું માની, તે દેશીયોને માલ્કમ આદિ કેટલાક ગૃહસ્થો નિરપરાધી ગણતા, તે વિષે લખતાં ફાર્બસ લખે છે કે-'તે[2] (માલ્કોમ) માનતો કે કઠોરતાનાં અથવા બલનાં વિશેક ઉદાહરણના કર્તાં મનની મહત્તા અને દયા જો સરકાર બતાવે તો તેથી ઉદાર મન ઉપર અધિક અસર થાય.' મધ્યપ્રાંતમાં સમાધાન થયું તે પ્રસંગે માલ્કોમ એલ્ફીન્સ્ટનને લખે છે કેઃ—'જે સારૂ થયું છે તેનું મુખ્ય રહસ્ય તો આ છે કે, પોતાની મેળે કોઈના દોષો ક્ષય થાય એમ હોય તો તેમ થતા સુધી હું ધૈર્યથી સહન કરૂં છું. અકસ્માત્ સહસા સુધારા અને વેગવાન્ પરિવર્તનનો હું પક્ષવાદી નથી.[3] ઈ. ઈ. ઈ. માલ્કોમના ચરિત્ર વિષે લખતાં પોતાના આભ્યંતર વિચાર દર્શાવ્યા છે.

એ માલકામના જીવનચરિત ઉપરનું વાર્તિક સમાપ્ત કરતાં ફાર્બ-સ લખે છે કેઃ—

"It is melancholy to think how little our late

---

sacrifice Gwaliar or every other frontier of India, ten times over, in order to preserve our credit for scrupulous good faith ..................................What brought me through many difficulties in the war and the negociations of peace? The British good faith, and nothing elese," page 120.

(૨) "He (Malcolm) believed that the clemency and magnanimity of Government would have had more effect in the minds of liberal men, than twenty examples of severity." Page 125.

3. Malcolm to Elphinstone:—But the chief secret is—I am very tolerant of abuses, and can wait with patience to see them die their natural death. I am no advocate, God knows, for sudden reforms or violent charges. These are, indeed, the rocks of the sea in which we are now afloat."

conduct in India has accorded with the wise principles of Sir John Malcolm...... .We cannot especially regard without anxiety the rapid growth, among both our military and civil officers, of a supercilious contempt for every thing which relates to the customs and feelings of India..........It is seldom that a native now finds the 'four doors open'; less often perhaps still that when he gains admittance he meets with either knowledge of, or sympathy with, *himself*, within". Page 139.

પૂર્વોક્ત 'મુંબઈ ત્રૈમાસિક વાર્તિકપત્ર'ના સન ૧૮૫૮ ના જુલાઇથી સપ્ટેંબરવાળા અંક ૧૪ માં " 'આઉદ' (અયોધ્યા) એવા નામના મથાળા નીચે ફ્રાબસે જે નિષ્પક્ષપાતથી રાજાપ્રજાને હિતકારક ઉત્તમ વિચારો દર્શાવ્યા છે તેમાંનો કિઞ્ચિત્ સાર લઈ સ્થલસંકોચને લીધે અવે આ વિષય સમાપ્તિ ઉપર લાવવો પડે છે.

"જે રજપૂત રાજાઓનો અને ઠાકૂરોનો, મુસલમીનથી કે મરાઠાથી કોઈ કાલે પણ પૂરો પરાભવ થઈ શક્યો નથી, તેવા રજપૂતોનું, ચિરકાલના અને વંશ પરંપરાના સ્થાવર ગ્રાસ-વતન અથવા જાગીરો-ઉપરનું સ્વામિત્વ, અને સાધારણ ખેડુતોનો પોતે સાંથેલી જમીન ઉપરનો હક્ક, તેમાં આપણ કશું અંતર ગણતા નથી! એક દેશ ગમે તે પ્રકારે આપણને મળ્યો, એટલે તેમાં બીજાના સ્વત્વ (હક્ક) વિષે આપણે ગમે તેમ અર્થ કહાડી આપણું ફાવતું કરિયે છિયે. * * * અયોધ્યાના નામના મુસલમાન રાજાને જિત્યો. તેનું અર્ધ રાજ્ય ખુંચાવી લીધું અને અર્ધ પાછું આપ્યું. એમ કરીને, જે રજપૂત ભૂમીશ્વરો-વતનદારો-પૃથુરાજ ચોહાણના સમયથી મુસલમીનોને અટકાવી રહ્યા હતા, અને જે રજપૂતોનું મુસલમીનોથી નામ ન દેવાતું; તે રજપૂતોને, આપણા સૈન્યના બલની સહાયતાથી મુસલમીનોને સ્વાધીન કરિયે છિયે. આપણે લઈ લીધેલા ભાગમાં પણ, શસ્ત્રઅસ્ત્રના સાધનથી નહિ તો, તેના જેવા જ પણ જરા શાન્ત ધારાના સાધનથી, આપણે પણ એ જ કામ કરિયેછિયે. તેથી પ્રાચીન કુટુંબોનો મૂલમાંથી નાશ થઈ ગયો છે,

ગૂજરાતમાં ગાયકવાડે પણ આપણને થોડી લાલચ આપી, આપણી પાસે એ જ રીતિએ કરાવવા પ્રયત્ન કરયો હતો. જો આપણે એમ કર્યું હોત તો કાઠિયાવાડ (સુરાષ્ટ્ર) ના રાજાઓનું ઉચ્છેદન વા નિકર્તન થયું હત, કિંવા જે અવ્યવસ્થા–દુર્દશા–અયોધ્યામાં થઈ છે, તે દશા ગૂજરાતમાં થાત. લાર્ડ વેલેસ્લીના પ્રતાપથી સંકટ દૂર થયાં. તેણે ગાયકવાડને અને સુરાષ્ટ્રના રાજાને ઉભયને અનુકૂલ આવે એવું સમાધાન કરવાનું સૂચવ્યું. સાત્વિકવૃત્તિના જોનાથાન ડંકન અને પ્રવીણ કર્નલ વાકરે લાર્ડ વેલેસ્લીનો વિચાર સિદ્ધ કરયો. જેથી ઝાલા અને ગોહિલ વંશો અ-૨ રહ્યા, ગાયકવાડ ઋણમુક્ત થયા, અને ગૂજરાતમાં પંચાશ વર્ષસુધી એવી શાન્તિ રહેવાની કે જેવી શાન્તિ અણહિલપુરનો રાજદંડ દ્વિતીય ભીમદેવના હાથમાંથી પડયો ત્યારથી ગૂજરાતે દીઠી નથી ** અયોધ્યામાં અવ્યવસ્થા થઈ તેમાં વાંક આપણો જ છે. પંચાશ વર્ષ પછી સ્વાર્થ સાધી (અયોધ્યા) દેશ લઈ લેવો, તેના કરતાં પરમાર્થ બુદ્ધિથી મધ્યસ્થ થઈ, પ્રથમથી જ સમાધાન રખાવ્યું હોત તો, તે કંઈ ઓછો ન્યાય ન કહેવાત. અયોધ્યાનારાજ્યનો આપણા રાજ્ય સાથે સંયોગ કરયો તેનો હેતુ બહુ પવિત્ર દેખાડયો છે કે,–(મુસલમાની રાજ્યથી) પ્રજા પીડા પામતી હતી તેને મુક્ત કરવી. આ વિચાર જે કર્નલ સ્લીમાનના લખવા ઉપરથી ઉઠયો હતો, તેના લખાણ ઉપર જોતાં અયોધ્યાને આપણા રાજ્ય સાથે જે પ્રકારે મેલવવામાં આવ્યું છે તે પ્રકાર કેવલ અન્યાયી દેખાય છે.[1]

---

૧ "Having acquired territory in Western India by conquest from one native prince, or cession from another, and finding therein a body of Rajput Chiefs who had never been wholly subdued by either Mahommedan or Mahratta, we drew no distinction between their hereditary and long-maintained rights, and the temporary title of mere revenue farmers".—P. 184.

× × × × × ×

"We were to enable him (the ruler of Oude) by our arms to do that which neither he nor his master had ever been able to do for themselves, *viz.*, to complete the subjection of the Hindu landholders, who, from the time of Pruthuraj the Chohán had continued with more or less success to resist the Mahommedan". P, 185.

એપ્રિલ સન ૧૮૫૮ ના લાર્ડ ક્યાનિંગના ગુપ્ત રાજલેખ,-જેથી બલવા પછી લખનોર હાથમાં આવ્યું એટલે અયોધ્યામાંના વતનવાળા (ભૂમિસ્વામી)

---

× × × × + ×

The Gaikwar agreed to increase his subsidiary force, and entrapped us into the stipulation that one of the battalions should proceed against *his* "domestic enemies" in Kathiawar whenever necessity required. If the British Government had really acted upto this contract, the result must have been either the annihilation of the Rajput aristocracy throughout Guzerat, or else a state of affairs similar to that which has so long obtained in the dominions of the Nawab Vazir of Oude. The catastrophy was fortunately averted. Lord Wellesly had himself suggested that an amicable arrangement might be effected which should guarantee to the Gaikwar Government its revenue and at the same time preserve the rights of the half subdued chiefs for whose reduction that Government sought our assistance. The suggestion approved itself alike to the sagacity of Colonel Walker, and to the honest-mindedness of Jonathan Duncan, and these two eminent men together worked out a settlement well known at least on this side of India, which while it has preserved the estates of the Jhalas and the Gohils, and rescued the Gaiekwar Government from bankruptcy, has also ensured to Guzerat for half a century such tranquillity as was hitherto unknown to her, at least since the day on which the sceptre of Unhilpu was struck from the hand of Bhim Deva II". Page 185.

× × × × × ×

We suppose it must be the party which alone had the power of preventing it,—that is to say, the British Government. It was not necessary that we should have left the king and chiefs to tear each other unchecked in Oude any more than in Guzerat; a disinterested intervention in 1801 would not have been less just than annexation (not perhaps *wholly* disinterested) half a

કુલીન ગૃહસ્થોનું સર્વસ્વ હરી લેવાનું અથવા જપ્તી કરવાનું હતું, એવું સમજી તે વિષે-તથા તેની વિરુદ્ધ લાર્ડ એલેન્બરોએ લખેલો લેખ, એ ઉભય લેખો વિષે વિચાર આપતાં ફાર્બસ લખે છે કે-" ઇંગ્લંડમાં આ સમયે પૂર્વપક્ષ (conservative) અને ઉત્તરપક્ષ (Liberal) માં વાક્યુદ્ધ મચ્યું છે. અમે ત્યાં સમીપ હત, તો આનંદથી પોકારત કે-" જય સ્ટાન્લી ". પરંતુ દૂરથી તે લાભ લઈ શકતા નથી, પણ અમને પૂર્ણ વિશ્વાસ છે કે એમાંથી આ ભરતખંડનું કલ્યાણ થાય એવું પરિણામ થશે; પછી જય ગમે તે પક્ષનો થાઓ, તે સાથે અમારે સંબંધ નથી. આવા વિલક્ષણ સમયમાં લાર્ડ કાન્નિંગે જે ગંભીરમહત્તા દર્શાવી નિરપરાધી દેશીયોના ઉપર કૃપાલુ દૃષ્ટિથી જોયાં કર્યું છે, તે સારૂ અમે લાર્ડ કાન્નિંગની સ્તુતિ કરિયે છિયે. પરંતુ અયોધ્યાના+ સંબંધમાં એઓની રાજ્યનીતિ ઉપર અમને ખેદ થાય

---

century afterwards; and certainly it is in the tranquillity of the territories of Baroda for the last half century that we behold the fruits of a wise and righteous policy rather than in the turbulence of those of Lucknow.

The ground upon which the British Government proceeded in at length annexing the kingdom of Oude was that of humanity, it felt in 1855, though not in 1801, that "it would be guilty in the sight of God and man if it were any longer to aid in sustaining by its countenance and power a system fraught with suffering to millions," and its anxiety was to deliver itself from the reproach which the people of Oude may justly cast upon it" Page 189.

× × × × ×

\+ લાર્ડ કાન્નિંગના એ રાજ્ય લેખ વિષે ફાર્બસના અને તે સમયે સર્વના સમજ્યામાં આવ્યું હતું તે યથાર્થ ન હતું. લાર્ડ કાન્નિંગે એ વિષે એક ઉત્તરલેખ (Defence) લખ્યો છે, તેમાં પોતાના વિચાર સ્પષ્ટ જણાવી સિદ્ધ કર્યું છે કે, એનો શુભ હેતુ યથાર્થ ન સમજી અર્થનો અનર્થ કરવામાં આવ્યો હતો. તે ઉત્તરલેખ ફાર્બસના વાચ્યામાં આવેલ નહિ, તેથી કુલીન કાન્નિંગના ઉપર અગમતો દોષ અનીચ્છાથી ફાર્બસે મૂકવો પડયો હોય એવું લાગે છે. સર્વઆર્યપ્રિય કયાન્નિંગ જેવા નિષ્કલંક, ઉદાર, વિદ્વાન, રાજ્યધર્મજ્ઞ, નિષ્પક્ષપાતી, દીનના નાથ અને સંક્ષેપમાં મહાત્મા, વિરલ જ રાજપ્રતિપુરુષો (Vice-roy) થયા હશે ને થશે.

છે. અમે ધારિયે છિયે કે એ કામ એમનું નહિ પણ એમના મંત્રીઓનું હશે. આ દેશના કુલીન ગૃહસ્થ કુટુંબોનું સર્વસ્વ લઈ લઈ સાધારણ રંક-પ્રજા જેવા કરી દેવા, એવા પંથવાળા અધિકારીઓનું પ્રબલ અહુણાનું આ દેશમાં વિશેષ છે. એ હેતુ સિદ્ધ કરવા સારૂ જ્યારે લાગ આવે છે ત્યારે તેઓ દેશીયરાજ્ય ખાઈ જાય છે, અને વતનદારોનાં વતન જપ્ત કરી લે છે. આ વિષય ઉપર ઈંગ્લંડમાં હાલ ન્યાયથી નિર્ણય થવાનો છે. અમને આશા છે કે નિષ્પક્ષપાત ન્યાય કરી ઇંગ્લંડ પોતાની સંપાદિતા કીર્ત્તિને પાત્ર ઠરશે.'' ફાર્બસની આ આશા પૂર્ણ થઈ હતી. અત્રેના લોકના લાભમાં ન્યાય થયો હતો કે–' કોઇનું લઈ લેવું નહિ.'

લોકોના ઉપર અનેક પ્રકારના અન્યાય થયા તેથી જ બલવો થયો એવું સિદ્ધ કરી ફાર્બસ લખે છે કે:–' અન્યાય થાય છે એવું સમજીને જે દેશની પ્રજા શત્રુ થઈ હોય, તે દેશમાં કદાપિ રાજ્ય રખાઈ શકાય નહિ' ( માટે અન્યાય કરવો નહિ ) એવું લાર્ડ એલેન્બરો વદે છે તે યથાર્થ અને સત્ય છે.'[1] ઇ. ઇ. ઈ.

---

લાર્ડ ડેલહાઉસી જેવા સ્વછંદી, સ્વાર્થી અને રાજા પ્રજા વચ્ચે અંતર પાડનાર ગ-વર્નર જનરલે વિનાશકારક સુરંગ ખોદેલી, તેમાં જામગરી મુકાવાના સંધિ જેવા, વિષમ અને વિકટ કાલમાં રાજ્યના અનેક સંકલાયલા રથોના મુખ્ય યંત્રની લગામ અમર લાર્ડ. કાન્નિંગને સ્વાધીન કરવામાં આવી. મહાત્માનાં અંતઃકરણ અને બુદ્ધિ કશવાની ખરી કશોટી એવા વિષમ અને અસાધારણ સૂક્ષ્મ સમયો છે. ખરૂ હીર તે સમયે જણાય છે. શુદ્ધ કાંચનની પેઠે સર્વ પ્રકારથી તેની પરીક્ષા થાય એવા સં-યોગો આવી મલ્યા હતા. તેમાંથી વિજય પામી અધિક મૂલ્યવાન્ થઈ નિર્મલ કુંદન જેવો તે લાર્ડ કાન્નિંગ જણાયો છે. તેણે આપણા દેશમાં એવાં લાભદાયક બીજ નાખ્યાં છે અને એવા ઉપકારો વર્ષાવ્યા છે કે તેનાં ફલ બહુ સુખદ થાય છે અને થશે. લાર્ડ કાન્નિંગના ગુણ વર્ણવતાં પાર આવે એવું નથી. પુસ્તકોમાં પણ સમાવેશ થવો દુર્લભ છે. અત્ર એટલું સૂચનાર્થ લખવાનું પ્રયોજન આટલા સારૂ થયું છે કે,–ફાર્બ-સથી અજાણે મૂકાઈ ગયેલો આરોપ તે આરોપ જ હતો–ખરો દોષ ન હતો– એમ સમજાય. ફાર્બસને ઠેકાણે બીજા કોઇએ એ લખ્યું હત તો, તેને કોઈ ખરૂ તો શાનું જ માને, પણ તેની અવજ્ઞા કરી ઉલટું તે ઉપર ધિઃકારથી જુવે, એવા કાન્નિં-ગના શુભ ગુણ પ્રસિદ્ધ પ્રકાશે છે. " કાન્નિંગનું કલ્યાણ થાઓ. " એવું કયો સુજાણ દેશીય ઈશ્વર પાસે નહિ માગતો હોય.

૧. " While we are yet writing, the post brings us the celebrated secret despatch of April 19, 1858, and close at its heels follows another with the announcement that Lord Ellenborough

એ આદિ આપણા દેશને લાભકારક અને રાજ્યકર્તાની આંખો ઉઘાડે એવા અનેક ઉત્તમ વિચારો સ્વતંત્રતાથી પ્રસિદ્ધ રીતિએ ફાર્બસે આપ્યા

---

has resigned, and that England is the scene of a party struggle on the question of Oude, that Liberal and Conservative, Peelite and men of Manchester, have fixed their feet against each other, and that in the thickening strife—

" Crests rise and stoop and rise again,
Wild and disorderly. "

What are we to say to these things? Were we nearer to the strife, the gladiator's soul which we are told dwells in all men might manifest its presence in us,—we might be incited to cheer " Stanley on," and to shout

" Fight, gentlemen of England ! fight boldly, ye men ! "

But fortunately we are not called upon to snuff the battle from afar, and we can afford to await philosophically the termination of the contest, trusting that it may result in good to India by some means which are not apparent to us, and meanwhile caring very little whether

" Roderigo kill Cassio Or Cassio him, or each do kill the other."

Page 193–94.

× × × × × ×

" This is no new thing ; the party which has been more influential than any other in India of late years, holds as its creed that it is just and advisable to reduce society in this country to a dead level of labouring ryots, and in order to carry out this theory, it would in every case, when it had the opportunity, annex the territories of native princes and confiscate the lands of their vassal chieftains. Page 195.

× × × × × ×

"It is upon this question that the home legislature are now called upon to decide, and we can ouly hope that the decision will not be influenced by either private friendship for Lord

છે. આ પ્રસંગે ખેદાનંદ યુક્ત હૃદયથી કહેવું પ્રાપ્ત છે કે-આ દેશના લોક ઉપર, તેમાં મુખ્યત્વે કરીને ઉચ્ચ વર્ગના કુલીન રાજા, ભૂમીશ્વરો (વતનદારો) આદિ લોક ઉપર, કુલીન ફાર્બસે, મનસા, વાચા, અને કર્મણા એ ત્રણે કરી જે ઉપકાર કરયા છે, તે અજી કદાપિ તેઓ જાણતા નહિ હોય, પણ જે દેશાભિમાનીઓ જાણી શક્યા છે તેઓને સંતોષિત કરે છે. તે ઉપકાર જેમ જેમ આપણો દેશ ઉદય પામતો જશે, તેમ તેમ તેની સાથે અધિક અધિક પ્રકાશી તેના ઉપર ઉત્તરોત્તર અધિક પ્રીતિ કરાવશે એમાં સંશય નથી.

પૂર્વોક્ત 'ધી બામ્બે કવાર્ટરલી રેવ્યુ'ના—ત્રૈમાસિકવાર્તિકપત્રના ભાગ. ૩, જાન્યુઆરી અને એપ્રિલ સન ૧૮૫૬ના અંકમાં પૃષ્ઠ ૩૫૩ થી ૩૭૭ સુધીમાં 'ધી રેવાકાંઠા' નામે વિષય છે, તેમાં રેવાકાંઠાનાં રાજપીપલા આદિ રાજ્યો અને શ્રીમન્ત ગાયકવાડ સરકાર સંબંધમાં વિસ્તરથી લખ્યું છે તેના અન્ત ભાગમાં બ્રિટિશ રાજ્યકર્ત્તાનાં દેશીય રાજ્ય પ્રતિનાં કર્તવ્યો વિષયે કે-ટલાક વિચાર આપ્યા છે. એ વિષય ફાર્બસ સાહેબે લખ્યો હશે એમ કોઈ અનુમાન કરે છે, પરંતુ તે અજી સંદિગ્ધમાન છે, નિશ્ચિત થયું નથી. તેથી તેમાંથી અત્ર કંઈ અવતારયું નથી.

શ્રીમતી મહારાજ્ઞીએ આ દેશનું રાજ્ય સ્વાધીન લેતાં પ્રધાન લાર્ડ સ્ટાન્લીની કલ્યાણકારિણી સંમતિથી જે રાજ્ય-નીતિ-દર્શક-પત્ર પ્રસિદ્ધ કર્યું હતું, તેમાં કરેલી પ્રજાલાભની પ્રતિજ્ઞાઓથી ફાર્બસ બહુ આનંદ પામ્યા હતા. તે આવા આશયનું લખે છેઃ-એમાં આપેલાં વચન પ્રમાણે જો રાજ્ય ચાલશે તો, (અને હું વિશ્વાસ રાખું છું કે ચાલશે જ) બળવો એ નામ જ સંભળાનાર નથી."[1]

---

Canning or any other form of party spirit, but will be based upon justice, and when it is promulgated be recognised by India and by the world as not unworthy of the ancient reputation of England for wisdom and generosity. Page 195.

1. "The (Queen's) proclamation itself seems to me to have done wonders already. It acts as a sedative visibly and if these principles continue to be acted upon, as I trust they may, we shall be able to laugh rebellions to scorn. It will have no sympathy anywhere."

સુરતના ન્યાયાધીશને સ્થલેથી એઓને સરકારના કોઇ એક ગુપ્ત કાર્યમાં શોધ કરવાને બીજા બે ગૃહસ્થો-કરનલ પોપ અને ઈ. આઈ. હાવર્ડ સાથે યોજ્યા હતા, તે કાર્યમાં પણ એઓએ સારો યશ મેળવ્યો છે.

તા૦ ૨૪ મી માર્ચ સન ૧૮૫૮ માં ખાનદેશના ન્યાયાધીશ ઠરયા. ત્યાં એવી સારી રીતિએ કામ કર્યું કે સન ૧૮૫૯ ના સેપ્ટેંબરમાં તે સ્થાન છોડી જવા વેલા, સદર અદાલતના ન્યાયાધીશોએ ફાર્બસની સારી પ્રશંસા લખી છે, અને તે સરકારે બહુ રાજી થઈ માન્ય કરી છે. ફાર્બસ સાહેબ દક્ષિણમાં-ખાનદેશમાં-ગયા, ત્યાર પછી થોડા સમયે તેઓને આવો સંકલ્પ થયો પ્રતીત થાય છે કે,-ગૂર્જરાતમાં વસીને તે દેશ વિષયે જાણુ મેળવી, અને પછી તે ભાગના ઇતિહાસાદિનાં સાધન મેળવી, રાસમાલા પ્રસિદ્ધ કરી, તેમ સુરાષ્ટ્રમાં ( કાઠિયાવાડમાં ) થોડું વસી, તે પ્રાચીન દેશ વિષયે પણ જાણ મેલવાય તો સારૂં. તેથી ત્યાંના 'પોલિટિકલ એજન્ટ'ના સ્થાને જવાની ઇચ્છા સરકારને દર્શાવી. તે વેલા એ સ્થાનનો પગાર ભારે ન હતો; અને પોતે જે ન્યાયવિભાગમાં હતા તેમાં રહેવાથી લાભ અધિક હતો. તે ઉપર દૃષ્ટિ ન રાખતાં, કેવલ વિદ્યાના વ્યસનથી જ્ઞાનસંગ્રહાર્થ સુરાષ્ટ્ર જવા વૃત્તિ કરી હતી. પરંતુ તે વેલા તે સ્થાન ખાલી ન હોવાથી મલ્યું નહિ.

ત્યાર પછી થોડે જ સમયે સરકારને જ કોઈ સૂક્ષ્મ પ્રસંગને લીધે ફાર્બસ જેવા દેશીય રાજા તથા પ્રજા રંજક ગૃહસ્થને સુરાષ્ટ્રમાં મોકલવાનું આવશ્યક લાગ્યું. અને તે વેલાના ગવરનર લાર્ડ એલ્ફિન્સ્ટને તા. ૨૨ મી સેપ્ટેંબર સન ૧૮૫૯માં પુનેથી ફ્રુલિયે તાર મૂકાવી લખ્યું કેઃ—

" તમારો તે વિષયે વિચાર લીધા વિના તમને કાઠિયાવાડના પોલિટિકલ-એજન્ટનું કામ ચલાવવા નિમવાની મને અગત્ય પડી છે. જેમ બને તેમ સત્વર તમારે એ સ્થાન સ્વાધીન લેવું એ બહુ અગત્યનું છે. કૃપા કરીને મુંબઈ આવતાં જરા વિલંબ કરશો નહિ. ટપાલમાં પત્ર લખું છું." ૧

૧ " I have been obliged to appoint you to act as Political Agent in Kathiawad without consulting your wishes on the subject. It is of great importance that you should take up the appointment as soon as possible. Pray lose no time in proceeding to Bombay. I write by post."

સૂચવેલા પત્રમાં ગવર્નર લાર્ડ એલ્ફિન્સ્ટન લખે છે કેઃ-" એક નવાબ આપણી સત્તા માનવાની ના કહે છે, અને ઓખામંડલના વાઘેરોએ કાઠિયાવાડમાં ગાયકવાડ સામું ધીંગાણું કર્યું છે, એવે સમયે કાઠિયાવાડમાં સમાધાન રહેવાની અગત્ય છે. તે જ કારણ સારૂ તમને નિયોજવાની મારી વૃત્તિ થઈ છે. ઈ૦" ફાર્બસ સાહેબે વિના વિલંબે તા૦ ૧૧મી અક્ટોબર સન ૧૮૫૯ માં કાઠિયાવાડ જઈ પોલિટિકલ એજન્સિનું કામ સ્વાધીનમાં લીધું. સુરાષ્ટ્રપ્રાન્તમાં જૂનાગઢના નવાબ સાહેબના રાજ્યમાં ત્યાંની સીબંદી નિરંકુશ થયાથી અવ્યવસ્થા થઈ હતી, તેનું શાન્તિથી એવું સમાધાન કર્યું કે, જે સીબંદી સરકારના સામે થશે એવું ભય મુંબઈ સરકારને લાગ્યું હતું તે જ સીબંદી વાઘેર સામે થવામાં સરકારના ઉપયોગમાં આવી. ઓખામંડલમાં વાઘેરો શ્રીમન્ત ગાયકવાડ સામે થયા હતા. તે સંબંધમાં પણ યોગ્ય ઉપાયો યોજી, વાઘેરનું ભય તે પાસ બહુ થયું હતું તેઓની ઉપર જય મેલવી, તેઓને મર્યાદામાં લાવી મૂકયા. જુનાગઢ સંબંધમાં પોતે એક સ્પષ્ટ વિજ્ઞપ્તિ પત્ર સરકારમાં લખી મોકલ્યું. તેમાં એવી ઉપયોગિની અને સારી સૂચનાઓ હતી કે તેથી સરકાર બહુ રાજી થયા. ત્યાં કાર્ય પણ એવી મનમાનતી રીતિએ કર્યું કે, સરકારે તા૦ ૨૪ મી ફેબ્રુઆરી સ૦ ૧૮૬૦ માં નિર્ણય કરચો તેમાં લખ્યું છે કેઃ-" ફાર્બસ જેવા વિચારવાન્ અને શક્તિમાન્ અધિકારીને કાઠિયાવાડ સ્વાધીન કરેથી જે લાભ થવાની આશાએ તેઓને નિયોજવામાં આવ્યા હતા તે સરકારની આશા કેવી યથાસ્થિતા હતી તે * એઓના જૂનાગઢ સંબંધના સારા લેખ ઉપરથી જણાયછે." સેક્રેટરી-આવ-સ્ટેટ-ફર-ઇન્ડિયા (વિલાયતના ભરતખંડના મંત્રી) એ ઉપલા મતમાં અનુસરી ફાર્બસને માન આપ્યું છે.

"The lucid report of the Acting Political Agent on the affairs of Junagadh and the arrangements suggested by him for the future administration of the State, show how well-founded were the expectations of the Government of the benefits to be anticipated from the appointment to the charge of Kathiawad of an officer of Mr. Forbes' ability and judgment."

કાઠિયાવાડમાં ફાર્બસનું બહુ રહેવું થયું ન હતું; તો પણ ત્યાં વિદ્યાની રુચિ કરાવવા એઓએ શ્રમ લીધો હતો. લોકોને સારાં થવાને ઉપદેશ ક-

રતા અને તેથી થતા લાભો તેઓને સમક્ષ સમજાવતા. તેની સુશીલતાએ તેના સ્વલ્પ આવાસમાં પણ કાઠિયાવાડના રાજાઓ અને ઠાકુરોનાં મન હરણ કરયાં હતાં. સુરાષ્ટ્રવાસીનો તે એક પ્રિય મિત્ર થઈ ગયો હતો. જુનાગઢના અને ગોંડલના રાજ્યો સંબંધમાં જે વ્યવસ્થા કરવાની હતી તે કરી. એ પ્રકારે જે અવશ્યનાં મહત્ કાર્ય હતાં તે સમાપ્ત કરી, પછી લાર્ડ એલ્ફિન્સ્ટનને લખ્યું, એટલે તેઓને સુરતના ન્યાયાધીશ નિયમ્યા. સુરાષ્ટ્ર મૂકતાં તે વિષે કેટલાક વિચારો લખી એક વિજ્ઞપ્તિપત્ર (રીપોર્ટ) સરકારને લખ્યું છે. તેમાં પણ ઉપયોગિની અને લાભકારિણી સૂચનાઓ કરી છે. તા૦ ૨૫ મી માર્ચ સન ૧૮૬૦ માં સુરતના ન્યાયાધીશને સ્થાને આવ્યા. એક વર્ષ ત્યાં રહ્યા. સન ૧૮૫૯ ના ૮ મા નવા સિવિલ પ્રોસીડયુઅર આક્ટ ઉપર ગુણદોષપત્ર (રીપોર્ટ) લખવાનું સરકારે કહ્યાથી ત્યાં તે લખ્યું; તેમાં પણ સારો યશ મેળવ્યો છે. પછી સન ૧૮૬૧ માં સર જ્યાર્જ કલાર્કના વારામાં રાજકીય, ગુપ્ત, વિદ્યા, ન્યાય, અને પરઝિયા સંબંધી વિભાગોના સરકારના મંત્રી ઠરચા. તે કાર્ય પણ એવી સારી રીતિએ કર્યું કે ઉચ્ચ પદ આપવાની ગવર્નર સર. જ્યાર્જ. કલાર્કને સ્વાભાવિકી વૃત્તિ થઈ, તે તા૦ ૧૩ મી ડિસેંબર સન ૧૮૬૧ માં લખેછે કે:-

"મારા પ્રિય ફાર્બસ.

સદર કોર્ટમાં જવું તમને અનુકૂલ પડશે? જો પડે તો, હું એમ ધારૂંછું કે મારે તમને નિયમવા જ જોઇયે. જો કે સરકારના મંત્રિસ્થાન ઉપરથી તમને ખોવા એથી મારૂં મન બહુ દુઃખાશે."[1]

તા૦ ૨૩ મી ડિસેંબરે 'સદર—આદાલતના' ન્યાયાસન ઉપરિ 'આક્ટિંગ' નિયોજાયા. તા૦ ૧૨ એપ્રિલ સન ૧૮૬૨ માં સુસ્થ ન્યાયાધીશ થયા.

મુંબઈમાં ફાર્બસનું પધારવું થયું. ત્યાં પણ તેના ફલપ્રદ હસ્તથી ફલ થયા વિના રહ્યાં નથી. એક નિષ્ઠાથી રાજાપ્રજાને સંતોષ પમાડી પોતે કરેલી સેવાનું એક સારૂં ફલ તેઓને પોતાને પ્રાપ્ત થયું. બહુ માન ભરેલું

---

૧. My dear Forbes,

Would it suit you to go to the Sadar Court? If so, I consider that I ought to nominate you; very sorry, as I shall be, to lose you as Judicial and Political Secretary to the Government.

Believe me, your sincerely,

George Clerk"

અને વિશ્રાન્તિ સાથે લાભકારક "વરિષ્ઠ ન્યાય સભાના" (High Court) ન્યાયાધીશનું ઉચ્ચ પદ છે. ફાર્બસ જેવા વિચારવાન્, શાન્ત સ્વભાવના દયાવાન્ ન્યાયી પુરુષને એ સ્થાન યથાયોગ્ય હતું, તેનો સંયોગ થયાથી સ્થાનકને અને સ્થાનીને ઉભયને શોભવાનું થયું. ફાર્બસના સહન્યાયાધીશોએ પ્રસંગોપાત્ત દર્શાવેલા ઉત્તમ ઉદ્ગાર ઉપરથી સ્પષ્ટ જણાયછે કે, ફાર્બસનું બુદ્ધિબલ, ન્યાયનિર્ણયશક્તિ, સૂક્ષ્મદૂરમર્મજ્ઞદષ્ટિ, બહુ સારી હતી. આપણી સરકાર વારંવાર નવા નવા અનેક ધારા કરે છે, તથા ન્યાય આપવામાં વિલંબ બહુ કરે છે, એટલું જ નહિ પણ ન્યાય બહુ જ માંઘો છે, એ પ્રજાને પીડાકારી છે, એવું બહુ યૂરોપીયોનું મત છે; તેવું ફાર્બસનું પણ હતું. પક્ષવાદીઓએ (હાઇકોર્ટના વકીલ, પ્લીડર, બારિસ્ટરો) પણ ફાર્બસના સારા સ્વભાવ અને કુશલતા વિષે એકસ્વરે ગુણ ગાયા છે.

જીલ્લાના વાતાવરણમાં, અને મુંબઈ જેવા મુખ્ય નગરના વાતાવરણમાં બહુ અંતર છે. જીલ્લામાં ગયેલા અધિકારીઓ ત્યાંના વાતાવરણમાંના ઝેરી ભાગનું શોષણ કરે છે, અને તેથી તેઓનો સ્વભાવ "અન્ન તેવો ઉદ્ગાર" પ્રમાણે સારો નથી હતો. મુંબઈમાંના યુરોપીયો પ્રાયશઃ ઉદાર, સભ્ય, અને સુશીલ હોય છે. તેવા સમુદાયમાં એક સાધારણ ગૃહસ્થ દીપી નીકળવો દુર્લભ. મિ૰ ફાર્બસ મુંબઈમાં પણ શુભ કાર્યો કરવામાં એક અગ્રેસર થવા માંડ્યા.

સન ૧૮૬૪ માં ધી. આનરેબલ ઉલિયમ ફ્રીયર ગયા ત્યારે તેમના "બામ્બે-બ્રાન્ચ-આવ-ધી-રોયલ-એશિઆટિક-સોસાયટીના" પ્રમુખ સ્થાને ફાર્બસ સાહેબને સ્થાપવાની સર્વ ગૃહસ્થોની ઇચ્છા હતી. પરંતુ પોતાનો સ્વભાવ મિષ્ટ વિનીત હોવાથી, તે ઉચ્ચ પદ બીજા કોઈ ગૃહસ્થથી અધિક શોભશે એવું માની ઉપકાર સાથે નમ્રતાથી તે માન્ય કરવા ના કહી; ત્યારે તેઓને એક ઉપપ્રમુખ ઠરાવ્યા. તે જ વર્ષમાં અત્રની સમસ્તશાલાના (યુનિવર્સિટીના) ઉપપ્રમુખનું (Vice-Chancellor) મહામાનદ પદ સરકારે એઓને આપ્યું.

વિદ્યાસંબંધિની, કલાકૌશલ્યસંબંધિની અને લોકહિતકારિણી બહુ સભાઓ સાથે મુંબઈમાં પણ ફાર્બસનો સંબંધ હતો. બહુધા ઉપયોગિ કૃત્યોમાં ફાર્બસનું નામ દીઠામાં આવે છે. અત્રની સર. જમસેદજી 'કલાશાલા' ના પણ તે પ્રમુખ હતા.

ભારતખંડના પ્રખ્યાત અને મહાન્ પુરુષોનાં સચરિત ચિત્રોનો સંગ્રહ કરી પ્રસિદ્ધ કરવા સારૂ એક મંડલ થવા વિચાર થયો હતો. તેના પ્ર-

મુખ સ્થાને પણ ધી. આનરેબલ મિસ્ટર જસ્ટિસ ફાર્બસનું નામ મૂકવામાં આવ્યું હતું. એ પ્રમાણે મુંબાઈ નગરીમાં પણ ફાર્બસની બહુ પ્રકારની યોગ્યતાને લીધે તે એક અગ્રેસર ગૃહસ્થ ગણાતા. શુભ કાર્યોમાં સામીલ રહી શોભા લેવા દેવાનું તેઓને બહુધા વિનવવામાં આવતું. કારણ તેનો સ્વભાવ અપિ અનુકૂલ, સભ્ય અને લાવણ્ય ભરેલો હતો.

ફાર્બસ સાહેબના રાજકીય વિષયમાં કેવા ઉત્તમ વિચાર હતા તે યદ્યપિ તેઓના જ સ્વલેખો ઉપરથી સ્પષ્ટ જણાય છે, તથાપિ તે સંબંધમાં વલી 'ધી બોમ્બે સાટર્ડે રેવ્યુ' નામે વિદ્વાન્ મંડલનું એક પત્ર પ્રસિદ્ધ થતું હતું તેના મુખ્ય ભાગમાં લખે છે તે અત્ર અવતારાય છે.

"He (the Hon. Mr. Justice Forbes) recognised fully that, come what might, England could rule India on no other principles than those under which her own institutions have grown up and made her mighty upon the earth,—subject of course to the practical restrictions of a state of pupilage until subjection gradually and slowly passes into federation, which is perhaps the ultimate form which the connection of Britain with India will take."

The Bombay Saturday Review. 9th Sep. 1865.

સાંસારિક કિંવા સામાજિક વિષયમાં ફાર્બસ સાહેબના વિચારો સ્થિતપાલક–જે યૂરોપમાં Conservative કહેવાય છે તેવા–પ્રતીત થતા; કારણ કે યૂરોપમાં પણ ઉચ્ચ કુલોમાં પ્રાયશઃ સ્થિત–પાલકતા ઉપર અધિક મમતા રહે છે. તેવામાં યૂરોપીયો સાથેનો સહવાસ ગૂજરાતમાં નવો જ હતો. યૂરોપીયો અન્ત્યજ વર્ગના નોકરો રાખતા, એટલે તે વર્ગનો સહવાસ તેઓને રહેતો. તેથી ઉચ્ચ વર્ગના કુલીનો તેઓના સંબંધમાં આવવાની ઉપેક્ષા કરતા. જે અન્ય દેશીયો રાજ્યસેવાર્થ કંઈક જાણી તેઓના સંબંધમાં આવતા, તે બહુધા સામાન્ય વર્ગમાંના હતા. તેવા દેશીયો ઉચ્ચ સ્વકુલના સંપ્રદાયથી અજ્ઞ, અને સારાસાર સમજી સમજાવવા અશક્ત; અને યૂરોપીયોને અનુમત રહેથી અને તેઓનું અનુકરણ કરેથી સ્વાર્થ સિદ્ધિ થશે એમ મા-

નતા તેથી, તેઓમાંના કેટલાક યૂરોપીયોની ભ્રાન્તિ ન ભાગી, તેઓનું અ. નુકરણ કરવા તત્પર રહેતા. સામાન્ય યૂરોપીયોમાં તેઓને ઉત્તેજન મળતું. એમ થયાથી આ દેશમાં સર્વત્ર તેમ ગૂર્જરાતમાં પણ 'જુનો' અને 'નવો' એમ બે પક્ષ થયા. જીર્ણપક્ષીઓ પઠિત ન હતા. તેથી તેઓના આચાર વિચાર યથેચ્છ તો ન હતા, પરંતુ તેઓ રૂડી કે કૂડી રૂઢિને વળગી રહેવા આગ્રહી હતા. અને તેઓને લોક સંખ્યાનું અનુબલ હતું. નવીનપક્ષીઓ પણ પઠિત ન હતા. તેઓ રૂઢિને કૂડી અને ભુંડી ગણી ધિક્કારતા અને તેઓને પાદરીઓનું અને તેઓ દ્વારા કોઈ કોઈ યૂરોપીય રાજ્યાધિકારીનું અનુબલ રહેતું. દેશીયોમાં તેવામાં ધર્મનું જ્ઞાન તો સારૂ ન હતું, પરંતુ મૂલ ધર્મના આચાર વિચારરૂપ સૂર્યમાંથી આવેલા કિરણો, ચંદ્રમારૂપા કેટલીક શાસ્ત્રમૂલિકા રૂઢિમાં પ્રતિફલિત થઈ સ્થિત હતા. તેઓને સજ્જડ વળગી રહેલા લોકો ઉપર પાદરીઓનો પ્રયત્ન નિષ્ફલ થતો. તેથી તે રૂઢિને કોઈ પ્રકારે પણ નિર્બલા કરવા તેઓ પ્રયત્નવાન્ હતા. સામાન્ય યૂરોપીયોને ઉચ્ચ વર્ગના લોકોનો સહવાસ ન્યૂન રહેતો. તે સંબંધમાં તેઓને એમ સમજાવવામાં આ. વતું કે,–ઉચ્ચ વર્ગવાલા દેશીયો જ્ઞાતિનું અભિમાન રાખી યૂરોપીયોને ઉતરતા ગણે છે. એ સૂચનાને ખરી માનનાર યૂરોપીયોને તેવા દેશીયો ઉપર અભાવ થાય એ સ્વાભાવિક છે. એ સર્વનું મૂલ રૂઢિ છે તેનો ઉચ્છેદ થયે,–પાદરીઓને, સામાન્ય યૂરોપીયોને, અને તેમ થયે યથેચ્છાચરણમાં પ્રતિબંધ ન આવે તેથી નવીન પક્ષીઓને,–એ ત્રણેને અનુકૂલ પડે એમ હોવાથી, તેઓનો સમભાવ રહી, રૂઢિનો ઉચ્છેદ કરવામાં તેઓને પરસ્પરનો આશ્રય મલતો.

આ ભરતખંડ સ્થિતપાલક ( conservative ) છે એ તો નિઃસંશય છે. કારણ કે અનેક અનુભવથી શિક્ષિત થઈ આ પરિપક્વ દેશના કેટલાક સબલ સુખદ સંપ્રદાય દેશકાલાધિકારાનુસાર બંધાયા છે અને બંધાશે. એ સંબંધમાં વિચારકોનો કંઈક આવો અભિપ્રાય પ્રતીત થાય છે.

આ સૃષ્ટિના પ્રાયશઃ સર્વ વિષય સંબંધમાં મધ્ય માર્ગ નિર્બાધ તથા ક્ષેમતર લાગે છે. અને તે માર્ગ આ સૃષ્ટિના સૃષ્ટાના માર્ગને અનુસરતો છે. આ સૃષ્ટિમાંના પ્રાણિપદાર્થોની પ્રકૃતિના સંબંધમાં એક અબાધ્ય નિયમ આવો જણાય છે કે,–જેટલા જીવત્ પદાર્થો છે તેમાં 'બલ' ઉપાદેય અને 'મલ' હેય હોય છે. મૂલ ઉત્પન્ન પદાર્થ અવિચ્છિન્ન રાખવો અને તેમાં દેશકાલાનુસાર જે સ્વાભાવિકી સંપત્તિનાં બીજ હોય તેનું બલ વધારવું, અને તેમ

થતાં જે મલ ભાગ આવ્યો હોય તેનો ત્યાગ કરવો. એમ થયે શોધન વર્ધન થાય છે અને તે મૂલ પદાર્થ સતત સજીવ વર્તે છે. અને એ જ યથાક્રમ છે. સજીવ વૃક્ષમાં એ ક્રિયા સર્વને પ્રત્યક્ષ દેખાય છે. તે સ્વસ્થાનમાંથી બલપુષ્ટિ લીધાં કરે છે, અને શુષ્ક પત્રાદિ રૂપ મલનો ત્યાગ પણ કરે છે, અને વૃદ્ધિ પામ્યાં કરે છે, અને મૂલ વૃક્ષ બન્યું રહે છે. મનુષ્ય–શરીરમાં પણ સ્વદેશકાલ અને સ્વશક્તિ અનુસાર સ્વપ્રકૃતિને અનુકૂલ પદાર્થના સેવનથી બલ વધે છે, અને નખાદિ મલનો ત્યાગ કરવામાં આવે છે, અને શરીરસંતતિ થયાં કરે છે. એ સૃષ્ટિના નિયમાનુસાર-યથાક્રમ છે.

એ જ પ્રકારે સંપ્રદાય સંબંધમાં છે. આ દેશકાલને અનુકૂલ આચારવિચાર, સ્વભાવ, સંસ્થિતિ, શીલ, વ્યવહાર, રીતિભાતિ, ગતાનુગતિ, રૂઢિ, ઈત્યાદિ નામથી ઓળખાતા જે સંપ્રદાય છે, તે સંબંધમાં પણ સૃષ્ટિનો જે યથાક્રમ નિયમ છે તદનુસાર થયે, અનાયાસ યથેચ્છ થવા સંભવ છે.

અહુણાં જીર્ણ પક્ષીઓ અજ્ઞાનને લીધે દેશકાલને પ્રતિકૂલા એવી કૂડી રૂઢિઓ,–જેમાં આચારવિચારાદિનાં પ્રતિફલ, વિકલ, વ્યંગ, અને વિછિન્ન થઈ રહેલાં પણ દીર્ઘ વિચાર કર્યા પછી જ વર્તાય છે–તેને વળગી રહી, ઉદયના બાધક પ્રતિબંધને સહે છે અને વહે છે: તેમ નવીન પક્ષીઓ અનુભવના અને સંપૂર્ણ વિવેકવિચારના અભાવે જે જે પૂર્વસ્થિત હોય છે તેમાં દોષદૃષ્ટિ કરી તેમાં ફેરફાર કે તેનો ત્યાગ કરવા ઈચ્છે છે; અને અપરીક્ષિતા અને અપરિચિતા સ્થિતિઓને આણવા પ્રયત્નવાન્ હોય છે. કર્તવ્યની સિદ્ધિમાં એ ઉભયપક્ષનું આચરણ ઈષ્ટ નથી. સૃષ્ટિના નિયમનો મધ્યમાર્ગ જ ઈષ્ટપ્રદ માર્ગ છે. પ્રથમતો સંપ્રદાય શબ્દમાં અન્તર્ગત થતા પૂર્વોક્ત આચારવિચારાદિને રાગદ્વેષ વિના યથાવિધિ સમજવા, અને પછી સ્વદેશ સ્વકાલ સ્વસ્થિતિ સ્વશક્તિઆદિ ઉપર લક્ષ રાખી તેમાંથી ગુણપ્રદ હોય તેનો સંગ્રહ કરવો અને દુષ્ટ હોય તેનો ત્યાગ કરવો. તેઓમાં પ્રથમથી દોષદૃષ્ટિ તો ન જ કરવી. સંપૂર્ણ અનુભવ વિના દોષદૃષ્ટિ કરનાર લોકને ભારે હાનિનો સંભવ છે. સાર અસાર સમજ્યા વિના જે, પરિવર્તન–ફેરફાર–વાનરવિદ્યા કરવા ઈચ્છે છે, તેનામાં સ્વસ્થિત જે ઈષ્ટ હોય છે તે બહુ કરી જાય છે અને પરસ્થિત અનિષ્ટ હોય છે તે આવે છે, તથા સ્વસ્થિત અનિષ્ટ હોય છે તે રહે છે, અને પરસ્થિત ઈષ્ટ હોય છે તે આવતું નથી. એમ દુર્ભાગ્યે વાનરવિદ્યાથી સર્વ પ્રકારે અનિષ્ટની પ્રાપ્તિ થાય છે. એથી બહુ સાવધા-

નતાથી અને સ્વસ્થતાથી સંપ્રદાય સંબંધમાં વર્તવાની આવશ્યકતા છે. યૂરોપમાં પણ વિવેકી અને અનુભવી વિચારકો એવા આશયના જ અભિપ્રાયથી વર્તે છે.

આપણાં તત્રભવતી મહારાણીના સ્વામી પ્રિન્સ કોનસોર્ટ આલ્બર્ટના વિદ્યાગુરુ બેરોન સ્ટોકમાર સન ૧૮૪૮ માં પોતાના શિષ્ય પ્રિન્સ કોનસોર્ટને લખે છે કેઃ—

"Your Royal Highness, in your political argument, uses the phrase "Conservative" several times. Conservative, in a strict sense, is *Nature* and *Nature* only, *which maintains, uninterruptedly and in continuous action, a portion of the old, rejects a portion of what has grown too old, and in its stead creates and establishes a portion that is new*".

The Life of Prince Consort. People's Edition part. I p.80.

ફાર્બસ સાહેબના સાંસારિક કિંવા સામાજિક વિચારો પૂર્વોક્ત પ્રકારને અનુસરતા વિવેકપૂર્વક સ્થિતિપાલક હતા.

સવિવેક પુરાણપક્ષ અને સવિવેક નવીનપક્ષ ઉભય પ્રકૃતિસિદ્ધ છે તથા પરસ્પર ઉપયોગી છે. તેઓમાંના વિવેકી અગ્રણીઓએ લક્ષમાં રાખવાનું આ હિતકારક છે કેઃ-અન્યોન્યના આચાર વિચાર ઉપર રાગદ્વેષ અને દુરાગ્રહ, બનીશકે એટલા ઓછા કરી, સ્વપક્ષ ઉપરિ પ્રીતિ ભલે કરાઓ, પણ પરપક્ષ ઉપર અપ્રીતિને લીધે તિરસ્કાર ન કરવો, એમાં દક્ષતા છે. કારણ અન્તે તો સ્વાભાવિકનો સંગ્રહ અને વિવેકથી વિવર્જન[1] થઇ સત્યમૂલક યોગ્યતમ હશે તે જ ચિરંજીવિ રહેવાનું. એ સિદ્ધાન્ત છે.

કારણ-અવસ્થામાં વિવેચન ન થઈ શકે, પણ પરિણામ પામી કાર્યઅવસ્થામાં આવેથી સમજાય, એવા થોડાક અપૂર્વ ગુણનો ફાર્બસમાં સંયોગ થયો હતો. આ જગત્માં તેજદ્વેષી લોકો બહુ હોય છે. જેનામાં સ્વબલ નથી, અને પોતામાં શક્તિ હોય તે કરતાં અધિક શક્તિમાન્માં ખપવા ઇચ્છે

1 Natural Selection and Rational Elimination.

છે, એવા દંભી આ જગત્‌માં બહુ છે. તેઓ પોતાના કરતાં અધિક ગુણવાન્ મનુષ્યો ઉપર દ્વેષ રાખે છે. તેઓથી સંગીનો ઉત્કર્ષ સહન થતો નથી; તેથી સદાગ્રહથી ગુણનું આધિક્ય કરવાની સ્પર્દ્ધા, (જે ખરો માર્ગ છે) તે માર્ગે ન ચઢતાં, કુટિલ માર્ગે જાય છે. પેલા અધિક ગુણવાનના પ્રતાપની અને પોતાની વચ્ચે, જેમ સૂર્યનો પ્રતાપ જોવા વચ્ચે કઈ કાલા કાચનું અંતરપટ લેવાય છે તેમ, કઈ દોષ આરોપણ કરી પોતે જુવે છે, અને બીજા તે જ પ્રકારે જુવે એમ ઈચ્છે છે. એવું આ જગત્‌માં વારંવાર દીઠામાં આવે છે. ફાર્બસ પ્રતાપી પુરુષ હતા. તેના ઉપર પણ દુષ્ટદૃષ્ટિએ જોનારા હોય જ. પણ આશ્ચર્યકારક આ છે કે તેમ જણાતું ન હતું. જેમ ક્ષિતિજમાં પૃથ્વીના સપાટ ઉપર દેખાતા પ્રાત:કાલના સૂર્યને સર્વ લોક સુખથી જોઈ શકે છે, તે વેલા મધ્યપટની અપેક્ષા રહેતી નથી, તેમ જે પુરુષ પ્રતાપી (અર્થાત્ વિદ્વાન્ અધિકારવાન્, પદવાન્) સતે નમ્રતા, મધુરતા, અને વિનયવિવેકમાં રહી ઉદ્ધત નથી થતા, તેઓના ઉપર દ્વેષ ઉંચી દૃષ્ટિ કરી શકતો નથી. એ સત્ય છે. પોતાના સંગીઓમાંથી કેટલાકને પાછળ મૂકી ફાર્બસ આગળ નીકલી આવ્યા હતા. અને જે તે કાર્યમાં ઉપર તરી આવી તે એક અગ્રેસર ગણાતા, તોપણ તેના ઉપર યૂરોપીયો દ્વેષ રાખતા નહિ. ફાર્બસના સુખમાં અને ઉદયમાં તેઓ ભાગ લેતા હોય એમ જણાતું. ફાર્બસને પોતાના પ્રતિનિધિ સમ ગણી તેનો ઉત્કર્ષ દેખી સર્વે પ્રસન્ન થતા. એથી પણ સિદ્ધ થાય છે કે ફાર્બસમાં પૂર્વોક્ત કેટલાક મનોહર શુભ ગુણોનો સંગમ અસામાન્ય હતો. આપણા પંડિતો કહે છે કે:—

“दानं प्रियवाक्सहितं ज्ञानमगर्वं क्षमान्वितं शौर्यं ।
वित्तं त्यागेन युक्तं दुर्लभमेतत् चतुष्टयं लोके ॥”

‘પ્રિય વચન સહિત દાન, ગર્વ રહિત જ્ઞાન, ક્ષમાયુક્ત શૌર્ય, ત્યાગયુક્ત ધન, એ ચાર આ લોકમાં દુર્લભ છે.’

કુલીનસ્ત્રીઓનું પરમ ભૂષણ એવા મૃદુ ગુણો, ફાર્બસની વિદ્યા અને અધિકાર આદિ સાથે, એવા સુંદર પ્રકારે મળ્યા હતા કે સીમા. તેઓ સર્વેનું શુભ ઇચ્છતા. સર્વના સુખમાં પોતાનું સુખ માનતા. તેથી તે અજાતશત્રુસમ હતા. અર્થાત્ જગત્‌માં તેને શત્રુ ન હતો એમ કહિયે તો ચાલે. તેઓ ધર્મનિષ્ઠ હતા. યૂરોપમાં તે વેલા ધર્મ ઉપર અનાસ્થા થાય એવા લેખો

પ્રસિદ્ધ થવાનો આરંભ વેગથી ચાલ્યો હતો. અમુક પવન આવી જલમાં તરંગ ઉઠે છે તેમ, અમુક સમયે અમુક દેશોમાં પણ અનેક પ્રકારના તરંગો આવે છે. કોઇવાર વિવિધ પ્રકારની મહામારી આવી ત્યાંના નિવાસીઓના શરીરને પીડા કરે છે; કોઇવાર કોઈ પ્રકારના મત મતાન્તર વા ભ્રાન્તિઓ આવે છે. તે તત્રત્ય નિવાસીઓનાં અન્તઃકરણને ચલિત કરી લાભહાનિ કરે છે. તેના ઝપાટામાં આવતાં, અપક્વ લોકોનો અભિઘાત અધિક થાય છે. યૂરોપમાં એ પ્રકાર વારંવાર જોવામાં આવે છે; કારણ ત્યાંના લોકોનો સ્વભાવ સ્થિતિપાલક કરતાં સ્થિતિચાલક અધિક છે. આપણા રાજ્યકર્તાના દેશીય લોક ઉદ્યોગમાં, વ્યાપારમાં અને ધનોપાર્જનમાં કુશલ અને સુસ્થિર છે, પરંતુ ધર્મવિચારમાં અને તત્ત્વજ્ઞાનમાં તેવા નથી. તેથી ત્યાં કોઇવાર ધર્માધર્મના, કોઇવાર જડ વિદ્યાના, અને કોઇવાર ચૈતન્ય વિદ્યાના, તરંગો આવે છે. અને તેમાં મગ્ન થતા લેખકો તત્પ્રધાન લેખ લખે છે. ફાર્બસ સાહેબ ધર્મનિષ્ઠ હતા તેથી જડના કરતાં ચૈતન્યના પક્ષને ઉત્તમ માનતા. એક સમયે "Buckle's History of Civilization" નામે પુસ્તક કોઈ મિત્રે વાચવા સારૂ તેઓને મોકલ્યું. પોતે તેનો કેટલોક ભાગ વાચ્યો અને પછી નીચે ઉતારેલાં શેકસપીઅરનાં બે ચરણ તે ઉપર લખી તે પુસ્તક પાછું મોકલ્યું.

"There are more things in heaven and earth, Horatio,
Then are dreamt of in *our* philosophy."

'આપણી સમજણના સ્વપ્નમાં આવ્યા હોય એથી વિશેષ વિષયો આ લોકમાં અને પરલોકમાં છે.' અર્થાત્ સ્વપ્નમાં કિંવા કલ્પનામાં પણ ન આવી શકે એવા વિષયો આ લોક પરલોકમાં અસંખ્ય છે.

ફાર્બસના ઉપર ઇશ્વરની કૃપા સારી હતી તેથી તે બહુ ભાગ્યશાલી હતા. ઉપકૃત થયેલાના આશીર્વાદથી તેનું જીવન સુખમાં અને શાન્તિમાં વીતી ગયું છે. મહાવૃક્ષ રોપનારાઓને તેનાં ફલ ચાખવાનો સમય ભાગ્યે જ આવે છે. એવા વૃક્ષને ફલતાં વિશેષ વાર લાગે છે; એટલામાં રોપકના અસ્થિર દેહનો અંત આવે છે. પોતાનાં વાવેલાં બીજોના વૃક્ષો થઈ તે ઉપર ફૂલ ફલ બેસતાં દેખી થતા ગુપ્ત સંતોષાનંદનો અલભ્ય લાભ સુકૃતી ફાર્બસને મળ્યો હતો.

બહુ કરી મનુષ્યો એકાન્તમાં હોય છે ત્યારે પોતાની સ્વાભાવિકી સ્થિતિમાં હોય છે. કોઈ ઉપરિની દૃષ્ટિ તેના ઉપર પડેલી છે એવું તેના જાણ્યામાં હોય છે, ત્યારે તે કૃત્રિમસ્થિતિમાં આવે છે. મનુષ્યોના કર્મને પણ એ જ નિયમ લાગુ પડે છે. એ ભૂતાર્થ ફાર્બસના જાણ્યામાં તેથી પોતે વાવેલાં બીજ કેવી સમૃદ્ધિ પામ્યાં છે, તેને તેઓની સ્વાભાવિકી સ્થિતિમાં જોવા સારૂ, ગૂર્જરાત ભણી પોતાના અવસાન કાલના થોડા જ માસ પૂર્વે ફાર્બસ અજ્ઞાત ( કોઈ જાણે નહિ એવી રીતિએ ) આવ્યા હતા; અને પોતાની પ્રેમભરી દૃષ્ટિએ સર્વ યથાવિધિ નિરખી જોયું હતું. પોતાનાં વાવેલાં સૂક્ષ્મ કણોનાં ફાલીને સજ્જડ વૃક્ષ થયેલાં જોઈ ફાર્બસને જે સંતોષ થયો હશે તેનો અનુભવ તો વિરલ ભાગ્યશાલીને હોય. * એ એક શ્રેષ્ઠ પ્રતિના સંતોષનું વર્ણન કરવું કઠિન છે, તે માત્ર અનુભૂત કરી શકાય છે. તેના અજાણો તે સમજી શકે પણ નહિ.

ફાર્બસનું છેલ્લું પ્રસિદ્ધ લેખન જગત્‌વિખ્યાત સુરાષ્ટ્રના **સોમનાથ** વિષેનું છે. તે **એશિઆટિક સોસાયેટી**ની મુંબઈની શાખામાં સન ૧૮૬૪ માં તા૦ ૧૪ એપ્રિલને દિને વાચવામાં આવ્યું હતું, અને તેથી તે જ સભાના પુસ્તકના ૨૩ મા અંકમાં સન ૧૮૬૫ માં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

કૃષ્ણજીત્‌કૃત **રત્નમાલા** નામે એક સુંદર વ્રજભાષાનો ગ્રંથ છે. જેમાં **પત્તન**ના મહારાજાનો ઇતિહાસ છે. તેમાંનાં જેટલાં રત્ન હાથ આવ્યાં છે તેટલાંનું ઇંગ્લીશ કવિતામાં ફાર્બસે ભાષાન્તર કર્યું છે. અને તે છપાઇને અહુણાં જ પ્રસિદ્ધ થયું છે.

જે સભા "**ફાર્બસ**" નું પ્રતાપિ નામ ધારણ કરે છે, જે સભાના સંબંધમાં આ જીવનચરિત્ર પ્રસિદ્ધ થાય છે, અને જે સભાને ફાર્બસના મરણથી અસાધારણી હાનિ થઈ છે–કારણ 'મનના મનોરથ મનમાં રહ્યા' એવું જે સભાને થયું છે–તે સભા સંબંધિ થોડું જણાવી આ લેખ સમાપ્તિ પામશે.

---

* પૂર્વે ફાર્બસે અમદાવાદમાં સરસ્વતીને તરત બંધનમુક્તા કરી હતી, પણતેને પોતાનું મંદિર ન હોવાથી તે વેલા ત્યાંથી બહુ દૂર ગઇ નહોતી. પોતે છુટી થઈ ભદ્રની બંદિશાલામાં જ રહી હતી. પરંતુ ફાર્બસ ફરીથી છેલા ત્યાં ગયા ત્યારે તેને પુષ્ટ થયેલી અને પોતાનું જ એક સુંદર મંદિર ( હીમાભાઇ ઈન્સ્ટિટ્યુટ ) કરી મિ. કર્ટિસ જેવા પૂજારીના સાધનથી મહાલતી દીઠી. એવા અનેક સારા ફેરફાર ફાર્બસે પોતે જોયા હતા.

મુંબઇમાં લક્ષ્મીની ભરતી આવી હતી, તે સમયે તેનો લાભ લઈ દેશહિતનાં કાર્ય કરવાને, ધનરૂપ જલ, સભા કે મંડલી રૂપ પાત્રોમાં ભરી લેવાનો વિચાર, કોઈ કોઈ ગૃહસ્થોના મનમાં આવ્યો હોય એવું થયું હતું. અને તે પ્રમાણે કેટલાંક ગૃહસ્થોએ પરોક્ષ અપરોક્ષ કાર્ય સાધી પણ લીધાં છે; ઉદાર શ્રીમંતોને પ્રાર્થના કરીને અને કેટલાકોને પ્રેરીને લક્ષાવધિ ધન પરોપકારનાં કાર્યોમાં રૂઝાવ્યાં છે. ધન્ય છે ઉદાર શ્રીમંતો અને ધન્ય છે તેઓના દૂરદર્શી પ્રેરકો. ભરતીનો તો ઓટ થઈ ગયો, પણ પેલાં શુભ કાર્યો સારૂ ભરી લીધેલાં પાત્રો અજી વિદ્યમાન છે. તે લખલખિત આનંદદાયક પાત્રો અનેક પ્રકારના વિચાર ઉત્પન્ન કરે છે. તે વિચારો અત્ર સ્ફુટ ન કરતાં અનુભવી વાચનાર વિવેકીને માત્ર તેની સ્મૃતિ કરાવવી એટલું પૂર્ણ વિચારાય છે. ઇશ્વરની લીલા અકલિતા અને અરંપપારા છે, એ સત્ય છે.

અખિલ જગત્માં સર્વોપરી સંસ્કૃત તેની પૂત્રી ગૂર્જરભાષા,-જે વિચારની વાચકમુદ્રા, અથવા જ્ઞાનના ભંડારની મંજૂષાનો આપણા ગૂર્જર બાંધવોનો અર્થ સારશે, એવું અતિ ઉપયોગિ સાધન-તેને સર્વ પ્રકારે પોષવી અને શૃંગારવી એવો સંકલ્પ ઉઠ્યાથી, તેમ કરવાનાં સાધન ઉપર પ્રથમ આ લેખકનું લક્ષ ગયું. તેમ કરવામાં પ્રથમ એક મિત્ર[1] (જે પોતાનું નામ પ્રસિદ્ધ કરવા ઇચ્છતા નથી) જે દેશીયોનો મિત્ર, ધાર્મિક અને જે અજ્ઞાત રહી લોકનું યથાશક્તિ કલ્યાણ કરવા સદા તત્પર રહે છે, તેઓનું સંમત લીધામાં આવ્યું. તેણે એ શુભ યોજનામાં ઉત્તેજન આપ્યું. સંકલ્પ સિદ્ધ થાય એવી આશા થવા માડી. વિદ્વાન્, ઉદાર, પરોપકારી, દેશીયોના મિત્ર, અને સંક્ષેપમાં આપણે જેનું જીવનચરિત્ર વાચિયે છિયે તેવા વર્ગના પુરુષોમાંનો એક, ડાકટર ઉલસન, તેને એ વિચાર સંભલાવ્યો. તેણે પણ પોતાની સમ્મતિ આપી. એમ સંકલ્પ બલવાન્ થઈ સારૂ રૂપ ધારણ કરવા લાગ્યો. એવામાં ગૂર્જરાત અને ગૂર્જરાતી ભાષા સાથે સજ્જડ એકીભૂત થઈ ગયેલું ફાર્બસનું પ્રતાપિ નામ સ્વાભાવિકરીતિએ જ, આ લખતાં આજ

---

૧. એ સંભાવિત ગૃહસ્થનું નામ ધી રેવરેન્ડ મિસ્ટર. ધનજીભાઈ નવરોજી છે. પ્રથમાવૃત્તિમાં તેની નામ ગુપ્ત રાખવાની ઇચ્છાનું ઉલ્લંઘન કરી શકાયું ન હતું. પરંતુ તેવા સદ્ગૃહસ્થનું નામ ગુપ્ત રહે એ અંતઃકરણને ભારકારી હતું. આ વાર પણ તેઓની અનુજ્ઞા લીધા વિના તેઓનું નામ પ્રસિદ્ધ કરાય છે. આશા છે કે તેઓ એ દોષને ક્ષંતવ્ય ગણશે.

શોકમિશ્રિત આનંદ પામનારને, સ્ફુરી આવ્યું. તેણે ફાર્બસસાહેબને મિ-લીને સર્વ યોજના નિવેદન કરી. તે શુભ સમયે અંતઃકરણમાં આનંદ પામી તદ્દર્શક પ્રસન્ન મુખે ફાર્બસે કહ્યું કેઃ—"મારા મનમાં એ વિચાર નિરંતર રમ્યા કરતો હતો, પરંતુ મારી પાસે સાધન ન હતાં તેથી સિદ્ધ કરી શક્યો નથી. અવે એ કામમાં *** હું પણ યથાશક્તિ પરંતુ બહુપ્રીતિથી સર્વ પ્રકારે સામીલ રહીશ. ૪૦ ૪૦" પછી એ વિચાર સિદ્ધ કરવા ફાર્બસે પોતાનું બહુ લક્ષ આપવા માડ્યું. મુંબઇના કેટલાક શ્રીમંત ગૃહસ્થોને કાને એ વિચાર આ લેખકે નાખ્યો, તેઓએ નાણાનો આશ્રય આપવા સ્વીકાર્યું. તે શુભ સમાચાર મિ૦ ફાર્બસને કહ્યા એટલે તેઓને અધિક ઉ-ત્સાહ થયો. સંકલ્પિત સભાના ઉદ્દેશ શા શા છે તે વિષયનાં પ્રસિદ્ધિપત્ર છપાવી સર્વને જાણ કર્યું. સુરાષ્ટ્રના રાજાઓપાસે નાણાનો આશ્રય લેવા ત્યાંના અધિકારીઓ દ્વારા ફાર્બસે પ્રયત્ન કરયો. રા૦ મુકુંદરાયે તે કાર્ય ઉ-ત્સાહથી માથે લીધું. ફાર્બસસાહેબનું નામ સુરાષ્ટ્રદેશના રાજાઓને એવું પ્રિય હતું કે ફાર્બસસારૂ 'જે કરે તે ઓછું,' એવું તેઓ માનતા હતા. તે-ઓએ ઉદાર મનથી 'ગૂજરાતી સભા' અર્થે નાણા ભરયાં. એ સભાના ઉ-પયોગસારૂ એક લાખ રૂપિયાનો સંગ્રહ કરવા વિચાર હતો. તેમાંથી રૂ-પિયા ૨૮૨૦૦* અઠાવીશ હજાર બસેં સુરાષ્ટ્રમાં ભરાયા; અને માત્ર

---

* એ રીતિએ ભરાયલાં નાણામાંથી જે આજ સુધીમાં વસુલ થયાં છે તેની વિગત.

૫૦૦૦ શ્રી જુનાગઢના નવાબ સાહેબ.
૫૦૦૦ શ્રી ભાવનગરના ઠાકુર સાહેબ.
૪૦૦૦ શ્રી નવાનગરના જામ સાહેબ.
૨૫૦૦ શ્રી ધરાંગધરાના રાજ સાહેબ.
૨૦૦૦ શ્રી પોરબંદરના રાણા સાહેબ રૂ. ૨૫૦૦ માંથી
૧૭૫૦ શ્રી ગોંડલના ઠાકુર સાહેબ.
૧૨૫૦ શ્રી વઢવાણના ઠાકુર સાહેબ.
૧૨૫૦ શ્રી લિંબડીના ઠાકુર સાહેબ.
૧૦૦૦ શ્રી મોરબીના ઠાકુર સાહેબ.
૧૦૦૦ શ્રી પાલીતાનાના ઠાકુર સાહેબ.
૩૦૦ શ્રી ચૂડાના ઠાકુર સાહેબ.
૩૦૦ શ્રી સાયલાના ઠાકુર સાહેબ.
૩૦૦ શ્રી જસદણના ખાચર સાહેબ.
૨૦૦ શ્રી બજાણાના મલેક સાહેબ.

થોડાક જ દિવસમાં મુંબઇના શ્રીમંતોએ રૂ. ૩૭૫૦૦ ભરચા. બીજા ગૃહસ્થો પણ એ વિષયે જાણુતા તેમ સારો આશ્રય આપવાની ઇચ્છા દર્શાવી આશા આપતા; તે ઉપરથી ધારચા કરતાં અધિક નાણુાનો આશ્રય મળશે એવું એક સમયે ભાસ્યું હતું.

પ્રથમ મુંબઇમાં વાલુકેશ્વર સમીપ ફાર્બસને બંગલે થોડા ગૃહસ્થો મળ્યા. અને પછી તા૦ ૨૫ મી માર્ચસન ૧૮૬૫ ને દિને પ્રસિદ્ધ ગૃહસ્થોને આમંત્રણ કરી એક સભા મુંબઇના પુરાલયમાં મેળવી. સર્વના એકમતથી "**ગૂર્જરાતી સભા**" સ્થપાઈ. તેમાં મિ૦ ફાર્બસ પ્રમુખ, બીજા સંભાવિત પુરુષોની એક વ્યવસ્થાપક મંડલી, અને આ લખનાર મંત્રી, એમ નિયમન થયું; અને હર્ષભરી સભા વિસર્જિતા થઇ. તે સમયે સર્વેએ તેના પ્રતિ એવી પ્રીતિ દેખાડી કે એ શુભ કાર્ય યથાર્થ સિદ્ધિ પામશે એમાં કોઇને પણ શંકા થાય નહિ.

પરંતુ મનુષ્યનું ધાર્યું શું થાય છે! ઇશ્વરની અકલિતા માયા કોનાથી કલાઈ છે! ઉપરનો વિચાર કરીને ઉઠયા તે જ વેલા મુંબઇને માથે એક સંકટચક્ર અદૃશ્ય ભ્રમતું હતું. તેની ગતિ કોઇના જાણ્યામાં ન હતી. એવા સંધિમાં વલી ફાર્બસની પ્રકૃતિ બગડી તેથી તેઓને મુંબઈ છોડી પુને જવું પડ્યું. મંત્રીને પણ કંઈ અવશ કાર્ય સારૂ સ્વગ્રામ જવું પડ્યું. એ વિઘ્નોથી કાર્ય વિલંબાઈ સમય ચ્યુત થયો. તેનું પરિણામ તો હાનિ હોયજ. પછી કેટલેક માસે મુંબઇમાં પાછું આવવું થયું ત્યારે, મુંબઇની દશા વિપરીતા દીઠી. અદૃષ્ટદેવીએ શોકનો પડદો અકસ્માત્ નાખેલો દેખાયો. જે જે ગૃહસ્થોને થોડાક જ માસ ઉપર સુખમાં દીઠેલા, તે તે ગૃહસ્થોને સંકટમાં મુઝાતા દીઠા. અનુભવી પંડિતો કહી ગયા છે કે "धर्मस्य त्वरिता गतिः" તેને અનુસરી જે ગૃહસ્થોએ ટીપમાં નાણુા ભરચાં હતાં તેઓને તત્કાલ સૂચવવામાં આવ્યું; પણ તેઓને પોતાની પીડાની વેદના એટલી બધી વધી ગઈ હતી કે,

---

૨૦૦ શ્રી માલિયાના ઠાકુર સાહેબ.
૧૦૦ શ્રી કોટડાના ઠાકુર સાહેબ.
૧૦૦ શ્રી વીરપુરના ઠાકુર સાહેબ.

એ રીતિએ કાઠિયાવાડનાં, અને બીજાં મુંબઈનાં નાણાંમાંથી માત્ર રૂ. ૫૦૦) સદ્ગત શેઠ. ગોકુલદાસ તેજપાલના વસુલ થયાં છે. તેની સરકારી નોટો લઈ મુંબઈ બેંકમાં રાખવામાં આવી છે.

તે બીજા કશા ઉપર લક્ષ રાખી શકતા ન હોતા. તેનો પરિણામ એ થયો કે નાણું વસુલ આવી શકયાં નહિ.

એ પરિણામથી સભાને ભારે હાનિ થઈ એવું ન ગણાત. કારણ એ સાધનને તો પાતાલમાંથી પકડી લાવે એવા ગૃહસ્થો એ સભામાં સામીલ હતા. પરંતુ એક અસાધ્ય હાનિ એ સભાને તે જ કાલે થઈ.

બહુ વિચારો કરવાથી મસ્તકમાં રોગ ઉત્પન્ન થયો તેથી, થોડા દિવસ તેની પીડા ભોગવી તા૦ ૩૧ મી આગસ્ટ સન ૧૮૬૫ ને ગુરુવારને દિને પુનામાં ધી આનરેબલ એલિસના બંગલામાં ફાર્બસનો દેહ પડ્યો, અને તે સદ્ગતિ પામ્યા. ફાર્બસના અકાલે સદ્ગમનથી સભાને એવો તો અસહ્ય ધક્કો લાગ્યો કે તેની મૂર્છા વળવી એ દુર્લભ થઈ પડ્યું.

ફાર્બસને એ સભા કેવી પ્રિયા હતી અને તેના ઉપર અંતઃકરણથી તેનાં સ્નેહમમતા કેવાં હતાં તેની સાક્ષી પૂરવા નીચેનું ફાર્બસનું માત્ર એક વચન અનેકનો અર્થ સારે એવું છે. અંતકાલ વેલા જે જે કાર્યો સાથે ફાર્બસને સંબંધ હતો, તે તે કાર્યો એઓના મિત્રોએ સંભાળી લીધાં, ત્યારે "ગૂજરાતી સભાનું" કામ પણ સંભાળી લેવા એઓના મિત્રોએ કહ્યું. તે સમયે ફાર્બસે ઉત્તર આપ્યું કે:–"**સર્વ કાર્ય તમને સોંપીશ, પણ મારી ગૂજરાતી સભાનું કાર્ય તો અંત સુધી કોઇને સોંપવા હું રાજી નથી.**" એ વાક્ય કેવા હૃદયમાંથી નીકળ્યું હશે, તે દર્શાવવા તેમાંના પ્રત્યેક અક્ષરો એવા તો સમર્થ છે કે, એક માત્રા પણ અધિક કહી પુષ્ટિ કરવાની અપેક્ષા રહેતી નથી.

એ પ્રકારે ફાર્બસના સદ્ગમનથી ગૂજરાતીસભાને જ એકલીને અસાધ્યહાનિ થઈ એવું નથી. જેની જેની સાથે તેનો સંબંધ હતો તેને તેને એઓના મરણથી અભિઘાત અને શોક થયા છે. અને કવિ દલપતરામ કહે છે તેમ, "ફીરતી કોટ કિંલાક જવા થકી આખી થઈ ગુજરાત ઉદાસી." કાઠિયાવાડમાંથી રા. રા. મુકુંદરાય લખે છે કે "ફાર્બસનું મરણ જાણી અત્રના ઘણા રાજા રજવાડામાં પોતાના કુટુંબનું એક ઉપયોગી મનુષ્ય ગમાથી જેટલો શોક થાય એટલો થયો છે." ગૂર્જરાતમાં તેને વધારે સહવાસ હતો એટલે ત્યાંના લોકોને શોક સંતાપ થાય એમાં તો નવાઈ જ શી. જે બહુ વર્ષ ફાર્બસ સાથે રહ્યા, અને જેઓનાથી ફાર્બસના વૃત્તાંતમાં બહુ સા-

ધન મળ્યાં છે, તે ક૦ દલપતરામે "**ફાર્બસવિરહ**" નામે એક પ્રશસ્ય કાવ્ય લખ્યું છે. તે વાચવાની આ પ્રસંગે સર્વને ભલામણ છે. એ પ્રશસ્ત પુસ્તકમાંની સરસા કવિતા પ્રાસંગિકી અને સ્વાભાવિકી છે. ફાર્બસ, દલપતરામના ભોજ હતા. દલપતરામનું કવિત્વ ફાર્બસથી ખરૂં પ્રકટ થયું અને ફાર્બસ સંબંધી લખતાં તે પૂર્ણ દશા પામ્યું છે. ફાર્બસના વિયોગથી ક. દલપતરામને અનેક પ્રકારની હાનિ થઈ છે, અને તેઓનું હૃદય સવિશેષ કોમલ થઈ નિર્મલ સ્નેહ દર્શાવતાં વદે છે કે;—

**( ઇંદ્રવિજય. )**

ગામ, ગરાસ, ધરા, ધન, ધામની ખોટનું દુઃખ ખરૂં,–પણ ખોટું;
સંતતિહીન, કુટુંબ કુસંપનું, છાતિતણું દુઃખ, તે પણ છોટું;
ક્રોડ રિપુતણું કોણ ગણે કદિ ચોગણું આવી ચડી દુઃખ ચોટ્યું;
મેં મનમાં અનુમાન (!અનુભૂત?) કર્યું, દુઃખ મિત્રવિયોગનું સર્વથી મોટું.

'**ગુજરાતી સભાએ**' ફાર્બસનો શોક તેનું શુભ નામ જ તેણે પોતાનામાં કોતરાવી દર્શાવ્યો છે, અર્થાત્ "ફાર્બસગૂર્જરાતી સભા" એવું નામ ધારણ કરયું છે. 'એશિયાટિક સોસાઇટી'ની શાખાએ પણ પોતાના વૃત્તાંત પત્રમાં ફાર્બસશોકદર્શક લેખ, વિદ્વાન્ અને બહુશ્રુત ડાકટર–ઉલસનના મતને અને રા. રા. વિશ્વનાથ મંડલિકના અનુમતને અનુસરી લખ્યો છે. તે ઉભય ગૃહસ્થોએ એ પ્રસંગે ભાષણો કર્યાં છે, તેમાં ફાર્બસ સાહેબના ગુણ ગાયા છે. મુંબઇની સમસ્તશાલાના ( યુનિવર્સિટીના ) વાર્ષિક સમાજમાં તેના પ્રમુખ ગવર્નર સર બાર્ટલ ફ્રેર જેવા ગૃહસ્થે પણ ફાર્બસના સદ્ગમનથી વિદ્યોપાસક વર્ગને થએલી હાનિ સખેદ વર્ણી છે.

"That this society place on record the expression of their deep sorrow for the death of the Hon'ble Mr. Justice Forbes, one of their Vice-Presidents, and their testimony to his eminent abilities, varied accomplishments, and grace of manner; to his important services in the illustration of the literature and antiquities of Gujarat; and to his high character, and exemplary life, which reflected honor on the

British Government in India, and won the affection of all classes of the natives with whom he held public or social intercourse." p. LXXXIV (84).

The Journal of the Bombay Branch of the Royal Asiatic Society Vol. VIII 1863-65.

"The report which the registrar has read alludes in fitting terms to the loss of our late Vice-Chancellor (the Hon'ble Mr. A Kinlock Forbes) and he could have no more fitting eulogy than the sorrow thus expressed, of the senate over which he presided.* But I may be pardoned if I point the late Mr. Alexander Kinlock Forbes out to those of my own countrymen who desire to aid in the great work of the University, as a bright example of what they have it in their power to do. It was not his intellectual ability, great as that was, nor his learning and accomplishments, though we know them to have been profound and varied; but it was the innate English love of justice which, with such singular modesty, was his great characterstic which gave him such a hold on the sympathy of all with whom he came in contact, and which was the true secret of his power."

The speeches and addresses of Sir H. B. E. Frere, p. 147.

*"The Syndicate cannot conclude this report without an expression of feeling at the untimely decease (at Poona in August 1865), of the late Vice-Chancellor the Hon'ble A. Kinlock Forbes after a brief tenure of office during which his refined accomplishments and judicial equability of mind endeared him to the University."

એ આદિ વિદ્યાસ્થાનોમાં અને વિદ્વાનોના વિચારોના વાહક અનેક વર્તમાનપત્રોમાં મરણ પશ્ચાત્ તેઓ વિષયે સ્મરણલેખ પ્રસિદ્ધ થયા છે, તેઓમાં પણ ફાર્બસ સાહેબના શુભ ગુણનું એકસ્વરે ગાન થયું છે. તેમાંથી એક વાનગી રૂપે તા૦ ૫ મી સપ્ટેમ્બર સને ૧૮૬૫ના ધી બામ્બે સાટર્ડે રેવ્યુ નામે પ્રતિષ્ઠિત પત્રમાંથી અત્ર ઉત્તારાય છેઃ—

"Here (in Bombay) he at once entered into the confidence of the higher classes of Natives............ At the time of his death it may be said of him that he was unequalled for the individual affection entertained for him by his friends of all classes of men with whom he was brought either in official or social intercourse, as well as in the general esteem and respect of the inhabitants of Bombay and people of Gujarat."

× × × × × ×

એ સર્વનો સંક્ષિપ્ત સાર સ્વલ્પ શબ્દોમાં,—લાર્ડ મેકાલેએ સન ૧૮૩૫ માં લાર્ડ ઉલિઅમ બેન્ટિકના સ્મરણલેખમાં લખ્યું છે તેનો બહુ ભાગ આપણા ફાર્બસને યથાવિધ લાગુ પડે છે. તેથી તેના શબ્દમાં જ—અત્ર અવતારાય છે.

"Who never forgot that the end of Goverment is
The happiness of the Governed:
× × × × × ×
Who effaced humiliating distinctions:
× × × × × ×
Whose constant study it was to elevate the
intellectual
And moral character of
The Nations committed to his charge;"
(Macaulay's Writings and Speeches p. 469)

સુરતના લોકોએ ફાર્બસનું સ્મરણ રાખવા સારૂ થોડું નાણું એકઠું

કર્યું છે, અને પ્રતિવર્ષ તેમાંથી તેને પ્રિય એવી જે ગૂર્જરભાષા, તેને પુષ્ટિ મળે એવી યોજનાઓ કરે છે. મુંબઇમાં યુરોપીયો અને દેશીયોએ એકત્ર મળી અન્ય માર્ગે પણ ફાર્બસનું સ્મરણ રહેવા એક સ્મારક સંગ્રહ કર્યો છે. તેમાંથી રૂ ૫૦૦૦ ) આ પ્રાન્તની સમસ્તશાલાને (યુનીવર્સિટીને) સ્વાધીન કરયા છે. તેના વૃદ્ધિ–દ્રવ્યમાંથી ન્યાયશાસ્ત્રમાં પ્રવીણ નીકળે તે વિદ્યાર્થીને પ્રતિષ્ઠાર્થે એક ફાર્બસના નામની 'સુવર્ણમુદ્રા' આપવી એવો નિશ્ચય થયો છે. પોતાના જીવનમાં જ સારાં બીજ વાપવામાં ફાર્બસ એવા એક સાધનભૂત થયા છે કે, તેઓનાં વૃક્ષ દિનપ્રતિદિન વૃદ્ધિ પામતા જશે, તેમ તેમ તેનું અધિક અધિક સ્મરણ કરાવતા જશે, એટલે તેના મરણ પછી સ્મરણ કરાવવા અન્ય કોઇની સહાયતાની ઝાઝી અપેક્ષા રહી નથી. કવીશ્વર શેક્સપીઅર કવે છે કેઃ—

"Not marble nor the gilded monuments
Of princes shall outlive this powerful rhyme."

એ યથાર્થ છે. કવિ. દલપતરામ પણ કવે છે કેઃ—

(કવિત.)

" મળ્યાં હશે બીજાઓને મોટાં મોટાં માનપત્ર,
ચીંથરાં થઈ જશે તે ચુંથાઈ ચુંથાઇને;
બનાવી બનાવીને બેસારયાં હશે બાવલાં તે,
પાવલાંની કીમતે કદિ જશે વેચાઇને;
મસીદો મીનારા કે કરાવેલા કીરતી થંભ,
ઘણે દાડે તે તો જશે સમૂલા ઘસાઇને;
કવિતાથી ઠામ ઠામ કહે દલપતરામ,
ફારબસતણો જસ રહેશે ફેલાઇને."

ફાર્બસનો સ્વભાવ મહાશય અને માયાળુ હતો તે તો આપણે જોઈ લીધું છે. તે એક ખરા ગૃહસ્થ હતા. દેશીય પરદેશીયમાં કઈ અંતર ગણતા નહિ. સર્વ સાથે યોગ્ય સન્માનથી વર્ત્તતા. તેના અંતઃકરણ જેવું તેનું મુખ પણ સદા સલજ્જ પ્રસન્ન અને આકર્ષક રહેતું. પ્રારંભમાં તેનું ચિત્ર મૂકયું છે એટલે તેના આકારનું વર્ણન કરવાની અગત્ય નથી.

મિ૦ ફાર્બસ પૂર્વ વયમાં વહેલા પરણ્યા હતા. તેઓને ચાર પુત્ર અને

બે પુત્રીઓ છે. તેમાંથી જ્યેષ્ઠ પુત્રનું વય ૨૧ વર્ષનું છે. તેનું નામ જાન. ફ્રેજર. ફાર્બસ. તે વિલાયતમાં છે. બીજો ૧૯ વર્ષનો હેન્રી. ડેવિડ. અર્સકીન ફાર્બસ સિંધમાં 'સરવે' ખાતામાં અહુણા જ નોકર થયો છે. ફાર્બસની વિધવા અને બીજું કુટુંબ વિલાયતમાં છે. ફાર્બસ સાહેબ સંતોષી હતા. મુંબઇમાં ખરા સટ્ટાના સમયમાં ઘણા યૂરોપીયોએ 'હસ્તે પરહસ્તે સટ્ટામાં ભાગ લીધો હતો, પણ ફાર્બસસાહેબે તેનું નામ પણ ન હોતું દીધું. પરંતુ કુસંગાસંગદોષ જેવી એક મહાખેદકારિણી વાર્તા બની છે. પોતાના સર્વ ધનના ફાર્બસે મુંબઇબેંકના 'શેર' લઈ રાખ્યા હતા. ફાર્બસની સદ્ગતિ પછી શેરસટ્ટાનો ઉભરો શમી જઈ જે ધનનો વિનાશ થયો તેમાં મુંબઈ બેંકનું પણ સર્વસ્વ ગયું, એથી તેના 'શેર'નું મૂલ્ય કંઈ રહ્યું નહિ, તેથી મૂલ્યવાન્ ગણી સંગ્રહેલા તે શેર ઉપર ફાર્બસના કુટુંબના નિર્વાહનો જે આધાર હતો, તેમાંથી 'સોનાનો સર્પ થઈ જાય' તેમ થયું. તેથી તેના કુટુંબને એ હાનિ પણ અકસ્માત્ દુઃસહ થઈ પડી.

મનુષ્યપ્રાણી સંપૂર્ણ નથી. તેમ સતે ઉપરના જીવનચરિત્રમાં કંઈ દોષ દેખાતો નથી, એટલું જ નહિ પણ કોઈ કોઈ પ્રસંગે, જ્યાં જ્યાં સદ્ગુણ દેખે ત્યાં ત્યાં ગુણરાગથી વશ થનાર મનથી, કોઇને અધિકા લાગે એવી કહીં પ્રશંસા પણ થઈ હશે; તે વિષે તટસ્થ થઈ વિચાર કરતાં આ લેખક છેક અભાન છે એમ નથી. તો પણ, આ લેખકના સ્મરણમાં ફાર્બસના દોષ સ્ફુરતા નથી; એટલે, સારા ગુણના પ્રકાશથી જંખાઈ જવાની નિર્બલતા પોતે સ્વીકાર કરવી એ તેને સુતર લાગે છે. વિશેષમાં સ્વાર્થ વિના અને કામના વિના, કલ્યાણકારી મહાજનો આપણા દેશ ઉપર ઉપકાર કરે, તેઓની સુજનતાની તથા મહત્તાની તુલના અને મૂલ્ય હોય તેથી અધિક કદાપિ ગણાયું હોય, તો તે આપણ જેવા કૃતજ્ઞ લોકને દૂષણરૂપ નહિ, કિંતુ ભૂષણરૂપ છે. એ વિચારાનુસારી આ લેખક છે.

(શિખરિણી.)

ભરેલા સદ્ગુણો કશુ મન અભિમાન ન વસ્યું,
મને જેને તો લોકહિત કરતાં પ્રિય ન કસ્યું.
પ્રજા રાજા વચ્ચે પ્રીતિ સબલ સુબંધન બને,
સહુ ઘો આશીર્ફાર્બસવદધિકારી પુરુષને.

**મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી.**
ફાર્બસ ગૂજરાતી સભાનો માન્ય મંત્રી.

## અનુલેખન.

'ફાર્બસ ગૂજરાતી સભા'ની ટીપમાં તુરતમાં રૂપિયા પાંસઠ હજાર સાતસેં અંકે રૂ. ૬૫૭૦૦) ભરાયા હતા; એમાં સુરાષ્ટ્રમાંના રાજ્યકર્તાઓએ રૂ. ૨૮૨૦૦) ભરયા હતા, તેમાંથી રૂ. ૨૬૨૫૦) આવ્યા હતા; અને મુંબઇમાં ભરાયલા રૂ. ૩૭૫૦૦) માંથી માત્ર રૂ. ૫૦૦) આવ્યા હતા. કુલ રૂ. ૨૬૭૫૦) અક્ષરે રૂપિયા છવીસ હજાર સાતસે અને પચાશ વસુલ થયા હતા. તેમાંથી રૂ. ૧૮૩૮) ના હસ્તલિખિત ગ્રંથોનો સંગ્રહ લઈ મુંબઇના પુસ્તકાલય–ટાઉનહાલ-માં 'ફાર્બસ ગૂજરાતી સભા'ના એક કપાટમાં એ જ ફા૦ ગૂ૦ સભાના હસ્તકમાં છે. રૂ. ૧૪૦૦૦) ને આશ્રયે **રાસમાલા**નું ભાષાંતર કરાવી સચિત્ર પ્રસિદ્ધ કરવામાં વ્યય થયો હતો. રાસમાલાના વેચાણનાં નાણાં પાછાં વલ્યાં તેની, તથા મૂલમાંથી જે શેષ હતું તેની, સરકારી નોટો લઈ મુંબઈ બેંકમાં રાખેલી છે. એ સભાનું કાર્ય યથેચ્છ કરવામાં એ નાણાં ઉપર આવતું વાજ પહોચી શકે એમ ન હોવાથી નાણાં આપનાર સુરાષ્ટનાં રાજ્યોએ સભાના મંત્રીને સૂચના કરી હતી કે " એ નાણાંના વાજમાંથી સારાં કામ કરી શકવા જેટલો સંગ્રહ થાય ત્યાં સુધી એ નાણાંનું મૂલ દ્રવ્ય વાજથી વધારવામાં આવે છે એમ અજી થોડાંક વર્ષ ચલાવવું." તે અનુસાર એ નાણાં વાજથી વધારવાનુંજ લક્ષ રાખેલું છે. આ વિ. સંવત્ ૧૯૫૩ ઈ. સ. સ. ૧૮૯૭ના વર્ષના અન્ત સુધી મૂલ દ્રવ્ય અને વૃદ્ધિદ્રવ્ય (વાજ) મળીને કુલ રૂપિયા બાસઠ હજાર અને પાંચસે અંકે રૂ. ૬૨૫૦૦) ની સરકારી નોટો લેવાઈ 'ધો બેંક આવ બોમ્બે'માં એજ ફા૦ ગૂ. સભાના નામથી સુરક્ષિત રાખવામાં આવી છે. અને અજી તેમાં પ્રતિવર્ષ વધારો થતો જશે.

'પ્રબન્ધચિન્તામણિ' નામે સંસ્કૃત પુસ્તક છે. તેમાં ઐતિહાસિક વૃત્તાન્ત હોવાથી પ્રખ્યાત ડાકટર ભાઊ દાજીના તંત્રિત્વ નીચે પ્રસિદ્ધ કરવાનો 'ફાર્બસ ગૂજરાતી સભા'એ નિર્ણય કરયો હતો. પરંતુ તે ગ્રંથ ડા. ભાઉ દાજી સદ્‌ગત થયાથી પ્રસિદ્ધ થઈ શકયો નથી.

'રાસમાલા'નું ગૂજરાતીમાં ભાષાન્તર આપણા પ્રખ્યાત ગ્રંથકાર રા. રા. રણછોડભાઈ ઉદયરામે બહુ પરિશ્રમ લઈ કરયું છે; અને તે સુંદર તથા રુચિકર ગણાયું છે. તેની શુદ્ધિ–વૃદ્ધિ–સહિતા દ્વિતીયાવૃત્તિ માત્ર એકવાર પ્રસિદ્ધ કરવા ફા૦ ગૂ. સભાની ભગિની અમદાવાદમાંની 'ગૂજરાત વર્નાક્યુલર સોસાઇટી'ને અનુજ્ઞા આપી છે.

ગિરગામ, મુંબઈ.<br>સંવત્ ૧૯૫૩. આશ્વિન વદિ ૧૩. } **મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી.**<br>ફા૦ ગૂ. સ. માન્ય મંત્રી.

# रासमाळा.

## પ્રકરણ ૧.

### ગૂજરાતની સ્વાભાવિક સીમા-શત્રુંજય-વલભીપુર.

ગૂજરાત પ્રાન્ત પશ્ચિમ હિંદુસ્થાનમાં છે, તે બે ભાગ મળીને થયેલો છે–તે માંહેલો એક ભાગ ખંડસ્થ છે, અને બીજો દ્વીપકલ્પસ્થ છે; તેમાંથી દ્વીપકલ્પસ્થ ભાગ ઘણોખરો ઓમનના કિનારાની સામે અને સિન્ધ તથા મકરાનના કિનારાની નીચે, આર્બી સમુદ્રમાં વધી ગયલો છે. ખંડસ્થ ભાગ અથવા ખરા ગૂજરાતની દક્ષિણ સીમા, હિંદુલોકો નર્મદા નદી ગણેછે. તથાપિ એ પ્રાન્તની ભાષા, દક્ષિણમાં બહુ આઘે લગી, નર્મદાના મુખથી તે મુંબાઈ ભણીના અર્ધા રસ્તા સુધી છેક દંમણ અથવા સેન્ટજોન (સંજાણ) લગણ બોલાયછે. વિંધ્યાચલ અને આરાવળી પર્વતને સાંધનારી ડુંગરિયોની હાર નર્મદા નદીના કિનારાની ઉત્તરમાં આગળ વધીને ગૂજરાતની ઉત્તર અને પૂર્વ સીમા બનેછે; અને માળવા, મેવાડ, તથા મારવાડથી ગૂજરાતને નોખો પાડી દેછે. એની પશ્ચિમ અને વાયવ્ય સીમાએ, કચ્છનો અખાત અને ખારૂં રણ, જે કોઇ કોઈ વેળાએ ઘણુંખરૂં પાણીથી ભરાઈ જાયછે તે છે; એની દક્ષિણ ને નૈર્ઋત્ય સીમાને કિનારે ખંભાતનો અખાત

અને આર્બી સમુદ્ર છોળો મારેછે. ગૂજરાતની આ પ્રમાણેની સીમામાંહેથી એનો વાયવ્ય કોણ ભણીનો ભાગ છેક બંધ વિનાનો છે, અને ત્યાંથી એ પ્રાન્ત ઉપર બહુધા હલ્લા થયેલા છે, ત્યાં આગળ સપાટ રેતીનું મેદાન છે, તે કચ્છના રણની અને આબુ પર્વતની તલાટી વચ્ચે આવેલું છે.

જે પર્વત ગૂજરાતની ઉત્તર અને પૂર્વ સીમાએ આવેલા છે, અને જેની અનેક શાખાઓ એ પ્રાન્તના છેક પાસેના ભાગ સુધી પ્રવેશ થઇછે, તે પર્વત ઉભા, ખડબચડા, અને દુર્ગમ છે. ડુંગરાના સ્કંધ અને શિખરો વચ્ચેની ખીણો જંગલથી પથરાઈ ગયેલી છે. આ જંગલોની ઘોર છાયામાંથી અનેક નદિયો વેહેછે, તેઓની ઉંચી તેડો તોડીને લાંબા, ઊંડા અને ગુચપુચિયા વેહેળા બની રહેલા છે, અને તેઓના ઉપર ઝાડ તથા વનસ્પતિ ઉગીને ઘણાં ખરાં ધાડાં ઉપવન બની રહેલાં છે. જેમ સપાટ ભાગ નજર આવતો જાયછે, અને વન દેખાતું બંધ થતું જાયછે, તેમ નદિયો પોહોળી અને ઓછી આરણ્યક થતી જાયછે; અને આગળ જતાં સાભ્રમતી, મહી, અને નર્મદા એ ત્રણ ધોરી નદિયોમાંથી જેની સમિપમાં આવી જાયછે તેનો સંગમ કરી અંતે ખંભાતના અખાતને મળેછે. ગૂજરાતનો ઘણો ખરો નૈર્ઋત્ય કોણનો આખો સાઠ મૈલનો પ્રદેશ, કચ્છના રણથી માંડીને તે નર્મદાના કિનારા સુધી, દીપકલ્પને મોખરે, અને ખંભાતના અખાતને ઉત્તર અને પૂર્વ કિનારે આવી રહ્યો છે, તે ખુલ્લો અને પૂર્ણો થયેલો સપાટ છે; આ ફલદ્રૂપ પ્રદેશનો ઘણો વિભાગ, અને મુખ્યત્વે કરીને જે સાભ્રમતી અને મહીની વચ્ચે આવ્યો છે તેટલો ઝાડની સરસ ઘટાથી છવાઈ ગયેલોછે, તે ઝાડમાં ઘણાં તો આંબાનાં છે, અને બાકીનાં બીજી જાતિનાં છે, તેઓના ઉપર ફલ લટકતાં દેખાયછે અને ઘણાજ દેદીપ્યમાન રંગનાં માંદડાં ઝળકી રેહેછે. આ પ્રદેશ મહારાષ્ટ્રનો ઇતિહાસ લખનાર કેહેછે કે, "ઇંગ્લંડના ઉમરાવોના સર્વોત્તમ ચોગાનોની હારે સેંકડો મૈલ સુધી ઉતરે એવો છે." વળી ડુંગરાવાળા પ્રદેશમાં ખેતીવાડી કરવામાં આવતી નથી, તોપણ જ્યાં જ્યાં વાવણી કરવામાં આવેછે ત્યાં ત્યાં બહુજ સારી ફળદ્રૂપતા જોવામાં આવેછે, ખેતરોની સારી સંભાળ લેવામાં આવેછે. અને સરસ પાકથી ભરચક જણાયછે; અહિયાં પણ આંબા અને બીજાં રોપેલાં ઝાડ બહુજ વધારે જોવામાં આવેછે; અને, સપાટી ચડતી ઉતરતી છે, તથા જંગલ અને ડુંગરા નજરે પડેછે તેથી મિસ્તર એલ્ફિન્સ્ટન લખેછે તે પ્રમાણે

"હિંદુસ્થાનનો બીજો કોઈ ભાગ એના કરતાં વિશેષ ફળદાયક અને વધારે રમણીય દેખાવ નજરે પાડતો નથી."

કચ્છના ન્હાના રણના છેડાથી સુમારે વીશ મૈલને અંતરે અગ્નિકોણમાં, ખારાપાણીનું એક મ્હોટું સરોવર શિરૂ થાય છે, તે ઠેઠ ખંભાતના અખાતના મથાળા સુધી જઈ પોહોંચે છે, અને ખરા ગૂજરાતની તથા સોરઠ અથવા કાઠિયાવાડના દ્વીપકલ્પની સીમા બની રેહેછે. અસલને વારે આ બન્ને ભાગ એક બીજાથી પૂરી રીતે છૂટા પડેલા હશે, અને ખરૂં જોતાં સોરઠ એ એક બેટ હશે એવો સંભવ જણાયછે[1].

ખંભાતના અખાતના પશ્ચિમ કિનારા ઉપર, ભાવનગરની ઉત્તરમાં, થોડેક મૈલને અંતરે, ગ્રેનિટ (કઠણુાસ ભરેલા) પથ્થરના ડુંગરાની હાર છે; તે સ્થિર સરોવર સરખા સપાટ પ્રદેશમાં, જાણે દરિયાના મોજાની વચ્ચોવચ્ચ બેટનું ઝુમખું તરતું હોયની એવી દેખાયછે. આ ખડબચડા શિખરોની ટોચ જે ચમારડી ગામ ઉપર ઝોકી રહી છે ત્યાંથી જે દેખાવ નજરે પડેછે તેના કરતાં ચડિયાતા દેખાવ, આખા હિંદુસ્થાનમાં, ઇતિહાસ સંબંધી તથા દંતકથાઓ વિષેની વિચાર સંકલનામાં રમુજ પાડે એવા, તથા વિવિધ પ્રકારના બીજા થોડાજ હશે.

ચમારડીના ખરાબાને એક વાર દરિયાના પાણીની છોળો વાગતી હતી એવી દંતકથા ચાલેછે તેને, ત્યાંની બખોલોથી પુષ્ટિ મળેછે, કેમકે, તે બખોલો દરિયાના મોજાથી પોલી થઈ હોય એવી ખુલ્લી રીતે જણાયછે, તેની વચ્ચે ઉભા રહીને જોનારની નજર આગળ, ઉત્તર અને પૂર્વમાં આવી રહેલું, અને ઠેઠ ક્ષિતિજમાં જઈ અડેલું એવું કાળીભૂમિનું વિશાળ અને સપાટ મેદાન જણાયછે, તે પ્રતિ વર્ષે ઘઉં અને રૂની વાવણીથી ભરપૂર થયેલું રેહેછે (જે ભાગ ઉપર અખાતની ભારે ભરતીનો ધસારો થાયછે, અને જે ખારો અને ઉજ્જડ પડેલો દેખાયછે તે ભાગ વિના) અને તેની સપાટી ઉપર પૂર્વ ભણીની દિશાએ રસ્તો કરવાને અર્થ પ્રયત્ન કરનારા જ-

---

૧ આ વિષય સંબંધી સૂચના મેળવવા કાજે, બામ્બે બ્રાન્ચ આવ ધી રોયલ એશિયાટિક સોસાઈટીના જર્નલના ભાગ ૫મા ને પૃષ્ઠ ૧૦૯મે મેજર ફુલજેમ્સનું પત્ર છે તે જૂવો. તેમજ વળી, એલ્ફિન્સ્ટન કૃત હિંદુસ્થાનના સન ૧૮૪૧ની આવૃત્તિના પેહેલા ભાગને પૃષ્ઠ ૫૫૮ મે જૂવો.

જપ્રવાહબીજ માત્ર ખંડિત થયલું જોવામાં આવછે. વળી એ ચમારડીના ડુંગર ઉપરથી, પ્રતાપવંત વલભીના ગઢ આગળ થઇને વેહેતી, અને ઉનાળાના દિવસમાં પોતાના વાંકાચૂકા માર્ગે મંદ મંદ ચાલતી, તથા વર્ષાઋતુમાં ઘણા પ્રવાહબળથી દરિયા ભણી રસ્તો કરતી, એવી નદી જોવામાં આવેછે. તેમજ વળી, કનકસેનના હજીસુધી ગુહ્ય રહેલા વંશનાં મ્હોટાં વાહાણ દરિયા ભણી લઈ જતી, અને જે હવણાં થોડી અને ન્હાની હોડિયોથી ખેડાય છે તોપણ જે નગર ઉપરથી તેનું નામ પડ્યું છે તેની પડખે થઇને જતી, અને ગોઘાના બંદરને પસાર કરતી, જે ખાડી પીરમના ચમત્કારિક અને મનોરંજક ન્હાના બેટને સોરઠના દ્વીપકલ્પથી જૂદો પાડેછે તેને ધશી આવી ઘણા વેગથી મળતી, અને પોતાની અસલની મ્હોટાઈની નિશાનિયો બતાવતી, એવી ખારા પાણીની ભાવનગરની ખાડી પણ ત્યાંથી ઓળખાઈ શકાયછે. આ સપાટ ભૂમિમાં, ચમારડીની ઉત્તરે થોડાક મૈલને છેટે હાલનું વળા છે (જે હાલમાં ગોહિલ રજપૂત ઠાકોરની સત્તામાં છે); તથા પુરાતન નગર વલભીપુરનાં ખંડેર પડી રહ્યાંછે. અને એથી આગળ વળી, જાણે ઇતિહાસ વિષયક દેખાવનો સંબંધ ચાલતો રાખવાની તેની મતલબ હોય તેમ એક ઊંચો મિનારો લોલિયાણા નામે નગર દર્શાવેછે, આ ઠેકાણે અસલને વારે મુસલમાન પાદશાહના સરદારો પ્રાન્તની જમાબંદી વસુલ કરતા હતા. એક પડી ગયલી મસ્જીદની પાસે અસભ્ય મરાઠાએ એક દેરૂં બાંધ્યુંછે. અને મોખરે અશુદ્ધ જોડણીનો અને કઢંગી રીતે કોતરેલો નીચે લખેલો લેખછેઃ–

"શ્રી શિવનાં પગલાં પ્રયાસથી દામાજી ગાયકવાડ અહરનિશ પૂજે છે. સંવત્ ૧૭૯૪. (સન. ૧૭૩૮.)"

ચમારડીના ડુંગર ઉપર ઉભો રહીને જોનાર, દક્ષિણ ભણી નજર કરે તો, પર્વતની હારોથી ચિત્ર વિચિત્ર થયલો આકાર તેની નજરે પડેછે. ભૂમિ ઉપર થોડાક મૈલસુધી અને પીરમની દક્ષિણમાં, ખોખરાના ડુંગર દૃષ્ટિએ આવેછે; છેક પાસે અને બહુ પશ્ચિમમાં, ખડકમય હાર સિહોરને વિંટલાયલી દેખાયછે, અને એથી પણ પશ્ચિમમાં, આઘે, પવિત્ર પર્વત શત્રુંજય ઉત્તમ આકાર, જેના ઉપર ખડકવાળો ઉપરનો ડુંગર, જે રાજમંદિરના જેવી બાંધણિયોથી ભરપૂર છે એવો વિરાજતો છતો પાલીટાણાના બુરજ અને મિનારા કરતાં પણ ઉંચો ઝોકાં ખાતો દેખાયછે.

જૈન લોકોના ૨૪ તીર્થંકર થયા[૧] તેમાંથી આદિ આદિનાથે[૨] શત્રુંજયના પર્વત ઉપર તપશ્ચર્યા કરી તેથી તે પવિત્ર ગણાયછે. તે સમુદ્રની સપાટીથી સુમારે બે હજાર ફૂટ ઊંચો છે. યાત્રાળુ લોક અહિં આવેછે તે પાલીટાણા શેહેરમાં થઇને પર્વતની તલાટિયે આવેછે, તે રસ્તે બન્ને બાજુએ વડનાં

૧ જૈન ધર્મના ચોવીશ તીર્થંકરોનાં નામ, તેમના માત પિતાનાં નામ, લાંચ્છન એટલે તીર્થંકરની પ્રતિમા નીચે તેનું ચિહ્ન થાય છે તે, કે જેપરથી કયા તીર્થંકરની પ્રતિમા છે તે ઓળખાય છે, અને તેમની જન્મ ભૂમિ.

| અનુક્રમ | તીર્થંકરનાં નામ. | તેમની માતાનાં નામ. | તેમના પિતાનાં નામ. | ( લાંચ્છન ) ચિહ્ન. | તેમની જન્મ ભૂમિ. |
|---|---|---|---|---|---|
| ૧ | ઋષભદેવ | મરૂદેવી | નાભી | ઋષભ, વૃષ | વીનીતા |
| ૨ | અજિતનાથ | વિજયા | જિતશત્રુ | હાથી | અયોધ્યા |
| ૩ | સંભવનાથ | સેના | જિતારી | ઘોડો | સાવથી |
| ૪ | અભિનંદન | સિદ્ધાર્થા | સંવર | વાનર | વીનીતા |
| ૫ | સુમતિનાથ | મંગલા | મેઘ | કૌચ પક્ષી | કોશલા |
| ૬ | પદ્મપ્રભુ | સુશિલા, સુસી- | ધર | રાતુંકમળ | કોશંબી |
| ૭ | સુપાર્શ્વનાથ | પૃથ્વી [મા | પ્રતિષ્ટ | સાથીઓ | વણારસી |
| ૮ | ચંદ્રપ્રભુ | લક્ષ્મણા | મહાસેનરાજા | ચંદ્રમા | ચંદ્રપુરી |
| ૯ | સુવિધિનાથ | રામા | સુગ્રીવરાજા | મછમગર | કાકંદી |
| ૧૦ | શીતળનાથ | નંદા | દ્દઢરથ | શ્રીવત્સ | ભદિલપુર |
| ૧૧ | શ્રેયાંસનાથ | વિષ્ણુ | વિષ્ણુ | ખડ્ગી | સિંહપુર |
| ૧૨ | વાસુપૂજ્ય | જયા | વસુપુજ્યરાજા | પાડો | ચંપાપુરી |
| ૧૩ | વિમળનાથ | શ્યામા | સુતવર્મા | સુઅર—શૂક | કંપીલપુર |
| ૧૪ | અનંતનાથ | સુયશા | સિંહસેન | સિચાંણો, શ્યેન | અયોધ્યા |
| ૧૫ | ધર્મનાથ | સુવ્રતા | ભાનુરાજા | વજ્ર | રત્નપુરી |
| ૧૬ | શાન્તિનાથ | અચિરા | વિશ્વસેન | હરિણ | અથીનાપુર |
| ૧૭ | કુંથુનાથ | શ્રીમાતા | સૂર | બોકડો | ગજપુરી |
| ૧૮ | અરનાથ | દેવી | સુદર્શન | નંદાવર્ત્ત | નાગપુરી |
| ૧૯ | મલ્લિનાથ | પ્રભાવતી | કુંભ | કળશ | મિથિલા |
| ૨૦ | મુનિસુવ્રત | પદ્મા | સુમિત્ર | કાચબો | રાજગીરી |
| ૨૧ | નમિનાથ | વિપ્રા | વિજય | નીલકમળ | મહીલા |
| ૨૨ | નેમિનાથ | શિવાદેવી | સમુદ્રવિજય | શંખ | સોરિપુર |
| ૨૩ | પાર્શ્વનાથ | વામા | અશ્વસેન | સર્પ | વનારસી |
| ૨૪ | મહાવીર | ત્રિશલા | સિદ્ધાર્થરાજા | સિંહ | ક્ષત્રિકુંડ |

ર. ઉ.

૨ હિંદુઓના ચાર યુગને મળતા, જૈનોના ૬ આરા છે. ત્રીજા આરામાં કશ્યપ ઋષિના વંશના ઇક્ષ્વાકુરાજાનો વંશજ નાભી રાજા થયો. તેને મરુદેવી નામે રાણી હતી અને ઋષભ દેવ નામે પુત્ર હતો તેજ જૈનનો પેહેલો તીર્થંકર આદિનાથ. ઋષભ દેવના પેહેલાં પૃથ્વી ઉપર વર્ષાદ વર્ષતો નહિ, અગ્નિની ઉત્પત્તિ હતી નહિ, કોઈ કાંટાવાળું

ઝાડની હારો છે તેની ઘટાઓથી સૂર્યનો તાપ લાગતો નથી. પર્વતના સ્કંધ અથવા ચડાવ ઉપર બેથી તે ત્રણ મૈલ સુધી થાક લાગે એવો રસ્તો છે, પણ બે બાજુએ વિસામો લેવાની ઘણી જગાઓ છે. પાણીનાં ન્હાનાં તલાવ અને કૂવા છે, તથા ન્હાનાં દેરાસર બંધાવેલાં છે. આ ચૈત્યમાં તીર્થંકરનાં પગલાં છે. આવો રસ્તો વટાવીને યાત્રાળુ છેવટે બેટના જેવા ઉપરના ડુંગર આગળ આવી પોહોંચે છે. આ ડુંગર ઘણા સુંદર રંગના ખરાબાનો બનેલો છે, તેના ઉપર તેના ધર્મનું ચૈત્ય છે. આ ડુંગર બે શિખરનો છે તેની વચ્ચે એક ખીણ છે તે ઘણી ખરી પૂરાઈ ગઇ છે, અને દેવાલય, અગાશિયો, અને વાડિયોથી છવાઇ ગઈ છે. બધાયની આસપાસ કોટ છે, અને તોપને માટે તેમાં કોશિકાં મૂકયાં છે. આ ઘેરાવામાં બીજા ન્હાના કોટ છે તેથી ઘણાં દેરાસરો પોતપોતાની મેળે સ્વતઃ કોટના જેવાં બની રહેલાં દેખાય છે. દક્ષિણ શિખર ઉપર મધ્યયુગનાં દેરાસર છે, તે કુમારપાળ અને વીમલશાહનાં બંધાવેલાં છે, ત્યાં એક તલાવ છે તે તે જગ્યાની દેવી ખોડિયારના મહિમાને લીધે પવિત્ર ગણાય છે, તેની પાસે જૈન તીર્થંકર ઋષભ દેવની રાક્ષસી કદની મૂર્ત્તિ છે, તેના પગ આગળ જીવતા ખરાબામાંથી કોરી કાહાડેલો પોઠિયો છે. ઉત્તર શિખર ઉપર મ્હોટામાંમ્હોટું અને ઘણું પુરાતન ચૈત્ય છે તે દંતકથામાં કેહેવાતા સમ્પ્રતી રાજાએ બંધાવ્યું છે એમ કેહેવાય છે. શત્રુંજય ઉપર જૂનાં દેવાલય થોડાં છે; અને વારે વારે જિર્ણોદ્ધાર થાયછે તેથી તેમની આજુ બાજુએ હાલનાં દેરાસરછે તેમાંથી ઓળખી કાહાડવાને બહુ કઠણ પડેછે, પણ હાલનાં છે તે સર્વ વૃંદને નામે ઓળખાયછે. હિંદુસ્થાનમાં, ચારે મગથી—સિન્ધુ નદીથી તે પવિત્ર ગંગા નદી સુધી, અને હિમાલયના હીમના મુકુટધારી શિખરોથી તે તેની

---

ઝાડ થતું નહિ; વિદ્યા તેમજ ચતુરાઈનો ધંધો જગતમાં હતો નહિ. આ સર્વ ઋષભ દેવે દાખલ કર્યાં, માણસોને ત્રણ કર્મ શીખવ્યાં—ઉષીકર્મ, અથવા લડાઈ અને રાજ્યની વિદ્યા; મશીકર્મ, અથવા શાસ્ત્ર વિદ્યા; કૃશીકર્મ (કૃષિકર્મ) ખેતીવાડીની વિદ્યા આ વેળાએથી મનુષ્યોએ નિયમિત ધંધો કરવા માંડયો. છેલ્લા તીર્થંકર મહાવીરસ્વામી વિક્રમાદિત્યના સંવત્‌ની પેહેલાં ૪૭૦ વર્ષમાં (ઈ. સ. ની પૂર્વે ૫૨૬) નિર્વાણ પામ્યા; ત્યાર પછી ત્રણ વર્ષ, આઠ માસ, અને બે અઠવાડિયે પાંચમા આરાનો પ્રારંભ થયો તે એકવિશ હજાર વર્ષ સુધી ચાલવાનો છે.

(ઋષભ દેવનું સ્થાપન લાટદેશમાંના ભૃગુકચ્છ (ભરૂચ) ની પાસે નર્મદાના તટ ઉપર વજ્રસેન મુનિયે શકાવતાર તીર્થમાં કર્યું, આ સ્થાન હાલ નિકાવિહાર કેહેવાયછે.

કન્યાકુમારી, જે રૂદ્રને માટે સૃજેલી અર્દ્ધાંગના, તેના ભદ્રાસન સુધીમાં એકે નગર એવું નહિ હોય કે જ્યાંથી એક અથવા બીજી વેળાએ, પાલીટાણાના ડુંગરને વિરાજમાન કરનાર દેરાસરોને નાણાંની ભેટ નહિ આવી હોય; એક ગલી પછી બીજી ગલી, અને એક ચોક પછી બીજો ચોક, એ પ્રમાણે જૈન ધર્મનાં દેવાલય તેઓના ભવ્ય કોટ સહિત વિસ્તાર પામ્યાં છે, તે અર્દ્ધા મેહેલ જેવાં, અર્દ્ધા કોટ જેવાં, એકાન્ત અને મહિમાવાન્ પર્વત ઉપર દેદીપ્યમાન આરસ પાહાણનાં બાંધેલાં, અને સ્વર્ગનાં મહાલયસમાન, છેક ઊંચે હવામાં મૃત્યુ લોકને પગ દેવાને દુર્લભ, એવાં છે. પ્રત્યેક ચૈત્યના ગંભારમાં અજીતનાથની, આદિનાથની અથવા કોઈ બીજા તીર્થંકરની એક અથવા વધારે મૂર્તિઓ છે, તેનો ઉદાસીન વૃત્તિ ધારણ કરેલો આરસ પાહણની મૂર્તિનો આકાર, રૂપેરી દીવિયોના ઓછા અજવાળાથી, ઝાંખો દૃષ્ટિએ પડે છે; અગરબત્તીની સુગંધ હવામાં બેહેકી રહેછે, અને ચકચકિત ફરસબંધી ઉપર ભક્તિમાન્ સ્ત્રિયો, સોનાના શૃંગાર અને વિચિત્ર રંગનાં વસ્ત્રથી ઝગઝગાટ મારતી, એક સ્વરી પણ મધુર સ્તવન ભણતી એવી, ઉઘાડે પગે પણ ધિમેધિમે પ્રદક્ષિણા ફરેછે. શત્રુંજયને ખરેખાત પૂર્વ ભણીની અદ્‌ભુત કથાના એક કલ્પિત ડુંગરની ઘટિત રીતે ઉપમા આપી શકાય એવો છે; એના રેહેવાસિયો જાણે એકાએક આરસનાં પુતળાં બની ગયલા હોય, પણ તે ઉપર આવીને અપ્સરાના હાથ, સર્વ સ્વચ્છ અને ચકચકિત રાખતા હોય, અને સુગંધીવાળા પદાર્થોના ધૂપ કરતા હોય, તેમજ તે અપ્સરાના સુસ્વર, દેવનાં શૃંગારિક ગીત ગાઇને હવાને ભરી દેતા હોય એવો ભાસ થાયછે.

પાલીટાણાના ડુંગરની ટોચ ઉપરથી, પશ્ચિમ ભણી જોતાં, ચોક્ખે દાહાડે, નેમીનાથને લીધે પવિત્રતા પામેલો એવો દબદબા ભરેલો ગિરનાર દૃષ્ટિએ પડેછે. ઉત્તર ભણી સિહોરની આસપાસના ડુંગરા, નાશ પામેલી વલભીપુરીના દેખાવને ભાગ્યેજ રૂન્ધન કરેછે; આદિનાથના પર્વતની તલાટીની જોડાજોડ, પાલિટાણાના મિનારા જે ઘન ઘટાની આરપાર તડકામાં ચળકાટ મારેછે તે, દૃષ્ટિએ પડતા દેખાવનો અગ્રભાગ બનેછે; અને નજર છે તે રૂપેરી શત્રુંજય નદીના વાંકાચૂકા પૂર્વ ભણીના પ્રવાહ સાથે સહજ ચાલતી ચાલતી તલાજાના સુંદર અને દેવાલયોથી શોભી ઉઠતા ખરાબા ઉપર થોડીવાર આવીને ઠરેછે, અને ત્યાંથી પેલીપાર જ્યાં પ્રાચીન ગોપનાથ અને મધુમાવતીને ઉછળતા દરિયાની છોળો વાગેછે ત્યાંસુધી જઈ ભમે છે,

શત્રુંજય ઘણુંજ પ્રાચીન અને જૈનધર્મનું અતિ પવિત્ર ધામ છે. સર્વ તીર્થ કરતાં એ અગ્રેસર ગણવામાં આવ્યું છે, અને જેનો નિરંતર નિવૃત્તિ સાથે સંબંધ થાયછે તેનું એ સુખસ્થાન ગણાયછે, અને અંગ્રેજોના પવિત્ર [1]અયોનાની પેઠે દુનિયાના નાશની વેળાએ પણ એનો નાશ થવો સર્જ્યો નથી એમ કેહેવાયછે. કલ્પિત કથાઓમાં આવેલા રાજાઓની લાંબી લાંબી ઘણી વાતો કેહેવામાં આવેછે કે, હિંદુસ્થાનની સર્વે જગ્યાએથી તેઓએ આવીને આ પવિત્ર ભૂમિઉપર તપશ્ચર્યા ને ધર્મની ક્રિયાઓ કરેલી તેથી તે વધારે ફળવાન્ થયલી તેના જોરવડે તેઓ પોતાના પાપના ભારથી નિવૃત્ત થઇને મુક્તિ પામ્યા છે. આ ચમત્કારિક અકળ સ્થાનનો પાર પામવાને તીર્થંકરના ભક્તો સરખાની પણ ધીરજ ચાલી શકે એમ નથી, તો કુપરદીયક્ષ, ખંડુરાજા, અને તેના ઉપર પ્રસન્ન થયલી અંબિકા, સમુદ્રવિજય યાદવ, અને કલ્યાણના સુંદર રાજા તથા તેની અનુપમ રાણી એઓએ આ પવિત્ર ડુંગર ઉપર બંધાવેલાં દેરાસર, એ સર્વ વિષે અમે પણ અમારા વાંચનારાઓને ખુલાસો આપવાને યત્ન કરતા નથી.

સૌરાષ્ટ્રના રાજા શીલાદિત્યની આજ્ઞાથી, પ્રખ્યાત વલભીપુરના શ્રીધનેશ્વર સુરિયે શત્રુંજય માહાત્મ્યનો ગ્રંથ રચ્યો હતો, તેના ઉપરથી સાર કાહાડીને રચેલા પુસ્તકમાંથી થોડી વધારે મનોરંજક વાત જાણી અમે અહિં લખિયે છિયે.

ઋષભદેવનો પુત્ર, ભરત રાજા, અયોધ્યામાં રાજ્ય કરતો હતો, તે શત્રુંજય ઉત્તર ભણી સેના લઈ જઇને મહાશક્તિમાન્ મ્લેચ્છ રાજા સાથે યુદ્ધ કરવા મંડ્યો. પેહેલી લડાઈમાં તો ભરત હારયો, પણ પછીથી થઇ તેમાં તે જય પામ્યો, અને દુઃખની વેળાએ છોકરૂં જેમ પોતાની માતા ભણી દોડી જાય તેમ મ્લેચ્છ રાજા, પોતાની હાર થઈ એટલે, સિંધુ નદી ભણી દોડી ગયો.

ચોમાસામાં ભરતને એક જગ્યાએ ખમચી રેહેવું પડયું પણ ચોમાસુ

---

૧ જૂદા જૂદા લોકોના ઘણા રાજાને અયોના પોતાના સ્મશાનની જગ્યા તરીકે પસંદ કરવાનું કારણ નીચેના પ્રાચીન ભવિષ્ય કથન ઉપરથી ઉત્પન્ન થયેલું કેહેવાયછે.

"જગતનો પ્રલય થતા પેહેલાં સાતવર્ષ અગાઉ, રેલથી લોકો ડૂબી જશે: એકજ "ભરતીથી દરિયો આયર્લ્યાન્ડ ઉપર ફરી વળશે; અને લીલોતરીવાળા ઈસ્લેનું પણ " એમજ થશે. તથાપિ કોલમ્બાનો બેટ રેલના પાણી ઉપર તરશે."—ગ્રાહામ્સ આન્ટીક્વિટિ આફ્ અયોના " એ નામના પુસ્તક ઉપરથી.

ઉતરવા આવ્યું એટલે, તેના પ્રધાન શુકને, સિંધુ નદીની ઉત્તરમાં, સમુદ્ર અને પર્વતની વચ્ચે, એક કિલ્લો હતો તે લીધો. ભરતના ન્હાનાભાઈ બાહુબલિના પુત્ર સોમ્યુશે ઋષભદેવનો પ્રાસાદ બાંધ્યો (શત્રુંજય ઉપર) અને ભરતે તીર્થના ખર્ચને સારૂ સૌરાષ્ટ્રની વાર્ષિક ઉપજ અર્પણ કરી, તે દિવસથી સૌરાષ્ટ્ર, દેવદેશ કેહેવાયો. ભરતનો સગો શક્તિસિંહ કરીને સોરઠનો અધિકારી હતો, તેને રાજાની સેના સહિત શુકનનો આશ્રય મળ્યો એટલે તેણે ગિરનાર ઉપરથી રાક્ષસોને કાહાડી મૂક્યા, અને ત્યાં મેરૂ પર્વતના જેટલા ઊંચા, આદિનાથ અને અરિષ્ટનેમીના પ્રાસાદ બાંધ્યા. પછીથી શત્રુંજય ઉપરનાં દેવાલયોનો મ્લેચ્છ લોકોએ નાશ કરયો અને કેટલાક કાળ સુધી પવિત્ર પર્વત ઉપર ઉજ્જડપણાનું રાજ્ય ચાલ્યું.

જેવામાં વિક્રમરાજા પૃથ્વીને રણમુક્ત કરવાને ઉઠ્યો તેવામાં એક ગરીબ શ્રાવક ભાવડ કરીને હતો તે અને તેની સ્રી ભાવલા, કામ્પિલ્યપુરમાં વસતાં હતાં. તેમને ઘેર આવી ચડેલા એ યતિની તેઓએ સારી સેવા કરી, તેથી ચમત્કારિક ગુણની એક ઘોડીની તેઓને પ્રાપ્તિ થઈ. ભાવડ ત્યાર પછી થોડી વારમાં ઘોડાનો મ્હોટો વ્યાપારી થઈ પડ્યો. તેણે વિક્રમાદિત્યની ઘોડશાળામાં સારા ઘોડા આપ્યા તેથી તે રાજાએ તેને મધુમાવતી (અથવા મહુવા) જે સોરઠમાં છે તે જાગીરમાં આપ્યું. આ નગરમાં તેને જાવડ નામે એક પુત્ર થયો. તે તેના બાપના મરણ પછી તેનો વારસ થયો. તે જાણે ડાહાપણનો બીજો દેવ ના હોય એ પ્રમાણે પોતાના નગરનો કારભાર ચલાવવા લાગ્યો. નઠારી વેળામાં મુદ્‌ગલા[૧] લોકોની સેના સમુદ્રની ભરતીની પેઠે આખા દેશ ઉપર પથરાઈ ગઈ, ને તેઓ સોરઠ, લાટ,[૨] કચ્છ[૩] અને બીજા દેશોમાંથી ગાયો, અનાજ, બધા પ્રકારની માલમિલકત, છોકરાં, સર્વે જાતિની સ્રિયો અને વળી પુરુષ પણ લઈ ગયા. અને પોતાને "મુદ્‌ગલ" દેશ જતા રહ્યા. બીજી જાતિના લોકો સાથે જાવડને પણ પકડી

---

૧ મૂળ પુસ્તકમાં એમછે. ગૂજરાતી ભાષામાં "મુગલ" છે.

૨ મહી અને નર્મદા નદી વચ્ચેનો પ્રદેશ.

૩ કચ્છનાં નામ પ્રાચીન ગ્રંથોમાં અનુપદેશ, જર્તદેશ, ભોજકટ, ઉદમ્દેશ, સાગરદ્વીપ જોવામાં આવેછે અને વાગડ જે કચ્છનું એક પ્રગણું છે તેનું જૂનું નામ વચ્છાદેશ મળેછે. ર. ઉ.

ગયા હતા; ત્યાં પણ એ વ્યાપારિયે દ્રવ્ય મેળવ્યું; તે ધર્મક્ષેત્રમાં હતો ને જે પ્રમાણે ધર્મ પાળતો તે પ્રમાણે અહિં પણ પાળવા લાગ્યો અને જૈનનું એક દેરૂં બાંધ્યું. ધર્મી પુરુષો ત્યાં જઇ પોહોંચતા તેનો જાવડ સારો સત્કાર કરતો હતો, તેથી તેના મ્હો આગળ તેઓએ શત્રુંજયનાં વખાણ કરવા માંડયાં, અને ભવિષ્ય વર્ત્યું કે એની ફરીથી પ્રતિષ્ટા કરવાનું તમારે માથે નિર્માણ થયું છે. વળી તેઓએ તેને કહ્યું કે પવિત્ર પર્વતના રક્ષકદેવ પ્રાણઘાતક, માંસાહારી અને દારૂડિયા થઈ પડ્યાછે; સ્વધર્મ ત્યાગી કવદયક્ષ જૈનધર્મના માણસો જે ત્યાં જવાની હિંમત ચલાવેછે તેઓનો નાશ કરેછે; શત્રુંજયની ચોગરદમ કેટલાક ગાઉસુધી ભૂમિ ઉજ્જડ થઈ ગઈ છે; અને ઋષભદેવની પૂજા કરવાને કોઈ નથી. આ પ્રમાણે તેઓના કેહેવા ઉપરથી જાવડે ચક્રેશ્વરીદેવીની આરાધના કરી, અને મેલા દેવને બલિદાન આપ્યાં તક્ષશિલા નગરીમાં રાજા જગતમાલ રાજ્ય કરતો હતો ત્યાં ઋષભદેવની મૂર્તિ સંતાડી હતી તે જગ્યા તેઓએ બતાવી. જાવડે મહા પ્રયત્ને રાજા પાસેથી મૂર્ત્તિ લીધી. રાજાના આશ્રયથી તેણે એક સંઘ કાહાડયો અને તેમાં પોતે તથા પોતાની જાતિના કેટલાકને સંગાથે લઈ શત્રુંજય ભણી મૂર્ત્તિ લઈ ચાલ્યો. ઘણાં સંકટ વેઠીને, જાવડ અને તેના સાથી, સોરઠમાં મધુમાવતી છે ત્યાં આવી પોહોંચ્યા, તેઓ એવા ભાગ્યશાળી કે, આગળ જાવડે ભોટ અને ચીન વાહાણનો કાફલો મોકલ્યો હતો તે સોનું અને બીજી મૂલ્યવાન વસ્તુઓ ભરીને આ વેળાએ બંદરમાં આવી પોહોચેલાં તેઓએ જોયાં. આજ વેળાએ વળી, મહામુનિ શ્રી વાયરસ્વામી મધુમાવતીમાં આવી પોહોંચ્યા, તેઓએ કવદયક્ષને પોતાના ધર્મમાં પાછો આણ્યો હતો, તે પણ દેવ અને યક્ષોના સાથ સહિત મુનિની સાથે હતો. જાવડ, અને પવિત્ર વાયરસ્વામી તેમના સાહાય્યકારક કવદ સહિત તાબડ-તોબ શત્રુંજય ઉપર ગયા; ત્યાં મડદાં, લોહી અને ધોળાં હાડકાંથી પર્વત પખરાઈ જઈ અપવિત્ર થયલો હતો તે જોઈ તેઓ સર્વે ભયભીત થઈ ગયા. પોતાનું હૃદય જેવું ચોખ્ખું હતું તે પ્રમાણે પર્વતને ચોખ્ખો કરયો, અને શ્રી વાયરસ્વામિયે મુહૂર્ત્તનો દિવસ ઠરાવ્યો ત્યારે યાત્રાળુ લોકો મૂર્ત્તિ લઇને વાજતે ગાજતે ઉત્સવ કરતા પર્વત ઉપર ચઢયા. તથાપિ રાક્ષસોના પાપ બુદ્ધિના જાથુ અટકાવને લીધે, યાત્રાની જગ્યાની ફરી સ્થાપના કરવાને માટે તેઓએ ફરી ફરીને પ્રયત્ન કરયા પણ નિષ્ફળ ગયા. જાવડ છેવટે બળતા

લઇને ? વિક્રમ સંવત્ ૧૦૮ (ઇ૦ સ૦ ૫૨)માં મરણ પામ્યો. અને તેના નિરંતર પ્રયત્ન અફળ ગયા તેથી જે કાર્ય કદિ સંપૂર્ણ થાય નહિ તેને "એ તો જાવડ ભાવડ કામ છે[1]" એવી કેહેવત કેહેવાનો દેશમાં વહિવટ પડ્યો તે અદ્યાપિ સુધી ચાલેછે.

જાવડના મરણ પછી કેટલેક વર્ષે, **બૌદ્ધ**માર્ગિયોએ **સૌરાષ્ટ્ર**ના રાજાઓને પોતાના ધર્મમાં લઈ લીધા અને **શત્રુંજય** તથા બીજી સર્વે પવિત્ર જગ્યાઓ પોતાને સ્વાધીન કરી લીધી. આખરે **ધનેશ્વરસૂરિ** થયા તેમણે વલભીપુરના રાજા **શીલાદિત્ય**ને પોતાના ધર્મમાં કરી લીધો, અને **બૌદ્ધ** પંથિયોને દેશપાર કરીને, યાત્રાનાં સ્થાન પાછાં હાથ કરી લઇને, ઘણા પ્રાસાદ બાંધ્યા,

**મા**હાત્મ્યમાં લખ્યા પ્રમાણે આ છેલ્લું કાર્ય, વિક્રમ સંવત્ ૪૭૭ (ઇ૦સ૦ ૪૨૧)માં નીપજ્યું. **શીલાદિત્ય** કેઈ વેળામાં થયો એ વાત અદબદ રાખીને, **બૌદ્ધ** ધર્મમાંથી એનો પરધર્માશ્રય થયો અને તેનો તથા તેના રાજ્યનો **મ્લે**ચ્છ લોકોના હલ્લાથી નાશ થયો તે સંબંધી જૈનપુસ્તકોમાંથી અમે લખિયે છિયે.[2]

---

૧ **સ્કા**લંડમાં એના જેવીજ કેહેવત ચાલેછે, "**સેન્ટ મં**ગોના કાર્યની પેઠે એ કદિયે સંપૂર્ણ થશે નહિ."

૨ **સૌ**ગત અથવા **બૌદ્ધ**, અને **અર્હત** અથવા **જૈન** એ **નિરીશ્વરવાદી** મત માંહેલાં બે, **વેદ** અને **બ્રાહ્મણો**ના મતથી વિરુદ્ધ હતાં, તે સંબંધી અત્રે લખવું યોગ્ય દીસેછે. **હિંદુ**ધર્મ માનનારા આગ્રહી પુરુષો અને **બૌદ્ધ** મત વાળાઓ વચ્ચે જૂસ્સા ભેર લડાઇઓ ચાલેલી છે તેમાં **હિંદુ**સ્થાનના **બૌદ્ધો**નો નાશ થયો છે. **જૈન** લોકો જો કે તોફાનના ત્રાસમાંથી જીવતા રહ્યા અને હવણાં તેઓ સામા થઈ શકે તેવા હતા તથાપિ તેઓ ઘણી મુશ્કેલાઇથી ઉગર્યા હતા. **વિલસન** કેહેછે કે, (**એશિ. રીસ.** પુ. ૧૬ **હિંદુ**ઓના પંથવિષે વિષય.) "**બૌદ્ધ** અને **સૌ**ગત વચ્ચે **મા**ધવાચાર્ય કાંઈ ભેદ ગણતો નથી, તથાપિ કદાપિ ઘણો અગત્યનો ભેદ બંને વચ્ચે નથી તો પણ કાંઇક પણ છે ખરો: **આનંદગિરિ**ના અભિપ્રાય પ્રમાણે **સૌ**ગતોએ **સુગતમુનિ**નું મત ધારણ કરેલું હતું, તેથી તેઓનું મુખ્ય મત એ હતું કે પ્રાણિયો ઉપર દયા કરવી એમાં સર્વે નીતિ અને ભક્તિ ધર્મ આવી જાયછે. આ મત ઘણે પ્રકારે **બૌદ્ધ** અને **જૈન** એ બન્ને સંપ્રદાયને મળતો છે." **વલભી**માં **બૌદ્ધ** અને **સૌ**ગત એક હતા એમ જણાયછે, અને પ્રતિપક્ષીપણું માત્ર એમની અને **જૈન**ની વચ્ચે થયું છે. કાંઈ આ **નિરીશ્વરવાદી** ધર્મ અને ધર્માગ્રહી **હિંદુ**ઓ વચ્ચે થયું નથી. **સૌર** પંથ કેહેવાય છે તેના પંથી, **સૂર્ય**ને જગત્નો ઉત્પન્નકર્ત્તા અને કારણ માનેછે—અને તેમનામાંના થોડા, મુખ્યત્વે કરીને **બ્રાહ્મણ** છે—તેઓનો આજે પણ એક પંથ છે—તેઓ આ વેળાએ **સૌરાષ્ટ્ર**ના દ્વીપકલ્પમાં બહુ હતા. **આનંદગિરિ**એ આ પંથના ભેદ ગણાવ્યા

કથામાં કહેછે કે, ગૂજરાતમાંના ખેડા નામના મ્હોટા નગરમાં દેવાદિત્ય કરીને વેદપારંગત બ્રાહ્મણ રેહેતો હતો. તેને સુભગા નામે એક પુત્રી હતી તે બાળવિધવા હતી. તે નિત્ય સવાર, બપોર અને સાંજે (ત્રિકાળ) સૂર્યને દૂર્વા, પુષ્પ અને પાણીના અર્ધ્ય આપતી હતી. આ બાળવિધવાનું સ્વરૂપ જોઇને સૂર્ય દેવને ઘણું આશ્ચર્ય લાગ્યું અને મનુષ્યનો દેહ ધારણ કરીને તેને ભોગવવા પૃથ્વી ઉપર આવ્યા. આથી તેને ગર્ભ રહ્યો. સુભગાએ પોતાના કુળને લાંચ્છન લગાડયું એવું જાણીને તેનાં માબાપ તેના ઉપર કોપ્યાં, અને તેને ઘરમાંથી કાહાડી મૂકી. તે પોતાના એક ચાકરની સાથે દોડી દોડી વલભીપુર જઈ પોહોંચી. ત્યાં દિવસ પૂરા થયા એટલે તેને બે બાળક (પુત્ર પુત્રી જોડવે) અવતર્યાં. આ દેદીપ્યમાન બાળકને આઠ વર્ષનાં થતાં જરાપણ વાર લાગી નહિ. તેઓમાંથી છોકરાને ગુરુની પાસે ભણવા મૂકયો; પણ બીજા છોકરાઓની સાથે ભળી જતાં તેઓ તેને "નબાપો" કહી ખીજવવા લાગ્યા તેથી તેના કુમળા મન ઉપર

---

છે તે, હવણાં પ્રસિદ્ધ નથી એમ મનાયછે. પાઠક વિલસન કેહેછે કે એ ભેદ આનંદગિરિ નીચે લખ્યા પ્રમાણે ગણાવેછે:—

" જેઓ ઉદય પામતા સૂર્યને પૂજેછે અને બ્રહ્મા અથવા ઉત્પન્ન કર્ત્તા શક્તિનું તેને પ્રતિરૂપ ગણેછે તે. જેઓ મધ્યાહ્નના સૂર્યને રૂદ્ર-નાશ કરનાર ગણેછે તે; અને જેઓ અસ્ત પામતા સૂર્ય ને વિષ્ણુરૂપ અથવા પાલનકર્ત્તા ગણી માનેછે તે.

" ચોથા ભેદવાળા ત્રીમૂર્તિનો પક્ષ માનેછે. તેઓ સૂર્યની ઉપર લખેલી ત્રણે સ્થિતિને ઈશ્વરી ત્રણ ગુણ ગ્રહણ કરનારૂં પ્રતિરૂપ માનેછે.

" પાંચમાભેદ વાળાનો શો આશય છે તે સાફ રીતે કહ્યો નથી, તથાપિ સૂર્ય જેવો ખરેખરો અને વાસ્તવિક છે, અને તેની સપાટી ઉપર ચિહ્ન છે તે તેના વાળ અને દાહાડી ઈત્યાદિ છે એમ ગણી તેની આરાધના કરેછે. આ મતના માનવાવાળા લોકો હવણાંના સૌર મતવાળાની સાથે જે વિષયમાં મળતા આવેછે તે વિષય એ છે કે સૂર્યનાં દર્શન કર્યાવિના તેઓ ભોજન કરતા નથી.

" સૌરનો છઠ્ઠો ભેદ છે તે માનવાવાળા, ઉપર લખેલા પક્ષવાળાથી વિરુદ્ધમાં એઠલાછે કે તેઓ દેખાતા અને ખરેખરા સૂર્યની આરાધના કરવાની અગત્ય છે એમ ગણતા નથી, પણ માનસિક તેજનો અંબાર કલ્પી તેનું ધ્યાન ધરીને આરાધના કરેછે. તેઓ કપાળે, હાથે અને છાતિયે ગોળાકાર તસમુદ્રાની છાપો લેછે; આ ચાલનો શંકરાચાર્યે ધિ:કાર કરેલોછે. કેમકે તે વેદના અભિપ્રાયથી અને બ્રાહ્મણના દેહને અને લોહીને જે માન યોગ્ય છે તેનાથી વિરુદ્ધ છે."

ખરેખરી અસર એ થઈ ગઈ કે હું "નબાપો છું." તે એક વાર ઘણો ખીજવાઇને સુભગા પાસે જઈ કેહેવા લાગ્યો કે " શું મા મારે બાપ નથી કે મને નબાપો કેહેછે?" તેણિયે જવાબ દીધો કે " હું જાણુતી નથી, તું પૂછીને મને શું કરવાને અમથો દુ:ખી કરેછે?" છોકરો સંતાપ ભરચો ત્યાંથી તો ગયો, પણ તે દિવસથી તેણે એવો નિશ્ચય કરચો કે ઝેર ખાઇને અથવા ગમે તે પ્રકારે મારે મારો દેહ ત્યાગ કરવો કે લાંચ્છન સાંભળવાનું રેહે નહિ

એક દિવસ તે ખેદ કરતો બેઠેલો હતો તેવામાં સૂર્યનારાયણે આવીને દેખા દીધી અને તેને પુત્ર કહીને બોલાવી કહ્યું કે હું તારૂં રક્ષણ કરીશ. પછી તેને કાંકરા આપીને કહ્યું કે આથી તારા શત્રુનો નાશ કરવાને તું શક્તિમાન્ થઈશ. સૂર્યના આપેલા આવા અસ્ત્રની કીર્તિથી તે શીલાદિત્યને[૧] નામે પ્રસિદ્ધ થયો. શીલાદિત્યે એક વાર વલભીના કોઈ રેહેવાશીને મારી નાંખ્યો તેથી ત્યાંનો રાજા તેના ઉપર કોપ્યો, પણ સૂર્યે આપેલા અસ્ત્ર વડે તે મારચો ગયો એટલે સુભગાનો પુત્ર પ્રકાશિત તો હતો પણ ત્યારથી સૌરાષ્ટ્રનો રાજા થયો. અને સૂર્યનારાયણના આપેલા ઘોડા ઉપર બેશીને, આકાશમાં પ્રવાસ કરનારાની પેઠે પોતાની મરજીમાં આવે ત્યાં ફરવા લાગ્યો, અને પોતાના પરાક્રમથી ઘણા દેશ જીતી લઈ ઘણા દિવસ તેણે રાજ્ય કરચું.

કોઈ એક વેળાએ, બૌદ્ધ ધર્મના કોઈ ઉપદેશકો વિદ્યાનું અભિમાન ધારણ કરીને શીલાદિત્ય પાસે આવ્યા અને બોલ્યા કે, આ [૨]શ્વેતામ્બર જો અમને વિવાદમાં જીતે તો એમને અહિં રેહેવા દેજો, ને જો હારે તો દેશપાર કાહાડી મૂકજો. તેઓનું આવું બોલવું રાજાએ સ્વિકારીને [૩]ચાર પ્રકારના મનુષ્યોની તેણે સભા કરી. પોતે તેમાં પ્રમુખ થયો અને બોલ્યો કે, બે પક્ષવાળામાંથી જે હારે તેણે વલભીના રાજ્ય પાર થવું. બનવાકાળ તેથી બૌદ્ધો જય પામ્યા, અને શ્વેતામ્બરોને પરદેશ જવું પડયું, પણ મનમાં આશા રાખી કે વળી કોઈ વાર ફરીથી વિવાદ કરીશું. શીલાદિત્ય ત્યારથી બૌદ્ધ ધર્મ પાળવા લાગ્યો, પણ તે શત્રુંજયના મહાન્ ઋષભદેવને આગળ પ્રમાણેજ માનતો હતો.

---

૧ શીલ=સદ્ગુણ + આદિત્ય=સૂર્ય. ૨ જૈન. ૩ સાધુ અને સાધવી અથવા જૈન ધર્મનાં ત્યાગી પુરુષ (સાધુ) અને સ્ત્રી (સાધવી) અને શ્રાવક અને શ્રાવિકા એટલે પુરૂષ અને સ્ત્રિયો, જેઓએ કોઈપણ આશ્રમ ધારણ નહિ કરેલો, એ પ્રમાણે ચાર પ્રકારના મનુષ્યોની સભા.

**શીલાદિત્યે** પોતાની સાથે જન્મેલી તેની બેહેન હતી, તેને **ભૃગુપુર** (ભરૂચ)ના રાજા વેરે પરણાવી હતી, તેને દેવના જેવી કાન્તિનો અને ગુણનો એક પુત્ર થયો. કેટલાક દિવસ વિત્યાપછી, પોતાનો ધણી મરી ગયો એટલે તેણે કોઈ સારી તીર્થની જગ્યામાં જઇને સારા ગુરુપાસે ધર્મની દીક્ષા લીધી. તેનો દીકરો પણ આઠ વર્ષની વયે દીક્ષા લઇને બેઠો. પછી તેઓને જેમ પ્રસંગ મળતો ગયો તેમ સારી ચાલના અને ડાહ્યા મનુષ્યોના મ્હો આગળ પોતાના ધર્મના અભિપ્રાય જણાવવા માંડ્યા. એક દિવસે પેલા છોકરાનું નામ **મલ્લ** હતુ તે પોતાની સાધવી મા પ્રતિ ઘણી આતુ-તુરતાથી કહેવા લાગ્યો કે, "શું આપણા ધર્મ પાળવાવાળાની અવસ્થા મૂળથીજ આવી માઠી છે?" તેણિયે આંખમાં આંસુ સહિત પ્રત્યુત્તર આપ્યું કે, "ભાઈ! મારા જેવી પાપિણી તને શું ઉત્તર આપે! આગળ આપણા યશસ્વી શ્વેતામ્બર ગામે ગામ પારવિનાના રેહેતા હતા, પણ નામીચા ગુરુ **વીરસુરીન્દ્ર** જગતનો ત્યાગ કરીને ગયા ત્યારથી અન્ય ધર્મ વાદિયોએ, તારા પૃથ્વીપતિ મામા **શીલાદિત્ય**ને વશ કરી લીધો છે. તીર્થની પવિત્ર જગ્યા જે **શત્રુંજય**, જ્યાંથી મોક્ષ મળતો તે શ્વેતામ્બરોના જવાથી ભૂતના જેવા **બૌદ્ધ** લોકોનું સ્થાન થઈ પડયું છે. શ્વેતામ્બરો પરદેશ જઈ વસ્યા છે, તેઓનું અભિમાન નરમ પડ્યું છે, અને તેઓનો મહિમા જતો રહ્યો છે." **મલ્લ ક્ષ**ત્રિય કુળમાં જન્મ્યો હતો તેથી પોતાના ધર્મ વિષેનો કલહ નહિ વીસરી જતાં, જીતવાનાં સાધન મેળવવાના કામમાં ગુંથાયો. તપશ્ચર્યાથી, અને એક નિષ્ટાથી આરાધના કરવાથી, સરસ્વતી દેવી તેને પ્રસન્ન થયાં. અને **વિષ્ણુનો ગરુડ** જેમ સાપને વશ કરેછે તેમ **બૌદ્ધો**ને વશ કરવાને **નાયચક્ર** નામનું એક પુસ્તક આપ્યું. આ હથિયાર લઇને **અર્જુન** જેમ **શિવ**નાં શસ્ત્ર ધારણ કરવાથી શોભતો હતો તેવો શોભાયમાન **મલ્લ**, **સૌરાષ્ટ્ર**ની શોભા જે **વલ્લભીપુરી** ત્યાં આવી **શીલાદિત્ય**ની દરબારમાં જઈ પોહોંચ્યો અને રાજાને કહેવા લાગ્યો કે "હે રાજા! **બૌદ્ધ** લોકોએ આખા જગતને ભમાવીને વશ કરી દીધું છે, માટે હું **મલ્લ** તારો ભાણેજ તેઓનો પ્રતિપક્ષી ઉઠયો છું." આગળની પેઠે વિવાદ કરવા સારૂં સભા ભરીને રાજા સાંભળવા બેઠો. **મલ્લ**ને દેવીની સહાયતા હતી તેના જોરથી **બૌદ્ધો**ને વિસ્મય પમાડી દીધા, અને શ્વેતામ્બરના ધર્મની હોલાઈ જતી ચીનગારીમાંથી આવો જુસ્સા ભેર ભભુકો ઉઠયો તેથી તેઓ કંપવા લાગ્યા.

લોક પ્રસિદ્ધ હાર થાય તેની અપકીર્ત્તિ વધારે સમજીને તેઓએ પોતાના પ્રતિપક્ષીને જગ્યા સોંપી જવાનો નિશ્ચય કરયો. તેઓ બોલ્યા, "પોતાના દેશનો નાશ, પોતાના કુળનો નાશ, પોતાની સ્ત્રીનું હરણ, અથવા પોતાના મિત્રોનું દુ:ખ, એ સર્વેનો દેખાવ જેની દૃષ્ટિયે પડતો નથી તેનું મ્હોટું ભાગ્ય." આ પ્રમાણે **નિરીશ્વરવાદિયો** હારી ગયા એટલે રાજાની આજ્ઞાથી તેઓને દેશ પાર કરયા અને **જૈન** ઉપદેશકોને પાછા બોલાવ્યા, **મલે બૌદ્ધોને** હરાવ્યા તેથી રાજાની આજ્ઞા ઉપરથી વિદ્વાનોએ તેને **સૂરિનું** પદ આપ્યું. પછી સર્વે તીર્થસ્થાનોમાં શ્રેષ્ટ એવો જે **શ્રીશત્રુંજય** તેનો અપાર મહિમા જાણીને તેણે પોતાના મામા **શીલાદિત્યની** સહાયતાથી તેની ફરીને પ્રતિષ્ઠા કરી. **શ્રીમલ્લસૂરિની** કીર્ત્તિ સારી થયા પછી, પુરોહિત સભાએ, તેમને **ખંભાત** અથવા **સ્તંભતીર્થે** જે **શ્રીઅભયદેવ સૂરિયે** સ્થાપ્યું હતું ત્યાં મોકલ્યા. ત્યાં **શ્રેનિક અને** બીજા **શ્રાવકો** સાથે પોતાનો આત્મા આરોપિત કરાવ્યો.

આ સમયે (મરૂમંડલ) **મારવાડમાં પાલી** (પલ્લી) નામે શેહેર છે; ત્યાંનો [1]કાકૂ નામે એક ધંધાર્થી, પોતાનું વતન છોડીને, પોતાના ઉચાળા લઇને

---

૧ એના ન્હાના ભાઇનું નામ પાતાલ હતું તે, ધનવાન્ હતો તેથી તેના ઘરનું કામકાજ કરવા કાકુ રેહેતો. એક દિવસ તેના કયારડામાં પાણી ભરાયુ હશે અને કાકૂ તો નિશ્ચિન્ત સૂતો હતો તેને ઉઠાડી ઠપકો આપ્યો એટલે તે ખેદ પામી ચાલી નીકળ્યો વલભીપુર સમીપે આહીરોમાં જઈ વશ્યો. એક સમયે કોઇ (કાર્પટિક) કાપડિયો કલ્પ પુસ્તક પ્રમાણે રૈવતક (ગિરનાર) પર્વતે જઈને એક તુંબડીમાં સિદ્ધ રસ ભરી લાવ્યો. વલભીમાં આવતાં 'કાકૂય તુમ્બડી' એવી આકાશવાણી સાંભળી ભડકયો ને પોતાની ચોરી પકડાઇ એમ માની તેણે તે તુમ્બડી કાકૂને ત્યાં થાપણ મૂકી. એક પર્વને દિવસે કાકૂ રસોઇ કરતો હતો તેવામાં ચૂલા ઉપર ખીટીંયે તુમ્બડી ભરવી હતી તેમાંથી ચૂલા ઉપર મૂકેલી તપેલીમાં સિદ્ધરસનું ટીપું પડયું એટલે તે તપેલી સોનાની થઈ ગઈ. પછી ધનવાન્ થવાનું સાધન મળ્યું એટલે બીજે ઠેકાણે તુમ્બડી આદિ પોતાનો સામાન મૂકી આવ્યો ને પોતાની જૂની ઝુંપડી હતી તે સળગાવી મૂકી. નગરને બીજે નાકે ઘર રાખી ત્યાં વેપાર કરવા લાગ્યો. એક સમયે એક ઘી વેચનારી ગાડવો લઈને આવી તેની પાસેથી ઘી જોખી લેવા માંડતાં જોખતાં જોખતાં ઘીનો પાર આવ્યો નહિ તે જોઈ તેને આશ્ચર્ય લાગ્યું અને જે ઉઢાણી ઉપર ગાડવો મૂકયો હતો તેમાં ચમત્કાર લાગવાથી તે લઇ લીધી. એ ઉઢાણી ચિત્રકવેલની ગુંથેલી હતી તેથી તેને આ પ્રમાણે ચિત્રકસિદ્ધિ પ્રાપ્ત થઈ. તેમજ પૂર્વેના કોઇ પુણ્યના પ્રતાપથી તેને સુવર્ણ પુરુષ સિદ્ધિપણ પ્રાપ્ત થઈ.-

રણછોડભાઈ.

વલભી આવ્યો, અને નગરના દરવાજા પાસે ગોવાળિયાના કુબા હતા ત્યાં તેમના ભેગો રહ્યો, તે પોતાની ઘણીજ ગરીબાઇને લીધે રંકના નામથી ઓળખાવા લાગ્યો. પણ પછીથી તેને કૃષ્ણ ચિત્રક[1] અને બીજી કાર્મિક વસ્તુઓ મળી એટલે કાકૂ રંકે પોતાની ઘાસની ઝુંપડી બાળી મૂકી, અને નગરમાં જઈ, બીજા દરવાજા પાસે એક મેહેલ બંધાવી ત્યાં રહ્યો. તેની પુંજી દિન દિન પ્રતિ વધવા લાગી, અને કોટ્યાધિપતિ કેહેવાયો; પણ તે એટલો બધો લોભી હતો કે કોઈ ઠેકાણે કશો ખર્ચ કરતો નહિ,–નહિ પવિત્ર મનુષ્યોના લાભને અર્થે ખર્ચતો, નહિ યાત્રા કરવામાં વાવરતો, કે નહિ કોઈ ગરીબને આપતો. પણ ઉલટો કેહેતો કે જેનું ભાગ્ય હોય, તેને ધન મળે એવું જણાવી પોતાના ગરીબ પડોશીનું ધન પડાવી લેતો. એક દિવસે રંકની દીકરી રત્ન જડિત સોનાની ભવ્ય કાંશકીવતે માથું ઓળતી હતી તે રાજાની કુંવરીના જોવામાં આવી, અને તે લેવાનું તેને મન થયું, પણ તેના બાપે આપવાને ના કહી એટલે શીલાદિત્યે બલાત્કારે ખુંચી લીધી. આ કજિયો થયો તેથી રંક, મ્લેચ્છ દેશમાં ગયો અને ત્યાંના રાજાને જઇને કેહેવા લાગ્યો કે જો તમે વલભીનો નાશ કરો તો હું એક કરોડ મોહોરો આપું. રાજાએ તે કરાર કબૂલ કરીને સેના તૈયાર કરી કુચ કરવા માંડી. રસ્તે જતાં મેલાણ કરી રાજા પોતાના તંબુમાં અર્ધો જાગતો ને અર્ધો ઉંઘતો સૂતો હતો તેવામાં, છત્રધારને રંકના ભણીથી કાંઈ ઇનામ મળ્યું ન હતું માટે અગાઉથી વિચાર કરી રાખ્યા પ્રમાણે બોલવા લાગ્યો:—"આપણા રાજાની દરબારમાં કોઈ ડાહ્યું માણસ નથી, નહિકર એક અજાણ કુળના અને જેની રીતભાતની કોઇને ખબર નથી, તથા તે સારો છે કે નઠારો તે કોઈ જાણતું નથી એવા એક રંક નામના વેપારીના ભમાવ્યાથી, પૃથ્વીના મહાન્ ઈન્દ્ર સમાન આ અશ્વપતિ સૂર્યના પુત્ર શીલાદિત્ય ઉપર ચડાઇ કરવાને નીકલે

---

૧ કિંટલીકૃત "ફેરીમૈથાલાજી" નામનું એક પુસ્તક છે તેમાં ઉપરના વિચારને મળતી વાત છે, "ઘણા વર્ષ ઉપર નેથરવિટ્રન પાસે (નાર્થમબરલાન્ડમાં) એક છોકરી રહેતી હતી, તે દૂધ દોહીને તેની ભરેલી વટલોઈ માથે મૂકી પાછી આવતી હતી, તેવામાં, એક ખેતરમાં પરિયો રમતી તેણે જોઈ, ને પોતાની સાથે જે હતાં તેમને બતાવી પણ કોઇ જોઈ શકયું નહિ. પેલીના જોવામાં આવ્યું તેનું કારણ એવું હતું કે, વટલોઈ મૂકવાની ઉઢોણી ચતુપપત્રી નામની વનસ્પતિનાં પાંદડાંની ગુંથેલી હતી. એ વનસ્પતિથી પરી જોવાની શકિત આવેછે.

નહિ." રાજા આ સુખદાયક ઔષધના જેવાં વચન સાંભળી બીજે દિવસે આગળ વધ્યો નહિ. પછી રંકના સમજવામાં ખરૂં કારણ આવ્યું એટલે બીહીને ચાકરની ઈચ્છા પ્રમાણે મોહોરો આપીને તેને તૃપ્ત કરયો, ત્યારે તે રાજાની હુઝૂરમાં બીજે દિવસે ઉપરના જેવોજ લાગ જોઈ બોલ્યો કેઃ-"વિ-
"ચારીને કે વિના વિચારે એક વાર પગલું ભરયું તે ભરયું, આ સિંહ સમાન
"મહાન્ રાજાએ એક ડગલું ભરયું તો હવે આગળ ચાલવામાં શોભા છે.
"જ્યારે સિંહ રમતાં રમતાંય પણ હાથીનો નાશ કરી શકે છે તો પછી
"તેને મૃગપતિ અથવા મૃગવધ કરનારનું નામ કેહેવરાવી શા માટે હલકાં
"પડવું જોઇયે ? એમાંથી એક નામમાં પ્રતિષ્ઠા નથી. આપણા રાજાનાં પરા-
ક્રમ અપાર છે, એના સામો કોણ ટક્કર લઈ શકે એવો છે ?" આવાં વચ-નથી ખુશી થઇને મ્લેચ્છ રાજા, ડંકાના ગડગડાટથી આકાશ અને પૃથ્વીને ગજવી દેતો આગળ ચાલ્યો.

આણીમગ વલભીમાં, સંકટ આવી પડવાનું છે એવું જાણીને શ્રીચંદ્રપ્રભુ, શ્રીવર્દ્ધમાન દેવ અને બીજી મૂર્ત્તિયોએ શિવપટ્ટણ (પ્રભાસ), શ્રીમાલપુર અને બીજા નગર ભણી રસ્તો કરયો; શ્રીમલ્લવાદી મહામુનિ પણ, પોતાના ભક્તો સહિત પંચાસર જતા રહ્યા.[૧] મ્લેચ્છની સેના નગરની પાસે આવી પોહોંચી, અને રંક જે પોતાના દેશના નાશનો ધિઃકારવા યોગ્ય કારણરૂપ હતો તેણે દગો દઈ મ્લેચ્છોને શીખવ્યું, તેથી તેઓએ સૂર્યકુંડ[૨], ગાયના લોહીથી ભર્યો, એટલે શીલાદિત્યની ચડતી કળાનું કારણ જે તેનો પવિત્ર

---

૧ "જ્યારે રાજ્યમાં કાંઇ સંકટ આવી પડવાનું હોય ત્યારે, તેમના દેવની મૂ-
"ર્ત્તિઓ જતી રેહે નહિ એટલા માટે અસલી લોકો તેમને સાંકળી લેતા. ફિનિશિયન
"લોકો મેલકાર્થની મૂર્ત્તિ નિરંતર સાંકળી લીધેલી રાખતા."—આન્થનની ક્લાસિકલ
ડિક્શનેરી પૃ. ૬૦૧.

"ભ્રષ્ટ બુદ્ધિના યાહુદી લોકોને તેમના કોપ કારણને લીધે શિક્ષા થવાની
"હતી ત્યારે તેમના દેવલના જે અદૃશ્ય રક્ષકો હતા તે કેહેવા લાગ્યા કે ચાલો આ-
"પણે અહિંથી જતા રહિયે."—હ્યુમ્સ સર્મન ઇન ઇગ્લંડ પૃ. ૬૦

૨ પ્રબંધ ચિંતામણીમાં એમ છે કે, પંચ શબ્દ વાદકોને (બ્યાન્ડ વાળા જેવું વગાડનારાઓને) લાંચ આપીને ફોડયા એટલે સૂર્યના આપેલા અશ્વઉપર ચડીને શીલાદિત્ય યુદ્ધ કરવા આવ્યો કે તરતજ તેમણે જ જોરથી વાજાં વગાડ્યાં તેથી ઘોડો ભડકીને આકાશમાર્ગે ઉડતાં રાજા પડયો તે સૂર્ય લોકમાંથી અશ્વ આવ્યો હતો ત્યાં જતો રહ્યો.—ભા. ક.

ઘોડો હતો તે ત્યાંથી રાજાને તજી દઈ વિષ્ણુના ગરુડની પેઠે આકાશમાં જતો રહ્યો. આ પ્રમાણે શીલાદિત્ય નિરૂપાય થઈ ગયો, તેથી મરાયો ને મ્લેચ્છોએ, જાણે રમત કરતા હોય તેમ, વલભીપુરીનો નાશ કરચો.

વલભીપુરીના નાશ વિષે હિંદુઓમાં દંતકથા ચાલેછે તે ઉપર લખેલા જૈનના વૃત્તાંત કરતાં કેવળ જૂદીજ છે, અને ઘણું કરીને તેમાં ઈતિહાસ વિષયક કશો આધાર નથી. આ દંતકથા, મેદાનનાં નગરની વાત સાથે અને લાટની સ્ત્રીના મરણની વાત સાથે, એટલી બધી મળતી આવેછે કે એ અદ્ભુત વાતની છાયા અને ઇસારાથી ઉપજેલી વાત કરતાં કોઈ બીજી હશે એવું તો ભાગ્યેજ ધારી શકાય. આપણે જાણિયે છિયે કે, જેનો એકાએક પત્તો લાગી શકે નહિ અને ભાગ્યેજ માનવા જોગ હોય એવી વાતો એશિયા ખંડના પ્રાચીન અને ઘણા અર્વાચીન લોકોમાં ચાલતી આવીછે. અને હિંદુ લોકો જે ચમત્કારિક વાતોનો પત્તો લગાડવાને નિરંતર ખુશી માને છે અને જેઓ જાણેછે કે શક્તિમાન્ ઈશ્વર જે "ભૂમિ ઉપર વસનારા લોકોના પાપ કર્મને લીધે, તે ભૂમિ ફળદ્રુપ હોય તેને ઉજ્જડ કરી નાખે છે" તેના કોઈ પણ કોપને લીધેજ એક વાર દબદબા ભરેલી વલભી સેંકડો વર્ષથી ઉજ્જડ થઈ પડી રહી એવું માની, ગોઠતું આવતું કારણ ઠરાવી દેવાને તેઓને સ્વાભાવિક વલણ થયા વિના રેહે નહિ.

[1]તે દંતકથા એવી છે કે, "ધુન્ડીમલ્લ નામે સાધુ, પોતાનો એક શિષ્ય લઈને "વલભીપુર આવ્યો. આ પવિત્ર પુરુષે વલભીની છેક પાસે તે વેળામાં ચમારડી "નામે એક જગા હતી, તેની પડોશમાં ઈશાવળાના ડુંગરની તલાટીમાં નિવાસ "કરચો. શિષ્ય નગરમાં ભિક્ષા લેવાને ગયો પણ કહિ મળી નહિ; ત્યારે તેણે જં- "ગલમાં જઇને લાકડાં કાપી આણી વેચ્યાં ને તેના પૈસાનો લોટ લીધો પણ "તેના રોટલા કોઈ ઘડી આપે નહિ. આખરે એક કુંભારણ મળી તેણે ઘડી "આપ્યા. આ રીતે કરતાં કેટલાક દિવસ વીતી ગયા એટલે લાકડાના ભારા "જાથુ ઉચકવાથી શિષ્યના માથાના વાળ ઘસાઈ જવા માંડ્યા તે જોઈ "સાધુએ તેનું કારણ પૂછ્યું, તેનું પેલાએ ઉત્તર આપ્યું કે, મહારાજ, આ

---

૧ કચ્છ માંડવી પાસે રાયણ ગામ છે, તેની સમીપ એક પાટણ હતું તેના તથા ભદ્રાવતીના નાશ વિષે આવી જ દંત કથા ચાલે છે, તેમાં સાધુનું નામ ધુંધણીમલ્લ કેહેવાયછે.—ભા. ક.

"નગરમાં કોઈ ભિક્ષા આપતું નથી, તેથી મારે જંગલમાં જઈ લાકડાં કાપી "લાવી વેચવાં પડે છે, તેનો લોટ આણુંછું, ને એક કુંભારણ મને તેના "રોટલા ઘડી આપેછે-આ કારણથી મારા વાળ ઘસાઈ જવા માંડયા છે. "સાધુ પુરુષ બોલ્યો 'હું મારી મેળે આજે માગવા જઈશ.' એમ કહી પોતે "ગયો, પણ તેને કોઇયે ભિક્ષા આપી નહિ, માત્ર પેલી કુંભારણે આપી. "આ ઉપરથી સાધુને ઘણો ક્રોધ ચડયો; તેણે શિષ્યને કહ્યું કે, 'કુંભારણને "જઇને કેહે કે, તું તારા કુટુંબના સર્વે માણસો લઇને નગર છોડી જતી રેહે. "આજે આ નગર ડટાઈ જશે. કુંભાર કુંભારણ પોતાના દીકરાને લઇને "વલભી છોડી ચાલ્યાં. કુંભારણને સાધુએ ચેતાવી હતી કે તારે નગર ભણી પાછું "વાળી જોવું નહિ, પણ દરિયા કિનારે, હાલમાં જ્યાં **ભાવનગર** છે ત્યાં "જઈ પોહોંચી ત્યારે સાધુ પુરુષની તેણે આજ્ઞા ઉલંઘીને વલભી ભણી પાછું "જોયું, એટલે તત્કાળ તે પાષાણની મૂર્ત્તિ બની ગઈ. તે ત્યાં હજી સુધી "રૂવાપુરી માતાના નામથી પૂજાયછે. આણીમગ પેલો સાધુ કમંડલુ ઉંધું કરી-ને બોલ્યો કે-"નગર તું ઉંધું વળી જા ને તારો ધનમાલ ધૂળ થઈ જાઓ" "આવું કેહેતાંવાંતજ **વલભીનો** નાશ થયો."

હાલમાં વળા નામે કસ્બો છે તેની પશ્ચિમ અને ઉત્તર ભણીની બાજુએ એક વિશાળ પીલુડીનું જંગલ છે. તેની ચોગરદમ રસ્તા છે, ને તેમાં **વલભીપુરના** ખંડેરનો મુખ્ય ભાગ આવ્યો છે તે બધો નજરે પડેછે. ઘર બાંધવા સારૂ ઇંટો વગેરે કાટ ખોદી લાવવાને કસ્બાના લોકોએ ખોદીને ઘણાં પોલાણ કરી મૂક્યાં છે. તેમાં ભીંતોના પાયા જણાયછે તે ઘણા ખરા તો સાડાચાર ફુટ પોહોળા, પકવેલી ઈંટોના, માટીથી ચણેલા છે. કેટલાક ખાડાની ઉંડી ખાણો થઇ જાયછે ને તેમાંથી ખારૂં પાણી નીકળેછે. કેહેછે કે વળા કસ્બાની આસપાસ ત્રણ ચાર મૈલ સુધી ઈંટોના ચણતરનું, કામ જોવામાં આવેછે. ઈંટો ઘણી ખરી ૧૬ ઈંચ લાંબી, ૧૦ ઈંચ પોહોળી અને ૩ ઈંચ જાડી જોવામાં આવેછે.

આ પીલુડીના જંગલ પાસે ઘેલારો નદી વેહેછે. તેને ચોમાસામાં પૂર આવેછે ત્યારે આખા જંગલ ઉપર તેનું પાણી ફરી વળેછે. આ પ્રમાણે એકઠા થયેલા પાણીનાં જૂદાં જૂદાં વહન સપાટ મેદાનમાં વહી જતાં ખંડેરને છેક ઉઘાડું કરી મૂકેછે, તેથી નાશ પામેલી વલભી ઉઘાડી થઇ પડેછે.

**વળા** કસ્બાની ઉત્તરમાં એક કુંડની જગ્યા છે. તે **ઘોરારદમન** કેહેવાય

છે, અને નૈર્ઋત્ય કોણમાં સપાટ વિસ્તીર્ણ જગ્યાછે તે શિયાળાની ઋતુમાં લીલાછમ જેવા ઘઉંના છોડથી છવાઈ ગયેલી દેખાયછે. આ જગ્યા, રત્ન તલાવ કેહેવાયછે અને કેટલેક ઠેકાણે તેની પાળ હજી સુધી જોવામાં આવેછે.

પીલુડીના ઝાડથી છવાઈ ગયેલી જગ્યા છે, તેમાં અને વળાની બધી બાજુએ, શિવ અને પોઠિયાની ગ્રાનિટ પાષાણની બનાવેલી મૂર્ત્તિયો ઘણી જોવામાં આવેછે. તે કદમાં ઘણીજ મ્હોટી છે. આ સર્વે, જમીનની સપાટી ઉપરના ચોત્રા ઉપર બેસારેલી જોવામાં આવેછે, તેજ ઘણું કરીને અસલના દેવાલયની સપાટી હશે એમ લાગે છે. તેથી જણાયછે કે નગર કંઇ ડટાઇ ગયેલું નથી. શિવલિંગ તો ઘણાં ખરાં આખાં છે પણ પોઠિયા અથવા નંદી જે તેમની સાથે છે તે ખંડિત થયાવિનાના નથી. એક ગ્રાનિટ પાષાણની નંદીની મૂર્ત્તિ છે તેને માથું નથી અને શરીરમાંચીરો છે. આ નંદી બુદ્ધેશ્વર મહાદેવના લિંગની[1] સામે છે. જેટલાં લિંગ શોધી કાહાડવામાં આવ્યાં છે તે સર્વેને બ્રાહ્મણોએ નામ આપ્યાં છે. જેમ કે વૈજનાથ, રત્નેશ્વર, ઈશ્વરિયા મહાદેવ ઈત્યાદિ. નંદીની મૂર્ત્તિયો હવણાંની મૂર્ત્તિઓ કરતાં ચતુષ્પાદી પ્રાણીની સરસ બેસવાની ઢબમાં કોત્રી કાહાડેલી છે.

કર્નલ ટાડના લખવા પ્રમાણે, સૂર્યવંશનો કનકસેન રાજા સન ૧૪૪ અથવા ૧૪૫ માં, પોતાની રાજધાની અયોધ્યા હતું અને જ્યાં રામચંદ્રજિયે રાજ્ય કરેલું એવું પોતાનું કોશલનું રાજ્ય છોડીને, વૈરાટ જઈ વસ્યો. આ સ્થાનમાં પાંડવના પુત્રો પોતાના વનવાસની વેળાએ આવી રહ્યા હતા તેથી તે પ્રખ્યાત છે. અને હવણાં ધોળકા[2] કસ્બો છે તેજ એ હશે એવી ધારણા કરવામાં આવી છે. કનકસેને પરમાર વંશના રાજાપાસેથી રાજ્ય ખૂંચાવી લીધું અને વડનગરની સ્થાપના કરી. ચાર સૈકડાં વહી ગયા પછી

---


૧ વળાની પાસેનાં લિંગ, હાલનાં દેહેરાંમાં હોયછે તેવાંજ છે. પણ તે કદમાં મ્હોટાં છે. અને ગ્રાનિટ જાતના પાષાણના એક કડકાનાં ઘડેલાં છે. તે બે ફૂટ ઉંચી જળાધારીમાં ત્રણ ફૂટ ઉંચાઈનાં અને ૮ ફૂટ ઘેરાવામાં ગોળાકારે છે. એમાંનાં કેટલાંક ચોખુણથી અષ્ટ ખુણ થઈ પછીથી ગોળાકાર થયેલાં છે.

૨ કચ્છમાં વાગડ કેહેવાયછે તેમાં ગેડી (ધ્રતપદી) ગામ છે તે તથા બાહાર પ્રાન્તમાંના દીનાજપુર અને રંગપુર, તેમજ, જયપુર પાસેનું વૈરાટ અને ધારવાડ પાસેનું હનગળ પણ વૈરાટ નગર કેહેવાયછે. ર. ઉ.

તેના વંશજ વિજયે,[૧] વિજાપુર અને વિદર્ભા વસાવ્યાં તેમાં છેલ્લું શેહેર

---

૧ સૂર્ય વંશના પેહેલા રાજા મનુનો કુંવર ઇક્ષ્વાકુ અયોધ્યાનો પેહેલો રાજા થયો. તેની ૫૭મી પેઢિયે રામચંદ્રજી થયા, તે લંકાના રાજા રાવણ (બ્રાહ્મણ જાતનો હતો) ઉપર હનુમાનજી (તેના વંશજ આજે કાઠિયાવાડમાં પોરબંદરના રાણા છે) વગેરેની મદદથી ચડાઈ કરી તેને જીત્યા. રામચંદ્રને પ્રાચીન વખતથી દૈવાંશી અવતાર તરીકે લોકો માનેછે અને તેમની મૂર્તિઓ ઈશ્વરરૂપે પૂજાયછે. તેના વડા કુંવર લવ અયોધ્યા છોડી, પંજાબમાં રાવી નદીને કાંઠે પોતાને નામે લાહોર શેહેર વસાવી પોતાનું રાજ્ય ત્યાં સ્થાપ્યું. તેના ૬૩મા પુરુષ કનકસેન થયા. તેણે લાહોરથી ગૂજરાતમાં આવી કોઈ પરમાર કુળના રાજાને જીતી વડનગર વસાવી પોતાની રાજધાની કરી. તેનો મહામદનસેન, તેનો સુદંત, તેનો વિજયસેન (અજયસેન) અથવા વિજય થયો. એણે વિજયપુર, વિદર્ભ, અને વલભીપુર વસાવ્યાં. આ વિજયસેન, સેનાપતિ ભટાર્કને નામે પ્રસિદ્ધ છે. એણે વલભીપુરમાં પોતાની ગાદી સ્થાપી. તેના વંશનું ઝાડ આ રીતેઃ—




ઉપર જણાવેલા રાજાઓ અને તેના વંશજ નીચેના ક્રમ પ્રમાણે વલભી નગરની ગાદિયે બેઠાઃ—

૧ વિજયસેન ઉર્ફે સેનાપતિ ભટાર્ક ઈ. સ. ૫૦૯ ગુપ્ત સંવત ૧૯૦?

૨ ધરસેન ૧ લો. એને પણ સેનાપતિનું બિરૂદ હતું.

૩ દ્રોણસિંહ. આ રાજાથી મહારાજ પદ ધારણ કરેલું છે.

૪ ધ્રુવસેન ૧ લો. ઇ. સ. ૫૨૬, ગુપ્ત સંવત ૨૦૭ આ રાજાના ઈ. સ. ૫૩૫ના

પછીથી સિહોર કેહેવાયું. અને એજ વંશવાળાઓએ પ્રખ્યાત વલભી નગર

---

તામ્રપટમાં તેની ફોઈની દીકરી દુદા (લુદા)ને બુદ્ધમત પાળનારી અને વલભીપુરમાં બુદ્ધમતનો અપાસરો કરાવ્યાનું લખ્યું છે.

૫ ધરપટ્ટ એ રાજાને પણ મહારાજા પદ હતું.

૬ ગુહસેન ઈ. સ. ૫૩૯થી ૫૬૯ સુધી. એને ગુહિલ પણ કેહેતા. ગુહસેન એ સંસ્કૃત નામ છે. કાર્તિક સ્વામીના જેવી સેના જેની એવો એ નામનો અર્થ થાય છે. ગોહિલ અને ગેલોટી ( જે હાલ સીસોદિયા નામે ઓળખાયછે ) જે કાઠિયાવાડ અને રજપૂત સ્થાનમાં રાજ્ય કર્તા થયેલા છે તે આ ગુહિલના વંશજ છે. ગુહિલપુત્ર ઉપરથી ગુહિલુત્ત કે ગેલોત અથવા ગેલોતી કે ગેલોટી થયા. આ ગુહસેનનો મોટા કુંવર ધરસેન રજો વલભીપુરમાં તેના પછી ગાદિપતિ થયો, અને બીજા કુંવર ગુહાદિત્ય અથવા ગોહાએ ઈડરનું રાજ્ય મેળવ્યું. તેના વંશજ ઈડરથી ચિતોડ (મેવાડ) ગયા અને હજુ ત્યાંના (ઉદેપુરમાં) મહારાજા છે. આ ગુહસેન પારશી મહારાજા નસરવાંનની કુંવરી પરણ્યો હતો એમ કેહેવાયછે.

૭ ધરસેન ૨ જો ઇ. સ. ૫૭૧, ગુપ્ત અથવા વલભી સંવત્ ૨૫૨. તે શિવ મતનો મોટા ઉપાસક હતો.

૮ શીલાદિત્ય ૧ લો ઉર્ફે ધર્માદિત્ય ઇ. સ. ૫૯૪ ( ગુ. ૨૭૫ ) થી ઇ. સ. ૬૦૯ ( ગુ૦ ૨૯૦ ) સુધી.

૯ ખરગ્રહ ૧ લો. ઈ. ૬૧૦ થી ૬૧૫ સુધી.

૧૦ ધરસેન ૩ જો. ઈ. સ. ૬૧૫ થી ૬૨૦ સુધી.

૧૧ ધ્રુવસેન ૨ જો ( ધ્રુવપટુ ) ઉર્ફે બાલાદિત્ય ઈ. સ. ૬૨૦ થી ૬૪૦ સુધી. આણે કવિતા સંબંધી રસજ્ઞતાના ગુણ સાથે પાસેના દેશોપર જીત મેળવી વલભીની સત્તા વધારેલી છે. આ રાજા ઉપર કાન્યકુબ્જ (કનોજ)ના રાજા, મહાન શ્રીહર્ષદેવે ( ઈ. સ. ૬૦૭ થી ૬૪૮ ) ચડાઇ કરી ત્યારે ભરૂચ ( ભૃગુકચ્છ ) ના દદ્ ( દાદા ) બીજાએ મદદ આપી હતી.

૧૨ ધરસેન ૪ થો ઇ. સ. ૬૪૦ થી ૬૪૯ સુધી. આ રાજા બધા વલભી રાજાઓમાં મહાસત્તાધારી અને સ્વતંત્ર થયો છે. આ રાજાના સમયમાં "ભટ્ટી કાવ્ય" નામનું પ્રસિદ્ધ કાવ્ય રચાયલું છે તેમાં આને નરેંદ્ર કહેલો છે.

૧૩ ધ્રુવસેન ૩ જો ઈ. સ. ૬૫૦ થી ૬૫૬ સુધી.

૧૪ ખરગ્રહ ૨ જો. ધર્માદિત્ય ૨ જો. ઉર્ફે પદ્માદિત્ય ઇ. સ. ૬૫૬ થી ૬૬૫ સુધી.

૧૫ શીલાદિત્ય ૨ જો ઉર્ફે સેનાદિત્ય ઇ. સ. ૬૬૫ થી ૬૬૬ સુધી.

૧૬ શીલાદિત્ય ૩ જો ઉર્ફે હરાદિત્ય ઈ. સ. ૬૬૬ થી ૬૭૫ સુધી.

૧૭ શીલાદિત્ય ૪ થો ઉર્ફે સૂર્યાદિત્ય ઈ. સ. ૬૭૫ માં ગાદિયે બેઠો તે કઇ સાલ સુધી હતો તે નક્કી નથી. પણ તેનો એક શાસન લેખ ઈ. સ. ૬૯૧ ( ગુ. સં. ૩૭૨ ) નો છે.

૧૮ શીલાદિત્ય ૫ મો ઉર્ફે સોમાદિત્ય. એનો એક લેખ ઈ. સ. ૭૨૨ ગુપ્ત સંવત્ ૪૦૩નો છે.

વસાવ્યું. તથા ખંભાત પાસે ગજની શહેર સ્થાપ્યું અને તેનો પણ વલભીના નાશ સાથેજ નાશ થઈ ગયો.[1]

બીજે ઠેકાણે એજ ગ્રંથ કર્ત્તા કેહેછે કે, કનકસેને સૌરાષ્ટ્ર જઇને ઢાંકમાં પોતાનું રેહેઠાણ કર્યું. એ શેહેર પ્રાચીન કાળમાં મુગરીપટ્ટણ કેહેવાતું હતું. અને બાળખેતર (હજી સુધી ભાલ કેહેવાયછે) રાજ્યની જીત કરી લીધા પછી, એના વંશે બાળ રજપૂતનું પદ ધારણ કરયું. વલભીનો નાશ થવાથી ત્યાંના થોડા રેહેવાસિયો, બલી નામે જૈન શેહેર, જે મેવાડ અને મારવાડની સીમા ઉપર છે ત્યાં જઈ વસ્યા, અને બીજા હતા તે મારવાડ પ્રાન્તના સાંદરા અને નાહોલમાં જઇ રહ્યા.[2]

જે જૈન ગ્રંથકારોનાં લખેલાં વર્ણનમાંથી અમે ઉતારો લીધો છે તે ગ્રંથકારો, વલભીનો નાશ વિક્રમ સંવત્ ૩૭૫ (ઈ૦ સ૦ ૩૧૯)માં થયો કેહેછે. એજ વર્ષમાં વલભી સંવત્સર નામે એક સંવત્સર ચાલ્યો,[3] અને આ ગ્રંથકારોએ વલભીના નાશનો દાહાડો, એ નગરના નામથી કેહેવાતા સંવત્સરના પ્રારંભ દાહાડા સાથે શેળભેળ કરી દીધો હોય એવો સંભવછે. શત્રુંજય માહાત્મ્ય ઉપરથી જણાયછે કે, પાલીટાણાના ડુંગર ઉપરના દેરાસરોની પ્રતિષ્ઠા જે શીલાદિત્ય નામે રાજાએ કરી, તે વિક્રમ સંવત ૪૭૭ (ઈ૦ સન ૪૨૧) માં ગાદિયે બેઠો. વલભીના જે રાજા થઈ ગયા તેઓના નામની જૂદી જૂદી ટીપો તામ્રપટ[4] ઉપરથી ઉપજાવવામાં આવિયો છે, તેમાં શીલાદિત્ય નામના ચાર રાજાઓ નોંધેલા છે. આ રાજાઓમાંથી અરાઢનાં નામ નોંધેલાં છે તેમાંના પેહેલા બેને સેનાપતિ કરીને લખ્યા છે, તે ઉપરથી

---

૧૯ શીલાદિત્ય ૬ઠ્ઠો તેનું એક શાસન ઈ.સ. ૭૬૦ ગુપ્ત અથવા વલભી સંવત ૪૪૧નુંછે.
૨૦ શીલાદિત્ય ૭ ઉર્ફે ધ્રુભટ (ધ્રુવસટ) આનો શાસન લેખ ઇ. સ. ૭૬૬ ગુ. સં૦ ૪૪૭ નો છે. આના સમયમાં વલભીનું રાજ્ય ગયું. ૨. ઉ.

૧ આનલ્સ આફ રાજસ્થાન એ નામના ગ્રંથના પેહેલા પુસ્તકને પૃષ્ઠ ૮૩ તથા ૨૧૫ થી ૨૧૮ સુધીમાં લખ્યા પ્રમાણે.

૨ "વેસ્ટર્ન ઈંડિયા" નામના પુસ્તકને પૃ. ૫૧, ૧૪૮ ૨૬૮, ૩૫૨, પ્રમાણે. તથા રાજસ્થાન પુસ્તક પેહેલું પૃ. ૨૧૭. પ્રમાણે.

૩ ટાડકૃત વેસ્ટર્ન ઈન્ડિયાને પૃ. ૫૦૬. બિલાવળના લેખ ઉપરથી.

૪ બેંગાલની એશિયાટિક સોસાઈટીના જર્નલ. ૪ ના પૃ. ૪૭૭; તથા એનાજ પુસ્તક ૭ માના પૃ. ૯૬૬ અને મુંબઇની એશિયાટિક સોસાઈટીના જર્નલ ૩ ના પૃ. ૨૧૩ ઈત્યાદિ પ્રમાણે.

કલ્પના થાયછે કે તેઓ ઉજ્જણુના[1] પરમાર રાજાઓના આશ્રિત હશે. બાકીના રાજાઓએ "મહારાજા"નું પદ ધારણ કરવું છે. તેઓ વળી "શ્રી ભટ્ટાર્ક" કેહેવાતા હતા અને એમ જણાયછે કે તેઓ (તેઓમાંના ઘણા ખરા) મહેશ્વર અથવા શિવના ભક્ત હતા; કેમકે તેઓની રાજમુદ્રા અને વાવટા ઉપર શિવના પોઠિયાનું ચિત્ર છે, અને આપણા જોવામાં આવ્યું તે પ્રમાણે તેમની નાશ પામેલી રાજધાનીમાં શિવલિંગ ઘણાં જોવામાં આવે છે. ઉપરના લેખ ઉપરથી વર્ષ કાહાડવામાં આવ્યાંછે (આશરેથી) તે ઈ૦ સ૦ ૧૪૪ થી તે ઈ૦ સ૦ ૫૫૯ સુધી સાલો થાયછે. એમાંની છેલ્લામાંછેલ્લી, જો વલભીના નાશની ખરી સાલ ગણિયે તો તે ઘણીજ વેહેલી છે. હિંદુસ્થાન વિષે ચિનમાં લખેલા વૃત્તાંતમાં લખે છે કેઃ—"ટાંગ વંશના રાજ્યની વેળાએ, "ઈ૦ સ૦ ૬૧૮ થી ૬૨૭ સુધી હિંદુસ્થાનમાં ઘણો ક્લેશ ચાલ્યો હતો. રાજા "(શીલાદિત્ય?) ઘણી લડાઇયો લડચો હતો. હુયેનત્સાંગ નામે બૌદ્ધ મતના "ચીન દેશના એક સાધુએ પોતાના પ્રવાસનું પુસ્તક લખ્યું છે, (ઈ. સ. ૬૪૦) "તે આ વેળાએ હિંદુસ્થાનમાં આવ્યો હતો અને શીલાદિત્યને મળ્યો હતો.[2]"

મોનશેર જાકવેટે [3]ફ્રેંચ ભાષામાં વૃત્તાંત ઉતારી લીધું છે તેમાં લખેછે કે "વલભીદેશ [4]લારિસની (લાટ) ઉત્તરમાં છે, તેનો ઘેરાવો છ હજાર "લી (૧૩૦૦ મૈલ) છે. તેનું રાજધાની નગર ૩૦ લી (પાંચ મૈલ) કરતાં "પણ ઘેરાવામાં વધારે છે. ઉત્પત્તિ, ગરમાઈ, ત્યાંના રેહેવાસિયોની રીત- "ભાત અને તેમના શરીરની પ્રકૃતિ એ સર્વ [5]માળવાદેશ પ્રમાણેછે. "વસ્તી ઘણી છે; કુટુંબો દ્રવ્યવાન છે; ત્યાં સો કરતાં પણ વધારે ઘર કો- "ટ્યાધિપતિ ગણાયછે. આ રાજ્યમાં ઘણા દૂર દેશાવરોમાંથી અત્યંત "સંપત્તિ આવી એકઠી થાયછે. એકસો કરતાં પણવધારે બૌદ્ધમતના મઠ જોવામાં

---

૧ અમને વધારે સંભવ કલ્યાણના સોલંકિયોનો લાગેછે.

૨ રોયલ એશિયાટિક સોસાઈટીના જર્નલનું પુસ્તક છઠું પૃ. ૩૫૧.

૩ ચીનના બૌદ્ધ સાધુએ ત્રાન્સોકિસયાના બાકત્રિયા અને ઈન્ડિયામાં ઇ. સ. ૬૩૨ અને ત્યાર પછીના વર્ષોમાં પ્રવાસ કર્યો હતો તેના વૃત્તાંત ઉપરથી બેંગાલની એશિયાટિક સોસાઈટીના જર્નલના પુ. ૫ માને પૃ ૬૮૫ મેં વલભી વિષેની એની નોંધ છપાઇ છે, તે ઉપરથી; પણ તેમાં એની સૂચના પ્રમાણે નામનો ફેરફાર કર્યો છે.

૪ વલભીપુરનો આસપાસનો મુલ્ક લલાજ, ભાદ્રોદ અને આખું ગોહિલવાડ એ ભાગનું પ્રાચીન નામ વાળાક ક્ષેત્ર છે.

૫ માળવાનું પ્રાચીન નામ અવંતિ દેશ છે. ભા. ક.

"આવેછે; ત્યાં ૭ હજાર કરતાં પણ વધારે સાધુ છે; તેઓમાંના ઘણાખરા
"સમ્મિતીય મતનાછે, અને તે મત હીણાયનનો છે. ત્યાં સેંકડો દેવાલય તો
"દેવનાં છે; તેના સાધુની સંખ્યા મ્હોટી છે. ગૌતમ બુદ્ધ જ્યારે મૃત્યુ લોકમાં
"હતા (ઈ. સ. પૂર્વે ૫૬૦થી ૪૮૦) ત્યારે આ દેશમાં ઘણી વાર આવેલા
"હતા. અને તેમણે જે જે ઝાડની છાયા નીચે વિશ્રામ કરેલો, તે તે ઠેકાણું
"ઓળખાઈ આવવા સારૂં અશોક (ઈ. સ. પૂર્વે ૨૮૦) રાજાએ સ્તૂપો
"બંધાવી છે. રાજકર્ત્તા વંશ ક્ષત્રિય કુલનો છે. આગળનો રાજા, માળવાના
"શીલાદિત્યનો ભત્રિજો હતો, અને હાલમાં જે રાજ્ય ચલાવેછે તે કનોજ
"(કાન્યકુબ્જ) દેશના શીલાદિત્ય રાજા રાજ્ય કરે છે તેના કુંવરનો જમાઈ
"છે; તેનું નામ દ્રૌવભટ (ધ્રુવપટુ)છે. મોનશેર જાકવેટ ધારેછે કે વલભીના
"રાજાઓના વંશમાં અગિયારમો રાજા જે બીજો દ્રૌવસેન થઈ ગયો તેજ
"આ રાજા. વલભીનો નાશ એ વંશના જે છેલ્લા રાજાની વેળામાં થયો તે
"ચોથો (છઠ્ઠો) શીલાદિત્ય રાજા હતો, એનું રાજ્ય (અકેકા રાજ્યનો સુમાર
"વીશ વીશ વર્ષનો ગણતાં) મોડામાં મોડું સુમારે ઈ૰ સ૰ ૭૭૦ (૭૬૬)
"સુધી હતું. પણ મિસ્તર વાથન આશરો બાંધીને એ સેંકડાં પેહેલું ધારેછે."

રાજસ્થાનનો કર્ત્તા ધારેછે કે, વલભી ઉપર મ્લેચ્છ લોકોએ ચડાઈ કરી હતી તે સિથિયન લોકો હતા. મિસ્તર વાથન કેહેછે કે તેઓ "બાક્ટ્રોઇન્ડિયન" જાતના લોક હતા, એઓના સિક્કા સોરઠમાંથી ઘણા મળી આવ્યા છે. અને મિસ્તર એલ્ફિન્સ્ટન ધારેછે કે તેઓ મ્હોટા નશિરવાન પાદશાહના હાથ નીચેના ઈરાનિયો હશે. ચડાઈ કરનારા લોકો મ્લેચ્છ અથવા હિંદુવિના બીજી જાતના હતા એવું જો લખ્યું હોત નહિ તો, અમે એવી ધારણા કરત કે, સોરઠમાં પોતાની સત્તા ફરીથી સ્થાપન કરવાનો પ્રયત્ન કરતાં, દક્ષિણ માહેલા કલ્યાણના સોલંકિયોએ વલભીનો નાશ કરેલો હશે. વલભીનો નાશ થયાની સાલ નક્કી કરવા, અનિશ્ચિતપણું એટલું બધું આવી પડેછે કે, તેનો નાશ કરનારા લોકોવિષે જે જે કલ્પના કરિયે તે સર્વે ડોડળા પાયા ઉપરજ થાય એમ છે. હિંદુસ્થાનના આ ભાગમાં એક બીજો રાજકર્ત્તા વંશ હતો તે અણહિલપુરના ચાવડા રજપૂતોનો હતો. આ અણહિલપુર રાજધાની ઈ૰ સ૰ ૭૪૬ માં સ્થાપવામાં આવી એમ કેહેવાયછે. હવે અમે જે વૃત્તાંત લખિયેછિયે તે ઉપરથી જણાશે કે ચાવડાઓની રાજધાનીની સ્થાપના વલભીપુરનો નાશ થયા પછી બહુ મોડી થઈ નથી.

## પ્રકરણ ૨.

### જયશિખરી ચાવડો, પંચાસરનો રાજા.

કચ્છના રણ પાસે પંચાસર છે ત્યાં વલભીથી શ્રીમલ્લસૂરિ અને બીજા નાસેડુ આવીને રહ્યા હતા, તે વેળાના પ્રારંભથી, અમે લખવાનું શરૂ કરિયે છિયે. અમારૂં પ્રમાણ "રત્નમાળા" અથવા રત્નનો હાર એવા નામનો ગ્રંથ છે તે છે. એ ગ્રંથ કૃષ્ણાજી નામના બ્રાહ્મણે, ગૂજરાતના મહાનસિંહ રાજાના વખાણને અર્થે, કવિતામાં રચ્યો છે.

તે કવિ કેહે છે કે.—"સોલંકી વંશની કીર્ત્તિ ઘણી છે; એ વંશ દેવનો "છે. તેમાં સિદ્ધરાજ એ એક કુળદીપક થઇ ગયો છે." વળી તે કેહે છે કે "ખરી વાત છે કે, જે રસ્તામાં મારે ચાલવાનું છે તે રસ્તો, મારા પેહેલાં "થયલા કવિયોના ગ્રંથથી પાંશરો દોર જેવો થઈ ગયલો છે, અને જે મોતી "મારે પરોવવાનાં છે તે મોતી પે'લા કવિઓની હીરા સરખી બુદ્ધિથી "વિંધાયલાં છે; તોપણ, આ વીર રાજાનાં ફરીથી ઘટિત વખાણ કરવાને "સરસ્વતી દેવીના પ્રતાપથીજ હું શક્તિમાન થઇશ" પણ કૃષ્ણાજી પોતે પોતાની રચનાથી તૃપ્ત થયો હોત નહિ તો તે ખરો કવિ કેહેવાત નહિ. તેણે આત્મવખાણ એવા શબ્દોથી કર્યાં છે કે, તે ઉપરથી ખુલ્લું જણાય છે કે, અગર જો તેણે બીજાના ગ્રંથનાં વખાણ ઉદારતાથી કર્યાં છે, તો પણ તે પોતના ગ્રંથની બુજ કરવામાં કોઇ પણ પ્રકારે અજાણ ન હતો.

"જે માણસ સમુદ્રમાં ન્હાયો તેણે સર્વ તીર્થ કરયાં; જેણે અમૃત "પાન કર્યુ તેને બીજું કશું ખાવાને જોઇતું નથી; જેની પાસે પારસમણી "છે તેની પાસે સર્વ ધન છે, એજ રીતે જે માણસે રત્નમાળા વાંચી "તેણે સર્વ પુસ્તક વાંચ્યાં. આરસ પાહાણથી બાંધેલું જળાશય હોય પણ "તે જળવિના શોભતું નથી; તથા દીપાયમાન દેવાલય હોય પણ તેના ઉપર "શિખર ચડયું હોય નહિ તો તે શોભતું નથી, તેમજ કોઈ માણસના "શોધ ઘણા ભારે હોય પણ તેણે જો રત્નમાળા વાંચી નહિ તો તેની પં- "ડિતાઇ શોભતી નથી.[1]"

---

१ छपय.

साजित सोळ सिनगार, नारी विन चंद्र न सोहें;
पुरुष धरे पोषाक, पाग विन लसत न जोहे,

અમને લખવાને દિલગીરી ઉપજે છે કે મૂળ આ રત્નમાળાનાં ૧૦૮ રત્ન હતાં તેમાંથી માત્ર આઠ રહ્યાં છે.

સંવત્ ૭૫૨ અથવા ઈ૦ સ૦ ૬૯૬માં કલ્યાણ[૧] નગરમાં સોલંકી વંશનો ભૂવડ રાજા રાજ્ય કરતો હતો. તેની પાસે સોળ પટાવત હતા, તેમને નિરંતર તે પોતાની પાસે રાખતો હતો. તેઓ રાજભક્ત હતા, અને રાજાની ચડતી થયલી જોવાને ઇચ્છતા હતા. લડાઇની વેળાએ મૂઠિયો વાળીને નાશી જાય એવા ન હતા; પણ આકાશના સ્તંભની પેઠે ડગે નહિ એવા હતા. એમનાં નામ નીચેના દુહામાં છે.—

(દુહો).

ચંદ, દ્વંદ, ભટ, વેદ, વીર, સિંહ, સિંધુ, ગિરિ, ધીર;
સામત, ધીમત, ધન્વિ, પટુ, ભીમ, મહારથી, મિહિર.

આમાં, મિહિર હતો તે મુખ્ય હતો, તેને કોઈ દિવસ બાહાર કામગિરી ઉપર મોકલવામાં આવતો નહિ. બાકી બીજાઓને, જીત કરવા સારૂ ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ ચારે દિશાયે મોકલવામાં આવતા હતા. આસપાસના સર્વે રાજાઓમાં ભૂવડની આણ વર્ત્તાઈ ગઈ હતી, માત્ર એક ગૂજરાતનો રાજા જીતાયાવિના રહ્યો હતો. તે ચાવડા વંશનો હતો; તેનું નામ જયશિખરી હતું; અને તેની સ્ત્રી રૂપસુંદરી કરીને હતી. તેનું રાજધાની નગર પંચાસર હતું. પોતે બળવાન્, તેજવાન્ અને બુદ્ધિમાન્ હતો; તેનો ભંડાર

---

आरस रचित जलाश्र, पानीं बिन मानिय उना,
रेनीं पति बिन रेनीं, भुक्त घृत बिन सब न्युना,
सब ग्रंथ पंथ पंडित लखे, रत्नमाल नहि जो पढे
बहु दिप्तमान देवळ बन्यो, न लसे बिनुशिखर चढे.
ज्यौं निधि में अन्हात, तीर्थ सब सो नर कीना;
जो जिवित दिय दान, दान सब ही तिन दीना,
परधन पर त्रिय त्याग, सबै वृत पूरन पारे,
अमृत मिले आहार, स्वाद सब ओर बिसारे;
सब धन तिन कै गृह जानिहु, जिनकु चिंतामणीं मिले,
अस ग्रंथ पंथ सब सो पढयो, रत्नमाल घर ही दिले.

૧ મેરૂતુંગ કન્યકુબ્જ દેશના કલ્યાણકટક નગરનો રાજા ભૂદેવ (ભૂય, ભૂવડ અથવા ભૂયંડ) હતો એમ લખેછે; તેમજ કુમારપાલ ચરિતમાં પણ એમજ છે. અને ઇતિહાસોમાં એ નગર દક્ષિણનું કલ્યાણ એમ ગણેલું છે. ભા. ક.

અખુટ હતો, અને તેની ફોજ અગણિત હતી. આવો એક રાજા ભૂતળમાં છે એટલી જાણ પણ ભૂવડના પટાવતોએ તેને પડવા દીધી નહિ, તેથી તે જાણતો હતો કે આખી પૃથ્વી મારી સત્તા નીચે છે.

જીતી લીધેલા દુશ્મનોને ત્યાં લૂટ કરી તે લૂટથી અને ઊંટ, ઘોડા, રથ, અને હાથિયોથી આખું કલ્યાણ નગર ભરાઇ ગયું હતું. ઝવેરી, વણકર, સૂતાર, અને સુશોભિત વાસણ બનાવનારા ત્યાં વસતા હતા. અને ઘરની ભીંતો રંગિત ચિત્રોથી શણગારેલી હતી. વૈદ્ય, અને કારીગર ઘણા હતા, તેમજ ગવૈયા પણ ત્યાં વસતા હતા, અને વિદ્યા ભણવાને અર્થે નિશાળો પણ હતી. સૂર્ય છ મહિના ઉત્તરાયનમાં ચાલે છે ને છ મહિના દક્ષિણાયનમાં ચાલેછે તેનું કારણ માત્ર એટલુંજ કે લંકાપુરી અને [1]કલ્યાણપુરીની શોભા સરખાવવાને તેનાથી બની આવે.

બીજા સદ્‌ગુણોની સાથે, રાજા ભૂવડ, પંડે સર્વ જાતના ડાહાપણનો લોભી હતો, અને તે સાથે વિદ્યાનો મ્હોટો પોષક હતો. તેમાં મુખ્યત્વે કરીને ડાહ્યા હિંદુરાજાને આશ્રય આપવાને ઘટિત એવાં જે વ્યાકરણ અને કાવ્ય શાસ્ત્ર તેનો તો પૂરો પોષક હતો. વિદ્વાન લોકોને તે એટલું બધું ઉત્તેજન આપતો કે, જે પ્રમાણે ચોમાસાનું બધું પાણી દરિયા ભણી ચાલી જાયછે તેજ પ્રમાણે બધા પ્રકારની પ્રવિણતા તેના દરબારમાં ચાલી ચાલી આવતી હતી.

એ રાજાને એક બાગ હતો, તે શિવની કૈલાસપુરી જેવો હતો; તે પરમાનંદ પમાડે એવાં ફૂલ અને ફળનાં ઝાડથી શોભાવેલો હતો. તેમાં એક સમયે રાજા નૃત્ય, ગીત, ગાયનથી ઉમંગ પામતો બિરાજમાન થયો હતો. તેનો યુવરાજ, કર્ણ કુંવર, રાજપોશાક પેહેરી, એક પડખે બિરાજ્યો હતો, અને ચંદ અને બીજા પટાવતોથી આખી મંડળી શોભાયમાન દેખાતી હતી. તેમાં વળી બુદ્ધિ અને ડહાપણમાં એક બીજાથી ચડિયાતા એવા વિદ્વાન અને કવિયોનો સમાજ બેઠેલો હતો, પણ સર્વમાં શ્રેષ્ટ કવીશ્વર કામરાજ, જે રાજાનો મિત્ર હતો તે હતો; રાજા ભૂવડ જેમ સુભટોમાં શોભાયમાન દેખાતો હતો તેમ એ કવીશ્વર વિદ્વાનોમાં શોભાયમાન દેખાતો હતો. તેવામાં એક પરદેશી કવિએ આવીને રાજાના વખાણનાં કવિત કેહેવા માંડ્યાં. તેમાં જે ચતુરાઈ બતાવી હતી તે સમજીને રાજા પોતે રિઝયો, અને પોતાની આસપાસ કવિયો બેઠેલા હતા તેઓને તેનું ઉત્તર કેહેવા કહ્યું, પણ

1 આ ઉપરથી જણાય છે કે કલ્યાણપુરી ઉત્તરમાં (કનોજ દેશમાં) હતું.

તેમાં કોઈની હિંમત ચાલી નહિ. પછી ભૂવડે પે'લા કવિને મૂલ્યવાન્ શિરપાવ આપ્યો અને પૂછ્યું કે તમારૂ નામ શું ? અને જે દેશમાં તમે આટલાં બધાં વર્ષ છાના રહ્યા તેનું નામ શું ? કવિએ જવાબ દીધો કે, "મારૂં નામ "શંકર છે. ગૂર્જરદેશ જે પૃથ્વીનો ઉત્તમોત્તમ ભાગ છે, જેની ભૂમિ પૂર્ણ "રસાલ છે, પાણી, ઘાસ અને ઝાડથી અતિ શોભાયમાન છે, જ્યાં ધન "તો ઢગલે છે અને જ્યાં મનુષ્યો ઉદાર છે, તે ગૂર્જર દેશથી હું આવ્યો "છું, ત્યાં પંચાસર છે તેમાં સમુદ્રપુત્રી એટલે લક્ષ્મીનો નિરંતર વાસ છે, "તે સર્વ પ્રકારે દેવનગરી જે ઇંદ્રપુરી તેની સમાન છે. જે ત્યાં વસેછે તેને "સ્વર્ગમાં જવાની પણ ઇચ્છા થતી નથી. ત્યાં ચાવડો રાજા રાજ્ય કરેછે "તે બધી સુભટ જાતિમાં અગ્રેસર છે, અને જેણે પોતાનાં અદ્ભુત કામથી "જયનો શિખર (પર્વત) ઉભો કરયો છે તેથી તેને કવિયો "જયશિખરી" "કેહેછે. તેની પટ્ટરાણી 'રૂપસુંદરી' કરીને છે તેની શોધી જોડ જડે એમ "નથી. રાણીનો ભાઈ શૂરપાળ છે તે ડાહ્યો અને શૂરવીર છે. જયશિખરી "અને શૂરપાળ જો ભેગા ભળે તો ઈંદ્રને તેના ઇંદ્રાસન ઉપરથી ઉડાડી મૂકે, "પણ તેમને તેની ગરજ ઓછીજ છે; કેમકે તેઓની પોતાની ગૂજરાત છે તે "આખી પૃથ્વીનું તત્ત્વ છે. ત્યાં સરસ્વતીનો નિરંતર વાસ છે; મેં મારી વિદ્યા "મેળવી છે તે ત્યાંજ, અને ત્યાંથીજ હું દિગ્વિજય કરવા નીકળ્યો છું." રાજા ભૂવડે, ગૂજરાતનાં આવાં વખાણ સાંભળીને મૂછે હાથ નાંખ્યો. તે જોઈ કામરાજે તેના અંતરની છાના વેરની વાત જાણી લીધી. ને શંકર સાથે કવિતા વિવાદ કરવા લાગ્યો, પણ એકલો તો તેનાથી હારયો, એટલે શિવે (શંકરે) કામને જીત્યો હતો તે શંકરે કામરાજને પચાર્યું.

ભૂવડ રાજા, તે દિવસની ગંમતનો આવો પરિણામ થયલો જોઈ, નાખુશીની સાથે મેહેલમાં ગયો. સાંજે તેણે પોતાના પટાવતોને બોલાવ્યા ને ગૂજરાત સંબંધી વધારે વૃત્તાંત સાંભળવાની ઈચ્છા બતાવી. એકઠા થયલા પટાવતોએ રાજાને જૂઠું સમજાવા માંડ્યું કે, અમે જયશિખરીને હરાવી પંચાસર લીધું હતું, પણ રાજા શરણ થયો એટલે તેનો નાશ અમે કરયો નહિ. રાજાને ગળે આ વાત ઉતરી નહિ તેથી ચંદને દબાવીને કહ્યું કે સાચે સાચું બોલ. ત્યારે તેણે કહ્યું કે, અર્બુદગિરિ અથવા આબુ પર્વતની દક્ષિણ ભણી જતાં આપણા પટાવતોનો ને શૂરપાળનો ભેટો થયો હતો. શૂરપાળ સાથે તેના બંનેવીની ફોજ હતી, તેની સાથે લડાઈ કરવાનું

ભય ભરેલું લાગ્યાથી આપણા પટાવતો આડે રસ્તે સોરઠ આવ્યા. આવી વાત સાંભળીને સત્વર ફોજની તૈયારી કરવાની રાજાએ આજ્ઞા કરી, તે પ્રમાણે લશ્કર તૈયાર થયું ને જયશિખરી ઉપર ચડાઈ કરવા ચાલ્યું. જતાં વાંતજ અપશકુન થયા, પણ, સત્વર જવાની રાજાની આજ્ઞા હતી એટલે લશ્કરને ઉપરિયો અટકાવી શકયા નહિ.

શંકર કવિ આવામાં ઘેર જઈ પોહોંચ્યો હતો, અને તેણે પોતાના રાજાને સર્વ વૃત્તાંત માંડીને કહ્યો હતો. જયશિખરી શૂરવીર હતો, તેથી લડાઈ કરવાની તક મળી એટલે ઘણો આનંદ પામ્યો, અને પોતાના સુભટોને કંકણ, કુંડળ, અને બીજાં ઘરેણાંનો તથા વસ્ત્રોનો શિરપાવ આપ્યો.

રાજા ભૂવડની સેના ચાલી આવી. તેમાં હાથી, ઘોડા ઘણા હતા; ચાર હજાર રથ હતા, ઘોડેસવારો પાસે શસ્ત્ર અસ્ત્ર હતાં; પાયદલનો તો કાંઈ પાર ન હતો. જે જે ગામ થઇને લશ્કર આવતું ગયું તે તે ગામલોકો લશ્કર જોઇને ઘરબાર મૂકી નાશી ગયા, ને જે ગામવાલા સામા થયા તેમના ઉપર છાપો મારીને તે ગામ લૂંટયાં. જ્યાં થઇને ચડેલું લશ્કર ગયું ત્યાંની પાણીવાળી જમીન સૂકી થઈ ગઈ, ને સૂકી જમીન ભેજવાળી થઈ. જ્યાં મેલાણ થતું ત્યાં મલ્લવિદ્યાની કસરતો થતી ને શસ્ત્ર અસ્ત્રનો અભ્યાસ થતો. દુશ્મનના દેશની પાસે આવી પોંહોંચ્યા એટલે મોખરાનું એક શેહેર લૂટયું, અને પંચાસરથી છ મૈલને છેટે પડાવ કરયો, ત્યાંથી આસપાસનાં ગામડાં લૂંટી સ્ત્રીપુરૂષોને કેદ કરી રાખ્યાં.

આ વાત સાંભળીને જયશિખરીને નખથી શિખાસુધી ક્રોધ ચઢયો. હલ્લો કરનારાનો સેનાપતિ મિહિર હતો તેને તેણે કાગળ લખ્યો તેમાં ગરીબ લોકોના ઉપર જુલમ કરયો તે વિષેનો ઘણો ઠપકો દઈ લખ્યું કે શૂરવીર તો આવું અઘટિત કામ કરે નહિ, પણ કુતરાને પથરો મારયો હોય તો મારનારના ભણી નહિ ધાતાં તે પથરાને બચકાં ભરે તેમ તું કરે છે. મિહિરે ઉત્તરમાં લખ્યું કે મ્હોમાં લીલું તરણું ઘાલી તારે રાજા ભૂવડને શરણ થવું, નહિકર લડવાને સામા થવું. જયશિખરિયે તરત લડવાનું કબૂલ કર્યુ ને પોતાના ભાયાત અને સુભટોને બોલાવીને બીજે દાહાડે લડાઈ કરવાની તૈયારી કરી.

મિહિરનો કાગળ આવ્યો ત્યારે શૂરપાળ ત્યાં હતો નહિ. તેથી રાજાની જાણમાં ન છતાં, રાત્રિની વેળાએ, એકાએક શત્રુ ઉપર તૂટી પડવાનો તેણે

નિશ્ચય કરચો. વાત પણ એમ બની કે, તે વેળાએ શત્રુઓ તૈયાર હતા નહિ, કેટલાક પાસેનાં ગામડાં લૂંટવા ગયા હતા, કેટલાક ખાવા પીવામાં પડ્યા હતા, કેટલાક ઊંઘતા હતા, કેટલાક નાચ મજરામાં ગુલતાન થયા હતા, તેથી તેને ફાવી ગયું. શૂરપાળના માણસો હાથમાં તરવારો લઇને ટૂટી પડ્યા તેમાં ઘાસ કાપનારા ઘાસ કાપી નાંખે તેના કરતાં શત્રુઓને કાપી નાંખવાને તેઓને વધારે મેહેનત પડી નહિ. શૂરપાળે ચંદને કહ્યું કે શસ્ત્ર ઝાલીને સાવધાન થઈ તારા ઇષ્ટદેવને સંભાર એમ કહી તેના પેટમાં તરવાર ખોશી, અને દ્વંદને સખત ઘાયલ કરચો; ઢોરના ઘોરમાં જેમ વાઘ પડે ને તેઓ અસ્તાવ્યસ્ત થઈ જાય તેમ શત્રુની ફોજમાં ભંગાણ પડ્યું. દ્વંદને જખમ વાગ્યા હતા તેથી નાસતાં મરણ પામ્યો, વેદ જે પરમાર રાજાનો સગો થતો હતો તે ફત્તેતીનો મારચો નિરાશ થઇને પોતાનો લશ્કરી પોશાક ઉતારી સંન્યાશીને વેશે કાશી નાશી ગયો. મિહિર જે સેનાપતિ હતો તેણે જાણ્યું કે મારૂં કાળું મ્હોં થયું તેથી પોતાના રાજાની રાજધાનીથી આઠ દિવસની કુચને છેટે પડાવ કરચો. રાજા ભૂવડ હાર થયાના સમાચાર જાણીને મિહિરની છાવણીમાં આવી પોહોંચ્યો, ને નાશી આવેલા લશ્કરને હિંમત આપી કેહેવા લાગ્યો કે એકવાર પાછું હઠવું પડે તો તે બીજીવાર જીત થવાની નિશાની છે, કેમકે હથિયારને પાછું છટકાવ્યા વિના તેનો જબરો ઘા થઈ શકતો નથી. ભૂવડ, પોતાના સુભટો અને લશ્કરને ફરીથી શૂર ઉપજાવવામાં ફતેહ પામ્યો, એટલે લડાઈની મસલહત કરવાને સુભટોની સભા કરી, તેમાં એવો ઠરાવ કરચો કે રાજાએ પંડે તત્કાલ ગૂજરાત ઉપર હલ્લો કરવો. ઘેરથી નીકળતાં રસ્તામાં સારા શકુન થયા, અને વાદિત્રના, રણશિંગાના અને દુન્દુભીના નાદના, ધડધડાટ આકાશમાં થવા લાગ્યા.

સેના પાસે આવી પોહોંચી એટલે, જયશિખરી પંચાસરના દરવાજા બંધ કરીને માંહે પેઠો, પછી રાજા ભૂવડે નગરને ઘેરો ઘાલ્યો. પ્રથમ મિહિરે હલ્લો કરચો, તેને શૂરપાળે પાછો હઠાવ્યો. પંચાસરના રાજાએ પોતાના સુભટોને એકઠા કરીને કહ્યું કે, જેમને પોતાનો જીવ વાહાલો હોય તેમણે સુખેથી ઘેર પાછા જવું. પણ સર્વેએ સરખું ઉત્તર આપ્યું કે અમે ઊંચા કુળના રજપૂત છિયે અને અમે સર્વે તમારી સાથે મરવાને તૈયાર છિયે. આવી આપટીની વેળાએ જે પૂઠ દઇને પોતાના નામને એબ લગાડે તેનું માંસ કાગડા પણ ખાય નહિ અને તે કોટી કલ્પ સુધી નર્કમાં રેહે.

બાવન દિવસ સુધી હલ્લા કરયા પણ કાંઈ વળ્યું નહિ, એટલે રાજા ભૂવડે મિહિરને સલાહ પૂછવા બોલાવ્યો, તેણે કહ્યું કે શૂરપાળને ફોડવાની મેહેનત કરવી. પછી આકડાના દૂધ વતે કાગળ લખીને શૂરપાળ ઉપર મોકલ્યો તે તેણે કંકુ ચોળીને વાંચ્યો; પણ રાજા ભૂવડનું લખેલું તેણે સ્વિકાર્યું નહિ અને જવાબમાં લખ્યું કે "પાણી એકવાર જે દૂધ સાથે મળી ગયું તે તેમાંથી જૂદું પડતું નથી તેમ હું જયશિખરીનાથી જૂદો પડી શકતો નથી. ઓ! મૂર્ખના શિરોમણી, હું ઊંચ કુળનો છું, મને ફોડવાની આશા તું કેમ રાખેછે? ત્રણ લોકનું રાજ્ય આપવા કરે પણ જે વર્ણસંકર હોય તેજ લેવાનું મન કરે."

રાત પડે ત્યારે બન્ને રાજાઓ, પોતપોતાના લશ્કરને લડવાને શૂર છૂટે, અને યુદ્ધ કરવાની રીત જાણવામાં આવે, એટલા માટે મહા ભારતની કવિતા ગવરાવે. જે વેળાએ ભીમના અદ્‌ભુત પરાક્રમની વાતો ગૂજરાતના સુભટોના સાંભળવામાં આવે ત્યારે તેમને ઘણો જુસ્સો ઉત્પન્ન થાય, અને તેઓ પૂછે કે "રાત ક્યારે ખૂટશે; સવાર ક્યારે થશે, કે અમને લડવાનું મળે?"

(દુહા).

વાટ જુવે નિજ પતિ તણી, વનિતા વિયોગી જેમ;
વ્યાકુળ થઈ વાહાણાતણી, સુભટ જુવે સૌ તેમ.
રણ સંગ્રામે જે પડે, ભારથમાં છે સાર;
તેને તો ઇંદ્રજ તણી, વરે અપ્સરા નાર.
અધિરા થઈ આનંદથી, એમ કરે ઈચ્છાય;
કાષ્ઠ ધૂળનાં ઘર તજી, સ્વર્ગે જઈ વસાય.
આજ્ઞા જયશિખરી તણી થઈ તે થતાં સવાર
સુભટ શોભિતા સૌ થયા, તત્પર તેણી વાર.
રણમાંથી જીતી કરી, વળવાની નહિ આશ;
પણ વઢી મરી જઈ અપ્સરા વરવા કેરી આશ.
નિહાળા નિશ્ચય સુભટનો, સ્વર્ગતણી સૌ નાર;
પ્રીત થકી સૌ પરણવા, સજી થઇ રહી તૈયાર.
સૌ સુભટોએ સ્નેહથી, કવચ ધર્યાં જે વાર;
સજી શણગાર બની રહી, સર્વ સ્વર્ગની નાર.
સૌ સુભટો એ સ્નેહથી, શસ્ત્ર સજ્યાં જે વાર;
વરમાળા કરમાં ગ્રહી, રહી ચોભી સૌ નાર.
સુભટોએ જ્યારે ગ્રહી, તુરીતણી લગામ;
બેઠી ઝટ વૈમાનમાં સ્વર્ગ તણી સૌ સ્યામ.

રૂપસુંદરિયે અંત:પુરમાંથી ચાલતા યુદ્ધના ભયંકર અવાજ સાંભળ્યા એટલે પોતાના પતિને બોલાવ્યો અને તેને વિનવીને કહ્યું કે " સ્વામીનાથ ! જ્યાં સુધી સારા શકુન થયા નથી, ત્યાં સુધી રણસંગ્રામમાં પડવાની હામ બકવી નહિ." પણ જયશિખરી બોલ્યો કે, " કન્યાકાળને સમયે અને રિપુ દરવાજા સુધી આવી પોહોંચ્યો હોય ત્યારે શકુન જોવા નહિ, પણ શ્રીકૃષ્ણનું નામ લેવું. જેમ ગાજવીજના તોફાનની વેળાએ વાદળાં એક બીજાની સાથે અથડાય છે, તેમ એક બીજાની ફોજ સામાસામી આવી ગઈ; તેમનાં હથિયાર વીજળીની પેઠે ચમકારા દેવા લાગ્યાં; જેમ મેઘની ગર્જના થાય તેમ ધરતી, પગના ધમકારાથી, ધમધમવા લાગી; લડાઇનાં વાદિત્ર વાગી રહ્યાં; તેથી બીકણ હોય તેનામાં પણ શૂર આવે. જેમ વર્ષાઋતુમાં વર્ષાદ વરશી રેહેછે તેમ બાણ અને અસ્ત્રનો વર્ષાદ વરશી રહ્યો; હળ, મુશળ ને ફરશીથી તેઓ લડવા લાગ્યા; હાથી સામા હાથી, ઘોડા સામા ઘોડા; ને રથી સામા રથી. લોહીની નદિયોમાં કપાઈ મરેલાનાં મરદાં તરવા લાગ્યાં; રણ સંગ્રામનો પોકાર જેમ વધવા લાગ્યો તેમ સુભટો, આનંદ પામવા લાગ્યા. જેઓ હિંમત હારી જતા તેઓને ભાટ લોકો લલકારતા હતા. તેઓ કેહેતા કે, " ઓ શૂરવીરોના પુત્રો ! રંગ છે તમને, આ રણભૂમિ રૂપી તીર્થ તમને ફરી ફરીને મળવાનું નથી, માટે જગતમાં જશ મેળવો, ને સ્વર્ગ પામો. દેવતાઓના મુખમાંથી વાહ વાહ ના અવાજ કઢાવો અને અમર થાઓ."

યુદ્ધનો ધુંધાટ આકાશમાં પોહોંચ્યો ને દેવતાઓને કાને જઇ લાગ્યો; તેઓને લાગ્યું કે આ તે કુરૂક્ષેત્રમાં* ફરીને યુદ્ધ થયું કે શું ? અપ્સરા નાચવા લાગી, ગાંધર્વ હતા તે ગાવા, વગાડવા લાગ્યા. ને પાતાળવાસી નાગ અને દેવતાઓ કંપવા લાગ્યા. શિવ હતા તે રણ ભૂમિઉપર ભટકવા લાગ્યા ને પોતાની કદિ પૂરી થાય નહિ એવી જે રૂંઢમાળા તેમાં શૂરવીરોનાં મસ્તક લઈ પરોવવા લાગ્યા. ડાકણો અને ભૂત તેની આસપાસ વિંટાઈ વળ્યાં. જોગણિયો અને માંસભક્ષણકરનારા, પોતાનાં ખપ્પર લોહીથી ભરવા, ગિધપક્ષીની પેઠે લલચાઈ આવી પોહોંચ્યાં.

શૂરપાળે પોતાના સદાના શૂરપણાથી, ભટની સેનાને પાછી હઠાવી; પણ

*પાંડવકૌરવોનું મહાભારતમાં વર્ણવેલું યુદ્ધ કુરૂક્ષેત્રમાં થયું હતું. ભા૦ ક૦

જે લોકો પાછા હઠતા હતા તેઓનો ધિક્કાર કરી ધમકાવીને રાજા ભૂવડે કહ્યું કે "જો પાછા હઠ્યા તો તમને મારે હાથે પૂરા કરીશ." ભટ મરણિયો થઇને શત્રુની ફોજમાં તૂટી પડ્યો; ત્યાં તેણે ઘણા જણને માર્યા પણ તેના ઉપર બાણનો વર્ષાદ વર્ષવાથી તે પડ્યો ને શૂરપાળના હાથથી મરણતોલ ઘવાયો. ભટની ઉંધે માથે ઝોકાવાની હિંમતથી કામ સર્યું. કેમકે તેની સેના, જયશિખરીની સેનાને હઠાવવામાં જીત પામી, અને કિલ્લાની પશ્ચિમ બાજુએ જઇ કિલ્લો તોડ્યો.

જયશિખરિયે, જાણ્યું કે આ લોહી લોવાણ લડાઈમાં મારા ઘણા સુભટો માર્યા ગયા, તેથી હવે જીતવાની આશા રહી નહિ, એટલે શૂરપાળને બોલાવીને કેહેવા લાગ્યો કે, "તારી ગર્ભવંતી બેહેન રૂપસુંદરીને કોઈ નિર્ભય ઠેકાણે લઈ જા, કે મારા વંશનું બીજ રેહે." શૂરપાળે પ્રથમ તો ના કહી, પણ રાજાએ તેને પોતાના સોગન દઇને કહ્યું કે "મારી ખાતર તું એટલું "કામ કર. મારા વંશમાં કોઈ શ્રાદ્ધ કરનાર નથી, તેથી હું મોક્ષ નહિ "પામું, ને મારા વંશમાં કોઈ હશે નહિ તેથી અરે ભાઈ! મારા શત્રુ નિષ્કં"ટક રાજ્ય ચલાવશે." આ પ્રમાણે આગ્રહ કરવાથી શૂરપાળ, પોતાની બેહેનને લઇને કિલ્લામાંથી નીકળી ચાલ્યો; પણ નાશી જવાનું કારણ રૂપસુંદરીના જાણવામાં આવ્યું એટલે આગળ ડગલું ભરવાને પણ ના કહ્યું ને પોતાના પતિની સાથે સતી થઈ બળી મરવાનો પોતાનો દૃઢ નિશ્ચય હતો તે તેણે નિવેદન કર્યો. પણ વંશનો નાશ થવાના કારણથી શૂરપાલને અસર થઈ હતી તેજ કારણ તેણે પોતાની બેહેનને સમજાવીને શાન્ત પાડી. તેને પછી એક રણમાં મૂકીને જયશિખરીની સાથે મરવાને પોતે પાછો આવ્યો.†

તે દરમિયાનમાં, રાજા ભૂવડે જોયું કે, કિલ્લાનું રક્ષણ હવે થઈ શકે

† શેકસપિયર કવિકૃત ઇંગ્લંડના ૬ ઠ્ઠા હેનરી રાજાના નાટકના ત્રીજા ભાગના ચોથા અંકના ચોથા પ્રવેશમાં પણ આવોજ વિચાર છે.

"મારા ગર્ભસ્થાનમાં એડવર્ડ રાજાનો વંશજ છે, તેના ઉપરના પ્રેમને લીધે "હું નિરાશા તજુંછું. અને એજ કારણે કરીને મારા મનના ઉછાળા હું વશમાં "રાખુંછું, તથા મારા ઉપર જે આપત્તિ આવી પડી છે તે નરમ થઈને સહન કરૂંછું; "અરે! એજ કારણને લીધે હું મારાં આંસુ પડતાં અટકાવું છું અને લોહી ચૂશી"ખાતો નિશ્વાસ ઉઠતો અટકાવુંછું; કે રખે ને નિશ્વાસ નાખવાથી એડવર્ડ રાજાનો "વંશ અને ઈંગ્લંડની ગાદીનો ખરો વારસ મારા ગર્ભસ્થાનમાંથી સરી પડે અ"થવા મારા આંસુમાં બૂડી જાય"

એવું નથી, એટલે જયશિખરીને કેહેણ કાહાવ્યું કે, ચાલ પ્રમાણે જો તુ મોંમાં તરણું લઈ, અવળા હાથ બાંધી, મારે શરણે આવી પગે પડે તો ગૂજરાતનું રાજ પાછું તને સોંપી દઉં. જયશિખરિયે ઉત્તર વાળ્યું કે "એ "રીતે શરણ થયા પછી મને જીવવું સારૂં લાગવાનું નથી, ગૂજરાતને બદલે "સ્વર્ગ પામીશ તો તે સારો બદલો થશે, અને હું ચાવડા વંશનો છેલ્લો છું "તે તેની કીર્ત્તિ મારી પછવાડે મૂકતો જઈશ." આવું સાંભળી ભૂવડને ઘણો ક્રોધ ચડયો એટલે પોતાની જીત પૂર્ણ કરવાને તત્કાળ તૈયાર થયો. જયશિખરીની પાસે થોડી સેના રહી હતી તેનું ઘણી સેના આગળ ચાલ્યું નહિ. રાજાએ પોતે શત્રુની સેનાને ઘાસની પેઠે કાપી નાંખીને સારો ટકાવ કરયો પણ છેવટે તે મરાયો ને તેના શરીર ઉપર થઇને શત્રુ પંચાસરમાં પેઠો*કિલ્લાના રક્ષકો અને દરબારના રક્ષકોએ મરતા સુધી તેમને પેસવા દીધા નહિ, પણ છેવટે ભારે મારામાર થયા પછી, ભૂવડે મેહેલમાં પ્રવેશ કરયો. ત્યાં દાસિયો ઘણા જુસ્સાથી સામી થઈ. ને હાથમાં ભૂંગલ કે જે કાંઈ આવ્યું તે લઇને દુશ્મનોને શેહેરના દરવાજા બાહાર હઠાવી દીધા. તેમની ઇચ્છા જયશિખરીની લાસ લેવાની હતી તે અહિ પૂરી થઇ. પછી તેમણે ચંદનની ચિતા ખડકી માંહિ નાળિયેર નાંખ્યાં અને જયશિંખરીની સાથે તેઓ સર્વે બળી મોઈ, તેમાં વળી ચાર રાણિયો, દાસદાસિયો સાથે ચિતામાં પડી. નગરના લોકોમાંથી જેઓ રાજાના ઉપર ઘણો સ્નેહ રાખતા હતા તે પણ પોતાના રાજાની સાથે સ્વર્ગના રાજાની હજુરમાં જવા બળી મુવા. છેલ્લીવારે ભૂવડ, પોતાની ફોજ સહિત અંદર ધશી ગયો ને ચિતા બળતી બંધ કરાવી, ઘટિત રીતે ચાવડા રાજાની મૃત્યુક્રિયા પોતાને હાથે કરીને તેનાં વખાણ કર્યાં કે આવા ખરા શૂરવીરને જન્મ આપનારને ધન્ય છે. તેને જ્યાં અગ્નિદાગ દીધો તેના ઉપર શિવનું દેરૂં ચણાવી તેમાં શિવની સ્થાપના કરીને તેમનું નામ "ગૂ-

---

* કૃષ્ણદાસ કેહેછે કે, જયશિખરિયે ત્રણ દિવસ સુધી લડાઈ કરી, પછી બે હાથ કપાયા તેથી શસ્ત્રવિનાનો થયો, તો પણ તેણે ભૂવડની છાતીમાં લાતોનો પ્રહાર કરયો, એટલે ભૂવડ મૂર્છિત થઈને પડયો ને લોકોએ જાણ્યું કે જમને ઘેર ગયો. એટલામાં જયશિખરીને પછવાડે રહીને બે મલ્લોએ તરવારો મારીને માથું કાપ્યું. પછી ત્રણ દિવસ સુધી ધડ ઝુઝીને પડયું, ત્યારે ભૂવડે જાગીને એવું કહ્યું કે "ઓ ! ક્ષત્રિય પુત્ર ! તારા માબાપને ધન્ય છે. તું બહુ પરાક્રમી કોઈ દેવનો અંશ છે. અરે બુદ્ધિશાળી તારે અંતસ્થાને ગૂર્જરેશ મહાદેવનો શુદ્ધ પ્રાસાદ કરાવીશ." એમ કહીને વારે વારે પ્રણામ કરીને નિઃશંક થઇ નગરમાં પેઠો.

ભાષાન્તર કર્ત્તા.

જેરેશ્વર" પાડ્યું. જે દિવસે જયશિખરી પડ્યો તે દિવસે સૂર્ય ઝાંખો દેખાયો, ચારે દિશાઓ ભયંકર દેખાવા લાગી, ને પૃથ્વી કંપવા માંડી, ને નદિયોનાં પાણી ડોહોળાયલાં જેવાં થઈ ગયાં; પવન ઊંનો વાવા માંડ્યો, હોમના અગ્નિમાં ભારે ધૂમાડા નીકળવા માંડ્યા, આકાશમાંથી તારા ખરવા માંડ્યા, આ બધા ઉત્પાત જોઇને લોકોએ જાણ્યું કે આજે કોઈ મ્હોટો પુરૂષ પડ્યો.

રાજા ભૂવડે કચ્છ અને સોરઠના રાજાને ×જીત્યા અને ગૂજરાતની શોભા જોઇને તેને ત્યાં રેહેવાનું મન થયું; પણ તેના સલાહકારોના કેહેવાથી તેણે જાણ્યું કે હજુ તો શૂરપાળ એક બાજુમાં કાંટાની પેઠે ખુંચતો રહ્યો છે તેથી આસપાસના રાજાઓ ઉપર ખંડણી બેસારીને અને ગૂજરાતમાં પોતાનો એક સૂબો ઠરાવીને પોતાને દેશ ગયો.

શૂરપાળ, પોતે, પોતાની બેહેનને નિર્ભય ઠેકાણે રાખીને પાછો આવ્યો ત્યારે જયશિખરી મરાયો હતો તેથી પ્રથમ તો એકાએક તેના મનમાં ઉભરો ભરાઈ આવ્યો કે, "મારે પણ લડાઇમાં પડવું ને એની પછવાડે મરવું." પણ પછી તેણે વિચાર્યું કે, "હું જો લડાઈમાં માર્યો જઇશ તો ભૂવડનું રાજ્ય નિષ્કંટક થશે; જે બનવાનું હતું તે બની ચૂક્યું છે. આગળને માટે હવે વિચારવાનું છે. જો ભાગ્યયોગે મારી બેહેનને પુત્ર પ્રસવશે તો ગૂજરાતનું રાજ્ય હું પાછું મેળવીશ; મારા આશ્રયવિના એ કામ બનશે નહિ." પછી તે પોતાની બેહેનને ખોળવાને નીકળી પડ્યો. પણ તેને તેનો કશો પત્તો લાગ્યો નહિ. કેટલાક કેહેછે કે તેને મોં બતાવવાની શરમ લાગી તેથી તે સારી વેળાની વાટ જોતો ગિરનાર પર્વતના વનમાં ઉપર રેઠાણ કરી રહ્યો.

આણીમગ શૂરપાળના ગયા પછી રૂપસુંદરીને એક ભીલડિયે જોઈ, તેને કોઈ મ્હોટું માણસ જાણી માન દઇ કેહેવા લાગી. "બેહેન! આ વ-
"નમાં મારા ભેગાં તમે રોહો. ફળ ફૂલ, પાન ખાવા સારૂ પર્વતમાંથી મળી
"આવશે. અહિ તમારે કાંઈ ભય નથી." આવી વાત સાંભળીને છૂટા

× કચ્છ અને સૌરાષ્ટ્રના રાજા જયશિખરીની મદદમાં આવ્યા હતા તે હાર્યા તેથી કચ્છમાંના વાગડ ભાગમાં ગેડી (ઘૃતપદ્દી) તથા ગરડામાંના હાલના નખત્રાણા તાબાના ગુંતરીમાં સોલંકી રજપૂતનાં થાણાં બેસાર્યાં. વનરાજ ચાવડે પોતાનું રાજ્ય પાછું મેળવ્યું ત્યારે આ થાણે આવેલા ત્યાંના ધણી થઈ પડ્યા,

છેડા થાય ત્યાં સુધી રેહેવાને તેણે માન્ય કરયું, પછી તેને પુત્રનો પ્રસવ થયો. સંવત્ ૭૫૨ ના વસંત ઋતુમાં વૈશાખ શુદિ ૧૫ ને દિવસે સૂર્ય ઉદયની વેળાએ આ પૃથ્વીના સૂર્યનો ઉદય થયો; તે મહાપરાક્રમી અને ગૌબ્રાહ્મણપ્રતિપાળ થવાનેજ સૃજ્યો. તે દિવસે સૂર્ય નિર્મળ ઉગ્યો, આકાશ પણ નિર્મળ થયું, નદીનાં જળ પણ નિર્મળ વેહેવા માંડયાં, અને બ્રાહ્મણોના યજ્ઞકુંડમાંથી ધૂમાડો નીકળવા માંડયો નહિ, તેથી લોકોએ જાણ્યું કે કોઈ વીર પુરૂષનો જન્મ થયો.

જેવામાં કુંવર છ મહિનાનો† થયો હતો તેવામાં રણમાંથી જતાં એક યતિએ, ઝાડની ડાળિયોએ બાંધેલું ખોયું દીઠું અને ત્યાં આવીને જૂવેછે તો નિદ્રાવશ થયલો કુંવર જાણે સ્વર્ગના રાજાના દરબાર માહેલો કોઈ હોયની એવો દીસવા લાગ્યો, તેથી આશ્ચર્ય પામીને તપાસ કરયો તો તેની મા રાજાની રાણી નીકળી. તેને પછી ઘટિત માનથી નગરમાં લઈ આવ્યો. પછી જયશિખરીના મરણની વાત તેણે રાણીને કહીને ઘણી ધીરજ આપી ને ખાતરીપૂર્વક જણાવ્યું કે હું બાળકનું રક્ષણ કરીશ. વનમાં જન્મ્યો તેથી પેલા યતિએ કુંવરનું નામ "વનરાજ" એટલે વનનો રાજા એવું પાડયું. પણ તેના જન્મની વાત શૂરપાળના જાણવામાં તરત આવી ગઇ. તે બારવટે રહીને ભૂવડ રાજાના સૂબાને હેરાન કરતો હતો. ત્યાં પોતાની બેહેનના કુંવરને છાનોમાનો લઈ આવ્યો. પછી તેની સંભાળમાં, કુંવર ચૌદ વર્ષનો થતા સુધી, સિંહના બચ્ચાની પેઠે તે હિંમત, બળ અને ડાહાપણ વધારતો ઊછરયો. તે દરમિયાનમાં પોતાના પિતાનું રાજ્ય પાછું મેળવવાના વિચાર તેના મનમાં થતા હતા.*

---

† અંગ્રેજીમાં છ વર્ષ છે તે ભૂલ છે. ભા. ક.

* શાસ્ત્રી વ્રજલાલ કાળિદાસે પ્રાચીન ગ્રંથો ઉપરથી કરેલા શોધ પ્રમાણે–

"વિક્રમ રાજાના સંવત્‌ના સાતસેં વર્ષ વીત્યાં, તે સમયે ગૂર્જર દેશનું રાજ્ય કાન્યકુબ્જ (કનોજ) દેશના રાજાએ ખેટકપુર (ખેડા) (જે ગૂજરાતનું તે વખતે રાજ્યનગર હતું તે)માંથી ગૂર્જરવંશી રાજાને નસાડીને પોતાનું રાજ્ય સ્થાપ્યું. વલભીપુરમાં તે સમયે સૂર્યવંશી ધ્રુવપટુ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને કનોજના

# પ્રકરણ ૩.

## વનરાજ અને તેના ક્રમાનુયાયી-અનહિલપુરનો.

### ચાવડા વંશ†

| | ગાદીપતિ | | સુધી | | |
|---|---|---|---|---|---|
| | સંવત્ | સન | સંવત્ | સન | વર્ષ રાજ્ય કર્યું. |
| ૧ વનરાજ | ૮૦૨ | ૭૪૬ | ૮૬૨ | ૮૦૬ | ૬૦ |
| ૨ યોગરાજ | ૮૬૨ | ૮૦૬ | ૮૯૭ | ૮૪૧ | ૩૫ |
| ૩ ક્ષેમરાજ | ૮૯૭ | ૮૪૧ | ૯૨૨ | ૮૬૬ | ૨૫ |
| ૪ ભૂવડ (પિથુ) | ૯૨૨ | ૮૬૬ | ૯૫૧ | ૮૯૫ | ૨૯ |
| ૫ વૈરીસિંહ (વિજયસિંહ) | ૯૫૧ | ૮૯૫ | ૯૭૬ | ૯૨૦ | ૨૫ |
| ૬ રત્નાદિત્ય (રાવતસિંહ) | ૯૭૬ | ૯૨૦ | ૯૯૧ | ૯૩૫ | ૧૫ |
| ૭ સામતસિંહ (ભૂયડદેવ) | ૯૯૧ | ૯૩૫ | ૯૯૮ | ૯૪૨ | ૭ |
| | | | | | ૧૯૬ |

વનરાજની ઉત્પત્તિ વિષે, જૈન ગ્રંથકાર લખી ગયા છે તે, તથા ગૂ-

---

આમ રાજાએ પોતાની રત્નગંગા નામની પુત્રી પરણાવી અને બીજી પુત્રી લાટ દેશના (ભૃગુકચ્છના) રાજાને પરણાવી હતી. કનોજનો રાજા રાષ્ટ્રકૂટ વંશનો ક્ષત્રિય હતો. તે ગોપગિરિ દુર્ગમાં રેહેતો ને સાર્વભૌમ રાજા થયો હતો. તે બૌધ આચાર્યના પ્રસંગથી વેદ ધર્મ છોડી બૌધ ધર્મી થયો હતો. તેણે વલભીપુરના ધ્રુવપટુ અને ભૃગુકચ્છના ચૌલુક્ય રાજાને પુત્રી દઈ બૌધ ધર્મી બનાવ્યા હતા. અને પોતે મેળવેલું ગૂર્જર દેશનું રાજ્ય પોતાની રત્નગંગા પુત્રીને કાંચળીમાં આપ્યું. તેથી વલભી રાજ્ય સાથે જોડાયું. ગૂર્જરવંશી રાજાએ બ્રાહ્મણોને દાનમાં આપેલી ભૂમિ ઉપર આ બૌધ ધર્મી રાજાએ કર નાખ્યો. તે ન લેવા બ્રાહ્મણોએ વિનવ્યા પણ તે ન માનવાથી બ્રાહ્મણો કનોજના મહારાજા પાસે ગયા, ત્યાં પણ તેમને કર માફ ન થવાથી નારાજ થઈ ગૂર્જર દેશના વઢિયાર પ્રાંતમાં પંચાસરપુરમાં ચાપોત્કટ વંશનો જયશેખર નામનો વેદધર્મી રાજા રાજ્ય કરતો હતો તે પાસે ગયા. તેનું રાજ્ય જો કે ન્હાનું હતું પણ તે બહુ બળવાન્ હોવાથી બ્રાહ્મણોને આ-

જરાતમાં જે દંતકથા ચાલેછે તે, રત્નમાળામાં આપેલા વર્ણન સાથે મળતું આવેછે. ચાપોત્કટ અથવા ચાવડાનો વંશ જેમાંથી પંચાસરના રાજા થયા, તેની ઉત્પત્તિ, સિંધુ નદીના પશ્ચિમ ભણીના દેશમાંથી થઈ હશે એવી ધારણા થાયછે. તે વંશ સૂર્ય વંશમાંથી કે ચંદ્ર વંશમાંથી થયો નથી, ને તે માત્ર પશ્ચિમ હિંદુસ્તાનમાંજ પ્રસરયો હતો. સોરઠને કાંઠે, દેવ અને પટ્ટણ-

---

શ્રય આપી વલભીરાજા પાસેથી ગૂર્જર દેશનું રાજ્ય જીતી લઈ, ત્યાંનો પોતે રાજા થઈ, બ્રાહ્મણોને કર માફ કરયો. આથી ધ્રુવપટુ રાજાએ પોતાના સસરા કનોજના સુધન્વા રાજાને એ વૃત્તાંત કાહાવી મોકલ્યો. તે ઉપરથી રાષ્ટ્રકૂટ રાજા મોટી સેનાથી ગૂર્જરદેશના જયશેખરને જીતવાને આવ્યો. પંચાસરને ઘેરો ઘાલ્યો. જયશેખર રાજાએ પોતાનો પરાજય થયો એવું જાણી મરતી વેળાએ પોતાના સાળા શૂરપાળને કહ્યું કે "જે થવાનું તે થયું પણ હવે તમારે કોઈએ યુદ્ધ કરવું નહિ. તારી બેહેન (રાણી) ગર્ભિણી છે તેને અહિંથી થોડે દૂર પ્રછન્ન પ્રદેશમાં ધર્મારણ્ય ક્ષેત્ર છે ત્યાં મોઢેરા બ્રાહ્મણ ઋષિયો તપ કરેછે અને પિલુડિયોના વનમાં રેહેછે તેમને મારૂં નામ આપી સોંપી આવો. એટલે તેનું ત્યાં રક્ષણ થશે." તે ઉપરથી શૂરપાળ પોતાની બેહેન અક્ષતા રાણીને બ્રાહ્મણોના આશ્રમે મૂકી આવ્યો. બ્રાહ્મણોએ તેનું સારી રીતે સંરક્ષણ કરયું. શૂરપાળ બા'રવટે ગયો. રાણી અક્ષતા (છત્તા)ને કુંવર જન્મ્યો. વનમાં જન્મ્યો માટે બ્રાહ્મણોએ વનરાજ નામ પાડયું. જાતકર્માદિક સર્વ સંસ્કાર કર્યા. એ આશ્રમ પાસે ઇંદ્ર નામનું સરોવર હતું. તેને કાંઠે વનરાજ બ્રાહ્મણોના છોકરા સાથે રમતો અને મસ્તી કરતો. બ્રાહ્મણો પાસે વનરાજ વિદ્યાભ્યાસ કરવા લાગ્યો. જનોઈ દીધા પછી વેદ ભણ્યો. વિષ્ણુગુપ્તાદિક પંડિતોએ રચેલા નીતિ ગ્રંથ શીખ્યો, ઇતિહાસની પુરાતન વાતો સાંભળતો. પછી તેણે પોતાનું ગૂર્જરદેશનું રાજ્ય હસ્તગત કરવાનો વિચાર કરયો. એક સમયે ઈંદ્રસરોવરને કાંઠે ગ્રીષ્મ ઋતુમાં વડના ઝાડ નીચે વનરાજ સૂતો હતો. સૂર્ય નમ્યા પછી વનરાજના મોં ઉપર તડકો આવ્યો ત્યારે એક નાગે આવી તેની ઉપર ફણ કરી હતી. ફણની છાયા વનરાજના મોં પર બ્રાહ્મણોએ જોઈ વિચાર્યું કે "આ રાજા બાહારના શત્રુઓને હણીને ગૂર્જર દેશનો રાજા થશે, અને તે સાથે સૌરાષ્ટ્ર અને લાટ દેશના રાજાને પણ જીતશે. આ રાજાના જન્માક્ષરમાં જેમ રાજ્યપદ લખેલ છે તેમ પરાક્રમી પણ જણાયછે." પછી વનરાજ પોતાના મામા શૂરપાળને સાથે લઈને બાહારવટે નીકળ્યો. પ્રથમ દશ યોદ્ધા સંગાતી થયા, પછી થોડે થોડે સૈન્ય વધ્યું. એક વખત કનોજ દેશના ભૂભટ રાજાનું સૈન્ય ગૂર્જર દેશની ખંડણી ઉઘરાવવા આવ્યું હતું તે ચોવીશ લાખ સૂવર્ણની મોહોરો અને ચારસેં જાતવંત ઘોડા લઈને સ્વદેશ જતું હતું તેને વનરાજે જીતીને સઘળું લૂટી લીધું. પછી એક વર્ષ સુધી કાલુંભર વનમાં વનરાજ છુપાઈ રહ્યો, ને પછી ગૂર્જરદેશનો રાજા તે બળથી થયો. મોઢેરા બ્રાહ્મણોના ગ્રંથમાં, વનરાજની માતા છત્તા (અક્ષતા) આશ્રમમાં આવી અને વનરાજ મ્હોટો થયો તે સંબંધી હકીકત સવીસ્તર લખી છે. જૈન લોકોના ગ્રંથમાં જૈન સાધુ શિલગુણસૂરિએ વનરાજની માતાને આશ્રય આપ્યો એમ

સોમનાથ એવાં બે બંદર છે તેના ઉપર, જયશિખરી અથવા જશરાજ ચાવડાના પેહેલાંના રાજા રાજ્ય કરતા હતા એવું કેહેવાયછે. કદાપિ તેઓ વલભીના રાજાના ખંડિયા હશે અને તે શેહેરનો નાશ થયા પછી, કોઈ અડચણ કરે નહિ એવા પંચાસર નગરમાં નાશી આવ્યા હશે, અને આગળ લખ્યા પ્રમાણે, વલભીના જૈન લોકો અને બીજી પ્રજા પણ પોતાનું રક્ષણ થવાને અર્થે ત્યાં આવીને રહી હશે. પંચાસર નામે એક ન્હાનું શેહેર રાધનપુરના નવાબના તાબાનું, કચ્છના ન્હાના રણની એક કોરે હજી લગણ

---

લખેલ છે, એ વાત ખોટી છે. કેમકે જૈન સાધુઓનો એવો ધર્મ છે કે એનાથી વનમાં રાણીને આશ્રય આપી શકાય નહિ. વળી જૈન ગ્રંથકાર લખે છે કે "तद्वेषी नैव मन्यते" અમે રાણીને આશ્રય આપ્યો તે દ્વેષી બ્રાહ્મણ માનતા નથી. આ લખવા ઉપરથી બ્રાહ્મણોએ આશ્રય આપ્યો છે એ વાત સાચી ઠરેછે. વનરાજ ચાવડો પોતે નવીન નગર બાંધવાને શૂરવીર ભૂમિ ખોળતો હતો, એવામાં અણહિલ્લ રબારિયે એને "यत्र शशकेन श्वात्रासित" જયાં શશલે કૂતરાને નસાડયો છે, એવી શૂરવીર ભૂમિ દેખાડી, પછી વનરાજે એ સ્થાનમાં અણહિલ્લ રબારીને નામે અણહિલ્લપુર વસાવ્યું તે સમયે વનરાજ વર્ષ ૫૦ ની ઉંમરનો હતો. ત્યાં વિક્રમ સંવત ૮૦૨ અષાડ શુદિ ૩ દિને વનરાજનો રાજ્યાભિષેક થયો."

ર. ઉ.

†પ્રાચીન ગૂજરાત (Early Gujarat) નામના ગ્રંથમાં નવા શોધ અને કલ્પના પ્રમાણે નીચે મુજબ છેઃ—

વનરાજ જન્મ્યો સન ૭૨૦, ગાદિયે બેઠો ઈ. સન ૭૬૫. ને તેનું મરણ ઈ. સ. ૭૮૦ અને વર્ષ ૧૫ રાજ્ય કર્યું. પછી

છવીશ વર્ષનું અંતર

યોગરાજ ઈ. સન ૮૦૬ થી ૮૪૧

રત્નાદિત્ય ઈ. સ. ૮૪૨

વૈરીસિંહ ઇ. સન ૮૪૫ (ભૂયડ ?) ઇ. સ. ૮૮૧

ક્ષેમરાજ — ચામુંડ ઈ.સ. ૮૫૬

ઘાઘડ અથવા રાહડ ઇ. સ. ૯૦૮

નામ ન જણાયલું. સન ૯૩૭ થી ૯૬૧

આ રીતે તેનો વંશ બતાવેલ છે. તે રાજાઓએ નીચેના અનુક્રમ પ્રમાણે રાજ કર્યું—

છે. ચંદુર ગામ જે પંચાસરની ઉત્તરે થોડેક મૈલને અંતરે છે તે વનરાજની જન્મ ભૂમિ કહેવાયછે; અને બીજું એક ન્હાનું શેહેર જે વનરાજના નામ

| | ગાદીપતિ | | મરણ | | |
|---|---|---|---|---|---|
| | સંવત્ | સન | સંવત્ | સન | રાજ કર્યું વર્ષ. |
| વનરાજ | ૮૨૧ | ૭૬૫ | ૮૩૬ | ૭૮૦ | ૧૫ |
| (ગાળો) | ૮૩૬ | ૭૮૦ | ૮૬૨ | ૮૦૭ | ૨૬ |
| યોગરાજ | ૮૬૨ | ૮૦૭ | ૮૯૧ | ૮૩૬ | ૨૯ |
| રત્નાદિત્ય | ૮૯૧ | ૮૩૬ | ૮૯૪ | ૮૩૯ | ૩ |
| વૈરીસિંહ | ૮૯૪ | ૮૩૯ | ૯૦૫ | ૮૪૯ | ૧૧ |
| ક્ષેમરાજ | ૯૦૫ | ૮૪૯ | ૯૩૭ | ૮૮૧ | ૩૪ |
| ચામુણ્ડરાજ | ૯૩૭ | ૮૮૧ | ૯૬૪ | ૯૦૮ | ૨૭ |
| ઘાઘડ | ૯૬૫ | ૯૦૮ | ૯૯૨ | ૯૩૬ | ૨૭ |
| તેનો કુંવર | ૯૯૩ | ૯૩૭ | ૧૦૧૭ | ૯૬૧ | ૨૪ |
| | | | | | ૧૯૬ |

"સુકૃત સંકીર્ત્તન" નામના ગ્રંથમાં ચાપોત્કટ વંશના રાજા આ રીતે લખ્યા છે—

૧ વનરાજ, ૨ યોગરાજ, ૩ રત્નાદિત્ય, ૪ વૈરીસિંહ, ૫ ક્ષેમરાજ, ૬ ચામુંડરાજ, ૭ રાહુરાડ અથવા રાહડ, અને ૮ ભૂભર અથવા ભૂભટ એને સંવત્ ૧૦૨૨ (ઈ. સ. ૯૫૬) માં ચાલુક્ય વંશના મૂળરાજે મારી રાજ્ય લીધું.

"પ્રબંધ ચિન્તામણિ" સંસ્કૃત ગ્રંથ મેરૂતુંગાચાર્યનો બનાવેલો શાસ્ત્રી રામચંદ્ર દીનાનાથે ટીકા કરેલ સન ૧૮૮૮ માં છપાયો છે તેમાં ચાવડા વંશ આ રીતે આપ્યો છે-

વનરાજ—સંવત્ ૮૦૨ વૈશાખ શુદિ ૨ સોમને રોજે અણહિલવાડમાં ગાદિયે બેઠો અને સં. ૮૬૨ માં દેવ થયો. એણે વર્ષ ૧૦૯ માસ ૨ અને દિવસ ૨૧ની ઉંમર ભોગવી. અને વર્ષ ૫૯ માસ ૨ દિવસ ૨૧ રાજ કર્યું.

યોગરાજ—સંવત્ ૮૬૨ ના આષાઢ શુદિ ૩ ગુરૂ, અશ્વિન નક્ષત્ર સિંહ લગ્નમાં રાજ્યાભિષેક થયો. અને [ સંવત ૮૭૮ (૮૭૯) શ્રાવણ શુદિ ૪ સુધી એટલે વર્ષ ૧૭ માસ ૧ દિન ૧ રાજ્ય કર્યું. એને ક્ષેમરાજ વગેરે ત્રણ પુત્રો હતા.

ઉપરથી વનોડ કેહેવાયછે તેજ. તેનું ન્હાનપણનું રેહેઠાણ હશે. ત્યાં આગળ તેની કુળદેવી વનાવી માતાનું દેવાલય છે, ને ત્યાં વેન કરીને એક કૂવો છે તે તેની આજ્ઞાથી કરાવ્યો હશે, એમ કેહેવાયછે. ગૂજરાતનો આ ભાગ વઢિયારને નામે હજી લગી ઓળખાયછે, તે નામ જૈન ગ્રંથકારોએ આપેલું છે. ત્યાંની ધરતી સપાટ છે, વાવેતર ઘણું સારૂં થતું નથી, કેમકે તેની

---

રત્નાદિત્ય—સંવત્ ૮૭૯ શ્રાવણ શુદિ ૫ ઉત્તરાષાઢા નક્ષત્ર, ધનુર લગ્નમાં ગાદિયે બેઠો.
| તે સં. ૮૮૧ (૮૮૨) કાર્ત્તિક શુદિ ૯ સુધી વર્ષ ૩ માસ ૩ રાજ્ય કરયું.
(ગાળો) (સંવત્ ૮૮૨ કાર્તિક શુદિ ૧૦ થી સંવત્ ૮૮૭ સુધી વર્ષ ૫ માસ ૩ અને
| દિવસ ૧૯)
ક્ષેમરાજ દેવ—સંવત્ ૮૯૮ (સં. ૮૮૭) જ્યેષ્ટ શુદિ ૧૩ શનિવાર, હસ્ત નક્ષત્ર
| સિંહ લગ્નમાં ગાદિયે બેઠો તે સંવત્ ૯૨૨ (સં. ૯૨૫) ભાદ્રપદ શુદિ ૧૫ રવિવાર સુધી વર્ષ ૩૮ માસ ૩ દિન ૧૦ રાજ્ય કરયું.
ચામુણ્ડરાજ દેવ—સં. ૯૩૫ (સં. ૯૨૫) આશ્વિન શુદિ ૧ સોમે, રોહિણિ નક્ષત્ર,
| કુંભ લગ્ને પટ્ટાભિષેક થયો. તે સં. ૯૩૮ (સં ૯૩૯) માઘ વદિ ૩ સોમવાર સુધી વર્ષ ૧૩ માસ ૪ ને દિવસ ૧૬ રાજ્ય કરયું.
શ્રી આકડ દેવ—સં. ૯૩૮ (૯૩૯) માઘ વદિ ૧૪ મંગલવાર, સ્વાતિ નક્ષત્ર, સિંહ
| લગ્ને રાજ્યાભિષેક થયો ને સં. ૯૬૫ પૌષ શુદિ ૯ બુધ સુધી વર્ષ ૨૬ માસ ૧ ને દિવસ ૨૦ રાજ્ય કરયું.
ભૂયગડ દેવ—સંવત્ ૯૯૦ (સં. ૯૬૫) પૌષ શુદિ ૧૦ ગુરૂવાર, આર્દ્રા નક્ષત્ર, કુંભ લગ્ને, પટ્ટાભિષેક થયો. એણે "ભૂયગડેશ્વર" પ્રાસાદ નામનું દેવાલય બંધાવ્યું. એણે સં. ૯૯૧ (૯૯૩) આષાડ શુદિ ૧૫ સુધી વર્ષ ૨૭ માસ ૬ દિવસ ૧૦ રાજ્ય કરયું. એને સોલંકી મૂળરાજે મારી પોતે તેની ગાદિયે સંવત્ ૯૯૩ આષાઢ શુદિ ૧૫ ગુરૂવાર અશ્વિન નક્ષત્ર, સિંહ લગ્નમાં, બે પોહોર રાત્રિ ગયે એકવીશ વર્ષની ઉમરે બેઠો.

એ રીતે ચાપોત્કટ વંશના સાત રાજાઓએ વર્ષ ૧૯૦ માસ બે દિવસ ૭ રાજ્ય કરયું.]

(આમાં જે કૌંસમાં આંકડા લખ્યા છે તે પ્રમાણે સાલ ગણવાથી રાજ્યગાદીનાં વર્ષ મળશે.)

શાસ્ત્રી વ્રજલાલ કાળિદાસના કેહેવા પ્રમાણે ચાપોત્કટ (ચાવડા) વંશના રાજા—૧ વનરાજ, ૨ યોગરાજ, ૩ વૈરસિંહ એણે પોતાની કુંવરી, પંડિત વિલ્હણને પરણાવી હતી. ૪ ક્ષેમરાજ ૫ ચામુંડરાજ, ૬ આહૂડ, અને ૭ ભૂભટ. એને કુંવર ન હોવાથી તેની પછી તેનો ભાણેજ ચૌલુક્ય (સોળંકી) મૂળરાજ ગાદિયે બેઠો.

મેરૂતુંગના "પ્રબંધચિંતામણિ," જિનમંડન ઉપાધ્યાયના "કુમારપાળ પ્રબંધ," અને "પટાવલી" માં ચાવડાવંશના રાજાઓનો ક્રમ અને રાજ કરયાના વર્ષ "રાસમાળા" પ્રમાણેજ છે. ફક્ત "પટાવલી" માં યોગરાજે ૩૨ વર્ષ રાજ્ય કરયાનું જણાવેલ છે અને બીજામાં વર્ષ ૩૫ છે.

પડોસમાં રણ છે તેના જેવી તેની ભોંય છે. તેમાં ન્હાનાં ગામડાં ઘણાં પાસેપાસે છે, ને ઝાડની ઘટા લગભગ આવી રહી છે, તેથી તેઓ છેટેથી પણ ઓળખાઈ આવેછે. પંચાસરની થડમાં શતોજ અને શંખેશર કરીને ગામ છે ત્યાં હજી સુધી જૈનનાં દેરાસરનાં ખંડેર છે. તે એક બે વાર ફરી બંધાયાં હશે, તથાપિ તેનો અસલ પાયો એજ ઠેકાણે હશે. વળાની આસપાસ જેવાં ખંડેર હાલમાં દીઠામાં આવે છે તેવાં જૂના શેહેરોનાં ખંડેર વિસરોડા અને બીજા ગામની પડોશમાં જોવામાં આવેછે,

જે જૈન સાધુએ વનરાજનું રક્ષણ કરયું તેનું નામ શીલગુણસૂરિ (શીલાંગસૂરિ) હતું, ને તેનાજ અપાસરામાં આ રાજકુંવરે પોતાની બાલ્યાવસ્થાના દિવસ કાહાડયા હતા એવું કેહેવાયછે. અસલના વારામાં જેમ [1]સાયરસની વાતો ચાલતી અને હમણાંના લખાણમાં જેમ [2]ગાઇડેરિયસ, [3]આરવીરેગસ અને [4]નાર્વલની વાતો ચાલેછે તે પ્રમાણે આ રાજવંશી બાળકના

---

જ્યાં સુધી વધારે આધાર રાખી શકાય એવો વૃત્તાન્ત અજવાળામાં આવ્યો નથી ત્યાં સુધી ચાવડાવંશનો ગોટાળો નક્કી થઈ શકે એમ નથી. રણછોડભાઇ ઉ.

૧ સાયરસ ઈરાનનો રાજા હતો તેણે એશિયાનો પૂર્વ ભાગ જીતી લીધા પછી તેને સિથિયામાં માસેજિટીની રાણી ટામિરિસે હરાવીને તેનું માથું કાપી નાંખ્યું અને તે મનુષ્યપ્રાણીના લોહીથી ભરેલા વાસણમાં નાંખીને કહ્યું કે હવે તારી ઈચ્છામાં આવે એટલું મનુષ્ય પ્રાણીનું લોહી પીને તૃપ્ત થા. ર. ઉ.

૨--૩ બ્રિટનના રાજા સિમ્બેલાઇનના એ બે કુંવર હતા. આ બે ભાઈને બિલેરિયસ નામનો એજ રાજ્યનો અમીર ચોરી ગયો હતો, તેનું કારણ એ હતું કે, એ અમીરને રાજાએ વિનાપરાધે દેશ નિકાલ કરયો હતો. આ કુંવરોને તેણે ગુફામાં ઉછેરયા હતા. જ્યારે તેઓ મ્હોટા થયા ત્યારે એવો બનાવ બન્યો કે એજ અમીરે રાજાને રોમન લોકો પાસેથી છોડાવ્યો હતો તેથી તેની એ અમીર ઊપર કૃપા થઈ એટલે તેણે બે કુંવરો રાજાને પાછા સોંપી દીધા તેથી તે ઘણો રાજી થયો. ર. ઉ.

૪ નાર્વલ નામે એક ભરવાડ હતો તે સર માલકમની જાગીરમાં રેહેતો હતો. ત્યાં તેને એક સુંડલામાં સંતાડેલું એક બાળક મળી આવ્યું તેને તેણે પોતાના પુત્ર પ્રમાણે ઊછેર્યું. આગળ જતાં તેના જાણવામાં આવ્યું કે આ બાળક તો સરમાલકમનો દોહિત્ર છે એટલે તેની પુત્રી લેડીરેન્ડાલ્ફના પેહેલા ધણી લાર્ડ ડગલસથી થયેલો પુત્ર છે. એ વાત તેની માના જાણવામાં આવી હતી.

આ બાળક જ્યારે મ્હોટો થયો ત્યારે તેણે લાર્ડરેન્ડાલ્ફનો જીવ બચાવ્યો તેથી તેણે લશ્કરમાં તેને નોકરી આપી, પણ એ લાર્ડનો વારસ ગ્લેનલેવન હતો તે આ છોકરાને ધિઃકારતો હતો તેથી તેણે લાર્ડને એમ સમજાવ્યું કે આ છોકરો લેડી રેન્ડાલ્ફ સાથે ઘણી અયોગ્ય છૂટ લે છે. આ વેહેમ ભરાયો તેથી એક સમયે પે'લો છોકરો પોતાની ખરી મા લેડી રેન્ડાલ્ફ પાસે ગયો હતો તેવામાં તે લોર્ડે તેને ઘેરી

અસાધારણ જુસ્સાની વાતો ચાલી, અને તે રાજવંશી છતાં, તેનો દેખાતો જૂદો ડોળ માત્ર નામનોજ છે એવું તેજ ઉપરથી જણાઈ આવવા લાગ્યું. બારવટિયાને જે આફતો વેઠવી પડેછે તે વેઠી શકાય એવડો તે મ્હોટો થયો ત્યારે પોતાના મામા શૂરપાળની સાથે હલ્લા કરવામાં સામેલ થયો. તેમાં તેણે સ્વપરાક્રમથી સારૂં નામ કાહાડ્યું; શૂરવીરપણાનો ભાસ કરાવતું તેણે રાજચિન્હ ધારણ કરયું તેથી તેના સાથિયોને ઘણી હિંમત આવી, વળી પોતાના સ્વાધીનમાં જે રાજ્ય થવાનું છે તે જાણે તાબામાં આવી ગયું હોયની એમ સમજીને માન અને અધિકારની જગ્યાઓની વેહેંચણ તેણે અત્યારથી કરવા માંડી. શ્રીદેવી [1]એક વ્યાપારીની સ્ત્રી હતી, તેણે તેની સારી પરોણાગત કરી હતી તેથી તેને કહ્યું હતું કે "હું જ્યારે પાટ બેશીશ ત્યારે તારે હાથે રાજતિલક કરાવીશ. [2]જમ્બ અથવા ચાંપો કરીને એક વ્યાપારી હતો, જે સ્વપરાક્રમથી અને યુદ્ધકળાથી પ્રખ્યાત થયો હતો, અને જે પછી ચાંપાનેરનો વસાવનાર થયો તેને પ્રધાન પદવી આપી. અનહિલ જે પોતાની

---

લઈ તેના ઉપર હુમલો કરયો. આ મારામારીમાં ગ્લેનલેવનને છોકરાએ મારી નાંખ્યો. એટલે લાર્ડરેન્ડાલ્ફે તે છોકરાને મારી નાખ્યો. પાછળથી જે ખરી વાત હતી તે લાર્ડના જાણવામાં આવી ગઈ ને લેડી રેન્ડાલ્ફ ઉંચી જગ્યાએથી પડતું મેલીને મરી ગઇ. આ વેળાએ ડેનમાર્કને સ્કાટલંડ વચ્ચે લડાઇ ચાલતી હતી તેમાં લાર્ડ પોતે જતો રહ્યો. ર. છ.

૧ કુમારપાલ ચરિતવાળો તથા મેરૂતુંગ એમ લખે છે કે, કાકર ગામમાં પોતાના મામા સાથે એક વેપારીના ઘરમાં ચોરી કરવા ગયો હતો ત્યાં ઘરેણા આદિ માલ કાહાડયો ને દહીંના ગોરસમાં તેનો પંજો પડતાં તે બધો માલ મૂકીને જતો રહ્યો. બીજે દિવસે વાણિયાની બેહેને ગોરસમાં પંજાની રેષાઓ જોઇ ધાર્યું કે આવી રેષાવાળો "આ કોઇ ભાગ્યવાન્ મહાપુરૂષ છે અને એ મારા ભાઇ જેવો છે માટે તેને જોયા વિના મારે ભોજન કરવું નહિ." શોધ કરાવતાં વનરાજનો પત્તો લાગ્યો, તેને પોતાને ઘેર બોલાવી ભાઈ ગણી ભોજન કરાવ્યું, અને આશ્રય માટે નાણું આપી ઉપકૃત કર્યો. વનરાજે પોતાને રાજ્ય પ્રાપ્ત થાય તો પોતાના પટ્ટાભિષેક સમયે તેને પોતાની બેહેન ગણી તેના હાથથી તિલક કરાવવા વચન આપ્યું. ર. છ.

૨ કુમારપાલ ચરિતના લખનાર અને મેરૂતુંગના લખવા પ્રમાણે એક દિવસ વનરાજ પોતાના બે સોબતી સહિત વગડામાં ફરતો હતો ત્યાં માર્ગમાં જમ્બને (જામ્બાક) લૂટવા રોકયો, તે વેળા જમ્બની પાસે પાંચ બાણ હતા તેમાંથી, બે વિફળ જાણી ભાગી નાંખ્યા, તેનું કારણ પૂછતાં તેણે કહ્યું કે એકેકાને માટે એકેક બસ છે માટે વધારાના બે મેં ભાગી નાંખ્યા. આ જમ્બ વાણિયો કેવો તાકોડી છે તે પરીક્ષા કરાવી તેથી પ્રસન્ન થઈને વનરાજે તેને કહ્યું કે "મારા પટ્ટાભિષેકને સમયે તમને મારા મહામાત્ય ઠરાવીશ. પછી શમ્બલાદિ આપીને વાણિયો ચાલ્યો ગયો.
ર. છ.

ટોળી માહેલો એક હતો, અને જેણે રસ્તા બતાવ્યા હતા, તેથી તેનો તે ઉપકૃત થયો હતો, માટે પોતાના રાજધાની નગરનું નામ એના નામ ઉપરથી પાડવાનો ઠરાવ કરી રાખ્યો. રઝળતાં રઝળતાં ઘણાં વર્ષ વહી ગયાં; વચમાં તેના પરાક્રમી અને વિશ્વાસુ મામા શૂરપાળનો નાશ થયો, પણ બીજા મિત્રો આવી મળવાથી તેની ખોટ પૂરી પડી. વનરાજ તો નામનાજ વનરાજ રહ્યા અને ખરેખરી રાજપદવી મેળવવાનાં કાંઈ ચિન્હ જણાયાં નહિ, તોપણ તેણે પોતાનો મમત મૂક્યો નહિ. તેની મમતા હતી તો તેને તેનું ફળ મળ્યું. રાજા ભૂવડે ગૂજરાતની ઉપજ ખાવાનું પોતાની કુંવરી [1]મિલનદેવીને સોંપ્યું હતું, અને તે કુંવરીની વતી વ્યવસ્થા કરનારા સલાહકાર હતા તેઓએ ચાવડા સરદારને "સેલભ્રત" અથવા બરછીદારનો અધિકાર સોંપ્યો હતો, અને તેનો બદલો છેક હાલની વેળાના ઠાકુરોપેઠે એવી મતલબથી ઠરાવ્યો હતો કે જેણે કરીને તેના વિષેનો ઊંચો જીવ રેહે નહિ ને રક્ષણ પ્રાપ્ત કરી લેવાય. પણ એથી કરીને એકે મતલબ સરી નહિ. કલ્યાણના પ્રતિનિધિયો દેશમાં છ મહિના રહ્યા તેટલી વારમાં પુષ્કળ દ્રવ્ય અને સોરઠમાં જાતવાન ઘોડા થાયછે તે પારવિના લઈને ઘેર જતા હતા, તેઓના ઉપર વનરાજે હલ્લો કરયો, તેમને [2]લૂટ્યા અને જીવથી મારી નાંખ્યા. આ ઉપરથી કલ્યાણના રાજા સાથે તેને વૈરભાવ ઉત્પન્ન થયો; તેમાંથી બચી જવા, ઉપરનો બનાવ બન્યા પછી કેટલીક વારે તેને વગડામાં અથવા પાહાડમાં જ્યાં સંતાઈ રેહેવાની સારી જગ્યા મળી ત્યાં રેહેવાની જરૂર પડી. પણ તેને જે લૂંટ મળી હતી તેથી તરતજ પોતાની આગળની ધારી મૂકેલી ધારણા પાર પાડવાને શક્તિમાન્ થયો, તે એ કે નવું રાજધાની નગર અણહિલપુર અથવા અણહિલવાડ (અનહિલ્લ પાટણ) બાંધવાનું તેણે શિરૂ કરયું.

એક કવિત છે તેમાં કહ્યું છે કે "સંવત ૮૦૨ માં (ઈ૦ સ૦ ૭૪૬) "સદાકાળ રેહે એવું નગર સ્થાપવામાં આવ્યું; મહાવદિ ૭ અને બલિષ્ટ "શનિવારે, ત્રીજે પોહોરે, વનરાજની આણ વરતાઈ," એક જૈન સાધુ "જે

---

૧ મેરૂતુંગ "મહણિકા" નામ લખેછે. અને કુમારપાલ ચરિતમાં મહણલદેવી એવું નામ છે.

૨ પ્રબંધ ચિન્તામણીમાં લખે છે કે એક લાખ રૂપાનાણું અને જાતવંત ચાર હજાર તેજી ઘોડા લીધા. વળી કુમારપાલ ચરિતમાં ૨૪ લાખ સોનામોહોર અને ૪૦૦ ઘોડા લખેછે, તેમજ એક બીજા પુસ્તકમાં ૧ લાખ કોરી જણાવી છે. ૨. ૯.

જ્યોતિષ્ય શાસ્ત્રમાં કુશળ હતો તેની પાસે શેહેરની જન્મોતરી કરાવી પૂછ્યું. તેણે જોઇને કહ્યું કે ૧૨૯૭ ની સાલમાં અનહિલપુર ભાગશે." અલ્લાઉદીન ખુનીની વખતમાં આ ભવિષ્ય કેવી રીતે ખરૂં પડ્યું તે વિષે આગળ લખવામાં આવશે.

વનરાજનો જ્યારે રાજ્યાભિષેક* થયો ત્યારે વચન આપ્યા પ્રમાણે તેણે શ્રીદેવીપાસે રાજતિલક કરાવ્યું. અને જાંબને પ્રધાનપદવિયે સ્થાપ્યો. પછી વનરાજનું મન પોતાના જૂના રક્ષણહાર શીલગુણસૂરિ ભણી ગયું.



તેની પાસે એની માતા રૂપસુંદરી રેહેતી હતી. જૈનધર્મના ખરા ઉપાસકને પોતાના ધર્મનિયમથી શાંન્તિ મળેછે તે પ્રમાણે રૂપસુંદરી પોતાની વિધવા-

* મેરૂતુંગના લખવા પ્રમાણે સંવત્ ૮૦૨ વૈશાખ શુદિ ૨ સોમે, પાટણના ગણેશના લેખમાં સં. ૮૦૨ ચૈત્ર શુદિ ૨ અને "પાટણની રાજાવલી" માં સં૦ ૮૦૨ શ્રાવણ શુદિ ૨ સોમે વૃષભ લગ્ને વસાવ્યું લખેલ છે. શાસ્ત્રી વ્રજલાલના કેહેવા પ્રમાણે સંવત્ ૮૦૨ આષાઢ શુદિ ૩.

વસ્થામાં અને પડતીદશામાં શાન્તિ પામેલી હતી. વૃદ્ધ રાણી અને તેનો ધર્મ ગુરૂ જે મૂર્ત્તિની પૂજા કરતા હતા તે મૂર્ત્તિ સુદ્ધાં તેમને અણુહિલ્લપુરમાં તેડી લાવ્યા. ત્યાં એક દેરાસર બંધાવ્યું તેમાં પેલી મૂર્ત્તિની પ્રતિષ્ઠા કરીને તેનું નામ "પંચાસુર પારસનાથ" પાડયું. પ્રદક્ષિણા ફરવાની જગ્યામાં વનરાજની મૂર્ત્તિ રાજછત્ર સહિત સેવકના ડોળથી પધારાવી છે, તે હજુસુધી છે.

જૈનધર્મને આવી રીતે તેણે આશ્રય આપ્યો તેથી જૈનગ્રંથકાર કેહેછે કે, "ઇર્ષાથી કોઈ માનતું નથી પણ વનરાજની વેળાથી ગૂજરાતનું રાજ્ય શ્રાવકોએ સ્થાપ્યું છે." આ પ્રમાણે જાત્યાભિમાન બતાવવાને તેને કારણ છે. વનરાજ પોતે કિયો ધર્મ પાળતો હતો તેનો કાંઈ નિશ્ચય થતો નથી. પણ તે દેવભક્ત કેહેવાતો અને જે કામદેવે થોડીવાર પણ શિવ સરખા ઉપર જીત મેળવી હતી તે કામદેવને તેણે જીત્યો હતો તેથી તેનાં વખાણ થયાં છે. ઉમામહેશ્વર અને ગણપતિની મૂર્ત્તિયો હજુ સુધી પાટણમાં છે; તેનાઉપર લેખ છે (સં. ૮૦૨ નો) તે ઉપરથી જણાયછે કે અનહિલ્લવાડ સ્થાપ્યું તે વેળાએ વનરાજે તેની પ્રતિષ્ટા કરી છે. કદાપિ એમ પણ હશે કે એના પછી જે રાજાઓ થયા તેની પેઠે આ પેહેલો ચાવડો રાજા પણ પોતાના ધર્મ વિષેના અભિપ્રાયમાં જરા પણ મતાભિમાની નહિ હોય; અને અગરજો તે શિવભક્ત હતો તો પણ કૃતજ્ઞતા અને પુત્રભક્તિથી ઉશ્કેરાઇને, તેમજ રાજનીતિને અનુસરીને, તેણે કદાપિ તીર્થંકરોના ધર્મના આચાર્યોને ઉત્તેજન આપ્યું હશે.

ઈ૦ સ૦ ૬૯૬ માં [1]વનરાજ જન્મ્યો. અને ઈ૦ સ૦ ૮૦૬ માં દેવ થયો. અને અણુહિલ્લવાડમાં ૬૦ વર્ષ સુધી રાજ્ય કરયું: [2]તેનાપછી તેનો કુમાર યોગરાજ પાટ બેઠો.

વનરાજના પુત્રસંબંધી થોડી જ વાત જાણવામાં આવી છે; તથાપિ તે-

---

૧ મેરૂતુંગના લખવા પ્રમાણે વનરાજે ૧૦૯ વર્ષ ૨ માસ ને ૨૧ દિવસનું આયુષ્ય ભોગવ્યું તેમાં તેણે ૫૯ વર્ષ ૨ માસ ને ૨૧ દિવસ રાજ્ય કરયું. સંવત. ૭૫૨ વૈશાખ શુ. ૧૫ જન્મ; સંવત. ૮૬૨ આષાડ શુ. ૩ ગુરૂવારે યોગરાજને રાજ્યાભિષેક થયો છે તે લગભગ વનરાજની મરણતિથિ. ભા. ક.

૨ રત્નમાળા પ્રમાણે વનરાજ ઈ.સ. ૬૯૬ માં જન્મ્યો. આઈનઅકબરી ગ્રંથ ઉપરથી વુઈલફોડ કેહે છે કે ૭૪૬ માં તેણે નરવાળા બાંધ્યું. તે વેળાએ તેની ઉમર ૫૦ વર્ષની હતી. એ રીતે તે સન ૬૯૬ માં જન્મેલો એ વાત ખરી. પ્રબોધ ચિંતામણીમાં લખ્યું છે કે વનરાજે ૭૪૬ થી ૮૦૬ સુધી ૬૦ વર્ષ રાજ્ય કરયું. આ ગણતરી

ટલી થોડી વાત ઉપરથી પણ જણાયછે કે તે જે સમયમાં થયો તે કરતાં પણ વધારે સારા સમયને યોગ્ય હતો. તેણે નિરંતર પોતાનું રાજ્ય વધારયું, ને ઉપજમાં પણ વધારો કરયો; તે યુદ્ધકળામાં પ્રવીણ હતો, ને ઇંદ્રના જેવો બાણાવળી હતો. તે સાથે વળી અસાધારણ એ હતું કે તે વિદ્યામાં નિપુણ હતો. યોગરાજનું રચેલું પુસ્તક, તેના સંબંધી ઇતિહાસ લખનારાઓની વેળાસુધી હૈયાતીમાં હતું, પણ તે શા વિષેનું હતું તે સંબંધી કાંઈ ખબર પડી નથી. સોવશા તો તે ચાવડાવંશની વંશાવળી વિષે હશે, અથવા એમ નહિ તો વિશેષે કરીને [1]ઉમાપતિની પ્રાર્થનાનું અથવા રાધાના અવતારી [2]પ્રિયતમ કે જે સંબંધી ઘણી કવિતા થઇ છે, તેના વિષે હશે.

યોગરાજ જેવામાં અણહિલવાડમાં રાજ્ય કરતો હતો, તેવામાં બનેલી માત્ર એક વાત ગૂજરાતના ઇતિહાસ લખનારાઓએ લખી રાખી છે. સોરઠ માંહેલા પટ્ટણ બંદરે કેટલાંક પરદેશી વાહાણ આવી પોહોંચ્યાં, તેમાં વ્યાપારનો મૂલ્યવાન્ માલ ભરયો હતો, તેઓ કિયે બંદરથી કિયે દેશ જવાને હંકારી આવ્યાં તેની કંઈ ખબર ન હતી, તો પણ રાજાની મનાઈ છતાં, તેનું ઉલ્લંઘન કરીને, ક્ષેમરાજ કુંવર જે યુવરાજ હતો તેણે વ્યાપારિયો ઉપર હલ્લો કરીને તેમનો માલ લુંટી લીધો.[3] આ એક પરોણાગતનો નિયમ તોડયો તેથી રાજાને અતિ ખેદ થયો, અને ક્ષેમરાજ તથા તેના બીજા બે ભાઈ લુંટ કરવાના કામમાં સામેલ હતા તેઓને ઠપકો દઇને કહ્યું કે "મારા આખા જિવતરમાં મેં જે કાંઈ કરયું હતું તે સર્વ ઉપર તમે પાણી ફેરવ્યું." વળી તેણે કહ્યું કે "દૂર દેશાવરોમાં, જૂદા જૂદા "રાજાઓની કારકીર્દિ વિષેની ડાહ્યા

---

પ્રમાણે તે ૧૧૦ વર્ષની ઉમરે મરણ પામ્યો ગણવો જોઈયે. કર્નલ ટાડ લખેછે કે તેણે ૭૪૬ થી રાજ્ય કરવા માંડયું તે ૫૦ વર્ષ સુધી કર્યું અને ૬૦ વર્ષનો થઈ તે મરણ પામ્યો. પણ છેક ૧૦ વર્ષની ઉમરે તેણે અણહિલ્લપુર સ્થાપ્યું નહિ હોય, તેમજ આ ગણતરિયે તેના મરણનું વર્ષ બીજા પ્રમાણ સાથે મળતું આવતું નથી. સોવશા વનરાજનો જન્મદિવસ જે નક્કી કરયો છે તે ખરો નથી. બલ્હાર રાજાઓના ઘણા દિવસ સુધીના રાજ્ય સંબંધી ટાડ્સ વેસ્ટર્નઈન્ડિયા નામના પુસ્તકમાં અને આર્બસ્થાનના પ્રવાસિયોના લેખમાં જોવું.

૧ મહાદેવ અથવા શિવ. ૨ શ્રીકૃષ્ણ, જે વિષ્ણુનો અવતાર થયો તે.

૩ મેરૂતુંગના લખવા પ્રમાણે સોમેશ્વર પત્તનને બંદરે વાહાણ આવેલાં તેમાં તેજી એક હજાર ઘોડા અને ૧૫૦ હાથી આદિ કરોડોનો માલ હતો.

"પુરૂષોએ જ્યારે તુલના કરી હતી ત્યારે ગૂજરાતના રાજા ચોર લોકો ઉપર "રાજ્ય કરેછે એવું કહી તેમને ધિક્કારી કાહાડયા હતા. હું પણ તે રાજાઓની "હારમાં ગણાઉં એટલા માટે આપણા પૂર્વજોનું લાંછન મેં ધોઈ નાંખવા "માંડયું હતું. પણ તમારા લોભથી તે પાછું તાજું થયું છે. નીતિ શાસ્ત્રમાં "કહ્યું છે કે:—

## श्लोक.

**आज्ञाभङ्गो नरेंद्राणां वृत्तिच्छेदोऽनुजीविनाम्**
**पृथक्शय्या च नारीणामशस्त्रो वध उच्यते.**

અર્થ:—રાજાની આજ્ઞાનો ભંગ થાય, અનુજીવી (સેવક જન) ની આજીવિકાનો છેદ અને સ્ત્રીની પૃથક્ શય્યા એ વણ હથિયારે ત્રણેને ઘાત થયા કેહેવાય.

યોગરાજ[1] ઘણા વર્ષ સુધી જીવ્યો અને પાંત્રીશ વર્ષ રાજ્ય કરીને ચિતા ખડકાવી બળી મુવો.[2]

યોગરાજની પછીના તરતના થનારા ક્રમાનુયાયી વિષેની વાત યોગરાજ કરતાં પણ આપણા હાથમાં થોડી આવી છે. તેનો કુંવર ક્ષેમરાજ ક્રોધી સ્વભાવનો હતો, અને તેને લીધે તેને કોઈની સાથે બનતું નહિ. તે પોતાનાં સગાંનાથી જૂદો પડયો હતો. તેમ છતાં પણ તેણે પોતાના રાજ્યભંડારનો વધારો કરયો હતો. તે ૨૫ વર્ષ રાજ્ય કરીને ઈ૦ સ૦ ૮૬૬ માં મરણ પામ્યો.

---

૧. યોગરાજના સમયમાં ચિતોડમાં ખોમાન રાજા (ઈ. સ. ૮૧૨ થી ૮૩૬ સુધી) રાજ્ય કરતો હતો તેના ઉપર મુસલમાનોએ હલ્લો કરયો હતો એમ કેહેછે; તેમાં ગૂજરાતમાં પછીથી પ્રસિદ્ધિ પામેલા રાજાઓ સાથે નીચે લખેલા પણ ગેહેલોટી રાજાને આશ્રયે આવ્યા હતા.—માંગરોલથી મકવાહન; તારાગઢથી (તારિંગા ?) રેહેવર; પટ્ટણથી રાજવંશી ચાવડા; સિરોહીથી દેવડા; જૂનેગઢથી જાદવ, પાટડીથી ઝાલા, ચોટિયાલાથી (ચોટયલા) બલ્લ; પિરમગઢથી ગોહિલ; મુસલમાનોની સામે યોગરાજને બોલાવ્યો હતો એવું અમને મળેલા આધાર ઉપરથી જણાતું નથી, તેમજ ગૂજરાતમાં એટલા બધા પ્રાચીન કાળથી, સૌરાષ્ટ્રના યદુ અને બળવંશ સિવાય જે જાતિના રાજાઓનાં નામ ઉપર લખ્યાં છે તે જાતિયો ત્યારે હૈયાતીમાં હોય એમ જણાતું નથી. (ગ્રંથ કર્ત્તા.) ઉપરની ટીપમાં તારાગઢનું નામ કૌંસમાં તારિંગા લખ્યું છે તે ભૂલ છે કારણ કે પૃથીરાજ રાસામાં અજમેરનું નામ તારાગઢ લખેલું છે માટે કૌંસમાં અજમેર જોઇએ. ભા. ક.

૨. પોતાના કુમારોની ઉપર લખ્યા પ્રમાણે અયોગ્ય વર્ત્તણુક ઉપરથી પ્રાયોપવેશનવૃત્ત ધારણ કરી ૧૨૦ વર્ષને વયે સં. ૮૯૭ માં ચિતાપ્રવેશ કરયો. ભા. ક.

પછી **ક્ષેમરાજનો** પુત્ર **શ્રીભૂવડ**[1] ગાદિયે બેઠો. તેણે ઈ૦ સ૦ ૮૯૫ સુધી રાજ્ય કર્યું. તેનું રાજ્ય સલાહશાન્તિ ભરેલું અને ચડતું થતું ચાલ્યું તેની સામો કોઈ શત્રુ થયો નથી.

તેના પછી વૈરીસિંહ[2] થયો તેનું રાજ્ય તેના પિતા ભૂવડના કરતાં વધારે માથાકૂટ ભરેલું ચાલ્યું. તે જંગલિયોના સામો થયો અને તેમાં તે જીત પામ્યો.—"યુદ્ધમાં લડતાં તે કદિ હાર પામ્યો નથી." તેને તેના બુદ્ધિશાળી પ્રધાનનો આશ્રય હતો. અહિં જે પરદેશના લોકો સાથે લડાઈ થયાનું લખ્યું છે તે વિષેનો કશો પત્તો હાથ લાગ્યો નથી.

વૈરીસિંહની પછી તેનો પુત્ર રત્નાદિત્ય અથવા મુસલમાની ઇતિહાસ લખનારાઓ જેને [3]રેશાદત કરીને કેહેછે તે ઇ૦ સ૦ ૯૨૦ માં ગાદિયે બેઠો.

"તે પૃથ્વીને વિષે સૂર્ય જેવો હતો, તેની શોભા અતુલ્ય હતી, તેણે "દુનિયાંનું દુઃખ નિવારણ કર્યું, તે બળવાન્, હિંમતવાન્, અને વચન "પાળવામાં પ્રખ્યાત હતો. તે પોતાના રાજ્યમાં ચોર, ઠગારા, સ્ત્રીલંપટ અને જૂઠાઓને વસવા દેતો નહિ." તે સન ૯૩૫ માં મરણ પામ્યો. તેનાપછી તેનો કુંવર [4]**સામતસિંહ** ગાદિયે બેઠો. તે **વનરાજના** કુળનો છેલ્લો રાજા હતો તેથી તેની સાથે **ચાવડા** વંશની સમાપ્તિ થઇ.

**એમ** **સ્નોડોના** લખ્યા પ્રમાણે, **આર્બસ્તાનના** પ્રવાસિયોએ **હિંદુસ્થાનની** ભેટ લીધી હતી તે, **ક્ષેમરાજ** અને ભૂવડની કારકીર્દિમાં લીધી હતી;

---

૧. તેનું બીજું નામ રાજા **પીથુ** હતું. ૨ મુસલમાન ઈતિહાસકે બેહીરસિંગ અથવા **વીરસિંહ** લખ્યું છે, વળી **વિજયસિંહ** નામ લખવામાં આવ્યું છે.

૩. અઈનઅકબરીમાં ચાવડાવંશની વિગત આપી છે તેમાં રાવતસિંહ નામ લખ્યું છેઃ—

| | | |
|---|---|---|
| રામરાજ (વનરાજ) | ૬૦ | વર્ષ રાજ્ય કર્યું. |
| યોગરાજ— | ૩૫ | ,, |
| ક્ષેમરાજ (ભીમરાજ) | ૨૫ | ,, |
| રાજા પિથુ (ભૂવડ) | ૨૯ | ,, |
| રાજા વિજયસિંહ | ૨૫ | ,, |
| રાજા રાવતસિંહ (રત્નાદિત્ય) | ૧૫ | ,, |
| રાજા સાવંતસિંહ (સામતસિંહ) | ૭ | ,, |
| | ૧૯૬ | |

૪ મેરૂતુંગ એનું નામ ભૂયગડદેવ કેહે છે. ભા. ક.

અને આ બંને રાજ્યોનો વૃત્તાંત થોડો મળ્યો છે, તેવામાં વળી તે પ્રવાસિયોની નોંધ અગર જો આ જગ્યાએ લાગુ પાડવી કઠણ છે, તોપણ **વન**રાજના વંશજોને લાગુ પડેછે એવી ધારણા કરવામાં આવી છે, માટે આ જગ્યાએ દાખલ કરવા યોગ્ય છે. પેહેલો પ્રવાસી નીચે પ્રમાણે કેહેછે:—

"**હિંદુ** અને ચીનાઈ લોક કબૂલ કરેછે કે પૃથ્વી ઉપર ચાર મહાન્ "અથવા મુખ્ય રાજાઓ છે; તેમાં **આર્બ**સ્તાનનો રાજા મુખ્ય છે, અને "નિ:સંશય બીજા રાજાઓ કરતાં ઘણોજ શક્તિમાન્, ઘણો દ્રવ્યવાન્, અને "સર્વ વાતે સર્વોત્તમ છે, એવું પણ તેઓ માન્ય કરેછે; તેનું કારણ એજ "કે તે મ્હોટા ધર્મનો અધ્યક્ષ અને રાજા છે, તેમજ તેનાથી મ્હોટાઇમાં અને "સત્તામાં કોઈ પણ ચડિયાતો નથી."

"**ચીન**નો અધિરાજા, **આર્બ**સ્તાનના રાજા પછીની પોતાની પદવિ ગ"ણેછે, તેના પછી **ગ્રીક** લોકોનો રાજા છે; અને છેલ્લો, **મો**હરમી અલ આદ્દન, "અથવા જેઓ પોતાના કાન વિંધાવેછે, એવા લોકોનો **બલ્**હાર રાજા છે. "આ **બલ્**હાર રાજા આખા **હિંદુ**સ્તાનમાં વિખ્યાત છે; અને ત્યાંના બીજા "રાજાઓ, અગર જો પોતપોતાના રાજ્યમાં સ્વતંત્ર છે તોપણ **બલ્હાર**ની "આ અસાધારણ શક્તિ અને શ્રેષ્ટતા માન્ય કરેછે. જ્યારે તે પોતાના પ્રતિ"નિધિ મોકલેછે ત્યારે તેના માનની ખાતર તેઓ તેમનો અતિ સત્કાર કરેછે. "**આર્બ** લોકોની રીતિ પ્રમાણે આ રાજા દેદીપ્યમાન તુષ્ટિદાન આપેછે, તેની "પાસે હાથી, ઘોડા ઘણા છે, અને તેનો ભંડાર પણ ભરપૂર છે, તેને ત્યાં "**થાર**તેરિયનદ્રામ નામનું રૂપાનાણું ચાલેછે. આ શિક્કો **આરે**બિક દ્રામ ક"રતાં અર્ધો દ્રામ વજનમાં વધારે છે. રાજાની મોહોરનો તેમાં સિક્કો પાડ"વામાં આવેછે, તેનાથી પ્રથમ થયેલા રાજાના છેલ્લા વર્ષથી એટલે તે જે "સાલમાં ગાદિયે બેઠો હોય તે સાલ તેના ઉપર આવેછે. **આર્બ** લોકોની "પેઠે **મુ**સલમાની સનથી તેમનાં વર્ષ ગણાતાં નથી, પણ પોતાના "રાજાઓ"ના વર્ષથી ગણેછે. તેમના રાજાઓમાંથી ઘણા રાજાઓ બહુ વર્ષ સુધી "જીવ્યા છે. અને ઘણાઓએ પચાશ વર્ષ ઉપરાંત રાજ્ય કરયાં છે. "**આર્બ** લોકો ઉપર તેઓ કૃપા દૃષ્ટિ રાખતા હતા તેથી તેઓ માનેછે કે "અમારો લાંબો આવરદા થયો અને અમે ઘણા વર્ષ સુધી રાજ્ય ભોગવ્યું. "ખરૂં જોતાં, આ રાજાઓ કરતાં **આર્બ** લોકોના ઉપર અંતઃકરણથી વધારે

"પ્રીતિ રાખનારા બીજા કોઈ નથી, અને તેઓની પ્રજા પણ આપણે માટે "તેવોજ ભાવ રાખેછે."

"જેમ ખુશરૂ અને બીજાં સામાન્ય નામ હોયછે તે પ્રમાણે બલ્હાર "એ નામ પણ આ સર્વ રાજાઓને સામાન્ય રીતે લગાડવામાં આવેછે, "તે કંઇ વિશેષ નામ નથી. જે દેશમાં આ રાજાની સત્તા ચાલેછે તે દેશ "કમકળ નામના પ્રાંતના કિનારાથી શિરૂ થાય છે તે ભૂમિને માર્ગે ચીનની "સરહદ સુધી જાઈ પોહોંચેછે. તેની આસપાસ તેની સાથે લડનારા ઘણા "રાજાઓનાં રાજ્ય છે, તો પણ તે તેઓના સામો ચડતો નથી. આ રા- "જાઓ માંહેલો એક રાજા હુરઝ કરીને છે તેની ફોજ ઘણી વધારે છે. અને "હિંદુસ્તાનના બીજા સર્વ રાજાઓ કરતાં તેનું જોર, ઘોડાઓની બાબતમાં ઘણું છે; પણ તે આર્બોનો શત્રુ છે; અગર જો તે છે ખરો, તો પણ "તેની સાથે તે કબૂલ કરે છે કે આર્બોનો રાજા સર્વ રાજાઓમાં શિરોમણી "છે; મુસલમાનોવિષે એના જેટલો ધિક્કાર હિંદુસ્થાનના બીજા કોઈ રાજાને "નથી. તેનું રાજ્ય ભૂશલાકા ઉપર છે. તેમાં ઘણું દ્રવ્ય છે ને ઊંટ તથા "બીજાં ઢોર પણ ઘણાં છે. ત્યાંના લોકો રૂપું ધોઈ કાહાડેછે તેનો વ્યાપાર "ચલાવેછે અને તેઓ કેહેછે કે ખંડસ્થ ભાગમાં તેની ખાણો છે. આ "દેશમાં ચોરવિષેની વાત તો ચાલતીજ નથી."

"આ રાજ્યની એક બાજુએ તાફેકનું રાજ્ય છે, તેનો વિસ્તાર ઘણો "નથી; ઇન્ડિઝના સર્વ ભાગ કરતાં, અહિના રાજાને ત્યાં અતિસુંદર ગોરી "સ્ત્રિયો છે, પણ તેની ફોજ થોડી છે તેથી તેની આસપાસના રાજાઓની "સત્તા એના ઉપર છે. બલ્હારના જેવો તેને આર્બોના ઉપર પ્રીતિ ભાવ છે."

"શહમી નામના રાજાના રાજ્યની સરહદે આ રાજ્યો છે. આ રાજા "છે તે, હુરઝના રાજા સાથે તેમજ બલ્હાર સાથે લડેછે. તે તેના કુળવિષે "અથવા તેના રાજ્યના પ્રાચીનપણાવિષે ઘણો વજનદાર ગણાતો નથી, પણ "તેની ફોજ બલ્હાર રાજાની ફોજ કરતાં તો શું પણ હુરઝ અને તાફેકના "રાજાઓની ફોજ કરતાં વધારે છે. કેહેછે કે એ રાજા જ્યારે રણસંગ્રામમાં "ચડે છે ત્યારે પચાશ હજાર હાથીને મોખરે તે ચાલેછે, અને ઘણુંકરીને "તો તે શિયાળાની ઋતુમાં કુચ કરેછે. બીજી એકે ઋતુમાં કરી શકતો "નથી; કેમકે હાથિયો તરસ સહન કરી શકતા નથી. લોકો કહે છે કે તેની "ફોજમાં દશથી પંદર હજાર સુધી તંબુ છે. આજ દેશમાં તેઓ રૂના લૂગ-

"ડાંના પોશાક એવી ચમત્કારિક રીતિથી બનાવેછે કે તેવા બીજી કોઇ
"જગ્યાએ જોવામાં આવતા નથી. આ પોશાકનો ઘણો ખરો ભાગ સફા-
"ઈદાર હોયછે અને તે એવા બારીક વણતરના હોયછે કે સાધારણ કદની
"વીંટીમાંથી પાર કાહાડી શકાય."

"આ દેશમાં હલકા શિક્કાને ઠેકાણે કોડિયો ચાલે છે, તથાપિ સોના
"રૂપાના શિક્કા તેમનામાં છે, ઘોડાનો સામાન કરવામાં અને ઘર છાજવામાં
"કુંવાર અને કાળાં રૂવાટીનાં ચામડાં વાપરેછે. આજ દેશમાં પ્રખ્યાત ક-
"રકનદ્દન અથવા ગેંડા હોયછે. * * * "

"આ રાજ્ય પછી બીજું એક રાજ્ય છે, તે કિનારેથી દૂર જમીન
"ઉપર છે તેને કાશબિન કેહેછે. ત્યાંના રેહેવાશિયો ગૌરવર્ણના હોયછે ને
"તેઓ કાન વિંધાવેછે. તેઓ ઊંટ પાળેછે અને તેમનો દેશ ઉજ્જડ અને
"પાહાડી છે."

"કિનારેથી વળી વધારે છેટે હિત્રંજ નામનું એક ન્હાનું રાજ્ય છે,
"તે ઘણું ગરીબ છે; પણ તેમાં એક અખાત છે, ત્યાં દરિયામાંથી અમ્બરના
"દગડે દગડ આવે છે. વળી તેમને ત્યાં, હાથીદાંત અને મરી પણ થાયછે,
"પણ મરી થોડાં નીપજેછે તેથી ત્યાંના રેહેવાશી તે લીલાં ને લીલાં ખપમાં
"આણેછે."

"**બલ્હાર***" એ નામ ઉપરથી, **અનહિલવાડના** અસલી **ચાવડા** રાજાઓ સાથે કશોય સંબંધ બેસારવો કઠણ છે. **બલ્હારનું** રાજ્ય કુમકમના કિનારાથી તે **ચીનની** સરહદ સુધી પોહોંચ્યું છે, એવું જે એનું વર્ણન આપ્યું છે, તે ઉપરથી પણ પત્તો લાગે એમ નથી. બીજા રાજાઓ ઉપર **બલ્હારના** ઉપરીપણા વિષેની ગણના લોકોમાં માન્ય કરવામાં આવેલી છે, તેના કરતાં પ્રવાસિયોએ તે વિષે હદ બાંધીને લખ્યું છે, તેઓએ લખ્યું છે કે "ત્યાંના રાજા, અગર જો **બલ્હારની** શ્રેષ્ઠતા માન્ય કરેછે તોપણ પોતપોતાના રાજ્યમાં સ્વતંત્ર છે." અને ફરીથી બીજી જગ્યાએ લખે છે કે, " આખા ઇન્દીઝમાં **બલ્હાર** રાજાધિરાજ છે; તથાપિ " ત્યાંનાં ઘણાંએક રાજ્ય છે

* બલ્હાર, એ શબ્દ બાળક રાય ( સૂર્ય રાય ) નો અપભ્રંશ થયો હશે એવી બહુવા ધારણા થઈ છે; બળીરાય ( વલભીરાય એટલે વલભીના રાજાને અર્થે, ) ભૂતાર્ક ( ભૂત + અર્ક=પોષકસૂર્ય, રાજાનો ખિતાબ, ) અથવા ભાળ નામના પરગણા ઉપરથી ઓળખાવાની ખુણ. રોયલ એશિયાટિક સોસાઇટીના જર્નલ બારમાને પૃષ્ઠ ૭ મે અને બીજાં ત્યાં પ્રમાણ આપ્યાં છે તે ઉપરથી.

"તે એકજ રાજાના સ્વાધીનમાં નથી, પણ દરેક પ્રાન્તનો જૂદો જૂદો રાજા "છે." હરઝના રાજાવિષે લખ્યું છે કે, ભૂશલાકાના ઉપર તેનું રાજ્ય હતું, અને તેની પડોશના રાજાઓ કરતાં તેની પાસે ઘોડા ઘણા હતા તે વૃત્તાંત સોરઠના યાદવ કુલના રાહ, કે જેની રાજધાની ગિરનાર પાસેના ડુંગર ઉપર જૂનો કિલ્લો હતો તે હતી, તેની સાથે મળતું આવેછે. તાફેક અથવા કાશબિનના રાજાઓના વૃત્તાંત સાથે મેળવી જોવાને કશું હાથ લાગતું નથી; તેમજ રાહમી વિષે કાંઈ મળતું નથી. કર્નલ ટાડ કાશબિનને કચ્છભૂજ ઠરાવે છે, પણ તે "કિનારેથી દૂર જમીન ઉપર" ભાગ્યેજ ઠરી શકેછે. એજ ગ્રંથકર્ત્તા કલ્પના કરે છે કે હિત્રંજ છે તે શત્રુંજયને લાગું પડે છે. રનોડોએ જે સામાન્ય વિષય ઉપર પોતાનો અભિપ્રાય આપ્યો છે તે હજી કંઈક વધારે લાગુ પડે છે. તે કેહેછે કે, "આ દેશોનાં નામ જે આપણને મળી આવ્યાં છે, "તેનો ઘણોખરો ભાગ અપભ્રંશ થઈગયો છે; અને આર્બી અક્ષરમાં તે લખી "બતાવવાને કઠણ છે તેથી શક ભરેલી કલ્પના કરવામાં કશો માલ નથી."

તોપણ એ પ્રવાસિએ ચાલચલગત વિષે લખ્યું છે તે ગૂજરાતના હિંદુઓને લાગુ પડી શકે એવું છે. અગ્નિ અને પાણીમાં પડવાવિષેનો જે વૃત્તાંત છે તેનો ઉતારો અમે હવે કરિયે છિયે, અને મુરદાને બાળવાની ચાલ છે, સ્ત્રિયો પોતાના ધણીની પછવાડે તેની ચિતામાં બળી મરેછે, તપસ્વી નગ્ન અથવા માત્ર મૃગચર્મ ધારણ કરીને સૂર્ય સામું કેટલાક કાળ સુધી જોઈ રેહે છે, એવા ચાલ છે તે વિષેનો ઉતારો પણ અમે આપિયે છીયે. તે પ્રવાસી લખેછે કે, " આ સર્વે રાજ્યોમાં રાજસત્તા રાજાના કુટુંબિયોમાંજ રેહેછે, "ત્યાંથી છૂટી પડતીજ નથી; અને એકજ કુટુંબના, એક બીજાની પછવાડે "ગાદિયે બેસેછે. એજ પ્રમાણે વિદ્વાન્, વૈદ્ય, અને બધી જાતનાં શિલ્પશાસ્ત્ર "જાણનારા બધા કારીગરોની જૂદી જૂદી નાત છે, અને જેઓનો ધંધો "જૂદો છે તેઓ એકબીજાની નાતમાં કદિ મળી જતા નથી." એક કરતાં વધારે સ્ત્રિયો પરણવાનો ચાલ, ચોખા વાપરવાનો સાધારણ ચાલ, મૂર્ત્તિ પાસેથી પ્રત્યુત્તર લેવાનો ચાલ, ખાતા પેહેલાં નાહાવાનો ચાલ અને બીજા ચાલ વિષે પણ લખ્યું છે. વળી લખ્યું છે કે, "હિંદુસ્તાનના રાજ્યોમાંથી રાજાઓને "મફત જોઇયે એટલા સિપાઇયો મળી શકેછે, ને તેઓને લડાઇને સારૂં "એકઠા કરવામાં આવેછે ત્યારે તેઓ પોતાને ખર્ચે રણભૂમિ ઉપર જાય "છે, ને રાજાને માથે કાંઈ પડતું નથી."

**અબુઝીદ અલહસન**, બીજો પ્રવાસી, ઉમેરો કરેછે કે, "**હિંદુઓમાં**
"એક સાધારણ ચાલ છે કે સ્ત્રી અથવા પુરૂષ, જ્યારે ઘરડાં થાય અથવા
"જાણે કે ઘણાં વર્ષ થવાથી હવે મરી જવાશે ત્યારે પોતાના કુટુંબના મા-
"ણસોને કહી રાખેછે કે અમને અગ્નિમાં હોમજો અથવા પાણીમાં નાંખજો;
"કારણ કે તેઓને નિશ્ચય હોયછે કે અમારો બીજો અવતાર થશે." તે કે-
"હેછે કે **હિંદુઓમાં** યોગી અને વૈદ્ય હોયછે તે **બ્રાહ્મણને** નામે ઓળખાય
"છે. તેમનામાં કવિઓ હોયછે,તેઓ રાજાઓનાં જૂઠાં વખાણની કવિતા કરેછે.
"તેઓનામાં જોશી છે; વિદ્વાન્, ભવિષ્યવર્ત્તનારા, અને પક્ષિયોનું ભ્રમણ
"જાણનારા પણ છે, અને બીજા જન્માક્ષરની ગણતરી બાંધવાનો ફાંકો રા-
"ખનારા પણ છે, તેઓ મુખ્યત્વે કરીને **ગોરાઝના** રાજ્યમાં **કનુજ*** નામનું
"મ્હોટું નગર છે ત્યાં છે." તે ચોમાસાના લક્ષણ વિષે લખે છે કે–, "ચો-
"માસુ છે તે **હિંદુઓનું** જીવન છે; જો વર્ષાદ વરસે નહિ, તો તેઓને ઘણી
"આપદા વેઠવી પડે." યોગીલોકોનો વૃત્તાંત **અબુઝીદે** લખ્યો છે તે અમે
નીચે દાખલ કરિયે છિયે. **અબુઝીદ** તેઓને "**બિકાર**" કેહેછે, **કર્નલ ટાડ**
કલ્પના.કરેછે કે એ શબ્દ ફકીર એ શબ્દનો અપભ્રંસ થઈ ગયો છે, પણ
આવા ભીખીખાનારા લોકોને "ભીખારી" કેહેછે તે **બિકારની** સાથે સારી
રીતે મળતો આવેછે.

---

* "એશિયા ખંડના ઘણા ખરા લોકો **જ્યોતિષ્ય** વિદ્યાની તરફેણમાં એટલા
"બધા ઘેલા હોયછે કે, તેઓના કેહેવા પ્રમાણે, તેઓ એવું માને છે કે જે જે બનવાના
"લેખ, ઉપરથી લખાયા હોય છે તે તે લેખ નીચે બનેછે. હરેક કામ કરતા પેહેલાં
"તેઓ જોશીને પૂછેછે; લડાઈ કરવા સારૂં બે લશ્કર, સજીને સામાસામી તૈયાર થઈ
"રહ્યાં હોય પણ શકુનની ઘડી નક્કી કર્યા વિના લડાઈનો પ્રારંભ કરવાનો વિચાર
"સેનાપતિના મનમાં આવેજ નહિ–તેમજ જોશિયોને પૂછ્યાવિના કોઈ સેનાપતિ
"ઠરાવવામાં આવતો નથી. લગ્ન થતાં નથી. અને પ્રવાસ કરવાને પણ નીકળવામાં
"આવતું નથી. ગુલામ વેચાતો લેવો હોય, અથવા નવું લૂગડું પ્રથમ પેહેરવું હોય
"એ આદિ ઘણાં હલકાં કામમાં પણ જોશીને પૂછ્યા વિના ચાલતું નથી. આ મૂ-
"ર્ખાઈ ભરેલો વેહેમ સર્વેને એટલો બધો દુઃખદાયક થઈ પડયો છે, અને તેથી એવા
"અગત્યના અને અણગમતા પરિણામો નીપજેછે, કે, મને આશ્ચર્ય લાગે છે કે,
"એટલું છતાં પણ એ વેહેમ આટલી લાંબી મુદત સુધી જારી રહ્યો છે. છાની અને
"ઊઘાડી સર્વે વાત જોશીને ઊઘાડી કરીને કેહેવી પડેછે, તેની સાથે વળી જે જે
"ઉપાય કામે લગાડવાના હોય તે પણ કેહેવા પડેછે."–બર્નિયરનું ઈરવિંગ બ્રાક્
કરેલું ભાષાન્તર.

"હિંદુસ્થાનમાં એક જાતના માણસો હોયછે તે બિકાર કેહેવાયછે, "તેમના જીવતર સુધી તેઓ નાગા ફરેછે, અને તેમનું શરીર ઢંકાય એટલા "તેમના વાળ વધારેછે. તેઓ તેમના નખ વધારેછે, તે અણીદાર અને તર- "વારના જેવા ઝીના થાયછે, કદિ તેઓ તેમને લેવરાવતા નથી, પણ તેમની "મેળે ખરી પડવા અથવા કપાઈ જવા દેછે, આમ કરવામાં તેઓ ધર્મ મા- "નેછે. તેઓ માટીના શકોરાને દોરીમાં પરોવીને ગળામાં ઘાલેછે; જ્યારે "તેઓને ભૂખ લાગેછે ત્યારે કોઈ હિંદુને બારણે ઉભા રેહેછે, અને જેઓ "અંદર હોય છે તેઓ ત્વરાથી ચોખા આણી આપેછે, ને તેમાં ઘણું પુણ્ય "સમજેછે; શાણુકામાં ખાઇને જાયછે તો પછી ઘણી અગત્ય પડયાવિના પાછા "આવતા નથી. પ્રવાસિયોની સોઇને માટે ધોરી રસ્તા ઉપર ધર્મશાળા બંધા- "વામાં પુણ્ય ગણવામાં આવેછે; ત્યાં દુકાનદારોને વસાવેછે એટલે જે જે જો- "ઇયે તે પ્રવાસિયોને ખરીદવાને બની આવેછે." બીજી જગ્યાએ લખે છે કે, "કેટલાક હિંદુઓ એવા છે કે એક ભાણામાં બે જણ ભેગા બેશીને જમતા "નથી, એવી રીતે જમવામાં તેઓ મ્હોટું પાપ સમજેછે. જો સો જણ જ- "મવાને એકઠા થયા હોય તો દરેક જણાને એકબીજાને અડયાવિના જૂદે "જૂદાં ભાણાં જોઇએ છિયે. તેમના રાજા અને ધર્મી માણસોને માટે રોજ "રોજ તાજી રસોઇયો થાય છે. ને નાળિયેરિનાં પાંદડાંનાં બનાવેલાં પત્રાળાં "અને પડિયામાં તેઓ જમેછે. જમી રહ્યા પછી પત્રાળાં પડિયા અને જે "કાંઈ વધેલું હોય તે સર્વ પાણીમાં નાખી દેછે. આ પ્રમાણે હમેશાં નવી "સામગ્રી જોઇએછિયે."

"હિંદુરાજાઓ હીરે જડેલી સોનાની કડિયો પેહેરે છે. વળી તેઓ "જૂદા જૂદા રંગના રત્નના મુલ્યવાન ગલુબંધ પેહેરે છે, તેમાં મુખ્યત્વે કરીને "લીલમ અને લાલો હોયછે; પણ તેમને મોતી વધારે પસંદ પડેછે. અને તેનું "મૂલ બીજાં બધાં જવાહીર કરતાં ચડેછે. હાલમાં તેઓ પોતાની બીજી મૂ- "લ્યવાન વસ્તુ સાથેરાખી મૂકેછે. દરબારના રાજશ્રી લોક, મ્હોટા અધિકારી, "અને બ્યૂહપતિઓ એવાજ જવાહીરના હાર પેહેરેછે; તેઓ ટૂંકી ચાળનાં "કેડિયાં પેહેરેછે, અને પોતાના પરિવાર સહિત બહાર નીકળેછે ત્યારે સૂર્યનો "તડકો અટકાવવા મોરનાં પીછાંનું છત્ર ધરાવેછે."

# પ્રકરણ ૪.

## મૂળરાજ સોલંકી (ઈ. સ. ૯૪૨ થી ૯૯૭)

### સોલંકી વંશ.*

ઇતિહાસકર્તા સામતસિંહનું સારૂં લખતા નથી. તેઓએ તેને માટે

*રાસમાળા પ્રમાણે.

| | ક્યારે ગાદીપતિ થયા | | ક્યાં સુધી ભોગવી | | કેટલાં |
|---|---|---|---|---|---|
| | સંવત્ | સન | સંવત્ | સન | વર્ષ રાજ્ય કરયું |
| ૧ મૂળરાજ | ૯૯૮ | ૯૪૨ | ૧૦૫૩ | ૯૯૭ | ૫૫ |
| ૨ ચામુણ્ડરાજ | ૧૦૫૩ | ૯૯૭ | ૧૦૬૬ | ૧૦૧૦ | ૧૩ |
| ૩ વલ્લભસેન | ૧૦૬૬ | ૧૦૧૦ | ૧૦૬૬ | ૧૦૧૦ | ૦ |
| ૪ દુર્લભસેન | ૧૦૬૬ | ૧૦૧૦ | ૧૦૭૮ | ૧૦૨૨ | ૧૨ |
| ૫ ભીમદેવ(પેહેલો) | ૧૦૭૮ | ૧૦૨૨ | ૧૧૨૮ | ૧૦૭૨ | ૫૦ |
| ૬ કર્ણ | ૧૧૨૮ | ૧૦૭૨ | ૧૧૫૦ | ૧૦૯૪ | ૨૨ |
| ૭ સિદ્ધરાજ (જયસિંહ) | ૧૧૫૦ | ૧૦૯૪ | ૧૧૯૯ | ૧૧૪૩ | ૪૯ |
| ૮ કુમારપાળ | ૧૧૯૯ | ૧૧૪૩ | ૧૨૩૦ | ૧૧૭૪ | ૩૧ |
| ૯ અજયપાળ | ૧૨૩૦ | ૧૧૭૪ | ૧૨૩૩ | ૧૧૭૭ | ૩ |
| ૧૦ મૂળરાજ (બીજો) (બાળ મૂળરાજ) | ૧૨૩૩ | ૧૧૭૭ | ૧૨૩૫ | ૧૧૭૯ | ૨ |
| ૧૧ ભીમદેવ (બીજો) (ભોળોભીમ) | ૧૨૩૫ | ૧૧૭૯ | ૧૨૯૮ | ૧૨૪૨ | ૬૩ |
| ૧૨ ત્રિભુવનપાળ | ૧૨૯૮ | ૧૨૪૨ | ૧૩૦૦ | ૧૨૪૪ | ૨ |
| | | | | | ૩૦૨ |

પ્રાચીન ગૂજરાતનો કર્તા ચાલુક્ય (સોલંકી) વંશની વંશાવળી આ રીતે આપેછે-

| | ક્યારે ગાદીપતિ થયા | | ક્યાં સુધી રાજ્ય કર્યું. | | કેટલાં વર્ષ |
|---|---|---|---|---|---|
| | સંવત્ | સન | સંવત્ | સન | |
| ૧ મૂળરાજ | ૧૦૧૭ | ૯૬૧ | ૧૦૫૨ | ૯૯૬ | ૩૫ |
| ૨ ચામુણ્ડરાજ | ૧૦૫૨ | ૯૯૭ | ૧૦૬૬ | ૧૦૧૦ | ૧૩ |
| ૩ વલ્લભસેન | ૧૦૬૬ | ૧૦૧૦ | ૧૦૬૬ | ૧૦૧૦ | ૦ |

એવું લખ્યું છે કે, તે કીર્ત્તિમાન્ રાજા ન હતો; તેને રાત કે દાહાડો બોલવામાં કશો વિચાર નહતો; તેનામાં વિવેક અને ટેક તો હતાજ નહિ; સારૂં કે નરસુ, હિત કે અહિત એમાં કશો ભેદ તે સમજતો નહિ; અને જાથુ તે પોતાનું મન ફેરવ્યાં કરતો. તેણે સાત વર્ષની ટુંકી મુદત સુધી રાજ્ય કરયું તેમાં શું શું બન્યું તે નોંધી રાખ્યું નથી, માત્ર એટલુંજ લખ્યું છે કે, તેને કાંઇ [1]સંતાન નહતું, તે ઉપરાંત, અણહિલવાડની ગાદિયે સોલંકી વંશ શી રીતે આવ્યો તેનો વૃત્તાંત પણ લખ્યો છે.

---

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪ દુર્લભસેન | ૧૦૬૬ | ૧૦૧૦ | ૧૦૭૮ | ૧૦૨૨ | ૧૨ |
| ૫ ભીમદેવ (પેહેલો) | ૧૦૭૮ | ૧૦૨૨ | ૧૧૨૦ | ૧૦૬૪ | ૪૨ |
| ૬ કર્ણદેવ | ૧૧૨૦ | ૧૦૬૪ | ૧૧૫૦ | ૧૦૯૪ | ૩૦ |
| ૭ સિદ્ધરાજજયસિંહ | ૧૧૫૦ | ૧૦૯૪ | ૧૧૯૯ | ૧૧૪૩ | ૪૯ |
| ૮ કુમારપાળ | ૧૧૯૯ | ૧૧૪૩ | ૧૨૩૦ | ૧૧૭૪ | ૩૧ |
| ૯ અજયપાળ | ૧૨૩૦ | ૧૧૭૪ | ૧૨૩૩ | ૧૧૭૭ | ૩ |
| ૧૦ મૂળરાજ (બીજો) | ૧૨૩૩ | ૧૧૭૭ | ૧૨૩૫ | ૧૧૭૯ | ૨ |
| ૧૧ ભીમદેવ (બીજો) | ૧૨૩૫ | ૧૧૭૯ | ૧૨૯૮ | ૧૨૪૨ | ૬૩ |

દ્વયાશ્રયની ટીકાની ટીપ અને સુરથોત્સવમાં મૂળરાજ સં. ૯૯૩ માં ગાદિયે બેઠો એમ લખ્યું છે.

"પ્રબંધ ચિન્તામણી" (મેરૂતુંગાચાર્યનો), જિનમંડન ઉપાધ્યાયના "કુમારપાળ પ્રબંધ"માં અને "પટાવલી"માં મૂળરાજે ૫૫ વર્ષ, ચામુંડરાજે ૧૩ વર્ષ, વલ્લભરાજે છ માસ, દુર્લભરાજે વર્ષ ૧૧ ને માસ ૬, ભીમરાજે વર્ષ ૪૨ (પ્રબંધચિન્તામણીની એક પ્રતમાં વર્ષ ૫૨ લખેલ છે) રાજ્ય કર્યુ લખ્યું છે.

"કુમારપાળ પ્રબંધ" અને "પટાવલી"માં કર્ણદેવે ૨૯ વર્ષ રાજ્ય કર્યુ કેહેછે.

સિદ્ધરાજે રાજ્ય કર્યાનું પ્રબંધચિન્તામણી ૪૯ વર્ષ; અને "પટાવલી" વર્ષ ૪૮, માસ ૮, અને દિવસ ૧૦ કેહેછે.

કુમારપાળે પ્ર૦ ચિં૦ અને કુ૦ પ્ર૦ વર્ષ ૩૧; અને પટાવલી વર્ષ ૩૦, માસ ૮ ને દિવસ ૨૭ રાજ્ય કર્યુ કેહેછે.

અજયદેવે પ્ર૦ ચિં૦ વર્ષ ૩; અને પટાવલી વર્ષ ૩, માસ ૧૧, ને દિવસ ૨૮ રાજ કર્યુ કેહેછે.

મૂળરાજ (બીજો) પ્ર. ચિ. વર્ષ ૨; પટાવલી વર્ષ ૧, માસ ૧, ને દિવસ ૨૪ રાજ કર્યાનું કેહે છે.

ભીમદેવ (બીજો) પ્ર. ચિ. વર્ષ ૬૩; પટાવલી વર્ષ ૬૫, માસ ૨, ને દિવસ ૮ રાજ્ય કર્યુ કેહેછે.

"પટાવલી"માં ભીમદેવ (બીજા) પછી પાદકારાજ ગાદિયે બેઠો તેણે છ દિવસ રાજ કર્યુ; તે પછી ત્રિભુવનપાળે માસ બે ને દિવસ બાર રાજ્ય કર્યાનું કેહેછે. તે પછી ચાલુકયની બીજી શાખાના વાઘેલાને હાથે ગૂજરાતની ગાદી ગઈ.

૧ ચાવડાના ભાટના કથન ઉપરથી એમ જણાયછે કે,

સામતસિંહને સંતાન ન હતું એમ કહેવામાં આવેછે તો પછી મૂળરાજને તેના પછી પાટ બેસવાનો સંભવ છતાં તે તેને મારી નાંખત નહિ, પરંતુ સામતસિંહને

કલ્યાણના [2]ભૂવડ રાજાની ચોથી પેહેડિયે ભુવનાદિત્ય કરીને રાજા થયો, તેને ત્રણ કુમાર હતા, એકનું નામ **રાજ**, બીજાનું નામ **બીજ**, અને ત્રીજાનું નામ **દંડક** (દડક્ક). તેઓ **સોમનાથ મહાદેવની** યાત્રા કરીને પાછા વળતાં **સામતસિંહના** દરબારમાં આવ્યા. સો વશા તો એકલી યાત્રાને માટે જ તેમણે પોતાનું ઘર છોડ્યું નહિ હોય, પણ રજપૂત રાજવંશિયોના ન્હાના ભાઇયોનો ગાદીની સાથે હકને લીધે સંબંધ હોયછે, તેથી અદેખાઇને લીધે, તેઓનો ભાગ્યોદય પોતાના દેશમાં થતો નથી, માટે તે લાભ પરદેશમાંથી પ્રાપ્ત કરી લેવા જવાનો તેમનામાં સાધારણ ચાલ છે, તે પ્રમાણે તેઓ પણ નીકળી પડ્યા હશે. **રત્નમાળામાં** લખ્યા પ્રમાણે, આ ત્રણ કુંવરોમાં જે મ્હોટો હતો તે, મધ્યમ કદનો, ગોરો, અને સ્વરૂપવાન્ હતો. વળી તેના વિષે લખ્યું છે કે, "તે પોતાનો ધર્મ પાળતો હતો, નિત્ય શિવની પૂજા કરતો હતો;

---

એક કુંવર હતો તેનું નામ **અહિપત** હતું. જ્યારે **મૂળરાજે સામતસિંહને** માર્યો ત્યારે **અહિપતને** લઇને તેની મા, જે ભાટી રજપૂતાણી હતી તે, પોતાને પિયર **ત**-ણોત (સિન્ધ અને **મારવાડની** વચ્ચેના રણમાં છે) ગઈ. કેમકે જેસલે જેસલમેર વસાવ્યું તે પેહેલાં **ભાટીરજપૂત** ત્યાં રાજ્ય કરતા હતા. **અહિપતનું** વય આ સમયે સુમારે એક વર્ષનું હતું. કેટલેક વર્ષે તે કચ્છમાં **લાખાપૂલાણીને** શરણે આવ્યો તેથી **મોરગઢ** ગામ તથા તેની આસપાસની ભોંય તેના નિર્વાહને અર્થે આપી. **મૂળરાજ** અને **લાખાપૂલાણીને** વૈર બંધાવાનું આ પણ એક કારણ હોય એવો સંભવ છે. **લાખોપૂલાણી આટકોટ** પાસેની લડાઈમાં ઇ૦ સ૦ ૯૭૯માં મરાયો, અને કચ્છ **મૂળરાજે** ખાલસા કર્યું, તેવામાં **અહિપતે** તેનાં ઘણાં ગામ કબજે કરી લીધાં (કેટલાક કેહેછે કે ૯૦૦ ગામ લીધાં) **અહિપતની** પંદરમી પેડિયે **પૂંજોજી ચાવડો** થયો તેના સમયમાં તે **મોરગઢ** ખોઈ બેઠો. આ સમયે કચ્છમાં **જામ ધાવજી** અને પછી **વેણજી** હતા, તેમના સમયમાં, **જામઅબડાજિયે** ઘણી લડાઈઓ કરી છે. તેણે **ચાવડાઓને** નસાડ્યા હશે એમ સંભવેછે. **મોરગઢથી ધારપુર** (**પાલણપુર** તાબામાં) ગયો અને ત્યાં ૮૪ ગામનો તાલુકો જમાવ્યો, પણ **અલ્લાઉદ્દીને ગૂજરાત** લીધી તે સમયે **પૂંજાજીનો** તાલુકો પણ ગયો અને તે પાદશાહની નોકરીમાં રહ્યો. પછી સારી નોકરી જોઇને પાદશાહે તેને **અંબાસર** નીચે ૨૫૨ ગામ આપ્યાં. **અંબાસરમાં** તેના પછી પાંચમો ઠાકોર **જયસિંહ** ચાવડો થયો તેને ત્રણ કુંવર હતા, તેમણે ત્રણે ભાગે ગામ વેહેંચી લીધાં. **ઈશ્વરદાસ** વડીલ હતો તેને **અંબોડ**, **સૂરજમલને વરસોડા**, અને **સામતસિંહ અંબાસરમાંજ** રહ્યો. **સામતસિંહથી** પાંચમો પુરૂષ **સૂરસિંહજી** થયો, તેણે હાલના **મહિકાંઠાના** ગામ **માણસામાં** ગાદી કરી. હવણાં ઠાકોર **રાજસિંહજી ચાવડા માણસામાં** છે તે **સૂરસિંહજીથી ૧૨** મા પુરૂષ છે.

૨ **પ્રબંધચિન્તામણીમાં ભૂદેવ-ભૂયડદેવ** એવું નામ લખ્યું છે. અને એનો વંશ **ભૂયડરાજવંશ** (ભૂદેવક) એમ લખ્યું છે. **ભૂવડનો**, **કર્ણાદિત્ય**, તેનો **ચંદ્રાદિત્ય** તેનો **સોમાદિત્ય**, અને તેનો **ભુવનાદિત્ય** થયો એમ રત્નમાળામાં કહ્યું છે. ૨. ઉ.

"પણ તેને તેની સ્ત્રિયોની પાંતીનું દુઃખ હતું, તેમજ સુખ નહતું." તેના કુળને લીધે, અને તેનામાં શૂરવીરના સારાં ગુણ હતા તેથી, અણહિલવાડના ³રાજાએ પોતાની લીલાદેવી બેહેન તેને વેહેરે પરણાવી. આ કુંવરીને તેનો ગર્ભ રહ્યો, અને પ્રસુતવેદનાથી મરણ પામી. પણ તેના ગર્ભસ્થાનમાંથી કુંવર હતો તે કાહાડી લીધો, તે મૂળ નક્ષત્રમાં આવ્યો તેથી તેનું મૂળરાજ નામ પાડ્યું* સામતસિંહે તેને દત્તક કરી લીધો, તે ઉદય પામતા સૂર્યના

૩ રત્નાદિત્યે સન ૯૨૦ થી ૯૩૫ સુધી પંદર વર્ષ રાજ્ય કર્યું છે, ત્યાર પછી સામતસિંહે સન ૯૩૫ થી ૯૪૨ સુધી સાત વર્ષ રાજ્ય કર્યું છે. મૂળરાજે ૯૪૨માં તેને મારી રાજ્ય લીધું તે વેળાએ તેનું વય ૨૧ વર્ષનું હતું, એ ઉપરથી સન ૯૨૧માં તેનો જન્મ થયેલો નીકળે છે આ વેળાએ રત્નાદિત્ય પાટે હતો પણ સામતસિંહ કુંવર પદે હોવાથી રાજકાર્યમાં સામેલ રેહેતો હશે એમ જણાય છે તેથી પોતાની બેહેનને પરણાવવામાં આગેવાન હોવાથી તેને તે વેળાનો રાજા ગણ્યો હશે; પણ ખરૂં જોતાં રત્નાદિત્ય પાટે બેઠો કે તરતજ રાજ, અને બીજ, ત્યાં આવેલા હોવા જોઇયે. લીલાદેવીને સન ૯૨૦માં પરણાવી હોય તો ૯૨૧માં મૂળરાજને જન્મવાનો સંભવ બને ખરો. સામતસિંહ ગાદિયે બેઠો ત્યારે મૂળરાજનું વય ૧૪ વર્ષનું હતું તે સમયથી સાત વર્ષમાં તે પોતાના મામાના રાજકાજમાં કર્ત્તા થઈ પડવાથી સારો આશ્રય આપ્યો હશે, પણ જો સામતસિંહ પાટે બેઠા પછી લીલાદેવીને પરણાવી હોય તો મૂળરાજનું વય ઘણામાં ઘણું છ વર્ષનું હોય તેવો બાળક સામતસિંહને મારીને પાટે બેસે એવો સંભવ હોય નહિ.

ર. ઊ.

* સોલંકી વંશ વિષે ભાટ લોકોની કથા એવી છે કે,—અંતર્વેદ અથવા ગંગા યમુનાની વચ્ચેના (દોઆબ) પ્રદેશમાં ટુકટોડા–મદાવતી નગરીમાં સોલંકીનું રાજ્ય હતું તે વંશમાં રાજ તથા બીજ થયા. તેઓને પોતાના ભાયાત સાથે ટંટો થયો અને પિત્રાઇયોને ગ્રાસ કાજે માર્યા. પછી ગોત્રહત્યા બેઠી તેનો પસ્તાવો થયો. તેના નિવારણને અર્થે દ્વારકા અને કાશીની યાત્રા કરવા નીકળ્યા. પ્રથમ કાશીમાં જઈ એક વર્ષ રહ્યા ને પુણ્યદાન કર્યું, પછી ગંગાજળની કાવડો ભરી દ્વારકાં જવા, રસ્તામાં પાટણને ગુંદરે ઉતર્યા. તેવામાં રાજાનો ખાસદાર ઘોડી પાવાં આવ્યો, તે ઘોડી રાજ, તથા બીજના ભગવા વેશથી ભડકી તેને ખાસદારે ચાબુક માર્યો તે જોઈ બીજ, જે ઘોડાની પરીક્ષાનો શાલિહોત્ર નામનો ગ્રંથ ભણેલો હતો તે ખેદ પામીને બોલ્યો કે "જા ભૂંડા! તેં ચાબુક મારીને આ ઘોડીના પેટમાં પંચકલ્યાણી વછેરો છે તેની ડાબી આંખ ફોડી નાંખી." ખાસદારને અચરજ લાગ્યું અને તેણે ઘેર જઇને રાજાને સમાચાર કહ્યા. રાજા તેમને મહાપુરૂષ સમજીને તેમની પાસે આવ્યો, અને તેમનું મુખ જોઈ વરતી ગયો કે, આ કોઇ કુલીન અને પ્રતાપી પુરૂષો છે. એમની પાસે કાંઈ હશે ખરૂં માટે સરત બકીને તે પડાવી લેવું. પછી તે બોલ્યો કે, "તમારા કેહેવા પ્રમાણે મારી ઘોડીને જો પંચકલ્યાણી વછેરો અવતરે તો પાટણનું

જેવો પ્રતાપ બતાવીને, પોતાના મામાના રાજ્યની વૃદ્ધિ કરીને, અને સર્વને પ્રિય થઈ પડીને, બાલ્યાવસ્થામાં પ્રખ્યાતિ પામ્યો. રત્નમાળાનો કર્ત્તા તેને વિશ્વાસઘાતી, દયાહીણ અને પોતાનીજ ચડતીમાં તત્પર રેહેનારો કેહેછે તે તેનાં પાછળનાં કૃત્ય ઉપરથી સિદ્ધ થાયછે. "તે વર્ણે કાળો પણ દેખાવમાં "સ્વરૂપવાન્ હતો; કામદેવને વશ હતો; કંજુસ હતો તેથી તે દ્રવ્ય ભોંયમાં "ડાટી મૂકતો; યુદ્ધકળામાં કુશલ નહતો, પણ શત્રુની સામે થતો તો ઠગા-"ઈથી વિશ્વાસ ઉત્પન્ન કરાવીને તેનો નાશ કરતો." જ્યારે તે પાકી ઊંમરનો થયો ત્યારે સામતસિંહે દારુની ધૂનમાં તેને રાજ્યાભિષેક કરાવ્યો; પણ જ્યારે શુદ્ધિ આવી ત્યારે રાજાએ તેની પાસેથી રાજ્ય પાછું લીધું. જૈન ગ્રંથકર્ત્તા કેહેછે કે, તે દિવસથી ચાવડાઓએ દાનનો મહિમા ઘટાડી દીધો એવી કેહેણી ચાલી. મૂળરાજે એક વાર રાજ્યનો સ્વાદ ચાખ્યો, તે તેને મૂકવો ગમ્યો નહિ. તેણે ફોજ એકઠી કરીને પોતાના મામા ઉપર હલ્લો કરી તેને મારી નાંખ્યો, અને જે ગાદી ઉપર તેને ઘણી ભયંકર રમત કરવામાં બેસારચો હતો તે ગાદી ઊપર તે પોતાને હાથે ચડી બેઠો.‡ "આ

---

અર્ધું રાજ મારે તમને આપવું, ને તે ઉપરાંત મારી સેંનાજી (કુમારપાળ રાસામાં લીલાદેવી લખી છે.) બેહેન પરણાવું. ને જો તમારી વાત જૂઠી પડે તો તમારૂં સર્વસ્વ લુંટી લઉં. આ ઠરાવ અન્યોન્ય માન્ય કરચો, ને બન્ને ભાઈ દરબારમાં રહ્યા. પછી સુમારે પંદર દિવસે ઘોડીને પ્રસવ થયો. તેને ચાર પગ તથા મ્હો ધોળું એવો પંચકલ્યાણી અને ડાબી આંખ ફૂટેલી એવો વછેરો અવતરચો. આ બનાવ જોઇને સામતસિંહ ચાવડાએ અર્ધું રાજ્ય આપવાની હા કહી, પણ જાતિ, કુળ જાણ્યા વિના બેહેન પરણાવાની ના કહી, પણ પેલા રજપૂતોએ પોતાની સર્વ વાત તેને કહી દીધી તેથી રાજા ખુશી થયો ને બીજને વેરે કન્યા પરણાવાનો ઠરાવ હતો, પણ તે એક આંખ્યે કાણો હતો, તથા તેણે પોતાના ભાઈ રાજ વેરે કન્યા પરણાવાની ઈચ્છા જણાવી તેથી તેની સાથે લગ્ન કર્યું. પછી બન્ને ભાઈ કેટલાક દિવસ સુધી ત્યાંજ રહ્યા, તેવામાં સેનાજી બાઈને મૂળરાજ અવતરચો.

મેરૂતુંગ એમ કેહેછે કે, સામતસિંહે ઘોડો ફેરવતાં અજ્ઞાતપણે ચાબક મારી તેથી પેલા ભાઇયોમાંથી એક હું હું કહીને માથું ધૂણાવી પીડા પામતો બોલ્યો "ન્યુંછન લેવા યોગ્ય તમારા ઘોડાની ગતિ છતાં તમે ચાબુક મારી તેથી મને પોતાને વાગી હોય એમ થયું સામતસિંહે કહ્યું ત્યારે તમે આ ઘોડો ફેરવો કુંવરે ઘોડો એવો સરલ ફેરવ્યો કે સર્વે દંગ થઈ ગયા ને સામતસિંહે પોતાની બેહેન લીલાદેવી તેને પરણાવી.

ભાષાન્તર કર્ત્તા.

‡ આ વિષે ભાટની કથા એવી છે કે,—મૂળરાજ મ્હોટો થયા પછી તેને લઇને રાજ તથા બીજ દ્વારકા ભણી ગયા હતા. રસ્તામાં તેનો બાપ રાજ, લાખા

વિષે કુમારપાળ ચરિતનો કર્ત્તા કેહેછે કે." સાત વસ્તુ નિર્ગુણી છે—૧ જમાઈ ૨ વીંછી, ૩ વાઘ, ૪ મદિરા, ૫ મૂર્ખ. ૬ ભાણેજ, અને ૭ રાજા. એમાંના દરેક જણને ગુણની પરીક્ષા નથી." નિષ્કંટક રાજ્ય ભોગવવાને માટે એક બ્રાહ્મણના વચન ઉપરથી મૂળરાજે વળી મોસાલ પક્ષનાં સર્વને મારી નાંખ્યાં. આ ઘાતકી કર્મ વિષે, તેના ઇતિહાસ લખનારાએ, મરનારાઓને કલંક દઈ તેઓનું દુઃખ ઓછું કરી બતાવવા છાવરી નાંખ્યું છે કે, તેઓ પાપી, ગર્વિષ્ટ, મદિરાપાનકરનારા, લોકોને દુઃખદેનારા અને બ્રાહ્મણ, દેવનો તિરસ્કાર કરનારા હતા;[1] તોપણ મૂળરાજને આ પાપકર્મનો પસ્તાવો થયા વિના રહ્યો નથી.

---

ફૂલાણીથી મરાયો હતો તેવામાં મૂળરાજ અગિયાર વર્ષનો થયો હતો તેને તેના કાકા બીજે કહ્યું કે "તારા મામાએ અર્ધું રાજ આપવાનું કહ્યું છે માટે તેની પાસે જઇને તે પ્રમાણે માગી લે. મૂળરાજે તે પ્રમાણે મામાને કહ્યું ત્યારે તે બોલ્યો, મેં તારા બાપને લીંબું ઉછાળ એટલે લીંબું ઉછાળિયે ને પાછું ભોંય પડે એટલીવાર સુધી રાજ્ય આપવાનું કહ્યું હતું. તે પ્રમાણે હું તને આપવાને રાજી છું. મૂળરાજે આ વૃત્તાંત પોતાના કાકાને કહ્યો ત્યારે તેણે સલાહ આપી કે, "લીંબું ઉછાળ રાજ્ય આપે એટલીવારમાં તારે સામંત અને પટાવતોને શિરપાવ અને ગ્રાસ આપવા એટલે તેઓ તારી પક્ષમાં થઈ જશે" મૂળરાજે નિત્ય લીંબું ઉછાળ ગાદી મળે તેટલી વારમાં સર્વે કારભારિયોને શિરપાવ અને ગ્રાસ આપવા માંડયા તેથી તેઓ સર્વે એવી કલ્પના કરવા લાગ્યા કે સામતસિંહની ગાદી મૂળરાજને મળે તો બહુ સારૂં થાય. એક વર્ષ સુધી આ પ્રમાણે ચાલ્યું. એટલે રાજાએ જાણ્યું કે આ તો રાજકોશ ખાલી કરી નાંખશે. મૂળરાજને તેના કાકાએ વળી એક બીજી સલાહ એવી આપી હતી કે, "માંસના કડકા નાંખી ગરધવોને તારે સાધવી, તે હળી જશે એટલે તારા માથા ઉપર ભમ્યાં કરશે, પછી લીંબુને લોહીવાળું કરીને ઉછાળજે એટલે તેને માંસરૂપ જાણી ગરધવ લઈ ચાલશે તેથી સદા ગાદી તારા સ્વાધીનમાં રેહેશે." છ મહિનામાં તેણે કાકાની સલાહ પ્રમાણે ગરધવો સાધી લીધી હતી. તે દરબારમાં ગયો ત્યારે એક દિવસ લોહીવાળું લીંબું ઉછાળ્યું તે ગરધવ લઇને ઊડી એટલે પાછું ભોંય પડ્યું નહિ. મામાએ તેને ગાદી ઉપરથી ઊઠવાનું કહ્યું પણ તે ઉઠયો નહિ ને કહ્યું કે, લીંબું પડેલું દેખાડો તો હું ઊઠું. આ ઉપરથી મામા ભાણેજને ટંટો થયો. દરબારી લોકો મૂળરાજને મળી ગયા, ને મૂળરાજે તે વેળાએ સામતસિંહને ઠેર કર્યો.

મેરૂતુંગના લખવા પ્રમાણે સંવત્ ૯૯૮માં ૨૧ વર્ષને વયે તે સ્વતંત્ર રીતે ગાદિપતિ થયો.

ભાષાન્તરકર્ત્તા.

૧ શેકસપિયર કવિ, પોતાના જૉન રાજાના નાટકના ત્રીજા અંકના ચોથા પ્રવેશમાં એવાજ પ્રકારનો વિચાર લખેછે:—

"જે રાજદંડ અન્યાયથી ઝુંચાવી લીધો હોય, તે જેવા કલહ ભરેલા પ્રકારથી

ચાવડા વંશનો નાશ થઈ જવાથી, આસપાસના સર્વે રાજાઓને ગૂજરાતનું રાજ્ય લઈ લેવાનો લોભ લાગ્યો, તેમાં મૂળરાજે, પોતાનું નવું મેળવેલું રાજ્ય તેના શત્રુઓથી રક્ષવાને ઘણી ખંઘાઈ ભરેલી યુક્તિઓ કરવા માંડી. ઉત્તરમાં [1]નાગોર અથવા સાભર (સામ્ભર) નો રાજા જે એક લાખ ગામનો (સપાદલક્ષ) ધણી હતો, અને પછીથી તેનું રાજ્ય અજમેરને નામે પ્રસિદ્ધ થયું છે, તેણે એના ઉપર પ્રથમ હલ્લો કરયો. તેજ વેળાએ [2]તિલંગાના રાજા [3]તૈલિપના સેનાપતિ બારપે ગૂજરાતઉપર ચડાઈ કરી. મૂળરાજનો ઇતિહાસ લખનાર કેહેછે કે, તેના પ્રધાને તેને સમજાવ્યો કે, ઘેટો જેમ પાછો હઠી વધારે જોરથી મારેછે અથવા વાઘ જેમ ક્રોધાયમાન્ થઇને નમી સંકોચાયછે તેમ વધારે મારાત્મક અસર કરે એવી તળપ મારી શકેછે તેમ તમારે તમારૂં પરાક્રમ પાછું ખેંચી રાખવું. આ કેહેવા ઉપરથી અથવા પોતાની નિત્યની પ્રપંચી રીત પ્રમાણે મૂળરાજ અણહિલવાડ તજીને, ઘણે આઘે અને કોઇનો હલ્લો થઈ શકે નહિ એવા કચ્છના નાકાઉપર [4]કંથકોટ કિલ્લો છે તેમાં ભરાઈ પેઠો, તે એવી આશાથી કે ચોમાસામાં હરકત પડશે તેથી અજમેરના રાજાને પાછા જવું પડશે. પણ રાજાએ તો ચોમાસામાં પણ ટકાવ કરયો ને જ્યારે નવરાત્ર આવ્યાં ત્યારે હલ્લો ક-

---

"મેળવી લેવામાં આવ્યો હોય તેવાજ પ્રકારથી સાચવી રાખવો પડેછે, અને જે લ-
"પશી પડાય એવી જગ્યા ઉપર ઉભો રેહેછે તેને નિર્બળ આધાર ટકાવી શકતો નથી.

૧ મેરૂતુંગ સપાદલક્ષ જણાવેછે.

૨ મિસ્તર વાલ્ટર એલ્લિયટે (રોયલ એશિયાટિક સોસાઇટીના પુસ્તકના ૪ ભાગના પાના. ૧ પ્રમાણે) કલ્યાણના ચાલુક્ય અથવા સોલંકી વંશનું વર્ણન કરતાં "તૈલપદેવ" નામના રાજાવિષે લખ્યું છે, તેણે શક ૮૯૫ થી ૯૧૯, (અથવા સન ૯૭૪ થી ૯૯૮) સુધી રાજ કર્યું, તેથી તે મૂળરાજના સમયનો હતો, માટે બેશક અહિ તૈલપ લખ્યો છે તેજ એ તૈલપદેવે માળવાના બાહાદુર રાજા મુંજને મારયો હતો એવું લખ્યું છે. મિ૦ એલ્લિયટે, કલ્યાણ રાજ્યની ઉત્તર દિશાની સીમા નર્મદા નદી લખી છે. (પ્રાચીન ગૂજરાતનો કર્ત્તા લાટદેશનો બારપ કેહેછે.)

૩ કીર્ત્તિકૌમુદીમાં લખ્યું છે કે, લાટેશ્વરનો સેનાપતિ બારપ જે બીજા કોઇનાથી હઠે નહિ એવો હતો તેને અસાધારણ પરાક્રમવાળા મૂળરાજે હણીને તેના હાથિયોનો સમૂહ લઈ લીધો.

ર. ઊ.

૪ કચ્છના ભચાઉ તાલુકામાં આ કિલ્લો છે તે કંથાદુર્ગ અથવા કંથાગઢ પણ કેહેવાતો હતો. ઇ. સ. ૯૪૩માં જામ સાડજિયે પૂરો કરયો અને તેના પિતા જામ મોડજિયે આરંભ કર્યો હતો. ર. ઉ.

રવાને તૈયારી કરી. મૂળરાજે કાંઈ [1]લાલચ આપીને અજમેરના લશ્કરને પાછું કાહાડયું, પણ આ વિષે ધ્યાનમાં ઉતરે એવો કાંઈ લેખ નથી. પછી પોતાના પટાવતોને એકઠા કરીને બારપના લશ્કર ઉપર હલ્લો કરયો ને તે

---

૧ મેરૂતુંગના લખવા પ્રમાણે (લાલચ આપી કાહાડયા નથી પણ) નીચે પ્રમાણે બન્યું છે:—

નાગોર અથવા સપાદલક્ષના રાજાએ જ્યાં પડાવ નાંખ્યો હતો ત્યાંજ, શાકંભરી નામે નગરી વસાવી, પોતાંની ગોત્રદેવીને ત્યાંજ મંગાવી નવરાત્ર કરી મૂળરાજે લહણિકા કરવાના મિષે પોતાના સામંતોને સંકેતયુક્ત કંકોતરિયો લખી તે પ્રમાણે ત્યાં જે આવે તેમનો સત્કાર કરવા માટે, રાજપુત્રોને અગાઉથી મોકલ્યા પોતે પણ મુહૂર્ત્તને સમયે સાંઢણી ઉપર બેશી આવી પોહોચ્યો. ને સપાદલક્ષની છાવણીમાં પેશી તેના તંબુ આગળ જઈ તેમાં પ્રવેશ કરયો, સંકેત પ્રમાણે તેના સામંતો પણ ચાર હજાર ઘોડેસ્વાર સહિત આવીને તેના તંબુની આસપાસ વિંટળાઈ વળ્યા. મૂળરાજે સપાદલક્ષના ઉત્તરમાં કહ્યું કે, આ ભૂમંડળમાં મારા સામે થાય એવો બલવાન્ મુકુટધારી હજી મેં જોયો નથી. પણ આપ અહિં યુદ્ધાર્થે પધાર્યા છો તેથી યુદ્ધ કરવાનો પ્રસંગ મને પ્રાપ્ત થયો તેથી હર્ષ થાયછે. પરંતુ તૈલિપનો સેનાપતિ બારપ અહિં ચડી આવ્યો છે તેને શિક્ષા કરીને હું પાછો આવું ત્યાં સુધી આપે સુખે અહિં ગોભવું, પછીથી યુદ્ધનો રસ પરસ્પર આપણે ચાખીશું. આ વાત નિવેદન કરવાને હું આવ્યોછું. સપાદલક્ષે કહ્યું કે, એક કટાર ઉપર ઝુઝવી આપ મારા જેવા શત્રુના અગણિત સેન વચ્ચે થઇને આવ્યા તો આપના સાહસિક ધૈર્યને ધન્ય છે! આપની સાથે મિત્રતા રાખવી યોગ્ય છે. મૂળરાજ ત્વરાથી ત્યાંથી ઉઠી પોતાના સામંતો સહિત સાંઢણી ઉપર પાછો સવાર થઈ બારપની છાવણી ઉપર તૂટી પડયો. ને તેની સેનાનો ધાણ વાળી દઇને હર! હર! મહાદેવ! કેહેતો જય મેળવી પાછો ફરયો અને શાકંભરી ભણી આવ્યો તો સપાદલક્ષ તેનું બારપ સંબંધનું પરાક્રમ જાણી જતો રહ્યો હતો. આ બનાવથી પોતે ઘણો પ્રસન્ન થયો, અને આ પરિણામ અમર કરવાને તેણે મૂળરાજ વસહિકા અને મૂંજાલદેવ સ્વામીનો પ્રાસાદ કરાવ્યો. કેહેછે કે તેનો ભક્તિભાવ જોઈ સોમેશ્વર તેના ઉપર પ્રસન્ન થયા અને મંડલિક નગરમાં તેને દર્શન આપ્યાં અને કહ્યું કે, તારા અણહિલપાટણમાં હું હવે નિવાસ કરૂંછું. તેનો પરચો તને સત્વર જણાશે. ત્યાં જોયું તો કૂવાનાં પાણી બધાં ખારાં થઈ ગયાં એટલે સોમેશ્વર પોતાના સેવક સમુદ્ર સહિત ત્યાં પધાર્યા સમજી તેણે ત્યાં ત્રિમૂર્ત્તિપ્રાસાદ કરાવ્યો એટલે સર્વે જળ પાછાં મીઠાં થઈ ગયાં.

ત્રિપુરૂષપ્રાસાદને માટે પૂજારી ખોળતો, તે શ્રી સરસ્વતી કિનારે કંથડી નામે પવિત્ર તપસ્વી હતો તેની પાસે ગયો પણ તેણે કહ્યું કે:—

**अधिकारात्रिभिर्मासै मोठपत्या त्रिभिर्दिनैः**
**शीघ्रं नरकवाञ्छा चेत् दिनमेकं पुरोहितः**

"અધિકારીને ત્રણ માસે, અને મઠપતિને ત્રણ દિવસે, નર્કની પ્રાપ્તિ થાયછે, પણ જો તે કરતાંએ તુરત નર્ક પ્રાપ્તિની ઈચ્છા થતી હોય તો એક દાહાડો જ પુરોહિત થવું." માટે હે રાજન્! સંસાર સમુદ્ર નિર્વિઘ્ને તરવા હું એવા લો-

સેનાપતિને ઠેર કરચો તથા તેની ફોજમાં કાપંકાપા કરીને ભંગાણ પાડ્યું.[1]

શત્રુઓથી મુક્ત થયા પછી, મૂળરાજે અણહિલવાડમાં કેટલાંક ધર્મનાં સ્થાન બંધાવવા માંડ્યાં, તેમાં પ્રખ્યાત મહાદેવનું દેરૂં સિદ્ધપુરમાં રૂદ્રમાળા છે, તે પૂરૂં કરવાને તે જીવ્યો નહિ. કેહેછે કે શિવની તેણે ઘણી ભક્તિ કરી હતી, તેથી તે શિવે તેનાઉપર પ્રસન્ન થઇને, જેમાં સોમનાથ મહાદેવનું સર્વ દેરાંઓમાં સ્મરણયોગ્ય દેરૂં છે તે સુધાંત, સોરઠ દેશનું રાજ્ય આપ્યું. સોરઠ મળવા વિષેનો વૃત્તાન્ત પ્રખ્યાત હેમાચાર્યે પોતાના દ્વ્યાશ્રયમાં આપ્યોછે તેમાંથી એક ભાગ અમે નીચે આપિયે છિયે:—

જૈન આચાર્ય કેહેછે કે, "મૂળરાજ જગત્ પ્રતિપાળ હતો; તે ઉદાર "મનનો, સદ્‍ગુણોથી ભરેલો હતો. સર્વ રાજા સૂર્યની પેઠે તેની પૂજા "કરતા હતા, ને જે લોક પોતાનો દેશ તજીને ત્યાં આવી વસતા હતા, તેઓ "એના રક્ષણ નીચે સુખ પામતા હતા; તે કારણથી તેને ચક્રવર્તી એવું પદ "મળ્યું. તેના શત્રુમાંથી અર્ધા તો તેણે ઠેર કરચા, ને અર્ધાને ભીખ માગતા "કરીને નાત બાહાર કાહાડી મૂકેલાની પેઠે શેહેર બાહાર કરચા. તેમની

---

ભથી દૂર રહ્યો છું. રાજાએ ધાર્યું કે સદ્‍પાત્ર તો આ છે, ને એ માનતો નથી તો શું કરવું. પછી તેને ભિક્ષા આપવાના રોટલામાં તેના નામનું તામ્રપટ્ટ કરાવીને ઘાલ્યું, ને તે ભિક્ષામાં આપ્યું, ત્યારે છેવટે તેણે પોતાના એક રાજવંશી શિષ્ય વચજલ્લદેવને લઈ જવાની આજ્ઞા કરી. તે પ્રમાણે તેની પાસે જઈ તેને સેવા માટે ૩૨ વારાંગના, ૮ પલ કેસર, ૪ પલ કસ્તુરી, ને ૧ પલ કપૂર ન્હાવા માટે, તથા ઓઢવાને સિતાતપત્ર (શ્વેતછત્ર) ગ્રામ સહિત આપવાનો કરાર કરી તેડી લાવ્યા અને ત્રિપુરૂષધર્મસ્થાનના અધિકારીનો તેને અભિષેક કરચો. તે સ્થાન, કંકરૌલ એટલે કાંકરોલ નામના ગામથી આજે ઓળખાયછે.

આ પૂજારી રાજવંશી હતો તેથી દેવાલયમાં રાજવૈભવ જેવી ધામધૂમ રાખતો હોવાથી મૂળરાજની રાણીને તેના બ્રહ્મચર્ય વિષે શક ઉત્પન્ન થયો હતો, તેથી એક રાત્રિયે ત્યાં પૂજાપો લઇને ગઈ, પણ વચજલ્લદેવ તેની વૃત્તિ સમજી ગયો ને તેના ઉપર પાન ખાધેલા મુખની પીચકારી મારી તેનો સ્પર્શ જે જે સ્થલે થયો તે તે સ્થલે તે રાણીને કોઢ નીકળ્યો. પણ બ્રહ્મચારીની અતિ પ્રાર્થના કરવાથી તેણે પોતાના ન્હાયલા પાણીથી તેને ન્હાવાની આજ્ઞા કરી તે પ્રમાણે કરતાં તેને થયેલો કોઢ મટી ગયો.

ર. ઉ.

૧ નાંદોલના ચોહાણોની દંતકથા વિષે નીચેનું કથન છે તે ઘણું કરીને આ વિષેછે.

"સંવત્ ૧૦૩૯માં (સન ૯૮૩), પટ્ટણ શેહેરના આઘેના દરવાજા આગળ લાખણરાવ ચોહાણ જકાત ઉઘરાવતો હતો. તેણે મેવાડના રાજા પાસેથી ખંડણી લઇને તેની મરજી પ્રમાણે જે કરવાનું હશે તે કર્યું.—ટાડકૃત રાજસ્થાન ભાગ ૨ જો પૃષ્ઠ ૪૪૯.

"સ્ત્રિયોએ કૂવાનાં દેડકાંની પેઠે, ઘરના આંગણા બાહારનું કાંઈ પણ જોયું "ન હતું તેઓને વગડામાં ભટકતાં, ભીલોએ પકડીને શેહેરમાં ગુલામની પેઠે વેચી."

એક સમયે સોમનાથ મહાદેવે મૂળરાજને સ્વપ્નમાં દેખા દઈ, આજ્ઞા કરીકે, "ગ્રાહરિપુ[1] અને બીજા દૈત્યોએ પ્રભાસતીર્થનો નાશ કરયો છે માટે "તેઓને પૂરા કરય, મારા પ્રતાપથી તું જય પામીશ."

---

૧ ચંદ્રવંશમાં આદિ નારાયણથી ચોથા પુરૂષ ચંદ્રમા થયા તેના વંશજ ચંદ્રવંશી કેહેવાયા. દશમા પુરૂષ યદુ થયા તેના કુળના યાદવ અથવા જાદવ કેહેવાયા. ૫૪મા પુરૂષ શ્રીકૃષ્ણ યાદવ થયા તેમનો કુમાર, ૫૫મો પુરૂષ સામ્બ થયો તે મિશ્ર (ઈજીપ્ત) દેશમાંના શોણિતપુરના રાજા બાણાસુર પછી થયલા રાજા કૌભાન્ડની કુંવરી રામા વેરે પરણ્યો હતો, તેથી તેને ૫૬મો પુરૂષ ઉષ્ણીક નામે કુંવર થયો, તે યાદવા સ્થલી થઈ ત્યારે પોતાને મોસાળ શોણિતપુર હતો. તે કૌભાન્ડને કુંવર ન હોવાથી તેની પછી ગાદીનો વારસ થયો. તેના વંશમાં ૧૩૫મો દેવેન્દ્ર નામે ઈસવીસનના છઠ્ઠા સૈકાને અંતે શોણિતપુરમાં રાજા થયો; તેને ચાર કુંવર ૧ અસપત (અશ્વપતિ) ઉર્ફે ઉગ્રસેન, ૨ ગજપત (ગજપતિ), ૩ નરપત (નરપતિ), અને ૪ ભૂપત (ભૂપતિ) નામે થયા. તેમના વખતમાં હજરત મહમદ પેગમ્બરે મુસલમાન ધર્મ ચલાવ્યો. મિશ્રદેશની પ્રજા મુસલમાન થઈ. આ ચારે ભાઇઓને મુસલમાન થવાની ફરજ પડી ત્યારે પોતાનું રાજ્ય છોડયું અને ત્યાંથી નાઠા. મોટો ભાઈ અસપત મુસલમાન થયો, બાકીના ત્રણ ભાઈ આગળ ચાલતા હાલના અફગાનીસ્તાનમાં આવ્યા, ત્યાં, એ ત્રણમાંથી મોટા ગજપતને નામે, વિક્રમ સંવત્ ૭૦૮ (ઈ. સ. ૬૫૨) ના વૈશાખ શુદિ ૩ શનિવારે રોહિણી નક્ષત્રમાં ગજની નામે શેહેર વસાવ્યું. અને નરપતને ત્યાંનો જામ (રાજા) સ્થાપ્યો. ગજની અને ખુરાસાન વચ્ચેના પ્રદેશમાં ભૂપતે પોતાનું રાજ્ય સ્થાપ્યું. તેના વંશના ભટ્ટી કે ભાટી કેહેવાયા. તેમને કેટલીક મુદતે ખુરાસાનના રાજાએ ત્યાંથી હાંકી કાહાડયા, એટલે પંજાબમાં આવી સલભાણા શેહેર (લાહોર કે તેની નજીકમાં હશે) આબાદ કરી રાજ્ય સ્થાપ્યું. પણ ત્યાંથી પણ તેમને દુશ્મનના ભયથી ભાગવું પડયું તે સિંધ અને મારવાડ વચ્ચેના પ્રદેશમાં આવ્યા. ત્યાં ઉમરકોટના પરમાર રાજા તથા ઝાલોરના સોનિંગરા સાથે લગ્ન સંબંધ બાંધ્યા. આ પ્રમાણે કરી રણમાં "તણોત"નો કિલ્લો સંવત્ ૭૮૭માં બાંધી રાજધાની કરી. તણોતથી રાવળ દેવરાજે પોતાના નામ ઉપરથી દેવરાજ કિલ્લો બાંધી રાજધાની કરી. તેની છઠ્ઠી પેઢિયે રાવળ જેસલ થયો, તેણે તે શેહેરથી દશ મૈલ ઉપર પોતાને નામે સારા બચાવવાળો જેસલમેર નામે કિલ્લો ઈ. સ. ૧૧૫૬માં બાંધ્યો. ત્યારથી તેના વંશજોની રાજધાની ત્યાં છે.

ઉપર કહેલ ગજપત પોતાના કુંવર—૧ સાલબાહન, ૨ બલંદ, ૩ રસલુ, ૪ ધર્મગંધ, ૫ બાચા, ૬ રૂપ, ૭ સુંદર, ૮ લેખ, ૯ જસકર્ણ, ૧૦ નેમા, ૧૧ માત, ૧૨ નિમક, ૧૩ ગંગેવ, ૧૪ જગેવ, અને ૧૫ જયપાળ એમ પંદર કુંવર સહિત હિન્દમાં આવ્યો. તેની કેટલીક પેઢિયે નગરઠઠ્ઠામાં ચૂડચંદ્ર, (ચૂડાચંદ્ર) જાદવ થયો, તે સૌ-

બીજે દાહાડે સવારમાં, મુકુટધારી રાજાઓ રીત પ્રમાણે દરબારમાં આવી ગયા એટલે સોલંકી રાજાએ પોતાના પ્રધાન જંબક અને ખેરાલુના

---

રાષ્ટ્રમાંના વામનસ્થલી (વંથલી) ના રાજા બાલારામ ચાવડાનો ભાણેજ થતો હતો; તે ઉપરથી બાલારામે પોતાના કુંવર સાથે સંતોષ ન હોવાથી ચૂડચંદ્રને પોતાનો વારસ બનાવ્યો. એના વંશજો ચૂડાસમા કેહેવાયા.

श्री चंद्रचूडे चूडाचंद्रे चूडा समानमधृत यत:

जयति नृपहंस वंशात्तंस: संसत्प्रशसितो वंश:

(ચૂડચંદ્ર એટલે શિવ, કેમકે શિવે ચંદ્રને ધારણ કરયો છે, તેમ આને બીજાએ કબૂલ્યો તેથી ચૂડચંદ્ર થયો.) આ સંસ્કૃત કવિતા અશુદ્ધ છે.

વામનસ્થલીની ગાદિયે ચૂડચંદ્ર ઈ. સ. ૮૭૫થી ૯૦૭ સુધી. તેનો કુંવર હમીર પોતાના પિતાની હૈયાતીમાં મરણ પામવાથી તેનો કુંવર. ૨ મૂળરાજ ચૂડચંદ્ર પછી ગાદિયે બેઠો, ઈ. સ. ૯૦૭થી ૯૧૫ સુધી. તે પછી તેનો કુંવર ૩ વિશ્વવરાહ ઈ. સ. ૯૧૫થી ૯૪૦ સુધી. તેણે રાહ પદવિ ધારણ કરી. તે પછી ૪ ગ્રહઅરિસિંહ (રાહ ગારિયો ૧ લો કે ગ્રહરિસિંહ) ઉર્ફે ગ્રાહરિપુ થયો, તેણે ઈ. સ. ૯૪૦થી ૯૮૨ સુધી રાજ્ય કર્યું. એ મહા બળવાન્ હતો એનાથી દિલ્હી, દેવગઢ, લંકા વગેરેના રાજા ડરતા હતા. એ અણહિલવાડના રાજા મૂળરાજ સોલંકી સાથેની લડાઈમાં ઈસવીસન ૯૭૯ માં હાર્યો. એણે જૂનાગઢનો ઉપર કોટ બાંધ્યો છે.

ગજની શેહેરની ગાદિયે જામ નરપત બેઠો તે પછી તેનો કુંવર (૧૩ મો) પુરૂષ સામ્પત ઉર્ફે સમો થયો, તેના વંશના સમા કેહેવાયા (જે પાછળથી જાડેજાને નામે પ્રસિદ્ધ થયા). જામ સમાને મુસલમાનો સાથની લડાઈમાં ગજની ખોવું પડયું. ત્યાંથી તેણે બલોચીસ્તાન અને સિંધ વચ્ચેની હદમાં આવી રાજ્ય સ્થાપ્યું. તેની દશમી પેઢીએ (૧૪૬મો) લાખિયારભડ થયો, તેણે સમૈ નગર (પાછળથી નગરઠઠ્ઠા) વસાવી રાજ-ગાદી કરી. તેનો કુંવર (૧૪૭) લાખોજી (ઉર્ફે લાખો ધુરારો) થયો, તેની પછી તેનો ન્હાનો કુંવર ઉન્નડજી ગાદિયે બેઠો અને મોટો કુંવર (૧૪૮) મોડજી કચ્છમાં આવી પાટગઢનો રાજા વાઘમ ચાવડો જે તેનો મામો થતો હતો તેનું રાજ્ય લઈ ઈ. સ. ૮૧૯ માં ગાદિયે બેઠો. તે પછી તેનો કુંવર ૧૪૯ સાડજી થયો, તેણે કચ્છના વાગડમાં કંથકોટનો કિલ્લો, ઈ. સ. ૮૪૩માં તેના બાપે બાંધવા માંડયો હતો તે, પૂરો કરયો. તે પછી તેનો કુંવર (૧૫૦) ફૂલજી થયો, તેણે ઈ. સ. ૮૫૫થી ૮૮૦ સુધી રાજ્ય કર્યું. તે પછી તેનો કુંવર લક્ષરાજ (લાખાક) ઉર્ફે લાખોજી કે લાખો ફૂલાણી થયો. તેણે ઈ. સ. ૮૮૦થી ૯૭૯ સુધી રાજ્ય કર્યું.

આ ઉપરથી જણાશે કે લાખો ફૂલાણી અને ગ્રાહરિપુ પોતપોતામાં પીત્રાઈ થતા હતા.

રાજા જેહુલને પૂછયું કે, "મહાદેવની આજ્ઞા પાળવાને શો ઉપાય કરવો જોઇયે." વળી તેણે કહ્યું કે,[1] "ગ્રાહરિપુને મેં આગળ પાડચો છે; પણ તેનો

---

૧ "મેંજ ગ્રાહરિપુને ગાદિયે સ્થાપ્યો છે, પણ એ કુલગ્રમાં જન્મેલો માટે નિર્લજ્જ, પરિવ્રાજકોનો હિંસક નીકળ્યો; ત્યારે હું પૂછુંછું કે, હું એનો નાશ શી રીતે કરૂં ? કેમકે, પોતેજ જેને સ્થાપેલો છે, તેને પોતેજ ઉખેડે એમ હું એનો વિનાશક શી રીતે થાઉં ? એમ કયો ઉર્જ (સાત્વિક) પુરૂષ કરે ? વધ્યત્વ અને અવધ્યત્વરૂપ વિરૂદ્ધ કાર્યની પ્રાપ્તિ થઈ માટે શું કરવું જોઇયે તે તમે કોહો.

ભીતિના અસ્થાન અને મતિના પરમ ધામ, શત્રુના સંહારનારા, હે મહાશય ! જંભક ! તમે બૃહસ્પતિ જેવા છો, અને જેહુલ ! તમે શુક્ર જેવા બુદ્ધિમાન્ છો, તો તમે એક પણ ક્ષણ વિલંબ કર્યા વિનાજ યોગ્ય હોય તે કહી દો." ત્યારે જેહુલ બોલ્યોઃ–

ચર્મવતી નદી (રૂધિરની ચર્મ સહિત વેહેતી નદી) ના સર્જનાર ( બહુ યજ્ઞ કરનાર રંતિદેવ) જેવા, તથા રૂમણવાન્ (પર્વત) જેવા અતિ ઉન્નત, અને કક્ષિવાન્ જેવા સંપૂર્ણ ધાર્મિક ! હે સર્વ ભૂપતિએ ઘુંટણવાળીને નમન કરાયલા ! એ આહીર (આભીર) ગંઘેડા (ચક્રીવાન્) ને ઉદ્દેશીને જે શંભુએ આપને કહ્યું તે યુક્તજ છે.

ઉદનવાન્=ઋષિ (જેનામાં પાણી છે એવો) તેના અપત્ય=ઔદનવત તેમનો દ્રોહ કરનારો–ઔદનવત=એ નામના આશ્રમમાં થયેલા ઋષિઓનો દ્રોહ કરનાર એ સુરાષ્ટ્ર દેશના રાજાએ મારી નાખેલા (તીર્થપાંથ) તીર્થયાત્રા કરનાર લોકનાં અસ્થિ ચર્માદિથી છવાયલી સમુદ્ર કિનાર આવેલી પ્રભાસભૂમિ પ્રયત્નવાન્ને પણ અગમ્ય થઈ પડેછે.

જે સુરાષ્ટ્રભૂમિ શ્રીવિષ્ણુએ કરીને ઉત્તમ રાજાથી યુક્ત (રાજનવતી) હતી, તેને દલિમનામના અસ્ત્રવાળા હોવાથી ઉર્મિ (લેહેરો) સહિત સમુદ્ર જેવા ભયંકર જણાતા, અને કૃમિના રોગવાળાના જેવી શૌર્યની ગરમીની ચેળ થયેલા, આ રાજાએ, નઠારા રાજાવાળી કરી નાંખી છે.

હાથમાં યવ લીધેલા એવા જે મુનિયો તેમની ગાયો, માહિષ્મતીપુરીના ઈશ (કાર્તવીર્ય–સહસ્રાર્જુન) ની પેઠે હરનારો, વૃષભના જેવા સ્કંધવાળો, ભાનુમતીના પતિ (દુર્યોધન) જેવો, આ, ગરૂડધ્વજ (કૃષ્ણની ધ્વજા ઉપર ગરૂડનું ચિન્હ છે), અને કપિધ્વજ (અર્જુનની ધ્વજા ઉપર હનુમાનનું ચિન્હ છે)–કૃષ્ણાર્જુને વસવા યોગ્ય વામન સ્થળીમાં (ગ્રાહરિપુ જેવો નઠારો રાજા) વસેછે.

રાત્રિયે હુમલો કરનારો, રાત્રિયે પણ ન સૂઈ જનારો, અને ઉગ્રબાહુવાળો. તથા આસનવાળીને પણ બેસતો નથી એવો ગ્રાહરિપુ હોતાં, વીશ હાથવાળા (રાવણ)નો ભાઈ વિભીષણ જે ચિરાયુ છે તેથી તીર્થોમાં ભ્રમણ કરેછે તે પણ મને લાગેછે કે (આ નઠારાને હાથે) પ્રભાસમાં મહિનો કે દોઢ મહિનો રેહેવા ઈચ્છે તોપણ તે રહી શકે એમ નથી.

હૃદયથી જ દુષ્ટ, લોકોના હૃદયને સાલતો, ને રાવણથી ચતુર્થાંશ કે અષ્ટાંશ ઓછો હોય તેવો, અને સમુદ્રના જળથી પણ ન અટકાવી શકાય એવો, આ, લોહીપીનાર (રાક્ષસો) ને શત્રુના લોહીથી ખુશી કરે છે.

અને નીકળી પડતાં લીંડાં તથા આંતરડાંવાળા, લાંબા દાંતવાળા, શત્રુના હાથીના સમૂહને, યમના દંત જેવાં અસ્ત્રથી હણતો, મદ્યપાનાદિના જેવા રક્તપાનથી, તેમ વિષ્ટા જેમાંથી નીકળી ગયેલી છે એવાં આંતરડાંથી પિશાચીને (આ રાજા) સંતોષ પમાડેછે.

"કોઈ એવા ચોઘડિયામાં જન્મ થયો છે કે તે નિર્લજ થઇને યાત્રાળુ લો-
"કોનો નાશ કરેછે, મેં એને અધિકાર આપ્યો છે એ વાત ખરી, પણ

---

તીર્થમાં ફરનાર જનોના શત્રુએ, (ગ્રાહરિપુએ), વ્યાઘ્રપાદના અપત્ય ઋષિ,જેમની દૃષ્ટિ નિરંતર નાસાગ્ર ઉપરજ ઠરી રેહેછે, જેમનું મન નિરંતર દ્વિપધાદિ છંદો રચવામાં રમેછે, ને જે મનુષ્ય માત્રના હિતમાંજ નિરતછે, તેમનો, નાક ફુંગરાવીને અનુચિત વચન બોલી તિરસ્કાર કર્યો..

મનુષ્ય માત્ર પ્રતિ દુષ્ટતા કરતા એવા કેવલ અક્કલ વિનાના તથા સર્પનાં જેવાં કુટિલ કર્મ કરનારા, તેમ ચતુર્થાંશ લેવાનો કહીને લોકો પાસેથી આખુંએ તાણી લેનારા, આ દુષ્ટથી ધર્મ કેમ આપત્તિમાં ન આવે ?

પશ્ચિમ દિશાનો પતિ (એ ગ્રાહરિપુ) દક્ષિણ તથા ઉત્તર દિશાના રાજાને પશુની પેઠે પોતાની આગળ પગે ચાલતા કરીને, અતિ અહંકાર ભરયો, હૃદયં તથા ચક્ષુ તેમનાથી ઉંચાં ને ઉંચાં રાખીને સ્વર્ગનેજ રસ્તે જતો હોય, તેમ અદ્ધર ચાલેછે.

ઘણા વિદ્વાનો છતાં પણ કેવળ પાપિષ્ટની સંગતિમાં રેહેનારા, પુરૂષોને વિષે ધર્મનો જાણનાર છતાં પણ પાપમાં જ રમનારા, એવા અતિ રૌદ્ર અસ્ત્રાદિના નૈપુણ્યવાળા, આ રાજાના ચરિત્ર, તેનાથી ત્રાસીને નમી જતી પૃથ્વી જ જાણે છે. (બીજો કોઈ જાણી શકતો નથી.)

અતિ ક્રૂરતાએકરીને વરૂ જેવા, તથા ઇંદ્રના વૈભવની ઈચ્છા રાખનાર, આ યુવાનની, કૂતરાના પૂછડા જેવી વાંકી બુદ્ધિ, ઇંદ્રાણીને ભોગવતા ઇંદ્રને પણ કાંટાની પેઠે સાલેછે.

જવાનીના મદથી શ્વાનના જેવી ઉન્મત્તતાવાળા, અને યુવતિયોના લંપટ, તથા ઇંદ્રથી પણ ન બીહીનારા, એવા એણે, રાજાઓને લોહીથી ભરેલા (રૂધિરાક્ત) બાણો વતી હણી હણીને તેમની રોતી રાણિયોને પોતાના અંતઃપુરમાં રાખી છે

સામવેદમાં ( રથંતર અને બૃહદ્રથંતર ) સામ જેવા, વૃત્ર તથા અર્જુનના બળવાળા, રાજાઓને બંધીવાન્ કરી રાખનારા, સુંદર અશ્વવાળા, દુષ્ટ કર્મકરનારા, એવા આ પાપના દિવસરૂપ રાજાને જોઇ કોણ નમતું નથી ?

શતઘ્ની એ નામના આયુધથી હજારો બ્રાહ્મણને મારી નાખવાથી, યજ્ઞ માત્ર બંધ થયાંથી પૃથ્વીને પ્લીહરોગ જેવા આ રાજાનાથી ( ત્રાસીને ) પોતાનો યજ્ઞભાગ ન મળવાથી ક્ષુધાતુર થયેલો ઇંદ્ર, આજને આજજ, આ દુષ્ટને પૃથ્વીપતિ બનાવતા વિધિને ધિક્કારશે.

પોહોળાઈથી દીપતાં, મદથી ડોલતાં, ચલ વિચલ થતાં, ને એમ યમની પણ સ્પર્ધા કરતાં, અને પૃથ્વી તથા આકાશને ગળી જવાને તત્પર, એવાં એનાં નેત્ર, તે પણ, એવાજ એના તનુને યોગ્ય છે.

જ્યારે એની પાસેના ભાથામાંની, ચપલતા શત્રુઓપ્રતિ ધ્રૂણે છે, દળે છે. ફેંકી દે છે, ત્યારેદેવતાઓ પણ જ્યાંથી નાશી ગયા છે એવું સ્વર્ગ, દેવતાના પુનરાગમનને ઈચ્છતું સતું, સ્વર્ગ કેમ કેહેવાઈ શકાય.

કારક જેમ અનેક ક્રિયાનો, તેમ તે મહા મહા પાપનો હેતુ છે, સ્વતંત્ર છે, કુકર્મનો કર્ત્તા છે; ને વિશ્વને અતિ તાપ આપેછે, દિશા માત્રમાં રખડેછે, સમુદ્રને

"એનાં કર્મ આવાં છે ત્યારે મારે એનો નાશ કરવો કે નહિ." ? આ પ્રશ્નના ઉત્તરમાં જેહુલે આહરિપુનાં દુષ્ટ કર્મ ગણાવી ને ઉત્તર આપ્યું કે,—

---

પણ તરી જાયછે, દુર્ગુણમાં પણ પેસેછે, ને જરાએ ભય પામતો નથી.

રમતમાં પણ ફરતાં ભૂપતિઓને ભડકાવેછે, પૃથ્વીમાંથી દ્રવ્ય માત્ર ખેંચી લે છે, તેમ તે ઉપર અધર્મજ પ્રવર્તાવેછે, મુનિઓ પાસે કાંઈ ભણતો નથી (એટલુંજ નહિ) પણ તેમની વૃત્તિનો પણ રોધ કરેછે, તેમને સનમાર્ગ પૂછતો નથી, ને ઉલટો તેમની પાસેથી કર લેછે.

રત્નાકરમાંથી રત્ન તાણેછે, (છતાં) કુબેરના ભંડારની ઈચ્છા કરેછે, યુદ્ધમાં પ્રતિપક્ષીઓ એની પાસે પોતાના પ્રાણ યાચેછે નેએને પોતાના સ્વામીરૂપે સ્વીકારેછે.

રાવણ પોતાના પુરમાં પરસ્ત્રીને ખેંચી ગયો હતો; કાર્તવીર્ય, મુનિની ગાય ચોરી ગયો હતો; પોતાની બેહેનના બાળકને કંસ મારી નાખતો હતો; શું એ ત્રણે પાસેથી અનીતિ આ દુષ્ટ શીખ્યો છે ?

સિંધુપતિને મથી નાખીને ગજ, અશ્વ, ગાય આદિ દંડમાં લઈ લીધાં, ને એની યુક્તિથી મહીધરો પરસ્પર વિરોધવાળા થઈ પડયા; એમ એણે સિંધુપતિ અર્થાત્ સમુદ્રને મથન કરી ઐરાવત, કામધેનુ, અને ઉચ્ચૈઃશ્રવા લેનાર, તથા મહીધર એટલે પર્વતની પાંખો તોડી નાખનાર ઇંદ્રના ગુણ, દંડ રૂપે ગ્રહણ કર્યા છે. યમને પણ ઘાત કરવા પ્રેરેછે, પણ પોતે યમથી પ્રેરાતો નથી.

એણે પૃથ્વીને સૈન્યના સમૂહથી ખેદ પમાડયો છે, શેષનાગને ભારથી પીડા બતાવી છે, શત્રુને યમપુરી બતાવી છે, ને પિશાચોને તેમનું માંસ ખવડાવ્યું છે.

કેદ કરેલા રાજાદિને એણે અતિ કઠોર વચન સંભળાવ્યાં છે, ને તેમને એણે દંડની રકમો કહી બતાવી છે; વૈરીના માથા ઉપર પગ મૂકતાં એણે ઉગ્રતેજથી કોને રાંધી નાખ્યા નથી ?

ઉર્જયંત ઉપર મૃગયા રમતાં કૂતરાનાં ટોળાંથી ચમરીવાળી ગાયોને એ મરાવી, તેમને જ તે ખવરાવેછે; ને એ ચિત્ર રંગના કૂતરાનાં ટોળાંને પ્રભાસના આશ્રમોમાંની ચીસો પાડતી હરણિયોને પણ ખવરાવી દેછે.

જગત્ માત્રને અભક્ષ્ય એવું ભક્ષ કરનાર અને અખિલ જગત્‌ને પણ કુકર્મમાં પ્રેરનાર અને હવે દૂતથી કેહેવરાવવું કે બોલાવવો એ કામનું નથી. પલાણ સહિત હાથીની સેના તૈયાર કરાવો, અને તેને કબજે કરવા માટે સેનાપતિને આજ્ઞા કરો !

જે પ્રજા માત્રને કુમાર્ગે ચડાવે, તેવાને મૃત્યુ માર્ગે ચડાવવો જોઈયે. જે જે એવા કુમાર્ગે વર્તાવનારને દંડ ન કરે, તે તેના પાપથી પોતાનો ધર્મ ખૂએ.

તમે જો એને દંડ નહિ આપો તો એ પોતાના બળથી યમને પણ ગણકારશે નહિં (તો તમ જેવાની શી દશા ?) કેમકે સત્પુરૂષોએ ઉપેક્ષિત એવા દુષ્ટ લોકો કોને કોને પોતે ખરાબ કરતા નથી ?

દુષ્ટ નીતિવાળા (છતાં બાહ્યાચારથી અનુકૂલ જણાતા) એવાને તમે કેમ અદ્યાપિ પ્રસન્નતાથી નિહાળોછો ? એવા કપટીનો જરા પણ સત્કાર કરો નહિ; જે ન્યાયી છે તે ન્યાયને જ નમેછે.

"એ ભરવાડ[1] ઘણો જુલમી છે; શ્રીકૃષ્ણના રાજ્યના વારાથી, જે "ગાદી, પ્રતાપથી પ્રકાશ પામતી એના વખતસુધી આવી છે તે ગાદિયે "બેશીને સૌરાષ્ટ્રમાં તે રાજ્ય કરેછે. યાત્રાળુ લોકો પ્રભાસ ભણી જાયછે "તેઓને મારીને તેમનાં હાડકાં અને માંસ ધોરી રસ્તામાં વેરેછે. અને જે "વામનસ્થળીમાં, હનુમાન અને ગરૂડની ધજાઓ ફરૂકતી તેમાં રાવણની[2] પેઠે નિર્ભયપણે રાજ્ય કરેછે, અને ચોરોને બીજી પવિત્ર જગ્યાઓમાં વસ- "વા દેછે; બ્રાહ્મણોને તે તિરસ્કાર કરેછે, અને વટેમાર્ગુઓને રસ્તા વચ્ચે "લૂંટી લેછે; તેથી ધાર્મિક લોકોના હૃદયમાં તે તીરપ્રમાણે ખટકેછે. તે "જવાન, કામી છે અને મોહનો ભરેલો છે; તેથી, તેના શત્રુઓનો નાશ "કરીને તેઓની સ્રિયોને જોરાવરીથી પોતાના અંતઃપુરમાં ખેંચી જાયછે. "આ જંગલી પુરૂષ ગિરનારના પર્વત ઉપર ભટકતો ફરેછે, અને પ્રભાસ "આગળનાં હરિણોનો શિકાર કરેછે. તે ગાયનું માંસ ભક્ષણ કરેછે, દારૂ

---

હે નાથ ! રાત્રિયે તમને જેણે કહ્યું છે તે નાથને જો તમે (પ્રસન્ન કરવા) ઈચ્છતા હો, કે ઉત્તમ યશ પ્રાપ્ત કરવા ઈચ્છતા હો. કે તમારા વંશના ધર્મને, કે સ્મૃતિપ્રોક્ત ધર્મને સંભારતા હો, તો આ સંબંધે તો ક્રોધ ઉપર દયા કરો, ક્ષમા ઉપર નહિ.

શ્રી શંભુ તમારા સ્વામી થઈ તમને " તુંજ તેને શાસન કરવા સમર્થ છે " એમ કહી ગયા છે, તો સૈન્ય તેમ બુદ્ધિ ઉભયને એના વધ માટે શુદ્ધ કરી તૈયાર કરો, કેમકે શત્રુની ઉપેક્ષા રૂપી વ્યાધિ ( તે ઉપેક્ષા કરનાર રાજાનેજ નહિ ) પણ આખા રાજ્યને પીડા કરેછે.

પૃથ્વીને સંતાપકરનાર તથા તેને ચૂશીખાનાર એવા એ વ્યાધિને હણવાના સંબંધે આપને ઉપદેશ કરવાની જરૂર નથી, પૃથ્વીને પીડાકરનાર પર્વતગણની પાંખ છેદવામાં ઇંદ્રને કોણે પ્રેરણા કરી હતી ?

લોકને પીલીનાખનાર શત્રુને દંડ ન દેનાર રાજા, આખી પૃથ્વીને પીલેછે, માટે જો એમ ન કરવું હોય તો પ્રજાને રંજાડનાર આ દુષ્ટને રંજાડો.

જેમ ઇંદ્રે જંભને હણ્યો, જેમ જલશાયી વિષ્ણુએ મધુને હણ્યો, અને પુરદૈત્યને શંભુએ હણ્યો, તેમ હે રાજા ! પૃથ્વીને પીડનાર આ પાપને તું હણ." (શ્લોક ૫૯ થી ૯૫ સર્ગ ૨ જો. ) દ્વયાશ્રનું ભાષાન્તર પૃ. ૩૭થી ૪૩.

૧ ઉપર જણાવ્યા પ્રમાણે ગ્રાહરિપુ યાદવ કુલનો હોવાથી તેને આભીર (આહિર) એટલે ગાયો ચારનારો ગણી આ ઠેકાણે ભરવાડ લખ્યો છે.

૨ સમજ ફેરથી લખાયલું છે, ખુલાસો નીચે પ્રમાણેઃ—

જે સુરાષ્ટ્રની ભૂમિ શ્રીવિષ્ણુ ( કૃષ્ણ ) જેવા ઉત્તમ રાજાથી રાજનૂવતી હતી અને શ્રીકૃષ્ણની ધ્વજા ઉપર ગરૂડનું ચિન્હ હોવાથી ગરૂડધ્વજ કેહેવાતા કૃષ્ણ, અને અર્જુનની ધ્વજા ઉપર હનુમાનનું ચિન્હ હોવાથી કપિધ્વજ કેહેવાતા એવા અર્જુન એમ કૃષ્ણાર્જુન ( નરનારાયણ ) ને વસવા યોગ્ય વામનસ્થલીમાં ગ્રાહરિપુ જેવો નઠારો રાજા વસેછે. ર. ઉ.

"પિયેછે અને લડાઇમાં તેના શત્રુનું રૂધિર ભૂત, પ્રેત અને તેમના ચરને
"પાયછે. આ પશ્ચિમદિશાના રાજા ગ્રાહરિપુએ* દક્ષિણ અને ઉત્તરના ઘણા
"રાજાઓને તેમના સ્થ મૂકીને નસાડી મૂક્યા છે; તેથી, જાણે તે કોઇની
"પરવા રાખ્યા વિના સ્વર્ગના રાજ્યની જીત મેળવવા ધારતો હોય તે પ્રમાણે
"ઉંચું જોઈ ચાલેછે. ગ્રાહરિપુ યમપુરીના યમરાય જેવો વિકાળ શરીરનો
"છે, સ્વભાવમાં પણ તે તેના જેવોજ છે, ને આખી પૃથ્વીને જાણે હવણાં
"ગળી જશે અને વૈકુંઠને જતોને બાઝશે એવો દેખાયછે. ને તેના રાજ્ય-
"માં હુન્નરી માણસો છે, તેઓ એ દુષ્ટના સંગથી પોતાનો હુન્નર બધી જા-
"તનાં એવાં હથિયાર બનાવવામાં વાપરેછે કે તેના ઝપાટામાંથી કોઈ પણ
"બચી શકે નહિ, ને ધર્મ અધર્મનો વિચાર પણ તેઓ કરતા નથી. તેની
"ફોજ ઘણી છે, તેથી સર્વ રાજા તેને નમેછે. તે ઘણો આરોગ્ય છે; તેણે
"સિંધના રાજાને પકડીને તેની પાસેથી દંડમાં હાથી, ઘોડા છીનવી લીધા
"છે. તેમજ તેણે ઘણા રાજાને વશ કરચા છે. મને લાગેછે કે, યમપુ-
"રીના રાજા સાથે તે જો યુદ્ધ મચાવાનો હોય તો તેને ખંડણી આપીને
"નમી પડચા વિના છૂટકો થાય નહિ. પાહાડોમાંના મ્હોટા કોટ અને નિ-
"ર્ભય જગ્યાઓ તે તોડી પાડેછે; તે આખો દરિયો ખુંદીવાળે એવો છે તેથી
"લોકોને ઉગરવાનો એકે ઉપાય નથી. જગત્માં જ્યારે દૈવ કોપેછે ત્યારે
"ઉગરવાનો એકે ઉપાય રેહેતો નથી તેમ થયું છે. તેના..પાપના ભારથી
"પૃથ્વી કંપેછે. ઘાતકોને શિક્ષા કરવાની જે રાજામાં સત્તા હોય તે તેઓનો
"ઘાત કરે નહિ તો પોતે પણ ઘાતક છે; તેટલા માટે ઓ રાજા! તમે જો
"એનો નાશ કરશો નહિ તો એનાં પાતક તમને લાગશે. તમે એનો નાશ
"કરી શકો એવા છો, માટે શિવે તમને આજ્ઞા કરી છે, તો તમે તમારી
"સેના એકઠી કરીને એને રાજ્યઉપરથી ઉઠાડી મૂકો, નહિકર પછી દિનદિન
"પ્રતિ એનું જોર એટલું બધું વધી પડશે કે પછી તમારાથી પણ વશ કરી
"શકાશે નહિ.[1]"

---

* ગ્રહરિપુ એ કોઈનું નામ નથી પણ ઊપનામ છે. દ્વયાશ્રયનો ટીકાકાર, ગ્રહ= જળચર (મગર) રિપુ=શત્રુ, જળચરનો શત્રુ એવો અર્થ કરેછે. તેનો અભિપ્રાય એવો કે "શત્રુનો પકડનાર" અજમેરના એક રાજાએ કોઇ મુસલમાન રાજાને હરાવ્યો હતો તેથી તે "સુલતાન ગ્રાહ" એટલે સુલતાનનો પકડનાર કેહેવાતો હતો.

૧ કેટલાક બારોટોનું એવું કેહેવુંછે કે, ગ્રહારિસિંહ આગ્રહ પૂર્વક શિવભક્ત હતો તેથી તેને જૈન સાથે પૂર વૈર હતું માટે તે ધર્મના યાત્રાળુ આવતા તેમને મારકૂટ કરીને લુંટતો.

આ પ્રમાણે મૂળરાજે જેહલની સલાહ સાંભળી, એટલે તેણે દેવતાઓના સલાહકાર ઋષિ જેવો જે પોતાનો પ્રધાન જંબુક[1] તેને પૂછ્યું એટલે તે પણ નીચે પ્રમાણે બોલ્યો:—

---

૧ "દ્ર્યાશ્રય" માં આ રીતે વિસ્તારથી છેઃ—

"પોતાના વામનસ્થલીપુરમાં વસતા એને, એક ગાઉ ઉપર જ ફરતો ઊજ્જયંતાદ્રિનો દુર્ગ છે, અને એક યોજને સમુદ્રરૂપી દુર્ગ છે. એમ એ બધાં એનાં રક્ષણ સ્થાન છે. એ સર્વદા ઉદ્યત રેહે છે. જરા વાર પણ એટલે ભાત રંધાઈ જવા જેટલી વાર લાગે એટલી વાર પણ સૂતો નથી; એવાને સાધવો સહજ ન જાણવો.

ગાય દોહોવા જેટલી વાર પણ વિરામ પામ્યા વિના, રાજાઓ એને સેવે છે; સૌ કોશ જેટલે છેટેથી, સૈનપતિને આજ્ઞા કરવાની રીતિથી, તમે એને સંહારવામાં માત્ર એક દાતરડાથી વૃક્ષ કાપવા જેવું કરોછો.

જો તમે જયની સ્પૃહા રાખતા હો, કે યશની સ્પૃહા રાખતા હો, તો લોકના ઉપર કોપ કરતા, તેમની ઈર્ષા કરતા, તેમનો દ્રોહ કરતા, એવા આ દુષ્ટને સંહારવા સારૂ જાતે જ કોપ કરીને ઉઠો.

વનની ગુહામાંથી નીકળીને સિંહ બધાં વનપશુનાં યૂથમાંથી ઉદ્દામ હાથીને જ શોધીને મારે છે; માટે તમારે જગતનું રક્ષણ કરવા સારૂ જાતે જ એની સામા જવાના વિચારથી પાછા હઠવાનું નથી, તે વાતમાં પ્રમાદ કરવાનો નથી, કે તે વાતમાં કાંઇ હલકાઈ ગણી તેને ફેરવવાની નથી.

"યુદ્ધમાં અપરાજિત, શત્રુથી ભય ન પામનાર, કચ્છ દેશ તથા સર્વ જગતને ભયંકર, મ્લેચ્છ ખંડિયા રાજાઓનું પણ રક્ષણ કરનાર, તથા કશાથી પાછો ન હઠનાર, એવો પ્રસિદ્ધ લક્ષ રાજા (લાખોજી) એક માનો જણ્યો ભાઈ હોય તેવો એનો સખાછે.

આશ્વિનપૂર્ણિમાથી જેમ દીપોત્સવ એક પક્ષ માત્ર દૂર છે. તેમ માત્ર આઠ જ યોજન કચ્છથી સૌરાષ્ટ્ર દૂર છે, એટલે ફૂલ મહારાજનો કુમાર એ લક્ષરાજ, જે પૃથ્વી ઉપરના ભૂપતિ થકી બળવડે કરીને અધિક છે તે એનાથી દૂર નથી.

પર્વત ઉપર, સમુદ્રને કિનારે રેહેનારા, જે જે નૃપો ક્ષત્રિત્વ ધારણ કરી રહ્યા છે, ને એની આંખ આગળ રમી રહ્યા છે, તે સર્વે એના યુદ્ધમાં ઝંપલાવશે, માટે તમારા પ્રતિપક્ષી એક કે બે છે એમ ન જાણશો, પણ ઘણા છે એમ સમજજો.

એક મિત્રની સમીપે, કે એક દુર્ગમાં ભરાયલો, કોઈ રાજા હોય તો તેને પણ જીતવો કઠિન છે, તો એ ઉભય રીતે સંપન્ન, આને મારવાને આકાશ અને પૃથ્વીની વચમાં તમારા પોતાના વિના બીજું કોઈ હાલ જણાતું નથી.

સુરાષ્ટ્રમાં જે આભીર લોક ગ્રાહરિપુ આદિ ક્ષત્રિય વસે છે તેમના પ્રતિ, અર્જુનને પણ પરાક્રમથી અતિ ક્રાન્ત કરનાર તમે, જ્યારે લડવા માટે ચડશો ત્યારે તેમની સ્ત્રિયો "હે પ્રાણનાથ ! ધિક વિધિ ?" એમ પ્રલાપ કરવા મંડશે, એવું હે પ્રભુ! મારી કલ્પનામાં આવે છે" (શ્લોક ૧૦૧ થી ૧૦૯ સર્ગ ૨ જો.)

"આહરિપુ જ્યાં રેહેછે તે વામનસ્થલી[1] મહા ગિરનારની છાયા નીચે "છે, ત્યાંથી દરિયાના ઘુંઘાટ સંભળાયછે. ને તેણે એક ઉપર કોટ બાંધીને "પોતાના રેહેઠાણની મજબૂતી કરી છે, તે કોટ વળી પર્વત અને સમુદ્ર બ- "ન્નેથી વધારે રક્ષાયો છે. આહરિપુ એવો છે કે રાત્રે તે આંખ મીંચી સૂતો "નથી. મ્હોટી ફોજવિના એને જીતવો તે ઘાસ કાપવાના દાતરડાથી મ્હોટું "ઝાડ કાપવું અશક્ય છે તેના જેવું છે. તેના શેહેરથી ઘણે ગાઉને છેટે પણ "આપણી ફોજ છાવણી કરી શકશે નહિ. ને ભોગ જોગે જો તેમ થયું તો "તે ઘેરો ઘાલીને તમારૂં પણ ચાલવા દેશે નહિ. કચ્છ છે તે સોરઠની પા- "સેજ છે; ત્યાંનો મહારાજા લાખો જે ફૂલ[2] નો કુમાર થાયછે તેને કોઇયે

---

૧ વામનસ્થળી તે હાલમાં જૂનાગઢ પાસે વનથળી છે તેજ. કર્નલ વાકર પોતાના સોરઠના પ્રગણાં વિષેના વિજ્ઞાપનમાં લખેછે કે સોરઠના અસલી રાજાઓનું પ્રથમ રેહેઠાણ વનથલીમાં હતું.

૨ કચ્છના જાડેજાના ભાટ નીચે પ્રમાણે કેહેછે–કચ્છ–વાગડના કંથકોટમાં સમા (જાડેજા) રાજા જામ સાડને ગેડીના (છત્રપતી) સોલંકી ધરણે પોતાનો બનેવી જાણી વધારે સહવાસ રેહેવા માટે, કંથડ યોગી તપશ્ચર્યા કરતો હતો તે ડુંગર, રેહે-વામાટે સોંપ્યો હતો; પણ સાડે તો તે ઉપર કોટ બાંધીને પોતાની સત્તા વધારવાનું કરવા માંડયું તેથી ધરણે તેને જમવા બોલાવા મારી નાંખ્યો ઈ. સ. ૮૪૩. આ વે-ળાએ ધરણની બેહેનને ફૂલનામે કુંવર હતો તેને પણ તે મારી નાંખશે એવા ભયથી તે સોલંકી રાણિયે પોતાની ફારક નામની ખવાસણને સોંપીને તેને નસાડી મૂકી; પણ ધરણને જાણ થતાં તેણે પછવાડે મારા મોકલ્યા, તેમને સમીપ આવતા જોઈ, ફારકે પોતાના દીકરાનાં લૂગડાં ફૂલ કુંવરને પેહેરાવ્યાં ને કુંવરનાં લુગડાં પોતાના દીકરાને ઝટ પેહેરાવી દઇને તેઓ પાસે આવ્યા એટલે છોકરો આપી દીધો તેને મારાઓએ મારી નાંખ્યો. તેમના ગયા પછી સિન્ધમાં રણ પાસે બાંભણાસરના રાજા જે પરમાર સોઢા કેહેવાતા હતા તે ધલુરાના ગામમાં કરાડ જાતના વાણિયા અજા અને અણગોર નામે બે ભાઈ તથા બોલાડી નામે બેહેન હતી તેને ઘેર દાસી થઈને ફારક ફૂલ સહિત રહી. અને અજા અણગોરે ફૂલને ઢોર ચારવાનું કામ સોંપ્યું. તે ગાયો સાથે ફૂલ એક લવારની ગાયો ચારતો હતો તેની ચરામણીના બદલામાં તેની પાસે એક સાંગ (બરછી) ઘડાવી લીધી. તેને સ્વાભાવિક રીતે શિકારનો શોખ વધવા લાગ્યો. એકવાર સોઢો ધલુરો સિંહનો શિકાર કરવા નીકળ્યો તેની સાથે ફૂલ પણ ગયો અને બનાવ એવો બન્યો કે ધલુરે જેવો સિંહ ઉપર ઘા કરયો તેવો જ તે છ-લંગ મારી હાથ ઉપર જઈ ધલુરાને વળગ્યો, એવામાંજ, ફૂલે સમયસૂચક થઈને ઉ-છાળો મારી સિંહને સાંગવતે વીંધી નાંખ્યો. આ તેનું પરાક્રમ જોઇને ધલુરો તેના ઉપર બહુ પ્રસન્ન થયો અને પૂછપરછ કરતાં તેના જન્મની ખરી વાત જણાઈ આવી એટલે તેને ધાણ સોઢી નામની પોતાની કુંવરી પરણાવી.

"જીતાયો નથી, તે તથા ગ્રાહરિપુ જાણે એક માના [1]કુંવરો હોયની તેમ તે-
"ઓને એક બીજાથી છૂટા પાડી શકાય એમ નથી. વળી બીજા જંગલી
"રાજાઓ જે જગતને ભય ઉપજાવેછે તે એની પક્ષમાં છે. ઓ રાજા! જે

---

મેરૂતુંગ લખે છે કે, પૂર્વે પરમાર વંશનો કોઈ કીત્તિરાજ નામે રાજા હતો, તેને કામલતા નામે કુમારી હતી, તે પોતાની સખિયો સાથે સંધ્યાકાળે કોઈ પ્રાસાદમાં બાલરમત રમતી હતી તેમાં બાલકિયો સ્તંભોને બાઝી "આ મારો વર" એમ બોલતી હતી તેવામાં ફૂલડા નામનો એક ગોવાળિયો અંધારામાં એક સ્તંભને ટેકો દઇ બેઠો હતો તેને બાઝીને એમ કેહેવાઈ ગયું કે "આ મારો વર". ફૂલડો તો શરમાઈને ચ લતો થયો, પણ કામલતાએ તેને બરાબર ઓળખી લીધો ને મનમાં સંકલ્પ કરયો કે હવે તો એજ મારો પતિ.

વર્ષાન્તરે કામલતાના વિવાહની વાત નીકળતાં, પોતાનાં માતાપિતાને સર્વ વૃત્તાન્ત જણાવીને કહ્યું કે, ફૂલડા ગોવાળિયા વિના બીજા મારે ભાઈ બાપ સમાન છે. આવો કુમારીનો આગ્રહ જોઈ છેવટે તેની સાથે કન્યા પરણાવી. તેને એક પુત્ર થયો તેનું નામ લાખો (લાષાકઃ) પાડયું હતું તે આજે લાખા ફૂલાણીને નામે ઓળખાય છે. કાલાન્તરે તે કચ્છદેશાધિપતિ થયો. માળવાનો યશોરાજ મેવરપ્રસાદથી અજીત મહા સમર્થ રાજા થયો. તેણે ૧૧ વેળા મૂળરાજના સૈન્યને હરાવ્યું હતું. એક સમયે કપિલકોટ (કેરા કેરાકોટ)ના દુર્ગમાં (જેમાં આજે ભુજ તાલુકાનું ગામ કેરો નામનું છે) તે હતો તે લાગ જોઈને મૂળરાજે તેને ત્યાં ઘેરી લીધો. આ વેળાએ તેનો શૂરો ભૃત્ય માહેચ નામનો હતો. તેને બીજે દેશ જીતવા મોકલ્યો હતો. તેનું લાખાએ સ્મરણ કર્યું, એટલે મૂળરાજે તેને આવતો રોકવાની ગોઠવણ કરી; તોપણ શસ્ત્ર મૂકીને પોતાના રાજાને મળવાની આજ્ઞા મળતાં તે ખાલી હાથે જઈને તેને મળ્યો. તે વેળાએ બંનેનું દ્વંદ્વ યુદ્ધ ચાલતું હતું તે પ્રસંગ જોઇ લાખાને તેણે નીચે પ્રમાણે લલકાર્યો:—

ऊग्या ताविउ जहिं न किउ लक्खउ भणइ निघट्ट
गणिया लब्भद दीहडा के दहक अहवा अट्ठ.

ગીતિ.

રવિના પ્રકાશ પેઠે, પ્રકટ છતાં કદિ અરિતમ જો ન હણ્યું,
તો લાખાના નામે, અધમપણાનો અતિશય દોષ ગણું.

પોતાના નગરમાં જવાને પણ કરેલા દિવસમાં આઠ દશ દિવસ બાકી રહ્યા છે, તેટલામાં શત્રુનો નાશ કરી નાંખવાનાં અનેક પ્રકારનાં શૌર્ય ગર્ભિત વચન કહી બહુ ઉશ્કેરયો, પણ મૂળરાજના શરીરમાં રૂદ્રકલાનો આવેશ આવવાથી તેણે લાખાને મારી પાડયો.

૨૦ ઉ૦

[1] ગિરનારના ગારિયા ઉર્ફે ગ્રાહરીપુ, કચ્છનો લાખો અને સિન્ધનો આ વેળાએ જામ સમો રજપૂત હતો તે સર્વે એકજ જાદવવંશના ભાયાતો હતા. જુવો દીપ પૃષ્ઠ. ૬૪ મેં. ૨૦ ઉ૦

"શત્રુને પાહાડ જંગલ અને સમુદ્રનો આશ્રય છે તેને જીતવો બહુ કઠિણ છે
"એ વાત પ્રસિદ્ધ છે. ને ગ્રાહરિપુ આ ત્રણને પોતાના સાહાયકારક
"ગણેછે. તેથી એના ઉપર ચડાઈ કરવાનું બીજાના ભરોંસા ઉપર નહિ ના-
"ખતાં તમે જાતે ચડીને જીત મેળવો. આ ભરવાડ વંશના શૂરવીરો બી-
"જાના વશમાં રેહે એવા નથી, તોપણ જે ઘડિયે તેઓના ઉપર તમારી
"ચડાઈ થઈ છે એવું સાંભળશે તેજ ઘડિયે તેઓ કંપવા માંડશે અને તેમની
"સ્ત્રિયો, વિધવાના શોકના રાજિયા ગાવા માંડશે"

આ યુદ્ધવિષયક ઉશ્કેરણીથી મૂળરાજને શૂર છૂટ્યું, ને તેના હૃદયમાં યુદ્ધ કરવાની અગ્નિમય ઉત્કંઠા જે ક્યારની ધુંધવાયાં કરતી હતી તેમાં બળતણ હોમાયું એટલે ગાદી ઉપરથી ઊઠ્યો ને દિનકરના કિરણની ગરમાઇથી પૂર્ણ ખિલાયમાન થયેલા ફૂલની પેઠે દેદિપ્યમાન થતો, અને રણસંગ્રામમાં પડ્યો હોય તેની પેઠે ભુજા ઠોકતો, મંત્રશાળામાંથી ફલંગમારતો, બાહાર આવ્યો અને તેની સાથે તેના સુભટો પણ નીકળ્યા.

શરદ ઋતુ આવી પોંહોંચી હતી, ઘણા વાવેતરથી પૃથ્વી ઢંકાઈ ગઈ હતી; નદી અને તળાવનાં જળ નિર્મલ થયાં હતાં, આકાશ વાદળાં વગરનું સ્વચ્છ હતું, કમળ પૂર્ણ પ્રકાશમાન થયાં હતાં, તેઓનો રંગ, કોઈ પ્રિયાના પ્રકાશિત ઓઠનું સ્મરણ કવિને કરાવતો હતો. સોરઠના કિનારા ઉપર વર્ષાદનાં વિલમ્બિત ફોરાં મોતી[1] રૂપ થતાં પડતાં હતાં. હંસ પક્ષી જે વર્ષાઋતુમાં માનસરોવર ઉપર જઈ રેહેછે તે હવે ગંગા અને બીજી નદિયો ઉપર આવ્યા હતા. ખેડુતોની સ્ત્રિયો ડાંગરના ખેતરની રખેવાળી કરતી ગીત ગાઇને વનને આનંદદાયક કરી દેતી હતી. એવા સમયમાં દેવના મંદિરમાં બ્રાહ્મણોએ વેદની અને ચંડીપાઠની પારાયણ કરવા કુંભસ્થાપના કરી ને પથારિયે સૂઈ બ્રહ્મચર્યવ્રત પાળી નવરાત્રી કાહાડીને, દસરાને દિવસે પારણાં કરી કુંભજળમાંથી રાજાને માથે અભિષેક કરચો. વૈકુંઠપતિના ઉત્સવ થવા લાગ્યા, અને

૧ કેટલાક કેહેછે કે જ્યારે વર્ષાદ વરસેછે ત્યારે કાલુ માછલી સપાટી ઉપર આવેછે ને મ્હો ઉઘાડી રેહેછે તેમાં વર્ષાદનાં ફોરાં પડેછે તે મોતી થાયછે" રનોડો પૃષ્ઠ૯૭.

ઉપરની ટીપ ઉપરથી ગમે ત્યારે વર્ષાદ વરસે ને કાલુ માછલીના મ્હોમાં તેનાં ફોરાં પડે તો મોતી થાયછે એવું ભાન થાયછે. પણ વાત એમ ચાલતી નથી: કેહેછે કે, શરદઋતુમાં સ્વાતી નક્ષત્રને વિષે સૂર્ય છતાં જો વર્ષાદ થાય ને તેનાં ફોરાં છીપના મ્હોમાં પડે તો તેનાં મોતી થાયછે. ભા. ક.

દેવાલયો ઉપર ધજાઓ ફરકવા લાગી. વામન અને બળી[1] રાજાનું સ્મરણ થવાથી ભૂતળે આનંદ વ્યાપી ગયો, અને મહા વિષ્ણુ પોતાની ક્ષીર સમુદ્રની લાંબી સમાધીમાંથી ઉઠયા.

મૂળરાજને દ્વારે નગારાં વાગ્યાં ને નોબતો ગડગડવા લાગી. શુભ શકુન દર્શાવતા શંખનાદ થવા લાગ્યા; ને વિવિધ વાદિત્રોના ઘોર સ્વર્ગે જઈ પોહોંચ્યા, તેથી સ્વર્ગવાસી લોકોએ જાણ્યું કે, રાજા પોતાના સુભટોની અગ્રેસર થવા તૈયાર થયો. અણુહિલવાડના વાવટા નીચે ચાલનારા રાજાઓ પણ પોતાની સેના લઈ, સોરઠઉપર ચડાઈ કરવાની આતુરતા ભરયા ઉભરાઈ આવ્યા. રાજા ગાદી ઉપર બેઠો; તેના સામા મોતિયે સ્વસ્તિક[2] પૂરાયા, બન્ને બાજુએ ગાંધર્વ ગાન કરવા લાગ્યા; અને ચાકરો પંખાથી વા ઢોળવા લાગ્યા. જે જોશિયોએ તેમના જન્મથી જોતિષ્યનો અભ્યાસ કરેલો તેઓ મુહૂર્ત્ત શોધી કાહાડવા સૂર્યના તડકામાં શંકુ માંડીને ઘડીનું માપ કાહાડવા બેઠા. કુળગોરે હાથી, ઘોડાની રાજાપાસે પૂજા કરાવી. છેવટે છડીદારો આગળ ચાલ્યા; સેનિકો હથિયાર ઝાલી દરવાજા આગળ હારબંધ ઉભા રહ્યા. ફરી વાદિત્રના નાદ થયા. રાજા ગાદીઉપરથી ઉઠયો એટલે "જયજયના" શબ્દ ઉચારી તેને કપાળે પુરોહિતે તિલક કર્યું. આગળ ચાલતાં મૂળરાજે અને તેના સુભટોએ, બ્રાહ્મણ અને ભાટ જે યશગાનારા કેહેવાયછે તેઓને દાન આપ્યાં. પર્વતજેવા કાળા અને કદવાન હાથી ઉપર ચડતાં રાજાએ કુળદેવીને

---

૧ બળી રાજાને ત્રીલોકનું રાજ્ય મેળવતાં અટકાવવા માટે વિષ્ણુએ વામન અવતાર લીધો.

૨ આવી નિશાની હિંદુમાં આનંદનું ચિન્હ ગણાયછે. તે "સ્વસ્તિક." (એટલે



મંગળકારી ) કેહેવાય છે અને સ્ત્રીની સહિનું એ સાધારણ ચિહ્ન છે. તેમજ જૈનના સાતમા તીર્થંકર સુપારસ્વનું ચિન્હ પણ છે. એશિ. રિસર્ચીઝ પુસ્તક ૯. પૃ. ૩૦૬ જૂવો. પંદરમા સૈકડાનાં હસ્તલિખિત પુસ્તકમાં એ નિશાનીને 'ફૈલફાટ' કરીને લખેલી છે, અસલની વેળાથી હિંદુસ્થાનને ચીનમાંના ધાર્મિક તાપસોમાં તે ગુહ્ય ચિન્હ હતું. તે ઉપરથી સોવસા યુરોપમાં છઠ્ઠા સૈકડામાં તે દાખલ થયું હશે. મિ૦ વાહર કેહેછેકે " ઘણા જૂના ખ્રીસ્તી લોકોની ઘોર ઉપર એ હોયછે અને સન ૧૦૭૭ ની સાલના પાદરીના પટા ઉપર જોવામાં આવ્યુંછે" બીજા રીચર્ડ રાજાના ગાદી ઉપર બેસવા પેહેલાં પીતળ ઉપર તે સાધારણ શૃંગાર હતો. રેવરંડ ચાર્લ્સ બૂટલ એમ. એ. કૃત 'માન્યુમેંટલ બ્રાસીઝ આફ ઇંગ્લાન્ડ, આક્સફોર્ડ; પાર્કર, ૧૮૪૭. પૃ. ૨૮ માની ટીપ.

નમસ્કાર કરયો; માથે મેઘાડંબર થયું; આગળ ચાલતાં ઘોડાઓના હણુહણુાટ થવા લાગ્યા; સર્વે જયજયના પોકાર કરવા લાગ્યા; મેહેલથી તે નગરના દરવાજા સુધી કેશરના પાણીના છંટકાવ થયા, પૈરાણિકો અને વેદિયા આશીર્વાદ દેવા લાગ્યા; કે, "તમારો જય થાઓ, અને તમારા શત્રુઓ દક્ષિણમાં યમને દ્વાર પોહોંચો." જેમ જેમ અશ્વારી આગળ ચાલવા લાગી તેમ તેમ નગરમાં વધારે ભીડ થવા લાગી; કસુંબલ લૂગડાં પેહેરેલી અને ઘરેણાના ચમકાટથી શોભતી એવી સ્ત્રિયોની ભીડ શેરિયોમાં થવા લાગી. ભીડાભીડમાં ફૂલના અને મોતિયોના હાર ટુટવા લાગ્યા; ચૈટામાંથી જતાં લોકો ફૂલ ફલથી રાજાને વધાવા લાગ્યા; નગરની સ્ત્રિયો ઘરના કામ ધંધા છોડીને અને છોકરાંને રડતાં મૂકીને અશ્વારી જોવાને ચાલિયો; રસ્તે ચાલતાં કેટલાંક ગામસુધી, ગામડાના લોકો, પોતાના રાજાને જોવાને આવ્યા, કેમકે દેવતાઓમાં જેમ ઈંદ્રિ શોભેછે તેમ મનુષ્યોમાં મૂળરાજ રૂપમાં, ગુણમાં અને સત્તામાં શોભતો હતો.

અણુહિલવાડનો રાજા મ્હોટી સેના સહિત આવે છે એવું સાંભળી [1]ગ્રાહરિપુએ પોતાની ફોજ એકઠી કરી. તેના મળતિયા, ખંડિયા અથવા

---

૧ ગ્રાહરિપુએ પોતા તરફથી મૂળરાજની છાવણીમાં દૂત મોકલ્યો તેણે ત્યાં જઈ વિવેકથી જણાવ્યું કેઃ—

શૌર્યમાં અર્જુન રૂપ ! હે ન્યાય વિરૂદ્ધ વર્ત્તનારને દંડ દેનાર! તમારા આવવાનું કારણ અતિ રસથી જાણવાની ઈચ્છાવાળા, સૂર્યસમા ગ્રાહરિપુએ (આપની હુઝૂર) હું ક્રુણસને મોકલ્યો છે.

ઋગયન પઠન કરતા, દુષ્ટ નાસિકાવાળા, અંતના વનોમાં વશેલા, અમારાં આમ્રવન અને ઈક્ષુવન ઉખેડી નાખનારા, દ્વીજોએ મિથ્યા વાર્ત્તા બતાવીને આપને ચલિત કર્યા છે શું ?

ખદિર વન, અગ્રવન, દ્રાક્ષવન, શાલવન, પ્લક્ષવન, શરવન, શિગ્રુવન, એ બધાં વનોમાં રેહેતા અમારા રાજાઓએ શું અપરાધ કર્યો છે ?

અમારાં શિગ્રુવનમાં, કે બદરી આદિ વનમાં, બોરડીને હોય છે તેવા, આપના કંટકો ભરાયા નથી, અડદના વનને શોધતો કોઈ પણ મનુષ્ય કદાચિત્ પણ નમારના વનમાં અડદના વનને પામતો નથી.

નીવારવન, તથા ફૂલી રહેલાં વિદારીવન, સુરદારૂવન, ઈરિકાવન, ઈત્યાદિ વનોમાં મૃગયાસારૂ, ગિરિ નદીના વેગથી, (જંબુમાલીનું) સુંદર જળ પીવા પધાર્યાછો?

અથવા જળને સ્થાને મધુ પીતા, હાથમાં મદ્યના પ્યાલાવાળા, યદુઓએ શું કાંઈ ભરંવ્યું છે ? પણ હાથમાં મદ્યપાનના પ્યાલાવાળા, દારૂડિયા સોરઠિયા ગમે તેમ લવે તેમાં શો દોષ ?

સાહાયકારી રાજાઓ, તેને આવી મળ્યા; વગડાના ભીલ પણ તેની સાથે

---

અથવા ધનુર્ધારિ વાહન, તેમ વીરોને લઈ જનારાં વાહન, એ સર્વના અતિ પ્રશસ્ત સમુદ્ર જેવો, 'તથા હાથીના વાહનવાળો, જર્તાધિપ (કચ્છભૂપતિ) જે અમારો આશ્રિત છે, તે શું શરદઋતુના અપરાન્હની પેઠે આપને પીડા કરેછે ?

ત્રણ ત્રણ ચચ્ચાર વર્ષથી ચાલતા શત્રુનિગ્રહને શમાવવાને આપ પધાર્યા છો ? પણ ચાર કે ત્રણ વર્ષના જુવાન ઘોડાવાળો એ ( ગ્રાહરિપુ ) શત્રુથી અપરાજિત છે. કે અતિ ગર્વિષ્ટ એવા કોઈ સમુદ્ર તટાધિપતિને જીતવા આપ પધાર્યા છો ? રિપુના સંઘને સંહારતાં બાણના સમૂહ સહિત પૃથ્વી માત્ર ઉપર ફરતો એ શું તેને જીતી નહિ શકે ?

અથવા બધી પૃથ્વીમાં ફરતા આ ક્ષત્રિય કુમારને આ શરદ ઋતુના દીર્ઘ દિવસોમાં (મળવાની) ઉત્કંઠાવાળા હોઈ આપ પધાર્યા છો ? તો તો બહુ સારૂ. આજ અમારાં પુણ્ય પકવ થયાં, ને એમનાં સર્વે શુભ કામ સફળ થયાં.

વૃષભ વાહન શ્રી (સોમનાથ) નાં દર્શણ કરવા અતિ ઉગ્ર ઈચ્છાવાળા સારા નૃપો સહીત, ( આપ પધાર્યા હો તો ), સુરાષ્ટ્રના ઇંદ્રને કોઈ સત પ્રધાન દ્વારા ખબર શા સારૂ ન અપાવી ?

શું આપ સંખોદ્ધારથી સારી રીતે પકવ થયલી શેલડીના રસ જેવું મિષ્ટ, તીર્થજળ લઈ જવા ઈચ્છો છો ? તો આપને નમસ્કાર કરી હુંજ ત્યાં જાઉ, ને જળ મોકલી આપું, આપ વનોનો નાશ ન કરો.

ઉત્તમ હયવાળી તથા ઉત્તમ નાયકોવાળી સેના, અન્યાયથી અતિ દૂર એવા જે આપ, મિથ્યાજ લઈ ચાલ્યા ન હો. પણ જીવ જતાં પણ અંતરમાં રહેલી મૈત્રી, નાશ પામતી નથી. કે એકવાર થયલી તે મટતી નથી.

એ (ગ્રાહરિપુ) ચારે દિશા પોતાના સૈન્યથી ફરી વળેછે, જેની પાસેથી લે છે, તેનું લઇને જ બેશી રેહેતો નથી, બીહીક પામતાનું રક્ષણ કરેછે, શત્રુનો નાશ કરેછે, એવી દૂતની વાણીથી આપ ઈર્ષા શા માટે ધરોછો ?

શત્રુને સંહારતો તેમનો યશ માત્ર પી જાયછે, ને પોતાને નમનારને લક્ષ્મી આપેછે, ન્યાયવ્યવહાર બહુ સારી રીતે સમજાજેછે, એવા ગર્જતા હાથીના સેનાવાળા (ગ્રાહરિપુ) ઉપરની મૈત્રીનો નાશ ન કરશો.

નિરંતર જાગૃત અને અત્યંત શાન્ત કરી દીધેલા શત્રુવાળા, તથા ઘણા કાળથી વૃદ્ધિ પામતો અત્યંત મૈત્રી ભાવ ધરતા આ (ગ્રાહરિપુ) ની ધન ધાન્યાદિ પૂર્ણ પૃથ્વીને, વિપુલ રેણુ સમૂહને ઉડારતાં સૈન્ય સહવર્તમાન તમે, શા માટે નુકસાન કરોછો?

અથવા જો તમારા અંતરમાં ન કહી શકાય એવો કાંઈ છલજ હોય, તો મારે બોલવાની કાંઈ જરૂર નથી. તમારે ઉત્તર આપવાની પણ જરૂર નથી, હવે તો માત્ર યમરાજજ એ બધાનો બદલો વાળવા તમારા પ્રતિ શત્રુ થાઓ.

અમારી કીર્ત્તિને અતિશય ઉખેડી નાખવાની ઈચ્છાથી તમે અતિ ઉકળી ઉઠે એવો કોપ ચડાવનારૂં કર્યું છે. એટલેથી જ તમારા ઉત્તરની કશી જરૂર નથી. તમારી હકીકત, મારા મનમાં વારંવાર બળતો હું ( મારા સ્વામીને ) કેહેવા આ ચાલ્યો."

સામેલ થયા; તેની નીલી રાણીના અને બીજી રાણિયોના કુમાર જે સોરઠ માંહેલી પ્રસિદ્ધ ભાદર નદીને કાંઠે વસતા હતા તે કવચ સજીને ત્યાં આવ્યા.

---

"જીવવું બાજુએ મૂકીને, પ્રાણ જાય એવું. આ રીતે બોલીને દૂત અટક્યો. એટલે જીવાડતો સતો (મૂળરાજ) રાજા આ પ્રમાણે બોલ્યો–આ સર્વ જીવતામાં પણ જીવતા, હે આવું વદનાર! તું સર્વ જીવતામાં ખરો જીવતો છો."

"તેં તારા સ્વામીનો પક્ષ સારી રીતે કરયો તેમ તેં તારો ધર્મ પણ સારી રીતે બજાવ્યો. કેમકે પૃથ્વી ફાટી જાય તેવું આમ બોલતાં, આ સભામાં કદિ હણાય નહિ એવા પણ હૃદયમાં હણવાનું ભય આવેછે.

આને સહજ હણું, અંદર મારી નાંખું, અંદર મારી નાંખીએ, અહુ હણીએ, આપણે બે મારીએ, એમ હણવાની ઈચ્છાવાળી નૃપ મંડળી છતાં, તું જે આમ, આ સભામાં બોલી શક્યો તે ખરેખર બડો બહાદૂર છો.

પોતાના સ્વામીના કાર્યને પક્ષપાત પૂર્વક સ્થાપન કરતાં લેશ પણ ભય ન ધરીને તારી પેઠે મદ્યપાનથી અતિ નિંદ્યલોકવાળા (તમારા દેશના લોકો)માંથી કેવળ અનિંદ્ય અને કોઇયે પણ આગળ ન વદેલું એવું કોણ વદી શકે?

તારો સ્વામી બુદ્ધિહિણ થઈ પોતાની જાતને પણ હીણ કરનારો, અમો ચડ્યા છિયે તેમાં શું પોતાની જાતને ચડાઈ કરવા યોગ્ય નથી જાણતો? કે અમારી ચડાઇને માટે વળી સામો તેવો ભય દેખાડે છે?

કુટિલ ધનુષવાળા એ પાપિયે તીર્થમાં જનારા યાત્રાળુના ગમનનો રોધ કરયો છે તેની શિક્ષા કરવા માટે ચડાઈ કરવી યોગ્ય છે.

કોપ કરે તેવા દુષ્ટ આચરણ વાળાને, જો હું અકોપ થઇ જોઈ રહું તો અવશ્ય રક્ષણ કરવા યોગ્ય, જે આ પૃથ્વી તે મારાથી કેમ રક્ષાય?

બ્રાહ્મણોને હિંસાએ પોહોચાડનાર, એ રાજાને મારે જરૂર શાસન કરવું જોઇયે, કેમકે એના જેવા હિંસકોના રાજા આગળ તો હિંસકો પણ કંટાળી જાયછે.

ધર્મ કર્મથી પરવારેલાં (કેમકે) અત્યંત પીડાથી થરથરતાં અને પોતાના ગોત્રાભિધાનાદિ પણ વિસરી ગયલાં તથા નિસ્તેજ, એવાં એણે અત્યંત વિપત્તિમાં દબાવેલાં, કયાં કયાં બ્રહ્મસ્થાનો અમને પીડા નથી કરતાં?

દુષ્ટ કર્મની ઈચ્છા રાખનારા એનાં, અન્યદાર ગમનાદિ અપવિત્ર અને કહીં પણ પ્રકાશ ન કરી શકાય તેવાં કુકર્મ અતિ પ્રબળ થઈ પડયે સતે, તે અમારા મનમાં ચિંતાનું કારણ થઈ પડેલાં છે. ને તેથી એ, અમારી મૈત્રીને અત્યંત અયોગ્યછે.

અત્યંત પાવન કરનાર અને લક્ષ્મ્યાદિથી ભપકી રહેલા પ્રભાસને અનેક ત્રાસથી, તથા તેની મધ્યે ગયલા લોકને હણવાના રીવાજથી એણે અતિ દુષ્ટપણાની કીર્તિ સંપાદન કરવાની ઈચ્છાવાળાએ રંજાડી નાંખ્યું છે.

જનોની, અંદર જવારૂપ યાત્રાને અત્યંત બંધ પાડતા, એનાથી સુરાષ્ટ્ર દેશ યાત્રાળુને અંદર જઈ શકવા યોગ્ય રહ્યો નથી માટે એ દેશના મધ્યમાંજ હણવારૂપી દંડ, એવા મદ્ય પીપીને મસ્ત થયલાને કેમ ન દેવો?

કચ્છનો જામ [1]લાખો જે તેનો મિત્ર હતો તે પણ તેને આવીને મળ્યો. તેનું રણસંગ્રામમાં મોત થશે એવું જોશિયોએ તેને ભવિષ્ય કહ્યું હતું તોપણ રણક્ષેત્રમાં પડીને વૈકુંઠવાસ કરવાની તેનામાં ઈચ્છા ઉત્પન્ન થઈ. લાખો કેહેછે કે "જેનાં યુવાવસ્થાનાં પરાક્રમ કોઇયે જોયાં નહિ તેને ધિઃકાર છે.

---

જે યજ્ઞ કર્ત્તા (બ્રાહ્મણોને) તેમણે ભેગાં કરેલાં સૂકાં છાણાંથી મારીને હર્ષથી વારંવાર નાચે છે, એવા નિર્ભય મનવાળા, અને તરવાર નચાવતાનું, બીજું શું દુષ્કર્મ જોઇયે !

ગર્ભના ભારથી નમી જતા પેટથી નાસવા અશક્ત, એવી હરણીના ઉપર શસ્ત્ર ફેંકી તેના રૂધિરથી પ્રસિદ્ધ ઉજ્જયંત તીર્થને અભડાવી, અતિ દુર્ગંધવાળું જેણે કરી મૂક્યું છે એવો, મ્લેચ્છીને પેટ જન્મેલો હોય તેવો, તે શું અમારો મિત્ર થઈ શકે ?

ભયથી નાશી છૂટતાને પોતે મારી નાંખેછે, ને તેને બીજા વળી ખાયછે ને ત્રીજા ખાયછે; એવી માછલાંની નીતિ ચાલતી રેહેશે ત્યારે અમારા અર્ગલાતુલ્ય ભુજના જાડા પરિઘ પણ શા કામના છે ?

જેણે લૂક્કિડ ઋષિ, જે સર્વ યોગ જાણનારના ગુરૂ હતા, જે માત્ર ધરતીનેજ પોતાનો પલંગ કરીને રેહેતા, ને જાતે અષ્ટાંગયોગ સિદ્ધ હતા, તેમને પીડયા. તથા તેમનાં સ્ત્રી પુત્રાદિને પણ પીડયાં. એવા, ( રાતદિવસ ક્રોધથી રાતી ) જપા પુષ્પ જેવી આંક્ષિવાળા પાપના પલંગને, હું કેમ સહન કરી શકું ?

આ ઉછળી રહેલી, રિપુના રૂધિરરૂપી જપા પુષ્પથી પૂજાયલી વિજયવતી અને આઠે દિશાને પ્રકાશતી, યમરાજની સગી બેહેન, મારી બલિષ્ટ તથા સારી રીતે હણનારી તરવાર, આજ એને ખાઈ જવા ભૂખી થઈ છે.

જેમ સૂર્યને ધારણ કરતી, રાત્રીની પાર ઉતરેલી, પૂર્વ દિશા, તમોરૂપ દુઃખથી સંપૂર્ણ મુક્ત થાયછે; તેમ આણે અનેકરૂપે પીડેલી પ્રજા પણ મારા દર્શણથી સર્વ પીડાથી મુક્ત થાઓ !

થોડાજ સમયમાં આ સુરાષ્ટ્ર ભૂમિ, એનો સ્વામી બંધીવાન થાય તેવી, કે એનો સ્વામી મરે તેવી થાઓ ! અને એમાં દ્વિપદી ને ચતુષ્પદી ગાતા ચારણોનો સમૂહ ઘડા જેવાં બાવલાંવાળી ગાયોને સુખે ચારો !

ઘડા જેવાં બાવલાંવાળી સો ગાયો આપીને ખરીદેલી, જે ત્રણ ત્રણ વર્ષની ઘોડિયો છે તેમને, બાળકોને તજાવી તજાવીને રથે જોડો તથા ત્રણ વર્ષનો જૂનો દારૂ કોરે મૂકી, ગળે માળા બાંધેલા અશ્વ, ક્ષણમાં તૈયાર કરો !

જા, મોહોટા રાજાઓ, તેમ બહુસામ નામની પુરીના અધીશ્વરો સહિત સો રાજાવાળી કે હજાર રાજાવાળી, સદા સામોપાયથી વિરહિત એવી, અને સર્વદા યુદ્ધમાટે તૈયાર એવી, તેમની સેના તૈયાર કરીને સીમાડે યુદ્ધ માટે આવે, એમ તારા સ્વામીને કેહે." એમ રજા પામેલા દૂતે પોતાના સ્વામી પાસે જઈ સર્વ હકીકત કહી લડાઈની તૈયારી કરાવી.

૧ દ્વયાશ્રયમાં ગ્રાહરિપુની મદદમાં કચ્છના જામ લાખોજી આવ્યાનું જણાવ્યું છે તે આ રીતે—

મારા જીવતરનો અંત આવ્યો છે તેનું શું પારખું?" દરિયા કિનારે જેનું રાજ્ય હતું તે સિંધુ રાજા પણ લશ્કર લઇને આવ્યો, અને દક્ષિણનો મોરચો પકડીને ઉભો રહ્યો.

શીલપ્રસ્થનો રાજા મૂળરાજની ભણી લડવાને આવ્યો તે નિપુણ બાણુવળી હતો; (મારવાડનો) રાજા, સાથે તેના વગરબોડાવેલા માથાના અને લાંબાં કાંનછેરિયાંવાલા માણસો લઇને આવ્યો; વળી કાશી દેશનો રાજા, [1]શ્રીમાલનો સર્વોત્તમ રાજા, આબુપર્વત અને ઉત્તરનો પરમાર રાજા પણ આવ્યો; અણહિલવાડના રાજાનો ભાઈ ગંગામહ એ સર્વે ત્યાં આવ્યા, પણ સોલંકીના [2]પિત્રાઈ બીજ અને દંડક હતા તેઓએ આવવાને ના કહી.

જેવામાં મૂળરાજની સેના ચક્રને આકારે અને ગરૂડને આકારે થતી હતી તેમાં આબુના સુભટો જે હિંમતમાં આગેવાન ગણાતા હતા તેઓએ મુખ્ય સેનાસમુદાયથી છૂટા પડી [3]જંબુમાલી નદીને તટે હાર બંધાઇ યુદ્ધ મચાવ્યું. તેમાં આના રાજાએ ઘણા યોદ્ધાઓને ઠેર કરીને શત્રુપાસેથી જીતનો ઝંડો હાથ કરી લીધો. ગુજરાતના યોદ્ધાએ પણ ઘણી હિંમત અને શસ્ત્ર

---

"એ પુરૂષ જેટલા ઉંચા ભાલાથી પ્રકાશતો, નીલ ઘોડી ઉપર ચડેલો, અને નીલ વસ્ત્ર ધારણ કરતો નીલાદ્રિ જેવો જણાતો, ને રોહિણીનાથના શત્રુને (રાહુને) પણ દૂર મૂકે તેવો લક્ષરાજ, રેવતીમાં આવ્યો." શ્લોક ૪૭ સર્ગ ૪થો.

આ ઉપર ટીકાકાર લખેછે કે—"રેવતીમાં એટલે જ્યારે ચંદ્ર એ નક્ષત્રમાં હતો ત્યારે, અર્થાત્ લક્ષરાજાની રાશી મેષ છે કેમકે અશ્વનીમાં જન્મેલો છે. ને રેવતીમાં ચંદ્ર મીન રાશીનો તેથી તે લક્ષરાજને બારમો થયો. માટે આ અશુભ કાલે આવ્યાથી એનું મરણ થશે એમ સૂચવ્યું છે."

વળી જ્યારે જામ લાખોજી યુદ્ધમાં જવા તૈયાર થયો ત્યારે કહ્યું છે કેઃ—

"અહો! આજનો દિવસ, ચંદ્ર યુક્ત પુષ્ય નક્ષત્રવાળો ન છતાં તેવો છે. કેમકે પૌષ અને તૈષ એવા સર્વ નરને સિદ્ધિદાતા છે; એમ ગર્ગાચાર્યની ઈચ્છા કરતા યાદવોને, શર્ગની ગરજ સારવા લવતો, લક્ષરાજ તૈયાર થયો." શ્લોક ૯૦ સર્ગ ૪થો.

આ ઉપર ટીકાકાર લખેછે કે—"પૌષતૈષ એટલે પુષ્ય અને તિષ્યમાં જન્મેલા. એવો સંપ્રદાય છે કે બારમો ચંદ્ર છે તે પુષ્ય નક્ષત્ર હોય તો સર્વાર્થસાધક છે."

૧ શ્રીમાલ એને ભિલ્લમાલ પણ કેહેછે, તેનો જે રાજા તેજ અર્બુદેશ્વર એમ અભયતિલક ગણી કેહેછે. એટલે શ્રીમાલ ને આબુના રાજા જૂદા નહિ.

ર. ઉ.

૨ મૂળરાજનો પિતા રાજ, તથા બીજ અને દંડક એ ત્રણે ભાઈ થતા તેથી બીજ તથા દંડક તેના સગા કાકા થાય.

૩ કાઠિયાવાડમાં આટકોટ પાસે લડાઈ થઈ છે ત્યાં લાખા ફૂલાણી તથા તેના સાણીના પાળિયા છે.

વિદ્યાની કુશલતા બતાવી. તેમના શત્રુ, અસુરો પણ જો કે તેમનાં રક્ષણ થાય એવાં કવચ અને વજનદાર ઢાલો સહિત હતા અને અગર જો તેઓ મેઘનીપેઠે ગર્જના કરતા હતા તથા બાણોનો વર્ષાદ વરસાવી દેતા હતા, તોપણ, મૂળરાજે તેઓના સુભટને હાથી ઉપરથી મારી પાડ્યો એટલે તેને શત્રુના હાથમાં રેહેવા દેઇને તેઓ ત્રાસ પામીને નાઠા.[1]

---

૧ મૂળરાજ અને ગ્રાહરિપુની લડાઈ શરૂ થઈ ત્યારે પ્રથમ મૂળરાજની સેનાએ પરાક્રમ બતાવ્યું. તે જોઈ ગ્રાહરિપુએ પોતાના સૈન્યને ઉશ્કેર્યું તે ખૂબ જુસ્સાથી લડ્યું, મૂળરાજે પોતાની હાર થતી જોઈ શંખનાદ કર્યો અને ગ્રાહરિપુની પેઠે પોતે પણ હાથી ઉપર ચડ્યો.

"એ શ્રેષ્ઠ નૃપે હાથી ઉપર રહે રહે. પૂર્વે ક્લેશ ન પામેલું એવું શત્રુ સૈન્ય ક્લેશિત તથા પરમ વિહ્વલ, ઉત્તમાસ્ત્રોથી કરી નાંખ્યું.

એટલે ઉત્કૃષ્ટ અસ્ત્રો વર્ષાવતો દૈત્યનો રાજા (ગ્રાહરિપુ) ક્રોધ પામી, ઉત્તમ યોદ્ધાથી વીટળાયલા રાજકુંજર તરફ ધસ્યો.

હે ક્ષુદ્ર નૃપ ! આપણામાંનો કોણ હવે કઠ છે ને કોણ ઉત્સ છે. એમ અન્યોન્યને આક્ષેપ કરતા, એ બે રાજા લડવા લાગ્યા. (કઠ અને ઉત્સ એ શસ્ત્રભીરૂ બ્રાહ્મણોનાં નામ છે.)

જવાન હસ્તિનિયોની પેઠે કેટલાએક ઘોડાથી, ને કેટલાએક હાથીથી વીટાએલા, એ બેના રાજા તો દૂર ઉભા રહ્યા.

જે, એ યુદ્ધમાં ભળ્યા નોહોતા તેમને, એકવાર વાયલી ગાય, ગૃદ્ધવત્સથી દોહોવાતી ગાય, વાછડાંને ખાતી ગાય, વાંજણી ગાય, તેની પેઠે એ બે પૃથ્વી રૂપ ધેનુના પાળનાર, હણતા ન હતા.

શ્રોત્રિયકઠ, કાલાપપાઠક, કૈત્સોપાધ્યાય, એમને જેમ ધૂર્ત કઠ છેતરેછે તેમ સૌરાષ્ટ્રે (ગ્રાહરિપુએ) ચૌલુક્ય (મૂળરાજ)નાં અસ્ત્રોના પ્રહારથી વંચી જવા માંડ્યું.

એ દૈત્યશ્રેષ્ઠે ગર્ભિણી ઘોડીના ગર્ભ છૂટી પડ્યા એ રીતે, ઉત્તમ ગદા, ગર્જના કરીને ગૂર્જર ભૂપતિ ઉપર ફેંકી.

યુવાન છતે પણ માથે તાલવાળો, યુવાન છતે પણ બુદ્ધિથી વૃદ્ધ, જુવાન છતાં પળિયાંવાળો, એવા રાજપુત્રે (મૂળરાજે) હશીને તેનો (ગદાનો) શક્તિથી ભંગ કર્યો.

તીખું ભોજન કરવાથી થઈ હોય તેમ અશ્રુ સહિત આંખવાળો ગ્રાહરિપુ ક્રોધથી કપાળે ચઢાવેલી કરચલીથી યુવાન છતે વળિયાં પડેલો વૃદ્ધ જણાયો.

સરખે સરખા જાડા બે હાથથી, ખાવાનું અન્ન હોય તેમ, લીલામાત્રથીજ, એણે લોઢાના સર્પ જેવાં બે શંકુ પકડીને (મૂળરાજ ઉપર) ફેંક્યાં.

કુમારી પરિવ્રાજિકાના શાપ જેવાં દુ:સહ, કે કુમારી શ્રમણાના શીલ જેવાં તીક્ષ્ણ તીરથી તેને (શંકુને) ચૌલુક્યે તોડી નાખ્યાં.

અન્યોન્યને છેતરવાની બુદ્ધિથી ફેંકાયલાં તીરથી એ ઉભયે, પક્ષી સહિત પ્લક્ષ અને ન્યગ્રોધનાં વૃક્ષ જેવા રાજેછે.

કુચ્છના લાખા જામે આ સમયે કેહેણ કાવ્યું કે જો મારા મિત્રને મૂકી દે તો હું ખંડણી આપું, પણ અણહિલવાડના રાજાએ તે સ્વીકાર્યું

---

તેમને સ્નિગ્ધ વાણી અને અંગવાળા તથા પીઠ છત્રોપાનહાદિ ધારણ કરતા, નારદ મુનિએ, ધવખદિરપલાશાદિમાં ભરાઈ રહીને જોયા.

પછી ભમર ચડાવીને, રોષથી વાંકી દાઢી કરીને, ભયાનક અને ફાટી ગયેલા ડોળા સહિત, અતિ ભયાનક ભુજવાળો, એ દૈત્ય, વાંદરાની પેઠે કૂદીને. કીર્ત્તિ તથા યુદ્ધનાં માતારૂપ છરી અને ખડ્ગ લઈ, જે હાથી ઉપર ચૌલુક્ય બેઠો હતો તે ઉપર ચડયો.

એ બે અતિ દર્પવાળા, યમપુત્ર જેવા, હાથમાં તરવાર અને છરી લઈ, પિત્રાઈ બાઝયા હોય એમ, એકજ હાથી ઉપર લઢવા લાગ્યા.

સ્કંદ કુમારનાં માતાપિતા (શિવ પાર્વતી) અને પ્રદ્યુમ્નનાં માતપિતા (વિષ્ણુ લક્ષ્મી) તારા ઉપર આજ રૂઠયાં છે એમ કેહેતાં ચૌલુકયે દૈત્યને (ગ્રાહરિપુને) ભૂમિ ઉપર પાડયો.

શિવનાં સાસુ સસરાના પુત્ર (મૈનાક) જેવા દુર્ધર એણે, કૂદી પડીને, જેનાં સાસુ સસરો રડતાં રહ્યાં એવા (ગ્રાહરિપુ) ને હાથીની વરતથી બાંધ્યો.

ઇંદ્ર અને ઇંદ્રાણીના રિપુને બલિની પેઠે બાંધનારને, એને, વિષ્ણુની પેઠે, ઇંદ્ર તથા ઇંદ્રાણી તેમ ગાર્ગ્ય અને વત્સ કુટુમ્બના બ્રાહ્મણો સ્તવવા લાગ્યા.

આ ગાયો, આ વાછડાં, આ ઘોડા, આ રૂ૨, સર્વ ત્વરાથી જાઓ! એમ એ (ગ્રાહરિપુ) પકડાયા પછી બોલતો ક્રોધ કરીને લક્ષરાજ (લાખો ફૂલાણી) ધાયો.

વસ્ત્ર, અંગરાગ, માલા, એ બધાં શ્વેત કરતો (તે), ચૌલુકય પાસે આવી બોલ્યો.

હે મૂળ નક્ષત્રમાં જન્મેલા! આજ હું યુદ્ધે ચડયો છું, ત્યાં તારો ચંદ્ર પુષ્ય અને પુનર્વસુમાં છે (અર્થાત્ આઠમો ચંદ્ર છે તેથી તારૂં મરણ થશે) એમ જાણ, કેમકે મારા અને ગ્રાહરિપુનામાં તિષ્ય અને પુનર્વસુની પેઠે કશું અંતર નથી.

તારા પોતાના લાભાલાભ વિચારી, એને, તેમ તારા માન અને કીર્ત્તિને, મૂક, લાભાલાભ વિચાર કરીનેજ સુખકર કે દુઃખકર વસ્તુનું ગ્રહણ કરાય છે.

ઘોડાઘોડીની પેઠે એને બાંધીને ઘોડાઘોડીની ઈચ્છા કરતો હોય તો તારા આગળ પાછળનામાં કોઇએ એમ કર્યું હોય તે કેહે, અમે તો (મિત્રને છોડાવવા રૂપી કાર્યરૂપ) આયુદ્ધથીજ તે કહી બતાવિયેછિયે.

ઉંચું નીચું જો નહિ, ત્યાં હવે તારૂં કોણ છે? પાડે પાડા બાઝે તેમ હવે મારી સાથે યુદ્ધ કર.

પછી ચૌલુકય. કોપમાં પણ વાણીથી દધિ અને ઘૃત ખવરાવતો બોલ્યો કે જેને ગાયો એજ દધિ ધીને સ્થાને ખપેછે તેવા એ દુષ્ટને કેમ મૂકી શકાય?

એ પાપી કુશકાશ જેવો છે, ને એના સહાય નૃપો પણ તેવાજ છે. એને છોડાવવાની ઈચ્છાવાળા એક તમેજ, ધવાશ્વકર્ણ (વૃક્ષ) જેવા. સસાર જણાઓછો.

નહિ. એટલે લાખાએ ક્રોધાયમાન થઇને મૂળરાજ ઉપર હલ્લો કર્યો; પણ મૂળરાજનામાં દૈવશક્તિ પ્રકટ થઈ હતી તેથી આ વિષમ લડાઈમાં લાખો

---

તમે જો યુદ્ધ કરશો તો તમને તિલ અને અડદની પેઠે આ મારો હાથ પીશી નાંખશે; ધવાશ્વકર્ણ (વૃક્ષ)ને ભાગી નાખનારો મહાવાયુ શું તિલ અડદના કર્ષણ આગળ પાછો હઠશે ?

એક પ્રકારના હરિણ જેવા અશ્વ સહિત તે હરિણની પેઠેજ જો નાશી જવાની તારી ઈચ્છા હોય તો અત્યારથીજ નાશ, અહિં તિત્તિર અને કપિંજલની પેઠે ટક ટક ના કર.

એમ સાંભળીને એણે (લક્ષરાજાએ) અશ્વ રથાદિમાં બેઠેલા શત્રુને મગતરાં જેવા કે તિત્તિર કપિંજલ જેવા પણ ન ગણ્યા, ને પોતાના હાથમાં ધનુષ્ લીધું.

બોર અને આમળાની પેઠે, કે ધાણી અથવા જલેબીની પેઠે, શત્રુને ખાઈ જવા માટે એણે તીર વરસાવા માંડયાં. ત્યારે ત્યાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર સર્વે ત્રાસ પામ્યા.

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રના પાળનારે (મૂળરાજે) પણ ધનુષ્નો ટંકારવ કર્યો, અને ભેરી તથા શંખના વગાડનારાએ જયનાદ કરતાં ભેરી અને શંખ ફુંક્યાં.

માથું અને ડોક ન હલાવતા એવા એના ધનુષ્ની પણછના ઉચ્ચનાદથી જાણે એમ કેહેવાવા માંડયું કે હવે કઠ અને કાલાપ એ (બ્રાહ્મણો) પ્રતિષ્ટા તથા ઉન્નતિ પામ્યા.

વાજપેય ચયનમાં કે અર્કાશ્વમેધમાં હોય તેમ રણમાં એ ઉભયે વજ્ર જેવાં ઈશુથી માંડવો બનાવી નાંખ્યો.

વિરોધને લીધે નોળિયા અને સર્પની પેઠે બાઝેલા, તથા (અનુક્રમે) દેવતા અને દાનવથી સ્તવાયલા, એ ઉભયે, યુદ્ધરૂપી સંહિતાના વિસ્તાર માટે પદક્રમ કરવા માંડયો. (સંહિતા, પદક્રમ એ શબ્દો દ્વયર્થ છે. સંહિતા એટલે સંધિપૂર્વક લખેલો વેદમંત્રનો સમૂહ; તેનો વિગ્રહ કરી બોલાય તે પદ; અને તેની અમુક પ્રકારે બબ્બે બબ્બેથી આવૃત્તિ કરાય તે ક્રમ–એવા ઘણા પ્રકાર છે. જેમ વેદ સંહિતા પદ ને ક્રમથી વિસ્તારવાળી થાય તેમ યુદ્ધ કાર્યે પદક્રમ એટલે અમુક અમુક સ્થાનાદિ પ્રક્રિયા તેથી વિસ્તરે.)

ગૂર્જરત્રાના અને કચ્છના એ બે નાથે, દ્વારકાનાથ અને કુંદિનપુરના અધીશની (રૂક્મિયાની)પેઠે, શર રૂપી મોજાંની પરંપરાથી જાણે ગંગા શોણ વેહેવરાવ્યો.

વારાણસી અને કુરૂક્ષેત્રરૂપી સંગ્રામ ભૂમિ પામીને એ બે જેમ શૌર્યપુર અને કેતવતના નાથ તેમને પામીને ખુશી પામે, તેમ ખુશી થવા લાગ્યા.

દૃઢતાથી ગૌરી અને કૈલાસ પર્વત જેવા, અંગે અક્ષત, એ બે સૂતાર અને લુવારનું અનુકરણ, પરસ્પર શસ્ત્ર ભાંગી નાખી કરતા હતા.

સુભટોએ બળદ, અશ્વ, ઊંટ, ગર્ધવાદિ ઉપર બાણ આણી આણીને, દહીં અને દૂધ જેવી ઉજ્જ્વલ કીર્ત્તિની આકાંક્ષા રાખતા તેમને આપ્યાં.

દશ જેની સમીપ છે (એટલે નવ કે અગીઆર) એટલા હાથીના જેટલા બલવાળા, તથા દધિ અને સર્પિષ (ઘી) જેવાં ચક્ષુવાળા લક્ષે (લાખા ફૂલાણીએ) છ બળદ અને પાડાથી ઉંચકાયલો ભાલો ઉપાડયો.

સોલંકીના ભાલાથી વિંધાઈ ગયો. આ જાડેજા રાજાને ગદડીને મૂળરાજે તેને ગળે પગ મૂક્યો. લાખાની માએ પોતાના કુંવરનું મરદું દેખી, અને તેની મૂછો વાથી ફરકતી જોઈ, મૂળરાજને શાપ દીધો કે "તેં મારા પુત્રને મારયો માટે તારા કુટુંબનો કોઢથી નાશ થજો.[1]

જામ લાખાને સોરઠના રાજા સાથે મિત્રતા હતી તે વિના તેને મૂ-

---

એણે (લાખાજીએ) લગભગ દશ હાથી તથા ઘોડાને કચરી નાંખતાં, તથા દશેક રથને છુંદી નાંખતાં, અતિ પ્રકાશવાળા દંતથી હોઠ કરડતાં, ભાલો ઉંચો કરીને ફેંક્યો.

પટંગે ઉન્નત (શુભ લક્ષણ યુક્ત મહાપુરૂષોનાં માથું, હૃદય, ખભા, અને પગ એ છ ઉન્નત હોય છે.) એવા ચુલુક્યરાજે (મૂળરાજે) ચારે દિશાને કીર્તિથી સુવાસિત કરી લીપા લેતા, સર્વ સારમય લોહના ભાલાથી લક્ષરાજને (લાખા પૂલાણીને) હણ્યો."

[કચ્છના ભાટો પણ એમજ કહે છે કે મૂળરાજે લોઢાના ભાલાથી લાખા પૂલાણીને મારયોઃ—

[अची फूलाणी फगेरयो, रारो मंढाणुं;
मूलराज सांग उखर्ती, लाखो मराणुं.]

"ઉગ્રરિપુના નિગ્રહથી પોતાનું પ્રિય કરેલા એવા એના ઉપર તેજ ક્ષણે બબે ત્રણ ત્રણ દેવાંગના સહિત દેવતાઓએ પુષ્પવૃષ્ટિ કરી.

બાળકોને આંગળિયે વળગાડીને એની (ગ્રાહરિપુની) પરણેલી સ્ત્રિયોએ પતિરૂપ ભિક્ષા માગવાથી એણે (મૂળરાજે) ગ્રાહરિપુને અંગુલી કાપી લઈ છોડી દીધો.

સૌરાષ્ટ્રનાં વૃદ્ધ તેમ બાલ સર્વેએ, એ સમયથી ધારણ કરેલો સ્ત્રીવેશ (આડિયું; કાછડી ન ઘાલવા રૂપી) રાજિપુત્ર (મૂળરાજ)ના યશ પ્રકાશ કરેછે.

એ ભૂપતિએ (મૂળરાજે) યતિ તથા વિપ્રોને યથાર્થ વ્યવસ્થા પૂર્વક, દુઃખ હીન કરી સુખસંપન્ન કર્યા.

પછી પ્રજાને પુત્ર સમાન ગણતો અને તેજરૂપી અગ્નિથી સર્વને હિતકારી, એ પુત્ર પ્રસવથી જાણે સંતોષ પામ્યા હોય એવા અગ્નિહોત્રિયો સાથે પ્રભાસ (યાત્રાએ) ગયો." પછી અણહિલપુર ગયો. (શ્લોક ૮૬ થી ૧૩૨ સર્ગ ૫ મો.)

૧ લૂતા એટલે કોઢ વિષે હિંદુઓ એમ ધારેછે કે સૂર્યનો કાંઈ અપરાધ કરયો હોય તેની શિક્ષા કરવા એ રોગ કરેછે. પ્રબંધચિંતામણીમાં, ભાણ નામનો કવિ જે માળવાના ભોજરાજાના દરબારમાં હતો તેને કોઢ થયો હતો તે સૂર્યની શાંતિ કરવાથી મટી ગયો. સોરઠમાં સોમનાથ મહાદેવની વધારે પૂજા થતી હતી. ઇરાની લોકોનો પણ એવો વિચાર છે એવું હિરોડોટસે (કિલચો) કહ્યું છે. જો કોઈ પણ નગરવાસીને કોઢ અથવા કંઠમાલી રોગ થયો હોય તો તેને નગરમાં રેહેવા દે નહિ, તેમજ કોઈ ઈરાની સાથે વાત પણ કરવા દે નહિ, કારણ

ળરાજ સાથે દુશ્મનાવટ બાંધવાનાં બીજાં કારણ હતાં. કેહેછે કે, રાજ સોલંકીની રાણી (લીલાદેવી) મરી ગઈ એટલે દ્વારકામાં વિષ્ણુનું દેવાલય છે તેની યાત્રા કરવાને તે ગયો, ત્યાંથી પાછા વળતાં[1] લાખા ફૂલાણીના દરબારમાં ગયો ને તેની બેહેન રાયાંજીની સાથે પરણ્યો, ને તેને પેટ પછી રાખાઇચ (લાખાઈત ઉર્ફે ગંગામહ) નામે પુત્ર થયો. તેના પછીના ઇતિહાસ લખનારાએ તેના દુર્ભાગ્યની વાત લખી છે તે તેના આ બીજા લગ્નને લાગુ પડેછે. એકબીજાની વડાઈ વિષેનો વિવાદ કરતાં રાજ સોલંકીને તેના રજપૂત સાથિયો સુદ્ધાંત લાખાએ મારી નાંખ્યા, અને જાડેજી રાણી રાયાંજી તેની પછવાડે સતી થઈ. બીજ સોલંકી, જે મૂળરાજનો કાકો થાય તેણે આ કજિયાનું વેર લેવા પોતાના ભત્રિજાને ભંભેરયો. અને રાવે પોતાના દરબારમાં રાજના ન્હાના કુંવર રાખાઈચને (લાખાઈત ઉર્ફે ગંગામહ) તેના ઓરમાઈ ભાઈ, મૂળરાજ સામો કરવાને રાખ્યો હતો. એ રાજકીય કારણને લીધે પણ લાખા સામે થવાને મૂળરાજ ઉશ્કેરાયો હતો.

મૂળરાજે લાખાને દ્વંદ્વ યુદ્ધમાં ઠેર કરયો છે એવી જે કીર્તિ તેને મળેછે તેમાં વાંધો છે. જેમ કલારેન્સના ડયુકને બકન તથા તેના નાઇટોએ બોગી આગળ ઠેર કરયો, તે પ્રમાણે જે સુભટોએ લાખા ઉપર હાથ ચલાવ્યો હતો તેઓમાંથી માત્ર એકનાજ ઘાથી નહિ પણ વધારેના ઘાથી તે ઠેર થયેલો હશે. જેને વિષે હેમાચાર્યે લખ્યું છે તે જોધપુર અને ઈડરના રાજવંશનો પૂર્વજ સિયોજી રાઠોડ જે મારવાડમાં રાજ કરતો હતો અને અણહિલવાડ આવ્યો હતો તેણે મૂળરાજની પુત્રી સાથે લગ્ન કર્યું

---

કે તે લોક એમ માનેછે કે સૂર્યનો કાંઈ અપરાધ કરીને એ રોગ એણે પોતાના ઉપર ખેંચી લીધોછે. એજ રીતે જ્યુ લોક માને છે કે અમુક પાપને લીધે કોઢ થાયછે.

[1] જે દ્વારકાની યાત્રા કરે તે જયારે કચ્છમાં નારણસરોવર જે આદિધામ ગણાયછે ત્યાં યાત્રા કરી આવે ત્યારેજ દ્વારકાની યાત્રા સફળ ગણાયછે તેથી રાજ પોતે શેરોગઢ એટલે હાલના નારણસરની યાત્રાએ ગયેલો ત્યાંથી વળતાં કપિલકોટ (કેરાકોટ) આવેલું છે.

હતું તેથી તે ત્યાં લડાઈની વેળાએ હાજર હતો, અને લાખા ફૂલાણીને તેણે ઠેર કરયો હતો એવું તેના દસોંદી ભાટ કેહેછે.[1]

---

૧ કચ્છનો લાખો ફૂલાણી શિયાજી રાઠોડના હાથથી મરાયો એમ રાઠોડના ભાટ કેહેછે તે વાત ખોટી છે, કેમકે, કનોજના રાઠોડ જયચંદ્રનું રાજ્ય શાહબુદ્દિન ગોરિયે ઈ૦ સ૦ ૧૧૯૪ માં જીતી લીધું તેથી તેણે ગંગા નદીમાં પડીને પ્રાણ ત્યાગ કરયો. તેનો કુંવર શેખરાઠોડ હતો તેને (શ્યોજી ને સેતરામ) શિયોજી અને સાઈતરામ એવા બે કુંવર હતા તે પાદશાહ સાથે બારવટામાં હતા, પણ છેવટે સન ૧૨૧૨ માં થાકીને તેઓ પોતા સાથે ૨૦૦ રજપૂત લઇને હાલના વિકાનેર શેહેરથી ૨૦ મૈલ ઉપર પશ્ચિમમાં (कालूमद) કાલૂમદમાં આવ્યા. ત્યાં તે વેળાએ સોલંકી જાતનો રજપૂત રાજ્ય કરતો હતો, તેની કુંવરી સાથે સિયોજી પરણ્યા. પછી મેહેવામાં ડાભી જાતિના રજપૂત રાજ્ય કરતા હતા તેમને લૂણી નદી ઉપર ઉજાણીમાં બોલાવ્યા ને પછી તેમનો નાશ કરયો, તેમજ પછી સાચોરના દેવડા, ઝાલોરના સોનીગરા, અહીંતના મોહિલ, સિંધલના સંકલા અને જૂના ખેરગઢના ગોહિલોનો નાશ કરીને મારવાડનું રાજ્ય સ્થાપ્યું. પાલીવાડ બ્રાહ્મણોને જાગીરમાં પાલી મળ્યું હતું તેમને મેર અને મીણા જાતના લોક ઉપદ્રવ કરતા હતા માટે તેમનો નાશ કરવા સિયાજીને પાલીમાં વસાવ્યા. પણ લોભાઇને બ્રાહ્મણોને મારીને પાલીના ધણી થઈ પડી રાવનું પદ ધારણ કરી રાજ્ય સ્થાપ્યું. સિયાજીને અસોધામ, સોનીંગ અને અજમાલ એવા ત્રણ કુંવર હતા તેમાં અસોધામ પાલીની ગાદિયે બેઠો અને સોનીંગે ઈડરનું રાજ્ય લીધું, તેના વંશજ હવણાં મહીકાંઠામાંના પોલમાં છે. અજમાલને વાધાજી, અને વાઢેરજી એવા બે કુંવર હતા તેમના નામથી વાજી અને વાઢેર એવી બે રજપૂતની જાતિ થઈ. અસોધામના વંશજ રાવ ચાંદોજી થયા તેમણે પાલીથી રાજગાદી ઉઠાવીને પડિહાર જાતિના રજપૂત રાજાને મારીને મન્ડુરમાં રાજધાની કરી. તે ચાંદોજી ઈ. સ. ૧૪૦૨ માં મરાયો. ચાંદાજીના રણમલજી થયા ને તેમના કુંવર જોધાએ ઈ૦ સ૦ ૧૪૫૯ (સં. ૧૫૧૬ જેઠ શુદિ ૧૧)માં જોધપુર વસાવી ત્યાં ગાદી કરી.

આ પ્રમાણે રાઠોડ સિયોજી જોધપુર અને ઈડરનો પૂર્વજ હતો એ વાત ખરી, પણ તે મૂળરાજ સોલંકીના સમયમાં હતો નહિ; કારણકે તેના પછી ૨૩૩ વર્ષે આ સિયોજી થયો છે તે કાલુમદના સોલંકીની કુંવરી પરણ્યો હતો, તે ઉપરથી મૂળરાજ પણ સોલંકી હોવાથી ભાટોએ એ ચોખડું બેસારી દીધું છે; કેમકે લાખો તો ઈ૦ સ૦ ૮૫૫ માં જન્મ્યો છે અને ૯૭૯ માં સવાસો વર્ષનું આયુષ્ય ભોગવી મૂળરાજના હાથથી જ મરાયો છે.

લાખાના જન્મ મરણ વિષે નીચે પ્રમાણે જૂની કવિતા છેઃ—

શાકે સાત સતોતરે, (શુદ) સાતમ શ્રાવણ માસ;<br>
સોનલ લાખો જન્મિયો, સૂરજ જોત પ્રકાશ.

સોનલ રાણી જે ફૂલજામ, કુડધર રબારીને ત્યાં ઉછરેલી કોઈ અપ્સરા કેહેવાતી કન્યા વેરે પરણ્યો હતો. તેનો પુત્ર લાખો સૂર્યની જોતના પ્રકાશ જેવો શાકે ૭૭૭ ના શ્રાવણ શુદી ૭ (ને સોમવારે) ને દિવસે જન્મ્યો.

શેખર[2] (સલખોજી) રાઠોડના પ્રતાપવાન પુત્રે સેના સહિત યાત્રા ક-"રવાનો નિયમ લીધો. ત્યારે મૂળરાજે નાળિયેર[3] મોકલીને કહાવ્યું કે હે

(છપય.)

શાકે નવ એકમે, માસ કાત્તિક નિરંતર,
પિતાવેર છલ ગ્રહે, સાહડ દાખે અતસધર,
ખડે સમાસેપનર(૧૫૦૦) પડે સોલંકી સોખટ (૯૦૦)
સો ઓગણિસ (૧૯૦૦) ચાવડા, મૂવા રાજ રક્ષણ વટ
પાલલે ગાવવા મંગલ લઈ, હાધમલ સેલસિંહના આશરે;
આઠમે પક્ષ શુક્ર ચાંદણે, મૂળરાજ હાથ લાખો મરે.

આ ઉપરથી જણાશે કે શિયાજીને હાથે લાખો મરાયો નથી પણ મૂળરાજના હાથથી મરાયો છે, જુવો નીચેની કચ્છી કવિતા:—

અચી ફુલાણી ફેરેરચો, રારો મંડાણું,
મૂળરાજ સાંગ ઉખતી, લાખો મરાણું.

(લાખો) ફૂલાણી આવીને ફૂલ્યો એટલે પોરસમાં આવ્યો, લડાઈ મંડાઈ, મૂળરાજે સાંગ (બરછી) મારી તેથી લાખો મરાયો.

વળી મેરૂતુંગથી પણ આધાર મળેછે કે,—

(અનુષ્ટુપ્.)

स्वप्रतापानले येन लक्षहोमं वितन्वता
सृत्रितस्तत्कलत्राणां बाष्पावग्रहानिग्रहः

(आर्या.)

कच्छपलक्षं हत्वा सहसाधिकलम्बजालमायातं
संगरसागरमध्ये धीवरता दर्शिता येन.

જેમ અગ્નિમાં લાખ હોમ કરનાર અનાવૃષ્ટિનો નિગ્રહ કરેછે તેમ પોતાના પ્રતાપરૂપી અગ્નિમાં લક્ષ (લાખો ફૂલાણી)નો હોમ કરનાર (મૂળરાજ) તેણે તેના સ્ત્રિયોનાં આંસુવડે અનાવૃષ્ટિનો નિગ્રહ કરયો (એટલે અતિવૃષ્ટિ કરી.)

જેમ સમુદ્રમાં માછી પોતાની પસારેલી જાળમાં આવતાં લક્ષ કચ્છપ એટલે કાચબા આદિ જળચરોને મારેછે તેમ કચ્છપતિ લક્ષ—લાખા ફૂલાણીને (મૂળરાજે) પોતાની વિસ્તારવાળી જાળમાં લઇને સંગ્રામ રૂપી સાગરમા હણીને (ધીવરતા) માછીપણું પ્રકટ કર્યું.

વળી કીર્ત્તિકૌમુદીનો કર્ત્તા સોમેશ્વર લખેછે કે:—

सपत्त्राकृतशत्रूणां संपराये स्वपात्रिणाम्
महेच्छकच्छभूपालं लक्षं लक्षीचकार यः

શત્રુઓના અંગમાં ઠેઠ પીંછા સુધી પ્રવેશ કરનારા પોતાના બાણોનો મૂળરાજે, મ્હોટી ઈચ્છાવાળા કચ્છ ભૂપાલ (લક્ષ-લાખા)ને યુદ્ધમાં લક્ષ કરયો (તાકયો.)

૨ જયચંદ્રનો કુમાર શેખ (સલખોજી) રાઠોડ તે સિયાજીનો બાપ. ૩. વિવાહસંબંધી વાત કરવાને નાળિયેર મોકલવાનો ચાલ છે. ર. ઉ.

"કનોજના ધણી! આજે તું મને સાહાય થા. રાઠોડે કહ્યું હવણાં તો હું "જામતિયે (દ્વારકાં) યાત્રા કરવા જાઉંછું—વિવાહ સંબંધીની વાત વિષે હું "યાત્રા કરીને ઘર ભણી પાછો વળીશ ત્યારપછી થઈ રેહેશે. પાછા વળતાં "પાટણમાં મૂળરાજને ઘેર સિયો રાઠોડ પરણ્યો. જાડેજાનો કિલ્લો રાઠોડે તોડી પાડ્યો. શત્રુના હૃદયમાં તે બાણની પેઠે સાલવા લાગ્યો. *કમધજને "ને યાદવને વાંધો ક્યાં હતો? એ તો સોલંકી રાજાને એણે આશ્રય આ-"પ્યો હતો. યુદ્ધમાં સિયાએ લાખાને ઠેર કર્યો; એ વાત કાળના કાળ "વહી જશે પણ વિખ્યાત રેહેશે."

પછી મૂળરાજે પોતાના લશ્કર સહિત પ્રભાસની યાત્રા કરી પવિત્ર સોમેશ્વરનું પૂજન કર્યું ને શત્રુ પાસેથી મળેલી લુંટ તથા હાથિયો લઇને પોતે ઘેર પાછો આવ્યો.

અણહિલ્લવાડે આવ્યા પછી, કેટલેક દિવસે, મૂળરાજને ચામુંડ નામનો કુમાર જન્મ્યો. બાલ્યાવસ્થામાંથી એ કુંવરની અસાધારણ બુદ્ધિ જણાઈ આવવા માંડી. તેને વારંવાર રૂદ્રમાળ જવામાં અત્યંત આનંદ ઉપજતો હતો. તેથી ત્યાં બ્રાહ્મણો મહાભારતની કથા કેહેતા હતા તે સાંભળવાનો તેને સારો લાગ મળી આવ્યો હતો.

એક દિવસ એ કુંવર રાજદરબારમાં જઈ પોતાના બાપને નમન કરી બેઠો હતો તેવામાં અણહિલવાડના રાજાની કૃપા સંપાદન કરી લેવાને, આ-ઘા દેશના રાજાઓએ પોતાના પ્રતિનિધિયો સાથે ભેટ મોકલાવી હતી તે લઇને તેઓ દરબારમાં આવી પોહોંચ્યા. અંગદેશના રાજા ભણીથી શણગારેલો રથ, દરિયા[1] કિનારેથી રત્ન, અને વનવાસ દેશના ભર્ત્તા ભણીથી સોનું ભેટ થયું. દેવગિરિના રાજાએ વાર્ષિક[2] ખંડણી મોકલાવી, કોલ્લાપુર

* રાઠોડ.

૧ સિન્ધુરાજ ભણીથી રત્ન ભેટ આવેલાં તેને બદલે દરિયા કિનારેથી આવ્યાનું લખાયું છે તે, એવા કારણથી કે દ્વયાશ્રયમાં સિન્ધ દેશના રાજાને અબ્ધિસ્વામી (દરિયાનો ધણી) લખ્યો છે તેથી સમજફેર થયું છે.

૨ શરજ એટલે, મહાદેવના પુત્ર કાર્ત્તિકસ્વામી (સ્કંદ)ની ગુફા દેવગિરિ પર્વત ઉપર છે તે ઉપરથી ત્યાંનો રાજા શરજાચલ અથવા દેવગિરિનો રાજા કેહેવાય છે, તેને કાર્ત્તિક સ્વામીની સેવા કરવાના ફળરૂપે દેવતાઈ કમળપુષ્પની પ્રાપ્તિ થયેલી, એવાં કમળ દેવતાઈ હોવાથી સંધ્યાકાળે પણ મિંચાઈ જાય નહિ એવા પ્રતાપવાળાં હોવાથી વાર્ષિક દંડરૂપે તેણે મૂળરાજને ભેટ મોકલ્યાં. આ પ્રમાણે મૂળમાંથી નીકળે છે તેને બદલે વાર્ષિક ખંડણી લખવામાં આવી છે.

નામના મહાપુરના અધિપતિએ મૂળરાજના પગ આગળ પદ્મરાગમણી ભેટ કરયા. કાશ્મિરના રાજા (કીર) ભણીથી પોતાના દેશની વખણાતી કસ્તુરી ભેટ થઈ, કુરૂદેશના રાજાએ વિવિધ રંગનું છત્ર મોકલાવ્યું, પાંચાલના રાજાએ[3] ગાયો અને દાસ પોહોંચાડ્યા. છેલ્લી વેળાએ દક્ષિણ માંહેલા લાટ દેશનો પ્રતિનિધિ આવ્યો તેણે પોતાના રાજા દ્વારપ ભણીથી એક હાથી ભેટ કરયો, તે એવો અપશકુનિયાળ હતો કે જોશિયોએ[4] જોતાં વાંતજ

ઉપર જે રાજાઓ ભણીથી ભેટ આવ્યાનું લખ્યું છે તે ઉપરાંત વિન્ધ્ય દેશનો રાજા જે હાથિયોને બાંધનાર એટલે વિન્ધ્યાચળ પર્વતમાં થતા હાથિયોને વશ કરીને બાંધી લેનારો, તેવાને પણ મૂળરાજે હાથે કરીને બાંધેલો, તેણે વગર મિંચાયલા કમળના અગ્ર જેવી સુંઢવાળો શકુનિયાળ હાથી ભેટ મોકલ્યો હતો.

મૂળરાજની પાદુકાનું અર્ચન કરનાર પાન્ડુ દેશના અધિપતિએ ચાંદરણીની શોભા ધારણ કરનાર એવા દેદિપ્યમાન હાર અર્પણ કરવા મોકલ્યા હતા.

તેજ નામનો દેશ (જે ઘણું કરીને અર્બસ્તાન હોવો જોઈયે કેમકે તેનું બીજું નામ તાજ કેહેવાય છે) તેના રાજાએ તેજી ઘોડા ભેટ મોકલ્યા હતા.

૩ પાંચાલ દેશમાં કાંપીલ્ય નામે નગર હતું ત્યાંનો સિદ્ધ એટલે વિખ્યાત એવો પાંચાલ રાજા, તેણે મૂળરાજની આજ્ઞાને અનુસરીને દાસ્યાઃપુત્ર ખસ (કોઈ એક ક્ષત્રીય જાતિ) જે ચોરનું ટોળું કરીને વટેમાર્ગુઓને લૂટવાનો ધંધો માંડી બેઠા હતા તેઓને હણીને અને જડમૂળથી ઉખેડી નાંખીને તેમની એકઠી કરેલી રિદ્ધિ લાવીને મૂળરાજને અર્પણ કરી દીધી છે. દાસ્યઃપુત્ર એ ખસનું વિશેષણ મૂળમાં છે તે બરાબર નહિ સમજાયાથી દાસ (ગુલામ) અને ગાયો લખાઈ ગયાનું સમજાયછે અથવા તો રિદ્ધિની ગણનામાં દાસ, ઢોરનો સમાવેશ કરયો હોય.

૪ મૂળરાજે ચામુંડ સામું જોઈને એ કેવા પ્રકારનો હાથી છે તે જાણવાની ઈચ્છા બતાવી એટલે—

તેણે બૃહસ્પતિ (વાચસ્પતિ) કૃત 'ગજ લક્ષણ શાસ્ત્ર' જોયું હતું તેને આધારે કહ્યું કે આવો લાંબી સૂંઢવાળો (દીર્ઘ હસ્ત) હાથી જેને ઘેર હોય તેને ત્યાં ઈન્દ્રનું સ્વર્ગાધિપત્ય હોય તો પણ તે નાશ પામે! આ હાથીને જેવા દંતુસ છે તેવા અસ્થિ દંતુસનો હાથી (નિઃશ્રીક=હાડકાંની પેઠે શોભા રહિત દંતવાળો) જેને ત્યાં હોય તેના પિતાના શિષ્ય, પુત્ર, બેન, બનેવી તથા ભાણેજો એ સર્વેનું ઉચ્છેદન કરી નાંખે. આ હાથી બોતુનેત્ર (પિંગલ નેત્ર–મિલાડા જેવી પીળી આંખો) હોતાં, પોતાના માતા, પિતા, બેહેન, ભાણેજને કલેશકારક છે. આવો શુકપિછપુચ્છ એટલે પોપટપૂછો હાથી બ્રાહ્મણ દક્ષિણામાં પણ લે નહિ તો આપણાથી તે લેવાયજ કેમ? આ હાથી કૃષ્ણનખો (કાળા નખવાળો) છે તેનો જે ધણી થાય તેનું એવું રિષ્ટ થાય કે તે નિવારણ કરવાને અગ્નિસોમોપમ્ અને અગ્નિવરૂણોપમ્ પુરોહિત અગ્નિ અને સોમ અથવા અગ્નિ અને વિષ્ણુ જેના દેવતા એવી વૈદિક ક્રિયાઓ કરે તથાપિ સમર્થ થઈ શકે નહિ. આ અલ્પવંશ એટલે લઘુપીઠવાળો હાથી સર્વ પ્રકારે નિંદવા યોગ્ય છે.

કહ્યું કે એ તો "કાળરૂપ" છે.—આ ભેટથી જે માનશકુન થયા તેથી સર્વે દરબારિયોના મનમાં ત્રાસ ઉપજ્યો; અને દ્વારપ રાજાએ આવી રીતે અપમાન કર્યું તેથી ચામુંડ યુવરાજને એટલો બધો ક્રોધ ઉપજ્યો કે, એકદમ તેના ઉપર ચડાઈ કરવાની તેની વૃત્તિ થઈ તે અટકાવવાને મૂળરાજને મહા પ્રયત્ન કરવો પડયો. કેમકે તરત નીકળવાને મુહૂર્ત્ત સારૂં આવતું નહતું, તેથી લાટના પ્રતિનિધિને તેની અપશકુનવાળી ભેટ પાછી લઈ જવાની ધિક્કારથી આજ્ઞા કરીને મૂળરાજ શાન્ત પડયો. પણ જ્યારે શુભ મુહૂર્ત્ત આવ્યું ત્યારે દ્વારપને તેના ગર્વની શિક્ષા કરવા સારૂ મૂળરાજ અને યુવરાજ (ચામુંડ) કુંવર સેના સહિત ચડયા. તેઓના રાજ્યની સરહદ [1]નર્મદા નદીના કિનારા સુધી હતી ત્યાં તેઓ આવી પોહોંચ્યા; તે એટલી ઝડપથી કે, ઉંચી કડણો ઉપરથી નીચે નદીમાં સુભટો ઉતરયા ત્યાં સુધી, નદીમાં સ્ત્રિયો નાહાતી હતી તેઓના જાણવામાં કશું આવ્યું નહિ. સૂર્યપુર (સુરત) અને ભ્રગુકચ્છ[2] (ભરૂચ) એ બે શેહેરો વચ્ચે થઇને સેના ચાલી તે દ્વારપના મુલકમાં આવી પોહોંચી, તે દેશ તે વેળાએ નઠારાં પગલાંની સ્ત્રિયોએ કરીને પ્રખ્યાત હતો. તેઓની બેડોળ કંમર અને કાળો મેશ જેવો બેડોળ ચેહેરો ચુલાની ધૂણીથી જાણે તેવો થઈ ગયો હોય તેમ તેઓને જોઇને ગૂજરાતના સુભટો હસવા લાગ્યા. લાટના રાજાને ઘણા બેટના રાજાઓનો આશ્રય હતો તોપણ તેને જીતવો

---

આ હાથીને હોઠે રેખા છે એવો ઓષ્ટવલિમાન હાથી મહા દોષિત ગણાયછે. તે એટલો બધો કે સૂર્ય ચંદ્ર પૂર્વમાંથી રીટીને પશ્ચિમમાં ઉગે તો ત્યારેજ તે શુભ ગણાય. મૃગ જાતિના હાથી કેહેવાયછે તેમાંથી એની ઉત્પત્તિ છે, એનો શ્વાસ દુર્ગંધ મારે છે. એવો હાથી રાખવાથી દુઃખની પ્રાપ્તિ થાય આવો અમંગલકારી કુલક્ષણો હાથી આપણને હીનત્વ પમાડવાનેજ મોકલ્યો છે. આ રીતે દ્વયાશ્રયમાં લખ્યા પ્રમાણે ચામુણ્ડ રાજાએ ઉત્તર આપ્યું છે, પણ જોશિયોએ નહિ. રાજકુમારોએ રાજનીતિ, અશ્વવિદ્યા, ગજવિદ્યા આદિ જાણવું જોઇયે. અને ચામુણ્ડ તે પ્રમાણે જાણતો હતો એમ બતાવવામો પણ હેતુ છે.

દ્વારપ અથવા બારપ, "દ્વયાશ્રય" નો કર્ત્તા લાટ દેશનો રાજા કેહે છે, "પ્રબંધ ચિંતામણી"માં લિંગાનના રાજા તૈલપનો સરદાર કેહેછે, "સુકૃતસંકીર્તન" માં તેને કાન્યકુબ્જના રાજાનો સરદાર અને "કીર્તિકૌમુદી"નો કર્ત્તા લાટ રાજાનો સરદાર કેહેછે.

1 શ્વભ્રમતી ગૂજરાતના રાજની સીમા હેમાચાર્યે ગણી છે અને તે સાભ્રમતીનું બીજું નામ હશે એમ સમજાયછે. આ ઠેકાણે સેનાએ મેલાણ કર્યું છે.

2 ગ્રીક લોક ભરૂચને હિંદુ નામ ઉપરથી બર્યગઝ કેહેતા તે નામ ભૃગુકચ્છને બહુજ મળતું આવેછે.

કઠિણ નહતો. મૂળરાજની સરદારી નીચેની એક ટુકડીની માત્ર સાહાયતાથી ચામુંડ કુંવરે ગૂજરાતી સેનાને આગળ કરીને તેના ઉપર હલ્લો કરી તેને ઠેર કરયો. આ પ્રમાણે ચામુંડે પોતાની કુંવારી તરવારને લોહી પાયું તેથી તેનો પિતા તેના ઉપર પ્રસન્ન થયો અને પછી તરતજ સેના અણહિલવાડ ભણી પાછી ચાલી.

મૂળરાજના ધાવનસ્થાનની હવે હદ આવી. તેણે પોતાના મોસાલપક્ષ ભણીથી પોતાના રાજ્યની સરહદ ચારે દિશાએ વધારી દીધી. કચ્છ તેણે જીતી લીધું; સોરઠની પવિત્ર ભૂમિમાં પણ તેની આણ વર્ત્તાવા માંડી; દક્ષિણના લોકોએ, તેનો જીતનો વાવટો, નર્મદા અને સંહ્યાદ્રી પર્વતની હારની પેલી પાર ફરકતો દીઠો; પવિત્ર આબુના શિખર ઉપર દુર્જય અચળગઢના કિલ્લામાં પરમારરાજા રાજ્ય કરતો હતો તેણે એની શ્રેષ્ટતા સ્વીકારી, અને મારવાડ તથા ઉત્તર હિંદુસ્થાનના મહા શૂરવીરો ગૂજરાતના વાવટા પાછળ તેની સરદારી નીચે પ્રથમજ ચાલવા લાગ્યા. વળી તેને ઘરનું સુખ પણ સારૂં હતું, અને હિંદુઓ જેને અત્યંત સુખ ગણેછે અને જે સુખ તેના પછી થનારા અણુહિલપુરના રાજાઓને હતું નહિ તે સુખ પણ તેને હતું, તે એકે તેની પછવાડે તેની ગાદીઉપર બેસનાર યોગ્ય કુમાર હતો.

મૂળરાજે તેના મોસાલપક્ષનાં સગાંને કતલ કરી નાખ્યાં હતાં, તેનો પૂર્ણ પસ્તાવો તેને હવે પોતાના રાજ્યના છેલ્લા દિવસમાં થવાલાગ્યો ને તેનું પ્રાયશ્ચિત ગમે તે ખર્ચ થાય તેટલું કરીને પણ કરવાની માત્ર હવે તેના મનમાં આતુરતા રહી; તેથી. તે દુઃખનો મારયો એક યાત્રા પછી બીજી યાત્રા કરવા સારૂ ભટકવા લાગ્યો; પણ ઘરડપણને લીધે, ભટકવાંથી થાકી ગયેલો, પાપ અને સંકટનો મારયો, અજ્ઞાની, આરામની ઇચ્છાએ સિદ્ધપુર જઈ વસ્યો ને ત્યાં તેણે આગળ લખ્યા પ્રમાણે મહાદેવની કૃપા સંપાદન કરવાસારૂ એક દેવલ બાંધવાનું શિરૂ કરયું.

ન્હાની પણ સ્વચ્છ સરસ્વતી નદી, વિખ્યાત કોટેશ્વરમહાદેવના દેવલ આગલથી નીકળી, આરાસુરના પાહાડમાં થઈ પશ્ચિમ ભણી કચ્છના રણમાં વેહેછે. સરસ્વતી મૂળથી તે મુખ સુધી પવિત્ર ગણાય છે, પણ સિદ્ધપુર આગળ કેટલીક લંબાઈ સુધી સૂર્યના ભણી પૂર્વદિશા ગમ વળેછે તેથી તેટલી જગ્યાના પ્રવાહનો મહિમા બહુ વધારે ગણવામાં આવેછે.

સરસ્વતીને ઉત્તર કાંઠે ભેખડ ઉપર રમણીય **સિદ્ધપુર શેહેર** છે, તેમાં નદીની બાજુએ હાલમાં વોહોરા+ આદિ દ્રવ્યવાન્ વ્યાપારીનાં ઘર છે, તે અર્ધા યુરોપ ખંડનાં ઘરના જેવા આકારે દેખાયછે. તેના ઉપર ગચ્છીની અગાશિયો છે અને બારીનાં બારણાંને ફરેરી હોયછે, વળી આ તીર્થનગરમાં હિંદુનાં શિખરવાળાં દેવાલય વચ્ચે વચ્ચે આવી રહ્યાં છે તેથી રમણીય દેખાવ દેખાયછે. અહિં તહિં વાડિયો નજરે આવેછે તેમાં કેળ અને બીજા મેવાનાં ઝાડ છે તે સાથે આંબાના પ્રૌઢ વૃક્ષની તેમાં ન્યૂનતા છે નહિ. પુરાતન રૂદ્રમાળાના વિકાગ અને રાક્ષસી કદનાં ખંડેર તો વળી હજી સુધી ઝોક્યાં કરેછે, તેનાં પગથિયાંની હારો નદીની બાજુએ છેક આઘે સુધી જઈ પોહોંચી છે. દક્ષિણ કાંઠાની સપાટીમાં શિવપંથીના રમણીય ચોગાનવાળા આશ્રમ છે, તેમાં જે સરસમાં સરસ છે તે હોલ્કર રાજાની વિધવા રાણી **અહિલ્યાબાઈએ** બંધાવ્યો છે, ત્યાંથી આઘે **આરાસુર** અને **આબુ** ભણી ડુંગરની હાર ચાલેછે પછી દેખાવ પૂરો થાયછે.

**સિદ્ધપુર** અસાધારણ પવિત્રતાનું ધામ છે:—

" સવ તીર્થમાં શ્રીસ્થળ ( સિદ્ધપુર ) નું તીર્થ છે તે શ્રેષ્ઠ છે, એવું
" મહાન્ ઋષિઓ કહી ગયા છે. એ સર્વ પ્રકારતું ધન આપનાર છે; તેનું
" માત્ર દર્શન કરેછે તેને મુક્તિ મળેછે. વળી કહ્યું છે કે:—

## श्लोक.

**" गयाया योजनं स्वर्गः प्रयागाच्चार्द्धयोजनम्**
**श्रीस्थलाद्धस्तमात्रं स्याद्यत्र प्राची सरस्वती. "**

"ગયાજીથી એક યોજન સ્વર્ગ વેગળું છે, પ્રયાગથી અર્ધું યોજન
" રેહેછે, અને **શ્રીસ્થળમાં** જે ઠેકાણે **સરસ્વતી** નદી ઉગમણી દિશામાં ચા-
" લેછે ત્યાંથી માત્ર એક હાથને છેટે છે."

મરણકાળ પાસે આવ્યો જાણી શુદ્ધ થવાસારૂ આ પવિત્ર તીર્થમાં જઈ વસવાને, વયે પોહોંચેલા રાજાએ વિચાર કરચો. પણ દેહકષ્ટ એકલાંજ તે શીખ્યો હતો તેટલાથી ચાલે એમ નહતું. " ન્હાવું ધોવું, અપવાસ કરવા,

---

+આ વોહોરા પ્રથમ **ઐાદિચ્ય** બ્રાહ્મણ હતા, તેમને **અલ્લાઉદ્દીને** વટાળ્યા ત્યારથી મુસલમાન ગણાયા. તેઓ આજે પણ બ્રાહ્મણોમાં ચાલતી અવટંકથી ઓળખાય છે. તેમના એક મોહોલ્લામાં સર્વ તેમનાં ઘર છતાં હનુમાનનું દેવળ છે. તેમજ નાગર બ્રાહ્મણ પણ વટલ્યા છે તે પણ વોહોરા થયા છે. ભા૦ ક૦

"બાધા આખડી રાખવી, યાત્રા કરવી, અને તપ કરવું એ સર્વ બ્રાહ્મણો "જ્યારે માન્ય રાખે ત્યારે ફળદાયક છે, બીજી રીતે નથી. બ્રાહ્મણો કેહેછે "તેટલું દેવ માની લે છે. જેમ જળથી મલીન માણસ સ્વચ્છ થાયછે તેમ "તેઓના વચનથી થાયછે." મૂળરાજ તીર્થવાસી બ્રાહ્મણોને તેઓના કુટુંબ સહિત માનથી તેડી લઈ જવાને એકઠા કરવા લાગ્યો, તેઓને ઉત્તરના પર્વત ભણીથી અને અરણ્ય અથવા જળાશય પાસેની તીર્થની જગ્યાઓમાંથી આગ્રહ કરીને લાવ્યો. ઋષિઓના પુત્ર, વેદમાં કુશળ, પરણેલા, જવાન, સેવા કરવા યોગ્ય એવા, કુમારિકા નદીની તીરે જવાને તૈયાર થયા. એકસોને પાંચ ગંગા યમુનાના સગમ* પાસેથી આવ્યા, સો સામવેદી ચ્યવનાશ્રમમાંથી આવ્યા, બસેં કાન્યકુબ્જથી, સૂર્યના જેવા તેજસ્વી એકસો કાશીથી, બસેંને બોતેર કુરૂક્ષેત્રથી, એક સો ગંગાદ્વારથી, અને એક સો નૈમિશારણ્યમાંથી આવ્યા. કુરૂક્ષેત્રમાંથી વળી એક સોને બત્રીસ વધારે રાજાએ તેડાવ્યા. આ બ્રાહ્મણોના અગ્નિહોત્રના કુંડમાંથી ધુમાડા આકાશે જઈ પોહોંચ્યા.

તેઓના આવી પોહોંચ્યાના સમાચાર રાજાએ જાણ્યા એટલે તેમને જઈ સાષ્ટાંગ નમસ્કાર કરયા અને તેઓએ તેને આશીર્વાદ દીધા. પછી હાથ જોડીને તે બોલ્યો.–"તમારી કૃપાથી મારૂં જન્મ્યાનું સાર્થક થયું છેં. "મારી આશા હવે પૂર્ણ થશે; માટે હે બ્રહ્મદેવો, તમારી કૃપાના "બદલામાં મારૂં રાજ્ય જોઇયે તો લ્યો, મારૂં દ્રવ્ય લ્યો, મારા હાથી લ્યો, "મારા ઘોડા લ્યો, જે જે તમારી ઇચ્છા હોય તે અંગિકાર કરો. હું પશ્ચાત્તાપ ભરેલો તમારો રંક દાસ છું." તેઓએ પ્રત્યુતર આપ્યું: "ઓ મહાન્ "રાજા! રાજ્યનો કારભાર ચલાવવાને અમે શક્તિમંત નથી, ત્યારે તેને ધૂળ "ધાણી કરી નાંખવાને શા માટે અમારે લેવું જોઇયે? જમદગ્નિના પુત્ર પરશુરામે ક્ષત્રિયો પાસેથી જોરાવરીથી રાજ્ય લેઇને એકવીસ વાર અમને "આપ્યું." રાજા બોલ્યો: "હે મહાન્ બ્રહ્મદેવ, હું તમારૂં રક્ષણ કરીશ; તમે નિર્ભયપણે તમારી મેળે જપ તપ કરો." બ્રાહ્મણો બોલ્યા, ડાહ્યા પુરૂષો કહી "ગયા છે કે, "જે રાજાપાસે રેહેછે તે સંકટ પામેછે; રાજા અભિમાની, "ઠગાઈ ભરેલા અને ગરજ મતલબી હોયછે; જો તમારે આપવાની ઈચ્છા

* અલાહાબાદના કિલ્લા આગળ ગંગા અને જમના નદીનો સંગમ થાયછે, તે તીર્થ હિંદુઓમાં પ્રયાગને નામે પ્રસિદ્ધ છે.

"હોય તો આ મહાન્ અને હૃદયને આનંદ ઉપજાવે એવું **શ્રીસ્થળ** આપો.
"હે રાજાધિરાજ, ત્યાં અમે આનંદમાં રહીશું. સોનું રૂપું અને રત્ન તમે
"બ્રાહ્મણોને આપવા ઇચ્છોછો તે નગરની શોભા વધારવા પછવાડે વાવરો."
પોતાની ઇચ્છા પૂર્ણ થઈ એટલે બ્રાહ્મણોની અર્ધ્યપાદ પૂજા કરી તેઓને કંકન કડકિયાં ભેટ કરયાં, ને તેઓને **શ્રીસ્થળપુર** આપી દીધું, તે સાથે ગાયો; અને સોના રત્નના હારથી શણગારેલા રથ, અને બીજી વસ્તુઓ ભેટ કરી.

મૂળરાજે વળી બીજા દશ બ્રાહ્મણોને સુંદર અને દ્રવ્યવાન્ **સિંહપુર** નગર ( **સિહોર** ) આપ્યું, તે સાથે બીજી કેટલીક વસ્તુ ભેટ કરી. તેમજ બીજા બ્રાહ્મણોને **સિદ્ધપુર** અને **સિહોર**ની પાસેનાં ન્હાનાં ગામ આપ્યાં. બીજા બ્રાહ્મણોએ આ સર્વ તુષ્ટિદાન લીધું, તોપણ છ બ્રાહ્મણોએ કેટલીકવાર સુધી આનાકાની કરી; તથાપિ રાજાના કાલાવાલા આગળ છેવટે તેમનું કાંઈ ચાલ્યું નહિ, એટલે તેઓએ ખંભાત અને બાર ગામ લીધાં.

**સ્તંભતીર્થ** જે ખંભાત કેહેવાયછે તે જેઓ સોમવલ્લી[1] પીવામાં આનંદ માનતા હતા તેવા છ બ્રાહ્મણોને આપ્યું, તે સાથે તેઓને સાઠ ઘોડા આપ્યા. આ પ્રમાણે પુણ્યદાન કરયા પછી મૂળરાજે પોતાના પુત્ર પૈત્રોને બોલાવી બ્રાહ્મણોનું રક્ષણ કરવાની તેઓને આજ્ઞા કરી. પછી પોતાના કુમાર **ચામુંડ**ને રાજ્ય સ્વાધીન કરી, પોતે **સિદ્ધપુર**માં જઈ વસ્યો, ત્યાં રમ્યાશ્રમ ( આનંદની જગ્યા ) નામે મેહેલ પોતે બંધાવ્યો હતો તેમાં પોતાના બાકીના જિવતરના દિવસ નિર્ગમન કરયા પછી **લક્ષ્મીપતિ**ની પાસે **નારાયણપુર**માં વાસ કરયો.

હેમાચાર્ય[2] કેહેછે કેઃ—

**अथ प्राचीं गत्वा द्रुहिणतनयां श्रीस्थलपुरे ।**
**वपुः स्वं हुत्वाग्नौ सुपिहितपिनद्धापरयशाः ॥**
**ययौ राज्ञः सूनुर्दिवमनपिनद्धापिहितधीः ।**
**ग्रहीतुं स्वर्गाद्प्यवनविधिना वक्रयमिव ॥**

---

૧ હોમહવન કરતી વેળાએ બ્રાહ્મણોમાં ચાલ હતો કે જે ક્રિયા કરાવનાર હોય તે સોમવલ્લી પિયે. તેનું કારણ એમ ધારવામાં આવતું હતું કે ખરા બ્રાહ્મણ વિના બીજા કોઈનાથી તે પી ( જેરવી ) શકાય નહિ.—

૨ દ્વયાશ્રય સર્ગ ૬ શ્લોક ૧૦૭. અંગ્રેજી મૂળમાં અર્થ ફેર જણાયછે. અહિં પ્રસ્તુત રાજાનું અંતરિક્ષારોહણ વર્ણન કરતાં અપ્રસ્તુત સૂર્યના અંતરિક્ષારોહણનું વર્ણન નીકળેછે માટે સમાસોક્તિ અલંકાર થાયછે.

સર્વે શત્રુઓને જીતી લેવાથી જેણે શત્રુઓના યશને જાણે શૃંખલાવતી બદ્ધ કરેલો છે એવા મૂળરાજે સિદ્ધપુરમાં પ્રાચી દિશામાં વેહેનારી (પૂર્વવાહિની) સરસ્વતી નદીને કાંઠે જઇને પોતાના શરીરની અગ્નિદેવને આહુતિ આપી; અને જ્ઞાનને લીધે જેની બુદ્ધિ મોહમાં ફસાઈ નથી એવો એ રાજપુત્ર અથવા નભમાં સૂર્ય જેવો (મૂળરાજ) (દેવતાનું) રક્ષણ કરી જાણે સ્વર્ગમાંથી પોતાનો કર લેવા માટે અંતરિક્ષમાં ગયો. જેમ સૂર્ય સાંઝે પોતાનું કિરણમાળારૂપ અગ્નિમાં રાખીને પ્રભાતે પ્રાચી દિશામાં આવી અંતરિક્ષમાં આરોહણ કરેછે તેમ આ રાજા પણ સૂર્યવંશી હોવાથી તેણે સૂર્યની પેઠે અંતરિક્ષમાં આરોહણ કરવાનો ક્રમ ગ્રહણ કર્યો.

મૂળરાજે સન ૯૪૨ થી ૯૯૭ સુધી પંચાવન વર્ષ રાજ્ય કર્યું.[1]

---

૧ મેરૂતુંગ મૂળરાજ વિષે નીચે પ્રમાણે કેહેછેઃ—

मेदिन्यां लब्धजन्मा जितबलिनि बलौ बद्धमूला दधीचौ ।
रामे रूढप्रवाला दिनकरतनये जातशाखोपशाखा ॥
किञ्चिन्नागार्जुनेन प्रकटितकलिका पुष्पितासाहसाङ्के ।
आमूलान्मूलराज त्वयि फलितवती त्यागिनि त्यागवल्ली ॥

ત્યાગ (દાન) રૂપી લતા ભૂમિ ઉપર પ્રથમ મહાબલિષ્ઠ બલિ રાજાથી જન્મ પામી, દધીચિ ઋષિયે તે લતાને બદ્ધ મૂળવાળી (દ્દઢ) કરી, પરશુરામે તેને કુંપળવાળી કરી. દિનકરના પુત્રે (કરણે) શાખા અને ઉપશાખાવાળી કરી, નાગાર્જુને તેને કેટલેક અંશે કલિકાવાળી કરી, સાહસાંગે તેને પુષ્પોવાળી કરી, અને હે મૂળરાજ! દાનેશ્વર! આપે તો ત્યાગલતાને મૂળથી લઈ શિખર લગણ ફળરૂપ બનાવી આપીછે.

स्नाताः प्रावृषि वारिवाहसलिलैः संरूढदूर्वाङ्कुरा ।
व्याजेनात्तकुशाः प्रणालसलिलैर्दत्वा निवापाञ्जलीन् ॥
प्रासादास्तव विद्विषां परिपतत्कुड्यस्थपिण्डच्छलात् ।
कुर्वन्ति प्रतिवासरं निजपतिप्रेताय पिण्डक्रियाम् ॥

હે મૂળરાજ! તમારા શત્રુઓના ઉજ્જડ થયેલા રાજમેહેલો વર્ષાઋતુમાં મેઘના જલથી સ્નાન કરીને તેના ઉપર ઊગેલી દૂર્વાના મિષે જાણે દર્ભ ધારણ કરેલા હોય તેવા થઈ પ્રનાલિકાનાં વેહેતાં પાણીથી મરણ પામેલા પોતાના સ્વામિયોને જાણે પ્રેતાંજલી દેતા હોય અને. પડતી ભીંતોમાંથી ઢળી પડતા પથ્થર રૂપી પિંડોવડે જાણે પિંડદાન આપતા હોય એવા દેખાય છે. અહિ પ્રાસાદનું વર્ણન કરતાં મરણ પામેલા પુરૂષની પાછળ જે ક્રિયા કરાય છે તેનું પરિસ્ફુરણ થવાથી સમસોક્તિ અલંકાર થાયછે.

મૂળરાજનો સમય "વિચાર શ્રેણી" પ્રમાણે સંવત્ ૧૦૧૭ (ઈ. સ. ૯૬૧)થી સંવત્ ૧૦૫૨ (ઈ. સ. ૯૯૬) સુધી હોતાં તેણે પાંત્રીશ વર્ષ રાજ્ય કર્યું. અને "પ્રબંધ

મૂળરાજના ક્રમાનુયાયી જેઓ થયા તેઓની ટીપ એક તામ્રપટ ઉપરથી અમે નીચે આપિયે છિયે. તે લેખ સંવત્ ૧૨૬૬ (સન ૧૨૧૦) ની સાલનો છે તે અમદાવાદના ભંડારમાંથી થોડાં વર્ષ ઉપર જડ્યો હતો ને તે આ ગ્રંથકર્ત્તાએ લંડનની રૉયલ એશિયાટિક સોસાઈટીને બક્ષિસ આપ્યો છે.

समस्त राजावलीसमलंकृतमहाराजाधिराजपरमेश्वरपरमभट्टारकचौलुक्यकुलकमलविकासनैकमार्त्तण्डश्रीमूलराजदेव.

पादानुध्यातमहाराजाधिराजपरमेश्वरपरमभट्टारकश्रीचामुण्डराजदेव.

पादानुध्यातमहाराजाधिराजपरमेश्वरपरमभट्टारकश्रीवल्लभराजदेव.

पादानुध्यातमहाराजाधिराजपरमेश्वरपरमभट्टारकश्रीदुर्लभराजदेव.

पादानुध्यातमहाराजाधिराजपरमेश्वरपरमभट्टारकश्रीभीमराजदेव.

पादानुध्यातपरमेश्वरपरमभट्टारकमहाराजाधिराजत्रिलोकीमल्लश्रीकर्णदेव.

पादानुध्यातपरमेश्वरपरमभट्टारकमहाराजाधिराजअवन्तीनाथत्रिभुवनगंडवर्वरकजिष्णुसिद्धचक्रवर्त्तिश्रीजयसिंहदेव.

पादानुध्यातमहाराजाधिराजपरमेश्वरपरमभट्टारकउमापतिवरलब्धप्रसादप्राप्तराज्यप्रौढप्रतापलक्ष्मीस्वयंवरस्वभुजविक्रमरणांगणविनिर्जितशाकंभरीभूपालश्रीकुमारपालदेव.

पादानुध्यातमहाराजाधिराजपरमेश्वरपरमभट्टारकपरममाहेश्वरप्रबलबाहुदंडदर्परूपकंदर्पहेलाकरदीकृतसंपादलक्षक्ष्मापालश्रीअजयपालदेव.

---

ચિન્તામણિ" પ્રમાણે સંવત્ ૯૯૮ (ઈ. સ. ૯૪૨) થી સંવત્ ૧૦૫૩ (ઈ. સ. ૯૯૭) સુધી પંચાવન વર્ષ રાજ્ય કર્યું.

**पादानुध्यातपरमेश्वरपरमभट्टारकमहाराजाधिराजम्लेच्छ तमोनिचयच्छन्नमहीवलयप्रद्योतनबालार्कआहवपराभूतदुर्जयगर्ज्जनकाधिराजश्रीमूलराजदेव.**

**पादानुध्यातमहाराजाधिराजपरमेश्वरपरमभट्टारकाभिनव सिद्धराजसप्तमचक्रवर्त्तिश्रीमद्भीमदेवः इत्यादि.**

ઉપરના લેખ પછીના લેખ છે તેમાં છેલ્લા ત્રિભુવનપાળને માટે નીચે પ્રમાણે લખ્યું છે.

**पादानुध्यातमहाराजाधिराजपरमेश्वरपरमभट्टारकशौर्योदार्यगांभिर्यादिगुणालंकृतश्रीत्रिभुवनपालदेव.**

રાજાવલી (રાજબિરૂદ) ધારણ કરનાર સઘળા રાજાઓની પંક્તિથી સુશોભિત મહારાજાધિરાજ પરમેશ્વર પરમભટ્ટારક (ચક્રવર્ત્તી) ચૌલુક્ય કુળ રૂપી કમળોને ખીલવવામાં એક સૂર્યરૂપ શ્રી મૂલરાજદેવ.

( મૂળરાજ દેવના ) ચરણનું ધ્યાનકરનાર મહારાજાધિરાજ પરમેશ્વર પરમભટ્ટારક શ્રી ચામુંડરાજદેવ.

( ચામુંડરાજ દેવના ) ચરણનું ધ્યાનધરનાર મહારાજાધિરાજ પરમેશ્વર પરમભટ્ટારક શ્રી વલ્લભરાજ દેવ.

( વલ્લભરાજ દેવના ) ચરણનું ધ્યાનધરનાર મહારાજાધિરાજ પરમેશ્વર પરમભટ્ટારક દુર્લભરાજ દેવ.

( દુર્લભરાજ દેવના ) ચરણનું ધ્યાનધરનાર મહારાજાધિરાજ પરમેશ્વર પરમભટ્ટારક શ્રી ભીમરાજ દેવ.

( ભીમરાજ દેવના ) ચરણનું ધ્યાનધરનાર પરમેશ્વર પરમભટ્ટારક મહારાજાધિરાજ ત્રણ લોકને જીતવામાં મલ્લ જેવા શ્રી કર્ણદેવ.

( કર્ણદેવના ) ચરણનું ધ્યાનધરનાર પરમેશ્વર પરમભટ્ટારક મહારાજાધિરાજ અવંતીપતિ ત્રિલોકને પીડનાર બર્બરકને જીતનાર સિદ્ધના ચક્રવર્ત્તી શ્રી જયસિંહદેવ.

( જયસિંહ દેવના ) ચરણનું ધ્યાનધરનાર મહારાજાધિરાજ પરમેશ્વર પરમભટ્ટારક ઉમાપતિના વરદાનથી મળેલા પ્રસાદથી રાજ્ય મેળવનાર, પ્રૌઢ પ્રતાપવાલી લક્ષ્મીના સ્વયંવર, પોતાના બાહુબળથી રણભૂમિમાં શાકંભરી ભૂપાલને જીતનાર શ્રી કુમારપાલદેવ.

( કુમારપાલ દેવના ) ચરણનું ધ્યાન ધરનાર મહારાજાધિરાજ પરમેશ્વર પરમભટ્ટારક પરમ માહેશ્વર ( ઘણા શિવભક્ત ) પ્રબળ બાહુદંડના અભિમાનરૂપી કામદેવની ચેષ્ટાવડે સપાદલક્ષ દેશના રાજાને કરદાનવાળો કરનાર શ્રી અજયપાલદેવ.

( અજયપાળ દેવના ) ચરણનું ધ્યાન ધરનાર પરમેશ્વર પરમભટ્ટારક મહારાજાધિરાજ, મ્લેચ્છ લોકોરૂપી ગાઢ અંધકારથી છવાઈ ગયેલ ભૂમિવલયને પ્રકાશવામાં તરણસૂર્ય, લડાઈમાં દુર્જેય ગજનીના અધિપતિને હરાવનાર શ્રી મૂલરાજદેવ.

( મૂલરાજ દેવના ) ચરણનું ધ્યાન ધરનાર મહારાજાધિરાજ પરમેશ્વર પરમભટ્ટારક અભિનવ (નવીન) સિદ્ધરાજથી સાતમા ચક્રવર્તી શ્રીમાન્ ભીમદેવ.

## પ્રકરણ ૫.

### ચામુંડ—વલ્લભ—દુર્લભ—સોમનાથનો નાશ.

(ઈ. સ. ૯૯૭ થી ૧૦૧૦) (ઈ. સ. ૧૦૧૦) (ઈ. સ. ૧૦૧૦–૧૦૨૨

હિંદુઓની ઇતિહાસ સંબંધી વાત લખનારા, (પછીથી તે વાત જૈન અથવા બ્રાહ્મણોના લખાણ ઉપરથી કાહાડેલી હોય, અથવા રજપૂત વંશના વખાણની નોંધ રાખનારા ભાટ લોકોના કવનમાં હોય) સર્વ બિના લખવાને ખરેખરી ચૂપકી પકડી બેઠેલા જણાયછે, પછી તે બિનાથી પરિણામ ગમે તેટલો અલાભકારી અથવા ગમે તેટલી સારી અસરવાળો થયો હોય, પણ તે બિના લખવાથી, જેઓનું તેઓ વર્ણન કરતા હોય તેઓની કીર્ત્તિને આંચ લાગશે એવું તેમને લાગ્યું એટલે પછી તે બિના તેમને લખવા જેવી રહી નહિ. અપરાધી, ડાહાપણ વિનાના, અને અભાગિયા રાજાની વર્ત્તણૂક ઉપર ઢાંકપિછોડો થાયછે, ને વેનેશિયન લોકોની સંક્ષેપમાં લખવાની રીત કરતાં પણ વધારે ટુંકામાં, રાજા ક્યારે જન્મ્યો ને ક્યારે મરી ગયો, એટલીજ વાત માત્ર નોંધવામાં આવેછે. આ વિષેનું ઉદાહરણ જોવું હોય તો પ્રબોધચિંતામણી નામના ગ્રંથમાં, તેના કર્ત્તા, વઢવાણના રેહેવાસી જૈન સાધુએ મૂળરાજના ક્રમાનુયાયી, ચામુંડના રાજ્ય વિષે જે લખ્યું છે તે બરાબર લાગુ પડેછે, એના કરતાં વધારે લાગુ પડતાં બીજાં ઉદાહરણ થોડાંજ છે. મુસલમાનોના વાવટા નીચે રજપૂતનો સૂર્ય અસ્ત પામવા માંડ્યો તે આ રાજાનીજ વેળામાં, હિંદુસ્થાનના મેદાનો ઉપર એક અજાણ્યો અને ઉન્મત્ત હલ્લો કરનારો તૂટી પડ્યો તે આ રાજાનીજ વેળામાં, અને પ્રાચીન રાજવંશો ડૂબી ગયા, તથા અસલી દેવ મહાકાળેશ્વર પોતે રજથી ભરાયા તે પણ આ રાજાનીજ વેળામાં; અને એવાં વૃત્તાન્ત જેની વેળામાં બનેલાં એવો અણહિલવાડનો સત્તાવાન્ રાજા, જે પોતે દુઃખના રંગમંડપ ઉપર મુખ્ય ખેલ કરનાર હતો તેનું વર્ણન, થોડા શબ્દોમાં કાંઈ સૂચના મળે નહિ એવા પ્રકારે લખીને પતાવી દીધું છે તે, લંડનના વેસ્ટમીનિસ્ટર દેવળના શાંત ચોગાનમાં, આરામ પામેલા ક્રિશ્ચિયન સાધુઓને (એબટ) ડાટેછે તેમની ઘોર ઉપર પાષાણની પટ્ટી ચોહોડીને સ્મરણ પ્રશસ્તિ કોરવામાં આવેછે તેના જેવું છે:—

54285

“ વિક્રમસંવત્સર એક હજાર ત્રેપનથી (સન ૯૯૭ થી ૧૦૧૦ સુધી ચામુંડરાજે તેર વર્ષ રાજ્ય કર્યું.૧”

રત્નમાળાના એક ખંડમાં ચામુંડ રાજાની રીતભાતનું વર્ણન ચિતર્યું છે, પણ તેમાં બીજી વધારે સૂચના થોડીજ મળેછે, તથાપિ આ રાજાના રાજ્યમાં મુસલમાન ગૂજરાતમાં આવ્યા હતા એવું હિંદુના હાથથી લખાયલું પ્રમાણ મળી આવેછે એ એક કારણને લીધે તે અગત્યનું છે તે નીચે પ્રમાણેઃ—

“ મૂળરાજનો પુત્ર ચામુંડરાજ હતો; તે શરીરે દુબળો અને પીળા
“ચેહેરાનો હતો; ખાવા પીવાનો અને સુંદર પોશાક પેહેરવાનો તેને ઘણો
“આદર હતો. પોતાની વાડીમાં તેણે સારાં ઝાડ ઉછેરયાં હતાં; તેણે વાવ
“અને તલાવ બંધાવ્યાં હતાં; કેટલાંક કામ અધુરાં મૂકીને તે યમને દ્વાર
“પોહોંચ્યો. તેના પિતાના કરતાં તેનો યશ વધારે સારો હતો. યવન વિના તેને
“કોઈ શત્રુ નહતો; પ્રજામાં તેનું સંભારણું ઘણા દિવસ રહ્યું.”

ચામુંડના રાજ્યવિષેનું થોડું વર્ણન, જે દ્વયાશ્રયમાં છે તેમાં અમે ઉપર લખ્યું છે તે રીતે, મૂકી દીધા બાબતનો ઠપકો આપવા જેવો વાંક ઘણો કરયો છે, તથા તેમાં કેટલુંક કથન કર્યું છે તે સોવશા તો સાચી વાત ઢાંકી દેવા, શ્રોતાવક્તાના મનને ગમતી આવે એવી વાતો ઉમેરી, ફેરફાર કરયો છે તોપણ તે વર્ણન ઘણું મુલ્યવાન છે, કેમકે, હિંદુસ્થાનમાં મુસલમાનોએ પ્રથમ હલ્લો કરયો તેના ઇતિહાસ સંબંધી ઘણી અડચણોનો ખરો ખુલાસો એ વર્ણનમાંથી મળી આવેછે.

કેહેછે કે, તેના બાપના મરણ પછી, અણહિલવાડનું રાજ્ય તેણે સારી રીતે ચલાવ્યું; તે સાથે તેણે પોતાના ભંડારમાં, ફોજમાં અને કીર્ત્તિમાં પણ વધારો કરયો. તેનામાં એકે વાતની ખોડ નહતી; અને મૂળરાજે ભૂમિદાન કરેલાં તે તેણે પાળ્યાં. ચામુંડને +વલ્લભરાજ નામે પુત્ર થયો; તે પણ,

---

૧ મેરૂતુંગ કેહેછે કે, સં. ૧૦૫૩માં શ્રાવણ શુદિ ૧૧ શુક્રવાર પુષ્ય નક્ષત્રને વૃષભ લગ્નમાં ચામુંડ પાટે બેઠો. તેણે શ્રીપત્તનમાં ચન્દ્રનાથ દેવના તથા પોતાની બેહેનને નામે ચાચિણેશ્વર દેવનાપ્રાસાદ બંધાવ્યા.

૨૦ ૬૦

+ મેરૂતુંગ કેહેછે કે, તેણે માળવા ઉપર ચડાઈ કરીને ધારા નગરીનો કોટ ઘેરી લીધો પણ તે શીળી રોગથી મરણ પામ્યો. તેને “ રાજમદનશંકર ” તથા “જ-

રાજનીતિમાં કુશળ, અને ગાદિયે બેસવાને યોગ્ય થયો. તે નમ્ર અને શૂરવીર હતો તેથી રાજા પોતાના હૃદયમાં ઘણો ખુશી થતો હતો, અને આણીમગ ગાદીના શત્રુ જે ચામુંડના મરણ પછી સુખે રેહેવાને તકાવી રહ્યા હતા તેઓએ પોતાની આશા છોડી દીધી હતી.

કૃષ્ણાજી બ્રાહ્મણ લખેછે કે.—"વલ્લભરાજ ઘાટે ઠીંગણો હતો, "પણ પ્રબળ બુદ્ધિનો હતો; પાપ કર્મથી તે દૂર રેહેતો. તેના શરીરનો રંગ "રાતો હતો; તેને આખે શરીરે તલ હતા; તેને રાજ્યનો ઘણો લોભ હતો "તોપણ તે બોલ્યું અબોલ્યું કરતો નહિ. પોતાનાં કામ અધુરાં મૂકીને તેણે "દેહત્યાગ કરયો."

હેમાચાર્ય કેહેછે કે, ચામુંડને દુર્લભરાજ નામે બીજો કુંવર હતો. એ પણ એવો પરાક્રમી ઉઠયો હતો કે એની બીકે કોઈ અસુર પોતાની મુંડી ઊંચી કરી શકતો નહિ. જોશિયોને તેની જન્મોત્રી બતાવી હતી ત્યારે તેઓએ છાતી ઠોકીને કહ્યું હતું કે, એ કોઈ મ્હોટો પરાક્રમી ઉઠશે. તે તેના શત્રુઓના ઉપર જય મેળવશે; ડાહાપણના માર્ગને ઉત્તેજન આપશે, અને રાજાધિરાજ થશે. આ દુર્લભરાજ અને તેનો વડોભાઈ વલ્લભરાજ એઓએ પોતાનો અભ્યાસ એકઠા મળીને કરયો હતો, અને પોતાના બાપનો દાખલો લઇને અન્યોન્ય ઘણો પ્રેમ રાખતા હતા. પછીથી ચામુંડરાજને ત્રીજો કુમાર થયો તેનું નામ નાગરાજ હતું.

એક સમયે ચામુંડરાજે કામને વશ થઇને પોતાની બેહેન ચાચિણી (વાચિણી) દેવી સાથે ભોગ કરયો. આ પાપનું પ્રાયશ્ચિત કરવા, વલ્લભરાજને ગાદિયે બેસારીને પોતે કાશીની યાત્રા કરવાને ચાલ્યો. રસ્તે જતાં, માળવાના રાજાએ તેની પાસેથી છત્ર, ચંમર અને બીજાં રાજચિન્હ ખુંચાવી લીધાં. ચામુંડ યાત્રા કરીને અણહિલવાડે આવ્યો એટલે પોતાના પુત્ર વલ્લભરાજને પિતૃભક્તિથી ઉશ્કેરી, પોતાને અપમાન કરનારને શિક્ષા દેવાનું કહ્યું. તે ઉપરથી, વલ્લભરાજ સેના એકઠી કરીને માળવા ઉપર ચડયો. પણ

---

ગર્જપણુ" એવાં બે વિરૂદ હતાં. એના પછી એના ભાઈ દુર્લભરાજને અભિષેક થયો તેણે પોતાના ભાઈના શ્રેયને અર્થે મદનશંકર પ્રાસાદ કરાવ્યો તથા શ્રી પત્તનમાં સપ્તભૂમિધવલગૃહ ( સાત માળનો ) કરાવ્યો તેમાં વ્યયકરણ ( દાનશાળા ) હસ્તિશાળા, અને ઘટિકાગૃહ કરાવ્યાં હતાં, વળી દુર્લભસર નામે સરોવર પણ તેણે કરાવ્યું હતું.

દૈવ યોગે રસ્તામાં તેને શિતલા નીકળી તે મટાડવાને કોઈ વૈદ્ય શક્તિમાન્ નહતો. તેથી વલ્લભરાજે યુદ્ધ કરવાની આશા છોડીને પરમેશ્વરની પ્રાર્થના કરવા માંડી ને ધર્મદાન કરવા માંડ્યું. તે ત્યાંનો ત્યાં મરી ગયો ને સેના પશ્ચાત્તાપ કરતી **અણહિલવાડે** પાછી આવી.* પોતાના વડા પુત્રની હાણથી **ચામુંડના** હૃદયમાં ઘા લાગ્યો તેથી પોતાના બીજા કુમાર **દુર્લભરાજને** ગાદિયે બેસારી પોતે પાપ નિવારણાર્થે **નર્મદા** કિનારે **ભરૂચ** પાસે શુક્લતીર્થ છે ત્યાં જઈ વસ્યો. આ જગ્યાએ **ચંદ્રગુપ્ત** અને તેનો ઘાતકી પ્રધાન **ચાણક્ય**+ એઓ પાપખેદને અર્થે રહ્યા હતા તેથી એ જગ્યા પ્રસિદ્ધ છે, ત્યાં **ચામુંડ** દેવ થયો. (ઈ. સ. ૧૦૧૦)

---

* જેસલમેરના ઇતિહાસમાં લખ્યું છે કે, **મહમૂદ** ગજનવિયે હિંદુસ્થાનઉપર ચડાઈ કરી ત્યારે રાવલ બેચર, જે બીજાઓની સાથે **મહમૂદ** સામો થયો હતો તે, સન ૧૦૧૦માં પટ્ટણના સેન **સોલંકી** રાજા **વલ્લભની** પુત્રી વેહેરે પરણ્યો હતો. ટાડ રાજસ્થાન ભાગ બીજો પૃષ્ટ ૨૪૦ અને તેની નીચેની ટીપ.

+ "કેહેછે કે આઠ રાજવંશી ભાઇયોને (**ચંદ્રગુપ્તના**) **ચાણક્યે** મારી નાંખ્યા; "વળી લખ્યું છે કે, ચાણક્યનો વેરના જુસ્સાનો આવેશ નરમ પડ્યો એટલે મનમાં "ઘણો બળાપો કરવા લાગ્યો અને પાપ કર્મના પસ્તાવાનો દંશ તેને એટલો બધો "નડવા લાગ્યો અને તેથી કરીને તેના શરીરનું લોહી એટલું બધું ઉકળી આવ્યું કે, "દરિયાની પાસે **નર્મદા** નદીને કાંઠે, **ભરૂચથી** સાત ગાઉ પશ્ચિમ દિશાએ **શુક્લ**-"તીર્થ નામની ધર્મની પ્રખ્યાત જગ્યા છે ત્યાં પોતાનું પ્રાયશ્ચિત કરવાને ગયો. ત્યાં "કેટલાંક ઉગ્રતપ અને પાપશુદ્ધિની ક્રિયાઓ કર્યા પછી તેને સૂચવવામાં આવ્યું "કે, એક હોડીમાં બેશી તેને ધોળો શઢ ચડાવી નદીમાં હંકારવી; જો શઢ ધોળાનો "કાળો થઈ જાય તો પાપની ક્ષમા મળ્યાની ખરી નિશાની મળી જાણવી; પાપની "કાળાશ ઉડીને શઢને વળગશે આ પ્રમાણે નિપજ્યું અને તેણે આનંદથી પોતાના "પાપસહિત હોડીને સમુદ્રમાં તરતી મૂકી દીધી."

"આ ક્રિયા અથવા તેના જેવીજ બીજી (હોડીનું ખર્ચ ઘણું બેસે માટે) આજે "પણ **શુક્લતીર્થે** કરવામાં આવેછે; પણ, હોડીને બદલે માટીની માટલિયોમાં દીવા "કરી પોતાનાં પાપ એકઠાં કરી મૂક્યાનો સંકલ્પ કરી તે વેહેતી મૂકેછે." (આવી રીતે દીવા વેહેતા મૂકવામાં આવેછે તેનું કારણ ઉપર લખ્યું છે તેમ નથી, પણ બીજું છે, તે એ કે—કુટુંબનું કોઈ માણસ મરી જવાથી અવગતિ પામી **ભૂત** થયું હોય તે ઘરના બીજા માણસને વળગી બોલે ત્યારે તેને ગતિ પમાડવા તેને કેહેવામાં આવેછે કે, "તને રેવાજીમાં ઉદ્ધારીશું." પછી **રેવાજી** જઈ બોરસંગને આરે જેને **ભૂત** આવતું હોય તેને બેસારી તેના માથા ઉપર માટીની ન્હાની માટલી અથવા ઘડો ઉતારી તેમાં દીવો અને ભૂતને જેની ઈચ્છા હોય તે પદાર્થ મૂકી ઘડો નદીમાં વેહેતો મૂકે છે, તે તરતો તરતો કેટલેક આઘે જઈ બુડી જાયછે તો તે ભૂત થયેલા માણસની સારી ગતિ **રેવાજી** માતાએ કરી એવું માનવામાં આવેછે. હોડીને સાટે પડિયામાં દીવા

એ વાત બન્યા પછી, દુર્લભરાજે રાજ્ય સારી રીતે ચલાવ્યું, અસુરોને તેણે બહાદુરીથી જીત્યા, દેરાં બાંધ્યાં, અને ઘણાં ધર્મનાં કામ કરયાં. અણહિલવાડમાં તેણે એક દુર્લભ સરોવર બાંધ્યું. શ્રી જીનેશ્વરસૂરિ પાસે તે ભણતો હતો તેથી જૈન ધર્મનો બોધ પામી જીવતા પ્રાણિયો ઉપર દયા કરવાના સારા માર્ગમાં ચાલતો. તેની બેહેનને સારૂ સ્વયંવર મંડપ રચાવ્યો હતો તેમાં મારવાડના રાજા મહેંદ્રને તે પસંદ કરીને પરણી હતી.[1] મહેંદ્રરાજાની બેહેન દુર્લભદેવિયે દુર્લભરાજને પસંદ કરયો ને તેની સાથે પરણી તેથી તેને પરણવાને ઇચ્છનાર બીજા રાજાઓ સાથે એને શત્રુતા બંધાઈ. આજ વેળાએ વળી તેની ન્હાની બેહેન, (લક્ષ્મી) ચામુંડના ન્હાના કુંવર નાગરાજ સાથે પરણી.

પછીથી દુર્લભના ન્હાના ભાઈ નાગરાજને એક પુત્ર થયો તેનું નામ ભીમ પાડ્યું. માણસને માથે ત્રણ ઋણ છે, તે પવિત્રતાથી અને બુદ્ધિ વધાર્યાથી, યજ્ઞ કર્યેથી, અને પુત્ર પ્રસવ્યેથી છોડી શકાય છે. માટે જ્યારે ભીમ જન્મ્યો ત્યારે પિતૃઋણમાંથી છૂટ્યા એવું જાણી દુર્લભ અને નાગરાજને ઘણો આનંદ થયો, ને દરબારમાં મહોત્સવ કરયો; કુંવરના જન્મની વેળાએ આકાશવાણી થઈ કે, એ મહા પરાક્રમી નીપજશે.

ભીમ જ્યારે મ્હોટો થયો ત્યારે [1]દુર્લભે પોતાની ઇચ્છા તેને કહી

---

કરીને વેહેતો મૂકવામાં આવેછે તે પાપને માટે છે; પણ હજારો લોકો એવા વેહેતા દીવા મૂકેછે તથાપિ તેનું ખરૂં કારણ જાણતા નથી, માત્ર એટલું જ સમજેછે કે દેવાલયમાં જેમ દીવો માની કરિયે છિયે ને તેમાં પુણ્ય છે તેમ રેવાજી માતા છે માટે તેમને આવી રીતે વેહેતો દીવો મૂકવાથી પુણ્ય છે. (ભાષાન્તર કર્ત્તા.)

"એમ જણાયછે કે ચંદ્રગુપ્ત પણ પોતાની રાજગાદીનો સારો કબજો કરી પાપ શુદ્ધિ કરવા ચાણક્ય સાથે શુક્લતીર્થ ગયો હતો." વુઈલફર્ડના મગધના રાજાઓ વિષે નિબંધમાં લખ્યા પ્રમાણે. એશિયાટિક રીસર્ચીઝ ભાગ. ૯ પૃ. ૯૬ ઊપરથી.

૧ દ્વ્યાશ્રયમાં કહ્યું છે કે મારવાડના રાજા મહેન્દ્રે પોતાની બેહેન દુર્લભદેવીના સ્વયંવરમાં દુર્લભરાજને તેડ્યો હતો તે પોતાના ભાઈ નાગરાજ સહિત સેના લઈ ગયો હતો. ત્યાં અંગરાજ, કાશીરાજ, અવંતીશ, ચેદીરાજ, કુરૂરાજ, હૂણાધિપ, મથુરેશ, વિંધ્યદેશાધિપ, અંધ્રરાજ, વગેરે રાજાઓ હતા, તેમાંથી રાજકુમારી દુર્લભસેનને પસંદ કરી પરણી. મહેન્દ્રે પોતાની બીજી બેહેન દુર્લભસેનના ભાઈ નાગરાજને પરણાવી. ત્યાંથી પાછા આવતાં ઉપર કેહેલા રાજાઓ સાથે યુદ્ધ થયું તેને હરાવી વિજયવાન્ થઈ દુર્લભસેન સ્વદેશ આવ્યો.

૧ દુર્લભરાજ ગાદિયે બેઠો તે વખતમાં તેના કુટુમ્બની રાણિયો અને કુંવરિયો સોમનાથ યાત્રાએ ગએલ ત્યારે જૂનાગઢનો રાહ હયાસ ઉર્ફે મહીપાળ ૧

"કે, આત્માના કલ્યાણને અર્થે કોઈ તીર્થમાં જઈ વસું. પાપ શુદ્ધિ મારે "કરવી છે માટે મને રાજ્યના ભારમાંથી મુક્ત કર." **ભીમે** પ્રથમ તો ના કહી, પણ દુર્લભ અને **નાગરાજ**નો અતિ આગ્રહ જોઈ, પોતાને રાજ્યાભિષેક કરવા દીધો. આ સમયે આકાશમાંથી ફૂલનો વર્ષાદ વરસ્યો. ત્યારપછી દુર્લભ અને **નાગરાજ** સ્વર્ગે ગયા.

રત્નમાળા ઉપરથી દુર્લભરાજનો નીચે લખેલો વૃત્તાંત અમારા હવે પછીના અનુસંધાનમાં ઉપયોગનો થઈ પડશે. તેમાં લખેછે કે, "દુર્લભ, "કદમાં ઉંચો હતો અને તેનું અંગ ગોરૂં હતું; તેનું વલણ વૈરાગ્ય ભણી "ઘણું હતું; તે પાર્વતીપતિનો ઉપાસક હતો; તે જ્ઞાની હતો તેથી તેને એ"કાએક અભિમાન ચડી આવતું નહિ; તેને સાધુ પુરૂષની સંગત, ન્હાવું ધોવું, "પુણ્યદાન કરવું, અને ગંગા નદીનો કિનારો એ બહુ પ્રિય હતું. તેને જ"ન્મથીજ યુદ્ધનો લોભ નહતો."

હેમાચાર્યે **ચામુંડ** રાજા વિષે જે વાત કહી છે તેવીજ વાત, પ્રબંધચિંતામણીના કર્ત્તાએ દુર્લભરાજ સંબંધી કહી છે; તે કેહેછે કે, **ભીમદેવ**ને રાજ્ય સોંપીને તે કાશી યાત્રા કરવા ગયો, ને રસ્તે જતાં **માળવાનો મુંજ**રાજ જે ત્યાં તે સમયે રાજ્ય કરતો હતો તેણે તેને અટકાવ્યો, ને તેનાં રાજચિહ્ન વેગળાં મૂકાવ્યાં. (મુંજે પાડેલી ફરજ પ્રમાણે) દુર્લભ પછી કાપડીનો (વૈરાગીનો) વેશ ધારણ કરીને, કાશિયે યાત્રા કરવા ચાલ્યો ગયો ત્યાં તે મરણ પામ્યો, તોપણ **માળવા**ના રાજાની અપમાન ભરેલી ચાલ વિષે તેણે **ભીમદેવ**ને જાણ કરી હતી તેથી ત્યારથી ગૂજરાતના અને **મા**ળવાનાં રાજાઓ વચ્ચે શત્રુતાનું મૂળ રોપાયું.

ભોજચરિત્રમાં કહ્યું છે કે, દુર્લભરાજ **મુંજ**ને મળ્યો ત્યારે તેણે તેને રાજ્ય પાછું લેવાની સલાહ આપી, તેથી **ભીમ**ને છેવટે ખોટું લાગ્યું.* અસલની વેળાએ રજપૂત રાજાઓમાં આ પ્રમાણે રાજ્ય છોડી દેવાનો સાધારણ ચાલ હતો એમ દીસેછે, કેમકે ગયાની પવિત્ર ભૂમિમાં મોત પામવામાં તેઓ મોક્ષનો ખરો માર્ગ સમજતા હતા, પણ પછીથી તો તેમ

---

લો (ઈ. સ. ૧૦૦૩થી ૧૦૧૦) હતો તેણે અપમાન કર્યું, તેટલા માટે દુર્લભસેને લશ્કરથી સોરઠ ઉપર ચડી જઈ તેની રાજધાની વામનસ્થલી (વંથલી) જીતી લીધાથી રાહ જૂનાગઢના ઉપરકોટમાં ભરાયો તેને ઘેરો ઘાલી જીત્યો હતો.

* ટાડ કૃત વેસ્ટર્ન ઇન્ડિયા પૃષ્ટ. ૧૭૦–૧૭૧ જૂવો.

કરવાને બદલે, જ્યારે ઈસલામના પંથિયોએ તેમના ધર્મ ઉપર લડાઈ કરવા માંડી ત્યારે પોતાના ધર્મના શત્રુઓની ઉપર ચડાઈ કરી નાશ કરવાનો ચાલ તેઓએ લાગુ કરી દીધો. તોપણ એકાએક ધ્યાનમાં આવતું નથી કે દુર્લભ ફરીથી ગાદી ઉપર બેસવાને કેમ યોગ્ય ગણાયો હશે. રજપૂત લોકોના ધારા પ્રમાણે કોઈ રાજા જો એકવાર રાજકારભાર છોડીને જાય તો પછી ફરીથી પાછો કદિ રાજધાનીમાં ડગલું દે નહિ. તે મુવા બરાબર થયો; તે રૈયત થઈ શકે નહિ ને રાજા તો હવે રહ્યો નહિ. તે પોતાનું આગલું નામ તજેછે અને વૈરાગીને ઘટે એવું નામ ધારણ કરેછે. વળી વધારે નિશ્ચયાત્મક કરવા સારૂ તેનું પુતલ-વિધાન કરવામાં આવેછે. તેને બાર દિવસ થાયછે એટલે (શોક કરવાનો દિવસ તે ગણાયછે માટે) પુતળાને ચિતા ખડકી બાળી મૂકેછે. તેનો ક્રમાનુયાયી વાળ અને મૂછો બોડાવેછે અને અંતઃપુરમાં સ્ત્રિયો રડારોળ કરી મૂકેછે.‡

કૃષ્ણાજી કવિએ **ભીમ** રાજાનું વર્ણન દેખીતા પ્રીતિભાવથી લખ્યું છે અને **ભીમ**ના રાજ્ય વિષે હિંદુઓનું લખેલું પ્રથમ દાખલ કરવા માટે મુસલમાન ઇતિહાસકોની **સોમનાથ** સંબંધી વારે વારે કહેલી વાત લખવાને અમે મુલતબી રાખિયેછિયે તેથી કૃષ્ણાજીના લખેલા ભાગનો અમે અહિ ઉતારો કરિયેછિયે. કેમકે ગજનીના ક્રૂર દેવમૂર્ત્તિભંજક, **મહમૂદ**ના સામી એણે ટક્કર લીધી હતી એવું એમાંથી નીકળેછે.

"દુર્લભનો ક્રમાનુયાયી **ભીમ**દેવ હતો; તે ઈંદ્ર જેવો પ્રતાપી હતો;
"યુદ્ધકળામાં પ્રવીણ અને બાણાવળી હતો; તે શરીરે જાડો અને ઉંચો
"હતો, તેનું આખું શરીર રૂવાટાંથી ભરાયલું હતું, તેનો ચેહેરો થોડો ઘણો
"શ્યામ વર્ણનો હતો, પણ દીપાયમાન હતો. તે ઘણો અભિમાની અને યુદ્ધા-
"સક્ત હતો; મ્લેચ્છના સામો થવાને તે ડરતો નહિ."

ઈંગ્લાંડમાં ડેન લોકોની હાર થઈ ત્યાર પછી, જેવામાં કયાનુટ ધ ગ્રેટ વુઈન્ચેસ્ટરનું જૂનું દેવલ શૃંગારવાના કામમાં લાગ્યો હતો, તે એવા ભભકાથી કે સોના રૂપાના દેખાવથી અને જવાહીરના તેજથી અજાણ્યાનાં મન ગભરાઈ જતાં હતાં; તેવામાં, એક બીજો પાદશાહ, તેના જેવો જ

‡ ટાડ રાજસ્થાન ભાગ ૧ લો. પૃષ્ઠ. ૨૭૭; ભાગ. ૨ જો. પૃષ્ઠ ૪૫૦, ૪૯૬.

જો વૈરાગી થઈ ગયો હોય અને જતો રહ્યો હોય તો તેની ૧૨ વર્ષ લગણ રાહ જોવાનું ધર્મશાસ્ત્રમાં કહ્યું છે. ત્યાર પછી પત્તો ન લાગે તો પુતલવિધાન કરવામાં આવેછે. અને તેજ દિવસે તેને અગ્નિ સંસ્કાર કરી સૂતક અને શોક પાળવામાં આવેછે. ચોથે દિવસે ઉત્તરક્રિયા કરેછે.

જયવંત યોદ્ધો, અને ઇમારતોનો ભભકો બતાવવાને તેના જેવોજ અભિલાષી હતો, તેણે, આઘે પૂર્વમાં, એક સાહસિક કામ માથે લઈ તેમાં મૂર્ત્તિ સ્થાપેલા દેવાલયનો નાશ કરીને પોતાનું નામ અમર કરવાની ઇચ્છા કરી. આ દેવળ, પશ્ચિમ ભણીનો વ્યવહારકુશળ ક્યાનુટ રાજા જે ક્રિશ્ચિયન દેવળ સ્થાપવાના કામમાં લાગ્યો હતો, તેના કરતાં વધારે શોભાયમાન હતું. ઇસ્લામના શત્રુ હિંદુ ઉપર ગજનીના સુલતાને અગિયાર અશ્વારિયો કરી હતી તેમાં તેટલી વાર તેનો લોભ તૃપ્ત થયો હતો અને તેની હોંસ પરિપૂર્ણ થઈ હતી; પણ મૂર્ત્તિપૂજકોનો ધર્મ તૂટ્યા વિના રહ્યો હતો, અને મહાકાળેશ્વરની પ્રાચીન વધાવાની જગ્યાએથી પણ એવો વધાવો આવતો હતો કે મહાન સોમેશ્વરની ખરા ભાવથી પૂજા કરવાને ઘણા લોકો કાળજી રાખતા નથી માટે તેની શિક્ષા થવા સારૂ મુસલમાનોનો જય થવામાં આવે છે. એટલા માટે આ વેળાએ મુસલમાની ધર્મના હિમાયતિયે પોતાનું એક વાર વધારે પરાક્રમ દાખવી છેલ્લો પ્રયત્ન એવા પ્રકારનો કરવાનો નિશ્ચય કરચો કે જેથી કરીને, થતી પ્રજામાં કદાપિ તે ઇસ્લામનો ઘણો ધર્મ વિસ્તારનાર કેહેવાય નહિ તો તેને બદલે મૂર્ત્તિપૂજા ઉપર મહા કોપ આણનાર તો કેહેવાયજ.

સોમનાથ ઉપર ચડાઈ કરવા સારૂ સન ૧૦૨૪ ના સેપ્ટેમ્બર મહિનામાં મહમૂદે ગજની છોડયું; તેની અગણિત સેનામાં, સ્વેચ્છાથી લડનારા તુર્કસ્તાનના પસંદ કરવા યોગ્ય લડવાઈયા પણ સામેલ થયા. એક મહિનામાં તેઓ મુલતાન આવી પોહોંચ્યા, અને હજી તેમની અને હિંદુસ્થાનના મેદાનની વચ્ચે વિશાળ અરણ્ય પડયું હતું તે વટાવાના કઠિન કામને માટે પણ તેઓ તેમની મેળે તૈયારજ હતા, તેથી તેની સરહદ વટાવામાં તેઓ જય પામ્યા. અજમેર નગર ત્વરાથી તેમના હાથમાં આવી ગયું.[1] અને, જે કિલ્લો પાસેના ડુંગર ઉપર આવી રહ્યો હતો તેના

---

૧ રજપૂત ઇતિહાસમાં લખ્યું છે કે, ચોહાણ રાજા વીરબીલનદેવ, અથવા ધર્મગજ જે લડાઈમાં મારચો ગયો તેણે મહમુદને અજમેરથી પાછો હઠાવ્યો હતો, ટાડરાજસ્થાન ભાગ ૨ જો પૃષ્ઠ ૪૪૭, ૪૫૧. (પણ, પછીથી), "મહમૂદે અજમેર "ઉપર હલ્લો કરચો, તેને તજીને લોક નાશી ગયા હતા. અને તેની આસપાસનો "દેશ લૂંટને વાસ્તે અને નાશને કાજે ખુલ્લો મૂકયો હતો. ગઢ બીટલીનો કિલ્લો "(અજમેરનો તારાગઢ) રાખી દેવામાં આવ્યો હતો, અને મહમુદ હારચો હતો

ઉપર કાંઈ લક્ષ નહિ આપતાં, તેઓએ આગળ કુચ કરવા માંડી, તથા આરાવલી પર્વતની તલાટી ઓળંગીને આગળ આવ્યા એટલે અદ્‌ભૂત આબુ પર્વત તેમના મ્હોં આગળ ઝોકાં ખાતો દેખાયો, ત્યાંથી ગૂજરાતના મેદાનમાં થઇને આગળ ચાલ્યા એટલે અણહિલવાડ મ્હો આગળ આવી પડેલું દેખાયું. [२]ચામુંડ રાજા ખરેખરો વિસ્મય પામ્યો, એના પટાવતો વિખરાઈ ગયેલા હતા, અને લડાઇના દિવસને માટે સજી રેહેવાને બદલે તેનું મન પોતાની વાડીનાં ઝાડમાં, અને પોતે જે જળાશય બંધાવતો હતો તેમાં ગુંથાયું હતું, તેથી પોતે પોતાની રાજધાનીના વિશાળ મોરચા સાચવવાને અને આવા સૈન્યની સામે ટકવાને સાધન વિનાનો હતો. તેથી રાજા ત્યાંથી નાઠો ને મુસલમાનની ફોજ શેહેરમાં દાખલ થઈ તેને કોઇયે અટકાવ કરયો નહિ.

મહમૂદે આ લડાઈ ઉભી કરી હતી તે હિંદુઓના રાજા ઉપર નહિ પણ તેમના દેવ ઉપર કરી હતી; તેથી વનરાજની નગરી પછવાડે મૂકીને તેનાં નિશાન સોમનાથ ભણીને રસ્તે ઘણી ત્વરાથી ફરકવા લાગ્યાં.

સૌરાષ્ટ્રના નૈઋતિ કોણના કિનારા ઉપર વેરાવલનું ન્હાનું બંદર અને અખાત આવ્યું છે. તેની જમીન ઘણીજ સરસ ઘાડી ઝાડીવાળી અને ખેતીવાડીના કામમાં ચડિયાતી છે. આ ન્હાનો અખાત, તેની નિર્ભય અને લીલાવાનૂ વાંકાશને લીધે, અને તેની સોનેરી રેતી પાણીની છોળોથી સદા તળે ઉપર થયા કરેછે તેથી કરીને આખા હિંદુસ્થાનમાં બીજો કોઈ તેની બરાબરીનો નથી એમ ગણાયછે, તેની દક્ષિણભણીની સરહદ ઉપર જમીનનો ભાગ આગળ વધી ગયેલો છે, તેના ઉપર દેવપટ્ટણ અથવા પ્રભાસ નગરી આવી રહી છે. તેને સાંધ્યા વિનાના પથ્થરોનો કિલ્લો

---

"તથા ઘાયલ થયો હતો તેથી તેને નાદોલ નાશી જવાની અગત્ય પડી. નાદોલ "ચોહાણના તાબાનું હતું તે તેણે લુંટયું અને ત્યાંથી નેહલવાડ ભણી ગયો." એજ પુસ્તક પૃ. ૪૪૮.

૨ મહમૂદ ગજનવી સોમનાથ ઉપર ચડી આવ્યો ત્યારે અણહિલવાડની આદિએ ચામુંડ નહિ પણ ભીમદેવ રાજા હતો. આ ચડાઈ ઈ. સ. ૧૦૨૪માં થઈ અને ચામુંડ ઈ. સ. ૧૦૧૦માં દેવલોક પામ્યો. તે પછી વલ્લભ, અને પછી દુર્લભ થયો. તે પછી ભીમદેવ ઈ. સ. ૧૦૨૨માં ગાદિયે બેઠો. એટલે ચડાઈ વખતે ગાદિયે બેઠેબે વરસ થયાં હતાં.

છે તેમાં બેવડા દરવાજા છે, અને પાર વિનાના સમકોણ બુરજોથી તેને રક્ષી લીધો છે. તેમાં લગભગ બે મૈલના ઘેરાવાનું ચોગાન આવી ગયું છે; એ કિલ્લાની આસપાસ પચીસ ફૂટ પોહોળાઈની અને સુમારે તેટલીજ ઉંડાઈની ખાડી છે, તેને મોખરે ચણતર કરી લીધું છે, અને જ્યારે ગમે ત્યારે તેમાં પાણી ભરી દેવાય એવું કર્યું છે. આ શેહેરની બધી યોજના, તથા ખંડીત થયેલી મૂર્ત્તિયો જે અહિ તહિ વિખરાયલી પડેલી છે તે, અને ઈમારતની બાંધણીની શોભા જે હજી સુધી મસ્જીદો અને રેહેવાનાં ઘરમાં જોવામાં આવેછે એ સર્વ આપણે ભૂલ ખાઇયે નહિ એવી ભાષામાં, જીતનારાઓની નવી રીતિ દાખલ થઈ છતાં પણ સોમનાથના શેહેરના હિંદુઓનું મૂલારંભપણું દેખાડી આપેછે. કિલ્લાની ભીંત જે સમુદ્રમાં પડેછે તેની સજ્જડ અને શેહેરની નૈઋતિ કોણના ઉંચા અને સમુદ્રમાં ધપેલા ખરાબા ઉપર મહાકાળેશ્વરનું પ્રખ્યાત દેવાલય આવી રહ્યું છે. એનું હવણાં છેક પડી ગયેલું ખંડેર પડેલું છે, તે ઉપરથી, તેની અસલની યોજના અને બાંધણીની ઢબ અતિ શોભાયમાન્ હશે એવી કલ્પના થઈ શકેછે. કેટલેક છેટે સુધી આખી જગ્યા, થાંભલાના ટુકડાથી, કોતરેલા પથ્થરથી, અને અસલ દેવાલયના બીજા કડકાથી રોકાઇ ગઈ છે. આગળ ચાંચવા લોકો આ કિનારા ઉપર હરકત કરતા હતા, માટે પાસેના વેરાવળ બંદરનું રક્ષણ કરવા સારૂ, એના ઉપર ભારે તોપો ચડાવવામાં આવી હતી એ ઉપરથી એની બાંધણીની ચમત્કારિક મજબુતાઈની પરીક્ષા થોડા વર્ષમાં થઈ ચૂકીછે.

સોમેશ્વર મહાદેવના કીર્ત્તિમાન્ દેરાની આ તો હવણાંની સ્થિતિ લખી; પણ મુસલમાનોની ફોજની આંખે પડેલો તેનો દેખાવ તો એક ન્યારોજ હશે; તે વેળાએ તો તેનું ગગનમાં ઝોકાં ખાતું શિખર, તેની પછવાડેના દરિયાની આશમાની આકાશકક્ષાથી પાર નીકળી ગયેલું દેખાતું હશે, તેની ટોચ ઉપર શિવની ભુખરી ધજા ફરકારા દેઈ રહી હશે, તેનો દ્વારમંડપ, તેનો રંગમંડપ, અને શંકુ આકારનો ઘુમટ તથા તેની ચોગરદમ ફરતો ચોક, અને થાંભલાએ ટેકાવેલી અડાળિયો, તે સાથે વળી, ગ્રહની આસપાસ ઉપગ્રહ હોય તેમ તેને ફરતાં અગણિત ન્હાનાં દેરાં, એ સર્વ વડે સોમનાથના મનમાનતા દેરાની અતિ રમણીય શોભા ખીલી ઉઠતી હશે—પણ આ બધુંએ હવણાં તો ભોંયની સાથે સપાટ થઈ પડ્યું છે, તેની ભીંતોને

મસ્જીદની ભીંતો કરી દીધી છે; અને ત્યાં માણસને રેહેવાનાં હલકાં રેહેઠાણ થઈ પડ્યાં છે.*

અગરજો મહમૂદ ઘણી ઉતાવળથી પાસે આવી પોહોંચ્યો, અને જે દેશમાં થઇને તે આવ્યો તે દેશ સાચવવાને માટે કોઈ હતું નહિ તોપણ સોમનાથનું રક્ષણ કરવા સારૂ, અને હલ્લો કરનારાઓને શિક્ષાએ પોહોંચાડવા કાજે, જીવને જોખમ પોહોંચાડીને પણ, હથિયાર સજેલાં માણસો લડવાને તૈયાર જોવામાં આવ્યાં. રજપૂતોએ શત્રુના દૂતને પાસે આવવાની સંજ્ઞા કરીને તેને તેઓએ યુદ્ધ કરવાની ઇચ્છા બતાવી અને અભિમાન દર્શાવ્યું કે હિંદુસ્થાનના દેવતાઓને મુસલમાન લોકો અપમાન પોહોંચાડે છે તેનું વૈર લેવાને અને એક પળમાં ભોંય ભેગા કરી નાંખવાને સારૂ શક્તિમાન્ સોમેશ્વરે તમને પોતાની પાસે ઘસડી આણ્યા છે. બીજે દિવસે સવારમાં પેગંબરનું લીલું નિશાન ચડયું અને મુસલમાનોએ કિલ્લાની લગભગ જઇને હલ્લો કરવાનું મંડાણ કરયું. થોડીવારમાં તો તિરંબાજોએ મોરચા સાફ કરયા અને હલ્લાનો આવો અણધારેલો જુસ્સો જોઇને હિંદુઓ આશ્ચર્ય પામ્યા અને નરમ થઈ ગયા એટલે કિલ્લો છોડીને દેરામાં ખીચાખીચ પેશી જઇને આંખ્યમાં પાણી આણી મહાદેવને પગે પડી, પોતાની વારે ધાવાને પ્રાર્થના કરવા લાગ્યા. આણીમગ મુસલમાનો પણ આવો લાગ આવેલો જોઇને, "અલ્લા અકબર" ના પોકાર કરતા નિસરણિયો મૂકી કિલ્લા ઉપર ચડી ગયા; પણ રજપૂતો જેમ એકાએક નરમ પડી ગયા હતા તેમ જ એકાએક શૂરા થઈ પડ્યા, અને અવ્યવસ્થિત થઈ ગયા હતા તે બચાવ કરવા સારૂ વ્યવસ્થિત થઈ ગયા, ને સૂર્ય અસ્ત પામતા પેહેલાં તો મહમૂદના સિપાઇઓ પોતાના પગ ટકાવી શક્યા નહિ તથા થાકથી કાયર થઈ ગયા એટલે ચારે બાજુએ પાછા પડીને પાછા નાઠા.

બીજે દહાડે સવારમાં લડાઈ પાછી ચાલી; પણ મુસલમાનો જેવા કિલ્લા ઉપર ચડવા લાગ્યા કે લાગલાજ હિંદુઓએ તેઓને ઉંધે માથે નીચે

---

* સોમનાથનું આ વર્ણન ટાડકૃત "વેસ્ટર્નઇન્ડિયામાંથી અને કીટાના ગિરનારના પ્રવાસની નોંધ ઉપરથી લીધું છે; બેંગાલ બ્રાન્ચ આવ ધી એશિયાટિક સોસાઈટીના જર્નલ (પુસ્તક) ૮ માનું પૃષ્ઠ ૮૯૫.

ઢોળી પાડ્યા તેથી આ બીજા દિવસની તેમની સર્વ મેહેનત પેહેલા દિવસ કરતાં પણ છેક બરબાદ ગઈ.

ત્રીજે દિવસે, પાસેના રાજાઓ જે દેરાના રક્ષણને સારૂ ત્યાં એકઠા થયા હતા તેઓ લડાઈના આકારમાં, મહમૂદની છાવણીમાંથી દેખાઈ શકાય તેવી રીતે હાર બંધ ઉભા રહ્યા. સુલતાન પણ તેઓનો ઘેરો ઉઠાવવાનો આ પ્રયત્ન અટકાવવા નિશ્ચય કરી બેઠો, ને રખવાળોને દાબ દેવાને એક ટુકડી ત્યાં મોકલી, પોતે જાતે શત્રુઓ સાથે લડવાને આગળ ચાલ્યો. ઘણા જુસ્સાથી યુદ્ધ ચાલ્યું, તેમાં કોનો જય થતો હતો તે જણાતું નહતું. એટલામાં વલ્લભસેન યુવરાજ, અને તેનો શૂરવીર ભત્રીજો જુવાન ભીમદેવ, બલવાન્ નવી સેના લઇને આવી પોહોંચ્યા, તેથી હિંદુઓમાં તાજી હિંમત આવી. આ સમયે મહમૂદે પોતાની સેનાને ઢચુપચુ થતાં જોઈ, પોતે ઘોડા ઉપરથી નીચે કૂદી પડ્યો, અને ભોંય ઉપર લાંબે પગે પડીને અલ્લાની મદદ માગી; પછી પાછો ઘોડે ચડી, એક શૂરો સિરકાશિયન સરદાર હતો તેને હિંમત દેવાને હાથે પકડી રજપૂતો ઉપર આગળ ધસ્યો ને પોતાની સેનાને તેણે એવી ઉશ્કેરણી આપી કે તે ઉપરથી તેઓને લાગ્યું કે જે પાદશાહની નીચે રહીને આપણે વારેવારે લડાઈમાં લડ્યા છિયે અને લોહી લોવાણ થયા છિયે તેને આવે પ્રસંગે છોડી દેવો એ ઘણું શરમ ભરેલું છે. તેથી તેઓ એક સંપ કરી હિંદુઓ ઉપર તૂટી પડ્યા. આવા જુસ્સા ભરેલા હલ્લાની સામે ટકી શકાય એમ નહતું; મુસલમાનોએ હિંદુઓઉપર તૂટી પડીને પાંચ હજારને કાપી નાંખ્યા એટલે સર્વ ઠેકાણે ભંગાણ પડ્યું. સોમનાથના રખેવાળોએ પણ અણહિલવાડનું નિશાન ભોંય ઉપર પડેલું જોઇને રક્ષણ કરવાની જગ્યા છોડી દીધી અને દરિયા ભણીને દરવાજે થઇને નીકળ્યા તે ચાર હજાર માણસની ઝુંડી બાઝીને નાઠા તેમાં પણ તેઓનો ઘણો નાશ થયો.

ગજનીના યશસ્વી સુલતાને, આ વેળાએ, કિલ્લાની આસપાસ અને સર્વ દરવાજે ચોકી મૂકી દીધી, અને પોતાના પુત્રને અને બીજા થોડા ઉમરાવોને સાથે લઇને પોતે સોમેશ્વરના દેરામાં પેઠો. તેણે આરસપાહાણની બાંધેલી ભવ્ય જગ્યા જોઈ. તેના ઊંચા મંડપને ચમત્કારિક કોતણીથી કોતરેલા અને રત્નજડિત થાંભલા હતા. માંહલા ખંડમાં બાહારનું અજવાં

આવી શકતું ન હતું ત્યાં સોનાની સાંકળે દીવાનું ઝમરૂખ લટકાવેલું હતું તેને અજવાળે સોમેશ્વરનું લિંગ જોવામાં આવ્યું; તે નવ ફીટ બાહાર દેખાતું હતું ને છ ફીટ ભોંયમાં હતું. પાદશાહના હુકમથી લિંગના બે કડકા કરચા તેમાં એક જાહેર મસ્જિદના પગથિયામાં જડવાને અને બીજો ગજનીના પોતાના મેહેલની કચેરીના દરવાજા સારૂ રાખ્યો, બીજા કડકા મક્કા અને મદિના શેહેર જે તેઓનાં ધર્મનાં મથક છે તેઓને માન આપવા સારૂ ત્યાં મોકલવા રાખ્યા. મહમૂદ આ પ્રમાણે કડકા કરવાના કામમાં લાગ્યો હતો તેવામાં બ્રાહ્મણો ત્યાં આવીને પ્રાર્થના કરવા લાગ્યા કે, તમે જો લિંગ હવે તોડો નહિ તો અમે તમને ઘણું ધન આપિયે. આ સાંભળી મહમૂદને જરા ઢચુપચુ થયું એવામાં તેના ઉમરાવો તેને સલાહ આપવા લાગ્યા તે એવા મનસુબાથી કે તે સ્વિકારશે; ને તેજ પ્રમાણે થોડોક વિચાર કરીને સુલતાન પણ બોલ્યો કે, મૂર્ત્તિ વેચવાની કીર્ત્તિ મેળવવા કરતાં મૂર્ત્તિ ભાંગવાની કીર્ત્તિ મારે જોઇયે છિયે. પછી લુંટાલુંટનું કામ ચાલ્યું અને લિંગ નીચેથી તેઓને ઘણું ધન મળ્યું.

મુસલમાન ઇતિહાસકર્ત્તા પણ કબુલ કરેછે કે, ઘેરો ઉઠાવવાના પ્રયત્નમાં ભીમદેવ પાર પડયો ન હતો તોપણ તેણે ત્રણ હજાર મુસલમાનોને કાપી નાંખ્યા હતા, અને દેવપટ્ટણ લેવાયા પછી તે સર્વસ્વ હરી લીધેલા દેવાલયથી ૧૨૦ મૈલ (૪૦ પરસંગ) ને છેટે, ×કંડહત (કચ્છના કંથકોટ) નામના કિલ્લામાં જઈ પેઠો. તે શૂરા રાય, ભીમદેવ પછવાડે જવાને, સો-

---

× મૂળ અંગ્રેજીમાં ગણદાબા લખ્યું છે તે ભૂલ છે, તે ફેરીસ્તા ઉપરથી લખ્યું છે. બ્રિગ ગણ્ડેવી ટરવેછે એ પણ માત્ર કલ્પના છે. ફેરીસ્તાની કેટલીક પ્રતોમાં ખડાબ અથવા ખંડાવ-ખંડવ જોવામાં આવેછે. આસપાસના વૃત્તાન્તો ઉપરથી એમ સિદ્ધાન્ત થયો છે કે, આ લખાણ તે કચ્છમાં આવેલા કંથકોટ ને લાગુ પડેછે. આ કિલ્લો ઉંચી ડુંગરી ઉપર ત્રણ મૈલના ઘેરાવામાં મજબૂત બાંધણીનો હોતાં તથા રણના પાણીથી રક્ષાયલો હોતાં ભીમને વધારે યોગ્ય લાગ્યો હશે, કેમકે મૂળરાજ ઉપર બારપે હલ્લો કરચો ત્યારે તે પણ ત્યાં ગયો હતો. જુવો પાછળ પૃષ્ઠ ૬૩.

વળી કચ્છ તે વેળાએ ભીમના તાબામાં હતું. એ વાત તેના એક તામ્રપટ ઉપરથી સિદ્ધ થાયછે. આ લેખ ઇન્ડિયન આન્ટીકવેરીના ભાગ ૬ઠ્ઠાને પૃ. ૧૯૩મે, તેમજ બર્જેસે અણહિલવાડના ચૌલુકયોના લેખનું ન્હાનું પુસ્તક છપાવ્યું છે તેને પૃષ્ઠ ૪૮-૫૧ છે. તે સંવત્ ૧૦૮૬ કાર્ત્તિક શુદિ ૧૫ નો છે. તેમાં કચ્છ મંડલમાં આવેલું મસૂર ગામ ભટ્ટારક અજયપાલને આપ્યાનું જણાવ્યું છે.

મનાથનું ઉપર પ્રમાણે દ્રવ્ય એકઠું કરીને, મહમૂદ તૈયાર થયો. સુલતાન ત્યાં આવી પોહોંચ્યો તો ખરો, પણ કિલ્લાની પાસે જવાને તેને દેખીતું અશક્ય લાગ્યું, કેમકે, તેની ચોમેર (રણનું) પાણી આવી રહ્યું હતું ને માત્ર એકજ જગ્યાએ થઇને ઉતરીને જવાય એવું હતું. તોપણ મહમૂદે પોતાના લશ્કર સહિત નિમાજ પડીને, અને કુરાન ઉપર પોતાના ભાગ્યનો આધાર રાખીને, પાણી જે વેળાએ ઉતરતું થવા માંડ્યું તે પ્રસંગ સાધી, સેનાસહિત પાણીમાં ચાલ્યો, તે સામી બાજુએ હેમક્ષેમ આવી પોહોંચ્યો ને તાબડતોબ હલ્લો કરયો. મુસલમાનો પાસે આવ્યા કે તરત ભીમદેવ નાઠો એટલે હલ્લો કરનારાઓના હાથમાં સેહેલાઈથી કબજે આવ્યો. તે વેળાએજ કિલ્લાનું રક્ષણ કરનારા હતા તેમના ઉપર કાળો કેર વર્ત્તાવી દીધો. સ્ત્રી છોકરાંને કેદ કરી લીધાં ને મહમૂદે કંડહત (કંથકોટ) લુંટીને પોતાના ખજાનામાં ઉમેરો કરયો.

એ પ્રમાણે જય પામીને મહમૂદ અણુહિલવાડ પાછો આવ્યો અને ત્યાં તેણે ચોમાસું ગાળ્યું એમ લાગેછે. તેને ત્યાંની જમીન એવી ફલદ્રૂપ લાગી, અને હવા એવી સ્વચ્છ અને નિરોગી જણાઈ, તથા સીમ એવી ખેડેલી અને રમણીય દેખાઈ કે, કેહેછે કે તેણે પોતાના કુંવર મસાઉદને ગજનીનું રાજ્ય સોંપીને ત્યાં પોતાની રાજધાની ઠરાવી કેટલાંક વર્ષ રેહેવાનો મનસુબો જણાવ્યો. લંકાંના જવાહીરની અને પેગુની ખાણોની વાતો સાંભળીને મહમૂદના વિચાર ઘણા બેહેકી ગયા, અને તેને જવાહીર એકઠું કરવાનો છોકરવાદી ભરેલો શોખ હતો, તેથી તે દેશો જીતવાને સારૂં, કેહેછે કે તેણે દરિયાઈ ફોજ તૈયાર કરવાનો પક્કો મનસુબો કરયો; પણ તેના સરદારોની

---

આ સ્થાનને કુંથકોટ ઠરાવવામાં હવણાંની સ્થિતિ ઉપરથી કેટલાકને શક ઉપજેછે, ત્યાં આગળ પાણીમાં ભરતીઓટ થવાનું ચોકઠુ બંધ બેસતું તેમને લાગતું નથી. કચ્છ એટલે બેટ, અને તેની આસપાસ પાણી પણ રેહેતું તથાપિ ધીરેધીરે તે ઉત્તર અને પૂર્વમાં ઓછું થતું ગયું છે. હવણાં વળી કચ્છના અખાતનો ઘસારો પૂર્વ ભાગમાં વધતો જતો જણાયછે અને રણમાં પાણી વિસ્તારાય છે. શિકારપુર આગળ કેટલીક મુદતથી મછવા ફરે છે અને કદાપિ હવે પછી તે બંદર પણ થઇ શકશે. કર્નલ વૉટસન ( કાઠિ. ગઝે. પૃ. ૮૦ ) કાઠિયાવાડના કિનારા પર મિયાણીની ઇશાનકોણે થોડા મૈલને અંતરે આવેલ ગાંધવી હોય એમ ધારછે તેમજ બીજા કેટલાક જૂદી જૂદી કલ્પના કરેછે. સર્વ વાત લક્ષમાં લેતાં આ સ્થાન કંથકોટ હોવું જોઇયે એમ અમારો અભિપ્રાય થાયછે.

ર. ઉ.

ગંભીરાઈ ભરેલી સલાહ ઉપરથી તેણે પોતાનો વિચાર ફેરવ્યો, અને તેમના કહ્યા પ્રમાણે માન્ય કરીને પોતાના રાજ્ય ભણી જવાનો ઠરાવ કરયો.

વિલાસી [1]ચામુંડ રાજાએ પોતાનું રાજ્ય છોડી દીધું તે તેની બેહેન સાથેના કેહેવાતા ગોત્રગામી સંબંધને લીધે નહિ, પણ તેના દેશની આ પ્રમાણે દુર્દશા થઈ તેથી કદાપિ છોડી દીધું હશે એમ લાગે છે. આ વિષે ગમે તેમ હોય, પણ પછીથી એનું નામ કશામાં આવતું નથી, અને ગૂજરાતમાં પોતાના ભણીનો ખંડિયો રાજા સ્થાપવા સારૂં, મહમૂદ અને તેના કારભારિયોનું લક્ષ હકદાર પુરૂષ શોધી કાહાડવામાં લાગ્યું હતું તેવામાં પણ વલ્લભ અને દુર્લભસેન એ બેઉ ભાઇયો વાસ્તે ભાંજગડ થઈ હતી. વલ્લભ, જે યુવરાજ હતો તેના ડાહાપણ સંબંધી સર્વ બ્રાહ્મણોને ઘણો ભરોંસો હતો માટે તે ડાહ્યો અને વિદ્વાન્ છે એવું તેનું વર્ણન કરવામાં આવ્યું. વળી આગ્રહથી કેહેવામાં આવ્યું કે તેને એક પરગણાનો અધિકાર ક્યારનોય આપેલો છે, ત્યાં પણ વાજબી રીતે અને ન્યાયથી વર્ત્તેછે; તેથી ખંડણી આપવાનું એકવાર જો તે માન્ય કરે તો પ્રતિ વર્ષે ગજની મોકલી દેવાને ચૂકે નહિ. બીજા કેહેવા લાગ્યા કે, દુર્લભસેન જ્ઞાન અને યોગાભ્યાસ કરવામાં લાગેલો છે, માટે રાજ્ય એને સોંપવું જોઇયે—પણ સામાપક્ષવાળા તેનો અપવાદ કરી કેહેવા લાગ્યા કે, તે દુષ્ટ સ્વભાવનો પુરૂષ છે, ઈશ્વરની તેના ઉપર અકૃપા થઈ છે, અને તે દુનિયાથી ત્યાગી થયો છે, તે પોતાની ઈચ્છાથી થયો નથી, પણ ગાદી ઉપર બેસવા માટે તે પ્રયત્ન કરતો હતો

---

૧ મહમૂદ ચડી આવ્યો ત્યારે ચામુંડ અથવા જામુંડ, અણહિલવાડનો રાજા હતો એવું કેટલાકનું ભૂલ ભરેલું માનવું છે તે ઉપરથી પોતાના દેશની દુર્દશા થઈ તે સહન નહિ કરી શકવાથી તે કાપડી ( અતીત ) થયો પણ એમ નથી. મહમૂદ ચડી આવ્યો તે વેળાએ તો ભીમદેવ ગાદિયે હતો એમ ઇબ્ન અસિરે પોતાની કામિલુત્તવારિખમાં જણાવ્યું છે; તેમજ તારીખી અલ્ફીનો કર્ત્તા કેહેછે કે, " સોમનાથની ચડાઈ પૂરી થયા પછી મહમૂદને ખબર પડી કે નહરવાડ ( અણહિલવાડ ) નો રાજા ભીમ નાશી ગયો છે અને કંદમ (કંથકોટ )ના કિલ્લામાં ગયો છે એટલે ત્યાં ચડી ગયો. "

દ્વયાશ્રયના ગૂજરાતી ભાષાન્તરને પૃ. ૧૨૩મે નીચે પ્રમાણે ટીપ છે:—"ચામુંડરાજ બહુ કામી હોવાથી તેને તેના બેહેન વાચિણી દેવિયે પદભ્રષ્ટ કરી તેના પુત્ર વલ્લભરાજને ગાદી આપી. ચામુંડરાજ આથી વિરાગ પામી કાશી તરફ જતો હતો. તેવામાં માર્ગમાં એને માળવાના લોકોએ લૂંટયો. તે ઉપરથી એણે પાછા આવી વલ્લભને આજ્ઞા કરી કે માલવ રાજાને દંડ દેવો. " ર. ઉ.

તેથી એના ભાઇયે એને ઘણી વાર કેદ કરચો હતો, માટે પોતાનો જીવ ઉગારવાને અર્થે એણે ઢોંગ કરચો છે. આ બધો વિવાદ સાંભળીને સુલતાન બોલ્યો કે, જો કદાપિ યુવરાજે પંડે આવીને રાજ્યને માટે વિનતિ કરી હોત તો તેને આપવામાં આવત, પણ એણે તો કશી ચાકરી કરી નથી, તેમજ પોતે સલામ સરખી કરવાને પણ આવ્યો નથી, તેને આવડું મ્હોટું રાજ્ય સોંપવામાં આવશે નહિ. એમ કહીને વનવાસી દુર્લભસેનને ગૂજરાતનું રાજ્ય સોંપવાને પસંદ કરચો, અને તેણે પણ, કાબુલ અને કંદહારના જેટલી ખંડણી આપવાનું કબુલ કર્યું. વળી સુલતાનને તેણે વિનવ્યો કે, મારી સત્તા સારી પેઠે બેઠી હશે નહિ એટલામાં તો વલ્લભસેન બેશક મારા ઊપર હલ્લો કરશે, માટે મારા રક્ષણને અર્થે, થોડા ઘોડેશ્વાર મૂકી જાઓ. દુર્લભસેને આવું કહ્યું તે ઊપરથી, સુલતાનના મનમાં આવ્યું કે, આપણે આ દેશ છોડીને જઇયે તેના પેહેલાં વલ્લભસેનને જેર કરવાનો ઉપાય કરવો જોઇયે, તેના આવા કેહેવા ઉપરથી થોડીવાર પછી, [1]વલ્લભસેનને કેદ કરીને મહમૂદની આગળ આણ્યો.

---

૧ ગત પૃ. ૧૧૫મેં ટીપ આપી છે તે પ્રમાણે વલ્લભ માલવના રાજા ઉપર ચડયો પણ ત્યાં તેને શીલી નીકળવાથી મરણ પામ્યો. આ વિષે દ્વયાશ્રય ભાષાન્તર પૃ. ૧૨૫મે જુવો.–"દૈવયોગે કરીને એને એવો કોઈ દુષ્ટ રોગ થયો કે જેને કોઈ વશ કરી શક્યું નહિ. આ રોગ વૃદ્ધિ પામતાં કોઇ ઔષધ અટકાવી શક્યું નહિ. કાળને પરાજય પમાડતો, મિત્રો સાથે વાર્તાનંદ કરતો, તત્ત્વવિચારમાં નિમગ્ન રેહેતો એ (વલ્લભરાજ) પરમાત્મામાં લીન થયો." મરણ સમયે તેણે સેનાપતિને કહ્યું કે, "મારૂં મરણ છૂપાવીને સૈન્યને તું અણહિલપુર લઈ જા, તને અમુક પારિતોષિક આપુંછું." અણહિલવાડ આવી આ માઠા પરિણામની વાત ચામુંડને કેહેતાં 'અત્યંત પ્રજ્વલતા અગ્નિની પેઠે સળગી રહેલા શોકથી રાજાનું (ચામુંડનું) અંગ તપવા લાગ્યું. એટલે ધર્મોપદેશક ઋષિયોનો સમાગમ કરવા માંડયો, ને પૂણ્યતીર્થ (શુકલતીર્થ)ને સંભારવા માંડયું, પછી શત્રુનો પરાજય કર્ત્તા દુર્લભસેનને રાજ્ય સોંપી, સર્વને વિસ્મય પમાડનાર એ રાજાએ, વિસ્મય પમાડે તેવા ઉગ્ર તપોગુણથી, નર્મદા તટ ઉપરના શુકલતીર્થમાં જઈ આત્મધ્યાન ધરવા માંડયું."

દુર્લભરાજે કેટલાંક વર્ષ રાજ્ય કરયા પછી પોતાના ન્હાનાભાઈ નાગાનંદના ભીમ નામે નાના પુત્રને કહ્યું કે "પૃથ્વીને તારા ગુણથી વશ કરીને પ્રસન્ન કરતો, શત્રુને તેજથી શેકી નાંખી પરાજય પમાડતો તું પૃથ્વીને ગ્રહણ કર, હું હવે તીર્થમાં જઇ કર્મપાશને કાપીશ." ભીમે રાજ્ય લેવાની આનાકાની કરી પણ છેવટે દુર્લભરાજે અને નાગરાજે ભીમને સમજાવીને અભિષેક કર્યો. "એ નવા રાજાએ એવી શોભા વિસ્તારી કે જેવી એના પછી કોઈ કરી શકનાર નથી. પછી દુર્લભરાજ સ્વર્ગપુરને શોભાવવા લાગ્યો અને તેનો ન્હાનો ભાઈ (નાગરાજ) પણ સ્વર્ગનો અલંકાર થયો.

મહમૂદ એક વર્ષ કરતાં પણ વધારે વાર ગૂજરાતમાં રહ્યો, ત્યાર પછી ઘરભણી પગલાં ભરવાને તે વિચાર કરવા લાગ્યો, અને દુર્લભસેનની વિનતિ ઉપરથી યુવરાજ વલ્લભસેનને પોતાની સાથે ગજની લઈ જવાનો તેણે નિશ્ચય કરયો. જે રસ્તે થઇને તે જવાને નીકળ્યો તે રસ્તો અજીત ભીમદેવે અને તેના સહકારી અજમેરના રાજા વિસલદેવે રોક્યો હતો. આટલી વારમાં મુસલમાનની ફોજ લડાઈથી અને હવાના ફેરફારથી ઓછી થઈ ગઈ હતી તેથી લડાઇ મચાવવાના જોખમમાં પડવાને બદલે સિન્ધની પૂર્વનો રેતીનો નવો રસ્તો શોધી કાહાડી, તે રસ્તે થઇને જવાને મહમૂદે નિશ્ચય કરયો. આ રસ્તે જતાં પણ ઉજ્જડ મેદાન આવી પડયું, ત્યાં પાણી વિના તેની ફોજનો ઘાણ વળી ગયો, અને તેના અગણિત ઘોડેશ્વારોનો પણ ઘાસદાણો ખૂટી પડયો; ત્રણ દિવસ અને ત્રણ રાત્રી સુધી એક હિંદુ ભોમિયો, લશ્કરને રેતીના મેદાનમાં આડે રસ્તે ઘસડી ગયો; ઘણા સિપાઇયો તો સહન થાય નહિ એવી ગરમાઈ અને તરસથી આકુળ વ્યાકુળ થઇને મારયા ગયા, અને ભોમિયાને પણ દારૂણ દુઃખ દેવા માંડયું એટલે તે સોમનાથનો પૂજારી હતો અને મહાદેવના દેરાને હરકત કરી તેનું વૈર લેવાને મુસલમાનની ફોજનો પૂરો ઘાણ વળાવી દેવાનો તેણે આવી જાતનો પ્રયત્ન કરયો હતો એવું માની દીધું; તેથી પાદશાહે તેને ગર્દન મારયો અને સાંજ પડવા આવી હતી માટે નિમાજ પઢી સર્વેને ઉગારવા બાબત, ખુદાની અરજ કરવા લાગ્યો. મુસલમાન ઇતિહાસકો કેહેછે કે, તરત જ ઉત્તરમાં એક તારો ખરતો દેખાયો, તે ભણી તેણે પોતાનો રસ્તો ચલાવ્યો અને સવાર થતા પેહેલાં એક સરોવર અથવા પાણીના તલાવને કાંઠે આવી પોહોંચ્યો.

છેવટે, સોમનાથને જીતનારા લોકો મુલતાન પોહોંચ્યા, અને ત્યાંથી ગજની પાછા ગયા.

---

આ ઉપરથી જણાય છે કે, મહમૂદ આવ્યો ત્યારે વલ્લભસેન તો માત્ર છ માસ રાજ્ય કરીને મરણ પામ્યો હતો, અને દુર્લભરાજ ભીમને રાજ્ય સોંપી તીર્થમાં જઈ વશ્યો હતો. માત્ર એટલો સંભવ રેહે છે કે મહમૂદ ચડી આવ્યો ત્યારે ધર્માભિમાનને લીધે દુર્લભસેન તીર્થવાસી થયો છતાં પણ લડવામાં ભેગો ભળ્યો હતો એમ કેટલાએક લખ્યું છે તેવો સંભવ છે. ર. ઉ.

સોમનાથ ઉપર મહમૂદની ચડાઈનો વૃત્તાંત, બ્રિગ્ગકૃત ફેરિશ્તા,આઈન અકબરી, બર્ડકૃત મિરાત અહ્મદી, અને એલ્ફિન્સ્ટનકૃત હિંદુસ્થાનનો ઈતિહાસ ઈત્યાદિમાંથી લીધો છે.

સફાઈ થાય એવી રીતે આઈન અકબરીના અને મિરાતે અહ્‌મદીના બનાવનારાઓએ લખ્યું છે કે, મહમૂદ ગજનવિયે અણહિલવાડ પોતાના સ્વાધીનમાં કરી લીધું ત્યારે ત્યાં ચામુંડ (અથવા તેને તેમાં જામુંડ લખ્યો છે) રાજ્ય કરતો હતો. આપણે જોયું કે હિંદુના ગ્રંથોમાં, મહમૂદની ચડાઈ વિષે કાંઈ લખ્યું નથી, પણ ચામુંડ રાજા, પોતાના કુંવર વલ્લભસેનના મરણ પછી જીવતો હતો એમ જણાવ્યું છે, મુસલમાન ઇતિહાસકોએ બે દાબીશલીમ વિષે લખ્યું છે તે, વલ્લભસેન અને તેનો ભાઈ દુર્લભસેન હશે એવું માની લેવાને અમને લાગે છે કે કાંઈ હરકત નથી, અને ભ્રામદેવ લખ્યો છે તે ભીમદેવ વિના બીજો કોઈ નહિ હોય. વલ્લભ અને દુર્લભ એ બન્ને ભાઇયો સંબંધીની વાતોમાંથી કોને કેઈ લાગુ કરવી એ જરા કઠણ કામ છે. ચામુંડના રાજ્ય પછી તરતજ વલ્લભસેને થોડીવાર રાજ્ય કર્યું એ વાત જૂદાં જૂદાં વર્ણનની મળતી આવેછે. પૃષ્ટ ૯૮ ની ટીપમાં તામ્રપટ ઉપરથી પેહેલા મૂળરાજથી તે બીજા ભીમદેવ સુધી અણહિલવાડના રાજાના નામની વિગત આપી છે તેમાં વલ્લભસેને રાજ્ય કર્યું હોય એમ જરાય નીકળતું નથી પણ દુર્લભસેન ગાદિયે હતો એવું [1]નીકળેછે. વલ્લભસેન જે યુવરાજ હતો તેની વતી ચામુંડ રાજ્ય કરતો હશે. વલ્લભસેન પોતે ભીમદેવની સાથે, મહમૂદની સામે લડવાના કામમાં ગુંથાયલો રહ્યો હતો ને તેણે કોઈ વાર પણ નમી પડવા જેવું કર્યું નથી એવી ધારણા કરતાં એ સર્વ વાત શક્ય છે એમ લાગેછે. અને હિંદુઓના વૃત્તાંતમાંથી હાથ લાગેલી થોડી વાતને લાગુ પડતા મુસલમાનના વૃત્તાંત ઉપરથી પણ વાજબી રીતે એવી કલ્પના થઈ શકેછે, તેથી મહમૂદે પોતાના ખંડિયા રાજ્યને માટે સ્વાભાવિક રીતે દુર્લભસેનને વધારે યોગ્ય ગણ્યો હશે. દુર્લભને પોતાના ભાઈના પ્રતિપક્ષપણામાં પોતાના દેશના માણસો બેશક મળતિયા હોય ખરા, પણ મહમૂદે યુવરાજને રાજા કરવાને પસંદ કર્યો હોય એવી કલ્પના કરિયે તો એક અડચણ નડે છે, તે એ કે રાજ્યના ઉપર તેનો ખરો હક્કજ હતો એ વાતમાં કોઈનાથી ના કેહેવાય નહિ એમ છતાં તેને ઉઠાડીને તેની જગ્યાએ તેના ભાઈને સ્થાપવામાં આવશે એવી ભારે બીક રાખવાનું તેને કારણ રેહે નહિ; વળી વનવાસી દાબિશલીમ (દુર્લભસેન)ને પસંદ કરવામાં, ગાદિયે બેસનારાઓનો ચાલતો અનુક્રમ ટૂટતો હોય એવું મુસલમાન ઇતિહાસકોના લખાણ ઉપરથી જણાયછે.

આવાં કારણ હોવાને લીધે જે ફેરફારથી બન્ને પક્ષકારોની સ્થિતિઓ ઉલટા સુલટી થઈ જાયછે અને દુર્લભસેન સાધુએ જે કેદખાનાની કોટડી વલ્લભસેનને માટે તૈયાર કરાવી રાખી હતી તેમાં તેનેજ પડવાનું થાયછે, અને અગર જો, મિ.

---

૧ એ તામ્રપટ અમે મૂકી દઈને બીજું પરિપૂર્ણ છે તે પૃ. ૯૮ મેં છાપ્યું છે અને તેમાં વલ્લભસેનનું નામ દાખલ છે. ગ્રંથકારની ઉપરની ટીપ નકામી થઈ પડેછે, એમ બતાવાને અમારી પછવાડે આપેલી ટીપો વાંચવાથી જણાઈ આવશે.

ર. ઉ.

એલ્ફિન્સ્ટનના લખવા પ્રમાણે,-તે વાત કોઈ પણ પ્રકારે અશક્ય હોય એમ નથી, અને સત્તાવાન્ હિંદુ આચાર્યની દામ્ભિક દયાનો એ એટલો બધો ખરો ચિતાર છે કે મુસલમાન ઈતિહાસ લખનારાએ કલ્પી કાહાડીને લખ્યો હોય એવો શક લેવાની કાંઈ અગત્ય નથી, તોપણ એ વાત રદ કરવાને અમને અગત્ય પડેછે.

રત્નમાળાના કર્ત્તાએ, વલ્લભરાજના વખાણની વાત લખતાં, લખ્યું છે કે "તે બોલ્યું અબોલ્યું કરતો નહિ" અને તેના એજ ગુણને લીધે મહમૂદના સલાહકારોએ, વલ્લભરાજને રાજ્ય સોંપવાની ભલામણ કરી હતી પણ મહમૂદે તે સ્વીકારી ન હતી.

તારીખ સંબંધી હજી એક મ્હોટી અડચણ આવી પડી છે, તે તારીખ અમે અહિં લખિયે છિયે પણ તેનો ખુલાસો અમે આપી શકતા નથી. મુસલમાનોના વૃત્તાંત પ્રમાણે, મહમૂદે ગૂજરાતમાં જીત કરી તે સન ૧૦૨૪ ની સાલમાં કરી, પણ હિંદુ ગ્રંથકર્તા, વલ્લભસેને (જેણે છ માસ રાજ્ય કર્યું.) અને દુર્લભસેનનો ગાદિયે બેસવાનો સન ૧૦૧૦ લખે છે અને ભીમદેવનો ૧૦૨૨ લખે છે.*

---

* દાબિશલીમનો અર્થ દુર્લભસેન ગણાયો છે પણ દાબિશલીમ ફારસી શબ્દ છે અને હિંદુસ્તાનના સારા રાજાઓને ફારસી ગ્રંથોમાં તે નામે ઘણી વખત લખવામાં આવ્યું છે. તેથી આ નામ દુર્લભસેનનેજ આપેલું છે એમ ખાત્રીથી કહી શકાય નહિ. તોપણ રોઝતુલસફાના કર્ત્તાએ બે દાબીસલીમની હકિકત લખીને ગુચવારો કરી નાંખ્યો છે. તેના પેહેલાં થઈ ગયેલા ગ્રંથકારોએ તો ભીમદેવ તે વેળાએ હતો એમ લખ્યું છે તેમ છતાં આ લેખકે આવી ગુચવારા ભરેલી બીના કોઈ આધાર ઉપરથી લખી હોય એમ નીકળતું નથી. ઇન્ડિયન આન્ટીકવેરીના ભાગ. ૮ ને પૃ. ૧૫૩ મેં મરહૂમ વાટ્સને એક મુસલમાની લાવણીનો ભાવાર્થ છાપ્યો છે તેમાં પણ પાટણ સોમનાથના નાશ વિષે લખતાં પ્રમાણ વિનાની વાતો લખી છે.

ગત પૃષ્ટ ૫૭ મેં સોલંકી વંશમાં કોણ રાજા કયારે થયા એવી ટીપ આપી છે. તે સંબંધમાં નીચે પ્રમાણે વિશેષ હકીકત આપવાની અગત્ય જણાય છેઃ—

પ્ર૦ ચિ૦ પ્રમાણે ચામુંડરાજ સં. ૧૦૬૫ અશ્વિન શુદિ ૫ સોમવારે દેવ થયો, તેને બીજે દિવસે એટલે શુદિ ૬ ભોમે જ્યેષ્ઠા નક્ષત્રે મિથુન લગ્ને શ્રી વલ્લભરાજદેવ રાજ્યે બેઠો અને સંવત ૧૦૬૫ ચૈત્ર શુદિ ૫ દેવ થયો, એટલે તેણે ૫ માસ, ૨૯ દિવસ રાજ્ય કર્યું. ત્યાર પછી શુદિ ૬ ગુરૂવારે, ઉત્તરાષાઢા નક્ષત્રે, મકર લગ્ને તેના ભાઈ દુર્લભરાજને રાજ્યાભિષેક થયો. તેણે ૧૨ વર્ષ રાજ્ય કર્યું ત્યાર પછી સ. ૧૦૭૭ જ્યેષ્ટ શુદિ. ૧૨ ભોમવારે અશ્વિની નક્ષત્રે, મકર લગ્ને શ્રી ભીમને રાજ્ય સોપીને તીર્થ વાસ કરવા માટે વાણારસી (કાશી) ગયો. પંડિત જેષ્ટારામ પાસેથી મને બે જૂદી જૂદી પટ્ટાવલીનાં જૂનાં પાનાં મળ્યાં છે તેમા નીચે પ્રમાણે છેઃ—

| | એક પટ્ટાવલી | બીજી પટ્ટાવલી. |
|---|---|---|
| મૂળરાજ | ૧૦૧૭-૧૦૫૨=૩૫ | ૯૯૮-૧૦૫૩=૫૫ |
| ચામુંડ | ૧૦૫૨-૧૦૬૫=૧૩ | ૧૦૫૩-૧૦૬૬=૧૩ |

| | | |
|---|---|---|
| વલ્લભ | ૧૦૬૫–૧૦૬૫=૦ાા | ૧૦૬૬–૧૦૬૬=૦ાા |
| દુર્લભ | ૧૦૬૫–૧૦૭૮=૧૨ાા | ૧૦૬૬–૧૦૭૮=૧૧ાા |
| ભીમ | ૧૦૭૮–૧૧૨૦=૪૨ | ૧૦૭૮–૧૧૨૦=૪૨ |

સુકૃત સંકીર્ત્તનમાં સોલંકી રાજાઓનો ક્રમ ઉપર પ્રમાણેજ છે પણ તેમાં સંવત્ આપેલા નથી.

દ્વયાશ્રયમાં પણ ઉપર પ્રમાણેજ ક્રમ છે, પણ વર્ષ આપ્યાં નથી. એની ટીકાની અન્તે એક ટીપ છે તે ઉપરથી ગૂજરાતી ભાષાન્તર કર્ત્તા પ્રો. મણીલાલે નીચે પ્રમાણે સાલમાં આંકડા આપ્યા છે.

| | |
|---|---|
| મૂળરાજ સંવત્ | ૯૯૩–૧૦૫૨=૫૯ |
| ચામુંડ | ૧૦૫૨–૧૦૬૬=૧૪ |
| વલ્લભરાજ | ૧૦૬૬–૧૦૬૬ ૬ માસ |
| દુર્લભરાજ | ૧૦૬૬–૧૦૭૨=૬ |
| ગાળો | ૧૦૭૨–૧૦૮૦=૮ |
| ભીમ | ૧૦૮૦–૧૧૨૦=૪૦ |

ર. ઉ.

## પ્રકરણ ૬.

### પેહેલો ભીમદેવ. (ઈ. સ. ૧૦૨૨ થી ૧૦૭૨)

પેહેલા **ભીમદેવે** સન ૧૦૨૨ થી ૧૦૭૨ સુધી રાજ્ય કર્યું, તેની કારકીર્દિનો સારાંશ દ્વ્યાશ્રયના કર્ત્તાએ આપ્યો છે, તેમાં પોતાના પક્ષકારના લાભની વાત જે હોય નહિ તે મૂકી દેવાનો હિંદુગ્રંથકારોમાં દુર્ગુણ છે તે જોવામાં આવે છે ખરો, તોપણ જે સમયનું તે લખેછે તેની લગભગ તે થયોછે, અને તેણે જે વર્ણન આપ્યું છે તેમાંથી બીજું સૂઝી આવેછે, તથા જૂદે જૂદે ઠેકાણેથી એકઠી કરેલી સામગ્રીની ગોઠવણી કરવાનું સાધન, તે ઉપરથી મળી આવેછે એ કારણને લીધે તે ખપતું છે.

હેમાચાર્ય કેહેછે કે, "**ભીમદેવે** સારી રીતે રાજ્ય ચલાવ્યું. તે વ્ય-"ભિચારનો અપરાધ માફ કરતો નહિ. ચોરોને તે યુક્તિથી પકડીને શિ-"ક્ષા કરતો હતો, તેથી તેના રાજ્યમાં ચોરિયો ઓછી થતી હતી. તે જી-"વરક્ષા બહુ સારી રીતે કરતો, તેથી વનમાં વાઘ વરૂથી પણ કોઇનો જીવ "લેવાતો નહિ. જે રાજાઓ શત્રુની બીકથી નાસેડું લેતા તે **ભીમને** શરણે "આવી રેહેતા; કેટલાક રાજા તેના રાજ્યમાં ચાકરિયે રહ્યા હતા તેથી તે "રાજાધિરાજ" કેહેવાયો. પુંડ્ર અને અંધ્રના રાજાઓએ તેને નજરાણા "મોકલ્યા હતા. **મગધમાં** પણ તેની કીર્ત્તિ પ્રસરી હતી; કવિયોએ માગધી "અને બીજી ભાષામાં એનાં પરાક્રમનાં વખાણની કવિતા કરી હતી, તેથી "તેની કીર્ત્તિ એટલી બધી પ્રસરી હતી કે તેને જાણે નજરે દીઠો હોયની "એમ આઘેના દેશના લોકો તેને ઓળખતા હતા.

"એક વાર **ભીમના** બાતમીદારોએ આવીને તેને કહ્યું કે, આખી "પૃથ્વીમાં **સિંધુરાજા** અને **ચેદિનો**[1] રાજા તમારી કીર્ત્તિનો ધિક્કાર કરે છે. અને તેઓએ તમારી નિંદાના ગ્રંથ રચાવ્યા છે. **સિંધુરાજા** તો કેહે "છે કે 'એકવાર હું **ભીમની** ખબર લઇશ.' આ રાજાની ધારણાઓ જેવી "મ્હોટી છે તે પ્રમાણે તેનામાં બળ પણ છે. **શિવશાણના** રાજાને તેણે "જીતી લીધો છે, તેમજ ઘણા એક બીજા બેટના રાજાઓ અને ગઢપ-

---

૧ ચેદી તે હાલનું ચંદેલ, ગોડવાણમાં છે તે હશે એવી કલ્પના થાય છે. શ્રી કૃષ્ણના શત્રુ શિશુપાલનો તે દેશ હતો. ( ચંદેલ દેશ એ હાલનો બુદેલખંડ.)

"તિયોને તાબે કરયા છે. આ બધી વાતો ભીમે જ્યારે સાંભળી ત્યારે તેણે
"પોતાના પ્રધાનને બોલાવી એ વિષે વિચાર કરવા માંડયો, ને એકદમ
"સેના એકઠી કરીને પોતે ચડયો. સિંધની જોડાજોડ પંજાબ છે ત્યાંથી
"[૨]પાંચ નદિયોના સંગમનું વેહેતું પાણી એકઠું મળીને દરિયાના જેવું બની
"રેહેછે. સિંધુરાજા પોતાના શત્રુઓને જીત્યા પછી આ જોરાવર કિલ્લાના
"જેવા પ્રવાહના બળને લીધેજ સુખે બેસેછે. પર્વત તોડી તોડીને તેના મ્હોટા
"પથ્થરોથી ભીમની સેનાએ પુલ બાંધવા માંડયો, તે પૂરો થવા આવ્યો
"એટલે જેમ અગ્નિ ઉપર મૂકેલું દૂધ ઉભરાઈ જાયછે તેમ પ્રવાહના પા-
"ણીના ભાગ પડી ગયા ને તે બીજે ઠેકાણે વેહેવા લાગ્યો. લીલાં અને
"સૂકાં બંને જાતનાં લાકડાં, માટી, તેમજ પથ્થર, પુલ બાંધવાના કામમાં
"વાપરવા લાગ્યા. જ્યારે કામ પૂરૂં થવા આવેલું ભીમે જોયું ત્યારે તે ખુશી
"થયો, અને સર્વેને રાજી કરવા સારૂં સાકર અને મીઠાઈ વેહેંચાવી. પછી,
"પુલ ઓળંગીને પોતાની સેના સહિત તે સિંધમાં ચાલ્યો, ત્યાંનો રાજા
"[૩]હમ્મુક તેની સામે થયો ને લડાઈ ચાલી. ચંદ્રવંશી ભીમ ઘણા શૌર્યથી
"લડયો, અને ઘણાને કેદ કરીને સિંધના રાજાને પોતાના તાબામાં કરી લીધો."

" ત્યાર પછી ભીમદેવે ચેદિ ઉપર ચડાઈ કરીને રસ્તામાં જે દેશ
"આવ્યા તેના રાજાને તાબે કરતો ગયો. ચેદિના રાજા કર્ણે ભીમને પાસે
"આવતો સાંભળ્યો એટલે પાહાડી અને જંગલી લોકોની સેના એકઠી કરી
"પણ તેણે ભીમની કીર્ત્તિ વિષે સાંભળ્યું હતું, અને તેને લાગ્યું કે જીતાય
"એવો નથી તેથી તેની સામે તેને લડવાનું મન થયું નહિ, પણ સલાહ
"કરવાને વિનતિ કરી. એટલામાં તો એના ઘોડેસ્વાર અને પાયદલ લડવાને
"તૈયાર થયું હતું તે આગળ ચાલ્યું, અને રાજાની નોબત ગડગડી, અને
"બીજા વાદિત્રના નાદ થવા લાગ્યા. આ વેળાએ ભીમદેવનો સંધિવિગ્રહી

૨ એ પાંચ નદિયોનાં નામ—જેલમ (ઝહલમ), ચંદ્રા (ચીનાબ), રાવી (ઉબ્રા), બિયા (બાહ), અને સતલજ (સતલદ્રુ) એ સિંધુ (સિહૂર કે ઈંડસ) ને મળેછે.

૩ હમ્મુક એ સિંધનો હમીર સુમરો (બીજો) હોવો જોઈયે. કેમકે તેનો સમય એક જ છે. હમીર સુમરે કચ્છ તાબાના કીર્ત્તિગઢના કેશર મકવાણાને મારયો. અને તેનો કુંવર હરપાળ મકવાણો ત્યાંથી નાશી અણહિલવાડના રાજા કર્ણ સોલંકીને શરણે આવ્યો કે ત્યાં તેણે ઈનામમાં ઝાલાવાડ પ્રાંત મેળવ્યો.

"+દામોદર કરીને હતો તેને ચેદીના રાજાભણી મોકલી કાહાવ્યું કે ખંડણી
"આપવાનું માન્ય કરશો તો અમે સલાહ કરીશું. દામોદરે જઇને કહ્યું કે
"અમારા રાજાએ, દશાર્ણત્રનો રાજા, કાશીના રાજા, અને બીજા ઘણા રા-
"જાઓને તાબે કરી લીધા છે. વળી ભદ્રભટ્ટ નામે ગજબંધના રાજાએ
"દૂર દેશથી આવીને પોતાનું શરણાંગતપણું બતાવ્યું છે; તેલીંગનો રાજા
"તંતીક પોતાનાં હથિયાર છોડી દઇને નમી પડ્યો છે; અયોધ્યાનો રાજા,
"જેણે આગળ કોઇને ખંડણી આપેલી નહિ તેણે ગાર્દના રાજા પાસેથી
"લીધેલો ખજાનો ભીમદેવને આપી દીધો છે. કર્ણ રાજાએ, થોડી ઘડમાંજ
"કરચા પછી, બીજા મ્હોટા રાજાઓ સંબંધી તેને કેહેવામાં આવ્યું હતું
"તેમની પ્રમાણે કરવાને માન્ય કર્યું અને ભીમને તાબે થયો તથા દામો-
"દરની સાથે તેણે સોનું, હાથિયો, પવનવેગી ઘોડા, અને બીજા મૂલ્યવાન્
"પદાર્થોનો નજરાનો મોકલ્યો; તે સાથે વળી તેણે માળવાના રાજા ભોજ
"પાસેથી સોનાની પાલખી લીધી હતી તે મોકલી. આ બધી ભેટ લઇને સિ-
"દ્ધાર્થ પ્રતિનિધિ, ભીમદેવ પાસે પાછો આવ્યો, તેણે સલાહના કરાર સ્વીકારીને,
"પોતાના પ્રધાન પાસે બાહાલ રખાવ્યા અને જયોત્સવ કરતો અણહિલવાડે
"પાછો આવ્યો. ત્યાં નગરના લોકો ઉત્સવનો દિવસ હોય તેમ સારાં લુગડાં
"લતાં પેહેરીને આનંદભરચા તેના સામા ગયા; કેમકે ભીમના રાજ્યમાં
"તેઓ ઉપર કાંઈ સંકટ આવ્યું ન હતું તેથી તેના ઉપર પ્રજાની પ્રીતિ
"હતી. માત્ર છુપા ચોરથીજ તેઓને રક્ષવામાં આવતા હતા એટલું જ
"નહિ પણ ઉઘાડા શત્રુઓ તેમનાં શેહેર ઉપર લુંટ કરે નહિ અને આગ
"લગાડી દઇને ભયંકર આપત્તિમાં નાંખે નહિ એવી રીતે તેઓને રક્ષવામાં
"આવતા હતા."

એ પ્રમાણે હેમાચાર્યે વૃત્તાંત આપ્યો છે, તેમાં ભીમઅને માળવાના પ્રખ્યાત રાજા ભોજ તથા છેક પૂર્વ ભણીના રાજા કર્ણના રાજ્ય વિષે તેણે લખ્યું છે તેની સાથે બીજાઓનું લખવું મળતું આવેછે; અને હેમાચાર્યે પોતાના વર્ણનમાં પંજાબ અને સિંધની લડાઇયો વિષે સૂચવ્યું છે તે ગજનીના સુલતાન મોહુદના માણસો અને હિંદુઓ વચ્ચે મુસલમાનોને ધર્મક્ષેત્રમાંથી કાહાડી મૂકવાને માટે ભીમની વેળામાં લડાઈ ઉઠી

+ મેરૂતુંગ ડામર નામ આપેછે. ભા૦ ૬૦

હતી તેની સાથે સંબધ ધરાવતું હોય એમ જણાયછે; આ લડાઈમાં ભીમદેવે કશો ભાગ લીધો ન હતો, એવું બીજે ઠેકાણે લખેલું છે તે ઉપરથી જોવામાં આવશે, પણ ઉલટી તેણે તેમાં સામેલ થવાને ના કહી તેથી એકઠા મળેલા રજપૂત રાજાનાં હથિયાર પોતાના ઉપર ખેંચવાનું તેણે કારણ ઉત્પન્ન કર્યું હતું. આ વૃત્તાંતનો સંબંધ બીજાં પ્રમાણો ઉપરથી મળી આવેછે તે અમે હવે લખિયે છિયે.

માળવાનો પરમાર રાજા, [1]સિંગભટ, આ વેળાએ પુત્રવિનાનો હતો. તેને મુંજઘાસની ઝાડીમાંથી કોઇયે કાહાડી નાંખેલો એક છોકરો જડચો તેનું નામ તે ઉપરથી મુંજ પાડીને તેણે નિજપુત્ર કરી લીધો. ત્યાર પછી સિંગભટને [2]સીંધલ નામે એક કુમાર થયો. પોતાના મરણાવસરે સિંગભટે મુંજને પાસે બોલાવીને તેને પોતાની પછવાડે ગાદિયે બેસારવાનો મનસુબો હતો તે કહી બતાવ્યો અને તેજ વેળાએ તેના જન્મ સંબંધી અને તેને નિજપુત્ર કરી લેવા સંબંધી સર્વ જે ખરેખરૂં હતું તે તેને કહી દીધું, ને તેને સમજાવ્યો કે, તારા ભાઈ સીંધલ સાથે પ્રીતિભાવથી રેહેજે.

મુંજે ગાદિયે બેઠા પછી, તેના ડાહ્યા પ્રધાન રૂદ્રાદિત્યના આશ્રયથી પોતાનું રાજ્ય વધાર્યું, પણ સિંગભટે તેને છેલ્લી શીખામણ દીધી હતી તેથી અને તેના જન્મ વિષેની વાતથી, તેની સ્ત્રો જાણીતી હતી, એટલા માટે તેને મારી નાંખીને, અને ગાદીના ખરા વારસ સીંધલને માળવામાંથી કાહાડી મૂકીને પોતાનો નિર્દય સ્વભાવ દર્શાવ્યો. સીંધલ સ્વભાવનો ઉન્મત્ત હતો માટે અને મુંજની આજ્ઞાનું ઉલ્લંઘન કરતો હતો તેથી, મુંજને ક્રોધ ચડચો હોય એમ જણાયછે. કેટલાક કાળસુધી તો તે ગૂજરાતમાં કાસદ કરીને ગામ છે ત્યાં રહ્યો (સોવશા અમદાવાદથી સુમારે ચૌદ ગાઉ ઉપર કાશિંદ્રાપાલડી છે તે હશે.) છેવટે સીંધલ માળવામાં પાછો આવ્યો ત્યાં મુંજે તેનો સત્કાર કરી રાખ્યો અને રાજ્યનો ભાગ તેને સ્વાધીન કર્યો પણ આ મેળાપ ઘણા દિવસ ચાલ્યો નહિ. મુંજે આખરે સીંધલને પકડીને કેદ કરચો અને તેની આંખો કાહાડી લીધી.

પ્રસિદ્ધ ભોજ રાજા, સીંધલનો પુત્ર હતો. તે તેની બાલ્યાવસ્થામાં યુદ્ધ કળામાં પ્રવીણ થયો, તેમજ શાસ્ત્રોનો તે જાણ થયો, પણ જોશિયોએ

1 સિંહભટ, સિંહદન્ત, શ્રીહર્ષ એવાં પાઠાન્તરે નામ છે. 2 સિન્ધુલ, સિન્ધુરાજ,

તેના નીચે પ્રમાણે બળિષ્ટ જન્માક્ષર વર્ત્યા તેથી મુંજ રાજાનો તેના ઉપર ક્રોધ ઉત્પન્ન થયો.

पंचाशत्पंचवर्षाणिसप्तमासंदिनत्रयम् ।
भोजराजेनभोक्तव्यःसगौडोदक્ષिणापथः ॥

અર્થ

"ભોજરાજા, પંચાવન વર્ષ, સાત માસ[1] અને ત્રણ દિવસ સુધી દક્ષિણ અને ગોડનું રાજ્ય ભોગવશે."

રાજાએ જાણ્યું કે, ભોજ ગાદિયે બેસશે તો મારા પુત્રને રાજ્ય મળશે નહિ તેથી તેને મારી નાખવાનો નિશ્ચય કરયો, પણ એનો પ્રાણ લેવાને જેઓને[2] મોકલ્યા હતા તેઓ એની સુંદરતા અને સદ્‌ગુણ જોઇને એને મારી નાંખવાનું કામ કરી શક્યા નહિ. રાજાએ તેમને સોંપેલા કામ વિષે પૂછ્યું ત્યારે તેઓએ તેને કહ્યું કે અમે અમારૂં કામ પૂર્ણ કર્યું છે. એમ કહીને ભોજે તેઓને કાગળ[3] આપ્યો હતો તે રાજાના હાથમાં મૂક્યો તેમાં નીચે પ્રમાણે લખેલું હતું.

मान्धातासमहीपतिःकृतयुगालंकारभूतोगतः
सेतुर्येनमहोदधौविरचितःक्वासौदशास्यान्तकः ।
अन्येचापियुधिष्ठिरप्रभृतयोयातादिवंभूपते
नकेनापिसमंगतावसुमतीमन्येत्वयायास्यति ॥

અર્થ

સત્યુગનો અલંકાર રૂપ માન્ધાતા રાજા મરી ગયો; જેણે મહા સમુદ્રના ઉપર પાજ બાંધી અને જેણે દશ મસ્તકવાળા રાવણનો નાશ કરયો એવો રામ રાજા પણ ક્યાંય જતો રહ્યો; તેમજ એ વિના યુધિષ્ઠિરઆદિ લઇને બીજા રાજાઓ સ્વર્ગે ગયા પણ તેમનામાંથી કોઈની સાથે પૃથ્વી ગઈ નહિ, તથાપિ મને લાગેછે કે, હે મુંજ રાજા! એ પૃથ્વી હવે તારી સાથે આવશે.

---

૧ અંગ્રેજીમાં છ માસ લખ્યા છે તે ભૂલ થયેલી જણાય છે. ભા. ક.

૨ આ વિષે એવી કથા છે કે બંગાલાના ( વંગ અથવા બંગ દેશના ) ભુપાળનો વત્સરાજ નામે યોદ્ધો હતો તેને એક ગામ આપવાની લાલચ દઈ મુંજે ભોજને મારી નાંખવાનું કામ સોંપ્યું હતું. તેને આ કામ અયોગ્ય લાગ્યું હતું, પણ રાજાની મરજી રાખવાને એ કામ તેણે નામનુંજ માત્રે લીધું, ને ભોજને વનમાં લઈ ગયો પણ માર્યા વિના છાનો માનો પાછો આણી એક ભોંયરામાં સંતાડી મૂકયો ને રાજાની ખાતરી કરી આપવા સારૂં તેને એક કૃત્રિમ માથું કરીને બતાવ્યું ભાષાન્તરકર્ત્તા.

૩ કાગળ નહિ પણ વડના પાંદડા ઉપર લોહીવડે ભોજે લખી આપ્યું હતું એવી કથા છે. ભા. ક.

આ શ્લોક વાંચીને મુંજને ઘણો ખેદ થયો અને આવા કુમારને મારી નંખાવ્યો તેથી તેની આંખમાં આંસુ આવ્યાં. પછીથી તેને કેહેવામાં આવ્યું કે ભોજનો જીવ લીધો નથી. આ સાંભળીને તેને ઘણો હર્ષ થયો ને ભોજને પોતાની પાસે બોલાવીને તેને યુવરાજ કરી સ્થાપ્યો. દંતકથા એવી છે કે, કચ્છના ન્હાના રણની પૂર્વમાં એક પ્રદેશ છે તેને બ્રાહ્મણો [1]ધર્મારણ્ય કેહેછે તેની યાત્રા કરી, મુંજ રાજાએ પોતાના પાપ નિવારણની વાત પ્રસિદ્ધ કરી, ત્યાં તેણે એક નગર વસાવ્યું તે હજી સુધી મુંજપુર કેહેવાયછે.

તિલંગાના* દેશના રાજા તૈલપદેવ ઉપર ચડાઈ કરવાને મુંજ હવે તૈયાર થયો. તે વેળાએ તેના પ્રધાન રૂદ્રાદિત્યે તેને ઘણો સમજાવ્યો અને આગળની લડાઇયોમાં નાશ થયો હતો તે કહી બતાવ્યું, તથા આગળનું એક ભવિષ્ય વર્તેલું હતું કે, માળવાનો રાજા જો ગોદાવરી નદી ઉતરીને પાર જાય તો તેનો નાશ થાય, તે વચન આ વેળાએ તેને ફરીથી કહી સંભળાવ્યું. રૂદ્રાદિત્યનું વાર્યું મુંજે ગણકાર્યું નહિ તેથી ખોટા પરિણામની અગમ વેદનાનો ખેદ તેના મનમાં ભરાઈ ગયો એટલે પોતાની પ્રધાનપણાની જગ્યા ઉપરથી તેણે હાથ ઉઠાવ્યો અને તરતજ પછી મરણ પામ્યો. મુંજરાજાએ હઠીલાવેડા કરીને પોતાનું ભાગ્ય ખોળ્યું, અને તૈલપદેવની સેના સામો લડયો, તેમાં તે હારયો, ને કેદ પકડાયો. આ વેળાએ એના પ્રધાને એને બચાવાની યુક્તિ‡ કરી હતી તેથી છૂટી ગયો હોત, પણ એણે કેદમાં છતાં, તૈલપદેવની બેહેન મૃણાલવતીની સાથે પ્રીતિ બાંધી હતી તેને છાની વાત કહી એટલે તેણિયે તેને દગો દીધો. હવે તો મુંજની ઘણીજ હલકી+

---

૧ પાટણ પાસેના મોઢેરા અને તેની આસપાસની ભૂમિને ધર્મારણ્ય કેહે છે. ભા૦ ક૦

* પૃષ્ટ ૬૩ ની ટીપ જુવો. ‡ કાષ્ઠપિંજરમાં મુંજને પૂરયો હતો ત્યાં સુધી ભોંયમાં સુરંગ ખોદાવી હતી તેમાં થઇને માળવામાં નાશી જવા મૃણાલ દેવીને મુંજે કહ્યું પણ તે વયે મુંજના કરતાં મ્હોટી હતી તેથી તેને લાગ્યું કે હવણાં મને પટરાણી કરવાનું કેહેછે પણ ઘેર જઈ જવાન રાણિયોનો સમાગમ થયેથી મારા ઉપર અભાવ થશે માટે એની સાથે જવામાં માલ નથી એવો વિચાર કરીને તેણે પોતાના ભાઈને સુરંગ વિષેની વાત કહી દીધી, તેથી નુકસાન થવાથી મુંજ બોલ્યો કે—

जा मति पच्छइ सम्पज्जइ, सा मति पहिली होइ,
मुञ्ज भणइ मुणालवइ, विघन न वेठइ कोइ.

+ સાત દિવસ સુધી બિચારાને ખાવાનું આપ્યું નહતું ને આખા નગરમાં ઘેર ઘેર ભીખ મંગાવી હતી. આ વેળાએ જૂદે જૂદે પ્રસંગે મુંજના મનમાં જે વિચાર ઉત્પન્ન થયેલા તે સર્વે વાંચવા જોગછે, કેમકે તે તેનાં અનુભવનાં વાક્ય છે. ભાષાન્તરકર્ત્તા.

અને માઠી વલે કરી, અને છેવટે જ્યાં હલકા અપરાધિયોને ફાંસી દેવામાં આવતા હતા ત્યાં લઈ જઇને તેનું માથું કાપી નાંખ્યું અને તૈલપ રાજાના મેહેલની પડોશમાં, પ્રેતમાંસ ખાનારા પક્ષિયો પાસે ચુંથાવા સારૂ તેનું માથું એક લાકડીમાં ખોશી રખાવ્યું.

કેહેછે કે, મુંજ રાજાએ, પૃથ્વીના ભૂગોળશાસ્ત્ર વિષે વર્ણન લખ્યું છે. તે પછવાડેથી ભોજરાજાએ સુધારીને પાંશરૂ કર્યું છે.[1] તેણે વિદ્યાને ઘણો આશ્રય આપેલો જણાયછે, તે તેના મરણ પછી નીચે પ્રમાણે લખવામાં આવ્યું તે ઉપરથી પણ દેખાઈ આવેછેઃ—" સદ્‌ગુણ સંચય મુંજ "મૃત્યુ પામ્યો ત્યારે લક્ષ્મી શ્રીકૃષ્ણની પાસે જતી રહી, શૌર્ય શ્રીવીરને "ઘેર ગયું; પણ સરસ્વતીને કોઇનો આશ્રય લેવાનું રહ્યું નહિ."[2]

મુંજની પછવાડે શ્રીભોજરાજા ગાદીપતિ થયો, તે અણહિલવાડના સોલંકી પેહેલા ભીમના સમયમાં થયો. ગ્રંથકર્ત્તાઓને તેઓના વર્ણવ્યા પ્રમાણે સર્વ રાજગુણનો ભરેલો ભોજ રાજા મળી આવ્યો. તેને વિષે તેઓએ એવું કહ્યું છે કે, તે નિત્ય નિત્ય પ્રતિ એવા વિચાર કરતો કે, ભાગ્ય છે તે સદા સરખું ચાલતું નથી, અને જિવતર જળતરંગની પેઠે [3]ક્ષણભંગુર છે. આવા વિચાર ઉપરથી, તેની પાસે જેઓ આવતા તેમને તે આપતો. માંગણ, ખેલાડી, બ્રાહ્મણ, ચોર આદિ તેની પાસેથી બણીલેવાને જે તેના મેહેલમાં જતા તેઓને શ્રી ભોજની ઉદારતાને લીધે સમાન રીતે મળતું. આવો છૂટો હાથ નહિ મૂકવા વિષે તેને તેના પ્રધાને વિનતિ કરી તે ઉપરથી તેને અધિકારથી દૂર કરયો. તેના મનમાં આવતું કે, બળીરાજા, કર્ણ અથવા વિક્રમાદિત્ય એ સર્વથી વધીને, કોઇએ આગળ નહિ આપેલાં એવાં દાન મેં આપ્યાં છે. આથી તેને આનંદ થતો હતો. એના અમર્યાદ મોકળા હાથનો ઉપાય એની મેળેજ થયો, કેમકે એક કવિ આવ્યો કે તેના એક પ્રકાશમાન્ ગુણાનુવાદ કાવ્યનો રાજાએ બદલો આપ્યો કે તેજ વેળાએ એક બીજું વધારે સરસ કાવ્ય કહી સંભળાવ્યું, તેથી ભોજરાજાની છેલ્લીવારે

---

૧ એશિયાટિક રીસર્ચીઝ ભાગ ૯ મો પૃષ્ટ. ૧૭૬મા ઉપરથી.

૨ મુંજને ફાંસી દેતી વેળાએ ઇષ્ટદેવનું સ્મરણ કરવા કેહેતાં તે બોલ્યો કેઃ—

लक्ष्मी यस्यिति गोविन्दे वीरश्री वीर वेश्मनि
गते मुंजे यशःपुंजे निरालंवा सरस्वती.

૩ श्रियश्चं चलतां निज चेतसि चिन्तयन् कल्लोल लोलं निजं जीवितंच

હાર થઈ, અને પોતાની આટલી બધી પ્રશંસા કરનારની સાથે, બરાબરીપણું રાખવા સારૂ કવિને છાના રેહેવાનું કેહેવાની અગત્ય પડી.[1]

ભોજની સાથે સલાહ કરવા સારૂં ભીમદેવે સંધિવિગ્રહ કરવાવાળા પ્રતિનિધિયો મોકલ્યા હોય એમ જણાયછે; પણ આ બન્ને પ્રતિપક્ષી રાજાઓ વચ્ચે કેહેણુ ચાલ્યું તેમાં એક બીજાને સવિનય લખવાને ઠેકાણે વધારે ઉપમા ભરેલી કવિતાઓ લખી મોકલવામાં આવી એ વિના બીજો કશો પરિણામ થયો નથી. અને આવી કવિતાની લડાઈ ચલાવવામાં અણહિલવાડના ચંચળ યોદ્ધા કરતાં કદાપિ ભોજ રાજા વધારે યોગ્ય ધારવામાં આવ્યો હશે એ વાત ખરી, તથાપિ સર્વ જોતાં ભીમદેવનો હાથ ખરેખરો ઉપર રહ્યો છે એ વાત માન્ય કરવીજ જોઇયે.

એક સમયે માળવામાં મોંઘવારી ઘણી વધી ગઈ એટલે ભોજરાજા ગૂજરાત ઉપર ચડાઈ કરવાને તૈયાર થયો, પણ ભીમદેવના પ્રતિનિધિ ડામરે (અમને લાગે છે કે હેમાચાર્યે જેને દામોદર લખ્યો છે તે.) તેનો વિચાર પેશ જવા દીધો નહિ, અને તિલંગાના રાજા તૈલપની સાથેનો અસલી કજિયો પાછો ઉભો કરવાની યુક્તિ કરી. આ રાજા જ્યારે માળવા ઉપર ચડાઈ કરવાને તૈયાર થયો ત્યારે, ભીમદેવે જેવા કહ્યા તેવા કરાર કરી તેની સાથે રાજીથી સલાહ કરવાને ભોજ તૈયાર થયો. આ સર્વ વિષયની ચિંતાથી ભોજ જ્યારે છૂટો થયો ત્યારે, ધારા નગર જે ત્યારથી

[1] મેરૂતુંગ પ્રમાણે મૂળ વાત એમ છે કે, જે નવી કવિતા કરી લાવતું તેને એક લાખ રૂપિયા આપતા તેથી મતિસાગર પ્રધાને ચાર એવા પંડિત રાખ્યા કે કોઈ નવી કવિતા એકવાર બોલે કે એક પંડિત તુરતજ તેની તે કવિતા તેજ વેળાએ કહી સંભળાવે, પછી બીજાના સાંભળવામાં બે વાર આવે એટલે તે પણ ધારણ કરીને નવી કવિતા તેજ વેળાએ કહી સંભળાવે તેથી ત્રીજાને ત્રણવાર શ્રવણ થતાં તે પણ આવેલા કવિની નવી કવિતા તેજ વેળાએ કહી સંભળાવે, ચોથાને ચારવાર શ્રવણ થતાં તે ધારણ કરીને તેની તેજ કવિતા તેનો વારો આવતાં કહી સંભળાવે. આમ થવાથી ખરૂં જોતાં આવેલો કવિ નવી કવિતા કરીને બોલે પણ એક પછી એક ચારે પંડિતો તે પાછી કહી સંભળાવે એટલે નવી ગણાય નહિ. આ યુક્તિ એક કવિના સમજવામાં આવી એટલે તેણે નીચે પ્રમાણે નવી કવિતા કહી સંભળાવી.

देव त्वं भोजराज त्रिभुवन विजयी धार्मिकः सत्यवादी ।
पित्रा ते मे गृहीता नवनवतियुता रत्नकोटयो मदीयाः ॥
तास्त्वं मे देहि राजन्सकल बुधजनै ज्ञायते वृत्तमेतत् ।
त्वं वा जानासि नो वा नवकृतिरथ चेल्लक्षमेकं ददस्व ॥

ધારને સાધારણ નામે ઓળખાયછે તે સ્થાપવાના અથવા તેની ફરી સ્થાપના કરવાના કામમાં તે રોકાયો.

પછી, જ્યારે ભીમદેવ સિંધ ઉપર ચડાઈ કરવાના કામમાં મંડયો (સો વશા તો જેને વિષે આગળ સૂચના કરવામાં આવી છે તેજ હશે.) ત્યારે ભોજરાજાએ ગૂજરાત ઉપર ચડાઈ કરવાનો લાગ સાધ્યો. કુળચંદ્રકરીને એક સાહાસિક પુરૂષ સેના લઇને ચાલ્યો અને રાજાના જન્માક્ષરમાં આવતું હતું કે તે દક્ષિણ અને ગૌડદેશનો ધણી થશે તે ભવિષ્ય પૂર્ણ કરવાને તેણે કોલ આપ્યું. ભીમદેવ અણહિલપુરમાં હતો નહિ તેવામાં કુળચંદ્ર નગરમાં પેઠો, અને તે લુંટીને મેહેલના દરવાજા આગળ જ્યાં ઘડી ઠોકાતી હતી ત્યાં કોડિયો દાટીને જયપત્ર લખાવી લઈ માળવે પાછો ગયો. ત્યાં ભોજે તેનો આદર સત્કાર કરયો, પણ નાશ થયેલી જગ્યામાં મીઠું ડાટવાને બદલે કોડિયો ડાટી તેથી તેને ઠપકો દીધો અને કહ્યું કે એથી તો ઉલટા માનશકુન થયા, કેમકે, આગળ ઉપર માળવાનું ધન ગૂજરાતમાં જશે. આગળ આપણા જોવામાં આવશે કે, યશોવર્મા જે ભોજના વંશમાં થયો તેના વારામાં આ ભવિષ્યકથન પૂર્ણ થયું છે.

કેહેછે કે, ભીમદેવ છાનો માનો ભોજના દરબારમાં ગયો હતો; ત્યાં તેણે પ્રતિનિધિ ડામરના માણસનો વેશ લીધો હતો, પણ આ સાહાસિક કૃત્યનું કાંઈ ફળ થયું હોય એમ જણાતું નથી. એક બીજી વેળાએ એવો બનાવ બન્યો હતો કે, ધારાનગરીના દરવાજાની પાસે ભોજની કુલદેવીની પૂજા કરવા તે ગયો હતો તેવામાં ગૂજરાતના ઘોડેસ્વારો જે તેના રાજ્યમાં એટલા બધા આગળ પેશી ગયા હતા તેઓએ તેને લગભગ પકડીને કેદ કરયો હોત એવો અવસર આવ્યો હતો. આ બન્ને રાજાઓ પોતપોતાના આખા રાજકારભારની વેળામાં એક બીજાના સામા હતા એમ ખુલ્લું દીશી આવેછે.

દેલવાડા અથવા આબુ પર્વતની સપાટ ભૂમિ ઉપર દેવાલયોનો જે પ્રદેશ કેહેવાયછે તેમાં શ્રાવક લોકોનાં આરસ પાહાણનાં દેરાસરો છે. તેમાંનું એક અતિ ભવ્ય છે તે ઉપરનો લેખ જોતાં સન ૧૦૩૨ (સં. ૧૦૮૮) માં વિમળશાહે બંધાવ્યું હતું.+ આખ્યાઇકામાં લખ્યા પ્રમાણે એ ઠેકાણે શિવ અને વિષ્ણુનાં દેવાલય હતાં, પણ વિમળશાહે આબુ ઉપરની બીજી જ-

+ એને વિમલવસહિ એટલે વિમલશાહનાં દેરાં કે દેલવાડાનાં દેરાં કેહેછે.

ગ્યા પસંદ કરવાને બદલે આ જગ્યા પસંદ કરી; અને તેના ધર્મનો જય થવા સારૂ લક્ષ્મીનો તેણે આશ્રય લઈ, બાંધવા ધારેલા પવિત્ર દેરાસરો સારૂ જેટલી જગ્યા જોઇયે તેટલી જગ્યા ઉપર પથરાઈ રેહે એટલા રૂપિયા આપવાનું સાટું કર્યું. આ તેની માગણી સ્વીકારાઈ; પણ આ શાસ્ત્રાનુસાર દેવતાઓને પવિત્રસ્થાને આદિનાથની પેહેલવેરકીજ સ્થાપના થઈ. આ વેળાએ અચળેશ્વરનો કિલ્લો જે રાજાના કબજામાં હતો તે રાજાનું નામ ઢંઢુરાજ પરમાર હતું. તે અગ્નિકુંડમાંથી પ્રકટ થયેલા ક્ષત્રીના વંશમાંથી થયેલા કાન્હડદેવને ત્યાં જન્મ્યો હતો. ઢંઢુરાજની રાજધાની ચંદ્રાવતીપુરી હતી. તેના ખંડેર હજી સુધી છે. આપણે જોયું કે એના પૂર્વજોએ અણહિલવાડના રાજાઓનું અધિપતિપણું માન્ય કર્યું હતું, પણ લેખમાં લખ્યું છે કે ઢંઢુરાજે ભીમદેવની ચાકરી છોડી દીધી હતી અને ભોજની સાથે મિત્રાઈ કરી હતી. આ કારણ માટે ગુજરાતના રાજાએ વિમળશાહને દંડપતિનો અધિકાર આપીને આબુ ઉપર મોકલ્યો. અને તે આ અધિકાર ઉપર હતો તેવામાંજ અંબાભવાની માતાએ રાત્રે સ્વપ્નમાં દેખા દીધી અને યુગાદીનાથનું દેરાસર બાંધવાની આજ્ઞા કરી.

આરાસુરના પર્વત ઉપર અંબા ભવાનીના પ્રસિદ્ધ દેરાનીપાસે કુંભારિયામાં દેરાં બંધાવનાર પણ એનો એજ વિમળશાહ હતો. દેલવાડામાં તેણે ભવ્ય દેરૂં બાંધ્યું છે તેના જેવીજ બાંધણીનાં આ પણ છે, અને કેહેછે કે એ બંનેની વચ્ચે ભીતરં રસ્તો છે. આ સંબંધી વૃત્તાંત હવે પછી લખવામાં આવશે.

આ વેળાએ, દાહલ ભૂમિ જે હાલમાં તિપેરા કેહેવાય છે તેના ઉપર અને પવિત્ર ક્ષેત્ર કાશીનગર અથવા વાણારસીમાં કર્ણનામે રાજા રાજ્ય કરતો હતો, તે દેવતદેવીનો પુત્ર હતો. આ રાણી પોતાના ધર્મનિષ્ટપણાને લીધે પ્રસિદ્ધ છે, તે આ રાજાનો પ્રસવ કરતાંજ મરણ પામી હતી. શુભ લગ્નમાં એનો જન્મ થયો હતો તેથી તેનું રાજ્ય ચારે દિશામાં વધી ગયું હતું ને એકસોને છત્રીસ રાજાઓ કર્ણના કમળપાદની પૂજા કરતા હતા.

ઉજ્જયિનીના રાજા ભોજની કીર્ત્તિની કર્ણને અદેખાઈ આવી તેથી તે તેના ઉપર ચડાઈ કરવાને તૈયાર થયો, અને એટલા માટે સરહદના એક ગામડામાં ભીમદેવનો સમાગમ કરીને તેની સાથે બંદોબસ્ત કરયો કે, પ-

શ્ચિમ દિશાએથી માળવા ઉપર હલ્લો કરીને તમારે એનું લક્ષ ખેંચવું, એટલે બીજી બાજુએથી હું હલ્લો કરીશ. ભીમદેવે તેમ કરવાને હા કહી. ભોજરાજાના ઉપર બે રાજાઓના હલ્લા થયા, અને તેઓની સામે લડાઈ કરવાને તેને મન હતું નહિ તેથી પોતાના દેશમાં આવવાના પાહાડી રસ્તા હતા તેને નાકે ઘોડેશ્વારો મૂકીને બેશી રહ્યો. આ સમયે ભીમદેવે ડામરને પોતાનો પ્રતિનિધિ ઠરાવીને રાજા કર્ણની છાવણીમાં રાખ્યો હતો. તેની પાસેથી સમાચાર મેળવવા સારૂં ભીમે પોતાના દૂતને મોકલ્યો; તેને ડામરે એક ગીતિ શીખવી તે તેણે આવીને ભીમદેવને કહી સંભળાવી:—*

**( गाथा. )**

**अम्बय फलं सुपक्कं, बिण्टं सिढिलं समुब्भडो पवणो**
**साहा मिल्हणसीला, न याणिमो कज्ज परिणामो ॥**

આંબે કેરી પાકી, ડીટું ડોળી ગયું છેક તેનું;
પવને ડાળી ધ્રુજે, શુંય છેવટ આવશે અરે એતું.

ભીમદેવે આ ગીતિ સાંભળીને શાંત રેહેવાનો નિશ્ચય કરયો. ભોજરાજાને લાગ્યું કે હવે મારે પરલોકમાં જવાની તૈયારી છે એટલે પુણ્યદાન કરાવ્યું, અને રાજ્ય ચલાવવાનું કામ પોતાના સુભટોને સોંપીને તેઓને આજ્ઞા કરી કે હું મારી સાથે કાંઈ લઈ જતો નથી એવું બતાવવાને સ્મશાનમાં લઈ જતાં મારા હાથ ઉઘાડા રખાવજો.+

ભોજરાજાના મરણની કર્ણને જાણ થઈ એટલે તે ધાર ઉપર ચડીને આવ્યો, તેનો તેણે નાશ કરયો અને રાજભંડાર બધો પોતાના કબજામાં કરી લીધો. ભીમદેવની વતી ડામરે લુંટનો ભાગ માગ્યો, તેનો એવો બંદોબસ્ત કરયો કે માળવાનાં દેવાલયોની ઉપજ ગુજરાતના રાજાએ ખાવી.

---

* પાણીપતની લડાઈ થતાં પેહેલા ભાઉ સાહેબે પણ એજ પ્રમાણે સમસ્યા કરી છે તે એશિયાટિક રીસર્ચીઝના ભાગ ત્રીજાને પૃષ્ઠ ૧૫૫ મે નીચે પ્રમાણે લખી છે.

"પ્યાલો ટકોટક ભરાયો છે, ને હવે બીજું એકે ટીપું તેમાં સમાઈ શકે એમ રહ્યું નથી."

+ આ પ્રસંગે તેણે નીચે પ્રમાણે કથન કર્યું.
कसु करुरे पुत्र कलत्र धिकमु करुरे करसणवाडी
एकला आइवो एकला जाइवो हाथ पग बे जाडी.

કેટલાંક વર્ષ સુલતાન મહમૂદના ક્રમાનુયાયિઓનું ધ્યાન પોતાના દેશના કજિયામાં ગુંથાયું હતું તેથી હિંદુસ્થાનના કારભારમાં વચ્ચે પડવાને તેમને બની આવ્યું નહતું, અને તેના મરણ પછી તેરમે વર્ષે તેનો પૌત્ર સુલતાનમોદૂદ જ્યારે ગાદીઉપર હતો ત્યારે હિંદુના ઉપર જુલમ કરનારૂં પરરાજ્યનું ધુસરૂં કાહાડી નાંખવાને તેઓએ મહા પ્રયત્ન કરચો હતો. સન ૧૦૪૩ માં, ફેરિસ્તાના લખવા પ્રમાણે, દિલ્હીના રાજાએ બીજા હિંદુ રાજાઓની સાથે મળીને, મોદૂદના સરદારો પાસેથી હાંસી, તાહનેસર (સ્થાનેશ્વર) અને તેઓના તાબાનાં રાજ્ય પાછાં લઈ લીધાં. ત્યાંથી રજપૂતો નગરકોટના કિલ્લા ભણી ચાલ્યા, તેને ચાર મહિના સુધી ઘેરો ઘાલ્યો એટલે કિલ્લેદારોને ખાવાપીવાનું દુઃખ પડવા માંડ્યું, અને કોઇના ભણીથી આશ્રય મળવાનો રહ્યો નહિ, તેથી શરણ થઈ જવાની અગત્ય પડી. હાથમાં પાછા આવેલા દેવાલયમાં મહાદેવની પાછી સ્થાપના થઈ, અને આવો ધર્મનો જય થયો તેથી લોકોને એટલી બધી હોંસ છૂટી કે, હિંદુસ્થાનના સર્વ ભાગમાંથી હજારો યાત્રાળુ લોકો સોના, રૂપા, ને જવાહીરની ભેટ કરવાને અને ભીમના કિલ્લાના દેવળનો મહિમા પાછો ચલાવવાને ત્યાં આવી મળ્યા...

રજપૂત રાજાઓનો આ જય થયો તેથી તેમના મનમાં ઘણો વિશ્વાસ આવી ગયો, અને મુસલમાન ઇતિહાસકર્ત્તા કેહેછે કે, મુસલમાનોના હથિયારથી ડરી જઇને શિયાળની પેઠે તેઓ પોતાની ભરાઈ પેંસવાની જગ્યામાંથી મુંડી ઉંચી કરી શકતા નહિ તે હવે સિંહનો દેખાવ ધારણ કરીને ઉઘાડી રીતે પોતાના ઉપરીની સામે થયા. ત્રણ રાજાઓએ દશ હજાર અશ્વાર અને અગણિત પાયદલની સેના લઇને લાહોર ઉપર ચડાઈ કરી. સાત મહિના સુધી મુસલમાનોએ શેરિયે શેરી, અને ખંડેરે ખંડેરનો બચાવ કરીને તેમનાથી બનતો પ્રયત્ન કરચો અને છેવટે તેઓ હારી જવાની અણી ઉપર આવી પોહોંચ્યા એવું લાગ્યું, એટલે જીત મેળવવી કે સ્વધર્મને અર્થે દેહત્યાગ કરવો એવા સોગન ખાઇને બેઠા અને વ્યૂહબંધ આગળ ધશી આવીને તેઓના દુશ્મનોને પાછા હઠવાની અગત્ય પાડી.

હિંદુ ગ્રંથકારોના લખવા પ્રમાણે, એકઠી મળેલી સેનાની આગેવાની કરનાર, અજમેરનો ચોહાણ રાજા, વિસલદેવ હતો. હિંદુઓના ધર્મને અને સ્વતંત્રપણાને માટે છેલી ટક્કર લેવાને એક સંપ થવા સારૂ જેમ બીજા

રાજાઓને તેડ્યા હતા તેમ, કેહે છે કે, અણહિલવાડના રાજાને પણ બોલાવ્યો હતો, પણ અગરજો આગળની વેળામાં જ્યારે સોમનાથનો નાશ કરનાર માથા ઉપર આવી પોહોંચ્યો હતો ત્યારે સામાન્ય શત્રુની સામે લડવાને ભીમદેવ સામ્ભરના રાજા સાથે મળી ગયો હતો, તોપણ બંને વચ્ચે ચાલતી આવેલી અસલની અદેખાઇને લીધે, ચોહાણ રાજાએ જ્યાં આગેવાની લીધી ત્યાં તેની પછવાડે ચાલવાને તેને ઠીક લાગ્યું નહિ, અને ગૂજરાતની સેના અલગ રહી. આણીમગ વિસલદેવ તો પોતાના અશ્વારો સહિત ઉત્તરોત્તર જય મેળવતો ચાલ્યો, અને અધર્મી લોકોના નાશથી "ધર્મ ક્ષેત્ર" કેહેવાતી ભૂમિ એક વાર ફરીથી તેવી કરવાનું અભિમાન ભરેલો લેખ પોતાના કીર્તિસ્તંભ ઉપર કોતરાવાનો માનવંતો દાવો તેણે પ્રાપ્ત કરી લીધો.*

ચંદ બારોટના કરેલા પૃથુરાજ રાસાના ૬૯ અધ્યાય છે તેમાંથી એકમાં અજમેરના રાજાની વાતનો ઉઠાવ તથા જય પામેલા એકસંપી રાજાઓની સાથે, ભીમદેવના અતડા રેહેવાથી લડાઈ ઉઠી તે સંબંધી જે લખેલું છે તે અમારા વાંચનારાઓને નજર કરિયે છિયે.

ચંદ બારોટ કેહેછે કે "આબુ પર્વત ઉપર યજ્ઞકુંડમાંથી ઋષિઓ-
"એ એક પુરૂષ ઉત્પન્ન કરચો, ને તેને રાજપદ આપ્યું. તેના વંશમાંથી
"મહાન્ અને ધાર્મિક રાજા બાલણ[1] નામે ઉત્પન્ન થયો. તેનો પુત્ર વિસલ
"દેવ થયો તે વૈશાખ માસના શુદ્ધ પક્ષની પ્રતિપદા અને શુક્રવારે ગાદિયે
"બેઠો. છત્રીસે શાખાના રજપૂત અને ભાટ લોકો એકઠા થયા; વિસલને
"રાજછત્ર અર્પણ કર્યું; તેને કપાલે રાજતિલક કર્યું; અને બ્રાહ્મણો વેદ
"ભણવા લાગ્યા તથા ચંડીનો પાઠ કરવા લાગ્યા.

"વિસલના મસ્તક ઉપર રાજછત્ર ધરાયું ત્યારે બ્રાહ્મણોએ યજ્ઞકુંડ
"તૈયાર કરી તેમાં પંચસર મૂક્યા. ધૂમાડો નીકળ્યો, જ્વાળા ચાલી. બ્રાહ્મ-
"ણોએ મંત્ર ભણતાં અને આશીર્વાદ દેતાં રાજ્યાભિષેક કરચો; અને સર્વ-
"જન બોલી ઉઠ્યા બિસલ, પૃથ્વીપાલ યશવંત થાઓ ! યશવંત થાઓ !"

---

* એશિયાટિક રીસર્ચીઝ પુ. ૭ પૃ. ૧૮૦[1]. આ તે કર્નલ ટાડે જેને બીરબીલમદેવ લખ્યો છે તે. એણે મહમૂદ ગજનવી સામે બીટલીગઢ અથવા અજમેરનો ડુંગરી કિલ્લો (તારાગઢ) રક્ષ્યો હતો. ફિરોઝશાહના સ્તંભ ઉપર, એશિયાટિક રીસર્ચીઝના પુસ્તક, ૭ માના પૃષ્ટ ૧૮૦ પ્રમાણે એનું નામ "વેલ્લદેવ," અથવા "વેલદેવ" લખ્યું છે, વ ને બ એ મળતા છે તેથી વિસલદેવ સામાન્ય રીતે બીસલદેવ કેહેવાય.

"વિસલે ઈંદ્રના જેવું સુખ ભોગવ્યું; યશ અને ન્યાય તેણે પાછાં આણ્યાં; અજમેર નગરમાં રેહેતાં, શત્રુને વશ કરતાં, વિસલે નિરૂવિઘ્ન રા-
"જ્ય કર્યું. ઘણું મહાન્ નગર તેણે લીધાં; એના રાજ્યમાં આખું જગત્
"એક છત્ર નીચે આવી ગયું."

"વિશ્વકર્માએ જાણે તેનું નગર શોભાવ્યું ન હોય, એવું તેણે શોભા-
"વ્યું હતું. અધર્મ કાહાડીને તેણે ધર્મ વાસ્યો હતો; પાપનું કામ તેણે એકે
"કર્યું નહિ. પોતાનો જેટલો હક તેટલું તેણે લીધું, હક વિના તેણે લોભ
"કર્યો નથી; ચારે વર્ણ* ચોહાણને તાબે હતી; ૩૬ શાખા તેની ચાક-
"રીમાં હતી. વિસલરાજા, ધર્મધોરિન્ધર, પૃથ્વીના ઉપર દેવ જેવો પ્ર-
"તાપી હતો."

"એક સમયે, વિસલરાજા અરણ્યમાં હરિણનો શિકાર કરતો હતો,
"ત્યાં એક સારી જગ્યા જોઈ તે ઠેકાણે તલાવ બંધાવાની તેના મનમાં ઇ-
"ચ્છા થઈ. એક સારી જગ્યા તેણે શોધી કાહાડી, ત્યાં પર્વતમાંથી ઝરણ

---

* બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર વર્ણ. ૩૬ શાખાના રજપૂત કેહે-વાય છે. રજપૂતોની છત્રીશ શાખાનાં નામ રાસા પ્રમાણેઃ—

છપ્પય.

૧ ૨ ૩ ૪ ૫ ૬
રવિ, શશિ, જાદવ વંશ, કોકસ્થ, પરિમાર, સદાવર,
૭ ૮ ૯ ૧૦ ૧૧
ચહુઆણ, ચાલુકય, ચંદ, સેલાર, અભિયર;
૧૨ ૧૩ ૧૪ ૧૫
દોયમત, મકવાણ, ગરૂઅગોહ, ગોહેલપત;
૧૬ ૧૭ ૧૮
છાપોકટ, પરિહાર, રાવ રાઠોડ સુરોસજુત;
૧૯ ૨૦ ૨૧ ૨૨ ૨૩ ૨૪ ૨૫
દેવડા, ટાંક, સિંધવ, અનંગ, પોતક, પડિહાર, દધિખટ;
૨૬ ૨૭ ૨૮ ૨૯ ૩૦ ૩૧ ૩૨
કારટપાલ, કટુપાલ, હુન, હરિતક, ગોર, કમાંખ, મટ.

દુહો.

૩૩ ૩૪ ૩૫
ધ્યાનપાલક, નિકુંભવર, રાજપાલ કવનીશ;
૩૬
કાલચ્છર, કે આદ દે, બરને બંસ છત્તીશ.

૧ સૂર્યવંશી, ૨ ચંદ્રવંશી, ૩ યાદવ, ૪ કકુસ્થ (કછવા), ૫ પરમાર, ૬ સદાવર (તુંવર), ૭ ચહુઆણ, ૮ ચાલુક્ય (સોલંકી), ૯ છંદ (રાંદેલ), ૧૦ શિલાર, ૧૧ આભિયર, ૧૨ દોયમત્ત (દાહિમા), ૧૩ મકવાણા (ઝાલા), ૧૪ ગોહિલ, ૧૫ ગહિલોત (સીસોદિયા); ૧૬ ચાપોત્કટ (ચાવડા), ૧૭ પરિહાર, ૧૮ રાઠોડ, ૧૯ દેવરા, ૨૦ ટાંક ૨૧ સિંધવ, ૨૨ અનિધ (અનગ), ૨૩ પોતિક, ૨૪ પડિહાર (પ્રતિહાર), ૨૫ દધિખટ,

" વેહેતું હતું, અને અરણ્ય પણ સારૂં હતું. અહિયાં પોતાના મુખ્ય પ્રધા-
" નને બોલાવ્યો, ને તેને કહ્યું કે પુષ્કરના જેવું અહિ એક જળાશય બંધાવો.
" આ પ્રમાણે આજ્ઞા કરીને તે ઘેર પાછો વળ્યો; તેના મનમાં અનહદ આ-
" નંદ થયો. ધર્મના પુત્ર યુધિષ્ઠિરના જેવું તેણે રાજ્ય કર્યું. વિસલ એ
" એક પૃથ્વી ઉપર ઇંદ્ર થઇ ગયો. માથે છત્ર ધારણ કરેલો અને બે બા-
" જુએ ચંમર થતો એવો અશ્વનીકુમારના જેવો રળિયામણો આંખે દેખા-
" યછે. પુતાસર, તુંવર છત્રીસે શાખા ત્યાં એકઠી મળી, શૂરવીર રાજાએ
" તેમને પોતાની પાસે બોલાવ્યા; તેમને પાનનાં બીડાં આપ્યાં; ગાંધર્વ લોકો
" તેની કીર્ત્તિનું ગાન કરવા લાગ્યા; રાજા, હસતે મ્હોડે, નીચું ઘાલી રહ્યો; દર-
" બાર આકાશ મંડળ જેવો દેખાવા લાગ્યો, તેમાં ચોહાણ એ ચંદ્ર હતો.
" સર્વેની સલામ લઇને તેઓને રજા આપી, સર્વે ઉઠ્યા એટલે માંગણો આ-
" શીર્વાદ દેવા લાગ્યા. એક પોહોર રાત્ર ગઈ એટલે રાજા મેહેલમાં પધારયો,
" ત્યાં કપૂર, સુખડ, કસ્તુરી અને બીજા સુગંધવાન્ પદાર્થો બેહેકી રહ્યા
" હતા. ભોંય ઉપર મૂલ્યવાન્ અત્તર છાંટયું હતું. દીવાનખાનું ભભકદાર રં-
" ગેલું હતું, તે આનંદ ઉપજાવવાને યોગ્ય હતું, તેમાં રાજા પધારયા. ત્યાં
" નાટકકાર, ગવૈયા અને બીજા ગંમતકરાવનારાઓને બોલાવ્યા. તેની મા-
" નવંતી રાણી, પરમારપુત્રીનું સુખ તે ભોગવતો. તે રૂપ યૌવનમાં અપ્સરા
" જેવી હતી, તેને તે પ્રાણના જેવી પ્રિય હતી, તેને એક ક્ષણ પણ તે વિ-
" સારતો નહિ, બીજી કોઇના ઉપર તે કદિ દૃષ્ટિ કરતો નહિ."

પરમાર રાણિયે સારંગદેવ નામે પુત્રને જન્મ આપ્યો, તે જ્યારે પા-કી ઉંમરનો થયો ત્યારે કિરપાળ કાયસ્થને સુપ્રત કરીને તેને સામ્ભર નગરમાં મોકલ્યો. આ નગર સાકંભરી દેવીને મનગમતું હતું અને તે કુંવ-રના રેઠાણ સારૂં ઠરાવી રાખ્યું હતું. તેને યોગ્ય કન્યા મેળવી આપવામાં આવી હતી તે "શવળ દેવરાજની પુત્રી નામે ગૌરી, કામની પાસે રતિ શોભે, તેમ સારંગદેવને પડખે શોભતી હતી."

આ પ્રમાણે કલ્યાણકારી શકુનિયાળ ચિહ્નથી વિસલના રાજ્યનો પ્રારંભ થયો; પણ તેની ચડતી કળા પછવાડેથી વધારે ઘેરાઇ ગઈ, અને

---

૨૬ કાર્ટપાલ (કારટ), ૨૭ કોટપાલ, ૨૮ હુન (હુલ કે હુણ), ૨૯ હરિતક (હાડા), ૩૦ ગોર (ગોડ), ૩૧ કમાખ (કમાઠ કે જેઠવા), ૩૨ મઠ (જઠ), ૩૩ ધ્યાન પાલક (ધાન્ય પાલક), ૩૪ નિકુંભ, ૩૫ રાજપાલ, અને ૩૬ કાલછુર (કાલછર).

ચંદ બારોટ કેહેછે કે, એને ગાદી ઉપરથી ઉઠાડી કાહાડચો હતો તેનું કારણ દેખીતું છે, તે એ કે, તેની સર્વ રાણિયો કરતાં પરમારપુત્રી હતી તે એકલીના ઉપરજ તે મોહિત થઈ ગયો હતો તેથી બીજી રાણિયો અને તેમના સગાવાહાલાઓને અદેખાઈ ઉપજી. તોપણ શિવના આશ્રયથી તેને તેની સત્તા પાછી મળી, ત્યાર પછી તેનો ઉપયોગ તેણે ત્રાસદાયક રીતે કરવા માંડચો, તેમાં મુખ્યત્વે કરીને તે નિર્મર્યાદ કામને વશ થઈ ગયો ને એની પ્રજા દેશ છોડીને ટોળે મળી નાશી જવાને તૈયાર થઇ.

" નગરવાસી લોકો ટોળેટોળાં મળીને પ્રધાનને ઘેર ગયા અને કેહેવા " લાગ્યા. 'સ્ત્રી અને પુરૂષ બંનેના ઉપર સંકટ ગુજરેછે માટે અમે અહિ " રહીશું નહિ અને ક્રોધનાં મારયાં જતાં રહીશું'. ઉકળેલા લોકોને પ્રધાને " ધીમા પાડ્યા. તેમનામાંથી જે મુખ્ય હતા તેઓને અને રાણિયોને લઇને સર્વે વાજું રાજા પાસે આવ્યું. તેઓ કેહેવા લાગ્યા કે ભૂમિનું+ રક્ષણ કરવાને રાજાએ બાહાર ફરતાં રેહેવું. ભૂતળમાં ઘણા રાજાઓ છે; " એવા કાંટાનો નાશ કરવા અધિરાજાએ હલ્લો કરીને તેઓનાં નગર " અને પ્રાન્ત સ્વાધીન કરી લેવાં જોઇયે. તેમના કેહેવાનો ભાવાર્થ " રાજા સમજ્યો. તે બોલ્યો, મારામાં જે ભડકો ઉઠચો છે તે તમને દઝાડે " છે. વારૂ તમે કોહોછો તે પ્રમાણે હું કરીશ; હું કિરપાળને તેડવા " મોકલુંછું ને જે જે દેશ જવાને તમને ઘટિત લાગતું હોય તે તે દેશ હું " ઘોડે ચડીને તમારી સાથે આવુંછું. તેણે પોતાના સર્વે મંત્રિયોને " આજ્ઞા આપી અને કિરપાળને તેડું મોકલ્યું. તે સામ્ભરથી અજમેર નગરમાં આવ્યો. આવીને રાજાના ચરણનો તેણે સ્પર્શ કરચો. " નજરાણામાં એક તરવાર લાવીને તેના મુખ આગળ મૂકી, તેની " મૂઠ અને મિણિયું રત્ન જડિત હતાં, રાજાએ તે કેડે બાંધી; મુહૂર્ત્તજાણનારા પ્રવિણ જોશિયોએ શુભ મુહૂર્ત્ત વર્ત્યું. રાજા બોલ્યો સારૂં મુહૂર્ત્ત " આપ્યું તે પ્રમાણે નવખંડપૃથ્વીમાં હું મારી તરવાર ચલાવીશ ને " આખું જગત્ હું મારે સ્વાધીન કરી લઇશ; મેરૂના જેવા અચલ રાજાઓ હશે તોપણ હું તેઓને ખંડિયા કરી દઈશ. અરે! કિરપાળ મારૂં

+ મુસલમાનોએ હિંદની સીમા ઉપરની કેટલીક જગ્યાઓ લઈ લીધી હતી તે પાછી હસ્તગત કરવા માટે વિસલદેવના ઉપરીપણા નીચે બધા હિંદુ રાજા ભેગા મળ્યા હતા પણ ગૂજરાતનો ભીમદેવ મળ્યો નહતો, ભા૦ ક૦

"કહ્યું સાંભળ, ખજાનો લઇને મારી સાથે ચાલ—વિસલ સરોવરે આ-
"પણા તંબુ ઠોકાવો.' દશે દિશાયે તેણે તેડાં મોકલ્યાં કે બધાએ આવીને
"મને અજમેર મળવું. મહાન્ શ્રીપરિહાર આવીને તેના વાવટાને મળ્યો,
"મંદોવરના ધણિયે આવીને તેનો ચરણ સ્પર્શ કરચો, બધા ગહિલાટ
"(ઘેલોટી) મેળાને માથે થઈ આવ્યા. રામગોર, તુંવર, પાવાનો ધણી,
"મેવાડનો રાજા મહેશ, દુનાપુરનો મોહિલ* પોતાના સાથ સહિત
"આવ્યા. બલોચ પણ પોતાનું પાયદલ લઇને આવ્યો, સિંધનો રાજા
"નાશીને સિંધ જતો રહ્યો, ભટનેરના રાજાએ નજરાણો મોકલ્યો, મુલતાન
"સુધીના રાજાઓ તેને આવી મળ્યા. જેસલમેર આજ્ઞા પોહોંચી, બધા
"મ્હોટા ભૂમિયા તાબેજ હતા; યાદવ, વાઘેલા, મોરી, મહાન્ ગૂજર,
"સર્વેએ તેના તેડાનું પણ રાખ્યું. અંતરવેદમાંથી કુરંભ આવ્યો. બધા
"મેરે તાબે થઈ તેનો ચરણ સ્પર્શ કરચો. જેતસિંગ આજ્ઞા માથે ચડાવી
"નીકળ્યો; ને સાથે તચિપુરના રાજાને લેતો આવ્યો. ઘણા પરમાર ઘોડે
"ચડ્યા; દોર તેની પાછળ ચાલવા આવ્યા; ચંડેલ, દાહીમ એઓએ તેની
"પૂજા કરી, તરવાર ધૂમાવીને સર્વે ભૂમિયાને સ્વાધીન કરી લીધા. કોઇ
"સોલંકી માન આપવા આવ્યા નહિ, તેઓ કડણાશથી તરવાર પકડી
"આઘા રહ્યા. આવું જોઇને જેતસી ગોલવાલ બોલ્યો: 'અજમેરમાં આ-
"પણાં ઘર અને નગરને સાચવવા થોડી ફોજ મૂકી, આપણે ચાલો, ચા-
"લુકય બચી જવાનો નથી.' કુચ ઉપર કુચ કરતા યોદ્ધાઓ ચાલ્યા.
"પર્વતને રસ્તે, રાજા, પોતાનો પેહેલો ઘા સોલંકી ઉપર કરવાને ચાલ્યો.
"ઘણા કિલ્લા તેણે જમીન દોસ્ત કરી નાંખ્યા. તેણે ઝાલોર લીધું ને તેનો
"કિલ્લો તોડી નાંખ્યો; પાહાડોમાં અને જંગલોમાં શત્રુઓ નાશી ગયા.
"આબુ ઉપર ચડી તેણે અચળેશ્વર જોયા; વાગડને તેણે તાબે કરી લીધું,
"સોરઠ જે ગિરનારની ભૂમિ ત્યાંથી એને માન મળ્યું અને ખંડણી મ-
"ળી—લડાઇ મળી નહિ.

"ગૂજરાત જે શિત્તેર નગરની ભૂમિ હતી તેમાં ચાલુકયરાવ બાલુક
"યોદ્ધો હતો. સમાચાર સાંભળીને બાલુક ઘોડે ચડી આવ્યો, શિવ અને
"દુર્ગાની તેણે પૂજા કરી, પોતાને ખભે તેણે ભાલો મૂકચો, તેની સાથે ત્રીસ

* મોહિલ છે તે મનિક જાતથી ઉત્પન્ન થયેલી ચોહાણની એક શાખા છે—
ટાડ રાજસ્થાન, ભાગ ૨, ૪૪૫ એ પ્રમાણેજ બીજા ભાગના પૃષ્ટ ૪૪૯ માં છે.

"હજાર ઘોડેશ્વાર હતા. શિત્તેર મદઝરતા હાથી હતા; બે ગાઉને છેટે તેણે
"છાવણી નાંખી. ચોહાણે ધુંધાટ સાંભળ્યો—ચાલુકય રાવના ધપવાનો
"ધુંધાટ રાજા વિસલે સાંભળ્યો. રણઘોડો મંગાવીને તે અશ્વાર થયો.
"રાજડંકો ગજવ્યો, સેનાને ક્રમમાં ગોઠવી દઇ તે આગળ ચાલ્યો. વર્ષાઋતુ-
"માં જેમ તમરાં અવાજ કરેછે તેવું દેખાવા લાગ્યું; ઢાલો ચકચકવા લાગી,
"ભાલા ઝળકારા દેવા લાગ્યા; યુદ્ધાઓને મન આનંદ હતો, કાયરને મન
"દુઃખ હતું, ચાલુકયની ભૂમિનો નાશ કરો દરિયાની ભરતીની પેઠે સેના
"આગળ ધશી. રસ્તે જતાં નગર, શેહેર અને ગામડાં જે આવ્યું તે
"લુંટતા ગયા.

"ચાલુકયે સમાચાર સાંભળ્યા એટલે ધુંધવાઇને જેમ ભડકો થાયછે
"તેમ ધુંધવાઇને તે સાવચેત થયો, બાલુકરાય ચાલુકય યોદ્ધો, પાણી મંગાવી
"ન્હાયો; વિષ્ણુનું ચરણામૃત લીધું. હરિને ગળામાં પેહેરી લીધા અને બોલ્યો
"જે **अर्थं साधयामि वा देहं पातयामि.** (આજે હું જય પામવા
"કે મરવા જાઉછું.) જો હું નાસું તો મારા કુળની લાજ જાય. આખી
"ભૂમિમાં કોઈ યોદ્ધો નથીજ, કે હથિયારથી હરકત થયા વિના વિસલ
"ચાલ્યો જાયછે?

"શ્રીકંઠ બારોટને શત્રુની પાસે મોકલ્યો, તે વિસલદેવ ચોહાણને
"જઈ મળ્યો; હાથ ઉંચા કરી તેણે આશીર્વાદ દીધો; બાલુકરાયની હાલ-
"ચાલવિષે તેણે તેને કહ્યું. 'તમારે જે કરવાનું છે તે રાજા સાથે કરવાનું
"છે, રૈયતની સાથે તમારે શું કામ છે? તમે તેમને બહુ હાનિ કરી છે.
"કોઈ હિંદુ રાજા એવું કરે નહિ. રૈયતને દુઃખ દેતો બંધ થા ને ઘેર
"પાછો જા. અજમેર જઈ પોહોંચ, ને ત્યાં રાજ્ય કર. બાલુક રાજાએ
"કહ્યું છે કે, 'હું ક્ષત્રીય જાતનો છું, લડાઈ ચલાવવાનો મારો ધર્મ છે,
"નાસવું એ મને દુઃખદાયક છે, પણ મોતનો દિવસ તો મારો ઓચ્છવનો
"દાહાડો છે. મારી આસપાસ સામંતો છે તે કુલીન જાતના છે. અમે ત-
"મારાથી પાછા હઠવાના નથી; જો તને એમ પરવડે નહિ તો પાછો જા
"ને લડાઇ કરવી છોડી દે. રણક્ષેત્રમાં સામો થઈશ નહિ,' ચોહાણને
"આવો નિરોપ પોહોંચ્યો એટલે તેણે રાજડંકો કરાવ્યો. ઘોડા અને હા-
"થિયો ઉપર સામાન સજાવ્યો. યોદ્ધાઓએ હથિયાર ધારણ કર્યાં. બન્ને
"સેના પાસે પાસે આવી ગઈ. તે દરિયાના મોજાની પેઠે શિખર નમાવતી

"દેખાવા લાગી. **ચોહાણે** ચક્રાવો રચાવ્યો. અને બોલ્યો, 'હવે આપણે જોઈયે છિયે કે **બાલુકરાય**, **અભિમન્યુની*** પેઠે તે કેવો ભાંગેછે. જેવો લેખ લખ્યો હશે તેવું નિપજશે.

"બંન્ને સેના મળી; યોદ્ધાઓ પોતાના મિત્રોને કેહેવા લાગ્યા, ભાઈયો, ભાઈયો, મારો, મારો! તેઓ લઙ્યા ને એક બીજાને કતલ કરયા. **ચાલુક્યની** સેના પાછી હઠી; **બાલુકરાય** તેઓની ઓથે આવી પોહોંચ્યો, ગાઢ વ્યૂહ તેણે હલાવ્યો. **પરિહાર** અને **ગહિલાટે** પૂઠ બતાવી. **પરિહાર તુંવરના** ઠેકાણા ભણી દોડયો; ગાઢ વ્યૂહ ટૂટયો અને એકઠો લોચો વળી ગયો. આ વેળાએ **ખંધાર** અને **બલોચ** શૌર્ય રાખી કંઇ ગણકારયા વિના **બાલુક** સામા થયા. યોદ્ધાઓના ડગલા, જેમ તેઓ હોળી રમ્યા હોય તેમ લાલ રંગાયા; તેઓ લોહીલોવાણ થઇ ગયા. વસંતઋતુમાં જેમ પલાસ (કેસુડાનું) નું ઝાડ લાલ ફૂલથી છવાઈ જાયછે તેમ હાથિયો લોહી વેહેતા ચળકતા દેખાયા. **બાલુક** અને **વિસલ** એક બીજાને દેખાવા લાગ્યા. તે જાણે સૂર્યના સામા થયાથી ચંદ્ર ઝાંખો દેખાયછે તેમ દેખાવા લાગ્યું. **ચાલુક્ય** ઘોડે ચડેલો હતો, **ચોહાણ** હાથી ઉપર બેઠો હતો; બન્ને રાજાઓ ભયંકર લડાઈ લઙ્યા, **બાલુકે** જ્યને જ્યારે પોતાના ઘોડાને હાથીના દંતુસળે બઝાડયો ત્યારે એક બીજાનાં હથિયાર ભેગાં અથડાયાં. રાત્ર પડી એટલે યોદ્ધાઓ છૂટા પઙ્યા; તેઓ પોત પોતાની છાવણીમાં ગયા અને ઘાયલ થયેલાની સારવાર કરવા લાગ્યા."

"બીજે દાહાડે સવારમાં **ચાલુક્યના** મંત્રિયો ભેગા થઇને આવ્યા. અને તેમનો રાજા જાણે નહિ એમ **ચોહાણને** નિરોપ મોકલ્યો. **પાવાનો** ધણી આ સાંભળીને રાજા પાસે ગયો. તેણે **કિરપાળને** બોલાવ્યો. **ચાલુક્યના** મંત્રિયો તેઓને મળવાને ગયા; તેઓ બોલ્યા, જે જે માગો તે તે અમે લાવીને તમારે પગે મૂકિયે. રાજાએ પ્રત્યુત્તર આપ્યું; 'સાંભળો, અહિં હું એંધાણી રાખી જાઉછું; એક માસ પછી હું અહિં એક નગર બાંધીશ—આ માન્ય કરો ને ભેટ લઈ આવજો આ પ્રમાણે કોલકરાર થયા. ચોહાણ રણક્ષેત્ર જીત્યો—ચાલુક્ય ઘાયલ થયો હતો.

* ચક્રવ્યૂહ મહાભારતમાં કૌરવની સેનાએ કર્યું હતું, અર્જુનનો પુત્ર અભિમન્યુ ૭ કોઠા પાર પડી ગયો હતો ને સાતમાના નાકા આગળ મરાયો હતો.

"વિસલનગર સ્થાપીને વિસલ પાછો ઘેર ગયો."*

વિસલ અજમેર પોહોંચ્યા પછી, તેણે થોડીવાર છોડી દીધેલી ચાલ પાછી ચલાવી, એક વૈરાગણ સ્ત્રીનું પતિવ્રતાપણું ભંગ કરાવ્યું. તે દુર્ગુણની શિક્ષા તેને કેવી થઈ અને મનુષ્યનો અવતાર છોડી મનુષ્યનું ભક્ષણ કરનાર અસુર અથવા દાનવ કેવો થયો તે વિષે ચંદબારોટ વર્ણન કરેછે. તોપણ લોકમાં સામાન્ય વાત એવી ચાલી હતી કે સાપના કરડવાથી તે મરણ પામ્યો ને પરમાર રાણી પોતાના પતિની પછવાડે સતી થઈ.

વિસલની પછવાડે સારંગદેવ ગાદિયે બેઠો. તેણે પેહેલું કામ તો એજ કર્યું કે પોતાની સ્ત્રી જે ગર્ભવંતી હતી તેના રક્ષણ સારૂં રણથંભોરના દુર્ગમ કિલ્લામાં પોહોંચતી કરી, એ કિલ્લો તેના કુટુંબનું સ્થાન હતું. અજમેરમાં એક દાનવ ભરાઇ પેઠો હતો તેનો નાશ કરવા ઉપર તેણે પછીથી લક્ષ દોડાવ્યું. આ દાનવે પોતાના ઉન્મત્તપણાથી અને અકરાંતપણાથી અજમેરને ઉજ્જડ કર્યું હતું; પણ તે આ કામમાં જય પામ્યો નહિ એટલુંજ નહિ પણ તે રાક્ષસનું બળીદાન થઇ પડયો.

સારંગદેવ અને ગૌરીનો પુત્ર આનો હતો તે એની ધારણામાં વિશેષે કરીને પાર પડયો. તેણે પોતાના બાપના કરતાં ઉલટોજ રસ્તો પકડયો, અને હથિયાર પકડી દાનવની સામે થવાને બદલે તે તેને શરણ થયો, અને પોતાનું રક્ષણ કરવાની તેને પ્રાર્થના કરી. આવી તેની સભ્યતા જોઇને દૈત્ય તેના ઉપર ખુશી થયો, અને આનાના વંશના પિતા પછી પુત્ર એ પ્રમાણે અજમેરનું રાજ્ય કરશે એવું વરદાન આપીને તે આકાશ માર્ગે નિગમબોધ જે જમના નદી ઉપર છે ત્યાં ગયો અને અનંગપાળ તુંવારે દિલ્હી સ્થાપી ત્યાં સુધી ૩૮૦ વર્ષ લગણ પાપનું પાયશ્ચિત કરવાને રહ્યો. તેના શરીરના ભાગમાંથી, ચંદબારોટ કેહે છે કે, પૃથિરાજના સામંતો પ્રકટ થયા અને કવિ પોતાને વિષે કેહે છે કે હું તેની જીભથી ઉત્પન્ન થયો છું.+

---

* કર્નલ ટાડના વેસ્ટર્ન ઈન્ડિયા નામના ગ્રંથને પૃષ્ટ ૧૭૨ મેં લખ્યું છે કે, કરાર થયો તેમાં એક કલમ એવી હતી કે, ચાલુકયે પોતાની કન્યા વિસલદેવને પરણાવવી. વળી હમિર રાજાના પરાક્રમના એક હમિર રાસનું પ્રમાણ આપી લખ્યું છે કે, ભીમના પુત્ર કર્ણને વિસલદેવ કેદ કરી લઈ ગયો હતો.

+ પૃથીરાજનો જન્મ સં. ૧૨૧૫ માં થયો. તે વિષે દંતકથા નીચે પ્રમાણે છેઃ— વીશલદેવ એક નાગકન્યા પરણ્યો હતો અને તેના ઉપર બીજી રાણિયો કરતાં વિશેષ

આના પછી તેને પુત્ર જેસિંહદેવ ગાદિયે બેઠો તેના પછી તેનો પુત્ર આનંદદેવ ગાદીપતિ થયો તે, પૃથિરાજનો દાદો થાય, અને બીજા ભીમદેવનો સામાવાળિયો જે સોમેશ્વર તેનો બાપ થાય.

પેહેલો ભીમદેવ ઉદયામતિ વેહેરે પરણ્યો હતો. એને પેટ કર્ણ નામે કુંવર પ્રસવ્યો હતો. આ રાણિયે અણહિલવાડમાં એક વાવ કરાવી છે તે એકલીજ માત્ર ખંડેર અવસ્થામાં હાલ રહેલી છે, બાકી વનરાજના વંશનાં સ્મરણાર્થ થયેલાં બધાં બાંધકામનો નાશ થયો છે. આ વાવને રાણીની વાવ કરીને કેહેછે. ભીમદેવને વળી બીજા બે કુંવર હતા, તેમાં એકનું નામ મૂળરાજ અને બીજાનું નામ ક્ષેમરાજ હતું. આગળ વાંચતાં જણાશે કે આ બંન્ને કુંવર કર્ણના પેહેલાં જન્મ્યા હતા. મૂળરાજની માનું નામ હાથ લાગ્યું નથી; ક્ષેમરાજની માનું નામ બકુલાદેવી હતું, તે સો વશા તો રાખ હતી અને નીચા કુળની હતી. પ્રબંધચિંતામણીનો કર્ત્તા કેહેછે કે, તે ગણિકા હતી, અને ભીમદેવે એક ગુલામ તરીકે વેચાતી લીધી હતી. ક્ષેમરાજનું નામ કેટલીક વાર હરિપાળદેવ લખવામાં આ-

---

પ્રેમ રાખતો તેથી નાગકન્યાને ઝેર દઈ મારવાની ધારણા કરી તે જણાઈ આવતાં તલાવમાં મેહેલ હતો તેમાં પોતાની પાસેના મણીના મહીમાથી નાગકન્યા વિસલદેવને લઈને તેમાં વસવા લાગી. મણીનો મહિમા રાણિયોના જાણવામાં આવતાં રાજાની પાઘડીમાં તે મણી રાખતો તેમાંથી કાહાડી લઈને બાળી નાંખ્યો. મણીના મહિમાથી રાજાને જલમાં માર્ગ મળતો તે હવે બંધ થયો તેથી નાગકન્યાનો વિયોગ થતાં ઘેલો બની ગયો. એક વાર કોઈ ઋષિકન્યા તેના જોવામાં આવી. તે નાગકન્યા જેવી સ્વરૂપમાં હોતાં તેને વળગવા જતાં તેણે શાપ દીધો એટલે રાક્ષસ બની ગયો. ચાર પેહેડી પછી સોમેશ્વર થયો તે રાક્ષસ સંબંધી વૃત્તાન્તથી જાણીતો થયો હતો. એક સમયે એક બ્રાહ્મણ પોતાની સ્ત્રીના દુઃખથી કંટાળીને પેલા રાક્ષસ પાસે ગયો તેને તે પૂછવા લાગ્યો કે, તું શા દુઃખનો માર્યો મારી પાસે મરવા આવ્યો છું? તે કેહે કે, મને સ્ત્રીનું દુઃખ મ્હોટું છે. રાક્ષસે તેને દ્રવ્ય આપી કહ્યું કે, આ દ્રવ્યથી તારી સ્ત્રી રાજી રેહેશે પણ તેના બદલામાં તું સોમેશ્વરને મારી વતી કેહેજે કે, હું સૂવર રૂપે વનમાં ફરીશ તે પ્રસંગ જોઈ મારો વધ કરી તે માંસનું ભક્ષણ કરીશ તો મારો ઉદ્ધાર થશે અને જે માંસ ભક્ષણ કરશે તેઓને પુત્રોની પ્રાપ્તિ થશે. સોમેશ્વર પોતાના વિશ્વાસુ સાથિયો લઈને ત્યાં ગયો અને રાક્ષસની ઈચ્છા પ્રમાણે કર્યું એટલે તેને પૃથિરાજ થયો તેમજ તેના સાથિયોના પુત્ર પૃથિરાજના સોળ સામંત અને સૂરમા થયા. સૂવરની જીભ ભાટના ખાવામાં આવી તેથી દેવીના વરદાથી ચંદ ભાટ તેને થયો.

વ્યું છે, તે તેની વાનપ્રસ્ત અવસ્થામાં વિષ્ણુની પૂજા કરવા ઉપરથી કદાપિ પડચું હશે.

એજ આચાર્ય, મૂળરાજની નીચે પ્રમાણે વાત કેહેછે, તે આશ્ચર્યકારક છે, પણ તેના ઉપરથી પેહેલા ભીમદેવના વારામાં ઉપજ વિષેની વ્યવસ્થા કેવી હતી તે જાણવાને બની આવેછે; અને વળી ગૂજરાતના ખેડુત, હાલ ઉપજ ઉઘરાવતી વેળાએ હઠીલાપણું બતાવેછે, અને કુમળી નજરથી ખુજ કરનારા જણાયછે તેવાજ તે વેળાએ હતા. એક વેળાએ, "એક વર્ષ ગૂજરાતમાં વર્ષાદ પડયો નહિ ત્યારે ડંડાઈ અને વિશોપક ગા- "મના કુટુંબિકો (કણબિયો) રાજાને ઉપજનો ભાગ આપવાને શક્તિમા- "ન્ નહતા. એક મંત્રીને (હાલમાં મેહેતો અથવા તલાટી કેહેવાયછે) "તપાસ કરવાને મોકલવામાં આવ્યો, તે જે લોકોની પાસે કંઈ માલ "મિલકત માલમ પડી તેમને રાજધાનીમાં લાવ્યો, અને ભીમના આગળ "રજુ કરચા. એક દિવસે સવારમાં મૂળરાજ કુંવર સત્યવક્તા અને વચન "પાળક ગણાતો હતો તે તે જગ્યાની પાસે ફરતો હતો; તેની સાથે રા- "જાનો સોંપેલો એક દાસ હતો. તેણે આ સર્વ માણસોને ડરીને માંહોમાં- "હે વાત કરતાં જોયા, તેની પૂછપરછ કરતાં, પોતાના ચાકરની હસ્તક "સર્વ વાત જાણવામાં આવી, તે સાંભળીને તેની આંખમાં આંસુ આવ્યાં. "તરતજ પછી રાજાને પોતાની ઘોડાઉપર બેસવાની કળા ઉપરથી પ્રસન્ન "કરીને, તેણે કંઇ માગવાનું કહ્યું તેના બદલામાં, રાજાની પાસે માગી લીધું કે પેલા "કુટુંબિકો (કણબિયો) નાં નાણાં પાછાં આપો. રાજાની આંખમાં હર્ષનાં "આંસુ આવ્યાં, અને તેના કેહેવા પ્રમાણે કર્યું, તથા તેને હઠ કરીને "કહ્યું કે તું પોતાને વાસ્તે બીજું કંઈ માગી લે."

"પેલા લોકોને કેદમાંથી છોડી મૂકચા એટલે તેઓ મૂળરાજને ચ- "રણ સ્પર્શ કરવાને આવ્યા. કેટલાક તો જાથુ તેની ચાકરી કરવાને રહ્યા. "બાકીનાએ તેની કીર્ત્તિ ચોમેર પ્રસારી."

"પછી તરતજ મૂળરાજ પોતાના દયાળુ સ્વભાવને લીધે મરણ "પામ્યા પછી સ્વર્ગમાં ગયો. રાજા અને તેનો દરબાર તેમજ જે લોકોનો "તેણે વચ્ચે પડીને છૂટકારો કરચો હતો, તે સર્વે તેના મરણથી દુઃખના "દરિયામાં પડ્યા; રેહેતાં રેહેતાં વિદ્વાન્ લોકોએ જે જ્ઞાનનો ઉપદેશ કરચો

"તે ઉપરથી, હાથીના સરખા દિલગીરીનો દંતુસળ દબાવી દીધો. બીજે
"વર્ષે પુષ્કળ વર્ષાદ પડવાથી ખેડુતો ખુશી થયા, ને બધી જાતનું અનાજ
"સારી પેઠે પાકયું; એટલે ગયા વર્ષનો અને ચાલતા વર્ષનો રાજભાગ રા-
"જાને આપવાને આવ્યા. ચઢેલું લેવાને **ભીમદેવે** ના કહી, પણ ખેડુતોની
"પ્રાર્થના કરવા ઉપરથી, બંને પક્ષકાર રાજી રેહે એવો ઠરાવ કરવાને ખે-
"ડુતોના સંબંધમાં પંચ ઠરાવવાની છેવટે તેણે હા કહી, પંચે ઠરાવ કરયો
"કે બંને વર્ષની ઉપજનો ભાગ રાજાને હસ્તગત કરવો ને મૂળરાજ કુંવરના
"સુખને અર્થે ત્રીપુરુષપ્રાસાદનામનું દેવાલય બંધાવવાના કામમાં તે વાપરવો."

દ્વયાશ્રયનો કર્ત્તા લખી ગયો છે કે, **ભીમદેવે** પોતાના રાજ્યની સમાપ્તિની વેળાએ, **મૂળરાજ** જે સોલંકી વંશનો પ્રથમ રાજા થયો તેની અને તેના બીજા પૂર્વજોની રીત પ્રમાણે, પોતાના પાટવી કુંમાર **ક્ષેમરાજ**ને રાજ્ય સોંપીને સ્વર્ગ મેળવવાસારૂ તપશ્ચર્યા કરવાનો અભિપ્રાય જણાવ્યો પણ **ક્ષેમરાજ**, આપવા ધારેલી સત્તાની ના કહીને બોલ્યો "હું આપનાથી જૂદો પડવાનો નથી, પણ હું આપના એકાન્ત વાસમાં આપની સાથે આવીશ" કેટલીક રગઝગ થયા પછી **ભીમદેવ** અને **ક્ષેમરાજે** મળીને **કર્ણને** ગાદી ઉપર બેસારયો, અને બંને ત્યાગી થયા, પછી તરતજ **ભીમદેવ** સ્વર્ગવાસી થયો.

**ક્ષેમરાજને** પોતાના પિતાનો વિયોગ થયો તેથી દુઃખ પામીને સરસ્વતીને કિનારે **મુન્ડિકેશ્વર** ( મંડુકેશ્વર ) નામે પવિત્ર સ્થાન છે ત્યાં જઈને રહ્યો; આ સ્થાન દધિસ્થલી અથવા દેથલી નામે ગામ છે તેથી બહુ આઘે નથી, માટે આ ગામ **ક્ષેમરાજના** કુંવર **દેવપ્રસાદને** **કર્ણરાજાએ** આપ્યું હતું, કે જેથી કરીને તેને પોતાના પિતાના વાનપ્રસ્ત આશ્રમમાં સેવા કરવાને બની આવે.

# પ્રકરણ ૭.

## રાજા કર્ણ સોલંકી—મયણલ્લદેવીનો રાજકારભાર—

### ( ઈ. સન. ૧૦૭૨ થી ૧૦૯૪ )

### સિદ્ધરાજ.

રાજા કર્ણ રાજ્ય કરતો હતો તેવામાં (ઈ૦સ૦ ૧૦૭૨× થી ૧૦૯૪) પરભારચા લોકોના ભણીથી ગૂજરાતમાં લડાઇયો ચાલી નહતી; કેહેછે કે, એની પહેલાં થઈ ગએલા રાજાઓએ, પોતાના ખંડિયા રાજાઓ ઉપર ચડાઈયો કરવા માંડેલી, તે આ રાજાએ ચાલતી રાખી, પણ આસપાસના સત્તાવાન્ રાજાઓ સાથે તેણે લડાઈ કરી હોય એવું લખેલું નથી. તથાપિ કર્ણને આવો પ્રસંગ મળ્યો તેથી મેંવાસનો ઉજ્જડ અને પેસાય નહિ એવો દેશ તાબે કરી લેઇને પોતાના રાજ્યનું બળ દૃઢ કર્યું.

સામાન્ય રીતે એવું માનવામાં છે કે, ઘણા પ્રાચિન કાળથી ગૂજરાતમાં જંગલી લોકો વસતા હતા, તેમના વંશજ હજી જોવામાં આવેછે, તેઓનો બધો દેખાવ એક બીજાને મળતો આવેછે, પણ તેઓનો ધર્મ અથવા રાજ્યનો પ્રકાર કેવો હતો તે વિષે કથારૂપ વૃત્તાંત પણ થોડોજ મળેલો છે. બિશપ હેબરના અભિપ્રાય પ્રમાણે તેઓ પશ્ચિમ અને મધ્ય હિંદુસ્થાનના મૂળ રેહેવાશી હતા એમાં કશો વાંધો નથી, અને બ્રાહ્મણોનો ધર્મ પાળનારા લોકો, પછીથી તે ગમે ત્યાંથી આવ્યા, પણ તેમના હલ્લાથી તેઓ પોતાના કિલ્લાઓમાં ભરાઇ પેઠા, અને તેમનું દુઃખદાયક અને નિરૂપાય જીવતર થઇ ગયું; "આ વાત રજપૂત લોકો તેમની મેળે ખરી રીતે માન્ય કરેછે "અને તેમના કથા રૂપી ઇતિહાસમાં પણ કબુલ કરેછે કે તેમનાં ઘણાં "ખરાં મુખ્ય મુખ્ય નગર અને કિલ્લા ફલાણા ફલાણા ભીલ સરસૂબાએ વસાવ્યા હતા અને તેમની પાસેથી સૂર્ય વંશિયોએ જીતી લીધા હતા." ભાટ લોકો કેહેછે કે, ઊતાનપાટ જે કોઈ ઋષિના શાપથી મરણ પામ્યો હતો તેના વંશમાં વેણુ થયો, તેના શરીરમાંથી ભીલ અથવા કૈયો ઉપન્ન

× સંવત્ ૧૧૨૮ ના ચૈત્ર વદિ. ૭ સોમવાર. હસ્ત નક્ષત્ર મીનલગ્નમાં રાજ્યા ભિશેક થયો એમ મેરૂતુંગ કેહેછે.

થયો હતો તેનાથી તેઓની એક શાખા ચાલી. કૈયો આબુની આજુબાજુના વગડાઓમાં રાજ્ય ચલાવતો હતો, તેણે એક છોકરો મૂક્યો હતો તેનું નામ અજાનબાહુ હતું, તે ઘણો બળવાન્ હતો, અને તે પણ એના બાપવાળા પ્રાંત ઉપરજ રાજ્ય ચલાવતો હતો. તેનાથી ગોહો થયો તે તારક અથવા ખારવાનો ધંધો કરતો હતો, અને જ્યારે રામે પ્રથમ અયોધ્યા છોડ્યું ત્યારે એને ઘેર વાસો કરયો હતો. ગોહાથી બધા ભીલ લોકોની ઉત્પત્તિ થઈ, ત્યાર પછી તેઓની દશ શાખાઓ થઈ.

મહાભારતમાં લખ્યું છે કે, કૈયાની જાત ગૂજરાતમાં વશી હતી. મત્સ્યનગર અથવા વૈરાટપુર, જેની જગ્યાએ હવણાં ધોળકા કસબો છે એવું માનવામાં છે, ત્યાંના વૈરાટ રાજા પાસે જ્યારે પાંડવો જઇને રહ્યા ત્યારે સુદિષ્ણા નામે કૈયા જાતની રાણી તેમના જોવામાં આવી હતી, અને તેના ભાઈ કૈયા કીચકે દ્રૌપદી ઉપર બળાત્કાર કરયો એટલા માટે ભીમસેને તેનો જીવ લીધો હતો. આ કૈયા વિષે એવું લખ્યું છે કે, તે પોતાની જાતના લોકો સાથે રહી, સર્વે લડાઇમાં જીત મેળવીને, અને રાજા દુર્યોધન અથવા તેના મિત્ર સુશર્માના તાબાના ત્રિગર્ત[૧] દેશનો નાશ કરીને તરત જ પાછો આવ્યો હતો.

માન્ધાતા રાજાના બાપ યૌવનાશ્વથી કોળી લોકોની ઉત્પત્તિ થઈ એવું ઉપરના સરખું નહિ માનવા જોગ કથન ચાલેછે. તેઓનો પૂર્વજ કોળી હતો, તેને એક ઋષિએ વગડામાં ઉછેરયો હતો, તે હમેશાં જંગલમાં રખડી ખાતો. ભાટ લોકો કેહેછે કે, તેના વંશજ જો તે વસ્તીમાં થોડાજ ઉપયોગના હતા તોપણ જંગલમાં સિંહના જેવા હતા. આ કોળી લોકો સિંધુ નદીની પડોશમાં દરિયા કિનારે ઘણુકાળ સુધી રહ્યા, પણ હિંગલાજમાતા તેઓને નળ પાસેના દેશમાં લાવી અને તેઓ પોતાની સાથે બિરડનામે બીજ લાવ્યા તે એવું હતું કે દુકાળની વેળામાં પણ અફળ જાય નહિ. આવેળાએ આ લોકો મેર તેમજ કોળી કેહેવાતા હતા, અને સોનંગમેર તેઓનો ઉપરી હતો. તેને બાર છોકરા હતા, તેમાંથી દરેક, એકેકા કુળનો ઉપરી કેહેવાયો. મોટો છોકરો નરવાન કરીને હતો તે નલબાવલીમાં જઇને વસ્યો. ત્યાં હિંગળાજ દેવિયે પોતાને માટે બંધાવેલા દેવલમાં નિવાસ કરયો હતો. આ દેરૂં હવણાં નથી પણ નલમાંના એક બેટ ઉપર તેની જગ્યા બતાવવામાં આવેછે, ત્યાંનો એક આરો હવણાં હિંગળાજનો આરો* કરીને

---

૧ હવણાંનું તિર્હુત જે નેપાળની દક્ષિણે છે.

* બામ્બે પ્રાન્ચ આવ ધી રોયલ એશિયાટિક સોસાઇટીનું પુસ્તક. ૫મું પૃષ્ટ ૧૧૩.

કેહેવાયછે. બીજો છોકરો ધનમેર અથવા ધાંડ હતો, તેણે ધંધુકા વસાવ્યું, તે ઘણા વર્ષ સુધી તેના વંશજોના કબજામાં રહ્યું, અને તે એટલો બધો બળવાન્ થયો કે પોતે રાજાનું પદ ધારણ કરી લીધું. "તેની પાસે પંદર હજાર પાળા હતા, અરાડ હજાર અસ્વાર હતા, અને તેના કિલ્લા આગળ આઠ હાથી માથાં ઝોકાવતા હતા." બીજા ભાઇઓને દરેકને એકેકું ગામ હતું. ભાટ કેહેછે કે, આ સમયે ગૂજરાતમાં ભારે વસ્તી નહતી, પણ મ્હોટો વગડો હતો તેથી ભીલ અને કોળિયોથી નિર્ભયપણે રહી શકાતું હતું. તેઓ હાલની પેઠે તે વેળાએ પણ લુંટ કરવાનો વંશપરંપરાનો ધંધોજ લઈ બેઠા હતા, અને પોતે પોતાની મેળે "રાત્રિના દૂત" (નિશાચર) ગણેછે તેવાજ હતા. આ જંગલી જાતના લોકોને દાબમાં રાખવા સારૂ, ગૂજરાતના રાજા કર્ણ સોલંકિયે પોતાનું ધ્યાન પોહોંચાડવાની આગેવાની કરી હતી. તેમજ એના આજ સુધી થયેલા ક્રમાનુયાયિયોને એ સંબંધી થોડી ઘણી કાળજી રાખવી પડીછે.

લૂટારૂ જાતને વારે વારે જવાનાં રેઠાણોમાંનાં મુખ્યમુખ્ય રેઠાણ, કચ્છના ન્હાના રણની પૂર્વ ભણીથી તે સાબરમતી સુધીના દેશમાં હતાં. આશોભીલ, જે ભીલોનો આગેવાન હતો તે, આશાપલ્લીમાં રેહેતો હતો, હવણાં તે આશાવળ કેહેવાયછે અને અમદાવાદ શેહેરની પાસે છે. એ ભીલ ઉપર કર્ણ રાજાએ ચડાઈ કરી હતી એવું કેહેવાયછે. તે સમયે અગણિત કામઠીવાળા તેની સાથે હતા. પણ તે ભીલ હારચો અને કર્ણને હાથે મરાયો. કર્ણને અહિ સારા [1]શકુન થયા એટલા માટે કોચરવ દેવીનું તેણે એ ઠેકાણે દેરૂં બંધાવ્યું. આ નામ અમદાવાદની પાસે, નદીને કાંઠે એક જગ્યા છે તેથી હજી સુધી રહેલું છે. મેરતુંગ (પ્રબંધ ચિંતામણિનો કર્ત્તા) કેહેછે કે, આ ઠેકાણે રાજાએ જયવંતીદેવીનું એક દેરૂં બંધાવ્યું હતું, અને

---

૧ કર્ણ સોલંકી નગર વસાવવાનું સ્થાન નક્કી કરવા ઘોડે બેશી નીકળ્યો ત્યારે તેની સાથે એક શિકારી કૂતરો હતો તેની પછવાડે સસલાં પડયાં ને તે નદીની સામી બાજુએ પાણીમાં થઈને ભાગ્યો તે જોઇ સસલાંને મારવા કર્ણ તેમની પછવાડે ઝોંકાવી નદીમાં સસલાં હતાં તેમના ઉપર તરવારનો ઘા કરચો, તો તરવારનું પાનું જેટલા ભાગમાં પાણી અડયું હતું તેટલા ભાગમાં ગળી ગયેલું જણાયું. સાથે ભોમિયો હતો તેને કારણ પૂછતાં જણાવ્યું કે આ સ્થાનનો મહિમા એવો છે કે, સસલાં કૂતરાને હંફાવેછે અને અહિંનું પાણી એવું પાચન કારક છે કે લોહોડાને પણ ગાળી નાંખેછે.

પોતાના ઇષ્ટદેવ કર્ણેશ્વર તથા કર્ણમેરૂપ્રાસાદને નામે બે દેરાં ચણાવ્યાં હતાં, તેમજ કર્ણસાગર નામનું એક સરોવર બંધાવ્યું હતું, અને વળી કર્ણાવતી નામે એક નગરી વસાવીને તેણે તે પોતાનું રેહેવાનું ઠેકાણું કર્યું હતું. કર્ણાવતીની[1] જગ્યા તો, નિશ્ચય થાય એવી રીતે ઠરાવી શકાતી નથી. પરંતુ કર્ણસાગર નામના મહાન્ સરોવરનું ખરેખરૂં સ્થાન નક્કી કરવાને કશો શક રહ્યો નથી. અણહિલપુરપાટણની દક્ષિણમાં થોડે મૈલને છેટે, મોઢેરા શેહેરની પાસે એક ગામડું છે તે હજી સુધી કણસાગર કેહેવાયછે, તેની સીમમાં મહાન્ સરોવરની ભાંગી ગયેલી નિશાનિયો છે, અને આસપાસના ગામડાના લોકો તેને દસ મૈલનું તલાવ કરીને કેહેછે. વળી તે સિદ્ધરાજના બાપ, ભલા માણસ કર્ણનું તે છે એવી હજી સુધી ત્યાંના લોકોમાં દંતકથા ચાલેછે.

રાજા સરખાને ઘટિત એવી એ યોજના હતી, અને, કદાપિ બાંધણીના ભાગનું હવણાં થોડુંજ કંઈ રહેલું છે તોપણ તે યોજના કેવા પ્રકારની હતી તેનો સાફ રીતે પત્તો લાગી શકે એમ છે. બેરાલુની પેલીપારના ડુંગરમાંથી રૂપેણ નદી વેહેતી આવેછે તેનો રણ ભણી ચાલતો પ્રવાહ, આ ઠેકાણે રોકી લીધો હતો તેથી તેનું સર્વ પાણી કણસાગરમાં એકઠું થતું હતું. યોજના કરયા પ્રમાણે કામ નહિ બની શક્યું હતું એમ નહતું; કેમકે સૈંકડા પછી સૈંકડાં વહી ગયાં, વનરાજના વંશની વિસ્મૃતિ થઈ ગઈ, મુસલમાને દેશ જીત્યો, તેના ઉપર રાજ્ય ચલાવ્યું, અને તેનો વારો આવ્યો ત્યારે તેની પણ સમાપ્તિ થઈ, ત્યાર પછી તીડ સરખા મરાઠાનું વાદળું પણ

---

૧ કર્ણની પછવાડે મુસલમાન ક્રમાનુયાયી શાહઅહંમદ થયો તેનું શેહેર જ્યાં છે તેની જગ્યા ઉપર કર્ણનું નગર હશે એવો સંભવ છે. કોચરવ અને આશાવળીનાં નામથી આ જગ્યાનું ભાન થાયછે. અને જે ઠેકાણે હવણાં અમદાવાદ છે તે ઠેકાણે જૂનું હિંદુ નગર હશે એમાં શક નથી. મુસલમાની કથામાં શાહઅહંમદની સાથે આશાવળીનાં નામ મેળવ્યાં છે તે કદાચિત્ રાજા કર્ણની જૂની વાતને લાગુ પાડીને મેળવી દીધાં હશે. હવણાંના હિંદુઓમાં અને જૈન પુસ્તક અને લેખોમાં અમદાવાદને શ્રીનગર કરીને લખવામાં આવેછે. જેમકે, અમદાવાદની પાસે "દાદા હરિની વાવ કેહેવાય છે તે ઈ. સ. ૧૫૦૦ માં બેગડાના ઘરમાંની એક શ્રી નામે બાઈ હરિએ બંધાવી છે. તેના ઉપરના લેખમાં લખ્યું છે કે, "શ્રીનગરની ઈશાણ કોણમાંના હરિપુરમાં એ વાવ છે." શ્રીનગરનું નામ વળી સિદ્ધરાજના રાજ્યના વર્ણનમાં આવેલું આપણા જોવામાં આવેછે. એ ખરી વાત છે કે શ્રીનગર એ માત્ર ઉપમાનું નામ છે એનો અર્થ એવો થાયછે કે, રિદ્ધિસિદ્ધિવાળું નગર અથવા શેહેર.

પશ્ચિમની તોપના જુસ્સા ભરેલા ધધડાટથી ક્યારનુંય વિખરાઈ ગયું, તોપણ કર્ણું સોલંકિયે સાંકળી લીધેલી રુપેણ હજી સુધી અંતરાયલીજ રહી હતી; આખરે તેની બેડિયો ટૂટી અને એક ક્ષણવારમાં કર્ણસાગર સંભાળ લીધા વિનાનો ઉજ્જડ થઈ પડ્યો. *

મોઢેરા શેહેર છે તે સપાટ મેદાનથી તરતું, ઈંટોની ઈમારતોના કાઠથી નીચી ડુંગરી અથવા ટેકરો થયેલો તેના ઉપર આવી રહ્યું છે. તેની પાસેના પ્રદેશનાં લક્ષણ, અને રણથી આગળ ખેંચાઈ આવેલા ખારા પાણીના નળનું વિદ્યમાનપણું, એ ઉપરથી એવો સંભવ જણાયછે કે, એકવાર જે સમુદ્ર એ ભાગ ઉપર વિસ્તરાયલો હતો તેના કિનારાની છેક પાસે, અસલની વેળા એ શેહેર હશે. જૈન વૃત્તાંતમાં એનું નામ, મોધરપુર, અથવા મોધબંકપટ્ટણ લખેલું છે અને તે ઉપરથી ત્યાંના બ્રાહ્મણ મોઢ કરીને કેહેવાયછે. એ શેહેરની છેક પાસે હિંદુનું એક ઘણું સુંદર દેવાલય છે. તે ઉપરથી (મેરૂતુંગે દેવાલય બંધાયા વિષે લખ્યું છે તે પ્રમાણે કર્ણસાગર અને આશાવળની પાસે હોવાં જોઇયે.) અમને કલ્પના થાયછે કે, તે ગમે તો કર્ણેશ્વરનું દેરૂં કે પછી કર્ણમેરૂ પ્રાસાદ હોય. આ દેવાલયનું યથાર્થ વૃત્તાંત હવે પછી લખીશું, પણ આ ઠેકાણે અમારે લખવું જોઇયે કે, કર્ણસાગરને શોભાવનાર દેવાલયોમાંથી બે ન્હાનાં હજી સુધી રહેલ છે તે જેવી રીતથી અને જેવા આકારનાં બાંધેલાં છે તેને બરાબર મળતું આ દેરૂં છે. અને, વળી તેની બાંધણીમાં સર્વ ઠેકાણે સફાઈ જોવામાં આવેછે તે ઉપરથી જણાયછે કે, જે વેળાએ પૂર્ણ સાધન હશે અને બાહારના શત્રુની ભીતિ નહિ હોય તેજ વેળાએ એ બાંધવામાં આવ્યું હશે.

રૈવતાચળ અથવા ગિરનાર ઉપર નેમીનાથનું ભવ્ય ચૈત્ય છે તે પણ રાજા કર્ણનું બંધાવેલું કેહેવાયછે અને તેના નામ ઉપરથી કર્ણવિહાર કેહેવાયછે.

કર્ણરાજાને પોતાની પછવાડે ગાદી ઉપર બેસનાર કુંવર કેટલાંક વર્ષ સુધી થયો નહતો, પરંતુ તેના રાજ્યની સમાપ્તિની વેળાએ એક અદ્ભુત બનાવથી તે એવા એક કુંવરનો પિતા થયો કે જે કુંવરના ભાગ્યમાં અણુ-

---

* આ બનાવ ઈ. સ. ૧૮૧૪ માં નિપજ્યો. એના પેહેલાં એક વર્ષ અગાઉ કાળ પડયો હતો, અને તે વર્ષમાં વર્ષાદ એટલો બધો વરસ્યો કે રૂપેણ તે વેળામાં મ્હોટા પ્રવાહથી વેહેવા લાગી અને ચારે કાંઠે પાણી ફાટી ગયું.

હિલપુરની કીર્ત્તિને ઊંચસ્થાને પોહોંચાડી દેવાનું લખ્યું હતું. એક દિવસે, રાજા દરબારમાં જઈને બેઠો કે તરતજ, ચોપદારે આવીને તેને કહ્યું કે, એક છબી ચીતરનારો, ઘણા દેશોમાં પ્રવાસ કરતો કરતો આવી આપણે દરવાજે ઉભો છે, અને આપની હુઝૂરમાં આવવાની આજ્ઞા માગેછે. રાજાએ આવવા દેવાની હા કહી, એટલે ચીતારાને દરબારમાં આણી રજુ કરયો; તેણે આવતાં વાંતજ રાજાને નમન કર્યું અને નીચે બેશીને બોલ્યો, " અહો ! મહારાજા, આપની કીર્ત્તિ દેશેદેશ જઈ પોહોંચી છે, તેથી ઘણાલોકો આપના "વિષેનાજ વિચાર કરેછે, અને આપનાં દર્શન કરવા ઘણા આતુર થાયછે; મારા "મનમાં પણ ઘણા દિવસથી એવીજ ઇચ્છા હતી." એવું કહીને ચીતારાએ રાજાના મુખ આગળ છબિયોનો કાગળ મૂકયો. તેમાં એક રાજાના મ્હો આગળ લક્ષ્મી નાચતી ચીતરી હતી, અને તેની એક બાજુએ એક કુમારિકાનું ચિત્ર કાહાડયું હતું તે લક્ષ્મીના કરતાં પણ ઘણુંજ સુંદર હતું. રાજાએ ચિત્ર જોતાંજ પેલી કુમારિકાના ચિત્રનાં અત્યંત વખાણ કરયાં અને તે કેઈ જાતિની છે તે વિષે પૂછપરછ કરી. ચીતારાએ ઉત્તર આપ્યું. "દક્ષિણમાં "ચંદ્રપુર નામે એક નગર છે, તેનો રાજા જયકેશી* છે, તેની આ કુમારી "છે, એનું નામ મીનલદેવી+ છે. તે તેની યુવાવસ્થામાં છે. ઘણા રાજકું-"વર એને વરવાને ઇચ્છેછે પણ કોઇનું કેહેવું તે માન્ય કરતી નથી. તેનાં "સગાં વાહાલાંએ તેને કહ્યું કે, તારી યુવાવસ્થાના દિવસ વહી જાયછે માટે "તું પરણવાની હા કેહે, આ ઉપરથી, પોતાને મહા ગુણનો ભરેલો વર મ-"ળે એટલા માટે તે ગૌરીની પૂજા કરવા લાગી. બૌદ્ધ પંથના જતિઓ જે "પોતાનું માથું અને દાઢી મુંડાવેછે તેઓએ પણ ઘણા રાજકુમારોની છબિ-"યો ચીતરીને તેને બતાવી. પછીથી કોઈ અતિ કુશળ ચીતારો ચંદ્રપુર "આવ્યો તેણે રાજકુંવરીને આપની છબી બતાવી, તે જોતાંવાંતજ મનમાં "પ્રસન્ન થઈ ગઈ. અને પોતાની માતાને કહ્યું કે, મેં તો કર્ણરાજાને વરવાને "પસંદ કરયા છે. ઉત્તરમાંથી ઉડતાં પક્ષી આવેછે તેને તમારી પાસેથી આ-"વ્યાં હશે એમ જાણી તેઓને પૂછેછે. તમારી સાથે પરણવાની તેની ઇચ્છા

* બીજી જગ્યાએ જયકેશીને કર્ણાટકનો રાજા શુભકેશી જે દાવાગ્નિમાં બળી મૂવો તેનો પુત્ર કરીને લખ્યો છે.

+ સંસ્કૃતમાં એનું શુદ્ધનામ મયણલ્લદેવી છે. ભા૦ ક.

"ત્વરાથી પૂર્ણ થતી નથી, તેથી તે ખાતી નથી, ને પીતી પણ નથી. તે મ્લાનિ "પામી ગઈ છે, એટલા માટે તેણે મને છાનોમાનો તમારી પાસે મોકલ્યો "છે, અને જયકેશી રાજાની પણ એમાં ખુશી છે." આ પ્રમાણે કહીને ચીતારાએ, સોનું, રત્ન અને બીજી જે કંઈ ભેટ જયકેશિયે આપી હતી તે મુખ આગળ મૂકી. કર્ણ રાજાએ તે સ્વીકારી અને રાજકુમારીને પરણવાની તેના મનમાં ઘણી ઉત્કંઠા થઈ.

તરતજ પછી કુમારીને કર્ણ રાજા સાથે પરણાવવા સારૂ અણહિલપુરપાટણ લાવ્યા, રાજાએ પણ માન્ય કરવા પ્રમાણે તેનો ઘણો સત્કાર કરચો, અને તેને પટ્ટરાણી કરી સ્થાપી. તથાપિ મયણલ્લદેવીનાં વખાણ સાંભળીને રાજા જે મોહિત થઈ ગયો હતો તેને હવે તે ઘણીજ કદરૂપી જણાવા લાગી.[૧] અને અગરજો તેણે પરણેતર માન્ય કરીને પોતાનું વચન પાળ્યું તોપણ સંસાર વ્યવહાર ચલાવવાની તેણે ના પાડી. અને પોતાની આંખોથી પણ તેને પૂરી નિહાળી નહિ. પોતાના પતિના આવા નિશ્ચયને લીધે મયણલ્લદેવીને ઘણું દુઃખ થયું, તેથી પોતાની દાસિયો સહિત અગ્નિમાં બળી મરીને કર્ણરાજાને માથે હત્યા ચોંટાડવાને તૈયાર થઈ. કર્ણની માતા ઉદયામતી પણ પોતાની વહુનું દુઃખ જોઈ શકી નહિ એટલે તે કેહેવા લાગી કે, હું પણ એની સાથે મારા પ્રાણત્યાગ કરું છું. તેની પ્રજા પણ તેના ઘાતકીપણાની ખુલ્લે મ્હોડે વાતો કરવા લાગી, અને કેહેવા લાગી કે, ગાડીને શોભાવનાર થાય તેવો વારસ મળવાની જેવડે કરીને આશા અને તેથી વળી રાજ્યની દૃઢતા થાય એવું છતાં, રાજા ના કેહેછે તે ઠીક કરતો નથી. આવું કેહેતાં છતાં પણ રાજાને કશી અસર થઈ નહિ, અને જેવી ઠગાઈ ટામરે જુડાહ ઉપર કરી, અને મેરિયાનાએ (કવિ કેહેછે તે પ્રમાણે) એન્જેલોના ઇચ્છા વિનાના પ્રેમ પ્રતિ કરીને બલાત્કાર કરચો તેવા પ્રકારની ઠગાઇથી જો તે ઠગાયો હોત નહિ તો તેને પોતાની માનો અને સ્ત્રીનો છેવટ સુધી આગ્રહ અને પ્રજાની આતુરતા એઓની પરીક્ષા કરવાનો તેનો અભિલાષ પરિપૂર્ણ થયો હોત.

---

૧ દ્વયાશ્રયમાં લખ્યું છે કે, મયણલ્લાનું રૂપ જોઈ રાજા પ્રસન્ન થયો. રાજાને પરણે ઘણાં વર્ષ થયાં પણ પુત્ર થયો નહિ તેથી તેણે ઘણાં વ્રત ને લક્ષ્મી દેવીની ઉપાસના કરી. લક્ષ્મીદેવિયે પ્રસન્ન થઈ પુત્ર થવા વરદાન આપ્યું તેથી જયસિંહ નામે કુંવર થયો.

નમુંજાલા નામે એક ઘણી સુંદર [1]નટી સાથે રાજા પ્રેમમાં લુબ્ધાયો

---

૧ વિહ્લણ અથવા બિહ્લણ નામે કવિ કાશ્મીરનો રેહેવાશી હતો. તે ફરતો ફરતો અણહિલવાડમાં આવ્યો, તે વેળાએ કાશ્મીરમાં અનંતદેવનો કુમાર કળશદેવ રાજ્ય કરતો હતો. આ કવિ ત્યાંથી નીકળીને પ્રથમ મથુરા, વૃંદાવન, કાન્યકુબ્જ, કાશી, પ્રયાગ, અયોધ્યા, ડાહલ, ધારાનગર, ગૂર્જરદેશ, સોમનાથપત્તન અને સેતુબંધ સુધી ફરયો હતો. અને જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાં તેને કવિ લેખે માન મળ્યું હતું. દક્ષિણ દિશાનું આભૂષણ અને ચૌલુકય વંશના રાજાની રાજધાની કલ્યાણનગરમાં તે આવ્યો, ત્યારે ત્યાં કર્ણાટક દેશનો અધિપતિ ચૌલુકય વંશનો ભૂષણ એવો કુન્તલેન્દુ અથવા જેનું બીજું નામ ત્રૈલોક્યમલ્લ હતું તેણે અને તેના કુમાર વિક્રમાંકદેવે તેનો આદર સત્કાર કરીને રાખ્યો, અને વિદ્યાધિપતિની પદવી ઘણા પ્રકારની સંપત્તિ સાથે આપી. આ ઠેકાણે તેણે વિક્રમાંકદેવ ચરિત નામનું મહાકાવ્ય રચ્યું છે. તેમાંથી ઉપર પ્રમાણે વૃત્તાન્ત નીકળેછે. વિહ્લણ ચરિત નામનું ખંડ કાવ્ય છે, તેમાં એને માટે નીચે પ્રમાણે વૃત્તાન્ત આપ્યો છે. ગૂર્જરદેશમાં અણહિલપત્તન નામના નગરમાં વૈરીસિંહ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેની રાણી અવન્તિ ભૂપાલની કુમારી સુતારા (સુનારી) હતી, તેને શશિકલા નામની કન્યા હતી, તેને ભણાવવાને માટે એ કવિને રાખ્યો. કેટલેક સમયે બંનેને પ્રીતિ બંધાઈ, કેમકે, પ્રથમ ભવે તે બંને દંપતિ હતાં. રાજાના જાણવામાં આ વાત આવવાથી તે વિહ્લણને શૂળિયે ચડાવાની આજ્ઞા કરી, પણ શશિકલાએ પોતાની માતા પાસે સર્વ વૃત્તાન્ત કહીને તેની પછવાડે મરવાની ઈચ્છા બતાવી એટલે તેણે રાજાને સમજાવ્યો તેથી રાજાએ તેની વાત માન્ય રાખીને પોતાની કુંવરી વિહ્લણ વેરે પરણાવી.

આ વૃત્તાન્ત માન્ય રાખવા યોગ્ય નથી, કેમકે, વિહ્લણ ઈ. સ. ૧૧ મા શતકના ઉત્તરાર્ધમાં કાશ્મીર છોડીને અણહિલપત્તનમાં આવેલો છે, તે વેળાએ ભીમદેવનો કુમાર કર્ણરાજા રાજ્ય કરતો હતો (ઈ. સ. ૧૦૭૨) વૈરીસિંહ નહતો; કેમકે ચાપોત્કટ વંશમાં ઉત્પન્ન થયેલો વૈરીસિંહ તો ઈ. સ. ૯૨૦ માં દેવ થયો હતો, માટે કર્ણના સમયમાં તે ગૂજરાતમાં આવ્યો હતો એ વાત સિદ્ધ છે.

મયણલ્લદેવી કર્ણને ગમતી નહતી અને એક નટીના ઉપર તેનો પ્રેમ બંધાયો હતો, તેનો યોગ કરાવવાની યુક્તિમાં તેને ઠેકાણે પ્રધાને મયણલ્લ દેવીને દાખલ કરી દેતાં, સિદ્ધરાજ જયસિંહની ઉત્પત્તિ થઈ છે. એ વાતનો પ્રસંગ લઈને વિહ્લણે કર્ણસુન્દરી નાટિકા રચેલી જણાયછે. તેની વસ્તુ નીચે આપવામાં આવેછે તેથી જાણવામાં આવશે.

એક સમયે કર્ણ, ચંદ્રચૂડેશ્વર મહાદેવનું પૂજન કરતો હતો તેવામાં આકાશ માર્ગે ગંધર્વ કન્યાઓ વટાતી હતી, તેમાંથી એક શિવલિંગ ઉપર થઈને પસાર થઈ, તેથી તેના પુણ્યનો ક્ષય થતાં તે ભોંય ઉપર પડી ગઈ. રાજા પરિક્રમણ કરવા જતાં આ સુન્દરીને દીઠી, એટલે મોહિત થયો. પણ પોતાનું પૂજન પરિપૂર્ણ થતા સુધી તેણે પોતાનું મન વશ રાખ્યું. આ સમયે રાણીની પરિચારિકાઓ હાજર હતી તે સુન્દરીને રણવાસમાં લઈ ગઈ. રાજા પરવાર્યો પછી જોવા લાગ્યો તો સુન્દરી દીઠી

એટલે તેને એકાન્તમાં મળવાનો સંકેત કરયો. આ વાત એના એક મું-

---

નહિ, પણ રાત્રે તેને તેનું સ્વપ્ન લાગ્યું અને પૂર્વ પ્રીતિનો પ્રસંગ આવતાં તે જાગી ગયો, એટલે એના અંકુર રાજામાં રહી ગયા. તેના અમાત્ય સંપત્તકરના જાણવામાં હતું કે ગંધર્વ કન્યા મળે તો રાજા ચક્રવર્ત્તી થાય. તેથી તેવી સ્ત્રીના શોધમાં રેહેવા, અને તેની સાથે રાજાનો યોગ કરાવવા તેણે પોતાના પ્રણીધીને સૂચવી રાખ્યું હતું. એટલે પેલી સુન્દરીનું ચિત્ર રાજાના શરદુદ્યાનના લતામંડપની એક ભીંત ઉપર ચીતરી રાખ્યું હતું, તે રાજાના જોવામાં આવેછે અને વિદૂષક સાથે ગુપ્ત વાતોનો વિનોદ ચલાવેછે, એટલામાં દેવી ( રાણી ) ત્યાં આવી પોહોચેછે અને સુન્દરી વિષેની વાતો થતી સાંભળેછે તથા સુન્દરીનું ઢાંકેલું ચિત્ર તેના જોવામાં આવેછે એટલે રીસાઇને જતી રેહેછે.

બીજા અંકમાં રાજા રીસાયલી રાણીને મનાવેછે, અને વિદૂષકને કેહેછે કે, જે સ્ત્રીમાં મારૂં ચિત્ત પેઠું છે, તે સ્ત્રી મારા વિષે અનુકૂળ છે કે નહિ તેનો તપાસ કર. વિદૂષક તે પ્રમાણે કરતાં, અંતઃપુરમાં તેને સંતાડી રાખેલી વિરહાકુલ સ્થિતિમાં આવી પડેલી જણાઈ; તે વાત તેણે કર્ણને કહી. પછી કર્ણ શરદુદ્યાનમાં ચિત્ર જોઈ મનનું સમાધાન કરવા જાયછે, પણ રાણિયે તે ચિત્ર ઘશી નાંખ્યું હતું, તેથી રાજાને તે પણ જોવાનું બન્યું નહિ એટલે ખેદ પામેછે. આણી તરફ સુન્દરીને પણ અતિશય વિરહાગ્નિ વ્યાપી રહેલો હોતાં બાગના કુંડમાં નાહાવા માટે સખિયો સહિત જાયછે, અને પોતાની સ્થિતિ તેમને જણાવેછે. પણ છેવટે તે સ્થાને ફાંસો ખાઈને મરવાને પ્રવૃત્ત થાયછે. એટલામાં વિદૂષક રાજાને લઈને ત્યાં આવે છે અને તેને મરતી ઉગારેછે. અને એક બીજાને વાતો કરવાનો પ્રસંગ આવ્યો એટલામાં રાણી આવી પોહોંચેછે એટલે રંગમાં ભંગ થાયછે.

ત્રીજા અંકમાં સુન્દરી રાજા ઉપર પ્રેમપત્રિકા લખીને મોકલેછે, તે લઈ જનાર સખી, જઇને રાણીને આપેછે, અને જે સંકેતસ્થાનમાં એક બીજાએ મળવું, એવું પત્રિકામાં લખ્યું હતું તે સ્થાને પોતે સુન્દરીનો વેશ પેહેરીને જાયછે અને રાજાને પેલી પત્રિકા પોહોંચાડી દેછે. એટલે તે વાંચીને રાજા પણ ત્યાં આવે છે. રાત્રીનો અંધારાનો સમય હોતાં રાજા તેને સુન્દરી માનેછે અને તેનાં વખાણ અને રાણીની નિંદા કરેછે, તે પ્રસંગ જોઇને રાણી છતી થાયછે, એટલે તેની પાસે રાજા ક્ષમા માગેછે, પણ તેનો તિરસ્કાર કરીને દેવી ચાલી નીકળેછે.

ચોથા અંકમાં, અમાત્યને ચિન્તા થાયછે કે, ગંધર્વ કન્યા આવી છતાં રાજાની સાથે તેનો વિવાહ થઈ શકતો નથી; અને તે રાણીની ઈચ્છા વિના બની શકે એમ નથી તેથી તે રાણીને કેહેવા લાગ્યો કે, આપે ત્રણ વેળા રાજાનું અપમાન કરીને તેમને ક્રોધાયમાન કરયાછે માટે તમારે તેમને મનાવવા જોઈયે. ઘણું સમજાવતાં પણ રાણી માનતી નથી. ત્યારે અમાત્યે તેને એમ સમજાવી કે, આપનાં બેહેનનો પુત્ર વયે અને આકારે સુન્દરીના જેવો છે તેને સુન્દરીનાં આભૂષણ અને પોશાક પેહેરાવીને રાજા વેરે પરણાવીને તેમને રાજી કરો, આ પ્રમાણે રાજાની મશ્કરી કરવાનું રાણીને ગમ્યું અને અમાત્યના કેહેવા પ્રમાણે ગોઠવણ કરી. અમાત્યે પણ રાણીને ઠગી અને પેલા છોકરાને અંતઃપુરમાં વેશ પેહેરાવાને મોકલ્યો અને તેને બદલે

જાલ નામે પ્રધાનના જાણવામાં હતી તેથી તેણે નટીને સાટે મયણલ્લદેવીને અડાવી દીધી. કર્ણ જાળમાં સપડાયો, રાણી સગર્ભા થઈ, તેણે એંધાણીને માટે પોતાના પતિની રાજમુદ્રા યુક્તિબંધ મેળવી લીધી કે આગળ ઉપર વાંધો પડે તો કામમાં લાગે. રાજાના જાણવામાં નટીજ હતી તેથી પછવાડેથી તેને ઘણો પશ્ચાતાપ થયો, અને બ્રાહ્મણની સલાહ પ્રમાણે પીતળની સાત ઉન્હી ધીકાવેલી [1]મૂર્તિયોને બાઝવાનું ભયંકર પ્રાયશ્ચિત કરવાને રાજા તૈયાર થયો. પ્રધાને પછી, તેને યુક્તિથી ઠગ્યો હતો તે વાત કહી દીધી. આ પ્રમાણે મયણલ્લદેવી, પ્રતાપવંત સિદ્ધરાજ જયસિંહદેવની માતા થઈ, અને તેનો જન્મ પાલણપુરમાં થયો.

સિદ્ધરાજના પિતા કર્ણે, વિષ્ણુમાં પોતાના વિચાર રમમાણ કરીને ઈંદ્રિપુર (સ્વર્ગ)માં વાસ કરયો[2] ત્યારે તે છેક બાળક હતો. તેની બાલ્યાવ-

---

સુન્દરીને આણીને રાજા વેરે પરણાવી દીધી. પછવાડેથી કપટની વાત રાણીના જાણવામાં આવી પણ તેને ખરૂં કારણ સમજાવ્યું એટલે તે પણ સંતોષ પામી.

વિવાહ વિધિ પરિપૂર્ણ થયો એટલે ગર્જનનગર જીતવાને માટે રૂચિરકને મોકલ્યો હતો. તેની પાસેથી પ્રધાન વીરસિંહ આવીને જય મેળવ્યાના સમાચાર કેહેછે. એ પ્રમાણે નાટિકાની સમાપ્તિ થાયછે. ર. ઉ.

૧ સિદ્ધરાજ પ્રબંધમાં મેરૂતુંગ લખેછે કે, **अथ प्रातस्तद्दुर्विलसितात् प्राणपरित्यागोद्यतो नृपतिः स्मार्त्तांस्त त्प्रायश्चित्तंपप्रच्छ। तैस्तप्ततामृमयपुत्तलिकालिंगनमिति।** બીજો પાઠ એમ છે કે, **उद्यताय नृपतये स्मार्त्तैस्तप्ततामृमय पुत्तलिकालिंगन मिति प्रायश्चित्ते.** આમાં સાત પૂતળિયો પીતળની કહી નથી, પણ **तप्त** એ શબ્દને **सप्त** સમજીને સાત અર્થ થઇ ગયેલો જણાયછે.

૨ કર્ણે સંવત્ ૧૧૨૦ ચૈત્ર શુદિ ૭ થી સંવત્ ૧૧૫૦ પૌષ વદિ ૨ સુધી ૨૯ વર્ષ, ૮ માસ, અને ૨૧ દિવસ રાજ્ય કર્યુ. સિદ્ધરાજને સં૦ ૧૧૫૦ વર્ષે પૌષ વદિ ૩ શનિવારે શ્રવણ નક્ષત્રે, વૃષ લગ્ને પટ્ટાભિષેક કરયો તેનું કારણ પ્રબંધમાં એમ લખ્યુંછે કે સિદ્ધરાજ રમતો રમતો કર્ણની ગાદિયે બેશી ગયો એટલે તે શુભ સમય સમજી તેને રાજ્યાભિષેક કરી કર્ણ પોતે કર્ણાવતી નવી સ્થાપી ત્યાં રાજ્ય કરવા લાગ્યો.

કર્ણ સોલંકીના સમયમાં કચ્છ તાબાના કીર્ત્તિગઢનો રાજા કેશર મકવાણો, સિંધના રાજા હમીર સુમરા (બીજા) સાથેની લડાઈમાં મારયો ગયો તેથી તેના કુંવર હરપાળ, વિજયપાળ, અને સાંગાજી ગૂજરાતમાં આવ્યા. હરપાળ કર્ણરાજાનો માશીનો દીકરો એટલે મશીઆઈ ભાઈ થતો હતો. કર્ણ સોલંકીની રાણી ફૂલાંદેવીને બાબરો નામનો ભૂત નડતો હતો. તેની સાથે હરપાળે લડીને તેનો પરાજય

સ્થામાં રાજસત્તા મેળવી લેવા સારૂ સામસામા પક્ષકારો વચ્ચે વાંધો ઉઠેલો જણાયછે. કર્ણના ભાઈ ક્ષેમરાજના પુત્ર દેવપ્રસાદે રાજાના મરણની વાત સાંભળી એટલે તે સરસ્વતીને કિનારે ચિતા ખડકાવીને બળી મુવો, તેણે ત્રિભુવનપાળ નામનો એક પુત્ર પોતાની પછવાડે મૂક્યો હતો તે, બાળ રાજકુમારની પાસેનેપાસે રેહેતો હતો. અને પછવાડેથી, જ્યારે સિદ્ધરાજ, સમુદ્ર સુધી આખી પૃથ્વી જીતતો જીતતો ગયો ત્યારે ત્રિભુવનપાળ યુદ્ધમાં પોતાના રાજાની અગાડી રેહેતો. પ્રથમ તો રાજ્યની લગામ કર્ણની માતા ઉદયમતીના ભાઈ મદનપાળના હાથમાં રેહેતી, પણ આ રાજવંશી ત્રાસદાયક રીતે વર્ત્તતો હતો, અને મુખ્ય તો, દરબારનો પ્રખ્યાત અને મળતાવડો વૈદ લીલો કરીને હતો તેને દુઃખ દઇને તેની પાસેથી ઘણો પૈસો[1] લઈલીધો તેથી તેના સામી એક ટોળી થઈ, અને સાન્તૂ પ્રધાને યુક્તિથી બાળ રાજકુમારને કબજામાં કરી લઇને પોતાને ઘેર રાખ્યો અને મદનપાળને તેના સિપાઇયોને હાથે મારી નંખાવ્યો.[2]

આ વેળાએ, સર્વ રાજસત્તા, બાળરાજાની માતા મયણલ્લદેવીના સ્વાધીનમાં આવી. તેને સાન્તૂ, મુંજાલ અને બીજો એક ઉદો[3](ઉદયન) કરીને

---

કરી પોતાની આજ્ઞામાં રેહેવા કબૂલાત લીધી. એ જય મેળવવા બદલ કર્ણ સોલંકી તરફથી ઘણાં ગામો મળ્યાં. જે આજે હરપાળના વંશજ ઝાલા કેહેવાયછે તેના નામપરથી ઝાલાવાડ નામે ઓળખાયછે. હરપાળના વંશજ ધ્રાંગધરા, વાંકાનેર, લીંબડી, વઢવાણ, ચૂડા, સાયલા, લખતર, વગેરેના રાજકર્ત્તા છે. અને હરપાળના ભાઈ વિજયપાળનો વંશ હાલ મહીકાંઠામાં ઇલોલ વગેરે ગામોમાં છે, તથા સાંતાજીના વંશજ કટોસણ વગેરેના મકવાણા તાલુકદારો છે. ૨૦ ઉ૦

૧ બાત્રીશ હજાર રૂપિયા દંડ લીધો હતો.

૨ સિદ્ધરાજ પ્રબંધમાં એમ છે કે, મદનપાળને કર્ણપુત્રે ( સિદ્ધરાજે ) માર્યો બીજી પ્રતમાં એવો પાઠ છે કે, સાન્તૂ મંત્રિયે મદનપાળને પોતાને ઘેર બોલાવી સેવકો પાસે મારી નંખાવ્યો. ભા૦ ક૦

૩ ઉદો અથવા ઉદયન મારવાડનો શ્રીમાળી વાણિયો હતો.તે એક સમયે ચોમાસામાં ઘી વેચાતું લેવા રાતે જતો હતો. માર્ગમાં ચાલતાં કેટલાક માણસોને એક ક્યારામાંથી બીજા ક્યારામાં પાણી વાળતા દીઠા. તેમને જોઈને પૂછ્યું કે તમે કોણછો ? તેમણે કહ્યું કે અમે અમુક માણસના કામુક (દાહાડિયા) મજૂર છિયે. ઉદાએ કહ્યું કે મારા ક્યાં છે? તેઓએ સહજ ઉત્તર આપ્યું કે કર્ણાવતીમાં. આ કથન ઉપરથી તેને એવા શકુન સમજાયા કે હું કર્ણાવતીમાં જઈશ તો સેવકાદિની સમૃદ્ધિ પામીશ. પછી તે કુટુંબ સહિત કર્ણાવતી ગયો. ત્યાં વાયડા જ્ઞાતિયે બંધાવેલા વાયટગચ્છના શ્રી અજીતનાથના પ્રાસાદમાં દર્શન કરીને બેઠો હતો, એટલામાં શ્રાવક ધર્મ પાળનારી

હતો એ સર્વે પ્રધાનોનો કારભારમાં આશ્રય મળતો હતો. આ સર્વે, જાતિના વાણિયા હતા. અને જૈન ધર્મ પાળતા હતા. વીરમગામ આગળ મીનલસર (મયણલ્લ) અથવા માનસર અને ધોળકા આગળ મલાવ[1] અથવા મીનલ નામે બે સરોવર મીનલદેવિયે પોતાનું નામ આપી બંધાવ્યાં છે, તે તેણે પોતાના કારભારની વેળામાંજ બંધાવ્યાં હતાં.

મીનલસરની પૂર્વમાં એક ગણિકાનું ઘર હતું, તે પોતાની યોજના પ્રમાણે તલાવ બંધાવામાં નડતું હતું, તેથી આકારની ખામી મટાડવાને રાણિયે ઘણું દ્રવ્ય આપીને વેચાતું લેવા માગ્યું, પણ ગણિકાએ આપવાને ના કહી અને કહ્યું કે, રાણીનું નામ સરોવર બાંધવાથી જેવું પ્રખ્યાત થશે, તેવું મારૂં નામ, ઘર આપવાની ના કહેવાથી પ્રસિદ્ધ થશે. મયણલ્લદેવી ન્યાયી હતી તેથી તેણે બળાત્કાર કરચો નહિ. આમ કરવાથી તલાવના આકારમાં વિરોધ આવી પડયો ખરો, પણ તેથી તેના રાજ્યની [2]કીર્ત્તિ થઈ અને

---

એક લાછિ નામની છીપણે સાધર્મિક જાણી નમન કરી પૂછયું કે, તમે કોને ત્યાં અતિથિ થયા છો? તેણે ઉત્તર આપ્યું કે, હું પરદેશી છું તેથી જે બોલાવે તેનો પરોણો થાઉં. લાછિ તેને પોતાને ઘેર તેડી ગઈ અને પોતાના એક ખાલી ઘરમાં ઊતારો આપ્યો. કોઈ વાણિયાને ઘેર રંધાવી તેને જમાડયો. થોડો સમય ગયા પછી ઉદા પાસે કંઇ પસો ભેળો થયો એટલે તેણે પીઢરિયું ઘર પાડી નાંખી ઇંટોનું ઘર બંધાવવા પાયો ખોદાવ્યો. તેમાંથી એક દ્રવ્યભંડાર મળ્યો. વાણિયાએ તે લાછિને આપવા માંડયો, પણ તેણે કહ્યું કે એ તો તમારા ભાગ્યનું છે.

**कृतप्रयत्नानपि नैव कांश्चन स्वयं शयाना नपि सेवते परान्;**
**द्वयेपि नास्ति द्वितयेपि विद्यते श्रियः प्रचारो न विचारगोचरः**

લક્ષ્મી પ્રયત્ન કરતાં છતાં પણ કેટલાએકને સેવતી નથી; બીજા કેટલાએક સૂતેલા હોય છે, એટલે કે, પ્રયત્ન નથી કરતા તોયપણ (લક્ષ્મી) પોતાની મેળે તેમને સેવેછે. ઉપર જણાવેલા બન્ને પ્રકારના માણસો પાસે નથી હોતી અને હોય છે પણ ખરી, માટે લક્ષ્મીના પ્રચારનો વિચાર થઇ શકે તેમ નથી.

એણે પછી કર્ણાવતીમાં ૭૨ જિનાલયવાળો જિનપ્રાસાદ બંધાવ્યો. સિદ્ધરાજે એને મંત્રી ઠરાવીને સ્તંભતીર્થ મોકલ્યો. આ વેળાએ કુમારપાળ ભટકતો ખંભાતમાં આવ્યો ત્યારે ઉદયને એને પોતાને ઘેર મેમાન તરીકે રાખીને તેને સંતોષ પમાડયો. આ ઉપકારના બદલામાં આગળ જતાં જ્યારે કુમારપાળ રાજા થયો ત્યારે ઉદયનને પોતાનો મુખ્ય અમાત્ય ઠરાવ્યો.

૧ ખેડા જીલ્લામાં ઉમરેઠ કસબો છે તેમાં પણ મલાવ નામનું તલાવ છે.

૨ નોશિરવાનને પોતાનો મેહેલ ચણાવતાં એક ડોશીની ઝુંપડી નડી હતી, પણ તે તેણે તોડી પડાવી નહિ તેથી તેની કીર્ત્તિ હજી પણ ગવાય છે. જુવો મારી પ્રસિદ્ધ કરેલી પાદશાહી રાજનીતિને પૃ ૧૫૩ થી ૧૫૪ સુધી. ર. ઉ.

ત્યાં એક કેહેવત ચાલી કે, "જો તમારે ન્યાય જોવો હોય તો જઇને અ-લાવ જુવો." તેના પ્રધાનોએ પણ તેનું જોઇને મૂલ્યવાન સ્થાન બંધાવવા માંડ્યાં, તેમાં આપણો ગ્રંથકર્ત્તા[1] કર્ણાવતીમાં ઉદયનવિહાર નામના અપાસરાનું નામ દેછે અને "શ્રીમુંજાલેશ્વર" અને સાન્તૂનું સ્થાનક એવાં નામ લખેછે, તે સોવશા તેજ નગરમાં હશે.

શુક્લતીર્થની જરા ઉપર નર્મદા નદીનો એક આરો છે, તે બાહુલોદને (હવણાં ભાલોદ કેહેવાયછે) નામે ઓળખાતો હતો, ત્યાં આગળ સોમેશ્વરના દેરાની યાત્રા કરવાને જનારા પાસેથી વેરો લેવામાં આવતો હતો, તે બંધ કરવા સારૂ શિવના એક પૂજારિયે મયણલ્લદેવીને પોતાનો દેશ છોડતા પેહેલાં ઉશ્કેરી હતી, તે ઉપરથી વેરો માફ કરવાનું તેણે વચન આપ્યું હતું, તેના ધર્મ ગુરૂએ તેને કહ્યું હતું કે ગયા ભવમાં તું બ્રાહ્મણી હતી, અને દેવપટ્ટણ યાત્રા કરવા જવા સારૂ તું બાહુલોદ આગળ આવી હતી, પણ તારીપાસે દાણ માગ્યું તે આપવાને કંઈ હતું નહિ, તેથી તને આગળ જવા દીધી નહિ, તેથી તેના પરિતાપમાં અપવાસ કરવાથી તારૂં મૃત્યુ થયું હતું. હવણાં તેનો કોલ પાળવાનો લાગ આવ્યો એટલે મયણલ્લદેવી પોતાની સાથે સિદ્ધરાજને લઇને બાહુલોદ ગઈ, અને યાત્રાળુને જે અડચણો નાંખવામાં આવતી હતી તે જાતે જોવાને તેને પ્રસંગ મળ્યો. કર ઉઘરાવવાનું કામ જે પંચને સોંપ્યું હતું તેઓને હિસાબ લઈ રજુ થવાની આજ્ઞા કરી, અને હિસાબ જોતાં કર ઉઘરાવ્યો હતો તેની રકમ ઘણી મ્હોટી[2] થયેલી જોવામાં આવી, તોપણ, સિદ્ધરાજે પોતાની માના હાથમાં જળ મૂકીને કહ્યું કે, તમારે બાહાને ધર્મનું કામ કરવા સારૂ હું આ કર લેવાનું બંધ કરૂંછું. પછી મયણલ્લદેવિયે યથાવિધિ સોમેશ્વરની પૂજા કરીને એક હાથી, હાથમાં ત્રાજવાં ઝાલેલા એવા તુળા પુરૂષની[3] એક સોનાની મૂર્ત્તિ, અને બીજી મ્હોટી મ્હોટી ભેટ કરી.[4]

---

૧ મેરૂતુંગ.

૨ એ કરથી વર્ષે ૭૨ લાખની પેદાશ થતી હતી.

૩ અથવા કદાપિ મયણલ્લ દેવિયે પોતાની તુલા કરીને તેટલું સોનું દેવાલયમાં અર્પણ કર્યું હશે. કેમકે સાધારણ ચાલ તો એ પ્રમાણે કરવાનો છે.

૪ દ્વયાશ્રયના બારમા સર્ગમાં એવી વાત છે કે "એક દિવસ સિદ્ધપુરથી આવીને બ્રાહ્મણોએ ફરિયાદ કરી કે, તમે જે સત્રશાલા સરસ્વતી તીરે બાંધી હતી તેને

જેવામાં ગૂજરાતનો બાળ રાજા આ પ્રમાણે રોકાયલો હતો, તેવામાં માળવાના રાજા યશોવર્માને તેના રાજ્યના ઉત્તર ભાગ ઉપર ચડાઈ કરી, તે વેળાએ અણહિલવાડમાં સિદ્ધરાજની ગેરહાજરીમાં તેનો સાન્તૂપ્રધાન કામ ચલાવતો હતો, તેની પાસે ચડાઈ કરનારાઓને પાછા હઠાવાનાં પૂરાં સાધન નહિ હોય તેથી, કે પછી તે સાધનો ઉપયોગ કરવા જેટલી તેનામાં

રાક્ષસોએ વણસાડી નાખી. એ ઉપરથી રાજા પોતાના પ્રમાદને માટે પશ્ચાત્તાપ કરતો સેના લઈ ચાલ્યો. રાક્ષસોનો સ્વામી બર્બર અથવા બર્બરક જ્વાલાઓ કરતા એવા રાક્ષસોની સેના લઈ સામો આવ્યો અને શિલા તથા વૃક્ષનો વરસાદ વરસાવવા મંડ્યો. એથી ભયભીત થઇને જયસિંહની સેના પાછી હઠી. પણ પ્રતિહારે બહુ તિરસ્કાર કર્યાથી, તથા જયસિંહ પંડે યુદ્ધ નીકળવાથી પાછી ભેગી થઈ. બર્બર અને સિદ્ધરાજ જયસિંહ સામસામે થઈ ગયા, તેમાં જયસિંહે બર્બરને તરવારથી ઘા કર્યો, પણ તરવાર ભાંગી ગઈ. હાથે હાથ દ્વંદ્વ યુદ્ધ થયું. તેમાં સિદ્ધરાજે બર્બરને બાંધીને કેદ કર્યો. બર્બરની સ્ત્રિયે પ્રાર્થના કરી કે હવેથી એ દુરાચાર તજી સારે માર્ગે ચાલશે, અને નિરંતર તમારો દાસ થઈ રહેશે. પછી જયસિંહ દેવે તેને છોડી દઈ, તે સ્થાનનો રક્ષક ઠરાવ્યો."

તેરમા સર્ગમાં કહ્યું છે કે "સિદ્ધરાજ જયસિંહ રાત્રિયે એક વખત નગર ચર્ચા જોવા ફરતો ફરતો સરસ્વતી પાર ગયો. ત્યાં તો એણે કોઇને એમ બોલતાં સાંભળ્યું કે, હું તમને મૂકીને જીવનાર નથી, તમે કૂવામાં પડશો તો હું પણ તમારી પાછળ પડીશ. આ સાંભળી સિદ્ધરાજ ત્યાં ગયો, ને ત્યાં ઉભેલા નાગપુત્રને આશ્વાસન કરી, તેનું દુઃખ કાપવાની પ્રતિજ્ઞા કરી, હકીકત પૂછવા લાગ્યો. તેણે કહ્યું કે, મારૂં નામ કનકચૂડ છે ને વાસુકી નાગના ઇષ્ટ એવા રત્નચૂડનો હું પુત્ર છું, મારે મારા સહાધ્યાયી દમન જોડે વાદ થયો કે, જો એ હેમંતમાં લવલી દેખાડે તો મારે મારી ભાર્યા હારવી. એણે તો ગમે તે પ્રકારે તેમ કર્યું, અને હું હારયો. પણ એવામાં અમને બન્નેને બોલાવી નાગલોકે કહ્યું કે તમારામાંથી દમનનો વારો હુલ્લડ પ્રતિ જવાનો છે, માટે તેણે જવું. હુલ્લડ નામે એક વરૂણનું વરદાન પામેલો નાગ કાશ્મીરમાં રહેછે, તેણે એકવાર પાતાલને પાણીમાં ડૂબાવી નાખવા માંડયું, ત્યારે નાગલોકોએ તેની સાથે એવી શરત કરી કે, પ્રતિ વર્ષે તમારી પૂજા કરવા અત્રથી એક એક નાગ આવશે, ને જો તેમ ન થાય તો તમે ફાવે તે કરજો. હુલ્લડે આ વાત કબૂલ રાખી. પણ હવે તેના પ્રતિ જવું એ બહુ વિકટ છે, કેમકે કાશ્મીર હિમવાળો પ્રદેશ છે, તેથી ત્યાં જતાં મરી જવાય. આટલા માટે અત્ર આ કૂપ છે તેમાંથી ઉષ લઈ જઈ શરીરે લગાડવામાં આવે તો બચી જઈ સાજા સમા પાછા અવાય. દમનને જવાનું ઠર્યું તેથી તેણે મને કહ્યું કે, તું જો મને ઉષ લાવી આપે તો હું તને હોડમાંથી મુક્ત કરૂં. એ ઉષ લેવા હું અત્ર આવ્યો છું. પણ વજ્રમુખી માખીઓથી ભરેલા આ અંધારા કૂવામાં પડયા પછી હું જીવું એવી મને આશા નથી. આ મારી પ્રાણપ્રિયા મને તેમ કરવામાં વિઘ્ન કરેછે ને સાથે આવવા તૈયાર થઈ છે. આ કથા સાંભળી સિદ્ધરાજે તેને ધીરજ આપી ઉષ આણી આપ્યો અને તે ન્હાના કુમારને, બર્બર, જે એક નિષ્ઠાથી ભક્તિ કરતો હતો તેની સાથે પાતાળમાં પોહોંચાડી દીધો."

શક્તિ નહિ હોય તેથી, યશોવર્માનને પૈસાની રકમ આપીને પાછો કાહાડ્યો, પણ તરૂણ રાજા પોતાની રાજધાનીમાં જ્યારે પાછો આવ્યો ત્યારે જે નીપજ્યું હતું તે સાંભળીને ઘણો ક્રોધાયમાન્ થયો અને તે દિવસથી માળવાનો પરાભવ કરવાની મનમાં ગાંઠ વાળી.

સિદ્ધરાજ જેવામાં માળવા ઉપર ચડાઈ કરવાની તૈયારી કરતો હતો તેવામાં, અણુહિલવાડમાં સહસ્રલિંગીતલાવ[1] બંધાવાનું કામ ચાલતું કર્યું હતું. આ તલાવની દંત કથાઓ અને વાતો ચાલવા ઉપરથી તે ઘણું પ્રસિદ્ધ થયુંછે. એને માટે ખોદાણ કરેલું તે હજી સુધી પાટણ આગળ જોવામાં આવેછે, પણ બાંધણી માંહેલું કશું રહ્યું નથી. આ તલાવ ગોળાકાર અથવા બહુબાજુવાળું હતું, એને થોડી અથવા ઘણી મળતી આવે એવી બાંધણિયો ગૂજરાતમાં ઘણી જોવામાં આવેછે. વીરમગામના મીનલસરની ચોગરદમ મહાદેવનાં દેરાં બાંધેલાં હજી સુધી છે, તે પ્રમાણે, આ તલાવની ચારેમેર ફરતાં ઘણાંજ દેરાં હશે, તે ઉપરથી, તેનું નામ સહસ્રલિંગીતલાવ ઘણું કરીને પાડવામાં આવ્યું હશે. આ તલાવને લગતી નીચે લખેલી વાત ગાવામાં અને કેહેવામાં આજ સુધી પણ સાધારણ થઈ પડી છેઃ—

## *જશમા ઓડણની વાત.

કોઇએક સમયે માળવાના એક રેહેવાશિયે આવીને સિદ્ધરાજના આગળ, જશમાઓડણના રૂપનાં વખાણ કરચાં. રાજાએ તેને મેળવવાને ઘણા પ્રયત્ન કરચા, પણ સર્વ નિષ્ફળ ગયા. છેવટે, પાટણ આગળ તેણે સહ-

---

૧ આ તલાવ અકબરના વારામાં હતું. મક્કે જવા સારૂ તેનો વજીર બેરામખાન ગૂજરાત આવ્યો હતો અને પાટણ (અણહિલવાડ) આવી ઉતરચો હતો, તે વેળાએ ત્યાં મૂસીખાન લોદી રાજ્ય ચલાવતો હતો. આ વેળાએ બેરામખાન, એક જગ્યા નામે સહસનક, જે તેની પાસે એક હજાર દેરાં બંધાવ્યાં હતાં તેથી, કેહેવાતી હતી, તે જોવાને ગયો હતો. બ્રિગની ફેરિસ્તા ભાગ રજો. પૃ. ૨૦૩ પાટણ આગળ આજ ઉમરાવે ખાનસરોવર બંધાવ્યું હતું એવું કેહેવાયછે.

*** જશમા ઓડણનો રાસડો.**

આજ મિતિથી પૂર્વે પચાશ વર્ષપર દીકરિયોના મુખથી પંડિત જેષ્ટરામે ગવાતો સાંભળેલ હતો. અને તેમનાં બેહેન સુમારે ૬૦ વર્ષનાં છે તેમને જેટલો સાંભરતો હતો તેટલો ઉતરાવી મંગાવતાં પંડિત જેષ્ટારામ લખેછે કેઃ—મારી સમજણમાં એમ આવે છે કે નીચે લખી દર્શાવેલ રાસડામાં અર્થની આનુપૂર્વીપર લક્ષ્ય રાખતાં કોઈ કોઈ ઠે-

અલિંગતલાવ કરાવા માંડ્યું ત્યારે દૂધમલચાવડો જે પોતાનો બંનેવી હતો તેને માળવેથી ઓડ અને ઓડણો લાવવાને મોકલ્યો. દૂધમલ તેમને તેડવા ગયો, અને તેમને ગામ જઈ તેઓને કેહેવા લાગ્યો કે, સિદ્ધરાજ સોલં-

---

કાણે આખી તુકોની ન્યૂનતા પડેછે. આ રાસડો બનાવનારનો ઉદ્દેશ ગાનારિયોને સતીત્વનો બોધ થાય અને પાતિવ્રત્ય પાસે રાજ્ય વિભવ આદિ સઘળું તુચ્છ ભાસે છે, તેમ ઐતિહાસિક વૃત્તાંતની જોડે સદુપદેશ મળે છે.

"સર્વે નારી ભણે રાજા." આનો અર્થ એવો ભાસમાન થાયછે કે સર્વે એટલે સમસ્ત લોક કેહેછે કે, રૂપે રંગે વ્રતે અને ધર્મે નારી તે જશમા જ છે એમ ભણેછે એટલે કહેછે.

### રાસડો.

રાજા બેઠો ભરિ રે સભાએ,
જાચક આવ્યા જાચવા; સર્વે નારી ભણે રાજા. ૧
રાજા રે જશમાનું રૂપ,
એરે નારી તમ ઘર શોભતી; સર્વે નારી ભણે રાજા. ૨
રાજાએ મેલ્યા બારીગર બે ચાર,
કે જાઓરે જશમાને તેડવા; સર્વે નારી ભણે રાજા. ૩
ગાયો ચારતલ ભાઈરે ગોવાળ,
કે ક્યાંરે વાસો ઓડો તણો? સર્વે નારી ભણે રાજા. ૪
ખિરખિરીઆરડી વાડ,
કે ઘૂઘરીઆળો ઝાંપલો. સર્વે નારી ભણે રાજા. ૫
કાગળ દીધો જશમાને હાથ,
કે જશમાયે વાંચીને માથું ધૂણિયું. સર્વે નારી ભણે રાજા ૬
જશમાંએ દીધો સસરાને હાથ,
સસરે વાંચિને માથું ધૂણિયું. સર્વે નારી ભણે રાજા. ૭
વહૂ! તારૂં રૂપ સુરૂપ,
એણે રે રૂપે લાંછન લાગશે. સર્વે નારી ભણે રાજા. ૮
સસરા ! તું હઇડે મ હાર,
નહિરે ટળું જશમાં ઓડણી. સર્વે નારી ભણે રાજા. ૯
જશમાને વારેછે બાપ,
મ જાજો ધીઅડીરે ગઢ માંડવે. સર્વે૦ ૧૦
ઘેલા બાપા ઘેલડું શું બોલ,
એક વાર જાઉં ગઢ માંડવે. સર્વે૦ ૧૧
હારોરે દળાવ્યા જશમાએ ઘણું,
કળશી દળાવ્યો જશમાએ બાજરો. સર્વે૦ ૧૨

કીને વિશાળ તલાવ ખોદાવવું છે એટલામાટે ઘણા ઓડ અને ઓડણોનો ખપ છે. આવું સાંભળીને જશમા પોતાની નાતના લોકોને એકઠા કરીને પોતાના ધણીને લઇને પાટણ આવી. સિદ્ધરાજે આજ્ઞા કરી કે બીજા ઓડને નગ-

---

વિજયા દશમ કેરી રાત,
ઓડોયે ઉચાળા ખડકિયા. સર્વે૦ ૧૩
શરદ પૂનમ કેરી રાત,
ઓડોએ ઊચાળા પલાણિયા. સર્વે૦ ૧૪
ઓડોને ઊતારા દેવરાવો,
કે જશમાને ઊતારા મેડિયે. સર્વે૦ ૧૫
મેડિયેં તારી રાણીને બેસાડ,
અમે રે ઓડોને ભલાં ઝૂંપડાં. સર્વે૦ ૧૬
ઓડણોને દાતણિયાં દેવરાવ,
જશમાને દાતણ દાડમી. સર્વે૦ ૧૭
દાતણ તારી રાણીને દેવરાવ,
અમે રે ઓડોને ભલી ઝીલડી. સર્વે૦ ૧૮
ઓડણોને ભોજનિયાં દેવરાવો,
જશમાને ભોજન લાડવા. સર્વે૦ ૧૯
લાડવા તારી રાણીને જમાડ,
અમે રે ઓડોને ભલી રાબડી. સર્વે૦ ૨૦
ઓડણોને મુખવાસિયા દેવરાવ,
જશમાને મુખવાસ એળચી. સર્વે૦ ૨૧
એળચી તારી રાણીને ખવરાવ,
અમે રે ઓડોને ભલી મોથડી. સર્વે૦ ૨૨
ઓડણોને પોઢણિઆ દેવરાવ,
જશમાને પોઢણ ઢોલિયો. સર્વે૦ ૨૩
ઢોલિયે તારી રાણીને સુવરાવ,
અમે રે ઓડોને ભલી ગોદડી. સર્વે૦ ૨૪
જશમા ઓડણ હાલો મારે દ્વાર,
કહો તો બતાવું મારી રાણિયો. સર્વે૦ ૨૫
જેવું તારી રાણિયોનું રૂપ,
તેવીરે મારે ઘેર ભોજાઈયો. સર્વે૦ ૨૬
જશમા ઓડણ અમારે ઘર હાલ,
કહો તો બતાવું મારા કુંવરો. સર્વે૦ ૨૭
જેવું તારા કુંવરોનું રૂપ,
તેવારે મારે ઘેર ભત્રીજા. સર્વે૦ ૨૮
જશમા ઓડણ હાલો મારે દ્વાર,
કહો તો બતાવું મારા હાથિયો; સર્વે૦ ૨૯

રની બાહાર ઉતારો આપવો, પણ જશમાને મેહેલમાં આણવી. જશમાએ ના કહી, અને બોલી કે, " મેહેલમાં તો રાણિયો સૂવે, ઓડણને તો ભોંય ઉપરજ પડી રેહેવું શોભે."

જ્યારે તલાવ ખોદાવા માંડ્યું ત્યારે રાજા પોતે આવીને તપાસ રાખવા બેસતો; તેને જશમાનો ઘણો મોહ લાગ્યો. તેણે તેને કહ્યું " જશમા, આવડો બધો માટીનો ભાર ઉચકીશ નહિ, એથી તારૂં શરીર બગડશે." તે બોલી, "એ વાતની કાંઈ ચિંતા નથી" ત્યારે તેણે કહ્યું કે, "તું તારા બાળકની સંભાળ રાખ ને બીજી ઓડણોને માટી વેહેવા દે." તેણિયે ઉત્તર આપ્યું, "આમલીની ડાળિયે મેં એની ઝોળી બાંધી છે ત્યાં આવતી જતી હું એને હિંચકા નાખુંછું."

જ્યારે ખોદવાનું કામ પૂરૂં થયું ત્યારે રાજાએ બધા ઓડને તેમની મજુરી ચૂકાવી આપી; પણ જશમાને કહ્યું કે, તું તો હવણાં રેહે તને પછીથી આપીશું. બીજા ઓડને જવાની રાજાએ આજ્ઞા આપી, તેઓની સાથે જશમા પણ છાની માની જતી રહી. રાજાએ જ્યારે આ વાત જાણી ત્યારે, અશ્વાર થઇને મોઢેરા સુધી તેમની પછવાડે દોડ કરીને કેટલાક ઓડને ઠેર કરયા. તે ઉપરથી જશમાએ પોતાના પેટમાં કટારી મારી અને મરતાં મરતાં શાપ દીધો કે, " એના તલાવમાં પાણી ટકશે નહિ."

---

જેવું તારા હાથિયોનું રૂપ,
તેવીરે મારે ઘેર ભેંસડી. સર્વે૦ ૩૦
કેવડું ખણાવશો તલાવ ?
કેવડી ખણાવશો તલાવડી ? સર્વે૦ ૩૧
લાખેં ખણાવશું તલાવ,
અરધ લાખે તલાવડી. સર્વે૦ ૩૨
જશમા તારો પરણ્યો દેખાડ,
કિયોરે જશમા તારો ધરધણી. સર્વે૦ ૩૩
સોનઇયો હીંસ છે હાથ,
રૂપલા વેઢ ઓડો તણા. સર્વે૦ ૩૪
જશમા માટી ગોડેરી ઊપાડ,
તારીરે કેડે લિચ્ચક લાગશે. સર્વે૦ ૩૫
ઘેલા રાજા ઘેલડું શું બોલ?
એહ રે અમારો કસબ થયો. સર્વે. ૩૬

રાજા પાછો પાટણ આવ્યો ત્યારે તેણે તલાવ સૂકાઈ ગયલું જોયું. તેણે પ્રધાનને પૂછ્યું કે શું કરિયે તો તલાવમાં પાણી ટકે ? પ્રધાને જોશિયોને પૂછીને કહ્યું કે, જો એક માણસનો ભોગ અપાય તો શાપ મટી જાય. આ વેળાએ ઢેડ લોકોને નગરની બાહાર વસવા દેતા, તેઓ ઓળખાય એટલા માટે માથે કાચું સૂતર બાંધતા અને હરિણનાં શીંગડાં કેડે લટકાવતા. તેથી લોકોને તેમને ઓળખી આઘા ખશી જવાનું ફાવતું હતું. રાજાની આજ્ઞા થઈ તે ઉપરથી માયો કરીને એક ઢેડ હતો તેનું માથું તલાવ વચ્ચે કાપી નાંખવાનો ઠરાવ થયો કે જેથી પાણી રેહે. માયો વિષ્ણુની સ્તુતિ ગાતો મરી ગયો, ત્યારથી તલાવમાં પાણી રેહેવા લાગ્યું. માયાએ મરતી વેળાએ રાજા પાસે માગી લીધું હતું કે, મારા બળિદાનના બદલામાં, ઢેડ ઉપર હવેથી શેહેર બાહાર વસવાનો અને જૂદો પોશાક પેહેરવાનો બલાત્કાર કરશો નહિ. રાજાએ આ વાત માન્ય કરી, તે દિવસથી માયાની ખાતર ઉપર લખેલી છૂટી આપી.

આ થઈ રહ્યા પછી, જયસિંહે ત્વરાથી ઉજ્જણ જવાની તૈયારી કરવા સારૂ ગામે ગામથી પોતાની સેના એકઠી કરી. અને કૂચ કરતો કરતો, રસ્તે જેનાં શેહેર આવે તે રાજાઓને જીતીને તેમને પોતાની સાથે લેતો લેતો, અને પોતાની સેનાને વધારે સપાટ રસ્તો મળે એટલા સારૂ ઉંચી જગ્યાઓને સપાટબંધ કરાવતો આગળ ચાલ્યો. કેટલાક ભીલના આગેવાનો પણ અત્યંત ચંચળાઈ બતાવતા રાજાની સાથે ચાલ્યા, તે જેમ રામની આસપાસ હનુમાનની સેના ચાલતી દેખાતી હતી તેવા દેખાવા લાગ્યા. છેવટે ગૂજરાતના રાજાએ ક્ષિપ્રા નદીને કાંઠે પડાવ કરચો; તંબુ ઠોકાયા, ઘોડા હારબંધ બંધાયા અને બીજું બાકીનું જે જ્યાં ઘટે તે ત્યાં ગોઠવાયું. પછી જયસિંહના તંબુમાં ગમત ચાલી—નૃત્ય કરનારિયોના નાચ તેના આગળ થવા માંડ્યા.

કેહેછે કે, સિદ્ધરાજે [1]માળવામાં બાર વર્ષ સુધી લડાઈ ચલાવી, તેથી તેને ઘણી કીર્ત્તિ મળી, પણ રાજધાની ધારાનગર લેવાના ઘણા હુમલા

---

૧ સિદ્ધરાજે માળવા સાથે લડાઈ ચલાવી તે જૂનાગઢના રાહ ખેંગાર ઉપર જીત મેળવ્યા પછી કરેલી જણાયછે. કેમકે સૌરાષ્ટ્રની જીત કરચાથી તેની યાદગીરીમાં, પોતાને (જયસિંહને) નામે સિંહ સંવત્સર (સંવત્) ચલાવ્યો. જેની શરૂ-

કરયા તે નિષ્ફળ ગયા, તેથી તેનું મન પાછું હઠી ગયું, અને તેનો મું-જાલ મંત્રી જે રાજ્યમાં પાછા તેડી જવાના વિચારથી આવ્યો હતો તેની સં-

---

આત સંવત્ ૧૧૬૯–૭૦ એટલે ઈસ્વીસન ૧૧૧૩–૧૪ માં થયલી છે. અને માળવા સાથની લડાઈ ત્યાંના રાજા યશોવર્મન્ સાથે વર્ણવી છે. પણ ખરૂં જોતાં તે લડાઈ તેના પિતા પરમાર નરવર્મન્ જે સંવત્ ૧૧૬૦ થી ૧૧૮૯ સુધી ( એટલે ઇસવીસન ૧૧૦૪થી ૧૧૩૩ સુધી ) હતો તેના સમયમાં શરૂ થઈ અને તે પછી તેની ગાદિયે આવનાર તેના કુંવર યશોવર્મન્ સાથે ચાલુ રહી તેમાં તેને કેદ કરી અણહિલપુર લાવ્યો. યશોવર્મા સંવત્ ૧૧૮૯થી ૧૧૯૯ સુધી ( એટલે ઈસવીસન ૧૧૩૩ થી ૧૧૪૩ સુધી) હતો. મતલબ કે સિદ્ધરાજે માળવાની જીત પોતાની છેલ્લી અવસ્થામાં કરેલી છે.

કુમારપાલ પ્રબંધમાં એમ લખે છે કે, સિદ્ધરાજે દિગ્‌વિજય કરવા જતાં બાર વર્ષે ધારાનગરી લીધી; તેને ત્રણ કોટ હતા તે તોડી નાકામાં પ્રવેશ કરવા જતાં તેના કમાડોને લોઢાના આગળા હતા તે તોડતાં તેનો યશઃપટહ નામે હાથી હતો તે મરણ પામ્યો, ને માળવાનો રાજા નરવર્મા જીવતો પકડાયો." નરવર્મા ઈ. સ. ૧૧૦૪ થી ૧૧૩૩ સુધી હતો તેના ઉપર સિદ્ધરાજે પ્રથમ ચઢાઈ કરેલી જણાયછે. અને ત્યારપછી તેનો કુંવર યશોવર્મા ઇ. સ. ૧૧૩૩ થી ૧૧૪૩ સુધી હતો તેની સાથે લડાઈ ચાલતી રેહેતાં સિદ્ધરાજની તરવાર બાર વર્ષ ખુલ્લી રહી. માટે તેનું મ્યાન કરાવવા તે રાજાના પગની થોડી ચામડી ઉતરાવી; એટલામાં તેના પ્રધાનોએ કહ્યું કે મહારાજ ! નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે, "રાજા અવધ્ય છે", માટે આપે એને મૂકી દેવો. આ ઉપરથી તેને જીવતો રાખી કાષ્ટપિંજરમાં પૂરાવ્યો. ચતુર્વિંશતિ પ્રબંધ અંતરગત મદનવર્મ પ્રબંધમાં પણ એમજ લખ્યું છે. અને વિશેષમાં જણાવેછે કે, સિદ્ધરાજે મહારાષ્ટ્ર, તિલિંગ, કર્ણાટ, પાંડચ આદિ રાજ્ય વશ કર્યાં.

બુંદેલખંડમાં હમણાં જયાં મહોબા છે ત્યાં ચંદેલ કુલના રાજા થયા છે અને જેના સંવત્ ૧૧૮૬ થી ૧૨૨૦ સુધીના લેખો મળી આવેછે તે પ્રસંગમાં કુમારપાળ પ્રબંધમાં લખેછે કેઃ–

એક સમયે તેની સભામાં આવીને કોઈ ભાટે ચિત્રકૂટની પાસેના મહોબક નગરના રાજા મદનવર્માનાં વખાણ કર્યાં. એટલે પોતાના એક મંત્રીને ભાટની સાથે મહોબકપત્તન જોવા મોકલ્યો, તેણે પાછા આવીને ઘણાં વખાણ કરયાં, એટલે મોટું સૈન્ય લઈને સિદ્ધરાજ ત્યાં ગયો. મદનવર્માને ખબર થઈ કે સિદ્ધરાજ આવેછે એટલે તે બોલ્યો કે, બાર વષ સુધી ધારાનગરી આગળ પડયો રહ્યો હતો તેજ કે બીજો? એ કબાડી રાજાને કોહો કે, તમારે પુર કે ભૂમિ જોયતી હોય તો યુદ્ધ કરિયે અને જો એવી ઇચ્છા ન હોય તો ૯૬ કરોડ મોહોરો લઈને ચાલ્યા જાઓ. સિદ્ધરાજે દંડ લીધો, પણ મદનવર્મા જેવા મોજી રાજાને મળવાની ઈચ્છા જણાવી. તેણે થોડા માણસો સહિત આવવાની હા કહી, એટલે તે તેને મળવા ગયો. મદનવર્મા ઉઠીને સામો આવ્યો (ભેટયો) અને સિદ્ધરાજને સુવર્ણના આસને બેસારયો. અને બોલ્યો કે, સિદ્ધેન્દ્ર ! આપ મારા પરોણા થયા એ અમારાં મોટાં ભાગ્ય સમજિયે છિયે. સિદ્ધરાજે કહ્યું કે આવો વિવેક કરોછો પણ તમે તો મને કબાડી રાજા કોહોછો એ શું ? મદનવર્માએ કહ્યું આ કલિકાળ છે, આયુષ્ય ટૂંકું છે, રાજશ્રી પણ થોડીજ છે, બળ

બાહ પૂછવા લાગ્યો. તે પ્રધાનને યુદ્ધમાંથી નાશી જનાર એક સામા પક્ષના માણુસ પાસેથી સમાચાર મળ્યા તે ઉપરથી એવી આશા ઉત્પન્ન થઈ કે,

---

તુચ્છ છે, એમ છતાં ભાગ્યોદયે કરીને રાજ્ય મળેછે, તો તેનો સારો ઉપભોગ કરવો, તેને બદલે વિદેશમાં ભટકીને કાળ કાહાડવો એ કબાડીનું કામ કેહેવાય, માટે મેં આપને એવું કહ્યું છે.

સિદ્ધરાજે કહ્યું, તમારૂં કથન સત્ય છે. હું કબાડી ખરો, ધન્ય તો તમે કેહેવાઓ કે, આ પ્રમાણે સુખ ભોગવોછો. પછી સિદ્ધરાજ પાછો ફરયો, તેને ૧૨૦ પોતાના અંગરક્ષકો આપ્યા. તેઓ સકોમળ હોતાં અર્ધા તો રસ્તામાંજ મરણ પામ્યા. ને સિદ્ધરાજ અણહિલપુરમાં આવ્યો.

હિંદુસ્થાનના મધ્યકાલિક શિક્કાના પુસ્તકમાં મે. જ. સર. એ. કાનિંગહામે મહોબ અથવા જેહાહુતીના ચંદેલ રાજાઓની ટીપ આપી છે તેમાં મદનવર્મદેવના શિક્કાના આકૃતિ આપી છે, તેમાં એક બાજુ ઉપર ચાર હાથની પાવતીની મૂર્ત્તિ બેઠેલી આલેખેલી છે અને બીજી બાજુએ શ્રીમાન્ મદનવર્મ્મદેવ એવા અક્ષરો છે.

જેહાહુતી, અથવા જેજાકભુક્તિ એ ચંદેલોનો પ્રદેશ છે અને તે તેની રાજધાની મહોબ અથવા મહોત્સવના નામથી પ્રસિદ્ધ છે. ઉત્તરમાં જમના નદી, અને દક્ષિણમા કિયાન અથવા કેન નદી, પશ્ચિમમાં ધસાન નદી, અને પૂર્વમાં વિન્ધ્ય પર્વત એ દિશાઓની વચ્ચેનો પ્રદેશ તે છે. કેન અથવા કર્ણાવતી નદી ઉત્તરથી દક્ષિણમાં વેહેછે તેથી એ પ્રદેશના પૂર્વ અને પશ્ચિમ એવા બે લગભગ બરોબર વિભાગ પડી ગયા છે. પશ્ચિમ વિભાગમાં રાજધાની નગરો અને મહોબ અને ખજુરાહો આવી જાયછે, તેમજ પૂર્વ વિભાગમાં કાલંજર અને અજયગઢ નામના મ્હોટા કિલ્લાઓ આવી જાયછે. આ પ્રદેશનું ક્ષેત્રફળ ૧૨,૦૦૦ મૈલ કરતાં પણ વિશેષ હતું. ખજુરાહોમાં હજી પણ ભવ્ય દેવાલયોના સમૂહ આવી રહ્યા છે તે ઉપરથી તેની ધનાઢયતા જણાઈ આવેછે; તેમજ કનોજ ઉપર જીત મેળવેલી તથા મહમૂદ ગજનવીના સામી ટક્કર ઝીલેલી તે ઉપરથી એની સત્તા જણાઈ આવેછે. મહોબખંડ ઉપરથી જણાય છે કે આ દેશના રાજા ચંદ્રવંશી છે. અને બનારસના રાજગુરૂ હેમરાજની પુત્રી હેમાવતીનાથી તેઓની ઉત્પત્તિ છે એવી દંત કથા છે. પણ શિલાલેખો આદિમાં તેમને ચન્દ્રાત્રેય (ચન્દ્રક આત્રેય) વંશના ગણેછે અને એ લેખોથી ઉપરના કથનને કશો ટેકો મળતો નથી. ખજુરાહોના લેખમાં પ્રથમ પ્રાચીન રાજાનું નામ નન્નુક આપ્યું છે, જેનાથી છઠ્ઠી પેહેડિયે ધંજદેવ ઈ૦ સ૦ ૯૫૩ થી ૯૯૯ સુધી થયો છે. અને તેનાં આપેલાં તામ્રપત્રમાં તો તેના દાદા હર્ષદેવનુંજ પ્રથમ નામ છે. બારમો રાજા કીર્ત્તિવર્મદેવ થયો તેના શિક્કા મળી આવ્યા છે તેના પેહેલાંના મળી આવ્યા નથી. ચેદીનો કર્ણદેવ રાજા જે કલચુરી વંશનો હતો તેનો એ ખંડિયો હતો પણ પછવાડેથી તેનો તે મ્હોટા શત્રુ થઈ પડયો હતો. આ રાજાના શિક્કા માત્ર સોનાના મળી આવ્યા છે પણ ત્યાર પછીના રાજાના શિક્કા સોનાના અને ત્રાંબાના મળી આવ્યા છે માત્ર ચૌદમા રાજા જયવર્મદેવનો એક શિક્કો રૂપાનો મળી આવ્યો છે. સોનાના શિક્ક ૬૦ થી તે ૬૩ ગ્રેન વજનના છે. ત્રાંબાના પણ એટલાજ વજનના છે. એ સિવાય ૧૫ ગ્રેનના

જો કિલ્લાના દક્ષિણ દરવાજાને રસ્તેથી હલ્લો કરવામાં આવે તો કાંઈ વળે ખરૂં. આ હલ્લો કરવામાં સિદ્ધરાજ જાતે આગળ નીકળ્યો. તેના જે માનીતા હાથી[૧] ઉપર તે બેઠો હતો તે હાથિયે મનાય નહિ એવો યત્ન કરીને લોહોડાની ભૂગળે જડેલા ત્રીપોળિયા દરવાજામાંથી બે તોડી પાડ્યા, પણ આવો પરિણામ આણતાં તેનો જીવ ગયો. આ પ્રમાણે ગૂજરાતના રાજાને પેસવાનું મળ્યું એટલે એકાએક કિલ્લાનો ધણી થઈ પડ્યો, અને યશો-

---

વજનના ન્હાના શિક્કા પણ સોનાના અને ત્રાંબાના છે. ફેર માત્ર એટલોજ છે કે 'ત્રાંબાના શિક્કા ઉપર પાર્વતીને બદલે હનુમાનનો આકાર આલેખ્યો છે.

મહોબના ચંદેલ રાજાઓનો વંશ નીચે પ્રમાણે છે.

| અંક | વર્ષ | | નામ. | લેખનુંવર્ષ સંવત્ |
|---|---|---|---|---|
| | વિક્રમ સંવત્ | ઇસવી-સન. | | |
| ૧ | ૮૫૭ | ૮૦૦ | નન્નુકદેવ. | |
| ૨ | ૮૮૨ | ૮૨૫ | વાક્પતિ. | |
| ૩ | | ૮૫૦ | વિજય. | |
| ૪ | | ૮૭૫ | રાહિલ. | |
| ૫ | | ૯૦૦ | હર્ષદેવ. | |
| ૬ | | ૯૨૫ | યશોવર્મ વ. | |
| ૭ | ૧૦૧૦ | ૯૫૩ | ધંગદેવ. | ૧૦૧૧–૧૦૫૫ |
| ૮ | ૧૦૫૬ | ૯૯૯ | ગંડદેવ. | ૧૦૫૬ |
| ૯ | ૧૦૮૨ | ૧૦૨૫ | વિદ્યાધરદેવ. | |
| ૧૦ | ૧૦૯૭ | ૧૦૪૦ | વિજયપાલદેવ. | |
| ૧૧ | ૧૧૦૭ | ૧૦૫૦ | દેવવર્મદેવ. | ૧૧૦૭ |
| ૧૨ | ૧૧૨૦ | ૧૦૬૩ | કીર્ત્તિવર્મદેવ. | ૧૧૫૪ |
| ૧૩ | ૧૧૫૫ | ૧૦૯૭ | હલ્લકશનવર્મદેવ. | |
| ૧૪ | ૧૧૬૭ | ૧૧૧૦ | જયવર્મદેવ. | ૧૧૭૩ |
| ૧૫ | ૧૧૭૭ | ૧૧૨૦ | હલ્લકશનવર્મદેવ બીજો | |
| ૧૬ | ૧૧૭૯ | ૧૧૨૨ | પૃથ્વીવર્મદેવ. | |
| ૧૭ | ૧૧૮૬ | ૧૧૨૯ | મદનવર્મદેવ. | ૧૧૮૬–૧૨૨૦ |
| ૧૮ | ૧૨૨૨ | ૧૧૬૫ | પરમ દદેવ. | ૧૨૨૪ |
| ૧૯ | ૧૨૬૮ | ૧૨૦૩ | ત્રૈલોકયવર્મદેવ. | ૧૨૬૯–૧૨૯૭ |
| ૨૦ | ૧૨૯૭ | ૧૨૪૦ | વીરવર્મ પેહેલો. | ૧૩૧૨–૧૩૩૭ |
| ૨૧ | ૧૩૩૯ | ૧૨૮૨ | ભોજવર્મ | ૧૩૪૫ |
| ૨૨ | ૧૩૫૭ | ૧૩૫૦ | વીરવર્મ બીજો | ૧૩૭૨ |
| ૩૦ | ૧૫૭૭ | ૧૫૨૦ | કિરતસિંહ ( કીર્ત્તિ ) | |

૧ આ હાથીનું નામ યશઃપટહ હતું, તથા માવતનું નામ શામળ હતું. તે હાથીની યશોધવલ અથવા યશલદેવ ગણપતિરૂપે વળસર ગામમાં સ્થાપના થઈ.

વર્માને ટક્કર લેવામાં શૌર્ય બતાવ્યું છતાં તે ઝલાઈ ગયો. એટલે સિદ્ધરાજની પૂર્ણ જીત થઈ, અને જેમ ચારસો વર્ષ પછી તેના મુસલમાન ક્રમાનુયાયીનાં નિશાન માન્ડુના[1] બુરજાઓ ઉપર ચડ્યાં, તેમ તેનું નિશાન ભોજરાજાની નગરી ઉપર ફરકવા લાગ્યું.[2]

---

૧ માળવાના રાજાઓની નીચેની વંશાવળી, એક લેખ ઉપરથી મિ૦ એલ. વિલ્કિનસને ભાષાન્તર કરી, બેંગાલ બ્રાન્ચ આવ ધી એશિયાટિક સોસાઇટીના પુસ્તક ૫ માને પૃ. ૩૮૦ મે છપાવેલી છે તે ઉપરથી તથા બીજાં પ્રમાણ નીચે નોંધવામાં આવ્યાં છે તેને આધારે તૈયાર કરી છે.

૧ રાજા ભોજદેવ.

૨ ઉદયાદિત્ય.

૩ નરવર્મા સંવત્. ૧૧૯૦ ( સન ૧૧૩૪ ) માં મરણ પામ્યો. ઉજ્જયણના લેખનું કોલબ્રુકનું ભાષાન્તર. ટ્રૅન્ઝાકશન આવ ધી રૉ. એ. સો. ૧. પૃ. ૨૩૨.

૪ યશોવર્મ.

૫ અજયવર્મ. " આ રાજાની કૃપાથી વિદ્વાન્ અને નિપુણ રાજા શ્રી હરિશ્ચંદ્રદેવને રાજ્ય મળ્યું. " તેણે પોતાની નિલાગિરિ રાજધાનીથી બ્રાહ્મણોને દાન કર્યાં. સં. ૧૨૩૫ ( ઇ. સ. ૧૧૭૯ ) જુઓ જર્નલ બેં. એ. સો. પુ. ૭. પૃ. ૭૩૬.

૬ વિન્ધ્યવર્મ " એણે ગૂજરાત દેશ વશ કરી લેવાને મન કર્યું."

૭ અમુશ્યાયન.

૮ સુભટવર્મ, અથવા સોહડ. "આ વિજયી રાજાની, સૂર્યના અગ્નિમય કિરણ " સરખી, ક્રોધમય અતિ શકિત, જેણે તેનો ગર્જિત કોપ ગૂજરાતના પાટણનગર " ( અથવા નગરો ) માં ચલાવ્યો, તે ગૂજરાતમાં હજી સુધી પણ દાવાનળ લાગેછે " તેથી આજ પર્યંત દેખાઈ આવેછે."

૯ અર્જુન રાજા. " આ રાજા જયારે બાળક હતો, ત્યારે રમતાં રમતાં પણ તેણે જયસિંહ રાજાને નસાડી મૂકયો હતો." તેને માન્ડુના કિલ્લામાં સંવત્, ૧૨૬૭ના ફાલ્ગુન શુદિ ૧૦ મે ( ઇ. સ. ૧૨૧૦ ) રાજ્યાભિષેક કર્યો ત્યારે પોતાના કુલગોરને એક ગામ દક્ષિણામાં આપ્યું હતું.

૨ દ્ર્યાશ્રયના ચૌદમા સર્ગમાં કહ્યું છે કે " એક વખત સિદ્ધરાજને નગર ચર્ચામાં યોગિનિયોનો મેળાપ થયો; તેમને સર્વ પ્રકારે પરાસ્ત કરવાની એ ખંત રાખતો, કેમકે તે પોતાના લોકને કનડતી. જોગણિયે કહ્યું કે, તું અમારી પૂઠે પડયો છે તેમાં તારૂં સારૂં નહિ થાય. જો કલ્યાણ ઈચ્છતો હોય તો અવંતિના નાથ યશોવર્માને પગે પડ. અને તેની પેઠે અમને બલિદાનથી તૃપ્ત કર. જયસિંહ દેવે પ્રતિજ્ઞા કરી કે, તમારાથી થાય તે કરજો, પણ હું તમારા યશોવર્માનોજ પરાજય કરીશ. પછી પોતે મોટી સેના લઈને ચાલ્યો. રસ્તામાં ભીલ સેના આવી મળી. બધાંએ લશ્કરે અવન્તિ આગળ મેલાણ કર્યાં અને અવન્તિ અથવા ઉજ્જયિનીના કિલ્લાને તોડવાની તૈયારી ચાલી. એક દિવસ રાત્રે રાજા ફરતો ફરતો સિપ્રા ( ક્ષિપ્રા ) નદીના તટ ઉપર ગયો, ત્યાં તો યોગિનિયો ભેગી થઈ પોતાનુંજ એક પૂતળું બનાવી, તેના ઉપર પોતે

સિદ્ધરાજ ઘરભણી પાછો આવતો હતો તેવામાં રસ્તે જતા યાત્રાળુ લોકોને જે નાયકો લૂંટી લેતા હતા તેમના કિલ્લા ઉપર તેણે હલ્લા કરીને તેઓને નસાડી મૂકી દેશને નિર્ભય કરયો.

માળવાની જીત કરીને આવતાં; સિદ્ધરાજની અશ્વારી જયોત્સવ કરતી અણુહિલવાડમાં પેઠી તે અવસરે જીતી લીધેલા યશોવર્મન્ રાજાને યશપતાકારૂપ ગણી રાજહસ્તી ઉપર બેસારયો હતો, તે જોવાને પુરવાસિયોની ઠઠ્ઠ ભરાઈ હતી તેમાં દ્વયાશ્રયનો ત્યાર પછી થનારો ગ્રંથકાર હેમચંદ્ર—જૈનધર્મનો આચાર્ય, બીજા શ્વેતામ્બરોમાં મુખ્ય હતો, તેણે ગૂર્જરાષ્ટ્રના શૂરવીરની કીર્ત્તિ નીચે પ્રમાણે કરી, તે વેળાએ તેના ઉપર પ્રથમજ રાજાનું લક્ષ ગયું:—

भूमिं कामगवि स्वगोमयरसैरासिंच रत्नाकरा
मुक्तास्वस्तिकमातनुध्वमुडुप त्वं पूर्णकुंभी भव
धृत्वा कल्पतरोर्दलानि सरलैर्दिग्वारणा स्तोरणा
न्याधत्त स्वकरैर्विजित्य जगतीं नन्वेतिसिद्धाधिपः॥

ભાવાર્થ:—સિદ્ધરાજ પૃથ્વી જીતીને આવેછે. માટે અહો! કામદુધા! તમે તમારા ગોમયરસવડે ધરતીનું સિંચન કરો; અહો! સમુદ્ર,! તમે મોતીના સ્વસ્તિક પૂરો; અહો! ચંદ્ર,! તમે તમારા પૂર્ણ તેજથી પ્રકાશ કરો; અહો! દિશાના હાથિયો! તમે તમારી સુંઢોવતે કલ્પતરૂનાં પાંદડાંનું તોરણ ધારણ કરો.

જીત મેળવીને પાછા આવ્યાનો જયોત્સવ થઈ રહ્યો એટલે, હેમાચાર્યે એક +વ્યાકરણનો ગ્રંથ રચ્યો હતો તેના ગુણની પરીક્ષા કરાવાસાર,

---

(સિદ્ધરાજ) હારે એવો પ્રયોગ કરતી હતી, તે દીઠું. પછી જયસિંહ પોતે છતો થયો ને યોગિનિયો સાથે યુદ્ધ કરી, કાલિકા જે બહુ બહુ રૂપ ધરી આવતી હતી તેને પરાસ્ત કરી. કાલિકાએ પ્રસન્ન થઈ કહ્યું કે, "તું સાક્ષાત્ વિષ્ણુ છે અને યશોવર્માને જીતશે. આ સમાચાર રાત્રિયે યશોવર્માએ સાંભળ્યા એટલે યશોવર્મા છાનોમાનો ધારા નગરીમાં નાશી ગયો. પણ જયસિંહે અવન્તિનો કિલ્લો તોડી, તે લીધા પછી ધારા નગરી પણ તેણે જીતી લીધી અને યશોવર્માને જીતી કેદ કરયો."

+ વ્યાકરણ અષ્ટાધ્યાયી પાણિનિયે અષ્ટાધ્યાયી રચી છે તેવી હેમાચાર્યે રચી. અને તેમાં રાજાનું વર્ણન નથી એમ બ્રાહ્મણોએ કહ્યું તે ઉપરથી અષ્ટાધ્યાયીના ઉદાહરણરૂપ દ્વયાશ્રય કાવ્ય રચ્યું તે ઉપર અભયતિલકગણીની ટીકા છે.

અને તેણે જે ગ્રંથ રચ્યો હતો તે બ્રાહ્મણોના ગ્રંથોના આધાર ઉપરથી લખ્યો છે એવું સામાવાળા કેહેતા હતા તેઓનો બકવાદ બંધ કરવાને, એક સભા ભરી તેમાં પ્રમુખ થઈ બિરાજવાની સિદ્ધરાજને વિનતિ કરવામાં આવી, તેનો પરિણામ આચાર્યના લાભમાં ઉતરયો. રાજાની આજ્ઞા થવા ઉપરથી હેમાચાર્યનો ગ્રંથ એક રાજહસ્તી ઉપર મૂકી તે ઉપર શ્વેતછત્ર ધરાવી અને ચામર આદિ બીજાં રાજચિન્હ સહિત રાજમેહેલને ભંડાર લઈ ગયા. તથાપિ દુર્જનો કેહેવા લાગ્યા કે, એ પુસ્તકમાં કાંઈ રાજાના પૂર્વજોની કીર્ત્તિનું વર્ણન નથી. આવી વાત થતી સાંભળીને રાજાને જરા ખેદ થયો, પણ બીજે દિવસે વ્યાકરણને જ્યારે ફરીને તપાસ્યું, ત્યારે હેમાચાર્ય ખાંપણ સુધારવાને બરાબર તૈયાર થઈ રહ્યો હતો; તેના મુખમાંથી સોલંકી રાજાઓની કીર્ત્તિની ચતુરાઈ ભરેલી કવિતા નીકળવા લાગી. પછી તરતજ તેણે દ્વયાશ્રય ગ્રંથ રચીને મૂકી દીધેલા વિષયની પૂરતી કરી.

ત્યારપછી, સિદ્ધરાજનું લક્ષ મૂળરાજને અગ્નિદાહ દીધેલી જગ્યા ઉપર બાંધેલા ત્રિપુરૂષપ્રાસાદ અને બીજાં દરબારનાં દેવાલય ઉપર ગયું. તેમનો ખર્ચ ચલાવવામાં અને દેવની ઉપજમાં એટલું બધું હદપાર વાપરવા માંડ્યું કે [૧]ક્રિસસે જેમ સાયરસને ઉપદેશ કરયો હતો તેમ નીચે પ્રમાણે સિદ્ધરાજને ભવિષ્ય સૂચક ઉપદેશ કરવાની યશોવર્માનૂ રાજાને અગત્ય પડી. "માળવાદેશ લાખો રૂપિયાની ઉપજનો છે તોપણ, વાસણમાં જેમ સમુદ્ર "સમાઈ જાય તેમ ગૂજરાતમાં તે ખપી જાયછે. તેનું કારણ એ કે આ-

---

૧ સાયરસ ઇરાનનો પાદશાહ હતો, તેણે ક્રિસસને જીતી લીધો અને ચિતા ખડકાવી બાળી નાખવા હાજર કરયો એટલે ચિતામાં પડતા પેહેલાં તેણે સોલન! સોલન! એમ ઉચ્ચાર કરયો. ત્યારે તેને પૂછ્યું કે તેં સોલનને શા માટે સંભારયો? ક્રિસસે જણાવ્યું કે, હું જ્યારે મારી સંપૂર્ણ સમૃદ્ધિમાં હતો ત્યારે મેં સોલનને પૂછ્યું કે સુખી કોણ? ત્યારે તેણે અજાણ્યા કોઈ બે જણનાં નામ દીધાં. તેથી આશ્ચર્ય પામી મેં કહ્યું કે, તમે મને સુખી કેમ નથી કેહેતા? તેણે કહ્યું કે મનુષ્ય જ્યાં સુધી જીવતો હોય ત્યાં સુધી તે સુખી છે કે દુ:ખી તે કહી શકાય નહિ, કેમકે ભવિષ્યમાં શું નીપજશે? તેની કોઇને ખબર પડતી નથી. આ ઉપરથી તમે જોશો કે હું પોતાને ખરો સુખી સમજતો હતો તેને જીવતાં ચિતામાં બળી મરવું પડેછે, એવો સમય આવ્યો. તેથી સોલનના વાક્યની સત્યતા પ્રકટ થતાં મેં તેને સંભાર્યો. સાયરસને પણ આ કથનથી બોધ મળ્યો, અને ક્રિસસને તેનું રાજ્ય પાછું આપી પોતાના મિત્ર તરીકે માનવા લાગ્યો. ૨. ઉ.

"ગળ માળવો મહાકાળેશ્વર મહાદેવને[1] આપ્યો હતો તેથી તે દેવદ્રવ્ય "થયું તે અમે ભોગવ્યું; પણ સૂર્ય જેમ ક્ષિતિજમાં અસ્ત પામેછે તેમ અ- "મારો મહિમા અસ્ત પામી ગયો. તમારા વંશના રાજાઓ પણ જ્યારે "ધર્મના બધા ખર્ચ, આગળ જતાં પૂરા પાડી શકશે નહિ, અને મૂળમાંથી "સંકટ તમારો નાશ કરશે, ત્યારે એકે એક દેવને ખાતે આપવા કરેલો "ખર્ચ તેમને ઓછો કરી નાંખવો પડશે."

શ્રીસ્થળમાં મૂળરાજે રૂદ્રમહાકાળનું દેવાલય બંધાવ્યું હતું તે જીર્ણો- દ્ધાર કરાવ્યા વિના પડયું હતું અને બ્રાહ્મણોને પીડા કરવામાં રાક્ષસો[2] ચંડો

---

૧ વનરાજના પિતા જયશિખરીના શત્રુ તરીકે ભૂવડ રાજાવિષે આગળ લખ- વામાં આવ્યું છે. ઉજ્જયનમાં મહાકાળેશ્વરનું દેરૂં છે તેમાં ભૂવડને એના અવયવની ખાંપણ સુધારી તેના બદલામા આખું માળવા અને રાજધાની નગર મહાદેવને અર્પ- ણ કરી દઈને તેનું રક્ષણ કરવાનું કામ પરમાર રજપૂતોને સોંપ્યું હતું.

૨ દ્વયાશ્રયમાં આ રાક્ષસોના નાયકને બર્બર અથવા બર્બરક કરીને લખ્યો છે અને પૃષ્ટ ૯૮ ની ટીપમાં જે લેખનો ઉતારો કરયો છે તેમાં એજ નામને ઠેકાણે મા- ળવાનારાજાતરીકે બર્બરક કરીને લખવામાં આવ્યું છે; યશોવર્માએ ગૂજરાત ઉપર ચ- ઢાઇ કરી હતી અને તેથી સિદ્ધરાજને ક્રોધ ઉપજ્યો હતો તેને આ વાત લાગુ પાડી શકાયછે. (ગ્રંથકર્ત્તાની આ ટીપ બરાબર નથી, તેનો નીચેના લખાણથી ખુલાસો થાય છે.)

દ્વયાશ્રયમાં આ રાક્ષસોના નાયકને બર્બર અથવા બર્બરક કરીને લખ્યો છે. અને પૃષ્ટ૯૮માંના તથા ચૌલુકય વંશના બીજા તામ્રપટોમાં જણાવ્યા પ્રમાણે સિદ્ધરાજને बर्बरकं जिष्णु એટલે બર્બરકને જીતનાર કહ્યો છે સાધારણ રીતે એમ માનવામાં આવે છે કે સિદ્ધરાજ મોટાં પરાક્રમો બાબરા ભૂતના આશ્રયથી કરતો. તેને તેણે શ્મશા- નમાં એક મડદા ઉપર બેશી વશ કર્યો હતો. સોમેશ્વર પોતાની કીર્ત્તિકૌમુદીમાં કેહે- છે કે આ મહાન્ રાજાએ ભૂતોના રાજા બર્બરકને શ્મશાનમાં કેદ કરયો. અને રાજા- ઓમાં સિદ્ધરાજ તરીકે પ્રખ્યાત થયો.

श्मशाने यातुधानेन्द्रं बद्ध्वा बर्बरकाभिधम्.
सिद्धराजेति राजेन्दुर्यो जज्ञे राजराजिषु. ॥३८॥

દ્વયાશ્રય કોશમાં આ બર્બરને રાક્ષસ અથવા મ્લેચ્છનો અધિપતિ કેહેછે.તે શ્રી સ્થળ (સિદ્ધપુર) ના બ્રાહ્મણોને દુઃખ દેતો જયસિંહે તેને જીતી લીધો. અને તેની સ્ત્રી પિંગળીકાના કેહેવાથી તેને ઉગારયો. પછી બર્બરે જયસિંહને મૂલ્યવાન ભેટો આ- પી, અને બીજા રજપૂતોની પેઠે તે પણ તેની સેવામાં રહ્યો.

ડાકટર બ્યૂલર ધારેછે કે, બર્બરકો અનાર્યમાંની એક જાતિ છે. જે ઉત્તર ગૂ- જરાતમાં કોળી, ભીલ અથવા મેરની પેઠે સંખ્ય બંધ વશેલા છે. કાઠિયાવાડમાં આ બર્બર લોક વશ્યા તે હવણાં બાબરિયાવાડ કેહેવાયછે.

વાગ્યા હતા, તેથી હોમની જ્વાળાને આકાશમાં જવાનો વારો રહ્યો નહતો. સિદ્ધરાજે બ્રાહ્મણોના શત્રુઓને કાહાડી મૂકીને, પોતાના ઘણા કુશળ કારીગરોને દેરૂં પૂરૂં બાંધવાના કામમાં લગાડ્યા. પછી જોશિયોને પૂછવા ઉપ-

---

ટાડ સાહેબ (વેસ્ટર્ન ઇન્ડીયા પૃષ્ટ ૧૭૩–૧૯૫) ગૂજરાતના મેદાન ઉપર અગિયારમા ને બારમા સૈકામાં પાહાડી અને જંગલમાં રેહેનારાના હુમલા વિષે કેહેછે કે બર્બરકની સાથેની સિદ્ધરાજની લડાઇયો હશે.

બર્બર નામ જૂના સમયનું છે, અને હિંદુસ્થાનથી મોરોકો સુધી ફેલાયલું છે. (વિલસન પુ. ૭ મું પૃષ્ટ ૧૭૬) બર્બરસ અને બારબેરિયન એ બંન્ને નામ વચ્ચેનો સંબંધ માત્ર ઉચ્ચારના મળતાપણા ઉપરથીજ જણાયછે એમ નથી, પરંતુ સઘળા સંસ્કૃત પુસ્તકોમાં બર્બરોને, કાંઠે વસનારા પરદેશિયો અને અનાર્ય જાતિ કહી છે તે ઉપરથી સિદ્ધ થાયછે.

અરબ્બી ભાષામાં જંગલને બર કેહેછે. તે ઉપરથી બરમાં રેહેનાર તે બરબરી એમ પણ ધારણા થઈ શકેછે. ઉત્તર આફ્રિકા અથવા બાર્બરી સંસ્થાન કેહેવાયછે. તેમાં મોરોકો,આલજિરિયા, ટૂનિસ અને ત્રિપોલી આવી જાયછે.આ સંસ્થાનોમાંના ભૂમધ્ય સમુદ્રના કિનારા ઉપર વસનારા લોક બાર્બેરિયન કેહેવાયછે. કર્નલ ટાડના કેહેવા પ્રમાણે મોરોકોને મરૂકા=મરૂ=માર (રેતીનું રણ) તેનો જે દેશ તે મોરોકો, અને ત્યાંના રેહેવાશી મૂર કેહેવાયછે, તે શબ્દ મૌર શબ્દનો અપભ્રંશ થઈ શકેછે. મૌર એટલે મારૂકાના રેહેવાશી. ભેડ અથવા ભેર કે બેર એટલે ઘેટું. ઘેટાં રાખવા વાળા તે (મિ. બ્રુસના અભિપ્રાય પ્રમાણે) બેરમેર એટલે ભરવાડ. મૌરીતાનિયાના નોમાડિક રાજાઓ, તે માર થાન (આફ્રિકાનું મ્હોટું રણ) ના પલ્લી અથવા પાલી ભરવાડ રાજાઓ હતા. બાર્બરી અને ઇજિપ્તના ફીલીટા અથવા પાલી રાજાઓ તે કોણ? રાતા સમુદ્રના દક્ષિણ કિનારા ઉપર વસનારા અને આબિસિનિયાના રેહેવાશી બેરબેર લોક ત્યાંથી ખશીને ઉત્તરકાંઠા ભણી જઈ ત્યાં તેમજ એટલાસ પર્વત ઉપર વશી કબજો કરી રહ્યા, એટલુંજ નહિ પણ સહરાના રણ સુધી તેમની જાતિવાળા ધશી ગયા. અને તે ઉપરથી તેઓ વશ્યા તે સ્થાન બાર્બરી કેહેવાયું. સોલોમન અને તેના સમકાલિન સિશાકના સમયથી આફ્રિકાના પૂર્વકાંઠા અને હિંદુસ્તાન વચ્ચે ઘાડો વ્યવહાર ચાલતો હતો.

નીચેના શ્લોકોમાં બર્બર નામ આવેછે, અને ત્યાંના રાહુ જેવા ભયંકર દેખાવના લોકને બર્બર માન્યા છે:—

राहुर्बर्बरकेदेशे संजातः कामवर्जितः ।
गौत्रे पैठीनसेह्योहि सिंहारूढोवरप्रदः ॥

બર્બરક દેશમાં પૈઠીનસ ગોત્રમાં જન્મેલો, શરીર વગરનો, સિંહારૂઢ થયેલો વરદાન આપનારો એવો હે! રાહુ! તું છું તે અહીં આવ.

નીચેનો હનુમાન્ નાટકનો શ્લોક છે, તેમાં પણ બર્બરોનેજ રાક્ષસ માન્યા છે.

आसीदुद्भटभूपतिप्रतिभटप्रोन्माथिविक्रांतिको ।
भूपः पंक्तिरथो विभावसुकुलप्रख्यातकेतुर्बली ॥

રથી તેને ચેતાવવામાં આવ્યો કે દેવપટ્ટણના દેવાલયને જેમ પારકા દેશના યોદ્ધાના આવવાથી નુકસાન પોહોંચ્યું હતું, તેમ આ નવા દેરાને કદાપિ થાય. આ ઉપરથી સિદ્ધરાજે અશ્વપતિયોની અને બીજા રાજાઓની મૂર્ત્તિયો કરાવીને દેરામાં મૂકાવી, તથા તેમની પાસે પોતાની પણ એક મૂર્ત્તિ પ્રાર્થના કરતો હોય એવી ઢબમાં મૂકાવીને તે ઉપર લેખ લખાવ્યો તેમાં એવી વિનતિ કરી કે, "કદાપિ જો દેશનો નાશ કરવામાં આવે તોપણ આ દેવાલયનો નાશ કરવો નહિ." પછી મહાદેવની જયવંત ધ્વજા રૂદ્રમાળાના શિખર ઉપર ચડાવીને જૈનનાં દેરાં ઉપર આગલ ધ્વજા ચડાવવાની છૂટી આપતા નહિ તે રાજાએ કૃપાદૃષ્ટિ રાખીને ચડાવવાની આજ્ઞા આપી. શ્રીસ્થળ શેહેરે પોતાના રાજવંશી જીર્ણોદ્ધારકનું નામ સ્મરણ રેહેવાને આ વેળાથી પોતાનું સિદ્ધપુર નામ ધારણ કર્યું. જૈન લોકો આ વાતમાં એટલો વધારો કરેછે કે, આ જગ્યાએ રાજાએ મહાવીર સ્વામીનું દેરાસર બંધાવ્યું ને ત્યાં મેળો ભરયો.

પછી તરતજ સિદ્ધરાજ [1]માળવે ફરી ગયો અને ત્યાં ચોમાસું ગાળ્યું. ત્યાં એને મન ગમતા સમાચાર મળ્યા કે, સહસ્ત્રલિંગ તલાવ પૂરૂં

---

उर्वीबर्बरभूमिभारहतये भूरिश्रवाः पुत्रतां ।
यस्यास्स्वमथा विधाय महितःपूर्णश्चतुर्धाविभुः ॥ १ ॥

પૃથ્વી ઉપર બર્બરોનો (રાક્ષસોનો) ઘણો ભાર ઉતારવા સારૂ પૂજનીય ઐશ્વર્યથી પરિપૂર્ણ, અને યશસ્વી પરમાત્માએ પોતાનું સ્વરૂપ રામ, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન એવા ચાર પ્રકારે વેહેંચી જેનું પુત્રપણું ગ્રહણ કર્યું તેવો યોદ્ધો રાજાઓરૂપ પ્રતિદ્વંદ્વિયોનું મથન કરે તેવાં પરાક્રમવાળો, સૂર્ય કુળમાં પ્રખ્યાત ધ્વજરૂપ બળવાન્ દશરથ રાજા હતો. ર. ઉ.

૧ સિદ્ધરાજે માળવા સર કરયા પછી મહોબક (બુંદેલખંડમાંના હાલના મહોબ)ના ચંદેલરાજા મદનવર્મદેવને જીત્યો. એ મદનવર્મન્ સંવત્ ૧૧૮૬થી ૧૨૨૦ સુધી (ઈ. સ. ૧૧૩૦ થી ૧૧૬૪ સુધી) હતો. ચંદેલ કુળના સૌથી પ્રખ્યાત રાજામાંનો એ એક હતો.

"કીર્ત્તિકૌમુદી" માં કહ્યું છે કે–સિદ્ધરાજ ધારાનગર (માળવા) થી કલંજર ગયો. મહોબકના રાજાએ સિદ્ધરાજને પોતાના પરોણા તરીકે માન આપ્યું. ને પરોણાચાકરીની રીતે દંડ તથા ખંડણી આપ્યાં.

"કુમારપાળ ચરિત"માં કહ્યું છે કે–સિદ્ધરાજ ધારાનગરથી પાછો વળતો હતો ત્યારે પાટણ પાસે તેની છાવણીમાં એક ભાટ કચેરીમાં આવ્યો, તેણે કહ્યું કે "આપની કચેરી મદનવર્મન્‌ની કચેરી જેવી આશ્ચર્ય પમાડનાર છે. એ મદનવર્મન્ મહોબક શેહેરનો રાજા છે. તે ઘણો હુશિયાર, ડાહ્યો, ઉદાર, અને આનંદી છે."

બંધાઈ રહ્યું છે ને પાણીથી ભરાયું છે. ચોમાસું વીતે ગૂજરાત આવતાં રસ્તામાં **શ્રી**નગરમાં તેણે વાસો કરયો. ત્યાં ઘણાં દેરાં ઉપર ધ્વજાઓ ફરકતી જોઈ ને તજવીજ કરી, તે ઉપરથી બ્રાહ્મણોએ પોતાના ધર્મનાં જે જૂદાં જૂદાં દેરાં હતાં તે ગણાવ્યાં ને તે સાથે જૈનધર્મનાં હતાં તેની પણ ગણના કરી તે ઉપરથી **સિદ્ધરાજે** ક્રોધાયમાન થઇને કહ્યું; "ગૂજરાતની ભૂમિમાં જૈનનાં દેરાસરો ઉપર ધ્વજા ચડાવવા દેવાની આજ્ઞા કરી નથી તેમ છતાં તમારા નગરમાં મારી આજ્ઞા કેમ પાળવામાં આવી નથી?" આ ઉપરથી **શ્રીઋષભદેવ**ના ચૈત્યની વ્યવસ્થા કરનાર મહાજન હતું તે રાજસભામાં તામ્રપટ અને બીજા લેખ લઇને તેઓને પ્રાચીન કાળથી છૂટ મળી છે એવું સિદ્ધ કરવા આવ્યા. આ તકરારનું છેવટ આવતાં બ્રાહ્મણોએ પણ એ વાત માન્ય કરી, તે ઉપરથી ઉદાર મનના રાજાએ આજ્ઞા કરી કે આજથી એક વર્ષ પછી જૈન દેવાલયો ઉપર ધ્વજાઓ ચડાવવા દેવી.

**સિદ્ધરાજ**ના સેનાપતિઓમાં જગતૂદેવ (જગદેવ) કરીને એક પ્રખ્યાત **પરમાર** હતો તેના હૈયાતીપણા વિષે વઢવાણના ગ્રંથકર્ત્તા આચાર્યે લખ્યું છે, પણ તેમાં માત્ર એટલુંજ છે કે તે **ત્રિવીર** એટલે બળ, બુદ્ધિ, અને દ્રવ્યવાળો હતો; તથા **સિદ્ધરાજ** તેના ઉપર બહુ પ્રીતિ રાખતો હતો, પણ છે-

---

આ વાતની ખાત્રી કરવા, **સિદ્ધરાજે** પોતાનો દૂત ત્યાં મોકલ્યો. છ મહિને દૂતે આવી રાજાને ખાત્રી આપી કે ભાટનું કેહેલું ખરૂં છે. આ સાંભળી **સિદ્ધરાજ** એકદમ **મહોબક** ઉપર ચડાઈ લઈ ગયો અને શેહેરથી સોળ માઇલપર પોતાનું મેલાણ કર્યું. અને પ્રધાન સાથે **મદનવર્મન્**ને પોતાને તાબે થવાનું કેહેણ મોકલ્યું. **મદનવર્મન્** મોજમજા કરતો હતો તેણે આવેલા પ્રધાનની પરવા કરી નહિ.

**મદનવર્મને** કહ્યું કે, આ રાજા તેજ છે કે જેને **ધારાનગર** સાથે બાર વર્ષ લડવું પડ્યું. કબાડી અથવા જંગલી રાજા હોતાં તેને પૈસા જોઇતા હશે. માટે તેને જોઈતું હોય તે આપો. પછી પૈસા આપવામાં આવ્યા **સિદ્ધરાજ** તેની બેપરવાઇથી અજાયબ થયો. અને મળ્યા વગર રવાને ન થવાનું જણાવ્યું. **મદનવર્મને** તેને મળવાનું કબૂલ કર્યું. **સિદ્ધરાજ** પોતના ઘણા અંગરક્ષકો સહિત **મદનવર્મન્**ની રાજ્યવાટિકામાં ગયો. ત્યાં મેહેલ ખુશનુમા હતો. તેને ફરતી લશ્કરની ચોકી હતી. **સિદ્ધરાજ**ને ચાર અંગરક્ષકોથી મેહેલમાં દાખલ કરયો. આ રાજાએ **સિદ્ધરાજ**ની સારી રીતે પરોણાચાકરી કરી. પોતાનો મેહેલ, બગીચો, ખુશકારક ઘરો, બતાવ્યાં. **સિદ્ધરાજ**ની સારી બરદાસ રાખ્યા પછી રવાના થયા ત્યારે ૧૨૦ માણસ ચોકીવાન તરીકે આપ્યાં.

**દ્વયાશ્રય**માં કહ્યું છે કે **સિદ્ધરાજે** **માળવા**ને જીત્યા પછી **સિંધ** નામના જોડેના દેશના રાજાને પકડી કેદ કરયો.

વડે તે રાજાની ચાકરી છોડીને પરમર્દી રાજાના દરબારમાં ગયો, તે રાજાની પટરાણી એને ભાઈ કહીને બોલાવતી હતી.

જે વાત અમે હવે અમારા વાંચનારાઓને માટે રજુ કરિયે છિયે, અને તેનો મુખ્ય નાયક આ શૂરવીર સેનાપતિ છે, તેમાં ઇતિહાસ વિષયક કાંઈ સત્યતા નથી, તોપણ રજપૂતના જીવતરનું વીર્યવાન્ ચિત્ર આપણા આગળ તે ખડું કરેછે. અને અદ્‌ભુત કથાઓ જે ક્ષત્રીના પ્રત્યેક ખરા પુત્રને આનંદ પામવાનું મૂળ છે તેના નમુના તરીકે તે અણગમતું નહિ થઈ પડે.

---

૧. જગદેવ વિષે મેરૂતુંગે એમ લખ્યું છે કે, તે ત્રિવીર એટલે દયાવીર, દાનવીર અને યુદ્ધવીર પુરૂષ હતો. તેને સિદ્ધરાજે પોતાના સામંત તરીકે તેનો સત્કાર કરીને રાખ્યો હતો. પણ કુંતલના પરમર્દિ રાજાએ તેને બોલાવી લીધો. આ પરમર્દિ રાજા (છુરીકો અભ્યાસ) પટા ખેલવાનો અભ્યાસ કરતો હતો અને નિત્ય એક રસોઈયાને મારી નાંખતો હતો, તેથી તે કોપકાળાનળ કેહેવાતો હતો. આ રાજાની રાણિયે જગદેવને પોતાનો ભાઈ કરી માન્યો હતો. કુંતલેશ્વરે એને શ્રીમાલના રાજા ઉપર ચડાઈ કરવાની આજ્ઞા કરી તે પ્રમાણે તે ગયો. તે એવો શ્રદ્ધાળુ હતો કે દેવપૂજા કરવા બેઠો હોય તેવે સમયે ગમે તેવું સંકટનું ટાંકણું આવે તોપણ સેવા પૂર્ણ કર્યા વિના તે ઉઠે નહિ. આ વાત શ્રીમાળના રાજાના જાણવામાં આવી એટલે એણે એવા પ્રસંગનો લાગ જોઇને તેનો નાશ કરવા પોતાની સેના મોકલી, તેણે જગદેવનું ઉપરીપણું ન હોવાને લીધે તેની સેનાનો નાશ કરયો, પણ જ્યારે પૂજા પૂરી થઈ રહી ત્યારે ૫૦૦ સુભટો લઈને શત્રુની સેના ઉપર ટૂટી પડયો અને સૂર્ય જેમ અંધકારનો નાશ કરે, સિંહ જેમ હાથીના ટોળાને નસાડે, અને મહાવાયુ જેમ મેઘમંડળને ફીટાડી નાંખે એમ શત્રુની સેનાનો પલકવારમાં ધાણ વાળી નાંખ્યો. આ સ્થાને વિશેષમાં એમ લખ્યું છે કે સપાદલક્ષ રાજાને પૃથ્વીરાજની સાથે સંગ્રામ થયો તેમાં પરમર્દિ રાજા પણ સપાદલક્ષના પક્ષમાં હતો, પરંતુ તે ત્યાંથી હાર ખાઈને પાછો નાશી આવ્યો. જે પૃથ્વીરાજે ૨૧ વાર મ્લેચ્છોનો પરાજય કર્યો હતો ઈત્યાદિ હકીકત લખી છે પરંતુ પૃથ્વીરાજના સમય વિષે ગુંચવારો થાય છે.

# પ્રકરણ ૮.

## જગદેવ પરમારની વાત.

માળવા દેશની ધારા નગરીમાં, ઉદયાદિત્ય રાજા રાજ્ય કરતો હતો તેને બે રાણિયો હતી, તેમાં એક વાઘેલા કુળની હતી ને બીજી સોલંકી કુળની હતી; વાઘેલીને રણધવલ[1] કુંવર હતો. વાઘેલી માનીતી હતી. ને સોલંકિણી અણમાનીતી હતી. સોલંકિણીને જગદેવ કરીને કુંવર હતો; તે કાંઈક સામળે રંગે હતો પણ ફૂટડો હતો. રિણધવલ મ્હોટો કુંવર હતો તેથી તે યુવરાજ અથવા ગાદીનો વારસ હતો. બે ભાઇની વય વચ્ચે બે વર્ષનું છેટું હતું, જગદેવ બાર વર્ષનો થયો ત્યારે રાજાએ મુદાર નામના એક દાસને પૂછ્યું કે " સોલંકી રાણીને કુંવર છે કે નહિ ? " મુદારે ઉત્તર આપ્યો– " સોલંકિણી રાણીને જગદેવ કુંવર છે, પણ તે કદિ દરબારમાં આવતા નથી." રાજા બોલ્યો, " જગત્‌માં પુત્રથી કાંઈ વધારે નથી," એવું કહીને તેણે જગદેવને તેડું મોકલ્યું, એટલે જગદેવ દરબારમાં આવ્યો. તેનું અંગરખું ચણોટિયાનું ( જાડા ખદડ લૂગડાનું ) હતું; તેને માથે ફેંટો હતો તે માત્ર એક રૂપિયાની મતાનોજ હતો; તેના હાથ કાન અડવા હતા. આવી દશામાં તેણે આવીને નમન કર્યું. રાજાએ તેને છાતી સરસ્યો ચાંપીને પોતાની પાસે બેસારચો, અને તેનો પોશાક જોઇને બોલ્યો, " કુંવર ! તું આવાં લૂગડાં પેહેરેછે એનું કારણ શું ? " જગદેવે કહ્યું, " મારી તપશ્ચર્યામાં ખામી છે; મહા- " રાજાને ઘેર જન્મ પામ્યો તો ખરો, પણ તેજ મહારાજાના માળવા દેશમાં

---

૧ કર્નલટાડે, ( રાજસ્થાન ભાગ ૨ જો. ૨૪૨, મદ્રાસ આવૃત્તિ પૃ. ૨૧૮ ) જેસલમેરની ઈતિહાસ વિષયક કથાઓનો ઉતારો કર્યો છે તેમાં નીચે પ્રમાણે છે:—

" રાયધવલ પુંવાર, ધારના ઉદયાદિત્યનો પુત્ર ( અથવા વંશજ ) તેને ત્રણ પુ- " ત્રિયો હતી, તેમાંની એક જયપાળ ( અજયપાળ ) સોલંકી જે સિદ્ધરાજનો પુત્ર હતો તેને દીધી હતી, બીજી બીજરાજ ભટ્ટીને, અને ત્રીજી ચિતોડના રાણાને દીધી હતી.'

આમ છે, પણ સિદ્ધરાજને પુત્ર ન હતો; અજયપાળ છેવટે તેની પછવાડે (કુમારપાળ પછી) ગાદિયે બેઠો તે તેનો સગો હતો, પણ તેનો વંશજ નહતો. માળવાના રાજાઓની વંશાવળી પૃષ્ઠ ૧૬૫ ની ટીપમાં છાપીછે તે જુવો.

સિદ્ધરાજની વેળામાં જગદેવ થયો તે ભોજના ક્રમાનુયાયી ઉદયાદિત્યનો પુત્ર હશે. તથાપિ આ વાત ચાલેછે તે ખરેખરી અદ્‌ભુત કથા છે.

"શેરભર અન્ન અને પાણી મળવાને પણ સાંસા પડેછે. મારાં માવજીને "આપે એક ગામ આપ્યું છે, એજ તેમના ગુજરાનને માટે સાધન છે, ને "તેનો કારભાર પોતે ચલાવેછે. ગામ[1] એ નામ તો મ્હોટું છે, પણ તેની "ઉપજ થોડી છે. માત્ર આ એકજ ગામની ઉપજમાંથી ખાવા પીવાનું અને "લૂગડાં લત્તાંનું ખર્ચ, દાસ દાસિયોના ગુજરાનનું ખર્ચ, અને રથ તથા બ- "ળદોનું ખર્ચ નિભાવવું પડેછે. મારાં પોતાનાં લૂગડાં તો તેમાંથી પૂરાં પડી શકતાં નથી." રાજાએ આ બધું સાંભળ્યું એટલે ભંડારીને કહ્યું. "એને નિ-ત્યના બબ્બે રૂપિયા આપજો." જગદેવ બોલ્યો, "મહારાજ! આપે મને "બક્ષિસ આપવાને કહ્યું તે તો મેં માથે ચડાવ્યું, પણ પ્રતાપવાન્ માવજી[2] "મારા ઉપર બહુ વાહાલ રાખે છે, એટલે નભવાનું નથી માટે હું કાંઈ લે "નાર નથી. લખ્યા લેખ હશે તે પ્રમાણે નિપજશે." પછી રાજાએ ભંડારી પાસે રૂપિયાની એક થેલી મંગાવીને હાથમાં આપી બોલ્યો, "કુમાર પોશાક કરાવો અને સારા સલુકથી રોહો." પછી જગદેવને જવાની આજ્ઞા આપી. જગદેવ આજ્ઞા લઇને ગયો ને જે બન્યું તે સર્વ પોતાની માને કહી થેલી આપી. વાઘેલીના એક ચાકરે આ બધું સાંભળ્યું અને દીઠું તે જઇને તેને કહ્યું "આજે રાજાએ જગદેવને બહુ પ્રીતિ બતાવી; નિત્યના બબ્બે રૂપિયા "બાંધી આપ્યા, અને એક થેલી બક્ષિશ આપી." આવું સાંભળીને પગની ઝાળ માથે લાગી. તેણે એક ખવાસ મોકલીને રાજાને પોતાની પાસે તેડાવ્યો. તે આવ્યો એટલે તેને નમન કર્યું. રાજા આવીને ગાદી તકિયે બેઠો. વા-ઘેલી લાલચોળ આંખ્યો કરીને બોલી, "તમે દુહાગણના[3] દીકરાને શું આપ્યું?" રાજા બોલ્યો—"સોલંકિણી દુહાગણ તો છે પણ એનો કુંવર મારે પેહેલો. રણધવલ તિલાયત[4] છે, પણ જગદેવ મારી આંખ્યો ઠારેછે, એ સારો રજ-પૂત ઉઠશે." આવું સાંભળી વાઘેલી બોલી, "એનું મ્હો કાળું છે ને એનું

---

૧ ત્રણ સારાં ગામ એવો અંગ્રેજીમાં અર્થ લીધો છે તે તીનસું એ વિભક્તિ નહિ સમજવાથી ભૂલ થઈ છે. ભા. ક.

૨ અહિ એને કેહેવાનો ભાવાર્થ વાઘેલી રાણી "મા" એ શબ્દનું વધારે માનવં તરૂપ "માજી" અથવા "માવજી છે."

૩ માનીતી સુહાગણ કેહેવાયછે ને અણમાનીતીને દુહાગણ કેહેછે.

૪ તિલાયત એટલે રાજતિલક જેને થતું હોય તે, કુટુંબમાં મુખ્ય, પાટવી.

"ભાગ્ય પણ કાળાજ અક્ષરથી લખાયું છે, તમે એનાં વખાણ શા માટે કરો "છો ? થેલી પાછી મંગાવો." રાજાએ ઉત્તર આપ્યું, "એ તો મેં એને પ્ર- "સન્ન થઇને આપી છે; બીજી વેળાએ તમને પૂછીને આપીશું."

આ વેળાએ ઉદયાદિત્ય માંડવગઢના (માન્ડુ) રાજાની ચાકરી કરતો હતો તેના ભણીથી ઉતાવળનો કાગળ આવ્યો કે તમારે તાબડતોબ આવવું. આ કામ સારૂં રાજા ત્વરા સહિત ચાલ્યો. બન્ને રાજકુંવર ઘેર રહ્યા. જગદેવના સોબતિયો સારા હતા; તે સર્વેની આદરમાનથી મુલાકાત લેતો, સારી સલાહ આપતો; તેની વર્તણુંક સારી હતી, તેનો સ્વભાવ આનંદી હતો, તેથી જગત્‌માં લોકો તેનું સારૂં બોલવા લાગ્યા ને તેની કીર્ત્તિ વધી. દરબાર તો રણધવલ ભરતો હતો, પણ જગદેવ તો પોતાના ઘરમાં રેહેતો અને સાંજ બેસતો હતો; આ પ્રમાણે બે વર્ષ વહી ગયાં. આ સમયે, ગૌડ દેશનો રાજા ગંભીર કરીને ગૌડ કુળનો હતો તેણે જગદેવની કીર્ત્તિ સાંભળીને ધારાનગર નાળિયેર લઇને પોતાના કુળગોરને તથા પ્રધાનને મોકલ્યા. તેમની સાથે એક હાથી ને નવ ઘોડા હતા, ને જગદેવને નાળિયેર દેવાનું હતું તે સોને રૂપે મઢેલું હતું. તેઓ ધારા નગરમાં આવી પોહોંચ્યા. ત્યાં તેમનો સત્કાર કરયો, રેહેવાને ઉતારો આપ્યો ને ઘાસ ચંદી આદિ જોયતો સામાન પોહોંચતો કરયો. પછી કુળગોર, ખવાસ અને પ્રધાન એઓએ એકઠા મળી કહ્યું, "ના- ળિયેર વધાવો." ગૌડનો ગોર બોલ્યો "અમારા રાજાએ તો જગદેવને ના- "ળિયેર આપવાનું કહ્યું છે માટે એમને આસને બેસારો; હું એમને કપાળે "તિલક કરીશ; અને નાળિયેર આપીશ." આ પ્રમાણે વાતચિત થયા પછી છૂટા પડયા. વાઘેલીની બહુ બીતી લાગી; તેઓએ જઇને કહ્યું કે, "નાળિ- યેર તો જગદેવનું છે." આવું સાંભળીને વાઘેલી કોપાયમાન્ થઇને બોલી, "અરે, દેવ ! તું અમારામાંના કાળા કોઢિયાને નાળિયેર અપાવેછે ? નાળિ- યેર તો મારા કુંવરને ઘટેછે. જાઓ જઇને આ વાત એ લોકોને સમજાવો અને રિણધવળને નાળિયેર અપાવો, હું તેમનો ગુણ વીસરીશ નહિં." મતુવી ગૌડના કુળગોરનું નામ હતું તેની પાસે આણીમગનો ગોર ગયો, અને તેને નાણાની રકમ અર્પણ કરીને કહ્યું કે, "જગદેવ તો દુહાગણનો દીકરો છે; "એને પેટ ભરીને પૂરૂં ખાવાય મળતું નથી; અને રણધવળ ગાદીનો વારસ

"છે; એમનાં માવજી પટરાણી છે; માટે એમને નાળિયેર આપો." પછી સારા કુંવર રણધવળને નાળિયેર આપ્યું; તેને રાજતિલક કરયું, નોબત વાગી અને છત્રીસે વાદિત્ર વાગવા લાગ્યાં, પછી આવેલા ગોરે કહ્યું કે, એકવાર મને જગદેવ દેખાડો. આ વાત વાઘેલીને કાન નાખ્યા પછી, જગદેવને બોલાવી આણ્યો. મતુવી ગોરે તેને જોયો; અને ડોકું હલાવીને કહ્યું કે જગદેવ કેવો રૂપવાન્ છે! તે કેવો કળાવાન્ અને તેજસ્વી દેખાય છે? તોપણ, તે બોલ્યો, "લખ્યા લેખ પ્રમાણે થાયછે," પછી તેણે જવાની આજ્ઞા લીધી; તેને શેલા પાઘડીનો શિરપાવ કરીને રજા આપી. તે પોતાને દેશ આવી પોહોંચ્યો, અને રાજાગંભિરને નીચે પ્રમાણે વાત કહી:—"અમે રણ-"ધવળને નાળિયેર આપ્યું. ગાદીનો વારસ રણધવળ છે; પણ કાન્તિમાન્ "તો જગદેવ છે. તેનો પોશાક સોહામણો નથી, પણ સૂર્યના કિરણ જેવો "તે દેદીપ્યમાન છે; પરંતુ લખ્યા લેખના સામું કોઇનું જોર નથી." રાજા બોલ્યો, "તમે મ્હોટી ભૂલ કરી; પણ આપ્યું તે ના આપ્યું થાય નહિ, "વળી મારે બીજી કન્યા નથી." એ પ્રમાણે કહીને, તેણે જોશીને તેડાવ્યો અને લગ્નનો દિવસ ઠરાવીને કંકોતરી ધાર મોકલી. બીજો કાગળ તેણે પ્રધાન ઉપર મોકલ્યો તેમાં લખ્યું કે, "જગદેવ કુંવરને તમારી સાથે લેતા "આવજો, જો નહિ લઈ આવો તો કામ થવાનું નથી." કામદાર કાગળ લઇને ધાર આવ્યો; કાગળ પ્રધાનને આપ્યો, તેણે તે વાંચ્યો, ને રાણીને આપ્યો, વાઘેલી બોલી, "કાળિયાને સાથે લઈ જાઓ." જાનની તૈયારી થઇને જગદેવને કેહેવરાવ્યું:—"કુંવર! જાનમાં જવાને તૈયાર થજો." જગદેવે કહ્યું, "યોગ્ય લૂગડાંલત્તાં અને ઘરેણાં વિના હું શી રીતે તૈયાર થાઉં? વળી પાળાની પેઠે મારાથી કાંઈ અવાય નહિ" પ્રધાનોએ જઇને વાઘેલીને કહ્યું. તેણિયે ભંડારમાંથી સારાં લૂગડાં, કડાં, મોતીની માળા અને સોનાની ઉતરી તથા *જનોઈ એટલું મોકલ્યું. તે સાથે વળી કહાવ્યું કે, "પાયગામાંથી "સારો ઘોડો લેજો, ચાકર પારવિનાના છે તેમાંથી થોડા સાથે આવશે." પછીથી સુમારે વીસ હજાર માણસની જાન નીકળી. રસ્તે જતાં ટુકટોડા આગળ મેલાણ કરયું. ત્યાં રાજા રાજજી કરીને રાજ્ય કરતો હતો, તે ડાક

+સાવાર્થ તેમને લાવ્ય આપીશ.

*સોના કે રૂપાની અને જેમાં નંગ જડેલાં હોય છે એવી હમેલ થાય છે તે.

ચાવડા કુળનો હતો. તેનો કુંવર **બીરજ** રાજ્ય ચલાવતો હતો, ને રાજા-રાજ આંધળો હતો તોપણ બુદ્ધિની આંખવડે તે દેખતો હતો. તે રાજાને એક કુંવરી હતી, તેનું નામ **વીર**મતી હતું ને તે કુંવારી હતી ને વરવાને યોગ્ય થઈ હતી. તેનો પિતા તેને માટે સગાઈ કરવાનું શોધતો હતો, પણ યોગ્ય વર જડતો નહતો. અહિં જાન આવી પોહોંચી. રાજારાજે કહ્યું આ જાનમાં જગદેવ છે તે સારો રજપૂત છે ને રાજ્ય કરવા યોગ્ય છે. તેની સાથે કુંવરીને મંગળફેરા ફેરવો. કુંવર **બીરજે** પણ તેનું આવું કેહેવું માન્ય કરયું. તે જાનનો આદરસત્કાર કરવાને તેમની છાવણીમાં ગયો. ત્યાં પોહોંચ્યો એટલે તે બોલ્યો. "મારી પરોણાગત માન્ય કરયા પછી, સવારમાં વાધજો." આગ્રહપૂર્વક તેણે પોતાનું કેહેવું માન્ય કરાવ્યું, પછીથી કોટમાં પાછો આવીને તેણે જોશીને પૂછ્યું ને નક્કી કરયું કે આવતીકાલે સાંજની વેળાએ, ગોધલિક ટાણે સારૂં મુહૂર્ત્ત છે. ઘટતી તૈયારી કરી દીધી; બીજે દિવસે કુંવરી **વીર**મતીને પીઠી ચોળી ગણેશ બેસારયા. સાંજે ત્રીજે પોહોરે સર્વે જમવાને આવ્યા, તેઓ સર્વે જમી રહ્યા, ને મુહૂર્તની વેળા થઈ એટલામાં તેઓ હાથ ધોઇને ઉઠયા, પછી કુંવર **બીરજે** ગોરને અને પ્રધાનને કહ્યું. "હું મારી બેહેન, કુંવર જગદેવને દેઊંછું," એમ કહીને, તેણે નાળિયેર આપ્યું, અને ચાર ઘોડા આપીને કહ્યું કે, "તોરણ બાંધેલા બારણામાં થઇને ચોરી આગળ પધારો." ધારના પ્રધાને જાણ્યું કે બહુજ સારૂં થયું. તોરણ નીચે થઇને વરરાજા ચોરી આગળ ગયા, લગ્ન થતાં સવાર થઈ. વરને એક હાથી, પચીસ ઘોડા, અને નવ દાસિયો આપી. પછી પરોણાઓએ જવાની આજ્ઞા માગી અને મુહૂર્ત્ત ઉપર પોહોંચવાનું હતું માટે ચાવડી **વીર**મતીને પિતાને ઘેર રેહેવા દીધી ને કહ્યું કે પાછા વળતાં અમે એમને લેતા જઇશું. જાન આગળ ચાલી, અને ગૌડ પરગણામાં આવી પોહોંચી. જગદેવના પરણ્યાના સમાચાર પ્રસિદ્ધ થઈ ગયા. રાજા ગંભિર જગદેવનો દેખાવ તપાશી જોઇને, તેને પરણેલો જાણી ધુંવાપુંવા થયો; પણ લખ્યા લેખ ફરતા નથી. ગૌડ રાજાએ પોતાની પુત્રીનાં લગ્ન કરયાં તેણે બમણી વરદક્ષિણા આપી. ઘોડા આપ્યા, હાથી આપ્યા, અને અગિયાર દાસિયો આપી. પછી જાનને તેણે વિદાય કરી. જાન ટોડે પાછી આવી પોહોંચી. ચાવડીને રથમાં બેસારી સંગાથે લઈ તેઓ ઘર ભણી ચાલ્યા. જગદેવના પરણ્યાના સમાચાર સાંભળી વાઘેલી મનમાં બળવા લાગી. તેણે

કેહેવા માંડયું, " અરે એ કાળિયાને જોયાવિના રાજાએ શું જોઇને પોતા-ની કન્યા આપી દીધી." સર્વે જાનના સામા ગયા; ગૌડકુમારિ અને ચાવડી પોતાની સાસુને પગે લાગ્યાં, દેવની પૂજા કરી. એક મહિના પછી ગૌડ અને ચાવડા રાજાઓએ પોતાની કુંવરિયોને, તેડવા મોકલી ઘેર બોલાવી લીધી. જગદેવને ચાવડીની સાથે વરદક્ષિણામાં જે મળ્યું હતું તે પાછું મોકલાવી દીધું, ને તેમાંથી માત્ર પોશાક અને ઘરેણું રાખ્યું. તેણે કહ્યું કે "હવણાં હું અહિં કશું નહિ રાખું."

જગદેવ જ્યારે પંદર વર્ષનો થયો, ત્યારે ઉદયાદિત્ય સોંપેલા કામ ઉ-પરથી ઘેર પાછો આવ્યો. તેના મનમાં ઘણી આતુરતા હતી. રણધવળ કું-વર તેને મળવાને સામો ગયો. રાજાને તે પગે પડયો, તેમજ નગર વાસિયો પણ જઇને નમ્યા. આખી દરબાર એક બીજાને મળીને યથાયોગ્ય કરચા, પણ જગદેવ તેમાં જોવામાં આવ્યો નહિ. તેણે ચાકરોને પૂછ્યું, જગદેવ કુંવર ક્યાં છે ? તેઓ બોલ્યા, એ તો સોલંકીરાણી પાસે હશે. ખવાસને તેડવા મોકલ્યો; એટલે જગદેવ સાદાં લૂગડાં પેહેરીને આવ્યો, ને તેને પગે પડયો. રાજાએ તેને છાતી સરસ્યો ચાંપ્યો, ને હાથમાં હાથ આપીને પો-તાની પાસે બેસારચો, ને તેને કહ્યું, "મારા કુંવર તું હજી આવાં લૂગડાં પે-હેરેછે?" કુંવરે હાથ જોડીને કહ્યું, "પિતાજી ! તમે ઘેરથી નીકળ્યા ત્યારે "મારા નિત્યના ખર્ચને અર્થે નક્કી કરતા ગયા, પણ તેમની આજ્ઞા વિના "મને કાંઈ મળ્યું નહિ. જેતું જેવું ખાવુ તેનું તેવું શરીર એ વાત આપ "સારી પેઠે જાણોછો. એકજ ગામની ઉપજમાં, ચાકરોનું ખર્ચ છતાં મારાં "લૂગડાં શી રીતે નીકળે ?" આવું સાંભળી રાજાએ પોતાનું કવચ, મોતીનો કંઠો, કંદોરો, ઉતરી, હમેલ, પોહોંચિયો, શિરપેચ, જડાવની કલગી, વળી પોતાની ઢાલ, જમૈયો અને તરવાર, તથા રત્નજડિત મૂઠની કટાર એ સર્વે પોતાને પોશાકમાં મળ્યું હતું તે આપ્યું. તે જગદેવે નમન કરીને લીધું; પણ હાથ જોડીને વિનતિ કરી;-"પિતાજી ! આપે કૃપા કરીને મને જે આ-"પ્યું તે મેં લીધું તો ખરૂં, પણ વાઘેલી માજીનું મારા ઉપર હેત ઘણું છે, "તેથી આપ તેમને મેહેલ પધારશો એટલે બધું પાછું લેવરાવાનો ઘાટ ઘ-"ડશે. મને એકવાર જે આપ્યું તે, આપની આજ્ઞા થશે તોય પણ હું પાછું "આપનાર નથી." રાજા બોલ્યો, "વાઘેલી છો એમ કેહેતી; પણ, કુંવર, "રણધવળના કરતાં તું મને બહુ ગમે છે અને હું જે તને આપુંછું તે

"મારૂં પોતાનું છે. મારી અશ્વારીનો ખાસ ઘોડો છે તે હું તને આપુંછું, "તે લે, અને સાંજે દરબારમાં આવજે." આ પ્રમાણે કહીને તેને રજા આપી. જગદેવે ઘોડો પોતાની સાથે દોરાવી લીધો, ને સોલંકીણીની પાસે જઇને તેને પગે લાગ્યો; તેના દેખાવમાં નિત્યના કરતાં જૂદી રીતનું સુંદરપણું જોઇને તે બોલી, "કુંવર! એ વાઘેલીના ભેગા રેહેછે તો તને એમનો વિશ્વાસ છે?"

પછી મુખ્ય ખવાસ હતો તે વાઘેલી પાસે જઇને કેહેવા લાગ્યો, "આજે રાજાજિયે પોતાની પાસે જે હતું તે સર્વે જગદેવને આપી દીધું, અશ્વારીનો પાટવી ઘોડો હતો તે પણ આપ્યો." આ સાંભળીને, તેના હૈયામાં આગ લાગી, તેણે કેહેવરાવ્યું કે, મહારાજ ભોજનશાળામાં પધારો, ભોજન તૈયાર છે. વાઘેલિયે મ્હો સરખું પણ ધોયું નથી; તે મહારાજાને સુખી જોઇને પછી આનંદની ઘડી ગણશે અને દાતણ કરશે. આ પ્રમાણે સાંભળીને રાજા તત્કાળ સવારમાં તેને મેહેલ ગયો. વાઘેલી રાણિયે તેને નમન કર્યું; ને સિંહાસન માંડ્યું હતું ત્યાં રાજા આવીને બેઠો એટલે વાઘેલી બોલી, "આપની સુરત ઉપર હું વારી જાઉં, તાજા થયાથી ઘરેણાનો મોહ છોડી "દીધો હશે; પણ પૃથ્વીપતિ, ઘરેણાવિના શોભો નહિ." રાજા બોલ્યો, મેં "ઘરેણું તો બધું પેહેર્યું હતું; પણ જગદેવ કુંવરને અડવો દીઠો, તેથી સર્વે "ઘરેણું મેં એને આપી દીધું." આ સાંભળીને રાણી બોલી, "એ કાળિ"યામાં તે એવું શું કામણ ભર્યું છે! એને ઘરેણાનો બમણો ભાગ મળ્યો; "તે ઉપરાંત વળી, ભંડારમાંથી મેં નવાં મોકલ્યાં હતાં. ત્યાર પછી, તેણે તે "ટોડા ચાવડાને આપી દીધાં, પણ મહારાજ! આ તમે વિના વિચારે કર્યું "છે. મહારાજ! મારા કુંવરને તો તમે એકેય વાર ખુશી થઇને કાંઈ આ"પ્યું નથી. ઘરેણું પાછું મંગાવીને રણધવળને આપો." રાજા બોલ્યો, "ગ"રીબ સરખોય પણ પોતે એકવાર રીઝીને આપેલું પાછું લેતો નથી; ને "હું તો પૃથ્વીપતિ છું, મારે મન તો રણધવળ ને જગદેવ બે સમાન છે. "એ વસ્તુ મારાથી મંગાય કે પાછી લેવાય નહિ." રાણી વાઘેલી બોલી, "કટાર, તરવાર, અને પાટવી ઘોડો, એ તો પાટવી કુંવરનાં કેહેવાય, જ્યારે "તમે એ પાછાં મંગાવશો, ત્યારે હું દાતણ કરીશ." રાજાયે વિચાર કરયો કે સ્ત્રીની હઠ છોડાવવાનું કામ ઘણું કઠણ છે, કેહેવત છે કે—

आथ अनाथ न जानही, चडे जणा हठ चार
बाळक, मंगण, राजवी, लाड घेलडी नार. १
टाढी शीतल वन दहे, जल पथरा वेराय
मेहेला रुठी जे करे, सो दैबे न कराय. २
दंडत जन महिपत अने, सब दंडत संसार
पंडितकुं खंडित करे, मेहेला चरित्र अपार. ३

પછી નાજરને મોકલીને રાજાએ જગદેવને કાહાવ્યું કે, "બેટા ! હું તને "એક બીજી સરસ તરવાર આપીશ, પણ જો તું મને આરામ પમાડવાને "ઇચ્છતો હોઉં, તો તને આપેલી તરવાર પાછી મોકલજે. બેટા, આ વા- "તમાં તું હઠ કરીશ નહિ." આ પ્રમાણે તેણે કુંવરને વિનવ્યો. ત્યારે જગદેવે જાણ્યું કે, લડું વઢું તો કપૂત કેહેવાઉં. માટે તેણે તરવાર પાછી આપી. પછીથી તે રોષમાં બોલ્યો, "હું રજપૂત બચ્ચો છું; હું ગમે ત્યાં જઇને "મારો રોટલો પેદા કરીશઃ—

पान पदार्थ सुघड नर, वण तोळ्यां वेचाय
ज्युं ज्युं पर भुम संचरे, मूल मोंघेरां थाय. ४
सिंह न जोवे चंदबळ, नव जोवे धन रिद्ध
एकलडो सहसा भलो, ज्यां सहसा त्यां सिद्ध. ५
*जवानीमां परदेश जई, धनसंग्रह नव थाय
अवसर ते जिवतर तणो पळे गयो गणाय. ६
चंगा माडु घर रहे, तीनु अवगुण होय
कपडा फाटे रण वधे, नाम न जाणे कोय. ७

"એટલા માટે, પ્રિય માજી ! જો તમે આજ્ઞા આપો તો મારૂં ભાગ્ય ગમે "ત્યાં જઇને અજમાવી જોઉં." ત્યારે તેની મા બોલી, "કુંવર ! તું ન્હાનો "છે; તું તે ક્યાં જઈશ ? પારકા દેશમાં એકલાં જવું ઘણું ભય ભરેલુંછે." જગદેવે ઉત્તર આપ્યો, "માવજી ! ઈશ્વર મારી ચડતી કરશે, મને ગમે

---

* અસલ કવિતા નીચે પ્રમાણે છે.

ज्युं वनदरवन खडुआं, जो परदेशां जाय
गमिया ओही दीहडा, मनख जमारा मांहि.

"આં ચાકરી મળશે. પેહેલાં ઈશ્વરે સારા કુલીનના દીકરાઓની પ્રતિષ્ટા રાખી "છે, તેમ મારી પણ રાખશે. માજી, તમારા પુણ્યથી મારૂં ભાગ્ય ઉઘડશે." તેની માએ વિચાર્યું કે—

**आपण कामे सियळा, परकामे समरथ्थ**
**तेने साही न राखिये, आडो दे दे हथ्थ. ८**

વળી તે બોલી, "દીકરા, તને જેથી સુખ થાય તે કર" પછી જગદેવે પાયગામાંથી એક સારો ઘોડો લીધો, અને ભંડાર ઉઘાડીને તેમાંથી સોનાની મોહોરોની બે કોથળિયો લીધી; હથિયાર પણ લીધાં—એક ધનુષ્ય, અને બાણથી ભરેલો ભાથો લીધો. ભાથાને ખભે ભરવી લીધો ને પોતાની માતાને પગે લાગીને, ઘોડે ચડ્યો ને સીધો ટુકટોડાને રસ્તે ચડ્યો. નગરની બાહાર વાડી હતી તેમાં વાસો કર્યો; ઘોડો એક ઝાડે બાંધ્યો, તે ચોકડું ચાવતો ઉભો રહ્યો; અને પોતે પણ એક ઝીણું લૂગડું ઘાસ ઉપર પાથરીને તે ઉપર બેઠો, ને પોતાની પાસે ઢાલને એક બાજુએ મૂકી, અને રાત્રી પડે ત્યારે શેહેરમાં જવાનો નિશ્ચય કર્યો. આ વેળાએ ચાવડી વીરમતી, પાલખીમાં બેશીને, પોતાની સાહેલિયો સહવર્ત્તમાન સહસા આવી ચડી. બન્નેને પરણ્યાંને ત્રણ ચાર વર્ષ થયાં હતાં. તે વેળાએ ઝરમર ઝરમર વર્ષાદ વરસતો હતો, તેથી ચંબેલીના મંડપમાં શેતરંજી પથરાવીને બેઠી. એક ખવાસ બારણા આગળ ચોકી કરતો બેઠો હતો. તેવામાં તેણે પોતાની દાસીને આજ્ઞા કરી કે, "જા કાંઈ મેવો લઈ આવ." દાસી ફળ લેવાને નીકળી પડી; તેણે એક અશ્વાર અને ઘોડો જોયો તે ચાર પાંચ હજાર રૂપિયાનો તેને લાગ્યો, ને પીળા પલાણનો ઊંચી જાતનો સામાન હતો તે પણ મૂલ્યવાન્ હતો. પછી દાસિયે ત્વરાથી જવાન કુંવરને નિહાળી લીધો, તેણે વિચાર્યું કે, "આ તો કુંવરીના વર જેવો દેખાય છે; તેના નાકની "ધારથી અને આંખોની લાલાશથી મને નક્કી લાગેછે કે એ રાજકુમારછે." તેણે દોડી જઇને બાઈજીને કહ્યું. "બાઈજી એક વધામણી ખાઊંછું; વીશ વશા તો અહિં રાજકુમાર છે!" ચાવડી બોલી, "હું પરપુરૂષના મ્હો સામું જોતી નથી; પણ તું ચોકસ માણસ છે, માટે ફરીથી જઇને જોઈ આવ, અને ખરેખરા સમાચાર લાવ. દાસિયે ફરી જઇને જોયું, અને પાછી આવીને બોલી, "બાઈ લાખ વાતે એ રાજકુમાર છે. પછી કુમારી બોલી,

"જો, તું સમજુ માણસ છે, તું ડાહી છે એટલે બસ છે." ત્યાર પછી, સંભાળથી ચંબેલીના ઝાડની ઘટામાંથી ધારીને જોયું એટલે એની ખાતરી થઈ કે, એ રાજકુમાર છે. ત્યારે ચાવડી સત્વર જઇને પગે લાગી બોલી—

वायस वास उडावती, झबकी आव्यो नाथ
चूडी अर्धी नंदइ पडी, अर्धी रही मुज हाथ. ९
सुखसज्या आलय शीतळ दे मुज प्रिय सन्मुख
मुज मन इच्छा आश ए दैवे दइ दिध सुख. १०

ચાવડી વળી બોલી, "ધન્ય ઘડી, ધન્ય દાહાડો! આજે મારે આનંદનો "સૂર્ય ઉગ્યો કે તમારો પ્રતાપવંતનો મારે મિલાપ થયો; પણ તમારો "સાથ ક્યાં? એકલા, વાડીમાં, જાણે કાંઈ છાનો ભેદ હોય એમ બેઠા "છો એનું કારણ શું?" પછી કુંવરે ચાવડીને, માંડીને વાત કહી, અને બોલ્યો કે, "હું ચાકરી મેળવવાની આશાએ નીકળ્યો છું, તારે વાત "ચાસન કરવી નહિ." તથાપિ એટલી વારમાં તો, દાસી દોડી ગઈ, અને રાજમેહેલમાં જઇને સમાચાર કહ્યા કે, "વધામણી! રાજવંશી જમાઈજી પધાર્યાછે." સામા લેવા જવાની તૈયારી થવા લાગી; વધામણીના બદલામાં દાસીને રાજી કરી. કુંવર બીરજ તો પગે દોડીને ગયો અને જગદેવને મળ્યો. ચાવડી પાછી મહેલમાં આવી, કુંવર બીરજ પોતાની સાથે જગદેવને લઇને ત્યાં આવ્યો. તેણે રાજારાજને નમન કર્યું. ત્યાં પાંચ દાહાડા રહ્યો તે પછી વાધવાની આજ્ઞા માગી. ત્યારે રાજારાજ બોલ્યો, "આ દરબાર આ- "પનો છે. અમારૂં સર્વેનું મન છે કે, મહારાજ આપ અહિં રેહો." ત્યારે જગદેવ બોલ્યો, "મને હઠ કરશો નહિ, એકવાર હું એકલો પરદેશ જઈશ, "અને મારૂં ભાગ્ય અજમાવી જોઈશ." માંહોમાંહે ઘણી હઠ હઠ થઈ; છેવટે જગદેવને હા કેહેવાની અગત્ય પડી. તો પણ રાત્ર પડી ત્યારે તેણે પો- તાનો મનસુબો ચાવડીને કહી સંભળાવ્યો, અને તેની રજા માગી. તે બો-

---

* અસલ કવિતા નીચે પ્રમાણે છે.

वायस वास उडावती, जायो नाह झबकां,
आधी चूडी कर लगी, आधी गही तडकां. ९
सुख सज्जा सीतल मोहल, पियु सन्मुखे बताय
लाव हाम दहीवें कंठरी, आस करी बन आय. १०

લી, "આપની ચાકરી કરવાને આપની દાસી નિરંતર પાસે રહેશે," જગદેવ બોલ્યો " તું ડાહી થઇને આવું કેહેછે ? પરદેશમાં સ્ત્રી છે તે પ-
"ગબંધન છે. માટે મારે એકલાં જવું જોઇયે. હું તને વેહેલી તેડાવી લ-
ઈશ." ત્યારે ચાવડી પોતાનો હાથ તેની ડોકે વળગાડીને બોલી, "શરી-
"રથી છાયા જૂદી પાડી શકાય છે ? જો છાયા શરીરથી જૂદી પડાય તો
"તમે મને અહિં રેહેવાનું કેહેજો." જગદેવે ચાવડીને બહુ સમજાવી પણ તેનું ચાલ્યું નહિ. એ તો તેની સાથે જવાની હઠ લઈ બેઠી, પછી બે ઘોડા ઉપર પલાણ માંડ્યાં. તેઓએ પોતાની સાથે રત્નજડિત ઘરેણાં લીધાં. ચાવડિયે મુકનો* (ઓઝલ પડદો) નાખી મુખ ઢાંક્યું; જગદેવ ઘોડે ચડ્યો ત્યારે તો એ તૈયાર થઇને રહી હતી. મોહોરોની બે કોથળિયો હતી તે ઘોડાના તોબરામાં નાંખી લીધી. તેમનો વાધવાનો મનસુબો સત્વર ચાસન પડી ગયો; તે વેળાએ કુંવર બીરજ ત્રણસેં ઘોડું લઇને વળાવા આવ્યો. નીકળતાં ચાવડી પોતાનાં માતાપિતાને ભેટી; પોતાની વડી સાહેલિયો હતી તેઓને મળી; પછી સાસુએ જગદેવને રૂપિયો અને એક નાળિયેર આપ્યું અને કપાળે તિલક કર્યું. પછી પોતાની કુંવરી ચાવડીની સંભાળ રાખવાનું જગદેવને કહ્યું. પગે લાગી, આશીર્વાદ પામી, રાજારાજની આજ્ઞા લઈ તેઓ સિધાવ્યાં. શેહેરથી થોડેક ગાઉ ગયાં એટલે વળાવાને ગયા હતા તે કેહેવા લાગ્યાં કે, "મહારાજ, જો આપને ઘેર વાધવું હોય...તો, આ રસ્તે થઇને જવાનું છે." જગદેવે પોતાનો વિચાર જણાવ્યો કે, "હું પાટણમાં
"સિદ્ધરાજ જયસિંહદેવ સોલંકીની ચાકરીમાં રેહેવા જાઉંછું." પછી જવાનો સીધો રસ્તો પૂછ્યો ત્યારે એક અશ્વાર બોલ્યો, "સીધો રસ્તો ટોડડી ઉ-
"પર થઇને જવાનો છે તે અહિંથી બાર ગાઉ ઉપર છે; અને જો ડુંગરો
"ફરીને નિર્ભય રસ્તે થઇને જવા ઇચ્છતા હો તો તે વીશ કોશ છે." જગદેવ બોલ્યો, "ત્યારે સીધો રસ્તો તમે શામાટે છોડી દોછો, શું ઘોડાની તમને દયા નથી ?" આવું સાંભળીને, રજપૂતોનો નાયક હતો તે બોલ્યો,—
"સીધો રસ્તો તો વાઘ અને વાઘણે રોક્યો છે, તેઓએ ગામડાં ઉજ્જડ
"કરી નાંખ્યાં છે; વાઘ તો દેવના જેવો છે; રાજા અને ઉમરાવો તેના
"સામા ઢોલ નગારાં વગડાવીને ચઢ્યા હતા પણ કોઇથી વાઘ કે વાઘણને

---

* બુરખો.

"વશ કરી શકાયું નથી. તેમના ત્રાસથી કોઈ ઢોર તો પૂરૂં ઉછરતું નથી. "નવ વર્ષ થયાં રસ્તો બંધ પડી ગયો છે, ને ચાર ઉંચી વધી પડી છે. "પગરસ્તો તૂટી ગયો છે, માટે ફેરી ખાઇને લાંબે રસ્તે થઇને ટોડડી "જાઓ; એ માર્ગ નિર્ભય છે." આવું સાંભળીને જગદેવ બીરજની આજ્ઞા લઈ અને રામરામ કરીને તે રસ્તે ચડયો. બીરજે તેને ઘણો સમજાવ્યો પણ તેની કાંઈ અસર થઈ નહિ; જગદેવ બોલ્યો, "ગંડક ગંડકડીના ડરથી કાંઈ ચક્કર ખાવામાં આવશે નહિ." બંને જણાંએ સજોડે નિર્ભયપણેથી પોતપોતાના ઘોડા મારી મૂકયા, પછી જગદેવે ચાવડીને કહ્યું.—"આપણે જઇયે તેમ ડાબા હાથ ભણી ઘાસ ઉપર તમે નજર રાખતાં રેહેજો." આ પ્રમાણે છ ગાઉ સુધી તેઓ ગયાં; ત્યારે ચાવડી બોલી,—"મહારાજ કુંવરજી ! વાઘણ પેલી મ્હો આગળ રહી." જગદેવે એક બાણ કાહાડીને ધનુષ્ય ઉપર ચડાવ્યો ને બોલ્યો, "વાઘણ તું રાંડની જાત છે મારા ઉપર "આંખો ચડાવીશ નહી, રસ્તામાંથી ખશી જા ને ડાબી કે જમણી ચાલી જા." વાઘણે જ્યારે રાંડ એવો શબ્દ સાંભળ્યો ત્યારે તેણે પૂછડું ઉંચું કરીને, માથું ભોંય સરસ્યું નીચું કરી દઇને તેના ઉપર છલંગ મારી, આ વેળાએ લાગલોજ તેણે બાણ છોડયો; તે તેના ભ્રમર વચ્ચે જઇને વાગ્યો તે આરપાર વીંધીને સામી બાજુએ દશ ડગલાં દૂર જઇને પડયો એટલે વાઘણ ઉછળતીને મરદું થઈ પડી. સોએક ડગલાં તેઓ આઘાં ગયાં કે તેઓએ વાઘને બેઠેલો દીઠો, એટલે જગદેવે ભાથામાંથી બીજો બાણ કાહાડીને તેને કહ્યું "ડાબો કે જમણો જા, નહિકર, તારી ગંડકડીનો સંગાથ કરવાને તને મોકલીશ." ત્યારે વાઘ પૂછડું પટકાવતો, ભોંય સરસ્યું માથું કરી દઇને તેના ઉપર તળપ્યો; પણ જગદેવે બાણ મારયો તે માથામાં થઇને આરપાર નીકળી ગયો અને વીસ કદમ દૂર જઇને પડયો. વાઘ પણ વાઘણની પેઠે ઉછળતોને શીંગડું થઈ પડયો. જગદેવ બોલ્યો, "મેં તે આ ગરીબ પ્રાણિયોને શું કરવાને મારી નાંખ્યાં ? મારે માથે હત્યા બેઠી" ચાવડી બોલી, "મહારાજ, એ તો ક્ષત્રિયોની રમતો છે;" આ પ્રમાણે વાતો કરતાં તેઓ ટોડડી ગામના ગુંદરાના તલાવ આગળ આવી પોહોચ્યાં; ત્યાં કેટલાંક વડ પીંપળાનાં ઝાડ હતાં; તલાવમાં પાણીની ન્હાનાં મોજાં સરખી લેહેરો ચાલતી હતી, આ જગ્યાએ એક વડ નીચે તેઓ ઘોડા ઉપરથી હેઠળ ઉતરયાં ને

હથિયાર છોડયાં; ગંગાજળીમાં* ટાહાડું પાણી ભરી આણ્યું, ઘોડા પાયા. ને ચાવડી દાતણ કરી પોતાનું મુખ ધોવા લાગી. આણીમગ બીરજ ઘેર જઈ પોહોંચ્યો ને તેણે રાજારાજને કહ્યું, “જગદેવ સીધે રસ્તે સિધાવ્યા.” ત્યારે રાજાને ક્રોધ ચડયો અને કહ્યું, “તારી સાથે બસેંને પંચાવન અશ્વાર બં-“ધુક ને ધનુષ્ય બાણથી સજાવીને લઈ જા; જ્યાં તમે તેમને મરેલાં પડેલાં “દેખો ત્યાં અગ્નિ દાહ દેજો, અથવા જીવતાં હોય તો તેવા સમાચાર લઈ આવો.” આ પ્રમાણે આજ્ઞા થઈ એટલે, અશ્વાર ચડ્યા, તેઓ જેવા બીનતા અને ચેતતા આગળ ચાલ્યા તેવામાં રસ્તાની બાજુએ વાઘ ને વાઘણ મરેલાં પડેલાં દીઠાં. પણ ઘોડો કે માણસ કોઈ તેમના દીઠામાં આવ્યું નહિ. તેઓએ ધાર્યું કે જગદેવ ને ચાવડી જ્યાં પાણી હશે એવી જગ્યાએ વિસામો ખાતાં હશે, તેઓ કશા સંકટમાં નહિ હોય. અશ્વારો જે શોધ કરવા છૂટા છૂટા વીખરાઈ ગયા હતા તે સર્વે એક ઠેકાણે એકઠા થયા ને એક બીજાને રામરામ કરવા લાગ્યા. જે કામને માટે તેઓને મોકલ્યા હતા તે પૂરૂં કરવામાં તેઓને પોતાના જીવ ખોવાની ધાસ્તી હતી, તે કામ જોખમ વિના પૂરૂં થયું તેથી અરસપરસ મુબારકબાદી આપવા લાગ્યા. બન્ને બાણ લઇને, આનંદ પામતા, અને બીક રાખ્યા વિના તેઓ આગળ ચાલ્યા; તે જ્યારે તલાવ આગળ આવી પોહોંચ્યા ત્યારે જગદેવને ત્યાં દીઠો. તેઓ પાસે આવ્યા એટલે ચાવડિયે તેમને ઓળખ્યા અને બોલી, “આ તો આપણા રાજ્યના રજપૂતો છે” અશ્વારોએ આવી નમન કર્યું, ને જગદેવને કહ્યું, “રાજ-“કુમાર, તમે પૃથ્વીનો ને ગાયનો મ્હોટો ધર્મ રાખ્યો, વાઘ વાઘણ તો યમ-“રાજાના દૂત જેવાં હતાં, તેઓને રાજા કે ઠાકોર કોઈ મારી શકતું નહોતું. “હે કુંવર! તમારા વિના જગતનું દુઃખ બીજું કોણ ઓછું કરે;” તથાપિ જગદેવે બહુ પરાક્રમની વાત જાણી નહિ. તેણે રજપૂતોને પાછા જવાની આજ્ઞા આપી; તેઓએ પાછા જઇને વાઘ મરાયાના સમાચાર કહ્યા, રાજા

---

*“ગંગાજળ સરખું ટાહાડું પાણી કાહાડીને ઘોડાને પાયું.” એવો ભાવાર્થ અંગ્રેજીમાં છે પણ ઉલટું સમજાવામાં આવ્યાથી એમ લખેલું જણાય છે. પાસે તલાવ મૂકી પાણી કાહાડી લાવીને ઘોડાને પાવાની મેહેનત કરે એમ બને નહિ. વળી તેઓ છડી અસવારિયે નીકળ્યાં હતાં તેથી પાણી પાવાને વાસણ જોઈએ તે તેમની પાસે ક્યાંથી હોય. આવો શક પડવા ઉપરથી મૂળમાં જોયું તો “ગંગાજળી” શબ્દ ધ્યાનમાં નહિ ઉતરવાથી ભૂલ કરેલી જણાઈ. પ્રવાસમાં પાણી પીવા માટે સીસાઈ રાખવામાં આવે છે તે. (ભાષાન્તર કર્તા.)

રાજ અને જગદેવનો સાળો બીરજ આ સમાચાર સાંભળીને બહુ રાજી થયા. જ્યારે દાહાડો આથમ્યો ત્યારે જગદેવ અને ચાવડી નગરમાં પેઠાં ને ખાવાનું કરવું; તથા થોડા પૈસા આપીને ઘોડાની ચાકરી કરાવી. ત્યાં તેઓ બે રાત ને એક દિવસ રહ્યાં, ને ભોજન કરવામાં થોડા રૂપિયા ખર્ચ્યા. આ પ્રમાણે મેલાણ કરતાં કરતાં તેઓ પાટણ આવી પોહોંચ્યાં. ને સિદ્ધરાજે બંધાવેલા સહસ્રલિંગ તલાવની પાળે એક વડનું ઝાડ હતું તેની નીચે ઉતરી પડ્યાં, ઘોડાને ત્યાં બાંધ્યા. મીઠું પાણી દેખાડયું, ને ઘોડા સંભાળ્યા. તેઓ ચોકડું ચાવતા ઉભા કર્યા. પછી બંને જણ ખાન પાન કરીને તાજાં થયાં એટલે જગદેવે ચાવડીને કહ્યું "તમે અહિં ઘોડા પાસે રહો, હું "નગરમાં જઇને એક ઘર ભાડે રાખું, તે પછી રાજને નગરમાં લઈ જઇશ, "આપણ નટ નટીની પેઠે ફરતાં સારાં દેખાઇશું નહિ." ચાવડી બોલી, "ત્યારે તમે સિધાવો, હું અહિં રહું છું." પછી જગદેવ કેડમાં કટાર ખોશીને અને તરવાર બાંધીને ઘર ભાડે લેવા નગરમાં ગયો; પછી શું નીપજ્યું તે સાંભળો !

હવે, સિદ્ધરાજના મુખ્ય પરગણાનો ધણી ડુંગરશી કરીને હતો તે પાટણનો કોટવાળ હતો. તેને એક દીકરો હતો તેનું નામ લાલકુંવર હતું, તેને મ્હોટાઈ ઘણી હતી. કાંઇક જુવાન, વળી ઘેર પાટણની કોટવાળી, વળી મેહેલ મ્હોટો તેથી બધી રીતના મદ ભેગા થયા હતા એટલે તે પૃથ્વી ઉપર પગ પણ દેતો નહિ. પાટણમાં ગણિકાનાં પાંચસેં ઘર હતાં, તેમાં સર્વને માથે જામોતી ગણિકા હતી, તેની પાસે ધન બહુ હતું, અને છોકરા અને છોકરિયો પણ ઘણાં હતાં. છોકરા પણ દ્રવ્યવાન્ હતા. એક સમયે કોટવાળનો દીકરો જામોતીને ઘેર રમવા ગયો; ત્યારે તેણે તેણીને કહ્યું, "ઓ ! જામોતી, જો મને કોઈ ઘણી સુંદર અને કુલવતી સ્ત્રી મળે "તો હું તેને રાખું, અને તમને પણ રીઝ આપું." જામોતી બોલી, "બહુ સારૂં હું એક શોધી કાહાડીને તમારી સેવા બજાવીશ." પછી જામોતિયે પોતાની લુંડિયોને એ વાતની સૂચના કરી, ત્યારથી તેઓ કોઈ સુંદર સ્ત્રીની શોધમાં રહી હતી, આ પ્રમાણે દિવસ વહી ગયા. જે દિવસે જગદેવ અને તેની સ્ત્રી પાટણ આવી પોહોંચ્યાં ત્યારે જામોતીની એક લુંડી, બપોરી વેળાએ, પાણીનું બેહેડું લઇને સહસ્રલિંગ તલાવે પાણી ભરવાને આવી. ચાવડિયે, મુખ ઉપરનો મુકનો ઉંચો કરીને જોયું તો કોઈ પુરૂષ

પાસે જોવામાં આવ્યો નહિ એટલે પડદો કાહાડી નાંખ્યો. ને તલાવની બાંધણી અને તેના પાણીનો પટ જોતી બેઠી. જામોતીની આજ્ઞાનું સ્મરણ આણીને પેલી લુંડી ચાવડીને જોવા લાગી, તે તેને ઈંદ્રની અપ્સરા જેવી અને આકાશની વીજળી જેવી તેજસ્વી જણાઈ. ચાવડીને જોઇને લુંડી રાજી થઈ, ને માથે પાણીનું બેહેડું મૂકીને તેની પાસે આવી તેને નમન કરી બોલી, "બાઈ, તમે ક્યાંથી પધારયાં ને આ ઘોડાનો અશ્વાર ક્યાં ગયો છે?" ચાવડિયે ઉત્તર આપ્યો, "તમે પૂછનાર કોણ છો?" લુંડી બોલી, "હું તો સિદ્ધરાજ જયસિંહના દરબારમાં વડી વડારણ છું." ચાવડી બોલી "હું ઉદયાદિત્ય પરમાર રાજાના કુંવર વેહેરે પરણી છું." લુંડિયે કહ્યું, "તમારા વરને મ્હોટો ભાઈ છે?" તેણે કહ્યું "હા, એમના મ્હોટા ભાઈ રણધવળ છે." ફરીને દાસી બોલી, "બાઈ સાહેબ, કુંવરજીનું નામ શું?" ચાવડિયે ઉત્તર આપ્યો, "તમે કેવાં છો; વળી વરનું નામ તે દેવાતું હશે!" દાસી બોલી, "સ્ત્રિયે પોતાના ધણીનું નામ દેવું કે મહિમાવાન્ જ-
"ગત્‌ના કર્તારનું દેવું, તોપણ તમે દેશનાં ધણીછો, તમને જેમ સારૂં દે-
"ખાય તેમ કરો." ત્યારે ચાવડી બોલી, "કુંવરનું નામ જગદેવ છે." ફરી તે દાસિયે પૂછ્યું, "તમારૂં પિયર ક્યાં?" ચાવડી બોલી, "ટોડામાં; હું રાજારાજની પુત્રી છું, અને બીરજની બેહેન થાઉં." ત્યારે દાસી બોલી, "કુંવર નગરમાં ગયા છે તેથી મને લાગેછે કે તમે ઘોડાને સાચવતાં બેઠાં હશો," ચાવડી બોલી, "કાળિયાર નાગના જેવા ઘોડા ઉપર નજર નાંખવાની કોની તાકાદ છે." દાસી ફરીને બોલી, "મહાન્ રાજાના કુંવર તે વળી એકલા કેમ નીકળ્યા છે?" ચાવડી બોલી, "એમની ઓરમાઈ મા સાથે રીસાવીને નીકળ્યા છે." એમ કહીને માંડીને બધી વાત કહી. દાસી બધી વાત પૂરે પૂરી સાંભળીને નમન કરી અને બેહેડું પાણીથી ભરીને ઘર ભણી ચાલી. તેણે જામોતી ગણિકાને કહ્યું, "જો તમે તમારા જુવાન શે-
"ઠને રાજી કરવાને ચાહાતાં હો તો તલાવની પાળે એક સ્ત્રી બે ઘોડા સા-
"ચવતી બેઠેલી છે, એના જેવી આખા દેશમાં મેં તો કહિં દીઠી નથી, ને
"તમે જેવી વર્ણવતાં હતાં તેવીજ છે." એમ કહી, તેની જાત, તેના સસરાનું અને વરનું નામ, અને તેનું પિયર ક્યાં છે તે સર્વે કહ્યું. પછી જામોતિયે દાસીને ઘણાં મોંઘા મૂલનાં લુગડાં પેહેરાવ્યાં અને જડાવનાં ગૂજરાતી ઘરેણાં ઘાલ્યાં. એક સુંદર રથ તૈયાર કરાવ્યો, તેમાં પોતે બેઠી. ચા-

કરોએ રથના પડદા બંધ કરચા. એ પ્રમાણે બીજી દાસિયોને સુંદર લૂગડાં ધરેણાં પેહેરાવીને વીસ કે ત્રીસ દાસિયોને પોતાની સાથે લીધી ને ચાકરોને હથિયાર સજાવીને આગળ કરચા, એક દ્રવ્યવાન્ ખવાસને ઘોડે બેસારી મોખરે કરચો. આ પ્રમાણે ચાવડી જ્યાં બેઠી હતી ત્યાં ચાલી. અને તે જગ્યાએ આવી પોહોંચી એટલે આડી કનાત ખેંચી દીધી, પછી જામોતી ઉતરી. ચાવડી જોડે પ્રથમ જે લુંડી વાતો કરી ગઈ હતી તે આગળ આ-વીને નમન કરવા લાગી. જામોતી બોલી, "વહૂ ઉઠો, હું તમને મળું, હું "તમારી ફોઈ સાસુ થાઉં; આ વડારણે આવીને તમારા આવ્યાના સમાચાર "કહ્યા, ને તરત મેં મારો રથ જોડાવ્યો, હું રાજાની આજ્ઞાથી આવી છું. "મારો ભત્રીજો જગદેવ, ટોડે પરણ્યા ત્યારે મારાથી આવી શકાયું નહતું, "પણ હું રણધવળને મળી હતી, મારો ભત્રીજો જગદેવ ક્યાં છે? "એ ક્યાં ગયા છે? તમારે મારે ઘેર આવવું જોઈતું હતું, તમે નામવતા "કુટુંબમાં પરણ્યાં ને આવી જગ્યાએ બેશી રેહેવું ઘટતું નથી." તેણે ભ-ભકાદાર સર્વે તાળમેલ કરચો હતો તે જોઇને ચાવડી તો વિચારમાં પડી, ને ઠગાઈ ગઈ, તેણે વિચાર્યું કે સિદ્ધરાય જયસિંહને ને મારા પતિને સ-ગપણ છે એવું તેમણે મને કદિ કહ્યું નથી, પણ રાજાના સગા રાજા હશે એમ જાણીને અને આવેલાં અજાણ્યાં માણસનાં લૂગડાં ધરેણાં ઉપર ફ-રીથી નજર કરીને, તેણિયે તેને નમન કર્યું ને મળી. જામોતિયે તેને આ-શીર્વાદ દીધો, અને રથમાં બેસવાનું કહ્યું; અને બોલી કે, અહિં "હું એક "માણસ મૂકતી જાઉંછું તે મારો ભત્રીજો આવશે એટલે તેને દરબારમાં તેડી લાવશે." વળી તેણિયે એક ચાકર બોલાવીને ઘોડાની સંભાળ રાખવાનું કહ્યું. ચાવડિયે નાણાની થેલિયો પોતાની પાસે રાખી, ને રથમાં બેઠી, એટલે રથ ચલાવ્યો. જામોતી તેને પોતાને ઘેર લાવી, ઘર મ્હોટું પોળબંધ હતું તેમાં તેઓ આવ્યાં ને રથ રાખ્યો, જામોતી ઉતરીને પછીથી ચાવડી ઊતરી. ઘરમાંથી આદરમાન આપવાને માણસ આવ્યાં. દેખાવડો પોશાક પેહેરેલી અને ધરેણાં ગાંઠાંથી શણગરાયલી સ્ત્રિયો ચાવડીને મળવા આગળ આવી, અને તેને નમન કર્યું, કેટલીક તેને પગે પડી, કેટલીક તેની આગળ આ-વીને ખંમા ખંમા કરતી આગળ ચાલી, એ પ્રમાણે તેઓ તેને ઘરમાં લઈ ગયાં. ઘર ચાર માળનું ઊંચું હતું અને ઘણું શોભાયમાન દેખાતું હતું, ચારે બાજુએ કળી ચૂનો છાંટયો હતો; ચોમેર ભીંતો શણગારી લીધી હતી ને

તેના ઉપર સોનેરી રૂપેરી ચિત્ર કાહાડ્યાં હતાં; બારિયોમાં જાળિયો જડી લીધી હતી. ચાકરોયે એક સુંદર સેતરંજી બીછાવી હતી તેના ઉપર ગાદી તકિયા, ઉશીકાં અને ગાલ મસુરિયાં કીનખાબથી મઢી લીધેલાં મૂક્યાં હતાં. ચાવડીને તેઓએ ત્યાં બેસારી, તે પેલી બે કોથળિયો પોતાની પાંસે રાખીને બેઠી. ઉનું પાણી તૈયાર કર્યું, જામોતિયે એક દાસીને બોલાવીને કહ્યું કે "જા, રાજાજીને જઇ કેહે કે પરમાર રાણીનો ભત્રીજો જગદેવ "કુંવર આવ્યા છે તે હમણાં તમને મળવાને આવશે. રાજાજીને કહેજે કે "તેમને સારૂં માન આપે. ને વળી કહેજે કે તેમનાં વહૂ ચાવડી મારે મે-"હેલ છે." દાસિયે આ પ્રમાણે સાંભળી લીધા પછી નમન કર્યું ને ગઈ. એક ઘડી વીત્યા પછી તે પાછી આવી ને બોલી, "મહારાજ ઘણા ખુ-"શી થયા ને આજ્ઞા કરી છે કે, જગદેવે પ્રથમ મને મળીને પછી રાણી "પાસે જવું." પછી જમવાનું તૈયાર થયું એટલે જામોતિયે કહ્યું, "વહૂ-વારૂ! જમવાને ઉઠો." ચાવડી બોલી, "હું પતિવ્રત્તા ધર્મ પાળુંછું. "જ્યારે કુંવર જમશે ત્યારે હું જમવાનો વિચાર કરીશ. એ હજી સુધી "આવ્યા નથી," પછી એક દાસી આવીને બોલી, "તમારા ભત્રીજા જ-"ગદેવ, મહારાજ પાસે જઇને તેમને મળ્યા છે; તેઓ રાજાજી પાસે બેઠે-"લા છે,—રાજમેહેલના રસોઈખાનામાંથી થાળ આવ્યા છે." જામોતી બો-લી, "જા વેહેલી જા અને જગદેવને રાજા સાથે જમતા બંધ રાખ, અને "રાજાજીને વિનવીને જગદેવને અહિં તેડી લાવ. આજે ફોઈ ભત્રીજાએ "પાસે બેશીને જમવું જોઇયે. અહિં ભોજન તૈયાર થયું છે." વળી તેણે પોતાની મેળે બોલ્યાં કર્યું કે, "મારો ભત્રીજો જગદેવ આવ્યો નથી, તો "એના ખાધા પેહેલાં હું કેમ ખાઉં? જ્યારે તેણે ખાધું છે એવું હું સાં-"ભળીશ ત્યારે મારી મેળે હું જમીશ." એટલી વારમાં જે દાસી ગઈ હતી તે પાછી આવી અને બોલી, "બાઈ સાહેબ, કુંવર રાજાજી સાથે જમેછે, "બન્ને મહારાજ પાસે પાસે બેઠેલા છે. હું તેમને મારી નજરે જોઇને આ-"વી; પણ તમારા ભત્રીજા તમારા ભણી આવવાના છે. એ કેવા શ્યામ "વર્ણના છે!" જામોતી બોલી, "મારા પિયરમાં એવું સાધારણ છે. મારા "ભાઈ ઉદયાદિત્ય પણ શ્યામ વર્ણના છે, પણ એ કુટુંબમાં જેવા રૂપાળા "છે તેવા બીજા કોઇને મેં જોયા નથી." આ પ્રમાણે તેઓએ વાતો કરી. પછી જામોતિયે સુંદર થાળ મંગાવ્યા ને એક થાળ ચાવડીના મ્હો આગળ

મૂકીને બોલી, "વહૂ જમો." ચાવડિયે થોડું ખાધું, પછી દાસી થાળ લઈ ગઈ. ત્યારપછી વાતોચીતો પાછી ચાલી. જ્યારે પાછલ્યો પોહોર દાહાડો બાકી રહ્યો ત્યારે ચાવડી બોલી, "હજી સુધી કુંવર પોતાની ફોઇને મળવાને આવ્યા નહિ એમ કેમ?" જામોતી બોલી, "છોકરી! જા, ને મારા ભત્રીજા જગદેવને તેડી લાવ." ફરીથી પાછી વહૂજી સાથે તે વાતો કરવાને મંડી ગઈ પણ જગદેવ વિના સર્વે વાતો ચાવડીને ફીકી લાગવા માંડી. બે ઘડી પછી પેલી દાસી પાછી આવીને બોલી, "રાજા એમની સાથે વાતો કરે "છે, એમને ઉઠવા દેતા નથી; તે કહેછે કે, પોહોર રાત્રે જગદેવ સૂવાને "આવશે ત્યારે એમની ફોઇને મળશે." આવું સાંભળીને જામોતી દાસીના ઉપર ક્રોધે ભરાઇને બોલી, "મહારાજને જઇને વિનવ કે, જગદેવને મળ્યાં "ને એમને ઘણાં વર્ષ થયાં છે ને સવારમાં આપની સાથે વાતો કરવાને "કુંવરને ઘણી વેળા મળશે, પણ હવણાં તો એમને મળવા આવવાને આજ્ઞા "આપવી જોઇયે." બે ઘડી રહીને દાસી પાછી આવીને બોલી, "રાજાજિયે પેહેલાના જેવોજ ઉત્તર આપ્યો." જામોતિયે લાલકુંવરને કાહાવ્યું કે, "આજનો મુજરો છે, પોહોર રાત્ર જાય ત્યારે ચાલ્યા ચાલ્યા આવજો; "મારે હાથ એક સ્ત્રી આવી છે તે જો તમારી ખુશીમાં આવે તો રાખ "કરી રાખજો, ને જો તમારી ખુશી નહિ હોય તો હું મારે ઘેર સાગરીદ "કરી રાખીશ." આવું સાંભળીને લાલકુંવરે અફિણ ચડાવા માંડ્યું, તે ઉપર મફર ને માજમ ખાધી, વળી તેણે સખત કેફનો ભરેલો દારૂ પીધો; સારાં સારાં લૂગડાં ઘરેણાં વડે બની ઠણીને અત્તર કસ્તુરી શરીરે ચોળી. પછી ડોલતો ડોલતો, ભાલો ટેકવતો આવ્યો. તેના હાથમાં દારૂની ભરેલી બતક હતી, દાસિયે તેને જોયો એટલે, દોડી જઇને કહેવા લાગી "વહૂજી મને વધામણી આપો, કુંવર આવે છે." ચાવડિયે જાણ્યું કે ખરેજ તે આવતા હશે. પણ લાલકુંવર ઘરને આંગણે આવી પોહોંચ્યો, તે દેખાય એટલે છેટે હતું. જ્યારે તે ઘરમાં પેઠો ત્યારે દાસિયે બારણાં દીધાં, તે સાંકળ પૂરીને ચાલતી થઈ. ચાવડિયે જાણ્યું કે એ મારો વર નથી, કાંઈ દગો ફટકો થયો. પણ તેણે મનમાં વિચાર્યું કે મારે બહુ સાવચેત રેહેવું જોઇયે, કેમકે મારામાં પુરૂષના જેટલું બળ નથી, ને આ તો કેફથી ચકચૂર છે. તેણે મનમાં એક કેહેવત સંભારી કે ઠગની સાથે ઠગ થવું, પછીથી આવી સંકટની વેળાએ પોતાનું પાતિવ્રત્ય જાળવવાને જેવું સાવધાન રેહેવું જો-

ઇયે તેમ સાવધાન રેહેવાનો નિશ્ચય કરચો. એ પ્રમાણે મનસુબો કરીને તે ઉભી થઇને બોલી, "કુંવર ! આવો પલંગે બેસો." તેણે ઉત્તર આપ્યો, "ચાવડી, તમે બેસો." તેને ઘણી સુંદર જોઇને ગોલો* રીઝયો. ચાવડિયે પણ તેને કટાક્ષ મારવા માંડ્યાં તે તેના કાળજા પાર નીકળી ગયાં.

नेन भलक भल लग्गिया, निसर गया दो सार
केउ घायल जाणसे, केउ नाखण हार.

ગોલો પાણીના જેવો પાતળો થઈ ગયો. ને ચાવડિયે પણ આંધળે બેહેરૂં કૂટાવા દીધું. તે બોલી, "મારે માટે જામોતિયે બહુ સારૂં કરચું." લાલકુંવર બોલ્યો, "ઓ ચાવડી ! મેં એને કહી રાખ્યું હતું કે, મને જો "ઉંચા કુળની, સુંદર, નિપુણ જવાન સ્ત્રી મળશે તો હું તેને મારી રાખ "કરીને રાખીશ; મારે જેવી જોઇતી હતી તેવાંજ તમે મળી ગયાં. તમે "કેહેશો તે પ્રમાણે હું કરીશ." આ ઉપરથી ચાવડિયે જાણ્યું કે મને આટલી બધી ઠગીને મને ને આને બળાત્કારે મેળવી આપનાર ગણિકાજ છે. લાલ પાસે બતક અને પ્યાલો જોઇને તથા કેફથી તેને ચકચૂર થયેલો દેખીને તેની પાસેથી બતક અને પ્યાલો લઈલીધો ને પ્યાલાને ટંકોટંક ભરીને તેને ધરચો ને બોલી, "કુંવર ! મારા હાથનો એક પ્યાલો લો." ત્યારે લાલે ઉત્તર આપ્યો, "એ કેફી છે ને મેં બહુ કેફ કરી છે, ને તમે મને બીજો પ્યાલો આપોછો ? ના, ના, આપણે, વાતો કરિયે." ચાવડી બોલી, "વાતોમાં શું, હું તમને પેહેલ વેરકીજ આપુંછું માટે મારો હાથ પાછો ઠે- "લશો નહિ; હું જે તમને રાજી થઇને આપુંછું તે મને હોંસ છે માટે "તમારે લેવુંજ જોઇયે." જ્યારે તેણિયે આટલું બધું કહ્યું, ત્યારે તેણે પ્યાલો લીધો ને પી ગયો, અને પછી ધ્રૂજતે હાથે એક ભરીને ચાવડીને આપવા લાગ્યો. તેણિયે પોતાનો મુકનો આગળ ખેંચીને પ્યાલો પોતાની કંચુકી ઉપર રેડી દીધો. તેણિયે ફરી ભરચો ને જોયું કે ગોલો પલંગે આડો થયો છે, પણ હજી સુધી સારી પેઠે ચકચૂર થયો નથી એટલે તેણિયે ફરીને એક પ્યાલો ભરીને આપ્યો. પીતાં પીતાં દાંત પીશીને પલંગ આગળ પડચો. ચાવડિયે જાણ્યું કે હવે એનો ઉપાય ચાલે નહિ એવો બેભાન બની ગયો

---

* લાલ મ્હોટા અધિકારીનો પુત્ર હતો તોપણ જણાય છે કે તે ગોલો અથવા ખવાસ જાતનો હતો. તેમને મ્હોટે અધિકારે ચડાવે છે ખરા પણ તેઓ ગુલામ અથવા તેમના વંશના હોય છે.

છે એટલે તે તાબડતોબ ઉઠી ને તેની તરવાર લઇને તેનું ગળું વાઢી નાંખ્યું. પછી ગોદડાને પલંગ ઉપરથી લઇને તેમાં તેને વીંટી લીધો. ઝરૂખા નીચે રાજમાર્ગ હતો તેમાં વીંટો નાંખી દીધો. મધ્ય રાત્ર પડી એટલે ચોકીવાળા ચોકી ફરતા ફરતા આવ્યા; તેમણે પોતાના મ્હો આગળ વીંટો પડેલો દીઠો, ને જાણ્યું કે કોઈ ચોર વેપારીના ઘરમાં ખાતર પાડવા પેઠેલા તે જાગી ઉઠી હોંકારા કરવાથી વીંટો નાંખીને નાશી ગયા હશે. તેઓએ ધાર્યું કે કોટવાળ આપણને સાબાશી આપશે તેથી વીંટો ઉંચક્યો. તે તેમને ઘણો ભારે લાગ્યો, એટલે માંહોમાંહે કહેવા લાગ્યા કે "આપણે "એને હવણાં ઉકેલવો નહિ; સૂર્ય ઉગતાં માલધણી ચોરનું પગલું કાહાડ"વાને અને પોતાની માલમતા સારૂ પૂછતો આવશે માટે ચાલો આપણે "જઇને આ વીંટો જેવો છે એવો ને એવો કોટવાળના ચબુતરામાં મૂકિયે, "સવાર થશે ત્યારે આપણે કહીશું." આણીમગ ચાવડી ઉપરની મેડિયે, પોતાનાથી બને એવી રીતે દૃઢપણે પોતાનું રક્ષણ કરવાને તૈયાર રહેલી બેઠી.

હવે જગદેવનું સાંભળો—સાંજ પડતાં ઘર ભાડે રાખીને અને બધી ગોઠવણ કરીને જ્યાં ઘોડા અને પોતાની સ્ત્રી મૂકીને ગયો હતો ત્યાં આવ્યો. ત્યાં તેણે ગાડિયો ને ઘોડાની નિશાનિયો દીઠી તેથી જાણ્યું કે કોઇયે ચાવડીને ઠગી છે, ને અહિંથી લઈ ગયું છે. જે બન્યું હતું તે કહેવાને પોતે દરબારમાં ગયો. અશ્વશાળા આગળ, દરબારને મોખરે અશ્વપાળ બેઠેલો હતો. તેણે જગદેવને ત્યાં આવેલો જોઇને ધાર્યું કે આ કોઈ ખરો રાજવંશી છે. પછી પોતે ઉઠ્યો અને તેને મળ્યો, અને પૂછ્યું; "તમે ક્યાંથી પધારચા છો," જગદેવ બોલ્યો, "હું મારો રોટલો મેળવવાની આશાએ અહિં આવ્યો છું. હું પરમાર રજપૂત છું." અશ્વપાળ બોલ્યો, "જો તમે "આ ઘોડાની સંભાળ રાખો તો આપણે એકઠા રહિયે, અને તમને પગાર "અને ખાવાનું મળશે." જગદેવનું હૃદય ને વિચાર ત્યાં હતાં નહિ;પણ તેણે ધાર્યું કે આ અધિકારી રાજાનો મેળાપ કરાવશે, અને તે પ્રમાણે તેણે હા કહી એટલે પોતે તેની પાસે રહ્યો, પણ મનમાં ઘણો સંતાપ કરવા લાગ્યો. તો પણ—

ક્ષણમાં ક્ષિણ ક્ષણમાં વધે, ક્ષણે અર્ધ, ક્ષણ લીન;<br>
દૈવે દીધા ન ચંદ્રને, સર્વે સરખાં દિન.*

---

* અસલ નીચે પ્રમાણે છે.

**खण खीणो खण बहुलो, खण आधो खण लीह,<br>
दैव न दीधा चंदने, सबे सरीखा दीह.**

તેણે ધાર્યું કે, આ ખોટું છે, પણ શું કરિયે. જ્યારે સંધ્યાકાળ પડી ત્યારે તેણે ઘોડાને રાતબ ચંદી ખવરાવી. તે ઠાણિયો (અશ્વપાળ) પોતાને ઘેરથી જમણની થાળ લાવ્યો; પણ જગદેવને ભાવ્યું નહિ; તથાપિ પેલાની આગળ ખાધું ના ખાધું કરીને, તે થાળ પાછી મોકલી. આખી રાત તેણે પોતાની પથારીમાં ધડપછાડા નાંખ્યા. આખરે પરોઢિયું થયું. ડુંગરશી કોટવાળ ચબુતરે આવ્યો. ચોકીવાળાઓએ નમન કરીને તેને વીંટા બતાવ્યો, અને કહ્યું રાત્રે ચોર નાશી ગયા તેમની પાસેથી અમને મળ્યું. માલ પકડાયો તેથી કોટવાળ ખુશી થયો; ને બોલ્યો, "વીંટા છોડીને જુઓ, એમાં શું છે." ચાકરો ટપોટપ છોડવા મંડી ગયા; જ્યારે તેઓએ ત્રીજું પડ છોડવા માંડ્યું ત્યારે લોહી નજરે પડ્યું; તેઓ બધા ચમક્યા, અને ઝટોઝટ વીંટા છોડતાં તેમના જોવામાં આવ્યું કે કોઈ માણસને મારી નાંખીને તેમાં વીંટી લીધું છે. ડુંગરશિયે મરદુ ઓળખ્યું અને બોલ્યો, "અરે ! એ તો નક્કી "લાલડો ! તે મારા હૃદયને કેવો વાહાલો હતો ! તે "જેવો હતો તેવો જ દેખાય છે—ઘરેણાં ઘાલેલાં તેવાંજ છે." કોટવાળે છાતી કૂટી અને ચાકરોને કહ્યું "દોડો જાઓ, તપાસ કરો ને ખરી ખ- "બર લાવો આ તો તમારા જવાન શેઠ લાલકુંવરનું મુખ દેખાય છે." તેઓ બોલ્યા, " એ તો ઘરમાં ઉંઘેછે, તેઓએ જઇને તેના ખવાસને પૂછ્યું, ત્યારે તેણે કહ્યું કે, પોહોર રાત્ર જતાં એ તો જામોતી..ગણિકાને ઘેર ગયા છે. માણસોએ ત્યાં જઇને ગણિકાને પૂછ્યું, તેણિયે કહ્યું કે ઉપરની મેડિયે એ તો આરામમાં સૂતેલા છે. તેઓએ કહ્યું કે એમને ઉઠાડીને બોલાવો, ત્યારે દાસિયે જઇને કહ્યું કે, "ચાવડી, કુંવરને જગાડીને અહિં મોકલો." ત્યારે ચાવડિયે ક્રોધાયમાન્ થઇને કહ્યું. "આલજાદી રાંડ ! તારા બાપને "તે વેળાએ જ મેં મારી નાંખ્યો છે ને વીંટા કરીને રસ્તામાં નાંખી દીધો "છે. તેં ચાવડાની દીકરીની સાથે આવી લુચ્ચાઈ કરવાની હામ બકી છે ! "રાંડ ! મારો પતિ કુંવર જાણશે ત્યારે તારી વલે છે. બીજી સ્ત્રિયો ગણિ- "કાનું કામ કરતી હશે અને તેમને ઘણા સાથે પ્રીતિ હશે પણ હું તો "શાપ દઉંછું કે, નારાયણ્ તારા ઘરનું સત્યાનાશ વાળો. મારી હુઝૂરમાં તેં "ગોલાને મોકલવાની હામ ભીડી, એક ગોલો જે મારા ઘરના આંગણા બ- "હાર બેસવાને યોગ્ય ! એની આંખ તેં મારા ઉપર નંખાવાને હિંમત ચ- લાવી !" ગણિકા આવું સાંભળીને મરણ તુલ્ય બની ગઈ. ચાકરોએ દોડી

જઇને કોટવાલને કહ્યું, " કોઈ ચાવડી રજપૂતાણિયે જવાન કુંવરને મારી નાંખ્યા છે. તે ઉપરથી કોટવાલ બસેં માણસ લઇને જામોતીને ઘેર ગયો ને મેડા ઉપર ચડયો. જે ઓરડામાં ચાવડી હતી તે તો સજ્જડ બંધ કરયો હતો; પણ પછવાડેની પછીતે અક્કેક ફેરે માત્ર એક માણસ અંદર પેશી શકે એવી એક બારી હતી. ત્યાં નીસરણી મૂકીને, એક ચાકર ઉપર ચડયો, અને ઓરડામાં જોવા લાગ્યો. ચાવડિયે તરવાર વતે તેને મારી પાડયો. તેનું માથું ઓરડામાં પડયું ને ધડ બાહાર જતુંને પડયું. એ જ પ્રમાણે તેણિયે પાંચ છ, માણસો કાપી નાંખ્યાં પણ કોઇનાથી તેને મારી શકાઈ નહિ. સર્વે જણા કાંપવા લાગ્યા. વાત તો બધે ચાલી, અને સિદ્ધરાજ જયસિંહને જાણ થયું કે, કોઈ ચાવડી રજપૂતાણીના ઉપર ઠગાઈ કરવામાં આવી છે, અને કોટવાળના દીકરાને અને બીજા ચાર પાંચ માણુસોને તેણે ઠેર કરયાં છે; વળી તે ઉપરને માળે સંતાઈ પેશીને પોતાનું રક્ષણ કરેછે. રાજા બોલ્યો, " સત્વર દોડો અને આજ્ઞા કરો કે મારા આ-
"વતા સુધી કોઇયે કાંઈ કરવું નહિ; હું સત્વર ત્યાં આવુંછું." સિદ્ધરાજે પોતાનો ઘોડો મંગાવ્યો ને અશ્વાર થયો; ઠાણિયે અને જગદેવે તેને નમન કરયું, જગદેવને જોઇને રાજાને આશ્ચર્ય લાગ્યું, અને મનમાં વિચાર્યું કે,–
" આ કોઈ સારો ઠકરાણો જણાય છે; પણ મેં એને આગળ કોઈ દિવસ દીઠો નથી." જગદેવ ઘોડે ચડી રાજાની આગળ થયો. તેણે તેના ઉપર જામોતીને ઘેર પોહોંચતા સુધી નિહાળીને જોયા કર્યું. સિપાઇઓએ ભીડમાં રસ્તો કરાવ્યો. રાજા ઉતરયો, તેની પછવાડે ઠાણિયો અને જગદેવ પણ ચાલ્યા. પછી જયસિંહ બોલ્યો, " ચાવડી દીકરી ! મને કેહે તારૂં પિયર
"ક્યાં ! તારૂં સાસરૂં ક્યાં ! અને તું કોને વેહેરે પરણી છે;" ચાવડિયે જોયું અને જાણ્યું કે આ કોઈ મ્હોટો ઠકરાણો છે; તેથી તે બોલી " મહારાજ !
"હું રાજારાજ ચાવડાની દીકરી; અને બીરજની બેહેન છું. અને ધારના
"રાજા ઉદયાદિત્ય પરમારના ન્હાના કુંવર વેહેરે પરણી છું." ત્યારે રાજા બોલ્યો, " ચાવડી દીકરી, તેં મારાં માણુસ શા માટે મારી નાંખ્યાં ?"
તેણિયે રોષમાં ઉત્તર આપ્યો, " મહારાજ ! આ દુષ્ટ રાંડ મને ઠગીને અહિં
"લાવી, અને એક ગોલો મારી આબરૂ લેવા આવ્યો માટે મહારાજ મેં
"એને મારી નાંખ્યો. હું રજપૂતની પુત્રી છું; હું મરતા પેહેલાં ઘણાને ઠેર
"કરીશ. ને મરતા સુધી હું લડીશ. ઈશ્વરને જેમ સારૂં લાગશે તેમ કરશે.

"મારા સ્વામીરાજ પણ નગરમાં છે," તે વેળાએ, જગદેવે અગાડી આ-વીને કહ્યું, " ચાવડી! બારણાં ઉઘાડો, તમે ઘણું સંકટ સોસ્યું છે." ત્યારે ચાવડિયે જગદેવનો અવાજ ઓળખીને બારણાં ઉઘાડ્યાં. અને હાથમાં આ-વીને પડી, રાજાએ જાણ્યું કે આ જ જગદેવ હશે. પછી જયસિંહે ચાવ-ડીને કહ્યું, " તને હું મારી પુત્રી કરી લઉછું," તેણે પોતાના ચાકરોને બોલાવીને કહ્યું કે, " જાઓ જઇને રથ લઈ આવો, ને સાથે દશ દાસિયો લાવીને એમને દરબારની હવેલિયે ઉતારો આપો," પછી ડુંગરશી કોટવાલ આવીને રાજાને વિનતિ કરવા લાગ્યો, " મહારાજ! સલામત! મારૂં ઘર ભાંગનાને વિષે તમે શી આજ્ઞા આપોછો ?" રાજા બોલ્યો, "આ "ચાવડી પુત્રિયે પોતાનો પતિવ્રતા ધર્મ સાચવ્યો છે. જ્યારે એક ગોલો "કોઈ રજપૂતની પુત્રીને બગાડવા ધારે છે ત્યારે ખચીત એને શિક્ષા થવી "જ જોઇયે. મેં નગર તમારા સ્વાધિનમાં કર્યું તે શું ખોટું કરવાને માટે?" એવું કહીને આજ્ઞા કરી કે, "એને કોટવાળી ઉપરથી કાહાડી મૂકવો, અને એણે મને મ્હો બતાવવું નહિ." પછી તરત જ તેની માલમતા જપ્ત કરી લીધી, ને તેને દેશપાર કરીને શિક્ષા દીધી, તથા તેનું ઘરબાર લુંટાવી લેવરાવ્યું. આ પ્રમાણે કોટવાળનું ઉદાહરણ બીજાઓને બતાવ્યું. પછીથી સિદ્ધરાજે ગણિ-કાઓને કેદ કરી અને સર્વેનાં નાક કાપી, માથું મુંડાવીને અને તેઓને શિતળાના* વાહન ઉપર બેસારીને આખા નગરમાં ફેરવી કાહાડી મૂકી, અને તેમનાં ઘરબાર લુંટાવી દીધાં.

ચાવડીને રથમાં બેસારીને અને દશ દાસિયો ચાકરીમાં આપીને રાજાએ તેને એક ભવ્ય ઘરમાં રાખી. જયસિંહ પોતે જાતે તેને ત્યાં લઈ ગયો અને કામકાજને સારૂ એક વૃદ્ધ ખવાસ તેને સ્વાધીન કરયો તથા એક વર્ષ સુધી ચાલે એટલું ખાવાનું તેના ઘરમાં ભરાવ્યું, તેમજ ઘર ખ-ટલાને જોઇયે તેટલો સામાન પૂરો પાડ્યો. વળી તેણે, ઘરની ચોકી કરવાને એક બળવાન્ ચોકીદાર આપ્યો, તથા તેના સાથને માટે જે જે અગત્યનું હતું તે તે પૂરૂં પાડ્યું. અને ફરીને કહી સંભળાવ્યું કે મેં તને મારી પુત્રી કરીને સ્થાપી છે. પછી, જગદેવને પોતાની સાથે લઇને દરબારમાં ગયો. ત્યાં બેશીને જગદેવનો સર્વ વૃત્તાંત પૂછી લીધો. રાજા જગદેવનાથી અત્યંત પ્રસન્ન થયો. તેને પોતાની પાસે બેસારીને જમાડ્યો, જ્યારે પોહોર રાત્ર

* શિતળાદેવીનું વાહન ગધેડું છે.

ગઈ ત્યારે તેણે તેને પોશાક, કડાં, મોતીની માળા, કંઠો, એક શિરપેચ ઈ-ત્યાદિ આપી રજા આપી. જગદેવ ઘેર ગયો, ને ચાવડીને ભેટયો, ને તેને મોતીની માળા આપીને કહ્યું કે તેં સત્વર આપણો મેળાપ રાજા સાથે કરાવ્યો; નહિ તો, દશ બાર દિવસની ઢીલ થાત, ને વચ્ચે કોઈ ત્રીજાને રાખીને રાજાને કાહાવવું પડત. આ પ્રમાણે દિવસમાં જે જે બન્યું હતું તે તે વિષે વાતો કરતાં રાત્ર પડી.

ચાવડિયે પતિવ્રત કરવા માંડ્યું હતું તેથી કાંઈ ખાધું નહતું, એટલા માટે, સવારમાં ત્રણ વાગતાં તેણે ફરીને રસોઈ કરી, પાણી ઉન્હુ મૂક્યું. બધું જ્યારે તૈયાર થયું ત્યારે તેણે જગદેવ કુંવરને જગાડયો; તે બોલ્યો, "આજે આટલી બધી ઉતાવળ કેમ?" ચાવડિયે કહ્યું કે, "રાજા તમને "તેડું મોકલશે; એમને તમારી સાથે વાતો કરવાને રસ પડેછે માટે આખા "દિવસમાં એક પળ પણ તમારા વિના તે રેહેશે નહિ. મેં વ્રત લીધું છે તે "તો તમે જાણો છો, કાલનો મને અપવાસ છે; તમે નાહાશો ત્યાર પછી "હું જમીશ." જગદેવે કહ્યું કે તમે ખરી વાત કાહોછો; તે ઉઠીને નહાયો, અને બન્ને સંગાથે જમ્યાં, કે ઘોડાવાળો આવ્યો, ને બાહાર રહીને બેલાવા લાગ્યો. જગદેવે પોતાની સ્ત્રીને કહ્યું કે હું જાઉંછું, તે પછી બારણા આગળ આવ્યો, ને ઘોડે ચડીને દરબારમાં ગયો. રાજાએ ઉભા થઈને માન આપી બેસારયો. તેઓ એકઠા મળી જૂની વાતો કરવા લાગ્યા. રાજાએ પૂછ્યું, "તમે મારી પાસે રહેશો?" જગદેવે ઉત્તર આપ્યો, "મારો રોટલો પેદા કરવાને હું ઘેરથી નીકળ્યોછું." રાજા બોલ્યો, "તમે પટો રાખશો કે ઉચ્ચક રકમ ઠરાવી તે પ્રમાણે લીધાં જશો?" જગદેવે કહ્યું, "મહારાજ, ઉચ્ચક પગાર લેવો મને ઠીક પડશે; "નિત્યના એક હજાર રૂપિયા આપ-"શો ને ગમે તેવા જોખમવાળી જગ્યાએ મને ઠરાવશો; પાછી પાની દઉં "તો રજપૂત નહિ." રાજાએ કહ્યું, "બહુ સારૂં;" પછી ભંડારીને બોલાવીને તેને આજ્ઞા કરી કે, "જગદેવને નિત્યના બે હજાર રૂપિયા ભંડારમાંથી "આપજો; મહિનાના સાઠ હજાર થયા. જોજો પગાર આપવામાં કાંઈ અ-"ડચણ થાય નહિ." ફરીથી રાજાએ જગદેવને શરપાવ કરયો ને પરવાનો લખાવી મોહોર છાપ સુદ્ધાંત કરીને તેને હાથ આપ્યો.

જ્યારે જગદેવને ઘેર જવાની આજ્ઞા આપી, ત્યારે પાટણના મ્હોટા

સામંતો માંહોમાંહે બડબડવા લાગ્યા કે, "આને તે રાજાએ શું કરવાને ચાકરિયે રાખ્યો હશે." વળી તેઓ કેહેવા લાગ્યા કે, "સૂર્ય ઉગે છે કે રાજા એને બે હજાર રૂપિયા આપે છે! એંશી લાખ ઘોડેસ્વારનું લશ્કર આવશે તો એ એકલો તે શું હઠાવશે?" આવું છતાં પણ, રાજા તો જગદેવનાથી ઘણો ખુશી થયો, તે તેને પોતાની એક બાજુએ કે સામો બેસારે અને તેને કાંઈ પણ તુષ્ટીદાન આપ્યા વિના ઘેર જવા દે નહિ. આ પ્રમાણે એક વર્ષ સુધી ચાલ્યું. ત્યાર પછી જગદેવને કુંવર થયો, તેનું નામ જગધવલ પાડ્યું; અને ત્રણ વર્ષ પછી, બીજો કુંવર જન્મ્યો તેનું નામ બીજધવલ પાડ્યું. ન્હાનકડા રાજકુમારોને રાજા ઘણું લાડ લડાવતો, તેને ન્હાનાં છોકરાંને અને સાદા લોકોને કાંઈ ઇનામ આપવાનો ચાલ હતો; તેઓ પોતાની ભોળાઇને લીધે હસવા સરખી વાતો કરતા; રાજા ધર્માદા કરવા સારૂ નિત્યના હજાર ખર્ચતો. આ વાત ભાટ લોકો કેમ નોંધી રાખે નહિ? કેમકે, "ધર્મ ગુરૂનું નામ, અને ભલું કરનારનું નામ સ્મરણ રાખવું એ છ વ્રત માંહેલું એક વ્રત છે."

મ્હોટો કુંવર પાંચ વર્ષનો થયો અને ન્હાનો બે વર્ષનો થયો, ત્યારે એક વાર ભાદ્રપદ મહિનો આવ્યો. તેમાં, વાદળાંથી રાત્ર અંધારી ઘોર જેવી બની રહી હતી, આકાશમાંથી વર્ષાદ વરસતો હતો, દેડકાં ડ્રૂં ડ્રૂં કરચાં કરતાં હતાં, મોર ટૌકાર કરી રહ્યા હતા, બપૈયા બોલી રહ્યા હતા, અને વિજળિયોના ઝબુકા થતા દેખાતા હતા. ભાદ્રપદની આવી રાત્ર કાયરની છાતી ચાલે નહિ એવી હતી. આવી રાતની વેળાએ રાજાને કાને એક અવાજ ગયો. તે જાણે ચાર સ્ત્રિયો, પૂર્વ દિશામાં ખુશીનાં ગીત ગાતી હોય અને બીજી ચાર તેમનાથી થોડે છેટે રડતી હોય એવું સંભળાયું. રાજાએ ચોકીવાળાને બોલાવીને પૂછ્યું કે હવણાં કોણ જાગેછે? જગદેવે ઉત્તર આપ્યો,—"મહારાજ શી આજ્ઞા છે?" રાજા બોલ્યો, "જગદેવ, તમે ઘેર ગયા નથી?" કુંવર બોલ્યો, "આજ્ઞા આપ્યા વિના હું કેમ જાઉં?" રાજા બોલ્યો, "વારૂ ત્યારે હવણાં ઘેર જાઓ." જગદેવે કહ્યું, "મહારાજ! ચોકીવાળાને શી આજ્ઞા કરવાની હતી? હું તે આજ્ઞા પ્રમાણે કરીને ઘેર જઇશ." રાજાએ પૂછ્યું, "આપણને સંભળાય છે એ શાનો અવાજ છે?" જગદેવ બોલ્યો, "કોઈક સ્ત્રિયો ગાયછે, અને કોઈક રડેછે." રાજા બોલ્યો, "જોઈઆવીને

કોહો કે કોણ રડે છે ને કોણ ગાય છે? સવારમાં બધા સમાચાર કેહેજો." જગદેવ, નમન કરીને, માથે ઢાલ મૂકી, હાથમાં તરવાર લઈ એકલો બાહાર ચાલ્યો. રાજાએ પોતાના મનમાં વિચાર્યું કે, "ભાદ્રપદ મહિનાની રાત્રો ભય ભરેલી છે; ચાલ, જઇને જોઉં કે એ જાય છે કે નહિ. આ પ્રમાણે મનસુબો કરીને અને અંધારપછેડો ઓઢીને, જગદેવની પછવાડે સિદ્ધરાજ પણ ચાલ્યો. ઘણા સામંતો ચોકી કરતા હતા. તેઓને દરેકને બોલાવીને રાજાએ કહ્યું કે કોણ ચોકી પોરે છે? દરેક ઉમરાવે પોતાનાં નામ દીધાં. ત્યારે રાજા બોલ્યો, "પૂર્વ દિશામાં કેટલીક સ્ત્રિયો ગાય છે અને કેટલીક રડે છે તેની બાતમી લઈ આવવા રાજાજી તમને ફરમાવે છે." એક સામંત બોલ્યો, "જે નિત્યના બે હજાર ખાય છે અને "જેને રીઝો મળે છે તેને મોકલવા દો, આટલા દિવસથી પગાર ખાધાં ક-"રેછે તે શું મફત ખાય છે?" રાજાએ આ સાંભળ્યું. બીજા કેટલાક સામંતો હતા તે બોલ્યા, "અમે રાજાને બાતમી આણી આપિયે છિયે." પછી જેવા તેઓ ચાર પાઈમાં સૂતા હતા તેવા ને તેવા એક બીજાને અમસ્થા કેહેવા લાગ્યા. "ઠાકોર! ઉઠો, ઉઠો!" પછી હથિયાર સજતા હોય એમ ઠોકમ ઠોકા કરીને, અને ઢાલોનો ખડભડાટ કરીને પાછા ઉંઘી ગયા.

એટલી વારમાં જગદેવ તો પૂર્વમાં જ્યાં ગાણું સંભળાતું હતું તેણીમગ ચાલ્યો—સિદ્ધરાજ તેની પછવાડે પછવાડે ચાલ્યો ગયો. જગદેવ નગરના દરવાજા આગળ આવી પોહોંચ્યો; દરવાને બારી ઉઘાડીને તેને બાહાર જવા દીધો. સિદ્ધરાજ બોલ્યો, "હું એ સામંતનો ખવાસછું મને પણ જવા દે." એ પણ બાહાર નીકળ્યો, જ્યાં સ્ત્રિયો વિલાપ કરતી હતી તેણીમગ જયદેવ ચાલ્યો ને તેમને કહ્યું, "તમે કોણ છો? તમે મૃત્યુ લોકનાં "માનવી છો, કે દેવાંગના છો, કે ભૂતડી, પ્રેતડી, અથવા સિદ્ધ કે શિકો-"તર છો? આવી મધ્ય રાત્રની વેળાએ તમે આવો બળાપો કરીને કેમ "વિલાપ કરોછો? મને કોહો કે તમારે માથે શું સંકટ આવી પડ્યું છે". તેઓ બોલિયો, "પુત્ર જગદેવ! તું પાસે આવ. તું અહિં શા માટે આવ્યો છે?" તે બોલ્યો, "હું તમારા વિલાપનું કારણ જાણવા આવ્યો છું." તેઓ ફરીને બોલિયો. "અમે પાટણની જોગણિયો છઇયે. કાલે સવારમાં "દશને ઠકોરે સિદ્ધરાજ જયસિંહનું મોત છે. એટલા માટે અમે વિલાપ ક-

"રિયે છિયે. હવે ભક્તિ, બલિદાન, બાકળા, કોણ કરશે? પૂજા અર્ચા કોણ "કરશે? માટે અમે વિલાપ કરિયે છિયે." રાજા જ્યાં સંતાઈ રહ્યો હતો ત્યાંથી, તેઓએ કહ્યું તે બધું તેણે સાંભળ્યું. જગદેવ બોલ્યો, "પણ પણે ગાય છે તે કોણ?" જોગણિયો બોલી, "જા જઇને તેમને પૂછ." જગદેવ ગયો અને નમન કરીને બોલ્યો, "તમે વધાવાનાં ગીત ગાઓ છો, તમારામાં "મુખ્ય કોણ છે અને તમે એવડાં શાથી રાજી થયાં છો કે આ પ્રમાણે "ગાઓ છો?" તેઓ બોલિયો, અમે દિલ્હીની ઈષ્ટ દેવિયો છિયે. અમે સિ- "દ્ધરાજ જયસિંહને લેવા સારૂ આવિયો છિયે. જો પણે વૈમાન છે, એટલા "માટે અમે વધાવા ગાઇયે છિયે." જગદેવ બોલ્યો, "કઈ વેળાએ એમનું મોત છે?" દેવિયો બોલિયો, "સવારમાં સવા પ્રહર દિવસ ચડતાં સેવા કરવા "સ્નાન કરી એ તૈયાર થશે અને પિતાંબર પેહેરીને બાજઠ ઉપર ઉભો રેહેશે "તે વેળાએ અમે એને મારીશું એટલે એ શરીર છોડશે." ત્યારે જગદેવ બોલ્યો, "હવણુંના કાળમાં સિદ્ધરાજ જેવો કોઈ રાજા નથી. શું પુણ્યદાન કે બાધા આખડી કરિયે કે જેથી સંકટમાંથી એ ઉગરે?" તેઓ બોલી, "એ ઉગરે એવો માત્ર એકજ ઉપાય છે; જો કોઈ રાજાની બરાબરિયો સા- "મંત પોતાનું માથું કાપીને અમને આપે તો સિદ્ધરાવ જયસિંહનો આવ- "રદા વધે." જગદેવ બોલ્યો, "જો મારૂં માથું કામ લાગે એમ હોય તો "તે લઇને સિદ્ધરાજનો આવરદા અને રાજ્ય વધારો. જો એમ હોય તો હું "તૈયાર છું." દેવિયોએ કહ્યું કે, "જો તું તારૂં માથું ચડાવે તો સિદ્ધરાવ ઉગરે." ત્યારે જગદેવ બોલ્યો, "મને થોડી ઘડીની રજા આપો, હું જઇને "મારી સ્ત્રીને સર્વ વર્ત્તમાન કહુંછું અને તેની આજ્ઞા લઇને પાછો આવુંછું." દેવિયો ખડખડ હસવા લાગી. "કોઈ સ્ત્રી પોતાના ધણીનું મોત થાય "એવું માન્ય કરે નહિ; પણ જા અને પૂછ, અને સત્વર પાછો આવ." જગદેવ પોતાની મેળે ઘર ભણી પાછો વળ્યો. સિદ્ધરાજે મનમાં વિચાર કરયો કે, હવે એ પાછો આવે છે કે નહિ તે જોઉંછું, અને ચાવડી શું કેહેછે તે પણ જણાશે. એમ ધારી તે પણ તેની પછવાડે ચાલ્યો. જગદેવ પાછો આવીને ઘરમાં પેઠો અને ઉપલે માળે ચડયો, તે ચાવડીને ભેટયો. સિદ્ધરાવ જયસિંહ વહૂવરની વાત સાંભળતો સંતાઈ રહ્યો; નિત્યની રીત પ્રમાણે તેઓ ભેગાં બેઠાં. જગદેવ બોલ્યો, "ચાવડી! વાત આમ બની છે."

ચાવડી હાથ જોડીને બોલી, "સ્વામીનાથ શી આજ્ઞા છે?" પછી જગદેવે બધી વાત માંડીને કહી, ને બોલ્યો, હું તારી રજા લેવાને આવ્યોછું." ચાવડી બોલી. "ધન્ય ઘડી, ધન્ય રાત! આવા દિવસને માટે જ આપણે લૂણ "ખાઇયે છિયે. તેમને જીવ આપો. જીવને સટેજ આવાનું, તુષ્ટિદાન અને "ભૂમિ પળેછે, તમે ઘણો સારો નિશ્ચય કરચો છે; રજપૂતનો એવો ધર્મ છે. "સિદ્ધરાવ જીવશે અને રાજ્ય કરશે તો સર્વે સારાં વાનાં છે; એમ નહિ "તો પછી જિવતર શા કામનું છે.? પણ સ્વામીરાજ! મારી એક વિનતિ "છે. મારે શા માટે જીવવું જોઇયે; બે પોહોર માટે હું એટલું બધું સંકટ "વેઠું?* તમારી સાથે હું પણ મારો જીવ આપીશ," જગદેવ બોલ્યો, "પણ બાળકોની શી વલે થશે?" ચાવડી બોલી, "ત્યારે એમનું પણ બ- "ળીદાન આપો." ત્યારે જગદેવે કહ્યું, "જો એમજ હોય તો હવે ઢીલ ક- રવી નહિ." જગદેવ મ્હોટા કુંવરને હાથે વળગાડીને ઉતરચો; ચાવડી તે- મની પછવાડે ઉતરી. સિદ્ધરાવ જયસિંહને ઘણું જ આશ્ચર્ય લાગ્યું, ને મ- નમાં કહ્યું, "બહુ સારૂં કરચું રજપૂત, અને ઘણું ઠીક કરચું રજપૂતાણી." ચારે જણ આગળ ચાલ્યાં, શું બનેછે તે જોવા રાજા પછવાડે ચાલ્યો. જગદેવ અને ચાવડી દેવિયોની પાસે આવી પહોચ્યાં. તેઓ બોલિયો, "જ- ગદેવ! તારૂં માથું કાપવાને તૈયાર છે?" તે બોલ્યો, "મારા માથાને સટે સિદ્ધરાવના આવરદામાં કેટલાં વર્ષ વધારશો?" તેઓ બોલિયો, "એ બાર વર્ષ સુધી રાજ્ય કરશે." ફરીને જગદેવે કહ્યું,—" ચાવડી અને બે બાળકોના "જીવ મારા જીવ જેટલાજ અગત્યનાછે, માટે ચાર જીવને સટે સિદ્ધરાવને "અડતાળીસ વર્ષનો આવરદા આપો; હું ચાર જીવ આપુંછું." દેવિયો બોલી, "તથાસ્તુ" ચાવડિયે પોતાનો પેહેલો કુંવર આગળ રજુ કરચો. જગદેવે પો- તાની તરવાર કાહાડીને કુંવરનું માથું કાપી નાંખ્યું, ને બીજા કુંવરને તૈયાર કરચો, એટલે દેવિયોએ તેને અટકાવ્યો. "જગદેવ, અમે અડતાળીસ વર્ષ આ- પ્યાં ને તે સાથે તારી સ્ત્રી, ને કુંવર પણ આપ્યા." તેઓએ મ્હોટા કુંવર ઉપર અમૃત છાંટ્યું એટલે તે સજિવન થયો. દેવિયો હશીને બોલી, "તારી અને તારી સ્ત્રીની સ્વામીભક્તિ અત્યંત છે." પછી તેના કુંવરના માથા ઉપર હાથ મૂકીને ચાવડીને આપ્યા. તેઓ બોલિયો, "જગદેવ તારી

* એનો ભાવાર્થ એવો કે, મારે પતિની સાથે ગમે તે વેળાએ સતિ થઈ બળી મરવું છે.

"સ્વામીભક્તિને લીધે અમે સિદ્ધરાજને અડતાળીસ વર્ષનું રાજ્ય આપિયે છિયે." એમ કહીને રજા આપી. જગદેવ અને ચાવડિયે નમન કરયું, અને બન્ને કુંવરને લઇને ઘેર પાછાં ગયાં. રાજા, જગદેવની સ્વામીભક્તિ અને ચાવડીનો પતિપ્રેમ જોઇને અત્યંત આનંદ પામ્યો. તે રાજમંદિર પાછો આવ્યો અને પોહોડયો; અને સૂતો સૂતો મનમાં વિચાર કરવા લાગ્યો, "જગદેવ ધન્ય છે તને, તેં મારે માટે અડતાળીશ વર્ષનું રાજ્ય મેળવી આપ્યું." આ પ્રમાણે વિચાર કરતાં તેની આંખમાં ઉંઘ આવવા લાગી નહિ. પાછલી ચાર ઘડી રાત્ર રહી એટલે જગદેવને બોલાવવાને ચાકર આવ્યો. તે ઉઠી દાતણ પાણી કરીને નાહ્યો અને સર્વ શક્તિમાન્ ઈશ્વરની પૂજા કરી, માળા કરવા બેઠો ને કપાળે ટીલું કરીને પોહો ફાટયો એટલે રાજા પાસે ગયો. જગદેવ આવ્યો ત્યારે સિદ્ધરાવ દરબારમાં બેઠેલો હતો. તે પોતાની રાજગાદી ઉપરથી ઉઠીને તેને ભેટયો; અને પોતાની પાસે એક બીજી ગાદી પથરાવીને તેના ઉપર બળાત્કારે તેને બેસારયો. જે સામંતોને તેણે ખબર કાહાડવાની આજ્ઞા કરી હતી તેઓને બોલાવીને પૂછ્યું કે "તમે રાતો રાત શા સમાચાર મેળવ્યા છે?" તેઓ બોલ્યા, "બે ગાડાંમાં ચાર માઉવો* હતી; "એક ગાડામાં જે હતી તેને દીકરો અવતરયો હતો માટે ગાતી હતી, અ"ને બીજા ગાડાવાળીનો દીકરો મરી ગયો હતો તેથી તે વિલાપ કરતી હતી." સામંતોની આવી વાત સાંભળીને સિદ્ધરાજ ધિઃકાર સાથે હશીને બોલ્યો, "તમે લાખ લાખના પટાવાળા છો; તમે મ્હોટા સ્તંભ છો; તમે ખબર લાવો નહિ તો પછી લાવશે કોણ?" પછી જગદેવના ભણી ફરીને બોલ્યો, "રાતે જે નિપજ્યું હોય તે તમે કોહો. જગદેવ બોલ્યો, "સામંતોએ જેમ કહ્યું તેમજ હશે." રાજા ફરીને બોલ્યો, "જેમ બન્યું હોય તેમ "અથથી તે ઇતિ સુધી માંડીને કોહો; મેં બધું સાંભળ્યું છે." જગદેવ બોલ્યો "જો મેં કાંઈ પણ જોયું હોય તો કહું;—બનાવીને વાત કેહેતાં મને આવડતી નથી." પછી જગદેવની ઉદારતા કશીને, અને તેનું ધૈર્ય જોઇને સિદ્ધરાજ જયસિંહ બોલ્યો—"ઓ! સામંતો, ભાયાતો, અને ઠાકોરો વાત

---

*દુષ્કાળ અથવા કાંઈ સંકટ આવી પડવાથી ઘરબાર છોડીને જે માણસ ભટકતા ફરે છે તે માઉને નામે ઓળખાય છે. મારવાડના વાણિયા માઉ કેહેવાય છે. અને તેઓ કચ્છ કે કાઠિયાવાડમાં આવી રહેલા છે, તે આજે પણ પોતાની અવટંક "માઉ" કેહે છે. માઉ શબ્દનો અર્થ દુઃખી થાય છે.

"સાંભળો, આજે સવારમાં પેહેલે પોહોરેજ મારૂં મરણ થવાનું હતું; પણ હ-
"વેથી, જગદેવના પ્રતાપથી હું અડતાળીશ વર્ષ સુધી રાજ્ય ભોગવવાનો છું.
"એના બે દીકરાનાં, એનું, અને એની સ્રીનું માથું દેવિયોને આપવાને એ
"તૈયાર થયો, મ્હોટા દીકરાનું માથું તો ખરેખરૂં એણે આપ્યું હતું. આ
"ઉમરાવની હિંમત અને સ્વામીભક્તિ તથા એની સ્રીનો એના પ્રતિ અતિ
"પ્રેમ જોઇને દેવિયોએ સર્વ ક્ષમા કરયું અને મને આવરદા પણ આપ્યો.
"આજથી હું રાજ્ય કરૂં છું તે જગદેવ કુંવરના પ્રતાપથી કરૂંછું. તમે કાંઈ
"લાભ મેળવી લેવા સારૂં જૂઠું બોલ્યા. પણ આ બધો બનાવ મેં મારી
"નજરે દીઠો, ને મારે કાને સાંભળ્યો. એમને પગાર આપવામાં આવ્યો
"માટે તમે બડબડવા લાગ્યા પણ હું જો નિત્યના એક લાખ અથવા એક
"કરોડ આપું તોપણ એમના જેવો રજપૂત મને મળે નહિ." આ પ્રમાણે
કહીને, પોતાની વડી કુમારીનું નાળિયેર જગદેવને આપ્યું, તે સાથે બે હ-
જાર ગામ પણ આપ્યાં. અને વળી તેમના જાત ખર્ચ સારૂ બીજાં પાંચસેં
ગામ આપ્યાં. જગદેવને કડાં, મોતીનો કંઠો, કલગી, અને બીજાં પારવિ-
નાનાં ઘરેણાં આપી ઘેર વિદાય કરયો. જગદેવે ઘેર આવીને સર્વ વૃત્તાંત
ચાવડીને કહ્યો. તે બોલી, "તમે રાજાછો, તમારા અંતઃપુરમાં બે ચાર રાજ
"કન્યાઓ જોઇયે, તમે બહુ સારૂં કરયું, સંબંધ ઘણો સારો થયો." પછી
જગદેવે સારૂં મુહૂર્ત્ત જોઇને લગ્ન કરયું. પ્રજા સિદ્ધરાજને અને જગદેવને
સમાન ગણવા લાગી. આ પ્રમાણે સુખ ભોગવતાં બે ત્રણ વર્ષ વીતી ગયાં.

ભૂજ* નગરમાં જ્યાં રાજા ફૂલજી રાજ કરતો ત્યાં તેનો પુત્ર લાખો
ને ફૂલ કરીને કુંવર હતો, તેને બે કુંવરિયો હતી. એક સમયે તેણે વિચાર

---

* કચ્છના બોલાડીમાં પ્રથમ અને પછી અણઘોરના ગઢમાં રાજધાની કરીને રાજા ફૂલે રાજ (ઈ. સ. ૮૫૫ થી ૮૮૦ સુધી) કરયું છે. હબાયની એક ન્હાની ધાર ઉપર બોલાડીનો કોટ આજે પણ છે. અણઘોર પણ હબાયની ધાર ઉપર છે. આ કોટ ખંડેર થયો છે અને તેમાં જૈનનાં દેરાં પણ ખંડેર સ્થિતિમાં છે; પણ ફૂલની વાત આ પ્રસંગને મળતી આવતી નથી. જામલાખા જાડાણીને સાત કન્યા હતી તેને યોગ્યવર ન મળવાથી તેઓ બળી મોઈ, એ વાત પ્રસિદ્ધ છે. પણ તેમાંની મોટી બે કન્યાઓનાં લગ્ન થયાં હોય અને બીજીઓનાં ન થયાં હોય તેથી બળી મોઈ હોય એવો સંભવ પણ ધારી શકાય છે. જામ લાખા જાડાણીની રાજગાદી લાખિયાર વિયરામાં હતી. જાડેજા અવટંક આ રાજાથી પડી છે. તેમ સિદ્ધરાજના સમયમાં લાખો ફૂલાણી નહિ પણ આ લાખો જાડાણી હતો.

કર્યો કે આપણી કુંવરિયો વરવાને યોગ્ય થઈ છે, તેથી હવે તો વર શોધી કાહાડવા જોઇયે. પછી પોતાના પ્રધાનને બોલાવીને સિદ્ધરાજ જયસિંહને નાળિયેર મોકલવાની સલાહ કરી. તે પ્રમાણે જાડેજીનાં નાળિયેર પાટણ આવ્યાં. સિદ્ધરાવે જાન તૈયાર કરીને સાથે જગદેવ અને બીજા મહાન્ સામંતોને લીધા, તે ચાલતાં ચાલતાં ભૂજનગર[1] આવી પોહોંચ્યા, મહા હર્ષથી સામૈયું લઈ જઈ જાનને નગરમાં લાવ્યા. રાજા ફૂલને[2] જગદેવના કુળની ખબર હતી, ને વળી પ્રધાને ફરીથી કહી સંભળાવીને તેને બધું સંભારી આપ્યું, તે સાથે કહ્યું કે, "એ મહાન્ રજપૂત છે, એક શૂરવીર, "અને એક ધીર પુરૂષ છે,—ન્હાની કુંવરી એને દો." એ કુવરીનું નામ ફૂલમતી હતું, તેનું નાળિયેર જગદેવે લીધું. રાજા ફુલ (જામલાખા)ને માંડવે, સિદ્ધરાજ સોલંકી અને જગદેવ પરમાર એ જાડેજી કન્યાઓ વેહેરે પરણ્યા. કુળાચાર પ્રમાણે વરદક્ષિણા ઇત્યાદિ ભેટ કરીને પછી તેઓને રજા આપી. તેઓએ ઘણા દિવસ સુખમાં કાહાડ્યા પછી ચાવડીને પિયેરથી તેને તેડું આવ્યું એટલે જગદેવની આજ્ઞા લઇને ચાવડી પોતાના બાપને ઘેર ગઈ.[3]

જગદેવની બાકી રહેલી વાત રસિકને બદલે જરા વિસ્મયજનક છે. સિદ્ધરાજની જાડેજી રાણીને કાળભૈરવનો વળગાટ હતો, તેની સાથે લડીને અને તેને વશ કરી લઇને જગદેવે સિદ્ધરાજને પોતાના વધારે ઉપકારના બોજા નીચે કેવા પ્રકારે આણ્યો તે સંબંધી ભાટ યથાસ્થિત વર્ણન કરેછે* વળી ચામુંડા માતા એક ભાટની સ્ત્રીનો વેશ લઇને રાજાના દરબારમાં મા-

---

૧ તે વેળાએ લાખિયાર વિયરામાં રાજગાદી હતી.

૨ જામ લાખાને.

૩ આ વાતના ઈતિહાસ વિષયક ઉપયોગીપણાને લીધે આ જગ્યાએ ખુલાસો કરવાની અગત્ય દિસે છે, તે એ કે—જો લગ્ન થયું હોય નહિ તો રજપૂતના કુળમાં લગ્ન થયાનું જૂઠું કેહેવાની ભાટથી એટલી બધી છુટ લઈ હિંમત ચલાવી શકાય નહિ. જો એમ કરે તો જેટલાને સંબંધ હોય તેટલા બધાની અકૃપા ભાટ તેના પોતાના ઉપર ખેંચી લે.

* આ વાતનો પ્રસંગ નીચે પ્રમાણે બંધ બેસતો કરી શકાય છે.

જાડેજી રૂપે રંગે સારી હતી. તે મૃગનયની, પદ્મની સમાન શોભતી. તેને અંગ પરાગ છતાં નિત્ય પાંચસેં રૂપિયાની સુગંધી ચોળી નાહાતી. તેના પાણીના પ્રવાહની જગ્યા ઉપર ભોગી ભ્રમર ગુંજાર કરી મૂકતા. આવી રાણીને ઘણા પ્રકારનું દુઃખ થઈ હતું. કાળભૈરવનો સિદ્ધરાવને વળગાટ હોતાં આ બળતાથી સિદ્ધરાવ નિત્ય નિત્ય સૂકાવા લાગ્યો, તેનામાં ઉદાસીનો પ્રવેશ થયો. તેને કાંઈ પ્રકારના રંગ ભોગ

ગવાને આવ્યાં ત્યારે જગદેવે પોતાનું માથું તે દેવીને આપીને પોતાના ધ-ણી સિદ્ધરાજના કરતાં ઉદારતાની લડાઇમાં પણ તે કેવી રીતે વધ્યો તે સંબંધી વળી આપણને ભાટના ભણીની સૂચના મળેછે* એમ જણાય છે કે, આવું નિપજ્યા પછી સિદ્ધરાજ જગદેવના ઉપર રોષે ભરાયો હતો, કેમકે, તેણે તેને પોતાના પગ નીચે કરી દઇને જગતમાં એની કીર્ત્તિ ઓ-

---

કે રાજકારભાર ઉપર પ્રીતિ રહી નહિ. આ પ્રમાણે પાંચ માસ વિત્યા ત્યારે જગદેવે તેનું કારણ જાણવાનો નિશ્ચય કરયો. એક દિવસ રાત્ર પડવા આવી એટલે સર્વ દર-બારી લોક આજ્ઞા લઈ વેરાઈ ગયા, પણ જગદેવ ગયો નહિ. રાજાએ તેને જવાનું કહ્યું ત્યારે તે બોલ્યો, મહારાજ આપના મનમાં ઊંડી વેદના શી છે તે મને કોહો. ત્યારે સિદ્ધરાવજી નિઃશ્વાસ નાંખી બોલ્યો, "કુંવરજી, મારા મનનું દુઃખ મારૂં મનજ જાણેછે.

દુહો.

હઈડા ભીતર દવ બળે, કોય ન જાણે સાર;
કે મન જાણે આપણું, કે જાણે કર્ત્તાર.

કુંવરજી, એ વાત કોને થાય? કેહેવાની અગત્ય લાગે પણ કોને કેહેવી તે સુઝે નહિ, પણ તમે મારા દાતા છો. આજે તમે આ ડોઢીમાં થઈ રાણીની સ્થિતિ જો જો એટલે સર્વે તમારા જાણવામાં આવશે. પછી સિદ્ધરાવ પોહોડયો એટલે જગદેવ ઢાલ તરવાર શસ્ત્ર સજી દાડમ તથા ચંબેલીની વાડીમાં બેઠો, પછી અર્ધ રાત્ર વીતી એ-ટલે કાળભૈરવે રાણીમાં પ્રવેશ કરયો, એટલે તેને નાના પ્રકારની પજવણી અને અ-તિશય દુઃખ થવા લાગ્યું. તે જોઈ જગદેવે જાણ્યું કે આવું દુઃખ સિદ્ધરાવ કોની આગળ કેહે? પછી હાથમાં તરવાર ઝાલી ઢોલિયા ભણી કૂદી પડયો ને ચોટલો પ-કડીને ભૈરવને કહ્યું કે, પરકાયામાં પ્રવેશ કરનાર ચોર સાવધ થા. ઘણા દિવસથી હું જતો હતો પણ આજે હું જગદેવ તને મળ્યો. પછી ભૈરવે ઘણો ચમત્કાર પ્રકટ કરયો છતાં જગદેવે તેનું કાંઈ ચાલવા ન દેતાં તેને એવો સપડાવ્યો કે ભૈરવ નિર્બળ થયો, ત્યારે તે બોલ્યો, હવે મને છોડ હું કદિ આ શરીરમાં નહિ આવું. પછી જગદેવે તેનો આવેશ ઉતારવા વળગાટવાળી રાણીને એક ભોંયરામાં ઉતારી વળગાઠ મુક્ત કરી પાછી આણી. બીજે દિવસે સવારમાં જગદેવ પરમાર દરબારમાં આવ્યો ત્યારે તેને બે હજાર ગામ, કડાં, મોતીની માળા ઈત્યાદિ આપ્યું.

* કાળો ભૈરવ ને ગોરો ખેતરપાળ એ બે ચામુંડા માતાને અખાડે વીર રમે, ત્યાં બધા ચેલા નાચ કરે. તેમાં ગોરા ખેતરપાળને એકલો જોઈ માતાએ પૂછયું કે કા-ળો કયાં? ત્યારે તે બોલ્યો કે માતાજી તમારાથી શું અજાણ્યું છે? પછી માતાએ જ્ઞાન દૃષ્ટિએ વિચારી જોયું તો સર્વે વાત જાણવામાં આવી, અને બોલી કે, મેં એને વારયો હતો કે જગદેવ પરમાર હોય ત્યાં તારે જવું નહિ પણ એણે મારૂં માન્યું નહિ. એમ કહી પછી તેને છોડાવવા ભાટડીનું રૂપ ધરયું, તે કાળ ભૂત જેવી, દુર્બળ, અને ઘરડી ડોશી, લાંબા દાંત વાળી, ઘણી બિહામણી, માથે લટિયાં વિખરાયલાં ને તેલમાં લદ બદાયલા ધોળા શેતર જેવા વાળ છે. કપાળે સિંદુરની પિચળ કરેલી છે. ખભા ઉપર કાળી લોબડી ઓહોડી છે અને કાળા ઉનનો કાંબળો પેહેરયો છે તથા તેવી સિંદુરમાં

છી કરી દીધી; અને સિદ્ધરાજે જે ધારના ઉપર ચડાઈ કરી તે તે રોષને

---

લસબસ કરેલી કાંચળી પેહેરીને. એવે રૂપે હાથમાં ત્રિશૂલ લઈને સિદ્ધરાવને દરબાર આવીને ડાબે હાથે સિદ્ધરાવને આશીર્વાદ દીધો ને જમણે હાથે જગદેવને દીધો અને છેડો માથે ઓઢયો. જગદેવ પોતાને ઉતારે હતો તેવામાં રાજાના કરતાં જગદેવ પ્રતિ તેની વધારે માન ભરેલી રીતિ જોઈને તેને પૂછવામાં આવ્યું ત્યારે ઉત્તર આપ્યો કે, મેં આપ્યું એટલું બધું માન જગદેવ પરમારને યોગ્ય છે. રાજાને આ વચનથી અંતઃકરણમાં ખોટું લાગ્યું અને તેને કહ્યું જા તું પ્રથમ જગદેવ પાસે માગ, એ આપશે તે કરતાં હું ચોગણું આપીશ. ત્યારે કંકાળી ભાટડી બોલી કે હે સિદ્ધરાવ પૃથ્વિમાં કોઇયે પરમારની બરાબરી કરી નથી માટે તમારે કરવી નહિ, કેમકે:—

સોરઠો.

પ્રથમ વડા પરમાર, પૃથ્વી પરમારાંતણી,
એક ઉજેણી ધાર, બીજું આબુ બેસણું.

સિદ્ધરાવે કહ્યું કે, તને જગદેવ આપશે તેથી હું ચોગણું ગણીને કે તોળીને આપીશ. માટે એનાં આટલાં બધાં વખાણ કરે છે તો પેહેલી એની પાસે જા. પછી તે પ્રમાણે જગદેવ પાસે જઈ સર્વ વર્તમાન કહી દાન માગ્યું. જગદેવે વિચાર્યું કે હું જે જે આપીશ તે તે રાજા આપી શકશે. પછી પોતાનું માથું આપવાનો નિશ્ચય કરયો. તેને સોલંકણી રાણિયે સમજાવ્યો કે, સર્વેદાનમાં આપિયે પણ માથું આપિયે નહિ. જાડેજી રાણીને પૂછ્યું તો તે કેહેવા લાગી કે સ્વામીનાથ, એક તમારૂં માથું આપો ને એક મારૂં આપો એટલે આઠ માથાં રાજા કયાંથી આપશે? ભાટડીનું કામ થવાનું છે તેથી માંહોમાંહે કેટલોક વિવાદ થયા પછી જગદેવે થાળમાં માથું કાપીને આપ્યું. તે લઇને રાજી થતી સિદ્ધરાજ ભણી ચાલી ગઈ. પણ રાણીને કેહેતી ગઈ કે હું જઈ આવું એટલીવાર ધડનું રક્ષણ કરજો અને મંગળગીત ગાજો. સિદ્ધરાવ માથું જોઈને આશ્ચર્ય પામ્યો. અને ઘણું કરી શકયો તો તે એટલુંજ કહી શકયો કે હું મારૂં અને પાટવી ઘોડાનું માથું આપું છું, પણ મારૂં માથું તું તારે હાથે ઉતારી લે. ભાટડી કેહે હું જોગણી તથા ભિક્ષુક છું માટે આપેલું દાન લઉં. પોતાને હાથે માથું આપવાની હિંમત ચાલી નહિ. ત્યારે ભાટડિયે કહ્યું કે "તમારા ઉંચા મેહેલ ઉપર ચડીને બૂમ પાડો કે જગદેવ પરમાર જીત્યો ને હું હારયો ને પછી આ માથાવાળી થાળી નીચે સાતવાર નીકળી જાઓ તો જવા દેઉં. સિદ્ધરાવ સંકડાંમણમાં આવ્યો તેથી તે પ્રમાણે કર્યું. એટલે માથાનો થાળ લઇ ભાટડી જગદેવને ઉતારે ગઈ અને ધડ ઉપર માથું મૂકીને જગદેવને સજીવન કરયો. જગદેવ ઘણો પ્રસન્ન થયો અને બોલ્યો કે માગ્ય, માગું તે આપું. ભાટડી કેહે મારે કશું જોયતું નથી, પેલા કાળભૈરવને છોડય જગદેવે તેને ભોંયરામાંથી મુક્ત કરયો. તે ખોડિયો થયો હતો તેથી ખોડિયો ખેતરપાળ કેહેવાયો. તેને લઇને ભાટડી ચાલી ગઈ.

દુહો.

"સંવત અગિયાર અમોતરે, ચૈત્ર ત્રીજ રવિવાર;
"શિશ કંકાળી ભાટને, દિય જગદેવ ઉતાર.

ભાષાન્તર કર્તા.

લીધેજ કરી હતી. જગદેવના જાણવામાં રાજાનો આવો વિચાર આવ્યો એટલે તેણે રાજાની ચાકરી છોડવાનો નિશ્ચય કરયો, કેમકે એક કેહેવત છે કે.—

"ધારા ભીતર હું રહું, મુજ ભીતર રે' ધાર;
"જો ધારા પાછી દઉં, તો લાજે પરમાર.+

એટલા માટે જગદેવે ઘેર જઇને જાડેજીની સલાહ લીધી, તે બોલ્યો, "રાજાએ આપણી સાથે શત્રુતા કરવી ધારી છે; અહિં વધારે રેહેવામાં "હવે લાભ નથી; જો રાજા આગ્રહ કરશે તોપણ રહીશું નહિ; આપણે "આપણું ભાગ્ય અજમાવી ચૂક્યા." રાણી બોલી, "રાજવંશી તરીકે ત"મારી કીર્ત્તિ જગત્‌માં વ્યાપી ગઈ છે અને તમે સારી શોભા મેળવી છે. "માટે ઘેર જઇને હવે માતા પિતાને ભેટવું. હું પણ મારાં સાસુ સસરા"જીનાં દર્શન કરીશ. તમારો સંબંધજ કહી બતાવશે કે કુંવરે સારૂં નામ "કાહાડયું છે; માટે મુહૂર્ત્ત જોઈને આપણે ચાલવા માંડિયે." પછી જગદેવે જોશીને બોલાવ્યો, અને મુહૂર્ત્ત ઠરાવીને નગરની બાહાર પોતાનો તંબુ ઠોકાવ્યો. એટલામાં ચાવડી પણ પોતાને પિયરથી આવીને પોતાના સ્વામીને ભેટી; તેઓએ ઘણું સુખ ભોગવ્યું. જગદેવે તેને બધી વાત કહી, અને તેણે પણ તેની સાથે ચાલવા માંડયું. તેઓએ ઉંટો ઉપર પોતાની માલમતા લાદી, અને તેમની સાથે તેમના હાથી, ઘોડા, રથ, પાલખીઓ, ઢોર, દાસી, અને દાસ,—આખો ઘર વાખરો લઇને નીકળ્યા. બધું જ્યારે નગરની બાહાર આવ્યું ત્યારે જગદેવ ઘોડે ચડીને રાજાની હજૂરમાં ગયો, સિદ્ધરાજે ઉભા થઇને કહ્યું, "આવો અહિં બેસો," પણ જગદેવે ઉત્તર આપ્યો, "મહારાજની સેવા મેં ઘણા દિવસ કરી, હવે મને રજા આપવી જોઇયે." રાજાએ તેને પોતાની પાસે રાખવાને ઘણોય આગ્રહ કરયો પણ જગદેવે માન્યું નહિ. પ્રધાન અને સામંતોએ પણ ઘણું કહ્યું, પણ જગદેવે તો જવાની રજાજ માગ્યાં કરી. છેવટે રાજાને નમન કરીને અને બધા સાથને રામ રામ કરીને ચાલતો થયો. સિદ્ધરાવની પુત્રી પણ તેનાં મા

---

+ એક બીજો દુહો આ પ્રમાણે છેઃ—

જ્યાં પુંઆર ત્યાં ધાર હૈ,
(ઔર) ધાર તિહાં પુંઆર;
ધાર બિના પુંઆર નહિ,
(ઔર) નહિ પુંઆર બિન ધાર.

બાપને, બન્ધુજનોને, બ્હેનપણિયોને ભેટીને ચાલી. જગદેવ પાંચ હજાર અશ્વાર સહિત પાટણથી સિધાવ્યો. તેની આગળ આઠ હજાર પાયદલ ચાલવા લાગ્યું. દર મંજલ ચાલતાં તેઓ ટુકટોડે આવી પોહોંચ્યાં. કાસદે ચાવડા રાજાને સમાચાર કહ્યા; તેઓએ વધામણી માગી. કુંવર બીરજે તેમને વધામણી આપી; તેણે નોબત અને વાદિત્ર વજડાવ્યાં. નગરને શૃંગારચું, અને કુંવર મ્હોટી ધામધૂમથી સામો મળવાને ગયો; સર્વેએ તેને મોતિયે વધાવ્યો ને એક બીજાને મળ્યા. જગદેવ ત્યાં એક મહિના સુધી રહ્યો. લોકોએ પાટણના સમાચાર સાંભળ્યા હતા, પણ ચાવડિયે પેહેલેથી તે છેલ્લે સુધી સર્વે વાત માંડીને કહી. સર્વે ખુશી થયા.

એક મહિના પછી જગદેવે જવાની આજ્ઞા લીધી ને ધારભણી ચાલ્યો. સમાચાર ત્યાં જઈ પોહોંચ્યા, તથાપિ સમાચાર કેહેવા તેઓએ વધામણિયો મોકલ્યો. રાજા ઘણો ખુશી થયો; વધામણિયાને રાજાએ ઘરેણાં, કડાં, મોતી આપ્યાં. સોલંકી રાણીની હજૂરમાં બેવડી વધામણી આપી. પછી સામા જવાની તૈયારી કરી; નગર શૃંગારચું; ઉદયાદિત્ય રાજા, પાલખી, ઘોડા, અને હાથી લઇને તેઓને તેડવા સામો ગયો. જગદેવ પોતાના પિતાને પગે લાગ્યો; પોતાના ભાઈ ભત્રીજાઓ, સામંત, ઠાકોર, રજપૂત, પ્રધાન, ધનાઢ્ય માણસ એ સર્વેને મળ્યો; તેણે પોતાના બન્ને કુંવરોને પોતાના બાપને પગે લગડાવ્યા, રાજા ઘણો ખુશી થયો. ઘણા ચારણ ભાટ લોકો જગદેવની કીર્ત્તિ ગાવા લાગ્યા. આ પ્રમાણે તેઓ સર્વે ઠેકાણેથી રામ રામ લેતા ઘણા પાખરિયા, બખતરિયા મ્હોટા હાથીના સાથ સહિત નગરમાં પેઠા. જગદેવ જઇને પોતાની માતા સોલંકી રાણીને પગે લાગ્યો. તેની માતાએ ઉવારણાં લીધાં, ત્રણે વહુ પગે લાગી. સોલંકણી પોતાના પુત્રને અને વહુવોને જોઇને અત્યંત હર્ષ પામી અને બોલી, "હું આ જગત્‌માં ભાગ્ય-
"શાળી કે મેં મારા પુત્રનાં આવાં કામ મારે કાને સાંભળ્યાં અને તેમને
"મારી નજરે દીઠાં." કુંવરો પોતાની વડીઆઇના ખોળામાં જઇને બેઠા. ત્યારે રાજા ખુશી થઇને બોલ્યો, "ઓ પુત્ર ! તેં પરમારની પાંચસેં શાખા-
"ઓ ઉજાળી. અહો પુત્ર, તારા જેવો કોઈ થયોજ નથી ને થશે પણ નહિ.
"તેં સિદ્ધરાજને ઉગારચો અને તેનો જીવ બચાવ્યો, અને ભૈરવને વશ
"કરી લીધો. તું રાજા સાથે લડયો અને તેનું અભિમાન બેસાડ્યું. સોલં-

"કણીને ધન્ય છે જે એણે તારા જેવા કુંવરને ધારણ કરીને જન્મ આપ્યો.
"તારૂં નામ અમર થયું છે."

પછીથી વાઘેલી રાણી રાજાને પગે લાગી ને જગદેવનો સત્કાર કરયો. તે તેનો હાથ ઝાલીને બોલ્યો, "માજી! મારે તમારો પ્રતાપ છે. હું તમારે ખોળે છું." આ પ્રમાણે સારો માણસ નઠારામાંથી સારૂં માની લે છેઃ—

અવગુણ ઉર ધરિયે નહિ, જયમ બાવળનું ઝાડ;
સળ ન એની છાયમાં માટે લઇયે પાડ.

આ પ્રમાણે વિચાર કરીને, તે વાઘેલીને પગે લાગ્યો અને રણધવળને ભેટયો; વહુવોએ પણ બંનેને ઘટીત માન આપ્યું.

પછી તરતજ રાજા ઉદયાદિત્યને રોગનું જોર એટલું બધું વધી ગયું કે તેને લાગ્યું કે હવે હું ઘણા દિવસ કાહાડીશ નહિ. તેણે પોતાના સર્વે સામંતોને અને જગદેવ તથા રણધવળને બોલાવ્યા. સર્વેની આગળ તે બોલ્યો; "હું રાજચિન્હ જગદેવને આપુંછું, અને રાજ્યનો અધિકાર એને સ્વાધીન કરૂંછું." રણધવળને તેણે સો ગામ આપીને કહ્યું કે, જગદેવના કહ્યામાં તારે રેહેવું; તેમજ રણધવળની તેણે જગદેવને સુપ્રત કરી. આ પ્રમાણે જગદેવ ગાદિયે બેઠો ને રાજા દેવલોક પામ્યો. વાઘેલી અને સોલંકણી સતી થઈ. રાજા જગદેવ રાજ્ય ચલાવવા લાગ્યો.

પંદર વર્ષની વયે તેણે ઘર છોડયું હતું ને સિદ્ધરાજની ચાકરી અરાડ વર્ષ કરી હતી. ગાદિયે બેઠા પછી તેણે બાવન વર્ષ રાજ્ય કરયું. તે પંચાશી વર્ષ સુધી જીવ્યો. છેવટે તેણે કુંવર જગધવલને ગાદિયે બેસારયો અને પોતે દેવલોક પામ્યો. ચાવડી, સોલંકીણી અને જાડેજી રાણિયો ઘણા આનંદથી સતિ થઈ, અને તેમના સ્વામી સાથે સ્વર્ગે ગઈ.

આ પ્રમાણે ભાટ કથાનો અંત આણે છે, "મેં સારી વાત કહી છે." જગદેવની આ વાત સાંભળ્યાથી, સત્યતા, અરોષ, હિંમત, ધૈર્યતા, શૌર્ય, ડાહાપણ, ઉદારતા, એ સર્વે બહુ નીકળી આવેછે. આ જગત્માં રાવ અને રાણા વાત સાંભળે તો તેમનું કાયરપણું, કૃપણપણું અને તોછડાઈ એ સર્વે નાશી જાય; તેઓને કદિ સંકટ આવી પડે નહિ. આ પ્રમાણે વિચાર કરીને વાંચનાર વાંચશે, કવિ ગાશે, અને સામંતો સાંભળશે, તો અમરપુરીમાં જેઓ વસેછે તેમને જેટલો આનંદ થાયછે તેટલો આનંદ થશે.

આ પ્રમાણે પ્રતાપી અને શૂરવીર જગદેવ પરમારની વાત છે.

# પ્રકરણ ૯.

## રા’ખેંગાર.

પ્રબંધચિંતામણીનો કર્ત્તા લખેછે કે, **સિદ્ધરાજે** આહિર રાણા અથવા ભરવાડ રાજા, નામે **નોંઘણ** ઉપર ફોજ મોકલી, તે ફોજે જઇને **વર્દ્ધમાન** અથવા હવણાં જે વઢવાણ કેહેવાયછે તેને અને બીજાં શેહેરોને ઘેરો ઘાલ્યો, પણ ઘણી વાર પાછાં હઠવું પડયું. છેવટે રા’ખેંગારના વારામાં **સિદ્ધરાજ** જાતે ચડયો, અને તે રાણાના ભાણેજના કપટવડે તેને ઝાલ્યો અને મારી નાંખ્યો. તેની રાણિયે ઘણોજ શોક કરયો અને તેને રા’ખેંગારની સાથે જ જીવ આપવાનો પ્રસંગ મળ્યો નહિ, માટે વિલાપ કરવા લાગી જે,

(સોરઠો.)

વાઢી તો વઢવાણ, વિસારતાં ન વિસરઈ;
સોનાસમા પરાણ, ભોગવહ તઈ ભોગવીઈ.

અહિં **નવઘણ** (નોંઘણ) અને **ખેંગાર**ના નામ વચ્ચે ગુંચવણ પડેછે. એ નામ બે જૂદા જૂદા પુરૂષ—બાપ અને દીકરાને લગાડ્યાં છે. તેઓ **યાદવકુળ**ના રાજા હતા અને **સોરઠ**માં **ગિરનાર** અથવા **જૂનાગઢ**માં રાજ્ય કરતા હતા, તેમાં **સિદ્ધરાજ**નો સામાવાળિયો, જેને તેણે મારી નાંખ્યો તે ખેંગાર હતો, અને વઢવાણમાં જે રાણી મરણ પામી તેનો તે સ્વામી હતો.

એક ભાટ કેહે છે કે, રા’ખેંગારના[1] પિતા રા’**નવઘણે** **મહીકાંઠા** ઉપરના **ઉમેટા**ના રાજા ઉપર શરણુ થયાની નિશાની દાખલ, પોતાની કન્યા

---

૧ જૂનાગઢના જાદવ (ચૂડાસમા) રાજાઓમાં ચોથો રાજા **રા’ ગ્રાહરિપુ** ગારિત્યો ૧લો) ઇ. સ. ૯૪૦ થી ૯૮૨ સુધી હતો. તેણે મૂળરાજ સાથેની ઇ. સ. ૯૭૯ માં થયલી લડાઈમાં હાર ખાધી. તે પછી તેનો કુંવર, ૫ **રા’** કવાત ઇ. સ. ૯૮૨ થી ૧૦૦૩ સુધી એણે આબુના આત્રા રાજાને દશ વખત પકડી છોડી દીધો હતો પરંતુ શિયાળ બેટનો પરમાર રાજા વીરમદેવ (કોઈ એને મેઘાનંદ ચાવડો પણ કહે છે તે) રાજાઓને યુક્તિથી પકડી લાકડાંનાં પાંજરાંમાં પૂરતો, તેણે જાદવ સિવાયના છત્રીશ કુળના રજપૂત રાજાઓને પકડયા હતા. તેણે સોમનાથ પાટણમાં વહાણ બતાવવાને બાહાનેરા’ને તેડી જઈ દગેથી પકડી ગયો અને કેદમાં નાખ્યો. ત્યાંથી એક બારોટ સાથે પોતાના મામા ઉગા વાલાને તળાજે તે હકીકત **રાહે** કાહાવી મૂક્યાથી તેણે

આપવાની જોરાવરી કરી હતી. કન્યાનો ભાઈ હંસરાજ મહીડો કરીને હતો, તેણે કહ્યું કે પિતાએ ડરી જઇને કન્યા આપી છે પણ કોઈ દિવસ હું નોંધણને મારી નાંખીશ. આવી બીક તેણે પ્રસિદ્ધપણે બતલાવી; અને નવધણે પણ તેના બદલામાં સોગન ખાધા કે, હું હંસરાજને મારયાવિના મૂકું નહિ. આ રાંણીને માટે નવધણને માત્ર આ એકજ કજિયામાં પડવું પડયું એમ નથી, પણ એક બીજો કજિયો ઉભો થયો હતો, તે એ કે જૂનાગઢ જતાં જ્યારે જાન જસદણની પાસે ભોંયરા ગામ આગળ આવી ત્યારે

---

આવી રા'ને છોડાવ્યો. તે પછી તેનો કુંવર, ૬ રા' દયાસ ઉર્ફે મહીપાળ પેહેલો ઈ. સ. ૧૧૦૩ થી ૧૧૧૦ સુધી. અણહિલવાડ પાટણથી સોલંકી રાજાની રાણિયો અને કુંવરિયો સોમનાથની યાત્રાએ આવેલ ત્યારે તેનું અપમાન થાય તેવું આચરણ કરવાથી અણહિલવાડથી દુર્લભસેન સોળંકી લશ્કરથી ચડી આવી તેનું રાજનગર વામનસ્થલી ( વંથલી ) જીતી લીધાથી રા'દયાસ પોતાના કુટુમ્બ સહિત જૂનાગઢના ઉપર કોટમાં ભરાઈ બેઠો. સોલંકી લશ્કરે તેને ઘેરો ઘાલ્યો. ચૂડાસમાના ભાટ કહે છે કે, એ કોટ જીતવો મુશ્કીલ જણાયો ત્યારે એક બીજલ કરી ચારણ હતો તેણે દુર્લભસેનને કહ્યું કે "મને મોટું ઇનામ આપો તો હું એકલો જે કામ લશ્કરથી નથી થતું તે કરી આવું." રાજાએ ઇનામ આપવાનું કબુલ કર્યાથી ચારણ, માંગણ જાત હોતાં કોટમાં જવાની કોઇએ ના ન કહેવાથી ગયો. રા' દયાસની સોરઠ રાણી ઉપર વિશેષ પ્રીતિહતી, તે રાણીની રાજા ઉપર બહુ સત્તા હતી. એ રાણીને રાત્રિયે એવું સ્વપ્નું આવ્યું કે, રા' પાસે કોઇ ચારણે ત્યાગ ( પરવા અથવા દાન ) માં રા'નું માથું માગ્યું તેણે આપ્યું. એ સ્વપ્નું ખરૂંથવાનો ભય લાગ્યાથી એક કોઠામાં રા'ને રાખ્યો ત્યાં કોઈ જઈ શકે નહિ તેવો બંદોબસ્ત કરયો. ચારણને આ હકીકત જણાઈ એટલે સદરહુ બુરજ પાસે બેસીને રા'ના જસનાં કવિત બોલવા લાગ્યો. રાહે ઉપરથી બારીમાંથી જોયું તો ગઢવીને દીઠો તેને ઉપર આવવા સારૂ એક લાકડી દોરડાને છેડે બાંધીને તે લોઢ અથવા દોરડું નીચે લટકતું મૂકયું. ગઢવી લાકડી ઉપર દોરડું ઝાલીને બેઠો એટલે રાહે તેને ઉપર ખેંચી લીધો. તે વિષે સોરઠો છે કેઃ--

"ચારણ ચઢિયો લોઢ, મથો ગઢે માગણે;
સોરઠ રા ' દયાસ, સે હણે ન કદિ કહાડે.

રાહે ચારણને કહ્યું જે ગમે તે માગ્ હું આપવા તૈયારછું. ત્યારે ચારણે રાહનું માથું માગ્યું; રા'માથું આપવા તૈયાર થયો. તે વાતની રા'ના કુટુમ્બમાં ખબર પડતાં ત્યાં સૌ આવ્યાં. ત્યારે ચારણને રાણિયે કહ્યુંઃ-

અધા હું અધા ભાઈ[1] થિયે[2], ભાઈયેછ[3] મંગણિહાર;
તાજી[4] ડિયાં તકડા[5] ડિયાં, હાથી[6] ડિયાં હલકાર;
ગિનની[7] ચંદન હાર, દે[8]' છડીં[9] ધા સરદાર[10]."

( ૧ ભાઈ. ૨ થાય. ૩ જણાય. ૪ ઘોડા. ૫ દઉં. ૬ હાથી. ૭ લેને. ૮ શરીર.

ત્યાંના રાજાએ જાણ્યું કે નવઘણ કન્યા લઇને જાય છે, એટલે તે હસ્યો, અને બોલ્યો કે, જો કદાપિ મારો કોટ પૂરો થઈ રહ્યો હોત તો એ ઠકરાળાંને હુંજ મારે પોતાને માટે રાખી લેત. રા' નવઘણને જ્યારે આ સમાચાર કેહેવામાં આવ્યા ત્યારે તેણે પ્રતિજ્ઞા કરી કે એ કોટને હું તોડી પાડું નહિ અને એ રાજાને મારી નાખું નહિ તો મારૂં નામ નોહોતું.

એક સમયે, સિદ્ધરાજ સોલંકિયે નવઘણને નળની બાજુએ સોરઠ દેશની સિમા ઉપર પંચાળમાં ભીંડાવી દીધો, અને તેમાં હથિયાર ઉતરાવી દાંતે તરણું લઈ શરણ થવાની જરૂર પાડી. ત્યારે પણ નવઘણે સમ ખાધા કે હું પાટણનો દરવાજો તોડી પાડીશ.

---

૯ મૂકશે. ૧૦ ધણી )

ચારણે ઉત્તર આપ્યો કે,

"ગેમર[૧] આય[૨] ધણા, તાજિ[૩] આય તબીલમેં[૪]
મોંકે[૫] નાંય[૬] મણા[૭] આલો[૮] શિર[૯] વાલો[૧૦] અબે.[૧૧]"

( ૧ હાથી. ૨ છે. ૩ ઘોડા. ૪ તબેલામાં. ૫ મને. ૬ નથી, ૭ ઓછું. ૮ આપો. ૯ માથું. ૧૦ વાહાલું. ૧૧ હમણા. )

રા'ની બેહેને જાણ્યું કે ભાઈનું મન ડગશે તો અપકીત થશે તેથી બોલી કેઃ—

"વઢી[૧] દેને વીર, મથો[૨] મંગણિહાર[૩] કે,
દાતારા મન ખીર,[૪] અદાતા ઘણુ કઠણ જે."

( ૧ વાઢી. ૨ માથું. ૩ માગણ. ૪ દૂધ. )

રા'ની માએ પણ કહ્યું કે—

"મથો મંગણિહાર કે, જ તું દયાસ ન દે;
કેડે[૧] બંધી[૨] કિનજી,[૩] કીરત[૪] કીંય[૫] કરે."

( ૧ તારી પછવાડે. ૨ બંદીજન=ભાટ. ૩ કેની. ૪ કીર્તિ. ૫ કેમ. )

રા' દયાસે માથું કાપી ચારણને આપ્યું તે લઈ તે જતો હતો ત્યારે સોરઠ રાણી સતી થતી હતી તેણે માગી લીધું ને દામોદર કુંડપર બળી મોઈ. સોલંકી લશ્કરે જૂનાગઢ કબજે કરી પોતા તરફથી થાણદાર નીમી લશ્કર પાટણ ગયું. રા' દયાસની બીજી રાણી પોતાના કુંવર નોંઘણને લઈ આલિદર બોડીધરના આહિર દેવાઈતને ઘેર રહી. જૂનાગઢના થાણદારને ખબર પડવાથી દેવાઈતને પોતા પાસે બોલાવી ખબર પૂછી ત્યારે તેણે કહ્યું કે મારે ઘેર કુંવર સંતાયો હશે તો હું લખું છું તેથી સોંપી દેશે. પછી તેણે સોરઠો એક લખી પોતાના દીકરા ઉગાને મોકલ્યો કેઃ—

"ગાડું ગાલણ ગા, ગાડાવત રાખે ગળે;
બાંકી ખૂબલિયાં, જે ઉચેટિયે ઉદાઉત."

તેજ વેળાએ સિદ્ધરાજનો દસોંદી બ્રાહ્મણ હતો તેણે નવઘણના હાસ્યની કવિતા બનાવી, તેથી રા' એટલા બધા ક્રોધાયમાન્ થયા કે તેમણે ભાટના ગાલ ફાડી નાંખવાનું વળી પણ લીધું.

રા'નવઘણ માંદો પડયો ને તેનું મોત પાસે આવ્યું પણ સોગન ખાધા હતા તેમાંથી કશું પણ કરવાની તેને જોગવાઈ મળી શકી નહિ. એટલા માટે તેણે પોતાના ચારે કુંવરને પાસે બોલાવ્યા ને કહ્યું કે મેં ચાર કામ

---

(ગાડું હવે ગારમાં ગળી બેઠું છે, માટે ગાડાના હાંકનારને આપણે ગળે રાખવાનો છે, હે ઉદાના પોતરા ! તારો બાહુ ખૂબ દેઇને ઉચક.)

કાગળ પોહોચ્યો પણ નોંધણ તો થાણદારને ન મળ્યો ત્યારે લશ્કર લઈ, દેવાઈતને સાથે રાખી થાણદાર આલિધર બોડીધર આવ્યો. ત્યારે દેવાઈતે નોંધણનો પોશાક પોતાના દીકરા ઉગાને પેહેરાવી થાણદારને સોંપ્યો તેણે તેને મારીનાખ્યો.

પછી દશ વરસે એટલે ઈ. સ. ૧૦૨૦ માં દેવાઇતે પોતાની નાત એકઠી કરી તેની સલાહ પ્રમાણે પોતાની દીકરી જેસલનું લગ્ન કર્યું, તેમાં થાણદાર વગેરેને જમવા નોંતરી મારીનાખી જૂનાગઢની ગાદિયે રા' નોંધણને બેસાડયો.

૭ રા' નોંધણ પેહેલો. ઈ. સ. ૧૦૨૦ થી ૧૦૪૪ સુધી. એના સમયમાં દુકાળ પડવાથી સૌરાષ્ટ્રના કેટલાક લોકો સિંધ અને માળવે ગયાં. ત્યારે આલિદર બોડીદરના આહિર દેવાયતની દીકરી જેસલ (ઉર્ફે જાસલ) જેને રા' નોંધણે સાથે રેહેતો ત્યારથી ધર્મની બેહેન કરી હતી તે પણ પોતાના પતિ સંસ્તિયા સાથે સિંધ ગઇહતી. ત્યાં સિંધના રાજા હમીર સુમરા (બીજા) એ તેનું રૂપ જોઈ પોતાના જનાનામાં લેવા યત્ન કરયો. ત્યારે કોઈ રીતે બચવાનો ઉપાય ન હોવાથી જેસલે પોતાને વ્રતનું કારણ જણાવી છમાસનો વાયદો કરયો. અને પોતાનો ધર્મના ભાઇ નોંધણને, પોતાની મદદે આવવા માટે નીચેનો સોરઠો લખ્યો –

"હું તુને જો નહોય, તે હું હૂતે હૂઈ;
વીર વમાસી જોય, નોંધણ નવ સોરઠના ધણી"

તે ઉપરથી રા' મોટું લશ્કર લઈ સિંધ ચડી જઇ સુમરા રજપૂતરાજાને જીતી ને બેહેનને છોડાવી લાવ્યો. તે પછી તેનો કુંવર, ૮ રા ખેંગાર ૧ લો. ઈ. સ. ૧૦૪૪ થી ૧૦૬૭ સુધી થયો. પછી તેનો કુંવર, ૯ રા નોંધણ બીજો ઈ. સ ૧૦૬૭ થી ૧૦૯૮ સુધી થયો તેણે પાટણનો દરવાજો તોડવાની, બારોટના ગાલફાડવા વગેરે પ્રતિજ્ઞા લીધી હતી. તેના ચાર કુંવર હતા. ૧ રાયઘણ ઉર્ફે ભીમ તેને ગાંફ, ભડલી મળ્યાં. એના વંશજો રાયજાદા કેહેવાયા. ૨ શેરસિંહ ઉર્ફે સતરસાલ તેને ધંધુકા મળ્યું, એના વંશના સરવૈયા કેહેવાયા. ૩ ચંદ્રસિંહજી ઉર્ફે દેવઘણ તેને ઓશમ ચોરાશી મળી. એના વંશનો, પોતાની આગલીજ શાખા ચૂડાસમાને નામે ઓળખાય છે. અને ૪ ખેંગાર બીજો એ સોરઠનો જાદવ રાજા દશમો થયો. તે ઈ. સ. ૧૦૯૮ થી ૧૧૨૫ કે ૧૬ સુધી હતો.

કરવાને પ્રતિજ્ઞા લીધી છે તે પરિપૂર્ણ કરવાને જે માથે લે તેને ગાદી ઉપર બેસવાનું છે. મ્હોટો કુંવર રાયઘણ હતો તેણે ભોંયરાનો કોટ તોડવાનું કામ માથે લીધું. રાહે તેને ચાર પ્રગણાં આપ્યાં, અને તેના વંશજની એક શાખા થઈ તે રાયજાદાને નામે હજી ઓળખાયછે. શેરસિંહ બીજો કુંવર હતો તેણે તે ઉપરાંત વળી કોલ કરચો કે, હું હુંસરાજ મહીડાને મારીશ; તેને પણ થોડાં ગામ આપ્યાં; અને તે સરવૈયા રજપૂતોનો વડિલ થયો. ત્રીજો કુંવર ચંદ્રસિંહ, અંબાજીનો ભક્ત હતો અને તેને માનતા હતી તેથી [1]ચૂડી પેહેરતો હતો. તેણે કહ્યું કે મારા ભાઇયોએ જે બે કામ માથે લીધાં છે તે ઉપરાંત હું પાટણનો દરવાજો તોડી પાડીશ, પણ ચારણનાં ગાલ ફાડી નાંખીશ નહિ; કેમકે એ કામ અપકીર્ત્તિ કરનારૂં છે; તેને પણ થોડાં ગામ મળ્યાં અને તે ચૂડાસમા રજપૂતોનો પૂર્વજ થયો. ખેંગાર જે સર્વ કરતાં ન્હાનો હતો તે એકલાએજ ચારે કામ પૂર્ણ કરવાનું માથે લીધું એટલા માટે રા'નવઘણ પોતે જીવતો છતાં તેને જૂનાગઢની ગાદિયે બેસારચો અને પછી તરતજ મરણ પામ્યો.

રા' ખેંગારે પોતાની પેહેલીજ સાંગ્રામિક ચડાઈમાં ભોંયરાનો કિલ્લો તોડી પાડચો અને ત્યાંના રાજાને મારી નાંખ્યો; પછીથી હુંસરાજ મહીડાને કતલ કરચો; ત્યાર પૂઠે સિદ્ધરાજ જ્યારે માળવે ગયો ત્યારે ખેંગાર સેના લઇને પાટણ ઉપર ચડચો અને પૂર્વ ભણીનો દરવાજો તોડી પાડચો. પાછો વળતાં, સિદ્ધરાજને પરણવાની રાણક દેવડી (દેવી) કરીને કાલડીના દેવડા રજપૂતની પુત્રી હતી તેને લઈ ગયો, અને તેની સાથે પરણ્યો. જ્યારે તેણે આવાં પરાક્રમ કરચાં ત્યારે પેલા દસોંદી ચારણે તેની ઘણી કીર્ત્તિ ગાઈ. તે ઉપરથી ખેંગારે હીરા મોતીથી તેનું મ્હો એટલે સુધી ભરી નાંખ્યું કે પાસે ઉભા રહેલા બોલી ઉઠયા કે "એના ગાલ ફાટી ગયા, એના ગાલ ફાટી ગયા." તે સાંભળી ખેંગાર બોલ્યો, ચારણના ગાલ ફાડવાનો માત્ર એજ ઉપાય છે, કાંઈ કટારવતે ફડાય નહિ.

પછી, સિદ્ધરાજ જૂનાગઢમાં સેના લઇને આવ્યો, અને બાર વર્ષ સુધી લડચો પણ જીત થઈ નહિ. છેવટે રા' ખેંગારના ભાણેજ દેસલ અને

---

[1] ચૂડી પેહેરતો તેથી ચૂડચન્દ્ર કેહેવાયો અને તેના વંશના ચૂડાસમા કેહેવાય છે. ર. ઉ.

વીસલ કરીને હતા તેઓ ખેંગાર ઉપર કોપીને સિદ્ધરાજ પાસે ગયા અને તેઓએ ભીતર રસ્તો બતાવ્યો ત્યાં થઇને તેણે પોતાની સેનાને કોટમાં ઘાલી. સિદ્ધરાજે ખેંગારને મારી નાંખ્યો ને રાણકદેવડીને વઢવાણ લઈ ગયો, તે ત્યાં સતી થઈ. સિદ્ધરાજે દેસલ અને વીસલનાં નાક કાપીને કાહાડી મૂક્યા.

સિદ્ધરાજે રાણકદેવીને ઝાલી ત્યારે તેના જાણવામાં આવ્યું નોહોતું કે પોતાના પતિને મારી નાંખ્યો છે, પણ તે જાણતી હતી કે તેને કેદ કરયો છે. તેઓ વઢવાણ આવ્યાં ત્યારે, સિદ્ધરાજે તેને કહ્યું કે મેં તારા પતિને મારી નાંખ્યો છે.* પછી તેણે તેને પોતાની સાથે પરણવાનું ઘણું કહ્યું પણ તેણિયે તેના અંતઃપુરમાં પેસવાની ના કહી, અને બોલી કે, મારા પતિનું મરદુ મને આપીશ નહિ તો હું તને શ્રાપ દઈશ. સિદ્ધરાજ ડરી ગયો તેથી મરદુ અપાવ્યું; અને બોલ્યો કે મેં અપરાધ કરયો તેના બદલામાં શું પ્રાયશ્ચિત કરૂં ? રાણકદેવી બોલી, "આ જગ્યાએ મારે માટે એક દેવાલય "બંધાવ, તારી ગાદી ઝાઝા દિવસ ટકશે, પણ તેં મારા કુંવર મારયા છે "માટે હું તુને શાપ દઉછું કે–તારી પછવાડે ગાદી ઉપર બેસનાર પુત્ર થયા વિના તું મરણ પામીશ." પછી તે પોતાના પતિની પછવાડે સતી થઈ.†

સોરઠના લોક આજે પણ જૂનાગઢના જૂના રા'ને બહુ સંભારેછે, અને એક કેહેવત તેમનામાં ચાલી છે તે એ કે,

---

* સિદ્ધરાજે કદાપિને ઈંગ્લિશ રીચર્ડની પેઠે રાણકદેવડીને વિનવી હશે,—
"હે બાનુ, જેણે તને તારા પતિનાથી જૂદી પાડીતેણે તને તે પતિના કરતાં સારો "મેળાવી આપવામાં મદદ કરવાને એ કામ કર્યું છે."

"હેનરી રાજાને મેં મારયો પણ તેમ કરવાને ઉશ્કેરણી આપનાર તારી સુંદરતા હતી * * * ન્હાના એડવર્ડને કટાર વતે મેં મારયો પણ એ કામ તારા દિવ્ય "મુખે મારીપાસે કરાવ્યું."

† મેવાડના ઈતિહાસમાં લખ્યું છે કે, દ્વારકાનીપાસે કાલિવાવના પરમાર રાજાની પુત્રીને ચિતોડવાળા બાપાથી અસિલ નામે પુત્ર થયો હતો. તેને સોરઠમાં વતન મળ્યું અને તેણે અસિલ ઘેલાતીની જાતિ સ્થાપી. તેનો કુંવર વિજયપાળ, સિંગરામ ડાભી પાસેથી બળાત્કારે ખંભાત લેવાના પ્રયત્નમાં મારયો ગયો હતો એવું કેહેછે. વિજયપાળની સ્ત્રિયોમાંથી એક સ્ત્રીનું અકાળ મૃત્યુ થયું, અને તેને અધુરે દિવસે સેતૂ નામે પુત્ર આવ્યો. આવી સ્થિતિમાં મરનાર ભૂત થાય છે એવું હિંદુ લોકો માને છે અને તે ચૂડેલ કેહેવાય છે તેથી સેતૂનાથી જે જાતિ ચાલી તે ચૂડેલ કેહેવાઈ. અસિલથી બારમો બીજ થયો તેને તેના મામા ગિરનારના રા' ખેંગાર પાસેથી સોનલ મળ્યું પણ તે જયદેવસિંહનાથી મારયો ગયો.

સોરઠો.

"જે સાંચે સોરઠ ઘડચો, ઘડિયો રા'ખેંગાર
"તે સાંચો ભાગી ગયો, જાતો રહ્યો લુહાર."

રા'ના નગરની નૈઋત્ય કોણમાં એક રસ્તો આવેલો છે, તે એક ઉત્કૃષ્ટ ખેતીવાડીના, અને ચિત્રોપમ પ્રદેશમાં કેટલાક ગાઉ સુધી ચાલે છે. તેમ દેશમાં, આંબાવાડિયાં, આંબલિયો અને બીજાં વિશાળ ઝાડ આવી રહ્યાં છે. મ્હો આગળ ગ્રેનાઈટ જાતિના પથ્થરના ડુંગરાની હાર દેખાય છે, તેના ઉપર ભરચક વન લપેટાઈ રહ્યું છે, તે ઉત્તર અને પશ્ચિમમાં આઠ ગાઉ સુધી વિસ્તાર પામ્યું છે. ડુંગરાની ધારના સુમારે મધ્ય ભાગમાં એક મ્હોટું બાકોરૂં છે તે "દુર્ગાનું પ્રવેશ દ્વાર" કહેવાયછે. ત્યાં આગળથી એક રળિયામણી ખીણ નજરે પડેછે, તેના આગમમાં નેમીનાથનો પવિત્ર પર્વત, મહિમાવંત ગિરનાર છે, તે નીચી ધારની સાથે એ સાંધનારી પર્વતની શાખાઓથી સંધાયો છે. તેનો મજબુત ગ્રેનાઈટ પથ્થરનો સ્થૂળ ભાગ નીચેની ધાર કરતાં ઘણો ઉંચો આવી રહ્યો છે ને તેના ઉપર અણીદાર શિખરો અર્ધાં ધુંમસમાં અને વાદળાંમાં લપેટાઈ ગયલાં ઝોકા ખાયછે.

આ ખીણના મુખ આગળ પ્રાચીન જૂનાગઢ શેહેર વસેલું છે, તેના કોટની નીચે આસપાસના ઘટ વનથી ભીંતો ઘણીખરી ઢંકાઈ ગઈ છે. ઇશાન કોણમાં તેના બુરજાની નીચે સોનરેખા નદી વેહે છે તેમાં તેની છાયા પડે છે; તેની પેલીમેર રજપૂતનો જૂનો કિલ્લો ઉપરકોટ કરીને છે, તે રા'ખેંગાર અને તેની ભાગ્યહીણ સ્ત્રીનું રે'ઠાણ હતું. આ કોટ આ દેશના કિલ્લાની બાંધણીનો ઉત્તમ નમુનો છે.[1] ઘણાં વર્ષ થવાને લીધે પૂજ્ય, અને પોતાના સ્થાનકે કરીને અદ્ભૂત, તેની ઘણી ઉંડી ખોદેલી ખાઈ, તેના અસંખ્ય અને સ્થૂળ બુરજ, તેની કોશિકાં વાળી કિલ્લાની ભીંત, કે જે તેનું બળ અને તેજ ધારણ કરી રાખેલી યોગ્યતા બતાવી આપે છે તે સર્વે, શ્રીકૃષ્ણની હજી લગણ પણ છાયા રહેલી એવા યાદવ કુળના ગુપ્ત મહિમા સાથે, તેઓની વિચાર સંકલના થઈ સહવાસને લીધે જોનારની કલ્પના નહિ ઉશ્કેરાઈ હોય તોપણ તેના મનમાં તે અસર કર્યા વિના રેહે એમ નથી.

---

૧ આ કોટ ગ્રાહરિપુ (ગ્રાહઅરિસિંહ ઉર્ફે ગારિયો) જેને મૂળરાજ સોલંકી સાથે આટકોટ પાસે લડાઇ થઈ હતી, તેણે બંધાવ્યો છે.

ખેંગારના નગરના દરવાજાથી સોનરેખા નદીને કિનારે કિનારે તેના મૂળ સુધીનો રસ્તો યાત્રાળુ લોકોના પગથી ઘસાઈ ગયો છે, ત્યાં થઇને ગિરનારની ટોચે જવાય છે. ન્યાયી અને ઉદાર અશોકે બાકોરાં પડાવીને ખરાબાઓમાંથી રસ્તો પાડયો છે ત્યાં થઇને પર્વતને તળિયે યાત્રાળુ લોકો પ્રવેશ કરે છે; ત્યાંથી સુમારે એક મૈલના વાંકાચૂકા અને ખડબચડા માર્ગે થઇને પર્વતનો ઢોળાવવાળો સ્કંધ થઈ રેહેછે ત્યાં આગળની એક કરાડને તળિયે આવી પોહોંચાયછે. આ પવિત્ર પર્વત અહિંથી મ્હોટા, કાળા ગ્રાનાઇટ પથ્થરના ભયંકર દગડનો તરેહવાર દેખાવ આપણી નજરે પાડે છે; એની ટોચ ઉપર સપાટ જગ્યા છે તેની આસપાસ કોટ કરી લીધેલો છે, તે છેક કરાડ ઉપર આવ્યો છે ને તેમાં જૈન તીર્થંકરનાં ચૈત્ય (દેરાસર) છે. આ મેદાનથી ગિરનારના શિખર ઉપર ચડવાનો ઝાડીમાં રસ્તો છે. ત્યાં અંબામાતાનું દેરૂં છે. આ પર્વતને જૂદી જૂદી ૭ ટૂંપો છે તે ઉંડી ખાઇયોથી એક બીજાથી જૂદી પડેલી છે. આ ટૂંપોમાંથી ઉંચામાં ઉંચી છે તે ગોરખનાથને લીધે પ્રસિદ્ધ છે, અને દૂરમાં દૂર છે તે કાલિકાને લીધે જાણીતી છે. કાલિકાને ત્યાં ઘણી ઘોર ક્રિયાઓ થાય છે, અને જો ચાલતી વાત ખરી હોય તો મનુષ્યમાંસ ભક્ષણ કરનારા અઘોરીના ઉપર પ્રસન્નતા જણાવે છે તેથી તે અઘોરેશ્વરી માતા કેહેવાયછે. નીચેની તળેટીના મેદાનમાંથી માત્ર ચાર ટૂંપો નજરે પડેછે. આ ટૂંપો જૂદે જૂદી ગોરખનાથના દેવાલયથી સ્વત:—દબદબા ભરેલી દેખાય છે, પણ થોડે મૈલને છેટેથી તો ગિરનારનો શંકુઆકારનો દેખાવ કરી દેવાને રેહેતાં રેહેતાં સ્થૂળ ભાગ સાથે મળી ગયેલી દેખાયછે. નેમીનાથના પર્વતની અધિત્યકામાં બાંધેલા દેરાસરોનું યથાસ્થિત વર્ણન આપવાની આ ઠેકાણે અગત્ય નથી, પણ માત્ર એટલુંજ કેહેવું બસ છે કે, એ ધર્મ માનનારા દ્રવ્યવાન્ લોકોએ, શત્રુંજયની પેઠે આ ઠેકાણે આ સર્વોત્તમ દબદબા ભરેલાં પોતાના ધર્મનાં દેરાસર બંધાવવામાં અને તેને નીભાવવામાં જરા પણ ખાંપણ આવે એમ કર્યું નથી.[१]

નીચે ઉતારો કરેલી રાણકદેવડીની વાત, ભમતા ગવૈયા જે તુરીને નામે ઓળખાયછે તેઓની પાસેથી મળી છે. જેમ ઉંચ વર્ણના હિંદુઓ સાથે

---

૧ ટાડ્ઝ વેસ્ટર્ન ઇન્ડિયા નામના પુસ્તકમાંથી, અને કીટાની ગિરનાર ઉપરની નોંધ ઉપરથી લીધેલું આ વર્ણન બેંગાલ એશિયાટિક સોસાઇટીના સાતમા જર્નલને પૃષ્ટ ૮૬૫ મેં છે.

વધારે પ્રખ્યાતી પામેલા ભાટ ચારણોનો સંબંધ હોયછે તેજ પ્રમાણે આ તુરી લોકોનો ઢેડની સાથે સંમંધ હોયછે, તેઓને તેમના યજમાનો પાસેથી ભીખ મળેછે તે માગી ખાતા આખા દેશમાં ભટકતા ફરેછે; અને તેનાં બદલામાં, યજમાનોને અર્ધી કવિતામાં અને અર્ધી ચરડ (ગદ્ય)માં એવી ઢંગઢાળવિનાની અને અમર્યાદ વાતો સારંગી સાથે ગાઈ સંભળાવે છે: —

સિંધદેશમાં પાવર[2] ધરતી છે તેનો શેરપાવર કરીને રાજા હતો. તેને મૂળનક્ષત્રમાં એક કુંવરી અવતરી. જોશિયે રાજાશેરને કહ્યું કે આ કુંવરી જેવા જોગમાં અવતરી છે તેવા જોગમાં કોઈ દીકરી અવતરી હોય તેને જે કોઈ પરણે તેનું રાજ્ય જાય. આ વાત સાંભળીને રાજા ઘણો ખેદ પામ્યો અને પોતાની કુંવરીને વનમાં મોકલાવી દીધી. તેને હુડમતિયા કુંભારે દીઠી, અને ઘેર લઈ જઇને ઉછેરી. તે એટલી બધી રૂપાળી હતી કે લાખા[3]ફૂલાણિયે પરણવાનું માગું મોકલ્યું. કુંભારે કહ્યું કે કન્યા દેતાં પહેલાં મારે મારી નાતને પૂછવું પડશે. લાખાએ કુંભારને ઘણો ડર દેખાડ્યો એટલે તે ત્યાંથી નાશીને સોરઠમાં મંજેવડી ગામમાં સહકુટુંબ આવીને રહ્યાં.

એક સમયને વિષે પાટણના રાજા સિદ્ધરાજ જયસિંહના ચાર દસોદી ભાટ—લાલાભાટ, ભૅંગડભાટ, અને ચેંચભાટ અને ડંબલ ભાટ પરદેશમાં ફરતા ફરતા મંજેવડીમાં આવી પોહોંચ્યા, ત્યાં હુડમતિયા કુંભારની રૂપવંતી દીકરી તેમના જોવામાં આવી; તે જ્યાં જ્યાં પગ મૂકતી ત્યાં ત્યાં કંકુનાં પગલાં પડતાં હતાં. તે ઉપરથી ચારે ભાટે વિચાર કરચો કે, આ કન્યા સિદ્ધરાજના દરબારમાં શોભે એવી છે, તેથી આપણે પાટણમાં જઇને વધામણી ખાઇશું તો નક્કી રાજા આપણને રાજી કરશે. તેથી તેઓ પાટણ આવ્યા, ત્યાં સિદ્ધરાજે તેમનો સારો સતકાર કરચો. રાજાને સોળ રાણિયો હતી. તે એકેકને મેહેલ રાજાએ ભાટોને પોતાની સાથે જમાડ્યા. ભાટ જેવા એક એકને ઘેર જમી રેહેતા કે એક બીજાના સામું જોઇને ડોકું હલાવતા હતા. આનું કારણ સિદ્ધરાજે તેઓને પૂછ્યું. ત્યારે ભાટ બો-

---

૨ પાવર કચ્છમાં છે. શેરપાવર (શેરપરમાર) આ સમયે થોડા ગામનો ગરાશિયો હશે. લાખા જાડાણીએ તરતજ લાખિયાર વિયરો રાજધાની કરી હતી તે વેળાએ પાવરમાં શેરપાવર ત્યાંનો રાજા કેહેવાતો હોય એમ સંભવ છે. અંગ્રેજીમાં શેરપાવર લખ્યું છે તે 'શે' ને બદલે 'રો' વાંચવાથી ભૂલ થયેલી જણાય છે.

૩ લાખો જાડાણી હોવો જોઈયે.

હ્યા, "અમે તમારી સોળે રાણિયો જોઈ, પણ તેમાંની એકે પૂરી પદ્મિની* નથી." રાજા બોલ્યો, "તમે મારા દસોંદી ભાટ છો, માટે દેશાંતરમાં "ફરીને એક ખરેખરી પદ્મિની ખોળી કાહાડો અને જ્યારે જડે ત્યારે માગું "કરીને લગ્નનો દિવસ ઠરાવી આવો." ભાટ દેશાંતરમાં ખોળવાને નીકળી પડ્યા પણ કોઈ પૂરે પૂરી પદ્મિની જોવામાં આવી નહિ; છેવટે તેઓ સોરઠના મજેવડી ગામમાં આવી પોહોંચ્યા. જ્યારે આ ભાટ પેહેલા આવીને જોઈ ગયા હતા ત્યારે હુડમતિયા કુંભારના મનમાં ડર પેઠો હતો કે સિદ્ધરાજના ભાટે કન્યા દીઠી છે તેથી કદાપિ આપણને કાંઈ હરકત થશે ખરી એમ ધારીને તેને એક ભોંયરામાં રાખી મૂકતો હતો. ભાટ ત્યાં જઈ પોહોંચ્યા ત્યારે તેને કહ્યું કે "તારી દીકરી પાટણના રાજાને દે." કુંભાર બોલ્યો, "મારે તો દીકરી નથી." ભાટોએ ઉત્તર આપ્યો કે, "અમે એને "જોઈ છે, તેથી જો તું સિદ્ધરાજ સાથે સગપણ કરીશ નહિ તો તે તને "જંપીને બેસવા દેશે નહિ. વળી તારૂં કુંભારનું એવું ભાગ્ય ક્યાંથી જે તું "સિદ્ધરાજનો સસરો થાય!" આ પ્રમાણે ધમકી આપીને તથા લાલચ દેખાડીને સગપણ કરવાનું તેના મનમાં ઉતાર્યું. અને બે ત્રણ માસ ઉપરનો એક લગ્નનો દિવસ નક્કી ઠરાવીને તેઓ પાટણ આવી પોહોંચ્યા ને રાજાને સર્વે વાત કહી. સિદ્ધરાજે કહ્યું કે અમારા કુળને બટ્ટો લાગે એટલા માટે હું તો કુંભારની કન્યાને નહિ પરણું. ભાટોએ ઉત્તર આપ્યો.—

### દુહો.

આંગણ આંબો મોરિયો સાખ પડી ઘર બાર,
દેવે ઊપાઈ દેવડી નહિ જાતે કુંભાર.

આવું સાંભળીને તથા તેઓએ તેના રૂપનું વર્ણન કર્યું તેથી રાજા રાજી થઈ ગયો અને લગ્નનો સમારંભ કરવા લાગ્યો, તથા માંડવો રચાવી ગણેશ બેસારચા.

આ પ્રમાણે બનેછે તેવામાં, જૂનાગઢનો રાહ ચૂડાસમો ખેંગાર હતો, તેની બેહેન સિદ્ધરાજના ભાયાત વેરે પરણી હતી, પણ તે દેસલ અને વીસલ નામના પોતાના બે કુંવર સાથે જૂનાગઢમાં રેહેતી હતી. એક દિ-

* સ્ત્રિયોની ચાર જાતિ છે:—૧ પદ્મિની, ૨ ચિત્રણી, ૩ હસ્તિની, અને ૪ શંખિની, તેમાં પદ્મિની સર્વોત્તમ કેહેવાય છે.

વસે દેસલે પોતાના મામાને કહ્યું કે, " આપણા દેશમાં મજેવડી ગામ નવું "વસ્યું છે માટે તે જોવાને અમે જઇયે છિયે." આ પ્રમાણે આજ્ઞા લઇને તે પોતાના ભાઇ વીસલને લઇને મજેવડી ગયો. ત્યાં કુંભારની દીકરીની બધી વાત તેમના સાંભળવામાં આવી, તે જૂનાગઢ જઇને રા'ખેંગારને કહી, તેઓ બોલ્યા કે, " આપણા પરગણામાં એક કુંભારની દીકરી "છે તે બહુજ રૂપાળી છે, અને દરબારમાં શોભે એવી છે. સિદ્ધરાજના દ- "સોંદી ભાટ તેને જોવાને આવ્યા હતા, તેઓએ સિદ્ધરાજની સાથે તેનું "લગ્ન કરવાનો દિવસ નક્કી કરચો છે. જો આપણા દેશમાંથી પાટણનો "રાજા આવી કન્યા લઈ જાય તો પછી આપણી શોભા શી?" ચૂડાસમાએ દેસલને કહ્યું કે " મારૂં ખાંડું લઇને જા ને કન્યાને મારા દરબારમાં લઈ આવ." દેસલ ખાંડું લઇને ગયો ને કુંભારને કહ્યું કે, " તારી દીકરી રા'ખેંગારના ખાંડા વેહેરે પરણાવ." ત્યારે કુંભાર બોલ્યો, " કન્યા તો પા- "ટણના રાજા વેહેરે પરણાવવી છે અને થોડા દિવસમાં ત્યાંથી જાન આવશે. "જો હું મારી દીકરી રા'ખેંગારને પરણાવું તો બેશક સિદ્ધરાજ મને મારી નાંખે." દેસલે ઉત્તર આપ્યો. " હું જોરાવરીથી એને તારી પાસેથી લઈ "જાઊં છું એટલે તને કાંઈ હરકત થશે નહિ." કુંભાર બોલ્યો, " પાટણનો "રાજા ગિરનારને જડમૂળમાંથી ઉખેડી નાખશે અને તેના પથરા ચારે બા- "જુએ વિખેરી નાંખશે. માટે સિદ્ધરાજને દીધેલી કન્યા સામું તમારે "જોવું નહિ—

### સોરઠો.

જેસિંહદેવે જાય, ધાર નગર ઢંઢોળિયો,
કપરો તે કેહેવાય, ખેંગાર તું ખેંધો મકર.

દેસલે તોછડાઈ ભરેલો ઉત્તર આપ્યો કે,—

### દુહો.

" બાવન હજાર બાંધિયા, ઘોડા ગઢ ગિરનાર
" ક્યમ શંકે સોરઠ ધણી, ખોહણ* દળ ખેંગાર. "

છેવટે પછી એમજ થયું. દેસલ બળાત્કારથી કન્યાને રા'ખેંગાર પાસે

---

* અક્ષોહિણી એટલે;—૨૧,૮૭૦ હાથી, એટલાજ રથ, ૬૫,૬૧૦ ઘોડા ને ૧૦૯૩૫૦ પાળા એટલું જેમાં હોય તેવી સેના. ભા. ક.

લઈ ગયો. રાણકદેવડી જૂનેગઢ જઈ પહોંચી એટલે રથમાંથી નીચે ઉતરીને પોળમાં પેઠી તેજ વેળાએ અચાનક તેને ઠેસ વાગી ને લોહી નીકળવા માંડયું. એટલે નિઃશ્વાસ નાંખીને તે બોલી, "ભાઇ! શકુન ઘણા માઠા થયા, આમાંથી કાંઈ નરસું નીપજશે."

"પ્રથમ પોળે પેસતાં, થયો ઠવકો ને ઠેશ;
"રંડાપો રાણક દેવીને (કે) સૂનો સોરઠ દેશ."[1]

પછી સારી રીતે ધામધૂમ કરીને રા'ખેંગાર તેની વેરે પરણ્યો. અને ત્રણ દિવસ સુધી આખું ગિરનાર નગર (ધુવાબંધ) જમાડયું. તે સમયે એવું બન્યું કે પાટણના સો વાઘરી માટીનાં[2] વાસણ વેચવા સારૂ આવ્યા હતા, તેઓ ઉત્તર ભણીને દરવાજે ઉતરયા હતા, તેઓને પણ સર્વેની સાથે જમવાને તેડ્યા. ત્યારે તેઓએ પૂછ્યું કે "રાજાને ઘેર શી બાબતની જમણવાર છે જે અમને જમવાને તેડ્યા છે?" ત્યારે ચાકરે કહ્યું કે,–

"સોરઠ સિંહળદ્વીપની, જાત તણી પરમાર
"બેટી રાજા શેરની, પરણ્યો રા'ખેંગાર."

"એટલા માટે આજ ત્રણ દિવસથી ઢેડ સુદ્ધાં આખા નગરને રાજા "જમાડે છે. માટે તમને પણ જમવાને તેડ્યા છે." ત્યારે વાઘરિયોએ વિચાર કરયો કે આ કન્યા તો આપણા રાજાને દીધેલી છે, ને તેનો વેરે રા'ખેંગાર જોરાવરીથી પરણ્યો. ને સિદ્ધરાજ સોલંકી કેહેવાય છે ને આપણે પણ સોલંકી વાઘરી કેહેવાઇયે છિયે માટે સોલંકીની સાથે સગાઈ કરેલી કન્યાના પરણેતરના જમણમાં આપણે ભળવું ઘટે નહિ. પછી તેઓએ ધાર્યું કે સત્વર પાટણ જઇને બધી વાત ત્યાં કેહેવી. આ પ્રમાણે મનસુબો કરીને, ભૂખ્યા ને તરસ્યા, તેઓ નીકળ્યા તે ચાલતે ચાલતે પાટણવાડામાં વાઘેલ ગામ છે તેની સીમમાં આવી પોહોંચ્યા અને ત્યાં જનાવર પકડવા પાશ નાંખ્યો. એવામાં સિદ્ધરાજના ચાર દસોંદી ભાટ ઘોડે ચડીને નીકળેલા ત્યાં આગળ આવી પોહોંચ્યા તેથી ભડકીને પાશમાં એક

---

૧ "ભાઈ, મને આ ઠીક લાગતું નથી; કેમકે ઘણા માણસો જેઓને ઘરને ઉમરે ઠેસવાગી છે તેઓને, સંકટ આવી પડવા બાબતની અગમ ચેતના સારી રીતે મળી ચૂકી છે."

છઠ્ઠા હેનરી રાજાના નાટકનો ત્રીજો ભાગ અંક ૪ થો, પ્રવેશ ૭ મો.

૨ આજે પણ પાટણમાં માટીનાં વાસણ ઘણાં સારાં થાય છે. ર. ઉ.

રોઝ સપડાયો હતો તે નાશી ગયો. તે જોઈ વાઘરી બોલ્યા "બાપજી અમે "રાત દાહાડો ચાલતા જૂનાગઢથી આવિયે છિયે. આજે અમને સાત લાંઘા "થયા છે. તમે અમારો રોઝ શા માટે નસાડી મૂકયો ?" ભાટોએ પૂછ્યું કે, "તમને સાત લાંઘા કેમ થયા છે ?" તેઓ બોલ્યા કે, "રા'ખેં- "ગારે રાજાને દીધેલી કન્યા બલાત્કારે લઈ લીધી છે." આવું સાંભળીને ભાટ ઘણા વ્યાકુળ થયા ને તત્કાળ અશ્વાર થઇને પાટણ જઈ સિદ્ધરાજને કહ્યું કેઃ—

(અમે) "નિરધણિયાને, નઠોરિયા, ભણિયેલ જાતે ભાટ;
ખોળી કાહાડી રાણક હેવૌંને, ખેંગારે પાંડી વાટ.

આવું સાંભળીને સિદ્ધરાજે પોતાની સહાયતામાં [1]બાબરો ભૂત હતો તેને બોલાવીને કહ્યું કે, હું રા'ખેંગારના સામો લડવા સારૂ જૂનેગઢ જાઉં છું માટે તું મારી સાથે આવવાને તૈયાર થા. રાજા તૈયાર થઇને વાઘેલ પોહોંચ્યો એટલે બાબરો તેને ત્યાં આવી મળ્યો. તેણે પાંચ હજાર બસેં ભૂત એકઠાં કરયાં હતાં. તેઓએ સિદ્ધરાજની આજ્ઞા ઉપરથી એક રાતમાં ત્યાં આગળ એક તલાવ બનાવી દીધું.[2] પછી વાઘેલથી સેના ઉપડીને મું-

---

૧ બાબરિયાવાડમાં રેહેનારા લોક, તેમનો ઉપરિ તે બાબરો.

૨ ગૂજરાતમાં અસલનાં તંલાવ તથા ધર્મની ઈમારતો છે ને હિંદુ ધર્મની હોયછે તો સિદ્ધરાજ જયસિંહે (તેના લોક પસિદ્ધ સધરાજેશિંગના નામથી) બંધાવેલી ગણાય છે અને મુસલમાની ધર્મની હોય છે તો સુલતાંન મહંમદ બેગડાની બંધાવેલી ગણાય છે, અને તેઓને ભૂતે અથવા જંદે મદદ કરેલી ગણવામાં આવેછે. એજ રીતે બીજા દેશોમાં જે લોક પ્રસિદ્ધ શૂરવીર પુરૂષો થઈ ગયેલા છે તેમને વિષે પણ કેહેવામાં આવે છે.

"ફ્રાન્સ અને ઈંગ્લંડમાં જે લશ્કરી ખાતાની ઈમારતો છે તેની મૂળની વાત "અંધારામાં આવી ગઈ છે એટલે સામાન્ય રીતે તેનો સંબંધ સીઝર સાથે લગાવી "દે છે. કેમકે તે બહુ પ્રસિદ્ધ લડવૈયો થઈ ગયો છે અને તેના પરાક્રમથી તે દેશના "આદિ ઈતિહાસમાં એક ભાગ બની રહેલ છે. આ પ્રમાણે લંડનનો ટાવર તે મહાય- "શવંત યોદ્ધાએ ચણાવ્યો છે એવું સામાન્ય રીતે કેહેવામાં આવેછે. શેકસપિયરના "નાટકમાં બીજા રિચર્ડની ભાગ્યહીણ રાણી કહે છે કે,

"જુલિયસ સીઝરના અપશકુનિયાલ ટાવરમાં પેસવાનો આ રસ્તો

"વિન્ડસર ક્યાસલના નીચેના 'મેહેલ્લામાં બેલ્લટાવર' છે તે પણ "સીઝરનો ટાવર" "કેહેવાયછે; પણ ઇતિહાસવિષયક અદ્ભૂત કથાઓના ખરેખરા માનનારા એના મૂ- "ળની વાત સીઝરને લાગું કરવાને હિંમત ચલાવી શકતા નથી. તેમજ ફ્રાન્સદેશમાં "ગમે તે ચમત્કારીક વસ્તુ હોય તો તેનો સંબંધ અસલથી પરિયો, ભૂત, કે સી- "ઝર સાથે બેસારવામાં આવેલો છે." પારીસના ઈતિહાસ ઉપરથી.

જપુર ગંઈ ને ત્યાંથી ઉપડીને ઝીઝુવાડે[1] ગંઈ, ત્યાં ભરવાડનો મુખી ધાંધો હતો તે પોતાની નાતના લોકો સાથે ઝુંપડાંમાં રેહેતો હતો. ત્યાં ધાંધોળનો તેઓએ કિલ્લો બાંધ્યો ને તલાવ બાંધ્યું. ત્યાંથી વિરમગામ ગયા ત્યાં માનસર તલાવ બાંધ્યું; ત્યાંથી વઢવાણ ગયા ત્યાં કિલ્લો બાંધ્યો, ત્યાંથી સાયલે ગયા ત્યાં કિલ્લો ને તલાવ બે બાંધ્યાં. પછી છેવટે કુચ કરતા કરતાં જૂનાગઢ દેશમાં આવ્યા ત્યાં બાર વર્ષ સુધી લડાઈ ચલાવી પણ જૂનાગઢમાં રા'ખેંગારનો મેહેલ હતો ત્યાં જઈ ચડાયું નહિ. આ વેળાએ મયણલ્લરાણી પોતાના કુંવરની સાથે હતી, તેણે ઘણી યુક્તિયો કરી પણ કાંઈ વળ્યું નહિ.* છેવટે એવું બન્યું કે રા'ખેંગાર પોતાના ભાણેજ દેસલ ઉપર શક

---

૧ ચાતુર્વેદી મોઢ બ્રાહ્મણના વહીવંચા (બારોટ)ના ચોપડામાં લખ્યું છે કે "સરખેજના રેહેવાશી મોઢ બ્રાહ્મણ ઉપાધ્યાય ભાણાએ પોતાના પિતા ઝુંઝાને નામે સંવત્ ૧૧૪૯ (સન ૧૦૯૩) માં સોલંકી કર્ણરાજાની છેલ્લી કારકીર્દીમાં ઝીંઝુવાડા ગામ વસાવ્યું. અને તેની સાથે બીજાં અગિયાર ગામ ઓડુ, મોલાડું, આદરિયાણ, ઝાડિયાણ, પાડીવાલું, રોજિયું, સુરેલ, ફતેપુર, નગવાડું, ધામાદ, અને ભલગામ, એમ કુલ ૧૨ ગામ વસ્યાં.

સોલંકી સિદ્ધરાજ જયસિંહે સંવત્ ૧૧૬૫ સન(૧૧૦૯)ના મહા શુદિ ૪ રવિવારે ઝીંઝુવાડાને ગઢ બાંધવાનું મુહૂર્ત્ત કર્યું અને તે કામ ઉપાધ્યાય ભાણાના પુત્ર વાસેશ્વર વોહોરાને સોંપ્યું. અને ગઢના કામમાં સહાય થવાને માતાશ્રી રાજબાઈનું ગઢને વચલે કોઠે સ્થાપન કર્યું."

વળી એ ચોપડામાં વિશેષ વાત એ છે કે—"સંવત્ ૧૩૫૪ (સન ૧૨૯૮) ના પોશ શુદિ ૧૧ ભોમવારે દિલ્લીના પાદશાહ અલ્લાઉદ્દીન ખૂની (ખીલજી) નું લશ્કર આવ્યું તેણે ઝીંઝુવાડા જીતી લીધું."

* તુરીના વાત એવી છે કે એક સૂતારે લાકડાની સાંઢણી બનાવી આપી તે ઉપર બેશીને રાત્રની વેળાએ સિદ્ધરાજ અને મયણલ્લદેવી રાણકદેવીને મેહેલ ગયાં, ત્યાં બારણાં બંધ હતાં તે ઠેલવા માંડયાં, ત્યારે રાણક દેવી બોલી કે,

સોરઠો.

"કવણ ખટકાવે કમાડ, મેડી છે રાણકદેવની,
જાણશે રા'ખેંગાર, ત્રાટક કાનજ તોડશે."

પછી મયણલ્લ દેવિયે કહ્યું કે,—

સોરઠિયા દુહા.

"મારો મેઢો* લાડકો, ઓખો+ ગઢ ગિરનાર
મારી રા'ખેંગાર, ઉતારવી રાણક દેવને."

* છોકરો.
\+ અધરો.

ત્યારે રાણકદેવડી બોલી,

સોરઠો.

"આ મારા ગઢ હેઠ, કેણે તંબુ તાણિયા,
સધરો મ્હોટો શેઠ, બીજા વર્ત્તાઉ વાણિયા."

આણુવા લાગ્યો અને રાણકદેવી સાથે તેને છૂપો સંબંધ છે એવો તેને માથે અપવાદ મૂક્યો.† જ્યારે તેની માએ આ વિષે તેને કહ્યું ત્યારે તે બોલ્યો,–

"નથી મેં ઘોડા ગૂડિયા, નથી ભાગ્યા ભંડાર;
નથી માણી રાણક દેવીને, ક્યમ ઓળંભા દે ખેંગાર."

તેની મા બોલી, "તેં તારી મામી રાણક દેવડીને લાવીને તારા મામા વેહેરે પરણાવી પણ તે ગુણ વીસરી જઇને ઉલટો તારે માથે અપવાદ મૂકે છે માટે હવે તારે આ નગરમાં રેહેવું નહિ. પછીથી રા'ખેંગારે પોતેજ તેને કાહાડી મૂક્યો એટલે દેસલ પોતાના ભાઈ વીસલને પોતાની સાથે લઇને રાત્રે ચાલી નીકળ્યો. દરવાજા આગળ આવ્યા ત્યારે દાદુ અને હમીર એ બે રજપૂત કિલ્લેદાર હતા તેઓએ તેમને પૂછ્યું કે તમે ક્યાં

---

તે સાંભળી મયણલ્લદેવી બોલી,

**"राणा सव्वे वाणिया, जेसलुं वड्डह सेठि,**
**काहु वणिजड्ड माण्डीयउ अम्मीणा गढेहठि."**

સોરઠો.

"વાણિયાના વેપાર, જાતે દાહાડે જાણશો
મારશું રા'ખેંગાર, ઉતારશું રાણક દેવને."

એ પ્રમાણે વિવાદ થયા પછી તેઓ ઉતારે આવ્યાં.

† આ વિષે તુરીની વાતમાં એમ છે કે, એક સમયે રા'ખેંગારે દારૂ પીધો ને પોતાના ભાણેજને પણ પાયો, અને રાણક દેવડીને પાવા સારૂ એક સીસો આપીને દેસલને મોકલવા માંડ્યો, ત્યારે તેણે કહ્યું કે, મેં દારૂ પીધો છે માટે હું નહિ જાઉં. આ તેનું વાજબી કેહેવું નહિ માન્ય કરતાં તેને આગ્રહથી મોકલ્યો. તેણે ત્યાં જઇને પોતાની મામીને સીસો આપ્યો તેણિયે દેસલને હિંદોલાખાટ ઉપર બેસારીને આગ્રહથી દારૂ પાયો ને પોતે પણ પીધો. તેને કેફ ચડી ગઈ એટલે ખાટમાં તે સૂઈ ગઈ ને દેસલ જવા સારૂ ઉભો થતો હતો તેવામાં તે પણ રાણક દેવડીની ખાટમાં બેભાન થઈ લોટી ગયો. આ પ્રમાણે નિર્દોષ પ્રકારથી બન્ને ગસગસાટ ઉંઘેછે એટલામાં, ઘણી વાર થઈ એટલે રા'ખેંગાર ત્યાં આવ્યો અને જૂવેછે તો બન્નેને એક પલંગમાં સૂતેલાં જોયાં ને ક્રોધ વ્યાપી ગયો, કે તુરત તરવાર મ્યાનમાંથી કાહાડીને બન્નેના ઉપર મારી પણ વચ્ચે ખાટની સાંકળ આવી ગઈ તે વઢાઈ ગઈ ને મામી ભાણેજને જરાય વાગ્યું નહિ તેથી તેને લાગ્યું કે એ નિર્દોષ છે. વધાર ખાતરી કરવા તેણે પોતાનો જમઈયો રાણીના ઉછેરેલા એક ચંપાને માર્યો પણ તે વાગ્યો નહિ. પછી થાંભલામાં કટાર મારીને દેસલે જે પામરી ઓઢી હતી તે ખેંચી લઇને પોતાની પામરી બન્નેને ઓરાડીને પોતે ચાલી નીસર્યો પણ મનમાં શક રહ્યો તેથી પોતાની બેહેનને કહ્યું કે તારો પુત્ર મારા ઘર સાસું જૂવેછે. ભાષાન્તર કર્તા.

જાઓ છો? તેઓએ કહ્યું કે માળવેથી દરબારની અફીણની પોઠી આવે છે તેના સામા અમે જઇયે છિયે, તે મધ્યરાત્રે પાછા આવીશું તે વેળાએ ઢીલ કરયાવિના દરવાજા ઉઘાડજો. પછી બન્ને ભાઈ બાહાર નીકળ્યા ને સિદ્ધરાજ પાસે આવ્યા ને તેને કહ્યું, "કાકા! અમે જાણુતા નોહોતા કે તમે અમારા "કાકા થાઓછો તેટલા માટે અમે અમારા મામા સારૂ રાણકદેવીને લા- "વ્યા. પણ હવે તે અમારે માથે અપવાદ મૂકે છે માટે અમે તમારી પાસે "આવ્યા છિયે. જો તમે અમારી સાથે આવો તો આપણે રા'ખેંગારને "મારી નાંખિયે અને રાણકદેવડી તમારે સ્વાધીન કરિયે." પછી ૧૪૦ યોદ્ધાઓને ગુણમાં ઘાલીને પોઠિયા ઉપર નાંખીને દુદા તથા હમીરની પાસે દરવાજો ઉઘડાવી કિલ્લામાં હાંકી લાવ્યા, ને પેલા બે જણને તેજ ઠેકાણે ઠેર કરયા. પછી તેઓએ રા'ખેંગારના મેહેલ ભણી આવીને રણશિંગુ વગડાવ્યું એટલે રા'ખેંગાર લડવાને આવ્યો.—

દુહો.

ઝાંપો ભાગ્યો ભેળ પડી, ભેળ્યો ગઢ ગિરનાર;
દુદો હમીર મારિયા, સોરઠના શણગાર.

આ અવસરે બંને ભણીનાં ઘણાં માણસો મારયાં ગયાં ને રા'ખેંગાર પણ પંડે મરાયો.

પછી સિદ્ધરાજને લઇને દેસલ રાણક દેવડીને મેહેલ ગયો, ને તેને કહ્યું, "માસી, અમે બે ભાઈ અને મામો ખેંગાર આવ્યા છિયે, બારણાં ઉઘાડો." તેણે બારણાં ઉઘાડ્યાં. રાણક દેવડીને બે કુંવર હતા તેમાં માણેરો ૧૧ વર્ષનો હતો ને બીજો ડગાયચો પાંચ વર્ષનો હતો. સિદ્ધરાજે ન્હાનાને તેની પાસેથી લઇને મારી નાંખ્યો. જ્યારે તે માણેરાને ઝાલવા ગયો ત્યારે તેની પાસેથી છટકી જઇને પોતાની માની પછવાડે સંતાઈ ગયો ને રડવા લાગ્યો, ત્યારે તેની માયે કહ્યું,—

સોરઠો.

"માણેરા તું મ રોય, મ કર આંખ્યો રાતિયો,
કુળમાં લાગે ખોય, મરતાં મા ન સંભારિયે."

સિદ્ધરાજે પછી આજ્ઞા કરી કે "આ કુંવરને અહિં મારવો નહિ, "જો રાણકદેવી પાટણ આવશે નહિ તો હું એને મારીશ." ખરૂં જોતાં

કુંવરને છેવટે મારી નાંખ્યો છે. પણ ક્યાં આગળ તે જાણવામાં આવ્યું નથી.—

રાણકદેવીને ગઢની બાહાર કાહાડી એટલે રા'ખેંગારનો ઘોડો જોઇને તે શોકાતુર થઈ બોલી,—

સોરઠો.

"તરવરિયા તોખાર, હઇયું ન ફાટ્યું હંસલા;
"મરતાં રા'ખેંગાર, ગામતરાં ગૂજરાતનાં."

પછી રા'ખેંગારના સાબરશૃંગાલને જોઇને બોલી,—

"રે સાબરશિંગાલ, એક દિન શિંગાળાં હતાં;
"મરતાં રા'ખેંગાર, ભવનાં બીલાં થઈ રહ્યાં."

પછી મોરનો બોલતો સાંભળીને તો બોલી,—

*"કાંઉ કેં ગરછ મોર, ગોખે ગરવાને ચડી;
"કાપી કાળજ કોર, પિંજર દાઝ્યો પાણિયે."

પછી રા'ખેંગારની લાસ પડી હતી ત્યાં આવીને તેને કેહેવા લાગી.

દુહો.

"સ્વામી! ઉઠો સૈન્ય લઈ, ખડગધરો ખેંગાર;
"છત્ર પતિએ છાઇયો, ગઢ જૂનો ગિરનાર.

જેમ તે ખીણમાં નીચી ઉતરતી ગઈ, તેમ તેણિયે દામોદર કુંડ† ધા-

---

* મોરની વાણીના શકુનથી પ્રિયપ્રિયા એકઠાં મળે એવું ધારવામાં આવેછે માટે કેહેછે કે અરે મોર! ગિરનારને ઝરૂખે રહીને હવે શું ટેંકાર કરેછે? મારા કાળજડાની કોર કાપી અને મારૂં રેહેવાનું પાંજરૂં એટલે ઘર પાણીયે બળ્યું—ભાવાર્થ સગા વાહાલાંએ ઘર ક્યારનુંય ભંગાવ્યું, હવે હું કિયા પ્રિયને મળવાની છું જે.

† આ નીચેનું થોડું કથન તુરીની વાતમાં વધારેછે.

પછી દામાકુંડ આગળ આવીને બોલી કે,

સોરઠો.

"ઉતર્યાં ગઢ ગિરનાર, તનડું આવ્યું તલાટિયે;
વળતાં બીજીવાર, દામો કુંડ નથી દેખવો."

પછી ધારગરનામની વાડી પાસે આવીને બોલી,

દુહો.

ચંપા તું કાં મોરિયો, થડ મેલું અંગાર;
મોહોરે કળિયું માણતો, માર્યો રા'ખેંગાર.

ભાષાન્તર કર્તા.

રગર વાડી અને ચંપાનું વૃક્ષ ઇત્યાદિ પોતાનાં ને વાહાલાં હતાં તેમની આજ્ઞા લીધી. પછી ગિરનાર પર્વતને જોઇને બોલી,—

સોરઠો.

"ઉંચો ગઢગિરનાર, વાદળીથી વાતું કરે,
"મરતાં રા'ખેંગાર, રંડાપો રાણક દેવડી."

પછી રસ્તે જતાં થોડા ગાઉ ગયા પછી ગિરનારની બીજી બાજુએ પાછું વાળીને જોયું ને જાણ્યું કે એ વળાવાને આવે છે. તેથી તે બોલી,—

સોરઠો.

[1]"ગોઝારા ગિરનાર, વલામણ વેરીને કિયો,
"મરતાં રા'ખેંગાર, ખરેડી ખાંગો નવ થિયો."

જ્યારે તે ઘણે આઘે ગઈ, અને ક્ષિતિજમાં ઢંકાઈ ગયેલો ગિરનાર તેને દેખાયો ત્યારે તેણે જાણ્યું કે એ પડી જાય છે કે શું તેથી તે બોલી,—

"મ પડ મારા આધાર, ચોસલાં કોણ ચડાવશે;
"ગયા ચડાવણહાર, જીવતા જાતર આવશે."

દેસલ અને વીસલે અગાઉથી સિદ્ધરાજ સાથે ઠરાવ કરી રાખ્યો હતો કે રા'ખેંગાર મરાયા પછી દેસલને જૂનાગઢની ગાદી સોંપવી. સિદ્ધરાજ જેવો ઘરભણી વાળ્યો તે વેળાએ તેને પેલો ઠરાવ સંભારી આપ્યો. સિદ્ધરાજે પ્રથમ તો કહ્યું કે, "તું લે" પણ પછીથી તેણે વિચાર કર્યો કે, એ બે ભાઇયે પોતાના સગા મામાને દગો દીધો તો કોઈ દિવસ મારથી ફૂટીને મારા સામા થાશે ખરા; પછી તેણે બન્નેને મારી નાંખ્યા.

જ્યારે સાથ પાટણવાડે આવી પોહોંચ્યો ત્યારે સિદ્ધરાજે રાણકદેવીને શાન્ત કરવાની યુક્તિયો કરવા માંડી, ને તેને સારી સારી જગ્યાઓ બતાવી, પણ તે બોલી,—

સોરઠો.

"મારૂ પાટણ દેશ, પાણી વિના પૂરાં મરે;
સરવો સોરઠ દેશ, સાવજડાં સેજળ પિયે."

---

1 तई गढ्ढूआ गिरनार, काहू मणि मत्सरु धरिउ;
मारीतां खंगार, एक्क सिहरु न ढालिउं.

પછી પાટણને પાદરે આવી પોહોંચ્યો ને ઉતારો કરચો, નગરની બાહાર ત્યાંનાં સર્વે માણસોને ઉજાણી આપી. સર્વે સારાં સારાં લૂગડાં પેહેરીને ટોળેટોળાં થઈ આવ્યાં. પણ આ સર્વે શોભા જોઇને રાણકદેવડી રાજી થઈ નહિ, પણ તે બોલી,—

સોરઠો.

" બાળું પાટણ દેશ, જિસે પટોળાં નીપજે;
" સરવો સોરઠદેશ, લાખેણી મળે લોબડી."

કોઈ ગૂજરાતી સ્ત્રિયે તેને કહ્યું, " તમારે તો મ્હોટા સિદ્ધરાજ ધણી છે." ત્યારે તે બોલી કે હું મારા ધણીને તો આવી સ્થિતિમાં મૂકીને આવી છું.—

" વાયે ફરકે મુછડી, રયણ ઝબુકે દંત,
" જુવો પટોળાં વાગિયો, લોબડી વાળીનો કંથ."

પછી તે સ્ત્રિયે કહ્યું કે આવું છે ત્યારે તમારી આંખમાં આંસુ કેમ આવતાં નથી ? ત્યારે તે બોલી,—

" પાયણને પડતે, કોહો તો કૂવા ભરાવિયે,
" માણેરો મરતે, શરીરમાં સરણાં વહે."

આ પ્રમાણે રાણકદેવડીનું મન કશાથી પ્રસન્ન થયું નહિ. સિદ્ધરાજે બહુ માન ભરેલી રીતે તેની સંભાળ લેવા માંડી, અને તેને પૂછ્યું કે "તમારે કિયે ઠેકાણે રેહેવાનું મન છે ?" તેણે કહ્યું કે, "હું વઢવાણ જઇશ." સિદ્ધરાજ પંડે તેને ત્યાં મૂકવા ગયો. ભોગાવો* નદીની તીરે ચિતા ખડકાવી અને રાણકદેવિયે તેના ઉપર પોતાનું આસન કર્યું. સિદ્ધરાજે છેલ્લો ઉપાય એવો કરચો કે, "જો તું ખરી સતી હઇશ તો અગ્નિ વિના ચિતા સળગશે." રાણકદેવી સૂર્યને પગે લાગીને ફરીથી ઉઠીને બોલી,—

---

*जेसल मोडि मत्राह वलि वलि विरूपं भावयिइ;
नइ जिम नवा प्रवाह नव घण विणु आवइ नाहि.

એનો ભાવાર્થ એવો છે કે, હે નદી હું જેમ મારો દેશ છોડી ધણી વિના વિરૂપ થઈ છું તેમ તું પણ નવા મેઘ વિના દુર્બલ થતી જાયછે; અને તેના વિના શોભા થતી નથી, તેં તારા પર્વતરૂપી સ્થાનનો ત્યાગ કરચો છે એમ મેં પણ કર્યું છે માટે આપણે સરખાં છિયે.

### સોરઠો.

" વારૂ શેહેર વઢવાણ, ભાગોળે ભોગાવો વહે;
" ભોગવતો ખેંગાર રાણ, ભોગવ ભોગાવા ધણી.* "

પછી તે સમયે એવો ઉન્હો વાયુ વાયો કે તેથી ચિતા બળવા લાગી:

" વાયો વાયુ સવાય, વાયે વેળૂ પરજળે,
" ઉભો ત્યાં સિદ્ધરાય, સત જોવા સોરઠિયાણિનું."

આ વેળાએ સિદ્ધરાજે પોતાની પામરી રાણકદેવી ઉપર નાંખી; તે-ણિયે અગ્નિમાંથી તેના ઉપર પાછી નાંખી દીધી ને બોલી, " જો આવતા ભવમાં તારે મારા સ્વામી થવું હોય તો હવણાં મારી સાથે બળી મર. " પણ સિદ્ધરાજે ના કહી.

પછી જ્યાં રાણકદેવી બળીમોઈ ત્યાં સિદ્ધરાજે દેવળ ચણાવ્યું. બધો સોરઠ દેશ તેને કબજે થયો; પણ રાણકદેવી સતીના હાથના થાપા તો ગિરનાર ઉપરના રા'ખેંગારના મેહેલને થયા.

વર્દ્ધમાનપુર અથવા વઢવાણ હવણાં જે ઝાલા રજપૂતની શાખાનું મુખ્ય સ્થાન છે. તે કપાસ ઉગતા સપાટ પ્રદેશમાં છે. તે સોરઠની સી-માની માંહ્ છે પણ બાહાર નથી. ઇતિહાસમાં તેને ઘણું જૂનું કહ્યું છે અને વનરાજની રાજધાની કરતાં પણ તેની સ્થાપના પેહેલી છે એવો નિ-શ્ચય કરયો છે.

### અર્દ્ધ સોરઠો.

" વળા અને વઢવાણ, પછીંથી પાટણપુર વસ્યું."

ભોગાવો નદીનો ઉત્તર ભણીનો ફાંટો શેહેરના બુરજની નીચે થઇ-ને વહે છે અને દરિયામાં મળી જવા જેટલું જોર નહિ હોવાને લીધે, અ-

* આવોજ વિચાર પ્રબંધ ચિંતામણી નામનો સંસ્કૃત ગ્રંથ જે ઈ. સ. ૧૩૦૫ ની સાલમાં રચવામાં આવ્યો છે તેમાં જોવામાં આવેછે એ ગ્રંથ ત્યાર પછી જૈનના ભંડારમાં ભંડારી મૂકવામાં આવેલો તેથી તુરી બરખાના હાથમાં જઈ શકવો કઠણ. તેમ છતાં એ વિચાર તુરીયોના ગાણામાં એકને મ્હોએથી બીજાને મ્હોએ ચડીને આ-જસુધી ચાલ્યો આવેછે એ વખાણવા જેવી વાત છે. પૃષ્ટ ૧૮૬ મું જુઓ.

થવા, ચોમાસા વિના, દક્ષિણ ભણીનો ફાંટો જે લીમડીની બાજુએ વેહે છે તે તેને મળ્યાવિના સાબ્રમતીના મુખની લગભગ સપાટ ખારી ભોંયમાં ફેલાઈ જાય છે. વઢવાણનો જૂનો કોટ હતો તેમાં હાલમાં થોડા સમકોણ કોઠા અને તેઓને સાંધનારી કોટની થોડી આડ એટલુંજ માત્ર રહ્યું છે; પણ હવણાં તેની ચોમેર વસ્તી વધી છે અને રાણકદેવડી સતીની દેરડી જે આગળ ભોગાવાના પ્રવાહની પાસે હશે તે હવણાં કોટમાંહ્ આવી ગઈ છે. આ દેરાનું શિખર ઘણું શૃંગાર ભરેલું છે, અને જે મોઢેરાના દેરાની બાંધણી સાથે ઘણું ખરું મળતું આવે છે તેટલુંજ માત્ર રહેલું છે. આગળના મંડપનો ઘૂમટ અધોય જતો રહ્યો છે. અને ખેંગારની દુખિયારી સ્ત્રીની ખંડિત થયેલી મૂર્ત્તિ ગંભાર (નિજગૃહમાં) છે; અને વઢવાણના દરબારની રાણિયો ઝાલા વંશના રાજાઓની સાથે સતી થઇને વૈકુંઠવાસ પામી પાતિવ્રત્ય અમર કરી ગયેલી તેમની તેમના દેવળમાં વાર તેહેવારે પૂજા થાય છે તથા સૌભાગ્યવંતીનો પોશાક પેંહેરાવે છે અને મુકુટ ધરાવેછે, ચુંદડી ઓરાડેછે, અને રાજવંશી ઘરેણાં પેહેરાવે છે તે પ્રમાણે રાણકદેવીની મૂર્ત્તિને પણ સર્વે તેવાજ પ્રકારનો વિધિ કરવામાં આવે છે.

LIBRARY OF THE BOMBAY BRANCH OF THE ROYAL ASIATIC SOCIETY

## પ્રકરણ ૧૦.

### સિદ્ધરાજ.

રા'ખેંગારના મરણ પછી, સિદ્ધરાજે સોરઠનો કારભાર [1]સાજણ કરીને સુભટ હતો તેને સ્વાધીન કરયો, તે વનરાજના સોબતી જમ્બ અથવા ચાંપાનો વંશજ હતો. મેરૂતુંગ લખેછે કે, આ કારભારિયે ગિરનાર ઉપર નેમીનાથનું દેરાસર ફરીને બાંધવા સારૂ ત્રણ વર્ષની રાજ્યની ઉપજ વાવરી દીધી; અને સિદ્ધરાજે તે વિષે તેને પૂછ્યું ત્યારે તેણે એવાં ખાતરીપૂર્વક કારણ બતાવ્યાં કે રાજાએ તેને તેની જગ્યા ઉપર રેહેવા દીધો, અને મુખ્યત્વે કરીને શત્રુંજય અને [2]ઉજ્જયંતનાં પવિત્ર ધામ તેને સ્વાધીન કરયાં. ત્યાર પછી તરતજ રાજા દેવપાટણના શ્રી સોમેશ્વરની યાત્રા કરીને પાછો વળતાં આવ્યો અને એ બન્ને પવિત્ર પર્વતોની સેવા લીધી. ત્યાં ઋષભદેવની પૂજા અર્ચાના ખર્ચ સારૂ બાર ગામ આપ્યાં. તે વેળાએ અદેખાઇથી બ્રાહ્મણોએ તેને સમજાવ્યો, પણ તેણે તેમનું કહ્યું માન્યું નહિ.

સિદ્ધરાજના વારામાં ધર્મના વિવાદ ચાલેલા જણાય છે, તે માત્ર બ્રાહ્મણનો ધર્મ માનનારા અને જૈન ધર્મ માનનારા વચ્ચેજ ચાલ્યો છે એટલુંજ નહિ, પણ વિશેષે કરીને જૈન મતમાં દિગમ્બર અને શ્વેતામ્બર ના-

---

૧ કુમારપાળ પ્રબંધમાં એમ લખે છે કે, કર્ણદેવે સૌરાષ્ટ્ર મંડળ પોતાને સ્વાધીન કર્યા પછી, વામનસ્થલી (વનથલી) માં જઈ સજ્જનને ત્યાંનો દંડનાયક ઠરાવ્યો, અને તેનીજ આજ્ઞાથી સૌરાષ્ટ્રની ત્રણ વર્ષની ઉપજ શ્રી નેમીનાથના ચૈત્યનો ઉદ્ધાર કરવામાં વાપરી. સિદ્ધરાજ વિજયયાત્રા કરતો જ્યારે સૌરાષ્ટ્રમાં ગયો ત્યારે સજ્જનનો પુત્ર પરશુરામ ત્યાંનો દંડાધિપ હતો તેની પાસે ઉપજ માગી. એટલે તેને રૈવતાચલ ઉપર લઈ ગયો અને કર્ણવિહાર બતાવી કહ્યું કે, આ બંધાવવામાં મારા પિતાએ ઉપજ વાપરી છે. જો પ્રાસાદ બંધાવવાનું પુણ્ય આપને લેવું હોય તો આ પ્રાસાદ આપની પ્રત્યક્ષ છે; અને જો ઉપજ લેવી હોયતો શાહુકારો પાસેથી અપાવું. રાજા પ્રસન્ન થયો અને બોલ્યો કે સજ્જને સારૂં કામ કર્યું, બાકીનું તમે પૂર્ણ કરો. સજ્જને છ માસમાં શ્રી નેમીશ્વરનું ચૈત્ય કળશ સુધી કરાવ્યું હતું એટલામાં તો તેને જ્યેષ્ટ શુદિ ૫ ને દિને શિરોવેદના થઈ આવી એટલે ધ્વજારોપણ આદિ કાર્ય કરવાની પરશુરામને આજ્ઞા આપી આઠમે દિવસે સ્વર્ગે ગયો.

૨ ઉજ્જયન્ત અથવા રૈવતાચલ એટલે ગિરનાર. ર. છ.

મના સામસામા પક્ષના મત છે તેઓ વચ્ચે પણ ચાલેલો છે. પેહેલા મતના સાધુઓનું નામ, નગ્નાવસ્થામાં રેહેવાથી અને દિશાઓ રૂપી વસ્ત્ર ધારણ કરવાથી, દિગમ્બર કેહેવાયછે, અને બીજા મતના, ધોળાં વસ્ત્ર પેહેરવાથી શ્વેતામ્બર કેહેવાયછે. કુમુદચંદ્ર કરીને દિગમ્બર મતનો હતો તે પોતાના પ્રતિપક્ષિયોને ચોરાશી સભાઓમાં જીતી લઇને કર્ણાટ દેશમાંથી ગૂજરાતમાં ધર્મનો દિગ્વિજય કરી વધારે કીર્ત્તિ સંપાદન કરવા આવ્યો. સિદ્ધરાજે તેને પોતાની માતાના પિતાનો ધર્મગુરૂ જાણી તેનો આદર સત્કાર કરયો, અને મયણલ્લદેવિયે પણ પ્રથમ તો તેના અભિપ્રાયને ઉત્તેજન આપ્યું. શ્વેતામ્બરની ભણીથી દેવસૂરિ કરીને કર્ણાવતીનો વિદ્વાન સાધુ, અને હેમાચાર્ય એ બન્ને કુમુદચંદ્રની સામા થયા. સભા કરવાનો દિવસ ઠરાવ્યો હતો તે વેળાએ સિદ્ધરાજ આવીને રાજગાદી ઉપર બિરાજ્યો, તેની આજુબાજુએ ધર્મના ભેદ જાણે એવા કારભારિયો બેઠા, પછી વિવાદ કરવાને કુમુદચંદ્ર પાલખીમાં બેશીને આવ્યો, તે સમયે તેના ઉપર શ્વેત છત્ર ધારવામાં આવ્યું હતું, અને વિજયપત્ર અથવા પત્રાવલંબ તેની આગળ ચાલતું હતું તથા જયડંકો વાગી રહ્યો હતો. [1]દેવસૂરિ અને હેમાચાર્ય પણ તે વેળાએ આવી પોહોંચ્યા અને પોતાના પ્રતિપક્ષીની સામી ગાદિયે બિરાજ્યા. સામસામા પક્ષવાળાઓના મતની નોંધ આગલે દિવસે લખી રાખવામાં આવી હતી તે નીચે પ્રમાણે સભામાં વાંચી સંભળાવવામાં આવી:—

" કુમુદચંદ્રનો એવો પક્ષ છે કે, કેવલી ત્રિકાલદર્શી છે, અને જે કે-
" વલ્ય અથવા મોક્ષ પામવાના માર્ગ ઉપર છે, તેણે આહાર કરવો નહિ;
" જે માણસ વસ્ત્ર ધારણ કરેછે તે મોક્ષ પામતો નથી; સ્ત્રિયો મોક્ષ
" પામતી નથી. " દેવસૂરિ એમ કેહેછે કે, " કેવલીને આહાર કરવાનો
"બાધ નથી; અને જે માણસ વસ્ત્ર ધારણ કરેછે તે અને સ્ત્રિયો પણ
" મોક્ષ પામે છે. "

કુમુદચંદ્રની અર્ધી હાર તો થઈ ચૂકી; અને તેણે પોતાનું મત કહી

---

૧ દેવસૂરિ સં. ૧૧૩૪ (સને ૧૦૭૮) માં જન્મ્યો. સં ૧૧૫૨ (સ. ૧૦૯૬) માં દિક્ષા લીધી. ૧૧૭૪ (સને ૧૧૧૮) માં સૂરિની પદવી પામ્યો, અને સંવત્ ૧૨૨૬ (સ. ૧૧૭૦) ના શ્રાવણ વદિમાં ગુરૂવારે નિર્વાણ પામ્યો.

હેમાચાર્ય આ દેવસૂરિનો શિષ્ય હતો. ર. ઉ.

બતાવ્યું તેનાજ સાધનવડે, તેના સામાવાળાઓએ ડાહાપણથી રાણીમાતાનો આશ્રય તેને હતો તે બંધ કરાવી દીધો. મયણલ્લદેવી પોતાના દેશીનો જય થવાને ઈચ્છતી હતી, તેણે આસપાસ બેઠેલાઓને સૂચના કરી રાખી હતી કે, કુમુદચંદ્રની જીત થાય તેમ કરવું; પણ આ વાત હેમાચાર્યના જાણવામાં આવી એટલે તે જઇને તેને મળ્યો અને સમજાવ્યું કે દિગમ્બરનો એવો અભિપ્રાય છે કે સ્ત્રીનાથી ધર્મ પાળવાનું કશું કામ થઇ શકે નહિ અને શ્વેતામ્બર તો ખરેખરા એ મતના સામા છે. રાણીને આ પ્રમાણે સમજાવો એટલે "મનુષ્યના આચરણથી અજ્ઞાન માણસ" જે દિગમ્બર તેને આશ્રય આપતો બંધ પડી.

સામા પક્ષના વિદ્વાનોએ પોતાનો વાદ ચલાવતાં પ્રારંભમાં રાજાની અને ચાલુક્ય વંશની સ્તુતિ કરી, પછી તેઓ પોતપોતાના મતનો વિવાદ ચલાવવા લાગ્યા. કુમુદચંદ્રનું ભાષણ ટુંકું અને કબૂતરના જેવી લથડતી ભાષામાં થયું; પણ દેવસૂરિની ભાષણ કરવાની છટા તો, જાણે જગતના પ્રલયની વેળાએ ભયંકર પવનનો ઝપાટો સમુદ્રનાં મોજાંને ઉછાળી નાંખતો હોય એવી ચાલવા લાગી. પછી કર્ણાટ દેશના સાધુને તરતજ માન્ય કરવું પડ્યું કે હું દેવાચાર્યથી હારચો. પછી અપશકુનિયાળ બારણે* થઇને હાર પામેલા વિદ્વાનને તત્કાળ નગરપાર કરચો; આણીમગ સિદ્ધરાજે શ્વેતામ્બરના રક્ષકનાં વખાણ કરચાં અને તેને પોતાની આંગળિયે વળગાડીને સાજન સહિત મહાવીરના દેરાસરમાં પૂજા કરવાને લઈ ગયો, તે વેળાએ છત્ર, ચામર અને આફતાબગિરિ (સૂરજમુખી) જે રાજચિન્હ તે આગળ ચાલ્યાં, વાદિત્ર વાગવા લાગ્યાં, અને યુદ્ધ સમયના શંખના વિજયનાદ થવા લાગ્યા. રાજાએ પણ સૂરિને ચાલાગામ અને પરાતીજ તથા ઉગામની વચ્ચેનાં બીજાં અગિયાર ગામ આપ્યાં. સૂરિયે ઘણી વાર આનાકાની કરી પણ છેવટે લેવાં પડ્યાં.

આ સમયે જૈન લોકોમાં માંહોમાંહે ઘણો ઝગડો ચાલતો હતો, તો

---

* આવાં દ્વાર વિષેનો વેહેમ બીજા દેશોમાં પણ હતો. "નગરના જે અપશકુ- "નિયાળ દરવાજામાંથી માત્ર, કુકર્મી, ફાંશિયા અને ત્રાસદાયક વલે થયેલી હોય "એવાજ જઈ શકે, અને જેમાં થઈને પવિત્ર અને નિર્મળ હોય તે જઈ શકે નહિ એવા "દરવાજા સાથે પ્લ્યુટાર્ક જિજ્ઞાસુ અને હરકોઇ વાત સારી યા નરસી સાંભળી લેવા જાણવાની તલપવાળા લોકોના કાન સાથે સરખાવે છે. એ સરખામણી ભાગ્યેજ બંધ બેસતી દેખાય." એવું. જેરિમી ટેલર કહેછે.

પણ બીજા ધર્મ વિષે પરિપૂર્ણ વિચાર જણાવવાને આ વેળા તેઓને યોગ્ય લાગેલી જણાયછે. કેહેછે કે, **સિદ્ધરાજ** સર્વ દેશમાંથી જૂદા જૂદા ધર્માચાર્યોને બોલાવી તેઓને પૂછતો કે સારામાં સારા દેવ કિયા ? સારામાં સારૂં શાસ્ત્ર કિયું ? અથવા જ્ઞાનનો ભંડાર કિયો ? અને પાળી શકાય એવો સારામાં સારો ધર્મ કિયો ? પણ સર્વે પોતપોતાના મતનાં વખાણ કરતા, અને અન્યમતની નિંદા કરતા, તેથી તેના મનમાં ઢચુપચુ થતું અને તે ડોલતુંજ રેહેતું. છેવટે તેને વધારે ખાતરીપૂર્વક પ્રત્યુત્તર હેમાચાર્ય પાસેથી મળ્યું. આ સાધુએ રાજાને એક વાત કહી કે, "એક પુરૂષને તેની સ્ત્રિયે વશીકરણ કરવાને માટે કાંઇક પાયું તેથી તે બળદિયો થઈ ગયો, પણ એક સમયે ચરતાં ચરતાં ભોગજોગે એક ઔષધિ તેના ચરવામાં આવી, તેમાં દુર્ગાના પ્રતાપથી મનુષ્યત્વ આણવાની શક્તિ હતી તેથી તે પાછો પોતાની પ્રથમની સ્થિતિમાં આવી ગયો. હવે પેલા બળદે ઔષધિનાં પાંદડાં ખાધાં તેના ગુણની તેને ખબર નહતી તોપણ તેનો પરિણામ સુખ ભરેલો થયો; તેમ આ કળિયુગમાં મનુષ્ય ધર્માચરણ પાળે તો તેઓના મહિમાથી અજ્ઞાન છતાં પણ તેને મોક્ષ મળે એ વાત નક્કી છે." કોઇના ધર્મને બાધ નહિ કરવાની જે સિદ્ધરાજની રાજનીતિ તેમે અનુસરતું પ્રમાણ મેળવવાની આતુરતાને લીધે આવું પ્રત્યુતર મળવાથી તેણે કદાપિ વધારે પ્રસન્નતા જણાવી હશે.

અણહિલવાડની સ્થાપના થઈ ત્યારથી તે તેનો નાશ થયો ત્યાં સુધી શિવના અને જૈનતીર્થંકરના ધર્મ સંગાથે ચાલ્યા આવ્યા છે એમાં થોડોજ શક છે. તેમાં કોઈ વેળા એકનું પરિબલ ચાલતું તો કોઈ બીજી વેળા બીજાનું ચાલતું. સોમેશ્વર મહાદેવની તેણે યાત્રાઓ કરી છે તેથી અને શ્રીસ્થળના દેરાનો તેણે જીર્ણોદ્ધાર કરચો છે તે ઉપરથી જણાયછે કે સિદ્ધરાજ, શિવનો જૂનો ધર્મ માનતો હતો, પણ એના સંબંધી જે જે વાતો ચાલેછે તે ઉપરથી દીશી આવેછે કે તે ધર્માંધ ન હતો. પણ એથી ઉલટું વળી, પ્રબંધચિંતામણીનો કર્ત્તા એક વાત કેહેછે કે, "સિદ્ધરાજ તે "દિવસથી, ગયા ભવના પુણ્યપાપનાં ફળ મળેછે એવું માનવા લાગ્યો." આ ઉપરથી આપણને જણાયછે કે, હિંદુધર્મનો આવો મુખ્ય અભિપ્રાય છતાં રાજાનો કોઈ વેળાએ પણ એથી ઉલટો અભિપ્રાય હશે ખરો.

સિંહપુર અથવા સિહોર શેહેર મૂળરાજ સોલંકિયે ઔદિચ્ય બ્રાહ્મણોને દાન કર્યું હતું તે વિષે આગળ લખવામાં આવ્યું છે. આ દાનનો સિદ્ધરાજે નવો લેખ કરી આપ્યો, અને વાલાકદેશ તથા ભાલમાં એક સો [1]ગામ બ્રાહ્મણોને આપી દીધાં. ત્યારપછી પણ કેટલેક દિવસે બ્રાહ્મણોને સિહોર અને તેની આજુબાજુનો પ્રદેશ ઘણાં જંગલી જનાવરોના ભટકવાથી ભયંકર લાગ્યો અને જે છેક હવણાં સુધી પણ તેવોજ ચાલ્યો આવ્યો હતો તે છોડીને ગૂજરાતમાં આવી વસવાની સિદ્ધરાજ પાસે તેઓએ આજ્ઞા માગી. તેણે તેઓને તે પ્રમાણે આજ્ઞા આપીને સાભ્રમતીને કિનારે આસાવલી[2] કરીને ગામ છે તે આપ્યું અને સિહોરથી દાણા લાવે તે ઉપર લેવાતી જકાત બંધ કરી.

જૈન ગ્રંથકર્તા લખેછે કે, સિદ્ધરાજના દરબારમાં યવનોના કારભારિયો આવ્યા હતા ત્યારે એક ચમત્કારી [3]ખેલ કરી બતાવ્યો હતો. તેમાં

---

૧ "૧૦૬ ગામનો લેખ કરી આપ્યો." એમ મેરૂતુંગ કેહેછે.

૨ આસામ્બલી.

૩ દ્વયાશ્રયમાં લખ્યા પ્રમાણે તેણે કેદારનો માર્ગ બંધાવ્યો. સિદ્ધપુરમાં રૂદ્રમહાલય એટલે રૂદ્રમાલ કરાવ્યું અને જૈન દેરાસર (ચૈત્ય) પણ બંધાવ્યું. પગે ચાલી સોમેશ્વરની યાત્રાએ ગયો, ત્યાં મહાદેવનું ધ્યાન ધરીને બેઠો એટલે શિવે દર્શન આપ્યાં ને સુવર્ણસિદ્ધિ આપી તથા સિદ્ધ એવું પદ આપ્યું. પુત્રની યાચના કરી ત્યારે એમ કહ્યું કે "તારો ભત્રિજો કુમારપાળ તારો ક્રમાનુયાયી થશે." ત્યાર પછી તે ગિરનાર ગયો. વિભીષણ કલ્પજીવી છે એટલે એક કલ્પ સુધી તે રાજ્ય કરે એમ છે. હનુમાન, પરશુરામ, શુકદેવ, અશ્વત્થામા, સપ્તઋષિ, મારકંડેય આદિ પણ કલ્પજીવી કેહેવાયછે. આમ હોવાથી વિભીષણ તેને માર્ગમાં મળ્યો, તે પણ ગિરનાર સાથે ગયો એમ હેમાચાર્ય જણાવેછે. પ્રબંધચિન્તામણિમાં, આ સ્થાને લખ્યા પ્રમાણે મ્લેચ્છ પ્રધાનોને પોતાનો પ્રતાપ જણાય એટલા માટે વેષ ધારિયોને બોલાવી પોતાનું રહસ્ય સમજાવી તે પ્રમાણે નાટક ભજવી બતાવવા સૂચવ્યું, પછી ઇન્દ્રસભા જેવો ઠાઠ કરીને સિદ્ધરાજ જોવા બેઠો, મ્લેચ્છ પ્રધાનોને પણ જોવા બોલાવ્યા હતા. ખેલ ભજવી બતાવવાનો પ્રારંભ થયો તેમાં ઘણો વાયુ વાયા પછી સુવર્ણ કાન્તિવાળા બે રાક્ષસ મસ્તક ઉપર સુવર્ણની ઇંટો ધારણ કરેલી એવા પ્રવેશ કરીને સિદ્ધરાજને પગે સોનાની ઇંટો મૂકી દંડવત્ પ્રણામ કરી હાથ જોડી બોલ્યા કે, લંકાના રાજા વિભીષણ પાસેથી અમે આવ્યા છિયે. તેઓએ, દેવપૂજન કર્યા પછી પોતાને રાજ્યાભિષેક કરનાર શ્રીરામચંદ્રજીનું ધ્યાન ધરતાં જ્ઞાનદૃષ્ટિએ એમ જણાવ્યું કે, તેમણે તો ચાલુક્ય કુલોત્પન્ન શ્રી સિદ્ધરાજ રૂપે અવતાર ધારણ કરયો છે. આ ઉપરથી તેમણે આપની પાસે અમને મોકલી એમ વિનતિ કરી છે કે, આપનાં દર્શન

લંકાના રાજા વિભીષણના દૈત્ય કારભારિયો, સોલંકી વંશનો શૃંગાર જે સિ-દ્ધરાજ તેને કેહેવા લાગ્યા કે, તમે તો રામના અવતાર છો તેથી અમારા સ્વામી છો. આવો પ્રસંગ જોઇને યવન કારભારિયો ડર ખાઇ ગયા, તેમને પછી યોગ્ય શિરપાવ કરીને તેમની યોગ્યતા વધારી. જેસલમેરના ઇતિહા-સમાં લખ્યું છે કે, ત્યાંનો રાજા લાંઝાબિજિરાય ગાદિયે બેઠો તેની અ-ગાઉ સિદ્ધરાજ સોલંકીની કુંવરી* તેને દીધી હતી, તેનું લગ્ન થતી વેળાએ કન્યાની માએ વરને કપાળે રાજતિલક કર્યું, તે સમયે તેણે આશીર્વાદ દીધો કે, " મારા પુત્ર ! અમારી અને જે રાજાની સત્તા બળવાન્ થતી જાયછે તેની વચ્ચેની સીમા જે ઉત્તર તેનો તું પ્રતિહાર થજે. "

આ બધા બનાવોમાં માત્ર લાંઝાબિજિરાયનો પિતા દુસજ ગાદિયે બેઠો તે બનાવનુંજ વર્ષ નોંધેલું છે; એ બનાવ, સંવત્ ૧૧૦૦ અથવા ઇ૦ સ૦ ૧૦૪૪ માં એટલે સિદ્ધરાજ ગાદિયે બેઠો તેની અગાઉ પચાસ વર્ષ

---

માટે આજ્ઞા થાય તો હું સેવામાં હાજર થઈ જાઉં, અથવા એમ નહિ તો, પ્રભુ મારા ઉપર કૃપા કરી અહિ આવી મને દર્શન આપે. સિદ્ધરાજે જરા વિચારી કહ્યું કે "અ-મારી સોઈએ અમને જ્યારે આનંદની લેહેર આવશે ત્યારે અમે ત્યાં આવી દર્શન આ-પીશું." એમ કહી પ્રસાદીમાં, પોતાના ગળામાં પેહેરેલો એકાવલી હાર તેમને આપ્યો એટલે તે લઇને વિદાય થતાં કેહેવા લાગ્યા કે કોઈ પ્રસંગે અમારો ખપ પડે તે વે ળાએ અમને સંભારશો તો અમે સેવામાં હાજર થઈ જઇશું. એમ કહી ગયા. આ ચમત્કાર જોઈ મ્લેચ્છ પ્રધાનો તો દિગ્મૂઢ બની ગયા અને પોતાના સ્વામીને માટે જે સિદ્ધરાજ ભણીથી પ્રસાદી (પોશાક) મળી તે લઈને રવાને થઈ ગયા.

દ્વયાશ્રયમાં કહ્યું છે કે, "સિદ્ધરાજ પગે ચાલીને ઉજ્જયંત અથવા રૈવતાચલ, અ-થવા ગિરનાર, લંકાધીશ વિભીષણ સહિત ગયો, ત્યાં નેમીનાથની પૂજા કરી, પછી વિભીષણને રજા આપી પોતે તેજ રીતે (પગે ચાલીને) શત્રુંજય ગયો. ત્યાં ઋષભદે-વની પૂજા કરી નીચે આવ્યો, ને બ્રાહ્મણોને દક્ષિણાદિ આપ્યાં. તેમને સિંહપુર એટલે સિહોર ગામ સ્થાપી આપ્યું. તથા તેના ગુજરાન માટે બીજાં પણ ગામ આપ્યાં. પછી અણહિલપુર આવી સહસ્રલિંગ સરોવર બંધાવી પૂરૂં કર્યું. તેને કાંઠે ૧૦૮ શિવાલય તથા શક્તિનાં દેવાલય, શત્રશાલા, મઠ વગેરે કરાવ્યાં, અને દશ અવતારની પ્રતિમાઓ સહિત દશાવતારી કરાવી.

* કીર્ત્તિકૌમુદીમાં કહેલું છે કે શાકંભરીના રાજા અર્ણોરાજ સાથેની લડાઈ પછી સિદ્ધરાજે પોતાની કુંવરી અર્ણોરાજને આપી. પણ આ ભૂલ હોય એમ જણાય છે, કારણ કે, અર્ણોરાજને વેરે દેવલદેવી નામે કુમારપાળની બેહેન પરણાવી હતી. એ વૃત્તાન્ત ચતુર્વિંશતિ પ્રબંધમાં વિસ્તારથી છે. સિદ્ધરાજને જો કુંવરી હોય તો તે લાં-ઝાબિજયરાવને આપી હતી એમ સંભવ છે. ર. ઉ.

ઉપર બનેલો લખ્યો છે અને જ્યારે બિજિરાય* તેના બાપની વૃદ્ધાવસ્થામાં જન્મ્યો હતો એવું લખ્યું છે ત્યારે આ સર્વે બનાવ એકજ સમયમાં બન્યા હશે એવું આપણે માન્ય કરવું જોઇયે.

---

* શ્રી આદિનારાયણથી ૫૪ મા શ્રીકૃષ્ણચંદ્ર થયા. અને ૧૩૫મા દેવેન્દ્ર થયા, તેમના ત્રીજા પુત્ર નરપત એ કચ્છના જાડેજાના પૂર્વજ, અને ચોથા પૂત્ર ભૂપત એ હવણાંના જેસલમેરના પૂર્વજ થયા; તેમાં ભાટી નામે એક કુંવરે લાહોરમાં સ્થાપના કરી અને પરાક્રમી હોતાં એના નામથી ભાટી અથવા ભટ્ટી રજપૂત કેહેવાયા. પછી કેટલીક પેઢિયે રાવ તણુજી થયો, તેણે સંવત્ ૮૮૭ માં તણોટનો કોટ બાંધી ત્યાં રાજધાની કરી. તેનામાં મહારાવલ શ્રી સિદ્ધ દેવરાજજી થયો. એણે જૂદા જૂદા નવગઢ જીત્યા તેથી "નવગઢ નરેશ" કેહેવાયો. તણોટના શેઠ જશકર્ણને ધારાનગરના રાજાએ કેદ કરી તેનું અપમાન કર્યું તેથી દેવરાજજી સૈન્ય લઈ ધારા ઉપર ચડ્યો અને તે લૂટ્યું; ત્યાંથી પાછા વળતાં રસ્તામાં લુદ્રવે આવ્યા અને તે શેહેર રાજા જશભાન પાસેથી જીતી લીધું. વળી એણે સં. ૯૦૯ ના માઘ શુદિ ૫ સોમવારે પુષ્ય નંક્ષત્રે પોતાના નામ ઉપરથી દેવગઢ અથવા દેવરાવળ બાંધ્યું. ત્યાર પછી મંધજી સંવત્ ૧૦૩૦ માં થયો, તેના પછી વાછુજી સં. ૧૧૧૩ માં થયો, તેના પછી મહારાવળ શ્રી દુસાજ સં. ૧૧૫૫ માં થયા. એ દુસાજને જેસલજી નામે એક કુંવર થયો. ત્યાર પછી વૃદ્ધાવસ્થામાં મેવાડના રાણાવત કુટુંબમાંથી એક રાણી પરણ્યો તેને લાંઝા બિજયરાવ નામે કુંવર થયો તે ન્હાનો હતો છતાં પણ રાજ્યના બાયાતો અને મુસ્વદિયોએ મળીને તેને લુદ્રવાની ગાદિયે બેસાર્યો. (સં. ૧૧૭૯) મ્હોટા કુંવર જેસલને ગાદી મળી નહિ એટલે તે રીસાવીને સિન્ધમાં નગરઠઠ્ઠે શાહબુદ્દિન ગોરીને આશરે જઈને રહ્યો. સિદ્ધરાજની કુંવરીથી લાંઝા બિજયરાવને ભોજદેવ નામનો કુંવર થયો તેની આસપાસ ૫૦૦ સોળંકિયોની ચોકી રેહેતી હતી.

પ્રથમ તો જેસલ લુદ્રવાની ગાદી લેવામાં ફાવ્યો નહિ, પણ પાછળથી ઠઠ્ઠાનું લશ્કર પાટણ ઉપર ચડાવી લઈ જવાની યુક્તિ કરવાથી ભોજદેવની ચોકીના સોળંકિયો ત્યાં મદદ માટે જશે એવી ધારણા કરી, મુસલમાનોનો આશ્રય લઇને જેસલે લુદ્રવાને ઘેરો ઘાલ્યો અને લડાઈ થઈ તેમાં ભોજદેવ કામ આવ્યો. એટલે લુદ્રવાથી પોતાનો સરસામાન લઈ જવાની ત્યાંની પ્રજાને બે દિવસની છૂટ આપી. ત્રીજે દિવસે મુસલમાન સરદાર કરીમખાન (મજુજખાન) ના લશ્કરને લુદ્રવા લુંટવા દીધું.

સોરઠો.

ગોરી શાહાબુદ્દીન, ભિડિયા રાવળ ભોજદે;
નામ ઉમર રખલીન, બારેસે નવ (૧૨૦૯) લુદ્રપુર.

આ ઠેકાણેથી પૂર્વ દિશાએ સુમારે ચાર ગાઉને છેટે ગોરહરા પાહાડ ઉપર જેસલમેર વસાવ્યું ને સંવત્ ૧૨૧૨ ના શ્રાવણ શુદિ ૧૨ રવિવારે તોરણ બાંધ્યું. (ર. ઉ. જેસલમેરના ઈતિહાસ ઉપરથી).

સિદ્ધરાજ રાજ્ય કરતો હતો તેવામાં મુસલમાનોએ ગુજરાત ઉપર ચડાઈ કરવાને પ્રયત્ન કરચો નથી એમ છે ખરૂં, તો પણ તેના દરબારમાં તેઓ પ્રતિનિધિ મોકલી શકે એટલી પાસે તેઓની સત્તા વધી હતી; તેમજ અણહિલવાડની રાણિયે, તેઓનો અટકાવ કરવા ઉત્તરમાં જેસલમેરનું ભાટી સંસ્થાન વધારવાની આતુરતા બતાવી હતી તેને માટે કાંઈ પણ કારણ હોવું જોઇયે તે તેજ હતું. ફેરિસ્તાએ લખ્યું છે કે, ત્રીજો સુલતાન મસાઉદ જેણે ઇ૦ સ૦ ૧૦૯૮ થી ૧૧૧૮ સુધી રાજ્ય કરયું, તેના વારામાં હાજિબ તોઘાન તુગીન કરીને તેનો સરદાર અને લાહોરનો સરસૂબો હતો, તે ગંગા નદીની પાર લશ્કર લઇને ગયો હતો, અને મ્હોટા મહમૂદ વિના કોઈ પણ મુસલમાને જીત મેળવેલી નહિ એટલા આઘેના પ્રદેશ સુધી જય મેળવતો ચાલ્યો હતો, તથા ઘણાં ધનવાન્ નગર અને દેવાલયોમાંથી ધન લૂંટીને જયોત્સવ કરતો લાહોર પાછો આવ્યો હતો. ગજનીના રાજવંશિયોનો ઘણો ખરો પ્રાન્ત ઇરાણ અને તુરાણમાંથી લઈ લેવામાં આવ્યો હતો ત્યારથી આ વેળામાં લાહોર તે રાજ્યનું ઘણું ખરૂં રાજધાની શેહેર થઈ પડયું હતું અને તેઓ ત્યાં આવી વસ્યા હતા. સન ૧૧૧૮ માં, લાહોર મહંમદ બિલીમના તાબામાં હતું. તેને સુલતાન આર્સલામે એ શેહેરનો કબજો આપ્યો હતો અને તે બાદશાહ મરી ગયો તોપણ તેના ભાઈ બેહેરામની સામે થઇને પોતે તે શેહેર રાખી રહ્યો હતો, તંથાપિ બેહેરામે તેને તાબે કરી લોધો. પણ પછીથી તેને રાજ્ય પાછું સોંપીને તે ગજની ગયો; મહંમદ બિલીમે શિવાલિકના પ્રાન્તમાં નાગોર કિલ્લો મજબૂત કરીને, પગાર આપી ફોજ રાખી હિંદુસ્થાનના બીજા રાજાઓના રાજ્યમાં નાશ કરવા માંડયો. તેનો જય થતો ગયો તેથી તખ્ત લેવાની તેને આશા થઈ, પણ સુલતાન બેહેરામે તેને મુલતાનની લડાઇમાં મળીને બંડ બેસારી દીધું.

સિદ્ધરાજે પોતાના હથિયારના બળવડે માળવા તાબે કરી લીધું, ત્યાર પછી તે દેશની તેણે ઘણી ભેટો લીધી તે સંબંધી મેરૂતુંગે કેટલીક વાતો લખી છે. એકવાર સિદ્ધરાજ જતો હતો તેવામાં, તેનો એક મુખ્ય રથ હતો તે ઘણોજ ભારે હતો તેથી પાહાડી રસ્તામાં લઈ જઈ શકાય એમ નહતું માટે વારાહી નામનું એક ગામ રસ્તામાં આવ્યું ત્યાં મૂકયો પછી તે ગામના મુખ્ય માણસો હતા તેમાંથી કોઈ પણ રાજરથ સરખી ભારે જવાબદારીની વસ્તુ પોતાને ઘેર રાખી શકવાને કબૂલ થયું નહિ એટલે તેના

કડકા કરીને, એકેક કડકો બરાબર સાચવી શકાય એટલા માટે પોતપોતાને ઘેર લઈ ગયા. સિદ્ધરાજ પાછો વળ્યો ત્યારે રાજરથ લઈ જવાને મંગાવ્યો તો ઉપર પ્રમાણે સમાચાર તેના જાણવામાં આવ્યા એટલે પોતાના રથનો નાશ થયો તેના બદલામાં તે લોકોને બુચ અથવા વારાહીના અબુધ એવું માત્ર ઉપનામ કહીને પોતાનો ક્રોધ જણાવ્યો. આ ઉપનામ, પછીથી ઘણા દિવસ સુધી રહ્યું હતું.

એક બીજે સમયે, માળવેથી પાછાં આવતાં, સિદ્ધરાજે અણહિલવાડની પાસે ઉંઝા નામનું ગામ છે ત્યાં મેલાણ કરયું. મેરૂતુંગ લખેછે કે, તે ગામના મુખીની અડક અને સિદ્ધરાજના મામાની અડક એક હતી; મયણલ્લદેવીનું લગ્ન થયું તે પેહેલાં તેને ઉંઝાના મુખી હીમાળાના ઘરમાં રક્ષણ મળ્યું હતું એવી દંતકથા હજી સુધી ત્યાં ચાલેછે તે ઉપરથી મેરૂતુંગના લખાણને આધાર મળેછે. આ ગામ સિદ્ધરાજના વારામાં ગૂજરાતમાં જેવું ઘણુંજ આબાદ હતું તેવુંજ આજે પણ છે. અને ખેતીવાડી કરવામાં આગેવાન એવા કેડવા કણબીની જ્ઞાતનું તે મુખ્યસ્થાન છે. રાત્રની વેળાએ ગામડિયાઓ ત્યાંની પ્રસિદ્ધ જગ્યાએ એકઠા મળ્યા હતા તેમાં સિદ્ધરાજ, મહારાષ્ટ્રથી સોમનાથની યાત્રા કરવાને આવેલા એક યાત્રાળુનો વેશ લઇને ભળી ગયો. તેવામાં તેના સદ્ગુણનાં, તેની વિદ્યા વિષેની પ્રીતિનાં, તેના ચાકરોની સાથે માયાળુપણાથી વર્ત્તવાની ચાલનાં, અને સારી ચાલાકીથી રાજ્યનું રક્ષણ કરવા વિષેનાં વખાણ થતાં તેણે સાંભળ્યાં. ઉંઝાના ગામડિયાઓને પોતાના રાજા સંબંધી માત્ર એકજ ખામી જણાઈ તે વિષે તેઓ કેહેવા લાગ્યા કે "આપણા રાજાનો પછવાડે ગાદિયે બેસવાને કુંવર "નથી એટલા આપણે અભાગિયા છિયે." બીજે દિવસે સવારમાં, ગામના મુખ્ય મુખ્ય લોકો પોતાના રાજાની ભેટ લેવા માટે રાજતંબુ આગળ ગયા; પણ રાજાને આવવાને વાર હતી તેથી દરબારના કારભારિયોએ મના કરી છતાં પણ પાસે પાથરેલી રાજગાદીનો મર્તબો નહિ સાચવતાં તેઓ સુંવાળી બેઠક ઉપર, પોતાને ઘેર બેસે એવી રીતે બેશી ગયા. પણ કોઈ ઉંચી પદવિના રજપૂતમાં સાદાઈ હોય અથવા તેવી સાદાઈ તે બતાવે તે કરતાં સિદ્ધરાજનામાં વધારે સાદાઇનો ગુણ ઇશ્વરે મૂકયો હતો, અને વળી આગલી રાત્રે જે વાત બની હતી તેથી કરીને સદાના કરતાં તે વધારે ઝીણે

સભ્યાચાર બતાવે એમ નહતું, તેટલા માટે તે લોકોને જ્યાં બેઠા હતા ત્યાં બેશી રેહેવા દીધા અને મર્યાદાનો આવો અચરજ ઉપજાવે એવો ભંગ થયો તેથી ચોપદાર ઇત્યાદિને ઘણું વિસ્મય લાગ્યું.

એક બીજા સમયને વિષે **સિદ્ધરાજ** માળવેથી પાછો આવતો હતો ત્યારે "કોઇનાથી સામા થઈ લડી શકાય નહિ" એવા ભીલના ટોળાએ તેને રસ્તામાં અટકાવ્યો. તે સમયે તેનો પ્રધાન **સાંતુ** ગૂજરાતથી સેના લઇને તેમના સામો આવ્યો અને પોતાના રાજાને માટે રસ્તો કરાવી આપ્યો.

ગૂજરાતના આ મહાન્ રાજા વિષે તેનો વધારે વૃત્તાંત લખવા અમારી પાસે બીજાં સાધન નથી એટલે તેનાં વર્ણન લખનારનાં સ્વસ્તિ વાચન માત્ર અત્રે ઉતારી લઇયે છિયે.

### गाथा.

**सो जयउ कूडच्छरडो तिहुयण, मज्झम्मि जेसल नरिन्द्रो,**
**छितूण रायवंस, इक्कं छत्तं कयं जेण. १**

"ત્રણે લોકના શૂરવીર રાજાઓમાં મુખ્ય, અને જેણે સર્વે રાજવંશિ-
"યોનો નાશ કરીને, એક છત્ર નીચે આખું જગત્ આણી દીધું એવા જ-
"યસિંહ નરેન્દ્રનો જય થઓ."

**महालयो महायात्रा, महास्थानं, महासरः**
**यत् कृतं सिद्धराजेन [2]क्रियते तन्न केनचित्.**

"મ્હોટી ઇમારતો, મહાયાત્રા, મ્હોટાં સ્થાન, મ્હોટાં જળાશય સિ-
"દ્ધરાજે કરયાં. તેની બરાબરોનાં બીજા કોઇયે કરયાં નથી."

**मात्रयाप्यधिकं किंचिन्न सहन्ते जिगीषवः**
**इतीवत्वं धरानाथ धारानाथ मपाकृथाः**

"તે યશલોભી એવો કે, પોતાનો બરાબરિયો માત્ર એક કાનાએ

---

१ **सजयतु कुटोच्छेदकः त्रिभुवनमध्ये जयसिंहनरेन्द्रः छित्वा राजवंशं छत्रं कृतंयेन एकच्छत्रं राज्यंकृतम् ॥**

२ **धरिण्याम् तत्करोतुकः** આવો પાઠ પણ છે તેનો અર્થ એ છે કે સિદ્ધરાજ પ્રમાણે પૃથ્વીમાં બીજું કોણ કરશે.

" કરીને વધારે ચડિયાતો હતો માટે ધરાનાથે (પૃથ્વી પતિએ) એટલે સિદ્ધરાજે
" ધારાનાથનો (માળવાની રાજધાની ધારાનગર છે તેના રાજાનો)
" નાશ કરયો."

**मानं मुञ्च सरस्वति त्रिपथगे सौभाग्य भंगी त्यज,**
**रेकालिंदि तवाफला कुटिलता रेवे रकस्त्यज्यताम्,**
**श्रीसिद्धेराकुपाणपाटित रिपुस्कंधोच्छलतशोणित,**
**स्रोतोजातनदीनवीन वनितारक्तोबुधिर्वर्त्तते.**

" ઓ! સરસ્વતિ, તું માન મૂક; ઓ! ગંગા, તું તારા સૌભાગ્યપણાનો
" ગર્વ તજી દે; ઓ! યમુના, તારી કુટિલતા નિષ્ફળ છે; ઓ રેવા તું તારો
" વેગ તજીદે, કેમકે શ્રી સિદ્ધરાજે પોતાની તરવાર વતે શત્રુઓનો છેદ ક-
" રયો છે તેના લોહીથી ઉત્પન્ન થયેલી નવીન વનિતા રૂપી નદી સમુદ્રને
" પ્રિયકર થઈ પડી છે."

સિદ્ધરાજના શરીરના રંગ અને ઘાટ વિષે કૃષ્ણાજી નીચે પ્રમાણે લખે છેઃ—

" તે ગોરાવર્ણનો હતો, તે શરીરે દુબળો હતો પણ આકાર સારો " હતો, કાંડા સુધી તેના હાથના પોહોંચા કાળા હતા." તેની વર્તણૂક વિષે મેરૂતુંગ કેહે છે કે—" તે સર્વે સદ્‌ગુણનો ભંડાર હતો, જેવો યુદ્ધમાં તે " મહાન્ હતો તેવોજ દયાના કામમાં પણ મહાન્ હતો; સેવકોને તે ક-લ્પવૃક્ષ સમાન હતો."

" તેનો ઉદાર હસ્ત સર્વેને વિષે મોકળો હતો; તેના સંબંધિયો વિષે "તે મેઘની પેઠે વરસતો; અને રણસંગ્રામમાં તે સિંહના જેવો હતો."

તથાપિ એજ ગ્રંથકર્ત્તા એના વિષયાસક્તપણાને માટે એને દોષ દે છે, અને પવિત્ર બ્રાહ્મણ જાતની સ્ત્રિયો સાથે એનાં કામ ચરિત્ર વિષે લખતાં હિંદુ વૃત્તાન્તમાં એનો ધિઃકાર કરયો છે. ધર્મ સંબંધી વિષયમાં તેનું અપક્ષપાતપણું હતું તે વિષે તો આગળ લખવામાં આવ્યું છે. તે સારા સ્વભાવનો હોય એમ જણાયછે, અને તેની ખાનગી વેળા પણ આળસમાં કહાડતો નહિ તેમજ રાત્રની વેળાએ વેશ બદલીને નગરચર્ચા જોવાની અને નાટકશાળામાં અથવા સંસારિક ગંમતોમાં ગુપ્તરૂપે જવા સંબંધીની તેની વાતો કહેવામાં આવી છે. તેનામાં કીર્તિનો લોભ મુખ્ય હતો. તે સંપાદન

કરવાનો તેણે યુદ્ધમાં સ્તુતિપાત્ર પરાક્રમ કરીને પ્રયત્ન કરયો એ ઉપરથી માત્ર સિદ્ધ થાય છે એટલું જ નહિ, પણ વળી કવિના ઉપર તેનો પ્રેમ, અને પોતાના કુળનું રક્ષણ કરવાની અથવા તેમ જો બની શકે નહિ તો તેનું પોતાનું જ સંભારણું રાખવાની તેની ઉત્કંઠા ઉપરથી પણ સિદ્ધ થાય છે. કૃષ્ણાજી લખે છે કે, "એક પણ પુત્ર થવાની તેના મનમાં ઘણી ઈ-"ચ્છા હતી; અને મહાકવિની તે ઘણી ઉત્કંઠા રાખતો, પણ તેની એકે "આશા પૂર્ણ થઈ નહિ; તથાપિ પોતાના વંશનો ઇતિહાસ તેણે લખાવ્યો." અને પોતાનું નામ અંધારામાં રહી જાય નહિ એજ તેની ઇચ્છાથી તેણે ગૂજરાત અને સોરઠ ઉપર ઉદારતાનો હાથ રાખી ભવ્ય દેવાલય, અને સરોવર [1]બંધાવ્યાં, તે એવાં કે તેઓનાં ખંડેર હજી લગી પણ હૈયાત રહીને સાદા મનુષ્યોને આશ્ચર્ય ઉપજાવે છે અને પ્રાચીન ઇતિહાસના અભ્યાસિયોને વિસ્મય પમાડેછે.*

સિદ્ધરાજની વર્ત્તણૂકમાં ગમે તે ખાંપણ હોય, તથાપિ એકંદરે તે હિંદુરાજાઓમાં ઊંચી પદવિને યોગ્ય છે એમાં કંઈ સંદેહ છે જ નહિ; તે શૂરવીર, વીર્યવાન, અને સાહસિક રાજા હતો, અને તેનો ઇતિહાસ લખનારાએ તેને, "ગૂજરાત દેશનો શૃંગાર અને ચાલુક્ય વંશનો દીપક" કરીને લખ્યું છે તે ઘટિતજ લખ્યું છે. તેના રાજ્યના વિસ્તાર વિષે એકંદર આકારમાં સુમાર બાંધી શકાયછે, પણ ખાતરી પૂર્વક વિગતવાર ધારી શ-

---

૧ રાવ સાહેબ મહીપતરામ રૂપરામ નીલકંઠ સિદ્ધરાજ જયસિંહનાં કરેલાં જાહેર કામો નીચે પ્રમાણે વર્ણવે છે—

દભોઈનો કિલ્લો અને તેને ચાર ચાર માઈલને અંતરે ધમાદા વીશીઓ, કપડવંજમાં કુંડ, ધોળકામાં માલવ્ય સરોવર, રૂદ્રમહાલય, તથા દેરાં; રાણીની વાવ, સહસ્રલિંગ સરોવર, સિહોરના કુંડો, સાયલાનો કિલ્લો, દશ હજાર દેરાંનો દશાસહસ્ર, વીરમગામનું મુન તલાવ, દાધરપર, વઢવાણ, અનંતપર, ને ચુબારીના ગઢો; સંરથર તલાવ, ઝિંઝુવાડા, વીરપર, ભદુલા, વેસીંગપર, ને થાનના ગઢો; કંડોલા, ને સિદ્ધિજકપુરના મેહેલો; દેદાદ્ર કીર્ત્તિસ્થંભ, જેતપુર, અને અનંતપુરના કુંડો સિદ્ધરાજે બનાવ્યા છે.

* લાર્ડ બેકન લખેછે કે, "છોકરાં વિનાનાં માણસોએ સારામાં સારાં કામ કરેલાં જોવામાં આવશે, અને તેનો પાયો પણ એજ છે, કેમકે, એથી કરીને જ્યારે તેઓના શરીરની પ્રતિમા બતાવવાને તેઓ ફળદ્રૂપ થાય નહિ ત્યારે તેમના મનની પ્રતિમા બતલાવવાને તેઓ પ્રયત્ન કરે."

કાતું નથી. ખરા ગૂજરાત દેશના રાજ્ય ઉપર તે વનરાજના વારસ તરીકે બેઠો તે પ્રમાણે તેટલો દેશ તેણે મજબૂતાઈથી હાથ કરી રાખ્યો હતો, અને તેની આસપાસ કિલ્લાઓની લાહાર આવી રહી હતી તે કિલ્લાઓ કાંઈ થોડા વિસ્તારના કે બળના નહિ હતા. અચળગઢ અને ચંદ્રાવતી તેના પરમાર આશ્રિતોના હાથમાં હતાં, તે અણહિલવાડની ઉત્તર દિશાની સીમાના કિલ્લાઓ હતા; મોઢેરા અને ઝીંઝુવાડા પશ્ચિમમાં હતા, અને ચાંપાનેર અને ડભોઈ પૂર્વમાં હતા તે સાથે બીજા કિલ્લાઓ પણ હતા તે ઉપર સિદ્ધરાજની ધ્વજાઓ ફરકતી હતી અને તેના કિલ્લેદારો વસતા હતા; પણ તેઓને હસ્તગત જે ફળદ્રૂપ પ્રદેશ આવ્યો હતો તે જયસિંહની માત્ર બાંડ હતી. મૂળરાજ અથવા પેહેલા ભીમદેવના વારામાં તેઓના હાથમાં જેટલું રાજ્ય હતું તે કરતાં જયસિંહના વારામાં કોઈ પ્રકારે ઓછું થયું ન હતું. તે ઉપરથી તેની ઉત્તર સીમા, આબુની પેલીપાર ઝાલોડની પડોશ સુધી જઈ અડેલી અને તેમાં કચ્છ+ તો આવી ગયેલું હતું. આપણે જોયું કે સોરઠ અને માળવામાં તેની આણ વર્તાઈ હતી, અને દક્ષિણમાં તેનું રાજ્ય ઠેઠ દક્ષિણ દેશમાં વિસ્તાર પામ્યું હતું, અને મેરૂતુંગ કેહેછે કે કોલાપુરના[1] રાજાને ભય ઉત્પન્ન કરાવ્યું હતું. કનોજના રાજાઓ સાથે તેને

---

+ મૂળરાજે લાખા ફુલાણીને માર્યો ત્યાર પછી કચ્છ ચૌલુક્યવંશમાં આવ્યું છે. વળી ભીમદેવના સમયમાં પણ તેમને તાબે હતું એમ ભીમદેવનું એક તામ્રપટ સંવત્ ૧૦૮૬ ના કાર્તિક શુદિ ૧૫ નું છે તે ઉપરથી જણાય છે કે, કચ્છ મંડળ માંહેલા વણીસકમાંથી આવી રહેલા આચાર્ય મંગળ શિવના પુત્ર અજયપાળને મસૂરા ગામ આપ્યું છે. એ મસૂરાનું હાલનું સ્થાન મુકરર થઈ શકતું નથી. તેમજ સિદ્ધરાજનું રાજ્ય પણ કચ્છમાં હતું, તેનું પ્રમાણ ભદ્રેસર માંહેલા એક શિલા લેખથી મળી આવે છે. સદરહુ શિલા લેખ સન ૧૧૩૯ ( સંવત્ ૧૧૯૫ આષાઢ શુદિ ૧૦ રવેઉ ) ની મિતિનો છે. તે લેખ ઉપરથી જણાય છે કે—દાદાક તે વખતે સિદ્ધરાજનો પ્રધાન હતો. અને કચ્છ ભદ્રેશ્વરમાં તે વખતે સ્થાનિક રાજ્યકર્ત્તા મોટા રાજા આસપાળનો કુંવરં કુમારપાળ હતો. કારણ કે એ ભાંગેલો શિલાલેખ જેની ૫-૬ લીટિયો વાંચી શકાય તેવી છે, તે ઉપરથી એ લેખ રાજા આસપાળના કુંવર કુમારપાળે બાંધેલ કુમારપાળેશ્વરના નવા દેરામાં ને ઉદ્દલેશ્વરનાં જૂનાં દેરામાં પૂજા કરવાને ઔદીચ્ય બ્રાહ્મણોને કરી આપેલો જણાય છે.

૧ શિલાર (શિલાહાર) અથવા કોલાપુરના મહામંડળેશ્વરો, કલ્યાણના સોલંકિયોનાં વંશપરંપરાના મુખ્ય જમીદાર હતા, રોયલએશિયાટિક સોસાઈટીના જર્નલના પુસ્તક. ૪ થાને પૃ. ૪, ૩૩ મે, અને ટ્રાન્ઝાકશન્સ આફ ધી બૉમ્બે લિટરરી સોસાઈટીના પુસ્તક ત્રીજાને પૃ. ૩૯૪ મે નવી આવૃત્તિ પૃ. ૪૧૩. વળી જુવો રા. ગો. ભં. દક્ષિણનો પ્રાચીન ઈતિહાસ પૃ. ૧૨૧-૧૨૫.

લડાઇયો થઈ હતી, અને તે વેળાએ તેણે ગંગા નદીના જળમાં પોતાની તરવાર ધોઈ હતી એવું ચંદબારોટ સૂચવેછે; તે સાથે વળી સર્વત્ર જય મેળવવાની જે તેની ધારણા તેનો અટકાવ કરવાને મેવાડ અને અજમેરના રાજાઓએ સંપ કરચો હતો એવું લખે છે. પ્રસિદ્ધ ચિતોડના એક લેખમાં લખ્યું છે કે, " જય કોશમાં તેનું અંગ જડી લીધું હતું, અને તેનાં કૃત્ય પૃથ્વીના પડ ઉપર ગાજી રહ્યાં હતાં." વળી તે દેશોના ઇતિહાસ લખનાર પણ સાક્ષી પૂરે છે કે તેનું નામ અને તેનાં પરાક્રમ રજપૂતસ્થાનના એકેએક રાજ્યના ઇતિહાસમાં નોંધાયાં છે.

+સિદ્ધરાજે ઈ૦ સ૦ ૧૦૯૪ થી ૧૧૪૩ સુધી ઓગણપચાસ વર્ષ રાજ્ય કર્યું.

---

વિદ્યાધરના રાજા જિમૂતકેતૂનો પુત્ર જિમૂતવાહન જેણે શંખાચુડ નાગનો જીવ ઉગારચો હતો, તેના વંશજ શિલાર અથવા શિલાહાર નામના મહામંડળેશ્વરો કેહેવાયા; તેઓ વળી તગરપુરવરાધીશ્વર પણ કેહેવાતા હતા. **शिलाहाराख्य वंशोयं तगरेश्वर भू मृताम्.** આ શિલાહારોના ત્રણ વંશ થયા છે તેમાં ત્રીજે વંશ કોલ્હાપુર, મિરજ કર્હાદ ઉપર રાજ્ય ચલાવતા હતા, પછી કેટલેક કાળે દક્ષિણ કોકણ પોતાના રાજ્યમાં વધારી લીધું હતું તેમની વંશાવળી આ પ્રમાણે છેઃ—૧ જતિગ, ૨ નાંયિમ્મ, ૩ ચન્દ્રાદિત્ય, ૪ જતિગ બીજો, ૫ ગોમ્ક, (ગૂવલ ૧ લો, કીર્ત્તિરાજ, અને ચંદ્રાદિત્ય એમ ત્રણ ભાઈ હતા.), ૬ મારસિંહ, એનો પુત્ર ગૂવલ બીજો, ભોજ પેહેલો, બલ્લાલ, અને ૭ ગડરાદિત્ય; આ છેલ્લાનો કુંવર ૮ વિજયાર્ક, તેનો ૯ ભોજ બીજો. એના લેખ શક ૧૧૦૧ થી ૧૧૨૭ સુધીના મળે છે.

+સિદ્ધરાજ વિ૦ સં૦ ૧૧૯૯ (ઈ૦ સ૦ ૧૧૪૩) ના કાર્ત્તિક શુદિ ૩ ને દિવસે દેવ થયો. મયણલ્લ દેવી સગર્ભા થઈ હતી તેવામાં તેને સ્વપ્ન આવ્યું કે " જાણે મારા મુખમાં સિંહ પેઠો." આ ઉપરથી સિદ્ધરાજનું નામ જયસિંહ પાડવામાં આવ્યું અને કદાપિ સ્વપ્નાના આ સિંહનો બનાવ સ્મરણમાં રેહેવા માટે, પછવાડેથી તેણે સિંહ સંવત્ ચલાવ્યો હોય એમ કલ્પના થઈ શકે છે.

જે મહા પરાક્રમી અધિરાજા થાય તેના નામથી સંવત્સર પ્રવર્ત્તે છે. સંવત્ ૧૧૭૦ એટલે ઈ. સ. ૧૧૧૪ માં સિદ્ધરાજ જયસિંહના નામથી " સિંહ સંવત્સર" આષાઢ શુદિ ૧ થી ચાલેલો જણાયછે. સૌરાષ્ટ્રના રાખેંગારને તેણે જીત્યો અને સજ્જન (સાજન) ને ત્યાંનો દંડાધિપતિ ઠરાવ્યો. ત્યાર પછી તે પ્રાંતમાં આ સંવત્સરનો પ્રચાર થયેલો છે. આ સાજને સૌરાષ્ટ્રની ત્રણ વર્ષની ઉપજ ખર્ચીને જે દેરૂ બંધાવ્યું છે, તેનો સંવત્ ૧૧૭૬ નો છે તેમાં સિંહ સંવત્સર નોંધ્યો નથી. તેથી ત્યાર પછી સુમારે ૭ વર્ષે સારો જમાવ થયા પછી આ સંવત્સર પ્રવર્ત્તાવ્યો છે. અને પછી કુમાર

પાળ થયો તેના સમયમાં આ સંવત્સરનો પ્રચાર થયો; તે ઉપરથી કુમારપાળે તે નવો ચલાવ્યો, એમ અભયતિલકસૂરિયે પોતે સં. ૧૩૧૨ માં 'દ્વયાશ્રયનું પુનરાવર્ત્તન કર્યું તેના ૨૦ મા સર્ગમાં જણાવ્યું છે. મંગળપુર અથવા જે હમણા માંગરોળ કેહેવાય છે, તેમાં સોઢલી વાવ છે, તેના લેખમાં આ સિંહ સંવત્સર ૩૨, વિક્રમ સંવત્ ૧૨૦૨ લખ્યા છે. તે લેખ પ્રાચિન છે, તેથી એ ઠેકાણે વાવ હશે તે પડી જવાથી ફરીને ત્યાંજ વિ. સં. ૧૩૭૫ માં રાઓશ્રી મહિપાળ દેવના રાજ્યમાં મોઢ જ્ઞાતિના વલી સોઢલે આ વાવ (પાદશાહ સલીમશાહના રાજ્યમાં) કરાવી છે, એમ ભાવનગરના પ્રાચિન શોધ સંગ્રહ ઉપરથી જણાય છે.

શ્રીસિદ્ધરાજના પછી અદ્ભૂત મહિમાવાળો અને પુણ્યે કરીને જેનો ઉદય નિશ્ચલ થયો છે એવો કુમારપાળ રાજ્ય કરતો હતો. તેના સમયમાં શ્રી ગૂહિલવંશમાં પ્રભૂર્તગરિમાધાર (બહુ મહત્તાનું સ્થાન) ધરા મંડન શ્રીસાહાર થયો તેનો પુત્ર ચૌલુક્યાંગનિ ગૂહક (ચૌલુક્યના અંગનો રક્ષક) અને વિખ્યાત એવો સહજિગ નામે થયો. તેના પુત્રો પૃથ્વીમાં બળવાન્ અને સૌરાષ્ટ્ર દેશની રક્ષા કરવામાં સમર્થ થયા. તેમાંથી સોમરાજ હતો. તેણે પોતાના પિતાના નામ ઉપરથી પ્રભાસપાટણના સોમનાથના દેરાના ચોકમાં દેરૂં બંધાવી તેમાં "સહજિગેશ્વર"ની સ્થાપના કરી છે, તેનો બીજો દીકરો મૂલુક હતો, તેણે સહજિગેશ્વરની પંચોપચારે પૂજાને અર્થે મંગળપુર એટલે માંગરોળની દાણ લેવાની માંડવી ઉપર પ્રતિ દિવસના કેટલાક લાગા કરાવી આપ્યા છે. એ લેખનો કાળ વિક્રમ સંવત્ ૧૨૦૨ આશ્વિન વદિ ૧૩ સોમવાર સાથે સિંહ સંવત્ ૩૨ છે. અણહિલવાડની ગાદિનો પ્રભાવ રહ્યો ત્યાં સુધી આ "સિંહ સંવત્સર" ચાલેલો જણાય છે. અર્જુન દેવના સમયનો વેરાવળનો લેખ છે. તેમાં વિક્રમ સંવત્ ૧૩૨૦ વલ્લભી સંવત્ ૯૪૫ સિંહ સંવત્ ૧૫૧ છે. ચૌલુક્ય મહારાજા અર્જુન દેવના રાજ્યમાં તેના મોટા કારભારી રાણક માલ દેવ હતા. ત્યારે સોમનાથ પાટણમાં પાસુપતાચાર્ય ગંડશ્રી પરમ વીરભદ્ર તથા મહંશ્રી અભયસિંહ આદિ પંચકુળની પ્રાપ્તિ માટે અમીર શ્રી રૂકનુદ્દીન રાજ્ય કરતો હતો. ત્યારે કંઈ કામ માટે હરમુજ દેશનો ખોજો અબુ આહિમનો દીકરો પીરોજ તેણે મસીદ કરાવી વગેરે હકીકત તથા હિજરી સને ૬૬૨ છે. એમ ભાવનગર પ્રાચિન શોધ સંગ્રહ ઉપરથી જણાય છે. આમ છતાં પણ આશ્ચર્યકારક વાત એ છે કે, ચૌલુક્ય વંશના ભોળા ભીમ આદિના તામ્રપટોમાં એકલો વિક્રમ સંવત્ કોતરવામાં આવેલો છે. આ ઉપરથી નક્કી થઈ શકતું નથી કે સિદ્ધરાજ જયસિંહના નામ ઉપરથી સિંહ સંવત્સર ચાલ્યો કે કોઈ બીજા નામથી.

પોરબંદરના એક લેખમાં સૌરાષ્ટ્રના મંડળેશ્વર સિંહનું નામ આવેછે, અને તેના કામ ઉપરથી સિંહ સંવત્સર ચાલ્યાનું કેહેવાય છે. પણ સંવત્ ૧૧૭૦ માં તો સિદ્ધરાજે સૌરાષ્ટ્ર પોતાના સ્વાધીનમાં કર્યું હતું તેવા સમયમાં કોઈ બીજાને સંવત્સર ચલાવવા દે એવો સંભવ જણાતો નથી.

ર. ઉ.

## પ્રકરણ ૧૧.

### કુમારપાળ.

સિદ્ધરાજને પુત્ર હતો નહિ તેથી, ભીમદેવને [1]બકુળા દેવીના પેટનો ક્ષેમરાજ કરીને કુંવર હતો અને જે કર્ણ સોલંકી રાજાનો ઓરમાઈ ભાઈ થતો હતો તેના વંશમાં ગાદી ગઈ. ક્ષેમરાજનો પૌત્ર અને દેવપ્રસાદનો પુત્ર ત્રિભુવનપાલ[2] કરીને હતો તેને ત્રણ કુંવર ને બે કુંવરિયો હતી. કુંવરનાં નામ, મહીપાલ, કીર્તિપાલ, અને કુમારપાલ હતાં; કુંવરીનાં નામ પ્રેમલદેવી અને દેવલદેવી હતાં, પ્રેમલદેવી કાન્હડદેવ (ઉર્ફે કૃષ્ણદેવ) વેરે પરણી હતી, તે જયસિંહનો સેનાધિપતિ હતો; દેવળદેવીને કાશ્મિરનો[3] રાજા પરણ્યો હતો.[2]

મેરૂતુંગ લખેછે કે, સામુદ્રિક વેદિયોએ સિદ્ધરાજને કહ્યું હતું કે, તમારા પછી કુમારપાલ ગાદિયે બેસશે. તથાપિ તે નીચા કુળનો હતો માટે

---

૧ એક પુસ્તકમાં બઉલા એવું નામ છે તે બકુલાનો અપભ્રંશ છે, એમ છતાં મેરૂતુંગે તેનું નામ ચઉલાદેવી લખ્યું છે તે કદાપિ બ નો ચ વંચાયાથી ફેરફાર થઈ ગયો હોય એમ કલ્પના થાય છે. ચઉલા દેવી નામે એક રૂપવતી પણ્યાંગના પાટણમાં રેહેતી હતી તે વારાંગના છતાં ગુણવતા હતી. અને ધર્મ મર્યાદા એવી પાળતી હતી કે પતિવ્રતા સ્ત્રી પણ તેને પોહોંચે નહિ. મૂળરાજે તેનાં આવાં વખાણ સાંભળીને સવા લાખ રૂપિયાની કટારી સેવકો સાથે મોકલીને તેને (મુદતી) ઘરેણે રાખી. પછી બીજેજ દિવસે મૂળરાજને માળવા જીતવા જવું પડચું ત્યાં બે વર્ષ રોકાયો એટલી મુદતમાં તેનાં વખાણ થતાં હતાં તે પ્રમાણે જ નિયમ પૂર્વક રહી તેથી રાજા તેના ઉપર પ્રસન્ન થયો અને પોતાના અંતઃપુરમાં તેને દાખલ કરી. આ ચઉલા દેવીને હરિપાલ નામે પુત્ર થયો તે જ ક્ષેમરાજ.

૨ ત્રિભુવનપાળની કાશ્મીર દેવીથી તેને ત્રણ પુત્ર અને બે પુત્રી થઈ હતી.

૩ રત્નાવલીનો કર્ત્તા કૃષ્ણજી લખે છે કેઃ—

(હરિગીતનાં બે ચરણ.)

इक पुत्रीं प्रेमलनामसो, जयसिंह सेनापति वरी,
काश्मीरदेशाधिपके कर पुत्रीं देवलकुं धरी. १७

આ ઉપરથી દેવલદેવીને કાશ્મીરના રાજા વેરે પરણાવ્યાનું લખ્યું છે, પણ ખરૂં જોતાં તે કાશ્મીરની રાણીની પુત્રી હતી તેને બદલે તે કાશ્મીરની રાણી એમ સરતચૂક થઈ ગયેલી જણાય છે કેમકે દેવલદેવીને શાકંભરીના આન્ન અથવા અર્ણોરાજ સાથે પરણાવી હતી તે વિષે હવે પછી વૃત્તાન્ત આવશે.

સિદ્ધરાજને એ વાત ગમી નહિ અને તેને મારી નાંખવાનો તે નિરંતર લાગ ખોળ્યાં કરતો હતો. કુમારપાલ નાશી ગયો અને તાપસનો વેષ ધારણ કરીને પરદેશમાં કેટલાંક વર્ષ સુધી ફરતો ફરચો. તે જ્યારે અણહિલવાડે પાછો આવ્યો ત્યારે શ્રી આદિનાથના અપાસરામાં નિવાસ કરચો. સિદ્ધરાજે પોતાના પિતા કર્ણના શ્રાદ્ધને અવસરે પોતાની શ્રદ્ધા બતાવવા માટે સર્વે તપસ્વિયોની અર્ઘપાદ્ય પૂજા કરવા સારૂ એકઠા કરચા હતા; તેમાં કુમારપાળ તાપસના પગનું પ્રક્ષાલન કરતાં તે તેને કમળના જેવા સુવાળા લાગ્યા અને ઉર્દ્ધરેખાઓ અને બીજાં લક્ષણ જોવા ઉપરથી તેની ખાતરી થઈ કે આ પુરૂષના ભાગ્યમાં રાજ્ય કરવું સર્જ્યું છે. કુમારપાળ, રાજાના મુખ ઉપરથી વર્ત્તી ગયો કે રાજાએ મને ઓળખ્યો, તેથી પોતાનો વેષ બદલીને પોતાને દેથલી ગામ સત્વર જતો રહ્યો. કર્ણ રાજાએ તેના દાદા દેવપ્રસાદને જે ગામ આપ્યું હતું તેજ આ ગામ હતું. એને ઝાલવાને પછવાડે માણસ મોકલ્યાં હતાં તેથી ત્યાંનો આલિંગ ( ઉર્ફે સાજ્જન ) કરીને એક કુંભાર હતો તેણે તેને વાસણ પકવવાની નિમા હતી તેમાં ઘાલી દીધો. અહિંથી લાગ જોઇને કુમારપાળ નાઠો તો ખરો પણ એક [1]ખેડુત હુડા ટોહોતો હતો તેણે તેને ખેતરની વાડે ઝીંટવાને માટે કાંટા એકઠા કરચા હતા તેના ઢગલામાં જો સંતાડી દીધો હોત નહિ તો તેની પછવાડે ઝાલનારા લગભગ આવી પોહોંચ્યા હતા તે તેને પકડી પાડત. રાજાના માણસો પગલું કાહાડતા કાહાડતાં જે ખેતરમાં તે સંતાઈ પેઠો હતો ત્યાં આવ્યા ને તપાસ કરચો, તેમાં જે ઢગલામાં તેને ઘાલ્યો હતો તે પણ ભાલાવતે તપાશી જોયો. તથાપિ જેની ખોળ કરવાની હતી તેનો પત્તો લાગ્યો નહિ એટલે આ ઠેકાણે વધારે શોધ કરવાનું છોડી દઇને તેઓ ઘેર પાછા વળ્યા. બીજે દિવસે ખેડુતે કુમારપાળને સંતાડ્યો હતો ત્યાંથી કાહાડ્યો એટલે વળી ત્યાંથી તે નાઠો. આગળ જતાં થાક્યો ત્યારે તે એક ઝાડની છાયા નીચે થાક ખાવાને બેઠો. ત્યાં તેના જોવામાં એક ઉંદર આવ્યો તે પોતાના દરમાંથી એક પછી એક એવા એકવીસ રૂપિયા બાહાર લાવ્યો. આ પ્રમાણે પોતાના દરમાં જેટલા રૂપિયા હશે તેટલા કાહાડી રહ્યો એટલે પાછો

---

[1] એ ખેડુતનું નામ ભીમસિંહ હતું. કુમારપાળે તેને વચન આપ્યું કે વખત આવે તમારી મદદનો બદલો વાળી આપીશ.

દરમાં લઈ જવા લાગ્યો. ત્યારે કુમારપાળે ધશીને જેટલા રૂપિયા બાકી રહ્યા હતા તેટલા લઈ લીધા, અને આ પ્રમાણે ચમત્કારિક રીતે સાધન મળ્યું એટલે પ્રવાસ કરતો આગળ ચાલ્યો. રસ્તે જતાં એક વાણિયાની સ્ત્રી[1] તેના જોવામાં આવી તેની સાથે ગાડિયો ને ચાકર હતા, તે પોતાને સાસરેથી પિયર જતી હતી. થાક ખાવાને માટે તે સર્વેએ રસ્તાની બાજુએ ઢાળો કરયો હતો. કુમારપાળે ખાધાપીધા વિના ત્રણ દિવસ સુધી ચાલ ચાલ કર્યું હતું અને ભૂખ કડકડીને લાગી હતી તેથી માણસો ખાવું ખાતાં હતાં તેમની પાસે હાજરી કરવાનું માગ્યું એટલે તેઓએ તેને સત્કાર પૂર્વક ખાવાનું આપ્યું.

દેશમાં ઘણે આઘે પ્રવાસ કરતો[2] કરતો તે આખરે સ્તંભતીર્થ અથવા ખંભાતમાં આવી પોહોંચ્યો. અને ઉદયન મંત્રીને ઘેર ખાવા સારૂ ગયો. ત્યાં સમાચાર મળ્યા કે મંત્રી તો પૌષધશાળામાં ગયા છે એટલે પોતે ત્યાં ગયો. ત્યાં ઉદયનને હેમાચાર્યના ભેગો દીઠો. આચાર્યે કુમારપાળને દીઠો કે તરત તેને આખા દેશનો હવે પછી થનારો રાજા કહીને બોલાવ્યો. કુમારપાળ પોતાની તે વેળાની સ્થિતિ જોઇને અને જે ભયમાં તે હતો તેનો વિચાર કરીને બોલ્યો કે આવું ભવિષ્ય તો મનાય નહિ એવું છે, પણ હેમાચાર્યે ફરીથી ખાતરી કરીને કહ્યું, ત્યારે કુમારપાળે કોલ આપ્યો કે જો તમારૂં ભવિષ્ય ખરૂં પડે તો હું જૈન ધર્મ પાળું. પછી ઉદયન મંત્રિયે પૈસા અને જોયતો સરસામાન આપ્યો[3] તે લઇને કુમારપાળ માળવે

૧ આ સ્ત્રી ઉદમ્બર ગામની રેહેવાશી હતી અને તેનું નામ દેવાશ્રી હતું. કુમારપાળે તેને બેહેન તરીકે ગણવા વચન આપ્યું.

૨ રસ્તામાં કુમારપાળનો બોસરી નામનો મિત્ર મળ્યો. તે સાથે ચાલ્યો. તે ગામડામાં માગી આવી રાજાને ખવરાવતો. એમ ચાલતે બન્ને મિત્રો ખંભાત (સ્તંભતીર્થ) ગયા.

૩ કુમારપાળ ખંભાતમાં હતો તેવામાં તેને પકડવા સિદ્ધરાજનું લશ્કર આવ્યું તેથી કુમારપાળ હેમચંદ્ર પાસે પાછો આવ્યો. તેને તેણે એક ભોંયરામાં સંતાડ્યો. ઉપર ખજુરી વગેરેનાં પાંદડાં ઢાંકી મુક્યાં. શોધનારા ત્યાં આવ્યા ખરા પણ કુમારપાળ તેને ન મળવાથી પાછા ગયા. ત્યાંથી કુમારપાળ વટપદ્રપુર (ઘણું કરી વડોદરા) ગયો. આંહી ભૂખ લાગવાથી કટુક નામના વાણિયાની દુકાને ગયો ત્યાં ભુંજેલા ચણાની પૂછા કીધી. અને પૈસા સાથે ન હોવાથી ઉધારે ચણા માગ્યા, વાણિયે તે આપ્યા. ત્યાંથી ભૃગુકચ્છ (ભરૂચ) ગયો ત્યાં એક જોશીએ તેને એક દેરાની ધ્વજા ઉપર કાળી દેવી નામનું પક્ષી બેઠેલું જોઈ ભવિષ્ય કહ્યું કે તમે થોડા વ-

ગયો, અને કુડંગેશ્વરના પ્રાસાદમાં એક પથ્થર ઉપર નીચે લખેલી મતલબનો લેખ વાંચીને ઘણું આશ્ચર્ય પામ્યો:—

### गाथा.

पुण्णे वास सहस्से सयम्मिवरिसाण नवनवइ कालिये
होही कुमर नरिन्दो तुह विक्कमराय सारिच्छो.

"પવિત્ર ૧૧૯૯ મું વર્ષ વીત્યા પછી હે! વિક્રમરાય, કુમારપાળ "રાજા થશે, તે તારા જેવો થશે." તે જેવામાં ભાળવામાં હતો તેવામાં તેને સમાચાર મળ્યા કે સિદ્ધરાજ સ્વર્ગવાસ પામ્યા છે. એટલે ગૂજરાત જવાને તેણે નિશ્ચય કરયો. પણ પેટ ભરવાને પૂરૂં સાધન હતું નહિ તેથી અણહિલવાડ જઈ પોહોંચતાં તો તેને રસ્તામાં ઘણાં સંકટ આવી પડ્યાં.

એક કંદોઇયે દયા આણીને તેને ખાવાનું આપ્યું તે ખાઇને કુમારપાળ પોતાના બનેવી કાન્હડદેવને ઘેર ગયો. સિદ્ધરાજે પોતાના મરણ પેહેલાં તેના પ્રધાન અને કારભારિયોને બોલાવીને પોતાને ગળે હાથ મૂકાવી સમ ખવરાવ્યા હતા કે મારી પાછળ કુમારપાળને ગાદી ઉપર બેસારવો નહિ. આ વાત ચાલતી હતી એટલામાં તો તેણે પોતાનો દેહ છોડયો. કાન્હડદેવે સમ ખાધા હતા કે નહિ પણ કુમારપાળ આવ્યાના તેણે સમાચાર સાંભળ્યા કે તરત પોતાના મહાલયમાંથી બાહાર આવીને આદરમાનથી મળ્યો, અને તેને પોતાની આગળ ચલાવીને ઘરમાં લઈ ગયો. બીજે દિવસે સવારમાં પોતાના ચાકરોને એકઠા કરીને તે કુમારપાળને દરબારમાં લઈ ચાલ્યો. રાજાની પછવાડે કોને ગાદિયે બેસારવો તે નક્કી કરવાને, કાન્હડદેવે (કૃષ્ણદેવે) મહાન્ સિદ્ધરાજના આસન ઉપર પ્રથમ એક કુંવરને તે પછી બીજાને બેસારયો તે કદાપિ, કુમારપાળના ભાઈ મહીપાળ અને કીર્તિપાળ હશે. પેહેલો તેના બાયલા પોશાક ઉપરથી સર્વની નજરમાં

---

ખતમાં રાજા થશો. ત્યાંથી કોલ્હાપુર ગયો ત્યાં તેને એક યોગીએ ગૂજરાતની ગાદી મળવાનું ભવિષ્ય કહ્યું અને બે મંત્ર શીખવ્યા, ત્યાંથી કાંચી અથવા કોંચેવરમ ગયો. ત્યાંથી કાલંબપટ્ટન ગયો. (એ ઘણું કરી કોલમ અથવા કિવલોન હશે.) ત્યાંના રાજા પ્રતાપસિંહે તેને મોટા ભાઈ તરીકે માન દઈ શેહેરમાં લાવ્યો તેના માનમાં શિવનું કુમારપાળેશ્વર નામનું દેરૂં બાંધ્યું. તથા તેના નામનો સિક્કો પાડયો. ત્યાંના રાજાની રજા લઈ કુમારપાળ ચિત્રકૂટ અથવા ચિતોડ ગયો. અને ત્યાંથી કુમારપાળ ઉજ્જન ગયો.

ઉતર્યો નહિ એટલે તેને બાતલ કરવામાં આવ્યો. બીજા કુંવરને ગાદીઉપર બેસારીને એકઠા મળેલા કારભારિયોએ પૂછ્યું કે, "જયસિંહ અરાડ+ દેશ મૂકીને ગયા છે તેનું રાજ્ય કેવા પ્રકારે ચલાવશો?" તેણે ઉત્તર આપ્યો કે "તમે કેહેશો તેમ તમારી સલાહ પ્રમાણે." સામંતોના કાનમાં સિદ્ધરાજના વીર્યવાન્ અવાજની આજ્ઞાઓ પડી ગયેલી હતી તેથી આ કુંવરનું કેહેવું ઘણું રડતું અને પોચું જણાયું તેથી એને પણ પસંદ કરયો નહિ, ત્યારે કુમારપાળ બેઠો. તેને પણ એજ પ્રશ્ન પૂછવામાં આવ્યો, એટલે એકાએક ચમકી ઉઠી પગે થયો ને તેની આંખ્યો શૂરના જુસ્સાથી લાલ અગ્નિ જેવી કરી દેતેકને તરવારને મ્યાનમાંથી અર્ધી ખેંચી કાહાડી. તે વેળાએ ધન્ય ધન્યના અવાજથી રાજસભા ગાજી ઉઠી, અને કાન્હડદેવે તથા ગૂજરાતના બીજા સામંતોએ કુમારપાળની ગાદીને પંચાંગ પ્રણામ કરયા, ને શંખનાદ અને વાદિત્ર વાગવા લાગ્યાં. એ રીતે જયસિંહનો યોગ્ય ક્રમાનુયાયી તેને માન્ય કરયો.

કુમારપાળ ઈ૦ સ૦ ૧૧૪૩ માં પોતાની પચાસ વર્ષની વયે ગાદી

---

+   ૧   ૨   ૩   ૪   ૫   ૬
कर्णाटे गूर्जरे लाटे सौराष्ट्रे कच्छ सैन्धवे ।
૭   ૮   ૯   ૧૦
उच्चायां चैव भम्भेर्यां मारवे मालवे तथा ॥ १
૧૧   ૧૨   ૧૩   ૧૪
कौङ्कणे च महाराष्ट्रे कीरे जालन्धर पुनः ।
૧૫   ૧૬   ૧૭   ૧૮
सपादलक्षे मेवाडे दीपा भीराख्ययोरपि ॥ २

૭ ઉચ્ચ—મુલતાનની નૈઋત્ય કોણની દક્ષિણમાં ૭૦ મૈલ ઉપર પંચનદના પૂર્વ કિનારા ઉપર ભાવલપુર સ્ટેટમાં જ્યાં સતલજ નદી સિંધુ નદને મળે છે તે ઠેકાણાનું પ્રાચીન નગર. હવણાં મિઠ્ઠણકોટ આગળ ચીનાબ નદીનો સિન્ધુ સાથે સંયોગ થાય છે, તેને બદલે તૈમુર અને અકબરના સમયમાં ત્યાંથી ૬૦ મૈલ ઉપર ઉચ્ચ નગરની સામી બાજુએ થતો હતો. હાલના ચાલતા સેંકડાના શિરૂઆતથી સિન્ધુ નદિયે પોતાનો માર્ગ બદલી નાખ્યો છે અને અગ્નિકોણની દક્ષિણમાં વેહેતો વેહેતો જઈને પોતાના જૂના માર્ગને મિઠ્ઠણકોટ આગળ ફરીને મળતો જાય છે. આ પ્રમાણે ફેરફાર થવાથી ઉચ્ચથી ૨૦ મૈલનું છેટું પડી ગયું છે. જહલમ અને ચીનાબના સંગમથી પશ્ચિમમાં થોડે છેટે ઉચ્ચ નામની જગ્યા આજે પણ છે. ઉચ્ચ અથવા ઉછ નામ ઉત્તર હિંદુસ્તાનમાં પ્રસિદ્ધ છે. ઉચ્ચ નગર જેનું મુખ્ય શેહેર એવા દેશને ઉચ્ચદેશ કહ્યો જણાય છે.

૯ ભંભેરા—સિન્ધના કરાંચી જીલ્લામાં પ્રાચીન નગર હતું. તેની આસપાસ,

ઉપર બેઠો.* તેના પાકા વયને લીધે અને પરદેશમાં ભટકવાથી અનુભવ મળેલો તેથી કરીને તેની અને દરબારી બીજા વૃદ્ધ કારભારિયોની વચ્ચે અણબનાવ થયો, તે ઉપરથી તેઓને તેમના અધિકાર ફપરથી દૂર કરયા. તેથી વેર લેવા સારૂ તેઓએ એકઠા મળીને તેને મારી નાંખવાનો મનસુબો

---

કોટ હતો, અને તેમાં પ્રસિદ્ધ દેવાલયો હતાં. મુસલમાનોએ ઈ. સ. ૭૧૧ ના હુમલામાં તોડી નાંખ્યાં. આજે પણ એ ઠેકાણાને લોકો દેવલ, દેબલ, દાવળ એવા નામથી ઓળખે છે.

આ નગર જેનું મુખ્ય સ્થાન હતું તે દેશ તે બંબેરા, ભંભેરા હોવો જોઇયે.

૧૪ જલંધર-પંજાબ દેશમાં આવેલો એક પ્રદેશ. તે સમયે જૂદો દેશ હતો. તેનું ક્ષેત્રફળ ૧૨, ૧૮૧ ચોરસ મૈલ ગણવામાં આવ્યું છે એની ઈશાન કોણમાં હોશિયારપુર જીલ્લો છે, વાયવ્ય કોણમાં કપુરથલા અને બિયાસ નદી છે. દક્ષિણમાં સતલજ નદી આવી છે. સતલજ અને બિયાસ નદીની વચ્ચે ત્રિકોણાકાર પ્રદેશ જલંધર દોઆબ કહેવાય છે અને તે ઘણો ફળદ્રુપ ગણાય છે. પ્રાચીન સમયમાં ચંદ્રવંશી રાજાઓના તાબાનો આ દેશ હતો. કાંગડા પર્વતના પ્રદેશમાં ન્હાનાં ન્હાનાં સંસ્થાનો છે ત્યાં આજે પણ તેના વંશજો છે, અને તેઓ મહાભારતમાં આવેલા સુસર્મચંદ્રથી ઉતરેલા ગણાય છે. તેણે મહાભારતની લડાઈ પછી પોતાનું મુલતાનનું રાજય છોડયું અને કાટોચ અથવા ત્રૈગર્ત્ત નામે રાજ્ય જલંધર દોઆબમાં સ્થાપ્યું.

સાતમા સેંકડામાં હ્યુએમીત્સાંગ નામનો ચીનો યાત્રાળુ આવેલો તેના લખાણ ઉપરથી જણાય છે કે, હવણાં જે જલંધર જીલ્લો ગણાય છે તે ઉપરાંત હોશિયારપુર, કાંગડા પર્વતનો પ્રદેશ અને હવણાંનાં ચમ્બા, મંડી, અને સિરહિન્દ સંસ્થાનનો પ્રદેશ પણ આવી જાય છે.

પદ્મપુરાણ ઉપરથી જણાય છે કે, જલંધર દૈત્યે તેની સ્થાપના કરી હતી.

જલંધર શેહેર ચીના મુસાફરે બે મૈલના ઘેરાવાનું લખ્યું છે. તેની પાસે બે જૂનાં પ્રાચીન તળાવ છે. ગજનીના ઇબ્રાહિમે મુસલમાનના ધુસરા નીચે તે આણી દીધું હતું. મોગલોના રાજ્યને સમયે સતલજ અને બિયા નદીના દોઆબની તે રાજધાની હતી. તેના જૂદા જૂદા વિભાગ પડેલા હતા અને તે પ્રત્યેક વિભાગની આસપાસ જૂદા જૂદા કોટ હતા.

* રાજ્ય વંશાવળીમાં ગાદિયે બેસવાનો દિવસ સંવત્ ૧૧૯૯ના માગશર શુદિ ૧૧ લખેલ છે. એ ગાદિયે બેઠો ત્યારે આશ્રય આપનારને નીચે પ્રમાણે બક્ષિસો આપી તે ચરિત પ્રમાણે–

કુમારપાળ ગાદિયે આવતાં પોતાની રાણી ભૂપાલદેવીને પટરાણી સ્થાપી. ઉદયને ખંભાતમાં મદદ કરી હતી તેને પ્રધાન નીમ્યો. તેના દીકરા બાહડ અથવા વાગભટને મુખ્ય સભાસદ અથવા મહામાત્ય, આલિંગને બીજો સભાસદ અથવા મહાપ્રધાન નીમ્યો, ને ચિતોડના કિલ્લા પાસે સાતસેં ગામો બક્ષિસ આપ્યાં. ભીમસિંહે કાંટાની વાડ નીચે સંતાડયો હતો, તેને અંગરક્ષક લશ્કરનો મુખી નીમ્યો. વાણિયાણી દેવશ્રી પાસે ગાદિયે બેસવા વખતે બ્હેન તરીકે રાજ્ય તિલક કરાવ્યું ને દેવયો ગામ (પ્રબંધ પ્રમાણે ધવલક અથવા ધોળકા ગામ) આપ્યું. વડોદરાના વાણિ-

કરચો; અને જે દરવાજે થઇને તે રાતની વેળાએ નગરમાં આવવાનો હતો તે દરવાજે મારા મૂક્યા, પણ "આગલા ભવમાં તેણે શુભ કરણી કરેલી" તેથી તેને કાને વાત આવી ગઈ એટલે જે રસ્તે તેણે જવાનું ધાર્યું હતું તે રહેવા દઇને બીજે રસ્તે થઇને ગયો, એટલે શત્રુઓનો પ્રયત્ન નિષ્ફળ ગયો. પછી કુમારપાળે તરકટી લોકોને મારી નંખાવ્યા. કાન્હડદેવે રાજાને ગાદી ઉપર બેસારચો હતો, તથા તે તેનો બનેવી થતો હતો તેનું અભિમાન રાખી કુમારપાળને અપમાન પોહોંચે એવી રીતે તેના કુળ વિષે તથા તેની આગળની સ્થિતિ વિષે બોલવા લાગ્યો. રાજાએ તેને સમજાવ્યો પણ તડુકીને તેનો ઉત્તર આપ્યો, અને તેનું કહ્યું નહિ માનવાનો તેણે ઠરાવ કરચો હોય એવું આગળ જતાં જણાયું એટલે તેને પણ મારી નંખાવ્યો. આ બનાવની અસર ઘણી સારી થઇ ને તે દિવસથી સર્વે સામંતો રાજાની આજ્ઞા ઉલંઘન કરતાં ડરવા લાગ્યા, કેમકે,

**उपजातिवृत्त.**

आदौ मयै वायम दीपि नूनं
न तद्दहेन्माम वहेलि तोपि.
इति भ्रमादङ्गुलि पर्वणापि
स्पृशेत नो दीप इवावनीपः

"દીવો મેં સળગાવ્યો છે માટે તે મને દઝાડશે નહિ એમ માનીને દીવટની બળતી જોતે આંગળીનું ટેરવું ધરિયે તો તે બાળ્યા વિના રહે નહિ. તેમજ રાજાને વિષે પણ સમજવું."

ઉદયન મંત્રિયે કુમારપાળને આગળ સારો આશ્રય આપ્યો હતો તેથી તેણે તેના પુત્ર વાગભટ્ટદેવને પોતાનો મહામાત્ય ઠરાવ્યો. તેમજ આલિંગ [1]કુંભારે અને બીજાઓએ સંકટની વેળામાં એનું રક્ષણ કર્યું હતું તેઓનો બદલો વાળ્યો. તથાપિ ઉદયનનો બીજો પુત્ર વાહડ કરીને જે સિદ્ધરાજનો ખરેખરો માનીતો હતો (પ્રતિપન્ન પુત્ર) તે કુમારપાળની આજ્ઞામાં નહિ રેહેતાં, નાગોરનો (અજમેર) [2]આન્ન રાજા અથવા મેરૂતુંગ જેને

યાએ ચણા આપ્યા હતા તેને વટપદ્ર અથવા વડોદરૂં બક્ષિસ આપ્યું. કુમારપાળના મુખ્ય સોબતી બોસરીને લાટ મંડળ આપ્યું એટલે દક્ષિણ ગૂજરાતનો સૂબો બનાવ્યો.

૧ કુંભારને માત્ર માનની ખાતર મહા પ્રધાન પદ અને સાતસેં ગામની ઉપજવાળું ચિત્રકોટ (ચિતોડ) આપ્યું એમ મેરૂતુંગ લખે છે. ૨. ઉ.

૨ સપાદલક્ષનો રાજા અથવા આન્ન હેમાચાર્ય લખે છે.

વિસલદેવ ચોહાણનો પૌત્ર આનાક કરીને કેહેછે, તેની ચાકરીમાં રહ્યો. વાહડના સમજાવ્યાથી આન્નને ગૂજરાત ઉપર ચડાઈ કરવાનું મન થયું, અને તે દેશના ઘણા સામંતો પોતાની પક્ષમાં આવશે એવી આશા રાખીને, તે મ્હોટી સેના લઇને ગૂજરાતની સીમા આગળ આવી પોહોંચ્યો. સોલંકી રાજાએ શત્રુની સામે થવાને ચતુરંગ સેના એકઠી કરી, અને જેઓ શત્રુ હતા તેઓનાથી દેશને નિર્ભય કરવાને અથવા ગ્રંથકર્ત્તાના બોલમાં લખિયે તો "દેશ નિષ્કંટક કરવાને" આન્નની સામે ભીંડાવાને ઉતરી પડ્યો. લડાઈ ચાલી ના ચાલી એટલામાં તો, ઘણાક ગૂજરાતના સામંતો રાજાને તજીને જવા લાગ્યા તે ઉપરથી વાહડનું કપટ જણાઈ આવ્યું. કુમારપાળે પોતાની આખી સેના વિખરાઈ ગયેલી જોઈ એટલે પોતાના હાથીના માહાવતને આજ્ઞા કરી કે નાગોરના રાજાને માથે રાજછત્ર હશે એ નિશાની ધ્યાનમાં રાખીને હાથીને તેની લગભગ હાકી જો કે તે રાજા સાથે જાતોજાત કાપા કાપી કરવાને બની આવે. આ સૂચના પ્રમાણે, જ્યાં આગળ રહીને નાગોરનો રાજા લડતો હતો ત્યાં આગળ, સેનાની ભીંડમાં થઇને મહાવત હાથી હાકી લાવ્યો, તે જોઇને વાહડ એ રાજાઓની વચ્ચે આવીને પોતાના હાથી ઉપરથી, જે હાથી ઉપર કુમારપાળ બેઠો હતો તેના ઉપર કૂદી પડી તેને મારી પાડવા જતો હતો તેવામાંજ માહાવતે અંકુશથી હાથીને પાછો હઠાવી દીધો એટલે વાહડ ધીબાક લેતોને નીચે પડ્યો, તેને રાજાની આસપાસ વિંટલાઈ વળેલા પાળાઓએ ઝાલી લીધો. પછી કુમારપાળ સત્વર આન્નના ભણી ધપી જતોકને, "સંભાળજે સંભાળજે" એમ કહી પોતાના ધનુષ્યમાંથી એક બાણ એવું છોડ્યું કે તે જતુકને નાગોરના રાજાના મ્હોડા ઉપર વાગ્યું ને તેને નીચે ભોંય ઉપર ગબડાવી દીધો. ગૂજરાતના ઘોડેસ્વાર જયજયના અવાજ કરતા આગળ ધપ્યા; અને તરત તેઓના શત્રુઓની પૂરેપૂરી હાર કરીને તેઓને નસાડી મૂક્યા.

કુમારપાળના રાજ્યના પ્રારંભમાં જે લડાઇયો ચાલી તે વિષે દ્વયાશ્રયનો કર્ત્તા નીચે પ્રમાણે વૃત્તાંત આપે છેઃ—

જયસિંહના મરણ પછી, [1]આન્ન કરીને એક લાખ ગામના દેશનો

---

1 સપાદલક્ષ એટલે સવા લાખનો દેશ–શાકંભરીનો રાજા આન્ન, આનક, અન્ન, અર્ણોરાજ, અથવા ચતુર્વિંશતિ પ્રબંધમાં જેને શાકંભરીશ્વર ચાહમાન વંશનો આનાક રાજા કહ્યો છે તે; વળી કુમારપાળ ચરિત્ર ઉપરથી ટાડે જેનું નામ પૂરણપાળ આ-

રાજા હતો અને તે જયસિંહનો માંડલિક હતો, તોપણ તેણે વિચાર્યું કે, ગૂજરાતનું રાજ્ય નવુંજ બંધાયુંછે અને કુમારપાળ નબળો રાજાછે, તેથી પ્રસિદ્ધ થવાનો આપણને આ બહુ સારો લાગ હાથ લાગ્યો છે. આવી ધારણાને

---

ર્યું છે, તેમજ ગૂજરાતી કુમારપાળ રાસમાં જેને પૂરણરાય કહ્યો છે, તે કુમારપાળની બેહેન દેવલદેવી સાથે પરણ્યો હતો. દ્ર્યાશ્રયના કર્ત્તા સિવાય કુમારપાળ પ્રબંધ, અને ઉપર જણાવેલા ગ્રંથકાર લખે છે કે, એક સમયે આન્ન દેવળદેવી સાથે સોકટાં બાજી રમતો હતો તેવામાં એક સોકટી મરતી હતી તે બતાવીને આન્ને કહ્યું કે, મુંડકાને મારો. રાણી મર્મ સમજી ગઈ અને બોલી કે, મારી સાથે આવું હાસ્ય કરો નહિ. રાજા ફરી ફરીને એમજ બોલવા લાગ્યો, ત્યારે કોપ કરીને રાણી બોલી કે, જંગડક! જીભ સંભાળીને બોલો, ગૂજરાતના દેદીપ્યમાન દેહવાળા, સ્વચ્છ અને મધુર આલાપ કરનારા ભૂમિના દેવતા રૂપ સુશોભિત સાધુની સાથે તમારા દેશના જાડા, લંગોટિયા, વિવેક શૂન્ય, ક્રૂર વાણી બોલનારા, પિશાચ જેવા ભયંકર દેખાવના જોગટા બરાબરી કરી શકે એમ છે? તમને મારી શરમ નથી પડતી તો રહી પણ શું મારા ભાઈ, રાજ રાક્ષસ કુમાળપાળનો ભય નથી રાખતા? રાજાને તેનાં આવાં વચન સાંભળીને ક્રોધ ચડ્યો, અને રાણીને લાત મારી અને બોલ્યો કે, જા, તારા ભાઇને જે કેહેવું હોય તે કેહે. રાણિયે પ્રતિજ્ઞા લઈને કહ્યું કે, તમારી આવી જીભ ખેંચી કઢાવું નહિ તો હું રાજપુત્રી નહિ, એમ કહી પોતાના પરિવાર સહિત પાટણ આવી, અને સખેદ સર્વ વર્ત્તમાન તેના ભાઈ કુમારપાળને કહી પોતે લીધેલી પ્રતિજ્ઞા નિવેદન કરી. એટલે તે બોલ્યો કે, એ દુષ્ટને તેની જીભનું ફળ ચખાડી તમારી પ્રતિજ્ઞા પરિપૂર્ણ કરીશ. કુમારપાળે આન્નની ચર્ચા જોવા પોતાનો આપ્તમંત્રી મોકલ્યો, તેણે પરિચારકા આન્નની તાંબૂલ દાસીને સહવાસમાં લઇને મેળવી લીધી, તેણે એકવાર કહ્યું કે આજે પ્રહર રાત્ર જતાં રાજાએ વ્યાઘ્રરાજને બોલાવ્યો અને તેને કહ્યું કે, તું કુલક્રમાગત સેવક છું, જા હું તને ત્રણ લાખ સુવર્ણ આપું છું, જઈને ગૂજરાતના કુમારપાળને ચાનક થઇને મારી નાંખ. આજ્ઞા પ્રમાણે તે ત્યાં ગયો તેના પેહેલાં, પેલો આપ્તમંત્રી જે વાણિયાનો વેશ ધારણ કરીને રહ્યો હતો, તેણે એક ચતુર દૂતને સત્વર ગૂજરાત મોકલી ચેતાવ્યો કે, ભરટક (ભયડો) જેવો અજાણ્યો માણસ આવે તેનાથી સાવધાન રહેજો. કુમારપાળ કર્ણમેરૂના પ્રાસાદ ગંભારમાં પૂજા કરવા ગયો ત્યાં પેલો ભયડો જોવામાં આવ્યો તેને મલ્લોએ ઝાલી લીધો, ને તેની પાસે કાતુકટારી હતી તે ખુંચાવી લઈ તેને જતો મૂક્યો.

કુમારપાળે યુદ્ધની તૈયારી કરી, અને વિવિધ પ્રકારે પાર્ષ્ણિ રક્ષા એટલે પછવાડે નગરાદિની રક્ષા થાય એવી ગોઠવણ કરીને આન્ન ઉપર ચડી ગયો. રસ્તામાં ચંદ્રાવતી આવ્યો, ત્યાંનો વિક્રમસિંહ કુમારપાળનો સામંત હતો તે કુમારપાળને વન્હિયંત્રની યુક્તિથી દગો દેવા પ્રવૃત્ત થયો હતો પણ તે વેળાએ તે ફાવ્યો નહિ, પછી તેને પણ પોતાની સાથે લીધો અને શાકંભરીની સમિપના વનમાં મેલાણ કરી પડયો. આન્ન કડવાં વચન બક્યો હતો તેથી નીચે આપેલી કવિતા તેણે લખી આપીને પોતાના દૂતની સાથે તેને મોકલી તેમાં લખ્યું હતું કે,

લીધે ઉજ્જણનો બલ્લાલ રાજા હતો તેની સાથે અને ગૂજરાતની પશ્ચિમ દિશાનાં દેશોના રાજાઓની સાથે, તેઓને બીક બતાવીને તેમજ આશા

---

रेरे भेक गलद्विवेक कटुकं किं रारटीष्युत्कटे ।
गत्वा क्वापि गभीरकूपकुहरे त्वं तिष्ठ निर्जीववत् ॥
सर्पोऽयंस्वमुखप्रसृत्वरविषज्वालाकरालोमहान् ।
जिह्वालस्तवकालवत्कवलनाकांक्षी यदाजग्मिवान् ॥

હે વિવેક રહિત દેડકા ? તું આ કડવું કડવું શું બકે છે ? કોઈ મોટા કૂવાના બખોલમાં જઈ મરેલાની પેઠે રેહે, નહિતો મુખથી ફેલાતા વિષની જ્વાલાએ કરીને ભયંકર એવો મોટી જીભવાળો કાળ સરખો તારો કોળિયો કરી જવાની આકાંક્ષા કરનાર આ સર્પરાજ આવ્યો છે.

આ કવિતાનો મર્મ સમજીને, આન્ન રાજાએ, નીચે પ્રમાણે કવિતા લખીને કુમારપાળના દૂતને આપી:—

रे रे सर्पविमुञ्चदर्पमसमंकिंस्फारफूत्कारतो ।
विश्वंभीषयसेक्वचित्कुरुबिलेस्थानंचिरंनन्दितुम् ॥
नोचेत्प्रौढगरुत्स्फुरत्तरमरुद्व्याधूतपृथ्वीधर ।
स्तार्क्ष्योभक्षयितुंसमेतिझटितित्वामेषविद्वेषवान् ॥

હે સર્પ! તું આવો અસાધારણ ગર્વ છોડી દે. અત્યંત ફૂફવાડા મારીને જગતને કેમ બીવડાવે છે ? ચિર કાલ આનંદ પામવો હોય તો કોઈ બિલમાં જઈ સ્થાન કર, નહિ તો મોટી ફડફડતી પાંખના પવનથી પર્વતને ડોલાવનાર આ તારો શત્રુ ગરૂડ તને ભક્ષણ કરવાને શિઘ્ર આવે છે.

ચતુર્વિંશતી પ્રબંધમાં લખ્યું છે કે, જ્યારે સિદ્ધરાજની ગાદિયે તેની પાદુકા પૂજાતી હતી ત્યારે માળવાના રાજપુત્ર ચાહડે પ્રધાનો પાસે ગાદી મેળવવાની ઈચ્છા જણાવી, પણ તે તેને મળી નહિ, એટલે તે રીસાઈને આન્નની ચાકરીમાં જઈને રહ્યો. આ શખ્સનું નામ કુમારપાળ પ્રબંધમાં ચારભટ લખ્યું છે. પ્રબંધ ચિન્તામણીમાં એમ છે કે, સિદ્ધરાજનો પ્રતિપન્ન પુત્ર વાહડ કુમારપાળની આજ્ઞામાં ન રહેતાં સપાદલક્ષ (આન્ન)ની સેવામાં રહ્યો. અને આન્નને લઈને ગૂજરાતને સીમાડે આવી પડાવ નાંખ્યો. કુમારપાળ ચતુરંગી સેના લઈને શત્રુની સામે ઉભો રહ્યો.

અર્ણોરાજ ચારભટને કેહેવા લાગ્યો કે દુઃખે કરીને પણ જીતાય નહિ એવા કુમારપાળને સુખે જીતવા શો ઉપાય કરવો ? તેણે કહ્યું કે, કુમારપાળ કૃપણ અને અકૃતજ્ઞ છે તેથી દુલિયા કેલ્હણ–મેલ્હણ આદિ સામંતો તેના વિરૂદ્ધ છે માટે તેમને લાલચ દઈને ફોડીશું. અને હું પણ સવારમાં દેવગજ ઉપર ચડીને સિંહનાદ કરી કુમારપાળના હાથીને ત્રાસ પમાડીશ. એમ કહી કુમારપાળના સામંતોને દ્રવ્ય આપીને ફોડયા. યુદ્ધમાં કુમારપાળે પોતાના સામંતોને ઉદાસ જોઈ પોતાના મહાવત શ્યામળને પૂછયું. તેણે જણવ્યું હવે તે કારણ કહી સંભળાવ્યું; અને રાજાને ચેતાવ્યો. યુદ્ધ

લઇને મિત્રાચારી કરવા માંડી. કુમારપાળના ચારે (હેરકે) તેને જાણ કરી કે, આન્ન રાજા સેના લઇને ગૂજરાતની પશ્ચિમ સીમા ભણી આવેછે અને તેની સાથે જે સામંતો છે તેમાંના કેટલાક આગેવાન તો પરભાષાઓમાં કુશળ છે, તથા વળી તેને કુડાગામનો રાજા અને અણહિલવાડની સેનાનો સેનાપતિ વાહડ એ બે કચારનાય મળી ગયા છે. વળી તેઓએ કહ્યું કે ગૂજરાત અને માળવા વચ્ચે આવજાવ કરનારા વેપારીઓએ ઉજ્જણના રાજાને ગૂજરાતની સ્થિતિ વિષે સારી પેઠે માહિતગાર કરચો છે, તેમજ માળવાના રાજા બલ્લાલસાથે તેણે ઠરાવ કરી રાખ્યો છે, તે ઉપરથી આન્નરાજા ચડાઈ કરે કે તરત ગૂજરાતના પૂર્વ ભાગ ઉપર હલ્લો કરવાને તે તૈયાર થઈ રહ્યો છે. આ સમાચાર સાંભળીને કુમારપાળ ઘણો ક્રોધાયમાન થયો.[1]

---

થતી વેળાએ ચારભટે દેવગજ ઉપરથી સિંહ નાદ કરચો એટલે કુમારપાળનો હાથી કલહપંચાનન પાછો હઠયો. વાહડે ચઉલિંગને ફોડયો હતો પણ તેને બદલે શ્યામળ મહાવત ઠર્યો હતો; એ તેના જાણવામાં નહતું તેથી બાહડ કુમારપાળના હાથી ઉપર ચડી જઈ તેને કતલ કરવા જતો તેને નીચે નાંખીને કાપી નાંખ્યો અને કુમારપાળે છલંગ મારીને આન્નના હાથીના ગંડસ્થળ ઉપર ચડી જઈ તેને નીચે પાડી નાંખી તેની છાતી ઉપર ચડી બેઠો. અને બોલ્યો કે રે, બકવા કરનાર–વાચાળ ! મૂઢ ! અધર્મી ! પિશાચ ! મારા મુંડકાંને એવું મારી બેહેનને કેહેનાર તું તારૂં વચન સંભારી લે, હું હવણાં મારી બેહેનની પ્રતિજ્ઞા પ્રમાણે તારી જીભનું છેદન કરૂં છું. આન્નરાજા કરગરીને કેહેવા લાગ્યો કે, હું તમારે શરણે છું, મને બચાવો. કુમારપાળને તેનાં આવાં દીન વચનથી દયા આવી ને તેને છોડયો, પણ આજ્ઞા કરી કે, તારા દેશમાં જે ટોપી પેહેરવામાં આવે તેને બે જીભ જેવા આકારનાં છણગાં રાખી તેને કસણથી પછવાડે બાંધવી એટલે તારી જીભ બાંધીને બંધ કરચાથી મારી બેહેનની પ્રતિજ્ઞા પૂર્ણ થશે. પછી કુમારપાળે તેને લાકડાના પિંજરામાં ત્રણ દિવસ પૂરી પોતાની સેનામાં રાખ્યો, અને તેને શાકંભરીનું રાજ્ય પાછું આપી કુમારપાળ પાટણ આવ્યો અને પોતાની બેહેનને સમાચાર કહી વિનવી કે હવે તું તારે સાસરે જા, પણ તે અભિમાનને લીધે ત્યાં ગઈ નહિ. સ્તંભનપુરમાં તેણે તપ કર્યું. ર. ઉ.

૧ દ્વયાશ્રય ઉપરથી વિશેષ વૃતાન્ત–તેની ટીકા લખનાર અભય તિલક ગણિના અભિપ્રાય ઉપરથી ગૂ૦ ભા૦ માં ફેરફાર કરવો જણાયો તે કરીને.

શરાવતી નદી જે ઈશાનથી નૈઋત્ય ભણી વેહેછે તેના પૂર્વને દક્ષિણ બાણીના જે દેશ છે તે "પૂર્વના દેશ" ગણાય છે અને તે નદીથી પશ્ચિમના ને ઉત્તરના દેશછે તે "ઉત્તરના દેશ" ગણાય છે.

સપાદલક્ષ દેશ ગૂજરાતની ઉત્તરમાં ગણ્યો છે અને ગૂજરાતને સપાદલક્ષ દેશથી પશ્ચિમમાં ગણી છે, અવન્તિને, ગૂજરાત ને સપાદલક્ષથી પૂર્વમાં ગણી છે.

કુમારપાળને ઘણા રાજાઓ આવી મળ્યા, તેમજ વળી કોળી, ઘણા કુશળ સવાર અને ચોગરદમથી અરણ્યના લોકો સામેલ થયા. તેના ખંડિયા

---

સપાદલક્ષનો રાજા આન્ન, જયસિંહના દેવ થયા પછી, મદોન્મત્ત થઈ ગયો હતો. તેણે વિના કારણે વિરોધ આરંભ્યો, નૈકેતી, શાકલ, કાણ્વ, દાક્ષ, ચૈડકીય, કાશીય, આદિના હેરકો દ્વારા તેણે કુમારપાલની ચર્ચા જાણી લેવા માંડી અને તેના ચારો કાંડાગ્ર, પિપલ, કચ્છ, ઈન્દુવક્ર આદિ સ્થાને ફરવા લાગ્યા.

આન્ને માત્ર મંગલાલંકાર જે ગ્રૈવેયક (ગળે પેહેરવાનો ગળચવો, ગલુબંધ) તે પેહેર્યો હતો અને કંકની કૂખમાં ઘાલીને ઘણા દિવસ સુધી જીર્ણ કરેલા લોહની બનાવેલી તરવાર જે કૌક્ષેયક કેહેવાયછે તે બાંધી લીધી હતી. એ પ્રમાણે રાવણના ગર્વ કરતાં પણ અધિક ગર્વ ધારણ કરતો ચાલ્યો. શત્રુપક્ષને કળવા નહિ દેતાં તથા તેના ચાંડાલોને છેતરતો એક હેરક કુમારપાળ પાસે આવ્યો, અને તેણે નિવેદન કર્યું કે, ઘણાં વર્ષ વૈર ધારણ કરેલું પણ તે હવણાંજ પ્રકટ કરીને આન્ન સેના સહિત ચાલ્યો છે, તે આવતી કાલે આપના દેશને સીમાડે આવી પોહોંચશે. કાંથિક એટલે કંથા ગામના–કન્થાગઢ અથવા (કન્થકોટના) તથા તે ગામની સમીપના, તેમજ અરણ્ય દેશના, શિવરૂપ દેશના રાજાઓ આપનાથી ભિન્ન થઇને આન્નને મળ્યા છે; અને હસ્તી ઉપર ચડવામાં જે ઈન્દ્રની બરાબરી કરી શકે એવો જે ચાહડ તે પણ તેજી ઘોડા અને સુભટો સહિત કાલે જવાનો છે.

પૂર્વમદ્રનો રાજા, અપરેષુકામશમી ગામનો રાજા, ગોમતી નદીના પ્રદેશનો રાજા, ઓષ્ટ્રયા ને તૈકયા(ગામ)ના રાજા, તેમજ પૂર્વ ભણીના દેશનાં ગામ વાહિક ને રૈમકના રાજા, ચક્રૃલ્લોમ દેશ જે ઉત્તર દિશામાં છે તેના રાજા, પટચ્ચર અને શૂરસેનના રાજા, આન્નના પક્ષમાં છે.

અવન્તિ દેશમાં ગોણદ ગામ છે તેનો ગોનર્દીય રાજા કુમારપાળથી રીટીને આન્નને મળ્યો.

વૃજ, આળ્હજાલ, મદ્ર, નાપિતવાસ્તુના રાજા પણ આન્નના પક્ષમાં હતા.

અવન્તિનો બલ્લાલ, આન્નના પક્ષનો હતો તેની સાથે કાકંટક, પાટલીપુત્ર, મલ્લવાસ્તના રાજા વળી આન્ન સાથે સામેલ થયા હતા.

ઉપર જણાવ્યા તે ઉપરાંત આન્નની ભણોના નીચે પ્રમાણે હતાઃ—

ઉત્તર દેશના રાજા.

શિવહાર નદીની અડખેપડખેના રાજા.

ગ્રામેયક એટલે સત્ય બોલવામાં પ્રવીણ અને અગ્રામ્ય એટલે અસત્ય બોલવામાં પ્રવીણ એવા–ભાવાર્થ કે સત્યાસત્ય બોલવામાં નિપુણ એવા તથા કાત્રેયક એટલે ધર્મ, અર્થ, ને કામ એ ત્રણ જેમાં કુત્સિત છે એવા દેશમાં રેહેનારા.

કુંડયા અને કુણ્યા એવા નામનાં બે ગામ એમ કેટલાક અર્થ કરેછે અને કેટલાક એ બે નામની નદીને કિનારે વસનારા એવો અર્થ કરેછે. તેઓ પણ હતા.

પૌરસ એટલે આગળના ભાગની સેનાનો સેનાપતિ, વહિક દેશનો વાલ્હાયન

[2]કચ્છના લોક અને તેમનીસાથે સિંધિયો પણ તેનાવાવટા પછવાડે ચાલવા લાગ્યા. રાજા ચાલતો ચાલતો આબુ સુધી ગયો એટલે મૃગના ચામડાનો પોશાક પેહેરેલો એવા ત્યાંના પાહાડી લોકો પણ તેને મળ્યા. આબુનો પરમાર રાજા વિક્રમસિંહ કરીને હતો તે જાલનધર દેશનાં (ઝાલોડનાં) માણસો લઇને કુમારપાળને પોતાનો ધણી સમજી તેની પછવાડે ચાલ્યો. કુમારપાળ આવ્યો સાંભળીને આનરાજા તેના પ્રધાનોની સલાહથી વિરૂદ્ધ ચાલીને લડાઈ ચલાવવાને તૈયાર થયો, પણ તેની ગોઠવણ પૂરી થઈ રેહેતા પેહેલાં તો લડાઈના

---

રાજા હતો તેને ઠરાવ્યો; અને પાશ્ચાત્ એટલે પાછળના સૈન્યનો સેનાપતિ, ઉર્દ્દ દેશના ઉર્દ્દાયન રાજાને ઠરાવ્યો.

પર્દિદેશનો રાજા.

કુમારપાળની સહાયતામાં નીચે પ્રમાણે હતા:—

યુગંધરનું પાયદલ.

કુરૂ દેશના અશ્વારો.

સાલ્વ દેશનું પાયદલ.

ગુજરાતની સમીપના મહિયડ જાતિના ક્ષત્રિયોનો નાદ્રહ દેશનો રાજા.

શણ્ડ્રિય જાતિના રજપૂતોનો રાજા જે સમીપ વાસી હતો તે. નાન્દીપુર, સાંકાશ્યપુર તથા ફાલ્ગુનીવહ દેશના ભૃત્ય રાજા, વલ્લાલ ઉપર ચડયા તેમજ કાક નામનો બ્રાહ્મણ સેનાપતિ જે કુમારપાલનો દંડપતિ કેહેવાતો હતો તે વાતાનુપ્રસ્થપુરના રાજા સહિત ચડી ગયો.

કુમારપાળ ચડયો તે વેળાએ તેની સાથે ઐરાવત, અભિસાર, દર્વસ્થલી, ધૂમ, ત્રિગર્ત, અભિસારાગર્તના રાજા પણ ચડયા. ...

સૌવીરના કુળ નામે ગામના ઉત્તમ અશ્વારો પણ કુંમારપાળ સાથે ચાલ્યા.

આ વેળાએ ચક્રવર્ત્ત દેશના રાજાએ કુંમારપાળને છત્ર ધર્યું હતું.

કચ્છના નામી બળદો સહિત કચ્છવાસિયો તથા સારા ઘોડા સહિત સિન્ધુ દેશના વતનિયો સંગાથે ચાલ્યા.

ઇક્ષ્વાકુ, શ્રૃગાલગર્ત, આશ્વત્થિક, કટકર્તક, દાક્ષિ-હદ, દાક્ષિકંથા આયમુખના રાજાઓનાં સૈન્ય.

દાક્ષિ નગરથી પૂર્વ ભણીના રાજા તથા તે નગરથી પશ્ચિમ ભણીના, તેમજ વાહિક ગામના ભૃત્યો અને દાક્ષિથી, પલદથી પશ્ચિમ ભણીના ગામના સુભટો તથા મૃગચર્મ, કામળિયો આદિ પર્વત વાસને ઉચિત એવા વેષવાળા પર્વત વાસિયો.

જ્યાં કુકણ અને પર્ણ દેશના લોક વસેછે એવી અર્બુદ ભૂમિનો (આબુનો) રાજા વિક્રમસિંહ, જે કુમારપાળનો ભૃત્ય ગણાતો હતો, તે ગઢદેશના પાયદલ સહિત તૈયાર થયો. ૨. ઉ.

૨. કચ્છના જામ લાખા જાડાણી અને સિંધના જામ ગાહોજી જાડાણીનાં લશ્કર હતાં. ભા૦ ૬૦

વાદિત્રના નાદ સાંભળવામાં આવ્યા, અને ગૂજરાતી સેના પાહાડોની છાયામાંથી નીકળતી દેખાવા લાગી, તે અવસરે રાજાના મસ્તક ઉપર શ્વેત છત્ર ધરવામાં આવ્યું હતું, તે ઉપર સૂર્યનો પૂર્ણ તડકો પ્રકાશમાન થતો દેખાતો હતો. આન્ન રાજાના યોદ્ધાએ કુમારપાળની સેના ઉપર બાણવૃષ્ટિ કરવા માંડી; નાગોરના રાજાએ આપોઆપ ધનુષ્ય ધર્યું; પણ, ઉત્તર ભણીની હાર છત્રધારી રાજાઓની સરદારી નીચે હતી તોપણ ગૂજરાતના માણસોની આગળ ટકી શકી નહિ. ત્યારે આન્ન રાજા જાતે આગળ ધપ્યો અને સિદ્ધરાજનો વારસ કુમારપાળ તેને સામોસામ આવી મળ્યો, અને કહ્યું કે, "જ્યારે તું એવો યોદ્ધો હતો ત્યારે જયસિંહના આગળ તેં તારૂં "માથું કેમ નમાવ્યું હતું ? આ ઉપરથીજ તારૂં ખરેખરૂં ડાહાપણ જણાઈ "આવેછે. હવે જો હું તને જીતી લઊં નહિ તો જયસિંહની કીર્ત્તિને ઝાંખ "લાગે." બન્ને રાજાઓ મારામારીપર આવી ગયા; અને સેના પણ ઉપરાચાપરી થઈ ગઈ. ગૂજરાતના માણસોની સરદારી [1]આહડ કરતો હતો; અને મારવાડી તેઓના ગોવિંદરાજ મંત્રીની સરદારી નીચે હતા. છેવટે એક બાણ આન્નને વાગ્યો એટલે તે ભોંય ઉપર પડ્યો. અને તેના સામંતો કુમારપાળની આજ્ઞાને શરણ થયા.

ગૂજરાતનો રાજા, આન્નને આવો ઘા મારયા પછી, કેટલાક દિવસ સુધી રણક્ષેત્રમાં રહ્યો; આન્ન રાજાએ કુમારપાળને હાથી અને ઘોડા ભેટ કરયા; અને પોતાની કુંવરી તેની સાથે પરણાવાની ઈચ્છા બતાવી. રાજાએ કહ્યું કે આન્ને રણક્ષેત્રમાં ઘાયલ થયેલા માણસોને મારીને અપરાધ કરયો છે માટે તેને ક્ષમા કરવામાં નહિ આવે; તોપણ તેણે જીતી લીધેલા રાજાની એ ઈચ્છા માન્ય કરી અને અણહિલપુર પાછો વળ્યો.

પછીથી તરતજ, આન્ન રાજાનો પુરોહિત, પોતાના સ્વામીની કુંવરી જલ્હણાને વનરાજના નગરમાં લઈ આવ્યો, અને શાસ્ત્રવિધિ પ્રમાણે તેને કુમારપાળ વેરે પરણાવી દીધી. આ વિવાહ પૂરો માહાલી રહ્યા નહિ એટલામાં તો સમાચાર આવી પોહોંચ્યા કે, રાજા પિંડે જ્યારે આન્નરાજા

---

[1] ઉદયનના એક દીકરાનું નામ આસ્થલ દેવ છે તેનો અપભ્રંશ આહડ જણાયછે તેજ ચાહડ હોયતો કાંઈ વાંધો નથી કારણ કે આ સ્થલે ચાહડ જોઇયે કેમકે દ્વયાશ્રયમાં લખ્યું છે કે, ચૌલુક્યના ભૃત્યોં ( ચાહડ આદિ ) આન્નની ભણી વળ્યા અને આન્નના (ગોવિંદ રાજ આદિ) ચૌલુક્યની ભણી વળ્યા. (દ્વયા. ભા. પૃ. ૩૦૩)

ઉપર ચડ્યો હતો ત્યારે તેણે ઉજ્જણના રાજા [૨]બલ્લાલની સામે વિજય અને કૃષ્ણ એવા બે સામંતો મોકલ્યા હતા તેઓ તે રાજાને મળી ગયા

---

૨ આ વિષે દ્વયાશ્રયમાં નીચે પ્રમાણે વિસ્તાર છે.–શિવિ એટલે નાના પ્રકારની જાતિ, જેમાં અર્થ અને કામનીજ માત્ર વૃત્તિ છે તથા જેની આજીવિકા અનિયમિત એવા સંઘ (ટોળા)ના અગ્રણી એકાએક આવીને કુમારપાળને કેહેવા લાગ્યો કે, માળવમાં (અવન્તિ) બલ્લાલ ઉપર આપે કાક જે આપના દંડનેતાને કુન્તિ (ભાલા ધારણ કરેલા એવી) સેના સહિત મોકલેલા તેમનો હું પ્રીતિપાત્ર છું. આપ જે વેળાએ આન્ન ઉપર ચડી ગયા અને કાકને બલ્લાલ ઉપર મોકલ્યો તે વેળાએ તેની સાથે ગોપાળ બ્રાહ્મણની જાતિના અપત્ય જે ગૌપાલિ, કેહેવાયછે તથા રાજન્ ક્ષત્રીયના અપત્યો જે રાજન્ય કેહેવાયછે, તથા કાંચ જાતિના અપત્યો કાંચ્ય કેહેવાયછે તે, તથા યુધાના અપત્ય જે યૌધેય અને શુભ્રાના અપત્ય શૌભ્રેય કેહેવાયછે એ આદિ શસ્ત્રજીવી જાતિ હતી. કાક પોતાના ઉપર ચડી આવતો જાણી બલ્લાલ તેના સામે ચડ્યો તે વેળાએ તેની સાથે રક્ષસ્, પર્શુ, દામનિ, ઉલપિ, શ્રીમત્, અને શ્રેમત, એવા નામના શસ્ત્રોપજીવીસંઘના વંશજ જે અનુક્રમે રાક્ષસ, પાર્શવ, દામનેય, ઔલપેય, શ્રૌમત અને શ્રૈમત કેહેવાય છે તેઓ હતા.

શમીવત્, અભિજિત્, અને શિખાવત્‌ના વંશજ જે અનુક્રમે શામીવત્ય, આભિજિત્ય, અને શૈખાવત્ય કેહેવાયછે તેઓની દ્વારાએ બલ્લાલે આપના વિશ્વાસપાત્ર વિજય અને કૃષ્ણ સામંતોને ફોડ્યા. અને શાલાવત્, ઉર્ણવત્, અને વિદભૃત્‌ના વંશજ જે અનુક્રમે શાલાવત્ય, ઔર્ણવત્ય, અને વૈદભૃત્ય કેહેવાયછે તેમની પ્રેરણાથી બલ્લાલની પાસે જતા રહ્યા, પછી તેણે આપણા સૈન્યનો રસ્તો રોકીને તરવારે તરવાર, દંડે દંડ અને મુશલે મુશળ મેળવતો બહુ નૃપોના સાહાય્યથી આપણી સેના ઉપર મારો ચલાવવા લાગ્યો. પણ આપણા કેટલાક સુભટો રોંધાઈ ગયા હતા તેથી ચડી શક્યા નહિ એટલે આપણે મોખરે આપણા સુભટો કૃષ્ણભૂમ, પાંડુભૂમ, દ્વિભૂમ. આદિ જે હતા તે આડે રસ્તે ઉતરી નાઠા. શત્રુના શરસંપાતના અંધકારને લીધે, મૂર્છારૂપી અંધકારમાં સ્પર્શાઈ જવાથી, બીજા યોદ્ધાઓ પણ છાની વાત પોતાના હૃદયમાં રાખી શકવાને સમર્થ નહિ હોતાં ગભરાઈ ગયા, એટલે બીજા કેટલાએક પર્વતાદિમાં અથવા જ્યાં માણસનો અવર જવર નહિ એવા વિજન સ્થાનમાં ભરાઈ પેઠા. આવો પ્રસંગ જોઇને, અનુસામ એટલે સામનો પ્રયોગ કરવામાં નિપુણ અને પ્રતિસામ એટલે શત્રુને સામને બદલે દંડ કરવાવાળો એવો તથા જ્ઞાતાનુરહસ એટલે શત્રુની છાની વાત જેણે ચાર દ્વારા જાણી લીધી છે એવો, કાક સેનાપતિ, પોતાની ભણીના નૃપોને કેહેવા લાગ્યો કે, અવલોમ એટલે શત્રુને પ્રતિકુલ અને અવસામ એટલે શત્રુપ્રતિ સામનો ઉપાય જે યોજે નહિ એવા મારા સ્વામિ કુમારપાલે મારા બ્રહ્મવર્ચસ એટલે બ્રહ્મતેજની સ્તુતિ કરી છે તેને ધિક્કાર છે, તથા તેમણે તમારા રાજવર્ચસ એટલે ક્ષત્રીવટની અને હસ્તીવર્ચસ એટલે હાથીના બળની પ્રશંસા કરી છે તેને પણ ધિક્કાર છે. હે નૃપો ! તમોએ પલ્યેવર્ચસવત્વર્મ એટલે સાદડીના જેવાં તમે તમારે શરીરે બખતર પેહેર્યાં છે તેને પણ ધિક્કાર છે કે તમારા દેખતાં છતાં ઘરમાં બારીથી પેસે તેમ શત્રુઓ પેસતા જાયછે, તો આપણી પ્રત્યક્ષ, આપણી

છે અને તે ગૂજરાત પ્રાન્તમાં આવી પોહોંચ્યો છે તથા અણહિલપુર ઉપર ધસારો કરેછે. જયસિંહે જેમ યશોવર્માને જીતીને કીર્ત્તિ મેળવી હતી તેમ

---

સમક્ષ, આપણી જાણે ગેરહાજરી હોય તેમ, આપણી સેનાનો ઘાણ નીકળી ગયો છતાં તમે નાસોછો, તો આપણા સ્વામિયે તમને શા માટે પોશ્યા છે? આ પ્રમાણે કાકે પ્રત્યેકને લલકાર્યા એટલે પોતાના પ્રતિવર્મ ઉપર આદર લાવી અધ્યાજિકર્મ એટલે યુદ્ધ મચાવવાને તત્પર થઈ ગયા. અને જેઓ ઉપનદિ, ઉપગિરિ, અંતર્નદ, અંતર્ગિરિ, એમ ભરાઇ પેઠા હતા અને જેઓ આગ્રહાયણીમાં એટલે માર્ગશીર્ષ મહિનાની પૂર્ણિમાને દિવસે આકાશમાં વાદળાં હોવાથી જેમ તારા મ્લાન દેખાય તેમ મ્લાન દેખાતા હતા એવા પોતાના ભટોને પાછા બોલાવ્યા. ઉપપૌર્ણમાસ એટલે ચૌદશે અને સુદિ કે વદિ પક્ષની એકમે સમુદ્ર જેમ ગર્જના કરે તેમ તે બલિષ્ટ નૃપો ગર્જના કરતા શત્રુઓ ઉપર તૂટી પડ્યા. અને દંડનેતા કાક પણ અહો! આ રણભૂમિ છે તે તો પંચનદ તીર્થ અથવા સપ્ત ગોદાવરનું તીર્થ જેમ સ્વર્ગે પોહોચાડવાનો હેતુ છે તેવા પ્રકારની છે એમ કેહેતો, પૂર્ણમાસીના ચન્દ્ર જેવી કાન્તિ ધરાવતો, તેમનામાં ભેગો ભળી ગયો. તે દંડપતિ શરદ ઋતુમાં જેમ શશી શોભે અને વ્યાધ એટલે શિકારી જેમ કૂતરાઓના ટોળામાં વિંટળાયલો શોભે, તેમ, સેનામાં શોભતો હતો, અને શત્રના સમૂહમાં જે બાળક અને વૃદ્ધ જોવામાં આવતા હતા તેમને જતા મૂકીને જેઓ માત્ર તરૂણ યોદ્ધા હતા તેઓનેજ હણતો હતો. અસ્ત્ર જેમાં લાદેલાં અને બળદ જોડેલા એવાં ગાડાં ચાલવાથી જે રજ ઉડતી હતી તેથી છવાયલા ઘટાટોપથી મૃત્યુ જેમ ધોરી બળદને ગળી જાય તેમ બધું ગળાઈ ગયેલું હતું. શુદ્ધ ક્ષત્રિયથી ઉત્પન્ન થયેલા એવા સુભટોએ, જે માલવો નાસેડુ લઈને ભાગી જતા હતા, કે જે વૃદ્ધ હતા કે જે બાળક હતા અથવા નપુંસક હતા તેઓના ઉપર પ્રહાર કર્યો નહિ, કેટલાએકોએ જીવ સાચવવા, પોતે બ્રાહ્મણ નહિ છતાં પણ, તેમની ગણના બ્રાહ્મણમાં થાય એટલા માટે, ઋક્સામ કે ઋગ્યજુષ્ ગાવા માંડ્યા. અને કેટલાકોએ ગાય અને બળદની પેઠે દાંતે તરણાં લીધાં. કેટલાક પાદ અને ઉરૂના અષ્ટીવ એટલે મર્મસ્થલોમાં ભેદાયલા, આંખમાં અને ભ્રુકુટીમાં ઘા થયેલા એવા, રાત્રદિવસ ચાલતાં ઘાથી થતી પીડાએ પીડિત થતા, પોતાનાં વાહન તથા દારાદિ તજીને જેમ લાગ આવ્યો તેમ નાશી છૂટ્યા.

દિવસે જેમ સૂર્ય શોભેછે, તથા અહર્નિશ સળગતો અગ્નિ શોભેછે, તેની પેઠે જાજ્વલ્યમાન થતો અને જેનું બળ અવાઙ્મનસ ગોચર છે એવો બલ્લાલ પછી ચડ્યો. આપણા સૈનિકોને અહર્નિશ ગોવાળિયા જેવા માનનારા બલ્લાલે અસ્થિત્વક્ માંસ રૂધિર આદિના સ્પર્શ કરનારા તીર મારવા માંડ્યા, અને બે દિવસમાં પણ ન ભેદી શકાય એવા અત્યંત દુર્ભેદ્ય સો રાજાના સમૂહને કાષ્ટ કે પાષાણવત્ દૂર હઠાવી નાંખીને, તમારો શત્રુ સત્વર કાક દંડનાયકની પાસે જઈ પોહોંચ્યો. આ વેળાએ કાકે તિરસ્કાર પૂર્વક કહ્યું કે, અહો! બે કે ત્રણ અંજલિ મોહોરો પ્રતિમાસે વેતન અપાયછે એવા સુભટો! શું તમારૂં આયુષ્ય બેવડું છે કે ત્રેવડું છે એમ તમે જાણો છો? હજી શું જીવોછો? પ્રતિ દિવસ બબ્બે કે ત્રણ ત્રણ અંજલિનું વેતન આપી રાખેલા સુભટો! મેં તમને હાથ જોડીને વિનવ્યા તે શું મિથ્યા જશે? આ પ્રમાણે

કુમારપાળ, બલ્લાલને જીતીને કીર્ત્તિ મેળવવા તૈયાર થયો. તેણે પોતાની સેના એકઠી કરી અને માળવાના રાજા ઉપર ચડયો તથા લડાઈમાં તેને હરાવીને હાથી ઉપરથી મારી પાડયો.

ઇતિહાસકર્ત્તાનું આ લખવું છે તે આબુ પર્વત ઉપર તેજપાળના દેરાસરમાં લેખછે તે ઉપરથી ખરૂં ઠરેછે,–તે લેખમાં લખેછે કે, અચળેશ્વર અને ચંદ્રાવતીનો પરમાર રાજા [1]યશોધવળ નામે હતો "તેણે જાણ્યું

લલકારવાથી, વૈરી કરતાં અધિક થઇ, તેઓએ યુદ્ધ મચાવ્યું, અને બે નાવ જેવા વ્યૂહ રચેલા એવા આપણા સુભટોએ રિપુના નાવાકારા વ્યૂહને અર્દ્ધનાવ જેવો કરી નાંખ્યો અને અવન્તિના ઉત્તમ પુરૂષ તથા તેના મ્હોટા સહાયતા કરનારા મારયા ગયા. એટલે ગૂર્જરવાસી બ્રાહ્મણ સેનાની સમક્ષ પાંચ નૃપોએ બલ્લાલને તેના હાથી ઉપરથી નીચે પાડી નાંખ્યા અને કુલીન મહા બ્રાહ્મણ કાક બીજા મહા બ્રાહ્મણોથી બલ્લાલને મારવાનો નિષેધ કરાવે તે પેહેલાં તો કેટલાક બ્રાહ્મણોએ તેને હણી નાંખ્યો. પછી ગામના અને કૂટી એટલે કારખાનાના સૂતારોએ તૈયાર કરેલાં ગાડાં, શ્વાનની પેઠે ત્વરાથી ચાલે એવાં સૂતર કરાવીને, અતિશૂર અને સ્વામિભક્તિવાળા એવા યોદ્ધાઓ સહિત, વાઘ જેવા કૂતરાઓ સહિત જેમ શિકારી નીકળે તેમ, યોદ્ધાઓ સહિત તે નીકળ્યો.

આ સમાચાર સાંભળીને કુમારપાળે દૂતને પારિતોષિક આપીને વિદાય કર્યો એટલે તે કુક્કુટની સાથળોને હસતો અને મૃગની સાથળનું અનુકરણ કરતો, ફલક જેવી સાથળ વાળો ત્વરાથી ચાલી ગયો. ર. ઉ.

૧ આબુ ઉપરના વશિષ્ટના હોમકુંડમાંથી પરમાર ઉત્પન્ન થયો, તેનો ધૂમરાજ, તેનો ધંધુક તેના ધ્રૂવભટ આદિ થયા. તેમના વંશમાં સુધન્વા ( વિ. સં. પૂ. ૩૦૦ ) થયો, ભર્તૃહરિ ( વિ. સં. પૂ. ૨૦ ) પછી વીર વિક્રમાદિત્ય ગંધર્વસેન થયો તેની ૪૦ મી પેડિયે રવપાળજી થયો તેણે સિંધના નગરઠઠ્ઠામાં રાજ્ય કર્યું ( વિ. સં. ૮૬૫ ) તેનાથી ૧૪મી પેડિયે ત્યાંજ દામોજી થયો. તેના કુંવર જસરાજે નગરઠઠ્ઠામાંથી આવી ગૂજરાતમાં ગબરગઢમાં રાજધાની કરી. તેનો કુંવર કેદારસિંહ વિ. સં. ૧૧૨૫ સુધી હતો ત્યાંથી તરસંગમાં ગાદી કરી. તેનો કુંવર જસપાલ થયો, અને ત્યાર પછી કાન્હડદેવ પેહેલો થયો તેણે અચળેશ્વર ચંદ્રાવતીમાં વિ. સં. ૧૧૩૦માં ગાદી કરી. તેનો કુંવરે ઢંઢુરાજ થયો, ત્યાર પછી કાન્હડદેવ બીજો પછી વિક્રમસિંહ, રામદેવ અને યશોધવલ થયા એમ 'રાજકાળ નિર્ણય' માં કેહે છે. કુમારપાલ પ્રબંધમાં કેહેછે કે, ( ભાં. પૃ. ૧૦૩ ) કુમારપાળે વિક્રમસિંહને રાજસભામાં બોલાવી બધા સામંતોની સમક્ષ તિરસ્કાર કરી મલ્લો પાસે તેનાં અંગ ચડાવરાવી તેને બંધીખાને નંખાવ્યો અને તેના રાજ્ય ઉપર તેના ભત્રીજા યશોધવલને સ્થાપ્યો. આ ઉપરથી જણાયછે કે યશોધવળને તો કુમારપાળનો પક્ષ હતો તેથી તેને બલ્લાલનો પક્ષ લેવા સરખું હતું નહિ, પણ વસ્તુપાળના લેખનો ૩૫મો શ્લોક છે તેનો અર્થ કોઈ કારણથી જૂદો સમજાયાથી આ પ્રમાણે થયેલું જણાય છે. એ શ્લોક નીચે પ્રમાણે છઃ—

કે ચાલુક્ય કુમારપાળ લડાઈ કરવાને આવેછે એટલે માળવાના રાજા બલ્લાલની પાસે તે દોડી ગયો." નાદોલમાં એક જૈનનો પુસ્તકભંડાર છે તેમાં તામ્રપટ છે તે ઉપરનો એક બીજો લેખ ઈ૦ સ૦ ૧૧૫૭ નો છે તે ઉપરથી પણ જણાયછે કે, " રાજાધિરાજ પ્રખ્યાત કુમારપાળદેવ રાજકુળનો " શૃંગાર, મહા શૂરવીર, જેણે પોતાના હથિયારના બળવડે રણસંગ્રામમાં " શાકંભરી રાજાને જીતી લીધો હતો, " તે તે વર્ષમાં જ્યારે શ્રીમંત અણહિલપુરની રાજ ગાદી ઉપર બિરાજેલો હતો ત્યારે મહા પ્રધાન ચાહડદેવ તેનો મંત્રી હતો. આ તામ્રપટમાં જે મંત્રીનું નામ લખ્યું છે તેમાં કંઈક ગરબડ છે. કેમકે મેરૂતુંગ કેહેછે કે, ચાહડદેવ ઉદયન મંત્રીનો [2]ઓરમાઈ ભાઈ હતો. દ્વ્યાશ્રયનો કર્તા કેહેછે કે ચાહડ, આન્ન રાજાને મળી ગયો હતો, પણ મેરૂતુંગ માત્ર એટલુંજ લખેછે કે વાહડ, જે ઉદયનનો દીકરો

---

( શાર્દૂલ વિક્રીડિત વૃત્ત. )

रोदःकन्दरवर्तिकीर्तिलहरीलिप्तामृतांशुद्युते—
रप्रद्युम्नवशो यशोधवल इत्यासीत्तनूजस्ततः
यश्चौलुक्यकुमारपालनृपतिप्रत्यर्थितामागतं
मत्वासत्वरमेव मालवपतिं बल्लालमालब्धवान्. ३५

બ્રહ્માંડમાં રહેલી કીર્તિની લેહેરોથી વીંટાયલા ચંદ્રમાના જેવી કાન્તિવાળા એવાથી ( રામદેવથી ), કામને વશ ન થયેલો એવો યશોધવલ નામે પુત્ર થયો, જેણે માળવાના અધિપતિ બલ્લાલને, ચૌલુક્ય વંશના કુમારપાળ રાજાનો શત્રુ થયો છે એવું માનીને, તુરત મારી નાંખ્યો.

૨. ઉદયનને જૂદી જૂદી સ્ત્રિયોથી ચાર પુત્ર હતા, તે પ્રબંધચિન્તામણી ઉપરથી જણાય છે, તેમાં કહ્યુ છે કે, तस्यापरमातृकाश्चत्वारः सुताः वाहडदेव आम्बड बोहड सोलाक नामानोऽभूवन्. તેના પરમાતૃકાથી ચાર પુત્ર હતાઃ—૧ વાહડદેવ, ૨ આમ્બડ, ૩ બોહડ, અને ૪ સોલાક. અહિ જ્યાં બોહડ છે ત્યાં બીજી પ્રતિમાં ચાહડ હશે તેથી અંગ્રેજી ચાહડને ઉદયનનો ઓરમાઈ ભાઈ લખ્યો છે પણ તેતો તેનો પુત્ર હતો.

પ્રબંધચિન્તામણીની એક પ્રતિમાં ૧ आस्थडदेव २ आम्बडदेव ३ वाहड, ४ सोल्ला એક પ્રતિમાં ( सोलदेवभट ) છે.

કુમારપાળ પ્રબંધમાં એક ઠેકાણે ( ભા. પૃ. ૬૯ ) બાહડ, આંબડ, ચાહડ અને સોલા નામે ચાર પુત્રો હતા. બીજે ઠેકાણે લખે છે કે, ઉદયનને કુમારપાળે પોતાનો મહામાત્ય ઠરાવ્યો અને તેના પુત્ર વાગ્ભટને સર્વ રાજકારભારમાં સહાયક નીમ્યો.

હતો તેણે એમ કર્યું હતું. આ સામંત પાછો પોતાના અધિકાર ઉપર ફરીને આવેલો આગળ આપણા જાણવામાં આવેછે અને તેને કુમારપાળે બાહાલ કરયો છે, એ ઉપરથી જણાયછે કે, લેખ ઉપર જે સાલ છે તેના પેહેલાં વાહડ પ્રથમ પોતાના રાજાની સામે બંડખોર હતો તેવામાં ચાહડ કદાપિ મંત્રી હશે.

સિદ્ધરાજના રાજ્યનો વૃત્તાન્ત લખતાં જે લેખવિષે લખવામાં આવ્યું છે અને જે ચિતોડના લાખણના મંદિરમાં જોવામાં આવેછે તથા જેના ઉપર ઈ૦ સ૦ ૧૧૫૧* ની સાલ છે તેમાં કુમારપાલ સોલંકીવિષે આ પ્રમાણે લખ્યું છે. " એ તે કોના જેવો કેહેવાય કે જેણે પોતાના દુર્જય " મનવડે પોતાના સર્વ શત્રુઓને દળી નાંખ્યા; જેની આજ્ઞા પૃથ્વી ઉપ- " રના બીજા રાજાઓએ માથે ચડાવી; જેણે શાકમ્ભરીના રાજાને પોતાને

---

આ વાગ્ભટ વિદ્વાન્ હતો તેણે વાગ્ભટાલંકાર નામનો અલંકારનો ગ્રંથ રચ્યો છે. તેની સમાપ્તિયે નીચે પ્રમાણે છેઃ—

**बम्भण्ड सुत्ति संपुडमुक्किअमणिणो पहासमूहव्व**
**सिरि वाहडत्ति तणओ आसि बुहो तस्स सोमस्स.**
**( ब्रह्माण्डशुक्तिसंपुटमौक्तिकमणेः प्रभासमूह इव**
**श्री वाहड इति तनय आसीद् बुधस्तस्य सोमस्य. )**

બ્રહ્માંડરૂપી છીપનો મોતીમણીનો પ્રભા સમૂહ-સોમ એટલે ચંદ્રનો જેમ બુધ તેમ સોમ ( ઉદયનનો ) વાહડ નામે પુત્ર હતો.

આ સંકરાલંકારનું ઉદાહરણ છે. બ્રહ્માંડરૂપી છીપનો મોતીમણી એ રૂપક, તેનો જાણે પ્રભાસમૂહ, એ ઉત્પ્રેક્ષા, પ્રભાસમૂહ એવો સોમ-સોમ એટલે ચંદ્રમા તેનો પુત્ર બુધ તેવો સોમ એટલે ઉદયન તેનો બુધ એટલે બુદ્ધિશાળી બાહડ પુત્ર એમાં લેષ અને જાતિ અલંકાર થયા. આ પ્રમાણે ચાર અલંકારનું મિશ્રણ થયું છે. સંવત્ ૧૮૪૪ની સાલમાં લખેલી એક પ્રતિ અને બીજી ૧૮૪૮ની પ્રતિમાં જીનવર્ધન સૂરિની ટીકામાં વાગ્ભટનું પ્રાકૃત નામ વાહડ તેમ બાહડ પણ લખ્યું છે. આ ગ્રંથ ઉપર પાંચ ટીકાઓ છે તેમાંની સિંહદેવગણીની ટીકા સહિતનું પુસ્તક કાવ્યમાળા અં.૪૮, નિર્ણયસાગર મુદ્રાયંત્રમાં છપાયું છે. તેના ૧, ૨ પૃષ્ટમાં જુવો.

ઉદયનની પછવાડે મહામાત્ય થયો તે આ વાગ્ભટ-વાહડ અથવા બાહડ અને ઉદયનની મરણાવસરની ઇચ્છા પ્રમાણે દંડનાયક બનાવ્યો તે આમ્રભટ-આમ્બડ અમ્બડ, ત્રીજો ચાહડ, અને ચોથો સોલદેવભટ—સોલાક-સોલા. ર. ઉ.

*ટાડ કૃત વેસ્ટર્ન ઈન્ડિયામાં સંવત્ ૧૨૦૭ ( ઇ. સ. ૧૧૪૧ ) દાખલ કરયો છે તે ભૂલ છે.

"પગે પાડ્યો; જે પોતાનાં હથિયાર લઇને સેવાલક સુધી જાતે ચડ્યો "અને ગઢપતિયોની પાસે પોતાને નમન કરાવ્યું, સાલપુરા સરખા નગ- "રમાં પણ જેણે એમજ કર્યું."

મેરૂતુંગ લખેછે કે આ બનાવો બની રહ્યા પછી, કેટલેક દિવસે સોલંકી રાજા દરબારમાં બેઠો હતો, અને મુલાકાત લેતો હતો તેવામાં કેટલાક માગણ સભામાં આવી હાજર થયા અને તેઓ કોકણના રાજા મલ્લિકાર્જુનને રાજપિતામહ* કહી તેની કીર્ત્તિ ગાવા લાગ્યા. તેથી કુમારપાળ ઘણો આકુલિત થઈ ગયો, અને આ [1]મલ્લિકાર્જુન જે ગર્વીષ્ટ થઈ ખોટી રીતે પોતાને ચતુરંગી રાજા કેહેવડાવતો હતો તેનો નાશ કરવા સારૂ કોઈ સામંત ખોળવા લાગ્યો. આમ્બડ અથવા આમ્રભટ કરીને ઉદયનમંત્રીનો શૂરવીર પુત્ર હતો તેણે બીડું ઝડપ્યું અને સેના લઇને મેલાણ કરયા વિના કોકણ જઈ પોહોંચ્યો. તે કલવિણી[2] નદી ઘણી મેહેનતે ઉતરયો અને સામે કિનારે મેલાણ કર્યું, ત્યાં આગળ મલ્લિકાર્જુને તેના ઉપર હલ્લો કરી હરાવી કાહાડ્યો. આ પ્રમાણે હાર પામેલા સામંતે રાજધાનીની પાસે પડાવ કરયો, અને કાળો તંબુ ઠોકાવી, કાળો પોશાક પેહેરીને કાળું છત્ર ધારણ કરવા લાગ્યો. આવો કાળો દેખાવ જોઈ કુમારપાળે તપાસ કરાવી કે એવું કોનું લશ્કર છે. ત્યારે તેને સૂચવવામાં આવ્યું કે આમ્બડ કોકણમાં હાર ખાઇને આવી રીતે આવ્યો છે. આમ્બડનું માન ભંગ થયું તેવિષે રાજાએ તેને દિલાસો આપીને તેનો આદરસત્કાર કરયો અને બળવાન્ યોદ્ધાઓની એક બીજી સેના તૈયાર કરાવીને મલ્લિકાર્જુન ઉપર મોકલ્યો.

આમ્બડ બીજી વેળાએ કલવિણી નદી ઉપર આવી પોહોંચ્યો એટલે પુલ અથવા સેતુ બંધાવી સાવધાનીથી બધી સેનાને ઉતારી અને એ પ્રમાણે સામો હલ્લો કરવાનો લાગ લીધો. આ બીજા યુદ્ધમાં ગૂજરાતની સેના જય

---

* કોલાપુરના મહા મંડળેશ્વર વિષે પૃષ્ઠ ૨૪૩ ની ટીપમાં જુવો.

૧ સમુદ્રવેષ્ટિત શતાનંદના નગરમાં મહાનંદ રાજ્ય કરતો હતો તેનો કુંવર મલ્લિકાર્જુન તે કોકણના શિલાહાર કુળનો હતો. આ વંશનાં ત્રણ તામ્રપટ્ટમાં આ રાજાઓનાં બીજા પદ સાથે રાજપિતામહ પદ જોડેલું જોવામાં આવેછે. ( ઈ. આ. ભા. ૯ મો પૃ. ૩૫, ૪૮ )

૨ ચીખલી અને વલસાડ તાલુકામાં વેહેછે તે કાવેરી નદી. દક્ષિણની કાવેરીથી જૂદી સમજવી. ર. છ.

પામી અને [1]મલ્લિકાર્જુન આમ્બડની તરવારથી મારચો ગયો. તેની રાજધાની પણ લીધી અને તેમાં લૂંટ પાડી, તથા સોલંકી રાજાની આણ તે દેશમાં વર્તાવીને આમ્બડ અણહિલવાડ પાછો વળ્યો. ખીચોખીચ રાજસભા ભરાઈ હતી તે વચ્ચે તે પોતાના સ્વામી કુમારપાળને ચરણે પડયો અને કોકણના રાજા મલ્લિકાર્જુનનું માથું રજુ કર્યું, તે સાથે સોનું, રત્ન, અને મૂલ્યવાન્ ધાતુનાં વાસણ, મોતી, હાથી, સિક્કા અને બીજી લૂંટ પણ સનમુખ કરી [2]દીધી. રાજાએ દરબારમાં તેનો સત્કાર કરચો અને મંડળેશ્વર મલ્લિકાર્જુનને "રાજપિતામહ" એવું જે પદ હતું તે તેને આપ્યું. (ઈ.સ. ૧૧૬૧).

કુમારપાળના ઇતિહાસમાં આગળ ઉપર હેમચંદ્ર આચાર્ય અગ્રેસર થઈ પડેલો છે; અને કેહેછે કે "ચંદ્રની કાન્તિથી દરિયાની લેહેરોને જેમ આકર્ષણ પોહોંચેછે તેમ રાજાને તેની વાણીથી આનંદની લેહેરો ઉઠતી હતી. એવા પુરૂષ વિષેનો કાંઈ વૃત્તાન્ત અમને વઢવાણના સાધુ પાસેથી મળ્યો છે તે આ ઠેકાણે આપવાની અગત્ય જણાયછે. તેનાં માબાપનું નામ ચાચિંગ અને પાહિણી હતું. તેઓ નાતે મોઢ વાણિયા હતા, અને સોરઠ તથા ગૂજરાતની દક્ષિણ સીમા ઉપર અર્દ્ધાષ્ટમદેશમાં ધંધુકા કરીને ગામ છે તેમાં રેહેતાં હતાં. બાપ મિશ્રી હતો અને મા જૈન ધર્મની જાણે દેવી (જિનશાસનની દેવી)ના હોય તેવી હતી. તેઓને પુત્ર થયો તેનું નામ તેમણે [3]ચંગદેવ પાડયું. જ્યારે છોકરાનું આઠ વર્ષનું વય થયું ત્યારે

---

૧ રા. રતીરામ દુર્ગારામ દવે ઈન્ડિયન એન્ટીકવેરી ભાગ ૧૨ને પૃષ્ટ ૧૫૦ મે લખે છે કે ઉત્તર કોકણના સીલાર વંશનો સત્તરમો રાજા મલ્લિકાર્જુન હતો. તેનો એક શિલાલેખ રત્નાગિરિ જીલ્લાના ચિપલુણનો શક ૧૦૭૮નો ને બીજો વસઈનો શક ૧૦૮૨નો છે.

૨ શૃંગારકોટી નામની સાડી, માણકથી ટાંકેલો પછેડો, પાપક્ષય હાર, સંયોગસિદ્ધિ (વિષાપહાર) શિપ્રા, ૩૨ સુવર્ણ કુમ્ભ, મોતીની ૭ સેરોનો હાર, ચતુર્દંત હસ્તિ, ૧૨૦ પાતરો, ૧૪ કરોડ સોનૈયા.

૩ ચામુંડા તેની કુલદેવી હતી માટે ચામુંડ શબ્દનો ચ અને કુલદેવ ગોનસ હતા માટે તે શબ્દનો ગ એ બે અક્ષર ચગ લઈને તે સાર્થક કરવા માટે ચંગ સાથે દેવ ઉમેરીને ચંગદેવ નામ પાડયું. એનો જન્મ સંવત્ ૧૧૪૫ (સન ૧૦૮૯) ના કાર્તિક શુદિ ૧૫નો થયો; સંવત્ ૧૧૫૪ (સન ૧૦૯૪) માં દીક્ષા લીધી ને સોમદેવ મુનિ નામ પાડયું. સંવત્ ૧૧૬૬માં સૂરિપદ મેળવ્યું અને સંવત્ ૧૨૨૯ (સન ૧૧૭૩) માં ચોરાશી વર્ષની ઉંમરે સ્વર્ગે ગયા.

દેવચંદ્ર આચાર્ય તે દેશમાં ફરતા ફરતા ધંધુકે આવ્યા. આ વેળાએ ચાચિંગ ઘેર ન હતો, તેવામાં આચાર્યને ચંગદેવની આકૃતિ જોઇને ઘણું આશ્ચર્ય લાગ્યું તેથી પે'લી સ્ત્રીને સમજાવીને તે છોકરાને જૈન સાધુની દીક્ષા આપવા સારૂ પોતાના સ્વાધીનમાં લીધો અને કર્ણાવતીમાં પોતાનો અપાસરો હતો ત્યાં તેને લઈ ગયા. ચાચિંગ પરદેશથી આવ્યો અને તેણે પોતાના દીકરા સંબંધી સમાચાર જાણ્યા એટલે તેને ઘણો ખેદ થયો અને સમ ખાઇને બેઠો કે મારા દીકરાનું મુખ જયારે જોઈશ ત્યારે અન્ન ખાઈશ. ધર્માચાર્યનું નામ ઠામ પૂછી લઇને તે કર્ણાવતી ચાલ્યો. અને ત્યાં જઈ પોહોંચ્યો એટલે દેવચંદ્રની પાસે છોકરો પાછો લેવા ગયો. ચંગદેવ ઉદયન મંત્રીને ઘેર હતો તેનો દીક્ષા લેવાનો વિચાર તેના પિતાને ગળે ઉતારવામાં તે જય પામ્યો એટલે ચંગદેવે દીક્ષા લીધી અને હેમચંદ્ર નામ ધારણ કર્યું. તે સત્વર પ્રખ્યાત થયો અને ન્હાની વયમાં હિંદુ તથા જૈનનાં શાસ્ત્રમાં જાણ થયો એટલે તેના ગુરૂ પાસેથી તેને સૂરિનું પદ મળ્યું.

હેમચંદ્રે નીચે લખેલા [1]ગ્રંથ રચ્યા છે,—અભિધાન ચિંતામણી, જિ-

---

૧ કુમારપાળ પ્રબંધના અભિપ્રાય પ્રમાણેઃ—

કુમારપાળ ધાર્મિક હોતાં તે રાજર્ષિ કહેવાતો હતો. તેણે ૨૧ જ્ઞાન ભંડાર કરાવ્યા, તથા એક લેખકશાળા સ્થાપી હતી, તેમાં પોતાના ગુરૂ હેમાચાર્યનાં રચેલાં પુસ્તકો લખવાને માટે ૭૦૦ લેખકોને કામે લગાડ્યા હતા. ઘણું કરીને તાલપત્ર ઉપર પુસ્તકો લખાતાં હતાં, પણ એકવાર રાજા લેખકશાળા તપાસવા ગયો ત્યાં કાગળ ઉપર લહિયાઓને લખતા જોઈ ખેદ પામ્યો, અને જોઈતાં તાલપત્ર લેખકશાળામાં આવી પહોંચે ત્યારે જ ભોજન કરવું એવો નિયમ લીધો, એટલે ચમત્કારિક રીતે પોતાના બાગમાંથી તાલપત્ર મળી આવ્યાં તે લહિયાઓને આપ્યાં પછી તેણે પારણું કર્યું. હેમાચાર્યના બનાવેલા ગ્રંથોમાં હૈમવ્યાકરણ તથા હૈમકોષ આખા ભારતવર્ષમાં અતિ વિખ્યાત છે. હૈમવ્યાકરણના આઠ સૂત્રાધ્યાય છે. ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્રમાં ૬૩ શલાકા પુરૂષનાં ચરિત્ર છે. એ ગ્રંથ તેણે સોનેરી, રૂપેરી અક્ષરોથી ભવ્ય લાગે એવો લખાવ્યો, અને પોતાના મેહેલમાં લઈ જઈ રાત્રિ જાગરણ કરાવી સવારમાં પટ્ટગજ ઉપર તે પોથી પધરાવી મોટી ધામધૂમથી મહોત્સવ કરી ધર્મશાળામાં આણ્યો, અને ત્યાં તેનું વિધિપૂર્વક પૂજન કરીને હેમાચાર્યના મુખથી તેનું શ્રવણ કર્યું. એજ પ્રમાણે યોગશાસ્ત્ર, વિંશતીવીત રાગ સ્તવન, અગિયાર અંગ અને બાર ઉપાંગની અકેકી પ્રત સુવર્ણાદિ અક્ષરોથી લખાવી ઉપર જણાવેલા વિધિપૂર્વક તેઓનું શ્રવણ કર્યું.

હેમાચાર્યના બનાવેલા ગ્રંથની ટીપ નીચે પ્રમાણે થાયછે.

अध्यात्मोपनिषद् ( યોગશાસ્ત્ર ) योगानुशासन બાર પ્રકાશ ( પ્રકરણ ) માં ૧૨ હજાર શ્લોકનું પુસ્તક.

ન દેવનાં સ્તવન. ( એના ઉપર ટીકા છે તે ઉપર ૧૨૯૨નો સન છે.) પવિત્ર યોગશાસ્ત્ર, ત્રિષષ્ઠિશલાકાપુરૂષચરિત્ર, વિંશતિ વીતરાગસ્તવન, વીતરાગ સ્તોત્ર, દ્વયાશ્રય અને બીજાં પુસ્તકો. કુમારપાળ પોતાની સેના

---

अनेकार्थसंग्रह—(નિર્ણયસાગરના અભિધાન સંગ્રહના બીજા અંકમાં છપાયેલ છે.)
अनेकार्थशेष.
अभिधान चिन्तामणि. (હૈમીનામમાળા.) ,,
अभिधान चिन्तामणि परिशिष्ट ,,
अलंकार चूडामणि काव्यानुशासनवृत्ति. ( અલંકારનો ગ્રંથ. )
उणादिसूत्रवृत्ति.
उणादिसूत्रविवरण.
छंदोनुशासन अने वृत्ति.
देशीनाममाला रत्नावली किंवा देशी शब्द संग्रह वृत्ति.
(મુંબઈ સંસ્કૃતમાળાના અંક ૨૭ માં છપાઇ છે.)
धातुपाठ अने वृत्ति.
धातु पारायण अने वृत्ति.
धातुमाला.
निघंटशेष.
बलावल सूत्र बृहद्वृत्ति.
विभ्रम सूत्र. ( હેમચંદ્ર કર્તા હશે કે નહિ ?)
सिद्धहेम शब्दानुशासन बृहद्वृत्ति अने लघुवृत्ति.
शेषसंग्रह नाममाला અને शेषसंग्रह सारोद्धार.
लिंगानुशासन.
लिंगानुशासन वृत्ति અને लिंगानुशासन विवरण.
त्रिषष्टिशलाका पुरुष चरित्र.
परिशिष्ट पर्व.
हेमन्यायार्थमंजूषा-मंजूषिका.
स. द्वयाश्रय અને वृत्ति. } ઇતિહાસ અને વ્યાકરણ એમ બન્ને એકત્ર
प्रा. द्वयाश्रय અને वृत्ति. } શીખવવાના હેતુથી રચાયા છે.
हेमवादानुशासन.
महावीर द्वात्रिंशिका } લઘુ જૈનકાવ્યમાળામાં છપાઈ ગઈ છે.
वीर द्वात्रिंशिका. }
वीतरागस्तोत्र (?)
पांडवचरित्र (?)

સહિત માળવામાં હતો તેવામાં હેમાચાર્ય તેની માના [1]મરણોત્સવને સમયે શૈવી સંન્યાસિયોએ મારંમારા કરી હતી માટે રક્ષણ સારૂ તેની પાસે ગયો. હેમાચાર્યનો એવો વિચાર હતો કે આપણું પોતાનું રાજ્ય થાય અથવા રાજા આપણે સ્વાધીન થઈ જાય તો જ અર્થ સરે. ઉદયન મંત્રિયે રાજાની સાથે આચાર્યનો મેળાપ કરાવી આપ્યો. તે અવસરે તેણે ખંભાતમાં જે કહ્યું હતું તથા કોલ આપ્યો હતો તે સાંભરી આવ્યું અને તેનો આદરસત્કાર કરી તેની સાથે ખુલ્લા મનથી વાતો કરવા લાગ્યો. હેમચંદ્ર, રાજા ઉપર આ પ્રમાણે સત્તા મેળવતો જોઇને આસપાસ બ્રાહ્મણો હતા તેઓને ડર લાગ્યો, અને તેના ઉપર કેટલાક અપવાદ મૂકયા; તેમાંનો એક ભારે એ હતો કે, હેમચંદ્ર સૂર્યને માનતો નથી. હેમચંદ્ર રાજનીતિ જાણતો હતો, તેથી પોતાના સામા પક્ષવાળાઓના ધર્મની ઉપર ઉતરી પડવા કરતાં પોતાના ધર્મની છૂટ મેળવવાને ઘણાં દિવસથી ઇચ્છિતો હતો માટે તેણે એવું પ્રત્યુત્તર આપ્યું કે ક્ષત્રિયના મહાનૂદેવ ઉપર તેની આસ્તા છે એવું રાજાના સમજવામાં આવી ગયું. તે બોલ્યો કે,—"આ મહિમાવંત તેજના [2]આલયને હું નિરંતર મારા "હૃદયમાં રાખુંછું; અને તેમના અસ્ત પામવાથી હું ખાવાનું [3]તજુંછું." તેની આવી જ રાજનીતિને અનુસરીને તેણે પોતાના કથનને હિંદુ શાસ્ત્રમાંથી તેમજ જૈન શાસ્ત્રમાંથી પ્રમાણ આપ્યાં, અને એક સમયે કુમારપાળે તેને પૂછ્યું કે તમે પસંદ કરીને મને ધર્મનું કોઇ એવું કામ બતાવો કે તે ઉપર હું ધન ખર્ચું; ત્યારે દેવપટ્ટણના સોમેશ્વરનું દેરૂં દરિયાનાં મોજાંના જોરથી ટૂટી ગયું હતું તેનો જીર્ણોદ્ધાર કરવાની આચાર્યે તેને સલાહ [4]આપી.

---

जाति व्यावृत्ति. ( न्याय ) (?)
उपदेशमाला. (?)
अन्यदर्शन वादविवाद (?)
गणपाठ (?)

૧ સ્ત્રી અથવા પુરૂષ ગમે તે કોઇ ભક્તજન હોયછે તેના મરદાને લઈ જતી વેળાએ શોક કરવાને બદલે ઉત્સવ કરવામાં આવેછે.

૨ પૃષ્ટ ૧૧, ૧૨, ની ટીપમાં સૌરપંથ વિષે છાપ્યું છે તે જુવો.

૩ આ વ્રત અણાથમી કેહેવાયછે. ૨. ઉ.

૪ અસલ લેખમાં નીચે પ્રમાણે છે. જુઓ ભાવનગરનું પ્રાકૃત અને સંસ્કૃત લેખનું અંગ્રેજી પુસ્તક પૃ. ૧૮૬

દ્વયાશ્રયમાં આ જીર્ણોદ્ધાર વિષે લખવામાં આવ્યું છે અને રજપૂત-સ્થાનના ઇતિહાસ લખનારના જોવામાં દેવપટ્ટણમાં ભદ્રકાળીના દેવાલય-માં એક લેખ આવ્યો હતો તેમાં પણ લખેલું છે. આ લેખ પ્રથમ સોમે-શ્વરના દેરામાં હતો. તેના ઉપર વલભી સંવત્ ૮૫૦, ( એટલે વિક્રમ સંવ-

---

आस्ति श्रीमति कान्यकुब्जविषये वाराणसी विश्रुता ।
पुर्यस्यामधिदेवता कुलगृहं धर्म्मस्य मोक्षस्यच ॥
तस्यामीश्वरशासनाद् द्विजपते र्गेहे स्वजन्मग्रहं ।
चक्रे पाशुपत व्रतं च विदधे, नंदीश्वरः सर्ववित् ॥ ५ ॥

ભાવાર્થ.

કાન્યકુબ્જ દેશમાં વારાણસી ( કાશી ) નામે વિખ્યાત પુરી છે તે અધિદેવતા ( વિશ્વનાથ ) નું નિવાસસ્થાન, અને ધર્મ તથા મોક્ષનું ધામ છે. તેમાં શંભુની આજ્ઞાથી નંદીશ્વરે ભાવ બૃહસ્પતિ રૂપે, એક ઉત્તમ બ્રાહ્મણને ઘેર અવતાર ધારણ કરઓ કેમકે જીર્ણોદ્ધાર કરવાની આજ્ઞા શિવે નંદીશ્વરને આપી હતી, અને તે વિદ્વાને મહાદેવની દીક્ષા ધારણ કરી. અને તે તપોનિધિ તીર્થયાત્રા કરવાને માટે અને રાજાઓને (શૈવી) દીક્ષા આપવા માટે અને ધર્મસ્થલોનું રક્ષણ કરવા માટે કાશીથી નીકળ્યો. તે ફરતો ફરતો ધારાપુરીમાં આવી પોહોંચ્યો. ( ૫ )

यद्यन्मालवकान्यकुब्जविषयेऽवंत्यां सुतप्तं तपो ।
नीताः शिष्यपदं प्रमारपतयः सम्यङ्मठाः पालिताः ॥
प्रीतः श्रीजयसिंहदेवनृपति र्भ्रातृत्वमात्यंतिकं ।
तेनैवास्य जगत्त्रयोपरिलसत्यद्यापि धीजृंभितं ॥ ८ ॥

ત્યાંથી ફરતો ફરતો માલવ, કાન્યકુબ્જ, અને અવંતીમાં આવ્યો. ત્યાં તપ કર્યું; અને પરમાર રાજાઓને પોતાના શિષ્યો બનાવ્યા અને મઠોનું સારી રીતે રક્ષણ કર્યું. અવંતીમાં તે વખતે જયસિંહદેવ રાજા રાજ કરતો હતો તે તેના ઉપર પ્રસન્ન થયો અને અત્યંત ભ્રાતૃત્વ તેનામાં ધારણ કર્યું. તેને લીધે જ આજ દહાડા સુધી ત્રણે લોકમાં તેની બુદ્ધિનો મહિમા વખણાઈ રહ્યો છે. ( ૮ )

ચક્રવર્તી સિદ્ધરાજ જયસિંહ જ્યારે સ્વર્ગે ગયો ત્યારે તેની ગાદિયે, અતિશય પ્રતાપવાળો અને ધારાધિપ બલ્લાદ ( લ ) તથા જાંગલભૂપરૂપી હાથિયોના મસ્તક ઉપર તલપ મારવામાં સિંહ જેવો કુમારપાળ બેઠો. કુમારપાળ ત્રણે લોકને કલ્પતરૂ જેવો હતો. તેના અમલમાં ભાવ ( વિદ્વાન્ ) બૃહસ્પતિયે જીર્ણ થએલા દેવપટ્ટણના દેવાલયનો જીર્ણોદ્ધાર કરવાને કહ્યું. કુમારપાળે તેમના કામથી પ્રસન્ન થઈ ગાર્ગેય વંશમાં ઉત્પન્ન થયેલા તે ભાવ બૃહસ્પતિને સર્વેશ ગંડેશ્વરની પદવી આપી. અને તુષ્ટિદાનમાં કેટલાંક આભૂષણો આપ્યાં તથા તેની સાથે પોતાની રાજમુદ્રા ( મોહોર ) આપી. ભાવ બૃહસ્પતિયે કૈલાશ પર્વતના જેવો મહાદેવનો પ્રાસાદ તૈયાર કરાવી મૂકેલો જોઈ તે પ્રસન્ન થયો અને તેને વંશપરંપરાનું ગંડત્વ ( શ્રેષ્ઠતા ) નું પદ આપ્યું.

ત્ ૧૨૨૫, અથવા ઈ૦ સ૦ ૧૧૬૯,) છે અને તેમાં નીચે પ્રમાણે લખેલું છે:—

" કનોજનો બ્રાહ્મણ ભાવબૃહસ્પતિ યાત્રા કરવા સારૂ કાશીથી
" નીકળ્યો તે અવન્તી અને ધારાનગરીમાં આવી પોહોંચ્યો, તે સમયે

---

स्वमर्यादां विनिर्म्माय स्थानकोद्धारहेतवे ।
पंचोत्तरां पंचशती मार्याणां योभ्यपूजयत् ॥ २३ ॥
देवस्य दक्षिणे भागे उत्तरस्यां तथा दिशि ।
विधाय विषमं दुर्गं प्रावर्द्धयत यः पुरं ॥ २४ ॥

મર્યાદા નિર્માણ કરીને તે સ્થાનકના જીર્ણોદ્ધાર અર્થે ૫૦૫ આર્ય પુરૂષો (બ્રાહ્મણો) નું વરૂણ કર્યું. (૨૩) દેવ (મંદિર) ના દક્ષિણ અને ઉત્તર ભાગમાં દેવસ્થાનના કોટનો ભાગ વધારીને નગરનો વિસ્તાર કરયો. (૨૪)

गौर्या भीमेश्वरस्याथ तथा देवकपर्द्दिनः ।
सिद्धेश्वरादिदेवानां यो हेमकलशान् दधौ ॥ २५ ॥
नृपशालां च यश्चक्रे सरस्वत्याश्च कूपिकां ।
महानसस्य शुद्ध्यर्थं सुस्नापनजलायच ॥ २६ ॥
कपर्दिनः पुरोभागे सुस्तंभां पट्टशालिकां ॥
रौप्यप्रणालं देवस्य मंडुकासनमेवच. ॥ २७ ॥
पापमोचनदेवस्य प्रासादं जीर्ण मुद्धृतं ।
तत्र त्रीन् पुरुषांश्चक्रे नद्यां सोपानमेवच ॥ २८ ॥
येनाक्रियंत बहुशो ब्राह्मणानां महागृहाः ॥
विष्णुपूजनवृत्तीनां यःप्रोद्धारमचीकरत् ॥ २९ ॥
नवीन नगरस्यांतः सोमनाथस्य चाध्वनि ।
निर्मिते वापिके द्वेच तत्रैवापरचंडिका ॥ ३० ॥ युग्मं
गंडेना कृत वापिकेयममला स्फारप्रमाणामृत
प्रख्यास्वादुजला सहेलविलसच्चुत्कारकोलाहलैः ॥
भ्राम्यद्भूरितरारघट्टघटिका मुक्तांबुधाराशतै
र्यापीतं घटयोनिनापि हसतीवांभोनिधिं लक्ष्यते ॥ ३१ ॥
शशिभूषणदेवस्य चंडिकां सन्निधिस्थितां ।
योनवीनां पुनश्चक्रे स्वश्रेयोराशिलिप्सया. ॥ ३२ ॥

ભાવાર્થ—ગૌરી, ભીમેશ્વર, દેવકપર્દ્દિન્, સિદ્ધેશ્વર, આદિ બીજા દેવના દેવાલયો ઉપર હેમકળશ સ્થાપ્યા. ૨૫

" ત્યાં જયસિંહદેવ રાજ્ય કરતો હતો. પરમાર રાજાએ અને તેના આખા
" કુટુંબે તેને પોતાનો ગુરૂ કરીને સ્થાપ્યો અને રાજાએ તેને ભાવર કરીને
" બોલાવા માંડ્યું."

"સિદ્ધરાજ જયસિંહ જ્યારે સ્વર્ગે ગયો ત્યારે તે ચક્રવર્ત્તી રાજા
" હતો; તેની ગાદિયે કુમારપાળ થયો, ભાવબૃહસ્પતિ તેનો મુખ્ય પ્ર-

---

નૃપશાળા તથા સરસ્વતીશાળા બાંધી અને પાકશાળા તથા સ્નાનાલયને પાણી પૂરૂં પાડવા માટે કુવા ખોદાવ્યા. ૨૬

કપર્દિન્‌ના મંદિરના આગલ્યા ભાગમાં સારા સ્તંભોવાળો રંગમંડપ કરચો, અને દેવની રૂપાની જળાધારી અને મંડુકાસન બનાવ્યું. ૨૭

પાપમોચન દેવના પ્રાસાદનો જીર્ણોદ્ધાર કરચો, અને ત્યાં ત્રણ પુરૂષની મૂર્ત્તિ સ્થાપી. અને નદીમાં પગથિયાં બાંધ્યાં. ૨૮

ઘણા બ્રાહ્મણોને બ્રહ્મપુરી કરાવી આપી, અને વૈષ્ણવ ધર્મવાળાઓનો નવીન નગરમાં ઉદ્ધાર કરચો. એટલે ઉત્તેજન આપ્યું. અને સોમનાથના રસ્તામાં બે વાવ કરી અને ત્યાં અપરચંડિકાનું સ્થાપન કર્યું. ૨૯-૩૦

ગંડ બૃહસ્પતિયે જે વાવો કરાવી તે ઘણી વિસ્તારવાળી હતી. અને તેનું પાણી સ્વચ્છ, સ્વાદિષ્ટ, અને અમૃતની ઉપમા અપાય એવું હતું. તથા તેના ઉપર ઘણા રેંટો ચાલતા હતા અને જેમાં વિવિધ પ્રકારનાં જળજંતુઓના શબ્દોવડે અગસ્ત્ય મુનિયે જેનું પાન કરેલું છે એવા સમુદ્રને જાણે હસતી ન હોય એવી હતી. ૩૧

પોતાનું શ્રેય થવાને અર્થે મહાદેવની સમીપમાં રહેલાં ચંડિકા ( પાર્વતી ) નો જીર્ણોદ્ધાર કરચો. ૩૨

एतस्याभवदिंदुसुंदरमुखी पत्नी प्रसिद्धान्वया ।
गौरीव त्रिपुरद्विषो विजयिनी लक्ष्मीर्मुरारेरिव ॥
श्री गंगेव सरस्वतीव यमुनेवेहाग्र कीर्त्या गिरा ।
कांत्या सोढलसंभवा भुवि महादेवीति या विश्रुता ॥३५॥

મહાદેવને જેમ પાર્વતી, કૃષ્ણને જેમ લક્ષ્મી, કીર્ત્તિમાં ગંગા જેવી, વાણીમાં સરસ્વતી જેવી, અને કાંતિમાં યમુના જેવી પ્રસિદ્ધ સોઢલ વંશમાં ઉત્પન્ન થયેલી ચંદ્રના જેવા સુંદર મુખવાળી તેની મહાદેવી નામે વિખ્યાત થયેલી સ્ત્રી હતી. ૩૫

सिद्धाश्चत्वारस्ते दशरथ समे नास्य पुत्रोपमानाः ॥
आद्यस्तेषामभवदपरादित्यनामा ततो भूद्रत्नादि ।
त्य.............................................हे ॥
अन्यः सोमेश्वर इति कृतीभास्कर श्चापरोभू
देतेरामादिभिरुपमिताः सत्यसौभ्रात्रयुक्ताः निः
द्रवं विनिहिता बाहवः श्री मुरारे ॥ ३८ ॥

દશરથની પેઠે તેના પણ ચાર પુત્રો હતા. તેમાં પેહેલો અપરાદિત્ય હતો, બીજો રત્નાદિત્ય, ત્રીજો સોમેશ્વર અને ચોથો ભાસ્કર.

"ધ્યાન થયો. કુમારપાળ ત્રણે લોકને કલ્પતરૂ જેવો હતો. તેણે પોતાની "રાજમુદ્રા (મોહોર), ભંડાર અને બીજું સર્વ બૃહસ્પતિને સોંપ્યું અને તેને "આજ્ઞા કરી કે દેવપટ્ટણનાં દેરાં પડી ગયાં છે તેઓનો જીર્ણોદ્ધાર કરો. "ભાવ બૃહસ્પતિયે જઇને ત્યાં કૈલાસ જેવું કરાવી મૂક્યું, પછી તેણે પોતાનું "કામ જોવાને જગત્પતિને બોલાવ્યો; જ્યારે તેણે આવીને જોયું ત્યારે "તે પ્રસન્ન થયો અને ગુરૂનાં વખાણ કરતાં કહ્યું કે, મારૂં હૃદય ઘણું "પ્રસન્ન થયું, તમને અને તમારા પુત્રોને હું મારા રાજ્યમાં મુખ્ય જ-"ગ્યા છે તે આપુંછું."

[1]સોમેશ્વરના દેરાનો પાયો નાંખ્યો ત્યારે જે પંચને કામ સોંપ્યું હતું તેઓએ કુમારપાળને સ્વસ્તિપત્ર લખ્યું. રાજાએ તે પત્ર હેમચંદ્રસૂરિને

૧ ભદ્રકાલીનો લેખ જે વલભી સંવત્ ૮૫૦ (વિ. સં. ૧૨૨૫—ઈ. સ. ૧૧૬૯) નો પાટણમાં છે તેમાં એમ કહેલું છે કે; એ દેરૂં સોમ એટલે ચંદ્-માએ સુવર્ણનું કરાવ્યું હતું, ત્યાર પછી રાવણે રૂપાનું કરાવ્યું હતું, ભીમદેવે તેનો જીર્ણોદ્ધાર કરી તેમાં રત્નો જડાવ્યાં હતાં. એ દેવાલયનો ફરીને જીર્ણોદ્ધાર કુમા-રપાળે કરીને સુવર્ણના મેરૂ પર્વત સમાન બનાવ્યું હતું.

શેખ સઅદી પોતાની ૪૭ વર્ષની ઉમરે ઈ. સ. ૧૨૬૬ માં હિંદુસ્તાનની મુ-સાફરી કરવા નીકળ્યો ત્યારે તે પાટણ ગયો હતો એમ પોતાના બોસ્તાન ના-મના ગ્રંથના આઠમા બાબની છેલ્લી "હિકાયત સફર હિંદુસ્તાન અને મૂર્ત્તિ-પૂજકોની ગુમાહી" નામની છે તેમાં લખે છે કે, "એક હાથીદાંતની મૂર્ત્તિ સો-મનાથમાં મેં દીઠી, તે જડાઉ હતી, અને મક્કામાં એક મનાત નામે મ્હોટી મૂર્ત્તિ હતી તેના જેવી એની સુરત બનાવેલી હતી તે એવી કે તેવી બીજી કોઈ થઈ શકે નહિ. આવી નજીવી સુરતનાં દર્શન કરવા હરતરફથી યાત્રાળુ આવતા અને ચીન મહાચીનના માણસોના ટોળાના સરદારો તે ઉપર આશા રાખી આવતા." મારી પાસે એક સોબતી હતો તેણે મને કહ્યું કે આ મૂર્ત્તિ પરમેશ્વર પાસે માન્ય થ-યેલી છે, અને માણસોને આશીર્વાદ દેવાને તે પોતાના હાથ ઉંચા કરેછે; જો ત-મારે જોવું હોય તો અહિં રાત્ર ગુજારો. હું રાત્ર રહ્યો અને કોઈ પેહેલવાન બલાંના ફૂવામાં પડે તેમ હું પણ પડ્યો. ઝંધી લોકો મારા પડખામાં પૂજા કરતા તેઓએ હાથ પણ ધોયેલા નહિ અને તેઓના સાધુઓ બિલકુલ પાણીનું નામ પણ લેતા ન હતા જેથી તેઓની બગલોમાંથી મડદાના જેવી ગંધ આવતી હતી. સવાર થતાં ગામના અને બહારના લોકો મંદિરમાં આવ્યા એટલે એક સોય રાખવા જેટલી પણ તેમાં જગ્યા ખાલી રહી નહિ એમ મંદિર ભરાઈ ગયું અને હું રાત્રના ઉજાગરાથી તથા ગુસ્સાથી ગભરાઈ ગયો તે વેળાએ ઓચિન્તા તે મૂર્ત્તિયે પોતાના હાથ ઉંચા કરયા એટલે મારા સોબતિયે મને હશીને કહ્યું કે, હવે તમારી ખા-તરી થઈ હશે કે મૂર્ત્તિમાં કેવું સત્ય છે. હું તે વેળાએ હાથીદાંતની મૂર્ત્તિ પાસે ગયો અને હાથથી ચુંબન કરયું અને થોડા દિવસ તેને માનવાથી કાફર થયો અને

બતાવીને કહ્યું કે કામ પૂરૂં થઈ જતા સુધી શું કરવું હોય તો તે વચ્ચે વિઘ્ન આવી નડે નહિ? સૂરિયે રાજાને સલાહ આપી કે દેરાના શિખર ઉપર ધજા ચડે ત્યાં સુધી તમારે માંસાહાર નહિ કરવાની અથવા સ્ત્રીસંગ ત્યાગ કરવાની બાધા લેવી. રાજાએ તે માન્ય કરીને મહાદેવની મૂર્ત્તિ ઉપર જળ મૂક્યું કે હું માંસાહાર કરીશ નહિ. બે વર્ષ વીત્યા પછી, શિખર પૂરૂં બંધાઈ રહ્યું એટલે કલશ અને ધ્વજારોપણ કરવાને કુમારપાળ તૈયાર થયો ત્યારે

---

ઝંધ પુસ્તકની વાતો કરી બ્રાહ્મણ થયો. જ્યારે તે મંદિરમાં મારો ઈતબાર થયો ત્યારે એક રાત્રે મંદિરના દરવાજા બંધ કરીને ચોતરફ દોડીને તપાસ કરવા લાગ્યો અને મૂર્ત્તિની ઉપર નીચે જોવા લાગ્યો તો એક પૂજારો એક જરીના પડદા પછવાડે મુજાવર તરીકે બેઠેલો અને એક દોરી તેના હાથમાં રાખેલી એવો જોયો. તે દોરી ખેંચતો ત્યારે મૂર્ત્તિના હાથ ઉંચા થઈ જતા. બ્રાહ્મણે મને જોયો એટલે તે શરમીંદો થઇ ગયો અને નાસવા લાગ્યો, હું તેની પાછળ દોડી ગયો અને તેને પકડી પાડી કૂવામાં નાંખી દીધો. જે માણસ મારો સોબતી હતો તે પણ જો વાત જાણશે તો મને જીવતો રાખશે નહિ એમ સમજી તેને પણ મેં મારી નાંખ્યો અને બીકનો માર્યો હું તે દેશ મૂકીને યમનના મુલકમાં નીકળી ગયો પછી અરબના મુલકમાં થઈને અહિં આવ્યો છું."

ઉપર પ્રમાણે શેખ સઅદીનું ટુંકામાં વર્ણન આપવામાં આવ્યું છે. આ ઉપરથી કેટલાક એ મૂર્ત્તિ તે સોમનાથ મહાદેવની મૂર્ત્તિ હતી એમ માનેછે પણ મહાદેવની મૂર્ત્તિ દેવલમાં હોતી નથી પણ લિંગની સ્થાપના કરેલી હોયછે. માટે આ વર્ણન જિનની મૂર્ત્તિને લાગુ પડેછે અને ઝંધ શબ્દ શેખ સઆદિયે વાપર્યો છે તે જિનનો અપભ્રંશ થયેલો જણાયછે તથા પૂજારિયોનું વર્ણન કરવામાં તેઓ ગંધાતા જણાવ્યા છે અને પાણી વાપરતા નથી એમ લખ્યું છે તે પણ તેમને જ લાગુ પડેછે.

કુમારપાળ પછી, સુમારે એક સેંકડા સુધી, દેવાલયને કાંઇ અડચણ થયેલી જણાતી નથી, પણ ઈ. સ. ૧૨૯૭ માં અલ્લાઉદ્દીન ખિલજીયે પોતાના ભાઈ અલફખાન, અને નસરતખાન જે તેનો મુખ્ય પ્રધાન હતો એ બેને ગૂજરાત જીતવા મોકલ્યા અને તે વેળાએ તેમણે સોમનાથની મૂર્ત્તિને હરકત કરી. આ બનાવ બન્યા પછી એક સેંકડે ઈ. સ. ૧૩૯૫ માં મુજફ્ફરશાહ પેહેલાએ પાટણ ઉપર ચડાઇ કરી, અને હિંદુનાં સર્વે દેવાલયોનો નાશ કર્યો અને તે ઠેકાણે મસ્જીદો કરાવી અથવા તો તે દેવાલયોનો આકાર બદલી નંખાવ્યો. પછી વળી ૧૪૧૩ માં, ફેરિસ્તાના લખવા પ્રમાણે અહમદશાહ પેહેલાએ જૂનાગઢના રા ઉપર ચડાઈ કરી ત્યારે તેણે સોમપુરના દેવાલયનો નાશ કર્યો અને ત્યાંથી ઘણું જવાહીર લઈ ગયો. પછી મહમદ બેગડાએ (ઈ. સ. ૧૪૫૯—૧૫૧૩) માં દેવલ તોડીને તેને સ્થાનકે મસ્જીદ બાંધી. છેલ્લામાં છેલ્લો મુઝફ્ફર બીજાએ (૧૫૧૩—૧૫૨૬) દેવળ ઉપર હુમલો કરેલો જણાયછે. એ ઉપરથી એમ સમજાયછે કે, મુસલમાનો દેવાલય તોડી જતા અને પછવાડેથી પાછી સ્થાપના કરવામાં આવતી. આ બનાવ

આચાર્યને કહ્યું કે મારી બાધા મૂકાવો. હેમચંદ્ર બોલ્યો. "જુવો! તમે "આવું વ્રત પાળ્યું છે તેથી મહાદેવની સન્મુખ ઉભા રેહેવાને તમે યોગ્ય "થયા છો. તમે ત્યાં યાત્રાયે જશો ત્યારે બાધા મૂકવાનો અવસર આવશે." બ્રાહ્મણોએ રાજાને સમજાવ્યો કે સૂરિ સોમનાથને માનતા નથી માટે રાજસંઘની સાથે યાત્રા કરવા સારૂં તેમને સાથે લેવા એટલે સર્વે વાત જણાઈ આવશે. કુમારપાળે આ સલાહ પ્રમાણે કર્યું, ત્યારે હેમચંદ્ર તત્કાળ બોલી ઉઠ્યા કે, "ભૂખ્યાને ભોજન ઉપર બેસવાનો બલાત્કાર કરવાની "શી અગત્ય છે; યાત્રા એ તો સાધુનું જીવતર છે; તો રાજા ભણીથી "આજ્ઞા કરવાની શી અગત્ય છે!" પછીથી ઠરાવ થયો કે રસ્તે જતાં ધીમે ધીમે પગે ચાલીને સૂરિયે શત્રુંજય અને ગિરનારનાં પવિત્રસ્થાનનાં દર્શન કરતાં કરતાં કુમારપાળને દેવપટ્ટણમાં આવી મળવું. રાજા પોતાના સંઘ સહિત વાધતાં સોમેશ્વરના નગર પાસે આવી પોહોંચ્યો. શ્રી બૃહસ્પતિ જેને કામની દેખરેખ ઉપર મૂક્યો હતો તે રાજાને સારૂ તૈયાર કરી રાખેલી જગ્યામાં લઈ જવાને આ ઠેકાણે આવી પોહોંચ્યો. હેમચંદ્ર પણ

---

બન્યા પછી દેવાલયનો કેટલોક ભાગ મસ્જીદને મળતો કરયો જણાયછે અને તેમ કરવાનું મુખ્ય કારણ એમ હશે કે મુસલમાની આકાર જેવામાં આવે તો પછી તે લોકો ભણીથી તેને કાંઈ હરકત થાય નહિ.

કુમારપાળ પછી સરસ જીર્ણોદ્ધાર જૂનાગઢના ચૂડાસમા રા ચોથા ખેંગારે (સ. ૧૨૭૯—૧૩૩૩) માં કરયાનું ગિરનારના બે લેખો ઉપરથી જણાયછે.

સોરઠી તવારીખમાં જણાવેછે કે સોમનાથના દેરાને મુસલમાનોએ મસ્જીદના આકારમાં ફેરવી નાંખ્યું હતું. અને તે ખંડેર થઈ ગયું હતું. સંવત્ ૧૮૪૦ (ઈ. સ. ૧૭૮૩) સુધી શેખમીયાન જે ન્યાસતખાનની પછી ગાદિયે બેઠો હતો તેમના સમય સુધી તેનો જીર્ણોદ્ધાર થયો નહતો. પણ અહલ્યા બાઈ—હોલ્કર મલ્હારરાવ બહાદુરની મહાગુણવતી રાણિયે તે ફરીથી બંધાવ્યું. આ અહલ્યાબાઈ (ઈ. સ. ૧૭૬૫-૯૫) પોતાના પૌત્ર મલ્લીરાવના મરણ પછી બધો કારભાર પોતેજ ચલાવતાં હતાં. જેણે સોમનાથના મંદિરના જીર્ણોદ્ધાર ઉપરાંત જગન્નાથ, નાસિક, ઈલોરા, નીમાર, મહેશ્વર, દ્વારકા, ગયા, કેદારનાથ, રામેશ્વર ઇત્યાદિ ઠેકાણે પવિત્ર સ્થાનકો બંધાવ્યાં હતાં. નર્મદા નદીના કિનારા ઉપર તેની કુંવરી મુક્તા બાઈ પોતાના પતિ યશવંતરાવ ફાંશિયાની પછવાડે સતી થઈ હતી. તેના સ્મરણાર્થે માહેશ્વરમાં તેણે સુંદર મંદિર બાંધ્યું હતું. ત્યારપછી ત્રીશ વર્ષે ગાયકવાડ સરકારના દિવાન વિઠ્ઠલરાવ દેવાજી જે કાઠિયાવાડના સૂબેદાર ઠર્યા હતા તેમણે મોટું નગારખાનું અને ધર્મશાળા વગેરે બંધાવ્યાં હતાં.

(ર. ઉ.)

સંઘને આવી મળ્યા અને કુમારપાળ પણ મ્હોટા આનંદથી રાજશ્રી દબ-દબા સાથે વાદિત્રના નાદ સહિત નગરમાં પેઠો, અને સોમેશ્વરના દેરાને પગથિયે ચડીને મહાદેવને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરચો. હેમચંદ્ર પણ બૃહસ્પતિની સાથે દેરાના બારણા આગળ ઉભો રહીને બોલ્યોઃ—"આ ભવ્ય દેવલમાં કૈલાસવાસી મહાદેવ નિઃસંશય બિરાજેછે." પછી અંદર પેશીને પવિત્ર [1]લિંગનું વિધિપૂર્વક પૂજન કરચા પછી તે બોલ્યો, "તું ગમે તેવી "પ્રકૃતિનો હોય, તારૂં ગમે તે નામ હોય, તારો ગમે તેટલો કાળ હોય

---

૧ કુમારપાળ પ્રબંધમાં આ સ્તુતિના શ્લોક નીચે પ્રમાણે છેઃ—

**आर्या.**

भवबीजांकुरजनना, रागाद्याः क्षयमुपागतायस्य ॥
ब्रह्मावा विष्णुर्वा हरो जिनोवा नमस्तस्मै ॥ १ ॥

**रथोद्धतावृत्तं.**

यत्र तत्र समये यथा तथा
योऽसिसोस्यभिधया यया तया ॥
वीतदोषकलुषः सचद्भवा
नेकएव भगवन्नमोस्तुते ॥ २ ॥

કાવ્યમાળા ગુચ્છક સાતમામાં મહાવીર સ્વામી સ્તોત્ર છે તેનો ૩૧ મો શ્લોક આ છે.

**शार्दूलविक्रीडितंवृत्तं.**

त्रैलोक्यं सकलं त्रिकालविषयं सालोकमालोकितं ।
साक्षाद्येन यथास्वयं करतले रेखात्रयं सांगुलि ॥
रागद्वेषभयाभयांतकजरालोलत्वलोभादयो ।
नालं यत्पदलंघनाय समहादेवो मया वंद्यते ॥ ३ ॥

**स्रग्धरावृत्तं.**

यो विश्वं वेद वेद्यं जननजलनिधेर्भंगिनः पारदृश्वा ।
पौर्वापर्याविरुद्धं वचनमनुपमं निष्कलंकं यदीयं ॥
तं वंदे साधुवंद्यं सकलगुणनिधिं ध्वस्तदोषद्विषंतं ।
बुद्धं वावर्धमानं शतदलनिलयं, केशवंवा शिवं वा ॥ ४ ॥

ભવ બીજના અંકુરને ઉત્પન્ન કરનાર રાગ આદિ (૧ કામ, ૨ ક્રોધ, ૩ લોભ, ૪ મોહ, ૫ મદ, ૬ મત્સર) જેના ક્ષય પામેલા છે, તે બ્રહ્મા હો, અથવા વિષ્ણુ હો, અથવા હર હો વા જિન હો, તેમને હું નમસ્કાર કરૂંછું.

જે તે સમયે જેવો તેવો હું છું, જે તે નામવાળો છું, તે તું જો, દોષરૂપી કલુષ રહિત એકજ હોઉ તો હે ભગવન્! તને હું નમસ્કાર કરૂંછું.

"તોપણ તારી સ્થિતિ છે. જેનામાં પાપ કર્મ નથી, અને જેના કર્મથી "પાપ વાસનાનો પરિણામ થતો નથી એવો તું એક ઈશ્વર છે તે તને "મારી પ્રાર્થના છે. માયા જે અવતારનું બીજક છે તે માયાનો પાશ "જેણે તોડચો છે તે પછી બ્રહ્મા, વિષ્ણુ, કે શિવ ગમે તે હોય તેને પ્રાર્થના છે." તે આ પ્રમાણે પ્રાર્થના કરતો હતો તે જોઈ રાજા પોતાના કારભારિયો સહિત આશ્ચર્ય પામીને ઉભો રહ્યો. પછી શ્રીહેમાચાર્યે શિવને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરચો, બૃહસ્પતિના કેહેવા પ્રમાણે રાજાએ બહુજ શ્રદ્ધાથી પૂજા કરી અને પોતાની તુલા કરીને દાન કર્યું તથા હાથી આપ્યા અને કર્પૂરની આરતી કરી. પછી સર્વેને બાહાર જવાની આજ્ઞા કરીને કુમારપાળ તથા હેમાચાર્ય દેરાના નિજ મંડપમાં બારણાં બંધ કરીને બેઠા.

કુમારપાળે હેમાચાર્યને કહ્યું કે; "આટલાં બધા ધર્મ છે તેમાં જેથી "ખાતરી થાય એવો એક ધર્મ પ્રતિપાદન કરવાને હું બહુ આતુર છું. "સોમેશ્વર સરખો બીજો કોઈ દેવ નથી; મારા જેવો કોઈ રાજા નથી; "અને તમારા જેવો કોઈ સાધુ નથી; મારા ભાગ્યે કરીને ત્રણે વસ્તુ "એકઠી થઈ છે. એટલા માટે આ મહાદેવની સમક્ષ, જેનાથી મુક્તિ "મળે એવો એક દેવ સાચે સાચી રીતે મને બતાવો." હેમાચાર્યે પ્રત્યુત્તર આપ્યું, "પુરાણમાં જે વાતો છે તેની હવણાં આપણને અગત્ય "નથી. હવણાં તો હું મહિમાવંત સોમેશ્વરને સાક્ષાત્કાર અહિ લાવું "છું કે તેમનેજ મ્હોડેથી તમે સત્યતા સાંભળો. નિઃસંશય આ જગ્યાએ "દેવ સંતાઈ રહ્યા છે. ધર્માચાર્યે જે રીતે બતાવ્યું છે તે પ્રમાણે આપણે "બે જો અચળ ધ્યાન ધરિયે તો દેવ એમની મેળે દેખા દે. હું ધ્યાન

---

પોતાની આંગળિયો સહિત હથેળીની રેખા સાક્ષાત્ દેખાય છે, તેમ જેને ત્રણ લોક ( સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ ) તથા અલોક (જ્યાં જીવની ગતિ નથી, તેવો આકાશ પ્રદેશ) સાક્ષાત્ દૃશ્યમાન છે; અને રાગ, દ્વેષ, ભય, આમય ( રોગ ), અંત ( કાળ ), જરા ( ઘરડપણ ), લોલત્વ ( ચપળતા ), અને લોભ આદિ જેના પદનું ઉલ્લંઘન કરવાને શક્તિમાન્ થતા નથી, એવા મહાદેવને હું વંદન કરૂંછું. ( ૩ )

જે વેદ્ય જગત્‌ને જાણેછે, જેણે વિશ્વની ઉત્પત્તિરૂપી સમુદ્રની રચનાનો પાર જોયો છે, જેનું વચન પૂર્વાપર અવિરૂદ્ધ છતાં અનુપમ અને નિષ્કલંક છે, જે સાધુ પુરૂષોને વંદન કરવા યોગ્ય છે, અને જેના દોષરૂપી શત્રુઓ નાશ પામ્યા છે, એવા સકલ ગુણનિધિ બુદ્ધ હો, અથવા વર્ધમાન ( મહાવીર ), અથવા બ્રહ્મા હો કે કેશવ ( વિષ્ણુ ) હો, અથવા શંકર ( મહાદેવ ) હો, તેને હું વંદન કરૂંછું.

"થઈછું; તમે આ અગરનો ધૂપ કરો તે શિવ પ્રત્યક્ષ આવીને ના
"કેહે ત્યાં સુધી બંધ રેહેશો નહિ." આ પ્રમાણે બન્ને જણ ધુનમાં મચ્યા અને મંડપ બધો ધૂપના ધૂમાડાથી ભરાઈ ગયો અને ત્રણે બાજુને ખૂણે અને બારણાની આસપાસ દીવા શૃંગારયા હતા તે ઝાંખા થઈ ગયા. પછી એકાએક સૂર્યના તેજ સરખું ભભકદાર તેજ પ્રકાશી ઉઠ્યું. રાજા ચમકી ઉઠ્યો, અને તેજથી આંખે ઝાંઝવાં વળી ગયાં; તથા આંખે હાથ દઇને હળવે હળવે જોવાનો પ્રયત્ન કરવા લાગ્યો. તે અવસરે જળાધારીમાં જ્યાં પવિત્ર શિવલિંગ હતું ત્યાં યોગીનો આકાર તેના જોવામાં આવ્યો, તેને માથે જટા ગુંથેલી હતી! તેની શોભા અનુપમ હતી, ઉંચા સોનાના જેવો ચળકાટ હતો તેની કાન્તિ મૃત્યુલોકના માનવીથી જોવાઈ શકાય નહિ એવી હતી. રાજાએ પોતાનો હાથ અડકાડીને તપાશી જોયું તો તેની ખાતરી થઈ કે દેહ ધારણ કરીને સાક્ષાત્ દેવ બિરાજમાન થયા છે. પછી અત્યંત ભક્તિ સહિત સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને તે આ પ્રમાણે પ્રાર્થના કરવા લાગ્યો; "હે જગતપતિ! આ પ્રમાણે તમારી આ-
"રાધના કરતાં, મારી આંખોને ઇચ્છેલી વસ્તુ મળી; એટલા માટે હવે
"કૃપા કરીને કાંઈ આજ્ઞા કરી મારા કાનની ઈચ્છા પૂર્ણ કરો." ઘનઘોર રાત્રી વીત્યા પછી સવાર જેમ પ્રકાશ પામે તેમ દેવની મુખમુદ્રા પ્રકાશ પાંમી અને તેના મ્હોમાંથી નીચે પ્રમાણે ઈશ્વરી શબ્દ નીકળ્યાઃ—"ઓ! રાજા!
"આ સાધુ સર્વ દેવતાઓનો અવતાર છે; એ કપટ વિનાનો છે; જેમ
"એ પોતાના હાથમાં મોતી જોઈ શકે તેમ દેવત્વ જોવાનું એનેજ સ્વા-
"ધીન કર્યું છે; એ ભૂત ભવિષ્યને વર્તમાન જાણેછે. એ જે માર્ગ બ-
"તાવે તે નિઃસંશય તારે મુક્તિનો માર્ગ જાણવો." આ પ્રમાણે કહીને દેવ અલોપ થઈ ગયા. પણ તેથી રાજાને શોક થયો, અને હેમચંદ્ર ધ્યાન મુક્ત થઈ શ્વાસ લેવા લાગ્યા. ઈષ્ટ દેવે કહ્યું હતું તે લક્ષમાં રાખીને, કુમારપાળે પછી રાજાપણાનું અભિમાન મૂકી દઇને, ધર્મગુરૂને ચરણે મસ્તક મૂકીને, જે કરવાનું ઘટિત હોય તે કેહેવા વિષે પ્રાર્થના કરી. એટલે તેજ ઠેકાણે હેમચંદ્રે તેને નિયમ લેવરાવ્યો કે, આજથી તે મરતા સુધી માંસાહાર કરવો નહિ અને દારૂ પીવો નહિ.

બન્ને ઈતિહાસ લખનારા કેહેછે, અને લેખમાં પણ લખ્યું છે કે બૃ-

ઇસ્પતિ બ્રાહ્મણને સ્વાધીન સોમેશ્વરનું દેરૂં કર્યું હતું; પણ આગળ જતાં જ્યારે હેમાચાર્યની સત્તા કુમારપાળ ઉપર પૂરેપૂરી ચાલવા લાગી ત્યારે, તે જૈનધર્મની નિંદા કરતો હતો એટલા માટે કેટલાક દિવસ સુધી તેને તેની જગ્યા ઉપરથી દૂર કરયો હતો, અને જ્યારે તે આચાર્યને બહુજ નમી પડયો ત્યારે તેણે કુમારપાળ સાથે તેનું સમાધાન કરાવી આપીને તેની જગ્યા પાછી અપાવી.

કુમારપાળ અને આચાર્ય અણહિલ્લપુર પાછા આવ્યા, ત્યાં હેમચંદ્રે કુમારપાળને જિનદેવના મુખમાંથી જે પવિત્ર વાણી નીકળી હતી તેનું જ્ઞાન કર્યું, અને અર્હંત માર્ગિયોમાં તેને મહાન્ ઠરાવ્યો. આચાર્યની આજ્ઞા પ્રમાણે, ચૌદ વર્ષ સુધી, ગૂજરાતના અરાડે દેશમાં જ્યાં જ્યાં તેની આણ વર્તાતી હતી ત્યાં ત્યાં તેણે જીવહિંસા કરવાની મના કરી. [1]દ્વયાશ્રયનો કર્તા

---

[1] દ્વયાશ્રયના વીશમા સર્ગમાં કહ્યું છે કે "કુમારપાળે એક દિવસ રસ્તામાં એક માણસને પાંચ છ બકરાં ખેંચી જતો જોયો, તેને પૂછયું કે આ મુવેલાં જેવાં બકરાં ક્યાં લઈ જાયછે? તો તેણે કહ્યું કે કસાઈને ઘેર વેચી થોડા પૈસા આવશે તે લાવી મારૂં દારિદ્ર ટાળીશ. આ ઉપરથી કુમારપાળે માંસાહારની બહુ નિંદા કરી, અને પોતાની જાતને પણ ઠપકો આપ્યો, કે મારા દુર્વિવેકથીજ લોકો આવી હિંસામાં પ્રવૃત્ત થાયછે. પછી પેલા માણસને જવા દઇ, પોતે તરત અધિકારિયોને આજ્ઞા કરી કે જે જૂઠી પ્રતિજ્ઞા કરે તેને તમારે શિક્ષા કરવી, જે પરદારા ગમન કરે તેને તેથી અધિક શિક્ષા કરવી, અને જે જંતુ હિંસા કરે તેને તેથી પણ અધિક શિક્ષા કરવી. આવી અમારી આજ્ઞા આખા રાજ્યમાં છેક ત્રિકૂટાચલ જે લંકામાં છે ત્યાં સુધી કરાવી, ને એને લીધે જેને નુકશાન થયું તેમને ત્રણ ત્રણ વર્ષ ચાલે એટલું પોતે અન્ન આપ્યું. દારૂ પીવાનો ચાલ પણ એણે બંધ પાડયો અને યજ્ઞયાગમાં પણ બકરાંને બદલે જવ હોમાતા થઇ ગયા. એક દિવસ રાત્રિયે પોતે સૂતો હતો તેવામાં કોઈને રોવું સાંભળ્યું તેથી એકલોજ તે સ્થાનમાં ગયો. તો ત્યાં એક સુંદર સ્ત્રીને રોતી જોઇ. તેને પૂછતાં જણાયું કે તે એક ધનાઢય ગૃહસ્થની સ્ત્રી છે, તેનો પતિ અને પુત્ર મરી ગયાં છે ને તેથી તે એવા કારણથી રૂએ છે કે પુત્ર વિના તેની નવારસી મિલકત રાજા લઈ લેછે એટલે મારે જીવીને શું કામ છે? રાજાએ તેની આશ્વાસના કરી, તેની મિલકત રાજ્ય તરફ નહિ લેવાય તેવું વચન આપ્યું, અને ધર્મકૃત્ય કરવાની તેને સલાહ આપી. પછી આખા રાજ્યમાં એવોજ કાયદો ઝાહેર કરયો. જેથી પ્રજા બહુ ખુશી થઈ. પછી એક દૂતે ખબર કહી કે કેદારપ્રાસાદ, ખસરાજાએ ખંડેર થઈ જવા દીધો છે. તેથી તેણે ખસ રાજાને ઠપકો દઈ તેની, તેમ દેવપત્તનના સોમનાથનું દેવાલય જે જીર્ણ થઇ ગયું હતું તેની મરામત અમાત્ય વાગ્ભટ્ટ પાસે કરાવી. પછી દેવપત્તન તેમ અણહિલ્લપુરમાં એણે પાર્શ્વનાથનાં ભવ્ય ચૈત્ય બંધાવ્યાં. પછી શંભુએ સ્વપ્ન આપ્યું કે તારી ભક્તિથી પ્રસન્ન થઈ હું તારા પુરમાં વસવા ઈચ્છુંછું. તેથી એણે એક કુમારપાલેશ્વર મહાદેવનું પણ દેવાલય કરાવ્યું." ર. ઉ.

કેહેછે કે, બ્રાહ્મણો યજ્ઞમાં જીવનું બલિદાન આપતા હતા તે બંધ કરાવ્યું એટલે તેને ઠેકાણે દાણા હોમવાનો ચાલ નીકળ્યો. પલ્લીદેશમાં પણ રાજાની આજ્ઞા પાળવામાં આવી તેથી જે યોગિયો મૃગચર્મવતે પોતાનાં શરીર ઢાંકતા હતા તેઓને તે મળવાને અશક્ય થઈ પડ્યું. વળી પંચાલના લોકો ઘણા હિંસક હતા તેઓ કુમારપાળને સ્વાધીન હતા તેથી એ કામથી દૂર રેહેવાની તેઓને અગત્ય પડી. માંસવેચનારાઓનો ધંધો બંધ કરાવી દીધો, અને તેના બદલામાં ત્રણ વર્ષની ઉપજ તેઓને સામટી આપી. હવે માત્ર કાશીની આસપાસના દેશના લોકોમાં જીવનું બલીદાન આપવાનું ચાલતું રહ્યું.

એક દિવસ કોઇયે આવીને કુમારપાળને સભળાવ્યું કે કેદારનો ખસ રાજા પોતાના બળ વડે યાત્રાળુઓને લૂંટે છે એટલુંજ નહિ પણ વળી તેણે કેદારેશ્વર મહાદેવનું દેરૂં જીર્ણોદ્ધાર કરાવ્યા વિના ખંડેર થઈ જવા દીધું છે. રાજાએ ખસરાજાને ઠપકો દઇને પોતાના પ્રધાનને મોકલીને જીર્ણોદ્ધાર કરાવ્યો. કોઈ બીજા સમયને વિષે મહાદેવે રાજાને સ્વપ્નમાં દેખા દઇને કહ્યું કે "તારી સેવાથી, હું પ્રસન્ન થયો છું, અને મેં અ- "ણહિલપુર આવી વસવાનો નિશ્ચય કરયો છે." આ ઉપરથી રાજાએ તે નગરમાં કુમારપાળેશ્વર મહાદેવનું દેરૂં બંધાવ્યું. વળી અણહિલપુરમાં કુમારવિહાર કરીને પારસનાથનું દેરાસર બંધાવી તેમાં મૂર્ત્તિયોની પ્રતિષ્ઠા કરી. વળી તેણે દેવપટ્ટણમાં જૈન ધર્મનું એવું ભવ્ય ચૈત્ય બાંધ્યું કે યાત્રાળુ લોકોનાં ટોળેટોળાં ત્યાં આવવાને ઉલટયાં.

કુમારપાળે આ વેળાએ જૈન ધર્મનાં બાર [1]વ્રત લીધાં. ત્રીજું વ્રત

---

[1] બાર વ્રત નીચે પ્રમાણે છેઃ-( કુમારપાળ પ્રબંધ ભા. પૃ. ૨૦૧ )

૧ अहिंसा त्याग જીવદયા સરખો કોઈ ધર્મ નથી. માટે કુમારપાળે કર્ણાટક, ગુજરાત, કોકણ, રાષ્ટ્ર, કીર, જાલંધર, સપાદલક્ષ, મેવાડ, દ્વીપ, અને ભીર એ આદિ અઢાર દેશ-જેમાં પોતાની આજ્ઞા મનાતી હતી ત્યાં અમરપડો વજડાવી કાશી અને ગીજની આદિ ચૌદ દેશોમાં ધન, વિનય, અને મૈત્રીનાબળથી જીવ રક્ષા કરાવી. અણગળ પાણી વાપરવાની મનાઈ કરી.

૨ असत्य त्याग જૂઠું બોલવાથી થતું પાપ બીજાં પાપ કરતાં વધારે છે.

૩ अदत्त ग्रहण त्याग જેને પારકાનું દ્રવ્ય હરણ કરવાની બુદ્ધિ હોયછે તેને ભવેભવ પરઘેર દાસત્વ મળે છે. પરદ્રવ્ય હરણ કરનારનું દાન, શીલ, તપ, અને ભાવનાથી ઉપાર્જન કરેલું મહાપુણ્ય નિષ્ફળ જાય છે. આ ઉપરથી કુમારપાળે નિઃ

લેતી વેળાએ આચાર્યે તેને શીખામણ દીધી કે, પુરૂષ વારસ મૂકયા વિના

---

પુત્રિયાનું ધન દરબાર દાખલ કરવાનો ચાલ કાહાડી નાંખ્યો અને વાર્ષિક બોતેર લાખ જેટલી ઉપજનો ત્યાગ કર્યો, અને ધારાશાસ્ત્રમાંથી પણ તે કલમ કાહાડી નાંખી અઢારે દેશોમાં ઢંઢેરો પીટાવ્યો કે, "ધણી મરી જવાથી રડતી સ્ત્રીને ઘાના ઉપર ક્ષાર જેવું લાગતું ધનહરણ પૂર્વે થઈ ગયેલા નિર્દય રાજાઓ બંધ કરી શક્યા નથી તેનો પ્રજામાં દયાર્દ્ર હૃદય ધારણ કરનાર સમુદ્રમર્યાદિત પૃથ્વીનો રાજા કુમારપાળ ત્યાગ કરેછે."

૪ **परस्त्रीत्याग अने स्वदार संतोष**. ધર્માર્થી પુરૂષે પરસ્ત્રીનો ત્યાગ કરવો, જગત્‌માં અપકીર્ત્તિ, કુળનો ક્ષય, અને દુર્ગતિમાં ગમન એ સર્વ અબ્રહ્મનું ફળ જાણી સુજ્ઞ પુરૂષે પરસ્ત્રીભણી નજર પણ ન કરવી.

બાર વ્રત લેતા પેહેલાં 'પરસ્ત્રી મા બેહેન સમાન' એવું વ્રત તેણે અંગીકાર કર્યું હતું. ધર્મપ્રાપ્તિ પેહેલાં તેને બહુ રાણિયો હતી, તોપણ તે સર્વેનું સ્વલ્પ આયુષ્ય હોતાં વ્રત ગ્રહણ કરતી વેળાએ એકલી ભૂપાલદેવી પટ્ટરાણી હતી. તે રાજર્ષિયે તે એકલીથીજ સંતોષ માની ફરીને પાણીગ્રહણ કરવાનો નિયમ લીધો.

૫ **अपरिमित परिग्रहत्याग अने इच्छा परिमाण**. ધનપર લાગેલા મનવાળા કિયા હિંસક જીવે પાપ ઉપાર્જન નથી કર્યું? ધનના સંપાદન, રક્ષણ, અને ક્ષયથી થતા દુઃખાનળથી કોણ નથી બળ્યો? આનો પ્રથમ વિચાર કરી બાવરાપણાથી થયેલી સ્પૃહાનો ત્યાગ કરો કે પાપ અને સંતાપના વિષયમાં સ્થાનજ ન મળે. × × × તૃષ્ણાથી તપેલા મનવાળા પુરૂષોનું ડગલે ડગલે અપમાન થાયછે. પરિગ્રહથી થતો કલેશ અને તે થકી મમ્મણને નર્કગતિ પ્રાપ્ત થઈ એનો ખ્યાલ કરી ધર્મના શોધ અને સુખાર્થી પુરૂષે સ્વલ્પ પરિગ્રહ રાખવો.

કુમારપાળે પોતે જોયલા અને સાંભળેલા પુરૂષો મહાપુરૂષોના પરિગ્રહને અનુસરી પાપથકી બીહીને તેણે નીચે પ્રમાણે પરિગ્રહનું પરિમાણ કર્યું.

| | |
|---|---|
| છ કોટી સોનૈયા, | એકહજાર હાથી. |
| આઠ કોટી રૂપિયા, | એંશી હજાર ગામ. |
| એક હજાર તોલા મહા મુલ્યવંત રત્નો. | પાંચસો ઘર. |
| બીજા દ્રવ્યની અનેક કોટિયો, | પાંચસો વખારો. |
| બે હજાર ઘડા ઘી, તેલ વગેરે, | પાંચસો સભાઓ. |
| બે હજાર ખાંડી ધાન્ય, | પાંચસો ગાડિયો. |
| પાંચ લાખ ઘોડા, | એકહજાર ઉંટ. |

ઉપર પ્રમાણે સામાન્ય પરિગ્રહ રાખ્યો. સૈન્યમાં અગિયારસો હાથી, પચાસ હજાર રથ. અગિયાર લાખ ઘોડા, અને અઢાર લાખ પાયદલ રાખ્યું.

૬ *दिग् गमनत्याग*. દશ દિશાઓમાં ગમન કરવાની મર્યાદા બાંધવી, તેને દિગ્વિરતિ નામનું પેહેલું ગુણવ્રત કેહે છે. પ્રમાદી જીવ, લોખંડના ગોળાની પેઠે, સર્વ દિશાઓનો નિયમ નહિ કરવાથી તે તે દિશાઓમાં થતું કિયું પાપ ન બાંધે? લોભથી પરાભવ પામેલો પુરૂષ ત્રણે ભુવનમાં ગમન કરવાના મનોરથ કરે; માટે વિવેકી

પુરૂષે સર્વદા અને વિશેષતઃ ચાતુર્માસમાં જીવદયા નિમિત્ત સર્વ દિશાઓમાં જવાની નિવૃત્તિ કરવી.

ચોમાસાના ચાર મહિનામાં પાટણના કોટની બાહાર ન જવું અને ચૈત્યદર્શન તથા ગુરૂવંદન વિના બીજા કામે પ્રાયઃ નગરમાં પણ ન ફરવું. એવો કુમારપાળે નિયમ લીધો હતો. મ્હોટા પ્રસંગ આવતાં પણ તેણે એ નિયમનો ત્યાગ કરયો નહતો. તેના આ નિયમની વાત સર્વત્ર પ્રસાર પામી. ગીજનીના દુર્ધર શકાનિક રાજાએ પણ પોતાના હેરકોની મારફત આ વાત જાણી; અને ગૂજરાતની સમૃદ્ધિથી લલચાઈને તેનો ભંગ કરવાના મનસુબાથી પ્રયાણ કર્યું. આ વાત કુમારપાળના ગીજનીથી આવેલા ચરોએ તેને જણાવી એટલે ચિન્તાક્રાન્ત થયેલો રાજા અમાત્ય સાથેનો ગુરૂના ઉપાશ્રયમાં કેહેવા લાગ્યો કે, હે પ્રભો ! બલવાન્ તુર્કાધિપતિ ગીજનીથી અહિં આવવા નીકળ્યો છે, પણ વર્ષાઋતુમાં નગરની બહાર જવું નહિ એવો મેં નિયમ લીધો છે તો હવે શું કરવું ? હેમાચાર્યે બોલ્યા કે, ચિન્તા ન કરો, તમે આરાધેલો ધર્મજ તમને સહાય કરશે. થોડી વારમાં ચડી આવેલા રાજાને તેના પલંગ સહિત ત્યાં ઉપાડી આણ્યો હોય એવો દેખાવ કુમારપાળની દ્રષ્ટિયે પડયો અને કેહેવા લાગ્યો કે, હે રાજેન્દ્ર ! દેવતાની આપને આવી સહાય છે એ મને ખબર નોહોતી. હવેથી હમેશને માટે હું આપની સાથે સંધિ કરૂંછું. કુમારપાળે તેને પોતાના મેહેલમાં લઈ જઇ તેનો સારો સત્કાર કરયો અને જીવદયાના સંબંધમાં શિક્ષા આપી પોતાના આસજનો સાથે તેની સેનાએ જ્યાં મેલાણ કર્યું હતું ત્યાં પોહોંચાડી દીધો.

૭ भोगोपभोगनु परिमाण. અન્ન કુસુમાદિ એક વાર સેવવાયોગ્ય પદાર્થ તે ભોગ જાણવા, અને આભૂષણ સ્ત્રી આદિ વારંવાર સેવવા યોગ્ય તે ઉપભોગ જાણવા. ભોગ અને ઉપભોગની શક્તિ પ્રમાણે સંખ્યા નક્કી કરવી, એ भोगोपभोगमान નામનું બીજું ગુણવ્રત કેહેવાયછે. દયાળુ પુરૂષે ૨૨ અભક્ષ્ય અને ૩૨ અનંતકાયને ત્યાગ કરવાયોગ્ય જાણી તેમનાથી સમ્યક્ પ્રકારે દૂર રેહેવું જોઈયે.

કુમારપાળે ભોજનમાં માંસ, મદ્ય, મધ અને માખણ આદિ ૨૨ અભક્ષ્ય અને ૩૨ અનંતકાય આદિનો નિયમ રોગાદિ મહાકષ્ટને સમયે પણ છૂટ રાખ્યા સિવાય લીધો.

૮ अनर्थदंडनो त्याग. આર્ત અને રૌદ્ર એ બે દુષ્ટ ધ્યાનનું સેવવું, હિંસાનાં ઉપકરણોનું આપવું, પાપયુકત આચારનો ઉપદેશ કરવો, અને પ્રમાદનું સેવન કરવું, એ નિરર્થક પાપનાં કારણ હોવાથી અનર્થદંડ છે, અને એમનું નિવારણ કરવું તે અનર્થદંડવિસ્મરણ નામનું ત્રીજું ગુણવ્રત કેહેવાયછે, માટે વિવેકી પુરૂષે અનર્થદંડનો ત્યાગ કરવો.

કુમારપાળે સર્વત્ર સાત વ્યસનોનો નિષેધ કરાવ્યો અને પોતે પણ પ્રમાદ, ક્રીડા, હાસ્ય, ઉપચાર, શરીરનો અતિશય સત્કાર, અને વિકથા ( એટલે જેમાં ધર્મનો સંબંધ ન હોય એવી દેશ, સ્ત્રી, અને ભોજન સંબંધી વાર્તા. ) આદિ કરવાનો ત્યાગ કરી નિરંતર જાગતા ધર્મધ્યાનરૂપી અમૃતના સાગરમાંજ નિમગ્ન રહ્યો.

છે. તેથી તેવાજ અર્થનું તેણે ત્રીજું વ્રત લીધું કે પોતાની જાતમેહેનતથી જે મેળવેલું હોય નહિ તે કશું મારે લેવું નહિ. આવા પ્રકારની ઉપજ બંધ

---

૯ सामायिक व्रत. મન, વચન, અને કાયાના પાપયુક્ત વ્યાપારનો ત્યાગ અને પાપ રહિત વ્યાપારના સેવનથી અથવા બીજી રીતે કહિયે તો પાપકાર્યોમાં કરવાયોગ્ય દુર્ધ્યાનતા ત્યાગ કરનાર પુરૂષને એક મુહૂર્ત્ત સમતામાં રેહેવાથી સામાયિક નામનું પેહેલું શિક્ષાવ્રત થાયછે.

કુમારપાળે પ્રતિદિવસ બે સામાયિક કરવાનો નિયમ લીધો હતો. પાછલી રાત્રના સામાયિકમાં તે યોગશાસ્ત્રના બાર પ્રકાશ અને વીશ વીતરાગસ્તવનનું સ્તવન કરતો અને ત્યાર પછી બીજું કામ કરતો. બીજું સામાયિક પોષધશાળામાં કરતો અને તે સમયે ગુરૂવિના બીજાની સાથે મૌનપણે રેહેતો.

૧૦ देशावकाशिक व्रत. દિગ્વ્રતમાં કરેલા પરિમાણમાંથો દિવસે અથવા રાત્રે જે કમી કરવું તેને પુણ્યના કારણભૂત દેશાવકાશિક નામનું બીજું શિક્ષાવ્રત કેહેછે. જેમ ઔષધ શરીરમાં વ્યાપેલા વિષયને આંગળી આદિમાં લાવી મૂકેછે તેમ વિવેકી પુરૂષ દિગ્વ્રતના પરિમાણને નિત્ય નિત્ય ઓછું કરે અને એજ પ્રમાણે બીજા વ્રતોના પરિમાણમાં પણ દિવસે અથવા રાત્રે ન્યૂનતા કરે. જેમકે, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ જીવોની હિંસા અંશત: અથવા સર્વથા વર્જે. રાગદ્વેષથી દૂષિત અસત્ય ન બોલે. વિશેષે કરી ગૃહકાર્ય સંબંધી ન બોલે અને ધર્મ સંબંધી બોલવામાં પ્રમાણ કરે. કાંઈપણ ભોજન અથવા ધન કોઈના આપ્યા વિના ગ્રહણ ન કરે. ઈત્યાદિ પ્રકારે સર્વ વ્રતોમાં સમજવું.

૧૧ पोषधोपवास व्रत. અષ્ટમી, ચતુર્દશી એ આદિ પર્વ તિથિયોમાં સર્વ પ્રકારના આહાર, અંગસત્કાર, અબ્રહ્મ અને અસાવદ્ય વ્યાપારનો ત્યાગ કરવો, તેને ભવ રૂપી રોગના ઔષધ સમાન પોષધ નામનું ત્રીજું શિક્ષાવ્રત કેહેછે.

કુમારપાળ સદા પર્વતિથિયોમાં પોષધ લેતો, અને તે દિવસે ઉપવાસ કરી રાત્રે જરા પણ સૂતો નહિ. ગુરૂને વંદન કરવામાં તત્પર રેહેતો. ઉઘાડે મુખે બોલતો નહિ, પ્રમાર્જન કર્યા વિના ચાલતો નહિ, ઘણો કાળ કાર્યોત્સર્ગમાં રેહેતો. અને તેમ ન બને ત્યારે દર્ભના આસનઉપર બેશી પ્રાણાયામ કરતો.

૧૨ अतिथिसंविभाग. જે મહાત્મા સર્વ તિથિયો અને પર્વોત્સવનો ત્યાગ કરેછે તે અતિથિ અને બાકીના અભ્યાગત જાણવા. અતિથિયોને ન્યાયોપાર્જિત તૈયાર અન્ન, પાન, આશ્રમ, વસ્ત્ર, અને પાત્રાદિ વસ્તુનું દેશકાળના વિચારપૂર્વક શ્રદ્ધા અને સત્કાર યુકત જે દાન કરવું તે अतिथिसंविभाग નામનું ચોથું શિક્ષાવ્રત કેહેવાયછે.

કુમારપાળે પોતાના રાજ્યની અંદરના શ્રાવકો પાસેથી લેવાતો બોહોતેરલાખ રૂપિયાનો વાર્ષિક કર બંધ કર્યો. ટૂટી ગયેલા પ્રત્યેક સધર્મિક આશ્રય માગવા આવ્યેથી એકહજાર દીનાર આપવાની આભડશેઠને ભલામણ કરી હેમાચાર્યને પણ નાગાભૂખ્યા શ્રાવક જણાય તેની ખબર રાખવાની વિનતિ કરી. પછી વર્ષનો આંકડો મંગાવ્યો તો એક કરોડ રૂપિયાનો આવ્યો. આભડશેઠે તે લેવાની ના કહી પણ પોતાનું વ્રત ટૂટે નહિ એટલા માટે તેને આગ્રહથી આપ્યું અને ઘણાં વર્ષ સુધી પોતાનો અભિગ્રહ પાળ્યો. ર. ઉ.

કરીને તે સતયુગના રઘુ, નહુષ, અથવા ભરત કરતાં પણ વધ્યો એવું પોતાની પ્રજા પાસે [1]કહેવરાવ્યું.

ત્યાર પછી [2]સોરઠના રાજા સમરશી અથવા સાઉસરને શિક્ષા કરવા સારૂ કુમારપાળે વઢવાણમાં સેના એકઠી કરીને તેનો નાયક ઉદયન

---

૧ બર્નિયરે ઔરંગજેબનો તેના બાપ ઉપરનો કાગળ નોંધી રાખ્યો છે તેમાં તે લખેછે કે, " મારી ચાકરીમાંનો પ્રત્યેક માણસ મરી જાય તેનો હું વારસ છું એમ પ્રસિદ્ધ કરી મારે જૂની રીતિને બરાબર વળગી રહેવું જોઇયે એવી તમારી ઈચ્છા છે. આપણો એવો ચાલ છે કે, હરકોઈ ઉમરાવ અથવા ધનવાન્ વ્યાપારી જેવો દેહ છોડે કે તુરત અથવા–કોઈવાર તો તેનો જીવ ગયો હોય નહિ તેની અગાઉ તેના કુટુંબના કારભારી અથવા ચાકરો જ્યાંસુધી સર્વ માલમિલકતના યથાસ્થિત નોંધ, ઘણીજ હલકી જાતના ઘરેણા સુધાંતની પણ લાવી રજુ કરે નહિ ત્યાં સુધી તેની માલમતા જપ્ત કરવામાં આવેછે અને તેઓને કેદ કરવામાં આવેછે અથવા મારવામાં આવેછે આ રીતિ આપણને લાભદાયક છે પણ આ ઘાતકી કામ છે અને ન્યાયથી ઉલટું છે એ આપણાથી ના કહી શકાય એમ નથી; અને પ્રત્યેક ઉમરાવ, નેકનામખાનની રીત પ્રમાણે વર્ત્તે અને હિંદુ વ્યાપારીની સ્ત્રીની પેઠે પ્રત્યેક સ્ત્રી પોતાની માલમતા સંતાડી દે તો આપણી ઘટે તેવી સેવા બજાવી એમ કેહેવાય નહિ. " આ બે વાતો બાનયરે બીજી જગ્યાએ લખી છે.

૨ સૌરાષ્ટ્રના સમર રાજાને પકડવા કુમારપાળે પોતાના મંત્રી ઉદયનને સેનાપતિ ઠરાવીને મોકલ્યો. પ્રબંધચિન્તામણિમાં આ રાજાનું નામ सुंवर (सुंवर) છે, એક પ્રતિમાં सउसर છે. વળી કેટલેક ઠેકાણે संसर અથવા सासर છે અને તે મેર જાતિનાં નામ चार्चर–छाछर સાથે મળતું આવેછે એમ પ્રાચીન ગૂજરાતમાં જણાવેછે. આજ્ઞા પ્રમાણે ઉદયન સેનાપતિ ચડ્યો તે વઢવાણ આવ્યો ને સર્વે સામંતોને પૂછીને પોતે આગળ પ્રયાણ કરીને પાલીટાણે ગયો. ત્યાં તેણે ઋષભદેવની ભાવપૂર્વક પૂજા કરી અને વિધિપૂર્વક ચૈત્યવંદન કરે છે, એટલામાં નક્ષત્રમાળા (દીપમાળ)થી એક ઉંદર બળતી દીવટ લઈને કાષ્ઠમય પ્રાસાદમાંના એક દરમાં પેઠો તે જાણીને ઉદયનને એમ લાગ્યું કે, આવા જીર્ણ કાષ્ટમય પ્રાસાદથી કોઈવાર જોખમ ભરેલું છે એટલે તેણે તે ચૈત્ય પાષાણનું કરાવ્યું હોય તો સારૂં એમ ધારણા કરી અને તે કરાવાય નહિ ત્યાં સુધી બ્રહ્મચર્ય, એકભુક્ત, ભૂશયન અને તાંબુલત્યાગ એવાં ચારનો અભિગ્રહ લીધો. પછી શત્રુ સાથે લડતાં તેના સૈનિકો નાશી ગયા તો પણ સંગ્રામરસિક ઉદયને શત્રુનું સૈન્ય વિદાર્યું અને પોતે રિપુના પ્રહારથી જર્જરિત થયો છતાં પણ પોતાના બાણથી સમરને મારી તેના પુત્રને ગાદી ઉપર બેસાર્યો. સમરની સમૃદ્ધિ લઈ તે પાછો વળતો હતો તેવામાં પોતાને થયેલા પ્રહારની વેદનાથી તેની આંખો મિંચાઈ ગઈ અને મૂર્છા ખાઈ પડ્યો. પવનાદિ ઉપચારોથી જ્યારે ભાન આવ્યું ત્યારે કરૂણા ઉપજે એવા સ્વરે રૂદન કરવા લાગ્યો, તેનું કારણ પૂછતાં તેણે સામંતોને કહ્યું કે, મારા મનમાં ચાર શલ્યો રહી જાયછે તે એ કે, મારી ઈચ્છા એવી છે કે ૧ અંબડ (આમ્રભટ) દંડનાયક થાય, ૨ શ્રી

મંત્રીને ઠરાવ્યો. ઉદયનને હાર ખાધી ને તેને કારી ઘા વાગ્યો, તેણે શત્રુંજય અને ભરૂચમાં દેરાસરો બાંધવાનું પણ લીધું હતું તે પૂર્ણ કરવાનું કામ તેણે પોતાના પુત્ર, વાગ્ભટ્ટ, વાહડ, અને આમ્રભટ્ટને સોંપ્યું. શત્રુંજયનું કામ વાહડે ઇ૦ સ૦ ૧૧૫૫ (સં. ૧૨૧૧) માં પૂરૂં કર્યું, તેણે શત્રુંજયની પાસે એક શેહેર વસાવ્યું અને તેને પોતાના નામથી[1] વાહડપુર

શત્રુંજયપર પાષાણમય ચૈત્ય થાય, ૩ શ્રી ગિરિનારપર નવાં પગથિયાં બંધાય, અને ચોથું શલ્ય (સાલ) મારા મનમાં એ છે કે આ વેળાએ મારે કોઈ નિર્માયક (તારનાર) ગુરૂવિના મરવું પડેછે. સામંતોએ કહ્યું કે પ્રથમનાં ત્રણ વાનાં તો તમારો પુત્ર બાહડ (વાગ્ભટ, વાહડ) પરિપૂર્ણ કરશે. માટે એ વિષેની ચિન્તા દૂર કરો અને આરાધન સારૂ ગુરૂ અમે હવણાં લઈ આવિયે છિયે. એમ કહી તત્કાલ કોઈ વંઠને સાધુનો વેષ આપી રજુ કરી દીધો. મંત્રિએ તેને શ્રી ગૌતમસ્વામીની પેઠે વંદન કરી, સર્વ જીવોને ક્ષમાવી, પાપોની નિંદા અને અગણ્ય પુણ્યોની અનુમોદના કરી અને સમ્યકત્વને તેમાં લાગેલા દોષને વિશુદ્ધ કરનાર પશ્ચાત્તાપરૂપ જળવડે અજવાળી ભાવના ભાવતાં (આત્મધ્યાન કરતાં) સ્વર્ગારોહણ કર્યું. (કુ. પ્ર. ગુ. ભા. પૃ. ૧૭૯.)

પૃષ્ટ ૧૫૪ ની ટીપમાં જેનો પૂર્વ વૃત્તાન્ત આપ્યો છે તે ઉદો, પીઠે ઘીનાં કુલ્લાંનો ભાર વહન કરી મહાકષ્ટે પોતાના કુટુંબનું પોષણ કરી શકતો હતો તે ઉદ્યોગમાં લાગુ રહ્યો અને તેના ભાવીને ખીલાવનાર સાધન આવી મળ્યાં તો વિસ્તાર પામેલી આખી ગૂજરાતનો પ્રધાન થયો અને રણસંગ્રામના પ્રસંગોમાં એક શૂરવીરની પેઠે ભીડયો રહ્યો તથા પોતાને મળેલા પદને બધી રાતે યોગ્ય હતો એમ કેહેવાયું.

ર. છ.

[1] બાહડે પોતાના પિતાની ઇચ્છા પ્રમાણે પોતાના ઓરમાઈ ભાઈ અંબડ (આમ્રભટ, આંબડ) ને દંડનાયક (સેનાપતિ) ની પદિ અપાવી અને પોતે કુમારપાળની આજ્ઞા લઈને ગિરિનારપર ગયો. ત્યાં અંબિકાએ નાંખેલા અક્ષતને માર્ગે ત્રેસઠ લાખ નાણું ખર્ચી નવીન સુગમ પગરસ્તો બંધાવ્યો. પછી કપર્દ્દિ મંત્રીને પોતાનું કામ સોંપી શત્રુંજયની તળેટીમાં ચાર હજાર સ્વાર સહિત સૈન્ય સાથે પડાવ નાંખી પડયો અને ત્યાં અનેક સૂત્રધારો (સુતા) એકઠા કર્યા. બીજા શાહુકારો પણ તીર્થના ઉદ્ધાર માટે લક્ષ્મી વાપરી પુણ્યમાં ભાગ લેવા આવ્યા અને વાગ્ભટ મંત્રી પ્રતિ કેહેવા લાગ્યા કે આપ એકલા તીર્થનો ઉદ્ધાર કરવા સમર્થ છો તોપણ અમને મહાપુણ્યમાં ભેગા રાખવા અમારૂં ધન તીર્થમાં વાપરી અમને કૃતાર્થ કરો. એમ કહી સોનૈયાનો ઢગલો કરયો. શુભ મુહૂર્ત્ત જોઈ મંત્રિયે જીર્ણ કાષ્ઠમય ચૈત્યને ઉતરાવી નાંખી પાયામાં વિધિપૂર્વક વસ્તુ મૂર્ત્તિ પધરાવી તેના ઉપર શિલા ઢાંકી. બે વર્ષે પાષાણચૈત્ય તૈયાર થયું પણ દેવ પ્રાસાદમાં ફાટ પડી તેનું કારણ શોધી કહાડીને પ્રદિક્ષણા ફરવાની જે ભમતી (ભ્રમ) તેની અને ભીંતની વચ્ચે જે ભ્રમ વિનાનો પ્રાસાદ કરાવે તો નિર્વંશ થાય એમ જાણતાં છતાં પથરા ઘલાવી દીધા.

નામ આપ્યું. ભરૂચનાં શકુનિકાવિહાર બાંધવાનું કામ આમ્રભટ પોતાને માથે લીધું; તેમાં નર્મદા નદી જે શેહેરના કિલ્લાની ભીંતની સજ્જડ વેહેછે તેના ઓચિંતા પૂરને લીધે કેટલીક વાર સુધી અડચણ વેઠવી પડી; તથાપિ પૂર્ણ રીતે તે કામમાં તે જય પામ્યો. એજ વેળાએ, રાજાએ ખંભાતમાં જ્યાં આગળ તે પ્રથમ ઉદયન મેહેતાને અને હેમાચાર્યને મળ્યો હતો તે અપાસરાની જગ્યાએ એક નવું ચૈત્ય બંધાવ્યું.

કુમારપાળના રાજ્યમાં છેલી ચડાઈ તેણે સપાદલક્ષ દેશઉપર કરેલી જણાયછે. આપણા જોવામાં આવ્યું કે, ઉદયનનો પુત્ર [1]વાહડ

---

એટલે એકંદરે ત્રણ વર્ષે તીર્થોદ્ધારનું કામ પૂરૂં થયું. આ કામમાં બાહડે બે કરોડ સત્તાણું લાખ દામ ખર્ચ્યા એવું વૃદ્ધ પુરૂષોનું કેહેવું છે પણ મેરૂતુંગ એક કરોડ સાઠ લાખ દામ બેઠા હતા એમ કેહેછે.

પછી હેમાચાર્યને તથા સંઘને બોલાવીને સંવત્ ૧૨૧૧ ની સાલે શનિવારે સોનાના દંડ કળશને ધ્વજાચંડાળ પ્રતિષ્ટા કરી અને દેવપૂજામાં ચોવીસ ગામ અને ચોવીસ બાગ ધર્માદા કરયા, તથા તળેટીમાં પોતાના નામથી બાહડપુર નામનું નગર વસાવી ત્યાં શ્રી પાર્શ્વનાથની પ્રતિમાથી અલંકૃત ત્રિભુવનપાળ નામનો વિહાર બંધાવ્યો. આવાં તેનાં ઉદાર કૃત્યોથી કુમારપાળ પણ ઘણો રાજી થયો.

બાહડપુરનું ખંડેર હવણાંના પાલીટાણા શેહેરની પાસે પૂર્વ દિશાયે છે. ઘરની ઇંટો તથા નળિયાં અને છીપો, બંગડિયોના કટકા જોવામાં આવે છે.

૧ પ્રબંધચિન્તામણીમાં બાહડ (વાહડ) નામ છે. તે ઉપરથી અહિં પણ એજ નામ દાખલ કરયું છે. પણ કુમારપાળ પ્રબંધમાં (ભા. પૃ. ૧૮૯૬) એવો વૃત્તાન્ત છે કે, "સપાદલક્ષના રાજાને ઉત્તરાસન વસ્ત્ર મોકલ્યું તે તેણે રાખ્યું નહિ, તેથી કુમારપાળને ક્રોધ ચઢયો, અને તેના ઉપર મંત્રીપુત્ર ચાહડ, જે બાહડ અને અંબડ (આમ્રભટ) થી ન્હાનો હતો તેને મોકલ્યો." માળવાના રાજપુત્ર ચાહડકુમારને સિદ્ધરાજની પાદુકા પૂજાતી હતી ત્યારે ગાદિયે ન બેસારયો તેથી તે રીસાવીને માળવાના આન્ન રાજાની સેવામાં જઇ રહ્યો એમ ચતુર્વિંશતી પ્રબંધમાં લખ્યું છે. "માળવાનો રાજપુત્ર ચાહડ કુમાર" એમ લખવાથી એવી કલ્પના થાયછે કે તે કોઈ રજપૂત હોય અને તેને પોતાની પાછળ ગાદિયે બેસારવાની સિદ્ધરાજની ઈચ્છા હોય તેથી ધર્મપુત્ર કરી રાખ્યો હોય. ચાહડ ઉદાર હતો તેથી આગળ વાધતાં તેના મેલાણમાં ઘણા માગણ એકઠા થયા તેમને ત્યાગ આપવા કોષાધ્યક્ષ પાસે રૂપિયા માગ્યા તે તેણે આપ્યા નહિ એટલે તેને મારી કાહાડી મૂકયો અને માગણોને યથેચ્છ દાન આપી રાજી કરયા. પછી એક સાંઢણી ઉપર બે એમ ચૌદસો સાંઢણિયો ઉપર સુભટોને બેસારીને સત્વર બિંબેરા પાસે આવ્યો. ત્યાં ૭૦૦ કન્યાઓનાં લગ્ન થતાં હતાં તેથી તે કાર્ય પુરૂં થવાને નગરને ઘેરો ઘાલીને બાહાર પડાવ કરયો. કૈડવા કણબી બાર બાર વર્ષે લગ્નનો દિવસ ઠરાવેછે તેથી સામટી કન્યાઓ

કેલ્હિવસનોય પોતાના રાજાની સેવામાં આવી હાજર થયો હતો, તેને તે દેશની માહિતગારી હતી એટલા માટે સેનાના નાયક જોગે તેને પસંદ ક-

---

પરણાવવી પડેછે, એ ઉપરથી એમ જણાયછે કે એ નગરમાં કૈડવા કણબીની વસ્તી વધારે હશે. આ ગામ આજે બંબેરા અથવા બેબાર કેહેવાયછે. જે સોનીંગે ઈડર લીધું તેના વંશના હવણાં રાવ રાઠોડ અભયસિંહ ઉમેદસિંહ કરીને છે, તે પાહાડા નામના ડુંગરની અર્દ્ધ ઉંચાઈયે વસેલા પાહાડા નામના ગામમાં રેહેછે. તે બાર ગામનો ઠાકોર છે તેમાં બંબેરા આવી જાયછે. બંબેરામાં આજે સુમારે ૨૦૦ થી ૨૨૫ ઘરની વસ્તી છે; તેમાં આશરે ૧૫૦ ઘર કૈડવા કણબીનાં છે; ત્યાંથી સુમારે ૧॥ ગાઉ ઉપર શિયાળિયું ગામ છે તેમાં ૨૫ ઘર છે. એ રીતે બંબેરા અને તેની આસપાસ બીજાં ગામનાં થઈને ૪૦૦ ઘર કણબીનાં છે. આ ઉપરથી જણાયછે કે કુમારપાળના સમયમાં ત્યાં કૈડવા કણબીની વસ્તી વધારે હશે. બંબેરા ગામની આસપાસ ઘરનાં ખંડેર જોવામાં આવેછે. ત્યાં બે જૂની વાવો છે તે પડી ગઈ છે, પણ પાણીનો ઉપયોગ થાયછે. ચાર શિવાલય છે તેનો ઘણો ભાગ પડી ગયેલો છે, પણ નિજગ્રહ કાયમ હોતાં તેમાં શિવલિંગ છે. એક માતાના મંદિરનો ઓટલો મ્હોટો છે તેના ઉપર જૂદી જૂદી જાતની મૂર્તિયો છે. એક માતાની મૂર્ત્તિ છે તેને ૨૦ ભુજ છે. બે મૂર્ત્તિયો વીરની છે. એક હનુમાનની છે.

ચાહડે સવારમાં નગર જીતી લીધું. ત્યાંથી તેને સાત કરોડ સોનૈયા અને અગિયાર હજાર ઘોડિયો મળી. આ હકીકત તેણે પાટણ લખી મોકલી. પછી ઘરટ્ટથી નગરના કિલ્લાનો ચૂરો ઉડાવી દેશમાં સર્વત્ર કુમારપાળની આણ ફેરવી અને નવીન અધિકારિયોની યોજના કરી ત્યાંથી ૭૦૦ કુશળ સાળવી લઈ પાટણ આવ્યો. કુમારપાળ તેના પરાક્રમથી રાજી થયો અને તેને રાજઘરટ્ટનું બિરૂદ આપ્યું. તથા તેના ન્હાનાભાઈ સોલાકને સામંતમંત્રીસત્રાગારનું પદ આપ્યું.

આ લખાણમાં બાહડ અને ચાહડ એ નામનો ગુંચવારો થયો છે. અમારી પાસેની પ્રતિમાં નીચે પ્રમાણે છેઃ—

**सपादलक्षं प्रति सैन्यं सज्जीकृत्य श्रीबाहडां बडानुजन्मा श्रीबाहड नामा मंत्री दान शौंडतया भृशं दूषितो पि बाढ मनुशिष्य श्री कुमारपालदेवेन सेनापतिश्चक्रे.**

આ લખાણમાં बाहडांबडानुजन्मा તેમાં પ્રથમ बाहडां છે ત્યાં ગમે તો चाहडां એમ જોઇયે, અથવા શ્રી बाहड છે ત્યાં શ્રી चाहड જોઈયે. આગળ લખતાં सबाहडमंत्री એમ લખ્યું છે, પણ ત્યાં चाहड નામ નથી તેથી અમારા પુસ્તકપ્રમાણે बाहड સિદ્ધ થાયછે. ગૂજરાતી ભાષાન્તરમાં પૃ. ૧૯૦ માં જ્યાં જ્યાં चाहड નામ આપ્યું છે ત્યાં મૂળ સંસ્કૃતમાં તેમ નથી પણ સર્વનામ મૂક્યું છે.

કુમારપાળરાસામાં જણાવેછે કે—

બંબેરી નગરના રાજા પાસે કોરૂં પટોળું લેવા દૂતને મૂકયો તે તેણે ન આપ્યું તેથી તેના ઉપર બાહડને સૈન્ય સહિત મોકલ્યો. તેણે ત્યાં જીત કરી; ત્યાંથી સાત હજાર સાલવી આણી પાટણમાં વસાવ્યા.

રવામાં આવ્યો. તેણે આમ્બરાનગરનો કિલ્લો લઇને તેનો નાશ કરી દીધો, અને તે દેશમાં કુમારપાળની આણ વર્ત્તાવી દીધી. તે પાછો આવ્યો ત્યારે રાજાએ તેને સાબાશી આપી, તોપણ તેણે ચડાઈમાં અતિશય ખર્ચ કરચો હતો એટલા માટે તેને ઠપકો દીધો. દિલ્હીમાં "ફિરોજ શાહની લાટ" એવે નામે એક મિનારો છે. તે ઉપરના લેખમાં એક લેખ ઉપર સન ૧૧૪૬ ની સાલ છે તેમાં તે વેળાએ શાકંભરીમાં વિગ્રહરાજ રાજ્ય કરતો હતો એવું લખેલું છે. અને આ મિનારા ઉપર બીજું એક વિસલદેવ નામ જોવામાં આવેછે; અને ભાષાન્તરકર્ત્તાઓને શક રેહેછે કે, વિગ્રહરાજ અને વિસલદેવ એ તે એકજ જણનું નામ હશે કે જૂદા જૂદા રાજાઓનાં હશે, પણ આ વિષે બીજી વધારે બાતમી મેળવ્યા વિના માત્ર લેખના અર્થ ઉપરથી નિર્ણય થઈ શકે એમ છે નહિ.* વિસલદેવ ચોહાણના ક્રમાનુયાયીનાં નામ ચંદબારોટે આપ્યાં છે તેમાંથી કોઈ પણ નામ ખાતરી થાય એવી રીતે, લેખ ઉપરના નામ સાથે સરખાવી શકાય એમ નથી. આન જે વિસલદેવનો પૌત્ર થાય તેને તો આપણે કુમારપાળની સામે થયેલો જોયો, અને આ ઠેકાણે જે રાજાવિષે લખવામાં આવ્યું છે તે ગમે તો વિસલદેવનો પુત્ર જયસિંહદેવ હોય અથવા નહિ તો તેનો પૌત્ર આનો અથવા આનંદદેવ હોય, આ બંને નામ, તેમજ વિગ્રહરાજ એ નામ પણ અર્થસૂચક છે અને તેથી માત્ર ઉપમાનાંજ નામ હશે.† પ્રબંધચિંતામણીમાં એક વાત લખેલી છે, તે ઉપર જણાવેલા ફિરોજશાહની લાટ ઉપરના લેખના સંશય ભરેલા વિવાદ વિષયની તકરારનો આશ્ચર્યકારક રીતે ખુલાસો કરી આપેછે. ગ્રંથકર્ત્તા કેહેછે કે, એક બીજી વેળાએ સપાદલક્ષ દેશના રાજા ભણીથી તેનો પ્રતિનિધિ કુમારપાળની દરબારમાં આવ્યો. ત્યારે સામ્ભરના રાજાની કુશળતાના રાજાએ સમાચાર પૂછ્યા, તેના ઉત્તરમાં પ્રતિનિધિએ કહ્યું કે "એમનું નામ વિ-"શ્વલ (વિશ્વનો ધારણ કરનાર) છે. તો પછી તે નિરંતર કુશળ હોય "એમાં શો શક?" આ વેળાએ કુમારપાળનો માનીતો અને ઘણો વિદ્યાવંત કવિ કપર્દી મંત્રી પાસે ઉભો હતો તે બોલ્યો.—"શલ્ અથવા "શ્વલ્ ધાતુનો અર્થ એવો થાયછે કે "સત્વર જનાર". એ ઉપરથી વિ-

* એશિયાટિક રિસર્ચીઝ પુસ્તક ૭ મું. પૃ. ૧૮૦.

† જયસિંહ એટલે "ફતેહમંદ સિંહ." આનંદ એટલે ખુશી. વિગ્રહ=લડાઈ.

થંક્ષ, એટલે જે (વિ) પક્ષોની પેઠે સત્વર ઉડી જાયછે અથવા નાશી જાયછે તે. પછીથી પ્રતિનિધિએ ઘેર જઇને પોતાના રાજાના નામનું અપમાન કર્યું તે સર્વ વૃત્તાંત તેને કહી સંભળાવ્યો, તે ઉપરથી રાજાએ વિદ્વાનોને પૂછીને "વિગ્રહરાજ" એવું નામ ધારણ કર્યું. બીજે વર્ષે તેનો તેજ પ્રતિનિધિ વિગ્રહરાજની ભણીથી કુમારપાળની હુઝૂરમાં આવ્યો ત્યારે કપર્દિયે કહ્યું કે વિગ્રહરાજ એ નામનો અર્થ "નાક વિનાના શિવ અને બ્રહ્મા" (વિ=વિના, ગ્ર=નાક, હર=શિવ, અજ=બ્રહ્મા.) એવો થાયછે. પછીથી તે રાજાને લાગ્યું કે મારા નામની કપર્દી મશ્કરી કરશે માટે તેણે "કવિબાંધવ" એવું નામ ધારણ કર્યું.

ત્યાર પછી એક વેળાએ કુમારપાળ શત્રુંજયની યાત્રાનો સંઘ કાહાડવા સારૂ અણહિલવાડના ગઢની બાહાર, એક દેવાલયની પાસે મેલાણ કરીને પડચો હતો તેવામાં તેને સમાચાર મળ્યા કે [1]ડાહલ દેશથી કર્ણ રાજા ચડીને આવેછે, તેથી તેને ડર લાગ્યો. રાજાએ વાગ્ભટ અને હેમાચાર્યની સલાહ લીધી, તેમાં હેમાચાર્યે વચન આપીને કહ્યું કે સારા સમાચાર હવણાં આવી પોહોંચશે. પછીથી તરતજ બીજા કાશદો આવ્યા તે સમાચાર લાવ્યા કે, રાત્રની વેળાએ [2]કર્ણરાજા હાથી ઉપર બેશીને આવતો હતો તેવામાં તેને ઊંઘનું ઝોકું આવ્યું અને એક વડના ઝાડ નીચે થઇને હાથી ઝડપથી ચાલ્યો એટલે તે ડાળમાં ભરાઈ ગયો (આબસેલોમની પેઠે) ને મુંઝાઇને મરણ પામ્યો.[3] કુમારપાળ ચડાઈના ડરથી મોકળો થયો એ-

---

૧ ચેદી, જબલપુરની આસપાસનો પ્રદેશ.

૨ કલચૂરી વંશનો ગયાકર્ણ હોવો જોઇયે. એનો એક લેખ ચેદી સંવત્ ૯૦૨ (ઈ. સ. ૧૧૫૨) નો છે અને એના કુંવર નરસિંહદેવનો લેખ ચેદી સંવત્ ૯૦૭ અથવા ઇ. સ. ૧૧૫૭ નો છે. ગયાકર્ણનું મૃત્યુ ઇ. સ. ૧૧૫૨–૫૭ સુધીમાં થયું છે.

૩ કુમારપાળપ્રબંધમાં લખેછે કે માર્ગમાં રાત પડી અને તે નિદ્રાવશ થયો. એવામાં કોઈ ઝાડની ડાળિયે તેના ગળાની સાંકળી પાશબંધની માફક ભરાઈ ગઈ. અને નીચેથી હાથી ચાલ્યો ગયો તેથી તેનું શરીર અદ્ધર લટક્યું અને શ્વાસ રૂંધાવાથી તેનું મરણ થયું.

પ્રબંધચિન્તામણીમાં—તીર્થયાત્રા પ્રબંધ છે તેમાં લખેછે કે, કર્ણ ઝોકાં ખાતો હાથી ઉપર બેઠો હતો તેની સુવર્ણ શ્રંખલ (હમેલ) વડની ડાળમાં ભરાવાથી હાથી નીકળી જતાં લટક્યો અને મરણ પામ્યો. ર. ઉ.

ટલે તેને યાત્રા કરવા સારૂ નીકળવાને બની આવ્યું. તે ધંધુકે આવી પોહોંચ્યો અને હેમાચાર્ય જે જગ્યાએ જન્મ્યો હતો તે જગ્યાએ [1] ઝોલિકાવિહાર એવા નામનું ચૈત્ય બાંધ્યું. પછી ત્યાંથી શત્રુંજય ગયો ત્યાં શ્રીવાગ્ભટની સૂચના પ્રમાણે પવિત્ર પર્વત ઉપર પોહોંચવાનો નવો રસ્તો બાંધવામાં ઘણો પૈસો ખર્ચ્યો.

આ સમયે અણહિલવાડની દરબારમાં, પરાક્રમી સોલંકી વંશનો અંકુર આનાક અથવા અર્ણોરાજ જે કુમારપાળની માશીનો કુંવર થતો હતો તે હતો. તેણે રાજાની ચાકરી કરી હતી તેથી તેના બદલામાં તેને સામંતપદ આપવામાં આવ્યું હતું અને તે સાથે વ્યાઘ્રપલ્લી અથવા વાઘેલ (વાઘનું નગર) શેહેર આપ્યું હતું આ ઠેકાણે તેના વંશજો ઘણા વર્ષ સુધી રહ્યા હતા. એક દિવસે રાજા મેહેલને ઉપલે મેડે પલંગમાં સૂતો હતો અને તેના બારણા આગળ સામંત આનાક ચોકી કરતો હતો, તેવામાં તેના જોવામાં આવ્યું કે કોઈ ઓરડામાં પેઠું. એટલે તે બોલ્યો, "કોણ છે?" આનાકે અંદર પેસનારને અટકાવ્યો અને જોયું તો તે પોતાનો દાસ જણાયો. એટલે તેને સમાચાર પૂછવાને બાહાર લઈ ગયો. દાસે ભારે વધામણી માગીને કહ્યું કે આપને કુંવર અવતરયા છે. આનાકે તેને જવા દીધો ને પછી પોતાની જગ્યાએ ગયો, "આ વધામણીથી તેનું મુખકમળ પ્રફુલ્લિત થઇને સૂર્યના જેવું તેજ મારવા લાગ્યું." રાજાએ પૂછ્યું કે શું થયું છે? આનાક બોલ્યો, "મહારાજ! કુંવર અવતરયો." એણે આવું કહ્યું તે ઉપર વિચાર કરીને રાજા આ પ્રમાણે બોલ્યો,—"એના "જન્મની વધામણી ખાવાને ચાકર આવ્યો તેને દ્વારપાળે અટકાવ્યો નહિ "તેથી હું રાજી થાઉંછું, કેમકે તે પુત્ર મહા ગુણી થઈ ગૂજરાતનો "રાજા થશે; પણ કુંવર જન્મ્યાની તમને વધામણી ખાઇને તે આ જ"ગ્યાએથી નીચે ઉતરયો તેથી આ ધવળગ્રહમાં અને આ નગરમાં નહિ "પણ કોઈ બીજા નગરમાં રાજ્ય કરશે." આવા પ્રકારના ભાગ્યવાળા કુંવરનું નામ લવણપ્રસાદ પાડ્યું, અને તેના વંશના થયા તે પછવાડેથી વાઘેલા વંશના કેહેવાયા.

---

૧ તે સત્તર હાથ ઉંચો હતો ત્યાં સ્નાત્ર તથા ધ્વજારોપણ કર્યાં ત્યાંથી વલ્લભીપુરની સીમમાં આવી તેના પાસે સ્થાપ અને ઈર્ષ્યાળુ નામની બે ટેકરિયો હતી તે ઉપર બે મંદિર બંધાવ્યાં, અને તેમાં અનુક્રમે શ્રી ઋષભદેવ અને મહાવીર સ્વામીની પ્રતિમાઓ મૂળ સ્થાને પધરાવી.

કુમારપાળ રાજાને રાજ્ય કરતાં ત્રીસ વર્ષ પૂરાં થઈ ગયાં, એટલે કચ્છના જામ લાખાફૂલાણીની *માયે મૂળરાજના વંશને શાપ દીધો હતો

---

* મેરૂતુંગ જેનું નામ કામલતા લખેછે, કુમારપાળપ્રબંધમાં કામલદેવી નામ આપ્યું છે, તેમજ કચ્છમાં તે સોનલ નામે અપ્સરા ગણાઈ છે. લાખો ફૂલાણી આટકોટ પાસે મૂળરાજને હાથે ૧૨૪ વર્ષની વયે મરાયો ત્યારે તેની અપ્સરા માએ આવીને શાપ દીધો હતો ( જુવો પાછળ પૃ. ૮૬ ) કુમારપાળના મનમાં આ વાત વશી રહી હતી. તે અથડાઇને ઘણો અનુભવી થયો હતો. હેમાચાર્યના ઉપર તે ઉપકાર બુદ્ધિથી જોતો હતો. તેનાં વચન ઉપર તેની શ્રદ્ધા હતી, તોપણ પોતાના બાપદાદાના વંશમાં ચાલતો આવેલો શૈવ ધર્મ તેણે છાડેલો જણાતો નથી. તેણે પ્રભાસપાટણમાં સોમનાથ મહાદેવના દેરાનો જીર્ણોદ્ધાર કરાવ્યો. હેમચંદ્ર પણ દ્વયાશ્રયના છેલ્લા સર્ગના ૧૦૧મા શ્લોકમાં કેહેછે કે, શંભુએ કુમારપાલને સ્વપ્નમાં દેખા દઇને કહ્યું કે હું તારા પુરમાં આવીને વસવા ઇચ્છુંછું. તેથી તેણે કુમારપાળેશ્વર નામનું દેવાલય બંધાવ્યું. વળી એજ સર્ગના શ્લોક ૯૦, ૯૧, ૯૨ આદિથી જણાયછે કે, ખસના રાજાએ કેદારેશ્વરનો પ્રાસાદ ભાગી નાખ્યાની વાત જાણવાથી તેણે પોતાના અમાત્ય વાગ્ભટને કહ્યું કે તારી ભક્તિ જેમ મારા પ્રતિ છે તેમ મારી ભક્તિ પણ અતિ ઉત્તમ એવા શ્રી શંભુ ઉપર છે, તે ખંડિત મંદિરમાં પડયા છે ને હું મારી મોહેલાતમાં બેઠો છું તેનું મારે પ્રાયશ્ચિત કરવું પડશે માટે સૂતાર, મજુર સહિત એક નેતા ધન આપીને મોકલો અને સત્વર દેવાલય બંધાવી દ્યો. આવા શ્રદ્ધાલુ રાજાને દેવી ઉપર પણ આસ્તા હોય એ સ્વાભાવિક છે. રાજાએ ધર્મના વિષય માટે તટસ્થ રેહેવાની અગત્ય છે, પોતાની પ્રજામાં જૂદા જૂદા ધર્મના મત ચાલતા હોય તે સર્વેને માન આપવાની તેને અગત્ય રેહેછે. પોતાની શ્રદ્ધા જે મત માનવા ઉપર વિશેષ હોય તે ઉપર તે ભલે વિશેષ શ્રદ્ધા રાખે પણ તેથી બીજા મતવાળાને તેણે તોડી પડાય નહિ. વળી જૂદા જૂદા મતના ધર્મનિયમ ઘણાખરા તો સામાન્ય હોય છે. જીવહિંસા કરવી એ આર્યધર્મ માનનારા સર્વને કમકમાટ ભરેલું લાગેછે ધર્મને બાહાને જીવહિંસા થતી હોય તે સારી લાગતી નથી તેમાં વળી જિનધર્મ ઉપર શ્રદ્ધા બેઠેલી એવા કુમારપાળને તે અપ્રિય હોય એ તો દેખીતુંજ, છે. એક સમયે નવરાત્રના દિવસમાં કંટેશ્વરી આદિ દેવિયોના મંદિરમાં સાતમ આઠમ અને નવમીને દિવસે પશુનું બલિદાન આપવાને પૂજારિયો કેહેવા લાગ્યા પણ તેમ કરવાનો રાજાનો અભિપ્રાય નથી. આ વિષેનું વિસ્તારથી વિવેચન કુમારપાળપ્રબંધ તેમજ ચતુર્વિંશતિપ્રબંધમાં આપેલું છે તેથી જણાયછે કે, જેટલાં પ્રાણીનું બળિદાન આપવાનું હતું તેટલાં પ્રાણી માતાના સ્થાનકોમાં બંધાવ્યાં અને જણાવ્યું કે જો દેવીને તેમનો ભોગ લેવાનો હશે તો પોતાની મેળે લેશે, પણ તેમ તો થયું નહિ એટલે જીવતાં રહેલાં સર્વે પશુને વેચી નાંખત તેનાં નાણાં આવ્યાં તેમાંથી કર્પૂરાદિનું નૈવેદ્ય માતાને કરાવ્યું, આમ છતાં પણ આ શ્રદ્ધાલુ રાજાના મનમાં ઘડભાંગ થયેલી જણાયછે. તેના મનમાં અજંપો ર-

તેની અસર થવાનો પ્રારંભ થવા માંડયો, અને રાજાને કોઢનો દુષ્ટરોગ થવા લાગ્યો. આ વેળાએ હેમચંદ્રનું ચોરાશી વર્ષનું વય થયું એટલે

---

હેલો હોવાથી દશમને દિવસે ઉપવાસ કરી ધ્યાનમાં બેઠો હતો તેવામાં કંટેશ્વરી દેવિયે આવીને તેને પ્રત્યક્ષ દર્શણ દીધાં અને તે ત્રિશૂલધારી દેવી બોલી કે ! હે ચૌલુકય ! હું તારી કુલદેવી કંટેશ્વરી છું, તારા પૂર્વજો પરાપૂર્વથી મને બલિ આપતા આવ્યા છે તેમ છતાં તું તેમ કેમ કરતો નથી? તારે તો જીવ જતા સુધી પણ કુલદેવીનું અને કુલક્રમાચારનું ઉલ્લંઘન કરવું જોઈયે નહિ. આવું સાંભળી રાજા બોલ્યો, "હે કુલદેવતે ! વિશ્વવત્સલે ! હું જીવહિંસા કરતો નથી, આપે પણ તેમ કરવું ના જોઈયે કેમકે દેવતા પણ દયાથી પ્રસન્ન થાયછે ! આપે મને જીવદયાના કામમાં સાહાય થવું જોઈયે. મેં આપને કર્પૂરાદિ ભોગ આપ્યો છે તેથીજ આપે સંતુષ્ટ રેહેવું જોઇયે." તેના આવા વચનથી દેવીને કોપ ચડ્યો અને મસ્તકમાં ત્રિશૂલ મારી અંત ત થઈ ગઈ. પણ દિવ્ય ઘાથી રાજાનું આખું શરીર લૂતાગ્રસ્ત થઈ ગયું—કોઢિયું થયું.

સવાર થતાં રાજાએ પોતાના અમાત્ય વાગ્ભટને બોલાવીને માતાના કોપનો સર્વ વૃત્તાન્ત કહી સંભળાવ્યો.

તેણે આત્મરક્ષણ કરવાનું વિસ્તારથી વિવેચન કરી સંભળાવી કહ્યું કે, જમે તે પ્રકારે આત્મરક્ષા કરવી માટે તે થતી હોય તો દેવિયોને પશુ અર્પણ કરવાં. કુમારપાળે કહ્યું કે મેં દયામય ધર્મનું નિર્માણ કરયું છે, હવે મને કશાની ન્યૂનતા રહી નથી તો હવે હું પાપકર્મ કરનારો નથી. અને એવું કર્મ ને કરયું તેથી હું લૂતારોગગ્રસ્ત થયો એ વાત મને રૂચતી નથી. તેથી હું તો સવાર થતા પેહેલાં બળી મરીશ માટે ચંદનની ચિતા તૈયાર કરાવો. વાગ્ભટે વિનતિ કરી કે આ વાત આપણે હેમાચાર્યને જણાવવી અને તે શી સલાહ આપેછે તે જોવું એકાએક સાહસ કરવું નહિ. હેમચંદ્રે પાણી મંત્રીને આપ્યું તે શરીરે ચોપડયું તથા થોડું પીધું તેથી લૂતારોગ એકદમ મટી ગયો અને આગળના જેવું દેદીપ્યમાન શરીર થઈ ગયું.

કુમારપાળપ્રબંધમાં બીજે સ્થલે એમ છે કે, એક વાર કુમારપાળ પોતાના પલંગમાં પોઢયો હતો તેવામાં તેને શ્યામ અંગ અને ક્રૂર રૂપ ધારણ કરેલું એવી એક દેવી પ્રત્યક્ષ થઇ અને કેહેવા લાગી કે, "હું લૂતારોગની અધિષ્ઠાત્રી દેવી છું અને તારા વશમાં પૂર્વે થયેલા શાપને લીધે તારા અંગમાં પ્રવેશ કરવા આવી-છું." આટલું બોલી તે અદૃશ્ય થઈ ગઈ અને રાજાને મહાવ્યથા થવા લાગી, તથા તેને બયડે રાઈના કણ જેવડી એક ફોલ્લી થઈ તેના ઘણા ઉપાય કરયા પણ શાન્તિ થઈ નહિ, એટલે હેમચંદ્ર બોલ્યા કે આ રોગમાં મંત્ર અને ઔષધીનો પ્રભાવ ચાલે એમ નથી.

**भावो भावी भवत्येव, नान्यथा सोऽमरे रपि,**
**पूर्वं कामल देव्यायत्, शापितो मूलभूपति.**

જે ભાવીભાવ હોય છે તે બન્યા જાયછે, દેવતાને પણ અન્યથા થતા

તેણે જાણ્યું કે હવે મોત પાસે આવ્યું તેથી યમના તેડાની ખબર પડે એ-ટલા માટે સંથારો લીધો ( અન્ન જળ તજ્યું ) ત્યારે રાજાએ અત્યંત ખેદ બતાવ્યો તે ઉપરથી હેમચંદ્રે કહ્યું કે "હવે તમારો આવરદા છ મહિ-નાનો બાકી રહેલો છે; તમારે કુંવર છે નહિ; માટે તમે પણ કૃતાર્થ કરો." આ પ્રમાણે પોતાના રાજવંશી શિષ્યને ઉપદેશ કરીને હેમચંદ્રે દેહ છોડયો. રાજા ભાવથી પગે લાગ્યો ને ખેદ પામી મહા આચાર્યની દહનક્રિયા કરી. અને તેણે તથા તેના સામંતોએ ચિતાની અનુપમ પવિત્ર રાખ કપાળે ચોપડી ઘણા દિવસ સુધી શોક પાળ્યો અને રાજાએ લૌકિક કામ કાજ છોડી દઇને ત્યારથી ધ્યાન કરવા માંડયું. છેવટે તેનો આત્મા શરીર દ્વારમાંથી નીકળીને સ્વર્ગે ગયો.

વઢવાણનો સાધુ ( મેરૂતુંગ ) આ પ્રમાણે વૃત્તાન્ત લખેછે, પણ મહા હેમચંદ્રના મરણ વિષેની જૈન અથવા બ્રાહ્મણોની અદ્‌ભુત દંત-કથાઓ ચાલેછે.

---

નથી; પૂર્વે કામલ દેવિયે મૂળરાજને શાપ દીધો હતો તેનો આ વિપાક છે. પણ એના નિવારણનો એક ઉપાય છે તે એ કે, બીજાને રાજ્ય આપવામાં આવે તો રાજાને કુશળ થાય, માટે (ततोऽस्माकमेव राज्य मस्तु.) ભલે મને જ રાજ્યની પ્રાપ્તિ થાઓ કેમકે જગત્‌માં અભયદાન જેવું બીજું એકે નથી. એમ કહી,

**( श्री गुरुः सर्व संमतेन राज्ये स्वयमुपविष्टः**
**तत्क्षणमेव राज्ञो व्यथा सूरि शरीरे संक्रांता )**

શ્રી હેમાચાર્ય ( ગુરૂ ) સર્વની સંમત્તિથી રાજ્યાસન ઉપર બેઠા અને તે જ ક્ષણે રાજાની વ્યથા સૂરિના શરીરમાં પ્રવેશ થઈ. રાજાને આ જોઇને ઘણો ખેદ થયો પણ કેહેછે કે સૂરિએ એક પાકું કોહોળું મંગાવી તેમાં પ્રવેશ કરીને લૂતાને ત્યાં મૂકી દીધી. અને કોહોળાને હવડ કૂવામાં નાંખી દેવરાવ્યું." અજયપાળ કેવો હતો એ સર્વેના જાણવામાં હતું તેથી કુમારપાળ પછી ગાદિયે કોણ બેસશે એ ભાંજગડનો નિવેડો આણવાને આ એક સારો ઉપાય યોજાયો હતો. પણ આવું કૃત્ય જીર્ણ થઈ શકે નહિ. હેમચંદ્ર પ્રથમ જ દેવલોક પામ્યો અને ત્યાર-પછી કુમારપાળદેવ થયો. ઉપર વાગ્ભટનું નામ અમે આપ્યું છે તેને બદલે ઉ-દયનમંત્રીનું નામ કેટલાક આપેછે પણ અમે જે સંસ્કૃત પ્રતિ જોઇ છે તેમાં વાગ્ભટનું નામ છે અને તે અમને ખરૂં લાગેછે કેમકે આ સમયે તો ઉદયન દેવલોક પામ્યો હતો અને તેની જગ્યાએ તેનો પુત્ર વાગ્ભટ—વાહડ અથવા બા-હડ કેહેવાતો તે થયો હતો.

ર. ઉ.

બ્રાહ્મણોના વૃત્તાન્તમાં લખેછે કે કુમારપાળ મેવાડના રાજાની કુંવરી સિસોદિણી વેરે પરણ્યો હતો. જ્યારે તેને પરણવાને ખાંડું મોકલ્યું ત્યારે તે કુંવરીના જાણવામાં આવ્યું કે રાજાને એવો નિયમ છે કે રાણિયોએ પ્રથમ હેમાચાર્યને અપાસરે જઇને જૈન ધર્મની દીક્ષા લીધા પછી દરબારમાં પેસવું. આ ઉપરથી રાણિયે પાટણ જવાની ના કહી, ને કહ્યું કે મને આચાર્યને અપાસરે મોકલવામાં નહિ આવે એવી ખાતરી કરી આપો તો હું આવું. ત્યારે કુમારપાળનો દસોંદી ભાટ જયદેવ કરીને હતો તે વચ્ચે જામીન થયો એટલે રાણિયે અણહિલપુર જવાની હા કહી તેને આવ્યાને કેટલાક દિવસ વિત્યા પછી હેમાચાર્યે રાજાને કહ્યું કે સિસોદિણી રાણી કદિ મારી પાસે આવ્યાંજ નથી. તે ઉપરથી કુમારપાળે તેને જવાનો આગ્રહ કરયો; પણ તેણે ના કહી. પછી રાણી માંદી પડી ત્યારે ભાટની સ્ત્રિયો તેને જોવાને ગઈ. ત્યાં તેની વાત સાંભળીને તેઓએ પોતાના જેવો તેને પોશાક પેહેરાવીને છાનીમાની પોતાને ઘેર તેડી આણી, રાત્રે ગઢની ભીંત ભાટે કોચી ને ત્યાંથી રાણીને લઈ ચાલ્યો, આ વાત જ્યારે કુમારપાળ રાજાના જાણવામાં આવી ત્યારે બે હજાર ઘોડું લઇને તેના ઉપર ચડયો. ઇડર દશ ગાઉ રહ્યું ત્યાં આગળ પે'લાં નાશી જનારાંને રાજાએ ઝાલી પાડ્યાં. ત્યારે ભાટે રાણીને કહ્યું કે "જો તમે ઇડરમાં જઈ પોહોંચો એમ હોય તો ઉગરાય. મારી પાસે બસેં ઘોડું છે. જ્યાં સુધી અમારામાંનું એક પણ માણસ રેહેશે ત્યાં સુધી અમે કોઈનો હાથ અડકવા દઈશું નહિ." એ પ્રમાણે કહીને સામા ચડી આવેલા ભણી તે ફરયો; પણ રાણીની હિંમત ચાલી નહિ, એટલે તેણે પોતાના રથમાં આપઘાત કર્યો, ત્યારે દાસી બોલી ઉઠી કે હવે લડીને શું કરોછો, રાણી તો ક્યારનાંય મરી ગયાં છે. પછી કુમારપાળ અને તેની ફોજ ઘર ભણી પાછી વળી.

જયદેવ ભાટે જાણ્યું કે મારી લાજ ગઈ માટે હવે મારે જીવવું નહિ. તે સિદ્ધપુર ગયો, અને પોતાની નાતના લોકોને કંકોતરિયો મોકલી કે "આપણી નાતની પ્રતિષ્ઠા લઈ લેવામાં આવી; માટે જેઓ મારી સાથે બળી મરવાને રાજી હોય તેઓએ તૈયાર થવું." પછી ત્યાં શેલડીનો ઢગલો કરયો, અને જેઓ પોતાની સ્ત્રી સહિત બળી મરવાના હતા તેમણે બબ્બે ઝંડા (સાંઠા) લીધા; અને જે એકલા બળવાના હતા તેમણે દરેકે એકેકો

લીધો; તેમણે ચિતા અને ઝમોર ખડકી. પેહેલી ઝમોર સિદ્ધપુરમાં સરસ્વતીની તીરે કરી. બીજી પાટણથી એક તીરવાહને છેટે કરી, ને ત્રીજી તે નગરના દરવાજાની પાસે ખડકી. પછી અકેકી ઝમોરમાં સોળ સોળ ભાટ પોતાની સ્ત્રિયો સુધાંત બળી મૂવા જયદેવનો ભાણેજ કનોજ હતો. તેને પણ કંકોતરી મોકલી હતી, પણ તેની માએ તેને પોહોંચાડી ન હતી, કેમકે તેને તે એકનો એકજ હતો; તથાપિ ભાટનો ગોર ઝમોરની રાખની ગુણો ભરીને ગંગામાં નાખવાને નીકળી ચાલ્યો તે કનોજ આવ્યો ત્યાં જયદેવનો ભાણેજ નાકાદાર હતો તેણે જાણ્યું કે માલ લઈ જાયછે તેથી દાણ માગ્યું એટલે બ્રાહ્મણે જે માલ હતો તેનું નામ લીધું એટલે ભાટે વધારે પૂછપરછ કરી ત્યારે જે નિપજ્યું હતું તે સર્વ કહી સંભળાવ્યું. પછી તે પોતાનું કુટુંબ એકઠું કરીને તેમને પાટણ લઈ આવ્યો અને કેટલીક ઝમોર ખડકોને સર્વે બળી મુવાં. એક સ્રીને તરતજ એક પુત્ર પ્રસવ્યો હતો તે ગોરને સોંપીને પોતાના ધણીની સાથે બળી મોઈ; અને હાલમાં પાટણ પરગણામાં ભાટ છે તેઓ કેહેછે કે અમે એ છોકરાની પ્રેજા છિયે.

શંકરાચાર્ય અણહિલપુર પાટણમાં આવ્યા તે આ વૃત્તાન્ત સાંભળીને જ આવ્યા ને તે પેહેલાં પણ બ્રાહ્મણ અને જૈન સાધુઓ એકબીજાનો ધિક્કાર કરયાં કરતા હતા. આ વેળાએ જૈન સાધુ એક લક્ષ હતા. એક દિવસે કુમારપાળ રાજા સુખપાલમાં બેશીને ચૌટા વચ્ચે થઇને જતો હતો તે વેળાએ હેમાચાર્યના એક શિષ્યને તેણે પૂછ્યું કે, "મહારાજ! "આજે શી તિથિ થઈ?" તે દિવસે અમાસ હતી પણ ભૂલથી જતિથી પૂનમ કહી જવાઈ. તે વાત પાસે બ્રાહ્મણો હતા તેમના સાંભળવામાં આવી એટલે હશી પડ્યા ને જતિની મશ્કરી કરી બોલ્યા કે એ મૂંડિયો તે શું જાણે? આજે તો [1]અમાસ થઈ.

---

૧ કુમારપાળ પ્રબંધમાં એમ છે કે, રાજાએ હેમચંદ્ર સૂરિને પૂછ્યું કે આજે કઈ તિથિ થઈ; ઉત્તરમાં સૂરિ અમાસને બદલે પૂનમ છે એમ બોલી ગયા. આવું સાંભળી દેવબોધિયે હાસ્યમાં કહ્યું કે જયારે સૂરિ આમ બોલેછે ત્યારે લોકોના સદ્ભાગ્યથી આજે પૂર્ણિમા જ થશે. સૂરિ કેહેછે કે રાત્રે બધું જણાઈ રેહેશે. આ ચમત્કારની ખાતરી કરવા માટે એક ઘડીમાં એક યોજન (ચાર ગાઉ) ચાલે એવી સાંઢણી ઉપર સવાર કરીને પૂર્વ દિશા ભણી માણસો

આવું સાંભળીને કુમારપાળે ઘેર જઇને હેમચંદ્રને તેડું મોકલ્યું. ને એક મુખ્ય બ્રાહ્મણને પણ બોલાવ્યો. તેવામાં જ હેમાચાર્યનો શિષ્ય અપાસરે જઈ પોહોંચ્યો અને ઘણો શરમીંદગો તથા શોકાતુર થઈ ગયો, તે ઉપરથી આચાર્યે પૂછ્યું કે શું થયું છે? ત્યારે જે નીપજ્યું હતું તે તેને કહી સંભળાવ્યું એટલે આચાર્યે કહ્યું, કાંઈ ચિંતા કરીશ નહિ, એવી વાત થાયછે એટલામાં તો રાજાનું તેડું આવી પોહોંચ્યું ને હેમાચાર્ય તેની સાથે દરબારમાં ગયા કુમારપાળે પૂછ્યું કે આજે શી તિથિ થઈ. બ્રાહ્મણે કહ્યું કે આજે તો અમાસ થઈ; પણ હેમચંદ્રે કહ્યું કે પૂનમ થઇ. બ્રાહ્મણોએ કહ્યું કે, "એનો નિર્ણય રાત પડશે ત્યારે થશે, જો પૂનમ હશે તો આખો ચંદ્ર દેખાશે ને અમે સર્વે બ્રાહ્મણો આ રાજ્ય છોડીને જઈશું; પણ જો ચંદ્ર ઉગે નહિ તો જતિયોને કાહાડી મૂકવા" હેમચંદ્રે આ ઠરાવ માન્ય કરયો ને અપાસરે ગયો, તેને એક જોગણી પ્રસન્ન થઈ હતી તેની સાધના કરી એટલે તેણે એવું આવરણ કરી દીધું કે ખરેખરો પૂર્વમાં ચંદ્ર ઉગ્યો છે એમ સર્વને લાગ્યું. આવો બનાવ બન્યો તેથી બ્રાહ્મણો હારયા એવું ઠરી ચૂક્યું ને તેઓએ રાજ્ય છોડીને જવું એમ ઠર્યું.

ભાટોની વાતથી અણહિલવાડ ભણી શંકરાચાર્યનું* મન ખેંચાયું હતું તે આ પ્રસંગે સિદ્ધપુર આવી પોહોંચ્યા. બ્રાહ્મણોએ જાણ્યું કે સવારમાં તો આપણે રાજ્ય છોડીને નીકળી જવાનું છે એટલે રતોવાઈ તેમને પાટણ તેડાવ્યા. સવારમાં કુમારપાળે બ્રાહ્મણોને બોલાવ્યા અને આજ્ઞા કરી કે રાજ્ય છોડીને જાઓ. શંકરસ્વામી આગળ આવીને બોલ્યા, "કોઇને રાજ્ય છોડી કાહાડી મૂકવાની શી અગત્ય છે? આજે નવ ઘડી જતાં સમુદ્ર પોતાની મર્યાદા છોડીને આખા દેશ ઉપર ફરી વળશે; આવું

---

મોકલ્યાં. કેહેછે કે હેમાચાર્યે પૂર્વે શ્રી સિદ્ધચક્ર મંત્રના દેવતાએ આપેલો ઉત્તમ પ્રયોગ કરયો તેથી પૂર્વ દિશામાં સંધ્યાકાળે ચંદ્રનો ઉદય થયો તે પરોઢિયે પશ્ચિમ દિશામાં અસ્ત પામ્યો. આ ચમત્કાર જોવાને મોકલેલા માણસોએ પણ આવીને વૃત્તાન્ત નિવેદન કરયો તેથી સર્વને આશ્ચર્ય લાગ્યું.

ર. ઉ.

* મૂળ શંકરાચાર્ય થઈ ગયા તે નહિ પણ તેમના થતા આવેલા શિષ્ય દેવબોધાચાર્ય. ર. ઉ.

સાંભળીને રાજાએ હેમાચાર્યને બોલાવીને પૂછ્યું કે સન્યાશિયે પ્રલય થવાનું ભવિષ્ય વર્ત્યું છે તે પ્રમાણે થશે કે નહિ? હેમાચાર્યે કહ્યું કે, એમ બનનાર નથી. એમ કહી જૈન મતનો અભિપ્રાય કહી બતાવ્યો કે, જગતને ઉત્પન્ન કર્યું નથી ને તે નાશ પામવાનું નથી. શંકરસ્વામી બોલ્યા કે, "ઘડી માંડો ને શું થાયછે તે જુવો." ઘડી માંડીને ત્રણે જણ પાસે બેઠા જ્યારે નવમી ઘડી થવા આવી ત્યારે તેઓ મેહેલને ઉપલે મેડે ચડ્યા અને પશ્ચિમ ભણીની બારીમાંથી જોયું તો દરિયાના મોજા ઝડપથી ધશી આવતા દેખાયા. નગરના સર્વ લોક બૂડી મુવા ત્યાં સુધી ઉપરાઉપરી મોજા આવવા લાગ્યા. રાજા અને બન્ને ધર્માચાર્ય તેમ તેમ ઉંચા જવા લાગ્યા. પણ પાણી તો તેમના ઉપર ચડી આવવા લાગ્યું. છેવટે તેઓ છેલ્લામાં છેલ્લે સાતમે માળે ગયા. ને નીચે જોયું તો આખું નગર, ઊંચામાં ઊંચાં ઝાડ, દેવાલયનાં શિખર એ સર્વ પાણીમાં બૂડી ગયાં ને સર્વ ઠેકાણે કશું નહિ પણ જળજળમય થઈ ગયું. કુમારપાળે ગભરાઇને શંકરસ્વામી ભણી જોઇને કહ્યું કે ઉગરવાનો કાંઈ ઉપાય છે? તેણે કહ્યું, "પશ્ચિમદિશા-"માંથી એક હોડી આવશે તે આ બારી આગળ થઇને જશે. તેમાં જે કૂદી "પડશે તે ઉગરશે." ત્રણે જણ કેડો બાંધીને હોડીમાં કૂદી પડવાને તૈયાર થઈ રહ્યા. તરતજ આઘે એક હોડી જણાઈ; તે પાસે પાસે આવવા લાગી, ત્યારે શંકરસ્વામિયે રાજાનો હાથ ઝાલીને કહ્યું કે, આપણે એક બીજાને હોડીમાં ઉતારવાને આશ્રય આપવો. તે બારી આગળ આવી પોહોંચી. રાજાએ તેમાં કૂદી પડવાનો યત્ન કરવા માંડ્યો, પણ સ્વામિયે તેને પાછો ખેંચી રાખ્યો. હેમાચાર્ય બારિયેથી કૂદી પડ્યા. દરિયો ને હોડી એ સર્વ કાર્મિક હતુ તેથી તે નીચે ફરસબંદી ઉપર પડ્યા ને ભેચા નીકળી ગયા. જૈન ધર્મ પાળનારાઓને કતલ કરવાનું કામ ચાલ્યું; પછી કુમારપાળ શંકરસ્વામીનો શિષ્ય થયો.

અમે હવે જૈનની વાત લખિયેછિયે, તેમાં બ્રાહ્મણોના આચાર્ય વિષે મુખ્યત્વે કરીને આવેછે, એ વાત કોઈ જેવા તેવા પાસેથી મળેલી નથી પણ જૈન ધર્મની એક પુનમિયા[1] શાખાના શ્રીપૂજ નામે ઉમેદચંદજી અથવા ઉમેદપ્રભાસૂરિ કરીને પાટણમાં છે તેની પાસેથી મળેલી છે.

---

૧ અમાસને પૂનમ કેહેનાર શિષ્યોના જે શિષ્ય થયા તે પૂનમિયા ગચ્છના કેહેવાયા. ર. ઉ.

સૂરિ કેહેછે કે દંડિયો જોગી,[1] હેમાચાર્યને શાસ્ત્રવાદ કરીને જીતવાનો યત્ન કરવા સારૂ કર્ણાટકમાંથી આવ્યો. તે આ અણહિલવાડ નગરમાં કેટલાક દિવસ સુધી રહ્યો, અને પોતાની ઈચ્છા પૂર્ણ કરવાને ઘણા ઉપાય કરયા પણ કશાથી વળ્યું નહિ. હેમાચાર્યને બે મુખ્ય શિષ્ય હતા, એક [2]રામચંદ્ર ને બીજો બાળચંદ્ર; તેમાં બાળચંદ્ર તેને ઓછો ગમતો

---

૧ શંકર સ્વામી, હાથમાં દંડ ગ્રહણ કરેછે તેથી તે દંડી કેહેવાયછે તેને બદલે ધિઃકાર બતાવાં તેમને દંડિયો જોગી કહ્યો છે.

૨ કુમારપાળ પ્રબંધ અને ચતુર્વિંશતી પ્રબંધ ઉપરથી જણાયછે કે, હેમચંદ્રના ગચ્છમાં વિરોધ પેઠો હતો. રામચંદ્રમુનિ ઘણો વિદ્વાન્ હતો, તેણે પ્રબંધશત, નિર્ભય ભીમવ્યાયોગ આદિ પુસ્તકો રચેલાં છે. તે હેમસૂરિનો શિષ્ય હતો. ગુણચંદ્રમુનિ જે દેવસૂરિનો શિષ્ય હતો અને જેણે તત્ત્વ પ્રકાશિકા તથા હેમવિભ્રમસૂત્ર ટીકા ગ્રંથ રચેલા છે એ આદિનો એક પક્ષ હતો; તેમજ બાળચંદ્ર સામા પક્ષમાં હતો. તેણે કુમારપાળના ભત્રિજા અજયપાળ સાથે મૈત્રી કરી હતી. એક સમયે કુમારપાળ, હેમચંદ્ર, અને આહડ રાત્રની વેળાએ ગુપ્ત વિચાર કરવા લાગ્યા કે, પછવાડે ગાદીનો વારસ કોને કરવો. હેમચંદ્રે કહ્યું કે પ્રતાપમલ્લ તમારો ભાણેજ છે (ઘણુંકરીને તેની કુમારી લીલૂનો પુત્ર) તેને ગાદીપતિ કરવા તો તે ધર્મનું રક્ષણ કરશે. અજયપાળ દુરાશયી, અસત્યવાદી, અને અધર્મી છે. રાજનીતિમાં કહ્યું છે કે, ધર્મશીલ, ન્યાયી, પાત્રદાતા, ગુણાનુરાગી, અને પ્રજાવત્સલ રાજા હોય તે રૂડી રીતે રાજ્ય કરી શકે. અજયપાળ તમારાં કરાવેલાં ધર્મસ્થાનકોનો નાશ કરાવે એવો છે. આ વાત બાળચંદ્રના સાંભળવામાં આવી એટલે તેણે અજયપાળને કહી દીધી, અને કુમારપાળે પ્રતાપમલ્લને ગાદિયે બેસાડવાની તજવીજ ચલાવી તે ઉપરથી રાજ્યમા ખટપટ ઉઠી. અજયપાળે કોઈ દુષ્ટના હાથે રાજાને ઝેર દેવરાવ્યું, તેથી તેને કંપ થયો. રાજા સમજી ગયો કે મને ઝેર દીધું, તેથી વિષ ઉતારનારી છીપ જે મલ્લિકાર્જુનના ભંડારમાંથી બાહડ લઈ આવ્યો હતો તેનું સ્મરણ થયું અને તપાસ કરાવ્યો તો જણાયું કે અજયપાળે તે છીપ પણ ચોરી લીધી છે. પ્રબંધચિન્તામણિમાં તો એમ છે કે, હેમાચાર્યે પોતાનું આયખુ ૮૪ વર્ષનું વર્ત્યું હતું તે પ્રમાણે અવસર આવ્યો એટલે અનશન કરી અંતકાલ સમયે કરવાની આરાધના ક્રિયા કરવા માંડી, તે જોઈ કુમારપાળને ઘણો ખેદ થયો ત્યારે તે બોલ્યો કે, હે રાજન્! તમે કલેશ શું કરવા કરોછો, તમારૂં આયખુ પણ છ માસ પછી પૂરૂં થવાનું છે માટે તમે પણ જીવતાં ઉત્તરક્રિયા કરી લ્યો. એમ બોધ કરતો તે મરણ પામ્યો. કુમારપાળે પછવાડે ઘણો શોક કરયો, અને જ્યારે પોતાનો અવધિ આવ્યો ત્યારે, હેમચંદ્રે સમજાવેલા વિધિ પ્રમાણે તે સમાધીસ્થ થઈ, દેવલોક પામ્યો. આ ઉપરથી તો એમ જણાયછે કે બેમાંથી એકેયને કોઈયે ઝેર દેઈ મારી નાખ્યા નથી પણ સ્વાભાવિક પોતે મુવા છે. ર. ઉ.

હતો. આ સમયે હેમાચાર્યની સૂચનાથી કુમારપાળ રાજા પારસનાથનું દેરાસર બંધાવતો હતો. દેરાસર તૈયાર થાય ત્યારે બાળચંદ્રે વચમાં અડચણ નાંખવાનો મનસુબો કરી રાખ્યો. પારસનાથની પ્રતિષ્ઠા કરવાનું મુહૂર્ત્ત હેમાચાર્યે નક્કી કરી રાખ્યું ને બાળચંદ્રને કહ્યું કે ઘડી માંડીને વેળા થાય એટલે કેહેવું. તેણે દગો કરીને અશુભ વેળા બતાવી તેથી પરિણામ એ થયો કે દેરાસરમાં આગ લાગી ને ઘણું ખરૂં નાશ પામ્યું. આ દુ:ખદાયક સમાચાર સાંભળીને હેમાચાર્ય જે વૃદ્ધ થઈ ગયા હતા તેમના મનને ઘણો ધક્કો લાગ્યો. કુમારપાળે આવીને દેરાસર ફરી બાંધવાની તેને સલાહ પૂછી, ત્યારે ધર્માચાર્યે કહ્યું કે, "હવે ફરી શા સારૂં બાંધવું." તમારે ને મારે હવે જીવવાના [1]છ૭ મહિના રહ્યા છે." રાજા ઘણું આશ્ચર્ય પામ્યો ને તે મનસુબો જવા દીધો.

પછી તરતજ એક વાર રામચંદ્ર કંઈ કામે ગયો હતો તેથી શ્રાવકને ઘેર વેરવા હેમાચાર્યે બાળચંદ્રને મોકલ્યો. બાળચંદ્ર જેવો વેરવા જતો હતો તેવો તેને દંડિયો જોગી મળ્યો. તેણે પૂછ્યું કે તું આવો

---

૧ કુમારપાળ ગાદિયે બેઠો ત્યારે પચાશ વર્ષનો હોવા પ્રબંધચિંતામણિનો કર્ત્તા કેહેછે. તે આશરે ૩૧ વર્ષ રાજ કર્યા પછી સન ૧૧૭૪ (સંવત્ ૧૨૩૦) માં મરી ગયો. લુતા નામે કોઢથી તે મરી ગયાનું કેહેવાયછે. વળી કુમારપાળ પ્રબંધમાં આપેલ બીજી વાતમાં એમ કહેલું છે કે કુમારપાળને તેના ભત્રીજા અને તેના પછી ગાદિયે બેસનાર અજયપાળે કેદ કીધો. કુમારપાળ પ્રબંધમાં કુમારપાળનું રાજ્ય બરોબર ૩૦ વર્ષ ૮ માસ અને ૨૯ દિવસ ચાલ્યું એમ કહેલું છે. કુમારપાળના અમલનો પ્રારંભ સંવત્ ૧૧૯૯ (ઈ. સ. ૧૧૪૩) ના માગશર શુદિ ૪ થી ગણાય તો કાર્તિક શુદિથી બેસતું વર્ષ ગણતાં સંવત્ ૧૨૨૯ ના ભાદ્રપદમાં તેના રાજ અમલના અંતની તારીખ થશે અને ગૂજરાતી પંચાંગ પ્રમાણે આષાઢથી બેસતું વર્ષ ગણિયે તો તેના રાજઅમલના અંતની તારીખ સંવત્ ૧૨૩૦ ના ભાદ્રપદમાં થશે. સંવત ૧૨૨૯ અને ૧૨૩૦ એમાં ખરૂં વર્ષ કયું તે વિષે શક છે. કારણ કે ભિલ્સા પાસે ઉદયપુરમાં સંવત્ ૧૨૨૯ વૈશાખ શુદ ૩ ના લેખમાં એ સાલમાં અણહિલપુરમાં રાજ્યકર્ત્તા કુમારપાળના ક્રમાનુયાયી અજયપાલને વર્ણવ્યો છે. આથી કુમારપાળનું મૃત્યુ સંવત્ ૧૨૨૯ ના વૈશાખ માસ પેહેલાં એટલે સન ૧૧૭૩ માં થયું હશે. અમારી પાસે એક જૂનું પટ્ટાવલીનું પાનું છે તેમાં સં. ૧૧૯૯ ના કાર્તિક શુદિ ૩ થી તે માર્ગશીર્ષ શુદિ ૪ સિદ્ધરાજની પાદુકા ગાદી ઉપર રાખીને કારભારિયોએ રાજ્ય ચલાવ્યું છે ત્યાર પછી સં. ૧૨૨૯ ના પોષ શુદિ ૧૨ સુધી કુમારપાળે વર્ષ ૩૦, માસ ૧, અને દિવસ ૭ રાજ્ય કરયું લખ્યું છે અને વિચારશ્રેણીમાં પણ એમજ છે. ૨. ઉ.

ઉદાસ કેમ દેખાયછે ? હું જાણું છું કે તારા ગુરૂની તારા ઉપર કૃપા નથી પણ જો તારી ઈચ્છા હોય તો હું તારા ગુરૂને વશીકરણ કરૂં. પછી તે પ્રમાણે બાળચંદ્ર દૂધ લઈ જતો હતો તેમાં તેણે, પોતાની આંગળી ફેરવી અને નખમાં ઝેર ઘાલી રાખ્યું હતું તે તેમાં મેળવી દીધું. શિષ્યે પાછા આવીને હેમાચાર્યને દૂધ ધર્યું, તેમણે તે પીધું ને મરણ પામ્યા. દેરાસર કદિ પૂરૂં થયું નહિ. અને હેમાચાર્યના મરણ પછી ઢંઢિયો ધર્મને હરકત કરવા લાગ્યો.

## કુમારપાળ વિષે વિશેષ વૃત્તાન્ત.

સોમેશ્વર કૃત કીર્તિકૌમુદીમાં નીચે પ્રમાણે લખેછે. મહીમંડળમાં માર્ત્તંડ જેવા સિદ્ધરાજની પછી કુમારપાળ ગાદિયે બેઠો. તે પ્રજારંજિતવાન્ એટલે પ્રજાને પોતાપ્રતિ જેણે અનુરાગી કરી હતી, વળી પૃથુ આદિ પૂર્વે થયેલા રાજાએ પોતાના ગુણની સ્થાપના તેનામાં કરી હતી, તેણે રાજાઓને જેમ બાણુથી જીત્યા હતા તેમ જ વળી લોકપ્રિય એવા પોતાના ગુણવડે પણ જીત્યા હતા. પોતાના પૂર્વજોને પણ ગુણવડે જીત્યા હતા. જેને વીતરાગ ઉપર પ્રીતિ હતી. ઈન્દ્રની પેઠે અમૃતાર્થી હતો, એટલે મૃતના પૈસામાં તમા રાખતો નહતો. તરવારના પાણીથી ન્હાયેલી શૂરવીરોની લક્ષ્મીનું તે ગ્રહણ કરતો હતો. પણ બાષ્પ જળધારાવડે ધોવાયલી કાયરની લક્ષ્મી લેતો નહિ. યુદ્ધપ્રસંગમાં શૂરની સામે પગલાં ભરતો તોપણ તેમની સ્ત્રિયોને પીઠ બતાવતો હતો. એટલે કે તેમના ભણી કુદૃષ્ટિ કરતો નહતો. જાંગલ પતિના હૃદયમાં કુમારપાળનું બાણ ભોંકાયલું હતું તેથી તે શીશકારો ભણી ગયો હતો. કોકણ દેશના રાજાનું ( મલ્લિકાર્જુન ) ચૂડારત્નની પ્રભાથી ચકચકિત થતું, અને ગર્વથી કોઇને નમેલું નહિ એવું માથું તેણે બાણવતી ટૂકડે ટૂકડા કરી નાખ્યું હતું, અને બલ્લાલની પણ તેવી સ્થિતિ કરી હતી. દક્ષિણના રાજાને જીતીને બે હાથી લીધા હતા. દાંતે તરણાં લીધેલા રાજા અને મોંમાં તરણાં લીધેલા પશુઓની જાણે પ્રાર્થનાથી અહિંસાવૃત્ત ધારણ કર્યું હતું.

કુમારપાળ પ્રબંધમાં કુમારપાળના દિગ્વિજય સંબંધી લખતાં કહેછે કે,—

પૂર્વમાં—કુરૂ, સૂરસેન ( મથુરા ), કુશાર્ત, પાંચાલ, વિદેહ, દશાર્ણ અને મગધ આદિ દેશ.

ઉત્તરમાં—કાશ્મીર, ઉડ્ડિયાણ, જાલંધર, સપાદલક્ષ, અને પર્વતપર્યંતના દેશો.
દક્ષિણમાં—લાટ, મહારાષ્ટ્ર, અને તિલંગ આદિ દેશ
પશ્ચિમમાં—સુરાષ્ટ્ર, બ્રાહ્મણ વાહક, પંચનદ, સિન્ધુ અને સૌવીર આદિ દેશ

સાધ્ય કરી લઇને અનેક કોટી દ્રવ્ય લઈ આવ્યો, તે સાથે ૧૧ લાખ ઘોડા, ૧૧૦૦ હાથી, પાંચ હજાર રથ, ૭૨ સામંત અને અઢાર લાખ પાયદલ સહિત તે અણહિલવાડ આવ્યો.

આ દિગ્વિજયના પ્રમાણ વિષે શ્રીવીર ચરિત્રમાં લખ્યું છે કે,—

**आगंगमैंद्री मार्विध्यं योम्यामा सिन्धु पश्चिमाम् ।**
**आतुरष्कं च कौबेरी चौलुक्यः साधयिष्यति ॥**

પૂર્વમાં ગંગા નદી, દક્ષિણમાં વિંધ્યાચળ, પશ્ચિમમાં સિન્ધુ નદી અને ઉત્તરમાં તુર્કસ્થાન સુધીના દેશ કુમારપાળ સાધી લેશે.

કુમારપાળના રાજ્યના વિસ્તાર વિષે દૂર દેશાવરોમાં જે શિલાલેખ છે તે સાક્ષી પૂરેછે.

આરભટ અથવા જેનું પ્રસિદ્ધ નામ આહડ હતું અને જે કુમારપાળનો એક અમાત્ય હતો તેણે રંગાદિક તાબાના સગવાડ ગામનો અર્ધભાગ આપ્યો હતો. એ લેખ ભીલસાની પાસે ઉદયપુરના એક દેવલમાં છે તે શ્રીકુમારપાળના નામનો છે, તે સંવત્ ૧૨૨૨ (ઇ. સ. ૧૧૬૬) નો અક્ષય તૃતિયા, સોમવારનો એટલે વૈશાખ શુદિ ૩ સોમવારનો છે. બીજો લેખ ઉપરના લેખની નીચે છે, તે ઉપરનો નોંધેલો સંવત્ જતો રહ્યો છે પણ પોષ શુદિ ૧૫ ગુરૂવારે જ્યારે ચંદ્રગ્રહણ હતું ત્યારે ઉદયપુરમાં કુમારપાળ **नियुक्त महामात्य श्री जसोधवल** તે વિભાગનો સુબો હોતાં કરણાદો સમસ્તમુદ્રા વ્યાપાર (સહિ શિક્કો કરવાનું કામ) ચલાવતો હતો તેવામાં તેણે દેવશ્રી પ્રીત્યર્થે કાંઇક ધર્મનું કાર્ય કરાવ્યું છે. આ લેખના કેટલાક અક્ષરો જતા રહ્યા છે, તેમ જ છેવટની લીટિયો પણ જતી રહી છે, તેથી યથાસ્થિત વિગત આપી શકાતી નથી. પણ ભાવાર્થ એટલો જ છે કે, કુમારપાળનું તે સ્થાનમાં પણ રાજ્ય હતું. ( પ્રાચીન ગૂજરાત. )

મારવાડમાં જોધપુરની પેટા જાગીર રતનપુરની છે, ત્યાં શેહેરની

બાહાર પશ્ચિમમાં શિવનું જૂનું દેરૂં છે તેના ઘુંમટમાં એક શિલાલેખ છે તે ઉપર સંવત્ નથી પણ તે સંવત્ ૧૧૯૯ થી ૧૨૩૦ સુધીની ગમે તે સાલનો હોવો જોઇયે. આ લેખમાં નીચે પ્રમાણે કથન છેઃ—

સમસ્ત રાજાવળી વિરાજિત મહારાજાધિરાજ પરમ ભટ્ટારક પરમેશ્વર નિજભુજ વિક્રમ રણાંગણ વિનિર્જિત........પાર્વતીપતિવર લબ્ધ પ્રૌઢ પ્રતાપ શ્રીકુમારપાળદેવ કલ્યાણવિજયરાજ્યે........રત્નપુર ચોરાશીના મહારાજ ભૂપાળ શ્રીરાયપાળદેવ થકી પ્રાપ્ત થયેલું છે મહા આસન (ગાદી) એવા શ્રીપૂનપાક્ષદેવ તેમની મહારાણી શ્રીગિરિજાદેવિયે અમાસ પર્વણીને દિવસે તથા શ્રેષ્ઠ તિથિએ પ્રાણીહિંસા કરવી નહિ એવું અભયદાન (અમારિદાન—પ્રાણી નામ અભયદાન) આપ્યું. એટલે પ્રતિપક્ષની અગિયારશ, ચૌદશ, અને અમાવાસ્યા અને બીજી શ્રેષ્ઠ તિથિ હોય તે વેળાએ જીવહિંસા ન થવા, સંસાર અસાર છે એમ જાણી ઠરાવ કરયો. તે સાથે વળી ઉપર જણાવેલી તિથિઓએ જીવ છોડાવવાને માટે ઉપજ થવા માટે ભૂમિદાન કર્યું, તથા એમ પણ ઠરાવ્યું કે એ તિથિઓએ જે જીવહિંસા કરશે તેનો ૪ દ્રમ દંડ કરવામાં આવશે. નડૂલપુર (નાડોલપુર) વાસી પ્રાગ્વાટ વંશનો શુભંકર નામે જે સુશ્રાવક સાધુ ધાર્મિક હતો તેના બે પુત્ર નામે પૂતિગ અને સાલિગ છે તેમની હસ્તક જિવહિંસા ન કરવાનું શાસન પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. સ્વહસ્ત શ્રીપૂતપાક્ષદેવસ્ય લિખિતમિદં પારિ૦ લક્ષ્મીધર સુત ઠ. જસપાલેન પ્રમાણું ઇતિ.

મારવાડમાં બાડમેર તાબાના હાથમોની પાસે કેરાડુ ગામ બારમેડથી આશરે દશ ગાઉપર છે ત્યાં ઘણાં જીર્ણ દેવલ અને ઘરોનાં ખંડેર છે તેમાં એક દેવલના સ્તંભના પથ્થરમાં સંવત્ ૧૨૦૯ માઘ વદિ ૧૪ શનિવારનો કુમારપાળના સમયનો લેખ છે તેમાં—રાજાધિરાજ પરમેશ્વર ઉમાપતિ વરલબ્ધ પ્રૌઢપ્રતાપ—નિર્જિત સકલરાજ ભૂપાલ શ્રીમત્ કુમારરપાળદેવ વિજયરાજ્યે શ્રીમહાદેવને હસ્તક શ્રીકરણાદૌ સમસ્ત મુદ્રાવ્યાપાર હતો, તેવામાં શ્રી કિરાટકુપ, લાટ, હદ, ઇશ્વર કૃપાથી પ્રાપ્ત થયાં હતાં ત્યારે મહારાજશ્રી આલણદેવે મહાશિવરાત્રીને દિવસે પ્રાણિયોને માટે અભયદાન શાસન પ્રસિદ્ધ કર્યું. તેમાં એમ ઠરાવ્યું કે, શુદિ અને વદિ પક્ષની અષ્ટમી, એકાદશી, અને ચતુર્દશીને દિવસે ત્રણે નગરમાં જીવહિંસા

કરશે અથવા કરાવશે તેને દેહાંત દંડની શિક્ષા કરવામાં આવશે. કોઇ પાપિષ્ટતર જીવવધ કરશે તેનો પાંચ દ્રમ દંડ કરવામાં આવશે. રાજકુટુંબમાંથી કોઈ પ્રાણીનો વધ કરશે તો તેનો એક દ્રમ દંડ થશે. (આ કટારી) મહારાજશ્રી અલ્હણદેવના સ્વહસ્તની છે. મહારાજ પુત્રશ્રી કેલ્હણદેવની સંમતિ છે, તેના પુત્ર મહારાજ—લિ૦ સાંધિવિગ્રહિક ઠ૦ ખેલાદિત્ય. શ્રીનદ્દલપુર (નાડોલ) વાસી પ્રાગ્વટવંશના શુભંકર નામના શ્રાવકના પુત્ર જેઓ પૃથ્વીમાં ધાર્મિક ગણાયા તે પૂતિગ, તથા સાલિગ એ બંનેએ પ્રાણિયોનું અભયદાન શાસન પ્રસિદ્ધ કરાવ્યું. (ભાવનગરના પ્રાકૃત અને સંસ્કૃત લેખનું અંગ્રેજી પુસ્તક પૃ. ૧૭૨ તથા ૨૦૬.)

૨. ઉ.

ચિતોડમાં બ્રહ્માનું મંદિર છે જે લાખણમંદિર કહેવાયછે તેમાં સંવત્ ૧૨૦૭ (ઈ. સ. ૧૧૪૧) નો કુમારપાળનો લેખ છે તે ઉપર મહિનો અને મિતિ કોરેલો ભાગ તૂટી ગયો છે. તેમાં એવો ભાવાર્થ છે કે મૂળરાજ પછી કેટલીક પેહેડિયે સિદ્ધરાજ થયો, અને તેના પછી કુમારપાળદેવ થયો. જેણે પોતાના અજીત મન બળવડે કરીને પોતાના સર્વ શત્રુઓને દળી નાંખ્યા. જેની આજ્ઞાઓ બીજા પૃથ્વી પતિયોએ પોતાને મસ્તક ચડાવી લીધી. જેના પાદે શાકંભરીના રાજાને પોતાનું મસ્તક નમાવવાની અગત્ય પડી. જે પોતે જાતે સેવાલક સુધી અને સાલપુરી નગરી સુધી ચડાઈ લઈ ગયો અને પર્વતપતિયોને તેણે નમાવીને પોતાને પગે પાડ્યા.

સાતક્ષેત્રનું પોષણ કરવાનો ઉપદેશ હેમચંદ્રે કુમારપાળને કર્યો તેમાં તેને કેહેવામાં આવ્યું કે ૧ જિનમંદિર, ૨ જિનપ્રતિમા, ૩ જિનાગમ, ૪ સાધુ, ૫ સાધ્વી, ૬ શ્રાવક, અને ૭ શ્રાવિકા એ પ્રમાણે સાત ક્ષેત્ર કેહેવાયછે તેના સંબંધમાં ન્યાય માર્ગે મેળવેલા ધનનો ઉપયોગ કરવો.

૧ જિનમંદિર બંધાવનારના સમ્યક્ત્વની શુદ્ધિ થાયછે, તેને તીર્થંકરની પદવી અને ઋદ્ધિ મળેછે, માટે રાજાએ તો એવાં મંદિર બંધાવી તેના નિર્વાહ માટે મોટા ભંડાર, ગામ, નગર, તાલુકા અને ગોકુળ આદિ અર્પણ કરવાં.

નવીન મંદિર બંધાવવા કરતાં જૂનાંનો જીર્ણોદ્ધાર કરાવવામાં આઠગણું પુણ્ય થાયછે.

૨ જિનપ્રતિમા જે હીરા, ઈન્દ્રનીલ, અંજન, ચંદ્રકાન્ત, સૂર્યકાન્ત, રેષાંક, કર્કેતન, પ્રવાલ, સુવર્ણ, રૂપું, ચંદન, પથ્થર, અને મૃત્તિકા આદિ સારા પદાર્થોની બનાવેછે તે મનુષ્ય અને દેવલોકમાં મહાસુખ પામેછે, અને જે તીર્થંકરની પ્રતિષ્ઠા કરેછે તે તીર્થંકરની પ્રતિષ્ઠા પામેછે. જે એક આંગળથી કરીને તે ૧૦૮ આંગળ સુધીની મણિરત્ન આદિની પ્રતિમા કરાવેછે તે સર્વ પાપથી મુક્ત થાયછે. ઋષભ આદિ તીર્થંકરોની અંગુષ્ઠાપૂર વીર આસનવાળી મૂર્ત્તિ કરાવે તે પણ સ્વર્ગમાં ઉત્તમ પ્રકારની પુષ્કળ ઋદ્ધિ ભોગવી અનુત્તરપદ પામેછે.

૩ જિનાગામ,—જિનશાસ્ત્ર—જિનનું વચન. જિનાગમ લખાવનાર, તેનું વ્યાખ્યાનકરનાર, તે ભણનાર, અને બીજાને ભણાવનાર દેવ અને મોક્ષ ગતિ પામેછે. કુશાસ્ત્રથી થયેલા સંસ્કારરૂપ વિષનું સર્વ પ્રકારે ઉચ્છેદન કરવામાં જિનાગમ મંત્ર સમાન છે. ધર્મ, કૃત્યાકૃત્ય, ગમ્યાગમ્ય, અને સારાસાર આદિનું વિવેચન કરવામાં હેતુભૂત છે.

૪ સાધુ ઈત્યાદિ જે સંસાર ત્યાગ કરવાની ઇચ્છા રાખી મૂક્તિને માટે યત્ન કરેછે, જેનામાં ઉપદેશ કરી પાવન કરવાનો ગુણ હોવાથી જે તીર્થ કેહેવાયછે; જેની બરાબરી બીજાથી થઈ શકતી નથી, જેને તીર્થંકર પણ નમસ્કાર કરેછે, જેનાથી સત્પુરૂષોનું કલ્યાણ થાયછે, જેની સ્ફુર્તિ ઉત્કૃષ્ટ છે અને જેનામાં સર્વ ગુણોનો વાસ છે તે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા પૂજન કરવાને પાત્ર છે.

એ પ્રમાણે સાત ક્ષેત્રમાં ધન ખર્ચવાથી પુણ્ય થાય છે એવું જાણી કુમારપાળે તે પ્રમાણે કરવા માંડ્યું.

૧ પાટણમાં ૨૫ હાથ ઉંચો, ૭૨ જિનાલયથી યુક્ત, અને ૧૨૫ આંગળ ઉન્નત શ્રીનેમિનાથની પ્રતિમા સ્થાપન કરીને પોતાના પિતાના કલ્યાણાર્થે ત્રિભુવનપાલ નામનો વિહાર બંધાવ્યો.

૨ પૂર્વે ઉંદરનું દ્રવ્ય હરણ કર્યું હતું ( જાુવો પૃ. ૨૪૭) તેના પ્રાયશ્ચિત માટે ઉંદરવસાહિકા બંધાવી.

૩ માર્ગે ચાલતાં પૂર્વે દેવશ્રી નામની સ્ત્રિયે કરંબો ( એક જાતનો સાથવો જવનો શેકેલો લોટ દહિમાં નાંખેલો ) આપ્યો હતો તેના સ્મરણાર્થે તે સ્થાને તેણે કરંબવસાહિકા કરાવી.

૪ માંસભક્ષણ નહિ કરવાનો નિયમ લેતા પેહેલાં એ પ્રસંગમાં થયેલા પાપની શુદ્ધિ કરવા માટે એક વેદીમાં સામસામા સોળ એવા ૩૨ પ્રાસાદ બંધાવી તે પ્રત્યેકમાં ૨૪ વર્ત્તમાન તીર્થંકર, ૪ વિહરમાન તીર્થંકર, તથા રોહિણી, સમવસરણ, અશોક વૃક્ષ, અને ગુરૂપાદુકાની સ્થાપના કરી.

૬ ખેરાળાથી સુમારે પાંચ ૭ ગાઉ ઉપર ટીંબા ગામ છે તેની સમીપમાં તારણ નામે પર્વત છે તેનો મહિમા શ્રી શત્રુંજય પર્વતના જેવો જાણી તે પર્વત ઉપર શ્રી અજિતનાથ પ્રાસાદ ૨૪ હાથ ઉંચાઇનો બંધાવ્યો અને તેમાં પ્રતિમા ૧૦૧ આંગળની ઉંચાઈની સ્થાપી.

**સ્તંભતીર્થ** અથવા હવણાં જે ખંભાતને નામે પ્રસિદ્ધ છે ત્યાં હેમાચાર્યની દીક્ષાની જગ્યાએ **આલીગ** નામની વસતિ ( વસી ) બંધાવીને તેમાં **શ્રીમહાવીર** સ્વામીની રત્નમય મૂર્ત્તિ અને હેમાચાર્યની સુવર્ણમય પાદુકા પધરાવી.

૭ **વાગ્ભટ—વાહડ—બાહડ** જે તેનો મંત્રી હતો તેણે એક પ્રાસાદ બંધાવા માંડ્યો હતો તે જોવા કુમારપાળ ગયો; તેવામાં **નેપાળના** રાજા ભણીથી ૨૧ આંગળના માપની **શ્રીપાર્શ્વનાથની ચંદ્રકાન્તમણિની** પ્રતિમા ભેટ આવી, તે જોઈ કુમારપાળે **વાગ્ભટને** કહ્યું કે, તમે મને આ ચૈત્ય આપો એટલે તેમાં હું આ પ્રતિમા પધરાવું. મંત્રિયે પ્રસન્ન થઈ નમ્ર વચનથી કહ્યું કે, આ મહાપ્રાસાદનું નામ કુમારવિહાર થાઓ. પછી આ પ્રાસાદને ૨૪ જિનાલયોથી યુક્ત અષ્ટાપદ જેવો કરાવ્યો.

આ સર્વ ચૈત્યોમાં મોટા ઉત્સવપૂર્વક, શ્રીહેમાચાર્યે પોતાને હાથે વિધિપૂર્વક પ્રતિષ્ઠા કરી. પૂજાને માટે ફુલઝાડથી સુશોભિત બાગ અર્પણ કર્યા. પછી પોતાની આજ્ઞા પાળનારા રાજાઓ ઉપર મંત્રીની સહિથી આજ્ઞાપત્ર લખાવ્યા કે, અમને આપવાની ખંડણીમાંથી તમારા દેશમાં હિમાલયના શિખર જેવા બહુ વિહારો કરાવો. ગૂજરાત, લાટ, સૌરાષ્ટ્ર, ભંભેરી, કચ્છ, સૈંધવ, ઉચ્ચ, જાલંધર, કાશી, સપાદલક્ષ, અન્તરવેદિ ( ગંગા યમુના વચ્ચેનો પ્રદેશ. ) મારવાડ ( મરૂ ), મેવાડ ( મેદપાટ ) માળવા, આભીર, મહારાષ્ટ્ર, કર્ણાટક, અને કોકણ (કુંકુણ) એ અઢાર દેશોમાં કુમારપાળે કરાવેલાં વિહારો શોભેછે.

એ પ્રકારે વિચિત્ર અને શુભ બિંબે કરીને વિરાજમાન ૧૪૦૦ (૧૪૪૪) નવાં વિહાર (દેરાં) અને ૧૬,૦૦૦ જીર્ણોદ્ધાર કરાવ્યાં.

(વિસ્તાર માટે જુવો કુમારપાળપ્રબંધ ભાષાંતર પૃ. ૨૨૩–૨૩૭.)

ટૅાડસ ટ્રાવલ્સ ઈન વેસ્ટર્ન ઈન્ડિયા પૃષ્ટ ૧૮૨ મે અજાયબ જેવી એક શક ભરેલી વાત જણાવેછે કે "કુમારપાલે લાર નામની જાત પોતાના રાજમાંથી કાઢી મૂકી. આ લાર જાતને લાટ (દક્ષિણ ગૂજરાત) અથવા લાડ વાણિયાની જાત સાથે કંઈ સંબંધ હોય એ અસંભવિત જણાયછે.

લારસ્તાન એ પૂર્વ રેખાંશ ૫૫–૫૮ માં આવેલો પ્રદેશ છે, તે ઇરાની અખાતના બંદર અબાસ ભણીના ભાગમાં એ અખાતથી ઉત્તરમાં કારમાન આવેલો છે, તેની વાયવ્યકોણમાં ફાર્સ છે, ઈશાન કોણમાં, તથા પુર્વમાં મકરાન આવેલો છે.

ઈરાનના બીજા પ્રાન્તો કરતાં આ પ્રાન્તની ઉપજ ઘણી ઓછી થાયછે અને તે દુર્બલ સ્થિતિનું ગણાયછે. છેક ઇરાની અખાતના કિનારા સુધી તેમાં મેદાન અને ડુંગરા વારાફરતી આવેછે. તેમાં મીઠા પાણીની એટલી બધી અછત રેહેછે કે, વર્ષાઋતુમાં ત્યાંના દેશિયો ટાંકાં ભરી શકેછે ત્યારે તેમનો નિર્વાહ ચાલેછે અને ખજુરિયો તથા થોડા ઘણા ઘહુ અને જવનું વાવેતર થાયછે. તે ઉપર તેમનો ગુજારો રેહેછે, આટલું પણ નીપજતું હોત નહિ તો એ પ્રદેશ વસવાને માટે છેક અયોગ્ય ગણાત.

(Kinneir's memoir)

નોશીરવાનનો એક શાહજાદો લારીસ્તાનથી દરિયા રસ્તે આવીને ૧૮૦૦૦ હજાર માણસો સહિત સુરત ઉતરયો હતો. ત્યાં ત્યાંના રાજાએ તેનો સારો સત્કાર કરયો હતો. (રા. મા. ભાગ ૧ લો પૃ. ૧૫૩).

વળી ટૅાડસ ટ્રાવલ્સ ઈન વેસ્ટર્ન ઇન્ડિયા પૃષ્ટ ૧૮૩–૮૪ માં લખ્યું છે કે કુમારપાળચરિત્રમાં કેહેછે કે ગિજનીના ખાને તેના ઉપર ચડાઇ કરી પણ તેના જ્યોતિષિયે ચોમાસામાં લડાઈ કરવાની ના કહી, અને મંત્રશાસ્ત્રના જોરથી હલ્લો કરનાર ખાન જે પલંગમાં સૂતો હતો તેને તે પલંગ સુદ્ધાંત લાવીને ચાલુક્ય રાજાના મેહેલમાં મુકયો. પછી બન્નેની વચ્ચે ઘણી મિત્રાઈ થઈ.

કુમારપાળરાસામાં લખેછે કે—

## ચોપાઈ.

વાત હવિ પરદેશિ જસિ, મુગલ ગિજની આવ્યો તિસિં;
સબલ સેન લઇ નિજ સાથ, ગજરથ ઘોડા બહુ સંઘાત.
આંકસ બાજી લેઈ કરી, વાટઈ મુગલ પાટણ ફરી;
આવ્યા મુગલ જાણ્યા જસિ, દરવાજા લઈ ભીડયા તસિ.
ચિંતાતુર હવા જન લોક, પાટણમાંહિ રહ્યા સહિ કોક;
એક કહિ નર ખંડી જહિ, એક કહિ નર મંડી રહિ.
એક કહિ કાંઈ થાઈસે, એક કહિ એ ભાગી જશે;
એક કહિ એ નિસન્તરાય, એક કહિ નૃપ ચઢી ન જાય;
એક કહિ નૃપ નાસિ આજ, એક કહિ ક્ષત્રીની લાજ.

મુસલમાન લશ્કરથી ત્રાશી લોક ઉદયનમંત્રી કને ગયા. તેણે ધીરજ આપી અને તે હેમાચાર્યની પાસે ગયો એટલે તેણે ચક્રેશ્વરી દેવીને મોકલ્યાં.

ગુરૂ વચન દેવી સજ થઈ, નિશ ભરી મુગલ દલમાં ગઈ;
આવી જહાં સૂતો સુલ્તાન, નિદ્રા દેઈ કીધું વિજ્ઞાન.
પ્રહિ ઊગમતી જાગે જસી, પસિં કોઈ ન દેખી તસી;
પેખઈ ક્ષત્રીનો પરિવાર, અસુર તવ હઇડિ કરી વિચાર.

આમ થવાથી પાદશાહને પશ્ચાત્તાપ થયો. પરંતુ કુમારપાળે જણાવ્યું કે હું બાંધ્યાને મારનારો ચૌલુકયવંશી રાજા નથી માટે તને મારીશ નહિ. એમ કહી માન રાખ્યું, તેથી બાદશાહ ખુશી થયો. અને કુમારપાળ સાથે મૈત્રી કરી પોતાનું લશ્કર પાછું લેઈ ગયો. આ બિના કુમારપાળે લીધેલા દશમા વ્રતમાં બન્યાનું જણાવ્યું છે.

આર્ય ગ્રંથકારો વિશેષ નામ ભાગ્યેજ લખેછે, પણ તેની પદવી કે ઈલ્કાબ લખીનેજ ચલાવે છે. આ ગજનીનો ખાન કયો તેનું નામ આપ્યું નથી, તેથી ગુંચવારો થઇ પડયો છે, કેમકે મુસલમાની ઇતિહાસકોમાંથી કોઇયે કુમારપાળના સમયમાં ગિજનીથી હલ્લો કર્યાનું લખ્યું નથી. કાહાડી મૂકેલા કુતર જલાલુદ્દીને સિંધ ઉપર ચડાઈ કરીને ઉમરકોટના રાજાને સપડાવ્યો હતો. એ વિષે હિંદુઓના અને મુસલમાની લખાણોમાં સૂચન આપેલું નીકળેછે. તે સાથે ગિજનીના ખાનનો કુમારપાળના ઉપર હુ-

મલો થયાનું ગણ્યું હોય તો કોણ જાણે. કર્નલ ટૉડને કેહેછે કે મંત્રશાસ્ત્રના બળની જે વાત ઉપર લખવામાં આવી છે તે પાટણ લેવામાં આવ્યું હતું એવું બતાવવાને માટે માત્ર જોડી કાહાડે છે. વળી આ વાતની સમાપ્તિનો વૃત્તાંત વિશેષ ચમત્કારી છે. કેહેછે કે કુમારપાળની મુસલમાનો સાથેની મિત્રાઈ એટલી હદમાં વધી પડી કે મુસલમાની ધર્મનાં મૂળતત્ત્વો ઉપર તેને પ્રેમ વધ્યો. તેમાં હેમાચાર્યે પેહેલ કરી, અને તેના રાજના ૩૩ મા વર્ષમાં ઝેર દેવાથી તે મરણ પામ્યો હોત નહિ તો હેમાચાર્યની પેઠે એ પણ મુસલમાની ધર્મમાં વટલી ગયો હોત. વિશેષમાં એમ પણ જણાવેછે કે હેમાચાર્ય આગલે વર્ષે ગુજરી ગયો અને પોતાના અવસાન સમયે અલ્લાહ અલ્લાહ ઉચ્ચારતો મરણ પામ્યો. આવા એક જૈન મહાન્ આચાર્યનું વલણ સંતાડવાને માટે અને તેનાપરનો આરોપ દૂર કરવાને માટે તેને મરણાવસરે સંન્નિપાત થયાથી એમ બકતો હોવાનું કેહેવાયછે. પણ તેના વટલવાની તોડી ન પડાય એવી સાબિતી એ છે કે તેનેબાળવાને બદલે દાટવામાં આવ્યો હતો. કુમારપાળપ્રબંધમાં હેમાચાર્યને અગ્નિદાહ દેવામાં આવ્યો હતો એમ સાબિત કરવા માટે લખ્યું છે કે ચંદન, મલિયાગર અને કર્પૂરાદિવડે સૂરિના દેહને.સંસ્કાર કરવામાં આવ્યો હતો અને તેની ભસ્મ પવિત્ર માનીને રાજાએ તેનું તિલક કરીને નમસ્કાર કર્યો. તે જોઈ સામંતોયે પણ તેમજ કર્યું. અને લોકોએ ભસ્મને અભાવે ત્યાંની માટી સુદ્ધાંત ખોદીને લઈ જવા માંડી, તેથી ત્યાં વિશાળ ખાડો પડ્યો તે પાટણમાં હેમખાડથી પ્રસિદ્ધ છે.

(ર. ઉ.)

LIBRARY OF THE BOMBAY BRANCH OF THE ROYAL ASIATIC SOCIETY

## પ્રકરણ ૧૨.

### અજયપાળ—બાળ મૂળરાજ—બીજો ભીમદેવ.

મેરૂતુંગ આચાર્ય લખેછે કે, સંવત્ ૧૨૩૦ (ઈ૦ સ૦ ૧૧૭૪)માં અજયદેવ પાટ બેઠો.[1] કૃષ્ણાજી વળી એ કરતાં કાંઈ વધારે લખેછેઃ તે કહેછે કે,[2]—

" સિદ્ધરાજની પાટ ઉપર કુમારપાળે બેશીને એકત્રીશ વર્ષ સુધી "
" રાજ્ય કર્યું. પછી તેને પણ કુંવર હતો નહિ તેથી તેનો ભત્રીજો "
" અજયપાળ કરીને હતો તે અધિપતિ થયો, તેણે ત્રણ વર્ષ રાજ્ય કર્યું."

દ્વયાશ્રયનો કર્ત્તા કહેછે કે, અજયપાળ અથવા અજયદેવ, મરણ પામેલા રાજાના ભાઈ મહીપાળનો પુત્ર હતો.

કુમારપાળના ક્રમાનુયાયિયે રાજ્યના આરંભમાંજ, જૈનધર્મમાં જતા રહેલા રાજાએ ધર્મનાં સ્થાન બંધાવ્યાં હતાં તેઓની સામે જબરી લડાઈયો મચાવા માંડી. ગ્રંથકર્ત્તા જૈનધર્મના હતા તેથી તેઓ અજયદેવને ભ્રષ્ટ બુદ્ધિનો, પિતૃધર્મઘાતક[3] અને નાસ્તિક કરીને વર્ણવેછે, પણ જૂનો ધર્મ પાળનારાઓએ તેની વર્તણૂક ઉપર આવા પ્રકારનો દોષ મૂક્યા વિષેની દંતકથા પણ ચાલતી આવેલી નથી.[4] તે ઉપરથી લાગેછે કે, આવા રા-

---

૧ સંવત્ ૧૨૨૯ ના પૌષ શુદિ ૧૨ ગાદિયે બેઠો અને સંવત્ ૧૨૩૨ ના ફાગણ શુદિ ૧૨ મરણ પામ્યો. એટલે ત્રણ વર્ષ ને બે માસ રાજ્ય કરયું.

૨ सिद्धराय आसन कुवरपाल,
रह्यो वरस एकतीस ज्युं;
इनकुं पुनि नहि पुत्र भो,
सुत भ्रातको होईस ज्युं. ૧૭
तिन नाम हे अजयपाल सो,
तिहुं वर्ष राज्य कुलेवहु;

૩ કુમારપાળ જૈનધર્મ પાળતો હતો તે તેણે નહિ પાળતાં શિવધર્મ પાળવા માંડયો માટે જૈનોએ તેને પિતૃધર્મઘાતક કહ્યો છે.

૪ સુકૃત સંકીર્ત્તનનો કર્ત્તા અરિસિંહ પણ કહેછે કે;—" કુમારપાળ પછી, દક્ષ ( ડાહ્યો ) અને અક્ષત બળવાળો અજયદેવ ગાદિયે બેઠો, જેના શત્રુ કારાગ્રહ ( કેદખાનું ) અને જંગલમાં માઈ શકતા નહતા. સપાદલક્ષના

જાના રાજ્યમાં તીર્થંકરોના ધર્મના અતિ પવિત્ર મતની સાથે વિવાદ ઉઠેલો ખરો. તથાપિ આ ઠેકાણે માન્ય કરવું જોઇયે કે, અજયપાળે પણ કર, ઉન્મત્ત અને દંશીલી ચાલ ચલાવી છે ખરી. પ્રથમ કામ તો એણે એજ કર્યું કે, કુમારપાળનો માનીતો મંત્રી કપર્દિ હતો તેને પ્રધાનપણાનું કામ હાથમાં લેવાને સમજાવી દીધો; પણ આવું કરવાની તેની ધારણા ઘણું કરીને એવી જણાયછે કે એ જો ડબાયો ચંપાયો રેહે તો રાજાનો ધિક્કાર કરે નહિ; કેમકે મંત્રિયે પોતાનું કામ પૂરેપૂરૂં હાથમાં લીધું નહિ એટલામાં તો તેના ઉપર અપવાદ મૂક્યો કે એ તો મારી બરાબરી કરવાને યત્ન કરેછે, ને પછી તરતજ તેલની કડાઈ ધિકધિકાવીને તેમાં નાંખી મારી નાંખ્યો.[1]

---

રાજાએ તેને સોનાની મંડપિકા ભેટ આપી હતી તે એની સભામાં એવી શોભી રેહેતી હતી કે તેની સ્થિરતાથી જીતાયલો અને તેથીજ મંદ પ્રતાપી થયેલો મેરૂપર્વત જાણે અજયદેવની સેવા કરવાને આવ્યો ન હોય !

કીર્ત્તિકૌમુદીનો કર્ત્તા સોમેશ્વરદેવ જેણે સુરથોત્સવ અને રામશતક આદિ ગ્રંથો રચ્યા છે, તેનો પિતા કુમાર નામે હતો તેને અજયપાળે સૂર્યગ્રહણને અવસરે બહુ રત્નના ઢગલા આપવા માંડયા અને તે લેવાને ઘણો આગ્રહ કર્યો પણ તેણે તે લીધા નહિ. તે કટુકેશ્વર મહાદેવનું પૂજન કરતો હતો તેમને પ્રસન્ન કરીને, અજયપાળને લડાઈમાં પડેલા દારૂણ ક્ષતની વ્યથા થયેલી નિવારણ કરી હતી. એમ સુરથોત્સવમાં જણાવ્યું છે. તે સાથે વળી અજયપાળને કુમારપાળનો સુત કરીને લખ્યો છે, તે તેનો વારસ હોવાથી લખ્યું હશે.

કીર્ત્તિકૌમુદીમાં કહ્યુ છે કે,—અજયપાલે સુવર્ણ આપીને લોકોને ધનવાન્ કર્યા હતા. જાંગલેશ ( કુરૂ દેશની સમીપનો પ્રદેશ ) પાસેથી, તેણે ગળે લાત દેઈને, દંડમાં સોનાની મંડપિકા અને મદોન્મત્ત હસ્તિયો લીધા. જેના પરશુરામ જેવા ઉદ્દામ પ્રતાપ આગળ સૂર્ય પણ ઝાંખો પડી જતો હતો. જેણે ક્ષત્રિયોના રૂધિરથી ધોવાયલી પૃથ્વી વેદપાઠી બ્રાહ્મણોને આપી દીધી હતી. ધર્મ, અર્થ, અને કામ એ ત્રણ પુરૂષાર્થને પ્રતિદિન સમાન દૃષ્ટિથી સેવતો હતો એટલે તે નિત્યનિત્ય દાન આપીને ધર્મ સાધતો હતો, રાજાઓને દંડીને અર્થ સાધતો હતો, અને નવીન સ્ત્રિયો પરણીને કામ સાધતો હતો.

ર. ઉ.

1. મહામાત્યપદ લેવાને તેને આગ્રહ કરવામાં આવ્યો ત્યારે તેણે કહ્યુ કે, પ્રાતઃકાળે શકુન જોઈને પછી તેના અનુમત પ્રમાણે વર્ત્તીશ. પછી શકુનગૃહમાં દુર્ગાદેવી પાસે સપ્તવિધ શકુન યાચતાં તે પામીને તેની પુષ્પાક્ષત આદિથી પૂજા કરી. પછી નગરમાં આનંદ પામતો જેવો જાયછે તેવામાં ઈશાન

તેના મરણ પછી રામચંદ્ર કરીને એક જૈન અધિકારી હતો અને જે એક સો પ્રબન્ધનો કર્ત્તા હતો તેને માથે આવી પડી. તેને અતિ દુઃખ દઈ મારી નાંખવા માંડયો એટલે દુઃખમાંથી છૂટવા સારૂ તે પોતાની જીભ કરડીને મરી ગયો.[1]

મેરૂતુંગ લખેછે કે, પછી સર્વે સામંતો આમ્રભટની ચડતી સહન કરી શકયા નહિ એટલે નવા રાજાને નમન કરવાને મિષે તેને રજુ કરી

---

કોણમાં ગર્જના કરતો આખલો જોયો તેને તેણે શુભ શકુન માન્યા પણ એક વૃદ્ધ મારવાડિયે તેને કહ્યું કે આ શકુન તો વિપરીત પડશે કારણ કે,

नद्युत्तारेऽध्ववैषम्ये तथा संनिहिते भये
नारीकार्ये रणे व्याधौ विपरीतः प्रशस्यते

મતિભ્રંશ થાયછે ત્યારે પ્રતિકૂલને અનુકૂળ માની લેવામાં આવેછે તેમ વૃદ્ધ મરતું કેહેલું તેને રૂચ્યું નહિ.

જ્યારે તેને કઢાઈમાં નાંખવા માંડયો ત્યારે તે દૃઢતાથી નીચે પ્રમાણે બોલ્યો:—

अर्थिभ्यः कनकस्य दीपकपिशा विश्राणिताः कोटयो
वादेषु प्रतिवादिनां विनिहिताः शास्त्रार्थगर्भा गिरः
उत्खातप्रतिरोपितैर्नृपतिभिः शारैरिव क्रीडितं
कर्त्तव्यं कृतमर्थिता यदि विधेस्त्वत्रापि सज्जा वयं.

દીવાની શિખા જેવી પીળી સોનામોહોરો કરોડો અર્થિયોને આપી; શાસ્ત્રવિવાદમાં શાસ્ત્રાર્થ ગર્ભિત વાણિયો પ્રતિપક્ષીને કેહેવામાં આવી; શેતરંજ અથવા બુધબળનાં મોહોરાંની પેઠે જે રાજાઓને ઉત્થાપી તેઓને પાછા તેમને સ્થાને સ્થાપ્યા; એ પ્રમાણે જે કર્ત્તવ્ય તે કરી ચૂકયો અને હજી પણ વિધિને જે કરવાનું હોય તે કરવા દેવામાં અમે સજ્જ છિયે.

૧. રામચંદ્રને તપ્તતામ્રપટ્ટિકા—એટલે તપાવેલા ત્રાંબાના પતરા ઉપર બેસારીને મારી નાંખવા માંડયો એટલે તે નીચે પ્રમાણે ગાથા બોલ્યો.

महिवीढह सचराचरह जिण सिरि दिह्ना पाय,
तसु अत्थमणु दिणेसरह होउत होइ चिराय.
(मही पीठे सचराचरे येन श्रीः दत्ता प्रायः तस्यास्तमनं
दिनेश्वरस्य भवितव्यं भवत्येव चिराय.)

સચરાચર મહી (પૃથ્વી) ની પીઠ ઉપર જેણે પોતાની પ્રતાપરૂપી લક્ષ્મીને ઘણુંકરી રાખી છે એવા જે સૂર્ય તે પણ સાયંકાળે અસ્ત પામેછે, માટે જે ઘણે કાળે બનવાનું હોયછે તે જ બન્યાં જાયછે.

દેવાનો લાગ મેળવી શક્યા. તે જૈનધર્મી હતો તેથી તેના ઉપર અજયપાળનો કોપ થયો. તોપણ તે બેધડક બોલવા લાગ્યો કે, "મારો ધર્મ તો "વીતરાગ છે, ગુરૂ હેમાચાર્ય છે, અને રાજા તો કુમારપાળ છે." અજયદેવે કોપાયમાન થઇને કહ્યું કે, "તું રાજદ્રોહી છે."[1] આમ્રભટ ખરેખરો શૂરવીર હતો તેથી યુદ્ધ મચાવ્યા વિના એકાએક ઘાતકનો શિકાર થઈ પડે એવો ન હતો. તેણે જીનેશ્વરની મૂર્ત્તિની પૂજા કરીને પોતાના માણસોને હથિયાર સજાવ્યાં, અને પોતાને ઘેરથી ધશી નીકળીને રાજમેહેલ ઉપર હલ્લો કરયો, તથા વાવાઝડાના તોફાનથી ફોતરાંનો ઢગલો જેમ ધસડાઈ જાયછે તેમ મેહેલનો ઘટિકાગૃહનો ભાગ ધસડી પાડયો. અને તે ઘાતકીના સંસર્ગ દોષનું પાપ તેણે ધારાતીર્થમાં ધોઈ નાંખ્યું કે તરત અપ્સરાઓ જે કૌતુક જોવાને ત્યાં આવી હતી તે કેહેવા લાગી કે, "હું એને વરીશ, હું એને વરીશ." એવી રીતે ઉદયનનો પરાક્રમી પુત્ર દેવલોક પામ્યો." લોક તેના પડવાથી શોક કરવા લાગ્યા અને કેહેવા લાગ્યા કે "બીજા યોદ્ધાઓ થશે પણ જયારથી "ઉદયનનો પુત્ર સ્વર્ગવાસ પામ્યો છે ત્યારથી પૃથ્વી ઉપર પંડિતો થતા "બંધ પડી ગયા છે.[2]"

---

૧. શ્રીમાન્ આમ્રભટ જેને રાજપિતામહનું બિરૂદ કુમારપાળે આપ્યું હતું, તેનો પ્રતાપ ન સહન કરી શકનારા સામંતોએ, અજયપાળને નમન કરવાનો સમય સાધ્યો તે વેળાએ તે બોલ્યો કે, આ જન્મને વિષે મારૂં મસ્તક દેવ બુદ્ધિથી શ્રી વીતરાગને, ગુરૂબુદ્ધિથી શ્રી હેમચંદ્રને, અને સ્વામિબુદ્ધિથી શ્રી કુમારપાળને નમેછે.

૨ આમ્રભટના વખાણની કવિતા નીચે પ્રમાણે છે:—

वरं भट्टै र्भाव्यं वरमपिच खिङ्गैर्द्धनकृते
वरं वेश्याचार्यै र्वरमपि महाकूटनिपुणैः
दिवं याते दैवादुदयनसुते दानजलधौ
न विद्वद्भिर्भाव्यं कथमपि बुधै र्भूमिबलये.

આ ભૂમિતળને વિષે ભટ્ટ થઈને ભીખ માગી ખાવી એ ઉત્તમ છે; ધનને માટે કુકર્મી થવું ઉત્તમ છે: દ્રવ્ય પ્રાપ્તિ માટે વેશ્યાના આચાર્ય થવું પણ ઉત્તમ છે; તેમજ કૂડાં કર્મ કરવામાં નિપુણ થઈને નિ[illegible] [illegible]લાવવો એ ઉત્તમ છે; પણ ઉદયનનો પુત્ર, જે દાનરૂપી સમુદ્ર જેવો, સ્વર્ગે ગયો [illegible] બુદ્ધિશાળિયે વિદ્યાવાન્ થવામાં કાંઈ માલ નથી, કેમકે વિદ્વત્તાની બૂજ કર[illegible]ાર એના જેવો હવે કોઈ રહ્યો નથી.

અજયદેવનો રાજકારભાર જેવો ઘાતકી અને કલહ ભરેલો હતો તેવોજ ટુંકો હતો.

त्रिभिर्वर्षैस्त्रिभिर्मासै स्त्रिभिःपक्षैस्त्रिभिर्दिनैः
अत्युत्कटैः पुण्यपापै रिहैव फलमश्नुते.

ગીતિ.

ત્રણ વર્ષે, ત્રણ માસે, ત્રણ પક્ષે કે પછી ત્રણે વાસે;
પુણ્ય પાપ અતિશયનાં, ફળ નિશ્ચય તો અહિં મળી જાશે.

શાસ્ત્રમાં આ પ્રમાણે કહ્યું છે અને બન્યું પણ તેમજ, તેણે ત્રણ વર્ષ રાજ્ય કરયા પછી તેનો દ્વારપાળ વિજલદેવ કરીને હતો તેણે અજયપાળના હૃદયમાં કટારી ખોશી. "અને ધર્મનું મંદિર તોડી પાડનાર પાપીને "કીડાઓએ ખાધો. નરકમાં જવાનું પાસે આવ્યું જોઇને તે નજરે દેખાતો બંધ થઈ ગયો."

[1]અજયપાળની પછી બીજો મૂળરાજ અથવા બાળ મૂળરાજ ઈ૦ સ૦ ૧૧૭૭ માં ગાદિયે બેઠો; અને બે વર્ષ (૧૧૭૯ સુધી) રાજ્ય કર્યું.

---

જૈન મતના કારભારિયોને આ પ્રમાણે દૂર કરયા પછી અજયપાળે સોમેશ્વરને પોતાનો મહામાત્ય ઠરાવેલો હતો એમ ઉદયપુરના લેખ ઉપરથી નીકળેછે. તેમાં નીચે પ્રમાણે છેઃ—

"संवत् १२२९ वैशाख शुदि ३ सोमे अद्येह श्रीमदणहिलपट्टके समस्त राजावली विराजित महाराजाधिराज परमेश्वर अजयपालदेव कल्याण विजयराज्ये तत्पाद पद्मोपजीविनि महामात्य श्री सोमेश्वरे श्रीकरणादौ."

૧ અજયપાળનાં વિરૂદ ડા. બૂલરના લેખસંગ્રહમાં અંક ૫-૬-૭ ના લેખમાં પૃષ્ઠ ૭૦, ૭૫, અને ૮૪ માં તથા ઈન્ડિયન આન્ટીકવેરીના ભાગ ૬ ને પૃષ્ઠ ૧૯૯ તથા ૨૦૧ અને ૨૦૩ મે નીચે પ્રમાણે છેઃ—

महाराजाधिराज परमेश्वर परमभट्टारक हेला
करदीकृत सपादलक्ष क्ष्मापाल श्री अजयदेव. ५
परमेश्वर परमभट्टारक महाराजाधिराज परम
माहेश्वर हेलाकरदीकृत सपादलक्ष क्ष्मापाल
श्री अजयपालदेव. ६

મેરૂતુંગે તેના વિષે જે કાંઈ થોડું લખ્યું છે તેટલું પૂરેપૂરૂં અમે અહિં દાખલ કરિયે છિયે,—"તેની માતા નાયકીદેવી, પરમર્દી[1] રાજાની પુત્રી થતી હતી, તેણે પોતાના ખોળામાં બાળ રાજાને બેસારીને ગાડરાઘટ્ટ ઉપર યુદ્ધ ચલાવા માંડ્યું. અને પોતાના ગુણવડે કઋતે વર્ષાદ થયો તેથી કરીને તેણિયે મ્લેચ્છ[2] રાજાને હરાવ્યો.

---

**परमेश्वर परमभट्टारक महाराजाधिराज**
**परम माहेश्वर प्रबलबाहुदंड दर्प्प रूप**
**कंदर्प्प हेलाकरदीकृत सपादलक्ष क्ष्मापाल**
**श्री अजयपालदेव. ७**

અંક ૮, ૯ તથા ૧૦ ના લેખમાં 'परम' ને બદલે 'महा' શબ્દ મૂક્યો છે, એટલોજ ફેર છે.

આ રાજાને "પરમમાહેશ્વર" અથવા "મહામાહેશ્વર" નું વિરૂદ તામ્રપટોમાં આપેલું છે, તે ઉપરથી જણાયછે કે—જૈનને તોડી શૈવમાર્ગનો ફરી પ્રચાર કરવાનો આરંભ એના સમયમાં તાજો થયો હતો. અને તેથી કરીને જૈન ગ્રંથકારોએ એની નિંદા કરી વિશેષ વૃત્તાંત લખ્યો નથી.

૧ પાછળ પૃષ્ટ ૧૬૫ મે જેજાહુતી અથવા મહોબાના ચંદેલ રાજાઓની ટીપ આપી છે તેમાં અંક ૧૮ મે પરમર્દીદેવનું નામ છે, તે સંવત્ ૧૨૨૨, ૧૨૨૪ માં અને ઈ૦ સ૦ ૧૧૬૫ થી ૧૨૦૩ માં હતો. આ રાજાના લેખ તથા શિક્કા પણ મળી આવેછે. તેની કુંવરી હોય અથવા કાદમ્બ કુળનો રાજા પરમર્દી અથવા શિવચિત્ત જે ઈ. સ. ૧૧૪૭ થી ૧૧૭૫ (ઇ. સ. ૧૨૦૩-૧૨૩૧) સુધી રાજ્ય કરતો હતો તેની કુમારી પણ હોય. પાછળ પૃષ્ટ ૧૭૦ માં અને તેની ટીપમાં, જગદેવપરમાર પરમર્દી રાજાના દરબારમાં ગયાનું લખ્યું છે અને તે કુંતલનો હતો; પણ તેનો સમય આઘો જાયછે. કલ્યાણના કલચુર્ય રાજા કૃષ્ણનો પુત્ર જોગમ, તેનો પુત્ર પરમર્દિન અથવા પરમાદી ઈ. સ. ૧૧૨૮ માં હતો. એનો પુત્ર ત્રિભુવનમલ્લ અથવા વિજ્જલ ઈ. સ. ૧૧૪૫-૧૧૬૭ માં હતો તેની બેહેન હોય.

૨ આ મ્લેચ્છ રાજા તે મહમદગોરી (શાહાબુદ્દીન) હોવાનું જણાયછે તે વિષે જુવો આગળ પૃ. ૩૧૯ ની ટીપ.

આ મૂળરાજને બાલાર્ક અથવા બાલ મૂળરાજ લખ્યો છે. ડા. બૂલરે ચૌલુક્યોના ૧૧ લેખ પ્રસિદ્ધ કર્યા છે તેમાંના ત્રણ લેખમાં તેનાં વિરૂદ નીચે પ્રમાણે છે:—

લેખ અંક ૩ (સંવત્ ૧૨૬૩ શ્રાવણ શુદિ ૨ રવૌ)

"**परमभट्टारक महाराजाधिराज परमेश्वराहव पराभूत दुर्ज्जय गर्ज्जनकाधिराज श्री मूलराजदेव पादानुध्यात.**"

બીજો મૂળરાજ અજયપાળનો પુત્ર હતો. આબુ પર્વત ઉપર અચળેશ્વરનું દેવાલય છે તેમાં એક લેખ છે[1] તેમાં લખ્યું છે કે, "તેના "(કુમારપાળના) પછી અજયપાળે રાજ્ય કર્યું, તેનો પુત્ર [2]મૂળરાજ હતો: "તેનો ન્હાનો ભાઈ પ્રખ્યાત ભીમ[3] ભૂમિભાર ધારણ કરેછે."

---

લેખ અંક ૪ (સંવત્ ૧૨૮૦ પોષ શુદ ૩ ભોમે.)

"महाराजाधिराज परमेश्वर परमभट्टारक उमापति वर लब्ध प्रसाद प्रौढ प्रताप बालार्क आहवपराभूत दुर्जय गर्जनकाधिराज श्री मूळराजदेव पादानुध्यात."

લેખ અંક ૫ (સંવત્ ૧૨૮૩ શ્રાવણ શુદ ૧૫.)

"परमेश्वर परमभट्टारक म्लेच्छतम निचयच्छन्न (मही) वलय प्रद्योतन बालार्क महाराजधिराज श्री मूलराजदेव पादानुध्यात."

બીજા મૂળરાજને મુસલમાનો સાથે કજિયો ઉઠયાનું રાસાવાળાઓ લખે છે તેને આ લેખો પુષ્ટિ આપેછે ઉપરના લેખથી જણાશે કે તેને "જીતવાને મુશ્કેલ એવા ગર્જનકના અધિપતિને યુદ્ધમાં હરાવનારો રાજા" કહ્યો છે.

૧ એશિયાટિક રીસરચીઝ ભાગ ૧૬ મો પૃષ્ઠ ૨૮૮ જુઓ.

૨ મિ. વીલસને આ લેખનું ભાષાન્તર કરતાં એક ટીપ આપી છે, "મૂળ-"શબ્દ અનુજન્માનો ચાલતો અર્થ એવો છે, કેમકે, તેનો અર્થ 'પછવાડેથી "જન્મેલો' એવો થાયછે, તેથી તેનો અર્થ" દીકરો એવો થાય અને તેવો "અર્થ લેવાને કેટલાંક કારણ છે." જ્યારે બીજો મૂળરાજ બાળપણમાં મરણ પામ્યો ત્યારે બીજો ભીમદેવ પાકી વયે પોહોંચેલો જણાયછે. તેથી અજયપાળ તેનો ભાઈ અર્થમાંથી નીકળેછે તે પસંદ કરવા યોગ્ય છે. મિ. વિલસનનો ભાવાર્થ બીજી કલમમાં ખુલ્લી રીતે સમજાવેલો છે તેમાં તે ભીમ વિષે લખેછે કે, "અજયપાળના પુત્ર મૂળનો ન્હાનો ભાઈ."

૩ અજયપાળનો કુંવર મૂળરાજ થયો, તેમજ નીચેના પ્રમાણ ઉપરથી તો એમ જણાયછે કે—ભીમદેવ પણ તેનો કુંવર હતો. તથાપિ ભીમદેવની કારકીર્દિ જોતાં તેને કેટલાક અજયપાળનો નાનો ભાઈ હતો, એમ લખેછે તે ધ્યાનમાં લેવા જેવી વાત છે; પણ તેનું પ્રમાણ હજીલગણ મળી આવ્યું નથી.

જૂનાગઢ તાબાના પ્રભાસપાટણના મોટા દરવાજા ઉપરના બીજા ભીમદેવના સંવત્ ૧૨૭૩ ના લેખમાં જણાવ્યું છે કે:—

आखंडलप्राङ्गणिके च तस्मिन्भुवंबभाराऽजयदेवभूपः ।
उच्छारयन् भूपतरुप्रकांडान्नुवाप यो नैगमधर्मवृक्षान् ॥ २१ ॥
यत्खड्गधाराजलमग्ननाना नृपेन्द्रविक्रांतियशःप्रशस्तिः ।
बभ्राज तत्पुष्करमालिकेव श्रीमूलराजस्तदनूदियाय. ॥ २२ ॥

વઢવાણનો સાધુ મેરતુંગ, મ્લેચ્છ વિષે લખેછે, તે મુસલમાન હતા, અને તેઓ મહમૂદ ગજનીના વારા પછી દોઢ સૈકડું વીત્યા પછી અણુ-

---

तस्यानुजन्मा जयति क्षितीशः श्री भीमदेवः प्रथितप्रतापः
अकारि सोमेश्वरमंडपोऽयं येनात्रमेघध्वनिनामधेयः ॥ २३ ॥

કુમારપાળ, ઈન્દ્રિનો પરોણો થયો ત્યારે અજયદેવે પૃથ્વીનો ભાર ધારણ કરયો, એ અજયદેવે પ્રકાંડ (ઉત્તમ) ભૂપરૂપી તરૂઓને ઉખેડી નાંખ્યા અને વેદ ધર્મરૂપી વૃક્ષો વાવ્યાં. (૨૧)

એની (અજયપાળની) ખડ્ગધારારૂપી જળમાં નિમગ્ન થયેલા નાના પ્રકારના રાજાઓના પરાક્રમથી ઉત્પન્ન થયેલી યશપ્રશસ્તિ (વખાણ) તે જાણે અજયપાળની પુષ્પમાળા ન હોય! તે પ્રમાણે શોભતી હતી. અજયપાળ પછી—મૂળરાજનો ઉદય થયો.

તેનો "अनुजन्मा" (તેના પછી જન્મેલો) અર્થાત્ તેનો નાનો ભાઈ શ્રીભીમદેવ, જેનો પ્રતાપ વિખ્યાતિ પામ્યો હતો, તે ભૂપતિ થયો. તેણે મેઘ-ધ્વનિ નામે સોમેશ્વરનો મંડપ કરાવ્યો.

સુકૃત સંકીર્તનના ત્રીજા સર્ગમાં લખેલ છે કે:—

तदंगजो दिग्गजदंतिशय्या विश्रांतकीर्त्तिः किलमूलराजः ॥
तुरुकशीर्षाणि शिशुर्जयश्री लताफलानीवलसन्नगृह्णात् ॥ ४५ ॥

એનો (અજયપાળનો) અંગજ એટલે ઔરસપુત્ર દિગ્ગજના દંતુશરૂપી શય્યા ઉપર જેની કીર્ત્તિયે વિશ્રામ લીધો છે—એટલે દિશાઓના અંત સુધી જેની કીર્ત્તિ વ્યાપી રહી છે, એવો મૂળરાજ થયો, તેણે ન્હાનપણમાં તુરૂકો (તુર્કો) ના માથાંને રમત કરતાં જયલક્ષ્મીરૂપ લતાનાં ફળ ન હોય! તેમ ગૃહણ કર્યાં હતાં. ભાવાર્થ એ કે એણે તુર્ક લોકોનાં માથાં રમત કરતાં કરતાં કાપી નાંખ્યાં હતાં.

यस्मिन् सदोच्चैः शिरसि प्रतीची महीभृति स्फारबलांबुराशौ ॥
अस्तं समस्तारियशः शशांक प्रतापचंडद्युतिमंडलाभ्यां ॥ ४६ ॥

જેનું સૈન્ય સમુદ્ર જેવડું વિસ્તારવાળું હતું, તેવો પશ્ચિમ દિશાનો રાજા રાજશિરોમણી મૂળરાજ અરિના યશરૂપી ચંદ્ર અને તેમના પ્રતાપરૂપી સૂર્યમં-ડળની સાથે અસ્ત પામ્યો.

श्री भीमदेवोस्ति निरर्गलोग्रभुजार्गलग्रस्तसमस्तशत्रुः ॥
बिभ्रत्करे भूवलयं पयोधिवेलामिलन्मौक्तिकमस्यबंधुः ॥ ४७ ॥

શ્રી ભીમદેવ, એનો ભાઈ બંધન વિનાના ઉગ્ર ભુજરૂપી ભૂંગળથી જેણે સમસ્ત શત્રુઓને ગ્રસ્ત કર્યા છે, એવો તે (ભીમદેવ) જે સમુદ્રની વેળમાંથી મળી આવતા મોતી સહિતના ભૂવલયને પોતાના હાથમાં ધારણ કરતો હવો.

હિલવાડના પ્રાન્ત ઉપર પાછા આવ્યા હતા. ફેરિસ્તા લખેછે કે ઈ૦ સ૦ ૧૧૭૮ માં મહંમદ શાહબુદ્દીન ગોરી ગજનીથી ઉચ્ચ અને મુલતાન

---

आजन्म सद्मत्रुसदां मदेकक्षणप्रदानात् क्षयमेषमागात् ॥
इति स्मरन् यः कनकानि दातु मुन्मूलयामास नहेमशैलम् ॥४८॥

જે મેરૂ જન્મથા જ દેવોનું ઘર છે, તે મારા એક ક્ષણના દાનથી ક્ષય ન થાઓ, એમ મનમાં આણી જેણે સોનાનું દાન આપવા માટે તે પર્વતને નિર્મૂળ કર્યો

यद्दानमश्रावि सदानुभूत मेवार्थिभिर्गीतिषु खेचरीणां ॥
विलासहेमाद्रिसुमेरुपादधियागतानां स्वगृहोपकण्ठे ॥४९॥

દરબારની પાસે ક્રીડા માટે બનાવેલા સુવર્ણના પર્વત ઉપર મેરૂની શાખાની ભ્રાંતિથી આવેલી અપ્સરાઓની ગીતિયોમાં યાચકોએ પ્રથમથી અનુભવેલું જેનું દાન સદા સાંભળવામાં આવતું હતું. ૪૯

કીર્તિકૌમુદીમાં લખ્યું છે કેઃ—

"धृतपार्थिवनेपथ्ये निष्क्रान्तेऽत्र शतक्रतौ ।
जयन्ताभिनयं चक्रे मूलराजस्तदङ्गजः ॥५६॥
चापलादिव बालेन रिङ्खता समराङ्गणे ।
तुरुष्काधिपतेर्येन विप्रकीर्णा वरूथिनी ॥५७॥
यच्छिन्नम्लेच्छकङ्काल स्थलमुच्चैर्विलोकयन्
पितुः प्रालेयशैलस्य न स्मरत्यर्बुदाचलः" ॥५८॥

ઈંદ્રે અજયપાળનું રૂપ ધારણ કર્યું હતું. તે જ્યારે (રાજ્ય ભૂમિરૂપી રંગભૂમિમાંથી) ગયો ત્યારે તેના પુત્ર મૂળરાજે જયન્ત (ઇંદ્રપુત્ર) નો અભિનય (વેષ) કરયો. (૫૬)

રણભૂમિમાં બાલક્રીડા કરતાં કરતાં તેણે ચપળતાથી તુરુષ્કરાજાની સેના વિખેરી નાંખી હતી. (૫૭)

મ્લેચ્છ લોકોના (લશ્કરના) જેનાથી કપાયલા હાડપિંજરનો જ્યાં ઢગલો થયો હતો, તે સ્થળને જોતાં અર્બુદાચલ (આબુ) પોતાના પિતા હિમાચલને ભૂલી ગયો. ભાવાર્થ કે, શત્રુના માણસોના હાડકાનો ઢગલો એટલો બધો ઊંચો થયો કે હિમાચલ પર્વત તેના આગળ ન્હાનો પડી ગયો. (૫૮)

"द्रुतमुन्मूलिते तत्र धात्रा कल्पद्रुमाङ्कुरे ।
उज्जगामानुजन्मास्य श्री भीमइति भूपतिः ॥५९॥
भीमसेनेन भीमोऽयं भूपतिर्न कदाचन ॥
बकापकारिणा तुल्यो राजहंसदमक्षमः ॥६०॥

ઉપર ચડી આવ્યો અને ત્યાંથી રેતીના મેદાનને રસ્તે ગૂજરાત ઉપર ઉતરી આવ્યો. "ભીમદેવ રાજા (મહમૂદ ગજનવીની સામે થનાર

---

मंत्रिभिर्माण्डलीकैश्च बलवद्भिः शनैः शनैः ॥
बालस्य भूमिपालस्य तस्य राज्यं व्यभज्यत" ॥६१॥

કલ્પદ્રુમના અંકુરરૂપી (મૂળરાજ) ને વિધાતાએ શીઘ્ર ઉખેડી નાંખ્યો એટલે તેનો "अनुजन्मा" (ન્હાનો ભાઈ) શ્રી ભીમ નામે રાજા થયો. ૫૯

૬૦ મા શ્લોકમાં શ્લેષાલંકાર છે. પાંચ પાંડવો માંહેલો ભીમ, જેણે બક નામના રાક્ષસનો નાશ કરયો હતો, એવા ભીમના કરતાં ગૂજરાતનો આ ભીમદેવ, પરાક્રમમાં વધારે હતો. એમ બતાવવાનો આ કવિનો હેતુ છે, તેથી તે કહેછે કે,

"ભીમસેને બક (રાક્ષસ)નો અપકાર (નાશ) કરયો હતો, અને આ ભીમ રાજા રાજહંસો (મહાન્ રાજા)નું દમન કરવાને શક્તિમાન્ હતો; માટે તેને કયારે પણ તેની તુલ્ય ગણી શકાય નહિ. બક એટલે બગલા કરતાં રાજહંસ પક્ષી શ્રેષ્ઠ ગણાય માટે પાંડુસુત ભીમે બક મારયો અને આ ભીમે રાજહંસોનું દમન કર્યું તેથી પણ શ્લેષમાં આ રાજાની શ્રેષ્ઠતાનો ધ્વનિ નીકળેછે.

બક રાક્ષસ અને બક અસુર (દૈત્ય) એ બે જૂદા છે; એ વાત જેના જાણવામાં નથી તે આ શ્લોકનો અર્થ જૂદા પ્રકારનો કરેછે. વળી તેઓ એવો વાંધો બતાવેછે કે, બકનો નાશ તો શ્રીકૃષ્ણે કરયો છે, ભીમે કરયો નથી. પણ જુવો શબ્દસ્તોમ મહાનિધિ પૃ. ૯૮૨.

वकः=राक्षस भेदे यो भीमेनहतः
श्री कृष्णेन हते दैत्य भेदेच
रक्षो विशेषः इति मेदिनी
स च भीमेन हतः

આ વિષે જુવો મહાભારતના પ્રથમ પર્વના ૯૫ અધ્યાયનો ૭૩ મો શ્લોક. રા. નવલરામના લખવા પ્રમાણે ડા. બુલર એમ અર્થ કરેછે કે, બકાસુરનો નાશ કરનાર ભીમસેનના જેવો આ રાજા કાંઈ બળિયો નહતો. અથવા રાજહંસને વશ કરવાને પણ શક્તિમાન્ નહતો. આ પ્રમાણે અર્થ કરવાને तुल्यः એ પદ પછી अराजहंस दमक्षमः એવો પદચ્છેદ કરવો પડેછે. પણ મૂળગ્રંથમાં अ ને બદલે (ऽ) અવગ્રહનું ચિહ્ન નથી.

રા. નવલરામ પોતે એવો અર્થ કરેછે કે,

આ ભીમ ભીમસેનના જેવો કયારે પણ નહતો, એ તો બગલાને (નબળાને) મારનારા જેવો અને રાજહંસને (રાજવર્ગને નહિ) વશ કરવાને શક્તિમાન્ હતો.

ગૂજરાતના બ્રહ્મદેવનો વંશજ ), મુસલમાનોને અટકાવવાને સેના લઇને ચડયો અને તેઓને, ઘણી કતલ કરીને હરાવ્યા. તેઓને નાસેડું લઈ ગજની જઈ પોહોંચતા પેહેલાં રસ્તામાં ઘણાં સંકટ વેઠવાં પડ્યાં. [1]આ વે-

ઉપર જણાવ્યા પ્રમાણે આ બધો ગુંચવારો ( જુવો નવલગ્રંથાવળી ભાગ ૪ થો પૃષ્ટ ૯૮ ) એક રાક્ષસ અને એક અસુર એ બે જૂદા હતા તે નહિ જાણવાથી થયો છે. ( ૬૦ ) ર. ઉ.

બલવાન્ મંત્રિયો અને માંડલિક રાજાઓએ રેહેતાં રેહેતાં તે બાલ રાજાનું રાજ્ય વેહેંચી લીધું. ( ૬૧ )

૧ આ સમયનો મુસલમાનનો ઈતિહાસ જાણવાની જરૂર છે માટે અમે અહિ વિસ્તારથી આપિયે છિયેઃ—

ગોરી વંશનો અલ્લાઉદ્દીન જહાંસોજ, ગજનીને પાયમાલ કરીને, જ્યારે ફ્રિરજકોહના તખ્ત ઉપર બેઠો, ત્યારે તેણે પોતાના બે ભત્રિજા, ગ્યાસુદ્દીન—મુહમ્મદશામ અને મૌજુદ્દીન મુહમ્મદશામ ઉરફે શાહબુદ્દીન સુલતાન બહાઉદ્દીનશામના શાહજાદાઓ હતા, તેમને વૈરીસ્તાનના કિલ્લામાં કેદ કર્યા. અને તેમના ગુજરાનનેઅર્થે સાલિયાણું બાંધી આપ્યું.

સુલતાન અલાઉદ્દીનની પછી તેનો શાહજાદો સુલતાન સૈફુદ્દીન ગાદિયે બેઠો. આ પાદશાહે ગ્યાસુદ્દીન અને શાહબુદ્દીન ( મૌજુદ્દીન ) જે પોતાના કાકાના દીકરા હતા તેમને કેદમાંથી છોડયા. શાહજાદો ગ્યાસુદ્દીન તો સુલતાન સૈફુદ્દીનની ચાકરીમાં ફ્રિરૂઝકોહમાં સલાહશાંતિથી રહ્યો. અને શાહજાદો મૈજુદ્દીન પોતાના કાકા ફ્રખરૂદ્દીન મસુદની ચાકરીમાં બામિયાન ગયો.

સૈફુદ્દીનના ત્રાસદાયક મૃત્યુના બનાવ પછી ગોરના તખ્ત ઉપર ગ્યાસુદ્દીન બેઠો અને તે વાત ફ્રખરૂદ્દીનને પોહોંચી ત્યારે તેણે પોતાના ભત્રીજા શાહબુદ્દીનને કહ્યું કે તમારા ભાઇ તો કામમાં પડયા. તમે શું કરવા ધારોછો ? તમારે પણ તૈયાર થવું જોઈયે. તેણે માનપૂર્વક પોતાના કાકાને નમન કર્યું, અને તરત જ ફિરોજકોહ જવાને રવાને થયો; તે ત્યાં આવીને પોતાના ભાઇને રીત પ્રમાણે નમન કરીને મળ્યો. એક વર્ષ તે પોતાના ભાઈ પાસે નોકરીમાં રહ્યો; પણ એક પ્રસંગે કંઈ અપમાન સરખું બનવાથી સીજીસ્તાનમાં મલેકશગશુદ્દીન સીજીસ્તાની પાસે જઇને એક શિયાળો ત્યાં રહ્યો. તેના ભાઈયે તેને પાછો બોલાવવાને માટે હલકારા મોકલ્યા; અને જ્યારે તે આવી પહોંચ્યો ત્યારે તેને કસ્ર કઝૂરાન અને ઇસ્તિયા (હિરાત અને ગજનીની વચ્ચેના ડુંગરોમાં ગોરનું એક શેહેર છે. ) ના મુલ્કો સોંપી દીધા. ગ્યાસુદ્દીને જ્યારે ગર્મશીર ઉપર પોતાની સત્તા સ્થાપી ત્યારે પોતાના ભાઇને તકીનાબાદ શેહેર, જે ગર્મશીરમાં મોટામાં મોટું હતું તે, સ્વાધીન કર્યું; એટલે ગજનીનું લશ્કર અને તેના આગેવાનો ગજની ભણી નાશી ગયા; ત્યાં તેઓ બાર વર્ષ રહ્યા. અને ખુશરૂશાહ અને ખુશરૂમલેકના હાથમાંથી દેશ છીનવી લીધો. સુલ્તાન શાહીદ્દીને પણ તકીનાબાદથી તેમના ઉપર હુમલો કરવાનું અને દેશને હેરાન કરવાનું જારી રાખ્યું.

ળાએ પ્રખ્યાત ભીમે રાજ્ય પોતાને હસ્તગત કર્યું નહતું પણ તેની ભાભીની વતી અને તેના રાજપુત્રની વતી, એક શૂરવીર તરીકે, રાજભક્ત થઈ રાજકારભાર ચલાવતો હતો.

---

છેવટે ઈ. સ. ૧૧૭૩ (હિ. સ. ૫. ૬૯) માં સુલ્તાન ગ્યાસુદ્દીને ગજની જીતી લીધું. અને પોતાના ભાઈ શાહબુદ્દીનને ત્યાં ગાદિયે બેસાડી ગોર પાછો આવ્યો. આ શાહજાદાએ ગજનીનો મુલ્ક સ્વાધીન કરી લીધો અને બે વર્ષ પછી ગુર્દેઝ જીતી લીધું. ત્રીજા વર્ષમાં ( હિ. સ. ૫૭૧ ઈ. સ. ૧૧૭૫ ) પોતાની ફોજ તેણે મુલ્તાન ભણી લઈ જઈને કર્માતિયન ( કરામના લોકો ) પાસેથી તે જગ્યા હાથ કરી લીધી; તેમજ ભાટિયા લોકો પાસેથી ( ઉચ્ચ ) લઇ પોતાને સ્વાધીન કરી લીધું, અને ત્યાં તથા મુલ્તાનને માટે અલીકરમાજને પોતાનો નાયબ ઠરાવીને પોતે ગજની પાછો વળી આવ્યો. આ બનાવનો સમય, ફેરીસ્તા હિ. સ. ૫૭૨ નો આપેછે અને કેહેછે કે, ઉચ્ચનો રાજા કિલ્લામાં જઈને રહ્યો. એટલે સુલ્તાન તેને ઘેરીને તંબુ લગાવી પડયો પણ તેના સમજવામાં આવી ગયું કે રાજાને સ્વાધીન કરી લેવાનું કામ ઘણું કઠિણ છે, ત્યારે તેણે તેની રાણીને ફોડાવવાની યુક્તિ કરી, કેમકે, તેના જાણવામાં આવ્યું કે રાણીનો કબજો રાજા ઉપર ઘણો છે. આવો પ્રસંગ જોઇને તેણે પોતાનો માણસ મોકલ્યો અને ઠગાઈ ભરેલી રીતે કેહેવરાવ્યું કે જો તમારી મદદથી આ શેહેર મારા સ્વાધીનમાં આવશે તો તમને હું રાજ્યરાણી કરીશ. રાણિયે શાહબુદ્દીનનો દબદબો જોઈને વિચાર્યું કે, આ જીત કરી લીધા વિના જાય એવો નથી એટલે તેણે તેના સંદેશાના ઉત્તરમાં કેહેવરાવ્યું કે હું તો તમારા યોગ્ય નથી પણ મારી દીકરી રૂપવાન્ છે, તેને જો તમે માન્ય રાખો તથા મારી સર્વે માલમતામાં તમે હાથ નાંખો નહિ તો હું રાજાને મારવાનો ઉપાય કરૂં, સુલતાને આ કરાર કબૂલ કરયો; એટલે રાણિયે થોડા દિવસમાં રાજાને મારી નાંખીને ઉચ્ચ શેહેર તેને સ્વાધીન કરી દીધું, અને પોતાના કોલ પ્રમાણે તે રાણીની કુંવરીને મુસલમાની ધર્મમાં લઈને તેની સાથે નિકા કરી, પછી મા દીકરી બંનેને ગજનીમાં મોકલી દીધાં ત્યાં મા તુરત જ મરણ પામી અને તેના વિરહથી તેની દીકરી પણ બે વર્ષ પછી મરી ગઈ અને પાદશાહની મુલાકાતથી તે કાંઇ ફળ પામી નહિ.

એજ વર્ષમાં સંકરાન ( શંકરાન, સેનકરાન ) ના લોકોએ દંગો કરીને મોટો ગડબડાટ કરી મૂકયો તેથી તે તેમના ઉપર ચડી ગયો અને તેમાંના ઘણાખરાને તરવારની ધારે ચડાવી દીધા.

કુરાનમાં લખ્યા પ્રમાણે, સંકરાન લોકો પોતાના દેશને અર્થે લડયા છે તેથી તેમને કેટલાક લખનારાએ ગાજી ગણ્યા છે તેમ છતાં, તેઓએ જ્યારે કજિયો ઉભો કરીને બંડ મચાવ્યું ત્યારે રાજનીતિને અનુસરીને શાહબુદ્દીનને આ પ્રમાણે કરવું પડયું.

ઉપરનું બંડ બેસારી દીધા પછી ( હિ. સ. ૫૭૪ ઈ. સ. ૧૧૭૮ ) તે

અજયપાળનો ન્હાનો ભાઈ બીજો ભીમદેવ વળી ભોળોભીમ કે-

---

ઉચ્ચ અને મુલતાન થઈને થરપારકરની વાટેથી અણહિલવાડ ( નરવાલ ) ચડી આવ્યો. તે વેળાએ ત્યાંનો રાજા ભીમદેવ બાળક હતો. ( તબકાતીનાસરી ). ફેરિસ્તા લખેછે કે, રાજા ભીમદેવ જે ભીરમદેવના વંશનો હતો તેની પાસે ગૂજરાતની હકુમત હતી. ( આ લડાઈ સન ૧૧૭૮માં થઈ છે, અને એ વખતે બાળમૂળરાજ ગૂજરાતનો રાજા હતો, તેથી તેની કુમકે રહીને ભીમદેવે તેનું રાજ્ય નીભાવેલું જણાયછે. અને તે મરણ પામ્યા પછી ઈ. સ. ૧૧૭૯ માં તે પંડે ગાદિયે બેઠેલો જણાયછે. ) તેણે સુલતાનને છેક હરાવી દીધો. ઘણા મુસલમાન માર્યા ગયા. અને તે ઘણી મુશ્કેલીથી પાછો ગજની ગયો. અને હિ. સ. ૫૭૫માં પેશાવર ગયો. ખુલાસે તવારીખનો લખનાર આ બનાવ હિ. સ. ૫૭૭માં બન્યાનું લખેછે. અને તે પણ જણાવેછે કે ગૂજરાત લેવાનો ઈરાદો કરીને મુલતાન અને ઉચ્ચ થઇને થરપારકરની વાટે તે આવ્યો તેની સામે ભીમે લશ્કર તૈયાર કરીને મોટી લડાઈ કરી. આ વેળાએ સુલતાનનું લશ્કર છેટેથી આવેલું અને રસ્તાની તકલીફ ભોગવેલી તથા પાણી અને અનાજની તંગી વેઠેલી અને આ તરફ ભીમદેવનું લશ્કર તાજું અને બેપરવાહ હોવાથી સુલતાનના લશ્કરને તલવારો અને નેજાની અણીથી તથા બંદુકના ઘાથી જખમી કરી નાંખ્યું, અને રાજા ભીમદેવ અચાનક જીત પામ્યો. સુલતાનનાં ઘણાં માણસો તરવારના ઘાથી મરાયાં અને પોતે નાશીને નાના પ્રકારનાં સંકટ વેઠી ગજની તરફ પાછો વળી ગયો.

જ્યારે સુલતાન મહમૂદ ગજનવી દેવપટ્ટણ ઉપર ચડી આવ્યો હતો ત્યારે જૂનાગઢનો રાજા મંડળિક જે પોતાના ધર્મનો રક્ષણહાર હતો તે અણહિલવાડના ૧લા ભીમની સાથે તેની પૂઠે લાગ્યો હતો. એમ સોરઠી તવારીખ લખનાર રણછોડજી દીવાને જે હકીકત લખી છે તે આ મહમદશામ ( શાહબુદ્દીનગોરી ) ના વખતને લાગુ પડેછે એમ સર બેલી પોતાના ગૂજરાતના ઇતિહાસમાં લખેછે. અમને પણ એમ લાગેછે કે તે વેળાએ અણહિલપુરનો રાજા ભીમ ( ૧લો ભીમ ) હતો અને આ વેળાએ પણ ભીમદેવ ( બીજો ભીમ ) રાજા હોવાથી નામના સરખાપણાને લીધે રણછોડજી દીવાને મહમદગોરીની વાત મહમૂદ ગજનવીને લાગુ કરી દીધી હોય. રણછોડજી દીવાન લખેછે કે "મુસલમાનોની પછવાડે હિંદુઓ વીજળીના જેવો ચમકાટ અને ચપળતા રાખીને અને વાયુના જેવો વેગ ધારણ કરી બુઢિયા વાનરોની પેઠે કૂદકારા મારી અને બાળમૃગોની પેઠે ફાળો ભરી મુસલમાનોની પાછળ દોડી પકડી પાડયા; તેમાંના કેટલાએકને હિંદુઓની કટારોથી મારી પાડયા. અને કેટલાએકને રજપૂતોની ગદાના પ્રહારવડે ભોંય ઉપર સૂવાડી દીધા. અને રાજાના ભાગ્યનો સૂર્યે ઉચ્ચ સ્થિતિયે પોંહોચ્યો; એટલે શાહમહમદ બીકનો મારયો છટકી ગયો. અને પોતાનો જીવ બચાવ્યો. પણ તેના લશ્કરમાંનાં ઘણાં સ્ત્રી પુરૂષો પકડાઈ ગયાં. મુસલમાનોના ધર્મશાસ્ત્ર પ્રમાણે તુર્કી, અફઘાન અને મોગલ સ્ત્રિયો કુંવારી હોય તો પવિત્ર ગણાયછે તેટલા ઉપરથી એવી જે હતી તેમને સ્ત્રી તરીકે રાખી લેવાને કંઈ બાધ ગણવામાં આવ્યો નહિ. બીજી જે હતી તેમને પણ

હેવાતો હતો; તે ઈ૦ સ૦ ૧૧૭૯ માં ગાદિયે બેઠો,[1] અને ૩૬ વર્ષ રાજ્ય કર્યું. મેરૂતુંગ લખેછે કે, એના વારામાં શ્રી સોહડદેવ (સુભટવર્મા) દેવ

---

જુલાબ આદિથી પવિત્ર કરી તેમના ધર્મશાસ્ત્રની આજ્ઞા પ્રમાણે ( કુરાનની ૨૪-૨૬ આયાત પ્રમાણે ) જે દુષ્ટ સ્ત્રિયો હતી તે દુષ્ટને અને સારી સારા માણસોને પરણાવી; જે આબરૂવાળા માણસો હતા તેમની દાઢિયો બોડાવી નંખાવી અને તેમની ગણના શેખાવતોમાં કરી. શેખાવત અને વાઢેલ જાતના રજપૂતોમાં ભેળવી લીધા. અને જે નીચા હતા તેમને કોળી, ખાંટ, બાબરિયા, અને મેરની જાતમાં ભેળવી દીધા. અને પરણેતરની તથા મરણઅવસરની વિધિયો તેમના પોતામાં જે ચાલતી હતી તે ચલાવવા દેવાની છૂટ આપી, અને બીજાઓથી અળગા રેહેવાને ફરમાન કરવામાં આવ્યું; પણ ખરૂં તો શું બન્યું હશે તે પરમેશ્વર જાણે. ર. ઉ.

૧ બીજા ભીમદેવના રાજ્યનો અંત ૩૬ વર્ષે એટલે ઈ. સ. ૧૨૧૫ માં આવ્યાનું ઉપર લખેલું છે, તે મેરૂતુંગના લખાણથી ખોટું ઠરેછે, એટલું જ નહિ પરંતુ તામ્રપટ્ટોના શોધ ઉપરથી પણ તે તેવું જ ઠરેછે; કેમકે ઇ. સ. ૧૨૩૧ ના આબુના લેખમાં ભીમદેવને "રાજાધિરાજ" લખ્યો છે, અને એ લેખનો આધાર આ પુસ્તકમાં મિ. ફાર્બસે લીધો છે, છતાં એ ભૂલ થયાનું કારણ એમ જણાયછે કે ૬૩ ને બદલે અંક અવળાસવળી થઈ જતાં ૩૬ થઈ ગયા છે. મેરૂતુંગ પ્રબંધચિંતામણીમાં સાફ કેહેછે કે—"संवत् १२३५ पूर्व वर्ष ६३ श्री भीमदेवेन राज्यं कृतं" એટલે વિ. સં. ૧૨૩૫ થી ૬૩ વર્ષ એટલે ૧૨૯૮ ( ઈ. સ. ૧૨૪૧-૪૨ ) સુધી ભીમદેવે રાજ્ય કર્યું. ભીમદેવના તામ્રપટ્ટો મેરૂતુંગના કેહેવા સાથે બરાબર મળતા આવેછે. એનું છેલ્લું તામ્રપટ્ટ ( ડૉક્ટર બ્યૂલરે પ્રસિદ્ધ કરેલ ૧૧ તામ્રપટ્ટ પૈકી અંક ૯ નું ) સંવત્ ૧૨૯૬ ( ઈ. સ. ૧૨૪૦ ) નું છે. એના પછીના રાજકર્ત્તા ત્રિભુવનપાળનું એક સં. ૧૨૯૯ નું ( ઈ. સ. ૧૨૪૨-૪૩ ) નું છે. એટલે ભીમદેવનું રાજ સંવત્ ૧૨૯૮ ( ઈ. સ. ૧૨૪૧-૪૨ ) સુધી હતું.

અમારી પાસેની એક પટ્ટાવળી પ્રમાણે બાળમૂળરાજે સં. ૧૨૩૨ ના ફાલ્ગુન શુદિ ૧૨ થી તે સં. ૧૨૩૪ ના ચૈત્ર શુદિ ૧૪ સુધી ૨ વર્ષ ને એક માસ રાજ્ય કર્યું. ત્યાર પછી એના ભાઈ ભોળાભીમે સં. ૧૨૩૪ ના ચૈત્ર શુદિ ૧૪ થી રાજ્ય કર્યું; એમ લખ્યુંછે; અને વિચારશ્રેણીમાં પણ લખ્યુંછે કે:—

"तत्स्तद्देवोप श्री भीमदेव राज्या इति राजावली."

આ તથા અમારી પાસેના બીજા જૈન પાનામાં સંવત્ ૧૨૩૫ માં ભીમનું ગાદીનું વર્ષ લખ્યું છે, તેથી તે ઈ. સ. ૧૧૭૯ માં ( સં. ૧૨૩૪ માં ) રાજકર્તા હતો, તે વિષે કાંઈ પણ શક નથી. કારણ કે અણહિલવાડના બાલમેર પાસે કેરાલુ નામના ઉજ્જડ ગામના ઈ. સ. ૧૧૭૯ ( સં. ૧૨૩૫ ) ના લેખ ઉપરથી જણાયછે કે, તે લેખ પ્રખ્યાત ભીમદેવના વિજયી રાજ્ય સમયે લખાયો હતો. ર. ઉ.

માળવાનો રાજા હતો તે ગૂજરાત ઉજ્જડ કરવાના મનસુબાથી તેના ઉપર ચડી આવ્યો, પણ ભીમે તેને ધડધડાવી નાંખતો સંદેશો કહાવ્યો કે,— "રાજા મારતંડ, જે સૂર્યવંશને દીપાવેછે તે, માત્ર પૂર્વમાંજ પ્રકાશેછે; પણ "તેજ સૂર્ય જ્યારે પશ્ચિમમાં આવવા માંડેછે ત્યારે તેનું તેજ અસ્ત પામેછે." આવો પ્રધાનના શબ્દચાતુર્યનો સંદેશો સાંભળીને તે પાછો જતો રહ્યો. મેરતુંગ કેહેછે કે, પછીથી તેના પુત્ર અર્જુનદેવે ગૂજરાત લૂંટ્યું. આ લખાણને માળવાના અર્જુન રાજાના [1]લેખનો પૂરાવો મળેછે, તે લેખ ઈ૦ સ૦ ૧૨૧૦ નો છે, ને તેમાં લખ્યું છે કે, "સુભટવર્મ (અથવા સોહડ) "જે અર્જુન રાજાનો પિતા થતો હતો તેણે પોતાના ક્રોધાયમાન પરા- "ક્રમનો ગર્જના કરતો કોપ ગૂજરાતનાં શેહેરો ઉપર ચલાવ્યો;" અને અર્જુન રાજા પણ છેક ન્હાનો હતો તેવામાં પણ, "તેણે જયસિંહ રાજાને (માળવા જીતી લેનાર રાજાની પછી થનાર અણહિલપુરના રાજાને આ વાત બરાબર લાગુ પડેછે.) છોકરાંની રમતમાં પણ નસાડી મૂક્યો હતો." એક બીજો લેખ પછવાડે દાખલ કરવામાં આવેલો છે તેમાં બાળમૂળરાજની પછી થનાર ભોળાભીમદેવે ગ્રાસ આપેલો તે વિષે લખ્યું છે, અને તે ઈ૦ સ૦ ૧૨૧૦ ની સાલનો છે તેમાં ભીમદેવને બીજો સિદ્ધરાજદેવ અને નારાયણનો અવતાર કરીને લખ્યો છે.[2]
પુસ્તકમાં અણહિલવાડનો ભોળો પણ પરાક્રમી સોલંકી રાજા કાંઈ ઉતરતી પંક્તિમાં દાખલ થયો નથી. અમે હવેથી લખિયેછિયે તે ચંદના રાસ ઉપરથી લખિયે છિયે.

ભોળાભીમદેવના રાજ્ય સંબંધી ગૂજરાતી ઇતિહાસ લખનારાઓએ થોડું લખેલું છે; તથાપિ સારા ભાગ્યે કરીને તેટલો ગાળો મુસલમાન ઈતિહાસકારોએ પૂરયો છે, અને વળી ગૂજરાતની ધરીના સામ્ભરના ચોહાણ રાજાઓનો રાસ ચંદ બારોટે લખ્યો છે તે વિષમ પણ ચિત્રોપમ

---

૧ બંગાળ એશિયાટિક સોસાઈટીનું જર્નલ ૫ મું પૃષ્ટ ૩૮૦ પ્રમાણે; વળી પૃષ્ટ ૧૬૬ ની ટીપ જુવો.

૨ પાછળ પૃષ્ટ ૯૯ મે અમે જે લેખ છાપ્યો છે તેમાં अभिनव सिद्धराज सप्तम चक्रवर्ति श्रीमद् भीमदेवः એમ છે. અને સંવત ૧૨૮૧ મો લેખ जयसिंहदेवनो છે તેમાં नारायणावतार श्रीभीमदेव એવું બિરદ ભેળ્યું છે (જુઓ ડા. બુલરની છપાવેલી ૧૧ લેખની ચોપડી.)

પુસ્તકમાં અણહિલવાડનો ભોળો પણ પરાક્રમી સોલંકી રાજા કાંઈ ઉતરતી પંક્તિમાં દાખલ થયો નથી. અમે હવેથી લખિયે છિયે તે ચંદના રાસ ઉપરથી લખિયે છિયે.

ચંદ બારોટ લખેછે કે, જ્યારે [1]અનંગપાળ રાજા દિલ્હીમાં રાજ્ય

---

[1] તુમાર વંશમાં ત્રણ અનંગપાળ થઈ ગયા છે તેમાં આ ત્રીજો અનંગપાળ હતો, ચોહાણ, રાઠોડ અને તુમાર વંશનો સંબંધ સમજવા આ ઠેકાણે અમે મધ્યકાલિક શિક્કાના કનિંગહામના પુસ્તક ઉપરથી નીચે પ્રમાણે વૃત્તાન્ત આપિયે છિયે:—

કનોજ અને દિલ્હીના તુમાર (તુંવાર).

વિક્રમાદિત્યના સમયથી ૭૯૨ વર્ષ સુધી ઇંદ્રપ્રસ્થ નગર ઉજ્જડ થયેલું પડ્યું રહ્યું હતું, તે તુમાર રજપૂત અનંગપાળે ફરીને સ્થાપ્યું, અને તેનું નામ દિલ્હી પાડ્યું. કેટલાક લખનારા વર્ષમાં ફેરફાર જણાવેછે, પણ તેથી વિક્રમ સંવત્ ૭૯૨ અથવા ઈ. સ. ૭૩૫ કરતાં થોડાં વર્ષનોજ માત્ર ફેર પડેછે.

ઇ. સ. ૧૦૨૨ માં જ્યારે મહમૂદ ગજનિયે કનોજ લીધું, ત્યારે ત્યાં રાજ્યકર્ત્તા લેખે જયપાળ રાજા હતો, તેજ આ વેળાએ દિલ્હીનો તુમાર વંશનો રાજા હતો. એ મહમૂદને શરણ થયો, તેથી કાલંજરના ચંદેલ રાજા ગંડે તેના ઉપર હલ્લો કરીને તેને મારી નાંખ્યો. ત્યારપછી તેની પછવાડે કુમારપાળ થયો, તેનું નામ પણ દિલ્હીના રાજ્યકર્ત્તાની ટીપમાં જયપાળ પછીથીજ આવેછે. કુમારપાળ પછી તરતજ અનંગપાળ બીજો થયો, તેના વિષે સં ૧૧૧૭ અથવા ઈ. સ. ૧૦૬૦ નો લેખ છે કે—

दिल्हीकी कोट कराया—
लाल कोट कहाया.

સુમારે ઈ. સ. ૧૦૫૦ માં રાઠોડ વંશના ચંદ્રદેવે કનોજ જીતી લીધું, ત્યારે કુમારપાળના મરણ પછી અનંગપાળ દિલ્હી ગયેલો અને ત્યાં તેણે કોટ ચણાવ્યો હશે.

તુમાર અથવા તુવાર જેને ફારસી લખનારા બોવર, પોવર અને બીજા તોવાર, તોમાર, તોમર, તોઅર, તુવાર કરીને લખેછે, તે ઉચી જાતિના રજપૂત ગણાયા છે. અને તેઓએ મેવાડના સિસોદિયા સાથે અંગસંબંધનો વ્યવહાર રાખેલો છે. ઈ. સ. ૧૩૭૫ થી ૧૫૧૮ માં છેલ્લા રાજા વિક્રમાદિત્યને ઈબ્રાહિમ લોદિયે જીત્યો, ત્યાં સુધી ગ્વાલિયેરનો કિલ્લો તુમારોને કબજે હતો. ગ્વાલિયેરની ઉત્તર ભણીનો જિલ્લો હજી સુધી પણ તુઆરગારને નામે ઓળખાયછે, અને દિલ્હીની દક્ષિણનો મોટો જિલ્લો "તોઆરવતી" કેહેવાયછે.

અનંગપાળ પેહેલાએ તુવાર વંશની સ્થાપના કરીને વિક્રમ સંવત્ ૭૯૨ (ઈ. સ. ૭૩૬) માં દિલ્હી સ્થાપી, એ વાત તો સર્વમાન્ય છે. વળી દિલ્હી આગળ લોહસ્તંભ છે, (પંચધાતુનો હશે) તે ઉપર "सं. ४१८ राज तुंवर आदि अनंग" એમ આપેલું છે, તો આ સંવત્‌ને ગુપ્ત સંવત્ ગણતાં પણ ૪૧૮+૩૧૮=૭૩૬, ઇ. સ. આવેછે. વળી મુહમ્મદ ખિલજી જે ઇ. સ. ૧૩૦૦ માં થયો, તેના સમયમાં અમીર ખુશરૂ નામનો સાયર હતો, તે અનંગપાળ બીજા વિષે લખેછે કે—"તે મહારાય હતો, અને તે પાંચસેં કે છસેં વર્ષ ઉપર થઈ ગયો." આ ઉપરથી પણ તેનું વર્ષ ઈ. સ. ૭૦૦ ને ૮૦૦ ની વચ્ચે આવેછે.

કરતો હતો ત્યારે કંધજ અથવા રાઠોડ રાજા વિજયપાળ તેના ઉપર ચડાઈ કરવાને તૈયાર થયો. તે સમયે સામ્ભરમાં આનંદદેવનો પુત્ર સો-

---

ઉપરના વૃત્તાંત ઉપરથી તુમાર વંશના રાજાઓની ટીપ નીચે પ્રમાણે થાયછે:—

દિલ્હી અને કનોજના રાજાઓની ટીપ.

| અંક. | ઈસવી સન. | તુમાર વંશના રાજાનું નામ. | અઈન અકબરી પ્રમાણે. | | | |
|---|---|---|---|---|---|---|
| | | | રાજાનું નામ. | કેટલું રાજ્ય કર્યું. | | |
| | | | | વર્ષ. | માસ. | દિવસ. |
| ૧ | ૭૩૬ | અનંગપાળ પેહેલો. (બિલનદેવ) | અનંગપાળ તેનોર. | ૧૮ | ૦ | ૦ |
| ૨ | ૭૫૩ | | બસદેવ. | ૧૯ | ૧ | ૧૮ |
| ૩ | ૭૭૨ | | ગંગૂ. | ૨૧ | ૩ | ૨૮ |
| ૪ | ૭૯૩ | | પૃથીમલ્લ. | ૧૯ | ૬ | ૧૯ |
| ૫ | ૮૧૩ | | જયદેવ. | ૨૦ | ૭ | ૨૮ |
| ૬ | ૮૩૩ | | નિરપાળ. | ૧૪ | ૪ | ૯ |
| ૭ | ૮૪૮ | | આદેરેહ. | ૨૬ | ૭ | ૧૧ |
| ૮ | ૮૭૪ | | બિલ્લરાજ. | ૨૧ | ૨ | ૧૩ |
| ૯ | ૮૯૫ | | બીક. | ૨૨ | ૩ | ૧૬ |
| ૧૦ | ૯૧૮ | | રેખપાળ. | ૨૧ | ૬ | ૫ |
| ૧૧ | ૯૩૯ | સુખપાળ (અથવા તેજપાળ.) | સુખપાળ. | ૨૦ | ૪ | ૪ |
| ૧૨ | ૯૬૦ | ગોપાળ. | ગોપાલ. | ૧૮ | ૩ | ૧૫ |
| ૧૩ | ૯૭૮ | સલક્ષણપાદ. | સેલેખન. | ૨૫ | ૧૦ | ૨ |
| ૧૪ | ૧૦૦૩ | જયપાળ. | જયપાળ. | ૧૬ | ૪ | ૧૩ |
| ૧૫ | ૧૦૧૯ | કુમારપાળ. | કુંવરપાલ. | ૨૯ | ૩ | ૧૧ |
| ૧૬ | ૧૦૪૯ | અનંગપાળ. (બીજો) | અનંગપાળ. | ૨૯ | ૬ | ૧૮ |
| ૧૭ | ૧૦૭૯ | વિજયપાળ (અથવા તેજપાળ.) | બીજપાલ. | ૨૪ | ૧ | ૬ |
| ૧૮ | ૧૧૦૩ | મહિપાળ. | મહેતપાલ. | ૨૫ | ૨ | ૨૩ |
| ૧૯ | ૧૧૨૮ | અનંગપાળ. (ત્રીજો) | આકપાળ. | ૨૧ | ૨ | ૧૫ |
| ૨૦ | ૧૧૪૯ | આને પુત્ર નહોતો, તેથી તેની કુંવરી કમળાદેવી સોમેશ્વરને પરણાવી હતી તેના પુત્ર પૃથ્વીરાજ ખોળે લીધો. | પૃથ્વીરાજ. | ૨૨ | ૨ | ૧૬ |
| | | | | ૪૩૭ | ૧ | ૨૮ |

મેશ્વર રાજ્ય કરતો હતો. તેના સાંભળવામાં આવ્યું કે કંધ્રજ અને તુંવાર સામાસામી લડવાના છે એટલે તેણે વિચાર્યું કે આવી વેળાએ

---

તુમાર વંશ સિવાય ઉપરના ઠેકાણાના રાજ્યકર્ત્તા તરીકે ઈ. સ. ૮૩૫ માં રામચંદ્રદેવનું નામ આવેછે, તેમજ ત્યારપછી ભોજદેવનું નામ આવેછે; તે ઉપરથી એમ જણાયછે, કે તુમારો પેહેલાં રઘુવંશી રાજ્યકર્ત્તા હતા, કેમકે ઉપરના બે રાજા રઘુવંશી છે, આ વંશ વિષે અલબેરૂની એમ લખેછે કે—

"વાસુદેવે જેમ મથુરા પ્રસિદ્ધ કર્યું તેમજ પાંડવોએ કનોજ પ્રખ્યાતિમાં આણ્યું છે." આ ઉપરથી જણાયછે કે—તુમારને પાંડવ અને તેમના પેહેલાંના કનોજના રાજા રઘુવંશી હતા. તેમજ તેમના પછીના રાઠોડ વંશના હતા.

કનોજના રાઠોડોની વંશાવલી કનિંગહામે બં. એ. સો. ના પુસ્તક ૩૩ અંક ૩ ના પૃ. ૨૩૨ સન ૧૮૬૪ નામાં આપી છે:—

| | | |
|---|---|---|
| ચંદ્રદેવ | ઈ. સ. ૧૦૫૦ | વિ. સં. ૧૧૦૬ |
| મદનપાળ | ઈ. સ. ૧૦૮૦ | વિ. સં. ૧૧૩૬ |
| ગોવિંદચંદ્ર | ઈ. સ. ૧૧૧૫ | વિ. સં. ૧૧૭૧ |
| વિજયચંદ્ર | ઈ. સ ૧૧૬૫ | વિ. સં. ૧૨૨૧ |
| જયચંદ્ર | ઈ. સ. ૧૧૭૫ | વિ. સં. ૧૨૩૧ |

બં. એ. સો. પુ. ૧૮૫૮ અં. ૩ પૃ. ૨૧૭–૨૨૦ માં ફ્રિટ્‌જ એડવર્ડ હૉલે તામ્રપટ્ટની નકલો છપાવી છે તેમાં,—

મદનપાલનું તામ્રપટ્ટ સં. ૧૧૫૪ ઈ. સ. ૧૦૯૮ નું છે.
ગોવિંદચંદ્રનું દાનપત્ર સં. ૧૧૮૨ ઈ. સ. ૧૧૨૬ નું છે.

રાઠોડોએ ચંદ્રદેવના ઉપરીપણા નીચે ઈ. સ. ૧૦૫૦ માં કનોજ જીતી લીધું. આ રાજાના નામના શિક્કા મળી આવ્યા નથી, પણ તેના પુત્ર મદનપાળનો લેખ સં. ૧૧૫૪ અથવા ઈ. સ. ૧૦૯૭ નો મળી આવ્યો છે; તેમજ તેના પૌત્ર ગોવિંદચંદ્રદેવનો લેખ સં. ૧૧૭૭ અથવા ઈ. સ. ૧૧૨૦ નો મળ્યો છે. આ લેખને સમયે તે યુવાન્ પુરૂષ હતો. આ ઉપરથી મદનપાળનો ગાદી ઉપર બેસવાનો સમય ૧૦૮૦ નો ગણી શકાય; તેમજ ચંદ્રદેવનો સમય, સુમારે ઈ. સ. ૧૦૫૦ નો લેખાય. એક પેહેડીનાં પચીસ વર્ષ ગણતાં રાઠોડોએ ઈ. સ. ૧૦૫૦ પછી કનોજ તરત જીતી લીધેલું માની શકાયછે.

ચૌહાણ વંશ સંબંધી વિશ્વાસપાત્ર વૃત્તાન્ત તેમના પોતાનાજ લેખો ઉપરથી મળી શકયો છે. 'પૃથીરાજ રાસો' તો બનાવટનો છે, એમ ડૉક્ટર બુલરે બંગાળના એશિયાટિક સોસાયટીના પ્રોસીડીંગમાં (સન ૧૮૯૩ પૃ. ૯૩–૯૪) જણાવ્યું છે, તે પ્રમાણે ચંદના એ રાસા ઉપરથી કર્નલ ટાડે જે વંશાવળી ઉપજાવી છે, તે માલ વિનાની ગણવા સરખી છે, એમ કનિંગહામનું લખવું છે. પણ આ ઝગડાનું છેવટ હજી આવ્યું નથી. શ્રીયુત મોહનલાલ

ક્ષત્રિયે ઘેર બેશી રેહેવું નહિ. તે બોલ્યો કે, "હું આના કુળની કીર્ત્તિ વધારીશ કે કૈલાસ અથવા ઇન્દ્રાસન પામીશ." તેણે નોબત વગડાવી અને

---

આદિ આ વિષે પ્રતિપક્ષી છે. ડાકટર બુલર બે લેખનું પ્રમાણ આપે છે, તેમાં એક લેખ વિ. સં. ૧૦૩૦ નો છે; અને બીજો વિ. સં. ૧૨૨૫ નો છે, અને પૃથિવીરાજવિજય, જે કાશ્મિરના પંડિતે લખ્યો છે, તે ઉપરથી નીકળતું પેહેડીનું નામું ખરૂં ઠરેછે. તેમજ વળી કનિંગહામને મદનપુરનો લેખ મળ્યો છે, તેમાં લખ્યું છે કે,—

ॐम्! अरुनो राजस्य पौत्रेण श्री
सोमेश्वर सूनुना जेजाक—
भुक्ति देसोयम् पृथिवीराजेन
लुणीतः सं. १२३९

આ ઉપરથી જણાયછે કે **जजाक भुक्ति=जहाहुती** (અથવા મહોબા) ની જીત સં. ૧૨૩૯ અથવા ઈ. સ. ૧૧૮૨ માં થઈ.

પૃથિવીરાજવિજય નામના કાવ્ય પ્રમાણે પેહેડીનામું નીચે પ્રમાણે થાય છે.

અજયરાજ (જેણે અજમેર વસાવ્યું.)
|
આનાજી-અર્ણોરાજ-આમ્મલદેવ—અરૂણો (ઈ. સ. ૧૧૨૦ ?)
|
- જેનું નામ ખબર નથી અને જેણે પોતાના પિતાને મારયો તે-
  |
  પૃથિવીભટ.
- વિસલદેવ. (ઈ. સ. ૧૧૫૦ ?) અથવા વિગ્રહરાજ.
  |
  ૦
- સોમેશ્વર — કમળાદેવી
  | ૧૧૬૨
  પૃથ્વીરાજ. (ઈ. સ. ૧૧૬૬–૧૧૯૧–૯૩)

અનંગપાળ ત્રીજાની કુંવરી કમળાદેવી સોમેશ્વર વેરે પરણાવી હતી, તેથી તેનો પુત્ર પૃથ્વીરાજ અનંગપાળની તુવાર ગાદીનો વારસ થયો. સોમેશ્વર અને પૃથ્વીરાજના નામના શિક્કા મળેછે, પણ વિસલદેવના તેમજ તેના ભત્રિજા પૃથિવીભટના નામના શિક્કા મળી આવ્યા નથી. તેમજ અરૂણો (અથવા અમલ્લદેવ)ના નામના શિક્કા પણ હજી લગણ મળી આવ્યા નથી. વિસલદેવનું રાજ્ય તે સાકંભરી (સંભર) એમ દિલ્હીના લાટલેખમાં લખ્યું છે. અને પૃથ્વીરાજવિજયમાં ચોહાણનું રાજ્ય તે અજયમેર અથવા અજમેર લખ્યું છે. હમીર મહાકાવ્યમાં તેને સપાદલક્ષ (સવાલાખનો દેશ) કરીને જણાવ્યું છે, અને અજમેર તથા હાંસી તેની રાજધાની છે, એમ લખ્યું છે.

દિલ્હીના રાજાની પક્ષે ચાલ્યો. સોમેશ અને અનંગપાળ ધવળ છત્ર ધારણ કરીને ભેગા થઈ [1]વિજયપાળના સામા ચડ્યા. લડાઈ ચાલી તેમાં સોમેશ્વરે વિજયપાળને ધાયલ કરચો એટલે તે નાઠો. સોમેશ્વરે શક્તિમાન્ વિજયપાળને હરાવ્યો તેથી દિલ્હીમાં તેની કીર્ત્તિ ગવાવા લાગી. અનંગપાળે પોતાની પુત્રી તેને વેરે પરણાવી ને ધાડો સંબંધ કરચો, પછી તેનો સારો આદરસત્કાર કરીને વિદાય કરચો. સોમેશ્વર જયનાં વાદિત્ર વગડાવતો પોતાને ઘેર અજમેર ચાલ્યો.

એમ જણાયછે કે, અનંગપાળને પુત્ર ન હતો. તેને બે પુત્રિયો

---

ઈ. સ. ૧૧૯૨ ની સાલના શિક્કામાં એક તરફ જમણી બાજુને મુખે હાથમાં ભાલા સહિત ઘોડેસવાર છે. અને તે ઉપર "श्री पृथ्वीराज" એવું નામ છે; તેમજ એના એ શિક્કાની બીજી બાજુએ બેઠેલા પોઠિયાનું ચિત્ર છે, તે સાથે "स्री महमद सामे" એવા અક્ષર છે. મહમદ સામ અથવા શાહબુદ્દીન ગોરિયે પૃથ્વીરાજને જીત્યો તેથી તે સાલમાં એવા શિક્કા પાડેલા જણાયછે. અને તેનું કારણ મિનહજના લખાણથી બંધબેસતું થઈ પડેછે. તે એ કે, હીજરી સન ૫૮૭ (ઇ. સ. ૧૧૯૧) માં શાહબુદ્દીને દિલ્હીને ઘેરો ઘાલ્યો એટલે પૃથ્વીરાજ ખંડિયો રાજા થયો. અઈબેક, (કુતુબુદ્દીન જેને શાહાબુદ્દીને સુબો ઠરાવ્યો હતો તે) પછી હાંસી ગયો. પણ હી. સ. ૫૮૯ (ઈ. સ. ૧૧૯૩) માં પાછો દિલ્હી આવ્યો; અને તે શેહેર લીધું. આ બંને બનાવની વચ્ચેનું વર્ષ ઉપરના શિક્કાનું છે. ત્યારપછીના મહમદ ગોરીના શિક્કામાં ગોવિંદચંદ્રના શિક્કાની નક્કલ કરીને તેમાં ચતુર્ભુજ લક્ષ્મી બેઠેલી આલેખેલી છે. અને તે ઉપર स्री महमदबिनसाम એવા અક્ષર છે.

ર. ઉ.

૧ ઉપર જે રાઠોડ રાજાની ટીપ આપી છે, તેમાં વિજયપાળનું નામ આવતું નથી, પણ પૃથ્વીરાજરાસામાં એને જયચંદ્રનો પિતા કરીને લખ્યો છે. (Coins of Medioeval Iudia) પૃ. ૮૪ તથા ૮૭ માં ચંદ્રદેવ (૧૦૫૦) ના પુત્ર મદનપાળની સાલ ઈ. સ. ૧૦૮૦-૧૧૧૫ સુધીની છે. ગોવિંદચન્દ્રની સાલ ઈ. સ. ૧૧૧૫-૧૧૬૫ સુધીની છે.

અજયચંદ્ર (જયચંદ)ની સાલ ઇ. સ. ૧૧૬૫-૧૧૯૩ સુધીની છે. એટલે વચ્ચે વિજયપાળ નામના કોઇ બીજા શખ્શને ગુસાડી દેવાનો અવકાશ રેહેતો નથી. રાજકાળનિર્ણયને પૃ. ૧૩ મે જયચંદ્રનો પિતા વિજયચંદ્ર રાઠોડ લખ્યો છે. અને તેની સાલ સંવત્ ૧૨૪૬ એટલે ઈ. સ. ૧૧૯૦ ની લખી છે, તે શા ઉપરથી તેનું પ્રમાણ તેમાં જણાવ્યું નથી; તેથી તે ઉપર પણ ભરોંસો રાખી શકાતો નથી. વિજયપાળ અથવા વિજયચંદ્ર એજ ગોવિંદચંદ્ર લેખિયે તોજ રાસાની વાત મનાય એમ છે.

હતી, તેમાંથી કમળાદેવી કરીને હતી તેને અજમેરના સોમેશ્વર વેરે પરણાવી હતી, બીજી રૂપસુંદરી હતી તેને કનોજના રાઠોડ રાજા જયચંદ્ર વેરે પરણાવી હતી. અનંગપાળની ફોઈ વિજયપાળ વેરે દીધી હતી તેનો જયચંદ્ર પુત્ર થતો હતો. તુંવાર કુંવરીને પેટ સોમેશ્વરને નામાંકિત પૃથ્વીરાજ થયો, તેણે અજમેર અને દિલ્હીની ગાદી એકઠી કરી નાંખી, અને મુસલમાનોની સાથે આશ્ચર્યકારક લડાઈમાં ઉતરીને તે માર્યો ગયો. ચંદબારોટ કહેછે કે, કનોજ, ગજની, અને અણહિલપુરમાં યમદૂતે પૃથ્વીરાજ જન્મ્યાના સમાચાર પ્રસિદ્ધ કરયા. પૃથ્વીરાજને પ્રીથા કરીને એક બેહેન હતી તે તેના પિતા સોમેશ્વરે ચિતોડના રાવળ [1]સમરસિંહ વેરે પરણાવી હતી.

---

૧ જુઓ પાછળ પૃષ્ઠ ૨૨ની ટીપમાં છઠ્ઠો રાજા ગુહસેન (ઈ. સ. ૫૩૯ થી ૫૬૯) એને ગુહિલ પણ કેહેતા. ગોહિલ અથવા ગેલોટી (જે હાલ સિસોદિયાને નામે ઓળખાયછે) જે કાઠિયાવાડ અને રજપૂતસ્થાનમાં રાજ્યકર્તા થયેલા છે. તે આ ગુહિલ વંશજ છે. આ ગુહસેનનો મોટો કુંવર ધરસેન (બીજો) વલભીપુરમાં તેના પછી ગાદીપતિ થયો. અને બીજા કુંવર ગોહાદિત્ય અથવા ગોહાએ ઇડરનું રાજ્ય મેળવ્યું. તેના વંશજ ઈડરથી ચિતોડ (મેવાડ) ગયા અને હજુ ત્યાં (ઉદયપુરમાં) રાજ્ય કરેછે. એ ગોહાદિત્યની કેટલીક પેઢિયે બપ્પ અથવા બાપો થયો, તેણે મેવાડમાં ચિતોડની ગાદી મેળવી.

"ભાવનગર પ્રાચીન શોધસંગ્રહ"માં લખ્યા પ્રમાણે એક બીજો અભિપ્રાય એમ પણ છે કે, વલભીનો છેલ્લો રાજા શીલાદિત્ય સાતમો મરાયો ત્યારે તેની સગર્ભા સ્ત્રી પુષ્પવતી આરાસુરમાં અંબાભવાનીની યાત્રા કરવા ગઈ હતી, તે પતિનું મરણ સાંભળી ત્યાંજ રહી. ગુફામાં તેને કુંવર અવતરયો તેથી ગોહાદિત્ય કેહેવાયો. તેને રાજરીતિ પ્રમાણે અભ્યાસ કરવાને બની આવે તેટલા માટે રાણિયે યોગ્ય બ્રાહ્મણોને સોંપ્યો અને પોતે સતી થઈ. ગોહાદિત્ય મોટો થયો ત્યારે ભાંડેરના વનવાસી ભીલોનો તે રાજા થયો. તે બ્રાહ્મણના કુળમાં ઉછરયો તેથી બ્રાહ્મણનો ધર્મ પાળતો હતો. તેનો પુત્ર બાપારાવળ થયો તે પણ બ્રાહ્મણધર્મ પાળીને હારિત મુનિની સેવા કરવા લાગ્યો. આ હારિતને એકલિંગજી શંકરે પ્રસન્ન થઇને સુવર્ણનું કડું આપ્યું હતું, તે તેમણે બાપારાવળને સેવાના બદલામાં આપવા માંડયું ત્યારે તેણે કહ્યું કે, મહારાજ! સોનાનું કડું તો ક્ષત્રિયોને જોઈયે, ને હું તો બ્રાહ્મણ છું. હારિત મુનિયે તેને ક્ષત્રીનું તેજ આપ્યું એટલે બાપારાવળે પોતાનું બ્રહ્મત્વ મુનિને અર્પણ કર્યું અને ક્ષત્રીપદ સાથે સોનાનું કડું પોતે ગ્રહણ કર્યું. ગોહિલકુળના પૂર્વજો પ્રથમ બ્રાહ્મણકુળને આનંદ દેનાર હતા એ વિષે મહા-

આ સમયે ગૂજરાતમાં રાજા ભોળોભીમ અણહિલપુરનો શૃંગાર હતો તે અગાધ સમુદ્ર જેવો બળવાન્ હતો, તેની પાસે અજીત ચતુરંગી સેના હતી; એ ચાલુક્યરાયને આશ્રયે ત્રિલોક રહ્યા હતા; ઘણા દુર્ગપતિઓ તેની સેવામાં હતા. સિંધ ભણી હંકારાતાં વાહાણુ તેને સ્વાધીન હતાં; ધારા ધરતીમાં તેનાં આયુધિક સ્થાન હતાં; અમરસિંહ શેવડો કરીને જૈન સાધુ હતો તે ભીમદેવની સેવામાં હતો, તે પોતાના મંત્રવડે કરીને સ્ત્રી, પુરૂષ અને દેવને વશ કરતો. પારકરના [1]યાદવ, અને સોઢા એ સર્વમાં

---

રાણા કુંભકર્ણકૃત એકલિંગજી માહાત્મ્યમાં પ્રાચીન કવિનો શ્લોક દાખલ કરેલ છે તે ઉપરથી સિદ્ધ થાય છે.

**आनंदपुर समागत, विप्रकुलानंदनो महीदेव ।**
**जयति श्रीगुहदत्तः प्रभवः श्रीगुहिल वंशस्यः ॥**

આનંદપુર ( વઢવાણ ) થીં આવેલો વિપ્રકુળને આનંદ આપનાર, ગુહિલ વંશનો ઉત્પન્ન કરનાર શ્રી ગુહદત્ત રાજા જય પામેછે.

બાપારાવળથી નીચે લખ્યા પ્રમાણે ૨૯ મી પેઢિયે સમરસિંહ થયા. ( જુઓ અચળેશ્વર આબુ ઉપર અચળગઢ )ની પાસેના મઠમાંનો લેખ ( સંવત્ ૧૩૪૨ ઈ. સ. ૧૨૮૫ ) માગશર શુદિ ૧ વાળો ( ભાવનગર પ્રાચીન શોધ સંગ્રહને પૃ. ૫૨ )

૧ બાપા.
૨ ગુહિલ.
૩ ભોજ.
૪ શીળ.
૫ કાળભોજ.
૬ ભર્તૃભટ.
૭ સિંહ.
૮ મહાયિક.
૯ ખુમાણ.
૧૦ અલ્લટ.
૧૧ નરવાહ.
૧૨ શક્તિકુમાર.
૧૩ શુચિવર્મ્મા.
૧૪ નરવર્મ્મા.
૧૫ કીર્ત્તિવર્મ્મા.
૧૬ વૈરટ.
૧૭ વૈરિસિંહ.
૧૮ વિજયસિંહ.
૧૯ અરિસિંહ.
૨૦ ચોડસિંહ.
૨૧ વિક્રમસિંહ
૨૨ ક્ષેમસિંહ.
૨૩ સામંતસિંહ.
૨૪ કુમારસિંહ.
૨૫ મથનસિંહ.
૨૬ પદ્મસિંહ.
૨૭ જૈત્રસિંહ
૨૮ તેજસિંહ.
૨૯ સમરસિંહ.

ઉપરની વંશાવળીમાં આવેલા સર્વ પુરૂષો પુત્ર, પૌત્ર ને પ્રપૌત્ર, એવે ક્રમે નથી. પરંતુ કોઇ ભાઈ બત્રીજા પણ છે.

[1] પારકરના યાદવ તે સમા; કચ્છના જાડેજાના ભાયાત. ર. ઉ.

તેણે બ્રાહ્મણોનાં ઘર બાળીને તેમને દેશપાર કરયા હતા. તે માળવામાં ( પલ્લી ) પાલીધરતીમાં અને આબુ ઉપર ફરતો હતો.

આ સમયે આબુ ઉપર જેતસી પરમાર રાજ્ય કરતો હતો. તેને સલખ કરીને એક કુંવર હતો, અને ઇચ્છિનકુમારી નામે પુત્રી હતી, તે ઘણી રૂપવંતી હતી તેથી સર્વ તેનાં વખાણ કરતાં હતાં. તેને પરણવાની ભીમદેવને ઇચ્છા થઇ; આબુ વિષે અને પરમારકન્યા વિષે જે કોઈ કાંઈ કેહેતું તે, પછી સાચું કે જૂઠું ગમે તેવું હોય પણ, ભીમદેવ આનંદથી સાંભળતો હતો; એને સ્વપ્ન આવતાં તે ઇચ્છની વિષેનાંજ આવતાં. તેણે અમરસિંહને આબુ મોકલીને પરમારકુમારીનું માગું કરયું; પણ તેનો વિવાહ ચૌહાણ પુત્ર વેરે ક્યારનોય કરી મૂકયો હતો. તે સમાચાર ભીમદેવના પ્રતિનિધિને સૂચવવામાં આવ્યા ત્યારે તે બોલ્યો, " અહો ! પર્વતપતિ, " ભોળા વીર ચાલુક્યે ઇચ્છિની વિષે જ્યારથી સાંભળ્યું છે ત્યારથી તેને તે " વીસરતી નથી; માટે તેને વેરે તમારી કન્યાનું માગું કરેછે; જો તમે ચૌહાણને પરણાવશો તો આબુગઢના કોઠા ઉપરથી તમને ગબડાવી નાંખશે; પરમારની સાથે તેને લડાઇ કરવી, તે અર્જુનને જેમ કોઈ ગરીબડાં સાથે લડાઈ કરવી હોય તે પ્રમાણે તેને મન છે. " પ્રધાનનું કેહેવું જેતસિયે માન સહિત સાંભળ્યું; પાંચ દિવસ સુધી તેને માન ભરેલી રીતે દરબારમાં રાખ્યો, અને પોતાના પ્રધાન સાથે વિચાર કરયો કે, હવે શું ઉત્તર આપવું. છેવટે જેતસીનો પુત્ર હાથમાં તરવાર ગ્રહીને બોલી ઉઠયો, " જો મારી ધરતી માગી હોત તો હું આપત; પણ ભોળો ભીમ જૈન " ધર્મી થઈ ગયો છે, તે દગા ફટકાનો ભરેલો છે, વશીકરણ કરેછે અ" ને ભુરકી નાંખેછે. આટલો બધો દેશ તેણે એજ સાધનથી સ્વાધી" ન કરી લીધો છે; તે ઉત્તર ભણીના શત્રુને ઓળખતો નથી. " જેતસી વળી બોલ્યો કે, " મરૂ ધરતીમાં નેવુ લાખ યોદ્ધા પડેલા છે, અને " આબુગઢને તાબે અરાડ ગાદિયો છે. સામંતપતિ[1] મારી ઓથે " આવશે. એમાંથી કોઈ પણ જો મારૂં રક્ષણ નહિ કરી શકે તો જેણે " પરિક્ષિતને તેના માના ઉદરમાં રાખ્યા, બળતા જંગલમાંથી જેણે " છોકરાંઓને ઉગારયાં, જેણે પોતાનાં માબાપનું રક્ષણ કરી મામાને મા-

---

૧ સામ્ભરપતિ=પૃથ્વીરાજ.

"રચો, જેણે ગોવર્ધન તોળીને વ્રજનું રેલમાંથી રક્ષણ કર્યું, તે ગોકુળ-
"નાથ શ્રીકૃષ્ણ મારૂં રક્ષણ કરશે. મારે મારૂં રાજપદ રાખવું કે પછી
"મરવું." આવું ઉત્તર આપીને તેણે ભીમના પ્રધાનને વિદાય કરયો.

જેતસિયે, પોતાના પાંચ સગા હતા તેમના સ્વાધીનમાં આબુ કરયો. તેણે પોતાના પુત્રને કહ્યું કે "આપણે ચૌહાણને આપણી ઓથે બોલાવવા જોઇયે." પછી સોમેશ્વરના પુત્ર વેરે ઇચ્છનીને સત્વર પરણાવી દેવા વિષેનો પોતાને હાથે કાગળ લખી મોકલ્યો. તેમાં લખ્યું છે કે,—
"સલખની બ્હેન અને જેતસીની પુત્રીનું ભોળાભીમ માગું કરેછે, તે કેહેછે કે,–"ગમે તો આબુને ઉજ્જડ થવા દે, કે ગમે તો ઇચ્છિનીને મારે
"વેરે પરણાવ. ત્યારે શું શિયાળ સિંહનો ભાગ લેશે? તે મારી મિલ્કત
"લૂંટેછે; મારા ગોવાળિયા રોજ બૂમો મારેછે; મારી પ્રજા ગરીબ થતી
"જાયછે." પરમારનો ચૌહાણે આદરસત્કાર કરયો. પૃથ્વીરાજે દિલ્હી કાહાવી મોકલ્યું કે, ભીમની સામે લડવા હું સલખ સાથે જાઉંછું. સોમેશ્વરનો પુત્ર નીકળી ચાલ્યો—તે સલખ પરમારની સાથે તેને ઘેર જવાને તૈયાર થયો.

ભોળાભીમે જ્યારે આ સમાચાર સાંભળ્યા ત્યારે જાણે કોઇયે તેના મુખ ઉપર ઘા મારયો હોયની એમ તેને લાગ્યું. તેણે પોતાના મંત્રિયોને બોલાવીને તૈયાર થવાની આજ્ઞા કરી; તેણે લડાઈની નોબત વગડાવી.
"જે ઊંઘતા સિંહ ઉપર પડેછે; જે પૃથ્વીધારણકરનાર મણીધરને માથેથી મણી લેવા ધારેછે; જે યમદૂતના પેટમાં પોતાનો હાથ ખોસેછે; તેજ ચાલુક્યના બારવટિયાનું રક્ષણ કરવાને ઇચ્છેછે." ભોળાભીમ જેવો આ પ્રમાણે બોલ્યો તેવો તે શૂરે કરીને કંપ્યો. પાટણથી તેણે *કચ્છ અને સોરઠ સર્વ ઠેકાણે ચોમેર આજ્ઞાપત્ર લખી મોકલ્યાં.—ધૂળનાં વાદળાંથી આકાશ છવાઈ ગયું; ચારે બાજુએથી મોટી સેના એકઠી થઈ; ત્યાં ગિરનારનો ધણી આવ્યો, કતારિયો લોહાણો પણ આવ્યો, વીરદેવ (અથવા વીરધવલંગ) વાઘેલો, રામ પરમાર, પેરમ્ભનો ધણી, રાણીંક ઝાલો,

* આ સમયે કચ્છમાં જામ રત્તોરાયધણ ગાદીપતિ હતો, તેણે પોતાના જાડેજા સરદારના ઉપરીપણા નીચે કચ્છી લશ્કર મોકલાવ્યું હતું.

સોઢો સારંગદેવ, ગંગ ડાભી, અમરસિંહ શેવડો પણ ત્યાં હતો; જૈન મંત્રેશ્વર ચાચિંગ પણ હતો. ભોળોભીમ આબુ આવી પોહોંચ્યો ને ત્યાં તંબુ ઠોક્યા; તેણે ચારે બાજુએ ગઢ ઘેરી લીધો. પરમાર અને ચાલુક્યની સેનાએ યુદ્ધ મચાવ્યું; ઘણા દિવસસુધી રણસંગ્રામ ચાલ્યું; છેવટે સલખ અને જેત પાછા હઠ્યા; પણ જેવા લડતા તેઓ પાછા હઠતા ગયા તેમ ધરતીને લોહીથી લાલચોળ કરતા ગયા. ભીમ આગળ ધસ્યો, તેણે અચળેશ્વર જોયો; પરમાર મરૂધરતી ભણી નાશી ગયા ને ગઢ ચાલુક્યોને માટે મૂકતા ગયા, ભીમ જયવંત થઈ આબુની ટોચ ઉપર ચડયો.

આ સમયે રજપૂત રાજાઓના માથા ઉપર, તેમનો સામાન્ય શત્રુ શાહબુદ્દીનગોરી મેઘની પેઠે ગર્જના કરી રહ્યો હતો તેથી માંહોમાંહનો કજિયો પતી જવો જોયતો હતો. શાહબુદ્દીન કેહે કે, "આ ધરતી નથી હિંદુની કે નથી મ્લેચ્છની, પણ જે તરવારથી રાખી શકે તેની છે." ભોળાભીમદેવની પાસે તેને સારી સલાહ આપે એવા કેટલાક સામંતો હતા તેઓનું કેહેવું જો તેણે સાંભળ્યું હોત તો હિંદુસ્થાનની પડતી થાત નહિ, અથવા એટલું બધું નહિતો તેમ થવામાં વાર થાત; પણ ભોળાભીમે પોતાના નામનો મહિમા રાખીને કોઈના કેહેવા ઉપર લક્ષ આપ્યું નહિ. પીરમના ગોહિલ સામંતે કહ્યું કે "લડાઈ બંધ કરવી જોઇયે, પ-"રમારે કાંઈ અપરાધ કર્યો નથી, સિંહકટિ (ઇચ્છિની) પાછી આપે એ-"ટલે પત્યું. માટે એ અર્થ સાધી લેવા વિષે આપણે વિચાર કરવો જોઇયે." રાણીંક ઝાલો કેહેવા લાગ્યો કે, "યુદ્ધની વેળાએ યુદ્ધ સંબંધીજ વિચાર "કરવા જોઇયે, બીજી વાત કશા કામની નહિ. આપણે સાવધાની માત્ર "એટલીજ રાખવી કે શાહની સાથે શત્રુતા બંધાય નહિ." વીરદેવ વાઘેલો કેહે કે, "ચૌહાણની સાથે આપણે પતાવી દેવું, અને એકઠા "મળીને સુલતાનના સામા થવું. યુદ્ધમાં એનો અંત આણવાથી આપણા "હાથમાં ઘણો દેશ આવશે, અને આપણી કીર્ત્તિ ઘણી વધશે." અમરસિંહ શેવડાએ ધીરે રહીને કાનમાં કહ્યું કે, "તમે કોહોછો એ સર્વે વાત સાચી, પણ તે ભીમને રૂચશે નહિ." ગમે તે થાય પણ કલહ છોડવો નહિ એવો નિશ્ચય કરીને રાજા પોતે તો બેઠો હતો. તે બોલ્યો કે, "જો કોઈ રજપૂત એકવાર અપમાન સહન કરે તો પછી તે દરેક ઠપકાને "પાત્ર થાયછે; એક હજાર પાપનો દોષ તેને માથે બેસેછે; તે નરકમાં

"પડેછે તો પછી તેને કોણ તારે. રજપૂતના ભાગ્યમાં તો જન્મમરણનો "ફેરો પોતાની તરવારથી ટાળવાનું લખ્યું છે. હિંદુઓમાં ચોહાણ અને "પરમાર એ મ્હોટા યોદ્ધા ગણાયછે, માટે જ્યારે ચોહાણ પાસેથી તેનો "સર્વે કબજો છોડાવીશ ત્યારે ગોરી સામો ચડીશ." પછી ભોળોરાજા આકરા સોગન ખાઈ બેઠો અને નોબત વગાડવાની આજ્ઞા આપી.

પછી ચોહાણના ઉપર તો બે બાજુએથી હલ્લા થયા; ગોરી અને ગુર્જરની વચ્ચે સામ્ભરધણીની ઢાલના જેવી ગતિ થઈ. તેણે તેના હિંદુ શત્રુ સંબંધી ભવાની માતાને વીનવી કે,—"ઓ! દુર્ગા! જૈન ધર્મે "સર્વ વસ્તુઓ ઝાલી લીધી છે તો એ ઘાતકિયોને તું ઝાલી લેજે. કોઈ "રાજપદવિને માન આપતું નથી; સામંતોની સત્યતાનો નાશ થયો; જ્યાં "વેદની ધૂમ મચતી હતી અને ચંડીપાઠ થતા હતા ત્યાં જૈનની અપ- "વિત્ર વાતો થાયછે. અહો! ચામુંડા! ખડ્ગ ધારણ કરીને મારૂં રક્ષણ "કર; ઓ! કાળી! મહાપ્રલયના સમયના યમદૂતનું રૂપ ધારણ કરીને આ "જૈનોને ઝબે કર! ઓ તું પાતકનો નાશ કરનાર! દેવતાઓની રક્ષણ- "હાર! દૈત્યોની દમનાર! તેઓને હતા નહતા કરી દે! અને તારો જય- "જયકાર થાઓ!" રાત્રની વેળાએ ગૂજરાતના લશ્કર ઉપર ચંદબારોટે જાતે ચડાઈ કરી, તેમાં ચાલુક્યની સેના કોટની પેઠે ઉભી રહી હતી, હાથિયો ચોમેર રાખ્યા હતા, અને જે ઝાલાઓએ જાડેજાને હરાવીને કચ્છ અને પંચાળ લૂંટી લીધાં હતાં તે ઘોડે ચડી રક્ષક થયા હતા એ- ટલું છતાં પણ દુર્ગાના પ્રતાપથી ઘણી જીત થઈ. રાત્રના ગડબડાટમાં ભીમના યોદ્ધા માંહોમાંહે કાપાકાપી કરવા લાગ્યા; અને અગર જો ભીમ પંડે યુદ્ધમાં આગળ પડયો, અને તેનો હાથી મરાયો, તથા તરવાર ટૂટી પડી ગઈ ત્યારે કટારવતે ગાંડોતૂર બનીને લડયો, તોપણ ભારે નુકશાન વેઠીને છેવટે તેને પાછા હઠવાની અગત્ય પડી.

પછી ભીમની હાલ ચાલ ઉપર નજર રાખવા ચોહાણની થોડી ફોજ રહી ને બીજી મોટી સેના સુલતાનની સામે લડવાને ચાલી અને તેને પણ હરાવ્યો.

ભીમદેવનો કાકો સારંગદેવ મરણ પામ્યો ત્યારે તેને સાત કુંવર હતા,—પ્રતાપસિંહ, અરિસિંહ, ગોકુલદાસ, ગોવિંદ, હરિસિંહ, શ્યામ,

અને ભગવાન્. તેઓ પરાક્રમી શૂરવીર હતા, અને રાણ (અથવા રાણીંક) કરીને સત્તાવાન્ ઝાલો હતો તેને ઠેર કરચો હતો. તેઓ ભીમદેવના ઉપર બાહારવટે નીકળ્યા હતા, પણ તેનું કારણ શું હશે તે જાણવામાં આવ્યું નથી, તેઓ યાદવનો દેશ લૂંટતા અને સોરઠના ડુગરોમાં રેહેતા. છેવટે તેઓ એટલા બધા બળિયા થઈ પડ્યા, કે ભીમને આપોઆપ તેમના ઉપય ચડવાની અગત્ય પડી. ભીમે એક નદીને કિનારે પડાવ કરચો હતો, ત્યાં એનો હાથી નદીમાં નાહાતો હતો તેને મારી નાંખ્યો, અને તેના માવતને પણ પ્રતાપસિંહે અને અરિસિંહે ઠેર કરચો. આ પ્રમાણે ભીમદેવનું અપમાન કરચું તેથી તેને હાડોહાડ લાગી ગઈ અને આગળ તો માત્ર તેઓને ઝાલી લેવાનોજ વિચાર કરચો હતો, પણ હવે તો તેમને મારી નાંખવામાં દોષ ગણવા લાગ્યો નહિ. ભીમનો આ મનસુબો સર્વે ભાઇયોના જાણવામાં આવ્યો, ત્યારે ગૂજરાત છોડી જવાની તેમને અગત્ય જણાઈ, અને તે પ્રમાણે યુવાન પૃથ્વીરાજને આશ્રયે જઈ રહ્યા. પૃથ્વીરાજે તેઓનો આદરસત્કાર કરી શિરપાવ કરચા; તથા પટા કરી આપ્યા. એક સમયે પૃથ્વીરાજ ગાદિયે બિરાજમાન થયો હતો, અને નવા ચંદ્રની આસપાસ તારા ચકચકે તેમ તેના સામંતો બિરાજેલા હતા, તેવામાં પ્રતાપસોલંકી અને તેના ભાઇઓએ આવીને તેને નમન કરચું. તે વેળાએ મહાભારત ઉપર વાત ચાલતી હતી, તથા ચોહાણના પરાક્રમ ગવાતાં હતાં, તેવામાં, કેહેછે કે, પ્રતાપસિંહે મૂછે હાથ નાખ્યો તે પૃથ્વીરાજના કાકા કન્હ ચોહાણના જોવામાં આવ્યું એટલે એને તો ખરેખરી લાગી ગઈ અને તરવાર મ્યાનમાંથી કાહાડીને પ્રતાપસિંહના શરીરના બે ભાગ કરી નાંખ્યા, એટલે તે મરદું થઇને પડચો. તે જોઇને અરિસિંહ અને તેના ભાઇયો ક્રોધાયમાન્ થઈ વેર લેવાને ઊઠયા. તેમનાં માણસો પણ અંદર ધશી આવ્યાં. પૃથ્વીરાજ ઉઠીને મેહેલમાં જતો રહ્યો. પછી રણમાં જેમ દવ બળે તેમ જુસ્સાથી મારામારી ચાલી; જેમ દીવા ઉપર ફૂદાં ટૂટી પડે તેમ કન્હ ઉપર સોલંકિયો ટૂટી પડ્યા. એક પ્રહર સુધી તરવાર અને યમદન્ત અથવા જમઇયાથી કાપાકાપ ચાલી. પ્રતાપના ભાઇયો એક પછી એક સ્વર્ગે ચાલ્યા અને સોમેશ્વરનો ભાઈ કન્હ, દૈવની પેઠે કોપતો ભીમના સાતે ભાઇયોને ઠેર કરીને જય પામ્યો ત્યારે તેનો કોપ શમ્યો.

પૃથ્વીરાજે આ સમાચાર સાંભળ્યા ત્યારે કન્હના ઉપર કોપીને બોલ્યો, "તમે આમ શું કરવાને કર્યું? સર્વે કેહેશે કે ચોહાણે ચાલુક્યોને "પોતાને ઘેર તેડ્યા ને પછી ઠેર કર્યા." અજમેર નગરમાં ત્રણ દિવસ સુધી હડતાલ પડી. જ્યાં ત્યાં અરે! અરે! ના અવાજ ઉઠવા લાગ્યા—રાજમાર્ગમાં લોહીની નીકો ચાલી. ચંદબારોટ કીર્ત્તિ ગાવા લાગ્યો કે, ધન્ય છે ચાલુક્ય! ધન્ય છે તારાં માતાપિતાને; સ્વપ્નમાં પણ તેં નાસવાનો વિચાર ધારચો ન હતો!

જેમ પવનથી સુગંધી પ્રસરે, તેમ દૂર દેશાવરોમાં વાત પ્રસરી. ભીમદેવ ચાલુક્યના સાંભળવામાં આવ્યું કે સારંગના પુત્રોને ચોહાણે ઠેર કરયા; તેથી તે શોક અને ક્રોધથી બળ્યોઝળ્યો થયો. વૈર વાળવાનો પ્રસંગ મળે એટલા માટે તેણે ચોહાણને લખ્યું, તે ઉપરથી સામાસામી લડવાની વાત તેણે સ્વીકારી. એકદમ અજમેર ઉપર ચડવા, ભીમે પોતાના પટાવતોને કહ્યું; પણ વીર પ્રધાને તેને સમજાવ્યો કે ચોમાસું ચાલેછે ત્યાંસુધી વિચાર બંધ રાખવો. ભીમે તેનું કહ્યું માન્યું, અને નિશ્ચય કરચો કે શિયાળો બેસતાં ચોહાણ ઉપર ચડવું. કાળ વીતી ગયો, અને ચાલુક્યનો ક્રોધ નરમ પડયો.

અહિંયાંથી ચંદબારોટ ગૂજરાત વિષે લખવાનું જવા દેછે, અને અનંગપાળ બદ્રિકાશ્રમમાં જઇને રહ્યો ત્યારે પૃથ્વીરાજ દિલ્હીની ગાદિયે કેવી રીતિયે બેઠો; એ યુવાન શૂરવીરે શાહબુદ્દીન ગોરીને કેટલીક વાર કેવી રીતે હરાવ્યો; કનોજના બળિયા રાજા જયચંદને હરાવીને તેને વેરે પરણવાની હતી તે દેવગીરીની કુમારી શશિવ્રતાને તે કેવી રીતે લઈ ગયો; અને રજપૂત [1]રોલાન્ડોને ઘટે એવાં બીજાં કેટલાંક પરાક્રમ એણે કેવી રીતે કરચાં એ વિષે વર્ણવ્યું છે. ત્યારપછી છેવટે તે ભીમદેવની ખબર

---

૧ રોલેંડો અથવા રોલેંડ—આઠમા સૈકામાં થઈ ગયેલા ફ્રાન્સના પ્રખ્યાત રાજા શાર્લામનનો પ્રખ્યાત સામંત તે સાથે વળી શાર્લામનનો ભત્રીજો પણ થતો હતો. તે ઘણો શૂર, નેકી ને નિમકહલાલ હતો. તેણે કરેલાં પરાક્રમનું વર્ણન "ચાસન ઑફ રોલેંડ" એવા નામની, આખા યૂરોપમાં પ્રસિદ્ધ થયેલી વીરરસ કથામાં કરેલું છે. સ્પેન દેશની જીત કરવા શાર્લામન ગયો ત્યારે રોલેંડ તેની સાથે હતો; ત્યાંથી પાછા વળતાં તે અને શાર્લામનના પસંદ કરેલા સામંતોપર સારેસન (મુસલમાન) લોકોએ એકાએક હલ્લો કરચો, તેમાં રોલેંડ મારચો ગયો. (સન ૭૭૮)

લેછે, અને ચોહાણ રાજાઓ સાથે કજિયાનાં કેટલાંક કારણ કેમ ઉત્પન્ન થયાં તે વિષે લખેછે; માટે અહિંથી ચંદના લખાણની ઢબ જાણવામાં આવે એવા હેતુથી આગળના કરતાં તેના લખાણને વધારે અનુસરીને અમે લખિયે છિયે.

ગૂજરાતી ચાલુક્ય, ભીમના સરખો બળવાન્ ભીમ, જેની સીમા કોઈ દબાવી શકે નહિ એવો, જેની કીર્ત્તિ ઘણી ભારે, એવાના હૃદયમાં સામ્ભરનો સોમેશ્વર ખટકયાં કરતો હતો; અને દિલ્હીપતિ પૃથ્વીરાજ તેના હૃદયમાં અંગારા જેવો હતો. તેણે પોતાના પ્રધાનોને એકઠા કરીને તે-ઓને સલાહ પૂછી; પછી તેણે ²ચતુરંગી સેના તૈયાર કરાવી. તે કેહેવા લાગ્યો કે, "હવે હું શત્રુને કચરી નાંખીને તેનું રાજ્ય લઈ લઈશ, અને "એક છત્ર નીચે સર્વ રાજ્ય આણી મૂકીશ." ચાલુક્ય રાજાએ રાણિક-દેવ ઝાલાને તેડાવ્યો, અને અગ્નિથી તપી ગયો હોય તેમ ઘણો તપી જઈ આવેશમાં આવીને તેણે પોતાનું મન તેના આગળ ઉઘાડું કર્યું. "સર્વે કુશળ યોદ્ધાઓને તેણે બોલાવ્યા. અને તે બોલ્યો, "આપણે ત્વ-"રાથી ચડવાની તૈયારી કરિયે, અને બળિષ્ટ હાથી જેમ પોતાની સૂંઢવતે "ધરતી ઉપરથી ધૂળ ઉછાળી નાંખેછે તેમ ચોહાણના દેશનો આપણે "નાશ કરિયે; ભીલ લોકો ઊંદરનાં દરની જેમ વલે કરેછે તેમ સામ્ભર-"દેશની તેવી વલે આપણે કરિયે." તેણે કનકકુમારને તેડાવ્યો; તેણે રા-ણિકરાજને તેડાવ્યો; ચોરાસિમ જયસિંહ, વીરધવલાંગદેવને તેડાવ્યા; સારંગ મકવાણાને તેડાવ્યો. આગળના કજિયાથી ઉકળીને ચાલુક્ય મુ-ખથી બોલ્યો, "ભીલ અને કાઠી રણસંગ્રામમાં ઘણા શૂરવીર છે; નિઃસં-"શય જય અને કીર્ત્તિ આપણને મળશે; ચાલો આપણે શૂરવીરની પેઠે "આપણું વૈર લઇયે. યુદ્ધના શબ્દ મારા હૃદયને આનંદદાયક લાગેછે. જ્યાં "મધમાખિયો ભમતી ફરે એવી ગુફાઓમાં ઉન્હાળામાં, શિયાળામાં, અને "ચોમાસામાં મહા ઉગ્ર તપ અને કષ્ટ કરવાથી તપસ્વી લોકોને મુક્તિ "મળેછે તેજ મુક્તિ શૌર્યથી એક ક્ષણમાં મળેછે." આ પ્રમાણે ભીમે પોતાના યોદ્ધાઓને પાણી ચડાવ્યું. અને બોલ્યો, "જેમ ચંદ્રની સાથે

૨ ઘોડેશ્વાર, પાયદલ, હાથી અને રથ એવા ચાર અંગની સેના.

"રાહુ *લડેછે તેમ ચૌહાણુની સાથે આપણે યુદ્ધ મચાવીશું; જીવતરની "આશા છોડીને આપણે લડીશું તો ધરતી હાથમાં આવશે; સતી નિર્ભ- "યપણે અક્ષત નાખેછે તે પ્રમાણે જે પોતાનો જીવ ઝોકાવેછે તેને ધરતી "મળેછે." જેમ નદીમાં આવી મળનારાં વેહેળિયાં આદિથી નદી ભરપૂર થાયછે, તેમ અહિં તહિંથી સેના એકઠી કરી. યોદ્ધાઓ તેમજ હાથી અને ઘોડા પણ તેમાં બહુ હતા; ઘોડા તો જાણે પાંખો વડે ઉડતા હોયની એવા દીસવા લાગ્યા. હાથિયોની ચીસ તે જાણે પાણીનો ધોધાટ, અથવા, ચો- માસામાં પવનથી વાદળાં એકઠાં થવે ગર્જના થાય તેના જેવી હતી. સારા યોદ્ધાઓ આનંદ ભરેલા જણાતા હતા, અને સૂર્ય આથમતી વેળાએ સ- મુદ્ર રળિયામણો દેખાયછે તેવા તેઓ રળિયામણા દેખાતા હતા; તેઓના મનમાં માલમતા કે ઘરવિષેના વિચાર હતાજ નહિ, પણ બ્રહ્મના ઉપર તેઓનું લક્ષ લાગી રહ્યું હતું. ક્ષિતિજમાંથી જેમ વાદળ ચડી આવેછે, તેમ ચારે બાજુએથી ભયંકર સેના વધવા લાગી. ભીમને માથે છત્ર ધારણ થયું, તે યુદ્ધના ઝરાનું પાણી પીવાને તરસ્યો થયો. ભયંકર દેખાવના ભીલો સેનાને મોખરે થયા, તેઓ હાથમાં કામઠાં લઇને કાજળના જેવા કાળા દેખાતા ચાલ્યા. તેમની પછવાડે હાથિયોની હાર ચાલી, તેમની ચીસથી જંગલ અને પર્વત ગાજી રહ્યા, તેમજ તેઓના ઘંટના નાદ થવા લાગ્યા, અને તેમની સાંકળોના ખણખણાટ થઈ રહ્યા, જેમ ડુંગરાને ડુંગરા ચાલતા હોય તેમ તેઓ દીસવા લાગ્યા. રસ્તે ચાલતાં તેઓએ ઝાડ તોડી પાડ્યાં, સારસની હારની પેઠે તેઓના દાંત ચકચકવા લાગ્યા, અને તેમના ચાલવાથી પૃથ્વી ધમધમી જવા લાગી. પછી ઢાલો બાંધીને પાળા કતાર- બંધ ચાલ્યા. યોદ્ધા જોઇને માણસોને શક ઉપજવા લાગ્યો કે આ દરિયોતો નથી ઉભરાઈ આવતો! સ્વર્ગ, મૃત્યુ, અને પાતાળ કંપવા લાગ્યાં; આવો સેનાનો દબદબો દીસવા લાગ્યો.

સોમેશ્વરના દેશમાં સેના આવી પોહોંચી, ત્યારે ત્યાંના રેહેવાશિયો ઘરબાર છોડીને નાશી ગયા; અને પછી દેશમાં લૂંટ ચાલી. પોતાની પ્ર- જાનો બૂમાટો સાંભળીને સોમ ઘોડે ચડ્યો, અને સતી જેમ પોતાના

* હિંદુઓના પુરાણમાં એમ છે કે ચંદ્રને રાહુની સાથે લડવું પડેછે તેમાં રાહુ ચંદ્રને ગ્રહી લેછે.

પતિની પછવાડે તૈયાર થાય તેમ તે તૈયાર થયો. કાપરૂપ પૃથ્વીરાજને તેણે દિલ્હીમાં રાખ્યો; અને સામંતોને પોતાની સાથે લીધા,–**ખીચીરાવપ્રસંગ**, જામ યાદવ, દેવરાજ, શત્રુઓનો સંહાર કરનાર **ભાણ** ભાટી, ઉદીગબાહુ, બલિભદ્ર; અને કુયમાશ પણ **સોમ**ની સાથે ચડ્યા. નાહી ધોઇને, ઇષ્ટદેવની માળા ફેરવી તથા પુણ્યદાન કરીને, સવારના અજવાળાથી કમળ જેમ વિકાસીને પ્રસન્ન દેખાય તેમ ઉઘાડે કમળનેત્રે પ્રસન્ન દીસતો સેના ચલાવવાને તૈયાર થયો. (કન્હ) **ચૌહાણ** પણ સાથે ચડ્યો, અને **જયસિંહદેવ** જે લડાઈમાં પર્વતના જેવો અચળ હતો તે પણ સંગાથે ચાલ્યો. પૃથ્વી ડોલવા લાગી, શેષનાગ પણ ભારથી ગભરાવા લાગ્યો. **ચાલુક્ય** પાસે આવી પોહોંચ્યો એવા સમાચાર **સામ્ભર** રાજાએ સાંભળ્યા; એટલે તેણે યુદ્ધનાં વાદિત્ર વજડાવ્યાં. **સોમ**ની સેના જોઇને શત્રુનાં હૃદય લૂલાં થઈ ગયાં.

બન્ને સેના યુદ્ધમાં જોડાઈ.—**સોમ** યુદ્ધનો ઉત્સુક હતો, અને **ભીમ** તો યુદ્ધમાં કદિ પાછોજ હડ્યો નહતો. પવનથી જેમ નવાં તંબાંકુનાં પાંદડાં ખડખડે તેમ યોદ્ધાની ઢાલો ખખડવા લાગી. કન્હે યુદ્ધનો પ્રારંભ કર્યો; નોબતો ગડગડી; તરવારો ખડખડી; ભયંકર મારામારી ચાલી; ત્રણ પ્રહર સુધી કન્હ ઉપર બાણ અને બીજાં અસ્ત્રનો વર્ષાદ વરશી રહ્યો. છેવટે ભીમની સેના પાછાં ડગલાં ભરીને નાઠી; એવું બળ **કન્હે** બતાવ્યું, અને તેની તરવાર વીજળીની પેઠે ઝબુકા લેઇ રહી. ખરા **પણ**વાળાઓને તેણે પકડ્યા અને પવન જેમ ઝાડને પટકી પાડેછે તેમ તેઓને તેણે ભૂમિ ઉપર પટકી પાડ્યા; ઘણા ઘોડા, અશ્વારવિનાના કરી નાંખ્યા; અને યમરાજના દૂતોની ભૂખ મટાડીને **ભીમ**ની સેના આછી કરી નાંખી. હાથમાં ખપ્પર લઈ આનંદથી નાચતી દેવિયો ત્યાં આવી અને તેઓની નોબતો ગડગડવા લાગી; અને માંસ ભક્ષણ કરનારાંઓને આહાર મળવાથી તૃપ્તિ થઈ.

**સોમેશ્વર ચૌહાણ** અને **ભીમે** ભયંકર યુદ્ધ મચાવ્યું, પૃથ્વી ઉપર ત્રાસ વરતાઇ ગયો, અને જાણે પર્વતની સાથે પર્વત ટીચાતા હોય એમ દીસવા લાગ્યું, મડદાં ઉપર મડદાં પડવા લાગ્યાં, લોહીની નદિયો વેહેવા લાગી, અને પૃથ્વી જેમ વર્ષાદથી રસબસ થઈ જાય તેમ લોહીથી થઈ

ગઈ, યુદ્ધના મદથી ઉશ્કેરાઈને યોદ્ધાઓ સરસ પાણીવાળા શસ્ત્રોવડે લડવા લાગ્યા. પ્રાણની સાથે પ્રાણ મળી ગયા, એકે અપ્સરા વર વિનાની રહી નહિ, બન્ને પક્ષના ઘણા ઘાયલ થયા, પણ કોઇયે રણક્ષેત્ર છોડ્યું નહિ, અથવા પીઠ બતાવી નાઠું નહિ. યાદવ જામ જાણે હવણાં પૃથ્વીનો નાશ કરી નાંખશે, એમ પોતાના મિત્રોની જમણી બાજુએ ગાજી ઉઠ્યો; તેના સામો ખેંગાર, પૃથ્વી ઉપર અગ્નિના ભડકા સરખો થઇને આવ્યો; પ્રતિષ્ઠાની ઘાટીમાં બન્ને જણ સપડાઈ ગયા, અને જેમ બે ઉન્મત્ત સાંઢ લડે તેમ બન્ને જણા લડ્યા. તેઓએ હાથિયોને મારી પાડ્યા, તે કાળા પર્વતમાંથી જેમ લોહીનાં વેહેળિયાં વેહેતાં હોય એવા દીસવા લાગ્યા. દેવ અને દૈત્ય તથા પાતાલના સર્પ તેઓને જોઇને આનંદ પામવા લાગ્યા. અને આકાશમાંથી ફૂલનો વર્ષાદ વરસવા લાગ્યો.

ડાબી બાજુએ ધોળા હાથી ઉપર બેશીને બલિભદ્ર લડવા લાગ્યો, તેના ઘોડા પણ ધોળા હતા, ઘંટમાળા અને ઘંટના નાદ ભારે થતા હતા.

સોમેશ્વર જાતે આગળ ધપ્યો; અને જ્યારે *મુચકુન્દ પોતાની ઉંઘ-

* કૃષ્ણે કંસને મારી નાંખ્યો ત્યારે કંસનો સસરો જરાસંધ કરીને હતો તેણે કૃષ્ણને મથુરામાંથી કાહાડી મુકવાને ઘણા પ્રયત્ન કર્યા પણ તેમાં તેનું કાંઈ વળ્યું નહિ ત્યારે તે પોતાની સાથે કાળયવનને લઈ આવ્યો તેણે કૃષ્ણને નસાડ્યા અને તે સોરઠ માંહેલા ગિરનાર ઉપર નાશી ગયા ત્યાં તેમની પછવાડે ધાયો. ત્યાં મુચકુન્દ રાજા ઉંઘતો હતો. તેણે ઋષિઓને સારૂ અસાધારણ પ્રયત્ન કરીને તેઓને પ્રસન્ન કર્યા હતા. પછી વિશ્રામ લેવાને તે સૂતો હતો તેને ઋષિઓએ એવું વરદાન આપ્યું હતું કે તારી ઉંઘમાંથી કોઈ તને ખલેલ પોહોંચાડીને જગાડશે નહિ. જો જગાડશે તો તે તારી આંખની જ્વાળાથી બળીને ખાખ થઈ જશે. કૃષ્ણે ત્યાં આવીને મુચકુન્દના શરીર ઉપર પીતામ્બર ઓરાડ્યું. પછી કાળયવન ત્યાં આવ્યો તેણે પેલા સૂતેલા રાજાને કૃષ્ણ જાણી એક લાત મારી અને તેના શરીર ઉપરનું પીતામ્બર ખેંચી લીધું; તેથી મુચકુન્દ જાગી ઉઠ્યો અને આંખ ઉઘાડીને કાળયવનના સામું જોયું કે તે બળીને ભસ્મ થઈ ગયો. ત્યાર પછી કૃષ્ણે મુચકુન્દને એવું વરદાન આપ્યું કે તું ફરીને એકવાર જન્મ ધારણ કરીને મારી સારી સેવા બજાવીશ, અને પછી તું મુક્ત થઈશ. પ્રેમસાગરના બાવનમા અધ્યાયમાં આ વાત છે. ગુજરાતમાં એમ માનવામાં આવેછે કે જુનાગઢમાં નરસિંહ મેહેતો કવિ થઈ ગયો તેજ એ મુચકુન્દનો અવતાર. નરસિંહ મેહેતો વડનગરો નાગર હતો. અને મહાદેવની ભક્તિ છોડીને શ્રીકૃષ્ણની ભક્તિ કરનાર તે એ સત્તાવાન્ નાતનો પ્રથમ પુરૂષજ હતો. એને માટે એને ઘણાં દુઃખ સોસવાં પડ્યાં છે. તે પાંચસે વર્ષ ઉપર થઈ ગયો કેહેવાયછે અને તેની કવિતા ગુજરાતી ભાષામાં ઘણી લોકપ્રિય થઇ પડી છે.

માંથી જાગી ઉઠ્યો ત્યારે તેની જેવી આંખો થઈ હતી તેવી આંખો થયેલી એવો ગૂજરાતનો ધણી તેણે જોયો. બૃહસ્પતિ અને શુક્રની લડાઈમાં મંત્ર ઉછળતા હોય તેમ બન્ને રાજાઓની વચ્ચે બાણુ ઊડવા લાગ્યાં. દેશના રક્ષક બન્ને રાજા હતા; બન્ને છત્રપતિ હતા; બન્ને કવચ ધારણ કરેલા હતા; બન્નેના મુખ આગળ રાજડંકા થતા હતા; બન્ને ઘણા પદવાન્ હતા; બન્ને જણા હિંદુઓની સીમા હતા; અને બન્ને જણા ક્ષત્રિય પુત્રો હતા. ચોમાસાની કાળી અને તોફાનની રાત્રે પર્વતો ઉપર દવ બળતો દેખાયછે તેમ રણક્ષેત્ર દેખાતું હતું. રણવાદિત્ર વડે મહાદેવ પોતાના ધ્યાનમાંથી જાગી ઉઠ્યા; અને નાચતા કૂદતા બહુ આનંદ પામીને પોતાની રૂંઢમાળામાં માથાં પરોવાને તૈયાર થયા. નારદ પણ આનંદિત થયા. અપ્સરાઓ પણ વિમાનમાં બેશીને આકાશમાં એક બીજા સાથે કજિયા કરવા લાગી. યક્ષ અને ગાંધર્વ પણ આ ચમત્કારિક દેખાવ જોઇને ગાભરા બની ગયા, અને તેમણે જાણ્યું કે હવે દુનિયાનો લય થવાની વેળા આવી. જે યોદ્ધાઓ આ રણયાત્રામાં પડ્યા તેઓ વૈકુંઠ પામ્યા. સોમેશ્વર ચૌહાણ, ખરો યોદ્ધા, રણસંગ્રામમાં પડ્યો. તેના સામંતોએ જાણ્યું કે શૌર્યથી લડતાં, લોહીલોવાણ થઇને તે ખરેખરો પડ્યો. અને તેની પછવાડે તેઓમાંના કેટલાક આ જગત્માંથી મુક્ત થવાને પડ્યા. ભારતમાં જેવું રણક્ષેત્ર થઈ પડ્યું હતું તેવું આ રણક્ષેત્ર થઈ પડ્યું. સોમેશ, સોમેશ પાસે જઈ પોહોચ્યો અને તેનું શરીર જે તત્ત્વોનું બન્યું હતું તે તત્ત્વોમાં ભળી ગયું. ભીમે હાથ ચાલતો બંધ કરચો. જયજયના અવાજ પૃથ્વી ઉપર ગાજી રહ્યા અને દેવતાઓ "હાય! હાય!" ના પોકાર મારવા લાગ્યા, કેમકે સોમેશ્વરે સ્વર્ગ સંપાદન કરી લઇને તેઓને વિઘ્ન કર્યું.

પૃથ્વીરાજે લડાઈના સમાચાર જાણ્યા; એટલે પોતાની બાકી રહેલી સેના તેણે પાછી બોલાવી લીધી; પોતાના બાપને સારૂ તેણે સોળ *દીવા કરચા; બાર દિવસ અને રાત્ર તે ભોંય સૂઈ રહ્યો; તે આખા દિવસમાં માત્ર એકજ વાર ખાધું ના ખાધું કરવા લાગ્યો; પોતાની સ્ત્રિયોના સંસ-

* આ વગેરે બીજી પાછળ ગયેલી કેટલીક વાતનો ખુલાસો આ પુસ્તકની સમાપ્તિ પ્રકરણમાંથી મળશે.

ગંથી દૂર રેહેવા લાગ્યો. બ્રાહ્મણોને દાન દક્ષિણા એવી આપી કે એના જેવી બીજા કોઇયે તેના આખા જીવતરમાં થઇને આપી હોય અથવા હવે પછી તે આપે તેના કરતાં પણ વધી ગઈ. ઊંચી જાતના ઓઢા ઓરાડીને શિંગડાં તથા ખરિયો મઢાવીને તથા સોનાના શૃંગાર પેહેરાવીને આઠ હજાર ગાયોનું દાન કર્યું. બાકીનાં સોળ દાન પણ તેણે આપ્યાં. પછી પોતાના બાપનું વૈર વાળ્યા વિના પાઘડી બાંધવી નહિ એવો તેણે નિશ્ચય કરયો. "ચાલુક્ય ભીમને મારીને એનાં આંતરડાંમાંથી મારા પિ-
"તાને કાહાડી લઇશ. જે પોતાના પિતાનું વૈર વાળતો નથી તેને ધિક્કાર
"છે." એવું તે વારે વારે બોલવા લાગ્યો. ક્રોધે કરીને તેની *આંખો લાલ ચોળ થઈ ગઈ અને તે ખરેખરો કોપ્યો. તેણે વૈર લેવાની પોતાની ઇચ્છા પૂરી પાડવા સારૂં સેના તૈયાર કરી, પણ ગાદીનો અભિષેક થયા પછી લડાઈ કરવા જવાનો તેણે નિશ્ચય કરયો. જે બ્રાહ્મણો રાજાઓની રીતભાત, ધર્મની રીતભાત, હોમ હવનાદિ બીજી ક્રિયાઓના જાણ હતા, તથા બ્રહ્મની પેઠે, પાપ નિવારણ કરવાનું જાણતા હતા, તથા ભૂત, ભવિષ્ય અને વર્તમાનના જાણ હતા તેઓને બોલાવ્યા. સોમેશને માટે સારી રીતે પ્રાયશ્ચિત્ત કરવાની અને બલિ આપવાની ભભકા ભરેલી ક્રિયાઓ ચાલવા લાગી. બીજા દેશમાં જઇને લડાઈ કરવા જતાં જય પ્રાપ્ત થાય એટલા માટે રાજાએ દાન કરયાં. આ આદર સહિત તેણે હજાર હજાર મોહોરો અને હજાર હજાર રૂપિયા આપ્યા. નિગમબોધ આગળ જ્યાં યુધિષ્ઠિરને અભિષેક થયો હતો ત્યાં પૃથ્વીરાજને રાજ્યાભિષેક થયો. સ્ત્રિયો પવિત્ર ગીત ગાવા લાગી. તે મૃગાક્ષિયોને ગળે ફૂલના હાર સોહી રહ્યા હતા, તેઓનાં મુખ ચંદ્રના જેવાં કાન્તિમાન્ હતાં, તેઓના અવાજ કોયલના જેવા હતા. "જય! જય! પૃથ્વીરાજ!" એવો અવાજ ગાજી રહ્યો. અને ઇંદ્રને સ્વર્ગપુરીમાં અભિષેક થતો હોય એમ દીસવા લાગ્યું. ઇચ્છિનીનું વસ્ત્ર તેના વસ્ત્ર સાથે ગંઠાયું; તેઓ બન્ને ઇંદ્ર અને ઇંદ્રાણી જેવાં શોભવા લાગ્યાં. પોતાના સામંતોને તેણે ધન, હાથી, રથ, અને ઘોડા આપ્યા. દરબારી લોકોએ પણ રાજાને ભેટ કરી. કન્હ ચોહાણે

* કિંગજોનનું નાટક શેક્સપિયરે રચ્યું છે તેના ૪ થા અંકના બીજા પ્રવેશમાં લખ્યું છે કેઃ—"લાર્ડ બિગાટ અને લાર્ડ સાલિસબરી જેઓની આંખો નવા પ્રકટેલા અગ્નિના જેવી લાલચોળ થઈ ગઈ હતી તેઓને મેં દીઠા."

હાથી આપ્યો; પૃથ્વીરાજને તેણે પ્રથમ રાજતિલક કર્યું; પછી નિર્ડર રાઠોડે કર્યું, અને ત્યાર પછી સર્વ સામંતોએ કર્યું. ચંદ્રની પછવાડે સૂર્યના કિરણ પ્રકાશેછે તેમ મહાવીર, અને જેણે સુલતાનને પકડીને છૂટો મૂક્યો હતો એવા પૃથ્વીરાજના ઉપર ચંમર થવા લાગ્યું. તેના માથા ઉપર સોનાના દાંડાનું છત્ર ધારણ થયું. હોમહવનથી નડતા ગ્રહની શાન્તિ થઈ. સર્વ પ્રજાએ માન આપ્યું, અને મહોત્સવ થઈ રહ્યો.

પૃથ્વીરાજના હૃદયમાં ભીમ નિરંતર સાલવા લાગ્યો; શત્રુના મરણ વિના તેનો અગ્નિ સરખો કોપ શાન્ત પડ્યો નહિ. તે પોતાના સામંતોની વચ્ચે વારે વારે કહ્યાં કરતો કે, "ભીમે સોમેશ્વરને માર્યો, હરિ! હરિ!" પરમારે તેને બહુ સમજાવીને કહ્યું કે, "તમે તમારા પિતાને વાસ્તે શોક "કરશો નહિ, જેનું શરીર તરવારની ધારથી કપાયછે તેની કીર્ત્તિ પ્રસરીને "સુર લોકમાં જાયછે—ક્ષત્રિયનો એજ ખરો ધર્મ છે." સિંધ પરમાર બોલ્યો. "મારૂં કહ્યું સાંભળો તો ગૂજરાત ઉજ્જડ કરો, કે જેથી સોમેશ "સ્વર્ગમાં રહ્યા રહ્યા રાજી થશે. સુલતાન સરખો તમારા નામથી ધ્રુજી "જાયછે તો ચાલુક્યના શા ભાર છે." પૃથ્વીરાજ બોલ્યો, "સ્નાન ક"રીને મેં પિંડદાન દેતી વેળાએ સોગન ખાધા છે કે, મારે મારા પિ"તાનું વૈર લેવું. હું ભીમને કેદ કરીશ ત્યારે એની પાસે હું સોમેશ મા"ગીશ; હું યોગણી, વીર, અને વૈતાલને આનંદ પામવા સરખું કરીશ." એમ કહી પછી પૃથ્વીરાજ સૂતો. સૂર્ય ઉદય થતાં યોદ્ધાઓ એકઠા થયા, રાજાએ કન્હચૌહાણને તેડાવ્યો; તે દરબારમાં આવી પોહોંચ્યો એટલે સભા હાથ જોડી ઉભી થઈ, કેમકે કન્હને "નરવ્યાઘ્ર" નું પદ મળ્યું હતું. તે સાંકળેલા અને રાત્રદિવસ આંખે પાટા બાંધેલા વજ્રશરીરના સિંહના જેવો હતો. પછી જામ યાદવ આવ્યો, બલીભદ્ર આવ્યો; જેની સેવા ઘણા રાજા કરતા હતા એવો કુરંભદેવ પણ આવ્યો; ચંદપુંડીર આવ્યો; અતતાય ચૌહાણ, જે ભીમપાંડવના જેવો હતો તે આવ્યો; લડાઈની વેળાએ અગ્નિ જેવો લંગરીરાય આવ્યો; પારકા દેશનો વિજય કરી લેનાર ગોવિંદરાવ ગેહેલોત આવ્યો; ન્હાના મ્હોટા સર્વે સામંતો આવ્યા, અને રાજસભામાં બેઠા. કૃપાળુ દુર્ગાદેવી જેને પ્રસન્ન એવો વરદાઈ ચંદ પણ આવ્યો. પછી સર્વેને પૃથ્વીરાજ કેહેવા લાગ્યો કે, "મારા પિતાનું વૈર લેવું "છે માટે ચાલો આપણે સેના તૈયાર કરો, ગૂજરાતના રાજા સાથે યુદ્ધ

"મચાવિયે અને ચાલુક્યનું મૂળ કાહાડી નાંખિયે. સોમેશ્વરને જીતીને
"ભીમે પોતાના દાહાડા પૂરા ભરયા છે. સ્ત્રીના ગર્ભમાંથી શોધી શોધીને
"પણ મારે ચાલુક્ય વંશનો નાશ કરવો છે. ગમે તેવા ધાડા અરણ્યમાં
"તે ભરાઈ પેઠો હોય તે પણ તોડી પાડવું. જો હું એ પ્રકારે ના કરૂં તો
બ્રાહ્મણોએ મારૂં નામ પૃથ્વીરાજ ખોટું પાડયું છે એમ જાણવું." પૃથ્વીરાજનું કહેલું સર્વે સામંતોએ માન્ય કરયું અને "મુહૂર્ત્ત જોઇને નીકળિયે તો "આપણા કામનો જય થાય" એમ કહીને જોષી મહારાજને તેડું મોકલ્યું. મહારાજ આવ્યા, અને મુહૂર્ત્ત જોઇને બોલ્યા કે, "જો આ ચો-
"ઘડિયામાં નીકળો તો નિઃસંશય જય થાય." જગજ્યોતિ જોશી, રાજાને હિંમત આપીને બોલ્યો કે, "આ ચોઘડિયું ઘણુંજ શુભ છે; મહા-
"રાજનો જય થશે, અને વૈર વાળી શકાશે, એવું લગ્ન આવ્યું છે. આ
"પળે આપના મનમાં જે કરવાનું ઈછ્યું હશે તે પૂર્ણ થશે. શત્રુના ગ્રહ
"વાંકા છે, જો તે દેવ હોય તો પણ બચે નહિ. માટે ભીમને આપ
"બાંધશો અને ગૂજરાત જીતશો, હું પ્રતિજ્ઞાપૂર્વક કહુંછું કે, આવો સારો
"યોગ છતાં, કાર્ય પૂર્ણ થાય નહિ તો જોતિષ્ય શાસ્ત્ર શીખવવાનું કામ
"મારે હવે પછી કદિ કરવું નહિ." જગજ્યોતિનું આવું બોલવું સાંભળીને પૃથ્વીરાજ બહુ રાજી થયો.

પૃથ્વીરાજે પોતાની સેના એકઠી કરી; અને નિશ્ચય કરેલે ચોઘડિયે નોબત વગડાવી. તે નગર બાહાર સેના લઈ ચાલ્યો; અને જ્યાં વિશાળ ઝાડ હતાં અને બળવાન્ જગ્યા હતી ત્યાં મેલાણ કર્યું.

દેવ દૈત્યોએ જયજયના નાદ કરયા! સવાર થઈ એટલે સામ્ભરમાં સર્વે દિશાએથી સેના આવી એકઠી મળી, અને ચોહાણની ચોગરદમ આવીને પડી. લડાઈનાં ગીત ગવાવા લાગ્યાં; પાંચ પ્રકારનાં વાદિત્રના નાદ થવા લાગ્યા. પૃથ્વીરાજ સેના લઇને ગૂજરાતનો નાશ કરવા ચડયો. ભીમના હેરકોએ જઇને તેને સમાચાર કહ્યા કે યુદ્ધશીલ ચોહાણ ચોસઠ હજાર યોદ્ધા લઈને ચડયો છે, અને સમુદ્રના મોજાની પેઠે એની સેના ધસતી આવેછે. વળી પૃથ્વીરાજે જે બાધા રાખેલી તથા કન્હ તથા ગોવિંદરાયે મહાદેવના ઉપર જળ મૂકીને પ્રતિજ્ઞા લીધી હતી તે સર્વે સમાચાર નિવેદન કરયા અને બોલ્યો કે, "અહો મહારાજ! આપણે પણ
"ત્યારે એઓને તરવારથી મળવાને તૈયારી કરવા માંડિયે." ભીમ ઘણો

ક્રોધાયમાન થયો, તેનું અંગ શૂરથી કંપવા લાગ્યું, તેની આંખો લાલચોળ થઈ ગઈ, અને તેણે રાજમંત્રિયોને બોલાવીને લડાઇને માટે તૈયાર થવાની આજ્ઞા આપી. પરગણે પરગણે આજ્ઞા પોહોંચી ઘણા રાજાઓ ચડી આવ્યા; બે હજાર માણુસ તેજી ઘોડા ઉપર ચડીને ધનુષ્યબાણ અને શસ્ત્રઅસ્ત્ર સજીને આવ્યા; *કચ્છમાંથી ત્રણ હજાર અશ્વાર, પાખડિયા ઘોડાથી આવ્યા; સોરઠમાંથી પંદરસેં આવ્યા; કદિ નિશાન ચૂકે નહિ એવા કાકરેજથી કોળી આવ્યા; સદા યુદ્ધના ઉત્સુક અને કદિ લડાઈમાં પીઠ દે નહિ એવા ઝાલાવાડથી ઝાલા આવ્યા; જેનું ચડવું સાંભળીને આખો દેશ નાશી જાય એવો કાવાનો નાયક મુચકુંદ પણ આવ્યો; રાત્રદિવસ જેના શત્રુને જંપ વળે નહિ એવો કાઠિયાવાડનો કાઠી રાજા આવ્યો; બીજા પરગણામાંથી ન્હાની મ્હોટી અગણિત ગૂજરાતની સેના એકઠી થઈ. સામ્ભરના હેરકે પૃથ્વીરાજને કહ્યું કે, "સમુદ્રની પેઠે ગર્જના કરતી ચા-
"લુક્યની સેના તૈયાર થઈ. ગણી શકાય નહિ એટલા એક લાખ લડવૈ-
"યા છે; એક હજાર હાથી છે, તે હું મારી નજરે જોઇને આવ્યો."
તે સાંભળી પૃથ્વીરાજ બોલ્યો કે, "જો ભીમ લડાઈમાં મારા સામો
"આવેછે તો ઉન્હાળામાં વાયુના આશ્રયથી વન બાળી મૂકેછે તેમ હું
"નાશ કરીશ અને હું ભીમને ચીરી નાખીને તેનાં આંતરડાંમાંથી
"મારા પિતાને કાહાડી લઈશ. જો એમ કરૂં તોજ મારૂં નામ
"પૃથ્વીરાજ ખરૂં."

સાંજ પડવા આવી; પછી જ્યાં તેઓ ઊભા હતા ત્યાંજ આગળ તંબુ ખડા કરાવ્યા; સર્વે જમ્યા ને કોઈ પાસે ને કોઈ જરા આઘે એ પ્રમાણે સૂતા. કયમાશ તરવાર બાંધીને રાજાની પાસે સૂતો. અને જેમ ચિત્ત, મોહ પમાડનાર સંભ્રમને વશ થઈ જાયછે તેમ સર્વે ઊંઘને વશ થઈ ગયા. કન્હ પણ રાજાની પાસેજ હતો; આબુપતિ જૈત અને સલખ; પુંડીર અને દાહીમ; ચામુંડ; હમીર; શૂરવીર કુરંભ સારંગ; પાહાડ તુંવાર; લોહાણો; લંગરીરાજા સર્વે ત્યાં હતા. જ્યારે એક પ્રહર રાત્ર રહી ત્યારે શિકાર પછવાડે લાગવાનો તેઓએ નિશ્ચય કરયો. સામંતોનાં

---

* કચ્છના જામ રાયધણજિયે આ લશ્કર મોકલ્યું હતું.

મન ખાટાં થયાં; તેઓ કેહેવા લાગ્યા કે કોઈ જીવતું પ્રાણી અહિં જણાતું નથી તેથી આપણું કામ શરાડે ચડશે નહિ. આવું બોલતાંવાંતજ એક જનાવરનો શબ્દ સંભળાયો. ત્યારે કન્હ બોલ્યો–" સાંભળો હવે પછી
"જે નીપજવાનું છે તે વિષે આ પ્રાણિઓ અગમસૂચના કરેછે. કાલે
"સવારે મહાભારત યુદ્ધ થશે." સર્વે સામંતો આશ્ચર્ય પામીને કેહેવા લાગ્યા કે, સવારમાં તે યુદ્ધ કયાંથી થશે? કન્હ બોલ્યો "સોમેશ્વરનું મરણ
"થતા પેહેલાં જેવાં ચિન્હ થયાં હતાં તેવાંજ ચિન્હ ભીમ સંબંધી થાયછે.
"માટે જો રાજા આ શકુનનો લાભ લઇને યુદ્ધ મચાવે તો યમદૂત
"પણ એના સામા થઈ શકે નહિ." આ પ્રમાણે વાતો કરતાં સૂર્યોદય થયો, યોદ્ધાઓએ નારાયણને નમસ્કાર કરયા; અને જેમ કમળ પ્રફુલ્લિત થાયછે તેમ સૂર્યને જોઇને તેઓનાં મન પ્રફુલ્લિત થયાં. આ વેળાએ એક બીજા શકુન થયા ને ત્યાર પછી તરતજ ત્રીજા થયા. તે ઉપરથી સામંતો કેહેવા લાગ્યા કે આજે નક્કી એક પ્રહરનીમાંહ ભયંકર યુદ્ધ થશે. પૃથ્વીરાજ કેહે, "શકુન જોવાની અગત્ય નથી. શૂરવીરને લડાઇનો દિ-
"વસ એ ઉત્સવનો દિવસ છે. માણસ જીવતું હોય કે મુવેલું હોય પણ
"તેનો આત્મા આપણા જોવામાં આવતો નથી. કીર્ત્તિ પણ આવેછે
"ને જાયછે, એવી દૈવની કૃતિ છે. જે હારશે તે દુર્યોધનનું પદ પામશે,
"અને જે જીતશે તે પાંડવનું પદ પામશે; માટે શકુનનો વિચાર ક-
"રશો મા. આપણે સોયના એક અગ્ર જેટલી જગ્યા છોડવાના નથી.
"આપણે ભારતના જેવું યુદ્ધ મચાવીશું. શકુનનો કાંઈ પાર નથી તેઓ
"થાયછે ને જાયછે. માટે આપણે તો આગળ ધપો." રાજાની આજ્ઞા ઉપરથી સામંતોએ યુદ્ધના પોકાર અહિ તહિ ઉઠાવી મૂક્યા. તેમાં ભેરી નોબતો, રણશિંગાના યુદ્ધમય અવાજ, વાદિત્ર અને બીજાંના નાદ થવા લાગ્યા; ઘંટ અને હાથીની ડોકની સાંકળોનો ખણખણાટ થવા લાગ્યો; ઘોડા ખોંખારવા લાગ્યા; અને સર્વ સેના ઉપડી. મુકામે મુકામ તેઓ પાટણ દેશનો નાશ કરતા, પૃથ્વી ઉપર ખરતા તારા પડે તેમ, શત્રુ ઉપર તૂટી પડવા ચાલ્યા. સર્વ મળીને ચોસઠ હજાર ગણતરીમાં હતા; શેષનાગ પણ તેના ભારથી અકળાઈ ગયો. પૃથ્વીરાજને ચંમર ઢળાતું હતું; રાજછત્ર તેના સગા (કાકા) કન્હને માથે ધરાયું હતું; કન્હને વ્યૂહરચક ઠરાવીને સેનાને અગ્રભાગે રાખ્યો; તેની પછવાડે પૃથ્વીરાજ જાતે રહ્યો; તેની પછવાડે

નિર્ડરરાય રહ્યો; અને તેની પછવાડે પરમાર રહ્યો. જેમ જોશી જન્મોતરી ઉકેલતો આગળ જાયછે તેમ મેલાણે મેલાણુ આગળ ચાલતા ગયા તેમ તેઓ તેમના જીવતરનો ભાવ પછવાડે મૂકતા ગયા. ચૌહાણ શૂરવીર, જેના હાથ દેવના હાથ જેવા, અને જે શત્રુનો ત્રાસ તે આગળ ચાલ્યો.

ભીમદેવના દેશમાં ભય વ્યાપી ગયું, અને જંગલ તથા ન્હાનાં ગામડાંમાંથી, શિકારનાં પક્ષિયો ટોળે મળીને ઉડી જાય તેમ લોક નાશી જવા લાગ્યા; ગરદ ઉડવાથી માર્ગ છવાઈ ગયા; નદીના પૂરની પેઠે સેના આગળ ચાલી; ઘોડા ધીમે ધીમે ચાલતાં સારસ જેવા દીસવા લાગ્યા, અને દોડમાં ચલાવતાં હરિણની પેઠે છલંગો મારતા ચાલ્યા; ભાલા, તરવારો, બરછિયો સૂર્યથી ઝગઝગવા લાગી. વૈર વાળવાનો પ્રસંગ મેળવવા સારૂં પૃથ્વીરાજે ચંદ બારોટને ભીમની પાસે મોકલ્યો. ચંદ પોતાની સાથે જાળ, નીસરણી, કોદાળી, દીવો, અંકુશ અને ત્રિશૂલ લઇને ગૂજરાતની રાજધાનીમાં જઈ પોહોંચ્યો. અને ભોળા ભીમના દરબારમાં ગયો; લોકો ચમત્કાર જોવાને એકઠા થયા. ચંદે ભીમને કહ્યું કે સામ્ભર રાજા આવી પોહોંચ્યો છે. ત્યારે ભીમ બોલ્યો, "ઓ ભાટ! આ વસ્તુઓ તું શા માટે "લાવ્યો છે તે ઝટપટ કહી દે." ચંદે ઉત્તર આપ્યું કે, પૃથ્વીરાજ કહેછે કે, "જો તમે પાણીમાં પેસશો તો આ જાળવતે તમને ઝાલીશું; આકા- "શમાં જશો તો આ નીસરણીથી; પાતાળમાં જશો તો કોદાળીથી; અં- "ધારામાં પેશી જશો તો આ દીવાથી શોધી ઝાલીશું; આ અંકુશવડે "તમને વશ કરી લઈશું, ને આ ત્રિશૂલવતે તમને પૂરા કરીશું. જે જે "દેશમાં સૂર્ય ઊગતો હશે તે તે દેશમાં તમે જશો તો પૃથ્વીરાજ તમારી "પછવાડે પડશે." આવું સાંભળી ભીમ બોલ્યો કે, હું ભીમ જે બી- "વરાવે તેના ભૂકા કાહાડી નાખું અને યુદ્ધમાં જેનાથી સર્વ માણસ ડરી "જાય એવો ભયંકર છું. માટે ચડયું ચડયું બોલ નહિ પણ નમ્ર થા અને "આગળ શું નીપજ્યું હતું તે દિવસ સંભાર."

ચંદ બોલ્યો, "ઉંદર કદાપિ કોઈવાર બિલાડી ઉપર જીત મેળવે, "ગીધ પક્ષી કદાપિ પવિત્ર હંસના માથા ઉપર થનથનાટ કરે, હરિણ ક- "દાપિ લડાઈમાં સિંહની બરાબરી કરી શકે, સાપની સાથે લડતાં દેડકું "કદાપિ જય પામે—એ સર્વે વાત કદાપિ દૈવની યોજનાથી બને, પણ

"એવું સદા નીપજેછે એમ ધારવું નહિ. પર્વત ઉપર છવાઈ ગયેલા "અરણ્યને બાળીને ભસ્મ કરનાર અગ્નિની સાથે દીવાનો મુકાબલો "થઈ શકે ?" ભીમ બોલ્યો, "ભાટના છોકરા શબ્દોવતે લડે, દૈત્ય "ગાળોવતે લડે, અથવા ભાઇયો વારસાનો ભાગ વેહેંચી લેતાં યુક્તિ-"યોથી લડે; પણ સોમેશ્વરવાળો આ કજિયો તો મરણ સાથે લડવાનો "છે. જા, તારા સામ્ભર રાજાને કેહે કે તારા બીવરાવ્યા બીકણ હોય "તે બીહી જાય."

આવું ઉત્તર સાંભળીને ચંદ બારોટ જરા ગભરાઇને ઉઠી ઉભો થયો, અને રોષથી તેની આંખો લાલચોળ થઈ ગઈ. તે ઝટપટ પૃથ્વીરાજ પાસે આવ્યો અને તેને પાણી ચડાવાના વિચારથી જે જે બન્યું હતું તે યથાસ્થિત કહી સંભળાવ્યું. અને બોલ્યો કે, "ભોલો ભીમ કેહેછે કે, સૂ-"તેલા સાપ ઉપર દેડકું ફરીને પછી જાગતાં તેની જેવી વલે થાય તેમ "તમે કરોછો. ગૂજરાતનો ધણી તો ચતુરંગી સેના લઇને ચડે "છે. મેં આવતાં આવતાં સર્વ જોયું. મેં કહ્યું તે ઉપર રાજાએ "કાંઈ લક્ષ આપ્યું નહિ. મેં તેને દીવો, જાળ, કોદાળી સર્વે બતાવ્યું. "તેણે પૂછ્યું કે આનો ભેદ શો છે? કુશળ પ્રધાન કયમાશને તારી સાથે "કેમ મોકલ્યો નથી ? અથવા ચામુંડરાય કે કુશળ કન્હને મોકલવા "જોઈતા હતા. સામ્ભરનો ધણી પોતે ચાલ્યો ચાલ્યો શા માટે "આવ્યો નહિ ?" વળી ભીમ બોલ્યો કે, "મેં ઘણીવાંર લડાઇયો મા-"રીને ગૂજરાતને માટે જય મેળવ્યો છે. તેં જેવા રાજા જીત્યા છે તેવો "મને ગણીશ નહિ. સામ્ભર રાજા જેવા તો મેં હજારોને કતલ કરી "નાંખ્યા છે. આ સર્વે સાંભળીને પછી મેં ભીમને કહ્યું કે ચોહાણ "ચતુરંગી સેના લઇને ચડ્યો છે."

પૃથ્વીરાજે નિડરરાયને પોતાની પાસે બોલાવ્યો. તેણે તેને હાથે "ઝાલીને કહ્યું કે, "આ સર્વે યોદ્ધામાં તમે મુખ્ય છો; તમે અસલ જા-"તના છો, અને તમારા પૂર્વજો જેવા શૂરવીર હતા તેવા તમે છો. જો "તમારી સાથે દેવ અથવા દેવદૂત લડે તોપણ તમે તેને વશ કરી લ્યો "એવા છો. પાણ્ડુપુત્રોના જેટલું તમે યુદ્ધમાં બળ બતાવોછો. આ "જગત્ ઉપર પ્રીતિ તમે રાખશો નહિ; પણ સ્વર્ગનો માત્ર વિચાર રાખી

"તમારા સામંતો સાથે એક ચિત્ત થઇને લડજો." નિડરરાયે ઉત્તર આપ્યું, "આપણા સામંતો શત્રુને ઘાસની પેઠે કાપી નાંખે એવા છે. "અહો ! પૃથ્વીરાજ ! આપ સ્મરણ રાખો કે આપ પોતે દાનવ વંશના "છો. આપના બળવડેજ આપના યોદ્ધાઓ બળિયા છે. કન્હ બાલ્યા-"વસ્થામાં, યુવાવસ્થામાં, અને વૃદ્ધાવસ્થામાં પણ યુદ્ધને વિષે આનંદ "પામતો આવ્યો છે. જે સેનાની સામે તે લડેછે તેના ચૂરેચૂરા કરી "નાંખેછે;—તે મહાપદધારી, જેને જગત્ નરવ્યાઘ્ર કહેછે એવો ભિષ્મનો "તે અવતાર છે." પૃથ્વીરાજે નિડરનું આવું બોલવું સાંભળીને પોતાની કોટમાં મોતીની એક અમૂલ્ય માળા હતી તે કાહાડીને તેને તુષ્ટિદાનમાં આપી. તે તેની ડોકમાં સૂર્યની પછવાડે ગંગા વિંટાયલી દેખાય એમ દેખાવા લાગી. પછી મહા શૂરવીર નિડર રાઠોડે નોબત વગડાવી. નોબતના નાદથી વીર પુરૂષો જેમ એકઠા થાય તેમ સેના પણ એકઠી થઈ. જેમ તારામાં ધ્રુવ શોભે તેમ તે વીર પુરૂષોમાં શોભી રહ્યો. કન્હને પૃથ્વીરાજે પોતાનો રાજઘોડો અર્પણ કરયો અને તેના ઉપર તેને આગ્રહથી બેસાર્યો. કન્હ બોલ્યો, "અહો ! રણપતિ ! હજી સુધી મેં સોમેશ્વરના "શત્રુને મારયો નથી, તેમજ મારા શરીરમાંથી હંસને રમી જવાનો રસ્તો "કરી આપ્યો નથી તેથી મને ધિક્કાર છે." પૃથ્વીરાજે ઉત્તર આપ્યું, "કોઈ એક વેળાએ સુગ્રીવ પોતાના બળથી પોતાની સ્ત્રીનું રક્ષણ કરી "શકયો ન હતો; કોઈ એક વેળાએ દુર્યોધન પણ કર્ણનું રક્ષણ કરી શકયો "ન હતો, કોઈ એક વેળાએ શ્રીરામે પોતે વનમાં સીતા ખોઈ; કોઈ "એક વેળાએ પાંડવ સરખા પણ દ્રૌપદીનાં ચીર રખાવી શકયા નહિ. "અહો ! કન્હ એવા બનાવ માટે દુઃખી થશો નહિ; હું તમને મારા ઈષ્ટ-"દેવ સરખા ગણુંછું. જેમ મોરની આંખો જોઇને સાપ ત્રાસી જાયછે "તેમ તમારી આંખનો ક્રોધાગ્નિ જોઇને શત્રુ ત્રાસી જશે." પૃથ્વીરાજ આ પ્રમાણે નિડર અને કન્હને માન આપતો હતો તેવામાં તેને સમાચાર મળ્યા કે ભીમ ભારે સેના લઇને પાસે આવી પોહોંચ્યો છે. જેમ છંછેડેલો સર્પ કોપાયમાન્ થાય, અથવા સિંહને ખીજવીને તેને ઊંઘમાંથી જગાડવામાં આવે, અથવા ઉન્હાળામાં અગ્નિની એક ચિનગારીથી આખું વનનું વન સળગી ઉઠે તેમ ભીમ કોપથી પ્રજવલિત થયો. તેણે જે સાંભળ્યું હતું તે પોતાના યોદ્ધાઓને એકઠા કરીને કહી

સંભળાવ્યું. તે સાંભળીનેં સર્વે, જગત્ ત્યાગ કરેલા યોગિયોના જેવા દેખાવા લાગ્યા. બન્ને સેના એક બીજાની સંનૂમુખ આવી ગઈ. જંજીરા છૂટવા માંડ્યા, અગ્નિબાણ આકાશમાં ઉડી રહ્યાં. બંને બાજુએથી અશ્વારોની અડમઅડા થઈ ગઈ, અને સામસામે તરવારો ચાલી. ભીમે પોતાની સેનાની એવી વ્યૂહરચના કરી હતી કે, તે ભેદીને શત્રુનાથી નગર જઈ પોહોંચાય નહિ; તેમજ ચૌહાણની હાર પણ ટૂટે એવી ન હતી. યુદ્ધ ચાલ્યું; કેટલાકના સાંગોથી ભેચા નીકળી ગયા; કેટલાકનાં તરવારોથી ડીગળાં નીકળી ગયાં; “ મારો ! મારો ! ” નો અવાજ ચાલી રહ્યો; કેટલાક મલ્લની પેઠે બાથમબાથા આવી પડયા; કેટલાકના શરીરમાં થઇને બાણ આરપાર નીકળી ચાલ્યાં. શિવ અને કાળી આનંદ પામ્યાં; કાળિયે લોહીલોહાણ થયેલાઓનું લોહી પીધું; અને શિવે રૂંઢમાળામાં માથાં પરોવા માંડયાં. ઉચ્છિષ્ટ માંસને બદલે ગિદ્ધ પક્ષિયો મનુષ્યમાંસ તોડી ખાવા લાગ્યા; જેમ મ્હોટા નગરના ધોરી રસ્તા ભીડથી ખીચોખીચ ભરાઈ જાયછે તેમ સ્વર્ગનો રસ્તો ત્યાં જનારાઓથી ખીચોખીચ થઈ રહ્યો. યોદ્ધાઓ લૂંટ કરી, દેવું આપી રણમુક્ત થયા. મેઘમાંથી જેમ વીજળી ઝબુકે તેમ કન્હની તરવાર ઝબુકા લઈ રહી. એક બાજુએ કન્હ ચૌહાણ અને બીજી બાજુએ સારંગ મકવાણ બંને જણા ખરા શૂરવીર, સિંહની પેઠે લડયા. તેઓએ તરવારો ચલાવિયો. સારંગે રણ વાળ્યું અને કન્હની જીત થઇ. હાથીની પેઠે ગર્જના કરી રહેલા શૂરવીરોની વચમાં મકવાણ રાજા પડયો. પૃથ્વીરાજના સુભટોએ કિકિયારી કરી; શત્રુ તેથી ત્રાશી ગયા; યોગિયો તપશ્ચર્યા કરીને થાકી જાયછે ત્યારે તેઓને જે સ્થાન મળેછે તે સ્થાન એક ક્ષણવારમાં શૂરવીરોએ મેળવ્યું. જેમ પરછાયાની દરકાર કરવામાં આવતી નથી તેમ માલમતાને તુચ્છ ગણીને તેઓ લડાઈમાં ટૂટી પડયા. તેઓએ ખરેખરી તરવાર ચલાવી; અને એક બીજાના ઉપર આવી ગયા. તેઓ એક મુક્તિજ ઇચ્છિતા હતા; જીવતરને માત્ર સ્વપ્નવત્ સમજતા હતા. “ આજ રાત્રે આપણે મરવું, કાલે સવારે શું નીપજશે તેની કોને ખબર છે ? ” પવનથી આગ પ્રસરે તેમ જુસ્સાથી લડાઇ ચાલી. યોદ્ધાઓએ જાણ્યું કે આપણી કીર્ત્તિ રેહેશે; તરવારની ધારથી કપાઈ જતું શરીરરૂપી પાંજરૂં હવે આત્મારૂપી હંસને ફરીને પૂરી મૂકનારૂં નથી. જ્યારે હંસ ઊડી જશે ત્યારે પાંજરૂં કશા કામનું નથી. લ-

ડાઈ અતિશય જુસ્સાથી ચાલી. માણસોના મસ્તક ઉપર તરવારો ચાલવા લાગી. કેટલાંક કવચ અને કેટલાંક પલ્યાણ કપાઈ ગયાં. ભીરૂઓને ઘા વાગતાં તેઓ અરે ! અરે ! ના પોકાર મારવા લાગ્યા; પણ તેઓની બૂમો નોબતોના નાદ આગળ દબાઇ જતી હતી. પૃથ્વીરાજ, શાબાશ ! શાબાશ ! કહી પોતાના યોદ્ધાઓને હિંમત આપવા લાગ્યો. સાભ્રમતી નદી ગૂજરાતમાં વેહેછે તે બે કાંઠે લોહીથી વેહેવા લાગી. અને તેના પ્રવાહમાં હાથિયો, ઘોડા, ને માણસ તણાવા લાગ્યાં. ફરીને વળી લડાઇનાં વાદિત્ર વાગવા લાગ્યાં; અર્ધા પ્રહર સુધી તુમુલ યુદ્ધ મચ્યું; હવામાં ભમરાની પેઠે બાણ હમહમાટ કરવા લાગ્યા; ચૌહાણના ઘણા યોદ્ધા મરાયા; ચાલુક્યની ઘણી હારો હાથિયોની પેઠે રણમાં પડી; એ પ્રમાણે પૃથ્વીરાજે પોતાના પિતાનું વૈર વાળ્યું. દૈવે હાથમાં પ્યાલા લઇને મંત્ર ભણ્યા; હિંસ્ર પ્રાણિયોએ તેમની ભૂખ તૃપ્ત કરી; યોદ્ધાઓનાં શરીર લાલચોળ પુષ્પવાનું ઝાડના વન જેવાં દેખાવા લાગ્યાં. પૃથ્વીરાજે કોપીને પોતાનો ઘોડો મારી મૂકયો; તેની ખરીની પડઘીથી પૃથ્વી ધ્રૂજવા લાગી, જેમ પીપળાના પાંદડાં પવનથી ધ્રૂજી જાય તેમ શત્રુની હાર ડગમગવા લાગી; બાણથી આકાશ એવું તો છવાઈ ગયું કે પક્ષિયોને ઉડવાને પણ માર્ગ મળવા માંડ્યો નહિ; ભયંકર યુદ્ધ મચ્યું. યોદ્ધાઓના એક બીજા ઉપર ઘા પડવા લાગ્યા, તે જાણે લોહારની એરણ ઉપર ઘાણ પડતા હોય એમ દીસવા લાગ્યું; આ યુદ્ધમાં જે સામંતો પડ્યા તેજ જીત્યા. છેવટે ચાલુક્યની સેના સ્વર્ગમાં જવાનો માર્ગ છોડીને પાછી નાઠી. દેવ અને દાનવો બોલી ઉઠ્યા કે, "જે ક્ષત્રિય સૂર્યનો માર્ગ ભેદીને સ્વર્ગમાં પ્રવેશ કરેછે તેને ધન્ય છે." ઘોડા ખોંખારવા લાગ્યા; તરવારો ખડખડવા લાગી; સુભટો રાજાના સોગન દઇને એક બીજાને શૂર ચડાવા લાગ્યા. વામને જ્યારે ત્રણ ડગલાં ભર્યાં ત્યારે એક જગત્ જીત્યા, પણ યોદ્ધાઓ માત્ર એકજ ડગલું આગળ ભરવાથી ત્રણે જગત્ જીત્યા. વીરોની સાથે રુદ્ર જેમ રમેછે તેમ તેઓ નાચવા લાગ્યા. જેમ ચાલુક્યની સેનાની હાર તૂટવા લાગી તેમ ચૌહાણની હાર બળિષ્ટ થવા લાગી; ઘણાએક યોદ્ધા ઘવાઇને પડ્યા ખરા તથાપિ ધ્રુવના તારાની પેઠે સેના અચળ થઈ રહી. જેમ ઘડી ઠોકવાની ઝાલર ઉપર મોગરીનો માર પડે તેમ તેમના ઉપર ઘાનો વર્ષાદ વરશી રહ્યો, તથાપિ તેમની હારો ડગમગી નહિ. તે જોઈ ચૌહાણ બોલી ઉઠ્યો કે,

આજે હું મારી ઇચ્છા પૂર્ણ કરીશ, અને ગૂજરાતની ધરતીને રંડાપો આપીશ. **ભીમ**ને તેણે કહ્યું કે, "હવે તું બચવાનો નથી; **સ્વર્ગ**માં જ્યાં **સોમ** બેઠો છે ત્યાં હું આજે તને મોકલીશ." કન્હે પોતાના રાજાની પછવાડે રહીને તેને હિંમત આપી. **સામ્ભર** રાજાએ **ભીમ**ના ઉપર ઘા કરયા; જ્યાં પુનર્જન્મનું બંધન હતું તેના ઉપર તરવાર ફરી વળી. **સ્વર્ગ**માં દેવતા જયજયના પોકાર કરી રહ્યા. **ભીમ**દેવ પડયો. જેવો ધપકારો થયો કે **શંભુ**એ પોતાનાં નેત્ર ઉઘાડ્યાં. અપ્સરાઓ જોવાને આગળ ધશી આવી; વિજયી **પૃથ્વીરાજ**ના ઉપર સ્વર્ગમાંથી પુષ્પનો વર્ષાદ થયો અને **ભીમ**દેવ વિમાનમાં બેશીને દેવલોકમાં ગયો.

આનંદ ભરયા પાંચે વાદિત્રના નાદ થવા લાગ્યા; ભાટ ચારણ **પૃ**થ્વીરાજનાં વખાણ ગાવા લાગ્યા; તેનો રોષ ઉતરી ગયો; તેણે ઘાયલ થયેલાને ઉચકાવ્યા. એ પ્રમાણે પૃથ્વીરાજે પોતાના પિતાનું વૈર લીધું. રાત્ર પડી; અને તેજ જગ્યાએ યોદ્ધા વાસો રહ્યા. છ **સામંતો** બહુ સખત ઘવાયા હતા તેઓની સારવાર કરી. સવાર થઈ, કમળ ખીલવા લાગ્યાં; સૂર્યોદયથી ચંદ્ર અને તારા ઝાંખા પડવા લાગ્યા; દેવાલયના દરવાજા ઊઘડ્યા; ચોર, ચકોર અને કુટિલ ચતુરા તેમની મેળે સંતાઇ પેઠાં. પૂજાના સ્થાનમાં શંખનાદ થવા લાગ્યા. પથિયો રસ્તે ચાલવા લાગ્યા; સર્વ ઝાડ ઉપર પક્ષિયો કલ્લોલ કરવા લાગ્યાં. **સામંતો** પૃથ્વીરાજને પાયે પડયા; "આપણા ઘણા એક યોદ્ધાઓ દેવલોક પામ્યા; **ભીમ** રાજા મારયો ગયો; "પૃથ્વીરાજની કીર્ત્તિ પ્રસરી; ભૂમિભાર ઓછો થયો; પંદરસે ઘોડા "મારયા ગયા; પાંચસે હાથી, અને પાંચ હજાર પાળા પડયા." **ચંદ બારોટ** પૃથ્વીરાજનાં અને સુભટોનાં વખાણ ગાવા લાગ્યો કે, "આ "જીવતર સ્વપ્નવત્ છે; જે નજરે દેખિયેછિયે તેનો નાશ થવાનો છે; "માટે જે સામંત પોતાના ધણીનો સ્વામીભક્ત છે તેને ધન્ય છે; અને "જે કવેળાએ **સ્વર્ગ**નો સારો રસ્તો લેછે તેને પણ ધન્ય છે."

પૃથ્વીરાજે જયપત્ર લખાવ્યું અને પછી પોતે દિલ્હી ભણી ચાલતો થયો; સાંજની વેળાએ પોતાના યોદ્ધાઓ સહિત તે નગરમાં પેઠો. એ પ્રમાણે તેણે પોતાના પિતાનું વૈર લીધું.

ઉપર પ્રમાણે **ચંદ બારોટ** વર્ણન લખેછે ! પણ બીજા ઇતિહાસ ઉપરથી જણાયછે કે **મુસલમાનો**ની સાથે લડતાં પૃથ્વીરાજ ચોહાણની હાર

થઇને તે મારયો ગયો ત્યારે ભીમ જીવતો હતો તથા ત્યાર પછી તેના જીતનારા મુસલમાનની સાથે લડતાં તેનો પણ પૃથ્વીરાજના જેવોજ માઠો પરિણામ થયો હતો.

મહંમદ શાહબુદ્દીન ગોરિયે ગૂજરાત લેવાને મિથ્યા પ્રયત્ન કરયો ત્યાર પછી આઠ વર્ષે (ઈ૦ સ૦ ૧૧૮૬ માં), દગાથી પોતે લાહોરનો ધણી થઈ પડયો, અને સુલતાન ખુશરૂ મલેકને તથા કુટુંબને કેદ કરીને જયુરજીસ્તાન મોકલી દીધાં. પછી કેટલાક દિવસ વિત્યે તે સર્વને મારી નાંખ્યા એટલે મહમૂદના વંશનો સંપૂર્ણ નાશ થવાથી સર્વ રાજ્ય ગજનવી વંશને બદલે ગોરી* વંશના હાથમાં ગયું.

હિંદુસ્થાનના રજપૂત રાજાઓ ઉપર વાદલ ટૂટી પડવાનું હતું અને તેની નિશાની દાખલ ગૂજરાત ઉપર બે હલ્લા થયા હતા તે એક ચેતવણીરૂપી સપાટા હતા, તે હવે ખરેખરૂં ટૂટી પડવાનો સમય આવ્યો. સોમનાથનો નાશ થયાંને વચ્ચે ઘણાં વર્ષ વહી ગયાં હતાં તેથી મુસલ-

---

* આપણા જોવામાં આવ્યું કે જેસલમેરનો લાંજા બિજિરાય મ્હોટા સિદ્ધરાજ જયસિંહની પુત્રી વેરે પરણ્યો હતો. અણહિલવાડની એ રાજકુમારીને પેટ તેને ભોજદેવ કરીને એક પુત્ર હતો તે પોતાના બાપના મરણ પછી લોદરવાની ગાદિયે બેઠો; તેને ઉઠાડી મૂકવાને તેનો કાકો જેસલ પ્રયત્ન કરયા કરતો હતો, પણ પાંચસે સોલંકી રજપૂતો ભોજદેવનો ટકાવ કરી રહ્યા હતા. જેસલમેરના ઈતિહાસમાં લખ્યું છે કે, "આ સમયે, અણહિલ-
"વાડનો રાય, તાતારથી આવેલા ત્યાંના રાજાની ફોજ સાથે વારે વારે લ-
"ડાઈમાં મચતો હતો. તે ઉપરથી જેસલે પોતાની મતલબ પાર પાડવા સારૂ
"તાતારના રાજા સાથે મળી જઈને અણહિલવાડ ઉપર હલ્લો કરવાનો નિશ્ચય
"કરયો, કેમકે, એમ કરવાથીજ માત્ર સોલંકી રજપૂતો હલ્લા સામે થવાને
"ભોજદેવને મૂકીને જાય એમ હતું. જેસલ પોતાના એક સગા સુભટ સાથે,
"બસેં અસ્વારો સહિત પંજનદ ભણી ચાલી નીકળ્યો, ત્યાં ગોરના રાજાએ
"ઠઠ્ઠાના રાજાને જીતીને પોતાનું થાણું મૂક્યું હતું તે તેને મળ્યો; તેની સાથે તે
"સિંધની પ્રાચીન રાજધાની અલોરમાં ગયો. ત્યાં તેણે પોતાના વિચાર જ-
"ણાવી દીધા અને તે રાજા સાથે નિમકહલાલ રેહેવાના સોગન ખાઇને પો-
"તાના ભત્રીજા પાસેથી દેશ ખૂંચી લેવા સારૂ ફોજ લીધી. લોદરવાને ઘેરો
"ઘાલ્યો અને તેનું રક્ષણ કરતાં ભોજદેવ મરાયો. બે દિવસ રેહેવાશી લોકો
"પોતાની માલમિલકત લઈ જાય ત્યાર પછી ત્રીજે દિવસે ગોરની ફોજ લૂંટ
"કરે એવો પરવાનો મળ્યો. પછી લોદરવા લૂંટીને કરીમખાન લૂંટ લઇને બક્કર
"જવા નીકળ્યો."

માનની શક્તિ સિદ્ધ થઈ હતી, તથાપિ, તેનો ભોગ થઈ પડનારાઓએ, જાથુ અનુભવ મળ્યા છતાં, તેની સામે અટકાવ કરી રાખવાને કાંઇ પણ ચેતવણી લીધી નહિ એટલુંજ નહિ, પણ ભ્રાતૃઘાતી લડાઇયો કરીને ઉલટો તેને આવી પોહોંચવાને રસ્તો ઉઘાડી આપ્યો. ગૂજરાત અને માળવા, દિલ્હી, સામ્ભર, અને કનોજ માંહોમાંહે કજિયા કરીને નિર્બળ થઈ ગયાં હતાં, અને માંહોમાંહની એક બીજાના ઉપર જીત અને હાર થવાને લીધે એક બીજાના મનમાં ઝેર વશી ગયાં હતાં તેનો સ્થાયી પરિણામ માત્ર એજ થયો કે ખરા અંતઃકરણનો એકસંપ થવાની વેળા કદિ આવી નહિ.

સ્થાનેશ્વર અને કર્નાલની વચ્ચે તિરૌરી આગળ મહંમદ ગોરીના પેહેલા હલ્લાની સામે પૃથ્વીરાજે ઉત્કૃષ્ટ રીતે ટક્કર ઝીલી, (ઈ૦ સ૦ ૧૧૯૧) અને દિલ્હીના રાજપ્રતિનિધિ (સુબા) ચામુંડરાજની સહાયતાથી તેણે મુસલમાનોની પૂરેપૂરી હાર કરી ત્યાર પછી બે વર્ષે (ઈ૦ સ૦ ૧૧૯૩), ફરીને લડાઈ થઇ તે વેળાએ દૈવે હાથબદલો કરયો. બન્ને સેના સરસ્વતીના કિનારા ઉપર મળી, અને ઘણી વાર સુધી લડાઈ ચાલી તેમાં શત્રુની કુશળ વ્યૂહરચનાથી રજપૂતો ટક્કર ઝીલી શકે નહિ એવા થઈ ગયા હતા તેવામાં, સૂર્ય અસ્ત પામવા આવ્યો તે વેળાએ, બાર હજાર વીણી કાહાડેલા કવચધારી અશ્વારો સહિત મહંમદ ગોરિયે જાતે હલ્લો કરયો તેથી હિંદુની સેનાનો કચ્ચરઘાણ વળી ગયો. ચામુન્ડ મરાયો, અને ચૌહાણની વિશાળ સેના " એક વાર ડગમગી એટલે, મ્હોટી ઈમારતની પેઠે, એકદમ ધશી પડીને પોતાનાજ ખંડેરમાં શમાઈ ગઈ." શૂરવીર પૃથ્વીરાજને પકડી પાડીને ત્યાંજ પૂરો કરયો. પછી મહંમદ ગોરી જાતે અજમેર ગયો અને ત્યાં ઘાતકી રીતે કતલ કરવાનું કામ ચલાવ્યું, ત્યાર પછી ગજની પાછાં જતાં રસ્તામાં દેશ લૂંટતો અને નાશ કરતો ચાલ્યો. હિંદુસ્થાનમાં પોતાના પ્રતિનિધિ તરીકે મલેક કુતુબુદ્દીનને પછવાડે મૂકતો ગયો, તેણે મિરતનો કિલ્લો અને યોગિનિપુર રાજનગર એ બે લઈ લીધાં. પછી જતે દિવસે પોતાના ધણીના મરણ પછી ગાદી ઉપર બેશીને દિલ્હીમાં ગુલામ વંશની સ્થાપના કરી.

બીજે વર્ષે (ઈ૦ સ૦ ૧૧૯૪ માં) મહંમદ ગોરિયે હિંદુસ્થાનમાં

પાછાં આવીને યમુના નદીના કિનારા ઉપર જયચંદને હરાવીને કનોજ અને કાશી લીધાં; અને ત્યાંનાં એક હજાર દેવાલયોમાંથી મૂર્તિઓ ભાંગી નાખીને નિમાજ પડવાની મસ્જીદો કરી દીધી. રાઠોડ રાજાએ, હિંદુને પસંદ પડે એવું, પવિત્ર નદીમાં બૂડી જઇને, મરણ પ્રાપ્ત કરી લીધુ. અદ્ભૂત કનોજ શેહેર હિંદુઓનું કેહેવાતું બંધ થઈ ગયું, પણ તેમ ચાલતાં ઘણાં વર્ષ થયાં નહિ એટલામાં તો દુર્દૈવ થયેલા રાજાના પૌત્રોએ[1] રાઠોડનો વાવટો તેના ઉપર ફરીને ચડાવ્યો અને ત્યાર પછી ત્યાંથી લઈ જઇને મરૂદેશમાં [2]જોધપુરના કિલ્લા ઉપર રોપ્યો. ત્યાં તેણે નિર્ભયપણે કુતુબુદ્દીનના રાજ્યનો નાશ થતો જોયો.

મુસલમાનના હલ્લાનો પ્રહાર ખમવાનો હવે ગૂજરાતનો વારો આવ્યો. "ઈ૦ સ૦ ૧૧૯૪ માં કુતુબુદ્દીન પોતાનું લશ્કર લઇને ગૂજરાત પ્રાન્તની "રાજધાની નેહરવાલા (અણહિલવાડ) ઉપર ચડ્યો, તેમાં ભીમદેવને "હરાવીને પોતાના ધણીને પ્રથમ તેણે વીતાડ્યું હતું તેનું પૂરેપૂરૂં વૈર "લીધું. તે કેટલાક દિવસ સુધી દ્રવ્યવાન્ ગૂજરાત દેશ લૂંટવા મંડી ગયો; "પણ ગજનીથી આજ્ઞા આવ્યા પ્રમાણે તે છોડીને તેને તાબડતોબ દિલ્હી "જવું પડ્યું."

બીજે ઠેકાણે એનોએજ મુસલમાન ઇતિહાસકર્ત્તા લખેછે કે, કુતુબુદ્દીને અણહિલપુરમાં આવીને છાવણી નાંખી એટલે ભીમદેવનો સેનાપતિ જીવણરાય ત્યાંથી નાશી ગયો; પણ તેની પછવાડે લાગલીજ દોડ કરવાથી ફોજ લગભગ થઈ ગઈ એટલે જીવણરાય સામો થઇને લડ્યો તેમાં તે મારચો ગયો તેથી તેની ફોજે નાશેડું લીધુ આ હારના સમાચાર ભીમદેવે જાણ્યા એટલે પોતાના રાજ્યમાંથી તે નાશી ગયો.

કુતુબુદ્દીનની જીત થઈ, તથાપિ ગૂજરાતમાં તેનો જાથુ કબજો થઈ ગયો નહતો; અને કદાપિ ભીમદેવને હાર ખાઇને નાસવું પડ્યું તોપણ તેની સત્તા કાંઈ ઓછી થઈ ગઈ નહતી. બે વર્ષ પછી, અથવા ઈ૦ સ૦

---

૧ શ્યોજી અને સેતરામ; જુવો પૃષ્ટ ૭૨ ની ટીપ.

ભાo ૬૦

૨ જોધપુરનો કિલ્લો તો પછીથી બંધાયો છે, પણ એ વંશની હાલ રાજ્યધાની જોધપુર હોવાથી એમ લખાણું છે.

૧૧૯૬ માં એજ ગ્રંથકાર લખેછે કે, " નાગોરનો રાજા, નેહરવાલાનો
" રાજા, અને બીજા કેટલાક હિંદુ રાજાઓ તે દેશ માંહેલા મેરજાતના
" લોકો સાથે એક સંપ કરીને મુસલમાનો પાસેથી અજમેર ખુંચી લે-
" વાનો વિચાર કરેછે એવા સમાચાર કુતુબુદ્દીનને મળ્યા, આ વેળાએ
" તેનું લશ્કર તેના પ્રાન્તમાં વિખરાઈ ગયું હતું તેથી દિલ્હીમાં તેની
" પાસે જેટલું હાજર હતું તેટલું લઇને, જો બની શકે તો નેહરવાલાની
" ફોજ મળી જતાં અટકાવવાને માટે પોતે પિંડે ચડયો; પણ તેનું કાંઇ
" ચાલ્યું નહિ. લડાઈમાં, ઘોડા ઉપરથી તે કેટલીક વાર પડી ગયો, અને
" તેને છ ઘા વાગ્યા તોપણ તે તેના સદાના ધીરપણાથી લડ્યો, પણ પછી
" તેના માણસો તેને પાલખીમાં ઘાલીને બળાત્કારથી રણક્ષેત્રમાંથી અજમેર
" લઈ ગયા. "

" મેર લોકો આ જીતથી બહુ રાજી થયા, અને ગૂજરાતની ફોજ
" સાથે મળી જઇને અજમેર આગળ જઇને અડાવીને બેઠા. એ વાત
" ગજનીમાં રાજાના જાણવામાં આવી એટલે કુતુબુદ્દીનને છોડાવાને
" બળવાન્ ફોજ મોકલી. આશ્રય આવી પોહોંચતા સુધી તે અજમેર
" રાખી રહ્યો અને શત્રુઓએ તેને ઘેરો ઘાલ્યો. કુતુબુદ્દીનને ઘા વાગ્યા
" હતા તે રૂઝી ગયા એટલે ઘેરો ઘાલીને બેઠેલી ફોજ પછવાડે નેહર-
" વાલા સુધી દોડ કરી, અને રસ્તે જતાં બાલી અને નાદોલના કિલ્લા
" લીધા. પછી તેને એવા સમાચાર મળ્યા કે વાલિન અને દારાબર્ઝ, ને-
" હરવાલાના રાજા સાથે મળી જઇને સિરોઈ પ્રાન્તમાં આબુગઢ પાસે
" છાવણી કરીને ગૂજરાતમાં જવાના માર્ગ રોકી બેઠેલા છે. કુતુબુદ્દી-
" નને રસ્તાની હરકતો અને જગ્યાના બાધ નડ્યા, તોપણ તેઓના ઉ-
" પર હલ્લો કરયો; કહેછે કે આ પ્રસંગે શત્રુનાં સુમારે પચાસ હજાર ક-
" રતાં પણ વધારે માણસ રણમાં પડ્યાં; તે વિના વીસ હજારને કેદ
" કરી લીધાં. જીત કરી લેનારાઓના હાથમાં ભારે લૂંટ આવી. પછી પો-
" તાની ફોજને થોડોક થાક ખાવા દીધા પછી કુતુબુદ્દીને ગૂજરાતનો
" રસ્તો પકડ્યો તે દેશનો તેણે નાશ કરી નાંખ્યો, તેમાં કોઇ તેના સામું
" થયું નહિ, ને નેહરવાલા પોતાને સ્વાધીન કરી લઈ એક સરદારને
" બળવાન્ કિલ્લેદાર સહિત ત્યાં મૂક્યો. પછી અજમેર થઇને તે દિલ્હી

"ગયો અને ગજનીના રાજાને રત્ન, સોનું અને કેટલાક ગુલામ
" મોકલી દીધા."

ફેરિસ્તાના લખ્યા પ્રમાણે પરમાર વંશના ધારાવર્ષ અને પ્રલ્હાદનદેવ અણહિલવાડના ખંડિયા રાજા હતા તેમને સ્વાધીન ચંદ્રાવતી અને આબુ એ બન્ને હતાં. કુમારપાળના વારામાં યશોધવળ થઈ ગયો છે એવું આગળ લખવામાં આવ્યું છે તેના તેઓ કુંવર હતા. ન્હાના કુંવર પ્રલ્હાદનને વિષે ઉપર લખેલા લેખમાં એમ લખ્યું છે કે શ્રીગૂર્જર દેશનો રાજા જે દનુજ, મુસલમાન હલ્લો કરનારનો કટ્ટો શત્રુ હતો તેનો તે બલવાન્ રક્ષક હતો. આબુપર્વત ઉપર બીજો લેખ છે તેમાં પ્રલ્હાદનદેવ, તે વેળાએ યુવરાજ હતો એમ લખ્યું છે, કેમકે ધારાવર્ષનો પુત્ર સોમસિંહ તે વેળાએ જન્મ્યો નહતો.

મહંમદ ગોરી સન ૧૨૦૫ માં મરણ પામ્યો ત્યારથી કુતુબુદ્દીન ઈબુક પાંચ વર્ષે મરણ પામ્યો ત્યાં સુધી દિલ્હીના પાદશાહ તરીકે તેણે રાજ્ય કર્યું. બીજા ભીમદેવના રાજ્ય સંબંધી બીજું કાંઈ લખવા જેવું નથી. તે ૧૨૧૫ માં મરણ પામ્યો, તે પોતે મૂલરાજના ચાલુક્ય વંશમાંનો છેલ્લો રાજા હતોઃ કુતુબુદ્દીને અણહિલવાડમાં મુસલમાન કિલ્લેદાર મૂક્યા હતા તે કદાપિ પાછા બોલાવી લીધા હશે, અથવા રેહેતાં રેહેતાં તેઓનો નાશ થઈ ગયો હશે, કેમકે તેઓ રહ્યા હોય એવું બીજે કોઈ ઠેકાણે લખેલું જોવામાં આવતું નથી; અને ભીમદેવના મરણ પછી પચાસ વર્ષે દિલ્હીમાં ગ્યાસુદ્દીન બુલબુન રાજ્ય કરતો હતો ત્યારે ફેરિસ્તા લખેછે કે, ગૂજરાત અને માળવા પ્રાન્તો જે કુતુબુદ્દીને પોતાના રાજ્ય સાથે જોડી દીધા હતા પણ ત્યાર પછી તેઓએ મુસલમાનોનું જીસરૂં કાહાડી નાંખ્યું હતું તે રાજ્યો ઉપર ચડાઈ કરવાની તેના પ્રધાનોએ તેને સલાહ આપી. પણ તેના રાજ્યની ઉત્તર દિશાના તાતારના મોગલોની બીકને લીધે ગ્યાસુદ્દીનને તે પ્રમાણે અમલ કરવાને બની આવ્યું નહિ.

તેરમા સૈકડાની સમાપ્તિ થતા સુધી અણહિલવાડ મુસલમાનોના સ્વાધીનમાં થયું ન હતું, પણ તે પછી અલ્લાઉદ્દીન ખીલજી જે ગૂજરાતના ખેડુતોને ખૂનીને નામે જાણીતો થઈ પડ્યો છે તેના સાહસિક હાથ નીચે તે આવી પડ્યું.

## ભાષાન્તર કર્ત્તાની ટીપ.

**બીજા ભી**મદેવના ઉપર ઘણી આફતો આવી તેથી તે નબળો પડી ગયેલો જણાયછે. આ વાતને કીર્ત્તિકૌમુદી ઉપરથી ટેકો મળેછે. આગળ જણાવ્યા પ્રમાણે તેમાં લખ્યું છે કે, બલવાન્ મંત્રિયો અને માંડલિક રાજાઓએ રેહેતાં રેહેતાં તે બાળરાજાનું રાજ્ય વેહેંચી લીધું. વળી સુકૃત સંકીર્ત્તનમાં લખ્યું છે કે,—

> सततविततदान क्षीणनिःशेषलक्ष्मी
> रतिसितरुचिकीर्त्ति भीमभूमिभुजंगः
> बलकवलितभूमी मंडलोमंडलेशै
> श्चिरमुपचिताचिन्ता व्रांतचित्तातरोऽभूत् ५०

નિરંતર ઘણું દાન આપવાથી જેની સમગ્ર લક્ષ્મી ક્ષીણ થયેલી છે, અને અતિ શ્વેત કાન્તિવાળી છે કીર્ત્તિ જેની અને માંડલિક રાજાઓએ જેનું ભૂમિમંડળ બળે કરીને લીધું છે એવો ભીમ ભૂમિપતિ લાંબા સમયથી પ્રાપ્ત થયેલી ચિંતાવડે ઘેરાયલા ચિત્તવાળો થયો.

સંવત્ ૧૨૮૦ ના પૌષ શુદિ ૩ ભૌમવારનું તામ્રપત્ર ડા. બ્યૂલરની ચૌલુક્ય લેખાવળીને પૃ. ૫૮ થી ૬૮ સુધી છે તેમાં જયંતસિંહને **श्रीमदणहिलपुर राजधानी अधिष्ठित अभिनव सिद्धराज श्रीमज्जयंतसिंहदेव** કરીને લખ્યો છે આ ઉપરથી જણાયછે કે **બીજા ભી**મદેવનું રાજ્ય તે ડબાવી પડયો હતો, પણ ત્યાર પછી સંવત્ ૧૨૮૩, ૧૨૮૮, ૧૨૯૫, અને ૧૨૯૬ ના લેખ ભીમદેવના છે તેથી જણાયછે કે, જયંતસિંહની પાસે રાજા તરીકેનો કબજો ઝાઝીવાર રહ્યો નથી.

સંવત્ ૧૨૯૯ ના ચૈત્ર શુદિ ૬ સોમનો લેખ એજ પુસ્તકમાં પૃ. ૧૦૫ થી ૧૧૨ સુધી છે તેમાં—

**श्री भीमदेव पादानुध्यात महाराजाधिराज परमेश्वर परम भट्टारक सौर्योदार्य गांभीर्यादि गुणालंकृत श्रीत्रिभुवनपालदेवः**

આ પ્રમાણે લેખછે તેથી જણાયછે કે **બીજા ભી**મદેવ પછી ત્રિભુવનપાળદેવ રાજા થયોછે. તેમજ એ લેખની રાજાવલિમાં જયંતસિંહદેવનું નામ પણ દાખલ કરવામાં આવ્યું નથી.

ત્રિભુવનપાળ કોણ હતો એની ખબર પડી નથી, પણ તેણે સંવત્

**૧૨૯૮** થી **૧૩૦૦** (સન ૧૨૪૨ થી ૧૨૪૪) સુધી બે વર્ષ રાજ્ય કર્યું એમ કેટલાક કહેછે, પરંતુ ડા. **ભાઉદાજી**એ એક પટાવલી પ્રસિદ્ધ કરીછે તે પ્રમાણે **ભીમદેવ** બીજા પછી છ દિવસ સુધી તેની પાદુકા ગાદિયે મૂકીને કારભારિયોએ રાજ્ય ચલાવ્યું ત્યારપછી ત્રિભુવનપાલ ગાદિયે બેઠો તેણે ૨ માસ અને ૧૨ દિવસ રાજ્ય કર્યું.

આ સમયના લખાણોમાં મુખ્ય **કીર્તિકૌમુદી**, **સુરથોત્સવ**, **સુકૃત સંકીર્તન**, અને **ચતુર્વિંશતિ** પ્રબંધ અંતર્ગત વસ્તુપાલ પ્રબંધ વસ્તુપાલ તેજપાલ ચરિત પ્રબંધ ચિન્તામણી આદિ છે.

**કીર્તિકૌમુદી**નો કર્તા **સોમેશ્વર** **ચૌલુક્ય**નો વંશપરંપરાનો પુરોહિત હતો તેણે **સુરથોત્સવ** કાવ્ય રચ્યું છે તેમાં **બીજા** ભીમદેવના સમયમાં થઈ ગયેલી રાજ્યની અવ્યવસ્થાની લાગણી તેને થવાથી આ કાવ્ય તેણે રચ્યું હોય એમ સમજાયછે. **સુરથ**ના અમાત્યો તેના શત્રુઓની સાથે મળી જવાથી તેનું રાજ્ય જતું રહ્યું એટલે તે અરણ્યમાં જઇને વસ્યો છે ત્યાં તેને એક મુનિનો સમાગમ થતાં તે મુનિયે ભવાનીની આરાધના કરવાની સલાહ આપતાં **ચંડીપાઠ** અથવા **સપ્તસતી**માં જે પરાક્રમ વર્ણવેલું છે તે કહી સંભળાવે છે એટલે **સુરથ** તપશ્ચર્યા કરેછે તેથી ભવાની પ્રસન્ન થાયછે અને તેને તેનું રાજ્ય પાછું મળશે એવો આશીર્વાદ આવેછે તેવામાં તેના જે સ્વામિભક્ત માણસો હતા તેઓ તેના કૃતઘ્ન અધિકારિયો આદિનો નાશ કરીને **સુરથ**ને ખોળવા નીકળેછે અને તે હાથ લાગતાં તેને મ્હોટી ધામધુમથી તેની રાજધાનીમાં પાછો આણીને તેની રાજ્ય ઉપર સ્થાપના કરેછે.

**સુરથ** પ્રમાણે **બીજા ભીમદેવ**ની સ્થિતિ થઈ છે તેને તેના અમાત્યો અને માંડલિક રાજાઓએ બહુ પજવણી કરીછે. **જયંતસિંહ** **અણુહિલવાડ**નો કબજો કરી બેઠો પણ છેવટે તેને ખશેડવામાં આવ્યો અને **ભીમદેવની સત્તા** પાછી ચાલતી રહી.

**કુમારપાળ**ના પ્રકરણમાં આપણા જોવામાં આવ્યું કે તેની માશીનો પુત્ર **અર્ણોરાજ** જે વાઘેલમાં મંડલિક રાજા તરીકે રહીને કુમારપાળનો રાજભક્ત થઈ રહ્યો હતો તેનો પુત્ર **લવણપ્રસાદ** પરાક્રમી નીવડશે એવું ભવિષ્ય કથવામાં આવ્યું હતું તે લવણપ્રસાદ **ભીમદેવ**ની પાસે રાજ્યકારભારમાં સારો ભાગ લેતો હતો. **ધોળકા**, **ધંધુકા** આદિ પ્રદેશ તેના મંડળમાં જોડાયો હતો અને તેના પુત્ર **વીરધવળ** પણ પોતાના પિતાની

પડખે રહીને જે ભાગમાં અવ્યવસ્થા ચાલતી હતી તે ભાગમાં વ્યવસ્થા સ્થાપી દીધી હતી. ગૂર્જરધરાની રાજ્યલક્ષ્મિયે ભીમદેવને સ્વપ્નમાં દેખા દઇને વીરધવલને પોતાનો યુવરાજ સ્થાપવાની સૂચના આપેલી હતી. આ સમયમાં લવણપ્રસાદ અને વીરધવલનું પૂર્ણ ચલણ થઈ ગયેલું જોવામાં આવેછે તેના સમયના છેલ્લા તામ્રપટોમાં વીરધવલના પૂર્વજના નામથી સ્થપાયલી આનલેશ્વર અને સલખણેશ્વર દેવનાં ધર્મ સ્થાનકોમાં ગામ ગ્રાસ અપાયો છે.

વીરધવલે ઘણો દેશ હાથ કરયો અને કચ્છમાં આવેલા ભદ્રેશ્વરના ભીમસિંહ પ્રતિહાર સાથે, ગોધ્રાના ઘૂઘુલ સાથે, અને દક્ષિણના યાદવ રાજા સિંઘન સાથે તથા તે પ્રસંગે મારવાડમાંથી આવી પોહોંચેલા ચાર શત્રુરાજા સાથે યુદ્ધ મચાવ્યું અને મોટું પરાક્રમ પ્રાપ્ત કરી લીધું ત્યારે એને અનહિલપુરના મહારાજાધિરાજનું પદ ધારણ કરવાનું કેહેવામાં આવ્યું પણ ભીમદેવપ્રતિ કૃતજ્ઞતા દાખવીને પોતાનું રાણક—રાણાપદ એજ પોતાને યોગ્ય છે એમ કહીને તેણે તે વાત સ્વીકારી નહિ અને પોતાના જીવતર સુધી તે રાણોજ રહ્યો. ભીમદેવ સ્વર્ગે ગયો અને તેની પછવાડે ત્રિભુવનપાલ સંવત્ ૧૨૯૮ થી ૧૩૦૦ (ઈ. સ. ૧૨૪૧–૪૨ થી ૧૨૪૩–૪૪) ગાદિયે રહ્યો ત્યારપછી વીસલદેવ (વીરધવલનો પુત્ર) અણહિલવાડનો રાજા થયો.

## પ્રકરણ ૧૩ મું.

### અણહિલપુરના રાજ્યનું પશ્ચાદ્દવલોકન.

બીજા **ભીમ**દેવનું મરણ થયું ત્યાં સુધી અમે લખતા આવ્યા, એ સંધી **અણહિલપુર**ની વાતનું વિવેચન કરવાને ઠીક પડે એવી છે. **સિદ્ધરાજ** અને **કુમારપાળ**ના રાજ્યનો છેલ્લો પરાભવ થયો ત્યારપછી ઘણી મુદત સુધી ગૂજરાતમાં નિર્ધણિયો કારભાર ચાલવા લાગ્યો. **મુસલમાનો**ની જીત થતી ચાલુ રહી; અને મુખ્ય રાજ્યની નબળાઈને લીધે ન્હાના ન્હાના હલ્લા થવા લાગ્યા તેથી ગડબડાટમાં વધારો થવા લાગ્યો. આ સમયે કોઈ કોઈ વાર **વનરાજ**ના નગરનાં દેવાલય અને બુરજા ઉપર તેની આબાદાનીનો પ્રકાશ ચકચકી રહ્યો હતો, પણ હવે પછી તો તે અસ્ત પામતા સૂર્યનું પ્રકાશસ્થાન થઈ પડ્યું; હૃદય માત્ર ધીરૂંધીરૂં ધડકી રહ્યું પણ અવયવો તો થંડાગાર થઈ પડ્યા.—

"મરવા પડેલા પશુ ઉપર કાગડો રાહા જોઈ રેહે, તેમ ભાગી પ-
"ડેલી ધામધુમની ઝુમી રહેલી પડતી દશા ઉપર મહા વિનાશ અથવા ગ-
"ડબડાટ વાટ જોઈ રેહેછે."

જે ગ્રંથકારોના પુસ્તકો ઉપરથી અમે વર્ણન આપ્યું છે તે ગ્રંથકારોવિષે પ્રારંભમાં અમે થોડુંક લખિયે છિયે,—રત્નમાળાનો કર્તા કૃષ્ણાજી જે જાતે બ્રાહ્મણ હતો તેનો વૃત્તાંત કાંઈ જાણવામાં આવ્યો નથી. તેણે બીજા **ભીમ**દેવના મરણ પછી પોતાનો ગ્રંથ રચ્યો છે, પણ તે વાત બન્યાને ઘણી વેળા વીતી ગઈ હોય ને ત્યાર પછી તેણે લખ્યું હોય એમ લાગતું નથી. તેણે પોતાની પેહેલાં થઈ ગયેલા ગ્રંથકારોના પુસ્તકોનો આધાર લઈને લખ્યું છે તે નીચેના છપ્પય ઉપરથી જણાયછે.

**છપ્પય.**

**"ज्यौं दधि मंथन करत, हरत घृत तक्र तजीकें;**
**इक्षु पीडी रस ग्रही नहि लह शेष सजीकें;**
**रजतें कंचन लेत, देत रज दूर ही डारी;**
**कूकसतै कन लहैं, तीलतें तैल निकारी;**
**सब ग्रंथ पंथ अवलोकिकें, सार सार युक्ति सची;**
**अस ग्रंथ एहि अभिधानही, रत्नमालिका शुभ रची."**

દ્વયાશ્રયનો પ્રારંભ, પ્રસિદ્ધિ પામેલા હેમાચાર્યે કરેલો જણાયછે. તે કુમારપાળના રાજ્યની સમાપ્તિએ ઈ૦ સ૦ ૧૧૭૪ ની પેહેલાં મરણ પામ્યો હતો. ત્યારપછી પ્રલ્હાદનપટ્ટણ ( સોવશા પાલણપુર ) માં લેશાજયતિલકગણી કરીને જૈન સાધુ હતો તેણે તે અધૂરા ગ્રંથનું સાંધણ ચલાવીને ઈ૦ સ૦ ૧૨૫૬ અથવા સંવત્ ૧૩૧૨ ની દીવાળીને દાહાડે પૂરો કરયો. ત્યારપછી તેના ઉપર લક્ષ્મીતિલક કવિએ, શુદ્ધ કરીને, ટીકા રચી છે, એવું ઉપરનો સાધુ લખી ગયો છે, શ્રી દુર્લભરાજ રાજ્ય કરતો હતો તે વેળા શ્રી વર્દ્ધમાન આચાર્ય ગૂજરાતમાં પ્રવાસ કરતો હતો તેની દીક્ષાવળીમાંનો નવમો લેશાજય પુરૂષ હતો એવું પોતે માનેછે. દ્વયાશ્રયમાં સંસ્કૃત ભાષાના વ્યાકરણની રચના વિષેની સમજણ આપી છે તથા સિદ્ધરાજના વંશનું વર્ણન કરેલું છે. એવા દ્વી ( બે ) હેતુ ઉપરથી એ ગ્રંથનું નામ દ્વયાશ્રય પાડયું છે. આવા દુપટ વિષયની રચના તેણે શ્લોકબંધ, ક્રમ પ્રમાણે રચી છે, તોપણ વિષયને અનુસરીને અર્થ લગાવી લેવાનો છે.

પ્રબંધચિંતામણિ નામનો ગ્રંથ દ્વયાશ્રય પછી જરા મોડો થયો છે. તે વર્દ્ધમાનપુર, જે હવણાં વઢવાણ કેહેવાયછે ત્યાં ઈ૦ સ૦ ૧૩૦૫ અથવા સંવત્ ૧૩૬૧ ના વૈશાખ શુદિ ૧૫ ને દિવસે પૂર્ણ કરવામાં આવ્યો છે. તેનો કર્ત્તા ત્યાંનો મેરૂતુંગ કરીને જૈન ધર્મનો આચાર્ય હતો તે છે. શ્રી ગુણચંદ્ર આચાર્યે, આ ગ્રંથ જેવો અને એવાજ નામનો ગ્રંથ લખ્યો છે. અથવા એમ નહિ તો કદાપિ એજ ગ્રંથનો તેણે પ્રારંભ કરયો હશે એવું મેરૂતુંગ પોતે લખેછે. ગ્રંથકર્ત્તા પોતાની પ્રસ્તાવનામાં લખેછે કે, "પૂર્વની "વાતો સાંભળીને પંડિતોનાં મન તૃપ્તિ પામ્યાં નથી એટલા માટે હું મારા "પ્રબંધચિંતામણિ ગ્રંથમાં હવણાંના મહારાજાઓની વાતોનું વર્ણન મારી "અલ્પ મતિ છતાં શ્રમ લઇને કરૂંછું."

આ બંને ગ્રંથોનો અમે મુખ્ય આધાર લીધો છે, પરંતુ તેમાં લખેલી વાત ખુલાસેથી સમજાવવાને અને તેનો સંબંધ બતાવવાને, જૂના લેખ, તામ્રપટ, મુસલમાન ઇતિહાસકોએ લખેલું વર્ણન, ચંદભારોટનો રાસ, તથા ભાટચારણોની મ્હોડાની વાતો અને દંતકથાઓ પણ દાખલ કરીછે.

વઢવાણ અને પાલણપુરના જૈન સાધુઓના ગ્રંથોની રચનાની ઢબ જેવી મળતી આવવી જોઇયે તેવી મળતી આવેછે. ધર્મપ્રકરણ કરતાં રાજપ્રકરણ તેઓ ઉતરતી પંક્તિનું ગણે એમાં નવાઈ નથી; પણ એ બન્ને વિષયમાં સંબંધપૂર્વક લખવાનો પ્રયત્ન કરવાને બદલે તેઓ માત્ર વાતો લખીને સંતોષ પામ્યા છે. તેઓએ લખેલું સંક્ષિપ્ત વર્ણન બધુંય ખોડીલું છે, તથાપિ અમારે આ ઠેકાણે લખવું જોઇયે કે તે અસત્ય નથી; કેમકે ઘણું કરીને જેટલા દાખલાનો મુકાબલો કરવાને બની આવ્યું છે તે દરેકમાં તેઓનું લખાણ અને સૂચન બીજા ગ્રંથોના પ્રમાણથી ખરૂં ઠર્યું છે અને તેનો ખુલાસો થઈ ગયેલો છે, તેમજ વળી, જેમ વધારે શોધ થતો જશે તેમ આથી પણ વધારે મળતાપણું સિદ્ધ થતું જશે, એવી કલ્પના કરવી અઘટિત નથી. દ્વયાશ્રયમાં હેમચંદ્રનો રચેલો કેટલો ભાગ હશે એ જાણવાને બની આવે, અને લેશાજય અને લક્ષ્મીતિલકના હાથથી ફેરફાર થયાવિનાનો તેમાંનો કેટલો ભાગ હાલના પુસ્તકમાં હશે એ જણાય તો મુખ્ય રાજ્યો માંહેલા બે રાજ્ય વિષે તેજ વેળા થયેલા ગ્રંથકારના અભિપ્રાય આપણા જાણવામાં આવે, પણ આવો પત્તો લાગવો અશક્ય છે; માટે આ જૈનોનાં લખેલાં વર્ણન, જે સમયે લખવામાં આવેલાં તેજ સમયના નોંધી રાખેલા રાસ તરીકે માની લેવાં જોઇયે. આવા પ્રકારની એ વર્ણનની તુલના કરિયે તોપણ તેઓ મૂલ્યવાન નથી એમ નથી. એ વર્ણન વડે, બીજા સાહિત્યોનો ખુલાસો થાયછે અને સંબંધ બેસેછે એટલુંજ નહિ, પણ, ઘણીવાર તો તેઓનો પત્તો બેસારવાનાં સાધન થઈ પડેછે; અને અગરજો તેમાં આવેલી વાતો બીજી કેટલીક વાતો સાથે જેટલી મળતી આવે તેટલી પૂરેપૂરી માનવામાં આવે તોપણ જે સમયે તે લખવામાં આવ્યું તે સમયે ચાલતા વિચાર અને મનોભાવનું વલણ, રાજકારભાર, અને રીતભાત એ વિષેની સામટી સૂચના પૂરી પાડેછે એની ના કેહેવાય એમ નથી. તેમજ અમને લાગેછે કે, મુસલમાનોની જીત થતા પેહેલાંના સૈકડામાં મધ્યકાલીન હિંદુસ્થાન વિષે કેટલું જુજ જાણવામાં આવેલું છે, અને તે સમયનું જે કાંઈ રહેલું હોય તે હવણાંના હિંદુલોકો વિષે ખરી માહિતગારી મેળવવાને કેટલું બધું ઉપયોગનું છે તે વિષેનો વિચાર જે કરશે તેની નજરમાં એ વર્ણનનું ખરૂં મૂલ છે તે કરતાં ઓછું કરી નાંખવાનું આવશે નહિ.

ચંદ બારોટનો રાસ જેવો ભભકદાર વર્ણન ભરેલો અને રમુજ પમાડે એવો છે તેજ પ્રમાણે તે વિષે કાંઈ વિશેષ વિચારથી અભિપ્રાય આપવાની અગત્ય છે. ભાટ ચારણો રાસ લખનારા થઈ ગયા તેમાં ચંદ બારોટ કીર્ત્તિમાં પ્રથમ ગણાયછે, અને એના રાસમાં ખામિયો છે તે પ્રમાણે ખુબિયો પણ છે. એને વિચારશીળ વર્ણનકર્ત્તા ગણી શકાય નહિ, પણ એ ચૌહાણનો દસોંદી હતો તેથી કસુંબાની કેફથી ઉશ્કેરાયલો ના ગણિયે તોપણ ઓછામાં ઓછો અને પોતાની પક્ષના મમતથી ઉશ્કેરાયલો અને યુદ્ધની કેફથી કેફી થયલો ગણવો જોઇયે. એનો રાસ એવો અશુદ્ધ છે કે કોઈ કોઈ ઠેકાણે સમજાઈ શકાતો નથી, અને જ્યાં ભાવાર્થ સમજાય એવો છે ત્યાં પણ ચંદનું મૂળ લખેલું કેવું હશે તે, પછવાડેથી થઈ ગયેલા બહુ ફેરફાર આગળ ઓળખી કાહાડવું ઘણું કઠિણ છે—તે એટલું બધું કે આખા પુસ્તકના ખરાપણાવિષે ઠેકાણે ઠેકાણે ઘણું કરીને સંશય ઉત્પન્ન થયા વિના રેહેતો નથી. આગળ આપણા જોવામાં આવ્યું કે ચંદના લખવા પ્રમાણે પૃથ્વીરાજ ચૌહાણના હાથથી બીજો ભીમદેવ મારયો ગયો છે, પણ ખરૂં જોતાં પૃથ્વીરાજ મરણ પામ્યો ત્યારપછી પણ તે કેટલાંક વર્ષ સુધી જીવતો હતો. તેમજ બીજે ઠેકાણે ગૂજરાત માહેલી જાતિયોના કુટુંબોનાં નામ જે બનાવના સંબંધમાં લખેલાં છે તે બનાવો, બીજા બધા લખનારાઓના અભિપ્રાય પ્રમાણે, ચંદે લખેલી જાતિયોના સ્થાપનારા જીવતા હતા તેની પેહેલાં સેંકડા ઉપર બની ગયેલા છે...ચંદ બારોટના રાસના ખરાપણ વિષે શંકા આણ્યાવિના કદાપિ ભીમના મરણ વિષેના ફેરફારીક લખાણનો ખુલાસો થઈ શકેછે, તે એવી ધારણા કરવાથી કે, ચંદે પોતાના રાજાની કીર્ત્તિ વધવાની આતુરતાથી એવું લખ્યું હશે; તેમજ બીજા પ્રકારની જે ફેરફારી છે તે માંહેલી કેટલીકને સાચી ઠરાવાને એમ કહી શકાયછે કે જે વેળાને અનુસરીને ચંદ લખેછે તે વેળાએ, તેણે લખેલી જાતિઓ હૈયાતીમાં નહિ હોય પણ તેના સમયમાં હશે, તથાપિ, પીરમના ગોહિલના પરાક્રમનાં ગીત ચંદ બારોટ ગાયછે અને એ બારોટના વારાના સમય પછી લગભગ એક સેંકડા સુધી ગોહિલે પીરમનો કબજો લીધેલો જોવામાં આવતો નથી, ત્યારે આવા દાખલા સંબંધી શો ખુલાસો કરવો ? અમને લાગેછે કે આખો રાસ જે ચંદ બારોટના ના-

મથી ઓળખાયછે તે બધોય તેનો લખેલો નહિ હોય, એવું માન્ય કરયા વિના સિદ્ધિ નથી;' અને જ્યારે આવી વાત ઉઘાડી પડેછે ત્યારે ખરૂં કિયું અને ઉમેરો કિયો અથવા ઉમેરો થયો તે કેઈ વેળાથી, એ જૂદું પાડવું બહુ કઠિણ થઈ પડેછે.

ઉપર લખેલા ચિતાર આપનારાઓના હાથથી અણહિલવાડનો ચિતાર જે આપણને મળેછે, તેમાંનો મુખ્ય ચિતાર રાજા વિષેનો છે. તેની ઓથે શ્વેતામ્બરધારી જૈન સાધુઓ અથવા બ્રાહ્મણો આવી રહ્યા છે; સાકશન ફરશીવડે રક્ષાયલા અને અનૌરસ ઉલિયમના નાઈટ જેવા, ચોયણા પેહેરેલા રજપૂત જાતિના યોદ્ધાઓ વીંટળાઈ વળેલા છે, અથવા યુદ્ધમાં તેમના સરખાજ શૂરા, અને સલાહ આપવામાં વિશેષ ડાહ્યા, વ્યવહારમાં સરલ પણ ક્ષત્રીના સરખું એટલું બધું જુસ્સા ભરેલું લોહી જેઓની રગોમાંથી ફરતું નહિ એવા વાણિયા મંત્રેશ્વરો આવી રહ્યા છે. વળી શૂરવીર મંડળની એક બાજુએ, અર્ધાપર્ધા પોતાની મેળે શૂરવીર એવા બંદીજનો અને ગાંધર્વો ઉભા રહ્યા છે, અને તેથી જરા છેટે, બોલવામાંજ માત્ર જુસ્સાથી ભરેલા, એવા સલાહ સંપવાળા ખેડુતો પૃથ્વીની ઉપજની ભેટસહિત ટોળે વળી રહ્યા છે, તેમની પછવાડે, જેઓના જોરજુલમને લીધે વિશ્વાસ કરેલો, તોપણ જેઓની ધાસ્તી પેટમાં પડતી, અને જેમના વિના ચાલે નહિ એવા તેઓના રક્ષક, અને તેના તેજ તેમને લૂટનારા, રંગે કાળા મેશ જેવા, અને ડુંગર તથા કોતરના મૂળ રેહેવાશી એવા કામઠિયોવાળાની હાર આવી રહી છે.

રાજાના પિંડનો ચિતાર દબદબા ભરેલો છે; લાલ ચટક જેવું રાજછત્ર તેના ઉપર ધારણ થઈ રહ્યું છે; તેના મસ્તકની પછવાડે મૂર્તિમાન્ સૂર્ય સોનામાં ચકચકી રહ્યો છે; તેનો કંઠો વિલાસમય મોતિયોનો શોભી રહ્યો છે; અને તેના બાજુબંધ ચળકતા હીરાના આવી રહ્યા છે; આવું છતાં પણ તેનો આકાર નિષ્પુરૂષ જેવો દેખાતો નથી, તેના પિંડદાર ભુજને ભાલો અને તરવાર એ બન્ને સારાં શોભતાં આવેછે; તેની આંખ યુદ્ધના અંગારાથી લાલ ચટક બની રહી છે; મેહેલનાં ચોઘડિયાંનો તેને જેવો સહવાસ પડી રહેલો છે તે પ્રમાણે યુદ્ધનાદ તેને થઈ રહેલો છે; તે રાણી બચ્ચો, ક્ષત્રીનો પુત્ર, અભિષેક થયેલો રાજા, અને ઢાલવાળો માણસ છે.

સુંદરીનો ચિતાર જોવાને બીજા પડદા ઉપર નજર કરિયે તો તે સ્વયંવરમંડપમાં પોતાના મન માનતા શૂરા પુરૂષને પસંદ કરતી, કામની સાથે રતિ શોભે તેમ તેની સાથે શોભતી આપણા જોવામાં આવેછે. પછીથી જોઇયે તો તે માનવંતી માતા થયેલી, અને પોતાના યુવાન્ પુત્રનું રાજ ચલાવતી, અથવા તેની પાકી વયની વેળાએ રાજકાજમાં તેને સલાહ આપતી, અને ધર્મનાં અને દયાનાં કામ તેની પાસે કરાવતી જણાય છે; અથવા ફરીને પાછી જોઇયે તો શી દુઃખની વાત ! તેનો દેખાવ કેવળ જૂદોજ બની ગયેલો દેખાયછે. બાવરાપણાથી વિલક્ષણ રીતે ઘેંઘાયલી આંખ્ થયેલી અને પોતાના ખોળામાં પોતાના ધણીના મરદાનું માથું મૂકેલું જોવામાં આવેછે, તે સાથે વળી, રણશિંગાનો કઠોર અવાજ તથા વેહેમ ભરેલી ઘેલછાની એ કરતાં પણ વધારે કઠોર ચીસો કાનને ખેદ પમાડેછે; તેમજ ચિતાનો ભડકો જુસ્સાથી સળગતો ચાલેછે અને કાળામેશ જેવો ધુમાડો ઉપર છવાતો દેખાયછે તેથી જાણે આવો કમકમાટ ભરેલો દેખાવ આકાશની નજરે પડવાથી સંતાડી રાખવાનો હેતુ હોય એમ લાગેછે.

હિંદુઓના વર્ણનમાં, જમીનના વહિવટ વિષેનો વિષય, મુખ્યત્વે કરીને જાણવા જેવો છે. જે પુસ્તકોના આધારથી અમે લખિયે છિયે તેઓના બનાવનારાના ધારવામાં બેશક એમ આવેલું કે એ વાત તો આખા જગત્‌ને જાણીતી છે; તેથી તેઓનું નિરાળું વર્ણન કરવાની કાંઈ અગત્ય નથી. અહિં તહિંથી અનાયાસે અમારા જાણવામાં આવ્યું છે કે ઉપજમાં રાજાનો ભાગ હતો; કોઈ વેળાએ તો રાજા પોતાના મંત્રિયોની મારફત ઉઘરાવી લેતો હતો અને કોઈ વેળાએ ગામના અધિપતિયો, ખેડુતો પાસેથી દાણાનો ભાગ ઉઘરાવી લેતા તેની પાસેથી રાજા પોતાનો ભાગ લેતો. દેશમાં "ગ્રામ" અથવા ગામ વશેલાં હતાં અને ત્યાંના રેહેવાશી કુટુંબિક ( કણબી ), અથવા ખેડુત ( કાર્ષક ) કેહેવાતા; ગામના મુખી, પટકીલ અથવા પટેલ હતા: ખેડુતો જેવા હવણાં પોતાના કામમાં રોકાયલા રેહેછે તેવા ત્યારે પણ રેહેતા હતા. પાક ઉગવા માંડે એટલે કાંટા અથવા થોરિયાની પોતાના ખેતરોને વાડો કરતા. અને ત્યાર પછી તે વધારે વધવા માંડે એટલે પંખિયોને ટોહોવા મંડી જતા. ખે-

ડુઓની બાયડિઓ, આજની પેઠે, ખેતર માંહેનાં ડાંગરના પાકનું રખેવાળું કરતી, પોતાના ગીતવડે સીમને આનંદમય કરી દેતી. વર્ષાદ વરસતો નહિ તો રાજાનો ભાગ આપવામાં વાંધો ઉઠતો અને તે લેવાને ખેડુતોને કેદમાં નાંખ્યાવિના સિદ્ધિ રેહેતી નહિ. તોયપણ તેઓ હઠીલાઈ પકડી રેહેતા અને લાચાર છોકરાંની પેઠે ધોરણ પકડીને પોતાના ઉપર રાજાની દયા ઉપજાવતા. આથી કરીને બંને બાજુવાળાઓને રડાકૂટારા થતા અને છેવટે પંચાત કરાવીને છૂટકો કરવામાં આવતો. તે હાલમાં કેટલાંક દેશી રાજ્યો છે ત્યાં જે વહિવટ ચાલેછે તેને બરાબર મળતું આવેછે.

દેવસ્થાન અને ધર્મગુરૂઓને મુખ્યત્વે કરીને રાજાના તરફથી ભોંય આપવામાં આવતી. એ વિષેના ઘણા દાખલા નોંધી રાખવામાં આવેલા છે; જેમકે બ્રાહ્મણોને સિદ્ધપુર અને સિહોર આપવામાં આવ્યાં હતાં; અથવા જૈનોને ચાલી ગામ આપવામાં આવ્યું હતું—આવી રીતનું મળેલું દાન, "ગ્રાસ" કેહેવાતો હતો અને તે સમયે એ શબ્દ "ધર્મદાન" ને ઠેકાણે વાપરવામાં આવતો. જ્યારે મૂળરાજે અણહિલવાડમાં ત્રિપુરુષપ્રાસાદ નામનું મહાદેવનું દેરૂં બાંધ્યું હતું ત્યારે તે જેના સ્વાધીનમાં કર્યું હતું તેને "ગ્રાસ" બાંધી આપ્યો હતો; અને કુમારપાળના રાજ્યમાં ઉદયનના પુત્ર વાગ્ભટ્ટે પાલીતાણાનીપાસે વાહડપુર આગળ જૈન ચૈત્ય બંધાવીને તેનું નામ, રાજાના પિતાને નામે, ત્રિભુવનપાલવિહાર કરીને રાખ્યું હતું તે ચૈત્યના માણસોને ખાવાને માટે ભોંય આપી હતી. તે પણ "ગ્રાસ" કેહેવાતો હતો. ભોજ રાજાના દરબારમાં માઘ કવિ થઈ ગયો તે એક બ્રાહ્મણની દરિદ્રતા વિષે લખતાં કેહેછે કે "ગ્રાસ આપવાનો વિસરી જવાથી ગૃહસ્થનો સૂર્ય અસ્ત પામેછે." આ કાર્ય "શાસન" કેહેવાયછે.

રાજકુટુંબના ભાયાતોને પણ ભોંય આપવામાં આવતી. જેમકે, દેથલી અને વાઘેલ. કુમારપાળ વિષે પણ એવું કહ્યું છે કે, "તે વેળાએ દાતારોનો અધિરાય—સોલંકી રાજાએ આલિંગ નામના કુંભારને સાતસેં ગામનો લેખ કરી આપ્યો હતો. તેને પોતાના કુળને લીધે શરમ આવી તેથી તેના કુળના, આજે પણ "સગરા" એવું નામ રાખી રહ્યા છે. આવું છતાં પણ આ તુષ્ટિદાન વિષે કાંઈ પત્તો હાથ લાગતો નથી. એક વાઘેલના દૃષ્ટાંતવિના યુદ્ધમાં સેવા બજાવ્યા વિષેનું વંશપરંપરાનું તુષ્ટિદાન

કોઇને આપવામાં આવ્યું નથી એ પણ એક જાણવા જેવું છે. ઘણાખરા ગૂજરાતના કિલ્લાઓમાં પટાવતોના ભણીથી અંતરાય નઆવિના રાજા ભણીનાં થાણાં મૂકવામાં આવતાં; અને સર્વ રજપૂત જાતિઓવાળા, જેઓ માંહેલા મુખ્ય પુરૂષો પછવાડેથી મ્હોટા જમિદાર અને ન્હાનકડા રાજા થઇ પડેલા છે તેઓમાંથી કોઇને પણ અણહિલવાડના રાજાએ જમીનની બક્ષીસ કરી હોય એવું તેમના પોતાનાજ વર્ણન કરનારાઓના લેખમાંથી પણ નીકળતું નથી. પણ માત્ર એક ઝાલા રજપૂતોને આ વાત લાગુ નથી, તેઓને ગૂજરાતના છેલ્લા રાજા *બીજા કર્ણ પાસેથી જમીન મળી હતી એવો તેઓ દાવો કરેછે. મુકુટધારી રાજાઓ મૂળરાજના દરબારમાં હતા એવું આપણા જોવામાં આવ્યું; અને મંડળેશ્વર અથવા પ્રાન્તના અધિપતિઓ વિષે પણ બીજે ઠેકાણે લખવામાં આવેલું છે. કુમારપાળના બનેવી કાહાનદેવને એવું પદ આપેલું છે. અને જ્યારે ઉદયન મંત્રી સોરઠના સાઊસર ઉપર ચડયો છે ત્યારે વઢવાણ આવીને તે "મંડળેશ્વરો" એકઠા કરેછે એવું લખેલું છે. આ પુરૂષો પ્રાન્તના અધિપતિ હતા એમ જણાયછે; આ વિના બીજા મંડલિક રાજાઓ વિષે લખવામાં આવેલું છે, તેઓના દેશ અગર જો અણહિલવાડના રાજાના સ્વાધીનમાં હતા તોપણ ગૂજરાતના પેટામાં તેઓની ગણના કરવામાં આવી નથી. આબુ અને ગિરનારના અધિપતિઓ, કોકણનો રાજા મલ્લિકાર્જુન, અને બીજાઓની ગણના આ વર્ગમાં થાયછે.

સામંત અથવા લડાઈના સરદારોને ઘણું કરીને ખજાનામાંથી પગાર મળતો, અને પછવાડેથી દિલ્હીના મોગલ પાદશાહ થયા તેઓની રીત પ્રમાણે જેટલા માણસો ઉપર તેઓ સરદારી બજાવતા તે પ્રમાણે તેઓની પદવિ ગણવામાં આવતી. સિદ્ધરાજે પોતાના એક ચાકરને "સો અશ્વારનું સામંતપદ" આપ્યું હતું; અને જ્યારે કુમારપાળ, આના રાજા ઉપર

* સિદ્ધરાજના પિતા કર્ણ સોલંકી (૧૦૭૨-૧૦૯૪) પાસેથી ગામ ૧૮૦૦ મળ્યાં હતાં, બીજા કર્ણ પાસેથી નહિં. આ વિષેનો વધારે પૂરાવો એ છે કે, પૃથ્વીરાજની સેનામાં ઝાલા હતા. એમ ઘણે પ્રસંગે લખાયલું જોવામાં આવેછે. બીજા કર્ણનો સમય ઈ. સ. ૧૨૯૬-૧૩૦૪ છે. રાસો તે પેહેલાં ઈ. સ. ૧૧૯૩ લખાયલો તે પેહેલાં ઝાલા હોવા જોઈયે.

ર. ઉ.

ચડયો ત્યારે, એવું લખેલું છે કે, "તેની સેનામાં વીસ અને ત્રીસ મા-"ણસના ઉપરિયો મહાભટ્ટ, અને એક હજાર માણસના ઉપરિયો ભટ્ટરાજ "હતા." એથી મ્હોટા અધિપતિયો "છત્રપતિ" અને "ડંકાપતિ" કે-હેવાતા; એટલે તેઓને છત્ર અને ડંકો જે રાજચિહ્ન કેહેવાયછે તેનો ઉપ-યોગ કરવાની આજ્ઞા આપવામાં આવતી હતી. સ્વતંત્રપણે અધિપતિપણું ધારણ કરનારા અને ઉંચી પદવિવાળા સરદારોમાંથી ઘણા, જ્ઞાતે વાણિયા હતા એ પણ એક જાણવા જેવી વાત છે; જેવા કે વનરાજનો સોબતી જામ્બ; અને તેનો વંશજ સજ્જન; જયસિંહનો ભૃત્ય મુન્જાલ; ઉદયન અને તેના પુત્ર; અને બીજા. જેઓ કોઈ પ્રસંગે ચાકરી કરવાને આવતા અને જેઓ નોકરો નહિ પણ ઘણું કરીને સહકારી ગણાતા એવા—કલ્યાણના રાજાઓ, અને રાઠોડ ×સિયોજી એ હતા. રજપૂત અને પાળા, એવાં બે નામ જૂદાં લખવામાં આવેલાં છે તે ઉપરથી એમ જણાયછે કે રજ-પૂત એ અશ્વારને ઠેકાણે હશે. રાજાની મુખ્ય મતલબ એવી જણાયછે કે પારકી ચડાઇયોથી અને દેશ માહેલા બખેડાથી પ્રજાનું રક્ષણ કરવું; આ-સપાસના સંસ્થાનોને પોતાનાં ખંડિયાં કરી દઇને પોતાના રાજ્યનો વિ-સ્તાર કરવો; અને દાખલો લેવાજોગ વિક્રમાદિત્ય રાજાએ "આસ-પાસના દેશમાં ચોગરદમ ફરીવળીને રાજમંડળને તાબે* કરી મૂક્યાં," તેની રીત પ્રમાણે વર્ત્તણુક ચલાવવી. યુદ્ધને માટે ચડાઇયો કરવામાં આ-વતી તેનું નામ "વિજયયાત્રા" કરીને કેહેવાતું. કોઇ કોઈ સમયે તો વિશેષ અગત્યના કારણોને લીધે લડાઈયો થયેલી છે; જેવી કે ગ્રાહરિપુના ઉપર ધર્મને માટે ચડાઈ કરવાની સલાહ રાજાને આપવામાં આવી હતી; તેમજ યશોવર્માએ સિદ્ધરાજને ક્રોધે થવાનું કારણ ઉત્પન્ન કર્યું ત્યારે તેના ઉપર તેનો કોપ થયો; તોપણ શત્રુવટ થવાની મતલબ તો તેની તેજ જણાયછે; અને શત્રુ પોતાના મ્હોમાં લીલું તયણું ઘાલેછે અને ખંડણી

---

× મૂળરાજ અને ગ્રાહરિપુની લડાઈમાં કચ્છના લાખા ફૂલાણીને મા-રનાર સિયોજી હતો એમ આગળ લખાઈ ગયું છે તેથી આ ઠેકાણે એને સહકારી ગણ્યો છે પણ તે વેળાએ સિયોજી થયો ન હતો પણ ઈ૦ સ૦ ૧૨૧૨ માં થયો છે.

ર. ઉ.

* પ્રબંધચિંતામણિ.

આપવાને માન્ય કરેછે એટલે જીતનાર તૃપ્ત થાયછે અને શત્રુનો દેશ સદા કબજે કરી લેવાને તકાસતો નથી. એક દેશ ઉપર એકવાર ચડાઈ કરવામાં આવી હોય ને તેના ઉપર પછીથી ચડાઈઓ કરવામાં આવતી તે કાંઈક મુલકગીરીની જાતની હતી. જીત એટલે એજ કે ભોંયની વાર્ષિક ઉપજમાંથી ભાગ લેવાનો દાવો બેસારવો. આવો દાવો ફરી ફરીને ઉભો થએલો રહ્યાવિના રેહે નહિ, અને જે પ્રમાણે પોતાના રાજ્યના ખેડુતો પાસેથી એવી જાતનો કર તેમને કેદમાં નાખીને લેવામાં આવે તેજ પ્રમાણે પારકા દેશના રાજાના પ્રાન્ત ઉપર હુમલા કરીને તેમની પાસે કબુલ કરાવાની અગત્ય પડે. આ પ્રમાણે જયશિખરીના ઉપર ભૂવડ રાજાના હુમલા થયેલા છે, તે વેળાથી થતું આવેલું જણાયછે; અથવા જ્યારથી કલ્યાણના રાજાને પોતાનો કર તે કામને સારૂ ઠરાવેલા અધિકારિયો પાસેથી ઉઘરાવી લેવાને સવળ પડે એટલા માટે ગૂજરાત દેશના જવાન રાજા વનરાજને તેનો "સેલભ્રત" ઠરાવ્યો હતો ત્યારથી એમ થયલું દેખાયછે. ગૂજરાત એક ખંડિયા પ્રાન્ત તરીકે ગોદાવરીની દક્ષિણના રાજાઓને સ્વાધીન હતું એવી જે દંતકથા ચાલતી હતી તે ચાવડા વંશની હૈયાતી સુધી ચાલતી હતી, અને છેક સોલંકી વંશના પેહેલા રાજાની વેળાએ તિલિપ દેશના રાજાના સેનાપતિ બાર્પે ગૂજરાત ઉપર હલ્લો કરચો ત્યાં સુધી ચાલુ રહી હતી. તેમજ પછીથી કચ્છ, સોરઠ, ઉત્તર કોકણ, માળવા, ઝાલોર અને બીજા દેશોઉપર વનરાજના ક્રમાનુયાયી ઘણાક હુમલા કરીને ફરી વળ્યા છે પણ સદા તેઓનો કબજો કરી લીધેલો નથી. કદાપિ મૂળરાજે ગ્રાહરિપુને જીતી લીધો અને લાખાને કતલ કરચો તથાપિ જાડેજા અને યાદવ વંશની તેથી સમાપ્તિ થઈ નથી; કદાપિ જયસિંહે યશોવર્મને જીતી લીધો અને ધાર લઈ લીધું, તોયપણ ત્યાર પછી ઘણાં વર્ષ નહિ થયાં એટલામાં માળવાના અર્જુનદેવે ગૂજરાત ઉચ્છિન્ન કર્યું છે; અને કદાપિ સપાદલક્ષના દેશમાં અણહિલવાડના વાવટા જયવંતપણે ફરકવા લાગ્યા તથાપિ અજમેરના રાજા વનરાજના ઘર સાથે કટ્ટી શત્રુતા રાખી રહ્યા તે છેક મુસલમાન હલ્લો કરનારની આગળ ચોહાણ અને સોલંકિયો પડ્યા ત્યાં સુધી ચાલુ રહી.

અણહિલવાડના રાજાઓએ પોતાની પડોશના વધારે શક્તિવાન્ રાજાઓની દરબારમાં "સાંધિવિગ્રહિક" એટલે સલાહ અને લડાઈ કરા-

વનારા (એલચી) મૂકેલા હતા, તેઓનું કામ ત્યાંના રાજકાજની બાતમિયો આપવા વિષેનું હતું,—આવી જાતનું કામ સ્થાનિક પુરૂષો (દેશના રેહેવાશી) અથવા હેરક રાખી સાધી લેવામાં આવતું હતું અને તેઓ કોના માણસો છે તે કોઇને જાણ પડવા દેતા નહિ.

અણહિલવાડના રાજાઓ જેમ ભોંયની ઉપજ લેતા તેમ દેશમાંથી જતા માલ ઉપર દાણ લેતા; તેમજ યાત્રાળુ લોકો પાસેથી કર ઉઘરાવતા. સમુદ્રગમન અને વ્યાપારના કામકાજ સંબંધી થોડુંકજ લખવામાં આવેલું છે. તોયપણ વાહાણ, વાહાણવટી અને ચાંચવાનાં નામ આવેછે; અને વ્યાપારી,—વ્યવહારી બહુ ધનવાન્ હતા એમ લખેલું જણાયછે, કેમકે જે વ્યાપારિયે ધન એકઠું કરયું હોય તેને ધનવાન્પદ આપવાને માટે તેના ઘર ઉપર "[1]કરોડપતિનો વાવટો" ચડાવવાની છૂટ આપેલી હતી. ચોગરાજની વેળામાં પરદેશી રાજાનાં વાહાણ, ઘોડા, હાથી અને બીજો સામાન ભરેલાં, સોમનાથપટ્ટનના બંદરમાં આવી ચડ્યાં હતાં. સિદ્ધરાજના સમયમાં વાહાણવટિયો અથવા સાંયાત્રિક, ચાંચવાઓની બીકથી પોતાની માલમતા કોથળામાં સંતાડીને દેશમાં મજીઠ લાવતા હતા. અણહિલવાડના રાજાઓના સ્વાધીનમાં ઉત્તર કોકણમાંની તેમજ ગૂજરાત અને તેના દ્વીપકલ્પ ભાગ માંહેલી સમુદ્રકિનારાની જગાઓ હતી. તેઓનાં સ્તંભતીર્થ અને ભૃગુપુર, એ બે બંદર ખંભાત અને ભરૂચના નામથી પ્રસિદ્ધ છે; સૂર્યપુર તે સુરત હશે, અને ગંડાબા (ખંડહત) તે સોવશા [2]ગણદેવી હશે, તેમજ બેટ, દ્વારકાં, દેવપટ્ટન, મહુવા, ગોપનાથ અને બીજી જગાઓથી સોરાષ્ટ્રનો કિનારો ભરાઈ રહેલો છે.

જૈન અને બ્રાહ્મણોના પ્રસરેલા બે ધર્મ, એક બીજાની સામે થતા

---

૧ એક લાખથી માંડીને તે નવાણું લાખ સુધી જેના ઘરમાં રૂપિયા હોય તે જેટલા લાખ હોય તેટલા દીવા કરે એવો રિવાજ હતો. સિદ્ધરાજે એક જણના ઘરમાં ૯૯ દીવા બળતા જોઈ પૂછપરછ કરી તો તે ૯૯ લાખની આશામી છે એમ કહેવામાં આવ્યું એટલે તેને ઘણા દીવા કરવાની કડાકૂટ મટાડવા પોતાના કોશમાંથી ચાર લાખ રૂપિયા મોકલી કરોડપતિ કરયો એટલે પછી માત્ર એક વાવટો ચડાવવો પડયો.

૨ ગંડાબા (ખંડહત) એ ગણદેવી નહિ પણ કચ્છના વાગડ પરગણાનો કંથકોટ નામે કિલ્લો છે તે.

અને જ્યારે જેનો વારો આવે ત્યારે એક બીજાના ઉપર ઉપરીપણું મેળ-
વતા આવેલા છે. જૈનધર્મ પેહેલા રાજાના વારામાં પ્રબલ થઈ પડ્યો હતો
તે વિશેષે કરીને તો રાજાના બાળને એનું રક્ષણ મળ્યું હતું અને રાણી જે
તેની મા હતી તે તે ધર્મમાં હતી તેની સત્તાથી કદાપિ તેમ થયું હશે.
તોપણ વનરાજ અને તેના ક્રમાનુયાયિયો શિવધર્મ માનતા હતા, પણ
પછીથી અરહંત મતનું સિદ્ધરાજે શ્રવણ કર્યું અને કુમારપાળે તેનો
સ્વીકાર કર્યો, તે સમયથી તેમાં ફેરફાર થયો. આ વેળાથી તે અમે લ-
ખતા લખતા જે સમય સુધી આવ્યાછિયે ત્યાંસુધી, વચ્ચે અજયપા-
ળના ટૂંકી મુદ્દતના રાજ્યને બાતલ કરતાં, જૈનધર્મની ચડતી ચાલી છે અને
રાજાઓ તે ધર્મમાં દાખલ થવા લાગ્યા છે. તેઓના અતિ ઉગ્ર વિવાદ
ઘણા દબદબાથી અને નિયમથી ચાલેલા છે, અને રાજા હિંદુ હોવાને
લીધે આવી ધર્મસભાના અધ્યક્ષસ્થાને બિરાજેલો છે; જેમ આપણા જો-
વામાં આવ્યું કે સિદ્ધરાજ શૈવી અથવા ઉદાર મતનો હોવાથી બંને ધ-
ર્મના ખરા ખોટાનો ન્યાયાધીશ થઇને બેઠો હતો.

યાત્રા કરવાનાં ઠેકાણાંમાં ઘણાં પ્રસિદ્ધ તો સોમનાથ અને દ્વાર-
કામાં શિવ અને વિષ્ણુનાં દેવાલય ગણાયાં છે.* આરાસુરમાં અંબાજી
અને ચાંપાનેરમાં કાલિકાજીનાં દેવાલય હૈયાતીમાં હતાં, અને તેજ દેવીનું
હિંગલાજને નામે નળબાવલી આગળ પ્રસિદ્ધ દેરૂં છે; પણ માતાનાં દેરાં
હવણાં ઠેકાણે ઠેકાણે છે તે સંબંધી કાંઈ લખેલું જોવામાં આવતું નથી.
જૈનનાં શત્રુંજય અને ગિરનારનાં તીર્થ વિષે તો લખવામાં આવેલું છે.
કચ્છના રણની સરહદ ઉપર શંખેશ્વરનું ધામ છે તે તેજ સમયનું છે, અને
જેને મેરૂતુંગ આચાર્યે શંખપુર કરીને લખેછે તેનો તેની વેળામાં જી-
ર્ણોદ્ધાર થયેલો છે. તે વિના જૈનનાં તીર્થ ખંભાત, કાવી, મહીને સામે
કિનારે, અને ઢાઢરને કિનારે ગંધારમાં છે. આબુપર્વત ઉપર પેહેલા
ભીમદેવના વારામાં જૈન દેરાસર બંધાયું. અને કુમારપાળે તારિંગાના ડું-
ગર ઉપર શ્રી અજીતનાથની સ્થાપના કરી.

* કચ્છના પશ્ચિમ કિનારા પર શેરેગઢ (હાલનું નારાયણ સરોવર) પણ જૂના વખતથી યાત્રાનું ધામ છે. મૂળરાજનો પિતા પોતાની રાણી ગુ-
જરી ગયા પછી દ્વારકાની યાત્રા કરી કચ્છના શેરેગઢની યાત્રાએ ગયો. જ્યાંથી
વળતાં કપીલકોટ (કેરકોટ) માં આવતાં કચ્છના જામ લાખા ફૂલાણિયે પો-
તાની બેહેન રાયાજી પરણાવી હતી. ભા. ક.

કુમારિકા સરસ્વતીના ચકચકિત પણ ન્હાના વહનથી તે પૂજ્ય નર્મદાના મહા ભારે પ્રવાહ સુધી પવિત્ર નદિયો ઘણી છે. તાપી, મહી, સાભ્રમતી અને બીજી કેટલીક એથી ઓછી પ્રસિદ્ધ નદિયો પવિત્રસ્થાનથી વ્યાપી રહી છે અને ત્યાંના માહાત્મ્યથી પ્રસિદ્ધ છે.

ગૃહકાર્ય સંબંધી અહિતહિથી થોડીક સૂચના મળેલી છે. રાજાને ઉંઘમાંથી ઉઠાડવાને રાજનોબત વાગે છે, અને શંખનાદ થાયછે. તે ઉઠેછે, અને ઘોડાને કસરત કરાવા જાયછે. તેનો મેહેલ એક કિલ્લામાં હોયછે તે દરબારગઢ કેહેવાયછે, તેમાં બીજાં પણ રાજગૃહ હોયછે. કીર્ત્તિસ્તંભથી તેને શોભા મળેછે. એક દરવાજો જે ઘટિકા અથવા ઘડી કેહેવાયછે તેનો રસ્તો શેહેરમાં પડેછે અને તેના મુખ આગળ મ્હોટા માર્ગમાં ત્રિપોલ્ય અથવા ત્રણ દરવાજાંનો ઘોરો હોયછે. દિવસે રાજા દરબાર ( કચેરી ) ભરેછે; ચોપદાર દરબારને નાકે ઉભો રેહેછે, અને આવનારા લોકોને અંદર દાખલ થવાની હા કે ના કેહેછે; યુવરાજ, રાજાની પાસેજ હોયછે, અને મંડલેશ્વરો અને સામંતો તેની આસપાસ બેસેછે. મંત્રીરાજ અથવા પ્રધાન બીજા કારભારિયો સહિત ત્યાં હોયછે, તે કરકસરની રૂડી રીતે સલાહ આપેછે, અને લખી રાખેલાં પ્રમાણ અને જેની અવગણના કરાય નહિ એવા આગળ બનેલા દાખલા રજુ કરી દેવાને સદા તૈયાર હોયછે. કામકાજ ચાલી રહ્યા પછી પંડિતો અથવા વિદ્વાન્ પુરૂષોને બોલાવામાં આવેછે, પછી સર્વને આનંદ નહિ ઉપજાવનારી તેઓની વિદ્યા અને વ્યાકરણની દામ્ભિક વાતો ચાલેછે; અથવા નહિ તો કોઈ ફરતા બંદીજનને અથવા ચિતારાને દરબારમાં દાખલ કરવામાં આવેછે એટલે અસલના વારાની રામ અને વિભીષણની વાતો ચાલેછે, અથવા કોઈ વિશેષ તાજી વાસનાવાળી પરદેશી સુંદરી વિષે વર્ણન કરતાં તેના સર્વ પ્રકારના સુંદરપણાની બરાબરી કોઈ કરી શકે એમ નથી એવી તેની વાત ચાલેછે; દરબારમાં વારાંગનાને દાખલ કરવામાં આવતી નથી એમ નથી. તે માર્મિક વચનની ભરેલી અને જેની બહુ પ્રશંસા થયેલી એવી જગત્માં પ્રાપ્ત કરી લેવાની ચતુરાઈમાં તો જે વખણાયલી એવી વારાંગના, જ્યારે વિદ્વાનો હારખાઈ જાય ત્યારે, પોતાના રસિક ઉત્તરની તીક્ષ્ણ ધાર વડે પ્રશ્નની ગોથાં ખવરાવતી ગુંચવણને કાપી નાંખવાને સદા તૈયાર હોયછે. કેમકે,

देशाटनं पंडितमित्रता च, वारांगना राजसभा प्रवेशः
अनेकशास्त्राणि विलोकितानि, चातुर्यमूलानि भवंति पंचः

ભાવાર્થ—દેશાટણ, પંડિતની મિત્રાઈ, વારાંગના, રાજસભામાં જવર અવર, અને અનેક શાસ્ત્રનું અવલોકન કરવું, એ પાંચ ચતુરાઈનાં મૂળ છે.

રાજા બાહાર નીકળેછે ત્યારે હાથી ઉપર બેસેછે અથવા સુખાસનમાં બીરાજેછે. ઉત્સવને દિવસે તેને જવાના રસ્તા ઉપરની દુકાનો શૃંગારવામાં આવેછે. સંધ્યાકાળે દેવની પૂજા થયા પછી અને આરતી ઉતરી રહ્યા પછી તે ચંદ્રશાળામાં જાયછે, ત્યાં ભોજનની સામગ્રી તૈયાર કરી રાખી હોયછે, તેમાં દારૂ અને માંસ પણ હોયછે, કેમકે સામંતસિંહ બહુ કેફથી ચકચૂર થઈ ગયલો આપણા જોવામાં આવેલો છે. તેમજ કુમારપાળ તીર્થંકરનો ધર્મ પાળતો હતો તેથી તેણે માંસાહારનો ત્યાગ કરયો હતો. ભોજન થઈ રહ્યા પછી તેને અંગે સુખડ લગાડવામાં આવેછે; તે સોપારી ખાયછે અને હિંદોળા ખાટ ઉપર પોહોડેછે. તેનો રંગીન ઝબો પલંગ અને તેના ઉશીકા ઉપર નાંખી દેવામાં આવેછે. પેહેરેગીર મૂકી દેવામાં આવેલા હોયછે, અને એક બાજુએ દીવો ઝરઝર બળ્યાં કરેછે. આટલેથી હવે રાજાને કાંઈ કરવાનું રહ્યું નથી એમ નથી; હજુ તો તેને વીરચર્યા અથવા નગરચરચા કરવા તેજ પલંગ છોડીને જવાનું હોયછે. તે હાથમાં તરવાર લઇને એકલો આગળ નીકળી પડેછે, અથવા હાથમાં પાણી વાસણ લઇને એક ચાકર સાથે જાયછે ! અને આ પ્રમાણે પોતાના નગરની જળજંપેલી શેરિયોમાં ભમેછે, અથવા દરવાજો છોડીને કિલ્લાની બાહેર જ્યાં રાત્રમાં ગંદાં પક્ષી ફરતાં હોયછે અને યોગણી તથા ડાકણોની જગ્યાઓ હોયછે ત્યાં સુધી જઇને, તેઓની પાસે પોતાના પ્રશ્નોનો ઉત્તર આપવાની, અને હવે પછી નીપજવાની વાતો બલાત્કારે કેહેવરાવેછે. દ્વ્યાશ્રયના કર્ત્તાએ સિદ્ધરાજના રાત્રના ભ્રમણ વિષે લખ્યું છે કે; "રાત્રે જે લોકો વિષે તેના જોવામાં આવ્યું હોય તેને સવારે બોલાવી "તેમાંથી એકને કેહે કે 'તને ફલાણા કારણને લીધે શોક થાયછે,' અને "બીજાને કેહે કે 'તને ફલાણા કારણને લીધે હર્ષ થાયછે.' આ ઉપરથી "લોકોએ જાણ્યું કે એ તો સર્વનાં હૃદયની વાત જાણેછે, તેથી એ દેવ"તાનો અવતાર હશે." વેશ બદલેલા રાજાને ભૂત ડાકણોના સહવાસ ક-

રતાં અને મનમાં પોતાની પ્રજાનાં સુખ દુઃખ વિષેનો વિચાર કરવા કરતાં પણ ઘણી વાર તેને ઓછા શોકનાં ગંમત પામવાનાં સાધન મળી જાયછે. ધનવાન્ વ્યાપારીની હવેલીના ચકચકિત દીવા જોઇને તે લલચાયછે અને સરસ ગંમતને ઠેકાણે વગર ઓળખવે તેની આગતાસ્વાગતા થાયછે; અથવા એમ નહિ તો રાગરાગણી અને વાદિત્રના અવાજથી અને હસાહસથી શિવના કોઈ દેરાના મંડપમાં ખેલાડિયો પોતાની તાત્કાલિક બુદ્ધિથી લોકોને આનંદ પમાડતા હોયછે ત્યાં વળી જાયછે. મહા જયસિંહની વાત આપણને એવી કેહેવામાં આવી છે કે, એક સમયે તે કર્ણમેરૂપ્રાસાદમાં નાટક થતું હતું ત્યાં જઈ પોહોંચ્યો, ત્યાં એક વાણિયા સાથે તે હળી ગયો, પછી ખેલથી હદપાર થતી ગંમતની વેળાએ તે વાણિયો રાજાના ખભા ઉપર ભાર મૂકીને ઉભો રહ્યો અને જે હાથથી ખેંગાર અને યશોવર્મ્માનો ગર્વ બેસારી દીધો હતો તે હાથથી અપાતી સોપારીની ચૂરી તે ખાવા લાગ્યો. સવારે જ્યારે તેને દરબારમાં બોલાવ્યો ત્યારે આગલી રાતના નાટકમાં પોતાના ભાઈબંધ થયેલા પુરૂષને રાજ્યાસન ઉપર બીરાજેલો જોઇને આભો બની ગયો, પણ તે તરતજ નમ્રતાપૂર્વક બોલવા લાગ્યો એટલે રાજાને ખડખડીને હસવું આવ્યું અને તેનો સત્કાર કરીને વિદાય કરચો. આવા ખેલ કરવાને ઘણો ખર્ચ થાયછે અને તે માત્ર ધનવાન્ માણસોજ કરાવી શકેછે. બીજી એક વેળાએ, એક વ્યાપારિયે શિવના દેરામાં નાટક કરાવ્યું હતું તે વેળાએ પણ જયસિંહ રાજા જોવાને જઈ પોહોંચ્યો હતો, અને એમ લખેલું છે કે, **માળવા** ઉપર ચડાઈ કરવાને સેના તૈયાર કરવામાં એ વ્યાપારી પાસેથી આશરે કેટલી રકમ કઢાવવી પડશે તેની તે ગણતરી કરતો હતો.

**મેરૂતુંગ**, અથવા **દ્ર્યાશ્રય**નો કર્ત્તા એ બેમાંથી કોઇયે પણ પોતે જે સમયનું લખ્યું છે તે સમયની રેહેવાની કે પ્રસિદ્ધ ઈમારતો વિષે કશું વર્ણન આપ્યું નથી. પણ નીચે લખેલું રાજધાનીનું વર્ણન છે તે કુમારપાળચરિત્ર ઉપરથી ઉતારી લીધેલું છે. " અણહિલપુર બાર ગાઉ ઘેરાવામાં હતું, તેમાં " ઘણાં દેવાલય અને પાઠશાળાઓ હતી; ચોરાશી ચોક હતા; ચોરાશી " ચૌટાં ( બજાર ) હતાં, તે સાથે સોનારૂપાના શિક્કા પાડવાની ટંકશા-" ળા હતી. નાત પ્રમાણે જેમ ઘરના ઈલાયદા જથા હતા તેમ હાથી-" દાંત, રેશમ, મણિ, હીરા, મોતી ઈત્યાદિ જૂદી જૂદી વ્યાપારની વસ્તુ-

"ઓનાં જૂદાં જૂદાં ચૌટાં હતાં; એક નાણાવટીનું ચૌટું હતું; સુવાસિત
"અને લેપ કરવાના પદાર્થોનું એક હતું; એક વૈદ્યોનું હતું; એક કારીગર
"લોકોનું હતું; એક સોનિયોનું હતું અને બીજું રૂપાનાં કામ કરનારાઓનું
"હતું; નાવિક, ભાટ અને વહિવંચા એ સર્વનાં રેહેઠાણ જૂદાં જૂદાં હતાં.
"નગરમાં અરાડે વર્ણ સુખે વસતી હતી; મેહેલની આસપાસ આયુધાગાર,
"હાથીથાન, ઘોડાર, તથા હિસાબી અને બીજા ખાતાના.. અધિકા-
"રિયોની કચેરિયો જથાબંધ આવી રહી હતી. દરેક જાતના માલને માટે
"જૂદી જૂદી વખારો હતી ત્યાં નગરમાં, આવતા જતા તથા વેચાણના
"માલ ઉપર જકાત ઉઘરાવવામાં આવતી, જેમકે તેજાના, મેવા, વસાણું,
"કપૂર, ધાતુ અને દેશની તથા પરદેશની દરેક મૂલ્યવાન્ વસ્તુ. તે સર્વ
"વ્યાપારનું ઠેકાણું હતું. નિત્યની જકાત એક લાખ ટકા થતી હતી. જો
"તમે પાણી માગો તો દૂધ લાવીને આપે. ત્યાં જૈનનાં ઘણાં દેરાસર
"હતાં, અને તલાવને કિનારે સહસ્રલિંગ મહાદેવનું દેરૂં હતું. ચંપા, ના-
"ળિયેરિયો, જાંબફળી, ચંદનનાં ઝાડ અને આંબા ઈત્યાદિ તથા તેમાં નાના
"પ્રકારની વેલ અને અમૃત સરખા પાણીના ઝરા આવી રહેલા એવી
"વાડિયોમાં નગરવાસી લોકો ફરતા અને આનંદ પામતા. અહિંયાં વેદ-
"શાસ્ત્રની ચર્ચા થતી તેથી શ્રોતાજનોને બોધ મળતો. જૈન સાધુઓની
"પણ અહિંયાં અછત ન હતી; તેમજ કેહેવા પ્રમાણે પાળનારા અને
"વ્યાપારમાં કુશળ એવા વ્યાપારિયોની પણ અછત ન હતી; વ્યાકરણ
"શીખવવાની ત્યાં ઘણી નિશાળો હતી. અણહિલવાડ એ મનુષ્યોનો સા-
"ગર હતો, જો તમારાથી સાગરનું પાણી માપી શકાય તો તમારે તેની
"વસ્તીની ગણતરી કરવાની મેહેનત કરવી. ત્યાંની સેના અસંખ્ય હતી
"અને ત્યાં ઘંટધારી હાથિયોની અછત ન હતી."*

લખતાં ખેદ ઉપજેછે કે, આટલા બધા દબદબાની નિશાની સરખી પણ રહી નથી; અણહિલવાડનું ખંડેર હવણાંના પાટણ શેહેરના કિલ્લાની માંહની અને બાહારની બાજુએ સપાટ પ્રદેશમાં પડેલું છે; પણ તે વલભીપુરના ખંડેરની પેઠે માત્ર ખોદાણ ઉપરથી શોધી કઢાયછે. વનરાજની રાજધાનીનાં ખંડેર બાબેલનના જેવી ઈંટાને બદલે કોરેલા આરસપાહા-

* ટાડકૃત વેસ્ટર્ન ઈન્ડિયા પૃષ્ટ ૧૫૬-૮ ઉપરથી.

ણાના બની રહ્યાં છે. સો વર્ષો તો આરાસુરના ડુંગરાની આશમાની રંગની જે સરહદ આ રેતાળ ઉજ્જડતાનાં દેખાવની ક્ષિતિજ ઉપર જોવામાં આવેછે તે ડુંગરા ઉપરથી એ આરસપાહાણનો બધો નહિ તો કેટલોક ભાગ પણ આણ્યો હશે. પેહેલા ભીમદેવની રાણિયે જે વાવ બાંધી હતી તેનો ભાગ હજી લગણ રહેલો છે, અને એથી જરા છેટે સિદ્ધરાજનાં શોભાયમાન કુંડની જગા જણાયછે, તેની વચ્ચેના ટેકરા ઉપર મુસલમાનની અષ્ટ કોણ કબર છે. બાકી રહેલી જગા ઉપર છ સેંકડાના કાળે અને મુસલમાનોના જુલમે તેમની સત્તા ચલાવેલી છે. જેને "કુમ્બાઇસિસ અથવા કાળે વંચાવી રાખ્યાં હતાં, તેને લોભ હવણાં સ્વાહા કરી જાયછે," અને અણહિલવાડની બિચારી થંડી પડેલી રાખ તેના અસભ્ય મરાઠા ધણી, જેવા તેના મહિમાથી અજ્ઞાન છે તેવાજ પોતાની અપ્રતિષ્ઠાથી પણ અજ્ઞાન છે તેઓ તુચ્છ નફો મેળવવાને માટે વેચી દેછે.

ખરેખરા હિંદુ સમયની રેહેવાની ઈમારતો વિષે, તેમના પછી થનારા વંશજોએ જે ઢબની બાંધણી ચલાવી છે તે ઢબ ઉપર આધાર રાખીને, અમે સામાન્ય વિચાર બાંધી શકિયેછિયે.

જેવી રીતે ખેડુતની ઝુંપડીનો નાશ થઈ ગયો છે તેવીજ રીતે રાજાના મેહેલનો પણ સમૂળગો નાશ થઈ ગયો છે, પણ સાર્વજનિક ઈમારતોની શોભા વિષે તો હાલમાં રહેલા ખંડેરનું ઉઘાડું પ્રમાણ છે; તેથી કૂવા, તલાવ, કીર્ત્તિસ્તંભ, દેવાલય અને અણહિલપુરના રાજાઓના કિલ્લા એ સર્વ આખેઆખાં કેવાં હશે તેના ચિતાર અમે થોડી મેહેનતે અને સંપૂર્ણ ખાતરીથી મનમાં ધારી શકિયેછિયે.

આ ખંડેરોમાં અતિ મનોરંજક, ડભોઈ અને ઝિંજુવાડાના જોડિયા કિલ્લા છે. તેઓ બાંધણીમાં તેમજ વિસ્તારમાં સરખેસરખા છે; તથાપિ ઝિંજુવાડાનો કિલ્લો વિશેષ નિયમસર અને એકાન્ત જગ્યાએ હોવાથી તેને થોડું નુકસાન લાગેલું છે માટે આ ઠેકાણે વર્ણન કરવાને અમે એને પસંદ કરિયેછિયે.

ઝિંજુવાડાનો આકાર ખરેખરો સમચોરસ છે, તેની એકેકી બાજુની લંબાઈ આસરે આઠસેં યાર્ડ છે. એની ભીંતો નક્કર ગચ્છીની

છે અને ઉંચાઇમાં પચાસ ફીટ છે*, દરેક બાજુની મધ્યમાં દરવાજો છે. તેના ઉપર મેડો છે તે, બંને બાજુની કૌંસાકાર હારો જે ટોચે મળેછે અને જે કમાનોનું કામ સારેછે તેઓને આધારે રહેલો છે. કિલ્લાની ભીંતની જાડાઇમાં કૌંસાકાર છ હારો દરવાજામાં આવેલી છે, અને તેઓના ઉપર પથ્થરની ગચ્છી આવી રહી છે. ઘુંમટ વાળી લેવાને સુલભ પડે એટલા માટે મુસલમાનોએ આવી બાંધણીને કમાનો કરવાનો ચાલ પાડ્યો હતો તેમ છતાં પણ ત્યારપછી ઘણી મુદત સુધી ઉપરના પ્રકારનીજ બાંધણી બાંધવાનો ચાલ ચાલતો રહ્યો હતો. કિલ્લાના એકેકા ખૂણામાં એકેકો બુરજ છે, તેનો સામાન્ય આકાર તો સમચોરસ છે. પણ હિંદુ કારીગરોને ખાંચો પાડીને અસાધારણ આકાર કરવો પસંદ પડેછે તે પ્રમાણે તેને પણ કરેલું છે; વચલો દરવાજો અને ખૂણાના દરેક બુરજની વચ્ચે ચચાર સમચોરસ હાથણિયો અથવા વપ્ર છે. કિલ્લાની ભીંતને થોડે થોડે છેટે કોતરકામની આડી પટ્ટિયોથી ઠેઠ સુધી શણગારી છે ને ઉપલી બાજુએ અર્ધગોળાકાર કાંગરા મૂકેલા છે તે ભાગ જે પ્રાકાર ઉપર ચોકીવાળાને ફરવાનું હોયછે તેને ઓથો કરવાનું કામ સારેછે. દરવાજાઓમાં કોતરકામ એટલું બધું છે કે તેનો બરાબર ચિતાર માત્ર ફોટોગ્રાફીના હુન્નરથીજ લઈ શકાય. કિલ્લાની માંહ્ય દક્ષિણ બાજુના દરવાજાની છેક સામે, પણ પાસે, એક ગોળાકાર અથવા બહુબાજુનો કુંડ છે, તેનો વ્યાસ આશરે ત્રણસેં

---

* સિબાસ્તીપોલના કિલ્લાના બચાવ વિષે સન ૧૮૫૫ ના નોવેમ્બર મહિનાના "યુનૈટેડ સ્ટેટસ જર્નલ" ના અંકમાં એક વિષય છપાયો હતો, તે સર જોન બરગોઈનો લખેલો ગણવામાં આવ્યો છે, તે માંહેલો થોડોક ભાગ અમે નીચે ઉતારી લઈયેછિયે તે ઉપરથી ઝિંજુવાડાના કિલ્લાની આવશ્યકતા તે સમયમાં કેટલી વધી હતી તે સેહેજ વાંચનારના જાણવામાં આવશે.

"બચાવ કરવાના કામનાં મુખ્ય સાધનો માંહેલું એક તો એ છે કે હલ્લો "કરનારાઓથી પાસે આવી શકાય નહિ એવો વચ્ચે કાંઈ અટકાવ આણી "દેવો; અને આવો સર્વોત્તમ અટકાવ ભીંત અથવા ઉભેડું મોખરો, ચડવાને "મુશ્કેલ કરેછે. ભીંત જો ત્રીસ ફીટની ઉંચાઈ કરતાં વધારે ઉંચી હોય તો "તે ખરેખાત બહુ ત્રાસદાયક થઈ પડેછે. અને તે જો આખેઆખી હોય "તો તેના ઉપર ચડીઉતરવા સિવાયનો બીજો એકે ઉપાય નથી, આ "એક લશ્કરી સાહસ કર્મ માંહેલો અતિ ઉગ્ર ઉપાય છે, અને તે એકાએક "હલ્લો કરયા સિવાય, અથવા બચાવ કરનારાઓની બાજુ ભણીની છેક નબ- "ળાઈ વિના સાધી શકાય એમ નથી."

યાર્ડનો છે, તેની આસપાસ પગથિયાંનો ઘાટ છે અને નિયમિત અંતરે ખડિયાટ છે ત્યાં આગળ થઇને ઢોર અથવા પયડાંવાળી ગાડી તલાવના પાણી સુધી જઈ શકેછે. દરેક ખડિયાટને બે મંડપવતે શણગારેલો છે અને તે મંડપ ઉપર શંકુરૂપ છત્ર છે. એ તળાવની પાસે એક વાવ છે તેનું અમે હવે પછી વર્ણન કરીશું. આ કિલ્લાના ચાર દરવાજા છે તે જૂદા જૂદા ખંડેરના આકારમાં હજી લગણ રહેલા છે. અને એઓ માહેલા બે દરવાજાને ખૂણાની હાથણી સહિત જે ભીંત સાંધી લેછે તે ઘણી સંપૂર્ણ છે. આ પ્રમાણે જે સમચોરસ જગ્યા બતાવવામાં આવી તે કિલ્લાની અસલ સ્થિતિના ક્ષેત્રફળનો સુમારે ચોથો ભાગ છે, તેની આસપાસ એક હલકી જાતનો કિલ્લો ફરીને કરી લેવામાં આવ્યોછે અને ગોળાકાર હાથણિયો ચણીને તેને મજબૂતી આપી છે, તથા વચ્ચે કમાનદાર દરવાજા કર્યા છે. આ ભાગમાં હાલનું શેહેર વસેલું છે, તે કોળી ઠાકોરના તાબામાં છે; પણ અસલના કિલ્લામાં જે ઇમારતો હતી તે તમામનો નાશ થયો છે, અને તે ઠેકાણે છેક જંગલ બની ગયું છે. આ ઠેકાણે અમારે જણાવવાને ભૂલી જવું જોઇયે નહિ કે પ્રાચીન કાળના ઘણા ભાગ છે તેમાં "**महं श्री ऊदल**" એવા લેખ છે, તે ઉપરથી ધારણા થાયછે કે ઉદયન મંત્રીના ઉપરીપણા નીચે તે બાંધવામાં આવ્યા હશે.

અમે લખ્યું છે કે ડભોઈ, આકારમાં અને વિસ્તારમાં ઝિંઝુવાડાને મળતું છે. તેનો આકાર ઝિંઝુવાડા કરતાં ઓછો નિયમિત છે, તેની બે બાજુઓ મળેછે ત્યાં આગળ સાંકડો ખૂણો થાયછે, અને બીજી બાજુઓના કરતાં લંબાઈમાં વધી જાયછે. ટૂંકી બાજુઓ આશરે આઠસેં અને લાંબી એક હજાર યાર્ડ લંબાઇની છે. ઝિંઝુવાડાના કિલ્લા કરતાં આ કિલ્લો નીચો છે અને તેના ત્રણ દરવાજા પણ ઝિંઝુવાડાના દરવાજા જેવા નથી, તોયપણ એ કનિષ્ટતા ચોથા દરવાજાથી પળી ગઈ છે. તે હીરાનો દરવાજો કેહેવાયછે. તેની યોજના ઘણા યત્નથી કરેલી છે અને કદમાં બહુ ચડિયાતો છે. ખૂણાના બુરજા માંહેલો એક છે તેની અનુપમતા એટલી બધી છે કે આ ઠેકાણે તેનું ચિત્ર આપવાની અગત્ય છે. એ ઉપરથી જણાયછે કે કિલ્લાની ભીંત અંદરની બાજુએ ઝોકતી[૧] છે. આ કિલ્લાની એક બાજુએ વખાણવા જેવું કામ એ છે કે એમાં એક સ્તમ્ભપંક્તિ છે (માહેની બાજુએ) તે કિલ્લાની ભીંતની હારોહાર ચાલેછે, અને તેના ઉ-

૧ મિ. બર્જેસ કેહે છે કે, આ ભીંત અંદર ઝોકતી જણાવી છે તે ભૂલ છે. કેમકે તે ઝોકતી નથી પણ સીધી લંબાકાર છે. ર. ૬.

પર કેટલાક ફીટ પોહોળાઈની એક ગચ્છી આવી રહી છે તેણે કરીને એક લાંબો અને ઢંકાયલો દ્વારમંડપ બનેલો છે તે હિંદુ કિલ્લેદારોનું અમૂલ્ય આશ્રયસ્થાન થઇ પડ્યું હશે.* ડભોઇના કિલ્લામાં અનિયમિત આકારનો કુંડ અથવા તલાવ છે.

આ ઠેકાણે સ્મરણ રાખવું જોઇયે કે જે કિલ્લાઓનું અમે વર્ણન કર્યું છે તે માત્ર મોખરાનાં લશ્કરી સ્થાન છે અને ઘણું કરીને ધોળકા તથા બીજાં એવાંજ બીજી પંક્તિનાં શેહેરો કરતાં ભભ્ભમાં તેમજ વિસ્તારમાં અતિ ચડિયાતાં છે, તોયપણ આરસપાહાણના પથ્થરોથી શણગારેલી અણહિલ્લપુરી રાજધાનીની સાથે સરખાવતાં તેને ઝાંખાં પડવાનો વારો આવેછે.

જે દેવાલયો હજી લગણ રહેલાં છે તે માહેલું પ્રથમ તો સિદ્ધપુરની રૂદ્રમાળાનું દેવાલયછે. તે સાધારણ આકારનું ઘણું મ્હોટું અને દેખીતું ત્રણ માળની ઉંચાઈનું છે. તેનો મંડપ બાહારથી સમચોરસ છે, પણ સ્તંભ એવા ગોઠવ્યા છે કે તેની રચના અંદરની બાજુએથી અષ્ટકોણ આકારની સેહેલાઈથી ધારી શકાય. દરેક ત્રણ બાજુઓની મધ્યમાં દ્વારમંડપ અથવા રૂપચોરિયો છે. અને ચોથી બાજુએ ગંભાર માંહેલો મૂર્ત્તિસ્થાનનો મંડપ આવ્યો છે, તે સ્થૂળાકાર શંકુ બાંધણીનો મધ્યમના મંડપ કરતાં અતિ ઘણો ઉંચો છે અને છેવટે શિખર વાળેલું છે. બે રૂપચોરિયોના ઘુંમટ જતા રહ્યા છે, અને બીજા પ્રકારે પણ તેની છિન્નભિન્ન સ્થિતિ થઈ ગઈ છે, માત્ર ગંભારના મોખરાનો ભાગ રહેલો છે.

પ્રત્યેક બાજુએ કીર્ત્તિસ્તમ્ભ છે તે માહેલો એક તો ઘણો ખરો અણીશુદ્ધ છે. બે અતિ શોભાયમાન સ્તમ્ભના મથાળા ઉપર કોરણીનું કામ આવી રહ્યું છે. દરિયાઈ અદ્‌ભુત પ્રાણીના મસ્તકની નાગદંતિયો બનાવેલી છે તે તેઓની ઉંચાઈના બે તૃતિયાંશ ભાગ જેટલી સ્તમ્ભથી આગળ નીકળતી છે. નાગદંતિઓ આગળથી નાજુક કારીગરીની કમાન ચાલેછે તેને તોરણ કેહેછે, તેના મધ્ય ભાગ સાથે ઉપરના સીધા ભાગનો સ્પર્શ થાયછે. આ કીર્ત્તિસ્તમ્ભ સુમારે પાંત્રીસ ફીટ ઉંચાઇનો છે તે ભોંયથી તે શિખરસુધી બહુજ સંસ્કૃત કોરણીથી ભરપૂર છે.

---

* "ઓરિયેન્ટલ મેમ્વાર" નો કર્ત્તા, પામ્પીઆઈમાં સૈન્યાલય છે તેના મ્હો આગળ દ્વારમંડપ છે તેની સાથે આ સ્તંભપંક્તિનો મુકાબલો કરેછે મૂળ આવૃત્તિના બીજા ભાગને ૩૨૫ મે પાને જૂવો.

જે મુખ્ય દેરાનું વર્ણન કરવામાં આવ્યું, તે સરસ્વતીની સામે એક વિશાળ ચોકની વચ્ચોવચ્ચ છે. ત્રણ દ્વારમંડપની સામે ત્રણ મ્હોટા દરવાજા છે ત્યાંથી આહાર નીસરાયછે; મોખરા આગળનો જે છે તે એક ધાબા અને ઘાટ આગળ પડેછે, તે ઘાટનાં પગથિયાંની હારો નદીમાં છેક આઘે સુધી ચાલેલી છે. ચોકની આસપાસ કેટલાંક શિખરવાળાં ન્હાનાં દેરાં આવ્યાં છે તે કિલ્લાનું કામ સારેછે, તે માહેલાં ત્રણ ગંભારના પાછલા ભાગના મધ્ય સ્થાને છે, તે હજી લગણ રહેલાં છે અને તેનો ઘાટ ફેરવીને મુસલમાની મસ્જીદ કરી દીધી છે.

મોઢેરાનું દેવાલય જરાકાંઈ જૂદા નમુનાનું છે. તે એક માળની ઊંચાઈનું છે, તેને એક ગંભાર છે તેને લગતો એક રંગમંડપ આવેલો છે, અને એક દ્વારમંડપ નોખો છે. એ દેવાલયનું શિખર પડી ગયું છે, અને ઘુંમટ હવે રહ્યા નથી; પણ બાકીનો ભાગ ઘણો ખરો આખો છે, તોપણ ધારદાર હથિયારથી જેમ લાકડામાં ઘા પાડી શકાય તેવા ઘા કેટલાક સ્તમ્ભોને પડેલા છે, તેને માટે મુસલમાનો એમ કેહેછે કે અમારા દર્વેશોની તરવારની એ નિશાનિયો છે. વધારેમાં વધારે લંબાઈ સુમારે એકસો ને પચાસ ફીટ છે, અને પોહોળાઈ પચાસ ફીટ છે. દેવાલયને આગલે ભાગે અને બન્ને બાજુએ સિદ્ધપુરના જેવા કીર્ત્તિસ્તંભોની નિશાનિયો છે.

દેવાલયના આગલા ભાગમાં કીર્ત્તિસ્તંભ છે ત્યાં આગળથી પગથિયાંનો ઘાટ ચાલેછે, તે બે શોભાયમાન સ્તંભ વચ્ચે થઇને કુંડ સુધી ગયેલો છે. આ કુંડનું ક્ષેત્રફળ, દેવાલય કરતાં લગભગ ચાર ગણું વધારે છે.

પગથિયાંનો એક સરખો ને સરખો દેખાવ જણાય નહિ એટલા માટે ન્હાની દેરડિયો, ચોકડિઓ, અને શિખરવાળાં જરાક મ્હોટાં દેરાં ત્રણે બાજુના મધ્ય ભાગમાં કરેલાં છે. કુંડની આસપાસ બીજી ઈમારતોની નિશાનિયો જોવામાં આવેછે; પણ તે કેવા પ્રકારની બાંધણીની હશે તેનો નિર્ણય થવા સરખું હાલમાં કશું રહ્યું નથી. દેવાલયનો નોખો દ્વારમંડપ છે તે સીતાની ચોરી કેહેવાયછે,* અને કુંડ તે રામકુંડ કેહેવાયછે; તે વૈષ્ણવી સાધુઓનું પ્રસિદ્ધ યાત્રાસ્થાન છે.

---

* બારોલીના દેવલના આગળના ભાગમાં એક ઈલાયદો દ્વારમંડપ છે. ફરગ્યુસન કૃત "હ્યાન્ડ બુક આફ આર્કિટેકચર"ના પ્રથમ ભાગનું પૃષ્ટ ૧૧૨, અને "ટાડરાજસ્થાનના" બીજા પુસ્તકના પૃષ્ટ ૭૧૨ મા પ્રમાણે—બારોલીનો દ્વારમંડપ છે તે પણ લગ્નમંડપ છે, અને દંતકથા એવી ચાલેછે કે તે હૂણના કુંવરની રજપૂતણ વહૂનો છે.

વાઘેલમાં, એક દેવાલય છે તે, ઉપર જે દેવાલયોનું વર્ણન કરવામાં આવ્યું તેવીજ જાતિનું છે; પણ તેમના કરતાં તે કદમાં ન્હાનું છે. તેને એક માલના જેટલી ઉંચાઇનો એકજ ખુલ્લો મંડપ છે; તેના ઉપર ઘુંમટ છે, ત્રણ દ્વારમંડપ છે; અને એક શિખરવાળો ગંભાર છે.

મોઢેરાના જેવા કુંડ, સીહોર અને બીજી જગ્યાએ જોવામાં આવેછે. તેઓ ઘણું કરીને રામકુંડની પેઠે દેવાલયના સંબંધમાં કરાવેલા હશે; પણ તે દેવાલયોનો ઘણે ઠેકાણે નાશ થયેલો છે. મોઢેરાની પાસે લોઘેશ્વર છે ત્યાં આગળ એક ચમત્કારિક ચાર કુંડનો સંયોગ કરચો છે તેઓની વચ્ચે ગોળ કૂવો આવ્યો છે તેથી "ગ્રીક ક્રાસ" ના જેવો આકાર થાયછે. તલાવ અથવા કુંડનો આકાર ઘણો ખરો બહુ બાજુનો અથવા બિલકુલ ગોળાકાર હોયછે, તે પ્રમાણે ઝિંજુવાડાના કુંડનો દાખલો આપણા જોવામાં આવ્યો. એવાજ કુંડ, મુંજપુર, સાયલા, અને બીજી ઘણી જગ્યાએ છે; તેમાંના કેટલાએકના વ્યાસ લગભગ સાતસેં યાર્ડના છે. અણહિલપુર આગળ સહસ્રલિંગ તલાવ છે તે ઘણું કરીને આજ વર્ગનું છે, અને આને તેની નિશાનિયો જણાયછે, તે ઉપરથી તે બહુજ મ્હોટા ઘેરાવાનું હશે, એમ ધારી શકાયછે. તેની આસપાસ ન્હાનાંન્હાનાં દેરાં હતાં, અને તેની સંખ્યા લગભગ એક હજારની હતી. ગોધા આગળ દ્વીપકલ્પમાં એક સમચોરસ તલાવની નિશાનિયો છે તે સિદ્ધરાજનું બનાવેલું કેહેવાયછે તેનું નામ "સોનેરિયા તલાવ" કરીને છે. જયસિંહની મા મયણલદેવીના કારભારની વેળાએ બે નામીચાં તલાવ બંધાવેલાં ગણવામાં આવેલાં છે. એ સમયમાં શોભાયમાન્ ઇમારતો બહુ બંધાઈ છે. ધોળકાનું મલાવ અને વીરમગામનું માનસર એ બે તલાવ તે માંહેલાં છે, તેમાંથી માનસર વર્ણવા યોગ્ય છે. તેનો આકાર અનિયમિત છે, અને તે હિંદુઓનું રણસંગ્રામનું વાદિત્ર જે શંખ, તેના આકારનું બાંધેલું લોકમાં કેહેવાયછે. સામાન્ય ઘાટ, અથવા પગથિયાંની હારો સર્વ બાજુએ આવેલી છે; અને તેમાં ન્હાનાં ન્હાનાં શિખરવાળાં દેરાંથી (તે માહેલાં ઘણાંક તો હવણાં નાશ પામ્યાં છે) શોભાવવામાં આવેલું છે. તેની સંખ્યા વર્ષના જેટલા દિવસ છે તેટલી ધારવામાં આવી છે, તેથી તે ખરૂં જોતાં ત્રણસેં કરતાં વધારે હોવાંજ જોઇયે. એ તલાવની એક બાજુનાં દેવાલયમાં મૂર્ત્તિ બેસારવાની બેઠકો છે અને બીજી બાજુનાં દેરાંમાં જળાધારિયો છે તે ઉપરથી એવી ધારણા કરવામાં આવેછે, કે પેહેલા પ્र-

કારનાં શ્રીકૃષ્ણને સારૂ હશે, અને બીજાં દેરાં મહાદેવને સારૂ હશે. આસપાસના પ્રદેશનું પાણી એકઠું થાયછે તે પ્રથમ તો એક અષ્ટકોણ કુંડમાં ભેગું થાયછે તેમાં સર્વ કચરો ઠરેછે. કુંડ પથ્થરનો ચણી લીધેલો છે, તેની દરેક બાજુ, કોરી કાહાડેલી પ્રતિમાઓથી શોભાવેલી છે. પાણી ત્યાં થઇને એક ચણી લીધેલા નળાને રસ્તે ગંનાળામાં થઇને તલાવમાં જાયછે. તેમાં ત્રણ નળ કરયા છે, તેના ઉપર ધાબું ચણી લીધું છે તે ધાબા ઉપર બેઠક કરી છે તેને ઘુંમટ વાળી લીધો છે. આ ઈમારતની મરામત મરાઠાઓની વેળાએ કરવામાં આવી હતી, અને તેની એક બાજુ બાંધી લેવામાં આવી હતી, ત્યાં માતા બહુચરાજીનું સ્થાનક કરયું છે. આસપાસ ઘાટ છે તેમાં ઘણી જગ્યાએ ઠેઠ પાણી સુધી ખડિયાટ બાંધ્યા છે. એઓમાંથી એક ખડિયાટની એક બાજુએ વધારે મ્હોટું દેરૂં છે તેને શિખરવાળા બે ગંભાર અને એક સભામંડપ છે અને તલાવની બીજી બાજુ તેના સરખી બાકી રહી ત્યાં ધાબાવાળી સ્તંભપંક્તિ છે.

આ સમયના કૂવા જે દેશના જૂદા જૂદા ભાગમાં છે તે બે પ્રકારના છે. કેટલાક સામાન્ય બાંધણીના ગોળ કૂવા છે, પણ તેમાં જરૂખાવાળી બેઠકો છે; બીજા છે તે વાવ્ (સંસ્કૃતમાં વાપિકા) ને નામે ઓળખાય છે, તે ચિત્રોપમ, અને ભવ્ય તેમજ તરેહવાર જાતિના છે. જમીનની સપાટી ઉપર એક બીજાથી નિયમિત અંતરે, હારબંધ એકલા ચાર અથવા પાંચ મંડપ દેખાયછે, તે બાહારથી બહુધા સમચોરસ હોયછે, પણ કોઈ કોઈ વાર ઘણે ઠેકાણે અંદરથી અષ્ટકોણ આકાર બની જાયછે; તેઓના ઉપરનાં ધાબાં થાંભલા ઉપર રેહેછે અને હિંદુ સમયની બાંધણિયોમાં તો ઘુમટાકાર કરી દીધેલાં છે. સર્વનાથી છેલ્લા મોખરાના મંડપમાં થઇને વાવ્માં ઉતરવાનું હોયછે; ત્યાં આગળથી પગથિયાં ચાલેછે તે ઉપરથી ઉતરતાં, બીજા મંડપનો ઘુમટ જે બે થાંભલાની હાર ઉપર રહેલો જણાયછે તેની નીચે અવાયછે અને અહિં આગળ મ્હોટો પ્રસ્તાર હોયછે. ત્યાંથી નીચે પાછાં પગથિયાં આવેછે તે ઉપરથી ઉતરતાં ત્રીજા મંડપના ઘુમટ નીચે અવાયછે અને તે એક ઉપર એક એવા ત્રણ થાંભલાની હાર ઉપર દેખાયછે. આ પ્રમાણે એક પ્રસ્તાર ઉપરથી બીજા પ્રસ્તાર ઉપર નીચે ઉતરાયછે, તેમ ઘુંમટની નીચેના થાંભલાની હારો એક બીજા ઉપર વધતી જાયછે અને છેવટે જ્યાં પાણી હોયછે તે ભાગઆગળ જવાયછે. ત્યાંથી ઉ-

પર નજર કરતાં ઊંચે કેટલાક માળ દેખાયછે અને દરેક માળે છજાં હોયછે. તે છેવટે સર્વની ઉપર છેલ્લો ઘુમટ આવેલો હોયછે, અને તે આખી વાવ્‌નો અતિ શોભાયમાન્ ભાગ દેખાયછે. વાવ્‌ની લંબાઈ કોઈ કોઇ વાર એંશી યાર્ડ હોયછે અને બધે છેવટમાં ગોળ કૂવો હોયછે.

આવી જાતિની વાવોમાં ઘણી વખાણવા જોગ- અણહિલપુર આગળની રાણીની વાવ્ છે, પણ તે ખંડેર થઈ ગઈ છે. ગૂજરાત, અને સોરઠના ઘણા ભાગમાં બીજી વાવો છે તે જૂદી જૂદી સ્થિતિમાં રહેલી છે. એક બીજી જાણવા જેવી વાવ્ અમદાવાદ શેહેરની પાસે છે, તે ક્યારે બંધાઈ હશે તે જાણવામાં નથી, તથાપિ તેની બાંધણી ઉપરથી જણાયછે કે, જે સમયે સિદ્ધરાજના કુળના રાજ્ય કરતા હતા તે સમયની છે. તે "માતા ભવાનીની વાવ્" કેહેવાયછે. અને પાંડવોએ બંધાવી છે એવું લોકો કેહેછે. ઝિંઝુવાડાના કિલ્લામાં એક વાવ્ છે તે વિષે તો સૂચવવામાં આવ્યું છે; વઢવાણના કિલ્લાની માંહલીમગ અને બાહલીમગ હિંદુની વાવો છે; અને બીજાં ઠેકાણાંએ પણ લખતાં પાર આવે નહિ એટલી બધી છે.

કુંડ, કૂવા, વાવ્, અને તલાવ એ સર્વનું વર્ણન અમે કર્યું તે બંધાવાનો એક સામાન્ય હેતુ એવો છે કે, "ચોમેરનાં મૃત્યુલોકનાં માનવી, પશુ, પક્ષી આદિ [1]ચોરાશીલાખ જીવ તરશે મરતા હોય તે તેનો ઉપયોગ કરે." આવાં જળાશય, જ્યાં પાણીની તંગાશ હોય છે ત્યાં કરાવેલાં જોવામાં આવેછે. જેમકે, રાણકદેવિયે દૂષણ દઇને કહ્યું છે કે "મારૂ પાટણ દેશ પાણીવિના પૂરા મરે" આવે ઠેકાણે; અથવા જ્યાં વ્યાપારને લીધે ઘણો અવરજવર થાયછે તે જગ્યા—શેહેરોના દરવાજા પાસેની

| | | |
|---|---|---|
| १ जलयोनि नव लक्षाणि | જળજંતુ. | ૯,૦૦,૦૦૦ |
| स्थावरा लक्ष विंशति: | સ્થાવર. | ૨૦,૦૦,૦૦૦ |
| क्रमयो रुद्र संख्याका: | ક્રમિ-કીડા. | ૧૧,૦૦,૦૦૦ |
| पक्षिणां दश लक्षकम् | પક્ષી. | ૧૦,૦૦,૦૦૦ |
| त्रिंशलक्षं पशूनांच | પશુ. | ૩૦,૦૦,૦૦૦ |
| चतुर्लक्षंतु मानुषम् | મનુષ્ય જાતિ. | ૪,૦૦,૦૦૦ |
| | | ૮૪,૦૦,૦૦૦ |

અથવા ત્રિવટાને ઠેકાણે. વળી તે ધર્મનાં કામ ગણાયછે; કેમકે કહ્યું છે કે "નગરનો કિલ્લો ચણાવ્યાના પુણ્ય કરતાં પાણીની જગ્યા બંધાવ્યાનું પુણ્ય "દસ હજાર ઘણું વધારે છે." તે કૃષ્ણાર્પણ કરવામાં આવેછે; જે દુર્ગા "કુંડલિની[1] કેહેવાયછે, અને જેનો આકાર કૂવાના જેવો છે" તેને અર્પણ કરવામાં આવેછે. અથવા પાણીના દેવ વરૂણ જે "પુણ્ય-"કર્મના સાક્ષીભૂત છે"[2] તેને અર્પણ કરવામાં આવેછે. વળી બીજા આધાર પ્રમાણે, તે બંધાવ્યેથી "એકસો ને એક પૂર્વજ નર્કમાંથી તરેછે, "વંશપરંપરા કીર્ત્તિની વૃદ્ધિ થાયછે; દીકરા અને દીકરાના દીકરાની વૃદ્ધિ "થાયછે; અને [3]સૂર્યચંદ્ર તપે ત્યાંસુધી સ્વર્ગ ભોગવાયછે." વાવ્ છે તે

---

૧ મૂળાધારની ઉપર અને નાભીની નીચે કુંડલિની નામની ગુંછળું વળેલી શક્તિ છે તેની અધિષ્ઠાત્રી દેવી દુર્ગા છે.

૨ વરૂણને આવું પદ આપવાનું કારણ એવું છે કે, નદી કિનારે અથવા તલાવનેં કે બીજા પાણીને આરે પુણ્ય કરવામાં આવેછે અને ધર્મની ક્રિયાઓ, ત્યાં થાયછે. ચુલુક અથવા કોલની ક્રિયા કરતાં, માણસ હથેલીમાં પાણી લઈને મૂકેછે તે દાનના નિશ્ચયકરણની નિશાની છે.

૩ જળાશય બનાવવાનું પુણ્ય ઘણું છે. **पूर्त्तोद्योत, पूर्त्तकमलाकर** આદિ ગ્રંથોમાં તેનો મહિમા વર્ણવ્યો છે. **जलोत्सर्गमयूख**માં કહેછે કેઃ—

**विष्णुधर्मोत्तरे—**

**उदकेन विना तृप्तिर्नास्ति लोकद्वये सदा ॥**
**तस्माज्जलाशयाः कार्याः पुरुषेण विपश्चिता ॥**
**यमः— कूपारामप्रपाकारी तथा वृक्षावरोपकः ॥**
**कन्याप्रदः सेतुकारी स्वर्गं प्राप्नोत्यसंशयम् ॥**
**तडागे यस्य पानीयं सततं खलु तिष्ठति ॥**
**स्वर्गे लोके गतिस्तस्य नात्र कार्या विचारणा ॥**
**नन्दिपुराणे—यो वापीमथवा कूपं, देशे तोयविवर्ज्जिते ॥**
**खानयेत्स नरो याति स्वर्गं प्रेत्य शतं समाः ॥**
**विष्णुः—कूपारामतडागेषु देवतायतनेषु च ॥**
**पुनः संस्कारकर्त्ता च लभते मौलिकं फलम् ॥**
**भविष्योत्तरे—सर्वस्वेनापि कौन्तेय भूमिष्ठमुदकं कुरु ॥**
**कुलानि तारयेत्कर्त्ता यत्र गौर्वितृषा भवेत् ॥**
**अतः शुभागतं द्रव्यं तडागादिषु योजयेत् ॥**
**धन्यः सपन्था विज्ञेय स्तडागं वृक्षमण्डितम् ॥**

કુંડની પેઠે સર્વત્ર નહિ તો બહુ કરીને દેવાલયને લગતી કરાવામાં આવેછે; જે તલાવની આસપાસ મહાદેવની સ્થાપના કરેલી હોયછે તેમને તે તલાવ સમર્પણ થાયછે; અને શિવાર્પણ થવાથી તેનું પાણી પવિત્ર ગણાયછે. મેરૂતુંગે લખ્યું છે તે પ્રમાણે કાશીના રાજાએ સિદ્ધરાજના સાન્ધિવિગ્રહિકને અણહિલપુરનાં દેવાલયની બાંધણી, કૂવા અને બીજા જળાશયવિષે પૂછપરછ કરયા પછી, અણહિલપુરના સહસ્ત્રલિંગ તલાવનું પાણી શિવનિર્માલ્ય[1] છે તેથી ઉપયોગમાં લેવાને યોગ્ય નથી એમ કહીને તેનો તિરસ્કાર કરવા માંડયો. ત્યારે તેના ઉત્તરમાં સાન્ધિવિગ્રહિકે પૂછયું કે, "કાશીના લોક પાણી ક્યાંથી લાવેછે? ત્યારે તેને ઉત્તર આપવામાં આવ્યું, કે ગંગામાંથી. એટલે તે ફરીને બોલ્યો કે શિવાર્પણ કરવામાં દોષ હોય તો જે પવિત્ર નદી મહાદેવના મસ્તકમાંથી નીકળેછે તેને પણ નક્કી દોષ લાગ્યાવિના રેહે નહિ. આ જળાશયો ખેતીવાડીના ઉપયોગને અર્થે બનાવેલાં નથી એ વાત તેઓની બાંધણીથી સારી રીતે જણાઈ આવેછે, તેમજ જે જગ્યામાં તેઓ બાંધવામાં આવેલાં હોયછે તે ઉપરથી તેઓના બંધાવનારાઓનો હેતુ જણાઈ આવેછે.

અણહિલપુરના રાજાઓની બચી રહેલી નિશાનિયોમાહેલી કેટલીક આવા પ્રકારની છે. તેઓનો મ્હોટામાં મ્હોટો અને અતિ અચળ કીર્ત્તિસ્તંભ એજ વાતમાં રહેલો છે કે, [2]આગસ્તસના ગર્વને વેગળો બેસારીને તેઓએ તેમનો ઉજ્જડ દેશ આબાદ કરયો, અને ત્યાંની ધરતીને દૂધથી

---

૧ શિવને કાંઈ અર્પણ કરવામાં આવે તે; અને તે અર્પણ કરનારથી પાછું લેવાય નહિ, અથવા લૌકિક કામમાં વવરાય નહિ.

૨ Augustus રોમ્યુલસ આગસ્તસ રોમની પશ્ચિમ શાહનશાહતનો છેલ્લો પાદશાહ. ઈ. સ. ૪૭૬ માં ગાદિયે બેઠો, પણ થોડાજ સમયમાં હેરૂલીના રાજા ઓડોઆસરે ઇતલીપર ચડાઈ કરી અને તેને ગાદી ઉપરથી ઉઠાડી મેલ્યો. પછીથી તેને છ હજાર સોનારનું વર્ષાશન કરી આપવામાં આવ્યું તે ઉપર નિર્વાહ ચલાવીને તેણે પોતાનું જીવતર પૂર્ણ કર્યું અને એનીજ સાથે રોમના રાજ્યની પશ્ચિમ શાહનશાહતનો પણ અન્ત આવ્યો.

રોમન રાજ્યના બીજા પાદશાહ આગસ્ટસ ઓક્ટેવિયસ સિઝરના નામ ઉપરથી તેની પાછળ થયેલા બધા પાદશાહ આગસ્ટસ કેહેવાયા. તેમના સમયમાં રોમન રાજ્ય બહુ ચડતી દશામાં આવ્યું હતું.

૨. ઉ.

અને મધથી વેહેતી મૂકીને તેઓ ગયા. આ વિરોધતા ઘણી આશ્ચર્યકારક છે; તોયપણ વચ્ચે જે ક્રમ ચાલ્યો તેનો પત્તો લગાડવાનું કામ ગમે તેવું વિકટ હો, તથાપિ સામાન્ય પરિણામ થયો છે તેવિષે શક લઈ જવાય એમ નથી. અણહિલવાડમાં વનરાજની સત્તા નીચે ચાવડાવંશની પ્રથમ સ્થાપના થઈ, ત્યારે આખા ગૂજરાત દેશમાં મૂળની જંગલી જાતિ વિના એક માણસ સરખું પણ વશેલું ન હતું. ઘણું કરીને તો વલભીપુરીનો નાશ થયાને તે સમયથી વધારે કાળ થયો નહતો, અને ખંભાત, ભરૂચ તથા કિનારા ઉપરનાં બીજાં શેહેરો તેમનો થોડો ઘણો ઉદય સાચવી રહ્યાં હતાં. જે ખારૂં તલાવ સોરઠ અને ગૂજરાતની વચ્ચે આવ્યું છે તેના કિનારાની છેક ઉત્તર ભણીની ધરતીમાં, વશેલાં શેહેરોનો ગણગણાટ સાંભળવામાં આવયો હશે;—

"વળા અને વઢવાણ, તે પછી પાટણપુર વશ્યું."

પણ અંબાભવાનીથી તે સાભ્રમતીના મુખ સુધી, જે ડુંગરા ભાળવાની સીમાએ આવેલા છે ત્યાંથી તે કચ્છના રણની લગભગની સપાટ ધરતી સુધી (કનકસેનના નગરના નાશમાંથી રહેલા ભાગ તરીકે શંખપુર, પંચાસર અને કદાપિ તેની પડોસનાં થોડાંક ન્હાનાં શેહેર ઉજ્જડ મેદાનની કોર ઉપર રક્ષાયલાં હશે તે બાદ કરતાં) શિકારી પ્રાણિયોના રાજ્યની સામે, તેઓના કરતાં, જંગલનાં જરાક ઓચ્છા દરજ્જાનાં ફ્રરજંદ જે જંગલી માણસો તેજ માત્ર વાંધો ઉઠાવવાને હતા.* (એથી ઉલટું જોઇયે તો,) સોલંકી વંશના છેલ્લા રાજાના સમયમાં, દેશનો એનો એજ ભાગ એક બળવાન રાજ્યની સત્તા નીચે મળી ગયેલો, દ્રવ્યવાન્ શેહેરોથી છવાઈ ગયેલો, વસ્તી ભરેલાં નગરોથી શોભતો, અને બળિષ્ટ કિલ્લાઓથી રક્ષાયલો આપણા જોવામાં આવ્યો. ઝાડીની જે ગહન ઘટા ઉપર હજી લગણ માત્ર ખખણાટ કરતો તાડ ડોકિયાં કરતો હતો, તેના ઉપર દેવળ, તેનું પ્રતિસ્પર્ધી શિખર ઉંચું કરેછે; જે જગ્યાઓ આગળ માત્ર વર્ષાદનાં ઝાપટાંથી જ ભીંજાઈ હતી, તેના ઉપર ઉત્કૃષ્ટ કલ્પનાથી રચના કરેલી અને તટે દેવાલય આવેલાં એવાં સરોવર અને ઝરખાવાળી વાવો અને કૂવા જોવામાં આવ્યા; તેમજ

---

* ખરી વાત છે કે ખેડા અને વડનગરમાં બ્રાહ્મણો વસતા હતા તેની અપૂર્ણદંતકથાઓ ચાલેછે.

ને હરિણોનાં ટોળાં આગળ વસ્તીવિના ઉજ્જડ મેદાનોમાં એકલાં ભમતાં હતાં, તેઓને, માલ લાદેલા ઊંટોની હારોનેહારોનો, અથવા મૂલ્યવાન્ ભેટની વસ્તુઓ સાથે લીધેલી એવા યાત્રાળુ લોકોના સંઘના દેખાવનો, હવે એટલો બધો સહવાસ થઈ ગયો કે તેઓ હવે તેમનાથી ભડકીને નાશી જતાં નથી.

અણહિલવાડના મહિમાની કથા કેહેવાઈ રહી; હવે તો તેનાં નાશ અને ઉજ્જડપણાની કથા બાકી રહી છે; તોયપણ આપણા જોવામાં આવશે કે, તેની તેજસ્વી સવાર, જેની પછવાડે, એકાએક ઉત્પન્ન થયેલા જુસ્સાથી તત્કાળ બદલાઈ ગયેલો અને વાતલ દિવસ થયો, તેને સાથે મૂકતાં, તે જ્યારે આગલી રાત્રીનું કાળું વાદળું હાંકી કાહાડીને પ્રથમ પ્રકાશી હતી તેની સાથે સરખાવી જોતાં, તેનાથી તે ઓછી પ્રકાશતી નથી. અગર જો વનરાજના જેવા નવા અને પ્રતાપી વંશની સ્થાપના કરનાર અહમદને જોતાં છતાં; અગર જો તેના પૌત્ર મહમૂદને, અણહિલપુરના સિંહની પ્રતાપવાન્ પદવિની લગભગની પદવિ, કીર્ત્તિની વહીમાં લખતો આપણા જોવામાં આવ્યો છતાં; અને અગરજો આ અને બીજા રાજકર્ત્તાઓ ગૂજરાતના વાવટા દૂર દેશોમાં યશવંતપણે લઈ જતા આપણા જોવામાં આવ્યા, તેમ છતાં પણ; આ સત્યતા આપણા લક્ષમાં ઉતરી ગયા વિના રેહે એવી છેજ નહિ.—કે **બીજા ભીમદેવના** હાથમાંથી જ્યારથી રાજદંડ પડ્યો ત્યારથી તે, ઘણે કાળે જ્યારે રજપૂત, મુસલમાન અને મરાઠા છેવટે પોતાની તરવારો મ્યાન કરવાને કબુલ થયા, અને તેઓના કજિયાના ખરા ન્યાયનો આધાર "સમુદ્રવાસી પરદેશીજનો" (અંગ્રેજો) ની સત્તા, ડાહાપણ, અને વિશ્વાસ ઉપર રાખીને શાન્ત રેહેવા કબુલ થયા ત્યાંસુધી અણહિલપુરી માંહોમાંહના કજિયાથી એક ઘડી પણ ઘવાયા વિનાની રહી નથી.

# પ્રકરણ ૧૪.

## [1]વાઘેલા,—તેજપાળ અને વસ્તુપાળ—આબુપર્વત, ચંદ્રાવતીના પરમાર.

સામંત આનાક સોલંકીના પુત્ર લવણપ્રસાદના જન્મવિષે કુમારપાળના રાજ્યના ઇતિહાસમાં લખવામાં આવેલું છે તે "શ્રીભીમનો પ્રધાન હતો" એવું મેરૂતુંગે લખેલું છે. તેના સ્વાધીનમાં વાઘેલ (વ્યાઘ્રપલ્લી) હતી, અને વળી ઘણુંકરીને ધવળગૃહ, અથવા ધોળકા પણ હતું, તે તેના વંશજોના હાથમાં ઘણા કાળસુધી રહ્યું. લવણપ્રસાદ મદનરાજ્ઞીવેરે પરણ્યો હતો અને તેને તેનાથી વીરધવળ નામે પુત્ર હતો. ચંદબારોટે એવું

૧ ધર્મસાગરકૃત પ્રવચનપરીક્ષા પ્રમાણેઃ—

| | સંવત્ | સન | સંવત્ | સન | રાજ્ય કેટલું કર્યું. |
|---|---|---|---|---|---|
| લઘુ ભીમદેવ | ૧૨૩૫ | ૧૧૭૯ | ૧૨૯૮ | ૧૨૪૨ | ૬૩ |
| તિહુણપાળ (ત્રિભુવનપાળ) | ૧૨૯૮ | ૧૨૪૨ | ૧૩૦૨ | ૧૨૪૬ | ૬ |

એ પ્રમાણે ચૌલુક્ય વંશે ૧૧ ભૂપ=૩૦૦ વર્ષ.

વાઘેલા.

| | | | | | |
|---|---|---|---|---|---|
| વીસલદેવ | ૧૩૦૨ | ૧૨૪૬ | ૧૩૨૦ | ૧૨૬૪ | ૧૮ |
| અર્જુનદેવ | ૧૩૨૦ | ૧૨૬૪ | ૧૩૩૩ | ૧૨૭૭ | ૧૩ |
| સારંગદેવ | ૧૩૩૩ | ૧૨૭૭ | ૧૩૫૩ | ૧૨૯૭ | ૨૦ |
| લઘુકર્ણ | ૧૩૫૩ | ૧૨૯૭ | ૧૩૬૦ | ૧૩૦૪ | ૭ |
| | | | | | ૫૮ |

"પટાવલી" પ્રમાણુ વીસલદેવે વર્ષ ૧૮ માસ ૭ અને દિવસ ૧૧ રાજ્ય કર્યું. અર્જુનદેવ વર્ષ ૧૩ માસ ૭ ને દિવસ ૨૬ રાજ્ય કર્યું. સારંગદેવે વર્ષ ૨૧ માસ ૮ અને દિવસ ૮ રાજ્ય કર્યું લખેલ છે.

**ततः अलावादिसुरत्राण राज्यं.**

વાઘેલાનું કચ્છમાં રાજ્ય હતું તે સમયનો અંજાર તાલુકાના ખોખરા ગામમાં એક પાળિયો હતો તે હવણાં ભુજમાં આણ્યો છે તે લેખ મહારાજા શ્રી સારંગદેવના રાજ્ય સમયનો સંવત્ ૧૩૩૨ માર્ગશીર્ષ શુદિ ૧૧ શનૌ (તા. ૧ લી ડિસેમ્બર સન ૧૨૭૫ શનિવાર) નો છે.

આ ઉપરથી ઈ. આ. ભા. ૨૧ પૃ. ૨૭૭ માં છાપેલી હકિકત લક્ષ આપવા યોગ્ય છે કે સારંગદેવના રાજ્યનો પ્રારંભ પ્રવચનપરીક્ષા પ્રમાણે સંવત્

નામ **વીર**વાઘેલા, અથવા **વીર**ધવલંગ કરીને લખ્યું છે. **સન ૧૨૩૧** માં **આબુ** પર્વત ઉપર **તેજ**પાળે દેરાસર બાંધ્યું તેના [૨]લેખમાં **વીર**ધવળનું, તેના બાપનું, અને દાદાનું નામ લખેલું છે; અને તેજ દેવાલયમાં એક બીજો લેખ છે તેમાં **વીર**ધવળના નામને મહામંડળેશ્વર અને રાણાનું પદ જોડીને લખેલું છે.

મેરૂતુંગ લખેછે કે, **મદનરાજ્ઞી** પોતાના કુંવર **વીર**ધવળને લઇને પોતાના ધણીનું ઘર છોડી તેની મરણ પામેલી બેહેનના વર દેવરાજપટ્ટ-કિલને ઘેર જઇને રહી;[૩] પણ **વીર**ધવળ જ્યારે પાકી વયનો થયો ત્યારે પોતાના બાપને ઘેર પાછો આવ્યો. **સાંગણ, ચામુંડ,** અને **રાજ** એવાં

---

૧૩૩૩ નો નથી પણ વાઘેલાના પ્રત્યેક રાજ્યમાંથી બબ્બે વર્ષ કાહાડી નાંખવાં ઉચિત છે. અને તેમ કરતાં નીચે પ્રમાણે વંશાવલી ગોઠવાયછે.

વ્યાઘ્રપલ્લી અથવા વાઘેલા વંશ:—

ધવલ કુમારપાળની માશીસાથે પરણ્યો. સન ૧૧૬૦–૧૧૭૦
|
અર્ણોરાજ સન ૧૧૭૦–૧૨૦૦
|
લવણપ્રસાદ ધોળકાનો મહામંડળેશ્વર સન ૧૨૦૦ થી ૧૨૩૩
|
વીરધવલ ધોળકાનો રાણક–રાણો. સંવત્ ૧૨૭૬–૧૨૯૫ ઈ. સ. ૧૨૧૯--૨૦ થી ૧૨૩૮--૩૯ સુધી સ્વતંત્ર.

| | સંવત્ | સન | સંવત્ | સન | કેટલું રાજ્ય કર્યું. |
|---|---|---|---|---|---|
| વીસલદેવ | ૧૩૦૦ | ૧૨૪૩ | ૧૩૧૮ | ૧૨૬૧ | ૧૮ |
| અર્જુનદેવ | ૧૩૧૮ | ૧૨૬૧ | ૧૩૩૧ | ૧૨૭૪ | ૧૭ |
| સારંગદેવ | ૧૩૩૧ | ૧૨૭૬ | ૧૩૫૩ | ૧૨૯૬ | ૨૨ |
| કર્ણદેવબીજો | ૧૩૫૩ | ૧૨૯૬ | ૧૩૬૧ | ૧૩૦૪ | ૯ |
| | | | | | ૬૧ |

૨ આ લેખ સંવત્ ૧૨૮૭ ફાલ્ગુન વદિ ૩ રવિવારનો છે. જુવો કીર્ત્તિકૌમુદીનું પરિશિષ્ટ ब.

૩ પ્રબંધચિન્તામણીમાં વિશેષ એમ છે કે, લવણપ્રસાદની આજ્ઞા લઈને તે ગઈ હતી. તેને રૂપવતી જોઈને દેવરાજે તેને પોતાની ગૃહિણી કરી. આ વાત જ્યારે લવણપ્રસાદે જાણી ત્યારે તે ત્યાં જઈને તેને મારી નાંખવા રાત્રે તેના ઘરમાં સંતાઈ પેઠો. એટલામાં ભોજનની થાળ આવી એટલે દેવરાજ બોલ્યો કે વીરધવલને બોલાવો, એના વિના હું જમીશ નહિ. તે આવ્યો તેને પોતાની થાળમાં ભેગો જમવા બેસાર્યો. આ પ્રમાણે કુંવર ઉપર દેવરાજનું હેત જોયું

તેના ઓરમાઇ ભાઇયોનાં નામ લખવામાં આવેલાં છે અને તેઓ "કસભા અને દેશ (રાષ્ટ્રકૂટ) ના ધણી હતા" એમ લખ્યું છે.[૪] **વીરધવળ** વિષે એમ લખવામાં આવ્યું છે કે તેને તેના બાપ પાસેથી ઘણો દેશ મળ્યો હતો, તેમાં તેણે પોતાની જીતથી વધારો કરયો. "દ્વિજ ચાહડ સચીવ" તેનો પ્રધાન હતો; અને **તેજપાળ** તથા **વસ્તુપાળ** કરીને બે ભાઈ પણ તેણે રાખ્યા હતા.

**વીર**ધવળ **વાઘેલા**ને પોતાના ક્રમાનુયાયિયોની પેઠે રાજપદવિ મળી ન હતી પણ **ભીમ**ના મરણ પછી ગૂજરાતના પટાવતોમાં તે મહા સત્તાવાન્ થઈ પડયો હતો, એમાં સંશય નહિ. **વીર**ધવળની વેળામાં થોડીક રાજપ્રકરણીય વાતો બની હતી એવું **મેરૂતુંગે** લખ્યું છે તે ઉપરથી એમ લાગેછે કે કોઈ બળવાન્ સત્તાધારી વચ્ચે જોઇયે ખરો. કોઇ "**સૈયદ**" (**સઈદ, સદીક**) નામે વેપારી જે સો વશા **મુસલમાન** હશે એમ જણાયછે તેને **વસ્તુપાલ** સાથે **સ્તંભતીર્થ** અથવા **ખંભાત**માં કજિયો થયો સારે તે પ્રધાનનાથી પોતાનું રક્ષણ કરવા સારૂ તેણે **ભરૂચ**માંથી [૧]**શંખ** નામે સરદારને બોલાવ્યો એમ કહેવાયછે. **વસ્તુપાળે** પોતાની ભણી, આશ્રય સારૂ

---

તેથી લવણપ્રસાદનો ક્રોધ ઉતરી ગયો અને પોતે પ્રત્યક્ષ થયો. તેને યમરૂપ જોઇને દેવરાજ ત્રાશી ગયો અને તેનું મોં કાળુ મેંશ જેવું થઈ ગયું, તે ઉપરથી લવણપ્રસાદ બોલ્યો કે બીહીશો માં, હું તમને મારવા આવ્યો હતો પણ આ વીરધવલ ઉપર તમારૂ વાત્સલ્ય મારી આંખે મેં સાક્ષાત્ જોયું તેથી હવે હું તમને મારનાર નથી. દેવરાજે તેનો આદરસત્કાર કરયો છતાં તે જેવો આવ્યો હતો તેવો ચાલ્યો ગયો.

૪ **वीरधवलस्यापरं मातृकाः राष्ट्रकूटान्वयाः सांगणचामुंडराजादयो वीरव्रतेन भुवनतल प्रतीताः** આવો પાઠ અમારી પાસેની જૂની પ્રતિમાં છે. તેનો અર્થ એમ થાયછે કે "વીરધવલના ઓરમાઈ ભાઈ જે રાષ્ટ્રકૂટ (રાઠોડ) વંશની તેની બીજી માના પેટના સાંગણ, ચામુંડરાજ આદિ લઈને પોતાના વીરવ્રતે કરીને ભુવનતલમાં પ્રસિદ્ધ થયા છે. પછી વીરધવલ ક્ષત્રિય, જેને કાંઈક સમજણ આવી એટલે આવા વૃત્તાન્તથી લજ્જા પામીને દેવરાજનું ઘર છોડી દઇને પોતાનાજ પિતાને સેવવા ગયો. તે સત્વ, ઔદાર્ય, ગામ્ભીર્ય, સ્થિરતા, નય, વિનય, દયા, દાન અને દાક્ષિણ્ય આદિ ગુણશાળી હતો. ર. ઉ.

૧ ગોધા પાસે વડવા બંદરનો ચાંચિયો સરદાર હતો. સિન્ધના રાજાનો કુંવર હતો એમ કેટલાક કહેછે. ભા. ક.

લુણપાળ કરીને એક ગોલો હતો તેને બોલાવ્યો; તેણે શંખ ઉપર હલ્લો કરીને તેને મારયો, પણ પોતે લડાઈમાં ઘાયલ થયો અને થોડા દિવસ પછી મરણ પામ્યો. પછીથી તે જે જગ્યાએ મરણ પામ્યો તે જગ્યાએ વસ્તુપાળે "લુણપાળપતિ" નું દેવળ બાંધ્યું એમ લખેલું છે.

એક બીજે સમયે, મ્લેચ્છ સુલતાનનો ગુરૂ માલીમન્મખ કરીને હતો, તે યાત્રા કરવાને નીકળ્યો હતો તેવામાં ગૂજરાતમાં આવી પોહોંચ્યો, આ યાત્રાની જગ્યા કેઈ હશે તે વિષે લખવામાં આવેલું નથી, પણ તેને ઝાલી લેવાનો વીરધવળે અને તેના બાપે વિચાર કરી રાખ્યો હતો, તે-માંથી તેજપાળે અને વસ્તુપાળે તેનું રક્ષણ કર્યું, તે ઉપરથી આગળ ઉપર સુલતાનની તેમના ઉપર મેહેરબાની થઈ.

પંચગ્રામ સંગ્રામભૂમિ (પાંચ ગામની લડાઈ) વિષે લખલામાં આ-વેલું છે. તેમાં એક બાજુએ લવણપ્રસાદ અને વીરધવળ હતા અને બીજી બાજુએ વીરધવળની રાણી જયતલદેવીનો બાપ શોભણદેવ હતો, તેમાં વાઘેલાઓની સંપૂર્ણ જીત થઇ, પણ તે થતા પેહેલાં જવાન રાજ-પુત્ર (વીરધવળ) પોતાના બાપની નજરે આગળ ઘણી વાર ઘાયલ થઇને પડયો.

વીરધવગના મરણ ઉપર એકસોને બાશી ચાકરો ચિતામાં પડીને મરણ પામ્યા, ત્યારે વધારે મરણ થતાં અટકાવાને તેજપાળને લસ્કર લ-ઇને વચ્ચે પડવાની જરૂર પડી. પછી પ્રધાનોએ વીસલદેવને ગાદિયે બેસારયો. આ રાજા વિષેનો કાંઈ વૃત્તાંત ચાલતો આવી મળેલો નથી, પણ ગૂજરાતના વાઘેલા વંશનો તેને સામાન્યપણે પ્રથમ પુરૂષ ગણવામાં આવેલો છે.

ગૂજરાતની ભૂમિ ઉપર એક પછી એક તોફાન ફેલાઈ રહ્યાં હતાં, અને તેનાં વાદળાં તો વેરાઈ ગયાં ન હતાં, તેવામાં ફરીથી દર્શન દેતા સૂર્યના ચીરા જે તોફાની ધોધવાઓથી ફાટી ગયા હતા તે જરાક અમસ્થા ઉઘાડા કરવામાં આવ્યા એટલામાં તો હિંદુઓ આગળની બની ગયેલી વાતના શોકથી જાણે ઓછાજ જાણીતા હોય, તેમજ હવે પછી આવી પ-ડવાના ભયની ઓછીજ દરકાર કરતા હોય તેમ કોઇના યત્નવિના, અને જાણે કે સ્વાભાવિક પ્રેરણા થઇ હોય તેમ, અસલને રસ્તે ચાલતા જોવામાં

આવ્યા છે, એ એક આશ્ચર્યકારક વાત છે, અને તે ઉપરથી વળી તેઓની સહનશીલતા જણાઇ આવેછે. મહમૂદ ગજનવી અણુહિલવાડ ધળધાણી કરીને અને સોમનાથનો નાશ કરીને સંકટ વેઠતો પોતાને દેશ જઇ પોહોંચ્યો નહિ, એટલામાં તો આરાસુર અને આબુ ઉપર હથોડા અને ટાંકણાના અવાજ ગાજી રહ્યા, અને ભભકાદાર દેવાલયો કુંભારિયા અને દેલવાડામાં બંધાવા માંડ્યાં, તથા તેમાં મનાય નહિ એવા સુધારાના સંસ્કાર થયા અને *સેલ્લિનિના હાથની કારીગરી જેવી સફાઇ થઇ, તે ઉપરથી એમ દેખાવા લાગ્યું કે, મ્લેચ્છ હલ્લો કરનારા અથવા મૂર્તિયોનો નાશ કરનારા માત્ર બેચેન પમાડનાર સ્વપ્નના ભયંકર ભૂત છે અને તેમની સ્વપ્નમાંજ ક્રિયા થઇ છે એવું તે દેવળચણાવનાર પક્કી રીતે માનેછે. અને હવે તો બીજા ભીમની સંકટ ભરેલી કારકીર્દિ પૂરી થાયછે, તેની સાથે વાદળાં વિનાશ્રા તેના ચકચકાટમાં પાછો કદિ પ્રકાશવાનો નહિ એવો અણુહિલવાડનો સૂર્ય અસ્ત પામેછે, પણ એક મગ તેની એક કોર તે રાજધાની ઉપર ટગુમગુ થઈ રેહેછે, લડાઇના પોકાર પૂરેપૂરા નાશ પામ્યા નથી અને ભયની તથા દુઃખની બૂમોમા પડઘા આખા દેશમાં હજી સુધી ગાજી રહ્યા છે, તથા બીજી મગ આબુ અને શત્રુંજય ઉપર ફરીને કામ ચાલતું થયું છે, અને આગળના ભભકાને એક કોરે બેસારે એવાં દેવાલય અને સદા ચૂપકીથી બેશી રેહેનારા સ્થિર તીર્થંકરોના ચૈત્યોનો ઉઠાવ થાયછે.

વસ્તુપાળ અને તેજપાળ જે વીરધવળ વાઘેલાના પ્રધાન હતા, પણ દેલવાડાનાં અતિ ભભકા ભરેલાં દેવાલયોના સ્થાપનારા તરીકે વિશેષ પ્રસિદ્ધ હતા. તે શ્રાવક ધર્મના પ્રાગ્વાટ અથવા પોરવાળ વાણિયા હતા; તેમના પૂર્વજ ઘણી પેઢીથી અણુહિલપુરમાં વસતા હતા. વીરધવળનો આગલ્યો પ્રધાન ચાંહડ તેમને રાજાની જાણવામાં લાવ્યો. તેમના ઉપર રાજાનો હદપાર ભરોંસો બેઠો હતો એમ જણાયછે; અને જે શબ્દોમાં

* Cellini---ઇતિલીમાં આવેલા ફ્લોરેન્સ શેહેરનો પ્રખ્યાત શિલ્પકાર તથા ગવૈયો. તે ઈ૦ સ૦ ૧૫૦૦ માં જન્મ્યો હતો, અને ૧૫૭૦ માં મરણ પામ્યો હતો. આરસપાહાણ તેમજ ધાતુ ઉપર તે બહુ સરસ શિલ્પકામ કરી જાણતો હતો. પોપ કિલમેન્ટ સાતમાએ તેને પોતાનો સોની ઠરાવ્યો હતો.

ર. ઉ.

આ વાત લખી છે તે ઉપરથી લોકોની સ્થિતિ અને રાજા તથા કારભારિયોનો સંબંધ ઘણો ચમત્કારિક દેખાયછે. તેઓના રાજ્ય ચલાવવાના ધોરણવિષે મેરૂતુંગ આ પ્રમાણે લખેછે:—"જે પ્રધાન કોઇના માથા ઉપર હાથ મૂક્યાવિના ભંડાર વધારી શકે; કોઇનો દેહાંતદંડ કર્યાવિના દેશનું રક્ષણ કરી શકે; અને લડાઇ કર્યાવિના રાજ્ય વધારે તે કુશળ કેહેવાય." એજ ગ્રંથકર્ત્તા લખેછે કે–જ્યારે **વીર**ધવળે પોતાનો રાજકારભાર તેજપાળને સોંપ્યો, ત્યારે તેણે નીચે પ્રમાણે રાજા પાસેથી લેખ કરાવી લીધો. "જો હું કદાપિ તમારા ઉપર કોપાયમાન થાઉં તો તમે વિશ્વાસ રાખજો કે હાલમાં તમારી પાસે જેટલી માલમતા છે તેટલી મારે તમારી પાસે રેહેવા દેવી;" અને તેઓએ જે દેવાલય બંધાવ્યું છે તેમાં નીચે પ્રમાણે લખેછે,—"**વીર**ધવળ ચાલુક્ય જેટલું ખરૂં હોય તેટલુંજ કરવાવાળો, બંને "પ્રધાનોની સલાહ પ્રમાણે ચાલનાર હોવાથી, હેરકો કાંઇ કેહેતા પણ "તેઓનું તે સાંભળતો નહિ. બંને ભાઇઓએ પોતાના રાજાનું રાજ્ય વધારી "આપ્યું. ઘોડા અને હાથિયોની હારની હાર તેઓએ તેના મેહેલ આગ"ળ બાંધી અને રાજાની પાસે જે હતું તેનો ઉપભોગ તેણે સુખેથી કર્યો. "એ બંને પ્રધાનોને તેના ઢીંચણ સુધી પોહોંચે એટલા લાંબા હાથ હતા."*

આબુના પાહાડ ઉપર ચડવાનું **સીરો**ઈ અને ઝાલોરની બાજુ ભણીથી ઘણું સેહેલું છે. ગૂજરાતની બાજુનો ચડાવ ગિરવર ગામ ભણીથી છે તે ઘણો રળિયામણો દેખાયછે. તેના ઉપર છડિયાટ વિના બીજાથી ચડાઈ શકાતું નથી. અંબાભવાનીના દેવાલય આગળ થઇને જવાનો રસ્તો, કેટલેક સુધી, ઊંચાણુની વિચિત્ર રચનામાં થઇને એકાન્તમાં પર્વતના ધોધવાના પટને આકારે છે. "આ પ્રદેશમાં સર્વ કાંઇ શોભાયમાન, રમણીય "અને સ્વાભાવિક છે; અહિ મનુષ્યના મનોવિકાર આવી રચનાના એક"ત્રપણાનો ભંગ કરાવી શકે એમ નથી, તેથી જાણે કે પ્રકૃતિએ પોતાના "માનવંતા વંશજને વસવાને માટે સર્જ્યું હોય એમ લાગેછે. આકાશ "નિર્મળ છે; કોયલ જાણે એક બીજાને ઉત્તર આપતી હોય તેમ વનસ્પતિની "ઘટામાંથી ટૌકા કરતી સંભળાયછે, તેમજ જંગલના પક્ષિયો, જે વાંસની

---

* સામુદ્રિકના પુસ્તકોમાં લખેલું છે કે "આજાનુબાહુ અથવા લાંબા હાથના પુરૂષો ભાગ્યશાળી હોય છે."

" ઘટાઓમાં તેઓનું રક્ષણ થાયછે તે ઘટાઓમાં કિલકિલાટ કરી રહ્યા છે;
" અને સૂર્ય જેવો પર્વતનાં શિખરોને સ્વચ્છ કરી પોતાના ઉગ્ર કિરણવડે
" વ્યાપ્ત કરી દેછે તેવાંજ ભૂરાં તિત્તિરોનાં ટોળાં ઝાડ ઉપર જે માળા
" બાંધીને રહ્યાં હોયછે તે આનંદ બતાવવામાં કબૂતરોની સાથે ચડશાચ-
" ડશી કરેછે. બીજા પક્ષિયો જે સપાટ ભૂમિના વાસી નથી હોતા
" તે અહિં તહિં ભમ્યાં કરેછે, અને લક્કડખોદ પક્ષી પોતાની ચાંચનું બળ
" કડણ લાકડા ઉપર અજમાવાને ટકોરા મારી રેહેછે તેથી ઉપજતા પડ-
" ઘાનો અવાજ સંભળાઇ રેહેછે. નાના પ્રકારનાં અને રંગ રંગનાં ફૂલ,
" ફળને લીધે જંગલવાસી પશુ અને પક્ષી એકઠાં થાયછે, અને ઉદ્યોગી
" ભમર વિશાળ પાંદડાં ઉપર ઉડતા ઉડતા ધોળી અથવા પીળી ચંબેલીની
" અતિ મધુરતા ચૂસેછે, તેમજ ગોટા, ચમરિયોનાં ગુચ્છાદાર જાંબુરંગી અને
" ધોળાં ફૂલ જે ગુલબાસને મળતાં આવેછે તેનો મધુર રસ ચૂસેછે, અ-
" થવા બદામના જેવી સુગંધના કણ્હેર જે નદીકિનારે એરંડા અથવા સ-
" રકટ પુષ્કળ થાયછે તેના તીરોએ છવાઇ જાયછે તેનો રસ ચૂસેછે."
આવા એકન્તપણાના મોહ પમાડે એવા સૌન્દર્યમાં વિઘ્ન પાડવાને કોઇ મનુષ્ય પ્રાણી દેખાતું નથી, માત્ર અંબાજી યાત્રા કરવાને આવેલો રજપૂત અશ્વારનો ગંભીર આકાર જોવામાં આવેછે. તેણે પછવાડે ઢાલ બાંધી દીધેલી છે, અને ખભા ઉપર ભાલો આવી રહેલો છે એવી ઢબમાં, જે જગ્યામાં કડણ હૈયાવાળાં થોડાં મનુષ્ય આખા લશ્કરની સામે થઇ શકે, એવા પાહાડ વચ્ચેના સાંકડા અને લાંબા રસ્તામાં તે ચાલેછે,—અથવા એ વિના રમણીય અને આરણ્યક જગ્યા જ્યાં નિર્મળ પાણીના ઝરા છાટલાવાળા કિનારાના ન્હાના તલાવના આકારમાં વિસ્તાર પામેલા ત્યાં સિંચેલા કોથળા સહિત દાણા વહીજનારા શાન્ત માણસો, અને ચરતાં ઢોર દેખાયછે. આગળ ચાલતાં ઢાળ ફીટીને સપાટ ખીણ થઈ ગયેલી આવેછે, તે થોડી ઘણી રેતાળ છે તોપણ તેમાં ઘણી ફળદ્રૂપ જગાઓ છે, તેમાં દાણાનો પાક પુષ્કળ થાયછે. વળિ અહિં તહિં ન્હાનાં ગામડાં આવેછે અને પાહાડમાંથી વેહેતાં વેહેળિયાં કેટલેક આઘે જતાં આગળ અને પાછળ વિશાળ થઇ પડેલાં જોવામાં આવેછે. ધુમસના કાળા ઝબામાં વિંટળાઇ ગયેલો પ્રતાપવાન્ આબુ હવે પોતાના વિષેનાજ વિચાર ઉત્પન્ન કરાવેછે, તેની ઉભેડુ મોખરાની શ્યામરંગી એકાન્ત જગ્યાઓ ઉપર વન ઉપવન અસ્તરરૂપ થઈ રહેલાં છે,

અને તે રૂપેરી રંગના ઝરાથી વિચિત્ર બનેલી છે, તે છેવટે જ્યારે આપણી દૃષ્ટિએ પડવા આવેછે, ત્યારે તેનો ફેરફાર થતો આકાર હજારો મનકલ્પિત રૂપ ધારીને કલ્પનાને ભરપૂર કરી નાંખેછે; તેના એક બીજાથી પછાડી પડતા સ્કંધો મહત્તાથી અગાડી ધપેલા દેખાયછે અને તેઓનો શ્યામ પોશાક, સૂર્ય જેમ મધ્ય રેષા ઉપર આવતો જાયછે તેમ અતિશય ચળકાટ મારતા સુવર્ણના છાંટાથી બદલાતો જાયછે; આવા સર્વ દેખાવ ઉપર જોનારનું લક્ષ ખેંચાયછે.

આ ટૂપો માહેલી એક ટૂપ ઉપર ગિરવર ગામથી જવાનો માર્ગ છે, તે પર્વતની બાજુએ દોરડો વિટચો હોય એવી રીતે એકવાર દેખાયછે અને એકવાર દેખાતો બંધ થાયછે. ત્યાંથી ગહન અને ઘટ ઝાડી વચ્ચે થઇને, છેક ઉભેડુ ઢોળાવની, નીચેની ન્હાની એક સપાટ જગ્યા ઉપર અવાયછે. ત્યાં અતિ શોભાયમાન્ પલ્લવની ઘટામાં વસિષ્ટ મુનિનો આશ્રમ આવેછે. જે પંથીને સૂર્યનો તાપ લાગેલો હોયછે તે આ ઠેકાણેની ન્હાની વાડીમાં વિશ્રામ લેછે. એમાં પર્વત ઉપર ઊગનારા બહુ સુગંધવાળા ફૂલના છોડ ઘણા છે, તેમાં કેવડો તો મુખ્ય છે; આ પ્રમાણે તેની આંખ અને નાકને આનંદ પામવાનું સાધન મળેછે. તેમજ ખરાબામાંથી કોતરી કાહાડેલા ગાયના મુખદ્વારે નીચે કોરી કાહાડેલા વાસણમાં મધુર અવાજ કરતું પાણી વહન કરેછે તેથી કાનને પણ ઓછો આનંદ મળતો નથી.

મુનિનું દેવાલય ન્હાનું સરખું છે તેમાં એ ઋષિની શ્યામ વર્ણના આરસપાહાણની મૂર્ત્તિ સમાઇ રેહેછે. આ મુનિએ અચળેશ્વરના અગ્નિકુંડમાંથી રજપૂતો ઉત્પન્ન કરચા તેથી એ તેમના પૂર્વજ કેહેવાયછે. વસિષ્ટ મુનિની આગળ સવાર, બપોર, અને સાંજે ચોઘડિયાં વાગેછે, તેના મહાધ્વનિવડે શોભાયમાન્ રચના ગાજી રેહેછે, તેથી એ રચનામાં કાંઇ મણા રેહેતી નથી. આબુગઢનો રણધીર શૂરવીર, "દનુજનો કાળકંત્રાણ" જે ધારાવર્ષ પરમાર તેની ધાતુની મૂર્ત્તિ પોતાની જાતિને ઉત્પન્ન કરનારા ઋષિની પ્રાર્થના કરતી હોય એવી ઢબમાં બેસારેલી છે.

વસિષ્ટ મુનિના દેરા આગળથી જીવતા ખરાબામાંથી કોરી કાહાડેલાં પગથિયાં આવેછે તે ઉપર થઇને આબુના પૃષ્ટભાગના મેદાનમાં જવાયછે. પંથી આ ઠેકાણે આવ્યો એટલે કોઇ નવી દુનિયાં અથવા હવામાં અધર

રહેલા ખેદમાં તે આવ્યો હોય એમ તેને ભાસ થાયછે. આ અધિત્યકાની ચોગરદમ, તે જેવા ખરાબા ઉપર થઇને આવ્યો છે તેવા ઊંચા અને ભગ્ન ખડકનો કોટ છે; તેની માંહે કેટલાએક મૈલના વિસ્તારનો સમાવેશ થયો છે; ત્યાં ગામડાં અને કુવા છે; તલાવ અને વેહેળિયાં છે, તથા તે શિખરરૂપી મુકુટ પેહેરે છે, તે માંહેલું એક ઊંચામાં ઊંચું છે તે તેના ઉપરના એક દેવળ ઉપરથી "ઋષિશૃંગ" કેહેવાયછે. અને બહુ ચમત્કારી તો જેના ઉપર અચળગઢ છે તે છે.

દેલવાડા અને વસિષ્ટ મુનિના દેરાની વચ્ચેના પ્રદેશનું રમણીય વર્ણન રજપૂતસ્થાનના ઇતિહાસકે* નીચે પ્રમાણે કર્યું છે. "આ મુસાફરિયે નીકળવાથી આબુની અધિત્યકાનો રમણીય ભાગ મારા જોવામાં આવ્યો. "અહિં ખેતીવાડી ઘણી છે, વસ્તી વધારે છે, અને વનસ્પતિ પુષ્કળ થાંયછે. અહિંતહિં ધરતી ઉપર લીલી શેતરંજીયો પાથરી હોય એમ જણાયછે, તેમજ સ્વાભાવિક અથવા હસ્તકૃત નવા ચમત્કાર ડગલે ડગલે "જોવામાં આવેછે. કાનેરી પક્ષી નિત્યની રીત પ્રમાણે દેખા દીધાવિના "આદરસત્કારનો અવાજ કરેછે, અને કોયલના તીના અને સ્પષ્ટ ટૌકા "ગહન જંગલમાં થતા સંભળાયછે, ત્યાં આગળથી નિર્મળ પાણીનું વે"હેળિયું ચાલેછે. જે ધરતીના ભાગ અનાજ ઊગી શકે એવા છે તે ભાગ "સારી મેહેનત લઇને ખેડેલા છે. આટલી ટૂંકી જગ્યામાં તો આબુનાં "બાર ન્હાનાં ગામમાંથી ચાર મેં મૂક્યાં. આ ગામડાં રચનાની શોભામાં "મળી જાય એવાં છે; રેહેવાની જગ્યા ચોખ્ખી અને સુખાકારી ભરેલી "છે, તેનો આકાર ગોળ છે, તેને માટીથી થાબડી લઇને પીળી માટી"વતે ધોળવામાં આવેછે. પ્રત્યેક લેહેતાં વેહેળિયાંને કાંઠે જળસિંચનને "અર્થે પાણી કાહાડી લેવાનો રેંટ રાખવામાં આવેછે, અને પાણી સપાટી "ઉપર હોયછે તેથી બહુ ઊંડું ખોદાણ કરવું પડતું નથી. આ ખેડવા યોગ્ય "ખેતરોને ઘણું કરીને કંટાળથોરિયાની વાડ કરવામાં આવેછે તેની ઉપર "ખુજાની (અંતરવેલ) અને હિંદુસ્થાનની વાડિયોમાં બહુ થતી સેવતી "(શિવને ચઢાવામાં આવેછે.) ની ઘટા બાઝેછે. કઠણ પથ્થરના ટેકરા

---

* કર્નલ ટાડના "ટ્રાવલ્સ ઈન વેસ્ટર્નઈન્ડિયા" નામના પુસ્તકના પાંચમા અને છઠ્ઠા પ્રકરણોમાંથી આ ઉતારો કરી લીધેલો છે.

" ઉપર ખરાબાની સપાટીનું પૃથક્કરણ થયેલું, એ વિના જ્યાં જરા પણ
" ધરતી નહિ ત્યાં દાડિમડી ઉગેછે. જરદઆળુ જાણે કદિ પાકશે નહિ એવાં
" લીલાં કચ જેવાં અહિ જોવામાં આવેછે. માણુસો મારી પાસે દ્રાક્ષ લઈ
" આવ્યા તેના કદ ઉપરથી મને લાગ્યું કે તેઓએ તેની વાવણી કરી હશે.
" આ તેમજ ચીભોદરાં, જે મારા જોવામાં આવ્યાં નહિ, પણ મને એક
" ઉંડી ખીણુમાં વેગળેથી આંગળી કરી બતાવ્યાં, એ સર્વ આબુનો સ્વા-
" ભાવિક પાક છે. અહિં આંબા બહુ છે, તેની ડાળિયોમાં સુલલિત અં-
" બત્રીવેલ થયેલી જોવામાં આવેછે, તેનાં કાળાં અને ધોળાં સુંદર ફૂલ
" નીચે લટકી રેહેછે. ત્યાંના પાહાડી લોકો પણ તેને અંબત્રી કરીને કેહેછે.
" અને મેં જોયું કે તેઓને તે એટલી બધી પ્રિય લાગેછે કે, તેનાં ફૂલ
" જ્યાં આગળથી હાથ આવી શકે એમ થયાં હોયછે ત્યાં આગળથી
" ચૂટી લઇને ગુંથીને કેશપાશમાં ઘાલેછે અને પાઘડીમાં ખોસેછે. ઝા-
" ડમાં ઘણું કરીને અતિશય ભેજ હોયછે તેથી તેઓ લીલોતરીથી છવાઇ
" જાયછે, અને અચળગઢ ઉપરની ખજુરિયો તો છેક ઉપર સુધી વિંટલાઈ
" જાયછે. અંબત્રી પણ આજ આધાનમાંથી ફૂટી નીકળેછે. ફૂલ તો ત્યાં
" ઢગલાગમે થાયછે. તેમાં ચમેલી અને પ્રતિ વર્ષે થનારી વિવિધ જા-
" તિયોથી તે છેક ગોખરૂસુધીની નીપજ થાયછે. ફૂલઝાડ માહેલું મ્હોટામાં
" મ્હોટું સોનેરી ચંપાનું ઝાડ જે મેદાનોમાં કોઇકજ જગ્યાએ જોવામાં
" આવેછે, અને જે એલિયાની પેઠે સૈંકડામાં એકવાર ફૂલેછે એમ કેહેવા-
" યછે તે ફાળથી* ભરેલું, હવાને સુગંધીમય કરી દેતું સો સો યાર્ડ
" છેટે જોવામાં આવેછે. ટૂંકામાં કહિયે તો, તે આ પ્રમાણે છે.—

( દુહા. )

'વન, ગહવર, ને વેંળિયાં, પલ્લવ, મેવા, થાય;
'ટૂંપો, પર્વત દ્રાક્ષને, ખેતર બહુ શોભાય.
'જૂની પણ બની પત્રમય એવી કોટની ભીંત;
'જેઓ પર તાજો રહી નાશ વસ્યો બહુ રીત.
'દુર્ગ રાયવણુ ત્યાં રહી, છેલી કરે સલામ;
'સૌ સુંદરતાનું બન્યું એવું મિશ્રણુ ઠામ.'

* ચંપો પ્રતિ વર્ષે ફૂલેછે સો વર્ષે એકવાર ફૂલતો નથી. ભા. ક.

નખીતલાવ ઘણું રચના ભરેલું છે; તેની વચ્ચે લિલોતરીવાળા બેટ આવી રહ્યા છે અને તેમાંથી તાડનાં ઝાડ પોતાનાં માથાં લેહેકાવી રહ્યાં છે. આસપાસ વનની ઘટાવાળા ખરાબા વિંટળાઈ રહેલા છે. કર્નલ ટાડે તે જોયું ત્યારે "તેમાં જળકૂકડિયો તરતી હતી તેમનું ધ્યાન માણુસ ઉ- "પર નહતું અને માણુસનું ધ્યાન તેમના ઉપર નહતું; કેમકે આ પવિત્ર "પર્વત ઉપર પારધીની બંધુક કે માછીની જાળ એમાંથી એકેયની કોઇને "ખબર ન હતી; 'તારે કોઇનો ઘાત કરવો નહિ' એવી ઇશ્વિરી આજ્ઞા "અહિ વર્તાતી હતી, અને તેનો જે ભંગ કરતું હતું તેની શિક્ષામાં તેનું "મરણ હતું." આબુ પર્વતના આ તલાવની આસપાસ કેટલાક દિવસથી યુરોપિયન લોકોનાં રેઠાણુ થયાં છે; તેની પાસે મંદવાડ ભોગવી ઊઠેલા "અંગ્રેજી સિપાઇયોને રેહેવાને સૈન્યશાળા બાંધી છે ! અને અચળેશ્વર તથા આદિનાથનાં દેવાલયોની સાથે પવિત્ર પર્વતના ભોગવટાની હરીફાઈ કરનાર ક્રિશ્ચિયન લોકોનું એક દેવળ છે.

આબુ પર્વતની તલાટી આગળ અણાદરા ગામ છે ત્યાંથી અને પાસેની ડીસાની છાવણીથી ઉપર ચડવાનો એક પોહોળો અને સારી રીતે બાંધેલો રસ્તો છે તે નખીતલાવ આગળ આવી મળેછે. આ રસ્તે થઇને ઉપર ચડવાનું સવળ પડેછે.

નખીતલાવની પાસે દેલવાડા અથવા દેવલોનો સમુદાય છે. વિમળશાહ અને તેજપાળે એ મુખ્ય દેરાસર બંધાવ્યાં છે તે વિના બીજાં કેટલાંએક છે, પણ એ બે તો ઘણાં પ્રાચીન અને અતિ શોભાયમાન છે. આગળ લખવામાં આવ્યું છે તે પ્રમાણે ઈ૦ સ૦ ૧૦૩૧ માં વિમળશાહે પ્રથમ દેરાસર બંધાવ્યું તે પેહેલાં આ પર્વત ઉપર જૈનનું એકે દેરૂં કોઇયે બંધાવ્યું હોય એમ દીસતું નથી. આ પ્રસિદ્ધ દેવળોનું ઉપર ઉપરથી વર્ણન આ ઠેકાણે કરિયેછિયે, વિસ્તારથી કરવાની કાંઇ અગત્ય નથી.* તેઓનું કદ અથવા બાહારનો દેખાવ વખાણવા જેવો નથી, પણ સોની

* ફરગ્યુસનની "હ્યાન્ડબુક આફ આર્કિટેકચર" ના પ્રથમ ભાગને પૃષ્ઠ ૬૯ મે તેઓનું વર્ણન કરેલું છે, અને તેમનાં ચિત્ર આપેલાં છે. વળી એજ ગ્રંથકર્તાનું "પિકચરેસ્કઇલસ્ટ્રેશનસ આફ એન્શિયન્ટ આર્કિટેકચર ઈન હિંદુસ્થાન" એવા નામનું પુસ્તક છે તેમાં જૂવો.

લોકોની કારીગરીની જેટલી સંસ્કૃત કુશળતા તેટલી બધી માંહેની બાજુએ વાપરવામાં આવેલી છે. પ્રત્યેક દેરાસરમાં દેવને બેસવાના ગંભારની આગળ સભામંડપ છે તેના ઉપર અષ્ટકોણુ ઘુંમટ છે, અને આસપાસ સ્તંભપંક્તિ ઉપર ઘણાએક ઘુંમટ આવ્યા છે. આખું દેરાસર ધોળા આરસપાહાણનું છે અને કોરણીના શણગારથી ઉપરનો પ્રત્યેક ભાગ ભરપૂર છે, એ કોરણી એવી બારીકીથી કરેલી છે કે જાણે તે મીણનાં બીબામાં ઉતારી હોય નહિ એવો ભાસ થાયછે, અને તેઓની અર્ધ પારદર્શક કોરોની જાડાઈ જરાય જણાઈ આવતી નથી, તેથી (યુકલીડ) લીટી વિષેની વ્યાખ્યા ઘણી ખરી સાર્થક કરેછે. તેજપાળના દેવળના ઘુંમટની વચ્ચેની કારીગરીથી તો આડો આંક છે, તેના ઉપર પ્રત્યેક જોવા જનારનું લક્ષ લાગી રેહેછે. કર્નલ ટાડ એનું યોગ્ય વર્ણન કરેછે કે, "તેનું ચિત્ર આલેખતાં કલમ હારી જાયછે, "અને અતિ ઘણો પરિશ્રમ સહન કરી શકે એવો કારીગર હોય તેની "કલમને પણ તોબાહ પોકરાવેછે;" અને અતિ અલંકૃત પદ્ધતિની ગાથિક ઈમારતનો કોઈ શણગાર એની શોભાનો મુકાબલો કરી શકે એમ નથી, એમ ખાતરી પૂર્વક કર્નલ લખેછે તે યોગ્યજ છે. "તે અર્ધા ખીલેલા કમળના ગુચ્છા જેવું દેખાયછે, તેનો કટોરા જેવો વળેલો ભાગ, "એવો પાતળો, એવો પારદર્શક અને એવો બારીકીથી કોતરેલો છે કે, "તે આંખને વિસ્મય પમાડીને સ્તબ્ધ કરી દેછે.*" આ દેરાસરોમાં કોરણી, નિર્જીવ સ્વાભાવિક વસ્તુઓના ચિત્રની કરી છે એટલુંજ નહિ, પણ વળી સંસારવ્યવહારના દેખાવ, વ્યાપાર અને નૌકાશાસ્ત્રના પ્રયત્ન, અને ર-

* મિ૰ ફરગ્યુસન, તેજપાળના અને વસ્તુપાળના દેરાસર વિષે લખતાં કેહેછે કે, "જે ધોળા આરસપાહણનું એ બનાવામાં આવ્યું છે, તેમાં હિંદુના "અતિ પરિશ્રમ સહનકરનારા ટાકણાવતે રીત સરખી બારીકીનાં એવા સુંદર "આકાર આલેખન કર્યાછે કે તેનો ચિતાર કાગળ ઉપર ઉતારી લેવાને કે"ટલાક કાળ અને કેટલાક પરિશ્રમ વડે પણ હું શક્તિમાન્ થયો હોત "નહિ." "પિકચરેસ્ક ઈલ્લસ્ટ્રેશનૂસ આફ એનશિયન્ટ આર્કિટેકચર ઈન હિં"દુસ્તાન" માં લખ્યા પ્રમાણે.

તેના તાજા પુસ્તકમાં એજ ગ્રંથકારે હિંદુના ઘુંમટ મધ્યેના કમળ અથવા લોલકવિષે નીચે પ્રમાણે લખ્યું છે—"તેના આકારમાં પણ સામાન્ય રીતે એવી નાજુકાઈ અને સૌંદર્યતા છે કે તેવી ગાથિક કસબમાં કદિ ધારી પણ શકાતી નથી; તે ઘુંમટના મધ્યમાં આરસપાહાણ અથવા "પાષાણના નક્કર બોધને બદલે સ્ફટિકના સ્તોકનો જાણે ગુચ્છો હોય નહિ એમ વિશેષ દેખાયછે.

રુક્ષેત્રના યુદ્ધનું આલેખન કર્યું છે; અને આ ઠેકાણે બેધડક ખાતરી કરી આપી શકાયછે કે, પ્રાચીન કાળવિષે અભ્યાસ કરનાર કોઈ આ કોરણી ઉપર પોતાનું જોઇયે તેટલું લક્ષ આપે તો; મધ્ય સમયના હિંદુસ્થાનની રીતભાતની ઘણી રમુજી બાબતોનું એટલું બધું જ્ઞાન વધે કે તેના એવા ભારે શ્રમનો બદલો વળી જાય.

આબુનું ઊંચામાં ઊંચું શિખર ઋષ્યશૃંગનું છે, તેના ઉપર કર્નલટાડ ચડયો તેના પેહેલાં કોઇ યુરોપિયને ત્યાં પગ દીધો નહતો. "પર્વતના
"શિખર ઉપર હોઇયે ત્યારે આપણને ઘણું ઊંચું લાગતું નથી, તોપણ
"મારવાડના મેદાનોમાં થઇને આપણે જેના પાસે આવિયેછિયે કે તે
"તેની તલાટીની સપાટીથી સાતસેં ફીટ ઊંચો દેખાય છે. ઉપર ઠરી જઇયે એવો
"દક્ષિણનો પવન વાયછે તેના સપાટામાંથી બચી જવાને સાવધાન પા-
"હાડી લોકો એક ખરાબાને ઓથે પોતપોતાના કાળા કામળામાં લપે-
"ટાઇ જઇને ધરતી ઉપર લાંબા થઇને પડેછે. દેખાવ ઘણો નવાઇ ભ-
"રેલો તેમજ ભવ્ય છે. વાદળિયો આપણા પગ નીચે થઇને સોંસરી
"નીકળી જાયછે. બહુ તેજથી આપણને ઝાંઝવાં વળી જતાં અટકાવવાનો
"સૂર્યનો હેતુ હોય તેમ તે, વાદળની આરપાર પોતાનાં કિરણ પાડેછે. ચ-
"ક્રી આણે એવી ઊંચાઇ ઉપર આસપાસ એક ન્હાનો કોટ છે. તેની એક
"બાજુએ સુમારે વીસ ફીટ સમચોરસ એક ગુફા છે તેમાં યાત્રાળુને
"પામવાની જે મુખ્ય વસ્તુ વિષ્ણુ તેનો અવતાર જે દત્તાત્રી તેનાં એક
"પથ્થરની છાટ ઉપર પગલાં છે. બીજી બાજુએ રામાનંદની પાદુકા છે.
"ત્યાં તે પંથનો એક ગોસાઇ રેહેછે, તે ત્યાં આગળ કોઈ આવેછે ત્યારે
"ઘંટ વગાડેછે તે તેને કાંઇ આપેછે ત્યારે બંધ રેહેછે. યાત્રાળુ લોકો ધૈર્ય
"ધરવામાં જયવંત થયા તેની નિશાની દાખલ તેઓ આચાર્યની
"પાદુકાની આસપાસ પોતાના દંડ મૂકેછે તેનો ઢગલો ત્યાં પડયો હતો.
"પર્વત ઉપર ઘણે ઠેકાણે અસંખ્ય ગુફાઓ જોવામાં આવેછે તે ઉપરથી
"પ્રાચીન સમયોમાં ભોંયરામાં વસ્તી હતી એમ જણાયછે; અને ત્યાં
"નવાઈ સરખાં ઘણાં ગોળાકાર બાકાં છે તે કેવળ તોપના ગોળાનાં
"બાકાંની સાથે સરખાવી શકાય એવાં છે. હું ત્યાંના એક એકા-
"ન્તવાસી તપસ્વી સાથે અજવાળું થતાં સુધી વાતો કરવામાં પડયો.
"તેણે મને કહ્યું કે ચોમાસામાં જ્યારે વાતાવરણ સ્વચ્છ હોયછે ત્યારે જો-
"ધપુરનો કિલ્લો અને લુણી નદીના ઉપર ભાલોતરા છે ત્યાં સુધીનું રણ

"દેખાયછે. અગર જો રહી રહીને સૂર્યનું તેજ પડતું હતું તેથી સીરોઈ
"ભણી વિસ્તરાયલી ભીતરીલની ખીણ અમે ઓળખી કાહાડી; અને
"પૂર્વમાં લગભગ વીસ મૈલ ઉપર આરાવળીના વાદળની ટોપી પેહેરેલા
"શિખરોમાં અંબાભવાનીનું પ્રસિદ્ધ દેરૂં અમે પરખી કાહાડ્યું તથાપિ
"ઉપરની વાત નાણી જોવાનો હવણાં સમય ન હતો. છેવટે સૂર્ય પોતાના
"પરિપૂર્ણ તેજથી બાહાર નીકળ્યો, એટલે બધી શ્યામતા દૂર થઇ ગઈ,
"અને કાળા આસમાની રંગના વાદળના ઘુંમટની સાથે ઝાંખી સફી ધં-
"રતી મળી જવાથી ભાસ દેખાતો બંધ થવા લાગ્યો ત્યાંસુધી રણ ઉપર
"નજર ફરી વળી. ઉત્કૃષ્ટપણું બંધાવાને જે જોઇયે તે સર્વ હતું; અને
"શાન્તપણાને લીધે શોભા પાકે પાયે થઈ. જો દૃષ્ટિને હેઠળના અગાધ
"નીચાણમાંથી જમણી બાજુએ માત્ર અર્ધગોળ સુધી ફેરવિયે તો જે પ-
"રમારના કિલ્લાની ઝાંખી પડી ગયેલી ભીંતો ઉપર સૂર્યનું તેજ હવે પરા-
"વર્ત્તન પામતું નથી તે કિલ્લાનાં ખંડેર ઉપર જઇને તે ઠરેછે; અને ત્યાં
"આગળનું તાડનું ઝાડ, તેઓના નાશ ઉપર હસતું હોય તેમ, જે જાત
"પોતાનું રાજ્ય સદાકાળ નિભશે એમ ધારતી હતી તેજ જાતના ખંડેર
"થઈ ગયેલા દરબારની વચ્ચે, પોતાનાં વાવટા સરખાં પાંદડાં ફડફડાવેછે.
"જમણી બાજુએ જરાક આઘે દેલવાડાના ઘટાગુંમ થયેલા ઘુંમટ દે-
"ખાયછે, તેની પછવાડે ગહન જંગલ આવી રહ્યું છે, અને જે મેદાનની
"સપાટી ઉપર વાંકાચૂકી ચાલતી કેટલીક નદિયો, પર્વતના ઉભા ખરાબા
"ઉપરથી પોતાનો આડો રસ્તો ચલાવેછે તે મેદાનના તાજ ઉપરથી સો-
"યોની પેઠે ફૂટી નીકળતાં વિલક્ષણ શિખરો બધી બાજુએ તેઓને ટેકો
"આપેછે. આશમાની આકાશ અને રેતીવાળું મેદાન, આરસપાહાણનાં
"દેવાલય અને હલકી જાતનાં ઝુંપડાં, ભભકાદાર જંગલ અને ખડબચડા
"ખરાબા, એ સર્વ એક બીજાથી ઉલટા ગુણનાં ત્યાં હતાં."

ઋષ્યશૃંગથી ઉતરતાં તરતજ અગ્નિકુંડ અને અચળેશ્વરનું દેરૂં આ-
વેછે, તે હિંદુઓના કલ્પિત ઇતિહાસમાં બહુ પ્રખ્યાત છે. "અગ્નિકુંડ
"આશરે નવસેં ફીટ લાંબો, અને બસેં ચાળીસ ફીટ પોહોળો છે, તેને
"નક્કર ખરાબામાંથી કોરી કાહાડીને તેમાં બહુજ મ્હોટી છાટો જડી
"લીધી છે. કુંડની વચ્ચે ખણ્યા વિનાની ગચ્છી રાખેલી છે તેના ઉપર
"જગદંબાના દેરાનું ખંડેર છે. એ કુંડની ઉત્તર ભણીના નાકા ઉપર પાંડ-

"વનાં ન્હાનાં દેવાલયોનો જથો છે, પણ પેહેલાની પેઠે તે પણ ખંડેર
"થઈ ગયાં છે. પશ્ચિમ દિશાએ આબુના રક્ષકદેવ અચળેશ્વરનું દેરૂં છે,
" તે વિશાળ નથી તેમજ તેમાં કાંઈ કારીગરી નથી, પણ તેનામાં સ્થૂ-
"ળપણાની સાદાઇ છે તે ઉપરથી તે પ્રાચીન છે એમ જણાઈ આવેછે.
"તે ચોકના મધ્ય ભાગમાં છે, તેની આસપાસ ન્હાની દેયડિયો એવાજ
"આકારની કાળા પથ્થરની બાંધેલી છે. * * * સિરોઈના રાવભાણને
"જૈનના એક દેરાસરમાં ઝેર દેવામાં આવ્યું હતું તેની છત્રી અગ્નિકુંડની છેક
" કોર ઉપર, દેરાસર ભણીની બાજુએ છે. એ રાણાને તેના કુળદેવના દે-
"વાલય પાસે બાળ્યો હતો, અને સાથે તેની પાંચ રાણિયો સતી થઈ
"હતી. * * * * એ કુંડની પૂર્વ બાજુએ પરમારવંશની સ્થાપના કર-
"નાર પરમારોના મૂળ પુરૂષનું દેરૂં ખંડેર થઈ પડયું છે. તેમાં આદિ-
"પાળની મૂર્ત્તિ છે તે પાદસ્થળ સાથે સજ્જડ છે, તે અસલી પોશાકનો
"અને પૂર્વના યથાર્થપણાનો અસલના વારાનો નમુનો છે. એ મૂર્ત્તિ ધોળા
"આરસપાહાણની સુમારે પાંચ ફીટ ઊંચી છે, અગ્નિકુંડનું રક્ષણ કરવાને
"પરમાર ઉપજ્યા હતા તેમાં મહિષાસુર રાક્ષસ રાત્રની વેળાએ આ-
"વીને આ પવિત્ર કુંડનું પાણી પી જતો હતો તેથી આદિનાથ તેને બા-
"ણવતે મારતા હોય એવી ઢબમાં તેમની મૂર્ત્તિ બેસારેલી છે. * * * *
"અચળગઢ જવાને હું અગ્નિકુંડ મૂકીને આગળ ચાલ્યો; તેના ખંડેર થઈ
"ગયેલા બુરજો અમારી આસપાસ વીંટળાઈ વળેલા વાદળાની ધાડી ઘ-
"ટામાં ઢંકાઈ ગયા હતા. આ જગ્યા ઉપર અમે ચડીને હનુમાન દરવાજે
"થઇને, એકવાર જેનો દબદબો હતો એવી જગ્યામાં પ્રવેશ કરયો. આ
"દરવાજાને બે જબરા બુરજ છે તે કદાવર કાળા પથ્થરોના બનાવેલા છે,
"અને તે હજારો શિયાળાની ઋતુના વિકટ સપાટા લાગવાથી કાળા થઈ
"ગયા છે. બન્ને બુરજો, મથાળે એક મેડાથી સંધાયલા છે, તે ચોકીનું
"સ્થાન છે. આ દરવાજામાં થઇને નીચેના કિલ્લામાં જવાયછે, તે કિલ્લાની
"તૂટી ગયેલી ભીંતો ઉપરના કઢંગા ચડાવ ઉપરથી જણાયછે. અહિં એક
"બીજો દરવાજો આવેછે, ત્યાં થઇને માંહલા કિલ્લામાં જવાયછે. આ દર-
"વાજાનાં મ્હો આગળ પારસનાથનું દેરાસર છે તે માંડુના એક સાહુકારે
"બંધાવ્યું છે, તે જીર્ણોદ્ધાર કરવાને યોગ્ય થઈ ગયું છે. ઉપરનો કોટ
"રાણા કુંભાનો કેહેવાયછે, તેને જ્યારે મેવાડમાંથી નાસવું પડયું ત્યારે

"તેણે, પરમારોએ ઘણા કાળથી તજી દીધેલા મોરચા ઉપર પોતાનો વા-
"વટો ચડાવ્યો. તેણે આ અચળગઢના કિલ્લાની માત્ર મરામત કરાવી,
"બાકી તે અને બીજાં હલકાં કામ બહુ પ્રાચીન કાળનાં છે. આ કિલ્લામાં
"એક શ્રાવણભાદરવો એવા નામનું તળાવ છે. ચોમાસાના બે મુખ્ય મ-
"હિનાનું નામ આ તલાવને બરાબર છાજેછે, કેમકે, અર્ધો જુન મહિનો
"વીતતા સુધી પણ તેમાં પાણી ભરેલું હોયછે. પૂર્વ ભણીના ઘણા ઊંચા
"શિખર ઉપર પરમારોની ગઢીનાં ખંડેર છે; આ ઠેકાણેથી, ત્વ-
"રાથી ચાલતાં વાદળાંની આરપાર નજર પોહોંચાડિયે તો, જે શૂરવીર
"જાતના પરમારોએ પોતાનું રક્ષણ કરવાને યુદ્ધ કર્યું હતું અને લોહી-
"લોવાણ થઈ ગયા હતા તેઓના ખંડેર થઈ ગયેલા મેહેલો અને વેદિયોનો
"આભાસ દેખાયછે."

રમુજ આપનાર આબુ અને અચળગઢને છેલ્લા રામરામ કરતા પેહેલાં, જે વંશના રાજાઓએ એટલા બધા વર્ષ સુધી તેઓના ઉપર રાજ્ય ચલાવ્યું છે તે પરમાર વંશ સંબંધી થોડા શબ્દ બોલવા ઘટિત છે. કોટવાળી ચંદ્રાવતી તેઓની રાજધાની નગરી હતી. આબુ પર્વતની તલાટીથી સુમારે બાર મૈલ ઉપર, અને અંબાભવાની તથા તારિંગાના દેરાસરોથી એ કરતાં જરાક વધારે છેટે, જંગલથી ઘટાગુમ બની ગયેલો પ્રદેશ છે તેમાં તેનાં ખંડેર આજે પણ જોવામાં આવેછે. જ્યાં નગર હતું તે જગ્યા ઉપર ઘાડી વનસ્પતિ ઉગેલી છે, તેના કૂવા અને તળાવ પૂરાઈ ગયાં છે; તેનાં દેવાલયોનો નાશ થઈ ગયો છે; અને તેનાં ખંડેરમાંથી આરસપાહાણ નિત્યે લૂંટાયછે. એક વિશાળ મેદાનમાં તેના ભાગ્યાટૂટયા ભાગ વિખરાઇ પડ્યા છે, તે ઉપરથી વિચાર કરતાં તેનો વિસ્તાર ઘણો હશે એમ લાગેછે; જ્યારે યૂરોપિયન લોકોના જોવામાં એ જગ્યા પ્રથમ આવી ત્યારે આરસપાહાણોની સુંદર ઈમારતોનાં વીસ ખંડેર ખોળી કાહાડવામાં આવ્યાં હતાં, તે ઉપરથી તેનો ધનવૈભવ અને અતિ સૂક્ષ્મતા જણાઈ આવેછે. ધારાવર્ષના ભાઈ રણધીર પ્રલ્હાદનદેવે પ્રલ્હાદનપટ્ટણ અથવા પાલણપુર વસાવ્યું હતું તે પણ ચંદ્રાવતીના રાજવંશના તાબામાં હતું.

પરમારોમાં પ્રથમ [1]શ્રીધૂમરાજ અને તેના ક્રમાનુયાયી, ધંધુક, અને

૧ આબુ પર્વત ઉપર દેલવાડામાં શ્રી આદિનાથનું દેરૂં છે તેની જમણી બાજુની ધર્મશાળાની ભીંતમાં એક લેખ છે તે સંવત્ ૧૧૯૭ ફાલ્ગુન વદિ ૧૦

ધ્રુવ ભટ્ટ હતા એમ લખવામાં આવ્યું છે. "તેઓ હાથિયોના ટોળા સમાન તેમના શત્રુઓથી અજીત શૂર પુરૂષ હતા." તેઓના પછી રામ-

---

સોમનો વીરધવળના સમયનો શ્રી સોમેશ્વર કવિનો રચેલો છે તે ઉપરથી ચંદ્રાવતીના રાજાની વંશાવળી નીચે પ્રમાણે થાયછેઃ—

श्री धूमराजः प्रथमं बभूव भूवासवस्तत्र नरेन्द्रवंशे ।
भूमीभृतो यः कृतवानभिज्ञान्पक्षद्वयोच्छेदनवेदनासु ॥३३॥
धन्धुकध्रुवभटादयस्तत स्ते रिपुद्वयघटाजितोभवन् ।
यत्कुलेजनि पुमान्मनोरमो रामदेव इति कामदेवजित् ॥३४॥
इत्यादि.

વશિષ્ઠ મુનિના અગ્નિકુંડમાંથી.
પરમાર નામનો પુરૂષ ઉત્પન્ન થયો
તેના વંશમાં
શ્રી ધૂમરાજ
ત્યાર પછી
ધંધુક
ધ્રુવભટ
આદિ થયા ત્યાર પછી
રામદેવ
|
યશોધવલ. (કુમારપાળનો શત્રુ માળવાનો રાજા બલ્લાલ હતો તેને મારયો.)

| | |
|---|---|
| ધારાવર્ષ (સં. ૧૨૨૦, ૧૨૩૭, ૧૨૪૫, ૧૨૬૫ ના લેખ છે. એણે કોંકણના રાજાને જીત્યો.) | પ્રલ્હાદનદેવ, (પાલણપુર વસાવ્યું, સામંતસિંહ સાથે લડયો.) |

ધારાવર્ષ
|
સોમસિંહદેવ (સં. ૧૨૮૭, ૧૨૮૯, ૧૨૯૧)
|
કૃષ્ણરાજદેવ (સં. ૧૩૦૦)

ઉદયપુરના રા. રા. ગૌરીશંકર હીરાચંદ ઓઝાના મારા ઉપરના પત્રપરથી વિમળશાના મંદિરના લેખનો થોડો ભાગ નીચે આપવામાં આવેછેઃ—

"समजनि वीराग्रणीर्धंधुः ॥५॥ सभीमदेवस्य नृपस्यसेवा ममन्यमानः किल धंधुराजः । नरेशरोषाच्च ततो मनस्वी धाराधिपं भोजनरं प्रपेदे ॥ ६ ॥ प्राग्वाटवंशाभरणं बभूव, रत्नप्रधानो विमलाभिधानः । यस्तेजसा दुःसमयांधकारे, मग्नोपिधर्म्मः

દેવ થયો, તે જે વેળાએ કુમારપાળ ખરેખરી સર્વોત્કૃષ્ટ સત્તા ચલાવતો હતો તે વેળાએ જે યશોધવલ આબુ ઉપર રાજ્ય કરતો હતો તેનો પિતા થાય. યશોધવલને બે પ્રસિદ્ધ પુત્ર થયા, ધારાવર્ષ અને પ્રલ્હાદનદેવ; તેમાંથી પેહેલાનો શ્રીસોમસિંહદેવ નામે કુમાર અને ક્રમાનુયાયી થયો. અને ઈ૦ સ૦ ૧૨૩૧ માં અણહિલવાડમાં બીજો ભીમદેવ જ્યારે મહારાજાધિરાજ હતો ત્યારે તે મહામંડળેશ્વર હતો એમ લખવામાં આવ્યું છે. સોમસિંહને કૃષ્ણરાજદેવ કરીને કુમાર હતો.

ધારાવર્ષના કુમારના રાજ્યમાં પરમારોએ નાદોલના ચોહાણોને માર્ગ આપ્યો.. તે માંહેલા એક લુંડ અથવા લુનિગ પુરૂષે (ઈ૦ સ૦ ૧૨૨૨) ત્યાંના મંડલિકને મારીને આબુનું રાજ્ય લઇ લીધું એવું *વિમળશાહના

---

सहसाविरासीत् ॥७॥ ततश्चभीमेन नराधिपेन, प्रतापभूमिर्विमलो महामतिः । कृतोर्बुदे दंडपतिः सतांप्रियः प्रियंवदोनंदतुजैनशासने ॥८॥१०॥ श्रीविक्रमादित्य नृपाद्यतीतेऽष्टाशीतियातेश्शरदांसहस्रे॥"

આ ઉપરથી જણાયછે કે સંવત્ ૧૦૮૮ માં વિમળશાહે દેવાલય બંધાવ્યું ત્યારનો આ લેખ છે. આ વિમળશાહ પેહેલા ભીમદેવનો આબુનો દંડપતિ હતો.

આ પછીનો વિમળશાહના દેરાનો લેખ છે તે તેના જીર્ણોદ્ધારનો છે.

* ફાર્બ્સ સાહેબને આ લેખનો સંવત્ વાંચવામાં ગુચવારો પડયો છે એમની પાસે જે નક્કલ હતી તેમાં,

"वसु मुनि कर शशि वर्षे"=૧૨૭૮ (ઈ. સ. ૧૨૨૨) આ ઉપરથી ઈ. સ. ૧૨૨૨ લખવામાં ભૂલ થઈ છે કેમકે ઉદયપુરના રા. રા. ગૌરીશંકર હીરાચંદ ઓઝાએ આબુ ઉપર જઇને એ લેખ જોયો છે તેઓએ અમને લખી જણાવ્યા પ્રમાણે.

"वसु मुनि गुण शशि वर्षे"=૧૩૭૮ (ઇ. સ. ૧૩૨૧) સો વર્ષના અંતરની ભૂલ જણાઈ આવી છે.

અચળેશ્વરનો લેખ અને વિમળશાહના દેરાનો લેખ મેળવતાં વંશાવળી નીચે પ્રમાણે થાયછે:—

| અચળેશ્વરના લેખમાં જે નામછે તેઃ— | વિમળશાહના દેરાના લેખમાં જે નામ છે તેઃ— |
| --- | --- |
| १ आल्हण | १ आसराज |
| २ कीर्त्तिपाल | |
| ३ समरसिंह | समरसिंह |
| ४ उदयसिंह | |

દેરાસરના લેખમાં છે. લુનિગનો કુંવર તેજસિંહ કરીને હતો, તેના કુંવરનું નામ કાન્હડદેવ હતું અને તેના પૌત્રનું નામ સામંતસિંહ હતું એવું વસિષ્ઠના દેરાના (ઈ૦ સ૦ ૧૩૩૮) લેખમાં લખ્યું છે, અને કાન્હડદેવને ચંદ્રાવતીનો રાજા કરીને લખ્યો છે. નાદોલના ચોહાણ વંશની દેવડા રજપૂતની શાખાના ઇતિહાસમાં લખ્યું છે કે રાવ લુંભો આબુ અને ચંદ્રાવતી જીત્યો, અને બારૈલીના ગામ આગળ લડાઇ થઈ તે વેળાએ પરમારોનું રાજ્ય તેણે પોતાને સ્વાધીન કરી લીધું, "એ લડાઇમાં "અગનસેનનો કુંવર મેરૂતુંગજી પોતાના સાતસેં સગા સહિત મારયો ગયો." આ આધાર પ્રમાણે છેલ્લી લડાઈ ઈ૦ સ૦ ૧૩૦૩ માં થઈ, તેમાં ચંદ્રાવતી દેવડા ચોહાણોને તાબે થઈ; અને આબુ તો તેના પેહેલાં સાત વર્ષ અગાઉ તેઓએ જીતી લીધો હતો. આ સમયમાં ચોહાણોએ રેહેતાં રેહેતાં "પરમારોની કનિષ્ટ પક્ષની જમીદારી ઓછી કરવામાંડી; અને પ્રત્યેક જીત "થતી ગઇ તેમ અકેકી નવી શાખા વધવા લાગી; એમાંહેલી કેટલીક તો "તેઓના મુખ્ય ધણિયોના આશરાવિનાની થયાથી, તેઓના વંશજ જેવા "કે માદાર અને ગિરવર ઠાકોરોજેવા તો તેના પ્રતિપુરૂષોને ઓછું નમવા લાગ્યા."

આબુ ઉપરના એક બીજા લેખમાં એવું છે કે, ઈ૦ સ૦ ૧૨૯૪ માં અણહિલવાડમાં જ્યારે સારંગદેવ રાજા હતો, ત્યારે વીસલદેવ અરાડસેં મંડલનો સુબો હતો; અને તેનું સ્થાન ચંદ્રાવતીમાં હતું. આ વિસલદેવ અણહિલવાડના રાજાનો માત્ર કામદાર હશે અને પરગણાની સત્તા થોડા દિવસ તેના સ્વાધીનમાં હશે. એમ ધારી શકાયછે કે જ્યારે ચોહાણોએ હુમલો કરયો ત્યારે સારંગદેવે પોતાની ફોજવડે પોતાના પટાવતોનો તકરારી મુલક સ્વાધીન કરી લીધો હશે. વળી એક બીજો લેખ છે તે ઉપરના લેખ સાથે મળતો આવે એવો નથી. અચળેશ્વરના દેરાના એક લે-

| | | |
|---|---|---|
| ५ | मानसिंह | |
| ६ | प्रतापसिंह | प्रतापमल्ल |
| ७ | बीजड | बिजड |
| ८ | { लूणिग-लुंढिग<br>लुणवर्मा-लुढागर } | { लूणिग-लुंढ<br>लुंभो |
| | लुंढाप. | तेजसिंह. |

ખમાં (ઈ૦ સ૦ ૧૩૨૧) એક બીજો લુંઢ દેવ લખેલો છે, તે સામ્ભરના ચોહાણ વંશનો હતો અને તેના પૂર્વજનાં નામ પ્રથમના લુંડ અથવા લુનિગનાથી કેવળ જૂદાંજ છે, "તેણે ચંદ્રાવતીનું પરગણું અને રળિયામણો અર્બુદ પર્વત મેળવી લીધો," અને અચળેશ્વરની સમક્ષ પોતાની અને પોતાની સ્ત્રીની મૂર્ત્તિઓ બેસારી.

આ વચ્ચેનું આડું કથન કરીને અમે હવે વાઘેલાની વાત લખવાનું પાછું જારી કરિયેછિયે. વીરધવલના કુમાર વીસલદેવ વિષે થોડુંજ જાણુવામાં છે એમ લખવામાં આવી ગયું છે. ભાટલોકોની કથા એવી છે કે, એ રાજ્ય કરતો હતો તેવામાં ×દુકાળ પડ્યો તે મટાડવામાં એ *સાધન હતો, અને તેણે વિસલનગર અને દર્ભાવતી અથવા ડભોઇનો કિલ્લો વસાવ્યો અથવા મરામત કરાવી.

દેવપટ્ટણના સોમનાથના દેરામાં એક લેખ ઈ૦ સ૦ ૧૨૬૪ ની સાલનો છે તેમાં રાજાને મહારાજાધિરાજનાં સર્વ વિશેષણ જોડેલાં છે "પરમેશ્વર ભટાર્ક, શ્રીચૌલુક્ય, ચક્રવર્ત્તી, મહારાજાધિરાજ શ્રીમદ્ અ-"જુંનદેવ." વાઘેલા વંશના દસોદી બારોટ પોતાની વહી ઉપરથી કહેછે કે, અર્જુનદેવ વિસલદેવની પછવાડે ગાદિયે બેઠો હતો; પણ તેના રાજ્યમાં શા બનાવ બન્યા તે વિષે કાંઈ લખતા નથી. તેણે અણહિલવાડમાં રાજ્ય કર્યું અને તે શિવમાર્ગી હતો એમ જણાયછે. જે અગણિત રાજાઓ તેની આણ માનતા હતા તેમાં રાણક શ્રીસોમેશ્વરદેવ, સોવશા ચંદ્રાવતીનો પરમાર રાજા; અને ચાવડા ઠાકોરો પાલુકદેવ, રામદેવ, ભીમસિંહ અને બીજાઓનાં નામ છે. તેનો મહામાત્ય શ્રીમલ્લદેવ હતો, અને બીજા મુસલમાન કારભારી તેને હતા, જેવા કે એલાકુલનો હુરમઝ, અને નાખુદા નુરદીન ફીરોજનો દીકરો, ખોજા ઈબ્રાહિમ; પણ "નાખુદાના" પદથી આપણે

---

× પંદરોતરો દુકાળ (૧૩૧૫) કહેવાતો હતો તે વેળાએ કચ્છમાં ભદ્રેસર તાલુકો હતો તે જગડુશાહ નામના વાણિયાને વોરાવટ પેટે આપ્યો હતો તેથી જે માગે તેને અન્નવસ્ત્ર પૂરાં પાડી તેણે વસાઈના જીનપ્રસાદનો જીર્ણોદ્ધાર કરયો. ભા. ક.

* પાટણના રાજા વીસલદેવનું નામ ડભોઈ સાથે જોડાયલું છે તે વિષે ફાર્બ્સની ઓરિએન્ટલ મેમ્વારની પેહેલી આવૃત્તિના બીજા ભાગને ૩૩૫–૭ મે પૃષ્ઠે જુવો.

તેના અધિકારની કલ્પના કરી શકિયે તે સિવાય તેઓ શા કામપર હતા તે જણાઈ આવતું નથી; તેમજ હિંદુ રાજાના હાથ નીચે રાજ્યના નોકર તરીકે ગૂજરાતમાં આવવાનું તેઓને શું કારણ ઉત્પન્ન થયું હશે તે પણ કાંઈ જણાતું નથી.[૧]

વાઘેલાઓના ભાટ, અર્જુનદેવ વિષે લખ્યા પછી [૨]લવણરાજનું નામ આપેછે, પણ તેનું નામ બીજા લેખમાં આવતું નથી, અને તેને વિષે ભાટ લોકો પાસે વિશેષ વર્ણન આપવાનું પણ નથી; તેના પછી સા-[૩]રંગદેવ આવેછે, તેને આબુના લેખમાં (ઈ૦ સ૦ ૧૨૯૪) અણહિલ-વાડનો રાજા કરીને લખ્યો છે, અને તેના હાથ નીચે વીસલદેવને ચંદ્રા-વતીનો મંડળેશ્વર લખ્યો છે. સારંગદેવની પછી કર્ણ વાઘેલો, અથવા ઘેલાના ઉપનામથી જે પ્રસિદ્ધ થયો છે, તે અણહિલવાડના હિંદુ રાજા-ઓમાં છેલો રાજા થયો.

---

૧ આ લેખનું ભાષાન્તર આ પ્રકરણના વધારામાં આપ્યું છે. તે ઉપરથી જ-ણાશે કે, આ સમયમાં મુસલમાનોનો પ્રવેશ થયો હતો, તેઓ વ્યાપાર અર્થે પણ આવતા હતા, તે પ્રમાણે ઈરાની અખાત માહેલા ઓર્મઝ બંદર (વેલાકુલ) નો રેહેવાશી નાખુદા નુરૂદ્દીન પિરોજ-જેના બાપનું નામ ખોજા નાખુદા અબુ ઈબ્રાહિમ હતું, તે આવ્યો હતો, તેણે સોમનાથપાટણમાં એક મસ્જીદ બંધાવા માટે ભોંય વે-ચાતી લીધી, તે વેળાએ ત્યાંની મહાજનના આગેવાન-બૃહત્ પુરુષ (એટલે મોટા સં-ભાવિત માણસ—મહાજન) ઠક્કર શ્રી રામદેવ, પલુગિદેવ, રાણાશ્રી સોમેશ્વર દેવ, ઠક્કર શ્રી ભીમસિંહ તથા રાજ૦ શ્રી છાડાની સમક્ષ એ ધરતી લેવાઈ હતી, તેથી તે-મને એ કામના સાક્ષીભૂત ગણ્યા છે.

૨ રાજ્યવંશાવળી એવા નામની હસ્તલિખિત એક પ્રતિનો ઉતારો અમારી પાસે છે તેમાં લખેછે કેઃ—"વીરધવલ વર્ષ ૧૨ રાજ્યં. સં. ૧૩૧૧ તેજપાળ વસ્તપાલ હવા વીરધવલ પાડે રાજા વીસલદે હવા. તિણે વીસલનગર વસાયૌ ડભોઈનો ગઢ કરાવ્યૌ તેહ નહી પૂર્વે પોલે નવકાડિ, નિવાણું લાખ નવ હજાર નવસો ને નવા ટકા ખીસા. સં. ૧૩૨૭ વર્ષે અર્જુનદેવ વર્ષ ૩ રાજ્યં. રાજા લવણ વર્ષ ૪ રાજ્યં. સારંગદેવ વર્ષ ૩ રાજ્યં. સં. ૧૩૩૭ વર્ષે લઘુકર્ણ ગહિલડી વર્ષ ૬૦ રાજ્યં."

૩ ઉપરની હકીકત જોતાં સારંગદેવનું રાજ્ય સં. ૧૩૩૪ થી ૧૩૩૭ સુધીનું થાય પણ સારંગદેવના સમયનો કચ્છ માંહેલા રાપર ખોખરા લેખ સંવત્ ૧૩૩૨ (ઈ. સ.)નો મળી આવ્યો છે; તેમજ સંવત્ ૧૩૫૦ ઈ. સં. ૧૨૯૫ નો આબુનો લેખ અને સંવત્ ૧૩૪૩ ઈ. સ. ૧૨૮૭ના લેખથી પણ એ લખવું અપ્રમાણ ઠરેછે. લઘુ કર્ણના ૬૦ વર્ષ વિષે પણ "આઠ"ને બદલે "સાઠ" લખવાની ભૂલ થવા આશંકા લેવાઈ શકાય છે. ર. છ.

## વાઘેલાવિષે ભાષાન્તરકર્ત્તાનો વધારો.

ચૌલુક્ય વંશનો ભાયાત ધવલક નામનો હતો તેને વ્યાઘ્રપલ્લી (વાઘેલ) નો ગ્રાસ મળ્યો હતો, તે કુમારપાળની માશી વેરે પરણ્યો હતો. આગળ જ્યાં વૈરાટપુરી હતી તે સ્થાન તેને ઉત્કૃષ્ટ જણાયાથી પોતાના નામથી તેણે ધવલક્કપુર (ધોળકા) વસાવી એ ભાગમાં પોતાના ગ્રાસનો જમાવ કરેલો જણાયછે; ઘણાકાળથી વાઘેલના તેઓ ધણી હતા તેથી વાઘેલાની અવટંકથી ઓળખાતા હતા. ધવલનો સમય ઇ. સ. ૧૧૬૦ નો છે.

એના પછી એનો કુંવર અર્ણોરાજ થયો, તે કુમારપાળનો મસિયાઈ ભાઈ હોવાથી, તેના દરબારમાં રેહેતો હતો. તે સોલંકી વંશનો અંકુર ગણાતો હતો, અને રાજ્યની ચાકરી સારી કરવાથી તે રાજ્યનો તે સમયે તેને સામંત કરીને સ્થાપ્યો હતો. કુમારપાળના સમયમાં એની સારી વૃદ્ધિ થયેલી જણાયછે. ચતુર્વિંશતીપ્રબંધમાં ગૂજરાતની ભૂમિ જે રાજાઓએ ભોગવી તેનાં નામ જણાવ્યાં છે તેમાં લઘુભીમ પછી અર્ણોરાજનું નામ આવેછે અને આ વેળાએ મહા મંડળેશ્વરની પંક્તિમાં તો તેઓ દાખલ થઈ ગયેલા છે.

એક સમયે આનાક અથવા અર્ણોરાજ, કુમારપાળના ધવલગ્રહમાં તેની ચોકીને માટે રાત્રે સૂતો હતો ત્યારે, તેના ચાકરે આવીને કુંવર જન્મ્યાની વધામણી ખાધી. તે વેળાએ કુમારપાળે ભવિષ્ય કહ્યું હતું કે "એના જન્મની વધામણી ખાવાને ચાકર આવ્યો તેને દ્વારપાળે અટકાવ્યો નહિ તેથી હું રાજી થાઉંછું, કેમકે તે પુત્ર મહાગુણી થઈ ગૂજરાતનો રાજા થશે, પણ કુંવર જન્મ્યાની તમને વધામણી ખાઇને તે આ જગ્યાએથી નીચે ઉતર્યો તેથી આ ધવલગ્રહમાં અને આ નગરમાં (અણુહિલવાડ પાટણમાં) નહિ પણ કોઈ બીજા નગરમાં રાજ્ય કરશે."

"**श्री चौलुक्य कुलोत्पन्न महामंडलेश्वर राणक श्री लवणप्रसाद्देव.**" એ પ્રમાણે જેનું નામ શિલાલેખો આદિમાં લખાયું તે એ કુંવર, જેને કેટલાએક લાવણ્યસિંહ અને લાવણ્યપ્રસાદ પણ કહ્યો છે, અને "શ્રીમાન્ [1]લુણિગદેવ" એમ પણ લખ્યો છે તે આ કુંવર.

કીર્ત્તિકૌમુદીમાં લખ્યું છે કે મૂળરાજ પછી તેનો ન્હાનો ભાઈ ભીમ

---

૧ ખંભાતમાં ચિન્તામણી પાર્શ્વનાથનું દેરૂં છે તેમાં સંવત્ ૧૩૫૨ નો શિલાલેખ છે તેમાં કાહ્યું છે કે—"**श्रीमान् लूणिगदेव एव विजयी**" ઇત્યાદિ.

(બીજો ભીમદેવ) ગાદિયે બેઠો, તે બાળક (ભોળો) હોવાથી તેના પ્રધાનોએ તથા ખંડિયા રાજાઓએ તેનો સઘળો દેશ વેહેંચી લીધો, તે વાત ચૌલુક્ય વંશની બીજી એક શાખામાં ઉત્પન્ન થયેલા ધવલના પુત્ર અર્ણોરાજથી સહન ન થઈ, તેથી તેણે લડાઇમાં પોતાની તરવારથી તે દુષ્ટ લોકોને કાપી નાંખ્યા અને પોતાનો યશ અમર કરયો. આ પ્રમાણે અર્ણોરાજની ચડતી થતાં તેણે પોતાના પુત્ર લવણપ્રસાદને માટે રાજ્ય પ્રાપ્ત કરી લેવાનો માર્ગ સરલ કર્યો હતો.

જે વિરાટ નગરીમાં આવીને પાંડવો રહેલા, અને ઇ. સ. ૧૪૪ વર્ષના સમયમાં જ્યાં સૂર્યવંશી પ્રતાપી કનકસેન રાજા આવી વશેલો, તથા ત્યાંની રમણીય જગ્યા જોઇને સિદ્ધરાજ જયસિંહની પ્રતાપી માતા મયણલ્લદેવિયે મયણલ્લસર (મલાવ) બંધાવેલું તે ધવલક્ક (ધોળકા)* નગરીને અર્ણોરાજે પોતાની રાજધાની કરી હતી. ત્યાં રહીને લવણપ્રસાદે પોતાનો દેશ વધારવાનો પ્રયત્ન કર્યો છે. તેને વીરધવળ નામનો કુંવર હતો, તે પણ પોતાના પિતાની સાથે પરાક્રમ કરવામાં ભેગો રહ્યો હતો.

સુકૃત સંકીર્ત્તનના કર્ત્તા અરિસિંહના લખવા પ્રમાણે, એક દિવસે ચિન્તાતુર થયેલા હૃદયવાળા ભીમદેવને સ્વપ્નમાં કુમારપાળે દેખા દઇને કહ્યું કે "મારો તારા ઉપર સ્નેહ હોવાથી હું તારી પાસે આવ્યો છું. દુષ્ટ અમાત્યો તારી અવજ્ઞા કરેછે તોપણ તારૂં રાજ્ય રહ્યું છે તે મારી પ્રસન્નતાને લીધેજ, માટે હું તમને કહુંછું તે સાંભળી [1]લાવણ્યપ્રસાદ રણમાં ચડીને તે પોતાની તરવારરૂપી જીભ પ્રસારીને શત્રુને આખો ને આખો ગળી

*ધોળકા, અમદાવાદ તાલુકામાં છે. સન ૧૮૮૧ ની સાલમાં એમાં ૧૧,૮૮૦ હિંદુ અને ૫,૬૫૮ મુસલમાન અને બીજા ૧૭૮ થઈને ૧૭,૭૧૬ માણસની વસ્તી હતી. જૂના સમયના મેહેલનાં ખંડેર અહિં છે. તેની આસપાસ સાધારણ કોટ, ચાર મૈલના ઘેરાવનો છે. વાઘેલાઓનું રાજ્ય ગયું ત્યાર પછી મુસલમાનો આવ્યા ત્યારે પણ દિલ્લીના પાદશાહના સૂબા અહિં રેહેતા હતા, તે સમયની સારી મસ્જીદો અને ઇમારતોનાં ખંડેર પણ હજી જોવામાં આવેછે. મરાઠાઓએ ઈ. સ. ૧૭૫૭ માં આ શેહેર લીધું હતું, તેમની પાસેથી ઈ. સ. ૧૮૦૪ માં બ્રિટિશ સરકારના તાબામાં આવ્યું છે. ૧૮૧૩ ના દુકાળ પછી તેની આગળના જેવી આબાદી રહી નથી. ધોળકામાં જે કસબાતી વસે છે તેમના પૂર્વજ અલ્લાઉદ્દીન ખૂનીના વારામાં ત્યાં આવી રહેલ છે. ઈ૦ ગઝેટિયર.

૧ श्री धवलांगज, भीमपल्लीपुरप्रभु ધવલના અંગથી ઉત્પન્ન થયેલો અર્ણોરાજ જે ભીમપલ્લીનો ધણી (सुतस्तस्यास्ति लावण्यप्रासाद) તેનો કુંવર લાવણ્યપ્રસાદ.

જાય એવો છે, એની તરવારે યુદ્ધ પ્રસંગમાં પ્રતાપરૂપી અગ્નિમાં તપીને વારંવાર શત્રુ પાસેથી પ્રાપ્ત કરી લીધેલા યશરૂપી જળનું પાન કર્યું હોય તોપણ તે શાન્ત થતી નથી. એના પ્રતાપાગ્નિથી સંતપ્ત થયેલા એના શત્રુ ટાઢા પડી શાન્ત થવા માટે એની તરવારના પાણીમાં પેશી જાયછે. ત્યાં પણ તેની તરવારના પ્રકાશ પામતા જળની થંડી લેહેર તેમને એવી લાગેછે કે, તેથી તેઓ છેક ઠરી જાયછે એવી તેમને ટાઢ ચડેછે. તે મટાડવા તેઓ તાપવા માટે સૂર્યમંડળમાં પ્રવેશ કરેછે, એવા પરાક્રમી આ લાવણ્યપ્રસાદને તું ઐશ્વર્ય સોંપીશ તો સુખી થઇશ. એનો પુત્ર વીરધવળ એવો જ પરાક્રમી છે. તે એમ ઇચ્છેછે કે એક વાર ભાર્ગવે (પરશુરામે) ક્ષત્રિયોનો ક્ષય કરી નાંખ્યો હતો તે પાછો પૃથ્વીમાં કયારે આવે કે હું તેનું વૈર લઉં.

એનામાં એવી વીરલક્ષ્મી છે કે તેનો પ્રતાપ જોઈ એના શત્રુઓ રણભૂમિમાંથી પલાયન કરી જાયછે, અને તેઓ પોતાનાં શસ્ત્રઅસ્ત્રનો ઉપયોગ કરી શકતા નથી તેથી તે બિચારાં લાજતાં હોય એમ જણાયછે. એવા આ પરાક્રમી વીરધવલને તું તારો યુવરાજ કરીશ તો સુખે રાજ્ય ચલાવી શકીશ." આ પ્રમાણે કહીને તે અદૃશ્ય થઈ ગયો. એટલે ભોળોભીમ જાગૃત થઈ ગયો, અને સવારના પ્રહરના પોતાના નિત્યકર્મથી પરવારીને પોતાની ભવ્ય રાજસભામાં તેણે પ્રવેશ કરયો તે વેળાએ તેના સામંતો અને માંડલિક રાજાઓ પણ તેની સભામાં હાજર થઈ ગયા હતા. તેમાં લાવણ્ય પ્રસાદ અને વીરધવળ ભણી તેણે અમૃતના કુંભ સદૃશ બે આંખો ઢાળીને જોયું, અને શિષ્ટ સભાસદો સમક્ષ લવણપ્રસાદને કહ્યું કે, તમારા પિતા, જેણે શત્રુઓને પરાભવ પમાડયા છે તેનો અધિકાર તમે પામ્યા છો તો તમને હું "સર્વેશ્વર"નું પદ આપુંછું અને આ ધવલ (ઊજળા) ગુણવાળો જે વીરધવળ તેને મારો યુવરાજ બનાવુંછું, એમ કહીને તેમને અભિષેક કરયો અને પોશાક આપ્યો; પછી તેમણે પ્રાર્થના કરવા ઉપરથી વસ્તુપાળ અને તેજપાળને તેમના મંત્રી ઠરાવ્યા.

ચતુર્વિંશતિ પ્રબંધ અંતર્ગત વસ્તુપાળ [1]પ્રબંધમાં એમ લખ્યું છે કે,

---

[1] ગૂજરાતી ભાષાન્તર. મ. ન. કૃત, વડોદરા દેશી કેળવણી ખાતું પૃષ્ઠ ૧૮૪-૨૩૩.

બંને ભાઈ શત્રૂંજય ગિરનાર આદિ તીર્થની યાત્રા કરીને પાછા વળતાં ધોળકે આવ્યા, તેવામાં ગૂર્જર દેશાધિષ્ઠાત્રી મહણદેવી વીરધવળને સ્વપ્નમાં દેખા દઇને કેહેવા લાગી કે, "આ ગૂર્જરધરા વનરાજ આદિ ચાપોત્કટ (ચાવડા) રાજાઓએ ૧૯૬ વર્ષ ભોગવી; ત્યાર પછી મૂળરાજ ચામુંડરાજ, દુર્લભરાજ, ભીમ, કર્ણ, જયસિંહ, કુમારપાળ, અજયપાળ, લઘુભીમ, અને અર્ણોરાજ એ ચૌલુક્યોએ ભોગવી; હવે તમે પિતાપુત્ર બંને તેના ભોક્તા છો. સ્વામીના અભાવે કરીને ગૂર્જરધરા કાળબળને લીધે પાપી મ્લેચ્છ લોકોથી ગાયની પેઠે મત્સ્યન્યાયે પીડામાં પડેલી છે. માટે તમે જો વસ્તુપાળ તેજપાળને મંત્રી બનાવો તો રાજ્યનો પ્રતાપ અને ધર્મ વૃદ્ધિ પામે. હું તમારા પુણ્યના બળથી આકર્ષાઇને આવીછું, અને તમને શીખામણ આપુંછું." આમ કહીને તે અદૃશ્ય થઈ ગઈ. આવો ને આવો ઉપદેશ તેણે લવણપ્રસાદને પણ કરયો હતો. સવારે પિતાપુત્ર બન્ને મળ્યા ત્યારે સ્વપ્નની વાત એક બીજાને નિવેદન કરી, અને બંનેને ઘણો હર્ષ થયો. પછી તેજ ક્ષણે પોતાના કુલગુરૂ સરસ્વતીના પુરૂષાવતાર શ્રી સોમેશ્વર સ્વસ્ત્યયન માટે આવ્યા તેમને બધી વાત નિવેદન કરી એટલે તેણે કહ્યું કે હે દેવ! તમારા પ્રાચીન પુણ્યથી દેવતા તમને સાક્ષાત્ દર્શન દેછે તો તેના કેહેવા પ્રમાણે છે. મંત્રીબળ વિના રાજ્યનું કાંઈ બળ જાણવું નહિ. જેને વિષે દેવિયે આપને કહ્યું છે તેઓ અહિં આવેલા છે, અને મને મલ્યા છે, રાજ્યસેવા કરવાની તેમને ઈચ્છા છે. તેઓ બોહોતેર કળા જાણ, ન્યાયનિષ્ટ ધર્મજ્ઞ છે. જો આજ્ઞા હોય તો તેમને તેડી લાવું. રાણાએ હા કહી એટલે તે તેમને તેડી લાવ્યો અને તેમને નમસ્કાર આસનાદિથી માન અપાવ્યું. પછી પિતાની આજ્ઞા લઈ વીરધવળ બોલ્યો કે અમારા ઉપર રાજ્યભાર આવી પડયો છે તો કારભાર ઉપાડી લેવા તમ સરખા અમાત્યની અમને અગત્ય છે. ગમે તે ધર્મ કર્મ આદિથી પૃથ્વી ઉપર વિભૂતિ તો આવી મળેછે પણ એવાં સુકૃત દુર્લભ છે કે જેના યોગે કરીને ઉત્તમ પુરૂષરત્ન હાથ લાગે. વસ્તુપાળે કારભાર લેવાની હા કહી, પણ એવી વિનતિ તરીકે અમારા ઘરમાં ત્રણ લક્ષ દ્રવ્ય છે, કદાપિ આપને પિશુન વચન ઉપર વિશ્વાસ આવે અને અમને રજા આપવાની ઈચ્છા થાય તો અમારા દ્રવ્ય સહિત અમને દિવ્ય કરાવીને રજા આપશો. રાણાએ કહ્યું કે ઠીક છે, આ વાતમાં કાહાલિકને

વચ્ચે રાખીને તમારી ખાતરી કરી આપિએછિયે. એમ કહી પ્રધાનમુદ્રા તેજપાલના હાથમાં આપી. સ્તંભતીર્થ (ખંભાત) અને ધવલક્કા (ધોળકાં) નું આધિપત્યપણું વસ્તુપાળને સોંપ્યું.

કીર્ત્તિકૌમુદીમાં લખ્યું છે કે, એક સમયે રાત્રિના પાછલા પ્રહરમાં લાવણ્યપ્રસાદ જાગી ઊઠયો, અને પોતાના પુરોહિત સોમેશ્વરદેવને અને પોતાના પુત્ર વીરધવળને બોલાવ્યા. પુરોહિત આવી પોહોંચતાં તેને પ્રણામ કરી બેસવાને આસન આપ્યું એટલે તે આશીર્વચન કહીને બેઠો; તેમજ કુમાર પણ પોતાના પિતાને પ્રણામ કરીને બેઠો. પછી રાત્રે પોતાને સ્વપ્ન આવ્યું હતું તે કેહેવા લાગ્યો. "જાણે આજે હું હિમાચળ પર્વતના શિખર ઉપર ગયો, તે સ્થાન વિદ્યાધરોની સ્ત્રિયોથી શણગારાયેલું હતું. પાર્વતી સહવર્ત્તમાન મહાદેવ મણિવેદીકા ઉપર આસન માંડી બેઠા હતા. તેમની ધવલ કમળથી પૂજા કરવાને હું પ્રવૃત્ત થયો; પૂજા કરી રહ્યા પછી સમાધિમુદ્રા ધારણ કરીને બેઠો, એટલામાં કોઈ એક સુંદર સ્ત્રી મારી નજરે પડી. તેનું મુખ ધોળું હતું, ધોળાં વસ્ત્ર પેહેર્યાં હતાં, ધોળા ચંદનથી તે વિલેપન થઇ હતી, હાથમાં ધોળી માળા ધારણ કરી હતી. આવી સ્ત્રીને જોઇને હું ઘણો વિસ્મય પામ્યો. તે પાસે આવી એટલે મેં તેને પૂછ્યું કે તું કોણ છું? અને કોની સ્ત્રી છું? અહિં શ્યા માટે આવી છું? એટલામાં તો તે બોલી ઉઠી. હે વીર! શત્રુઓના યૂથથી પીડાતી હું ગૂજરાતની રાજ્યલક્ષ્મી છું. શત્રુવર્ગનો નાશ કરવાને ગૂજરાતના જે રાજાના ભુજદંડ ઉપર મારો નિવાસ હતો, અને જે હાથિયોના દંતુસ ઉપર હું થણથણાટ કરી રહી હતી તે રાજા અને તે હાથિયો હવે નથી. હવણાં ચક્રવર્ત્તિ પદ ઉપર જે રાજા છે તે બાળક છે; તેથી તે શત્રુઓના સૈન્યનો નાશ કરી શકે એમ નથી. તેમજ જે મંત્રિયો અને માંડલિકો પોતાના સ્વામીની સ્ત્રીરૂપ થયેલી રાજ્યલક્ષ્મી ઉપર હાથ નાંખેછે તેનું નિવારણ કરવાને કેવો ઉપાય થઇ શકે? હવણાં કોઇ એવો પુરૂષ નથી કે જે મને આવા સંકટમાંથી ઉગારે. મારા કવચ રૂપ જે આમશર્મા હતો (જૈનનો ધર્મોપદેશક) તે આ વેળાએ નથી. મુંજાલસુત (કર્ણનો ધર્મોપદેશક) જેણે ક્ષત્રિયોરૂપી સર્પોને મંત્રવડે ગર્વ રહિત કરયા હતા તે પણ આ ટાણે નથી. લડાઈમાં શૂરવીર એવો રાષ્ટ્રકૂટ (રાઠોડ) પ્રતાપમલ્લ પણ નથી. અરે! જગદેવ પરમાર અને પુરોહિત કુમાર જેવા વિના હું પોતાનાજ રાજાઓથી શત્રુઓની

પેઠે, આ દશાને પ્રાપ્ત થઈ છું. જે નગરી મૂળરાજના વંશમાં ઉત્પન્ન થયેલા રાજાઓના તેજથી ઝગઝગાટ મારતી હોવાને લીધે જેમાંથી અંધકારનો નાશ થઈ ગયો હતો તે નગરીમાં હવણાં રાત્રિની વેળાયે એક દીવા સરખો પણ હોતો નથી. મદોન્મત્ત હાથિયો અહિંતહિં ફરવાથી તેમના ઘંટનાદે કરીને જેની શેરિયો ગાજી ઉઠતી હતી તે રાજધાની નગરી હવે રાત્રની વેળાએ શિયાળોના શબ્દથી ફૂતકાર કરતી દેખાયછે. જેના તળાવની અંદર ક્રીડા કરતી સ્ત્રિયોનાં મુખકમલ પરાવર્ત્તન પામવાથી તે જાણે કમળપુષ્પોથી ભરેલું હોય એવું જણાતું હતું તે તળાવ હવણાં જાણે વાયુએ કરીને ઉડેલા છાંટાના મિષથી રોતું હોય એવું જણાયછે. જે નગરી ઝાડોની ઘટાના વેષ્ટનથી લીલા કચ જેવા મસ્તકવાળી જણાતી હતી તે નગરી હવે ઝાડો કપાઈ જવાથી જાણે માથું મુંડાવેલ સ્ત્રીના જેવી બોડી થઇ ગયેલી દેખાયછે; કુંડલ સમાન જેનો કોટ તૂટી જવાથી તે કુંડળ વિનાની દેખાયછે; અને સર્વ પ્રકારના વિષયોનો ત્યાગ કરવાવાળી જાણે વિધવા સ્ત્રી ન હોય એવી ગૂજરાતના રાજાની રાજધાની, દીનતાને પ્રાપ્ત થયેલી, ગરીબડી સરખી દેખાયછે. માટે અહો શત્રુવિનાશક! નાશ થતાં બાકી રહેલી તે રાજધાનીનો તું ઉદ્ધાર કર. એમ લલકારીને મને પાણી ચડાવતી તે સ્ત્રી મારા ગળામાં ધોળા પુષ્પનો હાર પેહેરાવીને મારી નિદ્રાની સાથે તે ક્યાંય ઉડી ગઈ તેની મને ખબર પડી નહિ !!

આ પ્રમાણે સ્વપ્નની વાત કહીને રાજા વિરામ પામ્યો એટલે સોમેશ્વરદેવે કહ્યું કે, આ સ્વપ્નનું ફળ અતિ ઉત્તમ છે, તે એકે ગૂજરાતની રાજલક્ષ્મી આપને પ્રાપ્ત થશે, અને આપ તેનું એવી રીતે પાલન કરશો કે તે આપને કદાપિ પણ છોડશે નહિ. એમ કહી પુરોહિત પોતાને ઘેર ગયો. ત્યાર પછી એક દિવસે વસ્તુપાળ અને તેજપાના ગુણોથી સંતુષ્ટ થયેલા લાવણ્યપ્રસાદે તેમને બોલાવી પોતાના રાજ્યનું પ્રધાનપદ આપ્યું.

સાત દિવસ થયા ત્યાર પછી એક જૂનો અધિકારી જે ઘણો દુરાચારી હતો તેનો વસ્તુપાળે એકવીશ લાખ દ્રામ (દ્રમ્મ) દંડ કરયો તે દ્રામનો ઉપયોગ કરીને ઘોડા, હાથી, ખરીદ કરયા અને પગારદાર પાળા રાખ્યા. આ પ્રમાણે ઉત્તમ સૈન્યની તૈયારી કરી, અને તેની મદદથી ધવલક્ક (ધોળકા)ની પાછળ પાંચસેં ગામ હતાં તેમના ગ્રામણી (પટેલ) બેહેકી ગયા હતા, અને તેઓએ લોકોને કનડીને ઘણા કાળનું ધન એકઠું કર્યું હતું તે

તેમને દંડીને તેમની પાસેથી છીનવું લીધું. કેટલાક જૂના વેપારિયોની પાસેથી પણ પૈસા હણી લીધા. આ પ્રમાણે ઘણું ધન ભેગું કરતા ગયા, અને લશ્કર વધારતા ગયા. લવણપ્રસાદ ધોળકામાં રહ્યો તેની પાસે વસ્તુપાળને રાખ્યો; અને તેજપાળ, વીરપાળને (વીરધવળને) પોતાની સાથે લઇને આખા ગૂજરાતમાં ભ્રમણ કરવા લાગ્યો. આ ફેરણીમાં ઘણી સમૃદ્ધિ મેળવી લીધી. એકવાર વીરધવલને તેજપાળે કહ્યું કે દેવ! સોરઠમાં ઘણા ધનવાન ઠાકોરો છે, તેમની પાસેથી ખંડણી લઈ શકાય એમ છે, માટે એ વિષે આપની શી ઇચ્છા છે? સ્વાદ પડેલા અને ધનલોભથી લલચાયેલા વીરધવળે કહ્યું કે હા, આપણે એ પ્રમાણે [1]કરવું. પછી સૌરાષ્ટ્ર ભણી જતાં રસ્તામાં વર્ધમાનપુર (વઢવાણ) આવ્યું. ત્યાંના ગોહિલ વંશના ઠાકોરો પાસેથી ખંડણી લીધી. ત્યાંથી ચાલ્યા તે વામનસ્થળી (વનથલી) આવ્યા. આ ઠેકાણે વીરધવળના [2]સાળા સાંગણ અને ચામુંડરાજ રાજ્ય કરતા હતા.

---

૧ વીરધવળપ્રબંધમાં લખે છે કે, લક્ષ્મી જોઈને વીરધવળને લોભ વધ્યો અને તે તેજપાળ પ્રતિ બોલ્યો કે સૌરાષ્ટ્ર દેશમાં ધનવંતા ઠાકોર છે, તેમને દંડયા હોય તો ઘણું ધન મળે.

શાસ્ત્રી વ્રજલાલ કાલિદાસે વીરધવલપ્રબંધ એવા નામનો વિષય સને ૧૮૬૬ ની સાલના બુદ્ધિપ્રકાશ પુસ્તક ૧૩ મામાં લખ્યો છે. આવો પ્રબંધ સંસ્કૃતમાં કે પ્રાકૃતમાં રચેલો એમને મળ્યો હશે કે નહિ તે વિષે કાંઇ જાણવામાં નથી એમના પુસ્તકસંગ્રહમાં આ અને વિસલદેવપ્રબંધ નામનું કોઈ પુસ્તક હોય એમ જણાતું નથી, પણ એક વાર પોતે રેલવેમાં બેશીને જતા હતા તે વેળાએ જૂના પુસ્તકોનું એક પોટકું હતું તે ગાડીમાં રહી ગયું હતું એમ મને કેહેતા હતા. તે પ્રસંગ એ હતો કે મારે પિંગળનાં-પુસ્તકો જોયતાં હતાં તે વિષે એમણે મને કહ્યું કે રેલવે ગાડીમાં મારૂં પોટકું રહી ગયું તેમાં પિંગળનાં થોડાંક પુસ્તક હતાં તે પણ ગયાં. આ પુસ્તકો જેને હાથ પડયાં હશે તેને કાંઈ કામનાં નહિ હોય અને આપણને તે મળતાં નથી તેથી ખેદ થાયછે.

વીરધવળપ્રબંધ એવા નામનો કોઈ સ્વતંત્ર ગ્રંથ હોય એમ અમને લાગતું નથી. એ લખાણ વાંચતાં કીર્તિકૌમુદી, ચતુર્વિંશતી પ્રબંધ, સુકૃતસંકીર્તન. વસ્તુપાળ તેજપાળ ચરિત્ર આદિ ગ્રંથો ઉપરથી સંગ્રહ કરીને લખ્યો હોય એમ મેલવણી કરવાથી જણાય છે. એમની પાસે કીર્તિકૌમુદીનું હસ્ત લિખિત જૂનું પુસ્તક હતું તે તેમણે કાથવટેને આપ્યું હતું અને તે ઉપરથી એ ગ્રંથ છપાવવામાં તેમને એ પુસ્તકનો સારો આશ્રય મળ્યો હતો.

૨ પછવાડે પૃષ્ટ ૩૯૨ પંચગ્રામ સંગ્રામ ભૂમીના પ્રસંગમાં લખતાં જયતલદેવીના બાપ શોભણદેવ સાથે વીરધવલ ઘાયલ થઈ પડયાનું લખ્યું છે, પણ આગળ વાંચવામાં આવશે કે, તે શોભણદેવ સાથે પંચગ્રામમાં લડયો નથી પણ ભદ્રેશ્વરના ભીમસિંહ પ્રતિહાર ( પડિયાર ) સાથે ત્યાં લડયો છે. તેમાં તે પોતાના ઉપરવટ નામના ઘોડા ઉપરથી પડી ગયો છે પણ મારયો ગયો નથી.

આ બન્ને મહાઉદ્દામ વીર્યવાળા રજપૂત હતા. સૌજન્યમર્યાદા સાચવવા માટે પોતાની રાણી જયતલદેવી સાથે પોતાના સાળાને કેહેણુ મોકલ્યું, તેણે જઇને પોતાના ભાઇયોને કહ્યું કે, તમારો બનેવી મહા પરાક્રમી છે. જેઓ કોઈ દિવસ દંડાયા નથી એવા અદંડયને પણ દંડેછે. તથા જેઓ અભંગ છે તેઓને ભાંગી નાંખેછે. તે ગૂર્જર દેશમાંથી ગામેગામ અને નગરેનગર ખંડણી લેતો અહિં તમારી પાસેથી ખંડણી લેવા આવ્યો છે; માટે ધન, ઘોડા, આદિ જે કાંઈ આપવા સરખું હોય તે આપીને વિદાય કરો. આવું પોતાની બેહેનનું બોલવું સાંભળીને મદે કરીને ઉન્મત્ત થયેલા તેના ભાઇયો બોલ્યા, બેહેન ! તમે એમ જાણો છો કે, અમે તમારા પતિ સાથે યુદ્ધ કરીશું તેમાં તે મરાશે તો તમને રંડાપો આવશે માટે સંધિ કરવાની ભાંજગડમાં તમે પડ્યાં છો; પણ એ વાતની તમે ચિંતા કરશો નહિ, અમે તમારા પતિને મારી નાંખીશું ખરા પણ અમે બાપને ઠેકાણે રહીને તમારૂં પાલણપોષણ કરીશું. આવું તેમનું અયોગ્ય કથન સાંભળીને જયતલદેવી[૧] બોલી, "પરાક્રમ કરતાં મારા પતિનો વધ થશે તેથી હું ડરતી નથી; પણ એમાં મારા બાપના વંશનું ઉચ્છેદન થશે તેની મને બીક છે; મારો પતિ કેવો છે તે શું તમે નથી જાણતા ? એમની બરોબરી કરી શકે એવો કોણ છે ? એ તો પોતાના ઉપરવટ નામના ઘોડા ઉપર ચડીને બાણ ફેંકતા, ભાલા ફેરવતા, ખડ્ગ ખેલાવતા, આખા જગત્‌માં જાણે પોતે એકલાજ વીર હોય એવા મારી આંખોને ટાહાડી કરે એવા છે. અરે ! એ તો પોતાના અરિના પૂરેપૂરા કાળ છે. જેણે પારકો હાથ અને પારકી શક્તિ જોઈ નથી ત્યાં સુધી બળ દાખવીને બડાઇયો મારે." આ પ્રમાણે કહીને તે પોતાના પતિ પાસે ચાલી ગઈ, અને જે વાત બની હતી તે બધી કહી સંભળાવી; તે સાંભળીને તેની આંખો ક્રોધથી લાલચોળ થઈ ગઈ, ભ્રકુટી ચડીગઈ અને તેની આખી આકૃતિ ભીમસેનના જેવી બની ગઈ. તેણે સંગ્રામ કરવાની તૈયારી કરી. પેલા બે વીર ભાઇયો પણ સૈન્ય લઇને સામા આવ્યા. ભારે યુદ્ધ મચ્યું; બન્ને પક્ષના હજારો યોદ્ધા રણમાં

---

૧ ખંભાતમાં કુંતનાથનું દેરૂં છે તેમાંના લેખમાં वयजलदेवी નામ છે. જુઓ ભાવનગર લેખમાળાને પૃષ્ટ. ૧૨૫. નીચે પ્રમાણે છેઃ—

**बहु विग्रह संग रचित महसावनपर महेलया श्रितया**
**जयलक्ष्म्येव सदेव्या वयजलदेव्या दिदेव नरदेवः**

પડ્યા; ધૂળવડે આખું ગગન છવાઈ ગયું; તુમુલ યુદ્ધ થયું તેથી પારકું કોણ અને પોતાનું કોણ એમ કોઈ કોઇને ઓળખી શક્યા નહિ. આવામાં બંને લશ્કરમાં એવી હાક વાગી કે "વીરધવળ પડયો." પણ એટલામાં તો તે દિવ્ય અશ્વ ઉપર બેઠેલો સાંગણ અને ચાંમુંડરાજની લગભગ જઈ પોહોંચ્યો, અને તેમને લલકારીને કહેવા લાગ્યા કે "અરે! સોરઠિયાઓ! થાઓ સામા, આવીજાઓ અને બળ હોય તો તમારાં ખડ્ગ ખખડાવો; નહિ તો દંડ આપીને બચી જાઓ; એમાંથી જે સારૂં તે તમારૂં." અન્ત આવી રહ્યો હતો તેથી લડવાનું તેમને સૂઝયું, સામાસામી યુદ્ધ મચ્યું, વીરધવળે એવું પરાક્રમ દાખવ્યું કે દેવતાનાં ડોકાં ડોલાયમાન થઈ ગયાં. તેણે સાંગણ અને ચામુંડરાયને સામટા હણી નાંખ્યા. ક્ષેત્રની શુદ્ધિ કરી, પોતાના અને પારકા જે મરાયા હતા તેમને ગતિયે પોહોંચાડ્યા અને ઘાયલની ખબર લીધી, પછી પોતે વનસ્થલીમાં ગયો ત્યાં તેના સાળાના ધનકોષમાં સો પેહેડીનું એકઠું કરેલું સર્વ પ્રકારનું ધન કોટી સંખ્યા પ્રમાણનું હતું તે સર્વે લઈ લીધું. ૧૪૦૦ દિવ્ય તુરંગ લીધા, ૫૦૦ તેજી તુરંગ લીધા, તે સાથે વળી મણિ, મોતી આદિ જે હાથ લાગ્યું તે લીધું. જયજયકાર વર્ત્તાવી દીધો. ત્યાં તે આખો એક માસ રહ્યો, પછી પોતાનાસાળાના કુંવરને ત્યાંની ગાદિયે સ્થાપીને અને તેમની પાસેથી ખંડણી લેવાનો કરાર કરીને ત્યાંથી ચાલ્યો; તે વાજા, નગજેંદ્ર, ચૂડાસમા, વાલાક, આદિ ઠાકોરોની પાસેથી દંડ લેતો લેતો ઠેઠ દ્વારકા-બેટ સુધી પોહોંચી વળ્યો. આ પ્રમાણે ઘણા ધનનો સંગ્રહ કરીને આખા સૌરાષ્ટ્રમાં જય મેળવતો પોતાના મંત્રી તેજપાળ સહિત ધોળકામાં આવી પોહોંચ્યો. ત્યાં તેનું શોભાયમાન સામૈયું થયું અને ત્યાં એક પછી એક ઉત્સવ થવા લાગ્યા.

આ સમયે કચ્છ દેશ માંહેલા ભદ્રેશ્વર વેલાકુલ (બંદર)માં ભીમસિંહ પ્રતિહાર (પડિયાર) પોતાના બળ ઉપર ઝુંઝતો હતો, તે કોઈની આજ્ઞા પાળતો નહતો, તેમ વળી તે સમૃદ્ધિમાન્ પણ હતો. આવું તેનું આચરણ જોઇને વીરધવળે તેને કેહેવરાવ્યું કે તારે અમારી આજ્ઞાને સ્વાધીન થઇને રહેવું જોઇએ. તેના ઉત્તરમાં તેણે ઉલટું એમ કેહેવરાવ્યું કે હું તારી આજ્ઞામાં શાનો રહું! પણ તમારે અમારી આજ્ઞામાં રેહેવું જોઇયે. આવી તેની ઉદ્ધત વર્ત્તણૂક ઉપરથી વીરધવલને રોષ ચડયો, અને પોતાની સાથે ચડી જવાને માટે ગૂજરાતના રજપૂતોને તેણે એકઠા કરવા માંડયા.

આણીમગ ભીમસિંહ પણ સેના આદિથી પ્રબળ થઈ બેઠો હતો. આવા પ્રસંગમાં જાબાલીપુર (જબલપુર)માં ઉદયસિંહ નામે રાજકુલ (રાવળ) રાજ્ય કરતો હતો; તે ચાહમાન (ચોહાણ) કુળના ભૂષણરૂપ શ્રી અશ્વરાજની શાખાના કેતુપુત્ર સમરસિંહનો કુંવર થતો હતો. આ ઉદયસિંહના ત્રણ પિત્રાઈ હતા અને તે ત્રણે એક માતાના પુત્ર હતા, તેમાં એકનું નામ સામંતપાલ હતું, બીજાનું નામ અનંગપાલ હતું અને ત્રીજો *ત્રિલોકસિંહ નામે હતો. આ ત્રણે ભાઈ શૂરા તથા દાતાર હતા. તેમને રાજ્યભણીથી ગ્રાસ મળ્યો હતો, પણ તેટલાથી તેઓ સંતુષ્ટ નહતા, માટે પોતાનું કર્મ અજમાવા ધોળકા ભણી નીકળી આવ્યા, અને વીરધવળને કેહેવરાવ્યું કે અમે ત્રણ ક્ષત્રિયો રાજાની સેવામાં રેહેવાને માટે આવ્યા છિયે, જો આપની ઈચ્છા હોય તો મળવા આવિયે, વીરધવળે તેમને પોતાની હુઝૂરમાં બોલાવ્યા અને તેમનો સર્વ વૃત્તાન્ત પૂછી લીધો, તેમાં તેમણે જણાવ્યું કે અમારે પ્રત્યેકને લૂણસાપુનો બે બે લાખ દ્રામ ઉપજે એટલો ગ્રાસ છે, તોપણ અમારૂં પૂરૂં થતુ નથી તેથી અમે આવ્યા છિયે, જો અમને રાખવાની આપની ઈચ્છા હોય તો અમે એક એક લાખ દ્રામ લઈશું. અને આપ રીઝો એવી આપની યોગ્યસેવા બજાવીશું. રાણાએ કહ્યું કે એવડી રકમથી સોથી યોદ્ધા રાખી શકાય તમે એવડી શી ધાડ મારવાના હતા કે આવડી મોટી રકમ માગોછો? રીતસર માગણી કરો તો વિચાર થાય. ત્રણે ભાઈયોએ કહ્યું કે ત્યારે તો આપની ઈચ્છા; અમે એથી ઓછે રેહેવાને રાજી નથી. વીરધવળે તેમને પાનનાં બીડાં આપીને વિદાય કરયા; પણ વસ્તુપાળ અને તેજપાળ તે સમયે હાજર હતા તેમણે કહ્યું કે "સ્વામિન્! આ ત્રણ પુરૂષો ખરેખરા શૂરવીર છે, એમને પાછા જવાદેવા ઘટિત નથી. આવા પુરૂષોનો સંગ્રહ કરવાથી ધનનો સંગ્રહ થાયછે, કહ્યુંછે કેઃ—

( ગિતિ. )

નારી, નર, ને વારણ[1], વાજી[2], પાષાણ[3] ને વળી વારી[4];
વસ્ત્રો વિવિધ તણાં પણ, તેમાં અતર ગણાય અતિભારી.

---

* વ્રજલાલ શાસ્ત્રી ત્રિલોકપાળ લખેછે.

૧ હાથી. ૨ ઘોડો. ૩ નાના પ્રકારના પથ્થર–હીરા, લીલમ, લાલ ઈત્યાદિ. ૪ પાણી.

તેમણે કહ્યું આ બધું છે તો એકનું એક પણ તે પ્રત્યેકમાં અતિ ઘણું અંતરછે. મનુષ્ય તો એકનું એક પણ એક પુરૂષ એક દામનો ગણાય અને તેવોજ બીજો પુરૂષ લાખો દામનો ગણાય. એક કચ્છી કેહેવતછે કે

"આણંદ ચે પરમાણદા, માડુએં માડુએં ફેર,
હિકડા લખેં ન જુડે, બેયા ત્રાંબિયેજા તેર."

માટે આવા પરાક્રમી પુરૂષોને જવા દેવા જોઇયે નહિ. વીરધવલની કૃપણતા આગળ પ્રધાનોનું કાંઈ ચાલ્યું નહિ. પેલા ત્રણે ભાઈ સામા પક્ષવાળા ભીમસિંહને ત્યાં ગયા અને વીરધવલના કૃપણપણાની વાત નિવેદન કરી. ભીમસિંહે બળિયા સાથે બાથ ભીડી હતી, તેને આવા શૂરા પુરૂષોને રાખવાનું ટાણું હતું, એટલે તે તેમના ઉપર તુશમાન થયો અને માગ્યા કરતાં બમણો ગ્રાસ બાંધી આપીને તેમને રાખ્યા. તેમણે ભીમસિંહને લલકારીને કહ્યું કે આપ ભલે વીરધવળને કાહાવો કે એ જો ક્ષત્રિય બચ્યો હોય તો યુદ્ધ માટે સત્વર આવે. નહિ તો આપણને શરણ થાય. ભીમસિંહે ભાટ મોકલીને તે પ્રમાણે તેને કાહાવ્યું. વાઘને છંછેડીને કોઈ સામો રહી ટકી શકે નહિ, તેમ વીરધવલને આવાં વાક્ય સાંભળીને પગથી તે માથા સુધી જ્વાળા લાગી. તેણે સત્વર પોતાની સેના સજ્જ કરાવી. અને ભાટને આગળ મોકલીને ભીમસિંહને કેહેવરાવ્યું કે ભલે તું લડવાને માટે પંચગ્રામ આગળ આવીને ઉભો રેહે. ભીમસિંહ સજ્જ થઇને કહેલે સ્થાને પોતાની સેના સહિત હાજર થઈ ગયો. સામસામી બાજુએ બંને સેના પડી છે, તેમાં ક્ષત્રિયોના સિંહનાદ થવા લાગ્યા; નાચણોના નાચના થણુથણાટ અને મધુર સ્વરના આલાપ થવા લાગ્યા; દાનેશરિયો દાન માગનારાઓને દાન આપવા લાગ્યા; જાણે હવે આપણે જીવવું કે જાવું ( મરીજવું ) એટલોજ વિચાર મનમાં લાવીને નિશ્ચિંત થવા લાગ્યા. આ ટાણું જોઇને વસ્તુપાળ અને તેજપાળે વીરધવળને કહ્યું કે મહારાજ ! આપે પેલા ત્રણ મારવાડી સુભટોને સંઘરયા નથી તે આ ભીમસિંહે સંઘર્યા છે અને તેમના બળથી તે ગાજેછે. વીરધવળે કહ્યું કે, એમના જેવા તો આપણી પાસે પણ છે. આપણો સોઢિય વંશનો જેહુલ, ચૌલુક્ય, સોમવર્મા, અને ગુલગુલ્ય ક્ષેત્રવર્મા એ શું એમનાથી જાય એવા છે? વિચારશીલ વીર પુરૂષોએ વીતી વાતનો કશો વિચાર મનમાં આણવો નહિ. પણ "**અર્થંસાધયામિ** કિંવા **देहं पातयामि**" એટલોજ વિચાર આ ટાણે કરવો ઉચિત છે, આ પ્રમાણે વાતવિનોદ થઈ રહ્યો છે એટલામાં તેજ ત્રણ ભા-

ઇયોએ દૂત મોકલીને કેહેવરાવ્યું કે સવારમાં આપણે યુદ્ધમાં ઉતરવાનું છે, માટે સજ્જ રેહેજો. અને ત્રણ લાખ દામ ખર્ચીને જે સુભટો રાખ્યા હોય તેમનાથી આપ આપના શરીરનું સારી રીતે રક્ષણ કરાવજો. પ્રાતઃકાળમાં રણસમયે અમે આપના ઉપરજ પ્રારંભમાં ઉતરી આવીશું. રાણાએ પ્રસંન મુખવડે કહ્યું કે ભલે, તમે પણ પ્રાતઃકાળમાં મુક્તિનો સમય સાધવાને સજ્જ થઇને રેહેજો, તમને સદાના સુખી કરવાને અમે પ્રારંભમાં તમારી જ ખબર લેઈશું.

સંદેશહાર એ પ્રમાણે સંદેશો લઇને પાછો ગયો. મારવાડિયોએ જાણ્યું કે શું બનશે તે ઈશ્વર જાણે. માટે આપણે પણ આ પ્રસંગ સાચવી લેવો. એમ વિચારીને તેમણે ત્રણેએ પોતપોતાનો વર્ષનો પગાર લઇને ત્રણ લક્ષ દ્રામ યાચકોને દાન કરી દીધા, ને પછી આપ આપણે ઘોડે ચઢ્યા. બંને બાજુએથી યુદ્ધ આરંભાયું. શસ્ત્રોનો પ્રહાર ચાલવા લાગ્યો; અને તેની ગીર્દિ એટલી બધી થઈ ગઇ કે, મેઘની સમાન ચોગરદમ અંધકાર જામી રહ્યો, તેમાં સુભટોની તરવારો વીજળીની પેઠે ચમકારા દેવા લાગી, અને કૃતાંતાગ્નિ જેવા બાણુનો સણુસણાટ કરતો વર્ષાદ વરસવા લાગ્યો. વીરધવલ સાવધ થઇને લડતો હતો, તેના રક્ષક મંત્રી આદિ તેને સંભાળતા અને યુદ્ધ કરતા બરોબર મચ્યા હતા, એવામાં પેલા ત્રણ મારવાડી વીર પુરૂષોએ સન્નિપમાં દેખા દીધી. અને વીરધવલને લલકારીને ચેતના આપી અને બોલ્યા કે આ આપ છો અને આ અમે છિયે. આપ હવે સાવધાન રોહો ને આપનું જ રક્ષણ કરો અને આપના યોદ્ધાઓને પણ આપ એવી જ આજ્ઞા કરો. વીરધવળે કહ્યું, અતિ અભિમાન આરંભવામાં આખરે અન્તજ આવશે. બાહુમાં બળ હોય તો સુખે બતાવો. એમ વાક્‌વિનોદ કરતા શસ્ત્ર-અસ્ત્ર વાપરવાનો પણ વિનોદ કરવા લાગ્યા.

અન્યોન્ય રાખવી જોઇયે તે કરતાં પણ વિશેષ સંભાળ અને સાવધાની રાખવા લાગ્યા. અને આસપાસના યોદ્ધાઓએ ઘણી સાવચેતી રાખી છતાં પણ ત્રણ ભાઇયો વીરધવળની છેક ભેટાભેટ થઈ ગયા અને પ્રત્યેકે અકેકો ભાલો તેના કપાળની લગોલગ લાગુ કરીને કહ્યું કે હવે તને હણી નાંખવાને જરા પણ વાર નથી, પણ તે દિવસે અમે તારી પાનની બીડી ખાધી છે માટે આ ટાણે અમે તને જતો મૂકિયે છિયે. એમ કેહેતાં વાંત જ

તેને મૂકીને તેની આસપાસ જે તટસ્થ યોદ્ધા હતા તેમને મારી પાડ્યા. તોપણ ત્રણે મારવાડીનાં શરીર શસ્ત્ર પ્રહારોએ કરીને ચાળણીના જેવાં છિદ્રમય થઇ ગયાં. એમ છતાં પણ વીરધવળને તેના ઉપરવટ ઘોડા ઉપરથી ધરતી પાડયો ને ઘોડાને પોતાને ઉતારે બાંધી દીધો ને છાનો રાખ્યો. રજ છવાયાથી અંધારૂં ઘોર થઈ રહ્યું હતું, તેવામાં વીરધવળને તેના સુભટોએ ઉપાડી લીધો, સંધ્યાકાળનો સમય થયો એટલે લડાઈ બંધ પડી. બંને બાજુના લડવૈયા પોતપોતાના મેલાણમાં ગયા. રાત્રિયે ભીમસિંહના સેવકો કેહેવા લાગ્યા કે અમે વીરધવળને પાડયો તે સાંભળીને મારવાડી બોલ્યા કે જો એમ હોય તો તેનું એંધાણ બતાવો. પણ તેઓ તો એવું કાંઈ બતાવી શકયા નહિ. મારવાડિયોએ ઉતારે જઇને ઉપરવટ ઘોડો ભીમસિંહની આગળ રજુ કરી દીધો, તે જોઇને તે ઘણો પ્રસન્ન થયો અને તેમની પ્રશંસા કરી કેહેવા લાગ્યો કે ખરા રજપૂતને આપેલું ધન સોગણું ઉગી નીકળેછે. તેનું પ્રમાણ આ શૂરવીર શુભટો છે. યુદ્ધમાંથી શત્રુનો હય હણી આણવો એજ સુભટોનો મોટો શણગાર છે. આ પ્રમાણે પ્રસન્ન થતા તેઓ વાતો કરેછે એટલામાં રાત્ર વીતી ગઈ.

આણીમગ વીરધવળના ઉપર સાચવીને મારવાડિયોએ તેના કપાળમાં ભાલા તાકયા હતા, તોપણ તેથી તે થોડો ઘણો ઘવાયો હતો અને તેથી નિર્બળ થયો હતો તથાપિ પ્રાતઃકાળમાં ઉઠીને સોકટાં બાજી ખેલવા મંડી ગયો. ભીમસિંહના હેરકોએ આવો પ્રકાર જોઇને તેને જણાવ્યું કે તમે તો શત્રુને હણ્યો એમ સમજો છો, પણ એ તો એ બેઠો બેઠો સોકટાં ખેલેછે આ ઉપરથી ભીમસિંહના કારભારિયોએ તેને કહ્યું કે દેવ! એ તો જડમૂળ ઘાલીને પડેલો છે, આખા દેશનો ધણી છે એની સાથે હવે વિરોધ કરવો સારો નથી, માટે સંધિ કરવામાં [1]લાભ છે.

આ વાત ભીમસિંહને ગળે ઉતરી છતાં પણ સંગ્રામની તૈયારી તો ચાલતીજ રાખી. અને બન્ને સૈન્ય ફરીને બાઝી પડવાની તૈયારીમાં હતાં એટલામાં ભાટની દ્વારાએ સમાધાન થઈ ગયું. ઉપરવટ અશ્વ રાણાને

---

૧ વ્રજલાલ શાસ્ત્રી આથી ઉલટું કેહે છે. તે લખે છે કે, 'વીરધવળના મંત્રિયોએ ભીમસિંહને કેહેવરાવ્યું કે રાજા વીરધવળનાં ઉંડાં મૂળ છે. એની સાથે તારે વિરોધ કરવામાં કાંઈ ફળ નથી, માટે એની સાથે સંધિ કરવો તે સારૂં છે.

પાછો સોંપ્યો. માત્ર એકલું ભદ્રેશ્વર ભીમસિંહે રાખવું એ વિના બીજું કાંઇ દબાવી પડવું નહિ એમ તેણે કબૂલ કર્યું તેમજ નકી પોકારતી વેળા અને એવાજ બીજા પ્રસંગે રાજાના વિરૂદનો ઉપયોગ થાયછે તેવો તેણે કરવો નહિ એમ ઠર્યું. પછી વીરધવળ દાન કરતો કરતો ધોળકે આવ્યો.

આ બનાવ પછી વીરધવળે ધીરેધીરે ભીમસિંહની જડ કાહાડી નાંખી અને આખી ભૂમિ પોતાને સ્વાધીન કરી લીધી.

આ સમયે અણુહિલવાડમાં ચક્રવર્ત્તી રાજા બીજો ભીમદેવ હતો. તેને માંડલિક રાજા ગાંઠતા નહતા એમ આગળ લખવામાં આવ્યું છે. તેઓ રેહેતાં રેહેતાં સ્વતંત્ર થઈ પડ્યા હતા. તેમને વીરધવળે એક પછી એક એમ વશમાં આણી મૂકયા. કેટલાક તો યુદ્ધ કરયા વિના ધન આપીને નમી પડ્યા. વીરધવળને આ પ્રકારે ઘણી ધનપ્રાપ્તિ થઈ, તેના સાધનથી તે રેહેતાં રેહેતાં પોતાનું લશ્કર વધારતો ગયો. તેણે મહાન્ કુલના નામાંકિત ચૌદસો રાજવંશી રજપૂતો પોતાની પાસે રાખ્યા. તેઓ નિરંતર તેની પાસે રેહેતા હતા. જમવામાં પણ તેઓ તેની સાથેજ સામેલ થતા હતા. તેમને પેહેરવા ઓઢવાને પણ પ્રત્યેકની યોગ્યતા પ્રમાણે તેજ પૂરૂં પાડતો હતો. અને વાહન પણ તેજ પ્રમાણે તેમને આપવામાં આવ્યાં હતાં. આવા એક દિલના શૂરવીર રજપૂતોની સાહાય્યથી, પોતાના સૈન્યના બળથી, અને પોતાના ભુજબળના પ્રતાપથી તેણે ઘણા બળિયાઓને વશ કરી દીધા હતા. આવા સહવાસનું કામ તેણે તેજપાળને સોંપ્યું હતું અને તે તેનો સેનાપતિ હતો.

મહીકાંઠામાં ગોધ્રા (ગોદ્રહ) કરીને એક શેહેર છે. ત્યાં તે સમયે ઘૂઘુલ નામે એક માંડલિક રાજા રાજ્ય કરતો હતો. તેણે વીરધવલની અવજ્ઞા કરવા માંડી હતી. ગૂર્જર દેશમાં જે સંઘ આવે તેને રોકીને તે નાના પ્રકારની પજવણી કરતો હતો, તથા માલ લઇને વણઝારા આવતા જતા હતા તેમને લૂંટી લેતો હતો. આવો મામલો જોઇને મંત્રિયે એક ભાટ મોકલીને તેને કેહેવરાવ્યું કે અમારા સ્વામીની તું આણ માનતો નથી, તો જેવી સાંગણ આમુંડની વલે થઈ તેવી તારી થશે. આવું સાંભળીને તે ઘણો ક્રોધાયમાન થયો, અને પોતાના ભાટને એક કાજળ ભરેલી ડાબડી અને પેહેરવાની એક સાડી આપી અને ફરમાન કર્યું કે આ વીરધવલને આપીને કેહેજે કે મારા અંતઃપુરમાં બધા રાજલોકજ ભરેલા છે. વીરધ-

વલના ભાટને રજા થઈ એટલે તે બે ભાટ ધોળકે ગયા અને રાણાના દરબારમાં જઇને તેના સમીપમાં પેલી કાજળની ડાબડી મૂકી અને પેહેરવાની સાડી રજુ કરી દીધી, ને તેને સૂચના કરવા પ્રમાણે તેણે કહી દીધું. વીરધવલે શાન્તતા બતાવીને તેનું બોલવું સહન કર્યું, અને ભાટનો સત્કાર કરીને તેને વિદાય કરયો. પછી સભા વચ્ચે બીડું ફેરવીને કહ્યું કે, ઘૂઘુલની સામે લડવાને કોણ બીડું ઝડપેછે? કોઇએ ઝડપ્યું નહિ એટલે તેજપાળે તે ઉઠાવ્યું. પોતાની સાથે પેલા ચૌદસો રજપૂતોને લઈ ગયો. ગોધરા જ્યારે થોડે છેટે રહ્યું ત્યારે તેણે પોતાના લશ્કરના બે વિભાગ કરીને એક ટુકડી ગોધરા ભણી મોકલી અને બીજી પાછળ છૂપી રાખી. આગલી ટુકડિયે ગામને પાદર જઇને ગોવાળિયાઓને લાપટઝાપટ કરી ને ગોધરાની ગાયો વાળી આણી. એટલે ગોવાળિયા રડતા કકલતા ઘૂઘુલ પાસે રાવ કરવા ગયા. તેણે વિચાર્યું કે આ પ્રમાણે મારા રાજધાની નગરને પાદરેથી કોઈ દિવસ કોઈ ગાયો વાળી ગયું નથી તો આ શું કેહેવાય? આ તો કાંઈ નવાઈ જેવી વાત છે. અમારા પાદરમાં આવીને કોના માથામાં લોઢાના મજ ઘાલ્યા છે કે તે આ પ્રમાણે ગાયોનું હરણ કરી જાય.

ઘૂઘુલ ઘોડે સવાર થયો અને લશ્કર લઇને ગાયો વાળનારને પગલે પગલે સામો ચાલ્યો. ગાયો હરનારા ઘૂઘુલના સામે બાણ ફેંકે, દેખાદે અને નાસતા પણ જાય, ઉભા રહીને યુદ્ધ કરે નહિ. એમ યુક્તિ કરીને ઘૂઘુલને તેજપાલની મ્હોટી સેનાની લગભગ લઈ આવ્યા, એટલે તે સમજી ગયો કે પ્રપંચ કરીને મને ગૂજરાતની સેના સામે લઈ આવ્યા પણ કાંઈ ચિન્તા નહિ. એમ કહીને પોતાના સુભટોને લલકારીને કેહેવા લાગ્યો કે જુવો છો શું? ચાલો આગળ અને યુદ્ધ માટે સજ્જ થાઓ. એમ કહી પોતે પૂરેપૂરો સાવધ થયો અને મારો ચલાવવા માંડયો. તેજપાળની સેના પણ યુદ્ધના આદરમાં આવી ગઈ. ઘણી વાર લગી મારમમારા ચાલી. ઘૂઘુલે મંત્રીની સેના વિખેરી નાંખી, અને ચારે બાજુએ નસાડી મૂકી. આ પ્રમાણે ઘૂઘુલની જીત થવાનો સમય પાસે આવ્યો જાણીને તેજપાળે શુદ્ધ-રાજકુળના સાતસો રજપૂતોને કહ્યું કે શત્રુ તો મહાબળિયો છે. તમે આ પ્રમાણે તટસ્થ કેમ થઈ રહ્યા છો? આપણી સેના અસ્તાવ્યસ્તા થઈ ગઇ છે તેવામાં આપણે નાશીશું તો આપણી શી ગતિ થશે? આ પ્રમાણે હાર ખાવી તે કરતાં લડીને મરી પડવામાં યશ છે, માટે ચાલો ટૂટી પડો,

આપણે ભેગા ભળીને શત્રુનો ઘાણ વાળી નાંખિયે. આમ ઉશ્કેરવાથી સાતે રજપૂતોને શૂર ચડયું, અને આઠે જણા શત્રુ ઉપર ધસારો કરતા અને બાણોનો પ્રહાર કરતા જોઇને જે ભાગી ગયા હતા તેઓ પણ એકઠા થઈ ગયા. આ સમયે કેહેછે કે તેજપાલને પોતાની કુલદેવિયે દર્શન દીધાં અને કપર્દિયક્ષ પ્રત્યક્ષ થઈ ગયો. તે ઉપરથી તેના અંતઃકરણમાં ખાતરી થઈ કે હવે આપણો જય થશે. તેથી તેણે ખૂબ ધસારો કરયો. અને ઘૂઘુલની લગભગ થઈ ગયો. તુમુલ યુદ્ધ મચી રહ્યું અને ઘૂઘુલને તેજપાળે કહ્યું કે હે મંડલિક! તેં જે હાથે અમારા રાજાને કાજળની ડાબડી અને સાડી મોકલી છે તે હાથનું હવે તું બળ બતાવ, ઘૂઘુલે ઉત્તર આપ્યું કે ઉતાવળો થામાં હવણાંજ હું મારા હાથ તને બતાવુંછું. એમ કહીને તેજપાળ ઉપર તેણે શસ્ત્રઅસ્ત્રના પ્રહાર કરવા માંડ્યા. અતિ દારૂણ દ્વંદ્વ યુદ્ધ થયું તેમાં મંત્રિયે ઘૂઘુલને ઘોડેથી પાડી નાંખ્યો અને તેને જીવતો ને જીવતો બાંધીને લાકડાનું પાંજરૂં તૈયાર સાથે રાખ્યું હતું તેમાં પૂરી દીધો પછી સેના સહિત તે ગોધરા નગરમાં પેઠો, ત્યાં જઇને પોતાનો એક સેવક તેના કુળનો એક રજપૂત હતો તેને ઘૂઘુલની ગાદિયે બેસારયો. તેનો અરાડ કોટી સુવર્ણકોષ લઈ લીધો, [1]એક હજાર ઘોડા લીધા, શુદ્ધ મુક્તાફળ ચાર મુડા થાય એટલાં લીધાં, તેમજ દિવ્ય આભૂષણ અને દિવ્ય અસ્ત્ર આદિ જે ગમ્યું તે લઇને મંત્રી ધોળકે આવ્યો.

ઘૂઘુલને રાજસભામાં આણીને મૂકયો, તેને પેલી સાડી પેહેરાવી, તથા કાજળની દાબડીમાંથી કાજળવને તેની આંખો આંજીને તે ડાબડી તેને ગળે બાંધી. આ પ્રમાણે તેનું કરયું તેનેજ નડયું અને આવડું બધું અપમાન તેનાથી સહન થયું નહિ તેથી ત્યાં ને ત્યાં પોતાના દાંતવડે જીભ કરડીને મરીગયો. આખા ધોળકામાં વિજયની વધાઇયો ગાજી રહી અને મ્હોટી સભા ભરીને તેજપાળને માન આપીને તેને કૃપા દર્શાવવામાં આવી.

આ પ્રમાણે ઘૂઘલને ધોળકે લાવતા પેહેલાં, તેજપાળ ગોધરેથી ચાલ્યો તે દર્ભાવતી (ડભોઈ) આવ્યો. અહિંયાં પણ ઘણી અવ્યવસ્થા ચાલતી હતી. લૂટફાટ કરનારી ટોળિયો ચોગંરદમ ભટકતી ફરતી હતી. અને

---

૧ વ્રજલાલ શાસ્ત્રી. ૪ હજાર ઘોડા અને એક મુંડક (મુડો) શુદ્ધ મુક્તાફળ લીધાં એમ લખેછે એ વધારે સંભવિત છે.

અચાનક લોકો ઉપર હુમલા કરીને તેમંને લૂંટી લેતી હતી; આથી કરીને આ બાજુ ભણીનો બધા પ્રકારનો વ્યવહાર અને વ્યાપાર બંધ પડી જવા જેવો થયો હતો. આવી અવ્યવસ્થા બંધ પાડવાને માટે રાણાની ઘણી ઉત્કંઠા હતી, અને જ્યારથી ગોધરા અને લાટદેશના સામન્તોને જીતી લઇને તેમના ઉપર રાણાએ સત્તા બેસારી હતી ત્યારથી તેઓ રાણાનું ધુસરૂં ઉછાળી નાંખવાને અને પાછા સ્વતંત્ર થવાને ઉપાયો યોજતા હતા. દેશમાં લૂટફાટ કરવાને સાધનભૂત થઈપડ્યા હતા. જૂદી જૂદી ટોળિયો બાંધીને ઘૂઘુલ તો તેમાં સામેલ થઈ જતો હતો, માટે તેજપાળે તેને જે પાંજરામાં પૂર્યો હતો તે પાંજરૂં એક મોટા હાથી ઉપર બાંધી લઇને તેને પોતાની સાથેજ ફેરવતો હતો. તેને જોવાને લોકોનાં ટોળેટોળાં ભેગાં થતાં હતાં અને પોતાને હેરાન કરનારાને આવી દુર્દશામાં જોઇને સર્વેને આનંદ થતો હતો; તેમજ હવે દેશમાં સમાધાની થઈ જશે એવી પણ તેમના મનમાં બહુ સારી અસર થતી હતી.

ડભોઈની આસપાસ કોટ કરવાની ઘણી અગત્ય જણાવાથી આજ વેળાએ તેજપાળે તે ચણાવાનો પ્રારંભ કરયો. અને બીજાં ધર્મનાં સ્થાન ચણાવવાની ગોઠવણ કરી.

નર્મદાતટઉપર આવેલા ચાણોદ નામના પવિત્ર ધામની યાત્રા કરવાને ઘણા લોક જાયછે તેની સંભાળ લેવાની અગત્ય પણ આ સમયે તેજપાળના ધ્યાનમાં રહેલી જણાયછે. આ ધામ નર્મદા અને ઓર નદીના સંગમ ઉપર આવેલું છે. ત્યાં ઘણું કરીને મૂળથી જ બધા ધર્મવાળાનાં ધામ હોવાનું જણાયછે. આજે પણ મુખ્ય દેવલોમાં કાપિલેશ્વર મહાદેવ, કાશીવિશ્વનાથ, ચંડિકા, આદિત્યેશ્વર, રામચંદ્રજી, શ્રીવેરાઈ માતા, કમળેશ્વર, હનુમાનજી અને શેષશાયી ભગવાનૂનાં મંદિરો છે. તેમાં છેલ્લા ધામની યાત્રા કાર્ત્તિક શુદિ ૧૩ થી ભરાયછે તે વદિ ૨ સુધી રેહેછે. આ સમયે આખા ગૂજરાતના લોકમાંથી જે ભાવિક હોયછે તે ત્યાં જાયછે. ચૈત્ર શુદિ ૧૫ ને દિવસે સંગમ આગળ પણ મોટી યાત્રા ભરાયછે. આવા નામાંકિત ધામની સમીપમાં બધા પ્રકારની સમાધાની રેહે તો ત્યાં યાત્રાળુ લોક જઇ શકે.

અહિં આવીને તેજપાળે પોતાના સ્વામીના નામથી વીરધવળેશ્વરનું દેરૂં બંધાવવાનો પ્રારંભ કરયો.

એક ભવ્ય ધર્મશાળા પણ બંધાવવા માંડી, ચાણોદની પાસે કુંભેશ્વર આગળ પાંચ મઠ બંધાવવા માંડયા. અહિંથી ઉપડયો તે પાવાગઢ ગયો. ત્યાં સર્વભદ્રનું દેરૂં બંધાવવા માંડયું અને ત્યાં બે માસસુધી મેલાણ કરયું, એટલી વારમાં જે જે લૂટફાટ કરનારા અને ઉપદ્રવ કરનારા તેના જાણવામાં આવ્યા તે સર્વનો તથા ધાડ પાડનારાઓનો સંહાર વાળી દીધો. આ પ્રમાણે આખા પ્રદેશમાં સલાહશાન્તિ સ્થાપી અને પ્રજાના મનમાં ભયનો ત્રાસ પેશી ગયો હતો તે દૂર કરીને પેલા ઘૂઘુલનો વરઘોડો કરતો દેશમાં આવ્યો.

વસ્તુપાળને ધોળકા અને સ્તભતીર્થ—(ખંભાત)ના અધિકારની મુદ્રા આપ્યા પછી એક શુભ મુહૂર્તે તે ખંભાત ગયો. આ પ્રસંગે નગરના લોકોએ મોટી ધામધુમ કરી: આખા નગરમાં ઠેરઠેર ઉત્સવ થઈ રહ્યો; ઘેરઘેર તોરણ બંધાયાં; સ્ત્રિયો ભાત ભાતનાં વસ્ત્રાલંકાર પેહેરી ગીત ગાતી ગાતી માથે ચકચકિત કળશો મૂકી સામૈયામાં ભેગી ચાલી; નાનાપ્રકારનાં વાદિત્ર વાગવા લાગ્યાં; અને આખું નગર ખાલી થઈ જઇને તેને લેવાને સામું ગયું, અને એમ કેહેવાયું કેઃ—

(ગીતિ.)

ધરતી ધાન્ય વડે જયમ, સરજળને વન ફૂલ ફળ બહુ ભાત;
તમ વસ્તુપાલ પગલે, કેંવાયુ ધન્ય ખૂબ ખંભાત

વસ્તુપાળના પેહેલાંના અધિકારિયો થઈ ગયા તેમના સમયમાં જે જે પીડા અને અડચણ પ્રજાને હતી તે બધી તેણે મટાડી દેવાના ઉપાયો યોજ્યા. નાનાપ્રકારના સુધારાની યોજના કરી. સર્વેને સુખી કરવાને માટે દુષ્ટ અધિકારિયો અને દરબારી કામકાજ કરનારા ભણીથી થતો રોગનો શળો પ્રજાને કોલી ખાતો હતો તે બધો તેણે મટાડી દીધો. તે રૂડા પ્રકારે પ્રજાનું પાલન કરતો હતો, પ્રજાને કોઈ પણ પ્રકારની પીડા કરવી નહિ એમ વારે વારે તે પોતાના સેવક જનોને ટોકણી કરતો હતો; સર્વ પ્રકારના ન્યાયના ઉદયનાં કિરણ તેણે પ્રસરાવી દીધાં હતાં. આખા પ્રાન્તમાંથી ચોરી, વ્યભિચાર એવા દુર્ગુણોનો નાશ કરવાને માટે તે ઘણો પ્રયત્ન કરતો હતો. કેહે છે કે, ગણિકાઓ પણ પોતાનાં હાટ બંધ કરીને એક પતિવ્રત ધારણ કરીને બેઠી હતી. તેના સમયમાં જે સારા માણસો હતા તેમનો ભાવ પૂછાવા લાગ્યો, અને નરતા પુરૂષોનો તીરસ્કાર થવાથી તેઓનો અન્ત આવવા લાગ્યો. ભાવાર્થ કે તેમને પોતાનો નિભાવ કરવાને સદ્‌ગુણી થવાની અગત્ય પડી.

ખંભાત બંદર હોવાથી કેટલોક વાહાણવટિયો ચોર હતા તે લોકોની સ્ત્રી કે બાળકોને હરીને વાહાણમાં ઘાલીને પરદેશ લઈ જઈ વેચી ખાતા હતા, એવા દુષ્ટકામનો તેણે અટકાવ કર્યો. નાની નાની બાબતોમાં પણ ગરીબ લોકને અડચણ ન પડે એવા ઉપાય યોજવા લાગ્યો. વલોણુંકરનારા લોભી નગરવાસિયો પૈસા વડે છાશ વેચતા હતા તેથી ગરીબોને છાશ સરખી પણ મળી શકતી ન હતી, માટે છાશ વેચવાનો ચાલ તેણે બંધ કરી દીધો. તે સર્વેને એવી રીતે સમજાવીને વાત કરતો કે, એની વાણી અમૃત જેવી લાગતી હતી.

વસ્તુપાળ પોતે સારો વિદ્વાન હતો, કાવ્ય કરી જાણતો હતો, અને કાવ્યકળા પણ જાણતો હતો, તેથી એના આશ્રયે સારા વિદ્વાનો આવીને રેહેતા હતા, અને તેમને ઘણું માન આપતો હતો. સ્તંભતીર્થ નગરીની આસપાસ તેણે સારાં સરોવર ખણાવીને તેની શોભા વધારવા માટે બાગ બગીચા કરાવ્યા હતા. વાવો ચણાવીને પ્રવાસિયોને પાણીથી તૃપ્ત થવા માટે પાણીની પરવો મંડાવી હતી. તે જૈનધર્મ પાળતો હતો, પણ સર્વ ધર્મને માન આપતો હતો. વેદધર્મ ઉપર તેને સારી આસ્તા હતી. મતલબ એટલી જ કે તે વિદ્વાન્ હતો તેથી સર્વ શાસ્ત્રતત્વ જાણતો હતો ને જૈનધર્મ તેના કુળમાં ચાલતો આવેલો પળાતો હતો તેથી તેમાં તે વધારે તત્પર રેહેતો હતો, તો પણ તે ધર્માભિમાની ન હતો. રાજ્યને અને રાજના કારભારિયોને ધર્મ સંબંધી વિષયમાં તટસ્થ રેહેવાની અગત્ય છે તે બરાબર તે સમજતો હતો. ખંભાતમાં તેણે સારાં સારાં ઘર ચણાવી તેમાં એક વર્ષ ચાલે એટલો ધાન્યાદિ સામાન પૂરી વિદ્વાન્ બ્રાહ્મણોને તે અર્પણ કરીને એક બ્રહ્મપુરી સ્થાપી હતી તેથી બ્રાહ્મણો પોતે જેમ સામવેદનું ગાન કરી ધૂમ મચાવી રેહેતા હતા તેમ તેમની સ્ત્રિયો વસ્તુપાળના વખાણનાં ગીત ગાઇને શેરિયોને ગીતના આલાપની છાયાથી છાઈ નાંખતી હતી. સંન્યાસિયોને નિવાસ કરવાને અર્થે તેણે મઠ બંધાવ્યા હતા. જૈન ધર્મના સાધુઓને અને આર્યા (આરજા)ને માટે પૌશધશાળા (પોશાળ) કરાવી હતી. આ પ્રમાણે તે સદ્માર્ગનાં આચરણ કરીને ન્યાયથી પ્રજાને પાળતો હતો, તેથી તેને સર્વે માન આપતા હતા.

## સિંધુરાજપુત્ર શંખ.

આ સમયે સિંધુરાજપુત્ર શંખ નામે હતો તે ઉન્મત્ત થઈ ગયો હતો.

એને કેટલાક સિન્ધ દેશનો રાજા કેહેછે. કેટલાક ગોહલવાડનો કેહેછે અને વડુવા બંદરનો પણ કેહેછે. એનો દેશ ગૂજરાતના રાજાએ જીતી લીધો હતો તેથી તેની બળતરા એના મનમાં ઘણી હતી. ગોહિલવાડમાં ( વડુઆ ) વડવા ગામ ઘણું પ્રાચીન ગણાયછે તે ભાગના રાજ્યકર્તાની તે આગળ રાજધાની હતી અને આ સમયે શંખ ત્યાં રેહેતો હતો. પાછળ પૃ. ૩૯૧ આ વિષે થોડુંક કથન આપ્યું છે તેનો વિસ્તાર આ સ્થાને આપવાની અગત્ય છે. કીર્ત્તિકૌમુદીમાં શંખને ખંભાત ઉપર ચડી આવવાનું કારણ જણાવ્યું નથી પણ વસ્તુપાળતેજપાળ સંબંધમાં તે વિસ્તારથી જણાવ્યું છે તે એવું છે કેઃ—

વસ્તુપાળે જ્યારે ખંભાતમાં પ્રથમજ પ્રવેશ કર્યો ત્યારે ત્યાંના સંભાવતિ લોકોએ તેના માનાર્થે જે જે કર્યું તે કશામાં ત્યાંના એક મુસલમાન વાહાણવટી વેપારિયે ભાગ લીધો નહિ. તેનો વ્યાપાર સર્વ બંદરો સાથે ચાલતો હતો તેથી તેની પાસે ઘણું ધન એકઠું થયું હતું. તેમજ તેને બંદોરાના રાજ્યકર્ત્તા સાથે પણ સારો પરિચય થયો હતો. શંખને અને તેને તો સારો સંબંધ હતો. તેથી તે કોઈની પરવા રાખતો ન હતો. ધનમદથી છકેલો હતો. આવી તેની રીત વસ્તુપાળના જાણવામાં આવી ત્યારે તેની ઉદ્ધતાઈ મૂકાવવા તેની પાસે એક ભાટ મોકલીને કેહેવરાવ્યું કે, રાજ્યના પ્રતિનિધિ તરીકે અહિંના બધા શાહુકારો મને મળવાને આવેછે અને તમે કેમ આવતા નથી? તેના ઉત્તરમાં તેણે કેહેરાવ્યું કે પ્રથમથીજ હું કોઈ અધિકારીને ત્યાં મળવા જતો નથી, અને તેમ કરવાની મારા ઘરની રીતિ નથી. અધિકારિયો ઉલટા મને મળવા આવે છે, અને તે પ્રમાણે તમે મને મળવા આવ્યા નથી એની મને નવાઈ લાગેછે, કેમકે, હું તો સ્થાનપતિ છું. મારામાં તમારાથી કાંઈ ન્યૂન નથી. તમારે કાંઈ જોઈતું હોય તો સુખે મંગાવો હું મોકલીશ. આવાં વચન તેણે કેહેવરાવ્યાં તેથી વસ્તુપાળને રોષ ચડ્યો. અને તેને ફરીને કેહેરાવ્યું કે, તમે તમારી યોગ્યતા પ્રમાણે વર્ત્તો, નહિ તો તમારા દુર્વિનયને માટે તમારૂં શાસન કરવું પડશે. આનો તેણે કાંઈ પ્રત્યુત્તર કાહાવ્યો નહિ એટલે શંખને આ વર્ત્તમાન તેણે કાહાવીને સૂચવ્યું કે વસ્તુપાળ નક્કી મારૂં અપમાન કરશે માટે હવે મારે કેમ કરવું? શંખના બળ વિષે એમ કેહેવાયછે કે, તે ખેરના લાકડાનું જાડું મુશળ (સાંબેલું) પચાસ વાંસની વચ્ચે બાંધી ઘાલ્યું

હોય તોપણ તે તરવારનો માત્ર એકજ ઘાથી કાપી નાંખતો હતો એવો તે અતિ બળિયો હતો, તેનું ઘણું સૈન્ય હોવાથી તે સાહણ--સમુદ્ર કેહેવાતો હતો. પોતાના મળતિયાને આ પ્રમાણે દબાણ થતું જાણીને તેણે વસ્તુપાળને કાહાવ્યું કે તમારા નગરમાં રેહેછે તે સદીક મારો મિત્ર થાયછે અને અમારોજ વાંહાણવટી છે તેને તમારે હું છતાં કનડગત કરવી નહિ. આવું સાંભળીને વસ્તુપાળને વધારે ક્રોધ ચડ્યો અને તેને કેહેવરાવ્યું કે શ્મશાનનાં ભૂતડાંથી પણ હું ડરતો નથી માટે જો તમારે અમારી સાથે વિગ્રહ કરવો હોય તો સુખેથી સેના લઇને આવજો. શંખે સેનાની તૈયારી કરવા માંડી એવું જાણીને વસ્તુપાળે પણ ધોળકેથી લડવૈયાં બોલાવ્યા, અને બધા પ્રકારની તૈયારી કરવા માંડી.

અહિંથી હવે કીર્ત્તિકૌમુદીના કર્ત્તા સોમેશ્વરનું કથન મળતું આવેછે.

દેવગઢના સિંઘણની સેના જ્યારે ચડી આવી હતી, ત્યારે ૪ મારવાડી રાજા લવણપ્રસાદની પૂઠે આવ્યા હતા. અને લાટ તથા ગોધરાના મંડલિક રાજાઓને ફોડ્યા હતા, પણ તેઓના ઉપર લવણપ્રસાદે ધસારો કરી હરાવ્યા હતા; આમ છતાં પણ, દેહધારીને જેમ *છ પ્રકારના વિકારો પજવેછે તેવા આ છ રાજાઓને ગણીને તેઓ સર્વેને જીતવા માટે તે નૃપવીરે ફરીને યોગ કર્યો, એ સંબંધીનો લાગ લઇને સિન્ધુરાજ પુત્ર શંખ જે ગર્વથી આખા વિશ્વને તૃણ સમાન માનતો હતો તેણે વસ્તુપાળની પાસે એક પ્રણિધિ મોકલ્યો. ચુલુક ભૂપતિનો આ અમાત્ય, ભયનો સમય હોય તોપણ, તેમાં તે નિરાકુલ રહી શકતો હતો તેવાની પાસે તે આવ્યો અને પ્રણામ કરયા પછી વિનયને લીધે જેમાં મદ ગુપ્ત રહેલો છે એવી વાણી વદવા લાગ્યો. સમરભૂમિમાં સુભટોએ ફેંકેલા શસ્ત્રઅસ્ત્રનો પ્રહાર એના વિના બીજા કોણ ઝીલી શકે; કેમકે આ ભુવનમાં નિરાશ્રય લોકોનું શરણ અમારા સ્વામી સરખા વિના બીજું કોણ થઈ શકે એમ છે? અથવા બીજા અર્થમાં કહું તો સુભટોએ છોડી દીધેલાં શસ્ત્રઅસ્ત્ર જે નિરાશ્રય થઈ પડેછે તેને ધારણ કરવાને શરણું આપવા માટે અમારા સ્વામી શંખ સરખા વિના બીજા ઓછાજ આ જગતમાં છે. સિંઘણની

---

* ( ૧ કામ, ૨ ક્રોધ, ૩ લોભ, ૪ મદ, ૫ મત્સર, ૬ મોહ. અથવા ૧ અસ્તિ, ૨ વર્દ્ધતે, ૩ જાયતે, ૪ અપક્ષીયતે, ૫ વિપરિણમતે, ૬ વિનશ્યતિ. )

સાથે લડતાં અમારા શંખનું લશ્કર નાશ પામ્યું હતું તોપણ જેને ઘણા યાદવોએ મહા શ્રમથી ઝાલી લીધો હતો તથાપિ તેમના તથા બીજાના હૃદયમાં પોતાના ગુણને લીધે તે વિશ્રાન્તિ પામ્યો હતો.

યાદવોમાં સિંહરૂપ સિંઘણે એ શંખને જોતાં વાંતજ તેના બંધનમાંથી તેને મુક્ત કરાવ્યો ને તેને પોતાની બાથમાં લઇને ભેટી પડયો. ગુણી ક્યાં પ્રતિષ્ઠા નથી પામતા? સર્વત્ર પામેછે. એમનામાં સારા ગુણ હોવાથીજ સિંઘણે આ પ્રમાણે એમને માન આપ્યું છે. વળી એ કેવી માતાના પુત્ર છે તે તમે જાણોછો? સિંઘણની સેના સાથેના ભયંકર યુદ્ધમાં તે યાદવોના હાથમાં પકડાઈ ગયો અને હવણાં જણાવ્યા પ્રમાણે સિંઘણે તેને છોડી મૂક્યો એટલુંજ નહિ પણ ઉલટો તેમને તે ભેટ્યો તેથી શત્રુનું આવું બળ અને તે સાથે વળી આવો તેમનો ન્યાય જોઇને તે માતાના મનમાં લજ્જા ઉત્પન્ન થઈ તે, કેદમાં પકડાયો તેની માઠી ખબર સાંભળી હતી ત્યારે તેને એટલી બધી થઈ નહતી. આવી માતાનો આવો કુળદીપકપુત્ર શંખ જે પોતાના કુળમાં દીપકજેવો, અને જે સંકટમાં પણ પોતાનો કુળધર્મ છોડતો નથી એવો છે મ.ટે હે [1]મંત્રી શિરોમણે! એમણે જે મારી સાથે કાહાવ્યું છે તે તમારા હિતનું વચન છે, તે હું મારા મુખદ્વારાએ નિવેદન કરૂંછું તે સાંભળઃ—

આપ સરખા બુદ્ધિશાળી મંત્રી હોવાને લીધે, શ્રી લવણપ્રસાદના કુંવર, સત્ય માર્ગ વિષમ હોય તો પણ તેમાં સ્ખલન પામતા નથી કેમકે, આપ તેના કરનું અવલંબન કરીને પગલેપગલે તેને આશ્રય આપોછો. આપ છએ ગુણમાં કુશળ છો, એમ હું જાણુંછું, તોપણ આપને આટલી બધી ધીરજ ક્યાંથી આવી છે? કેમકે આપના સ્વામીને કષ્ટ પડતાં છતાં પણ આપ એકલા નિઃશંકપણે અધિકાર ચલાવ્યાં કરોછો. આ નગર અમારા બાપના ભોગવટાનું છે એ વાત આપ પણ જાણોછો તો અમે અ-

---

૧ પંડિત જેષ્ટારામ પાસેથી અમને એક હસ્તલિખિત જૂની પ્રતિ મળી છે તેના અક્ષર જોતાં તે ઘણી પ્રાચીન છે પણ ખેદકારક વાત એ છે કે તે અપૂર્ણ હોતાં માત્ર ચાર સર્ગ છે. તેમાંઃ—

**शृणु तन्मंत्रिशिरोमणे स्वपथ्यं ।** એમ પાઠ છે, અને છાપેલી પ્રતિમાં **"मंत्रीमणे"** છે જુઓ સર્ગ. ૪ શ્લોક ૭૨.

મારો માલ પાછો લેવા આવ્યા છિયે; આપ સમજુ છો માટે આ નગર (ખંભાત) આપ અમને અર્પણ કરી ઘો. જો તમારા મનમાં નિશ્ચય હોય અને આ નગર ઉપર અધિકાર ચલાવવાની વાસના હોય તો તુરત આવીને અમને નમી પડો એટલે અમારી પ્રસન્નતા થઈ તો પછી અધિકારની મુદ્રા તમારાથી દૂર રેહેશે નહિ, નહિતો પછી અમે અમારા નગરમાં કોઈ બીજો અધિકારી સ્થાપીશું, પણ જો તમે અમને ભજશો તો તમારી પાસે હવણાં જે અધિકારમુદ્રા છે તે સ્થિર રેહેશે. કારણ કે જેનામાં પ્રભુત્વ છે તેને ગુણ પ્રિય હોયછે, અને તમે ગુણી છો તો પછી તમારાથી અમે છેટા નથી; પણ જો આ પ્રમાણે કરવાની તમારી ઇચ્છા ન હોય અને કોઈ બીજી રીતે કરવાની ધારણા હોય તો તે પણ અમને પ્રિયકર થઈ પડશે, કારણ કે, ગમે તેવો પણ અસાધ્ય વિરોધ સિદ્ધ કરવાને અમારો આ ખડ્ગ-દંડ સદા જાગૃત છે. ખોટા ગર્વમાં તણાઇને જે માગણીકર્ત્તા પ્રભુને અન્યથા કરેછે તો તેના એવા અઘટિત કાર્યથી કોપેલા પ્રભુ તેને દંડ દેછે, અને છેવટે તેને પોતાના જીવ સહિત લક્ષ્મી આપી દેવી પડેછે. પ્રણિધિનાં આવા પ્રકારનાં વચનથી તેને દુઃખ તો થયું તો પણ તેણે પોતાનો મનોવિકાર પ્રકટ કર્યો નહિ, કેમકે પવનથી ઉડેલા રજવડે ગંગાનો પ્રવાહ મલિન થતો નથી. અને ઉપર પ્રમાણે બોલતાં પ્રણિધિને જગત્બંધુ વસ્તુપાલ સચિવે કહ્યું કે, તમારા સ્વામીનું તમે ચરિત્ર કહી સંભળાવ્યું તે કોને ચમત્કારી ન લાગે? પણ ખરી વાત છે, કેમકે, દાવાનળ જેવા યાદવરાજાએ સૂર્ય જેવા સિંધુરાજના પુત્ર (શંખ)ના દુઃસહ તેજે કરી સૂકેલા અંગવાળા મહાન્ વૃક્ષ જેવા લક્ષ્મદેવને વિના શ્રમે બાળી નાંખ્યો. યુદ્ધમાં અતિ પ્રીતિવાળા અમારા સ્વામી વીરધવળના બળ વિષેનો વાયકા, સ્તુતિનો કોલાહલ કરતી જવાન ઓના શબ્દોદ્વારાએ, મૃત્યુલોકના બીજા સુભટોના કર્ણમાર્ગે પોહોંચી જાયછે, એમ છતાં પણ તે તમારા સ્વામીનાં સાંભળવામાં આવી ન હોય એમ, જે નગર અશ્વસૈન્યની સાહાયતા છતાં પણ અમારા નૃપસિંહે [1]સિંહની પાસેથી વિગ્રહ કરીને લીધેલું છે તેમ છતાં તે ફરીને પાછું લેવાની માગણી કરેછે તેથી મને તો એમ સમજાયછે કે, એમની મતિ વિપરીત થઈ છે. મારો સ્વામી ઘણા રાજાની સાથે લડવાને અસમર્થ છે એમ તમારો રાજા માનેછે એ વાત મિથ્યા છે, એ તો બ-

[1] સંગ્રામસિંહ—શંખ.

ધાંને પોહોંચી વળવાને પૂરેપૂરા સમર્થ છે. તેમ છતાં પણ, જે દૃઢ નિશ્ચયવાળા વીરપુરૂષ હોયછે તેમને ક્રિયા કરવામાં દૈવ પણ સાહાય્ય થાય છે. તટ ઉપર બેઠેલા બકની ચેષ્ટા અને સિદ્ધેશ્વર પાસેનું યુદ્ધ શું એણે નથી જોયું? કે જેથી તે મનસ્વી અમારા વીરધવળની પૃથ્વી રમત કરતાં લેવા ઇચ્છેછે? બાપની મતા લેવા દીકરો યોગ્ય છે એવો વ્યવહાર અન્ય પુરૂષોમાં ઉચિત છે, પણ બીજાની સંપત્તિની લાલચ રાખનારા રાજાઓને તો ખડ્ગ એજ ખરો વ્યવહાર છે. માટે તમે તમારા સ્વામી પાસે જાઓ અને મારા વચન પ્રમાણે તેને કોહો. તે સાથે વળી એમ પણ કેહેજો કે દૈવ! તમે બધું જાણોછો માટે આવો ગર્વ રાખોછો તે મૂકી દ્યો, નહિ તો હું તમારી સામો લડવાને તૈયાર છું, એટલે તમારે હવે જે કરવું હોય તે વિચારીને ભલે કરજો. સચિવમાં ઇંદ્ર સરખા વસ્તુપાલનું આવું વચન સાંભળીને ક્રોધાયમાન્ થઇને તે પ્રણિધિ ફરીને કઠોર વચન બોલ્યો કે, અરેરે મદમંદમતિ! આવું તે તમે શું બોલોછો? મારા દૈવનો નિયમ તમે જાણ્યો નથી. તમારી સાથે શસ્ત્ર ધારણ કરવામાં અમારો સ્વામી લજવાયછે; જેણે એકલાએ રણભૂમિમાં ઘટ્ટસેનાવાળા સિંઘણની અવગણના કરી છે એવાના બળ વિષેનો વિચાર તમારા ખ્યાલમાં લાવીને તમે નીતિના જાણ છો માટે આવું મિથ્યા અભિમાન મૂકી દ્યો, અને આ કવચ ઉતારી નાંખો. આ પ્રમાણે તેને કહીને તે ત્યાંથી ચાલ્યો, અને પોતાના સ્વામીને આવીને મળ્યો. તે બુદ્ધિમાન્ પ્રણિધિયે જણાવ્યું કે વસ્તુપાળનો નિશ્ચય આપની સામે યુદ્ધ કરવાનો ખરેખરો છે. એમ સર્વે વૃત્તાન્ત નિવેદન કરીને કહ્યું, તે સાંભળીને પવનથી જેમ સિંધુ ઉછળે તેમ સિંધુરાજપુત્ર ઉછળ્યો. વનને બાળી નાંખવાને અગ્નિ જેમ પવનથી પોહોંચી વળેછે તેવી દશા શત્રુની કરવા માટે અગ્નિરૂપ શંખે તેના સામી કૂચ કરી પોહોંચી જવાની ઇચ્છા કરી. કલ્પનો અંત આવવાને સમયે ક્રોધાયમાન્ થયેલા શંભુ કાળની સાથે મળીને જેમ ભયંકર દેખાય તેમ કોપાવિષ્ટ સિંધુરાજપુત્ર પોતાના હાથમાં કરપાળ (ખડ્ગ) ધારણ કરવાથી કાળકૃતાણ જેવો ભયંકર દેખાવા લાગ્યો. યુગના અન્ત સમયે મહાદેવના નેત્રમાંથી અગ્નિ વેહેતો દેખાય એમ એના કપાળે ભૃકુટીની ઘટના એવી થઈ કે તેથી જાણે એની આંખમાંથી અગ્નિ ખરતો હોય એમ અધિક દીસવા લાગી. મલકતા મુખવાળો અને વિષ્ણુ

સમાન કાન્તિવાળો શંખ ક્રોધે કરી શ્વેત વીજળી સહવર્ત્તમાન મેઘના જેવો ભયંકર દેખાવા લાગ્યો. ઘોડાની ખરીથી ઉડતા રજકણે કરીને છવાયલા પટલરૂપ વાદળથી અકાળ સમયે રાજહંસોને વર્ષાઋતુનો ભાસ કરતો હોયની તેવી રીતે તેણે કૂચ કરી. કેતુપત્રમય છત્રથી છવાયલી તેની સેના તેના હાથમાં રહેલી જયશ્રીની જાણે ચાલતી બગીચાની લેખા નહોય એવી દીસતી હતી. મોટા આટોપવાળો તે તરતમાં વટકૂપસરના તટ ઉપર આવીને પડયો, અને વાદિત્રના ઘોષ થવા લાગ્યા તેથી શત્રુના આગમનની સૂચના મળી ગઈ. વાદિત્રના ઘોષ વસ્તુપાળના કાન પાસે આવતાં તેની વક્ર ભૃકુટીની રચના એવી થઈ કે તે તેની સાથે જતો નહોય એવો દેખાયો. પણ મંત્રિયે ગંભીરતાથી પોતાનો તે ભાવ બતાવ્યો નહિ, તથાપિ તેનો એ ભાવ ખડાં થયેલાં તેનાં શિરોરૂહથી દેખાઈ આવતો હતો. સંગ્રામમાં પ્રવેશ કરતાં અનિવાર્ય અને જેનું સૈન્ય સજ્જ છે એવો શંખ તૂટેલા બંધનવાળા હાથીની પેઠે ધીરે ધીરે સંચરવા લાગ્યો. ચૌલુક્ય રાજાનો તે અમાત્ય, શત્રુનું સૈન્ય આવતું હતું એટલામાં ત્રાસયુક્ત ચિત્તથી પોતાની સેના ગોઠવવા મંડી પડયો. ચંદન, અગરૂ, કપૂર, કસ્તુરી અને કુસુમની માળાઓ, ધીર પુરૂષોએ સ્વર્ગની અપ્સરા સાથે મળવાની ઇચ્છાથી ધારણ કરી ન હોય એમ તેઓ મરણિયા થઇને કેસરિયા કરીને ચડયા. આ પ્રસંગે, યુદ્ધના આરંભમાં ઉત્પન્ન થતી સત્વની ઉછળતી સંપત્તિનું કવચ એ અમાત્યના શરીરમાં સમાઈ રેહેતું નહતું. અશ્વરાજના પુત્ર (વસ્તુપાલ) નો ઘોડો પોતાના જમણા પગની ખરીથી ધરતી ખણતો જય થવાનું ભવિષ્ય સૂચવતો હતો, એવા ઘોડા ઉપર તેણે વેગથી પલાણ નાંખ્યું. વીરરૂપ એવો જે વીરધવળ પોતાનો સ્વામી તેની મુદ્રા તે સદા કરમાં ધારણ કરેછે તો પણ, તે જ સમયે [1]વીરશદ્રકની મુદ્રા તેણે પોતાના હૃદયમાં ધારણ કરી. ભુવનપાળ આદિ સુભટો સેનાને

---

૧ મૃચ્છકટિક નાટકની પ્રસ્તાવનામાં જુઓ. **शूद्रकोग्नौजुहाव** એમ એક પ્રતિમાં છે અને બીજીમાં નીચે પ્રમાણે છે:—

**ऋग्वेदं सामवेदं गणितमथ कलां वैशिकीं हस्तिशिक्षां**
**ज्ञात्वा, शर्व्वप्रसादाद् व्यपगततिमिरे चक्षुषी चोपलभ्य ॥**
**राजानं वीक्ष्य पुत्रं परमसमुदयेनाश्वमेधेन चेष्ट्वा ।**
**लब्ध्वा चायुः शताब्दं दशदिन सहितं शूद्रकोऽग्निंप्रविष्टः ॥१॥**

ઋગ્વેદ, સામવેદ, ગણિતશાસ્ત્ર, કામવિદ્યા, વૈશ્યવિદ્યા અને હસ્તિવિદ્યા જાણનાર,

મોખરે હતા, તો પણ પુરવાસિયોએ વસ્તુપાળને તેની શૂરવીરતાથી અગ્રેસર ગણ્યો. વીર પુરૂષોમાં મુકુટમણી આ વસ્તુપાળ શંખની સેનાના અગ્ર ભાગે, રણસંગ્રામના સ્થળની મધ્યમાં, અને રત્નાકરની પારે જઇને ઊભો રહ્યો.

---

શિવની કૃપાથી જ્ઞાનચક્ષુ મેળવનાર શૂદ્રક રાજાએ પોતાના પુત્રને રાજ્ય આપી અને ઉન્નતિકારક અશ્વમેધ યજ્ઞ કરી એક સો વર્ષ ને દસ દિવસનું આયુ અર્પણ કરી અગ્નિમાં પ્રવેશ કર્યો તો આપણે હવે યુદ્ધયજ્ઞમાં પ્રવેશ કરવો છે. એમ સચિવે ચિંતવ્યું.

વીરશૂદ્રક એ એક બ્રાહ્મણનો પુત્ર હતો. ચતુર્વિંશતી પ્રબંધમાં સાતવાહનનો પ્રબંધ છે તેમાં એની વાત છે:—

પ્રતિષ્ઠાન (પેંઠણ) નગરમાં સાતવાહનના સમયમાં ૫૦ વીર નગરમાં રેહેતા હતા અને ૫૦ બાહાર રેહેતા હતા. ત્યાં એક બ્રાહ્મણનો દીકરો શૂદ્રક નામે રેહેતો હતો તે મહા મહોધ્ધુર હતો. તેનું વય ૧૨ વર્ષનું હતું. તેણે બાત્રન હાથની એક શિલા ઉપાડતાં વીરોને જોયા, તે કોઈ ચાર આંગળ, કોઈ છ આંગળ, અને કોઈ આઠ આંગળ ઉંચી કરી શકતા હતા તે જોઇને આ શૂદ્રકે શિલાને ઉંચે ઉછાળી અને વીરોને કહ્યું કે એ નીચે પડે એટલામાં તમે ઝોલી લ્યો; પણ તે તો એમ કેહેવા લાગ્યા કે એ શિલા પડતા પેહેલાં અમે ચગદાઇ મરિયે નહિ એમ કરો. શિલા નીચે પડવા પેહેલાં શૂદ્રકે એવો પ્રહાર કરયો કે તેના ત્રણ કકડા થઈ ગયા.

તેણે માયાસુર નામના અસુરનું માથું ગોદાવરીના પુરમાં જઈને કાપી લાવીને રાજા આગળ રજુ કરયું હતું. આ અસુરના માથાએ ગાણાથી રીઝવીને રાણીનું હરણ કર્યું તેનો અપવાદ શૂદ્રક ઉપર આવતાં સાતવાહને તેને શૂળિયે ચડાવવાની આજ્ઞા કરી. છેવટે રાણી જ્યાં હોય ત્યાંથી લઈ આવવાના કરારે તેને છોડયો. તે પોતાના બે કૂતરા સાનમાં મૂકીને રાણીને ખોળવા નીકળ્યો. માયાસુરનો પત્તો લાગ્યો નહિ એટલે ચિતા સળગાવી બળી મરવાને તૈયાર થયો તેની પેલા દેવતાધિષ્ઠિત કૂતરાને ખબર પડી એટલે તેઓ તેની પાસે આવી પોહોંચ્યા. પછી તેઓ જે માર્ગે તેને દોરી ગયા તે માર્ગે તે કોલ્લાપુર ગયો, ત્યાં મહાલક્ષ્મીનું મંદિર હતું તેની આરાધના કરીને પ્રસન્નતા મેળવી. દેવતાઓને રીઝવવા હોમ કરયો તેમાં ભંગાણ પાડવા માયાસુરે પોતાના ભાઈ કોલ્લાસુરને મોકલ્યો તે સેના લઈ આવ્યો. શૂદ્રક આ લડાઈમાં મરાયો તે જોઈ દેવતા અસુરોની સાથે લડયા ને કોલ્લાસુરને હણ્યો ને શૂદ્રકને સજીવન કરી મહાર્ણવને તીરે મૂકયો; અહિં વડના ઝાડે ઊંધે મસ્તકે ટાંગેલો તેણે એક અસુર જોયો તે માયાસુરનો ન્હાનો ભાઈ થતો હતો. તેણે માયાસુરને બોધ કરીને રાણીને પાછી મોકલવા બહુ સમજાવ્યો તેથી તેની આવી દશા કરી હતી તે વાત શૂદ્રકને તેણે કહી સંભળાવી. શૂદ્રકે તેને છોડયો અને તેની સાથે દેવતાગણ સહિત માયાસુરને સ્થાને ગયો. તેણે પોતાના સ્થાનની આસપાસ અગ્નિનો કોટ કરયો હતો તેમાં પેઠા. ત્યાં મોટું યુદ્ધ થયું તેમાં માયાસુરને શૂદ્રકે હણ્યો અને ઘંટાવલંબિ વિમાનમાં

યુદ્ધનો સમય પાસે આવતાં પણ સચિવોત્તમે ભાષણથી પોતાના શૌર્યનો પ્રકાશ ન કરયો, કારણ કે એના જેવા પુરૂષો તો માત્ર ક્રિયાસાર એટલે કે બોલવા કરતાં કરી બતાવીને પોતાનું બળ પ્રકટ કરનારા હોયછે. પ્રધુ-

---

બેશી રાણીને લઈને પૈઠણમાં આવ્યો તેથી સાતવાહન રાજા ઘણો પ્રસન્ન થયો.

આવા પરાક્રમી વીર શૂદ્રકની મૂર્ત્તિ એવુંજ પરાક્રમ કરવાને માટે વસ્તુપાળે પોતાના હૃદયમાં ધારણ કરી.

શાલિવાહન, શાલવાહન, સાલવાહણ, સાલવાહન, સાલાહણ, સાતવાહન અને હાલો એવાં જૂદાં જૂદાં નામ ફેરફારથી થઈ ગયેલાં જૂદાં જૂદાં પુસ્તકોમાં જોવામાં આવેછે.

પ્રબંધચિન્તામણી અંતર્ગત શાલિવાહનપ્રબંધમાં શૂદ્રકની કથામાં નીચે પ્રમાણે પાઠાફેર જોવામાં આવેછેઃ—

શાલિવાહન રાજા, દક્ષિણ ખંડ માંહેલા મહારાષ્ટ્ર દેશમાં પ્રતિષ્ઠાન (પૈઠણ) નામના પુરમાં રાજ્ય કરતો હતો. તેની ઉત્પત્તિ એવી છે કે, પ્રતિષ્ઠાન નગરમાં કોઈ બે પ્રવાસી પોતાની સુરૂપા વિધવા બ્હેન સહિત આવીને કુંભારને ત્યાં ઉતરયા હતા. ગોદાવરી નદી માંહેલા નાગહ્રદ ભણી તે વિધવા સ્ત્રી પાણી ભરવા ગઈ તેવામાં નાગહ્રદમાંથી નાગરાજ બાહાર આવ્યો તેણે તે સ્ત્રીની સુંદરતા જોઈને કામવશ થઇને સુરૂપા વિધવાની ઈચ્છા વિરૂદ્ધ તેનો સંગ કરયો, તેથી ગર્ભ રહ્યો એટલે તેના ભાઈ તેને કુંભારને ત્યાંજ મૂકીને જતા રહ્યા. સમય થતાં પેલી વિધવાને મહાપ્રતાપી તેજસ્વી પુત્ર પ્રસવ્યો. તે કુંભારને ત્યાં ઉછરી મ્હોટો થયો. કુંભારના ધંધામાં નિપુણ થતાં માટીના હાથી, ઘોડા, મનુષ્ય આદિ ઘડવા લાગ્યો, અને તે સાતવાહનના નામથી ઓળખાવા લાગ્યો. ઉજ્જણના વિક્રમાર્ક રાજાને કોઇ જોશિયે એમ કહ્યું કે આપણું ચક્રવર્ત્તિ રાજ્ય સાતવાહન લઇ લે એવો યોગ છે. આ ઉપરથી વિક્રમ તેના ઉપર ચડી ગયો, અને તેનું ઘર ઘેરી લીધું. આવો મામલો જોઇ તેની માએ નાગરાજનું સ્મરણ કરતાં તે હાજર થઈ ગયો, અને અમૃતકુંભ અને મહાશક્તિ તેને આપતાં માટીનું સૈન્ય ઘડેલું હતું તેને અમૃત છાંટતાં તે સજીવન થયું એટલે શક્તિની સહાયતાથી તે વિક્રમ પછવાડે થયો અને તેની ઘણી સેના મારી નાંખી તેને હઠાવતો તાપીના કિનારાસુધી લઈ આવ્યો વિક્રમે હારીને આ સ્થાને તેની સાથે સંધિ કરયો તેમાં એવો કરાર કરયો કે તાપીની દક્ષિણના દેશમાં સાતવાહનનું રાજ્ય પ્રવર્ત્ત અને ઉત્તર ભણી વિક્રમનું ચાલે.

સાતવાહન આવો કરાર કરી પ્રતિષ્ઠાન પાછો આવ્યો અને ત્યાં રાજ્ય ચલાવવા લાગ્યો તથા પોતાનો સંવત્સર પણ પ્રવર્ત્તાવ્યો. આ રાજાના સમયમાં પૈઠણમાં એક બ્રાહ્મણનો શૂદ્રક નામનો પુત્ર ઘણો બળવાન્ હતો. તે પાષાણના કડકા હાથમાં લઈને તે ચોળીને લોટ કરી નાંખતો. આવા તેના બળની વાત શાલિવાહનને કાને પડતાં તેણે તેને બોલાવીને નગરનો કોટવાળ બનાવ્યો.

આ સમયે માયાસુર કરીને એક દૈત્ય વામમાર્ગી હતો, તેણે જગતના સમસ્ત સુખની પ્રાપ્તિ કરી લેવાને તામસી દેવીનું આરાધન કરવાની ઈચ્છા કરી. વામમાર્ગના ગ્રંથોના અભિપ્રાય પ્રમાણે મંત્રસિદ્ધિ કરવા પદ્મિની સ્ત્રી જોઇયે તેનો શોધ કરવા લાગ્યો. પૈઠણમાં શાલિવાહનની રાણી ચંદ્રલેખા પદ્મિની છે એમ જાણતાં તેનું

લ્લિત થયેલા મુખવાળા આ સચિવને યુદ્ધને માટે તૈયાર ઊભેલો જોઇને, રણરસમાં પ્રતિષ્ઠાવાળા શંખે હાથમાં કરપાળ ફેરવ્યો. વસ્તુપાળ યુદ્ધમાં સામો ઊભો હતો તેથી કરીને શંખ નગરીમાં પ્રવેશ કરી શક્યો નહિ. જેમ રોષથી રૂદ્ર બનેલો શનિગ્રહ [1]દશરથ રાજા હોતાં રોહિણી નક્ષત્ર (શકટના આકારનું પાંચ તારાનું જૂથ)માં પ્રવેશ કરી શક્યો નથી તેમ વસ્તુપાળની સેનાના ચાલવાથી ઊડેલો રેણુનો સમૂહ ઉગતા પ્રતાપરૂપી અગ્નિના ધૂમાડાના ગોટા ન હોય એમ જણાવા લાગ્યો. તે ધૂળરૂપી અંધારાના ઉદયમાં છવાયેલો વીરધવળનો પ્રતાપ મંત્રીના મુખપ્રકાશથી પ્રકટ થતો જણાયો. શંખનું સૈન્ય બોહોળું હતું, તોપણ, તેનાથકી મંત્રીને ક્ષોભ થયો નહિ, કારણ કે, જેઓનું મન રણના આરંભમાં રહેલું હોયછે તેઓની સંખ્યા થોડી હોય તોપણ આપણે ઘણા છિયે એમ તેઓ માની લેછે.

પોતાનું અદ્વૈત--અદ્વિતિયપણું--કરવાને રણમાં ઊભેલા તે ધીર શંખની સાથે વાદ કરે એવો સભાસમર્થ જો કોઈ હોય તો તે એક આ મંત્રી

હરણ કરવા તે ત્યાં આવ્યો; અને વ્યંડલનું રૂપ ધારણ કરીને ચંદ્રલેખાના અંતઃપુરમાં નોકર રહ્યો. રાણીને ગાયનનો શોખ હતો એ વાત જાણવાથી તેણે ગાયનના છંદમાં રાણીને ફસાવી અને એકવાર લાગ આવ્યો એટલે રાજાની ગેરહાજરીનો લાભ લઈ મધ્યરાત્રિયે તેને બાથમાં ઘાલીને લઈ ચાલ્યો. પર્વતની એક ગુફા ધારી મૂકી હતી ત્યાં યજ્ઞ કુંડ રચી રાખ્યો હતો તેના સામા એક ઝાડને થડે તેને નગ્ન બાંધી. શાલમલિ વૃક્ષની ડાળિયે પોતાના પગના અંગુઠા ભેરવી ઉંધે મસ્તકે કુંડ ઉપર ટિંગલાઈને અપૂર્વ મંત્રનો જપ કરવા લાગ્યો.

આણીમગ પૈંડણમાં હાહાકાર વર્ત્તાઈ ગયો. રાણીનું હરણ કરી જનારને પકડી રાણીને લઈ આવે તેને અર્ધું રાજ્ય આપવાની દાંડી પીટાઈ. શૂદ્રક વિના બીજો કોઇ આ કામ કરવા તત્પર થયો નહિ. પોતાના બે કૂતરા લઈને ચાલ્યો. ફરતો ફરતો કોલ્હાપુરમાં આવ્યો અને મહાલક્ષ્મી દેવીનું આરાધન કરવા બેઠો. દેવિયે પ્રસન્ન થઈ એક ખડ્ગ આપ્યો અને દૈત્યની જગ્યા બતાવી. રસ્તામાં માયાસુરનો ઓરમાઈ ભાઈ મળ્યો તે શૂદ્રકને પર્વતની ગુફા બતાવીને જતો રહ્યો. શૂદ્રકે બધો બનાવ જોઈ લીધો અને ટિંગાઈ રહેલા માયાસુરનો તિરસ્કાર કરી તેનું માથું ખડગવતે કાપી નાંખ્યું. તે અગ્નિકુંડમાં પડતાં તે દિવસ પૂર્ણાહુતીનો હતો તેથી વામમાર્ગની દેવી પણ પ્રસન્ન થઈ. રાણીને વૃક્ષથી છોડીને પાછી લઈ આવ્યો અને રાજાને સોંપી.

૧ રોહિણી નક્ષત્ર, શકટ—ગાડાના આકારનું પાંચ તારાનું જૂથ છે. તેને ભેદીને જો શનિશ્ચર ગ્રહ આરપાર જાય તો દુકાળ પડે એમ કેહેવાયછે. દશરથ રાજાને કેહેવામાં આવ્યું કે શનિશ્ચર શકટભેદ કરનાર છે તે ઉપરથી તેણે શનિશ્ચરની સાથે યુદ્ધ કર્યું અને તેને હરાવીને કરાર કરી લીધો કે તેણે કોઈ દિવસ પણ શકટભેદ કરવો નહિ.

જ હતો–અથવા બીજી રીતે કહિયે તો આત્માનું અદ્વૈત કરવાને સભાસમર્થ એવો આ સચિવ એકલોજ સ્યાદ્વાદી–જૈન મત પ્રમાણે સ્યાદ્વાદ જાણનાર હતો.

બન્ને સેનાનો સંયોગ થતાં એવો કોઈ ઘટ્ટ ધ્વનિ થયો કે, જેની આગળ સમુદ્રનો મહા ધ્વનિ પણ મંદ થઈ પડ્યો. બંને ભણીની સેનાના કોપના આટોપવાળા સુભટોએ ધનુષ્યોને નીચે નમાવ્યા અને ભૃકુટિયોને ઊંચે ચડાવી. કાણ્ડ—બાણનો ધનુષ્યની પણછ સાથે સંધિ ( સંયોગ ) થયો, પણ વીરપ્રકાણ્ડ ઉત્તમ વીર પુરૂષોનો તો પરસ્પર વિગ્રહ થયો. પિશુન—ચુગલીખોર જેમ એકને કાને લાગીને બીજાના જીવિતનો ઘાત કરેછે, તેમ બાણ, વીરને કાને લાગીને બીજાઓના જીવિતનો વ્યય કરતા હતા. યુદ્ધરૂપી મહાતીર્થમાં પણછમાંથી છૂટેલા બાણ શત્રુના અસ્ત્રને તોડી નાંખીને પરપુરૂષ એટલે શત્રુઓના અંગમાં લીન થઈ ગયા. અથવા બીજા પ્રકારે કહિયે તો—મહાતીર્થમાં વસતા શિખાવિનાના અને ત્રણ ગુણથી મુક્ત થયેલા સંન્યાસિયો સૂર્યમંડળને ભેદીને પરપુરૂષ—પરમાત્મા વિષે લીન થાયછે. બાણો ભાથાને છોડી દઈ ચાપને પ્રાપ્ત થયાં, કેમકે સપક્ષ ( પીછાંવાળા—પક્ષવાળા ) નું એવું લક્ષણ છે કે સંકટ વેળાએ પાસે હાજર રેહેવું. શત્રુનું વક્ષસ્થળ ચીરીને બાણ આરપાર નીકળી ગયા, કારણ કે તે નિર્ગુણ એટલે પણછમાંથી છૂટેલા છે, કેમકે જે નિર્ગુણ હોય તે ધીરના હૃદયમાં ચિરકાળ રહી શકતા નથી. ખડ્ગધારિયોની સાથે ખડ્ગધારિયો થયા, ભાલાવાળા ભાલાવાળા સાથે અડ્યા, યોદ્ધા યોદ્ધા સાથે ભીડ્યા, અને અશ્વારો અશ્વાર સાથે લડવા મંડી ગયા. મંત્રીશ ( વસ્તુપાળ )ના હાથમાં આવેલી તરવાર બદ્ધમુષ્ટી ( મૂઠબંધ ) છતાં પણ જાણે દાનને માટે તત્પર થઈ ન હોય? ક્ષણવારમાં તેણે પોતાનો કોશ ( મ્યાન ) છૂટો મૂકી દીધો—ભાવાર્થ કે લોભિયો માણસ બદ્ધમુષ્ઠી છતાં ઉદાર સંબંધમાં આવી દાન આપવાને તત્પર થતાં પોતાનો કોશ–ભંડાર છૂટો મૂકી દે છે—વ્યય કરી નાંખેછે તેમ આ ઉદાર મંત્રીના હાથમાં આવેલી મૂઠવાળી તરવારને દાન એટલે શત્રુનું ખંડન કરવાને પોતાના કોશ–મ્યાનમાંથી છૂટી મૂકી દીધી–વસ્તુપાળે લડવાને માટે તરવાર મ્યાનમાંથી ખેંચી કાહાડી. રણભૂમિ જાણે કે, વીરોના કપાઈ પડેલા હાથ અને પગરૂપી કમળે કરી પૂજાઈ હોય, દૂર્વા જેવા કેશવાળા શિરરૂપી ફળે કરી અર્ઘ અપાયેલી હોય તેવી ભાસવા લાગી.[1] વસ્તુપાળ જૈનધર્મી હોવાથી તેણે યુદ્ધ કરવામાં અહિંસા

---

૧ અર્ઘ સંપુટમાં દ્રો તથા સોપારી આદિ પદાર્થ રાખવામાં આવેછે તેથી અર્ઘ સંપાદન કરાયછે તેમ દ્રોને ઠેકાણે કેશ ને ફળને ઠેકાણે શિર, એમ સમજવું.

રૂપી વ્રતનો ભંગ કરયો, તોપણ તેની તે વિષે નિંદા કેમ કરાય? ન કરાય, કારણ કે તેણે પુરૂષવ્રત—યુદ્ધમાં જય પ્રાપ્ત કરી લેવાની પ્રતિજ્ઞા—નો તેવાજ પ્રકારનો નિર્વાહ કરયો. વળી તે શૂર મંત્રિયે અહિંસાવ્રતના ભંગથી ઉત્પન્ન થયેલા માનસિક ખેદને ધોઈ નાંખવાને જાણે શરવૃષ્ટિથી દિવ્ય સ્નાન કરયું ન હોય એમ બન્યું.-એટલે કે, તીરના પ્રહારથી એ પણ છવાઈ ગયો. પાછળથી પ્રભુભણીથી આપવામાં આવતો ઉત્સાહ, અને આગળ માગધભણીથી આપવામાં આવતું ઉત્તેજન એ બે યોદ્ધાઓના પરાક્રમની વિશેષ વૃદ્ધિનાં કારણ થયાં. ખાસ વસ્તુપાળને ઉદ્દેશીને શંખે મૂકેલા બાણ તેને ભેદી શકયા નહિ, કારણ કે મહાન્ પુરૂષોની રક્ષા માટે કોઇએક નહિ દેખવામાં આવે તેવો કેડ બાંધીને ઊભો રહેલો હોયછે. શત્રુના ઉપર કૂચ કરતાં, સુભટના રૂધિરની નદીનો દુસ્તર પ્રવાહ વસ્તુપાળની આગળ દુસ્તર થઈ પડયો હતો તોપણ તે નહિ થાકતાં આગળ ધપી ગયો. શંખ જેનું બીજું નામ છે એવા વીર સંગ્રામસિંહે, રણમાં રિપુનો સંભવમાં ન આવે એવો આધાર જોઈ, તેમજ, પરપક્ષે આરંભેલો પોતાની સમક્ષ થતો સૈનિકોનો સંહાર જોઈ યુદ્ધમાં તેણે પોતાના જુસ્સાનું મોટું પરાક્રમ પ્રકટ કરયું. આ [1]સંગ્રામસિંહની ભૃકુટીરૂપી પલ્લવનો વિકાસ પણ શત્રુઓ સહન ન કરી શકે તેવો છે તો પછી તેનો ખડ્ગોલ્લાસ તો કોણજ સહન કરી શકે? અંક–ખોળામાં જાણે આવી પડતો હોય એવા શંખની સામે જેણે પોતાના જીવિતની અપેક્ષા રાખી નથી એવો [2]ભુવનપાળ નામે ભટ દેખાવા લાગ્યો, એટલે શંખનો મિત્ર જે સામંત તેણે શત્રુની સેનામાં, આડે આવતાઓને મારીને સેનાના બે વિભાગ પાડી

---

૧ શાસ્ત્રી વ્રજલાલે બુ. પ્ર. પુ. ૧૩ પૃ. ૧૭૬માં એમ લખ્યું છે કે—"સંગ્રામસિંહ અને સંખ્યસિંહ નામે બે વસ્તુપાળના નામાંકિત યોદ્ધાઓએ શંખનું ઘણું સૈન્ય કાપ્યું" આમ લખવામાં સમજફેર થયાનું જણાયછે. સંગ્રામસિંહ એ શંખનું બીજું નામ છે. જુવો કીર્ત્તિકૌમુદી સર્ગ ૫નો શ્લોક ૪૧ મો **वीरः संग्रामसिंहोथ संख्ये शंखा ऽपराह्वयः** શંખ છે (આવ્હય) બીજું નામ જેનું એવા (**संख्ये** યુદ્ધમાં) વીર સંગ્રામસિંહ—આમાં સંખ્ય શબ્દ યુદ્ધવાચક છે તે ઉપર લક્ષ નહિ રહેવાથી સંખ્યસિંહ નામ કલ્પેલું જણાયછે.

૨ વસ્તુપાળતેજપાળપ્રબંધમાં ભૂણપાળ નામ છે.

દઇને ખુલ્લા થયેલા માર્ગમાં ગુલકુળમાં ઉત્તમ ભૂષણ જેવા ભુવનપાળ ઉપર ધસારો કરયો. જેની બરાબરી બીજા કોઈ કરી શકે નહિ એવા એ બ-ન્નેનું દ્વંદ્વ યુદ્ધ થયું, તેમાં એક બીજાનાં શસ્ત્રો કપાઈ ગયાં એટલે મલ્લની પેઠે કેશાકેશી અને ભુજાભુજી ઉપર આવી ગયા. સ્વર્ગમાં રેહેનારાઓને અનિમેષપણું પ્રાપ્ત થયેલું હોયછે એટલે તેમની આંખો કદિ પણ ઉઘાડ મીચ થતી નથી તે પ્રમાણે સ્વર્ગની અપ્સરાઓ આ બન્નેનું યુદ્ધ આકા-શમાંથી જોવા લાગી. તેમની આંખોનું અનિમેષપણું આ પ્રસંગેજ સાફ-લ્ય થયું. ભુવનપાળ તરતજ સામંતને યમ પાસે મોકલાવી ફરીને પાછો સગ્રામસિંહ ( શંખ ) સાથે સંગ્રામ કરવા આવ્યો, તેમાં શંખે ખડ્ગપ્રહા-રથી ભુવનપાળના શરીરના ટુકડેટુકડા કરી નાંખ્યા, તોપણ તેનું પૌરૂષ ( પરાક્રમ ) તે ખંડિત કરી શકયો નહિ. વીર મંત્રોનો આ વીર ભુવનપાલ, જેનું માથું શંખે તરવારથી કાપી નાંખ્યું, એટલે તે તો પોતાના પ્રાણ આપીને પોતાના પ્રભુપ્રસાદના ઋણમાંથી મુક્ત થયો. રણને મોખરે ભુવનપાળનું મૃત્યુ થયેલું સાંભળીને તેનું વૈર વાળવા મંત્રી યુદ્ધમાં અધિક તત્પર થયો. યુદ્ધકરનારા સર્વે યોદ્ધાઓનો પ્રિય અને સુલભ એવો જે યશ તે પ્રાણરૂપી મૂલ્ય આપીને ખરીદ કરી લેવા, તરવાર ધારણ કરેલી એવો વીર વીરમ યુદ્ધરૂપી દુકાનમાં દાખલ થયો. શંખ ભણીનો જયંતપત્તિ ( પાળો ) અને મંત્રીનો આ વીરમ પત્તિ, એ બે જયશ્રી મેળવવામાં વિ-વાદ કરતા કરતા ( ન્યાય મેળવવા માટે ) મહાદેવની સભામાં પોહોંચી ગયા.

રણની મધ્યે જેણે પોતાના આત્માનો વ્યય કરયો એવા વીર ચાચિગ-દેવે પોતાના હાથની ચાલાકીની કીર્ત્તિ વૈરિયોના મુખમાં પણ પેસારી દીધી, એટલે ભાવાર્થ એનો કે, શત્રુ પણ તેના પરાક્રમના ગુણ ગાવા લાગ્યા. પોતાની સેનાનાં માણસ મરાયાં તોપણ યુદ્ધમાં સોમસિંહ ઘાયલ થઇ ઊભો રહ્યો, તથાપિ તેણે સ્તોમને પદે પદે કરયો-કચરી નાંખ્યો અથવા તો એનો ભાવાર્થ એમ પણ સમજાયછે કે, સોમસિંહ ઘાયલ સ્થિતિમાં ઊભો રહ્યો છતાં તેણે પગલે પગલે વખાણ કર્યાં. પોતાના સ્વામીના શ-ત્રને મારયા વિના હું મરાયો છું એવી જાણે લાજ લાગી હોય એમ સમજી

૧ શાસ્ત્રી વ્રજલાલ લખેછે કે, શંખે સંગ્રામસિંહનું શરીર ખડ્ગવડે ચૂરેચૂરા કર્યું પછી ભુવનપાળને તેણે હણ્યો. પણ એમ નથી. આગળ લખવા પ્રમાણે શંખ ને સંગ્રામસિંહ એ એકજ પુરૂષ છે.

ત્રિજય એવો અલોપ થઈ ગયો કે તે તો ફરી પાછો જણાયોજ નહિ. શંખે ભુવનસિંહ ભટને દૃઢ મારચો, અને તેનો હેતુ તેને ભૂતલ ઉપર પાડવાનો હતો, પણ તે તો નીચે પડવાને બદલે તરતજ ઊંચો સ્વર્ગે પોહોંચી ગયો. પ્રાણ કરતાં પણ શસ્ત્ર પ્રિય એવો ક્ષત્રિયોનો નિશ્ચય છે, તે ઉપરથી ઉદયસિંહે યુદ્ધમાં પોતાના પ્રાણ છોડચા પણ શસ્ત્ર છોડયું નહિ. પોતાના ખડ્ગથી કપાયલા વીરોના મસ્તકો વડે વિકટ બનેલા એવા યુદ્ધમાર્ગમાં, ક્રોધાંધ બનેલા વિક્રમસિંહે ચાલવા માંડયું. જેના મનમાં વિકાર થયો છે એવા વિકૃત બુદ્ધિના અથવા વૈકુંઠમાં જવાની જેના મનમાં ઇચ્છા થઇ છે એવો વિકુંઠ બુદ્ધિવાળો, તથા દુર્જન પોતાના ભણી આંગળી કરશે એવી બીક રાખતો કુન્તસિંહ ચળકતા ભાલા જેમાં ચળકી રહ્યા છે એવા યુદ્ધમાં પરાક્રમ કરવા પડચો. તેવાને તેવા પોતાની આગળ ઉભેલા હીરા[૧] જેવા સચિવને જોઇને શંખના મનમાં પણ ચમત્કાર પ્રસરચો. કુંતસિંહ પોતાના બાણના પાન (ફળ) થી શત્રુઓનાં અંગ વીંધી નાંખતો, શત્રુએ પ્રહાર કરેલા તેના પોતાના અંગોમાંથી આરપાર નીકળેલા બાણના પાનરૂપ નવપલ્લવ વડે શોભતા ઝાડના જેવો શોભવા લાગ્યો. શંખની કોપસંપત્તિ વસ્તુપાળને જોઇને વિરામ પામતી હતી, તેનું કારણ એમ જણાયછે કે તેણે તેને વિકાર રહિત સાક્ષાત્ પરમ પુરૂષ છે એવો જાણ્યો. ચૌલુક્યચંદ્રના આ સચિવેન્દ્રને અવાર્ય શક્તિવાળો સમજીને રજથી દિશાઓને ઢાંકી મૂકતો એવો, તથા મહાબળ (વાયુ) ઘણા પત્રવાળા વૃક્ષને કંપાવેછે તેમ ઘણા પત્ર એટલે વાહનવાળા રાજારૂપી વૃક્ષને જેણે કંપાવેલા છે એવો મહાબળ શંખ વાહનને છોડી દઇને ઊભો રહ્યો. ભટોએ કરેલું ઉપમર્દન જેણે અનુભવ્યું છે એવો આ મંત્રીશ્વર અગ્નિમાં તપાવેલા સુવર્ણપિંડની પેઠે, આનંદનાં અશ્રુ જેની આંખમાં ભરાયલાં છે એવા લોકે પૂજેલું અત્યંત તેજ ધારણ કરતો હતો. જેમ યોગી શરીરનો સંહાર કરવાઆવતા કાળને યોગબળે જીતીને શરીરનું કુશળ કરેછે, તેમ મહાનિયોગી (મોટો અધિકારી) અને કુશાગ્ર બુદ્ધિવાળા વસ્તુપાળે પુરનો સંહાર કરવા આવતા શંખને જીતીને પુરનું કુશળ કર્યું વીર રસે કરીને જેની રોમરાજિ રોપિત થઈ છે એવા મંત્રિયે ક્ષત પામેલા ભટોના માંસ ઉપર રણ-

---

૧ આમાં વસ્તુપાળને હીરા જેવો કહેવાનું કારણ શંખ તે શંખલો અને સચિવ તે હીરો એમ મુકાબલો કરવાના હેતુથી "હીર" શબ્દ યોજ્યો છે.

ભૂમિના આવતા ગૃધ્ર પક્ષિયોથી ભરેલી યુદ્ધભૂમિ જોઇને, પ્રમદાએ બોલાવેલા યશ ગાવાવાળા સૂત જેની કરવિભૂતિ પદે પદે ગાયછે તેવી રીતે ત્યાંથી પાછો ફરયો. આ પ્રસંગમાં સોમેશ્વર આટલું જ કહેછે પણ સૂરિશ્રી [1]રાજશેખર વિશેષમાં એમ કેહેછે કે, જ્યારે ભારે યુદ્ધ મચી રહ્યું ત્યારે મંત્રીનું સૈન્ય બહુ હણાયું, અને ચારે પાસ નાસવા માંડયું, તે સમયે પોતાનો એક માહેચક (માહિચ્ચક) નામે રજપૂત હતો તેને વસ્તુપાળે કહ્યું કે, આ તો આપણને મૂળથી ઉખેડી નાંખે એવો ખેલ છે. તમે સાથે છો તો એવું કાંઈ કરો કે જેથી વીરધવલની પ્રતિષ્ઠા જાય નહિ. આવું સાંભળીને બીજા કેટલાક પોતાના રજપૂતોને લઇને તેની સામે ગયો અને બોલ્યો, શંખ! આ તારી વડુઆ ગામડી ન હોય, આ તો ક્ષત્રિયોનો સંગ્રામ છે. શંખે પણ કહ્યું, તું ઠીક બોલી જાણેછે, પણ આ તારા ધણીના પટ્ટનનું પાદર નથી પણ શત્રુનો દેશ છે, ને સુભટોનું ક્રીડાક્ષેત્ર છે. આ પ્રમાણે તદ્વદ થતાં દ્વંદ્વયુદ્ધ થયું તેમાં માહેચકે મંત્રીની સમક્ષ મંત્રીના પ્રતાપથી શંખને પાડયો. સેનામાં જયજયકાર થઈ રહ્યો. કોઈ કેહેવા લાગ્યું કે વસ્તુપાળે શંખને હણ્યો. અને કોઇ કેહે કે ભૂણપાળ (ભુવનપાળ) નામના ભટે હણ્યો. મંત્રિયે તેનું રાજ્ય લઈ લીધું; વેલાકુલની (બંદરની) બધી સમૃદ્ધિ લઈ લીધી, પછી તે રણજયપતાકા ઉડી રહેલા અને ઉચાં તોરણથી શણગારેલા સ્તંભતીર્થમાં પેઠો.

જિન હર્ષગણિના વસ્તુપાળતેજપાળચરિતના ચોથા પ્રસ્તારમાં સદીક સંબંધી નીચે પ્રમાણે વૃત્તાન્ત છે:—

જ્યારે વસ્તુપાળ ખંભાતનો અધિકાર લઇને આવ્યો ત્યારે દેવો કરીને એક વાણિયો પોતાની કર્મકથા તેને કેહેવાને રજુ થઈ ગયો. તે બોલ્યો કે, નોડે વંશનો એક સદીક નામે વાહાણવટી છે. તેને છેક ચાંડાલથી તે રાજા સુધી સર્વે કોઈ માન આપેછે, તેથી તે અભિમાની થઈ ગયો છે, પોતાના વિના પરને તે તંખલાની તુલ્ય ગણેછે; એની પાસે અખૂટ ધન છે; સર્વે બંદરોમાં એની વિખ્યાતિ છે, અને સર્વે ઠેકાણે એનો વ્યવહાર રૂડો ચાલેછે. વળી તે અદીન અને રણાંગણમાં વીરરત્ન છે. ઇંદ્રનો ઘોડો જે ઉચ્ચૈઃશ્રવા (જેની કાનસુરી ઉંચી રેહેછે એવો) કેહેવાયછે તેની ઓલાદના ૧૪૦૦ ઘોડા એને ઘેર બાંધ્યા રેહેછે. અને તેઓ (સ્વર્ણપ્રક્ષર-

[1] જુઓ રા. રા. મણિલાલ નભુભાઈનું ભાષાંતર પૃ. ૧૯૯.

શાલિન:) સોનેરી પાખર (પ્રખર) થી શોભિતા છે. ૧૪૦૦ પાળા તેને ઘેર રેહેછે, તેઓ યુદ્ધવિદ્યામાં કુશળ છે, અને તેઓ આખી પૃથ્વીને બી-વરાવી મારેછે. વળી તેને ઘેર ૩૦૦ તો મનોહારી હાથિયો છે. સુવર્ણ, મણિ, માણિક્ય, તાર (રૂપું), મુક્તાફળ આદિ જેના ઘરમાં અસંખ્ય છે. આવા વૈભવથી શોભી રહેલા મેહેલજેવી હવેલીમાં તે વસેછે. આવા સદીકને ત્યાં મારો બાપ સગર નામે હતો તે ગુમાસ્તી કરતો હતો, અને જૂદે જૂદે બંદરે એનાં વાહાણ જતાં હતાં તેમાં કરાણી થઇને તે જતો હતો. આદન (એડન) બંદરેથી એક વાર તે સોનાની ધૂળ મળી તે લઇ આવ્યો, અને તેને કામધેનુ પ્રાપ્ત થઇ હોય એમ છૂપી રીતે સંભાળીને પોતાના ઘરમાં ઘાલી દીધી; પણ આ વાતની ખબર કોઇયે સદીકને આપી એટલે તેણે કોપાયમાન થઇને અમારૂં આખું ઘર લૂંટી લીધું, ને મારા પિતાને મારી નાંખ્યો. મારા ઘરમાં હવે ખાવા પીવા કાંઈ રહ્યું નથી, માટે તમારી ચાકરીમાં રહીને મારૂં ગુજરાન કરવા ઇચ્છુંછું. હું જાતનો પોરવાળ વાણિયો છું. આ વાત સાંભળીને વસ્તુપાળના મનમાં આવ્યું કે આવી રીતે અબળિયાને બળિયા સંતાપેછે, અને પક્ષિયો સરખા પણ પોતાની જાતનો પક્ષપાત કરેછે તો મારે આનું રક્ષણ કરવું. કેમકે,

(ગીતિ.)

અધિકાર જેહ પામી, આશ્રીતોનું કરે ન પોષણ તો;
ભ્રષ્ટ થતાં અધિકારજ, પામે અધિકારિતા[1] ઘણી જન તો.
ઉપકાર સુજન પર ને, અરિપર અપકાર તો અતિ કરવા;
ડાહ્યા ઇચ્છા આણે, નૃપની સેનાવિષે જઇ પડવા.

આવા વિચાર એના મનમાં આવવાથી પોતાના મનમાં સદીકને ઠેકાણે લાવવાનો વિચાર થયો, અને દેવચંદને શાન્ત પડવાને કહ્યું કે ધિરજ રાખ, સમય આવશે એટલે હું તારૂં કામ સધ કરીશ. એમ કહીને અમૃતજેવી વાણીથી તેની આશ્વાસના કરી પ્રસન્ન હૃદય થઇને દેવચંદને કોષાધિકારીની પાસે નામું લખવાને માટે રાખ્યો. થોડો સમય ગયા પછી, તેણે પોતાના માણસને સદીક પાસે મોકલાવ્યો. તેણે વસ્તુપાળના આશીર્વચન સાથે કહ્યું કે "તમે શ્રીમંતોમાં શ્રેષ્ઠ છો, વ્યવહારિયામાં ધુરંધર છો, વળી વીર પુરૂષોમાં ઇંદ્રના સરખા છો, અને આ પૃથ્વીમાં ધનને લીધે કુબેરના

૧ અધિક+અરિતા=શત્રુતા.

સરખા છો, તમે દાનશીલ છો તેથી ચારેભગના બંદરોમાં તમારી કીર્ત્તિનો વાસ વશી રહ્યો છે, તેથી તમારી સાથેના સુહૃદભાવથી કાંઈક તમારા ભલાની વાત કહુંછું; કેમકે મ્હોટા પુરૂષો કહી ગયા છે કે, સર્વેને હિતનું વચન કેહેવું, તેમાં વળી જે મ્હોટા હોય તેને તો અવશ્ય કેહેવું જોઇયે. અહો! વ્યવહારિયામાં અગ્રણી સદીક! સાંભળો, જેમ સર્વ વ્રતમાં બ્રહ્મચર્ય વ્રત શ્રેષ્ઠ ગણાયછે, તેમ સમસ્ત ગુણ છતાંય, રાજા સરખો પણ જો વિનયવાન્ હોય તો પ્રાજ્ઞજનો તેનાં વખાણ કરેછે. લાવણ્ય વિનાની કશી વાત કોઇને ગોઠતી આવતી નથી; તેમ વિનય વિના કોઈ પણ પ્રકારની ચતુરાઇ વખણાતી નથી. જેમ ચારે ભગ ખીલી રહેલી મોલની શોભાનો દુર્વાત્[1] દૂષણ લગાડી નાશ કરી નાંખેછે, તેમ દેહધારીનામાં જો દુર્મદ હોય તો તેના સર્વે સદ્ગુણોને દૂષણ લગાડેછે. માટે ઉદય આપનારી એવા વિનયની વૃત્તિ મનમાં આણીને તમારે કશો ભય રાખ્યાવિના મારી પાસે આવવું જોઇયે." આવાં તે માણસનાં વચન સાંભળીને, રાજી થવાને બદલે, ઉલટો કોપાયમાન્ થયો, અને લાલચોળ થઈ ગયેલા મુખવડે બોલવા લાગ્યો કે—"મારા જોવામાં આ પૃથ્વી ઉપર ઘણા રાજા આવી ગયા, તથા તેમના કારભારી પણ ઘણા જોયા, તોપણ તેમાંથી કોઇયે તારા જેવું નિષ્ઠુર વચન મને કેહેવરાવ્યું નથી. સર્વે કોઈ વણુતેડયા મારે ઘેર પોતાનું કામ સાધી લેવાને મને મળવાને ચાલ્યા આવેછે. સમુદ્રમાં જઇ મળનારા નદીના પ્રવાહને સમુદ્ર બોલાવતો નથી, તથાપિ તે તેની મેળે તેને જઈ મળેછે, એવો મારો વ્યવહાર છે. ચક્રવર્તી રાજા જેમ રાંકને ઘેર કદિ જતો નથી તેમ હું રાજા સરખાને ઘેર પણ જનારો નહિ તો કૂવાના દેડકા સરખો આ દુર્બુદ્ધિયો મંત્રી મને પોતાને ત્યાં બોલાવવાનો આ નગરમાં નવો ચાલ પાડવા કયાંથી ઉભો થયો છે? અલ્યા માણસ! તું તેને કેહે કે, કલ્પવૃક્ષ જેમ આશા પૂરેછે તેમ હું કલ્પવૃક્ષ જેવો છું, અને સર્વની આશા પૂરૂંછું, માટે તારે જે કાંઇ જોઈતું હોય તો તે તું મંગાવી લે, હું તને ઘેર બેઠાં મોકલાવી દઈશ. ઉંદરના હાથમાં ડાંગરનો એક કણ આવે તે લેઇને કૂદમકૂદા કરી રેહેછે, તેમ અલ્પ લક્ષ્મી પ્રાપ્ત થવાથી ગર્વિષ્ઠ થઇને મારા સરખા ગુણમાં અધિક એવા મહાન્ પુરૂષ, યશસ્વી, પ્રશસ્ત મનવાળાને પોતાની પાસે બોલાવવાનો અહંકાર કરેછે, તેથી મને તો સમજાયછે કે, એનો વિનાશ થવાનો છે માટે અહો દૂત! તું તારા ધણીને જઇને કેહે કે, તારે જો મને મળવું હોય તો

[1] નઠારો પવન.

રંભાએ કરીને રમણીય એવી મારી મોહેલાત છે તેમાં તું આવ, જો તું મારી પાસે આવીશ તો આ નગરમાં તું રહી શકીશ."

દૂતે આવીને સદીકનું ઉપર કહેલું સર્વ કથન મંત્રીને કહી સંભળાવ્યું. એટલે ફરીને મંત્રિયે સદીકને કેહેવડાવ્યું કે, "તારાથી થાય તે પ્રમાણે તારૂં રક્ષણ કરીને તારે ઘરમાં રેહેવું. તારો આવો દુર્વિનય સર્વને અપમાન દેનારો છે, માટે સૂર્યના આવવાથી જેમ અંધકાર મટી જાયછે તેમ તારો આવો દુર્વિનય મટાડી દેવાને હું આવ્યો છું. સાપે દંશેલા અંગુઠાને કાપી નાંખવાથી જેમ સુખ થાયછે તેમ. દુષ્ટ જનનો નાશ કરવાથી ન્યાયી અને ધાર્મિક પુરૂષોનો પવિત્ર યશ ફેલાતાં તે સુખી થાયછે." આ પ્રમાણે ફરીને કેહેવરાવ્યું છતાં પણ સદીકને તે વાત ગોઠી નહિ, કેમકે:—

( ગીતિ. )

નાશ નિકટ જે જનનો, તેને કોનું કથન કદા ન રૂચે;
ગર્જુ નિજનું નવ જાણે, ખૂંટારૂપ હિત વચનજ પણુ ખૂંચે.

આ સર્વ વૃત્તાંત સદીકે શંખને લખી મોકલ્યો, તેનો પરિણામ એ થયો કે ઉપર છાપ્યા પ્રમાણે શંખ લડવા આવ્યો અને તેમાં તે મરાયો.

હર્ષગણિ વિશેષમાં એમ કેહેછે કે—

કિરાત એટલે ભિલ્લ અથવા એવીજ કોઈ હલકી જાતિનો કોઈએક સિંહભટ નામે હતો તેના ભાઈ સિંધુરાજનો દીકરો શંખ અથવા સંગ્રામસિંહ જે શૂરવીર હોતાં પરાક્રમી પુરૂષોમાં જેની પ્રથમ ગણના થતી હતી તેને વસ્તુપાળે ક્ષણમાત્રમાં જીત્યો, અને ગાજતાં વાજતાં ઘણી ધામધૂમથી તેણે ખંભાતમાં પુરપ્રવેશ કર્યો.

પોતાની સાથે જે માંડલિકો ( ધાત્રીપાળ ) હતા, તેમના સહિત સેના લઇને તે સદીકને ઘેર ગયો. ત્યાં તે પોતાના ૧૪૦૦ દૈત્યના જેવા પરાક્રમી માણુસો સહિત લડાઈ કરવાને સજ્જ થઈ રહ્યો હતો. એ માણુસો સોનાના પાખરવાળા ૧૪૦૦ ઘોડા ઉપર અશ્વાર થયા હતા; તેઓએ સચીવના સૈન્ય ઉપર બાણોનો વર્ષાદ વરસાવી મૂક્યો. વસ્તુપાળના સૈન્યે પણ તેમના ઉપર મારો ચલાવ્યો, અને તેમને યશશ્રેષી કરયા, અને પછી જે સદીકે અહંકારનાં વચન બોલીને બડાઈ મારી હતી તેને ઝાલી લીધો અને તેની હવેલીમાં પેશીને તેમાંથી ૫૦૦૦ હેમની ઈંટો લીધી, ૧૪૦૦ ઘોડા લીધા

અને રત્નમાણિક્ય તથા મ્હોટા મ્હોટા મોતીના છડા લીધા. આ પ્રમાણે જયપ્રાપ્તી કરી લીધા પછી તેણે કુમારપાળના દેવળમાં જઈ ઋષભદેવની મહાપૂજા કરાવી, તે ઉપર સોનાનો ધ્વજ ચડાવ્યો અને ત્યાર પછી ધોળકે ગયો.

ત્યાં જઇને ચૌલુક્ય રાજા વીરધવળની આગળ સમગ્ર લૂંટનો માલ રજુ કરી દીધો.

તે પ્રસંગે સર્વે પ્રસન્ન થયા અને વીરધવળની આજ્ઞા લઇને એક કવિએ તેના વાસ્તવિક ગુણ ગાયા કે—

(ગીતિ.)

"હે! વસ્તુપાળ! તારૂં, અપૂર્વ પાંડિત્ય તો સરસ ભાંખું;
ચૂરો શંખ કરીને, ઉજ્વળ પરિપૂર્ણ વિશ્વ કરી નાંખ્યું."

"હે! વસ્તુપાળ! તારી અપૂર્વ પંડિતાઈની સરસાઇ શી કહું? એક શંખના ચૂરેચૂરા કરી નાંખીને તેથી બનેલા સાગોળવતી અખિલ વિશ્વ ધોળી નાંખ્યું. ભાવાર્થ કે શંખને મારવાથી તારી ઉજ્વળ કીર્તિ આખા વિશ્વમાં ફેલાઈ ગઇ.

(રણશૂરવૃત્ત.)

"લીલાથી સરિતા સઘળીનો, કરે કોળિયો ને ગાજે;
આકાશે ઉછળે ઉરમિયો, સીમા પારવિણ તો રાજે;
નાચંતા કૂદતા મકરો ને, વળી કાચબા બંધુ છે;
એ સૌ જ્યાં સુધી છેડ અગસ્ત્યે, નથી કીધ તો સિંધુ છે."

આ કવિની કવિતાથી રાણો રાજી થયો અને તેને ત્રણ હજાર દીનાર રાજીપામાં આપ્યા.

વસ્તુપાળને તેણે પંચાંગપ્રસાદ (પોશાક) આપીને ત્રણ વિરૂદ આપ્યા.

(૧) **सदीकान्वय संहारी**—સદીકનો વંશોચ્છેદક.

(૨) **शंखमान विमर्द्दन**—શંખના માનનું વિમર્દન કરનાર.

(૩) **वराहप्रोल्ल सत्पुण्य प्रवाहो ज्ञाति पालने**—જ્ઞાતિ પાળવામાં વરાહની પેઠે જેનો પુણ્યપ્રવાહ દીપતો છે એવો.

વિષ્ણુએ વરાહનો અવતાર લઇને આદિ દૈત્ય હિરણ્યાક્ષને મારીને પૃથ્વીનો ઉદ્ધાર કર્યો, એમ ભાગવતના તૃતીય સ્કંધમાં કથન છે, તે પ્રમાણે વસ્તુપાળે કરવાથી તેને આવો વિરૂદ આપવામાં આવ્યો. આ પ્રમાણે તેને માન મળવા પછી ઉત્સવ સહવર્તમાન તે પોતાની હવેલીએ આવ્યો, અને જે રાજમાન્ય સર્વ જન હતા, તેમનો તેમની યોગ્યતા પ્રમાણે તેણે સત્કાર કર્યો. તેમજ બ્રાહ્મણોને દક્ષિણા આપી, અને બીજા માગણ જનોને ત્યાગ આપીને રાજી કર્યા. ત્યાર પછી રાણાની આજ્ઞા લઇને તે પાછો ખંભાત ગયો.

એક લેખ× એવો છે કે, વસ્તુપાળે આ સર્વ વર્તમાન લવણપ્રસાદને નિવેદન કર્યું, તેમાં જણાવ્યું કે " સદીક એવો ધનવાન છે કે એના ઘરનો પુંજો ( गृहरेणु ) પણ મૂલ્યવાન્ છે. લવણપ્રસાદે આજ્ઞા કરી કે એ ગૃહરેણુ વસ્તુપાળે પોતે રાખવી અને બાકીનો બધો માલ દરબાર ખાલસે કરવો. આ પછી તુરતજ સૈયદ ( સદીક )નાં વાહાણુમાંથી કેટલાકને આગ લાગી અને મૂલ્યવાન્ ધાતુનો મ્હોટો જથો रेणु ( રજ ) કરી નાંખવામાં આવ્યો, તે રાજાની આજ્ઞાથી વસ્તુપાળની મતા ગણવામાં આવી.

આ પ્રમાણે સ્વસ્થતા થયા પછી, સોમેશ્વર કહેછે કે, બંધુજન સમુદાયે ઉત્પન્ન કરાવેલા ઉપરોધ (વિરોધ)થી લવણપ્રસાદનું મન વિરૂદ્ધ હતું, તોપણ તેણે તે વીરોની સાથે સંધિ કરીને દુ:સહ પરાક્રમવાળા પોતાના પુત્ર વીરધવળને સાથે લઇને પોતાનો જેમાં સ્વાર્થ રહેલો એવી નગરીમાં આવ્યો. જેના ઉત્સાહ ભાગી ગયા છે એવા પ્રતિપક્ષી રાજાઓ તો ક્યાંય જાણે ગલક થઈ ગયા, અને આ વીર રાજા યુદ્ધરૂપી સમુદ્રની પેલી તીરે પોહોંચી ગયો; અને તેનો મહામાત્ય, સોમવંશમાં જન્મેલો વસ્તુપાળ જે ચતુર ખુરસી ચાણાક્ય ગણાતો હતો તેણે પ્રિયકર ગુણોએ કરીને પ્રત્યેક દિશામાં કીર્તિસમૂહ વિસ્તાર્યો, અને ઉપર પ્રમાણે શંખને એણે હણ્યો તેથી કવિ કહેછે કે:—

श्रीवस्तुपाल प्रतिपक्षकाल, त्वया प्रपेदे पुरुषोत्तमत्वम् ।
तीरेऽपि वार्धेरकृतेऽपि मात्स्ये, रूपे पराजीयत येन शंखः ॥

અહો, શત્રુઓના કાળરૂપ વસ્તુપાળ! તેં શંખને હણ્યો તેથી તું પુરૂષોત્તમ-વિષ્ણુ-જેવો થયો એટલુંજ નહિ પણ તે કરતાં પણ વધ્યો; કેમકે,

× કાથવટેની કીર્ત્તિકૌમુદી પૃ. xx આ વિષય તેમણે શામાંથી લીધો હશે તે હજી લગણ મારા વાંચવામાં આવ્યું નથી.

શંખ અસુરને હણવા માટે વિષ્ણુને તો મત્સ્યરૂપ ધારણ કરીને સમુદ્રમાં પ્રવેશ કરવો પડ્યો, પણ તેં તો તેવું રૂપ ધારણ કર્યા વિના સમુદ્રને કાંઠે રહીને શંખને હણ્યો.

## દેવગિરિનો સિંઘણ.

આ સમયમાં દેવગિરિ જે પછવાડેથી દૌલતાબાદ કેહેવાયું તેનો *યાદવ રાજા જૈત્રપાલ કરીને હતો તેનો કુમાર સિંઘણ (સિંહણ-સિંહન) શક ૧૧૩૨માં ગાદિયે બેઠો, તેણે [1]जज्जल्ल નામના રાજાનો પરાભવ કરીને તેના મત્ત હાથી પડાવી આણ્યા; [2]कक्कूल નામના રાજાની રાજ્યશ્રી હરણ કરી લીધી; અર્જુનનો સમૂળગો નાશ કર્યો; આ અર્જુન ઘણું કરીને માળવાનો રાજા હશે; જનાર્દન કરીને એક કરિવાહિની હતો તેની પાસેથી ગજશિક્ષા સિંઘણે જાણી લીધી હતી તેના યોગે કરીને તે અર્જુનનો સમૂળગો નાશ કરવાને સમર્થ થયો હતો. વળી તેણે ભોજને પકડીને કેદ કરી લીધો હતો.

---

૧ જનરલ કનિંગહામના આર્ચિયાલાજિકલ રિપોર્ટ ભાગ ૧૭ ને પૃષ્ઠ ૭૫, ૭૬–૭૯ માં ચેદી વંશની પૂર્વ ભણીની શાખાના કુળની વંશાવળી આપી છે, તેમાં આ નામ જોવામાં આવેછે, તે છત્રીસગડ પ્રાન્તનો અધિપતિ હતો.

૨ ચેદી વંશની પશ્ચિમ શાખા હતી, જેની રાજધાની ત્રિપુર અથવા તેવુર હતી. કોક્કલ નામ તે શાખામાં છે તેજ આ.

*સેઉણ અથવા ખાનદેશના પ્રાચીન યાદવની વંશાવલી.

દઢપ્રહાર. જેની ચંદ્રાદિત્યપુર રાજધાની હતી.
|
સેઉણચંદ્ર પેહેલો. જેના નામ ઉપરથી દેશનું નામ પડ્યું.
|
ધાડિયપ્પા પેહેલો.
|
ભિલ્લમ પેહેલો. એની ભાર્યા ઝંઝરાજતનયા લસ્થિયવ્વા રાષ્ટ્રકૂટ વંશનીહતી.
|
(વ્રતખંડ પ્રમાણે) રાજગિ-શ્રીરાજ (ભગવાનલાલે પ્રસિદ્ધ કરેલા દાનપત્ર પ્રમાણે.)
|
વાદુગિ—વદ્દિગ પેહેલો. (રાજગિનો શો સગો થાય? તે જાણવામાં નથી.)
|
ધાડિયપ્પા બીજો. | ભિલ્લમ બીજો. શક ૯૨૨

લક્ષ્મીધર રાજા જે રંભાગિરિકેસરી કરીને કેહેવાતો હતો તેને નમાલો કરી મૂક્યો, પોતાના અશ્વસમૂહથી ધારના રાજાને ઘેરી લીધો, અને બલ્લાલના હાથમાં જેટલો દેશ હતો તેટલો પોતાને સ્વાધીન કરી લીધો.

---

વેસુગિ પેહેલો.

ભિલ્લમ ત્રીજો. શક ૯૪૯
(ચાલુક્યવંશના જયસિંહનો જમાઇ.)

વાદુગિ બીજો.

( સગપણ જાણવામાં નથી ) વેસુગિ બીજો.

( સગપણ જાણવામાં નથી ) ભિલ્લમ ચોથો.

(સગપણ જાણવામાં નથી) સેઉણચંદ્ર બીજો શક ૯૯૧ ઈ. સ. ૧૦૬૯
ચાલુક્ય વંશના બીજા વિક્રમાદિત્યનો મિત્ર

પરમારદેવ. — (પેહેલો.) સિંઘણ (સિંહરાજ)

મલ્લુગિ.

અમરગંગેય — ગોવિંદરાજ

અમરમલ્લગિ. — બલ્લાળ.

ભિલ્લમ પાંચમો, ગુજર્યો શક ૧૧૧૩ અથવા ઈ. સ. ૧૧૯૧

ભિલ્લમે ચાલુક્યનું સાર્વભૌમ્યરાજ્ય પોતાને સ્વાધીન કરી લઈને યાદવનું સાર્વભૌમ્યરાજ્ય સ્થાપ્યું, તેથી તે દેવગિરિનો પેહેલો ભિલ્લમ કેહેવાયો.

૧ ભિલ્લમ પેહેલો.

( શક ૧૧૦૯—૧૧૧૩ અથવા ઈ. સ. ૧૧૮૭–૧૧૯૧ )

૨ જૈત્રપાલ–જૈતુગિ.

( શક ૧૧૧૩–૧૧૩૨ અથવા ઈ. સ. ૧૧૯૧–૧૨૧૦ )

૩ સિંઘણ ( સિંહન ) બીજો.

કોલ્હાપુરનું રાજ્ય પોતાના રાજ્ય સાથે ભેળવી લીધું. ગૂજરાત ઉપર બે સવારી કરી.

આ સઘળું કાર્ય સિંઘણને પોતાની બાલક્રીલાતુલ્ય[3] હતું. મથુરા અને કાશીના રાજાઓને લડાઈમાં ઠેર કરયા, અને સિંઘણનો એક સરદાર જે ન્હાનો છોકરો હતો તેણે હુમીરને જીતી [4]લીધો. ધારવાડ જીલ્લામાં તિલિવલ્લીમાં કોરેલો એક લેખ છે તેમાં પણ કોર્યું છે કે, તેણે जज्जलदेवનો પરાજય કરયો, હોયસલ વંશના बल्लाल રાજાને જીતી લીધો, પન્હાલાના ભોજ રાજાને પોતાની સત્તા નીચે આણ્યો, અને માળવાના રાજાને

( શક ૧૧૩૨–૧૧૬૯ અથવા ઈ. સ. ૧૨૦૯–૧૨૧૦–૧૨૪૭ )

જૈત્રપાલ—જૈતુગિ.

(સિંઘણની હયાતીમાં મરણ પામ્યો.)

| | | |
|---|---|---|
| ૪ કૃષ્ણ, કન્હાર,–કંધાર, શક. ૧૧૬૯–૧૧૮૨ ઈ. સ. ૧૨૪૭–૧૨૬૦ | અંક ૪ તથા ૫ સિંઘણના પૌત્ર થાય. | ૫ મહાદેવ. શક ૧૧૮૨–૧૧૯૩ ઈ. સ. ૧૨૬૦–૧૨૭૧ |
| ૬ રામચંદ્ર–રામદેવ ( એનો પ્રધાન હેમાદ્રી નામે બ્રાહ્મણ હતો, તેણે કેટલાક ગ્રંથ રચ્યા છે. ) શક ૧૧૯૩–૧૨૩૧ ઈ. સ. ૧૨૭૧–૧૩૦૯ | | આમણ. |

૭ શંકર ( શક ૧૨૩૧–૧૨૩૪ ઈ. સ. ૧૩૦૯–૧૩૧૨ )

એને મલેક કાફુરે ઠેર કરયો અને દેવગિરિ અથવા દૌલતાબાદ પોતાનું રેહેવાનું સ્થાન કર્યું.

૮ હરપાળ. ( શક ૧૨૪૦ ઈ. સ. ૧૩૧૮માં તેણે બંડ કરીને મુસલમાનોને હાંકી કાહાડ્યા એટલે મુબારિકે તે ( રામચંદ્રનો જમાઈ ) ના ઉપર ચડાઈ કરીને તેને કેદ કરયો અને જીવતાં તેની ચામડી ઉકેલી નાંખીને મારી નાંખ્યો. ત્યાર પછી મુસલમાની રાજ્ય થયું.

૩ હેમાદ્રીના વ્રતખંડની રાજ પ્રશસ્તિના શ્લોક. ૪૩, ૪૪ ઇન્ડિયન આન્ટીકવેરીના ભાગ ૧૪ પૃ. ૩૧૬.

૪ રોયલ એશિયાટિક સોસાઇટીના પુસ્તકની નવી માળા ભાગ૧લો.પૃ.૪૧૪. (બામ્બે ગેઝેટિયર ભા. ૧ લો. વિભાગ બીજો પૃ. ૨૩૬–૨૫૨)

નરમ પાડી દીધો.[૫] એક ઠેકાણે[૬] વળી એમ પણ લખ્યું છે કે, ગૂજરાતના રાજારૂપી હાથી ઉપર તે અંકુશરૂપે હતો. સિંઘણ વિષેનો એક લેખ શક ૧૧૩૫નો ગદ્દકમાં છે તે ઉપરથી એમ જણાયછે કે, શક ૧૧૩૫ પેહેલાં એણે **વીર** બલ્લાલના રાજ્યનો દક્ષિણ ભણીનો દેશ પોતાને સ્વાધીન કરી લીધો [૭]હશે.

સિંઘણ પોતાની રાજધાની દેવગિરિમાં રાજ્ય કરતો હતો. [૮]પન્હાલાના ભોજ રાજા વિષે ઉપર લખવામાં આવ્યું છે તે શિલાહાર રાજકુલનો કોઇ રાજા હતો તેનો પરાભવ કરીને યાદવોએ તેનું કોલ્હાપુરનું રાજ્ય પોતાના રાજ્ય સાથે ભેળવી દીધેલું જણાયછે. ઉત્તર કોકણમાં એક બીજી શાખા રાજ્ય ચલાવતી હતી તેનો જેમ આગળ ઉપર યાદવોએ અન્ત આણ્યો હતો તે પ્રમાણે તેમણે આ શાખાનો પણ છેડો આણ્યો. આ સમય પછીના કોલ્હાપુરના જે લેખ જોવામાં આવેછે તેમાં યાદવ વંશના રાજાઓનાં નામ હોયછે, તે સાથે તેમણે ત્યાંનો કારભાર ચલાવવાને જે અધિકારિયો નીમેલા તેમનાં નામ પણ છે. આ પ્રાન્તમાંના ખેદ્રાપુરમાં સિંઘણનો લેખ છે તેમાં શક ૧૧૩૬માં એ રાજાએ કોપેશ્વર નામના દેવસ્થાનમાં એક ગામ આપ્યાનું કોરેલું છે.

સિંઘણે ગૂજરાત ઉપર ઘણી વેળાએ સ્વારિયો કરેલી હોય એમ જણાયછે. આંબેમાં એક લેખ છે તેમાં એમ કોરેલું છે કે મુદ્ગલ ગોત્રનો ખોળેશ્વર કરીને એક બ્રાહ્મણસંસ્થાનિક, યાદવ રાજાનો મ્હોટો શૂરો સેનાપતિ હતો; તેણે ગૂર્જર રાજાનો ગર્વ બેસારી દીધો; માલવ રાજાને કીડાની પેઠે કચરી નાંખ્યો; આભીર રાજાના કુળનો સમૂળગો નાશ કરી નાંખ્યો; અને તે પોતાના સ્વામીના શત્રુઓનો દાવાગ્નિતુલ્ય મનાતો હતો એવા તેણે સિંઘણને મન ચિન્તા રેહે એવું કાંઈ રેહેવા દીધું નહિ. એના પછી એના દીકરા રામને સેનાપતિ ઠરાવ્યો અને એના ઉપરીપણા નીચે એક મ્હોટી સેના ગુજરાત ઉપર ફરીને મોકલાવી દીધી. તે નર્મદા નદી સુધી

---

૫ બોમ્બે બ્રાન્ચ રો. એ. સો. ના પુસ્તકનો ભાગ ૯ પૃ. ૩૨૬

૬ મેજર ગ્રાહામનો કોલાપુર વિષે રિપોર્ટ છે તેમાંનો અંક ૧૩નો લેખ,

૭ ઈન્ડિ. આ. ભાગ ૨જો. પૃ. ૨૯૭.

૮ મેજર ગ્રાહામના રિપોર્ટમાંનો અંક ૧૦ નો લેખ,

પોહોંચી ગયો, ત્યાં લડાઇ થઇ તેમાં તેણે ઘણા ગૂર્જર સુભટોને કાપી નાંખ્યા પણ છેવટે પોતે ત્યાં મારચો ગયો.[1] આ વૃત્તાન્ત ઉપરથી વધારે વાર નહિ તો બે વાર પણ સિંધણે ગૂજરાત ઉપર અશ્વારી કરચાનું સ્પષ્ટ જણાયછે, અને સોમેશ્વરની કીર્ત્તિકૌમુદી ઉપરથી લવણપ્રસાદ અને વીરધવલના સમયમાં તેણે ગૂજરાત ઉપર હુમલો કરચાનું લખેલું છે તે ઉપરથી સિદ્ધ થાયછે. તેમાં [2]લખ્યું છે કેઃ—

ગૂજરાતનો રાજા લાવણ્યસિંહ ધર્મથી પોતાની પ્રજાનું પાલન કરતો હતો. એવામાં, દક્ષિણના રાજા સિંધણે પોતાના હેરક મોકલીને ગૂજરાત દેશના રાજાની મનોહર રાજ્યલક્ષ્મી તેમના દ્વારાએ જોઇને તે પ્રાપ્ત કરી લેવાને માટે પોતાની સેનારૂપી દૂતી મોકલીને તેનું ગ્રહણ કરવા માટે આદેશ કરચો. સેના ચડી આવી એટલે સિંહની ગર્જના સાંભળીને હરિણ જેમ ચકિત થઇને ચારે દિશાએ ભયભીત થઇને જોયાં કરે તેમ તે સેનામાંથી થતા સિંહનાદ સાંભળીને ગૂર્જર રાજના પુરવાસિયો ભયભીત થઇને વારંવાર દિશાઓ ભણી જોયાં કરતાં હતાં. કોઈ પણ નવું ઘર ચણાવવાનો આદર કરતું નહિ; તેમજ કોઈ ધાન્યનો સંગ્રહ પણ કરતું નહિ; અને પરચક્ર આવવાની શંકાથી પ્રજાઓનું ચિત્ત સ્થિરતા પામતું ન હતું. આવા સમયમાં ધાન્યનો સંચય કરવામાં હાનિ છે એવું સર્વે સમજતા હતા તેથી તેની ઉથલપાથલ થવામાં અને ઉચાળા ભરવામાં ગાડાંની અગત્ય પડવાથી ગાડાંવાળાનો ભાવ ઘણો વધી પડચો હતો; જેનું નિવારણ કરી શકાય નહિ એવી વિપત્તિનો ઉદય થવાનો હોતાં દેહધારિયોને માત્ર ચક્રવૃત્ત (વિષ્ણુ)નું શરણ લેવાનું પ્રાપ્ત થયું હતું. મદના કારણને લીધે, જેમ જેમ રિપુરાજાની સેના સમીપ આવતી જતી હતી, તેમ તેમ મનુષ્યોના સમુદાયને શત્રુથી વધારે ભય થતો હતો. મ્હોટા શૂર સુભટો હોવાથી યાદવ રાજાનું ગર્વિષ્ટ થઈ ગયેલું સૈન્ય આવેછે એમ જાણીને શ્રી લવણપ્રસાદદેવે કોપ કરીને પોતાના કપાળને ભ્રમર ચડાવીને કુટિલ કર્યું. અતિ-

---

૧ આર્કિયાલોજિકલ સર્વે આફ વેસ્ટર્ન ઇન્ડિયાના ભાગ ૩ જાને પૃ. ૮૫ મે જુઓ.

૨ કીર્ત્તિકૌમુદી સર્ગ ૪થો શ્લોક ૪૩–૫૩–૫૫ થી ૬૦

શય પરાક્રમવાળા ચુલુક્ય રાજાના કંઠમાં જેની કાન્તિ પ્રસરી રહી હતી એવી હિરણ્યમયી સ્રક્ તે જાણે ભયભીત થયેલી ચુલુક્ય ભૂપની રાજ્યલક્ષ્મિયે તેના કંઠમાં બાહુવલ્લી નાંખેલી હોયની એમ વિરાજતી હતી. આ રાજાની યુદ્ધસામગ્રી થોડી હતી તેમ છતાં પણ શત્રુની મોટી સેનાની સામે થયો, કારણ કે રણસંગ્રામ ચાલુ થયો છતાં સુભટોનાં પગલાં તો તેના સામાંજ પડેછે. શત્રુનો બળ (સેના) રૂપી સમુદ્ર તાપી નદીના તટ ઉપર ચડી આવ્યો એટલે તેના કરતાં પણ અધિક તાપ આપનારો તથા જેના બાહુનું અતિશય બળ છે એવો તે શૂર રાણો વેગથી મહિ નદીના કાંઠા ઉપર આવી પોહોંચ્યો. લોકોના મનમાં નાના પ્રકારના વિચાર આવતા હતા, કેટલાક કેહેતા હતા કે શત્રુની સેના ઘણી છે, તેથી જીતી શકાય નહિ એવું છે, એમ વારંવાર વિચાર કરતા તથાપિ સંદેહમાં પડતા માણસો નક્કી કરી શકતા નહતા કે આનો તે શો પરિણામ આવશે? શત્રુની સેના ક્યાં આગળ છે? અથવા તે ક્યાં પડાવ કરીને પડેલી છે? તે દૂતોથી જાણવામાં આવવું જોઇયે તેને બદલે તેઓ ગામડાં બાળી નાંખતા હતા તેથી ગગનરૂપી અંગણમાં ઉડેલા ભયંકર ધૂમાડા જોઇને તે ક્યાં છે તેની ધારણા કરી શકતા હતા.

જે ભૃગુકચ્છ (ભરૂચ)ની ભૂમિમાં ઘાસ આદિ કાંઇ પણ શેષ રહ્યું નહતું તેની જગ્યાએ ઘણા કાળથી ફરતી એવી સંખ્યાબંધ અને દુર્જય એવી યાદવોની વૃષ્ણિ નામની જાતિ હતી તેની આ જીતી ન શકાય એવા વીર કેસરિયે (રાણાએ) કાંઈપણ ગણના કરી નહિ. મત્સરનો પ્રબંધ પ્રસરયો એવા સમયમાં આ વીર પુરૂષે તરતજ રણમાં ભયંકર એવો પોતાનો કૃપાણ (બે ધારવાળો ખડ્ગ) એક હાથમાં ધારણ કરયો અને બીજા હાથમાં સંગ્રામમાં ઝંપલાવી પડતા પોતાના પુત્ર વીરધવળને ધારણ કરયો. આ પ્રમાણે આ પિતાપુત્ર બંને બીજા રાજાની સાથે યુદ્ધમાં મચેલા છે તેવામાં તેને સપડાવાનો લાગ સારો છે એમ ધારીને મારવાડના ચાર રાજા તેમના ઊપર ચડી આવ્યા; એટલે એ બન્ને જણા પેલા ચારે રાજાની સેના ઉપર તૂટી પડયા. આ ઉપરથી લડાઇના મથક ઉપર કોનું કેટલું સુભટપણું છે તે વાંચનારાઓએ સમજી લેવું. આગળ પાછળની સેના વચ્ચે આવી ગયેલા રાણા હવે નક્કી હારી જશે, અને આપણા ઉપરથી તેમનું ધુસરૂં

ઉચ્છાળી નાંખવાનો સારો લાગ મળશે, એવી આશા રાખીને ગોધરા અને લાટના માંડળિક રાજાઓએ મારવાડી રાજાઓ સાથે ગુપ્ત સંધિ કરચો, અને પોતાના અધિરાજાને આવા સંકટના સમયમાં તજી દઇને શત્રુ ભણી થઇ જઇ તેમના લશ્કરમાં ભળી ગયા; પણ આ બે વીર પુરૂષો તો આ બે સામંતો પોતાની સેનામાં હતા તેથી પોતાના કટકને બલિષ્ટ માનતા ન હતા, તેમજ તેઓના જતા રેહેવાથી તે નિર્બળ બની ગયું હોય એમ માનતા ન હતા; કારણ કે ભિન્ન અને ઉદ્દેય નામના હૃદનું જળ સમુદ્રમાં આવવાથી તે ચયી થતો નથી, અથવા તો ક્ષયી થતો નથી. આગળ સિંઘણનું સૈન્ય હતું અને પાછળ ચાર મરરાજા અને આ બે ફૂટેલા રાજા થઇને છ હતા તોપણ અચિંત્ય શક્તિવાળા આ બે વીરનો મુખરાગ વિપર્ય પામતો નહતો. આગળ ભાગતા યદુવીરોની પછવાડે તે શૂરવીરો મહોન્મત્ત હાથીની પેઠે તેમની પૂઠ મૂકતા ન હતા. તેવામાં પછવાડેથી વ્યથા થવાને લીધે તેઓએ તેમને જતા મૂકચા. અને સકોપ થઇને આ છ જણા ઉપર તૂટી પડચા. જગતમાં જેમણે અખિલ પ્રદેશ બાળી નાંખ્યો હતો, અને જેને લીધે ઘણા ચોર (મલીમ્લુચ)નો પ્રસાર થયેલો હતો, એવો તે રાજાઓનો પરસ્પર વિગ્રહ ગ્રહોની સમાન હતો. ચુલુક્ય વંશમાં ઉત્પન્ન થયેલા આ બે શૂરવીરોને ઘણા વિપરીત રાજાઓથી ઘેરાઇ ગયા જાણી, સર્વે માણસોનો સમુદાય સૂર્ય અને ચંદ્ર જેમ મેઘથી દુર્દિન થાયછે, તેમ માનવા લાગ્યો. ચુલુક્ય રાણો પાછો વળ્યો હતો, તોપણ યાદવો તેમની પાછળ ધાયા નહિ; કેમકે સિંહ જે માર્ગનો આશ્રય કરીને પછી તે પાછો મૂકી દેછે, તોપણ તત્ક્ષણમાં હરિણો તે માર્ગમાં અનુગમન કરી શકતા નથી. આ પ્રમાણે હોતાં પ્રસરતા અતિશય તિવ્ર પ્રતાપને લીધે રૌદ્ર જણાતો એવો તે શૂરવીર લવણપ્રસાદ ચંદનાદ્રિ (મલયાચળ)ની દિશા છોડીને હિમાલયની દિશાભણી જવાને પ્રવૃત્ત થયો.

સિંઘણની સેના સાથેના પ્રસંગ વિષે ઉપર પ્રમાણે સોમેશ્વર લખેછે; પણ આ પ્રસંગે બંને જણને સલાહ કરી લેવામાં લાભ હતો, એમ સમજાયાથી તેમણે સંધિ કરચો હોય, એમ કેટલાક ધારેછે.[1] અને આવી ધારણા કરવાનો એક બનાવ બન્યાની વાત આગળ ધરવામાં આવેછે–તે એક

---

૧ જુવો, પાછળ પૃષ્ટ ૪૪૭ કીર્ત્તિકૌમુદીનો સર્ગ ૫ નો લે.ક ૬૭મો.

લેખપંચાશિકા નામનો નાના પ્રકારના લેખ લખવાની પદ્ધતિનો એક ગ્રંથ જે ઘણું કરીને સંવત્ ૧૨૮૮માં રચાયલો જણાયછે, તેની એક પ્રતિ સંવત્ ૧૫૩૬ની સાલમાં લખાયલી સરકારે ખરીદ કરેલા સંગ્રહમાં છે. તેમાં એક **यमल पत्र** એટલે બે જણાયે મળીને કરેલો કરાર નીચે પ્રમાણેછેઃ—

**संवत् १२८८ वर्षे वैशाख शुदि १५ सोमेऽद्येह श्रीमद्विजयकटके महाराजाधिराज श्री श्रीमत्सिंहणदेवस्य म ण्मंडलेश्वर राणक श्री लावण्यप्रसादस्य च संराज** ( **साम्राज्य** અથવા **सम्राट्** ) **कुलश्री श्रीमत्सिंहणदेवेन महामण्डलेश्वर राणश्री लावण्यप्रसादेन पूर्वरूढ्यात्मीय २** ( બગડો કરયો એટલે બે વાર **आत्मीय** વાંચવું. ) **देशेषु रहणीयं। केनापि कस्यापि भूमनाक्रमणीया।**

સંવત્ ૧૨૮૮ વર્ષે વૈશાક શુદિ ૧૫ સોમવારે શ્રીમદ્વિજયકટકને વિષે મહારાજાધિરાજ શ્રી શ્રીમદ્ સિંહણુદેવ તથા મહામંડલેશ્વર રાણુક શ્રી લાવણ્યપ્રસાદ વચ્ચે થયેલો કરાર એવો જે ચક્રવર્ત્તી રાજ્યવાળા કુળના શ્રીમદ્ સિંહણુદેવ તથા મહામંડલેશ્વર રાણાશ્રી લાવણ્યપ્રસાદ તેમણે પૂર્વની રૂઢી પ્રમાણે પોતપોતાના દેશમાં રેહેવું; કોઇયે પણ કોઇની પણ ભૂમી બલાત્કારે લેવી નહિ.

આ પછી કરારપત્રમાં એમ પણ છે કે, બેમાંથી કોઇના ઉપર કોઇ શત્રુ હલ્લો કરે તો તેને છોડાવા બંનેનાં લસ્કરે એકઠાં થઇને જવું, તેમજ વળી, કોઇ રાજપુત્ર કાંઇ મૂલ્યવાન્ વસ્તુ લઇને એક બીજાના દેશમાં જાય તો તેને રેહેવા દેવાનો આશ્રય આપવો નહિ.

ઉપરનો લેખ કરારના નમુનો તરીકેનો છે ખરો, પણ જો તે પ્રમાણે બનાવ બન્યો ન હોય તો વિગતવાર અને નામવાર દાખલ કરાય [1]નહિ.

---

**संधाय बन्धु जनता जनितोपरोधा**
**र्धीरै र्विरुद्ध हृदयो पिसमंनृपस्तैः ॥**
**पुत्रेणतेन सहदुःसह पौरुषेण**
**स्वार्थी ससाद नगरीं लवणप्रसादः ॥ ६७ सर्ग. ५**

ઉપર કહેલા સામા પક્ષના વીરોની સાથે સંધિ કરવાને લવણુપ્રસાદનું મત વિરૂદ્ધ હતું, તથાપિ તેના ઘણા બંધુજનોએ તેમ કરવાની સલાહ આપવા ઉપરથી તે તેમની સાથે સંધિ કરીને દુઃસહ પરાક્રમવાળા પુત્રને લઇને પોતાનો જેમાં સ્વાર્થ રહેલો છે એવી નગરીમાં આવ્યો.

૧ અમારી પાસે આવાજ પ્રકારનો "લેખપદ્ધતિ" નામનો એક જૂનો ગ્રંથ છે તે પંડિત જેષ્ટારામ પાસેથી અમને મળ્યો છે, તેમાં જે જે સમયના

## જગડૂ અને પાર દેશનો પીઠદેવ.

ચૌલુક્ય વંશના એક ભૂષણરૂપ નરેશ્વર શ્રી ભીમદેવ પેહેલાએ [1]ભદ્રપુર (ભદ્રેશ્વર)નો કોટ ચણાવ્યો હતો, તે પારદેશથી સેના લઈને [2]પીઠદેવ આવ્યો તેણે તોડી પાડચો અને રસ્તામાં આખા દેશમાં ઘણો ભંજ-

---

જે જે રાજ્યકર્ત્તા અને બીજા પુરૂષો થઈ ગયા તે તેનાં નામ અને તે સમય, જૂદા જૂદા લેખોમાં દાખલ કરેલા છે તેમાં સંવત્ ૮૦૨ તથા સંવત્ ૧૨૮૮ના લેખ ઘણો છે. અમારા આ પુસ્તકમાં ઉપરનો यमल પત્ર નથી, કેમકે થોડાં પાનાં ખૂટતાં જણાયછે.

સંવત્ ૧૩૩૨ અણહિલપત્તનમાં મહારાજાધિરાજ સારંગદેવનું નામ છે.
સંવત્ ૧૩૬૬ સીતાપુર ગ્રામનો છે.
સંવત્ ૧૩૯૯માં મોડાસા નિવાસિ રાઉલ શ્રી વાઘપાદનું નામ છે,
સંવત્ ૧૪૦૧માં પંચાલ દેશ વિષે રાણાશ્રી રણમલ્લદેવનું નામ છે.
જ્યાં નામ નથી ત્યાં અમુક એવો શબ્દ લખ્યો છે.

૧ કચ્છમાં સુનરા તાલુકાનું ગામ છે. ૨ થરપારકરનો રાજા જેની વંશાવળી નીચે પ્રમાણે છેઃ—(તોફતુલાકિરામ પ્રમાણે તેમાં મુન્તખબુતવારીખ ઉપરથી લીધું છે.)

સુમરો (હિ. સ. ૪૪૫ થી ૪૪૬ ઇ. સ. ૧૦૫૩ થી ૧૦૫૪ સુધી વર્ષ. ૧)
|
ભુંગર (હિ. સ. ૪૪૬ ૪૬૧ ઈ. સ ૧૦૫૪થી ૧૦૬૯ સુધી વર્ષ ૧૫ રાજ્ય કર્યું.)
|
દોદા (દૂદા) પેહેલો. (હિ. સ. ૪૬૧ થી ૪૮૫ ઈ. સ. ૧૦૬૯ થી ૧૦૯૨ સુધી ૨૪ વર્ષ રાજ્ય કર્યું)
|
- થારી (દીકરી) સંધાર ન્હાનો હતો માટે રાજ્ય કર્યું.
- સંધાર. (ઇ. સ. ૧૦૯૨ થી ૧૧૦૭ સુધી ૧૫ વર્ષ રાજ્ય કર્યું)
  |
  ખફીફ. (ઈ.સ.૧૧૦૭થી૧૧૪૩સુધી ૩૬ વર્ષ રાજ્ય કર્યું.)
  |
  ઉમર. (ઈ.સ.૧૧૪૩થી૧૧૮૩સુધી ૪૦ વર્ષ રાજ્ય કર્યું.)
  |
  દોદોસાની. (બીજો) ઈ. સ. ૧૧૮૩ થી ૧૧૯૭ સુધી ૧૪ વર્ષ રાજ્ય કર્યું.)
  |
  પિથુ. (પિત્થૂ-પૃથુ)
  |
  પીઠદેવ (ઇ. સ. ૧૧૯૭ થી ૧૨૩૦ સં. ૧૨૫૩થી૧૨૮૬) ૩૪ વર્ષ રાજ્ય કર્યું.

વાડ કરયો અને પોતાના પ્રચંડ ભુજરૂપી દંડનું પરાક્રમ બતાવતો સમૃદ્ધિમાન્ પોતાને પારદેશ ગયો.

ત્યાર પછી ફરીને કોટ ચણાવવાનો જગડૂશાહે આદર કરયો. એ વાતની પીઠદેવને ખબર પડી એટલે તેણે પોતાનો એક સંદેશહારી ત્યાં મોકલીને કાહાવ્યું કે, "જો ગધેડાને માથે બે શીંગડાં ઊગવાનો સંભવ હોય તો તું આ ઠેકાણે ફરીને કોટ ચણાવી શકું" આવું તે દૂતનું વચન સાંભળીને જગડૂશાહે તેને કહ્યું કે "ઠીક છે, ગધેડાને માથે બે શીંગડાં ઉગાડીને હું અહિં વપ્ર (કોટ) બંધાવવાનો પ્રયત્ન કરીશં." વાચાળ દૂતે ઉત્તર આપ્યું કે ધણા ધનના અભિમાનમાં તણાઇને તું મારા ધણીની સાથે વિરોધ કરી તારા કુળનો વૃથા નાશ કરવાનું શું કરવાને કરે છે? સાંભળઃ—

(ગીતિ).

દીપક પ્રભાવ પેખે, તોપણ તેમાં પતંગ જઇ પડતો;
પરિણામે તે પોતે, નિજ કાયાનો વિનાશ ઝટ કરતો.

મારો ધણી મહા તેજસ્વી પુરૂષ છે તેની સાથે બગાડીને કોઇ સુખી થયો નથી. એ કેવા છે તે તું જાણેછે? એણે પ્રચંડ ભુજરૂપી દંડધરતાર સર્વે શત્રુ રાજાઓનો પ્રતાપ એક ક્ષણમાં હરી લીધો છે, તે તારા જેવા વૈશ્યની સાથે લડાઇમાં ઉતરવાને શરમાય એમ છે માટે મારા ધણિયે જે સંદેશો કાહાવ્યો છે તેને માન આપીને કોટ ચણાવવાનો આદર તું મૂકી દે, અને મારૂં કહ્યું માને તો તારી આ બધી સાહેબીનો ઉપભોગ તારાં સગાં વાહાલાં સહિત તું કર. આવું સાંભળીને જગડૂ જે સામાનાં મન વરતી લેવામાં કુશળ હતો તે બોલ્યો કે, કોટ ચણાવાનું કામ મેં આદરયું છે તે પૂરૂં કરીશ, તારા ધણીથી કાંઇ ડરતો નથી.

આ પ્રમાણે ઇન્દ્ર સમ કાન્તિવાળા જગડૂશાહ ભણીથી તિરસ્કાર પામીને તે સંદેશહારી પોતાના ધણી પાસે જઇ પોહોંચ્યો અને જે બન્યું હતું તે સર્વ તેને કહી સંભળાવ્યું.

આણી મગ જગડૂશાહ સમઝયો કે વડાની સાથે વૈર બંધાયુ એટલે પૂરી તૈયારી રાખવી જોઇયે. તે ઉપરથી તે અણહિલ્લપુર ગયો અને પ્રશસ્ત (ઉમદા) નરેશ્વર શ્રી લવણપ્રસાદને ભેટ કરી. ચૌલુક્ય કુળદીપક, જગડૂને સારી પેઠે ભેટીને મળ્યો, અને પોતાની પાસે વરાસને બેસારી તેનો

આદરસત્કાર કરી પૂછ્યું કે હે કૃતિનૂ! તમારા સકલ કુળમાં ક્ષેમ કુશળ છે? અને ભદ્રપુરમાં સર્વ સારી પેઠે છે? અમારા નિર્દેશ વિના ઓચિન્તું તમારે અહિં શા કારણસર આવવું થયું? અહો સદ્‌ગુણ રાજમાન્! મુમુક્ષુનું ચિત્ત જેમ સુસમાધિથી સ્થિર રેહેછે, ધરાતલ જેમ મેરૂ પર્વતથી સ્થિર રેહેછે તેમ મારૂં રાજ્ય તમારાથકી ત્યાં સ્થિર વિરાજેછે.

રાજાનું આવું કેહેવું સાંભળીને જગડૂ પોતાના હૃદયમાં અતિ આનંદ પામતો સર્વ સભા સાંભળતાં બોલ્યો કે, અહો મહારાજા! આપ સર્વ શત્રુઓનો નાશ કરવાવાળા સમર્થ આ પૃથ્વી ઉપર સત્તા ચલાવોછો તો પછી મારા કુળની તથા ભદ્રેશ્વરની કુશળતા હોય એમાં શી નવાઇ છે? તોપણ મારે કેહેવું જોઇયે કે, એક અતિ ક્રોધી એવો પીઠદેવ રાજા આપની આજ્ઞાની અવજ્ઞા કરેછે. અહો દેવ! પ્રજાના આનંદને માટેજ આપનો ઉદય થયો છે, અને આપનો પ્રભાવ પ્રતિ દિવસ વધતો જાયછે એવા સૂર્ય સમાન આપની સ્પર્ધા ધુધુરાજારૂપ તે કરીને આપની અવજ્ઞા કરેછે, વળી જેમ જળનો પ્રવાહ નદીના તટને તોડી નાંખેછે તેમ ચૌલુક્ય વંશના આભરણરૂપ શ્રી ભીમદેવ મહારાજે પૂર્વે ચણાવેલો ભદ્રેશ્વરનો દુર્ગ તેણે પાડી નંખાવ્યો છે, અને મને એમ ધમકી આપી છે કે જો કોઈ કાળે ગધેડાને માથે બે શીંગડાં ઉગે તો તું આ ઠેકાણે સુંદર દુર્ગ ચણાવી શકે. આ ઉપરથી હું મારી પ્રતિજ્ઞા પાળવાને સારૂ આપની પાસે ઉતાવળો આવ્યો છું, માટે ક્ષત્રિયના મહાન્ છત્રીશ કુળમાં ઉત્પન્ન થયેલા સુભટોની સેના ત્યાં રાખવા માટે અપાવો. લવણપ્રસાદે માગ્યા પ્રમાણે સેના આપી તે લઇને જગડૂ ભદ્રેશ્વર નગરમાં આવી પોહોંચ્યો. આ સમાચાર પીઠદેવે સાંભળ્યા એટલે તે પોતાનું સ્થાન છોડીને કોણ જાણે ક્યાંય જતો રહ્યો! અહિં જગડૂશાહે કોટ ચણાવવા માંડ્યો પણ એમ કેહેવાયછે કે દિવસે જેટલો ભાગ તૈયાર થાય તેટલો ભદ્રદેવ રાત્રે તોડી નાંખતો હતો એટલા માટે તેને રીઝવવા સારૂ તે ભદ્રદેવનું તેણે કોટ ઉપર સ્થાપન કરાવ્યું. ૭ માસમાં કોટ પૂરો ચણાઇ રહ્યો એટલે તેણે રાજાનું સૈન્ય પાછું વિદાય કરયું. અને પીઠ દેવે પણ ભયથી કહિં પણ ટકી શક્યો નહિ એટલે તેણે જગડૂની સાથે સલાહ કરી. એક પ્રસંગે તે ભદ્રેશ્વર આવ્યો ત્યાં જગડૂશાહે તેની સારી આગતા સ્વાગતા

ફરી અને ચોગરદમ ઉંડી ખાઈથી વીંટળાયેલો એવો પર્વત સમાન દુર્ગ તેને દેખાડયો. જગડૂશાહે કોટના એક ખૂણામાં પથ્થરનો ગધેડો બનાવી રાખ્યો હતો તેને માથે સોનાનાં બે શીંગડાં જડાવ્યાં હતાં અને બીજી ગોઠવણ પીઠદેવની માનું અપમાન થાય એવી કરાવી રાખી હતી કે તે જોઈને પીઠદેવ અતિશય સંતાપ પામી ત્રાશી ગયો અને તેના મ્હોમાંથી લોહીની ઉલટી થવા લાગી તેથી તેના પ્રાણ ગયા.

આ વાત સિંધુરાજના જાણવામાં આવી એટલે તે પણ ડરી ગયો અને જગડૂને માન દાનથી પ્રસન્ન કરયો.

જગડૂશાહે ધર્મકાર્ય કરાવ્યાં તેમાં તેણે [1]મ્લેચ્છ પાસેથી મેળવેલા ધનવડે મસ્જીદ ચણાવી હતી એમ લખ્યું છે; તે સાથે વળી લખવામાં આવ્યું છે કે, ચૌલુક્ય રાજાના લશ્કરની સહાયતાથી જગડૂશાહે નિરંકુશ મોગલોને જીતી લઈને જગતમાં સ્વાસ્થ્ય [2]સ્થાપ્યું.

આ સમયે મોગલોના વારંવારના હુમલાએ કરીને ભરતખંડનો વાયવ્ય કોણનો અને ઉત્તરનો ઘણો ભાગ તેમજ પશ્ચિમ ભણીનો કેટલોક પ્રદેશ ખેદાનમેદાન થઈ ગયો હતો. દિલ્લીના સુલતાનેતે પ્રદેશની રક્ષા માટે પોતાના સૂબેદાર મૂક્યા હતા, તેઓએ ત્યાંના ધણી થઈ પડવા પ્રયત્નમાં ચલાવેલી ચાલ ચલગતથી રૈયતને ઘણી હેરાનગતિ થઈ છે. ભોળોભીમ, પૃથ્વીરાજ ચોહાણ, અને જયચંદ્ર આદિ જેમ માંહો માંહે લડીને નિર્બળ થઈ જવાથી શાહાબુદ્દીન-ગોરી આદિ મ્લેચ્છો ભરતખંડમાં રાજ્ય મેળવી લેવાને ફાવી ગયા;* તેમજ આ ગજનીના રાજ્યકર્ત્તાઓના સામા બીજા મ્લેચ્છો થયા તેથી તેમની તથા તેમની સાથે દેશની ખરાબી કેવી રીતે થઈ અને મોગલો તેમના ઉપર કેવી રીતે ફાવી ગયા તે જાણવાને તે પ્રસંગનો વૃત્તાન્ત જેમણે વાંચેલો હશે તેમના સમજવામાં સારી પેઠે આવેલું હોવું જોઈયે કે

---

१ मसीतिं कारयामास पीमलीसंज्ञितामसौ ॥
भद्रेश्वरपुरे म्लेच्छलक्ष्मीकारणतः खलु. ॥ ६ ॥ ६४.

२ चौलुक्यनृपचक्रेण मुद्गलान्स निरर्गलान् ॥
विजित्य जगति स्वास्थ्यं व्यतनोद् व्यक्तविक्रमः ॥ ६६.

* શાસ્ત્રી પ્રભાશંકરની જગડૂ ચરિત્રની પ્રતિ જે અમે જોઈ છે તેમાં व्यतनोदति એવો પાઠછે અને ડા. બૂલર व्यतनोद्व्यक्त એવો પાઠ આપેછે.

* જુવો પાછળ પૃષ્ટ ૩૧૯ થી ૩૨૨.

કે, સિન્ધુની પશ્ચિમ ભણીનો પ્રદેશ તેઓ દબાવી પડ્યા હતા, અને તેમનો અવરજવર અને હુમલા આસપાસના મુલ્કો ઉપર થતા હતા.

આ સમયે ભદ્રેશર એ કચ્છનું મોટું બંદર હતું; ત્યાંના વ્યાપારિયો ઘણા છેટેના દેશો સાથે વેપાર ચલાવતા હતા, ત્યાંનાં વાહાણ સમુદ્ર કિનારાના દેશો ભણી જતાં હતાં, અને તે દેશનાં વાહાણ કચ્છ ભણી આવતાં હતાં. [1]જગડૂશાહ એક મોટો વેપારી હતો તેનાં વાહાણ પરદેશ જતાં

---

૧ જગડૂ કચ્છ માંહેના હવણાંના મુનરા તાલુકાના ભદ્રેશર (મૂળના ભદ્રેશ્વર વેલાકૂલ બંદર) ગામનો રેહેવાશી હતો. સર્વાનંદસૂરિયે "શ્રી જગડૂ ચરિત" નામનું કાવ્ય રચ્યું છે તે ચિ. મગનલાલ દલપતરામ ખખખરે છપાવી પ્રસિદ્ધ કર્યું છે તેમાં પ્રારંભમાં ઉપોદ્ઘાત, પછી ભાષાન્તર, પૂરવણી અને ત્યારપછી સંસ્કૃત મૂળ કાવ્ય એ પ્રમાણે ક્રમ રાખ્યો છે. મૂળમાં આવેલી સર્વ પ્રસિદ્ધ જગ્યાઓ તથા માણસો વિષેનો ખુલાસો ડા. બ્યૂલરના ઈન્ડિયન સ્ટડીઝ અંક ૧ પ્રમાણે તથા તે ઉપરાંત બહુ શ્રમ લઈને રચ્યો છે. તેમાં જગડૂની વંશાવળી નીચે પ્રમાણે છે:—

વિયદુ (શ્રીમાળી વાણિયો.)
(જેણે કૂવા, વાવ, અન્નસત્રો, દેરાસર, અને પરબો બંધાવ્યાં તથા સંઘની સેવા કરેલી હતી.)

|

વરણાગ.
(કંથા નગરી જે હવણાં કંથકોટ કેહેવાયછે તેમાં રેહેતો હતો, એ સંઘ કાહાડીને શત્રુંજય તથા રૈવતાચળ, (ગિરનાર) ની યાત્રા કરી આવ્યો હતો.)

|

વાસ.

વીસલ. — વીરદેવ. — નેમિ. — ચાહુ. — વત્સ.

લક્ષ (વીસલનો) — સુલક્ષણ (વીરદેવનો). — સોલ. (સોલક, ભદ્રેશ્વરમાં આવી વસ્યો, સ્ત્રી લક્ષ્મી.) (નેમિનો) — સોહી. (વત્સનો)

---

સોલ.

જગડૂ. (સ્ત્રી યશોમતી.) પ્રીતિમતી પુત્રી યશોદેવ વેરે પરણાવી હતી તે તરતજ વિધવા થઈ. — રાજ. (સ્ત્રી રાજલદેવી.) — પદ્મ. (સ્ત્રી પદ્મા.)

રાજના: વિક્રમસિંહ. (વિક્રમસી) — ધાંધો. — હંસી (પુત્રી) (હાંસબાઈ.)

હતાં, અને મ્લેચ્છોની સાથે વેપાર કરીને તેમની પાસેથી પણ એણે ધન પ્રાપ્ત કર્યું હતું. મોગલોના થતા હુમલા તેણે લવણપ્રસાદ અને વીરધવળની ફોજની મદદથી અટકાવી તેમનું દ્રવ્ય પ્રાપ્ત કરી લીધું હોય એવો પણ સંભવ જણાયછે. આ વેળાએ સોમનાથ-દેવપટ્ટન બંદર સાથે પણ મ્લેચ્છોનો વ્યાપાર ચાલતો હતો, અને અર્જુનદેવના સમયમાં સંવત્ ૧૩૨૦ માં ત્યાંના પણ નાખુદા નુરૂદ્દીન ફિરોઝે એક મસ્જીદ બંધાવી હતી, અને તે કામમાં ત્યાંના હિંદુ આગેવાનોનો આશ્રય પણ હતો. તે પ્રમાણે ભદ્રેશ્વરમાં જગડૂશાહે મસ્જીદ બંધાવી હોય એમાં નવાઈ નથી.

આ પ્રમાણે જ્યાં અગત્યનું જણાયું ત્યાં લવણપ્રસાદે અને વીરધવળે દેશની સમાધાની કરવાના અને આસપાસના રજવાડાઓને પોતાના સ્વાધીનમાં રાખવાના ઉપાય યોજ્યા. મહારાષ્ટ્ર દેશ સુધી પોહોંચી જઈને તે પ્રદેશ પોતાના વશમાં આણી મૂકયો. વીરધવળના પરાક્રમની ખાતરી થવાથી લવણપ્રસાદે બધું કામ તેના માથા ઉપર નાંખી દીધું. તેણે પણ વસ્તુપાળ અને તેજપાળને પડખે રાખીને સાવધાનીથી રાજ્યતંત્ર ચલાવવા માંડયું. સમુદ્રને કિનારે આવેલા રાજાઓ ઉપદ્રવ કરતા હતા તેમને કેટલાક કાર્યોમાં સાહાય થઈ મંત્રિયે ફાવવા દીધા તેઓ પણ રાજી થયા અને તેમણે સારા સારા નજરાણા મોકલવા માંડયા. સર્વ સ્થાને સારી સ્વસ્થતા થઈ અને ખેતીવાડી ખીલવા માંડી એટલે પ્રજાને ખાવા પીવાની ખામી રહી નહિ, રૈયતનું રક્ષણ કરવાનો સારો બંદોબસ્ત રાખવાથી કોઈ પ્રકારનો ભય રહ્યો નહતો. વીરધવળ નીતિથી રાજ્ય ચલાવતો હતો, તેથી કોઇ કોઇની સાથે વિરોધ કરી શકતું નહિ. જંગલના ભીલ લોકોને ખરેખરા દાબમાં રાખ્યા છે. પાલ્યના વનમાં ઝાળો ઉપર લૂગડાં ઘરેણાં ટાંગી રાખવામાં આવતાં પણ તે કોઇ લઈ શકવાની હિંમત કરી શકતું નહિ. રાજ્ય કરવામાં તેણે સૂર્યનો ગુણ ધારણ કર્યો હતો; સૂર્ય પોતાના કિરણ દ્વારાએ પૃથ્વી ઉપરનું પાણી લઇ લેછે અને પાછી તેની અગત્ય પડેછે ત્યારે વર્ષાદ રૂપે વરસાવી પાછું આપી દેછે, તે પ્રમાણે આ રાણો કર લઇને તેથી ભેગું કરેલું ધન પ્રજાને સુખી કરવાના કામમાં વાપરતો હતો. પ્રવાસ કરનારાં અને યાત્રિક લોકોને માટે ગામે ગામ તેણે અન્નક્ષેત્ર સ્થાપ્યાં હતાં તેમાં ભૂખ્યાંને ભાવતાં ભોજન મળતાં હતાં, મુખવાસને માટે તંબોળ પણ મળતાં હતાં, રોગિયોના રોગ ટાળવા માટે ઔષધશાળાઓ સ્થાપી હતી,

અને તેમાં સારા સારા વૈદ્યોને રાખ્યા હતા, તેઓ પ્રજાના રોગ મટાડી દઇને પ્રજાને સુખી કરવામાં પોતાના આયુષ્યનો ઉપયોગ કરતા હતા. એક પંથવાળા લોકો બીજા પંથવાળાને કોઇ પ્રકારની કનડગત કરતા નહિ; તેમજ એક વર્ણની પ્રજા બીજા વર્ણની પ્રજાવાળા ઉપર કોઈ રીતનો દ્વેશ રાખતા નહતા. દેશ પરદેશના વિદ્વાન્ લોકોનું તે સારૂ સન્માન કરતો હતો. વિદ્વાન્, કળાકુશળ પંડિતોની સભામાં તે સદા બિરાજતો હતો. એના દરબારનો પુરોહિત સોમેશ્વર નામે કવિ સારો વિદ્વાન્ હતો તે વિષે આગળ લખવામાં આવશે. સોમાદિત્ય, કમળાદિત્ય, નાના પંડિત ઈત્યાદિ ૧૦૮ પંડિતો એના દરબારમાં હતા. પરદેશના કવિ આવે તેમની પરીક્ષા કરીને જેની જેવી યોગ્યતા તેનો તે પ્રમાણે સત્કાર થતો હતો.[1]

મહારાજાને છાજતી સર્વ પ્રકારની સ્થિતિ થઈ એટલે એક સમયે વસ્તુપાળ અને તેજપાળે વીરધવળને વિનતિ કરી કે દેવ ! આપે આ ગૂર્જર ધરતી સ્વાધીન કરી લીધી, બીજા દેશના રાજાઓને ખંડિયા રાજા બનાવી દીધા એટલે હવે સર્વ પ્રકારે આપની મહારાજાની પદવીની યોગ્યતા થઇ ચૂકી તો હવે કોઇ સારૂં મુહૂર્ત્ત જોઇને "મહારાજાધિરાજપદ" ધારણ કરવાનો અભિષેક કરવાનો ઉત્સવ કરિયે. આવું મંત્રિયોનું કથન સાંભળીને વીરધવળ બોલ્યોઃ—

**अजित्वा सार्णवामुर्वीं मनिष्ट्वा विविधैर्मखैः**

**अदत्वा चार्थ मर्थिभ्यो भवेयं पार्थिवः कथम्.**

સમુદ્ર સુધી પૃથ્વી જીત્યા વિના, વિવિધ યજ્ઞ કર્યા વિના, યાચકોને ધન આપ્યા વિના હું રાજા કેમ થાઉં ? મારે તો મારૂં "રાણા" નું પદ ઠીક છે.

વીરધવળની ભલમનસાઇની એક વાત એવી છે કે, એક સમયે ગ્રીષ્મ ઋતુની રાત્રિયે ચંદ્રશાળામાં સૂતો હતો, અને એક ખવાસ તેના પગ ચાંપતો હતો તેણે તેના પગની આંગળિયે રત્ન જડિત અંગુઠી પેહેરેલી હતી તે કાહાડી લીધી. વીરધવળ જાગૃત સ્થિતિમાં હતો તેથી તેના જાણવામાં આવ્યું તો ખરૂં પણ તે બોલ્યો નહિ, અને સવાર થતાં ભંડારી પાસેથી તેવીજ બીજી અંગુઠી મંગાવીને પેહેરી લીધી. રાત્રે તે સૂતો એ-

---

૧ શાસ્ત્રી વ્રજલાલ કાળીદાસ. ખુ. પ્ર. પુ. ૧૩ મું.

ટલે પેલો ખવાસ જઇને નિત્ય પ્રમાણે પગચંપી કરવા લાગ્યો, અને તન પાશીને જુવેછે તો પ્રથમના જેવીજ બીજી અંગુઠી તેના જોવામાં આવી તેથી તે વિચારમાં પડી ગયો. તેવામાં વીરધવળે હસતાં તેને કહી દીધું કે ભાઈ! એ અંગુઠી હવે લઇશ નહિ કાલે એક કાહાડી લીધી તેની કાંઈ ચિન્તા નહિ. આવું તેનું વચન સાંભળતાંજ તેને જાણે વજ્ર ઘા થયો હોય એમ ભયભીત થઈ ગયો, કેમકેઃ—

( ગીતિ. )

હસતો પણ નૃપ હણુશે, સ્પર્શ કરંતો કરિવર પણ હણુશે;
દુર્જન માન દિયંતો, ફૂંકંતો પણ ભુજંગ તો હણુશે.

વીરધવળ આ ખવાસની ગભરાટ ભરેલી સ્થિતિ જોઇને બોલ્યો કે, તું ગભરાઇશ નહિ, તને આવી આદત પડી છે તેમાં અમારો જ વાંક છે. જો દરબારમાંથી તને પૂરી જીવાઇ મળતી હોય તો તારૂં મન આવાં ખોટાં કામ કરવા ઉપર લલચાય નહિ. હવેથી તને બેસવાને એક ઘોડો આપીશું અને અધ લાખની તારી જીવાઇ કરી આપીશું. આવું સાંભળીને તે બહુ રાજી થયો, અને પોતે કરેલા અયોગ્ય કામને લીધે મુંઝાવા લાગ્યો. વીરધવળ આ પ્રમાણે ક્ષમાવાળો હતો તેથી જગત્‌માં તેનાં વખાણુ થતાં હતાં, અને તે ઘણો દયાળુ હતો એમ લોક કેહેતા હતા.

વીરધવળ દિવસે દિવસે વધારે પ્રબળ થવા લાગ્યો. તેના બુદ્ધિશાળી મંત્રિયો પણ લોક રાજી રેહે એવું વર્ત્તન કરવા લાગ્યા, એવામાં દિલ્લીથી તેમનો મોકલેલો હેરક આવી પોહોંચ્યો. તેણે આવીને કહ્યું કે, મોજદ્દીન પાદશાહનું લશ્કર પશ્ચિમ દિશા ભણી કૂચ કરતું ચાલ્યું છે, ચાર પ્રયાણુ થઇ ગયાં છે; આણુને રસ્તે આવવાનો તેનો મનસૂબો જણાયછે અને તેની દૃષ્ટિ ગૂજરાત ઉપર છે, માટે તમારે ચેતતાં રેહેવું જોઇયે. આ ખબર સાંભળતાંજ વસ્તુપાળ તેને રાણા પાસે લઇ ગયો અને બધી હકીકત સાંભળીને રાણો બોલ્યો કે, મંત્રીશ! મ્લેચ્છો ઘણા બળિયા છે; ગર્દભી વિદ્યા જેણે સિદ્ધ કરી લીધેલી એવા ગર્દભિલ્લનો પરાભવ કરયો છે; નિત્યે સૂર્યબિંબથી નીકળતા તુરંગમથી રાજપાટી ચલાવનાર શિલાદિત્યને પણ પીડયો છે; સાતસેં યોજનના વિસ્તારવાળી ભૂમિના પતિ જયચંદ્રને પણ તેમણે હણી નાંખ્યો છે; ને પૃથ્વીરાજે વીશ વાર શાહાબુદ્દીન સુર-

ત્રાણને ઝાલીને મૂકી દીધેલો તેવાને પણ તેઓએ પકડી લીધો છે. એવા એ દુર્જય છે તો આપણે કેમ કરવું. વસ્તુપાળ બોલ્યો કે મને સામો જવાની આજ્ઞા કરો એટલે હું સમયને અનુકૂળ આવે એમ કરીશ. પછી સારા સારા એક લાખ અશ્વાર લઇને તેણે પ્રયાણ કર્યું. ત્રીજે પ્રયાણેથી તેણે આબુના નાયક ધારાવર્ષ જે ગૂજરાતનો ખંડિયો રાજા હતો તેની પાસે પોતાનો હેરક મોકલ્યો, અને કેહેવરાવ્યું કે મ્લેચ્છોની સેના જેવી આબુને રસ્તે આવે તેને અંદર આવવા દઇને પછવાડેથી ઘાંટી રોકી લેજો. યવનની ફોજ અંદર પેઠી અને તેમણે થાક ખાવાને મેલાણ કર્યું એટલે પછવાડેથી ધારાવર્ષે તે ઘાંટી રોકી લીધી. આગલી બાજુએથી વસ્તુપાળે તેના ઉપર હુમલો કરયો, અને બીજો કાળ ન હોય એવો જાતે તેમના ઉપર તૂટી પડ્યો, ને એવી કાપાકાપી ચલાવી કે, યવનની ફોજમાં ત્રાસ વર્તાઈ ગયો, બૂમરાણ થઈ પડ્યું, કેટલાક દાંતે પોંચા કરડવા લાગ્યા, કેટલાક તોબા તોબા પોકારવા લાગ્યા, નાસમનાસા કરવા લાગ્યા, પણ વસ્તુપાળે કોઇને છોડ્યા નહિ. કેહેછે કે, એક લાખ માણસોને કાપી નાંખ્યા અને તેમનાં માથાનાં ગાડાં ભરીને વસ્તુપાળ પાછો વળ્યો અને પોતાના ધણીને આવીને નમ્યો. રાણો ઘણો રાજી થયો, અને તેનાં સારાં વખાણ કર્યાં કે, તમે આવું મહાભારત કામ કરી આવ્યા છતાં તમે કાંઈ બડાઇ હાંકતા નથી, વિકટ આટોપ રાખતા નથી, ઉંચું મુખ કરીને અભિમાન ધારણ કરતા નથી, ગર્વથી ધરતી ઉપર થણથણાટ કરી રહ્યા નથી, અવજ્ઞા પ્રદર્શિત કરીને કોઇના ઉપર નજર ફેરવતા નથી, પણ આ યુદ્ધસાગર જે ઓળંગી જવાને માટે ઘણોજ વિકટ તેમાં પાર પડીને તમે એકલાએજ આ પૃથ્વીતળને વિષે ધવલ કીર્ત્તિનો ભાર માથે ધારણ કર્યો છે. આ પ્રમાણે તેનાં વખાણ કરીને ઉત્તમ પારિતોષિક આપ્યું; પછી તે પોતાને ઘેર આવ્યો એટલે તેને માન આપવાને એટલા બધા લોક આવ્યા અને તેને પુષ્પે વધાવવા અને તેના ગળામાં પુષ્પમાળા આરોપવાનો એવો સમારંભ થયો કે ફૂલનો એક હાર એક દ્રમ્મ વિના મળી શકતો નોહોતો.

નાગપુરમાં સાધુ દેલ્હા કરીને હતો તેનો પુત્ર સાધુ પૂનડ નામે હતો તેને મોજદ્દીન સુરત્રાણની બીબિયે પોતાનો ભાઇ કરયો હતો, તે અશ્વપતિ, ગજપતિ, અને નરપતિ સર્વેને માન્ય થઇ પડ્યો હતો. તેણે સંવત્ ૧૨૭૩ ઇ. સ. ૧૨૧૭ માં બંબેરપુરથી રાજ્યયાત્રા કરી હતી. તે સં-

વત્ ૧૨૮૬ માં એટલે ઇ. સ. ૧૨૩૦ માં યાત્રા કરવાને મોજદ્દીનની આજ્ઞા લઇને નાગપુરથી નીકળ્યો. તેની સાથે ૧૮૦૦ ગાડાં, ઘણા બળદ આદિ લઇને મોટા દબદબાથી તે માંડલ્યપુર સુધી આવ્યો. તેજપાળ તેના સામો ગયો અને તેને ધોળકે લઇ આવ્યો, વસ્તુપાળ પણ સંઘની રજનો લાભ લેવાને સામો ગયો. બધાંને ઘેર લાવી જમાડી બહુ સંતોષ્યા અને સર્વેની આગતાસ્વાગતા કરીને બધાંને પેહેરામણી આપી. સંઘનું પ્રતિપાલન કરવાથી ઘણું પુણ્ય થાયછે એમ સમજીને સંઘવાળાની સર્વે પ્રકારે રૂડી ચાકરી કરી તે એટલે સુધી કે સંઘના પ્રત્યેક જણનું તેજપાળે અર્ઘપાદ્ય પૂજન કર્યું. પછી વસ્તુપાળ નાગપુરના સંઘવી પૂનડની સાથે શત્રુંજય ગયો. તેને ત્યાં સારી રીતે યાત્રા કરાવી, પૂનડ પછી ત્યાંથી નાગપુર ગયો, અને વસ્તુપાળ ધોળકે પાછો આવ્યો.

## મોજદ્દીનની મા યાત્રા ( હજ ) કરવા નીકળેછે.

પૂનડ પાછો ગયો ત્યાર પછી કેટલેક દિવસે મોજદ્દીન પાદશાહની મા મક્કે હજ કરવા જવા માટે ખંભાતમાં આવી અને એક મુસલમાન વાહાણવટીને ઘેર ઉતરી. આ વાત કોઇ એક હેરકે મંત્રીને કહી તેને તેણે આજ્ઞા કરી કે તે પાછી જળમાર્ગે યાત્રા કરવા જાય ત્યારે મને ચેતાવજો. આ સૂચના પ્રમાણે તે જવા નીકળી એટલે તેને ખબર આપી તે સાંભળીને તેણે પોતાના કૈલિકોને મોકલીને બુઢી મમા પાસે જે કંઇ હતું તે સર્વે લૂંટી લેવરાવ્યું, અને તે સર્વે સાચવી રખાવ્યું. આવો માઠો બનાવ બન્યો તેથી પેલો વાહાણવટી રોતો રોતો મંત્રી પાસે આવીને ફરિયાદ કરવા લાગ્યો કે, અમારા યૂથની એક વૃદ્ધ ડોશી હજ કરવા જતી હતી તેને તમારા પાદરમાં જ લૂંટારાઓએ લૂંટી લીધી છે. વસ્તુપાળે અજાણ્યા થઇને પૂછ્યું કે, એ ડોશી કોણ છે? નૌવિત્તકે કહ્યું કે એ તો મોજદ્દીન સુરત્રાણની મા છે, અને સર્વેને માન્ય છે. આ વાત સાંભળીને મંત્રિયે માયા પ્રયોગ કરયો ને ઘણી હણોહણ કરી મૂકી અને પોતાના સર્વે માણસોને ધમકી આપીને કહ્યું કે આ લૂંટનો માલ ગમે તેમ કરીને તાબડતોબ આણી આપો. એમ કહીને બુઢી મમાને તે આગ્રહ પૂર્વક પોતાને ઘેર તેડી લાવ્યો અને સારી રીતે તેની આગતાસ્વાગતા કરી, પોતાને ઘેર રાખી, પછી લૂટમાં તેનો જે જે માલ ગયો હતો તે સર્વે આણીને રજુ કરાવી દીધો. બુઢ્ઢી મમ્મા બહુ રાજી થઈ અને તેને કહ્યું કે–

"તમે મક્કે હજ કરવા જાઓછો તો હું તમને એક આરસપાહાણનું તોરણ ઘડાવી આપુંછું." એમ કહીને તેને રોકી, અને તાબડતોબ તેવું તોરણ તૈયાર કરાવ્યું, તે તેના દેખતાં બરાબર મેળવીને પાછું છૂટું કરી નાંખ્યું; અને સૂત્રથી બાંધીને તેને આપ્યું, અને તે ગોઠવવા સૂત્રકારોને તેની સાથે મોકલ્યા. મક્કે જવાના ત્રણ માર્ગમાંથી જે માર્ગે જવાની ડોશિયે ઇચ્છા જણાવી, તે માર્ગનો તેણે પાકો બંદોબસ્ત કરાવી આપ્યો, અને સાથે પુષ્કળ ધન આપ્યું. ડોશી મક્કે પોહોંચી એટલે પેલું તોરણ સૂત્રકારોએ બરાબર ગોઠવીને મસ્જીદને દ્વારે બાંધ્યું. દીપ તૈલાદિ પૂજા કરી અને રાણાના ભણીથી વર્ષાસન બાંધી આપ્યું. નાના પ્રકારનાં દાન કરયાં, આથી તેનો ઘણો યશ વધ્યો. ડોશી ત્યાંથી પાછી ફરીને ખંભાત આવી, એટલે વસ્તુપાળે તેનો પ્રવેશોત્સવ કરયો. ને પોતાને હાથે તેનું ચરણપ્રક્ષાલન કરયું. પછી તેની ભક્તિપૂર્વક પરોણાગત કરી, અને દશ દિવસ રાખી. તે જવાને તૈયાર થઈ એટલે મંત્રિયે કહ્યું કે—"માતા ! જો આજ્ઞા હોય તો હું આપને મૂકવા સાથે આવું." સુરત્રાણમાતા બહુ પ્રસન્ન થઇ અને બોલી કે—"ત્યાં તો મારૂં રાજ્ય છે, માટે તમે સુખે મારી સાથે ચાલો." આ પ્રમાણે પરવાનગી મળી, એટલે તેણે વીરધવળની આજ્ઞા લીધી અને પાંચસે ઘોડા વછેરા તથા વસ્ત્ર ગંધાદિ લઇને સાથે ચાલ્યો. દિલ્લી પાસે આવવાનો સમય થયો, તેની સુરત્રાણને ખબર મળી કે માતા પાછાં પધારે છે એટલે તે સામૈયું કરીને આવ્યો, અને માતાને પૂછયું કે "યાત્રા રૂડે પ્રકારે થઈ ?" ત્યારે તે બોલી કે—"દિલ્લીમાં તારા જેવો શાહજાદો છે અને ગૂર્જરધરામાં વસ્તુપાળ જેવો બીજો દીકરો છે તો પછી મારી યાત્રા સુખદ કેમ ન થાય ?" પાદશાહે કહ્યું કે—"તે વસ્તુપાળ ક્યાં છે ? તેમને અહિં કેમ તેડી લાવ્યાં નથી ?" માતા કેહે કે "હું તેડી લાવું છું અને તે અહિંથી બે ગાઊ ઉપર છે." એમ કહી અશ્વપાળ મોકલીને તેને પોતાની પાસે તેડાવ્યો, તેણે આવીને પાદશાહને નજર મૂકી પ્રણામ કરયો. પછી તે પ્રસન્ન થઇને બોલ્યો કે—"અમારાં માતાજી તમારાં બહુ વખાણ કરેછે, તમે એમની સારી ચાકરી કરી છે તો મારી એમ ઇચ્છા છે કે તમે મારી પાસેથી કાંઈ માગી લો." તે બોલ્યો કે—"મારે કશાની ખામી નથી, એટલે બીજું તો કાંઇ માગી લેવાનું નથી, પણ જો આપની ઇચ્છા હોય તો એક માગણી કરૂંછું તે એ

કે—આપે ગૂજરાતના રાજા સાથે સંધિ રાખવો, એટલે કે અમારી ગૂર્જરધરા ઉપર કોઇવાર પણ ચડાઇ કરવી નહિ. અને બીજું એ માગુંછું કે મમ્માણી ખાણુમાંથી પાંચ પથરા મને લેવા દેવા." પાદશાહે પ્રસન્ન થઇને બન્ને માગણી તેની માન્ય રાખી, અને મૂલ્યવાન્ પોશાક આપીને તેને વિદાય કરચો. પૂનડે પાંચે પથરા પછવાડેથી મોકલી દીધા. તે શત્રુંજય આદિ તીર્થમાં વપરાયા.

વસ્તુપાળ ધોળકે આવ્યો અને પોતાના સ્વામીને નમન કરીને કાંઇ પણ અભિમાન બતાવ્યા વિના સર્વ વૃત્તાંતથી જાણીતો કરચો. તે સાંભળીને વીરધવળ ઘણો રાજી થયો અને દશ લાખ સુવર્ણ તેને તુષ્ટિદાનમાં આપ્યા, પણ મંત્રી એવો દાનેશ્વરી હતો કે પોતાને ઘેર પોહોંચતા સુધીમાં તે દાન કરી દેવામાં વાપરી નાંખ્યા. આવો પ્રસંગ જોઈ એક કવિએ કહ્યું કેઃ—

( ગીતિ. )

" દ્વિજરાજ એક દેખી, સંકોચાઈ કમળ તુરત જાય;
દ્વિજરાજ લક્ષ પેખી, વિકાશીં તુજ કરકમળ જ દીપાય. "

" એકજ દ્વિજરાજ ( ચંદ્ર ) દેખીને કમળ તુરત જ સંકોચાઈ જાય છે, પણ હે વસ્તુપાળ! તારા હાથરૂપી કમળને તો એથી ઉલટું થાયછે તે સંકોચાઇ જવાને બદલે એક લાખ દ્વિજરાજ ( બ્રાહ્મણો )ને દેખતાં છતાં તે વિકાશિત થઇને દેદીપ્યમાન થાયછે. "

વળી વસ્તુપાળ કેવો છે? :—

( ગીતિ. )

અરિ ઉર ઉચાટ કરવા, શ્રી આકર્ષી નિજ કર ગૃહીં લેવા;
નૃપમનહય વશ કરી લે, ઉત્તમ ને સિદ્ધ મંત્ર છે એવા.

આવાં તેનાં વખાણ થતાં સાંભળીને તે પોતે ઉત્તમ હતો, માટે લજવાઇને નીચું જોવા લાગ્યો, તે વેળાએ મહાનગરવાસી નાનાક કવિએ કહ્યું કેઃ—

( કવિત. )

" એક જ તું અવનીમાં, દાનતણો દેવાવાળો,
એમ તારે વિષે વાણી, સજ્જનો ઉચ્ચારેછે;

સાંભળતાં આવાં વેણુ, લાજ તો લાગે છે તુંને,
તેથી તું ભુવનતળ, નજરે નિહાળેછે.
સરસ્વતી મુખશોભા, દેનાર ઓ વસ્તુપાળ !
એનું એક કારણુ તો, મને એમ ભાસેછે;
તારા જેવો દાનશીળ, બળી તો પાતાળ વચ્યો,
તેને અહીં આણુવાને, ભૂમિમાં તકાસેછે. ”

ત્યાર પછી કૃષ્ણુનગરીના કવિ કમળાદિત્યે પ્રકરાન્તરે કહ્યું કેઃ—

( કવિત. )

ચલા એવી લક્ષ્મી જેવી, લાગફ્લા કરી દીધી,
અર્થીનો સંયોગ એ તો, પામી એવા કારણે;
પરિણુામ એ થયો કે, કીર્ત્તિરૂપી પુત્રી જાઇ,
એની શી કે'વાની વાત ! રહી એ તો બારણે.
ત્રણ ભુવન કે'વાય, સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ,
તેનીમાંહ્ય ઠેર ઠેર, ભટકતી ગાજેછે;
એવી એની વાત સુણી, લાજના મારચા જનો તો,
લાજ માંહે લપેટાઈ, નીચું ઘાલી લાજેછે.

## વીરમ અને વીસલ.

વીરધવળ રાણુાને બે કુમાર હતા, તેમાં એકનું નામ **વીરમ** હતું અને બીજાનું નામ **વીસલ** હતું. શૂર પુરૂષોમાં **વીરમ**નાં વખાણુ થતાં હતાં. વર્ષાકાળમાં એક દિવસે આકાશમાં વીજળીનો ઝબકારો થયો, તેથી તેણે જાણ્યું કે—વીજળી મારા ઉપર પડશે. તેથી તેની સામે તરવાર ખેંચી કાહાડી. ધોળકામાં વૈષ્ણુવોમાં એવો રિવાજ હતો કે એકાદશીને દિવસે તેઓ એક ઝાડ નીચે જઇને જેની જેવી શ્રદ્ધા તે પ્રમાણે તે એકસો આઠ ( ૧૦૮ ) દ્રમ્મ કે બોર કે આમળાં લાવીને મૂકતા હતા. **વીરમે** તે દિવસે ત્યાં જઇને એકસો આઠ દ્રમ્મ મૂકયા. ત્યાર પછી ત્યાં એક વાણિયો હતો, તેણે ૧૦૮ મોતી[૧] મૂકયાં. આવું પોતાના કરતાં તેનું અધિક કૃત્ય જોઇને **વીરમ**ને ક્રોધ ચડયો, અને બોલ્યો કે—“ અલ્યા બકાલ ! તું અમારાથી અધકું કેમ મૂકેછે ? ” એમ કહીને તેના ઉપર તરવાર તાણી,

૧ પ્રોફેસર મ. ન. “ આબુ ” લખે છે જુઓ પૃ. ૨૨૫.

એટલે તે જીવ લઇને નાઠો. તે **વીર**ધવળની રાજસભામાં જઈને એકદમ અંદર પેશી ગયો. **વીર**મ પણ તેની પછવાડે ધાયો, એટલે કોલાહલ થઈ રહ્યો, તેથી **વીર**ધવળના જાણવામાં વાત આવી. આગળ વાણિયો અને પાછળ **વીર**મ, એમ તેની સમક્ષ થઇ ગયા; એટલે રાણાએ **વીર**મને ધમકાવીને કહ્યું કે—"અરે ! ઉદ્ધત ! આ તું શું કરેછે ? તારાથી એ વાણિયાએ અધિક કર્યું, તેમાં તારા બાપનું શું ગયું ? તું શું અમારો ન્યાય જાણતો નથી ? જા, નીકળ મારા દરબારમાંથી, તારૂં કાળું મોં મને ફરીને બતાવીશ નહિ; વાણિયા તો મારો જંગમ ભંડાર છે. હું બેઠો છું ત્યાં સુધી એનું નામ કોણ લેછે ? જોઉ તું ખરો." આ પ્રમાણે તેનો તિરસ્કાર કરીને તેને **વીર**મગામ ગ્રાસમાં આપીને ત્યાં મોકલી દીધો. કોણિક કુમારની પેઠે લજ્જા પામતો, પિતાથી ધિક્કાર પામેલો, જીવતાંજ મુવા સરખો થઇને ત્યાં રહ્યો. તેને બાપના ઉપર ઘણો ક્રોધ ચડ્યો, પણ કરે શું ?

**વીર**મ વડો હતો, અને **વી**સલ તેનાથી નાનો હતો, પણ તે ડાહ્યો ને સમજુ હતો, તેથી **વીર**ધવળની તેના ઉપર કૃપા હતી, અને તેના ઉપર તે સદા પ્રસન્ન રેહેતો હતો. **વી**સલનામાં વિક્રમના જેવા ઉત્તમ ગુણ હતા. વસ્તુપાળનું વલણ પણ **વી**સલ ઉપર હતું. વસ્તુપાળ જાણતો હતો કે **વીર**મ ક્ષાંઠિયો છે, તેથી એનો કોઇ વિશ્વાસ કરતું નહિ; કેમકે કેઇ વેળાએ કોણ જાણે શુંએ કરી નાંખશે એવી તેના વિષે ધાસ્તી રેહેતી હતી. તેથી રાજ્ય સૈન્ય પણ સાવચેત રાખવામાં આવતું હતું.

આવા સમયમાં **વીર**ધવળને મોટો વ્યાધિ થયો. એ વાત **વીર**મના જાણવામાં આવી, એટલે તે તેને જોવા આવવાને મિષે ધોળકામાં આવ્યો. વસ્તુપાળ તેનો ભાવાર્થ સમજી ગયો, અને તેણે ઘોડા, હાથી, રાજભંડાર, આદિ ઠેકાણે પાકી ચોકશી રખાવી અને પોતાના ખરા વિશ્વાસુ માણસો હતા, તેમને જોખમવાળે કારખાને મૂકી દીધા; એટલે **વીર**મનું કાંઇ ચાલ્યું નહિ. ધોળકામાં પોતાનું સૌધ (મ્હોટું ઘર) હતું, તેમાં જઇને **વીર**મ રહ્યો. ત્રણ દિવસ મંદવાડ ભોગવીને **વીર**ધવળ દેવ થયો. પ્રજા શોક સમુદ્રમાં પડી, નગરમાં હડતાલ પડી. **વીર**મદેવ સજ થઇને ગાદિયે બેસવાને પોતાના અવાસમાંથી નીકળ્યો કે તુરત વસ્તુપાળે **વી**સલદેવને રાજ્ય સિંહાસન ઉપર બેસારી દીધો અને તેના નામની તત્ક્ષણ આણ ફેરવી દીધી.

રાજ્યાંગ માત્રની પૂરેપૂરી સંભાળ રખાવીને વસ્તુપાળ ફોજ લઇને **વીસ**લદેવ સહિત **વીર**મ ઉપર ચડી ગયો. સામાસામી યુદ્ધ મચ્યું, પણ **વીર**મ સમજ્યો કે હવે આપણું કાંઇ ફાવવાનું નથી. એટલે તે ત્યાંથી નાઠો. તે **જા**બાલીપુર (જબલપુર) માં પોતાનો સસરો ઉદયસિંહ હતો તેની ઓથે ગયો. વસ્તુપાળ પણ આ તેનો નિશ્ચય કળી ગયો, એટલે તેણે સોળ યોજન જાય એવા પુરૂષો ઉદયસિંહ ભણી મોકલ્યા ને કહાવ્યું કે "**વીર**મ રાજ્યનો શત્રુ થઇ ત્યાં આવેછે, તેને તમે આશ્રય આપશો તો તમે તમારો જીવ અને રાજ્ય બન્ને ખોઇ બેસશો." આ પ્રમાણે અગાઊથી સૂચના મળી એટલે તેણે **વીર**મ વિરૂદ્ધ બધી ગોઠવણ કરી રાખી. તે જેવો આવીને જાબાલીપુરના બગીચામાં મેલાણ કરવા જાયછે, એવામાં કહી રાખ્યા પ્રમાણે નગરરક્ષકોએ તેના ઉપર બાણનો એવો પ્રહાર ચલાવ્યો કે તેનું આખું અંગ ચાલણીના જેવું કરી નાંખ્યું. **વીર**મ ત્યાં પડ્યો, એટલે તેનું માથુ કાપીને ઉદયસિંહે **વીસ**લદેવને મોકલી દીધું. આ પ્રમાણે સ્વકુટુંબના કજિયાથી તો **વીસ**લદેવનું રાજ નિષ્કંટક થયું.

**વીર**ધવળના મરણથી પ્રજાનાં નેત્રોમાંથી જળ વેહેવા લાગ્યાં, તે એટલે સુધી કે, જોવાની તેમની શક્તિ ઘટી સઈ. અંતઃપુરવાસિયો જે રાણિયો આદિ, તથા સામંત અને મંત્રિયોની અશ્રુધારાથી તે સમયે નિરાધાર થઈ પડેલું ધરાતળ ચારે બાજુએથી ભીંજાઇ ગયું. આટલા દિવસ કોઇ પ્રકારનો શોક ન હોવાથી તેની આખી રાજધાની અશોક હતી તે હવે ક્ષણમાત્રમાં શોકમય થઈ ગઈ.

(ગીતિ.)

પળપર હર્સી હર્સી રાચો, તે પર્છી પળમાં દુઃખ દરિયે બૂડો;
એવા અસાર ભવને, ધિક ધિક કહીં કવિ કવે કુડો ભૂંડો.

લોકોના કકળાટ સહિત **વીર**ધવળનું [1]ચિતારોહણ થયું તેમાં અંતઃપુરજનોએ પણ પ્રવેશ કરચો. વસ્તુપાળને પણ પૂરો આવેશ આવી ગયો, અને કાષ્ટભક્ષણ કરવાને તત્પર થયો, તેને રાજ્યપૂજ્ય વૃદ્ધ અને હિતેચ્છુ પુરૂષોએ નિવારચો તો પણ તેમનું માન્યું નહિ ત્યારે, આવી શોકાવેગની

---

1. પાછળ પૃ. ૩૯૨ માં વીરધવળની ચિતામાં ૧૮૨ જણ તેની ચિતામાં પડી મરણ પામ્યાનું લખ્યું છે તે કિયા લખાણ ઉપરથી હશે તેનો પત્તો મળતો નથી.

વ્યથામાં નિમગ્ન થઈ ગયેલો વિસખ મંત્રીને જોઇને, તેના પ્રતિ, ચૌલુક્ય કુળના રાજાનો પુરોહિત સોમેશ્વરદેવ બોલ્યો કે, આખા રાજ્યતંત્રનો આધાર તમારા એકલાજ ઉપર છે અને તમે વિશ્વાધાર ધર શેષનાગના જેવા છો. તમારા જીવવાથી સર્વ કોઈ જીવી શકે એમ છે, અહો મહા મતે ! વીરધવળના વિદાય થવાથી આ રાજ્યલક્ષ્મી નિર્નાથ બની ગઇ છે તો પણ હવણાં તમે છો તો તેને આધાર હોવાથી તે સનાથા છે, માટે જો તમે અહિં આવું સાહસ કર્મ કરો તો દુરાત્મા દુર્જનોના મનોરથ પૂર્ણ થાય. આવું સાંભળીને તે મતિમાન સચિવ મૃત્યુ પ્રાપ્ત કરી લેવાના સાહસમાંથી વિરામ પામ્યો, અને સભા સમક્ષ શોકાર્ત્ત થતો ગદગદ કંઠે બોલ્યો:—

( કવિત. )

એક પછી એક એમ, ષટ ઋતુ ક્રમે આવે,
તેમાં ફેરફાર કદિ, ક્યાળે ન જણાયછે;
વીર વીરધવળ, વિહાર કરચો અહિં થકી;
ઉલટું થવાથી ઋતુ, ઉલટાઈ જાયછે.
વર્ષા ઋતુ પૂઠે થાય, પણ જન આંખોમાંથી,
આંસુ ધારા વર્ષી વર્ષી, પ્રથમ જ થાયછે;
હૃદયના તાપ રૂપી, ગ્રિષ્મ ઋતુ ક્રમ છોડી;
પરિતાપ પમાડતી, પોતે પલટાયછે.

એ પ્રમાણે કહેતો, નિસાસા નાંખતો, મંત્રી મુંગો રહ્યો; અને દહનક્રિયા પૂરી થતાં, સૌ સૌને ઠામે પાછા ગયા. મહાત્મા વીસલદેવે પોતાના વીરધવળ પિતાના સુકૃતને અર્થે જે કરવું ઘટે તે સર્વે ક્રિયાઓ કરી, અને આ પ્રસંગે, મહામાત્ય વસ્તુપાળ જે સતકૃતજ્ઞ શિરોમણી હતો તેણે એક કરોડ સુવર્ણ તેની પછવાડે ધર્મ કરી નાંખ્યા.

પછી મુહૂર્ત્તે વીસલદેવને વિધિપૂર્વક રાજ્યાભિષેક કરવાની વસ્તુપાળે તૈયારી કરી. રાજ્યપુરોહિત સોમેશ્વરદેવને આ વિધિમાં આગેવાન કરચો અને અર્ધચંદ્રાકાર ભાળમંડળ જે વિશાળ વિસ્તાર પામેલું હતું તેને વિષે વસ્તુપાળે સ્વહસ્તે વીસલદેવને અર્ધચંદ્રાકાર તિલક કર્યું. પછી સપ્તાંગ રાજ્યની રક્ષા કરવા માંડી.

પાછળ ( પૃષ્ઠ ૪૭૦ મે ) લખવામાં આવ્યું છે કે, વીરમને તેના સ-

સરાયે મારી નાંખ્યો. પણ શ્રીહર્ષગણિ ઉપરના સંબંધે આ પ્રસંગનું કથન નીચે પ્રમાણે આપે છેઃ—

તે કેહેછે કે, સર્વાંગે સજ્જ થયેલી ચતુરંગિણી સેના લઇને વસ્તુપાળ પુરૂષમાં અધિક તેજને લીધે નાસીર સ્થાને ઉભો. તેની આસપાસ તેજપાળ આદિ વીર વિંટલાઇ વળેલા હતા, તે સહવર્ત્તમાન, વીરમની સામે થયો. મર્યાદા વિનાની બંનેની સેના સામાસામી આવી ગઈ. પછીથી એક ક્ષણવારમાં વીરવરમાં અગ્રણી એવા મંત્રિયે પ્રાણ હરનારા બાણોવતી, ધનવંતરી વૈદ્ય જેમ રોગને ત્રાસ આપે તેમ, શત્રુઓંને ત્રાસ પમાડયો. કૃપાળુ તેજપાળે એક પળમાં વીરમનો પરમ સહાયક તેનો મામો હતો. તેને મારી નાંખ્યો. બુધ ભેગો હોવાથી ચંદ્રમાને રાહુ ગ્રહણ કરી શકતો નથી. તેમ રાહુસમાન વીરમ જે ક્રુર ગણાતો હતો તે મંત્રીની સહાયથી વીસલ દુર્જેય છે એમ સમજીને, રણભૂમિ છોડીને, નિસ્તેજ થઈ, પોતાના કેટલાક સહાયકારી ઠાકોરો સહવર્ત્તમાન જાબાલીદુર્ગમાં પોતાના સસરાને શરણે ગયો. તે ચાહુમાન કુળનો સૂર્યરૂપ ઉદયસિંહ નામનો ત્યાંનો રાજા હતો. તેણે પોતાના જમાઇને કેટલોક ગ્રાસ આપીને ત્યાં રાખ્યો. તે દુરાત્મા વીરમ પોતાના સસરાના બળના પ્રતાપે કરીને ત્યાં સ્થિર થયો; પણ તેના આખા રાજ્યમાં લૂંટફાટ કરીને સર્વેને સંતાપવા લાગ્યો. યોગિની નગરી (દિલ્હી) ના માર્ગ વચ્ચે રહીને આવતા જતા વેપારિયોના સમૂહને વારંવાર તે દુરાત્મા એક જલાશય આગળ લૂંટી લેવા લાગ્યો. આવા એના ભયને લીધે ત્યાંની આખી પ્રજા પ્રત્યેક ગામ અને પ્રત્યેક નગર આદિમાં સુખ શાન્તિથી રહી શકી નહિ. અહિં આવો મામલો ચાલતો હતો તેવામાં ચૌલુક્ય રાજાના ચાકર પુરૂષો ત્યાં આવી પોહોચ્યા તેમના કથનથી, અને વીસલની સહિના ખાસ લેખ ઉદયસિંહ ઉપર લખેલા તેને પોહોંચ્યા તે ઉપરથી ભાવાર્થ સમજીને તેણે જાણ્યું કે હવે બીજો કશો ઉપાય રહ્યો નથી એટલે વીરકુંજર એવો વીરમ પોતાનો જમાઈ થતો હતો તોપણ તેના મનમાં પ્રથમ વિશ્વાસ બેસારીને પછીથી તેને મરાવી નંખાવ્યો. એટલે વીસલદેવનું રાજ્ય નિષ્કંટક થયું. તેથી પ્રજા, અમાત્ય, માંડલિક રાજાઓ આદિ રાજી થયા.

સૂર્ય જેવા દેદીપ્યમાન અને જેણે અનેક રાજાઓ ઉપર જીત મેળવી છે એવા મંત્રીરાજના પ્રતાપથી તેની આગળ પતંગિયા જેવા ભૂપાળો

હાથી, રત્ન આદિ પ્રાભૃત (ભેટ) લઈને પ્રજાપાલન કરનારા વીસલદેવને નમન કરવા આવ્યા.

શુક્ર અને બૃહસ્પતિ સમાન બે મંત્રીશ્વરો જેની પાસે રહેલા છે એવો વીસલદેવ શુક્ર અને ગુરૂ જેની સમિપ રહેલા છે એવા સૂર્યની પેઠે દિનદિનપ્રતિ અધિક પ્રતાપ પામવા લાગ્યો.

શ્રી *કર્ણ રાજાનો વંશજ નરસિંહદેવ નામે ડાહલનો ભૂપતિ જે શત્રુરૂપી હાથિયોમાં સિંહના જેવો પરાક્રમી હતો. ચૌલુક્ય વંશમાં સૂર્ય સમાન નવીન નૃપતિની આજ્ઞાને, ઘણો ગર્વિષ્ટ થઇ આ ડાહલભૂપતિ પોતાના મુકુટ ઉપર ચડાવો લેતો નહતો, તેમજ પોતાના ચરણની સેવા કરનારા બીજા જે ભૂપતિ હતા તેમને આ દુષ્ટ બુદ્ધિવાળો દુર્મતિ આપતો હતો. આવો મામલો જોઇને વસ્તુપાળ મંત્રિયે એનું હિત ચાહીને સામવાણીવાળો એક લેખ મનુષ્યદ્વારા તેના ઉપર મોકલાવ્યો તેમાં લખ્યું હતું કેઃ—

"ધર્મ અને નીતિના આધાર હે રાજન્! જો તમે તમારા શ્રેયની અભિલાષા રાખતા હો તો ગૂર્જરાધિપતિનું આ શાસન તમારે મસ્તકે ચડાવવું, તે એ કે, હે દેવ! તમારે અમને કાંઈ ઉત્તમ ભેટ (પ્રાભૃત) મોકલવી, તથા ભૂભુજ (રાજા) ને ભેદની દુર્મતિ તમારે આપવી નહિ. જો તમે આ પ્રમાણે વર્ત્તશો નહિ તો તમારી સંપત્તિનો નાશ થશે; કારણ કે બળિયાની સાથે બાથ ભીડવામાં મ્હોટો અનર્થ થાયછે."

---

* ચેદી અથવા ડાહલ દેશની રાજધાની તેવર અથવા ત્રિપુર હતી. આ દેશ નવ લાખનો ગણાતો હતો. પાછળ પૃ. ૧૩૧ તથા ૨૮૯ માં કર્ણ રાજા આવેછે તે ચેદી સંવત્ ૯૦૭ ઇ. સ. ૧૧૫૨ માં હતો એમ ઈ. આ. ભાગ ૧૮ પૃ. ૨૧૧—૨૧૩ પૃષ્ટોમાં લેખ છે તે ઉપરથી જણાયછે. બીજો લેખ ચેદી સં. ૯૦૨ તથા ૯૦૯ નો પણ છે અને તે એપિ. ઈન્ડિકા ભાગ ૨ જો પૃ. ૭–૧૭ દાખલ છે. આ રાજા ગયકર્ણના નામથી પ્રસિદ્ધ છે, અને એના પુત્રનું નામ નરસિંહદેવ છે. વીસલદેવના સમયનો નરસિંહદેવ કોઇ બીજો હોવો જોઈયે. એ વિષે અમે નીચે વંશાવળી આપિયે છિયે તેથી વિશેષ ખુલાસો થશે.

સોમવંશી યદુનો પુત્ર **कोष्टा** થયો, તેના કુળમાં **रोमपाद** થયો તેના વંશમાં **उशिक** નામે રાજા થયો, તેનો પુત્ર **चेदि** નામે રાજા થયો તેના સ્વાધીનમાં તે વેળાએ જે દેશ હતો તે ચેદી દેશ કેહેવાયો. અને તેની રાજધાનીનું નામ **शुक्तिमती** હતું. ત્યારપછી કેટલોક સમય ગયા પછી તેના બે વિભાગ પડ્યા એક પૂર્વ ચેદી અને બીજો પશ્ચિમ ચેદી.

પશ્ચિમ ચેદી અથવા ડાહલ રાજ્યની રાજધાની ત્રિપુર અથવા તેવર છે.

આવો લેખ વાંચીને સમૃદ્ધિવાળા ડાહલેશ્વરને ઘણો ક્રોધ ચડ્યો, અને યુદ્ધના રાજડંકાના ઘોષથી દિશાના હાથિયોને પણ બીહીવરાવતો, અનેક પ્રકારની સેનાથી મર્યાદા પર્વતોને કંપાવતો, પોતે જાતે જ ત્વરાથી ગૂજરાત દેશના રાજા ઉપર ચડી આવ્યો. એટલે પોતાના દેશની સમીપમાં આવેલો, તથા કાળરૂપ જાણે હોય એવો તેને સમજીને વ્યાકુળ થયેલા વીસલદેવે પોતાના મંત્રીશને પૂછ્યું કે, રાહુના જેવો ક્રૂર આ મારો શત્રુ,

જબલપુરની પશ્ચિમમાં થોડા મૈલને છેટે નર્મદા નદીની તીરે આ નગર છે. ત્યાંના રાજા કલચુરી અથવા હૈહય કેહેવાયછે.

ડાહલ અથવા પશ્ચિમ ચેદીના કલચુરી રાજા.

( કનિંગહામના લખવા પ્રમાણે. )

| ક્રમ. | ચેદી સંવત્. | ઈસવી સન. | વિશેષ હકીકત. |
|---|---|---|---|
| | | ૨૪૯ | ચેદી સંવતનો પ્રારંભ. |
| ૧ | ૨૭૧ | ૫૨૦ | શંકરગણ. |
| ૨ | ૩૦૧ | ૫૫૦ | બુદ્ધ અંક ૧ નો પુત્ર મંગળિશ ચાલુક્યે હરાવ્યો. |
| ૩ | ૪૩૧ | ૬૮૦ | હૈહયસ જેને વિનયાદિત્ય ચાલુક્યે હરાવ્યો. |
| ૪ | ૪૮૧ | ૭૩૦ | હૈહયા કુમારી જે વિક્રમાદિત્ય ચાલુક્યને પરણી. |
| ૫ | ૬૨૬ | ૮૭૫ | કોકલ્લ પેહેલો. કનોજના ભોજદેવનો સમકાલિન. |
| ૬ | ૬૫૧ | ૯૦૦ | મુગ્ધતુંગ. |
| ૭ | ૬૭૬ | ૯૨૫ | યુવરાજદેવ. |
| ૮ | ૬૯૧ | ૯૪૦ | લક્ષ્મણ જેણે બિલ્હરીમાં લક્ષ્મણસાગર બાંધ્યું. |
| ૯ | ૭૧૬ | ૯૬૫ | યુવરાજદેવ બીજો વાક્પતિનો સમકાલિન. |
| ૧૦ | ૭૩૧ | ૯૮૦ | કોકલ્લ બીજો જેનો લેખ ખજુરાહોમાં છે. |
| ૧૧ | ૭૫૬ | ૧૦૦૫ | ગાંગેયદેવ મહમૂદનો સમકાલિન ઈ. સ. ૧૦૩૦. |
| ૧૨ | ૭૮૬ | ૧૦૩૫ | કર્ણદેવ ચે. સં. ૭૯૩=૧૦૪૨ ઈ. સ. |
| ૧૩ | ૭૨૧ | ૧૦૭૦ | યશઃ કર્ણદેવ. |
| ૧૪ | ૮૫૬ | ૧૧૦૫ | ગયકર્ણદેવ ચે. સં. ૯૦૨=૧૧૫૧ ઈ. સ. |
| ૧૫ | ૯૦૨ | ૧૧૫૧ | નરસિંહદેવ ચે. સં. ૯૦૭–૯૦૯–૯૨૬–૯૨૮. |
| ૧૬ | ૯૩૦ | ૧૧૭૯ | જયસિંહદેવ ( ઉપરનાનો ભાઇ. ) |
| ૧૭ | ૯૩૨ | ૧૧૮૧ | વિજયસિંહદેવ. ચે. સં. ૯૩૨=૧૧૮૧ ઈ. સ. |

અંક, ૧૨ ના કર્ણદેવ વિષે જુવો પાછળ પૃ. ૧૩૦ થી ૧૩૧.

અંક, ૧૪ ના ગયકર્ણ વિષે પાછળ પૃ. ૨૮૯ આ કુમારપાળનો સમયછે.

અંક, ૧૫ ના નરસિંહદેવનો સમય ઈ. સ. ૧૧૭૭ અથવા સંવત્ ૧૨૩૩ નો આવેછે. એનો છેલ્લો લેખ ચે. સં ૯૨૮ નો છે ત્યાર પછી એના ભાઈ જયસિંહદેવનો ચે. સં. ૯૩૦ એટલે ઈ. સ. ૧૧૭૯ અથવા વિ. સં. ૧૨૩૫ આવેછે. એ હિસાબે બીજા ભીમદેવના સમયનો પ્રારંભ સંવત્ ૧૨૩૪ માં થાયછે. તે વેળાએ નરસિંહદેવ હોવ તું જણાયછે.

સંગ્રામસિંહ (શંખ) ના પુત્ર આદિ રાજાઓથી ઘણો ઉશ્કેરાયેલો આવી પોહોંચ્યો છે, તો હે મહામાત્ય ! હવે આપણે શું કરવું તે કહો. રાજાનું આવું બોલવું સાંભળીને વીરકેસરી એવો મંત્રી મલકતે મ્હોએ બોલ્યો કે, હે રાજન્ ! ભય રાખો નહિ, એ ક્ષુદ્ર શત્રુઓ શા હિસાબમાં છે ? આપના ચૌલુક્ય ગુરનાં પુણ્યનો પ્રતાપ હજી સર્વોત્તમ જય પામી રહેલો છે. આવું કહ્યા પછી મહા તેજસ્વી એવા પોતાના ભાઇ તેજપાળને વસ્તુપાળે અને રાજાએ એની સન્મુખ મોકલ્યો. પછીથી મંત્રી તેજપાળે ડાહલરાજાની સાથે યુદ્ધ મચાવી દીધું. તેથી શત્રુની સેના રણભૂમિમાં મંડલાકાર ગોઠવાયેલી હતી તે ભયભ્રાન્ત થઇ ગઈ, અને અત્યંત શૂર ચડાવવાને વાગતાં રણવાદિત્રોના ઘોષથી ભૂમિ અને આકાશ વચ્ચે સમાએલ અંતરિક્ષરૂપી કંદરા (ગુફા) ગાજી ઉઠી. વીરકુંજરો પરસ્પર એક બીજાને નામ દઇ હાંક મારતા યુદ્ધમાં સામાસામી મચી પડ્યા; તેમજ બીજા જે સ્વામિભક્ત હતા તે પણ લડવા મંડી પડ્યા આ પ્રમાણે કેટલીક વાર સુધી સંગ્રામ ચાલ્યો. મંત્રિએ મૂકેલા બાણરૂપી (દુર્દિત) વાદળથી સૂર્ય જેમ નિસ્તેજ થાય તેમ ક્ષણવારમાં ડાહલાધિપતિ નિસ્તેજ થયો, અને મનમાં નિરાશ થઈ ગયો, અને ભયભ્રાન્ત થઇ જવાથી મંત્રીરાજ તેજપાળની આજ્ઞા પ્રમાણે એક લાખ સોનૈયા ભેટ કરી દીધા. આ પ્રમાણે તેજપાળ જયશ્રીને પોતાના હાથમાં લઇને ધોળકે આવ્યો. તે વેળાએ આખા નગરને ધ્વજા પતાકા આદિ જયચિહ્નથી શણગારવામાં આવ્યું હતું.

તેજપાળ દરબારમાં ગયો એટલે વીસલદેવ ઉઠીને તેને ભેટીને માનની સાથે મળ્યો અને આ સન્માર્ગ પાળવાવાળા તેજપાળને પોતાના પિતા પ્રમાણે ગણીને માન આપ્યું, અને ઘણા સ્નેહભાવથી રાજસભાની વચ્ચે તેનાં વખાણ કરીને એક લાખ મોહોરો તે લઇ આવ્યો હતો તે તેને તુષ્ટિદાનમાં આપી દીધી, અને નીચે પ્રમાણે તેની પ્રશંસા કરી:—

"શ્રીમાન્ મંત્રી તેજપાળ ! તમે ચિરકાળ તેજસ્વી રોહો. ચિન્તામણીની પેઠે તમારાથી નિશ્ચિંત થયેલા સર્વે લોકો આનંદ પામેછે."

આ બનાવ બન્યા પછી, વસ્તુપાળ, પોતાના પુત્ર જૈતસિંહ (જયંતસિંહ) તથા તેજપાળને સ્વાધીન રાજ્યનો અધિકાર સોંપીને પોતે શત્રુંજય અને ગિરિનાર આદિ તીર્થસ્થાને યાત્રા કરવા સીધાવ્યો, અને પોતાને તુષ્ટિદાન આદિમાં જે જે ધન મળ્યું હતું તે સર્વે ત્યાં ખરચી નાંખ્યું. તે

વિષે તેને અનુમોદન આપતી વેળાએ દેવેન્દ્રસૂરિએ તેને ઉપદેશ આપ્યો કે, કોઈના પણ પ્રાણનું રક્ષણ થાય એવા ઉપાયો યોજવાથી, જગતનો ઉપકાર કરવાથી, શ્રીજિનની ભક્તિ કરવાથી, ધાર્મિકોનો સત્કાર કરવાથી, સજ્જન મનુષ્યોના મનની તૃપ્તિ કરવાથી, સદ્પાત્રને દાન આપવાથી, જીર્ણોદ્ધાર કરવાથી, યતિયોને વિતરણ વિધિ કરવાથી, ધર્મશાસનપત્રો કરી આપવાથી, પુણ્યશાળી પુરૂષોને ભાગ્યોદયથી પ્રાપ્ત થયેલી લક્ષ્મીનું બહુધા સાફલ્ય થાયછે.

બીજા ભીમનું મરણ સંવત્ ૧૨૯૮ માં થયું તેની પેહેલાં એટલે સંવત્ ૧૨૯૫ થી વીસલદેવ ધોળકામાં રહીને ત્યાંના રાણા તરીકે કામ ચલાવેછે તેની પડખે વસ્તુપાળ અને તેજપાળ રહેલા છે તેમને વિષે હર્ષગણી કેહેછે કે,—સૂર્યની પાસે જેમ ગુરૂ અને શુક્ર આવતાં તેના તેજનો દિવસે દિવસે અધિક પ્રકાશ થાયછે તેમ વીસલદેવની પાસે નિત્ય રહેલા કવિયોના સદ્ગુરૂ વસ્તુપાળ અને તેજપાળથી તેના રાજ્યતેજનો પ્રકાશ પ્રતિદિવસ અધિક થવા લાગ્યો. મંત્રીદ્વારાએ વીસલનૃપે પોતાના નામથી પૃથ્વી ઉપર એક નવું નગર વસાવ્યું. તે અનેક ધર્મસ્થાનથી મનોહર થઇ રહ્યું હતું. વળી જેની આસપાસ ફરતાં ૧૨ ગામથી શોભતું હતું તે નગર વેદધર્મના પ્રાકારરૂપ બ્રાહ્મણોને વસવા સારૂ તે પુણ્યવાન્ વીસલે આપ્યું હતું, તેમાં સત્ય, શૌચ, અને દયાવાળા, વિશિષ્ટ આચારમાં તત્પર રહેલા, અને વેદપાઠથી પવિત્ર થયેલા બ્રાહ્મણો વસાવ્યા, તથા તેમને વસ્ત્ર, આચ્છાદન, અને ભોજન આદિ માટે રાજશાસન કરી આપ્યાં હતાં. આ પ્રમાણે તેમને માટે ગોઠવણ થવાથી તેઓ નિશ્ચિંત રહી શકતા હતા, અને ઘરખટલો (પરિગ્રહ) ચલાવવાની ભાંજગડમાં પડવાની તેમને અગત્ય રેહેતી ન હતી. આ નગરમાં તેણે બ્રહ્માનો પ્રાસાદ બનાવ્યો હતો, તેમાં સૌંદર્ય એવું આણ્યું હતું કે જાણે આખા જગતના શિલ્પકારની કારીગરી તેમાં આવી ગઇ ના હોય એમ દીસતું હતું; તેમાં હાથી, ઘોડા, પુરૂષ આદિની ઉત્તમ કોરણી હતી. આ ધર્મસ્થાન વીરધવળના પુણ્યાર્થે કરાવવામાં આવ્યું હતું.

શ્રી વીરધવળના સામ્રાજ્યનો વિસ્તાર જે કાંઈ થયો હતો તે બધો ક્રમે કરીને મંત્રીના પ્રભાવથી થયો હતો, અને તે પાછો વીસલના સમયમાં વૃદ્ધિ પામ્યો હતો તે બધો પ્રતાપ વસ્તુપાળનો હતો. તોપણ વીસલે

છેવટે તેના ઉપર કેવળ લઘુતાથી જોવા માંડયું એ ખેદકારક છે. તે રાજાનો સિંહ નામે મામો હતો તે દરબારમાં અધિકારી હતો તથા તે સમર્થ ગણાતો હતો, અને તે પોતે પાર્થિવ હતો તેમજ સૌ કરતાં અગ્રણી હતો. આવા પિશુન અને પાપી મામાની પ્રેરણાથી રાજાએ તેજપાળના કરકમળમાંથી રાજ્યમુદ્રારત્ન લઇને વિષની પેઠે લોકના સંહારક નાગર જાતિના નાગડ મંત્રીના હાથમાં આપ્યું. બાવળના ઝાડ ઉપર જેમ કલ્પવેલ્લી આરૂઢ થાય તેમ નાગડના હાથમાં રાજમુદ્રા આરૂઢ થઇ. હર્ષગણી આ વિષે માત્ર આટલું જ કેહેછે–પણ રાજશેખર એક બીજો વૃત્તાન્ત આપેછે, તે કેહેછે કે;—

વીરધવળે જે રાજ્ય પ્રાપ્ત કર્યું હતું તે કરતાં વીસલદેવનું રાજ્ય કાંઇક ન્યૂન થયું પણ વધ્યું નહિ. તથાપિ તે જેમ જેમ ફાવતો ગયો તેમ તેમ પ્રસંગે પ્રસંગે વસ્તુપાળ ઉપર કરડી નજરથી જોવા લાગ્યો.

( ગીતિ. )

સંપત્તિને અગ્રે, જયમ જયમ વધતો પુરૂષ જઈ ચડશે;
તે જો નહિ વિવેકી, તો તે ગુરૂને લઘુ કરીને ગણશે.

વસ્તુપાળ ગુરૂ હતો તેને લઘુ કરી લેખ્યો. તે મહામાત્ય હોતાં શ્રી શ્રીકરણનો અધિકારી હતો તેને માત્ર લઘુ શ્રીકરણનો અધિકાર આપ્યો. અધિકારીની ગણના રાજા ભણીથી ઓછી થવા લાગે એટલે લોકમાં તેનો વકર પણ ઓછો થતો જાયછે. અધિકારના પ્રતાપની આંચ આવવાથી જેના સામું જોઈ શકાય નહિ એવાની સામે, વિપરીત સમય આવતાં, હલકાં પણ બાથ ભીડવાને તત્પર થઇ જાયછે. રાજાના સમરાક નામના એક પ્રતિહારે આગળ અન્યાય કરીને અપરાધ કરયો હતો તેથી વસ્તુપાળે તેને સંતાપ્યો હતો તેનું વૈર લેવાને તે હવે રાજાને કાને ચડયો, અને ભમાઇ ગયેલા રાજાને એમ ભરમાવ્યો કે, આ મંત્રિયો પાસે અતિશય ધન એકઠું થયું છે તે તેમની પાસેથી લઈને રાજભંડારમાં નાંખશો તો કામ લાગશે. રાજાને તે વાત રૂચી અને તેમને બોલાવીને કહ્યું કે, તમારી પાસે ધનનો ભંડાર ભરેલો છે તે લાવીને મારી પાસે રજુ કરી દ્યો. મંત્રિયોએ કહ્યું કે અમારી પાસે જે કંઇ ધન હતું તે અમે શત્રુંજય આદિ ઠેકાણે ધર્મસ્થાનો કરાવીને તેમાં ખરચી નાંખ્યું છે. રાજા કેહે કે, જો તેમ હોય તો દિવ્ય કરીને ચોખ્ખા થાઓ. વસ્તુપાળ કેહે કે ભલે આપ આજ્ઞા કરો

તે દિવ્ય કરવાને અમે તૈયાર છિયે. રાજાએ એક મ્હોટો સાપ પકડી મ- ગાવીને ઘડામાં ઘાલી મંત્રીને કહ્યું કે ઘડામાં હાથ ઘાલી તે નાગને બા- હાર કાહાડવાનું દિવ્ય કરો. આવું અઘટિત કાર્ય નહિ કરવાને લવણપ્રસાદે વીસલને બહુ વારચા, પણ તે અભિમાનથી મદોન્મત્ત થયેલા રાજાએ પો- તાના વૃદ્ધ પિતામહનું વચન રાખ્યું નહિ.

છેવટે સોમેશ્વરે કહ્યું કે, [1]જ્યારે આ મંત્રિયોને રાખવાનો તમારા પિતા વિરધવળે વિચાર કરચો ત્યારે તેજપાળે પ્રાર્થના કરી કે સહકુટુંબ મારે ત્યાં ભોજન કરવાને પધારો, ત્યાર પછી અમે આપની ઈચ્છાને અ- નુસરીને આપ જે ઉચ્ચ પદવી અમને આપવા ધારોછો તે શિર ચડા- વીશું. વીરધવળે આ તેમની વિનતિ સ્વીકારી, અને રાણી જયતલદેવી સ- હિત તેને ઘેર પધારીને તે પાવન કરચું; નાના પ્રકારની રસોઈ અનુપમા દેવિયે કરાવી હતી તે આરોગાવ્યા પછી તેણે પોતાના કાનનાં કર્પુરમય તા- ડંકની જોડ વિવિધ પ્રકારનાં રત્નો જડેલી હતી તે તથા મણિમોતીનો સુ- શોભિત સુવર્ણ એકાવલી હાર રાણીને અર્પણ કરચો. તેજપાળે પણ રાણાની આગળ નાના પ્રકારની સુંદર સોગાતોનો એક થાળ ભરીને અર્પણ કરચો. તેનો માત્ર નામનો જ સ્વીકાર કરીને રાણાએ એવો લેખ કરી આપ્યો કે તમારી પાસે વર્ત્તમાન વિત્ત છે તે તમારા ઉપર કુપિત થઇયે તો પણ પ્ર- તીતિપૂર્વક રેહેવા દઇયે. આ લેખ અને મહામાત્યપદની રાજ્યમુદ્રા તેના હાથમાં મૂકીને પંચાંગ પ્રસાદ આપી રાણાશ્રી દરબારમાં પાછા પધાર્યા. સોમેશ્વરની આ વાત સાંભળીને વીસલદેવ શાન્ત પડચો અને મહા ભ- યંકર દિવ્ય કરાવવાનું બંધ રાખ્યું.

કોઈ એમ પણ કેહેછે કે, પ્રારંભમાં મંત્રી થયા પેહેલાં તેમની પાસે ત્રણ લાખની પૂંજી હતી તેટલી સોગન ખવરાવીને તેમની પાસે રે- હેવા દઇને રજા આપી.

ઉપરનો બનાવ બન્યા પછી મંત્રિયો ધોળકામાં રેહેતા હતા. તેવામાં એક પૌષધશાળામાંથી પૂંજો કાહાડીને એક સાધુ જેવો નીચે નાંખવા જાય છે તેવો જ રાણાનો મામો સિંહ વાહને ચડીને ત્યાંથી પસાર થતો હતો

૧ પ્રબંધચિન્તામણી અંતર્ગત શ્રી કુમારપાળ મંત્રીશ્વર વસ્તુપાળ, તેજપાળ નામનો ચતુર્થ પ્રકાશ.

તેના ઉપર પડ્યો, એટલે તે ક્રોધાયમાન્ થઈ ગયો અને વાહન ઉપરથી ઉતરી પડીને પૌષધશાળામાં ચડી જઇને પેલા સાધુને ધમકાવી બોલ્યો કે જંબુક ! તું શું સિંહ કુળને નથી ઓળખતો ? એમ કહી તેને ખુબ માર મારીને ચાલતો થયો. આ બનાવ બન્યો તે વેળાએ વસ્તુપાળ જમવા બેઠો હતો અને પેહેલો જ કોળિયો તેણે મોંમાં મૂક્યો તેવામાં જ પેલો સાધુ રોતો રોતો આવીને અરજ કરવા લાગ્યો. તેની બધી વાત સાંભળીને લાગલો જ હાથ ધોઇને ઊઠ્યો અને સાધુને ધીરજ આપીને બેસાર્યો. પોતાના નોકરોને લાગલા જ એકઠા કરીને તે બોલ્યો કે, ક્ષત્રિયો ! તમારામાંથી કોઈ એવો શૂર છે કે જે મારા અંતરનો ભડકો શમાવે ! આવું તેનું આકરૂં વચન સાંભળીને ભૂણુપાળ ( ભુવનપાળ ) નામનો એક રજપૂત હતો તે બોલ્યો કે દેવ ! આજ્ઞા કરો તે પ્રમાણે કરવાને હું તૈયાર છું, મારા ઉપર આપનો ઉપકાર એટલો બધો છે કે મારો જીવ આપતા સુધી પણ હું ઋણમુક્ત થાઉં એમ છે નહિ. મંત્રિયે કોપીને કહ્યું કે રાણાનો મામો સિંહ જેઠવો ઘણો ફાટ્યો છે, એણે આ સાધુને માર માર્યો છે માટે તેનો જમણો હાથ કાપી લાવીને મારા મોં આગળ રજુ કરો. આવું આગ્રહપૂર્વકનું મંત્રીનું વચન સાંભળીને તે રજપૂત ચાલ્યો ચાલ્યો સિંહની ડેલિયે મધ્યાહ્ન સમયે ગયો, એટલામાં દરબારમાંથી સિંહ વળી આવ્યો, તેને જોઇને પેલા રજપૂતે કહ્યું કે વસ્તુપાળ મંત્રિયે આપને કાંઈ છાની વાત કેહેવાને મને મોકલ્યો છે માટે જરાક પડખે આવો તો કહું. સિંહ જેવો એક બાજુએ તેની વાત સાંભળવા જાયછે તેવો જ તેનો જમણો હાથ ઝટ ઝાલીને કાપી લીધો અને બોલ્યો કે હું વસ્તુપાળનો ભૃત્ય છું હવે ફરીને તમે શ્વેતામ્બરોનો પરાભવ કરવાને આવજો. એમ કહીને દોડતો વસ્તુપાળ પાસે જઈ પોહોંચ્યો. વસ્તુપાળે તેનાં બહુ વખાણ કર્યાં અને સિંહનો હાથ પોતાની હવેલીની ટોચે લટકાવ્યો. પોતાના ઘર આગળ વિશ્વાસુ માણસોનો જમાવ કરીને સાવધાનીથી તૈયાર રેહેવા માટે તેમને કેહેવા લાગ્યો કે જેને પોતાનો જીવ વાહાલો હોય તેનું હવે અહિં કામ નથી, માટે એવો જે ભીરૂ હોય તેમણે પોતાને ઘેર જતા રેહેવું. અમે તો હવે આદરીને બેઠા છિયે અને અમારો જીવ હાથેળિયાં આવી રહ્યો છે. આવું તેનું બોલવું સાંભળીને તેના ભૃત્યો બોલ્યા કે હવે જીવવાનો સંભવ રહ્યો નથી તો અમારે આપની સાથે જ મરવું એ વધારે

સારૂં છે. એમ કહી સર્વે સજ્જ થઇને રહ્યા. હવેલીના દરવાજા બંધ કરી દીધા, અને તેની ચારે બાજુએ ફરતી ચોકી મૂકી દીધી. મંત્રી પણ બખતર પેહેરીને અને ધનુષ્ય ખભે ભરવીને તથા હાથમાં તરવાર ધારણ કરીને પોતાની હવેલીમાં તૈયાર થઇ રહ્યો. આણીમગ સિંહ પણ સિંહની પેઠે તાડન કરવાને તૈયાર થઈ ગયો, તેના સર્વે જેઠવા ભાઇયો ભેગા થઇ ગયા, અને ચાકરો પણ તૈયાર ઊભા. તે સર્વેના દેખતાં સિંહે પ્રતિજ્ઞા કરી કે "વસ્તુપાળને તેના પુત્ર પશુ બાંધવ સહિત હણું નહિ તો મારૂં નામ સિંહ નહિ." સર્વે ભેગા થઈ ચાલ્યા પણ તેમાંથી એક વૃદ્ધ હતો તેણે કહ્યું "આવું ભારે સાહસ કરતા પેહેલાં આપણે રાણાને જઇને કેહેવું અને ત્યાર પછી જે કરવું હોય તે કરવું." આ કેહેવું બધાને ગળે ઉતર્યું અને તેઓ દરબારમાં ગયા. રાણાને જે બન્યું હતું તે કહી સંભળાવ્યું ત્યારે તે વિચાર કરીને બોલ્યો કે, વિનાપરાધે વસ્તુપાળ કોઇને પીડા કરે એવો નથી માટે તમે પણ કાંઈ અઘટિત કર્યું હશે, માટે હવે તમે આટલેથી જ અટકો. જે યોગ્ય હશે તે હું મારી મેળે તપાસ કરીને કરીશ. જેઠવાને વિદાય કરયા પછી રાણાએ સોમેશ્વરદેવને પૂછ્યું કે, ગુરૂ ! આપણે હવે શું કરવું?[1] તે બોલ્યો કે "હું વસ્તુપાળ પાસે જાઉંછું અને જેમ કરવું ઉચિત હશે તેમ કરીશ." તે વસ્તુપાળની હવેલિયે ગયો અને અંદરથી પરવાનગી મેળવીને તેની પાસે ગયો, અને બોલ્યો કે, મંત્રી ! ન્હાની સરખી વાત તમે આટલી બધી શા માટે વધારી નાંખી ? બધા જેઠવા ભેગા થયા છે, રાજા પણ પોતાના મામાની ખાતર ઘણા કોપાયમાન્ થયા છે. માટે તમે આ બધી ઉપાધી મૂકી દ્યો તો સમાધાન કરરવાનો હું પ્રયત્ન કરૂં. મંત્રિયે કહ્યું કે હું મરણિયો થઇને તૈયાર રહ્યો છું,

---

૧ હર્ષગણિ નીચે પ્રમાણે વિશેષ જણાવેછે કે:—

વીસલ રાજ્ય વ્યવહાર કુશળ હતો તેમ છતાં પણ તેને આ બનાવથી ઘણું માઠું લાગ્યું અને મામાનો પક્ષ કરીને સૈન્ય મોકલીને મંત્રીનું ઘર ઘેરી લીધું. મંત્રીના સુભટો ઉદ્ધત હતા તેથી તેઓએ પણ સામું યુદ્ધ કર્યું એટલે રાજધાનીના સમગ્ર લોક ભયભ્રાન્ત થયા આવો બનાવ જોઈને રાજા પોતે યુદ્ધ કરવાને તત્પર થયો અને ઈંદ્રને પણ જીતી જાય એવી પોતાની સેના સજ્જ કરાવી. આવું જાણીને સૂર્ય સમાન તેજસ્વી એ વસ્તુપાળ પણ પોતાના વીર બંધુઓ સહિત વિશેષ તૈયારી કરવા લાગ્યો. આવો બારિક મામલો જોઈને સોમેશ્વર વસ્તુપાળ પાસે ગયો.

ગુરૂનો પરાભવ થાય એ સહન થઇ શકે એવું નથી; જગતમાં જે કરવાનું તે કરી લીધું છે; હવે તો આ કજિયામાં હોમાવાની મારી વૃત્તિ તૈયાર થઇ રહી છે.

( ગીતિ. )

જીવિત તણું સાફલ્ય જ, એવો યશ ચોગરદમથી લૂટ્યો;
યશ અંગ જો રહ્યું તો, પરાળરૂપ આ શરીર ભલે છૂટો.

આપ હવે મારી ચિન્તા કરો નહિ. મે તો જે આદર્યું છે તે હું કરીશ. આવાં તેનાં વચનોથી સોમેશ્વરે ધાર્યું કે આવા મરણિયા થયેલાને બોધ લાગે એવો નથી, તેથી ત્યાંથી તે ઉઠ્યો તે રાણા પાસે ગયો અને તેને કહ્યું કે, આ પ્રસંગમાં મંત્રી મરવાને તૈયાર થઈ રહ્યો છે, તેણે સર્વ પ્રકારની યોજના કરી રાખી છે, તે ઘણો શૂર છે, અને પોતાના જીવિતને તૃણવત્ ગણેછે, તેથી તે કાંતો મરશે કે મારશે, એ મંત્રી આગળઉપર આપણને કોઈ ભારે કામમાં ઘણો ઉપયોગી છે, એણે આ દરબાર ઉપર ભારે ઉપકાર કર્યા છે, આપની સામ્રાજ્ય દીક્ષાનો ગુરૂ એ છે. સમસ્ત જગત્નો તે ઉપકારક છે, માટે પિતાતુલ્ય માન આપવાને તે યોગ્ય છે. આ કજિયામાં સિંહનો પૂરો વાંક છે, એણે અવિચાર્યું કામ કર્યું છે; અને ધર્મની લાગણી પોતાના વિરૂદ્ધ ઉશ્કેરી છે. એ સર્વે વાત લક્ષમાં લઇને વસ્તુપાળનો જો અપરાધ ગણવામાં આવે તોપણ એને ક્ષમા કરવા સરખું છે. કેમકે,—

( ગીતિ. )

જુજ જૂના ભૃત્યોના, જે નૃપ બે ત્રણ ન વાંક સહન કરે;
પ્રભુ તે કયમ વખણાય જ, કૃતઘ્ન પણ અવગુણ અતિ હૃદય ધરે.

આપ જો આવા મંત્રીને માટે ખોટો વિચાર લાવશો તો પછી અમારા મનમાં પણ આપને માટે શો વિચાર આવશે તે પણ આપે વિચારવાનું છે. આ પ્રમાણે ઘણી રીતે રાણાને સમજાવીને તેનું મન શાન્ત કર્યું, અને રાણાને સર્વ પ્રકારે સ્વાધીન કરી લીધો; એટલે તે બોલ્યો કે, મંત્રીને ધીરજ આપીને તથા સમજાવીને મારી પાસે સન્માનપૂર્વક લઇ આવો. ગુરૂ પાછો ગયો તે જેવી સ્થિતિમાં વસ્તુપાળ સજ્જ હતો તેવો જ તેને તેના વીર પુરૂષ સહિત દરબારમાં લઇ આવ્યો. તેને જોતાં વાંત જ

તે કૃતી રાજાના મનમાં તેના બધા ગુણ અને ઉપકાર જે નાનાપ્રકારના હતા તે ઉભરાઈ ગયા.

તેની આખોમાં પાણી ભરાઇ આવ્યું અને તેને પોતાના પિતાતુલ્ય ગણીને ભેટી પડયો પછી તેને તેના નિત્યના સ્થાન ઉપર બેસારીને શાન્ત પાડયો. સિંહને તે જ ક્ષણે બોલાવીને મંત્રીની ક્ષમા મંગાવી અને તેને પગે લગાડયો. અને પોતાનો એમ અભિપ્રાય સિદ્ધ કરયો કે, સત્યશીળ, તમોનિષ્ઠ, જગત્‌માં મ્હોટાઈ પામેલા એવા સર્વજ્ઞ મનના સૂર્યરૂપ મહાપુરૂષોપ્રતિ જે કોઈ, કોઈના ધર્મ વિરૂદ્ધ તેમનું મન દુખાવશે તેની ગતિ આ સિંહની પેઠે થશે. વસ્તુપાળ આ પ્રમાણે જય મેળવીને પાછો પોતાની હવેલિયે ગયો. રસ્તામાં લોકનાં ટોળેટોળાં તેનું પરાક્રમ અને શૂર દેખાવ જોઇને પ્રસન્ન થયાં અને તેની પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઇ. પૌષધાલય ઉપર જયપતાકા આરોપણ કરાવ્યા.*

વસ્તુપાળ પંચાસર આદિ દેવતાઓનાં દર્શન કરવા પાટણ ગયો. અને ત્યાંથી પાછો વળી આવ્યા પછી વિક્રમ સંવત્ ૧૨૯૮ ના વર્ષમાં તેને સહજ તાવ આવવા લાગ્યો. તેણે તેજપાળ તથા તેના પુત્ર પૌત્ર સમક્ષ અને પોતાના પુત્ર જયંતસિંહને બોલાવીને કહ્યું કે, હે વત્સ! મળધારી એવા શ્રી નરચંદ્રસૂરિએ સંવત્ [1]૧૨૮૭ ના ભાદ્રપદ વદિ ૧૦ ને દિવસે પોતાના દિવગમન સમયે મને કહ્યું કે, સંવત્ ૧૨૯૮ ના ભાદ્રપદ વદિ ૧૦ ને દિવસે તમારે પણ સ્વર્ગગમન કરવાનું છે. તો તેમનું વચન ચલિત થાય નહિ. એની વાણી વચનસિદ્ધિવાળી હતી, માટે હવે આપણે શત્રુંજય જઇયે, કેમકે,

---

* આ પ્રસંગ પછી સમરાક પ્રતિહારના પ્રપંચથી વસ્તુપાળને દિવ્ય કરાવવાની ભાંજગડ ઉઠી છે તે વસ્તુપાળચરિત્રમાં દાખલ કરી છે જે અમે પાછળ પૃષ્ટ ૪૭૭ મે વસ્તુપાળપ્રબંધના ક્રમ પ્રમાણે આપી છે.

૧ ગુ. ભા. માં મણીલાલે સંવત્ ૧૨૯૮ લખ્યો છે પણ મારી પાસેની સંસ્કૃત પ્રતિમાં સંવત્ ૧૨૮૭ છે. અમારી પાસે એક છૂટું પાનું છે જે પ્રાચીન છે તેમાં લખ્યું છે કે;—

वत्साः श्रीनरचंद्रसूरिभिरस्माकमुक्तमस्ति यद्विक्रमात् संवत् १२९८ वर्षे भाद्रपद वादि १० दिने स्वर्गारोहो भविष्यति तेषां वचांसि न चलंति गीःसिद्धसंपन्नत्वात् ततोवयं श्रीशत्रुंजयं गमिष्यामः

**गुरुर्भिषग् युगाधीश, प्रणिधानं रसायनम् ।**
**सर्वभूतदया पथ्यं, संतु मे भवरुग्भिदे ॥**

સંસારરૂપી રોગ મટાડવાને માટે ગુરૂને મેં વૈદ્ય માન્યો છે, યુગાધીશ (પાર્શ્વનાથ)ની સમીપમાં રેહેવું એ જ રસાયન માન્યું છે અને પ્રાણીમાત્ર ઉપર દયા કરવી એ જ પથ્ય માન્યું છે.

આ અભિપ્રાય તેના કુટુંબિયોને પણ રૂચતો આવ્યો અને શત્રુંજય જવાની સામગ્રી તૈયાર કરાવી. એવા પ્રસંગમાં તેને જોવાને સોમેશ્વર કવિ ગયો. સેવકોએ તેને બેસવાને સારાં આસન નાંખી આપ્યાં પણ કોઈ ઉપર તે બેઠો નહિ ત્યારે તેને તેનું કારણ પૂછતાં તે બોલ્યો કે,

**अन्नदानैः पयःपानै धर्मस्थानैर्धरातलम् ।**
**यशसा वस्तुपालेन रुद्धमाकाशमंडलम् ॥**

"વસ્તુપાલે અન્નદાનનાં સ્થાનકો કરીને, પાણી પીવાનાં જળાશયો બાંધીને, તથા ધર્મસ્થાનો કરીને આ પૃથ્વીનું તળ રોકી લીધું છે, તેમજ પોતાના યશથી આખું આકાશમંડળ રૂંધી લીધું છે, તો પછી કોઈ જગ્યા ખાલી રેહેતી નથી એટલે અમે ક્યાં બેશિયે?" એ પ્રમાણે વાક્‌વિનોદ થયા પછી કવિયે આજ્ઞા લીધી. વીસલદેવની છેલ્લી આજ્ઞા લેવા જતાં રાજાને અશ્રુપાત થયો. પછી તે નાગડમંત્રી પાસે ગયો. તેણે આસન આપીને તેનો સત્કાર કરચો, તે વેળાએ વસ્તુપાળ બોલ્યો કે, "જન્માંતરની શુદ્ધિ માટે અમે વિમળગિરિભણી પ્રસ્થાન કરિયે છિયે. તમારે જૈન મુનિયોનું રૂડી રીતે રક્ષણ કરવું, કે, ક્લેશી લોક તેમને પીડે નહિ.

વનરાજથી માંડીને જૈન મંત્રિયોએ રાજ્યની સ્થાપના કરી છે. એ વાત દ્વેષી લોકોને પસંદ પડતી નથી માટે એ વિષે તમારે ધ્યાનમાં રાખવું. નાગડ મંત્રિયે કહ્યું કે—"શ્વેતામ્બરોનું ભક્તિભાવથી ગૌરવ કરીશ, એ વિષે તમારે ચિન્તા રાખવી નહિ, તમારૂં ભલું થાઓ." આવું સાંભળીને વસ્તુપાળને સંતોષ થયો અને ત્યાંથી ઉઠીને પ્રયાણ કરવા માંડ્યું. તે જ્યારે લીંબડીની પાસે ચારેક મૈલને છેટે અંકેવાળિયા ગામ છે ત્યાં સુધી આવ્યો, ત્યારે તેને વધારે મંદવાડ જણાવા લાગ્યો. એટલે એની સાથે જે જૈનસૂરિયો હતા તે નિર્યામણા કરવા લાગ્યા. વસ્તુપાળ સમાધિયે કરીને સર્વે સાંભળવા લાગ્યો. અને અન્નશન વ્રત ધારણ કર્યું. એક પ્રહર ગયા પછી તે બોલ્યો કેઃ—

### श्लोक

नकृतं सुकृतं किंचित्सतां संस्मरणोचितम् ।
मनोरथैकसाराणामेवमेव गतं वयः ॥ १ ॥

( ગીતિ. )

સત્પુરૂષો સંભારે, એવું કંઈ પણ સુકર્મ નવ કીધું;
ખોટા મનોરથોમાં, વય મારૂં સૌ વહાવી મેં દીધું.

વળી આ મહાશયે એવો પણ વિચાર જણાવ્યો કે,—

नृपव्यापारपापेभ्यः सुकृतं स्वीकृतं न यैः ।
तान्धूलिधावकेभ्योपि मन्येऽधमतरान्नरान् ॥२॥

( ગીતિ. )

નૃપકારભારપાતક, શમવા સ્વીકારી સુકર્મ નવ લીધું;
તેણે ધૂળધોયાથી, અધમપણું પણ અધિક કરી દીધું.

यन्मयोपार्जितं पुण्यं जिनशासनसेवया ॥
जिनसेवैव तेनास्तु भवेभवे सदा मम ॥ ३ ॥

( ગીતિ. )

જિનશાસનસેવાથી, પુણ્યતણી પ્રાપ્તિ જે કરી રાખી;
તો જિનશાસનસેવા, ભવે ભવે તે મને મળો આખી.

या रागिण्यपिरागिण्यः स्त्रियस्ताः कामयेत कः ॥
तामहं कामये मुक्तिं या विरागिणि रागिणी ॥ ४ ॥

( ગીતિ. )

સ્ત્રીપર રતિ કુણ કરશે, જે રાગીપર સદાય રે' રાગી;
હું ઇચ્છુંછું મુક્તિ, વિરાગપર જે રહે સદા રાગી.

( मंदाक्रान्ता. )

शास्त्राभ्यासो जिनपदनतिः संगतिः सर्वदा यैः
सद्वृत्तानां गुणगणकथा दोषवादे च मौनम् ॥
सर्वस्यापि प्रियहितवचाभावना चा त्म तत्त्वे
संपद्यंतां मम भवभवे यावदाप्तोऽपवर्गः ॥ ५ ॥

( કવિત. )

શાસ્ત્ર તણો અભ્યાસ ને, જિનપદનતિ નિત્ય;
દોષવાદ વિષે મૌન, આર્યસહવાસ છે.

આત્માકેરા તત્વ વિષે, ભાવના ભરેલી રહે;
સદાચારીના ગુણુની, કથાવિષે વાસ છે.
પ્રિયકર થાય અને, હિતકર જે છે પૂરી;
એવી વાણી સૌની પ્રતિ, પ્રીતિથી વદાય જે;
આવાં રૂડાં વાનાં મને, ભવેભવ પૂરેપૂરાં;
મોક્ષ મળતા સુધીમાં, મળજો સદાય જે.

આવા વિચારવાળો મહા પુરૂષ, ગગનને વિષે જેમ ચંદ્રમા ભૂષણ છે તેમ, જિનશાસનનો ભૂષણરૂપ વસ્તુપાળ અસ્ત પામ્યો. યુગાદિ દેવનો પોતાના મુખમાં જપ કરતો સ્વર્ગારોહી થયો-સંસારગ્રંથી જેમની છૂટેલી એવા ભવાતીત સાધુ પણ આ સમયે મ્હોટે સ્વરે રોવા લાગ્યા, તો પછી સંસારિયો સહોદરાદિ મહા વિલાપ કરી રડે એમાં શી નવાઇ ? પછી તેજપાલ તથા જયંતસિંહ, મંત્રીના દેહને શત્રુંજય લઈ ગયા અને ત્યાં એક જગ્યોએ તેને અગ્નિસંસ્કાર કરચો. તેમાં ચંદન, અગર, કર્પૂર, કસ્તુરી, અને મલયચંદન તથા એવી બીજી અનેક સુગંધી વસ્તુઓ નાંખી. આ પ્રમાણે વિધ કરીને તેજપાળ તથા જયંતસિંહ આદિ સર્વે ધોળકે પાછા આવ્યા અને વીસલદેવને મળ્યા, તે વસ્તુપાળની સ્વર્ગપ્રાપ્તિ સાંભળીને તીવ્ર દુઃખરૂપી મહા સમુદ્રમાં તે નિમગ્ન થયો; તથા તેનામાં આદાર્ય, ધૈર્ય, ગાંભીર્ય, આદિ ગુણસંપત્તિ હતી તેનું વારંવાર સ્મરણ કરતાં પણ વિરામ પામ્યો નહિ, અને તેણે કષ્ટસાધ્ય વિવિધ પ્રકારનાં સામ્રાજ્ય કાર્ય કરચાં હતાં તે પ્રતિ દિવસ તેને સાંભરી આવવા લાગ્યાં.

જે સ્થાને તેને અગ્નિદાહ કરવામાં આવ્યો હતો તે સ્થાને ઝગઝગાટવાળા આરસપાહાણોથી સ્વર્ગારોહ નામનો પ્રાસાદ કરાવ્યો, તે ત્રૈલોક્યમાં સુંદર હતો, તેમાં જગદ્પ્રદીપ નામે શ્રી ઋષભદેવની મૂર્ત્તિ પધરાવી. વસ્તુપાળે અંકેવાળિયા ( અર્કપાલિક ગ્રામ ) ગામમાં દેહ છોડચો હતો માટે એ ગામ ઉપરના પ્રાસાદના ખર્ચ માટે આપી શ્રી ચૌલુક્ય ઇશ્વર જે વીસલદેવ તેમણે શાશનપત્ર દેવદાયમાં કરી આપ્યું. પછી પ્રજાપાળ એવા વીસલદેવે તેજપાળતું સન્માન કરીને તેને લઘુશ્રીકરણના પદે સ્થાપ્યો તથા વસ્તુપાળના પુત્ર જૈત્રસિંહ ( જયંતસિંહ ) ને મંત્રીના પરાક્રમ ગુણ થકી જીતી લીધેલું એવું પટલાદ્રપુર ( પેટલાદ ) નું ઐશ્વર્ય પ્રસન્ન થઇને આપ્યું.

તેજપાળે લઘુશ્રીકરણનો અધિકાર દશ વર્ષ સુધી ચલાવ્યો. અને તેટલા સમયમાં તેને સંપત્તિનું સ્થાન બનાવી દીધું. તેણે પણ અર્થિયોને નાના પ્રકારનાં દાન દીધાં. પછી શંખેશ્વર પાર્શ્વનાથનાં દર્શન કરવાને સહકુટુંબ ગયો અને [1]ચંદ્રોન્માનપુરમાં તેનો દેહાન્ત થયો. સંવત્ ૧૩૦૮.

જૈત્રસિંહે વીસલદેવની આજ્ઞા લઇને, તેજપાળના કલ્યાણને અર્થે તેના દહનસ્થાને જિનાધીશ મંદીર મંદરપર્વત સમ કરાવ્યું, તથા ત્યાં સરોવર, ધર્મશાળા અને બે સત્રાલય કરાવ્યાં. આ પ્રમાણે વસ્તુપાળ અને તેજપાળની કારકીર્દિનો અંત આવેછે. તેમણે ૬૩ સંગ્રામમાં જય પ્રાપ્ત કરયો હતો. આ સંગ્રામમાંથી કેટલાકનું વર્ણન ઉપર આપવામાં આવ્યું છે. બાકીનાનો વૃત્તાન્ત ગ્રંથકર્ત્તાઓએ આપ્યો હોત તો તેથી વિશેષ વાત અજવાળામાં આવત. તેમણે ૩૨ પથ્થરના નવા કોટ કરાવ્યા એમ લખેછે, તો કિયા કિયા નગરને કરાવ્યા એ વિગત પૂરેપૂરી આપણા આગળ રજુ થઈ હોત તો વધારે સારૂં હતું. "સરસ્વતિ કંઠાભરણ" આદિ ૨૪ વિરૂદાવળી તેને પ્રાપ્ત થઈ હતી. એટલે કે ૨૪ એલકાબ તેને મળ્યા હતા, તેમાંથી માત્ર થોડાકજ આપણા જાણવામાં આવ્યા છે.

### વસ્તુપાળ અને તેજપાળ.

ઉપર પ્રમાણે રાજ્યકાર્ય સંબંધમાં આ બંને ભાઈઓનો વૃત્તાન્ત આપણે જાણ્યો. પણ તેમનાં તે વિનાનાં બાકીનાં કાર્ય અને તેમના કુટુંબ વિષે જાણીતા થવા માટે અહિં અમે વિશેષ વૃત્તાન્ત આપિયે છિયે.

[1]વંશાવળી નીચે પ્રમાણે છેઃ—

ચંડપ. (ગૂર્જરરાજાનો મંત્રી હતો. કી. કૌ.)
|
ચંડપ્રસાદ. (નૃપવ્યાપારમુદ્રા ધારણ કરતો હતો.)
|
સૂર. ૦ — સોમ (સિદ્ધરાજનો કોષાધિકારી.)
|

[1] આ ગામ ચંદુર હશે, જ્યાં વનરાજની છત્રી છે.

[1] "પ્રાગવાટ્ વંશ વર્ણન" એવા મથાળાનું એક પ્રાચીન પાનું અમારી પાસે છે તે કીર્ત્તિકૌમુદીના પરિશિષ્ટ અમાં, તેમ જ ભાવનગર લેખમાળાના પૃ. ૧૭૪ માં આબુ પર્વત ઉપરના દેતવાડામાં આદિનાથના દેરાસરની પાસેની ધર્મશાળાની એક ભીંતમાં સંવત્ ૧૨૬૭ (ઈ. સ. ૧૨૧૧) ફાલ્ગુન વદિ ૧૦ સોમવારનો શિલાલેખ છે તે ઉપરથી.

| | | | |
|---|---|---|---|
| અશ્વરાજ (આશારાજ) કુમારદેવી–કુંવરબાઈ. | વિજય. ૦ | તિહૂણપાલ. ૦ | કેલી(દીકરી.) |

અશ્વરાજ–કુમારદેવીનાં સંતાન:

| | | | |
|---|---|---|---|
| લૂણિંગ. ૦ | મલ્લદેવ. લીલુકા–લીલું, પાનું. | વસ્તુપાળ. લલિતાદેવી.સૌખ્યલતા. | તેજપાળ અનુપમાદેવી. |
| | પૂર્ણસિંહ. | જૈત્રસિંહ. (જયંતસિંહ.) | કુલદેવી. લૂણસિંહ. (લાવણ્યસિંહ.) |
| | પેથડ. | | |

અશ્વરાજને ઉપર લખેલા ચાર પુત્ર ઉપરાંત સાત પુત્રિયો હતી. ૧ જગલ્હૂ, ૨ માઊ, ૩ સાઊ, ૪ ધણુદેવી, ૫ સોહગા, ૬ વયજુ—વયજૂકા અને ૭ પદ્મદેવી–પદમલદેવી.

કોઈ એક[1] સમયે ભટ્ટારક શ્રી હરીચંદ્રસૂરિ પાટણમાં વ્યાખ્યાન કરતા હતા, તેવામાં સ્ત્રીપુરૂષોનો મેળાવડો સારો થયો હતો. તેમાં આશરાજ પ્રધાન પણ સાંભળવામાં હતા; તેમ જ કુમારદેવી નામની એક અતિ રૂપવતી વિધવા તે મેળાવડામાં આચાર્યની દેશના સાંભળવા બેઠી હતી. આશરાજનું મન પણ તેનામાં નિમગ્ન થયું હતું. જ્યારે વ્યાખ્યાન થઈ રહ્યું અને સભા વિસર્જન થઈ ત્યારે આશરાજે સૂરિને પૂછ્યું તે ઉપરથી ગુરૂએ કહ્યું કે, ઈષ્ટદેવના આદેશથકી આ બાઈની કૂખે સૂર્ય અને ચંદ્રમાનો ભવિષ્ય અવતાર થવાનો અમને લાગેછે. કેમકે, તેવાં સામુદ્રિક ચિન્હ અમારા જોવામાં આવ્યાં છે. આવી આશ્ચર્યજનક વાત સાંભળીને આશરાજે તેની સાથે પુનર્લગ્ન કર્યું પછી તેને પેટ વસ્તુપાળ અને તેજપાળ, સૂર્ય અને ચંદ્રરૂપ થયા.

એમનાં ધર્મકાર્યની થોડીક વિગત નીચે પ્રમાણે છે:—

બાઉલા ગામમાં ૩૭,૦૦૦ ધન ખરચીને નેમીનાથ પ્રાસાદ કરાવ્યો.

---

૧ પ્રબંધચિન્તામણી અંતર્ગત કુમારપાળ અને વસ્તુપાળપ્રબંધ સર્ગ ૪ થો શાસ્ત્રી રામચંદ્રના ભાષાન્તરનું પૃ. ૨૬૮.

( બહુલાદિત્યનો મ્હોટો મંડપ. )

સંવત્ ૧૨૭૭ માં તેજપાળે મ્હોટી યાત્રા આરંભી તેમાં સંઘમાં.

૫,૫૦૦ સારાં વાહન હતાં.

૩૦૦ દિગમ્બર સાધુ હતા.

૨,૧૦૦ શ્વેતામ્બર સાધુ હતા.

૧,૦૦૦ ચોકી કરવા અશ્વાર હતા.

૭૦૦ રાતી ઉંટડિયો હતી.

સંઘના રક્ષણને અર્થે સાથે ચાર મ્હોટા સામંત હતા. તે સહિત પાલિટાણે પોહોંચ્યા.

પાદલિપ્તપુર (પાલિટાણા) માં મહાવીર સ્વામીનું દેવાલય કરાવ્યું હતું અને જેથી લલિત સરોવર શોભતું હતું. તેને કાંઠે આવાસ (તંબુ) ખડા કરાવ્યા. વિધિપૂર્વક તીર્થારાધના કરયા પછી મુળ પ્રાસાદમાં સુવર્ણ કળશની સ્થાપના કરી. મોઢેરપુરાવતારે શ્રી વૃષભદેવનું તથા પાર્શ્વનાથનું એમ પ્રૌઢ જિનયુગલનું સ્થાપન કર્યું.

મહાવીર નામના પોતે કરાવેલા દેવાલયની સામે પોતાની આરાધક મૂર્ત્તિ સ્થાપી.

દેવકુલિકાના મૂળ મંડપ શ્રેણીની બંને બાજુએ ચતુષ્કિકા (ચોકી)ની બે પંક્તિયો સ્થાપન કરી.

શકુનિકાવિહારે સત્યપુરાવતારે ચૈત્યની આગળ રૂપાનું (રજતમૂલ્ય) તોરણ બંધાવ્યું.

સંઘને ઉતરવાને કેટલીક ધર્મશાળા કરાવી.

સત્યક નામના ધાર્મિક પુરૂષની દેવકુલિકા, અને નંદીશ્વરાવતારે પ્રાસાદ તથા ઈન્દ્રમંડપ એ રીતે શત્રુંજય ઉપર ત્રણ સ્થાન કરાવી ત્યાં પોતાની તથા પોતાની સાત પેઢીના પૂર્વજોની ઘોડા ઉપર બેસારેલી પ્રતિમાઓ સ્થાપી.

શ્રી લવણપ્રસાદ તથા વીરધવળની હાથી ઉપર બેસારેલી મૂર્ત્તિ કરાવી.

પોતાના [1]સપ્ત ગુરૂની મૂર્ત્તિઓ સ્થાપી તેમની આગળ પોતાની આરાધક મૂર્ત્તિ કરાવી. તેની પાસે ચોકી ઉપર મલ્હમલ્લ (માલવ) દેવ અને લુણિગ જે તેના મ્હોટા ભાઈ હતા તેની આરાધક મૂર્ત્તિ સ્થાપી.

---

૧ સોમેશ્વર વસ્તુપાળનું ગુરૂકુળ નીચે પ્રમાણે જણાવેછેઃ—

પ્રતોલી એટલે ધોરી રસ્તા બંધાવ્યા અનુપમા સરોવર બાંધ્યું, અને કપર્દિ યક્ષનો મંડપ તોરણ સહિત બંધાવ્યો.

નંદીશ્વર નામે કર્મસ્થાયે સોળ થંભનો પ્રાસાદ સમુદ્રકિનારે બંધાવ્યો. તેનો પાયો પોચાણ ભોંયમાં હોવાથી આ પ્રાસાદ તેને ત્રણ વાર બંધાવવો પડ્યો હતો; અને એને માટે પાવક (પાવા) ગઢથી કંટેલિયા જાતના પથ્થર મંગાવ્યા હતા.

પાલિતાણ (પાલિટાણા) માં વિશાળ પૌષધશાળા બંધાવી.

સંઘ લઇને ગિરનાર ગયો. તેની ઉપત્યકામાં તેજલપુરનો વપ્ર (કોટ) ચણાવ્યો, તેમાં આશરાજવિહાર તથા કુમારદેવીના નામનું સરોવર બંધાવ્યું. તે સાથે પોતાને માટે ધવલગૃહ કરાવ્યું, તથા પૌષધશાળા બંધાવી.

પ્રભાસપાટણમાં અષ્ટાપદ પ્રાસાદ કરાવ્યો. ત્યાં સોમનાથ મહાદેવનું પૂજન કર્યું. આ વેળાએ એક વૃદ્ધ પુરૂષ હાજર હતો તેણે કુમારપાળને જે સ્થળે મહાદેવે દર્શન દીધાં હતાં તે બતાવ્યું.

પોતાનો મ્હોટો ભાઈ લૂણિક માંદો પડ્યો ત્યારે એણે એવી ઈચ્છા જણાવી કે આબુપર્વત ઉપર મારા નામનું એક દેવમંદિર કરાવજો. વસ્તુપાળે તેના મરણ પછી આબુ ઉપર જઈને ચંદ્રાવતીના રાજા પાસેથી જગ્યા લઈ વિમળશાહનું દેવળ જે સંવત્ ૧૦૮૮ માં બંધાયલું હતું તેની પાસે લૂણિગવહસિકા એવા નામનો ભવ્ય પ્રાસાદ બંધાવ્યો પણ તેજપા-

---

ચંડપના વંશના ધર્મ ગુરૂ.—

નાગેંદ્ર જાતના.
|
મહેન્દ્ર.
|
શાન્તિસૂરિ.
|
આનંદસૂરિ. — અમરસૂરિ.

આનંદસૂરિ.
|
હરિભદ્રસૂરિ.
|
વિજયસેનસૂરિ.
|
અભ્યુદયસૂરિ.

ળીના નામથી આ દેવલ પ્રસિદ્ધ છે. જેનું ચિત્ર કર્નલ ટાડે પોતાના પશ્ચિમ હિંદુસ્થાનના પ્રવાસના પુસ્તકના પ્રારંભમાં આપ્યું છે. આ ચિત્રં મિસિસ બ્લેરે આબુ ઉપર જઇને પોતાને હાથે આલેખી લીધું હતું, તે ઉપરથી છપાયું છે. આ મડમે એવી કુશળતાથી આ લેખનક્રિયા કરી છે કે, જેથી કર્નલ ટાડ તેના ઉપર અતિશય રાજી થઈ, જવાથી તેણે પોતાનું ઉપર જણાવેલું પુસ્તક એ લેડીને અર્પણ કરતાં જણાવ્યું છે કે,-

"તમે આબુને ઇંગ્લંડમાં આણ્યો છે." આ દેરાસરનું વર્ણન પાછળ પૃષ્ટ ૩૯૯-૪૦૦ મેં આપ્યું છે.

ઉપરના સર્વ ધર્મકાર્ય કરાવવાનું માન તેજપાળની પત્નિ અનુપમા દેવીને ઘટેછે. અનુપમા તે અનુપમાજ હતી. પ્રથમ યાત્રાને સમયે આ બે ભાઈ શત્રુંજય આદિની યાત્રા કરવા ગયા ત્યારે રસ્તામાં હડાલા ગામે પોતાની સિલક તપાશી તો ત્રણ લાખ આશરે રહેલી જણાઈ. સુરાષ્ટ્રમાં ભય છે એમ સમજીને એક લાખ ડાટી મૂકવાને મધ્યરાત્રિયે એક પીપળા નીચે ખોદતાં, કોઇકનો ડાટેલો સોનામોહોરોએ ભરેલો એવો શૌલ્મ કળશ (ચરૂ) નીકળ્યો. આ વેળાએ અનુપમાદેવી હાજર હતી તેને વસ્તુપાળે પૂછ્યું કે, આને આપણે ક્યાં મૂકિયે ? તેણે આ અમાત્યોને કહ્યું કે મનુષ્યની સાથે કાંઈ આવતું નથી; ધન તો આવેછે અને જાયછે માટે આ અને બીજું તમારી પાસે જે ધન છે તે તમે તે પવતની ટોચે એવી રીતે રાખો કે પ્રત્યેક મનુષ્ય જોઈ શકે પણ તે લઇ શકે નહિ. આ પ્રમાણે કેહેવાનો તેનો ભાવાર્થ એવો હતો કે, આબુ, શત્રુંજય અને ગિરનાર ઉપર ધર્મસ્થાન બંધાવો. આવું તેનું કથન તેમને યોગ્ય લાગ્યું અને તે પ્રમાણે કરવાને તેમણે પણ નિશ્ચય કરયો. વળી એવા જ પ્રસંગમાં એક જૈનસાધુના મુખથી દ્વિઅર્થી શ્લોક સાંભળવામાં આવ્યો કેઃ—

कोशं विकाशय कुशेशय सश्रितालौ ॥
प्रीतिं कुरुष्व यदयं दिवसस्तवास्ते ॥
दोषोदये निबिडराजकरप्रतापे ॥
ध्वान्तोदये तव समेष्यति कः समीपम्.

૧. અહો કમળ ! દિવસ છે એટલી વારમાં તારા આશ્રિત ભ્રમરને વિષે પ્રીતિ કર, કેમકે રાત્રી પડશે એટલે અંધકારનો ઉદય થશે, તેમ જ

ચંદ્રમાનાં ધાટાં કિરણનો પ્રતાપ પડશે તો પછી તારી પાસે કોણ આવશે ?

૨. અહો કમળ સરખા કોમળાંગ પુરૂષ ! તારો દિવસ (પાંશરો) છે–તારૂં ચલણ છે એટલીવારમાં તારા આશ્રિતોની પંક્તિને માટે તારો ભંડાર તું ઉઘાડો મૂક (એટલે તેમને પૈસો વેહેંચી આપ) કેમકે, જ્યારે તારા દોષ પ્રકટ થશે અને તારા ઉપર રાજાના કરનો પ્રતાપ છે તે જતો રેહેશે ત્યારે તારી પાસે કોણ આવશે ?

આવો ખરેખરો બોધ તેમના હૃદયમાં ઉતરવાથી તેમણે ધર્મકાર્ય આદર્યાં.

આબુ ઉપરના પ્રાસાદનું કામ ટાઢને લીધે કારીગરો ઉતાવળથી કરી શકતા નહતા, તે ઉપરથી અનુપમાની સૂચનાથી સઘડિયો સળગાવીને તેમના આગળ રાખવામાં આવતી, અને તેમને માટે ભોજન તૈયાર રેહેતું હતું.

આવી ધર્મશીલઅનુપમાનું મૃત્યુ થયું ત્યારે તેજપાળને અતિશય ખેદ થાય એ સ્વાભાવિક છે. તે અતિશય શોકાગ્રસ્ત થતાં તેનું નિવારણ કરવા વિજયસેન જૈનાચાર્ય તેની પાસે ગયા તેથી તેજપાળને જરા લાજ આવી એટલે આચાર્ય બોલ્યા કે, અમે તમારૂં કપટ જોવા આવ્યા છિયે, તે એ કે, તમે જ્યારે ન્હાના હતા, અને તમારૂં સગપણ ચંદ્રાવતીના જાણીતા ગાગા શેઠ ને ત્રિભુવનદેવીનાથી થયેલી તેમની પુત્રી અનુપમાદેવી વેરે, તેના ભાઇ ધર્ણિગની મારફત કર્યું ત્યારે તે વાત તમને ગમી નહતી. કેમકે એ કન્યા ફૂટડી નથી એમ તમને કોઇયે કહ્યું હતું તેથી તમે એ સગપણ ભાગે એટલા માટે ચંદ્રપ્રભજિનના મંદિરમાં પ્રતિષ્ઠા પામેલા ક્ષેત્રપાળને આઠ દ્રમનું નૈવેદ્ય ધરાવવાની માનતા કરી હતી, અને હવણાં તમે એ જ સ્ત્રીને માટે આટલો બધો ખેદ કરોછો એ શું કપટ ન કેહેવાય ? તેજપાળે પોતાના ગુરૂનાં બોધનાં વચન સાંભળીને પોતાના મનને સમજાવવાનો પ્રયત્ન કરવા માંડ્યો.

વસ્તુપાળ તેજપાળનાં જૂદાં જૂદાં ધર્મકાર્યની ટીપ.

૧,૩૧૩ નવીન જૈનધામ કરવાં.

૩,૩૦૦ જૈનેંદ્ર જીર્ણસદનનો જીર્ણોદ્ધાર કર્યો.

૧,૨૫,૦૦૦ જિનબિંબ સ્થાપ્યાં.

૧,૦૦,૦૦૦ ગિરીશલિંગ (મહાદેવ)ની સ્થાપના કરી.

૧,૨૦૦ મિથ્યાદૃષ્ટિવાળાનાં દેવગૃહ કરયાં.

૭૫૦ વિશાળ બ્રહ્મશાળા કરાવી.

૭૦૧ તપસ્વી લોકોને રેહેવાનાં સ્થાન કરાવ્યાં. ( તપસ્વિકા પાલિકમઠ. )

૭૦૦ સત્રાગાર ( અન્નક્ષેત્ર ) બાંધ્યાં.

૯૮૪ યતિયોની નવી પુણ્યશાળા બાંધી.

લુણિક વસાઈમાં પૌષધશાળા બંધાવી.

૮૪ સરોવર કરાવ્યાં.

૪૬૪ પુષ્કરિણી* ( કુંડ ). જેમાં કમળ થાય માટે એવું નામ આપવામાં આવ્યું છે.

૩,૦૦૦ માહેશ્વરાયતન (મહાદેવનાં દેવાલય) બંધાવ્યાં.

૧૦૦ પત્થરનાં પર્વ બંધાવ્યાં.

૩૦૦ ઇટની પર્વો જેમાં ગળાઈને પાણી આવે એવી બંધાવી.

૨૪ દંતમય જૈનરથ, જે સોનાના કળશ અને સ્વર્ણમય કમળથી શોભિત એવા કરાવ્યા.

૧,૦૦૦ વર્ષાસન તપસ્વિયોને માટે કરાવી દીધાં.

૬૪ વિમળ વાપિકા બંધાવી.

૭૦૦ ઉંચાં પૌષધ મંદિર કરાવ્યાં.

૭૦૦ શૈવ મઠ બંધાવ્યા.

૫૦૦ વિદ્યાસ્થાન બંધાવ્યાં જેમાં પ્રતિદિવસ ૩,૫૦૦ જૈન મુનિયોને ભોજન મળતું હતું.

આ વિના સ્નાત્રપૂજામાં વપરાતાં સિંહાસન તથા કુંભની તો સંખ્યા જ નહતી.

રાજશેખરસૂરિ કેહેછે કેઃ—

૧૮,૯૬,૦૦,૦૦૦ દ્રવ્ય શત્રુંજય ઉપર ખર્ચ્યું.

૧૨,૮૦,૦૦,૦૦૦ ગિરિનાર ઉપર વાપર્યું.

---

* ૧૦૦ ધનુષ્યનું સમચોરસ. એક ધનુષ્ય ચાર હાથપૂર ગણાયછે. એ હિસાબે ૪૦૦×૪૦૦=૧,૬૦,૦૦૦ હાથ ક્ષેત્રફળ થાય એવી બાંધણી કરવી તેનું નામ પુષ્કરિણી કેહેવાયછે.

૧૨,૫૩,૦૦,૦૦૦ આબુ શિખર ઉપર વાપર્યું.

૧૮,૦૦,૦૦,૦૦૦ ખરચી ત્રણ સ્થાને સરસ્વતી ભંડાર સ્થાપ્યા.

૩,૦૦,૦૦૦ ખરચી ખંભાતમાં જ્ઞાન ભંડાર સ્થાપ્યા.

એકંદર ત્રણ અબ્જ ચૌદ લાખ અને અઢાર હજાર દ્રવ્ય તેણે ખર્ચ્યું.

## અણહિલવાડમાં લવણપ્રસાદની સત્તા.

અણહિલવાડમાં બીજા **ભીમ**દેવની પાસે **રાજચિન્તાકારીનું** પદ ધારણ કરીને લવણપ્રસાદ રહેલો હતો. તેવામાં એણે પોતાની સત્તાથી પોતાના કુટુંબના લાભને અર્થે શું શું કરાવી લીધુ છે તે જણાવવાને માટે અમે નીચે કેટલીએક હકીકત આપિયે છિયે.

એક [1]વૃત્તાન્ત એમ પણ છે કે "**વીરમ** શૈવી હોતાં જૈનધર્મની વિરૂદ્ધ હતો તથા **નાગર** જાતિના અધિકારિયોની ભણી એનું વલણ હતું તેથી વસ્તુપાળનો વિચાર **વીરમ**ને પાછળ પાડી નાંખવાનો હતો. **વીરધવળ**નું વલણ એ પુત્રોમાંથી કોને પોતાની પછવાડે રાણો ઠરાવવો તે વિષે ઢચુપચુ થતું હતું, માટે મંત્રિયે એક રાત્રિયે **વીસલ**ના લાભનો ઠરાવ કરાવી લીધો, અને એક ઝડપથી ચાલનારી સાંઢણી ઉપર બેસારીને રાતો રાત **વીસલ**ને ધોળકેથી પાટણ બોલાવી લીધો, અને સવારનો પ્રહર થતાં વાંત જ **વીસલ**ને રાજ્યાભિષેક કરી દીધો. આ પ્રમાણે કાર્ય સિદ્ધ થયું એટલે ઔષધના પ્યાલામાં વૃદ્ધ રાજાને કાંઈ પાઈ દીધુ તેથી તે ઊકલી ગયો. આવો બનાવ બનતાં પછવાડે કોઈ વાંધો લેનાર રહ્યું નહિ." આ વૃત્તાન્ત અમને બરાબર બંધ બેસતું લાગતું નથી, કેમકે **વીરધવળ** ધોળકામાં માંદો પડ્યો હતો અને ધોળકાની ગાદિયે **વીસલ**ને બેસારવાનો હતો તેમ અમે પ્રથમ લખ્યું છે તે પ્રમાણે થઈ ગયું હતું.

સંવત્ ૧૨૯૫ ના માર્ગશીર્ષ શુદિ ૧૪ ગુરૂવારનું બીજા **ભીમ**દેવના સમયનું શાસનપત્ર છે. ઘૂસડી ગામમાં રાણા લુણપસા ( લવણપ્રસાદ )ના કુંવર રાણા **વીરમે** બંધાવેલા **વીરમેશ્વર** મહાદેવના દેવળ સારૂ તથા **ભીમ**દેવની મહારાણી શ્રી સુમલદેવીના નામથી શ્રી સુમલેશ્વર દેવના નવેદ્ય, અંગભોગ, અને પંચોપચાર પૂજાને અર્થે મઠાધિપતિ રાજકુલ શ્રી વેદગર્ભ રાશીને શાસન કરી આપ્યું છે.

---

૧ ઈન્ડીયન આન્ટીક્વેરી ભાગ ૧૧ મો. પૃ. ૧૦૦

આ ઉપરથી જણાયછે કે સંવત્ ૧૨૯૫ સુધી વીરમદેવ જીવતો હતો. વળી એક ઠેકાણે એમ પણ લખવામાં આવ્યું છે કે, ભીમદેવ મરણ પામ્યો ત્યારે વીરધવળ તો કયારનોય દેવ થયો હતો, અને ધોળકામાં તેને સ્થાને વીસલ ગાદિયે બેઠો હતો. લવણપ્રસાદ એટલો બધો વૃદ્ધ થઈ ગયો હતો કે રાજ્યનો ભાર ઉપાડવાને તે સમર્થ રહ્યો ન હતો, તેથી એવો બોજો પોતાને શિર ઉપાડવાને તેના મનમાં સંકલ્પવિકલ્પ થયાં કરતો હતો. વીરમ ભણી તેનું વલણ હતું. સહસ્રલિંગ સરોવરની પાળે રાજ્ય શામિયાના ખડા કરાવ્યા હતા. ત્યાં તેણે વીરમને રાજ્યાભિષેક કરવાને બોલાવ્યો. પણ વીરમે તો આવતાં વાંતજ પોતાના વૃદ્ધ પિતામહનું અપમાન કર્યું તેથી તેણે પોતાની ધારણા બદલી નાંખી.

આ પ્રસંગે નાગડ પાટણમાં હતો તેને ધોળકેથી વીસલદેવને લઈ આવવા મોકલ્યો. બંને ભેગા થતાં માંહોમાંહે મળી ગયા અને એક બીજાના વિશ્વાસપાત્ર રેહેવાના સમ ખાધા. પછી વીસલ પાટણમાં આવ્યો. ત્યાં તેને બીજા ભીમદેવના ક્રમાનુયાયી લેખે આખી ગૂજરાતનો મહારાજાધિરાજ ઠરાવવાનો અભિષેક કરવામાં આવ્યો. તેમજ નાગડને મહામાત્ય ઠરાવ્યો. હવે ધોળકેથી રાજ્યધાની કાહાડી નાંખીને પાટણ સાથે ભેળવી દેવામાં આવી. લવણપ્રસાદનો પ્રેમ વીરમ ઉપર ઘણો હતો તેથી કદાપિને તે ગમે ત્યારે પણ પોતાનો અભિપ્રાય ફેરવી દઇને વીરમને ગાદી ઉપર બેસારવાની ધારણા કરે એટલા માટે તેનું સાલ વચ્ચેથી કાહાડી નાંખ્યું. વીરમગામ અને બીજાં ગામ વીરમને આપીને એને પણ શાન્ત કરયો પણ પછવાડેથી તેણે પોતાની મૂર્ખાઇ અને ઉદ્ધતાઈ કરીને પોતાને હાથે જ અન્ત આણ્યો.

આ ઉપરના કથન ઉપરથી જાણવામાં આવશે કે એક વૃત્તાન્તની સાથે બીજા વૃત્તાન્તનો વિરોધ આવે છે. વીરધવળ મરણ પામ્યો એટલે ધોળકાની ગાદિયે સંવત્ ૧૨૯૫ માં વીસલ બેઠો અને વીરમને તેના સસરાએ મારી નાંખ્યો અથવા તો તે જીવતો રહ્યો હોય તો વીરમગામનો ગ્રાસ ખાઇને બેશી રહ્યો હોય તેની આપણે કાંઈ ભાંજગડ રહી નથી. કેમકે ત્યાર પછી તે રાજ્યપ્રકરણમાં કોઈ પણ પ્રસંગે દેખા દેતો નથી. તેના ઉદ્ધત સ્વભાવ પ્રમાણે તે સખનો રેહે એવો નહતો, તેથી અમને તો એમ સમજાયછે કે, વીસલ ધોળકાની ગાદિયે બેઠો તેની સાથેજ તે

પતી ગયેલો છે, ઉપરના શાસનમાં જણાવ્યા પ્રમાણે સંવત્ ૧૨૯૫માં તેનું નામ આવેછે અને એજ સાલમાં વીસલ ધોળકાનો રાણો થયો છે. ત્યાર પછી સંવત્ ૧૨૯૮ માં બીજો ભીમદેવ મરણ પામ્યો એટલે પાટણની ગાદિયે કોણ બેસે તેની ભાંજગડ ઊડી છે. લવણપ્રસાદ અણહિલવાડના રાજ્યનો ચિન્તાકારી ઠરેલો હતો તેની સત્તા ત્યાં પૂર્ણ ચાલતી હતી.

પાછળ પૃષ્ટ ૩૫૮ માં જણાવ્યા પ્રમાણે બીજા ભીમદેવની કારકીર્દિમાં વચ્ચે જયંતસિંહદેવ અણહિલપુરનો અધિષ્ઠિત થઈ પડ્યો છે એવું જે શાસન ઉપરથી નીકળેછે તે શાસન સંવત્ ૧૨૮૦ ના પૌષ શુદિ ૬ ભોમવારતું છે તે પણ જાણવા જેવું છે. સોળંકી વંશના રાણક લવણપ્રસાદે, ( સોલું० રાણક આના ઉ. લૂણપસાક ) પોતાના પિતા આનાક ( અર્ણોરાજ ) ના નામથી શ્રી આનલેશ્વર દેવનું દેવલ, પોતાની માતાના નામથી વસાવેલા સલખણપુર ગામમાં ચણાવ્યું હતું; તથા તે માતાના નામથી સલખણેશ્વર દેવનું દેરૂં બંધાવ્યું હતું તે બંને ધામના ખર્ચને માટે વર્દ્ધિપથક ( વઢિયાર ) માં આવેલું સાંપાવાડા ગામ આપ્યું હતું તથા તે ઉપરાંત [1]અગંભૂતા અથવા ગંભૂતાપથકમાં આવેલા શેષદેવતી ગ્રામમાંનો ભૂમિખંડ ૧ આપેલ હતો. આ ઉપરથી જણાયછે કે લવણપ્રસાદ આ વેળાએ પણ સત્તાધારી હતો, અને ત્યાર પછી પાછો ભીમદેવ પોતાને સ્થાને સ્થાપિત થયો ત્યારે પણ તે ભીમદેવને સાચવીને બેઠો હતો અને તેની કારકીર્દિમાં તેના પોતાના કુટુંબના સ્વાર્થના કાર્યમાં નીચે પ્રમાણે શાસનપત્ર કરાવી લેવામાં આવ્યાં હતાં.

૧ સંવત્ ૧૨૮૭ ના આષાઢ શુદિ ૮ શુક્રવાર વર્દ્ધિપથક માંહેલું દેવાઉગ્રામ સ્વસીમા સહિત તથા તે ઉપરાંત માંડવીમાં આવતા પદાર્થોમાંના કેટલાક પદાર્થો ઉપર દાણ નાંખ્યું અને તેની ઉપજ સલખણપુરમાં ( સોલુ રાણા આનાઊ લૂણાપસા ) સોલંકી રાણા આનાક સુત લવણપ્રસાદે

---

૧ આગળ સંવત્ ૧૨૬૩ ના શ્રાવણ શુદિ ૨ રવિવારે બીજા ભીમદેવે આ અંગભૂતા પથકમાં આવેલુ ઈંદિલા ગામનું શાસન કરી આપ્યું છે. ચાહુઆણ રાણા સમરસિંહની કુમારી લીલાદેવી જે ભીમદેવની મહારાણી હતી તેણે લીલાપુર ગામ પોતાના નામથી વસાવ્યું હતું તેમાં પોતાના પતિ ભીમદેવના નામથી ભીમેશ્વર દેવનું દેવલ ચણાવ્યુ હતું તથા પોતાના નામથી શ્રી લીલેશ્વર મહાદેવનું દેરૂં બંધાવ્યું હતું તેના પ્રસંગમાં પર્વ ( પ્રથા ) મંડાવા તથા સત્રાગારના ખર્ચમાં એ ગામનો લેખ કરી આપ્યો હતો.

કરાવેલા શ્રી આનલેશ્વરદેવ તથા શ્રી સલખણેશ્વર દેવના નિત્ય નૈમિત્તિકાદિ પૂજાર્થે તથા સત્રાગારમાં બ્રાહ્મણોને ભોજનાર્થે અર્પણ કરી, અને તેનો વહિવટ કરવાનું કામ મંડલ (માંડલ) ગામમાં શ્રી મૂળેશ્વર મહાદેવના મઠના સ્થાનપતિ વેદગર્ભરાશીને પ્રથમ [1]ગ્રાસ કરી આપ્યો હતો તેને સોંપ્યું.

૨ સંવત્ ૧૨૮૮ ના ભાદ્રપદ શુદિ પ્રતિપદા સોમવારનું એક શાસન છે. સલખણપુરમાં આનલેશ્વર તથા સલખણેશ્વર મહાદેવનાં દેવલ છે તેને અર્થે અને મઠસ્થાનપતિ વેદગર્ભરાશીના મઠના ભટ્ટારકોને ભોજન કરવાને અર્થે અને સત્રાગારના ખર્ચમાં એક ગામ આપ્યું છે તથા મઠના ઉપરીના દીકરા સોમેશ્વરને તે ગામની ભૂમિ હળ ૨૦ (વીસ સાંતી ધરતી) આપી છે. શાસનમાંથી ગામનું નામ વાંચી શકાય એવી સ્થિતિમાં નથી પણ તેની સીમા નીચે પ્રમાણે છેઃ—

પૂર્વમાં, સાંપરા ગામ તથા છત્રાહડ ગામની સીમાએ સીમા.

દક્ષિણમાં ગુંડાવાડા ગામની સીમાએ સીમા.

પશ્ચિમમાં, રાણાવાડા ગામની સીમાએ સીમા.

ઉત્તરમાં, ઉંદિરા ગામ તથા આંગણવાડા ગામની સીમાએ સીમા.

એ પ્રમાણે સીમાની વચ્ચે આવેલું ગામ જે વાલૈય પથકમાં છે તે આપ્યું છે. એમાં દૂતક સાંધિવિગ્રહિક ઠક્કુર શ્રી વહુદેવ છે.

૩ પાછળ જણાવેલું સંવત્ ૧૨૯૫ ના માર્ગ શુદિ ૧૪ ગુરૂવારનું શાસન છે તે ઘૂસડી ગ્રામે સોલંકી રાણા લૂણપસા (લવણપ્રસાદ) ના સુત રાણક વીરમે શ્રી વીરમેશ્વર મહાદેવનું દેવલ બંધાવ્યું તેના તથા ભીમદેવની મહારાણીશ્રી સૂમલદેવીના નામથી બંધાવેલા શ્રી સૂમલેશ્વર મહાદેવના દેવલના નિત્ય નૈવેદ્ય, અંગભોગ પંચોપચાર પૂજાના ખર્ચ સારૂ મઠાધિપતિ રાજકુલશ્રી વેદગર્ભરાશીને ભોજુયા ગામને વસાવેલું સલ(ખણ) પુર સ્વસીમા સહિત અર્પણ કરવામાં આવ્યું તથા ઘૂસડી ગામમાં ગો(હ)ણસરની સમીપમાં બે સાંતીની ધરતી (ભૂમિ હલ બે પૂર) ની

---

૧ સંવત્ ૧૨૮૩ ના કાર્તિક શુદિ ૧૫ ગુરૂવારે ચાળીસા પથકમાં મંડલ (માંડલ) ગામમાં મૂળેશ્વર મહાદેવની નિત્ય પૂજા કરવાને અર્થે તથા માંડળના મઠમાં આવનારા સાધુ સંન્યાસી (તપોધન) ના ભોજનાર્થે ખર્ચ ચલાવવા માટે સ્થાનપતિ વેદ ગર્ભરાશીને (માંડળના મઠના ઉપરીને) નતાઉલી ગામ આપ્યું હતું. તે પ્રસંગે દૂતક મહાસાંધિવિગ્રહિક ઠક્કુર શ્રી વહુદેવ હતો.

વાડી આપી છે. દૂતક મહા સાંધિવિગ્રહિક ઠક્કુર શ્રી વયજલદેવ છે. આ સ્થાન વર્દ્ધિપથકમાં છે અને બે તામ્રપટ્ટમાંથી પેહેલામાં તેના છેવટના ભાગમાં "महाराज्ञीश्री सूमलदेव्याश्च" એમ સહિ કરી છે.

૪ સંવત્ ૧૨૯૬ ના માર્ગશિર્ષ વદિ ૧૪ રવિવારનું શ્રી ભીમદેવના નામનું બીજું એક શાસન છે. તે વીરમેશ્વરદેવ અને શ્રી સૂમલેશ્વરદેવના દેવળના ચાલુ ખર્ચ માટે વર્દ્ધિપથકમાં આવેલું રાજસિયાણા (રાજ્યસિયાણી) ગામ વહિવટકરનાર ઉપર જણાવેલા મઠાધિપતિને આપ્યું છે તેની સીમા નીચે પ્રમાણે છેઃ—

પૂર્વમાં, ઠેઢવસણ (ઠેઠવસણ) તથા રીતડી ગામની સીમાએ સીમા છે

દક્ષિણમાં, લઘુ ઊભડા ગામની સીમાએ સીમા છે.

પશ્ચિમમાં, મંડલી (માંડલ) ગામની સીમાએ સીમા છે.

ઉત્તરમાં, સહજવસણ અને દાલઉડુ (દાલઉદ્ર) ગામની સીમાએ સીમા છે.

એ પ્રમાણે ગામનો લેખ કરી આપ્યો છે, તેનાં બે તામ્રપત્ર થયાંછે; તેમાં પેહેલા ઉપર તેના છેવટના ભાગમાં "महाराज्ञीश्री सूमलदेव्याश्च" એવી સહિ છે.

દૂતક મહા સાંધિવિગ્રહિક ઠક્કુર શ્રી વયજલદેવ છે. એ રીતે ચાર શાસનપત્ર લવણપ્રસાદે કરાવી દીધેલાં જણાયછે.

## ત્રિભુવનપાલદેવ.

સંવત્ ૧૨૯૮ થી ૧૩૦૦ ઈ. સ. ૧૨૪૨ થી ૧૨૪૪.

બીજો ભીમદેવ સંવત્ ૧૨૯૮ સુધી અણહિલવાડની ગાદિયે હતો. છેલ્લું તેનું શાસનપત્ર સં. ૧૨૯૬ નું છે એથી પણ ત્યાં સુધી તે મહારાજા" હતો એ વાત સિદ્ધ થાયછે. તેના મરણ પછી ત્રિભુવનપાળ તેના વારસ તરીકે તેની ગાદિયે બેઠો; એમ. મેરૂતુંગ આદિના લખાણથી જણાય છે. કેટલાક કેહેછે કે એ ભીમદેવનો પુત્ર થતો હતો. આ નવા મહારાજાનું એક શાસનપત્ર સંવત્ ૧૨૯૯ ના ચૈત્ર શુદિ ૬ સોમવારનું* છે. ફાગણમાસની અમાવાસ્યાને દિવસે સૂર્યગ્રહણ હતું ત્યારે અણહિલવાડમાં સ્નાન

* અસલ નીચે પ્રમાણે છેઃ–જુવો ઈન્ડિયન આન્ટીકવેરી ભાગ ૬ પૃ: ૨૦૮

(૧) स्वस्ति राजावली पूर्व्ववत्समस्त राजावली समलंकृत

કરીને તથા ચરાચર ગુરૂ ભગવંત ભવાનિપતિનું અર્ચન કરીને, મહારાજા-ધિરાજ પરમેશ્વર પરમભટ્ટારક સૌર્યોદાર્ય ગાંભીર્યાદિ ગુણાલંકૃત ત્રિભુવનપા-

---

महाराजाधिराज परमेश्वर परम भट्टारक चौलुक्य कु—
(२) ल कमल विकासनैकमार्त्तंड श्री मूलराजदेव पादानु
ध्यात महाराजाधिराज परमेश्वर श्री चामुंडराज—
(३) देव पादानुध्यात महाराजाधिराज परमेश्वर श्री वल्लभ-
राजदेव पादानुध्यात महाराजाधिराज पर—
(४) मेश्वर श्री दुर्लभराजदेव पादानुध्यात महाराजाधिराज
परमेश्वर श्रीमद्भीमदेव पादानुध्यात महा—
(५) राजाधिराज परमेश्वर त्रैलोक्यमल्ल श्री कर्ण्णदेव पादा
नुध्यात महाराजाधिराज परमेश्वर परम भ—
(६) ट्टारक अवन्तीनाथ त्रिभुवन गंडबर्बरक जिष्णु सिद्धच-
क्रवर्त्ति श्री जयसिंहदेव पादानुध्यात महाराजा-
(७) धिराज परमेश्वर परमभट्टारक स्वभुजविक्रमरणांगण
विनिर्जित शाकंभरी भूपाल श्री कुमारपाल-
(८) देव पादानुध्यात महाराजाधिराज परमेश्वर परमभट्टारक
महामाहेश्वर प्रबल बाहुदंडदर्प्परूप-
(९) कंदर्प्प हेलाकरदीकृत सपादलक्ष क्ष्मापाल श्री अजयपा-
लदेव पादानुध्यात महाराजाधिराज पर-
(१०) मेश्वर आहव पराभूत दुर्जयगर्ज्जनकाधिराज श्री मूल-
राजदेव पादानुध्यात महाराजाधिराज प-
(११) रमेश्वर परमभट्टारक अभिनव सिद्धराज सप्तमचक्रवर्त्ति
श्रीमद्भीमदेव पादानुध्यात महाराजाधि-
(१२) राज परमेश्वर परमभट्टारकशौर्योदार्य गांभीर्यादि
गुणालंकृत श्री त्रिभुवनपालदेवः स्वभुज्यमा-
(१३) न विषय पथक दंडाहीपथकयोरन्तर्व्वर्त्तिनः समस्तरा-
ज पुरुषान् ब्राह्मणोत्तरांस्तन्नियुक्ताधिकारिणो-
(१४) जनपदांश्च बोधयत्यस्तुवः संविदितं यथा ॥ श्रीमद्विक्र-
मादित्योत्पादित संवत्सर शतेषु द्वादशसुनव-
(१५) नवत्युत्तरेषु चैत्रमासीय शुक्लषष्ठ्यां सोमवारे ऽस्यांऽक-

ળદેવ એમણે સંસારને અસાર જાણીને પિત્ર તથા પોતાના પુણ્યયશની વૃદ્ધિને અર્થે ભાંપર તથા રાજપુરી ગામ રાણાશ્રી લુણપસા (લવણ પ્રસાદ) એમણે માઉલ તલપદમાં પોતાની માતા રાજ્ઞી શ્રી સલખણ દેવીના શ્રેયને અર્થે

---

तोऽपि संवत् १२९९ वर्षे चैत्र शुदि ६ सोमे ऽ-
(१६) स्यां संवत्सर मास पक्षवार पूर्व्विकायां सां० लौ० फा-
गुण मासीय अमावास्यायां संजात सूर्यग्रहण पर्व्वणि-
(१७) संकलिपतात् तिथावद्येह श्रीमदणहिलुपाटके स्नात्वा
चराचरगुरुं भगवंतं भवानीपतिमभ्यर्च्य संसा-
(१८) रासारतां विचिंत्य नलिनीदलगतजललवतरलतरं प्राणि-
तव्य माकलय्य ऐहिकामुष्मिकं फलमंगी-
(१९) कृत्य पित्रोरात्मनश्च पुण्ययशोभिवृद्धये भांपरग्राम रा-
जपुरिग्रामौ स्वसीमा [ पर्यन्तौसवृक्ष ]
(२०) मालाकुल काष्ठ तृणोदकोपेतौ सहिरण्य भागभोग सदंडौ
दशापराधौ [ सर्व्वादायस ]

ઈ૦ આ૦ ભાગ ૬ પૃષ્ઠ. ૨૦૯

(१) मेतौ नवनिधानसहितौ पूर्व्वप्रदत्तदेवदाय ब्रह्मदायवर्ज्जं
राणा० श्री लुणपसा माउल-
(२) तलपदे स्वीयमातृ० राज्ञी श्री सलखणदेवी श्रेयोऽर्थं का-
रित सत्रागारे कार्प्पटिकानां भोजनार्थं शासनोदक पूर्व्व-
(३) मस्माभिः प्रदत्तौ ॥ भांपरग्रामस्याघाटा यथा ॥ पूर्व्वस्यां
कुरलीग्रामदासयजग्रामयोः सीमायांसीमा । दक्षिणस्यां
(४) कुरलीग्राम त्रिभग्रामयोः सीमायां सीमा । पश्चिमायां अ-
रठ उरग्राम उंझाग्रामयोः सीमायां सामा । उत्तरस्यां
(५) उंझाग्रामदासयजग्रामकाम्बलीग्रामाणां सीमायां सीमा ॥
राजपुरिग्रामस्याघाटा यथा ॥ पूर्व्वस्यां कूलाव (सण)
(६) ग्रामडांगरौ आग्रामयोः सीमायां सीमा ॥ आग्नेयकोणे चं-
डावसणग्राम इंद्रावडग्रामयोः सीमायां सीमा ।
(७) दक्षिणस्यां आहीराणाग्राम सीमायां सीमा। पश्चिमायां सि-
रसाविनंदा वसणग्रामयोः सीमायां सीमा । वायव्य-
(८) कोणे उंट ऊंयासिरसाविग्रामयोः सीमायां सीमा । उत्त-
रस्यां नंदावसणग्राम सीमायां समा । ईशानको-
(९) णे कुईयलग्राम सीमायां सीमा ॥ एवममीभिराघाटै रुप

કરાવેલા સત્રાગાર (અન્નક્ષેત્ર) માં કાર્પ્પિટકોને (કાપડિયોને) ભોજન કરાવવા સારૂ શાસનમાં આપ્યાં છે.

ભાંપર ગામની ચતુર સીમા નીચે પ્રમાણે છેઃ—

પૂર્વમાં કુરલી ગામ તથા દાસયજ ગામની સીમાએ સીમા છે.

દક્ષિણમાં કુરલી તથા ત્રિભગ ગામની સીમાએ સીમા છે.

---

लक्षितौ ग्रामावेतावधगम्य तन्निवासिजन-
(१०) पदैर्यथादीयमानदानी भोग प्रभृतिकं सदाज्ञा श्रवण विधेयैर्भूत्वाऽमुष्मै सत्रागाराय समु [प] नेतव्यं ॥ सामा-
(११) न्यं चैतत्पुण्यफलंमत्वास्मद्वंशजैरन्यैरपि भाविभोक्तृभिरस्मत्प्रदत्त धर्म्मदायोऽयमनुमंतव्यः । पालनीय-
(१२) श्च । उक्तं च भगवता व्यासेन ॥ षष्टिर्वर्षसहस्राणि स्वर्गे तिष्ठति भूमिदः। आछेत्ता चानुमंता च तान्येव नरकंव-
(१३) सेत् ॥१ याता यांति महीभुजः क्षितिमिमांयास्यंति भुक्त्वाऽखिलां नोयाता न च याति यास्याति नवा केनाऽ-
(१४) पिसार्द्धं धरा। यत्किंचिद्भुवि तद्विनाशि सकलं कीर्त्तिः परं स्छायिनी मत्वैवं वसुधाधिपाः परकृता लोप्या न
(१५) सत्कीर्त्तयः ॥ बहुभिर्वसुधा भुक्ता राजभिः सगरादिभिः । यस्ययस्य यदा भूमी तस्य तस्य तदा फलं ॥ २ ॥
(१६) लिखित मिदं शासनं कायस्छान्वय प्रसूत दंड० सातिकुमार सुत आक्ष पटलिक ठ० सोमसिंहेन ॥छ॥
(१७) दूतकोऽत्र ठ० श्री वयजलदेव इति शासनमिदं मांडल्यां श्रीमूलेश्वरदेवम [भ्यर्च्य]
(१८) स्छानपति श्रीवेदगर्भराशेः समर्प्पितमिति ततोऽनेन तथै तदीयसंतान परंपरयाऽपि आचंद्रार्कं अन-
(१९) योर्ग्रामयोरायपदं सत्रागारेऽस्मिन् उपयुक्तं कार्यं ॥ कल्याण मस्तु साधूनां ॥छ॥छ॥छ॥ अनयोर्ग्रा-
(२०) मयोः सीमायां तांबुलिकवणिज्यारकपथिक प्रभृतीनां मध्यात् यःकोपि चौरैर्गृह्यते तस्य प्र-
(२१) तिकार अनयोर्ग्रामयोः सत्कभोत्कारपाश्वात् प्रतीति-
(२२) लभ्या ॥ उद्धलागभागो नाहि ॥

श्री त्रिभुवनपालदेवस्य.

પશ્ચિમમાં અરજઉર તથા ઉંઝા ગામની સીમાએ સીમા છે.
ઉત્તરમાં ઉંઝા, દાસયજ, તથા કામ્બલી ગામની સીમાએ સીમા છે.

રાજપુરી ગામની ચતુરસીમા નીચે પ્રમાણે છે:—

પૂર્વમાં ફૂલાવસણ તથા ડાંગરૈઆ ગામની સીમાએ સીમા છે.
અગ્નિકોણમાં ચંડાવસણ તથા ઇંદ્રાવડ ગામની સીમાએ સીમા છે.
દક્ષિણમાં આહીરાણા ગામની સીમાએ સીમા છે.
પશ્ચિમમાં સિરસાવી અને નંદાવસણ ગામની સીમાએ સીમા છે.
વાયવ્યકોણે ઉંટઊચા તથા સિરસાવી ગામની સીમાએ સીમા છે.
ઉત્તરમાં નંદાવસણ ગામની સીમાએ સીમા છે.
ઈશાનકોણે કુઇયલ ગામની સીમાએ સીમા છે.

આ શાસનનો લખનાર આક્ષપટલિક ઠ. સોમસિંહ સાતિકુમાર નામે કાયસ્થજાતિનો છે.

દૂતક ઠક્કર શ્રી વયજલદેવ છે.

આ શાસન માંડલના શ્રી મૂલેશ્વરદેવના પૂજારી સ્થાનપતિ શ્રી વેદગર્ભરાશીને કરી આપ્યું છે તે તેમણે સંતાનપરંપરા આ બે ગામનું આયપદ સત્રાગારના કામમાં વાપરવું.

આગળ જણાવેલાં બીજાં શાસન પ્રમાણે આ પણ લવણપ્રસાદનાં ધર્મકાર્યની પુષ્ટિને માટે થયેલું છે. એમાં તેની માતા સલખણદેવીને રાણીનું પદ આપેલું છે અને તે અર્ણોરાજની સ્ત્રી થાય. સંવત્ ૧૨૮૬ ની સાલનું શાસનપત્ર જે ભીમદેવના સમયમાં થયું છે તેમાં જે અધિકારીઓનાં નામ છે તેજ નામ આ શાસનમાં છે, અને આ સર્વે ઉપરથી બધું રાજમંડળ લવણપ્રસાદના તાબામાં ત તું હોય એમ જણાયછે.

ત્રિભુવનપાળે લવણપ્રસાદની છાયામાં રહીને બે વર્ષ રાજ કર્યું છે તેમાં તેની વિશેષ કારકીર્દિ હજી લગણ કાંઈ જાણવામાં આવી નથી. તેના રાજ્યનો અંત સંવત્ ૧૩૦૦ માં આવ્યો છે. અને તેનીજ સાથે મૂળરાજ સોલંકી અથવા ચાલુક્ય કુલની સમાપ્તિ થાયછે. એ વંશ જ્યાં સુધી હૈયાત રહ્યો ત્યાં સુધી લવણપ્રસાદ અને વીરધવલે અણહિલવાડની ગાદી ઉપર કોઇને હાથ નાંખવા દીધો નથી એટલુંજ નહિ પણ વિસલદેવ જે રાજ્યનો લોભી જણાયછે તેને પણ તે ઉપર તલપ મારવા દીધી નથી. ધોળકામાં

રહીને સર્વેને ધુમંધુમા કરવા દીધી છે અને આખી ગૂજરાતનું રાજ્ય સચવાવી રાખી તેમાં વૃદ્ધિ કરાવી છે. ત્રિભુવનપાળ પછી એ વંશનું કોઈ રહેલું નથી એટલે પછી એજ વંશની બીજી શાખા જે વાઘેલાને નામે નોંખી પડેલી હતી તેનો **વીસલદેવ** **નાગડ** પ્રધાનની સાથે **અણહિલવાડમાં** આવે છે અને ત્યાંનો **મહારાજાધિરાજ** થાયછે.

## વીસલદેવ વાઘેલો.

### અણહિલવાડનો મહારાજાધિરાજ.

### સંવત્ ૧૩૦૦ થી ૧૩૧૭

### ઈ. સ. ૧૨૪૪ થી ૧૨૬૧

જે. ફાર્બ્સ ઓરિએન્ટલ મેમ્વાર નામનું પુસ્તક રચ્યું છે. તેના ચતુષ્પત્રી આવૃત્તિના ભાગ ૨ જાને પૃ. ૩૩૫–૩૩૭ અથવા સન ૧૮૩૪ માં અષ્ટપત્રી આવૃત્તિ છપાઈ છે તેના ૧ લા ભાગને પૃષ્ટ ૫૪૩–૫૪૫ મે અને જેનો ઉતારો જેમ્સ બર્જેસના કાઠિયાવાડ અને કચ્છની આન્ટીક્વીટીના રિપોર્ટને પૃ ૨૧૯ કરચો છે તેમાં લખેછે કે "આ નગરમાં (ડભોઈમાં) મહા મૂલ્યવાન્ અને શોભાયમાન્ ઉપદ્વાર (ન્હાના દરવાજા) અને બીજાં ભવ્ય બાંધકામ ચણાવવામાં આવ્યાં છે તે શા કારણથી, તે વિષે ભાટ અને ચારણો, જે ગૂજરાતના ઇતિહાસકો તરીકે માત્ર ગણી શકાય એમ છે તેઓ નીચેની કથા કેહેછે, તેમાં કેટલીક કલ્પિત વાતો ભળી ગયેલી છે ખરી તથાપિ તે ઘણું કરીને ખરી છે. તેઓની દંતકથા એવી છે કે, ડભોઈથી ઘણે છેટે, ગોદાવરી નદીને કિનારે, પ્રાચીન ગ્રીકો જેને પૈઠણ અથવા પટ્ટન કેહેતા હતા, તે પટ્ટનમાં સિદ્ધરાવ જયસિંહ (જયનોસિંહ) નામે હિંદુ રાજા ઘણા સૈકડા ઉપર રાજ્ય કરતો હતો."

"પૂર્વદેશવાસિયોની ચાલતી આવેલી રીતિ પ્રમાણે આ રાજાને સાત રાણિયો અને કેટલીક પાશવાનો હતી; તેમાં તેની મહિષી ઘણી માનીતી હતી, તેનામાં અતિ ઉત્તમ ગુણ હતા, અને સર્વોત્કૃષ્ટ સુંદરતા હતી તેથી તેનું હુલામણાનું નામ રત્નાલી (રત્નની પંક્તિ) પાડ્યું હતું; તે અંતઃપુરની બીજી સ્ત્રિયો કરતાં આ વિષે અને સર્વે પ્રકારની ચતુરાઈમાં ચડિયાતી હતી. બીજી રાણિયોમાંથી કેટલીકને તો કુંવર હતા અને આ રાણીને કશું પણ સંતાન હતું નહિ, તો પણ તે ઉપર જણાવેલા ગુણોને લીધે

રાજા આગળ સુહાગણી હતી. પૂર્વ દેશના અંતઃપુરમાં કેવાં કુડકપટ ચાલે છે અને કેવી અદેખાઈના પ્રપંચ મચી રેહેછે એ વાત સર્વપ્રસિદ્ધ છે; તથાપિ પટ્ટનમાં તો એવું પ્રબળ વિશેષે કરીને હતું; ત્યાં તો રણવાસની બાંનુઓ રત્નાલીની બહુજ અદેખાઈ કરતી હતી, અને રાજાનું મન તેના ઉપરથી ઉતારી દેવાના, બની શકે એટલા, પ્રપંચ ભરેલા ઉપાયો યોજતી હતી, તેવામાં વળી તેને પણ દાહાડા રહ્યા છે એવી વાત જાણવામાં આવી એટલે તો તેના ઉપર દ્વેષ આણવાની કાંઈ સીમા રહી નહિ. હિંદુઓની રીતભાત પ્રમાણે, સંતાનનો પ્રસવ થાય નહિ એટલા માટે, ધંતરમંત્ર અને દોરાચિઠ્ઠિયો કરવા માંડી. આ માનીતી મહિષી (સુલતાના) તેમના જેવીજ વેંહેમી અને વિશ્વાસુ હતી તેથી તેના ઉપર ધંતરમંત્ર કરવામાં આવ્યા છે એ વાત ઠશી ગઈ. અને ધારયું કે જ્યાં સુધી હું આ મોહોલાતમાં રહીશ ત્યાં સુધી બાળક અવતરશે નહિ."

"આ પ્રમાણે તેના મનમાં વેહેમ ઠશી જવાથી તેની અસર નિવારવા માટે નર્મદા નદીનાં કિનારા ઉપરના પ્રસિદ્ધ દેવાલયે જઇને નિવાર્યવિધિ કરવા માટે ઘણા પરિજનોને લઇને ચાલી. ઘણો લાંબો પંથ કાપતી કાપતી જે સ્થાન ઉપર હાલ ડભોઈ વશેલી છે અને જે નદીથી ૧૦ મૈલને છેટે છે, તથા જ્યાં પવિત્ર ઝાડીની ઘટા અને સરોવર છે ત્યાં તે સંધ્યાકાળને સમયે છેક મોડી આવી પોહોંચી. બીજી સવારે કુચ કરી જઈ પોહોંચવાના વિચારથી તેણે આ ઠેકાણે ડેરાતંબુ ઠોકાવીને પડાવ નાંખ્યો. આ સ્થાને એક ગોસાઈ રેહેતો હતો, તેણે સંસારનો ત્યાગ કરયો હતો, અને પોતાનો કાળ યોગસાધનમાં કાહાડયો હતો. રાણી પધાર્યાની વાત તેણે જાણી એટલે તેને મળવાની ઇચ્છા તેણે જણાવી. આવા પવિત્ર યોગેશ્વરોની ઇચ્છાનો ઘણુંકરીને અનાદર કરવામાં આવતો નથી; તેણે કહ્યું કે, આ ઘટાવાળી જગ્યા પવિત્ર છે, અને આ સ્થાને તમને કુમાર પ્રસવશે માટે અહિંથી આગળ તમારે જવું નહિ. રાણિયે તેની આજ્ઞા પાળી, અને સંતાનનો જન્મ થતા સુધી ત્યાં જ રેહેવાનું નક્કી કર્યું. અહિં તેને કુંવર અવતરયો તે વીસ માસ સુધી પેટમાં રહ્યો એટલા માટે એનું નામ **વીસલ** પાડયું."

"આ આનંદદાયક વધાઇ રાજાને પોહોંચાડવામાં આવતાં તેણે **વીસલદેવ**ને પોતાનો યુવરાજ ઠરાવ્યો; અને એની માતાને મન આ જગ્યા વશી ગઈ હતી, અને જ્યાં તે આશીર્વાદ પામી હતી, તેમજ અંતઃપુરમાં આવી

બીજી અદેખી રાણિયો ભેગાં વસવામાં ભયભરેલું હતું, એટલા માટે, તલાવનો વિસ્તાર વધારવાની, ઝાડીવાળી ઘટા વિસ્તીર્ણ કરવાની, અને એ ઠેકાણે નગર વસાવવા માટે તેની આસપાસ દૃઢ કોટ ચણાવી તેને સુશોભિત કરવા તેમાં ઉંચા પ્રકારની કોરણીનાં કામ કરવાની તેણે આજ્ઞા કરી. આ પ્રસિદ્ધ નગર બાંધવાને માટે તેણે કુશળ શિલ્પકારો કામમાં લગાડ્યા, અને તેમના ઉપર દેખરેખ રાખવાને માટે સર્વે કરતાં વધારે નિપુણતાવાળો એક જણ ઠરાવ્યો; તેણે પ્રારંભ કરયો ત્યારથી તે ૩૨ વર્ષ સુધી આ મહાભારે કામ પૂરૂં થતાં સુધી પોતાનું જિવતર ગાળ્યું. આ સમયે **વી**-સલદેવ પોતાના પિતાની પછવાડે પટ્ટણની ગાદિયે બેઠો હતો, પણ વિશેષે કરીને પોતાની જન્મભૂમિમાં આ ઠેકાણે રેહેતો હતો, તેણે આ કામ પૂરૂં થતાં કારીગરોને જેની જેવી યોગ્યતા તેને તે પ્રમાણે રીઝ આપી. પણ જે કારીગરની રસજ્ઞતા અને કુશળતાથી આવી અસાધારણ સુંદરતાનું કામ થયું તેની વધારે ખુશ કરવાના હેતુથી તેને કહ્યું કે તારી નજરમાં આવે તે ઈનામ તું માગી લે. આ શિલ્પકારે માનપૂર્વક કહ્યું કે, હું આપની કૃપાથી સર્વે વાતે સુખી છું તેથી મારે ધન કે રત્નની વાંછના નથી, પણ આ નગરનું હજી લગણ કાંઈ નામ પાડવામાં આવ્યું નથી માટે હું મારા નામથી એનું નામ ડભોવે પાડવા માગી લઉં છું. આ તેની માગણી માન્ય રાખવામાં આવી અને ત્યારથી તે આજ સુધી એનું નામ થોડાક ફેરફારથી ડભોઈ રહેલું છે."

ઉપરના લખાણમાં **અણહિલ્લવાડ** પાટણને બદલે **ગોદાવરીના** તટ ઉપરનું પેંડણ જણાવ્યું છે તે તો દેખીતી જ ભૂલ છે. આપણે જાણિયે છિયે કે સિદ્ધરાજને કુંવર નહતો તેથી ભાટે **વી**રધવલને બદલે તેનું નામ અડાવી દીધું છે, તેનું કારણ માત્ર એટલું જ છે કે, સિદ્ધરાજે અને તેની માતા **મી**નલદેવિયે આવાં સર્વોપયોગી બાંધકામ ઘણાં કરાવ્યાં છે, તેથી તેનું નામ આવા કામના પ્રસંગમાં ઘણી પ્રખ્યાતી પામેલું છે. એ વિષે પાછળ પૃ. ૨૪૨ માં લખાણ છે તે પ્રમાણે સિદ્ધરાજનું નામ ડભોઈના સંબંધમાં પણ કેહેવાય એની નવાઈ નથી. દર્ભાવતી નગરી સિદ્ધરાજના સમય પેહેલાંની જ વશેલી છે, અને **વી**સલદેવનો ત્યાં જન્મ થયાથી તેનાં જૂનાં બાંધકામનો જીર્ણોદ્ધાર થયેલો છે અને કેટલાંક નવાં પણ બંધાવવામાં આવ્યાં છે. આટલી વાત ધ્યાનમાં લેતાં બાકીની દંતકથા, બીજો એથી ફેરફાર જાણવા સરખો વૃત્તાન્ત મળી આવે નહિ ત્યાં સુધી માન્ય રાખિયે તો એમ

કરેછે કે, વીસલદેવની માતાનું નામ રત્નાગી હતું અને તે વીરધવળની માનીતી મહિષી હતી. તેને વીરમદેવ મ્હોટો કુંવર છતાં પણ વીસલદેવને યુવરાજ તરીકે માન્ય રાખ્યો છે અને તેની પછવાડે તે ધોળકાની ગાદિયે રાણો થઇને બેઠો છે, એ બનાવ પણ દંતકથા પ્રમાણે મળતો આવેછે.

કચ્છમાં પદ્ધર અથવા પુઅરાવાળો ગઢ લાખા ફૂલાણીના ભત્રીજા પુઅરાએ બંધાવ્યો હતો. તેવી કારીગરી બીજે ઠેકાણે જઇને કરી પોતાના ગઢની નામનાને પાછી પાડી શકે નહિ એટલા માટે જે શિલ્પકારે તે ગઢ અને તેમાંનો શોભતો નવલખો બાંધ્યો છે તેનો જમણો હાથ કાપી નાંખ્યો હતો. તેવીજ રીતે ડભોઈના કુશળ શિલ્પકારને વિષે એવી દંતકથા ચાલે છે કે, તેણે ડભોઈના કોટ તથા દરવાજા અને દેવલો આદિની ભવ્ય કારીગરી કરી બતાવી હતી તેવી બીજે ઠેકાણે કરે નહિ એટલા માટે મહાકાલિના દેવલના એક ભાગમાં તેને પૂરાવી દેવામાં આવ્યો હતો, પણ તેની સ્ત્રી તેને પ્રતિ દિવસ ખાવા પીવાનું આપી આવતી હતી તેથી તેણે છ વર્ષ આવી ભયભરેલી સ્થિતિમાં કાહાડ્યાં; એટલામાં એક એવો પ્રસંગ આવ્યો કે, રાજાને તેની ઘણી અગત્ય જણાઈ, એટલે તેને સંભારીને પોતાના અઘટિત કામને માટે પશ્ચાત્તાપ કરવા લાગ્યો, ત્યારે તેની ક્ષમા માગીને તેને કેહેવામાં આવ્યું કે તેને એક ભોંયરામાં પૂર્યો છે, ત્યાં તે હજીલગણ જીવતો છે. આ વાત સાંભળીને રાજા બહુ રાજી થયો અને તેને બાહાર કઢાવ્યો.

ડભોઈના હીરાભાગોળ નામના દરવાજા ઉપરની પ્રશસ્તિ છે તે વીસલદેવના સમયમાં તેના પુરોહિત સોમેશ્વરદેવની રચેલી છે.

## પંદરોતરો કાળ.

જૈન યતિયો જ્યોતિષમાં પણ પ્રવીણ હતા, તે પ્રમાણે સર્વશાસ્ત્રમાં પ્રવીણ એવા પરમદેવસૂરિએ જગડૂશાહને એકાન્તમાં કહ્યું કે—

(૨ ૧ ૩ ૧)
द्वीन्द्वग्नि चन्द्र वर्षेषु व्यतीतेष्वथ विक्रमात्
दुर्भिक्षं सर्व देशेषु भावेवर्षत्रयावधि. ६८
प्रेष्या खिलेषु देशेषु विदग्धानात्मपूरुषान्
सर्वेषामपि धान्यानां त्वंतैः कारय संग्रहम्. ६९

વિક્રમ સંવત્ ૧૩૧૨ પૂરો થશે ત્યારે સર્વ દેશમાં ત્રણ વર્ષ સુધી કાળ પડશે. માટે જૂદા જૂદા દેશોમાં હોંશિયાર વાણોતરોને મોકલીને બધી જાતિના ધાન્યનો સંગ્રહ કરાવો.

જગડૂશાહે દેશેદેશ માણસો મોકલીને મળી શકયાં તેટલાં અનાજનો સંગ્રહ કરાવ્યો. બનવાકાળ પ્રબળ છે તેથી પૃથ્વીતળને વિષે વર્ષાદ વરસ્યો નહિ, અને મોઘવારી થતાં પણ અનાજ મળવા માંડયું નહિ ત્યારે ભૂખેમરતા લોકોને જગડૂશાહે મફત અનાજ આપવા માંડયું; તેમજ પરદેશમાં પણ ગરીબ લોકોને અનાજ પોહોંચાડવા પોતાનાં માણસ મોકલાવ્યાં. દુકાળનાં બે વર્ષ વિત્યા પછી રાજાઓના અનાજના કોઠાર પણ ખાલી થઈ ગયા. એક દ્રમ્મના ગણ્યાગાંઠયા તેર ચણા મળવા માંડ્યા. **વીસલદેવનો** કોઠાર ખાલી થઈ ગયો ત્યારે તેણે પોતાના મંત્રી **નાગડને** જગડૂની પાસે મોકલ્યો, એટલે તે **અણહિલપુરમાં** ગયો અને પોતાની સાથે વેપારિયોને લઈજઈને દિવ્ય રત્નો નજરાણે કરીને રાજાને નમન કરીને બેઠો. તે સમયે એક ચારણ બોલ્યો કે:—

**सोल पुत्र ! भवत्तुल्यं पुण्यंनोऽन्यस्यः विद्यते**
**नृयाम कुक्षोकः पश्येत्कर्बुरान्त्रं प्रविश्यच.**

( ગીતિ. )

હે સોલ પુત્ર ! તુજવણુ, પેખું પુણ્ય ન અવરનું કાંઈ કટકે;
જનવામ કુક્ષ પેશી, આંતરડાં કર્બુર કુણ પેખી શકે.

આવું અર્થાન્તરન્યાસવાળું ચારણનું વચન સાંભળીને **ચૌલુક્યપૃથ્વી**પતિ (**વીસલદેવ**) રાજી થયો, અને વ્યવહારવર જગડૂને કહ્યું કે અહિંયા તમારા સાતસો કણના કોઠાર છે એમ સાંભળ્યું છે માટે તે તમારી પાસેથી લેવા માટે મેં તમને અહિં બોલાવ્યા છે. રાજાનું આવું વચન સાંભળીને જગડૂશાહ હસતે વદને એમ બોલ્યો કે, મારો તો અહિંયાં એક કણ સરખો પણ નથી, જો મારા આવા બોલવામાં આપને સંદેહ આવતો હોય તો કણકોઠારે ઈંટોમાં જડાવી લીધેલો ત્રાંબાના પતરામાંનો લેખ જોશો એટલે ખાતરી થશે.

રાજાએ તે લેખ કાહાડી મંગાવી વાંચ્યો તો તેમાં કોતરેલું હતું કે:—

**जगडूः कल्पयामास रंकार्थंहि कणानमून्**

જગડૂએ આકણ રંકને અર્થેજ રખાવ્યાં છે.

પછી જગડૂએ રાજસભા વચ્ચે **વીસલદેવને** કહ્યું કે જગત્‌માં દુકાળથી પીડાઇને જનો મરી જાય તો તેનું પાપ મને બેસે, એમ કહીને તે ત્રિવીર પુરૂષે આઠ હજાર કણના મૂડા રાજાને આપ્યા. આવું જોઇને સો-

મેશ્વર આદિ કવિયો હાજર હતા તેમણે જગત્‌માં સ્તુતિ કરવાને યોગ્ય એવા જગડૂની નીચે પ્રમાણે પ્રશંસા ગાઈ સંભળાવી:-

એક કવિ બોલ્યો કે (કવિત-રૂપકાલંકાર.)

ઉદ યાચલ એ તો છે, શ્રી શ્રીમાલ કુલકેરો,—
પ્રકાશ દેનાર રવિ રૂપ દ્યુતિ છાજેછે;
સુધર્મની વેલીને જે, દઢ આધાર આપવા,
વંશરૂપ ખડો રહી, મેઘસમ ગાજેછે;
કલિકાલ રૂપી કાળીનાગનો દમનહાર,
દામોદર રૂપ એવો અવનિમાં રાજેછે;
અવની આકાશ માંહ, વાસના વિચરી ભારે,
એવો પ્રજાપોશક આ, વિજયી વિરાજે છે. ૧

બીજો કવિ બોલ્યો. (કવિત-આક્ષેપાલંકાર.)

મુરજિત જેહ હરિ, તેણે બલિ નૃપતિને,
પાતાળ ફેંકીને સારી વાત તે શી સાધી છે?
તેમજ રૂદ્રાણીકેરા પતિ રૂદ્રદેવ તણે,
રતિપતિને બાળીને, શી કીર્ત્તિ સંપાદીછે?
આખી અવનિને પીલી, કાળો કેર કરનાર,
દુષ્ટ આ દુકાલ કેરો, છેદક જે થાયછે;
અતિ દાન આપવામાં તત્પર રહેલ એવો,
હવણાં તો એક નર જગડૂ ગવાયછે. ૨

ત્રીજો કવિ બોલ્યો. (કવિત-અતિશયોક્તિ.)

વિવિધ વિષય બ્રહ્મા એકકોરે મૂકી કરી,
પરબ્રહ્મ એકને તે આપ રહ્યા સ્મરેછે;
ક્ષિતિધર સુતા એવાં ઉમાના આશ્લેષ વિષે,
રસિક બની રહેલા ઉમાપતિ સ્મરે છે;
ચરણો પ્રસારી કરી શ્રીને ખોળે સુખે સૂતા,
સાગર વિષયે હરિ ઉંઘતા બિરાજેછે;
ખરેખાત જગતમાં એકલો આ જગડૂશા,
લોકને ઉદ્ધારવાને એક પગે જાગેછે. ૩

ચોથો કવિ બોલ્યો. ( ગીતિ. )

કર ચાર છતાં ભૂભૃત (પર્વત), એકજ ઉદ્ધારિયો હરિયે તો;
બહુ ભૂભૃત (રાજા) ઉધાર્યા, દ્વિકર છતાં પણ જગડૂશા'યે તો. ૪

પાંચમો કવિ બોલ્યો. ( દુહો ).

લોકપાળ સૌ નામના, ઈન્દ્ર આદિ લેખાય;
લોકપાળ તો એકલો, જગડૂ જગ દેખાય. ૫

છઠ્ઠો કવિ બોલ્યો. ( કવિત-વ્યતિરેકાલંકાર )

જીમૂતકેતુનું રાજ્ય જતું રહ્યું ત્યારે તેણે,
મલય ઉપર જઈ વાસ કીધો જે સમે;
જીમૂતવાહન તેનો પુત્ર તેણે શંખચૂડ,
એકલો ઉગારયો જેને ગરૂડ ઘણો દમે;
દુષ્ટ આ દુકાલ રૂપ કાલ દૈત્ય મુખમાંથી,
અખિલ અવનિ જેણે એકલે ઉગારી છે;
એવા એ ઉદાર શુભ ગુણવાળા જગડની,
બરાબરી કેમ થાય જેની નામદારી છે. ૬

આવા ભાવાર્થની બીજા કવિયો પણ કવિતા બોલ્યા છે. તેમાં એક કવિયે ઇતિહાસનું સૂચન થાય એવી કવિતા નીચે પ્રમાણે કહીઃ—

( કવિત. )

ગર્વ થકી ગાજતો જે, પીઠદેવ હતો તેની
સ્ત્રિયોના અંજન કેરી, શોભા હરનાર જે;
સિંધના હમીર કેરા, અરિના પરાક્રમની,
ચતુરાઈ ભરી એવી, કથા કથનાર જે;
મદ થકી ઉન્મત્ત, મુગલોની કીર્ત્તિ કેરા,
પ્રચંડ પ્રતાપ નાશ, કરનાર રવિ જે;
શ્રીમદ ગૂર્જર કેરા, રાજ્યનો વધારનાર,
જગડૂ વિજયી થાઓ, કવે એમ કવિ જે.

જગડૂશાહ વિવેકી હતો તેથી તેની ઉપર પ્રમાણે કવિયોએ પ્રશંસા કરી ત્યાં સુધી તે પોતાનું મસ્તક નીચું રાખીને બેઠો હતો, તેણે કવિયોનો ઘણો સારો સત્કાર દ્રવ્ય આપીને કરયો, અને ચૌલુક્યભૂપ વીસલદેવની આજ્ઞા લઇને પાછો ભદ્રેસર આવ્યો.

ત્યાર પછી સિંધદેશના રાજા હમીરે માગણી કરવાથી તેને ૧૨,૦૦૦ મૂડા અનાજના આપ્યા.

ઉજ્જણના રાજા મદનવર્મને તેણે અનાજના ૧૮,૦૦૦ મૂડા આપ્યા હતા.

દિલ્હીના રાજા મોજદ્દીનને ૨૧,૦૦૦ મૂડા અનાજના આપ્યા હતા.

ડીશીના રાજા પ્રતાપસિંહને ૩૨,૦૦૦ મૂડા કણના આપ્યા હતા.

સ્કંધીલ ( કંધાર ) નો રાજા જે ચક્રવર્ત્તી કેહેવાતો હતો તેને ૧૨,૦૦૦ મૂડા અનાજ આપ્યું હતું.

એ સિવાય ૧૧૨ દાનશાળા તેણે સ્થાપી હતી.

લજ્જાપિંડ એટલે ગોળમાં બાંધેલા ધાણીના લાડુમાં સોનાના દીનાર ઘાલીને એવા ઘણા લાડુ દાન મેળવવામાં લજ્યા પામનારા કુલીનોને રાત્રીની વેળાએ તે આપતો હતો.

આ દુકાળમાં તેણે ૯,૯૯,૦૦૦ અનાજના મૂડા તથા અઢાર કરોડ દ્રમ્મ ( દામ ) યાચકોને આપ્યા હતા.

આ પ્રમાણે વીસલદેવના સમયમાં પડેલા દુકાળમાં બની શકે એટલું પ્રજાનું રક્ષણ થયું હતું.

વીસલદેવ પરાક્રમી રાજા થઈ ગયો, તેનું ઉપનામ મહિમલ્લ હતું. તે વિદ્વાનોને સારો આશ્રય આપતો હતો તેથી તેની પાસે ઘણા કવિઓ આવી રહ્યા હતા.

વીસલદેવ અને તેના ક્રમાનુયાયી જે થયા તે વિષે ઘણો વિસ્તાર આપી શકાય એમ છે પણ તેમના વિષે પાછળ જે છપાયું છે તેટલાજ ઉપર વાંચનારનું લક્ષ સંબંધને અર્થે ખેંચીને આ પ્રકરણ અમે આટોપી દઇયે છિયે.

## પ્રકરણ ૧૫.

### રાજા કર્ણવાઘેલો.

અણુહિલ્લવાડના નાટકની સમાપ્તિનો દેખાવ હવે ભજવી બતાવવાનો છે. ઈ૦ સ૦ ૧૨૯૬ માં અલ્લાઉદ્દીન ખિલ્જિયે પોતાનો પાદશાહ અને જે તેનું ભલું કરનાર હતો તથા તેનો કાકો થતો હતો તેને મારી નાંખીને તે વૃદ્ધ માણસની પછવાડે પોતે દિલ્હીની ગાદી ઉપર બેઠો; અને પોતાના નામથી લોકોનીપાસે પ્રાર્થના કરાવાનું જારી કરીને, ઘાતકીપણાથી અને ખુનરેજી ભરેલી રીતિથી રાજ્ય ચલાવવાનો પ્રારંભ કરચો; તેમાં દ્રવ્ય અને સત્તા આગળ ઉપર તેને એટલી બધી મળી કે હિંદુસ્થાનની ગાદી ઉપર તેના પેહેલાં, જે રાજા બેઠા હતા, તેમાંથી કોઇને પણ તેના જેટલી મળી ન હતી, અને મહમૂદ ગજનવિયે તેની *દશ અશ્વારિયોમાં જેટલું ધન મેળવેલું લખેછે, તે કરતાં પણ તેનું ધન બહુ વધારે હતું. મિરાતેઅહમદીનો કર્ત્તા કહેછે કે, "ખુદાની એવી ઈચ્છા થઈ કે પેગંબરની "શરિયત અને દીન બધે પ્રસિદ્ધ કરવો, જે જાતના લોકોવિષે પછવાડે "લખવામાં આવ્યું છે તેમની સત્તા અને રાજયનો છેડો આવ્યો છે, અને "આપણી ખુબીવંતી કલમો અને ખરા દીનના ચલાવનારાઓને તાબે "તે થયું છે તે એટલા માટે કે સૂર્યની પેઠે, કાફર લોકના અંધારાવાળા "દેશમાં જે દીન ખોટું કરવાને મના કરેછે તે દીનનું અજવાળું ખરા "ચળકાટથી પ્રકાશ પામે; અને આપણે તે દીનના ફરમાનને તાબેથવાથી "અને સાચાઈ ભરેલી કલમો (કલમે ઉલ્લહક) જાહેર કરવાથી લોકોને "ભૂલના ભયંકર મેદાનમાંથી પાછા ફેરવિયે અને તરીકતના ઉંચા માર્ગઉ-"પર દોરી જઇયે."

ઈ૦ સ૦ ૧૨૯૭ ના પ્રારંભમાં ગૂજરાત ફરીને જીતી લેવાસારૂ અલાઉદ્દીને પોતાના ભાઈ [1]અલપખાનને તથા પોતાના વજીર નુસરતખાન

---

* સત્તર. (ભા. ક.)

[1] મિરાતે અહમદીમાં એનું નામ ઉલુઘખાન લખીને જણાવ્યું છે કે ગૂજરાતમાં અલપખાનના નામથી એ પ્રસિદ્ધ હતો.

૨. ૯.

ઝાલેસરીને ફોજ આપીને મોકલ્યા. તેઓએ દેશ ઉજ્જડ કરીને વનરાજના નગરમાં ફરીને મુસલમાની પેડુરેગીર મૂકીને તે કબજે લીધું; અને ત્યાંનો રાજા કર્ણવાઘેલો દક્ષિણમાંહેલા દેવગઢના મરાઠા રાજા રામદેવને આશરે તેઓના આવતા પેહેલાં જતો રહ્યો.

રાજ્ય મેળવવાના લોભ આગળ મુસલમાન હલ્લાકરનારાઓને પોતાનું ધ્યાન આપવાને એ કરતાં કંઈ બીજા કારણની જરૂર હોય નહિ. પણ હિંદુના ભાટો રાજ્યસંબંધી મ્હોટી વાતને ઘરવિષેનું ખાનગી કારણ લાગુ પાડીદેવાને આનંદ પામેછે. તેઓએ હાલના પ્રસંગને માટે પણ નીચેની વાત લખી રાખી છેઃ—કર્ણવાઘેલાને માધવ અને કેશવ કરીને બે પ્રધાન "હતા. તેઓ જાતના નાગરબ્રાહ્મણ હતા, અને વઢવાણની પાસે હજુ"સુધી જે માધવ કૂવો છે તે તેમણે બંધાવ્યો હતો. માધવની સ્ત્રી પ"દ્મિની[1] હતી તેને તેના ધણીની પાસેથી રાજાએ લઈ લીધી, અને "કેશવને તેણે ઠેર કર્યો. માધવ પોતાના ભાઈના મરણને લીધે "અલ્લાઉદ્દીનનીપાસે દિલ્હી ગયો, અને મુસલમાનોને તેડી લાવ્યો. આ "વેળાએ ગૂજરાતમાંહેલાં શેહેર અને નગરના દરવાજા દાહાડે બંધ રા"ખતા હતા. નગરના કિલ્લાની માંહે ઢોર ચરાવતા હતા અને જ્યારે લ"ડવું હોય ત્યારે લડી શકાય એટલા માટે લોકો ઓકાની ભીડીને તૈયાર "રેહેતા હતા. ઈ૦ સ૦ [2]૧૩૦૦ ના વર્ષમાં તુર્ક લોકો ગૂજરાતમાં પેઠા. "માધવે અલ્લાઉદ્દીનને ત્રણસેં ને સાઠ (કચ્છી) ઘોડા[3] નજર કર્યા, "અને તેણે દેશનો કારભાર મેળવી લીધો. અલપખાનને લશ્કરી ખાતાનો "સૂબો ઠરાવ્યો હતો. તેના તાબામાં એક લાખ ઘોડેસ્વાર, પંદરસેં હાથી, "વીસ હજાર પાયદળ અને જેના મ્હો આગળ ડંકો થવાને પરવાનગી "મળેલી એવા પીસતાળીસ કારભારી તેનીસાથે હતા. તેણે વાઘેલાઓ "પાસેથી ગૂજરાત લીધું."

કર્ણ રાજા છૂટે હાથે નાઠો, તે વેળાએ તેને તેની રાણિયો, બાળકો,

---

૧ પૃષ્ઠ ૨૧૯ ની ટીપ જુવો.

૨ પ્રબંધચિંતામણી પ્રમાણે ૧૩૦૪ ઈ. સ. થાયછે. ભા. ક.

૩ જેમ કચ્છનાં ઘોડાં વખણાય છે તેમ કાઠિયાવાડની ઘોડિયો વખણાય છે કાઠિયાવાડમાં નીચે લખેલે સ્થળે નીચે લખી જાતથી ઓળખાતી ઘોડિયો થાયછે—

હાથી, સરસામાન, અને ભંડાર એ સર્વ મૂકીને નાસવાની અગત્ય પડી હતી, તેથી તે બધુંએ મુસલમાનોના હાથમાં ગયું. હિંદુઓની જાતના અને ધર્મના શત્રુઓએ જે રાણિયો કેદ કરી લીધી હતી તેમાં કૈલાદેવી પણ હતી, "તે તેની બુદ્ધિ, સુંદરતા અને સુલક્ષણને લીધે હિંદુસ્તાનની શોભા ગણાતી હતી." તેને સુલતાનના જનાનખાનામાં દાખલ કરી દીધી, અને તે તેના દેશને અને તેના કુટુંબને અધિક દુઃખનું કારણ થઈ પડી. અલપખાન તથા તે વજીર ખંભાત લુંટવાને ચાલ્યા, તે વેપારિયોનું ભરેલું અને દ્રવ્યવાન્ શેહેર હતું, તેથી તેમને ઘણીજ લૂંટ મળી. અહિંથી નુસરતખાને ખંભાતના એક વ્યાપારીના દેખાવડા ગુલામને જોરાવરીથી લઈ લીધો, તે

---

ઢસામાં "માણકી" અને "વાગલી."
ગઢડામાં "ચમરઢાલ."
ભાડલામાં "મલ" અને "પંતી."
ચોટીલામાં "શ્રાગી."
પાલિયાદમાં "હરણ."
ભડલીમાં "તાજણ."
જસદણમાં "રેડી" અને "ભૂતડી."
જેતપુરમાં "જબાદ."

ભીમોરામાં "કેસર," "મોરાણ," અને "આખડિયાલ."
મૂળી મેવાસામાં "બેરી."
ચૂડામાં "બોદલી."
ગોસલમાં "ઝૂલમાલ."
મૂળી તાબાના સોમીસરમાં "રેશમ."
ધંધુકા તાબાના બગડમાં "વાંદરી."
પાટડી તાબાના ખેરવામાં "લાખી."
ગોંડલ તાબાના દરવામાં "લાશ."
બાબરામાં "ઢેલ."
જૂનાગઢના મોણિયામાં "હીરાલ."
હળવદમાં "રામપાસા."
લીંબડીમાં "લાલ."
ભાવનગર તાબાના ગુંદરણમાં "મની."
લખતરમાં "સીંગાળી."
ધાંધલપરમાં "લખમી."

ગુલામ પછવાડેથી સુલતાનની પ્રીતિ સંપાદન કરીલઇને મલેક કાફુરને નામે ઘણે ઉંચે દરજ્જે ચઢયો. મહમૂદની ગજનવીના પછી સોમનાથની મૂર્ત્તિ જે ફરીને સ્થાપવામાં આવી હતી, તેનો આ ફેરે પણ નાશ કરવાને મુસલમાન લોકો ચૂક્યા નથી.[૧] (ઈ૦ સ૦ ૧૩૦૦)

---

૧ દિલ્હીના પાદશાહ અલ્લાઉદ્દીન ખીલજીના લશ્કરે વાઘેલા રાજા કર્ણને જીતીને અણહિલપુર પાટણ સર કર્યા પછી લશ્કરની જૂદી જૂદી ટુકડિયો થઈ, ગૂજરાત કાઠિયાવાડના જૂદા જૂદા ભાગ સર કરવામાં રોકાઈ હતી. તેમાંની એક ટુકડિયે મોઢેરાને ઘેરો ઘાલી કબજે કર્યું તેનું વર્ણન શાસ્ત્રી વ્રજલાલ કાળિદાસ નીચે પ્રમાણે કરેછે:—

"અલપખાનનું સૈન્ય મોઢેરા ઉપર આવ્યું અને શેહેરને ઘેરો ઘાલ્યો. મોઢ બ્રાહ્મણો તેની સાથે યુદ્ધ કરવાને ચડયા. આ યવનો આપણા તીર્થનો ભંગ કરશે એવું જાણીને ક્રોધાવેશથી યુદ્ધ કરવા સામા થયા. એ બ્રાહ્મણો ધનુર્વેદ, અને ષટ્ત્રિંશદંડા દંડીયુદ્ધ શાસ્ત્ર, ચતુઃષષ્ટીકળામાં પારંગત હતા. એમની સાથે યુદ્ધ કરી શકે એવો સમર્થ યોદ્ધો કોઈકજ હશે. ચાવડા વંશના સ્થાપક વનરાજ રાજાને ગૂર્જર દેશની પાટે એમણેજ (એમનાજ પૂર્વજોએ) સ્થાપ્યો હતો. મોઢેરા બ્રાહ્મણોની છ જાતિ છે તેમાંની એક જેઠીમલ નામની જાતિ છે તેઓ પાંડવ જેવા મહા બળવાન્ મહારથી અને અતિરથી હતા. મુસલમાનોની સેના મોઢેરપુર ઘેરવા આવેછે એવું જાણીને સૌ બ્રાહ્મણોએ પોતાનાં કુટુમ્બ, પશુ, ધન, ધાન્યાદિક વિકટ વનમાં પોહોંચાડી દીધું હતું. પછી તેઓ એકમતે યુદ્ધ કરવા સજ્જ થયા હતા. એ મોઢેરાપુર અને તેની નીચે બીજાં છપ્પન ગામ એ બ્રાહ્મણોનાં હતાં. માંડવ્ય ગોત્રનો વિઠ્ઠલેશ્વર વિપ્ર હતો તે સર્વ બ્રાહ્મણમાં મુખ્ય હતો અને સૌ તેના કહ્યામાં રેહેતા. તે બાણ વિદ્યામાં બહુ કુશળ હતો. તેના મુખીપણા નીચે સઘળા બ્રાહ્મણો ઢાલ તરવાર ધનુર્બાણાદિક શસ્ત્ર સજીને શેહેરનું રક્ષણ કરવા લાગ્યા. દીવાળીના દિવસથી તે હોળી લગી શેહેરને ઘેરો રહ્યો અને તેમણે પોતાનું બહાદુરીથી રક્ષણ કર્યું. બાદશાહી સેનાના ઘણા માણસો બ્રાહ્મણોને હાથ માર્યા જવાથી ઘેરાના માણસો ઓછા થયા તેથી, નસરખાને બીજા માણસો વધારવાને લખ્યું ત્યારે માધવ મંત્રિયે અલપખાનને કહ્યું કે "બ્રાહ્મણો સાથે યુદ્ધ કરવું એ રાજ્યધર્મથી ઉલટું છે. તમે તેમને જીતશો તેથી તમારી મોટી આબરૂ વધવાની નથી; લડાઈ લાંબી ચલાવવી એ રાજાઓ સાથેજ શોભે." એ ઉપરથી અલપખાંએ માધવ પ્રધાનને ત્યાં જઈ સમાધાની કરવાની આજ્ઞા આપી તે ઉપરથી તેણે ત્યાં જઇ બાદશાહી સૈન્યને થયેલ ખર્ચ પેટે પાંચહજાર સોનૈયા બ્રાહ્મણો પાસેથી લેવા ઠરાવ્યા. અને બ્રાહ્મણોએ તે આપ્યા. પ્રધાન માધવ પાટણ ગયા પછી મુસલમાનો બહાનું કાહાડીને ફાગણ શુદિ ૧૫ ને રોજે સૂર્યાસ્ત વખતે મોઢેરાપુરમાં પેઠા. ત્યારે શેહેરમાં પેસતાં બ્રાહ્મણોએ અટકાવ્યા. તેપરથી હથિયાર છૂટયાં, ભારે લડાઈ જામી ઘણા યવનો અને બ્રાહ્મણોનાં માથાં કપાયાં, છેવટ વિઠ્ઠલેશ્વર સહિત બ્રા-

ઈ० સ० ૧૩૦૪ ના વર્ષસુધી ગૂજરાતના કામકાજ સંબંધી કંઈ વધારે લખેલું નથી, પણ એવું લખેલું છે કે, તેવામાં અલપખાનને તે દેશનો ફરીને સૂબો ઠરાવ્યો હતો, અને ત્યાં તેને મ્હોટી ફોજ આપીને મોકલ્યો હતો. મિરાત અહમદીનો કર્ત્તા લખેછે કે "તેણે અણહિલવાડામાં ધોળા [2]આરસપાહાણની જુમામસીદ બાંધી તે આજસુધી રહેલી છે, "તેમાં એટલા બધા થાંભલા છે કે ગણનારને ભૂલ પડ્યા વિના રેહેજ "નહિ. એવું લખેલું છે કે તે એક મૂર્ત્તિનું દેવળ હતું અને તેમાં ફેરફાર "કરીને તેનો મસીદનો આકાર કરી દીધો છે; પણ ટુંકામાં એટલુંજ કે "તે ચમત્કારિક અને ભવ્ય ઈમારત છે, અને હાલ વસ્તીથી છેટે છે તોપણ તે વેળાએ નગરના મધ્ય ભાગમાં હતી."

કાફૂર નામના ખંભાતના જે ગુલામને એક હજાર દિનાર માટે વેચાતો લીધો હતો, પણ હમણાંતો તે બાદશાહનો માનીતો અને ઉમરાવોને અદેખાઈ કરવા જેવો થઈ પડ્યો હતો, તેને ઈ० સ० ૧૩૦૬ માં "મલેકનાયબ"નો ખિતાબ આપ્યો અને પ્રખ્યાત કામદારોવાળી એક સેના કે જેના ભાગ્યમાં દક્ષિણ હિંદુસ્તાનના દેશ જીતી લેવાનું લખેલું હતું તેનો સેનાપતિ ઠરાવ્યો. બીજા પ્રાન્તના સૂબાઓને પણ દક્ષિણની જીત કરી લેવામાં સામેલ રેહેવાને સૂચના કરવામાં આવી હતી, તે પ્રમાણે ગૂજરાતના સૂબેદાર અલપખાનને પણ હુકુમ થયો હતો. કૈલાદેવી જે અલ્લાઉદ્દીનની માનીતી બેગમ થઈ પડી હતી, તેના જાણવામાં આ ચઢાઈની વાત આવી

---

હ્મણોનો પાછો પગ થયો, તેઓ મધ્ય રાત્રિયે મોઢેરાપુર છોડીને નાઠા તે સાભ્રમતીના કોતરોમાં જઈ ભરાયા. મુસલમાની ફોજે ઘરો ખોદીને ધન લૂંટી લીધું. મોઢેરાનો કોટ અને દેવાલયો પાડી નાંખી નગર બાળ્યું. મોઢેરા અને તેના તાબાના ગામો ખાલસા કર્યાં. લોકોને વટાળી મુસલમાન કર્યા. ત્યાંના નાઠેલા મોઢ બ્રાહ્મણો જૂદે જૂદે સ્થળે જઈ રહ્યા છે. સમાધાની થવા માટે વિઠ્ઠલેશ્વરને પાદશાહ તરફથી તેના નિર્વાહ માટે કેટલોક ગ્રાસ બાંધી આપી, લૂંટેલું ધન લઈ મુસલમાનો અણહિલવાડ ગયા. આ વાત મોઢ બ્રાહ્મણોના ગ્રંથમાં લખી છે." ર. ઉ.

૨ આ આરસપાહાણ પ્રથમ અજમેરથી મંગાવેલા હતા અને તેના દેવળ આદિ બંધાવેલાં હતાં તેમાંથી અમદાવાદ જ્યારે રાજધાની થઈ ત્યારે ત્યાં વાપરેલા આરસપાહાણ ઘણાખરા પાટણથી ઘણી મેહેનતે ખોદાવી મંગાવી લીધેલા હતા. એમ મિરાતે અહમદિયા લખેછે.

ર. ઉ.

ત્યારે તે સુલતાનની પાસે ગઈ, અને તેના ગુલામ પાસેથી એક કામ કાઢી લેવાની તેને પ્રાર્થના કરી. તેણે કહ્યું કે હું કેદ પકડાઈ તેના પેહેલાં મારા રજપૂત ધણીના પેટની મારે બે કુંવરિયો હતી. તેમાંથી મારા સાંભળવામાં આવ્યું છે કે મ્હોટી તો મરણ પામી છે, પણ દેવળદેવી કરીને જે ન્હાની છે તેને મારાથી વિખુટી પાડી ત્યારે તે માત્ર ચાર વર્ષની હતી, માટે મારા ઉપર મેહેરબાની કરીને સરદારોને એવો હુકુમ આપવો કે દેવળદેવીને શોધી કાહાડીને દિલ્હી મોકલાવી દે. મલેકનાયબ કાફૂરને સુલતાને તે પ્રમાણે હુકુમ કરયો એટલે તેણે આવીને સુલતાનપુર મુકામ કરયો, અને દુખિયારો કર્ણરાજા જે નાસીને બાગલાન ગયો હતો ત્યાં તેને કાહાવ્યું કે દેવલ કુંવરીને અમારા સ્વાધીનમાં કરો, નહિ તો અમારી ફોજ સામા લડવાને તૈયાર થાઓ. રજપૂતને પોતાની પ્રિયપુત્રી હલકે ઠેકાણે આપવામાં દિલમાં દુઃખ લાગે ખરૂં, તોયપણ માથે આવી પડે, એટલે જ્યારે “ આકાશમાંથી અગ્નિનો વર્ષાદ વરસે, ત્યારે બાપે પોતાનાં બાળકોના સાધનથી પોતાનું રક્ષણ કરવું.” એ દિલગીરી ભરેલી કેહેવત પ્રમાણે કરવું પડે, પણ તેમ કરવાનો હજુસુધી ખરેખરો સમય આવ્યો ન હતો. ભીમદેવના વંશનો, સિંહહૃદયી સિદ્ધરાજનો ખરેખરો ક્રમાનુયાયી એવો જે કર્ણરાજા, તે પોતાની સર્વ પ્રકારની દુર્દશામાં પોતાની જાતની લાજ રાખી રહ્યો અને ઉપર પ્રમાણેની માગણી કોઈ પણ સાધનથી કબૂલ કરે એમ બન્યું નહિ. કાફૂરને લાગ્યું કે ઘાયલ થયેલા સિંહની પેઠે શત્રુની સામે મુખ કરનારા અણહિલવાડના ભાગ્યહીણ રાજાને ધમકી આપવાથી કંઈ ફળ થવાનું નથી તેથી તેણે પોતાની કૂચ જારી રાખી, અને અલપખાનને આજ્ઞા કરી કે ગૂજરાતની ફોજ લઇને ધારેલી ઇચ્છા પૂરી કરવાને સારૂ તમારે બાગલાનના પર્વત ભણી ચાલવું.

અલપખાનના સામો કર્ણરાજા થયો તેણે બે મહિનાની મુદત સુધી જીવની દરકાર કરયાવિના શૂરવીરપણાથી તેના સામી ટક્કર લીધી, એટલી વારમાં કેટલીક લડાઇઓ થઈ અને રસ્તો કરાવવાની અલપખાનની સર્વ મેહેનત વ્યર્થ ગઈ. આણીમગ આ પ્રમાણે અણહિલવાડનો છેલ્લો રાજા પછવાડેથી નિરાશ થવા જેવા કજિયા સામો શૂરવીરપણાથી ટકાવ કરેછે તેવામાં, એક બીજો રાજા જે જાતનો +મરાઠો હતો અને- કર્ણરાજાના

+ ચંદ્રવંશી યાદવશાખાનો રજપૂત મરાઠો.

સુખના દિવસોમાં ચાલુક્યવંશની કુંવરી સાથે લગ્ન કરવાને જે બરાબરિયો નહતો તેણે સમય ઓળખીને, દેવળદેવી પોતાને વેહેરે પરણાવવાને તેની પ્રાર્થના કરવા માંડી અને તેણે એવી આશા રાખી કે, કર્ણરાજા ખેદ પામતો પામતો પણ આવી ઓપટીની વેળામાં માગું સ્વીકારશે. દેવગઢનો* રાજા શંકરદેવ, આ માગું કરનાર હતો તે ઘણા દિવસથી દેવલદેવી સાથે પરણવાની આશા રાખતો હતો, તેનો ભાઇ ભીમ આ વેળાએ કર્ણ રાજાની પાસે ભેટ લઇને આવ્યો, દેવગઢ ભણીથી તેને આશ્રય આપ્યો, તથા તેને સમજાવીને કહ્યું કે લડાઈનું કારણ માત્ર તમારી કુંવરી છે, તે તેના ધણીના સ્વાધીનમાં તેના રક્ષણ નીચે ગઈ, એટલે મુસલમાનોનો સરદાર ધારશે કે હવે આપણી મતલબ બર આવવાની નથી, તેથી તે નિરાશ થઇને હિંદુસ્થાન પાછો જશે. આ રાજાના આશ્રય ઉપર કર્ણે ઘણો ભરોંસો રાખ્યો—તે બૂડતા માણસને તંખલું નાંખે તેના જેવો હતો; વળી તેણે વિચાર્યું કે ધિક્કારવા લાયક અને દ્રૂષ કરવા યોગ્ય મ્લેચ્છનાકરતાં, નીચાકુળનો હિંદુ કંઈક ઠીક છે, તેથી તેણે ખેદ પામતાં છતાં પણ શંકલદેવને પોતાની પુત્રી દેવાનું માન્ય કર્યું.

પણ આ ગોઠવણ કશા કામની રહી નહિ. અને કર્ણના ભાગ્યમાં માનભંગનો પ્યાલો કલંક પોહોંચતા સુધી પીવાનું સરજ્યું હતું. દેવલદેવીના લગ્નનો ઠરાવ સાંભળીને અલપખાનને ઘણી ચિંતા ઉત્પન્ન થઈ, અને એ ઠરાવ પોતાની કસુરથી થયો હશે, એવું સુલતાનના મનમાં આવે નહિ એટલા માટે કુંવરીને, જતા પેહેલાં ગમે તે કરીને પણ કબજે કરવાનો તેણે નિશ્ચય કરયો. કૈલાદેવીની પાદશાહઉપર કેવી સત્તા છે, તે એ સારી પેઠે જાણતો હતો; તેથી તેને ડર લાગતો હતો, અને જાણતો હતો કે મારી જીતની ઉપર મારા જીવનો આધાર રહેલો છે. તેણે પોતાના બીજા સરદારોને આ વાત જાહેર કરી, અને પોતાના જેટલુંજ જોખમ સર્વને માથે છે, એવું તેઓને ગળે ઉતારીને, તેઓને એક મત કરીને તેઓનો આશ્રય સંપાદન કરી લીધો—સર્વ બંદોબસ્ત ઘણી સંભાળથી કરયો; પર્વતના માર્ગોમાં સર્વેએ સામટો પ્રવેશ કરયો; કર્ણ રાજા નાશી જતો હતો

* શંકરદેવ જે "દેવગિરિ યાદવ" ના કુળનો હતો તેનું વર્ણન રૈયલ એશિયાટિક સોસાઈટીના પુસ્તક ૪ થાને પૃષ્ટ ૨૬ મે છે. વળી જુઓ પાછળ પૃ. ૪૫૦ ની ટીપ,

ત્યાં જઇ પોહોંચીને તેનો અટકાવ કરયો; તેની સાથે જે સામિલ હતા તેઓને વિખેરી નાંખ્યા, અને તેને પોતાને, હાથી, તંબુ, અને સામગ્રી રણક્ષેત્રમાં મૂકીને દેવગઢ નાશીજવાની જરૂર પડી; પર્વતોના સાંકડા રસ્તામાં અલ્લપખાને તેની પછવાડે દોડ કરી, અને આખરે દેવગઢના કિલ્લાથી માત્ર એક મંજલને છેટે આવી પોહોંચ્યો. નાશીજનારા કયે રસ્તે ગયા તેનો એને બીલકુલ પત્તો લાગ્યો નહિ, તેથી તે છેક નિરાશ થઈ ગયો, અને જાણે તેનો એકે ઉપાય રહ્યો હોય નહિ એવો દેખાવા લાગ્યો, તથા સુલટો પ્રસંગ ફરીને ઉલટો થયો એમ તેને લાગ્યું. પણ શૂરપણું અને સરસ કરીરાખેલી ગોઠવણથી પણ જે જય મેળવી લેવામાં નિષ્ફળ થઇ ગયો હતો, તે જય તેને અકસ્માત્ પ્રાપ્ત થઈગયો.

જેવામાં મુસલમાનોનો સરદાર પોતાની ફોજને આરામ આપવાને સારૂ ડુંગરાઓમાં મુકામ કરીને પડયો હતો, તેવામાં તેના સિપાઇઓની ૩૦૦ માણસની ટુકડી ઇલોરાની ચમત્કારિક કોરણી જોવાને નીકળી પડી. જે સાંકડા રસ્તાઓમાં થઇને તે ચમત્કારિક ગુફાઓ આગળ જવાતું હતું, તે રસ્તાઓમાં ચાલીને જેવા તેઓ આવ્યા કે એકાએક દેવગઢના વાવટાવાળા મરાઠા અશ્વારોની એક ટોળીનીસાથે તેઓનો ભેટો થઈ ગયો. તે ભીમદેવની ટોળી હતી, અને તે પોતાના ભાઈની ઘણા દિવસથી ધારી રાખેલી કન્યાને ઘેર લઈ જતો હતો. મુસલમાનો જો કે ઘણા થોડા હતા, તોપણ તેઓ એટલા બધા આગળ આવી ગયા હતા કે પાછા નાશી જવાનો લાગ રહ્યો ન હતો, તેથી તેઓ શત્રુનાઉપર તૂટી પડવાને બદલે તેઓની રાહ જોતા પોતાનું રક્ષણ કરવાને તૈયાર થઇ ઉભા રહ્યા. ભીમદેવનીસાથે દેવળદેવી હતી તેથી તેના મનમાં ઘણી ચિંતા હતી, માટે ખુશીથી લડાઇ કરવાનું તેણે માંડી વાળ્યું હોત, પણ દુશ્મનો મ્હો આગળ આવી પોહોંચ્યા હતા અને તેઓ દેવગઢ જવાના રસ્તા વચ્ચે હતા, તેથી લડાઈ કર્યાવગર તેને સિદ્ધિ રહી ન હતી. તત્કાળ બંને ટોળિયો યુદ્ધ કરવાને મચી ગઈ; પેહેલાજ હલ્લામાં કેટલાએક હિંદુઓ નાઠા, અને જે ઘોડાઉપર દેવળદેવી બેઠી હતી તે ઘોડાને તીર વાગવાથી તે હેઠે પડી. ઘણું તુમુલ યુદ્ધ થયું; શીરોઇ અને આર્મેસ્તાનની તરવારો સરખે સરખી લોહી લોહાણ થએલી, કર્ણ રાજાની પુત્રીના ચતાપાટ પડેલા શરીર ઉપર છવાઈ ગઈ; અને ભૂલથી તેનાઉપર થતા ઘાએ તેનો જીવ લઇને તેના કુલની

પ્રતિષ્ઠા બચાવી હોત, પણ તેની દાસિયે ગભરાઇને તેનું નામ દીધું, એટલે જેને તેઓ કેટલીએક મુદ્દતથી ખોળતા હતા પણ પતો લાગતો નહિ, અને આખરે જેનો આવી ચમત્કારિક રીતે શોધ લાગ્યો, તે કોણ હતી અને તેનો મર્ત્તબો શો હતો તે તેઓના જાણુવામાં આવી ગયું. અણુહિલવાડની રાજ્યકન્યાને માનથી અને સંભાળથી અલપખાનની છાવણીમાં લઈ ગયા. જે પાદશાહઉપર આ કન્યાની મા અતિ ઘણી સત્તા ચલાવતી હતી, તે પાદશાહને આ લૂંટમાં મળેલી વસ્તુ અર્પણ કરવામાં આવશે ત્યારે તે કેવો રાજી થશે તે એ સરદાર સારી પેઠે જાણુતો હતો. તેથી પોતાનો લશ્કરી વ્યાપાર આગળ ચલાવવો નહિ એવો નિશ્ચય કરીને તે ગૂજરાત આવ્યો, અને આ જુવાન કુંવરીને લઇને દિલ્લી જઇ બેગમના હાથમાં સ્વાધીન કરી. તે રાજધાનીમાં આવી પોહોંચી નોહોતી તેના પેહેલાં તો, પોતાની તુલના થાય નહિ એવી સુંદરતાને લીધે અલાઉદ્દીનના શાહજાદાનું હૃદય જીતી લીધું હતું. તે તેની સ્ત્રી થઇ, અને કેટલીક મુસલમાન સુંદરિયો જે પદ મેળવવાને બેશક આતુર થઇ રહી હશે, તે પદ તેણે મેળવ્યું. તોપણ, જેવામાં રાજસભાની વચ્ચે તેના મોહિનીરૂપનાં વખાણ ગાજી રહ્યાં હતાં, અને [1]અમીરખુશરૂનો સતાર ખીજરખાં અને દેવળદેવીના ઉત્કૃષ્ટ

---

૧ સાહર એટલે કવિ હતો તેણે "ઇશ્કિયા" એવા નામની કિતાબ બનાવી છે તેમાં ખીજરખાં અને દેવલદેવીના પ્રેમનું વર્ણન છે. તે આ રીતેઃ—

| | |
|---|---|
| ૧ દેવલરાનીકે હસ્ત અંદર ઝમાંનાં | ઝતાઊસાને હિંદુસ્તાં ચગાંનાં |
| ૨ બરસ્મે હિંદવી અઝનામ નાબશ | દરઅવ્વલબૂદ દેવલદી ખિતાબશ |
| ૩ બનામેઆં પરીચું દેવરાહ દાસ્ત | ફિસું બંદાઝઆં દેવશ નિગહદાશ્ત |
| ૪ ચુનાંરસ્મી બદિલ કરદમ મરાઆત | કિઅઝ હિંદી અલેમ બરઝદ બહિંદાત |
| ૫ ચકી ઈલ્લત દરો બફગંદમ અઝકાર | કિદેવલરા દરો કરદમ બહુનજાર |
| ૬ દેવલ ચુંજમા દોલતહાસ્ત દરશમા | દરીંનામાસ્ત દોલતહા બસીજમા |
| ૭ ચુરાની બૂદ સાહિબ દોલતો કામ | દેવલરાની મુરક્કબ કર્દમશ નામ |
| ૮ ચુનામે ખાં બનામે દોસ્ત ઝમશુદ | ફલક દર ઝિલ્લે ઇં હરદો અલમ શુદ |
| ૯ ખિતાબે ઇં કિતાબે આશકી મહર | દેવલ રાની ખિઝરખાં માંદ દરદહર. |

અર્થ.

૧. રાણી દેવલદેવી આ વખતમાં હિંદુસ્તાનના મોર પક્ષીઓમાં એક્કો છે એટલે કે સૌંદર્યમાં સર્વોપરી છે.

૨. હિંદુસ્તાનની રીતને અનુસરી દેવલદેવી એવા નામ મુબારકથી સર્વોપરી ઈલકાબ તેને મળ્યો હતો.

૩. આ પરીના નામ ઉપરથી દેવોમાં રસ્તો નીકળ્યો અને એ નામના મંત્ર થકી બંધાએલા દેવો તેની રક્ષા કરવા લાગ્યા.

પ્રેમવિષે વખાણ અમર કરી રહ્યો હતો તેવામાં, શંકરદેવના નિરાશ થ-એલા પ્રેમનો વિચાર આવવાથી, અથવા પ્રતિષ્ઠાહીન થયેલા અને વિખુટા પડેલા બાપવિષે અતિ ઊંડા શોકમાં પડવાથી તેનાઉપર શોકનું આચ્છાદન નહિ થયું હોય એવું કોણ કહી શકે ! અણહિલવાડના સર્વથી છેલ્લા અને અત્યંત દુર્ભાગી રાજાવિષે ઇતિહાસમાં વિશેષ નોંધ થઇ નથી. તેને તેના દેશથી અને ગાદીથી હાંકી-કાહાડેલો, રજપૂતને તેના ઘર કરતાં અને તેની સત્તા કરતાં પણ વિશેષ વાહાલી એવી તેની પ્રતિષ્ઠા લૂંટી લેવામાં આવેલી, તેની સ્ત્રિયે હેત ઉતારી તેનો ત્યાગ કરેલો, અને તેના દુર્ભાગ્યમાં છેલ્લામાં છેલો અને દુસ્સહ ડંશ વેઠવાનું જેના ભાગ્યમાં લખેલું એવી તેની કુંવરિયે પણ છેવટે તેનાઉપરથી હેત ઓછું કરીને તેને જતો મૂકેલો, એવો તે ક-ર્ણરાજા કદાપિ કોઈ નામ ઠામ જાણે નહિ એવી સ્થિતિમાં રઝળતો મરી ગયો હશે. આવું છતાં પણ રાજા કર્ણનો ખેદ શાન્તિ પામ્યો નહિ હોય. અ-ણહિલવાડના ખેદાનમેદાન થઇ ગયેલા બંદરમાંથો (ખંભાત) મુસલમાનો જે લૂંટ લઈ ગયેલા તેમાં એક સંતાઈ રહેલો નાગ (કાફુર) જેના નસીબમાં તેઓના હૃદય વચ્ચે ડંશ દેવાનું સરજ્યું હતું તે પણ સાથે ગયો હતો. વર્ષ પછી વર્ષ વીતી ગયાં, અને લોહીમાં રગદોળાયલા અલાઉદ્દીનના વા-વટાઓની સાથે જીત બંધાઈ ગએલી દેખાવા લાગી; તોપણ ભાગ્યદેવી પોતાનો ધીરે ધીરે ઊતરતો પણ નિર્દય ખડ્ગ લઇને આકાશમાં ભમ્યાં ક-રતી હતી. પાદશાહ "પોતાના હથિયારોની ફતેહ થતી જોઇને ફૂલી ગયો હતો

૪. તેજ રીતને અનુસરી મેં પણ અંતઃકરણથી તેની નિગહબાની કરી, અને હિંદુસ્તાનની સઘળી સ્ત્રિયો ઉપર તેનું નિશાન ફરકયું.

૫. એ સંબંધમાં કારણને લઈ એક કામ મેં એ કર્યું કે દેવલદેવીને બધી સ્ત્રિયોના ભૂષણરૂપ વર્ણવી.

૬. દેવલ શબ્દ દોલતનું બહુવચન છે એમ સાંભળવામાં છે તે ઉપરથી મેં પણ આ પુસ્તકમાં તેને નવ નિધિરૂપે ગણી છે.

૭. તે લક્ષ્મી અને મુરાદ (ઈચ્છા) એ બંને બાબતો પૂરી પાડવામાં સરદાર હતી તે કારણને લીધેજ તેનું દેવલદેવી રાણી નામ મેં પ્રસિદ્ધ કર્યું છે.

૮. જ્યારે ખાનનું નામ મિત્રના નામ સાથે મળ્યું એટલે કે જોડાયું ત્યારે એ બંનેનાં નામની કીર્ત્તિ આસમાન સુધી ફેલાઈ.

૯. આ પુસ્તકનું નામ આશકીનો સૂર્ય એટલે કે પ્રેમસૂર્ય એવું પાડ્યું તે એ-ટલા માટે કે ખિઝરખાં અને દેવલદેવી એ બંને નામ સંસારમાં હમેશાં સૂર્ય જેમ કાયમ છે તેવાં કાયમ રહે. ભા. ક.

"અને તેના માથામાં ઘણો પવન ભરાઇ ગયો હતો. તેના રાજ્યના આ-
"રંભમાં તે બીજાની સલાહ સાંભળતો તે પ્રમાણે કરવાનું હવે તેણે છોડી
"દીધું, અને સર્વ તેના એક હુકમપ્રમાણે થવા લાગ્યું. તોપણ એના રા-
"જ્યવિષે એવું લખેલું છે કે એની વેળામાં રાજ્યની જેવી ચડતી કળા
"થઈ તેવી કદિ થઈ નથી; છેક આઘેના પ્રાન્તોમાં વ્યવસ્થા અને ન્યાય
"વર્તાઈ ગયો, અને દેશમાં શોભા વધવા લાગી. મેહેલ, મસજીદો, પાઠ-
"શાળાઓ, સ્નાનશાળાઓ (હમામખાના), મિનારા, કિલ્લા અને સર્વ
"જાતની સાર્વજનિક અને ખાનગી ઈમારતો જાણે જાદુથી થતી હોય
"એમ થવા લાગી. એના રાજ્યમાં વિદ્વાનોનો જેવો મેળાવડો થયો હતો તેવો
"કોઇ કાળે પણ થયો નહતો."

"પણ પાદશાહ તેના મહિમા અને સત્તાની ટોચે પોહોંચ્યો હોય
"એમ દીસવા લાગ્યું; અને જેમ સર્વ વસ્તુ નાશવંત છે અને નિરંતરપણું
"માત્ર ઈશ્વરને છે, તેમ પાદશાહની ચડતી કળાની પરિપૂર્ણતા ઘટવા
"લાગી, અને તેના રાજ્યનું તેજ ઝાંખું પડવા લાગ્યું." મલેક કાફૂર જે
એક હજાર દિનારનો ખંભાતનો ગુલામ હતો, અને જેને તે રાજનીતિથી
ઉલટાં અને જુલમ ભરેલાં કામમાં આંધળો થઇને આશ્રય આપતો હતો,
તેથી ઉમરાવોને અરૂચિ ઉત્પન્ન કરાવી હતી અને લોકોમાં સર્વત્ર અસંતોષ
ઉપજાવ્યો હતો, તેના સ્વાધીનમાં પોતાના સર્વ રાજકારભારની લગામ તેણે
સોંપી દીધી. મલેક કાફૂર ઘણા દિવસથી રાજ્ય લઈ લેવાનું તકાસતો હતો,
તે હવે પાદશાહના વંશનો છેડો આણવાના ઉપાય કરવામાં ખરેખરો ગું-
થાયો. દેવલદેવીનો ધણી ખીજરખાન, અને તેના બાપના રાજ્યનો નાશ
કરનાર અલપખાન એ બન્ને સુલતાનનો જીવ લેવાને સલાહ કરેછે, એવું
તેમના ઉપર તોહોમત આણીને તે બન્નેનો ઘાટ તેણે પેહેલો ઘડ્યો, અને
લુચ્ચાઈની તથા દુષ્ટ બુદ્ધિની જાળ માત્ર *ઈયાગોનો હાથ વણી શકે એવી
તૈયાર કરીને તેમાં તેઓને સપડાવી દીધા. આ વેળાએ સર્વના મનમાં
રાજ્યના સામું બંડ મચાવાનો અગ્નિ, જે ઘણા દિવસથી ધૂંધવાયા કરતો
હતો, તે બાહાર ફૂટીને સળગી ઉઠવાનો પ્રારંભ થવા માંડ્યો અને જે ગૂ-
જરાતની ભૂમિયે વનરાજના ક્રમાનુયાયિયોની આજ્ઞા માન્ય કરેલી તેઓનું

* શેકસપિયરના "આથેલો" ના નાટકમાં ઈયાગોનું કાવતરૂં ઘણું આશ્ચર્ય-
કારક છે. જુવો અમારૂં શેકસપિયર કથાસંગ્રહનું પુસ્તક. ભા. ક.

વૈર લેવા તેમના નાશકરનારની ચિતા સળગાવવાને જાણે પેહેલ કરતી હોય, તેમ પેહેલી ચિનગારી ગૂજરાતમાં સળગી અને આખી ગૂજરાત બંડ કરવાને ઉઠી. આ બંડ બેસારી દેવાને સુલતાને કમાલખાન નામના એક પ્રખ્યાત સરદારને મોકલ્યો, પણ મારી નાંખેલા અલપખાન સૂબાના માણસોએ બહુ ખૂનરેજી કરીને તેને હરાવ્યો. આ સમયે ચિતોડના રજપૂતો પોતાની અસલની કીર્ત્તિ મનમાં લાવીને ઊઠયા. અને પોતાના કિલ્લા ઉપરથી મુસલમાનોને ઉથલાવી પાડીને તેમણે તેમનું સ્વતંત્રપણું પાછું સ્વાધીન કરી લીધું; અને હરપાળ જે શંકરદેવનો બનેવી થતો હતો તેણે દક્ષિણમાં બંડ મચાવીને મુસલમાન કિલ્લેદારોને હાંકી મૂક્યા. આ સમાચાર અલ્લાઉદ્દીન ખૂનીને કાને પડતાંજ ક્રોધનો ભરચો નિષ્ફળ ઘડ પછાડા મારવા લાગ્યો. તેને ગુસ્સો અને શોક થવા લાગ્યો તેથી માત્ર તેના શરીરની અવ્યવસ્થા વધવા લાગી તે ઉપર કોઈ પણ ઓષધની ટેકી લાગી નહિ, અને ઈ૦ સ૦ ૧૩૧૬ ના ડિસેમ્બર મહિનાની ઓગણીસમી તારીખની સાંજે મરણ પામ્યો. જે દુષ્ટને, તેણે પોતાના માંસ, લોહી, અને મહા રંજ ખેંચીને મેળવેલી રાજસત્તાનું સત્વ ખેંચી લેવાને, ધૂળમાંથી ઊંચો ચડાવ્યો હતો, તે દુષ્ટે (કાફૂરે) તેને ઝેર દીધું એવો તેના ઉપર વેહેમ રહી ગયો.

# વિભાગ ૨ જો.

## પ્રકરણ ૧.

### મુસલમાનોની કારકીર્દિનો પ્રારંભ.

જીત પામેલા મુસલમાનોએ, રાજધાની નગર અણહિલપુર, ખંભાત, ભરૂચ, અને સુરત એ બંદરો, તથા સિદ્ધરાજના વંશના રાજાઓના તાબામાં જે દેશ રહ્યો હતો તેનો ઘણો ભાગ તરતજ પોતાને સ્વાધીન કરી લીધો. તથાપિ દેશનો ઘણો ભાગ કેટલાક કાળસુધી છેક સ્વતંત્ર ચાલ્યાં કરયો, અને પછવાડેથી અહમદાબાદના સુલતાનોએ કદાપિ રેહેતાં રેહેતાં એ ભાગ ખંડિયો કરી દીધો ખરો, તોયપણ તેનો સંપૂર્ણ કબજો તેઓનાથી થઈ શક્યો નથી, તેમજ અણહિલવાડના રાજાઓના સમયમાં તેઓ મુખ્ય રાજ્યની સાથે જેવો સ્વાભાવિક સંબંધ ધરાવતા હતા તેવો સંબંધ તેઓએ આ સમય આવતાલગી મુસલમાનો સાથે કરયો નહતો. રાજવંશી વાઘેલા રજપૂતોની એક શાખા, સાબ્રમતી નદીની પશ્ચિમ ભણીના દેશનો ઘણો ભાગ પોતાના સ્વાધીનમાં ચલાવાલાગી; તેમજ રજપૂતોની બીજી શાખાઓ–તરસંગમાના પરમાર અને ઈડરના રાઠોડની–થઈ હતી તે વીરપુરથી મહીનદીના કિનારાઉપરથી, પોસીનાના કિનારાસુધી ડુંગરની ભીતરમાં આવેલા અંબાભવાનીના દેવલની પેલીપાર, ગૂજરાતની છેક ઉત્તર દિશાની સીમાસુધી જૂદેજૂદી પોતાની હકુમત રાખી રહી. ઝાલા રજપૂતો પણ કચ્છના ન્હાના, ચુંવાલી ને ખંભાતના અખાતની વચ્ચેના સપાટ દેશમાં પાકે પાયે સ્થપાયા; આ રજપૂત જાતિઓની કેટલી શાખાઓ તથા અસલ શુદ્ધ અથવા મિશ્ર વંશની બીજી જાતિઓ ચુંવાળમાં પ્રસરી ગઈ, અને ડુંગર અથવા જંગલોની, પ્રવેશ થઈ શકે નહિ એવી અને ઘણી આઘેની જગ્યાઓમાં દેખાવા લાગી; પૂર્વભણી પાવાગઢના કોટ ઉપર કાલિકા માતાની ધ્વજા રજપૂત રાજાઓની રખવાળી નીચે ફરકતી હતી. તેમજ પશ્ચિમમાં ખેંગારના વારસ ( ચૂડાસમા ) પોતાનો પ્રસિદ્ધિ પામેલો જૂનાગઢનો કિલ્લો દૃઢતાથી રાખી રહ્યા. અને જે દ્વીપકલ્પઉપર તેઓ ઘણા કાળસુધી, કોઈના ભણીનો વાંધો ઉઠયાવિના પોતાનું રાજ્ય ચલાવતા હતા તેના ઘણા ભાગ ઉપર સત્તા ચલાવવા લાગ્યા; અને અસલ તેમનાથી જે ઉત્પન્ન થયાનું ડોલ ધરાવનારા ઠાકોરો બાકી રહેલી જગ્યાઉપર પ્રસરી ગયા તેમાં ગોહેલ રજપૂતો વિખ્યાતી પામેલા હતા,

તેઓ ઘોઘા અને પીરમ તથા દરિયા કિનારા ઉપરનો પ્રાન્ત જે તેમના નામ ઉપરથી ગોહિલવાડ કહેવાયો તેના ધણી હતા.

આ હિંદુ સંસ્થાન બંધાયાં તેનું વર્ણન કરવું એ અમારો મુખ્ય વિષય છે. તેઓને મુસલમાન ઇતિહાસકોએ તો કાફર, રાજદ્રોહી, અને બંડખોરના પદથી ઘણા ખરા વર્ણવેલા છે. તોયપણ તેઓ જેવું લખી ગયા છે તેજ પ્રમાણે અમે અત્રે તેમનાજ શબ્દોમાં દાખલ કરિયેછિયે તે ઉપરથી સ્પષ્ટ જણાઈ આવેછે કે, અલ્લાઉદ્દાન સરખાના સરદારોથી પણ જીતી શકાયું નથી. તેમજ તેની પછી થનારાઓએ તેનો તેજ ઉદ્યમ ચાલુ રાખ્યો છતાં, આગળ ઉપર આપણા જોવામાં આવશે તે પ્રમાણે તેઓ સંપૂર્ણ રીતે પોતાની ઇચ્છા પૂર્ણ કરી શકયા નથી.

અલ્લાઉદ્દીનના મરણ પછી મલેક કાફૂર થોડી વાર સુધી રાજ્ય બથાવી પડયો હતો, તેના મરણ પછી અલ્લાઉદ્દીનનો શાહજાદો મુબારક ખીલજી ઈ૰ સ૰ ૧૩૧૮ માં દિલ્હીની ગાદી ઉપર બેઠો, અને તેના રાજ્યના પેહેલાજ વર્ષમાં ફેરિસ્તાના લખવા પ્રમાણે ગૂજરાતમાં ચોગરદમ બળવો ઉઠયો હતો તે બેસારી દેવાને તેણે મલેક કમાલુદ્દીનને મોકલ્યો. પણ તે ગૂજરાતમાં ગયો ને તરતજ લડાઈમાં મારયો ગયો એટલે ઇનુલમુલ્ક મુલતાનીને બીજી ફોજ આપીને મોકલ્યો. એ સરદાર ઘણો વખણાયલો અને કુશળ હતો, તેણે રાજદ્રોહી લોકોને હરાવ્યા. તેઓના સરદારોને કાપીનાંખ્યા અને દેશમાં શાન્તિ કરી દીધી. ત્યારપછી પાંદશાહે ગૂજરાતનું રાજ્ય પોતાના સસરા [1]ઝફરખાનને સોપ્યું. ઝફરખાન ફોજ લઇને અણહિલવાડે ગયો ત્યારે તો ત્યાં પાછું ફરીને બંડ મચી રહેલું હતું. તેણે બંડખોરોનો પરાજય કરયો, તેઓની જાગીર જપ્ત કરી લીધી, અને ખજાનો પાદશાહને મોકલાવી દીધો, આ સરદાર રાજ્યને મુખ્ય આશ્રય આપનારો હતો અને તે કશા વાંકમાં આવ્યો ન હતો, પણ પાદશાહ ઢંગ વિનાનો હતો તેથી તેણે તેને પાછો બોલાવીને મારી નાંખ્યો. ત્યારપછી પરમાર કોમનો એક હિંદુ સરદાર હિસ્સામુદીન કરીને હતો તે તેનો કમાનુયાયી થયો, પણ તેનો અધિકાર સ્થિર થયાને થોડી વાર થઈ

---

૧ ફેમલેકેદુનિયા એનું પ્રથમ નામ હતું તેને ઝફરખાને ફતેહનો સરદાર એવો ખિતાબ આપવામાં આવ્યો હતો. તેણે આવ્યા પછી ત્રણ ચાર માસમાં બંદોબસ્ત કરી દીધો. "મિરાતેઅહમદી." ર. હ.

નહિ એટલામાં પરમારોનું ટોળું ભેગું કરીને તેણે બંડ કર્યું. તથાપિ ગૂજરાતમાં પાદશાહના બીજા ઉમરાવો હતા તેઓએ હથિયાર પકડીને તેને હરાવ્યો અને કેદ કરીને દિલ્હી મોકલી દીધો. મલેક [1]વજીહુદ્દીન કુરેશી એક શૂરો અને ચંચલ સરદાર હતો તેને હિસ્સામુદ્દીનની જગ્યાએ ગૂજરાત મોકલ્યો; તેણે આવીને દેશમાં શાન્તિ ચલાવી દીધી. તેને પાછો બોલાવીને મલેક ખુસરૂ જે હિસ્સામુદ્દીનનો [2]સગો થતો હતો, અને જે કેટલીકવાર સુધી પાદશાહનો માનીતો થઈ પડ્યો હતો તેને ગૂજરાતનો સૂબો ઠરાવ્યો, પણ તે લોભે કરીને પોતાના ધણીની ગાદી છીનાવી લેવાના ભેદમાં હતો તેથી તેણે જાતે આવીને સૂબાગીરી કરી હોય એમ જણાતું નથી. મુબારક ખીલજીને ઈ૦ સ૦ ૧૩૨૧ માં મલેક ખુસરૂએ મારી નાંખ્યો. તે પોતાના વંશનો છેલ્લો બાદશાહ હતો.

[3]ગ્યાસુદ્દીન તુગલુખના વારામાં [4]તાજુલમુલ્કને ગૂજરાતના રાજ્ય ઉપર ઠરાવ્યો હતો તે એવા હેતુથી કે, "એ ત્યાં જઇને તે દેશ તાબામાં કરી લે;" અને મહંમદ તુગલુખના વારામાં [5]અહંમદ અય્યાઝને ગૂજરાતની સૂબાગીરી આપી મલેક મુકબીલને તેનો વજીર ઠરાવ્યો. આ વેળાએ બીજા કેટલાક સરદારોને ગૂજરાતમાં જાગીરો મળી, તેમાં એક મલિક-[6]કુતુજાર, અથવા વ્યાપારિયોનો મુખ્ય એવા પદનો હતો તેને સુરતની

---

૧ પછવાડેથી તેને પાછો બોલાવીને કુતુબુદ્દીન મુબારકશાહે પોતાનો વજીર બનાવીને તેને તાજુલમુલ્ક એટલે દેશનોમુકુટ એવો ખિતાબ આપ્યો.

૨ બંને એક માના દીકરા હતા.

૩ 'તારીખે ફિરોઝશાહી' અને 'મિરાતે અહમદી'માં લખ્યા પ્રમાણે ગાઝીયુલમુલ્ક નામે અમીર હતો તેને ગ્યાસુદ્દીન તુઘલુખશાહ ખિતાબ ધારણ કરાવીને અમીરોએ ગાદિયે બેસાડ્યો.

૪ 'મિરાતે અહમદી'માં તાજુદ્દીન જાફરને ગૂજરાતનો સૂબો ઠરાવ્યાનું લખ્યું છે.

૫ ખાનેજહાનનો અલકાબ આપીને પાદશાહે તેને ગૂજરાતનો સિપેસાલાર (સેનાપતિ) બનાવ્યો. અને અહમદ અયાઝનો ગુલામ મલેક મુકબિલ હતો, તેને ખાનેજહાનનો ખિતાબ આપીને ગૂજરાતનો વઝીર બનાવ્યો; તથા બખતિયાર નામનો કોઈ લંઘો હતો તેને મુલતાન તથા ગૂજરાતની સૂબાગીરી આપી. એમ ફિરિશ્તામાં લખ્યું છે.

૬ મલેક ઈફ્તિખારનો ખિતાબ મલેક શાહાબુદ્દીનને આપેલો તે આ શખ્સ છે. વાંચવામાં ભૂલ થવાથી મલેકુત્તુજ્જાર લખાયું છે.

નીચેની નવસારીની જાગીર મળી. ઈ૦ સ૦ ૧૩૨૭ માં તુર્મુશરીનખાન કરીને એક મોગલ સરદારે હિંદુસ્થાન ઉપર ચડાઈ કરી તેને મહંમદ તુ-ઘલુખે લગભગ આખા રાજ્યના મૂલ જેટલી લાંચ આપીને પાછો કાહાડયો, એટલે તેણે ગૂજરાત અને સિંધને રસ્તે જતાં બંને દેશ લૂંટયા અને ઘણા લોકોને પકડી ગયો.

વીસ વર્ષ પછી મલેક મુકબિલ જે ગૂજરાતની સૂબાગીરિયે ઠરેલો જણાયછે તેને અને અમીર [1]જુડીદા અથવા મોગલ લોહીના સરદારોને અણુબનાવ થયા ઉપરથી તે તેમનાથી ડરી ગયો, અને સરકારી ખજાનાનું રક્ષણ કરવા સારૂ સરકારી તબેલા માંહેથી ઘોડા એકઠા કરીને ખજાનો લ-ઇને દિલ્હી ભણી ચાલ્યો, તેને વડોદરા અને ડભોઇને રસ્તે જતાં અમિ-રોએ લૂંટી લઇને અણહિલવાડ ભણી નાશી જવાની જરૂર પાડી; આ તોફાન થયાના સમાચાર સાંભળવા ઉપરથી પાદશાહ ગૂજરાત ભણી જાતે નીકળી ચાલવાને તૈયાર થયો; પણ માળવાના સૂબેદાર અયીઝે કહ્યું કે હું અગાડી જઇને બંડ બેસારી દઉંછું તે ઉપરથી તેને આગળ જવા દીધો. તે તે પ્રમાણે ગૂજરાતમાં પેઠો, પણ અમીરોએ તેનો પરાભવ કરીને તેને ઠેર કરયો, તે સમાચાર બાદશાહે જાણ્યા એટલે પોતે નીકળી આવ્યો.

મહંમદ તુઘલુખ આબુગઢને ડુંગરે આવી પોહોંચ્યો એટલે પોતાના સરદારોમાંથી એકને અમીરોના ઉપર મોકલ્યો. દેવી ( ડીસા ? ) ગામની પાસે એક લડાઈ થઈ અને બંડખોરોની પૂરેપૂરી હાર થઇ. પાદશાહ પછી ધીરે ધીરે ભરૂચ ભણી ચાલ્યો; નર્મદાના કાંઠા ઉપર એક બીજી લડાઈ થઈ તેમાં પણ પાદશાહની ફોજની જીત થઈ—તે ફોજે પછીથી ખંભાત અને સુરત શેહેર લૂંટયાં. મહંમદ તુઘલુખ પછી દેવગઢ ઉપર ચડાઈ કરવાને ચાલ્યો. તેનું દૌલતાબાદ નામ આપીને દિલ્હીથી રાજધાની ઉઠાવીને ત્યાં કરવા સારૂ તેણે ઘેલાઈ કાહાડીને બેવાર પ્રયત્ન કરયો. તે ઘેરો ઘાલીને પડયો હતો તેવામાં તેને સમાચાર મળ્યા કે, ગૂજરાતના

[1] મહંમદ તુઘલુખના સમયમાં તુર્મશઝીનખાનના જમાઈ મલિક નોરોઝ સાથે મોગલ અમીરો આવ્યા હતા અને તેના રાજ્યમાં નોકર રહ્યા હતા તેમાં જે ૧૦૦૦ માણસનો અમાર હતો તે અમીરેસદા અથવા તુર્કીમાં ચુજબાસી કેહેવાતો અને જે ૧૦૦ માણસનો અમીર હતો તે અમીરેહજારા કેહેવાતો આવા અમીર ઘણા હવા.

અમીર જુડીદાની સાથે ઘણા હિંદુ જમીદારો મળી ગયા છે, અને તેણે અણહિલવાડ કબજે લીધું છે એટલુંજ નહિ, પણ સરકારી અધિકારીને મારી નાંખ્યો છે; સુબાને કેદ કરયો છે; અને ખંભાત લુંટીને ભરૂચને ઘેરો ઘાલવાના કામમાં લાગ્યો છે. બાદશાહ દૌલતાબાદ છોડીને ભરૂચ ભણી ચાલ્યો. એટલે બંડખોર લોકો ખંભાત જતા રહ્યા તેમની પછવાડે પાદશાહે જે સરદારો મોકલ્યા હતા તેમની સાથે તેઓએ ટકાવ કરયો અને તેમને હરાવ્યા. તે ઉપરથી વેર વાળવાનો નિશ્ચય કરીને મહંમદ તુઘલુખ ખંભાત ભણી ચાલ્યો ત્યારે ફરીને પાછા બંડખોર લોકો તેનાથી નાશી ગયા, પણ ઋતુ સારી ન હતી અને રસ્તા પાંશરા ન હતા તેથી પાદશાહને પોતાની ફોજ સહિત આસાવળ (હાલનું અસારવા) આગળ છાવણી નાંખીને પડવાની અગત્ય પડી. આજે અમદાવાદ છે ત્યાં આગળ એ ગામ હતું; ત્યાં પાદશાહ પડયો હતો તેવામાં બંડખોર લોકોએ અણહિલવાડ જઇને ફોજ એકઠી કરીને પાદશાહની સામે લડવાને ચડી આવ્યા; કડી આગળ લડાઈ થઈ તેમાં પાદશાહની ફોજની જીત થઈ; અને બંડવાળા સિંધ ભણી નાશી ગયા એટલે મહંમદ તુઘલુખે વનરાજના નગરમાં પ્રવેશ કરયો, અને વ્યવસ્થા કરવા સારૂ કેટલીકવાર સુધી તે ત્યાંજ રહ્યો.

પાદશાહે તે વર્ષનો ઘણો ખરો ભાગ પોતાની ફોજ ઉભી કરવામાં ગૂજરાતમાં કાહાડયો, અને બીજું વર્ષ જૂનાગઢને ઘેરો ઘાલવામાં અને [1]કચ્છ તાબે કરી લેવામાં ગયું. જૂનાગઢનીપાસે ગોંડલમાં તેને નાશકારક રોગ થયો તેથી છેવટે તેનું મોત થયું, પણ સિંધુનદીસુધી તેની ફોજ લઈ જવાને તેને તે વેળાએ અડચણ થઈ નહિ, ત્યાં જઈ સિંધના સુમરા રાજાએ, નાશી પેઠેલા અમીરોને ઓથ આપી હતી, તેને તેણે શિક્ષા કરી.

ફિરોઝતુઘલુખે પોતાના વારામાં નગરકોટની જીત કરી લીધા પછી સિંધસાથે લડાઈ ચલાવવાનું ધારયું હતું, પણ ચોમાસાને લીધે તેને તે વિચાર બંધ પાડવાની અગત્ય પડી હતી. તેથી તે ચોમાસામાં ગૂજરાત જઇને રહ્યો ને ત્યાર પછી સિંધ પાછો ગયો. કેટલાંકવર્ષ વિસાપછી (ઈ૦ સ૦ ૧૩૭૬) ગૂજરાતની ઉપજ છેક ઘટી ગઈ, તે ઉપરથી શમસુદ્દીન દમઘાની

---

૧ આ વેળાએ કચ્છમાં જામ કાંયાજી રાજ્ય કરતા હતા. ઈ૦ સ૦ ૧૩૫૦.

૨. ૭.

નામના એક સરદારે કહ્યું કે, " મને જો ત્યાંનો સૂબો ઠરાવો તો હું મેહેસુલ ઉપરાંત ઘણી *મ્હોટી રકમ આપું. આ વાત પાદશાહને ગળે ઉતરી, એટલે જૂના સૂબા (સમસુદ્દીન અનવરખાન) ની તે પ્રમાણે આપવાને ખુશી છે કે નહિ તે તેને પૂછી મંગાવવા ઉપરથી તેણે ના કહી એટલે શમસુદ્દીનને તેની જગ્યાએ ઠરાવ્યો. તે ત્યાં ગયો તો ખરો પણ પોતાના ઠરાવ પ્રમાણે વસુલ આપી શક્યો નહિ ને ઉલટું તેણે બંડ મચાવ્યું. એટલે જે લોકોના ઉપર તેણે જુલમ ગુજારચો હતો તેઓ આ સમય સાધીને વેર લેવાસારૂ પ્રાન્તના પરદેશી અમીરોસાથે મળી ગયા તેથી શમસુદ્દીન હારચો અને મારચો ગયો. ફરહતુલમુલ્કને ત્યાર પછી સૂબાગીરી મળી ને તે ઈ૦ સ૦ ૧૩૮૭ ની સાલસુધી તેની પાસે રહી, ત્યાર પછી તે વર્ષમાં તેની જગ્યાએ બીજો સૂબો ઠરચો એટલે તેણે પણ બંડ મચાવ્યું, અને તેના ભેગા પરદેશી સરદારો મળી ગયા તેથી તેણે પોતાની જગ્યાએ ઠરેલા સૂબાને હરાવીને ઠેર કરચો ત્યાર પછી ગ્યાસુદ્દીન તુગલુખે તેને ગૂજરાતની સૂબાગીરી ઉપર કાયમ કરચો એટલે ઈ૦ સ૦ ૧૩૯૦ સુધી કારભાર ચલાવ્યો ત્યાર પછી સ્વતંત્ર થઇ પડવાની આશાએ તેણે ફરીને બંડ મચાવ્યું. તેણે પોતાની મતલબ સાધ્ય કરી લેવાની આશાએ હિંદુઓના ધર્મને પુષ્ટિ આપીને તેઓને રીઝવવાની યુક્તિઓ કરવા લાગ્યો, તે ઉપરથી ધર્માંધ મુસલમાન લોકોને ડર લાગ્યો અને તેમણે પાદશાહને અરજી લખી મોકલી તેમાં ગૂજરાતના સૂબાની રાજ્ય ચલાવવાની રીતિવિષે અને મુસલમાની ધર્મને ધોકો લાગે એવી તે વર્ત્તણૂક ચલાવતો હતો તે વિષે જાહેર કર્યું. તે ઉપરથી હિંદુ લોહીનો તાક અથવા તક્ષક જાતિનો એક દરબારનો ઉમરાવ હતો તેને મુઝફ્ફરખાનનો અલકાબ આપીને ગૂજરાતનો સૂબો ઠરાવીને મોકલ્યો; અને તેનું માપ વધારવાને માટે રાજાથી ધારણ થાય એવાં રાજચિહ્ન—રાજછત્ર અને લાલ રંગનો શામિયાનો એ બે વાનાં અર્પણ કરચાં. મુઝફ્ફરખાન ગૂજરાતમાં પેશીને રાજધાનીની લગભગ આવી પોહોંચ્યો, એટલે તેનો સામાવાળિયો મુખ્યત્વે કરીને હિંદુઓથી ભરચક થયેલી સેના લઇને તેને સિદ્ધપુર આગળ મળ્યો. ત્યાં આગળ લડાઈ થઈ તેમાં [1]ફરહતુલમુલ્ક...

* મિરાતે અહમદી પ્રમાણે અસલ રકમ ઉપરાંત ચાળીસ લાખ ટુંકચા, એક સો હાથી, બસેં ઘોડા તાજી, ચારસેં ગુલામ વધારે આપવા અર્જ કરી હતી.

૧ એને રાસ્તીખાનનો ખિતાબ હતો.

ઙતુલ્મુલ્ક હારયો અને મારયો ગયો. એટલે [1]મુઝફ્ફરખાને પોતાના પાદ-શાહને નામે અણહિલવાડના રાજની લગામ પોતાને હસ્તગત કરી ( ઈ૦ સ૦ ૧૩૯૧. )

---

૧ સહારન કરીને ટાંક ( તક્ષક ) જાતિનો રજપૂત જમીનદાર હતો તે સૂર્યવંશી રામચંદ્રથી કેટલી પેહેડિયે મહસુ થયો તેનો ક્રમે કુલ્લસ, નાકત, ભૂકત, મંડન, સુલ્લાહન, સીલ્લાહન, ત્રોલોક, કુંવર, દરસપ, દેરીમન, કુંવરપાલ, દરિન્દ્ર, હરપાલ, કિન્દ્રપાલ, હરપાલ અને તેનો હરચંદ થયો તેનો પુત્ર સહારન હતો. તે સ્થાનેશ્વરમાં રેહેતો હતો. એક સમયે ફિરોજશાહ જ્યારે કુંવરપદે હતો ત્યારે શિકારે જતાં પોતાના સાથથી વિખુટો પડયો. અને સહારનના ગામ પાસે જઇ પોહોંચ્યો તે સમયે તેનો ભાઇ સાધુ આદિ રજપૂતો બેઠા હતા. ફિરોજશાહના પગનાં રાજચિહ્ન અને તેનો દેખાવ જોઈને તેઓને લાગ્યું કે આ કોઈ પાદશાહ થાય એવો છે તેથી પોતાને ઘેર લઈ ગયા અને તેની આગતાસ્વાગતા કરી. સાધુની બેને તેને દારૂ પાયો તેની લેહેરમાં તે કોણ છે એ કહ્યું તેથી સાધુની બેન તેનેવેરે પરણી. ફીરોજશાહની સાથે બંને ભાઈ દિલ્હી ગયા. અને ત્યાં તેમણે મુસલમાની ધર્મ સ્વીકારયો એટલે સહારનને પાદશાહે વજીહુલ્મુલ્કનો ખિતાબ આપ્યો. એના દીકરા જફરખાંન તથા શમશેરખાન થયા. આ જફરખાનને મુઝફ્ફરખાનનો ખિતાબ આપ્યો હતો. મિરાતે સિકંદરી

## પ્રકરણ ૨.

### વાઘેલા–લુણાવાડા–સોડાપરમાર–કાઠી.–

### ઝાલા–ઈડર–પીરમના ગોહિલ.

સોલંકી વંશનું થડ ઉખડી ગયું હતું ખરૂં પણ "પોતાના સમાન વડના ઝાડની પેઠે" તેની મૂળિયો અથવા શાખાઓ (વડવાઇયો) ભોંયમાં જડાઈ ગઇ હતી. ગૂજરાતની સીમાની પેલીપાર, વાઘેલાની એક શાખાએ ગોંડવાણામાં એક પ્રાન્તને પોતાનું નામ આપી વાઘેલખંડ અથવા બાઘેલખંડ કેહેવરાવ્યું એમ કેહેવાયછે; અને મેવાડના એક સામંત રૂપનગરના ઠાકોરનો કિલ્લો જે તે દેશમાં જવાના રસ્તામાંથી એક રસ્તાને નાકે આવેલો છે અને સીમાના કજિયા વિષેના ઇતિહાસમાં જેનું કુટુંબ પ્રખ્યાતિ પામેલું છે, તે હજીસુધી દાવો કરેછે કે અમે સોલંકી લોહીના છિયે, અને મહાન્ સિદ્ધરાજનો સંગ્રામિક શંખ તેની પાસેછે તેવિષે અભિમાન ધરાવેછે કે વંશપરંપરા વારસાની રૂઇયે તે મારા સ્વાધીનમાં આવ્યો છે.

ગૂજરાતમાં તો એમ જણાયછે કે, વાઘેલા પ્રથમ સાબ્રમતીની પશ્ચિમ ભણીનાં પરગણાંમાં અને ભાલમાં વસ્યા, તથા તેમજ ત્યાર પછી જે દેશ ઝાલાવાડ કેહેવાયો તેમાં પણ વસ્યા, ત્યાં, આપણા જોવામાં આવેછે કે તેમનામાંથી એક ઠાકોરે વઢવાણમાં સ્થાપના કરી, અને સાયલામાં પોતાનો બળવાન્ પટાવત સ્થાપ્યો. તોપણ તેઓ તેમની આ છેલી કબજાની જગાએથી ઝાલા અને બીજાઓનાથી ડરીને થોડા કાળ પછી પાછા ગયા અને અહંમદશાહની કારકિર્દિમાં, કલોલ અને સાણંદનાં પરગણાં જે મુસલમાન લોકોનાં હથિયાર પોહોંચે એમ મ્હો આગળ પડેલાં ત્યાં વશેલા આગળ ઉપર આપણા જોવામાં આવશે.

સોલંકીની બીજી શાખા વીરભદ્રાજીના નાયકપણા નીચે, મહીનદી ઉપરના વીરપુરમાં સ્થપાઈ, ત્યાં અવતલ માતાને ડુંગરે તેઓ વસ્યા. અને વીરપુરા સોલંકીના નામથી ઓળખાવા લાગ્યા. આ શાખા વિષેની બીજી વધારે હકિકત અમારી પાસે નથી પણ ભાટની પાસેથી મળેલો વૃત્તાન્ત છે તે ઉપરથી જણાયછે કે, તેઓ વિ૦ સ૦ ૧૪૩૪ માં લુણાવાડામાં વસ્યા, તે શેહેર તેમણે શ્રી લુણેશ્વર મહાદેવના પ્રતાપથી વસાવ્યું.

સોલંકી વંશના બીજા કલ્પેલા ફણગા ચુંવાલના કોળી ઠાકોરોમાં જોવામાં આવેછે તેવિષે હવે લખિયેછિયે.

પરમારવંશની સત્તાવાન્ શાખાના સોડા રજપૂતો પ્રાચીનકાળથી સિંધના એક ભાગમાં રાજ્ય ચલાવતા હતા, અને છેક હવણાંની વેળા સુધી તેઓ ઉમરકોટ અને ઉમડા-સુમડા કે જેમાં સિંધની પ્રાચીન રાજધાની આરોર આવી જાયછે તેના ધણી હતા. હિંદુસ્થાનના જંગલમાં ધાટનું ઘલાયદું અને હવણાં પરસ્વાધીન સંસ્થાન છે તથા જેની રાજધાની ઉમરકોટ છે તે, ભાટિયોને જાડેજાથી જૂદા પાડેછે, અને તે હજુ સુધી પરમારવંશના અને સોડાજાતના રાજાને હસ્તગત છે.[૧]

જે સમયનું અમે લખિયેછિયે તે સમયે સોડા પરમારની[૨] એક બીજી શાખા ગૂજરાતમાં આવી. કેહેછે કે આ વેળાએ વઢવાણ જે આગળ જતાં ઝાલાની મતા થઇ પડી તે વાઘેલાની એક શાખાને સ્વાધીન હતું; ત્યાંનો વાઘેલો રાજા વડલો કરીને હતો તેણે સાયલા અને બીજાં ગામ ચભાડ રજપૂતોને પટે આપ્યાં હતાં. તે રજપૂતો સંબંધી ભાટ નીચે પ્રમાણે વાત કેહેછેઃ—

પારકરમાં કાળ પડયો એટલે બે હજાર સોડાપરમાર તેમના મુંજા અને લગધીર નામના નાયકના ઉપરીપણા નીચે તેમનાં છૈયાંછોકરાં અને સ્ત્રિયો સુધાંત પંચાળ દેશમાં આવ્યા, અને મૂળીની પૂર્વ દિશામાં થોડે ગાઉને છેટે ધાગરિયા કરીને જગ્યા છે ત્યાં ઉચાળો બાંધીને રહ્યા.[૩] ત્યારે

---

૧ ટાડ રાજસ્થાન, ભા. ગ. ૧ પૃષ્ઠ ૪૩, ૪૫, ૯૨, ૯૩.

૨ જગદેવ પરમાર પાટણ હતો ત્યારે તેને ઓરમાઈ ભાઈ રણધવલ ધારા નગરીમાં રાજ્ય કરતો હતો. તેના વંશનો એક ભાયાત પારકરમાં જઈ વશ્યો તેના વંશમાં સોડો પરમાર થયો ત્યારથી તેની એક સોડા પરમારની શાખા કેહેવાઈ. ભા. ક.

૩ મૌર્તંડરાય અથવા માંડવરાય જે સૂર્યદેવની મૂર્ત્તિ કેહેવાયછે (કેમકે મૃતંડનો વંશજ સૂર્ય છે તેથી તેનું નામ માર્તંડ કેહેવાય છે.) તેના ઉપાસક બંને નાયક હતા. તેઓ જ્યારે પારકરથી નીકળ્યા ત્યારે બે મેલાણ સુધી મૂર્ત્તિની પૂજા કરવાને પાછા જઈ આવ્યા પણ તેમનો ભાવ જોઈને દેવે સ્વપ્નમાં કહ્યું કે તમે મને સાથે લઈ જાઓ, અને મારો રથ જ્યાં અટકી પડે ત્યાં આગળ વાસ બાંધીને રેહેજો; તેથી આયરડીના નેહની પાસે મૂર્ત્તિનો રથ અટકી પડયો એટલે ત્યાં વાસ કરયો. ભા. ક.

સાયલાના ચભાડ ઠાકોરે તેમને ધનવાન અને રક્ષણ વિનાના સમજીને લૂંટી લેવાનો લાગ તકાવ્યો. તેણે મૃગયા રમવા જવાનો ઠાઠ રચ્યો, અને એક તેતર તેણે ઘાયલ કરચો, તે તેમના ઉચાળામાં નાશી પેઠો છે તે મિષે લેવાની માગણી કરી. આવી માગણીનો સ્વીકાર કરવો એ રજપૂતની પ્રતિષ્ઠાને ઝાંખ લગાડનાર છે, તેથી તેઓએ ના કહી, એટલે લઢાઈ ચાલી તેમાં ઘણાક ચભાડ અને સોડા માચ્યા ગયા.

દુહા.

જંગલ તેતર ઉડિયો, આવ્યો રાજદ્વાર,
ચભાડ સૈ ઘોડે ચઢ્યા, બાંધી ઊભા બાર.
"મુંજા તેતર માહરો, માગે દુજણ સાર;
"ગર્વ ભર્યા ગૂર્જર ધણી, આપે નહિ એ વાર.
"પેહેલે પ્રહર ચડંતડે, સોડાનો સંગરામ;
"રત ઘેલે રતનાવતે, નિશ્ચળ કીધું નામ.
"સંવત સાત પનો તરો,+ દાઢાં ચણુ તીજ;
"સોડાને ચભાડ શર, ધજવડ કીધી ધીજ.[૩]
"પડ્યા ચભાહર પાંચસે, સોડા વીશું સાત;
"એક તેતરને કારણે, અલ રાખી અખ્યાત.
"ધ્રુવ ચળે મેરૂ ડગે, ગમ મરડે ગિરનાર;
"મરડે કેમ મૂળધણી, પગ પાછા પરમાર.
"થાન કંડોળો, ચોઢગઢ, થર મૂળરો વાસ;
"એ તો દે પરમારને, અવર ન દુજી આશ."

સાયલાનો ઠાકોર પડચો તેની બેહેન વઢવાણના વાઘેલા વેહેરે પરણાવી હતી. તેણિયે પોતાના ભાઇને મારનારાઓનું વેર વાળવા માટે પોતાના સ્વામીને આગ્રહ કરચો; પણ વડલાએ સોડાના નાયકને કોલ આપ્યો હતો તેટલા માટે તેનાથી ઉઘાડાં પડાય એમ હતું નહિ. આ વેળાએ બે ભીલ નાયક આહો અને કૂતો કરીને હતા, તે ગૂજરાતમાં ઘણા બળિયા થઇ પડ્યા હતા, અને સાભ્રમતી નદીની બખોલોમાં દુર્ગમ કિલ્લામાં રહીને વા-

---

+ ફાગણવદિ.

૩ ઉપલી ત્રણ લીટીઓ અસલમાં નથી.

ધેલાના દેશનો નાશ કરતા હતા. વઢવાણના રાજાએ સોડાઓનું કાટલું કરવા સારૂ તેમને કહ્યું કે તમે આંભીલ્લાના કિલ્લાઉપર હલ્લો કરો. સોડા યુક્તિ રચીને આહાભીલના કિલ્લામાં પેડા ને તેને તથા તેના ઘણા સાથિયોને ઠેર કરયા. પછીથી ફૂતાના ઉપર તેઓ ચઢ્યા ને તેને પણ પૂરો કરયો. આ પરાક્રમના બદલામાં વઢવાણના વાઘેલાએ સોડાઓને મૂળી, થાન, ચોટીલા, અને ચોબરી એવી ચાર ચોવીશિયો અથવા ચોવીસ ચોવીસ ગામના માહાલ આપ્યા.

કાઠિયો, +સિંધના સુમરા રાજાના પટાવત હતા અને પાવર ધરતીમાં રેહેતા હતા. એક સમયનેવિષે એક નાયકાએ મજરો કરતાં રાજાની મશ્કરી કરી તે ઉપરથી તેને પોતના રાજ્યમાંથી દેશવટો દીધો. તોપણ તેના કાઠીપટાવતોએ તેને પોતાને ઉતારે બોલાવી અને જે ગાણાથી રાજાને ક્રોધ ઉપજયો હતો તે ગાણું તેનીપાસે ગવરાવીને ગંમત કરવા લાગ્યા. આ વાત રાજાને જાણ પડી ત્યારે તેણે કાઠિયોનેપણ દેશપાર કરયા. તેવામાં સોરઠમાં ધોરાજીનીપાસે ઢાંક ગામ છે તેમાં વાલાવંશનો રાજા રાજ્ય કરતો હતો. તેનીપાસે કાઠી પટાવતો સિંધમાંથી નાશી આવ્યા અને તેના વર્તિયા થઇને રહ્યા[1] તેમનામાંનો એક [2]અમરોપટગર કરીને કાઠી

---

+ પાવર ધરતી કચ્છમાં છે માટે સિંધના નહિ પણ કચ્છના સમા (જાડેજા) રાજાના કાઠિયો પટાવત હતા. જામ લાખા ફૂલાણીના દરબારમાં કાહીકુમરી નામની ઢાઢણ ગાયન કરનારી હતી તેણે એકવાર જામલાખાની નિંદાનું ગીત ગાયું તે ઉપરથી તેને કાહાડી મૂકવામાં આવી, તેમ છતાં કાઠી પટાવતોએ એ ગીત તેની પાસે ગવરાવ્યું એટલે તેમને પણ કાહાડી મૂકયા. તેઓ ત્યાંથી વાગડમાંના ગેડીના સોલંકીરાણા પાસે રહ્યા, ત્યાંથી કેટલીક પેહેડી વીત્યા પછી એટલે સંવત્ ૧૪૦૩માં કચ્છના જામ મૂળવાજી સાથે કજિયો કરી તેને મારયો એટલે તેના કુંવર કાયાજીયે ગાદી ઉપર બેઠા પછી ગેડીના રાણા ઉમી ઉપર ચડી જઈ તેને મારયો અને કાઠિયોને કાહાડી મૂકયા તેઓ સૌરાષ્ટ્રમાં જઈ એભલવાળાને આશ્રયે રહ્યા. ભાષાન્તર કર્ત્તા.

૧ એ કાઠિયો આઠ શાખાના હતા. ૧ માંજરિયા, ૨ તોરિયા, ૩ નેહર, ૪ નાથા, ૫ પટગર, ૬ જેબિલિયા, ૭ ભાંભલા, કોઈ પારવા કેહેછે. ૮ બાબરિયાને બદલે કોઈ બેલ કેહેછે. ભા. ક.

૨ અમરાને બદલે કોઈ વિસલો પટગર કેહેછે અને અમરાબાઈને બદલે રૂપદે કેહેછે. જે વાલાએ તેને પરણવા ઈચ્છયું તેનું નામ વેરાવાલો તથા તેના બાપનું નામ ધનવાલો હતું. આ પરણેતરથી જે વંશ ચાલ્યો તે સખાયત કાઠી કેહેવાયા. ભા. ક.

હતો, તેને એક ઘણી સુંદર દીકરી હતી તેનું નામ અમરાબાઈ હતું, તેને જોઇને વાલો મોહિત થયો અને તેના બાપને કહ્યું કે એને મારે વેહેરે પરણાવો. અમરાએ કહ્યું કે હું પરણાવું પણ તમારે અમારે રસોડે જમવું. પછી તેપ્રમાણે થયું એટલે વાલાના ભાઇયાતોએ એક સંપ કરીને, તે વટલ્યો એટલે તેને રાજઉપરથી કાહાડી મૂક્યો. પછી તેણે કાઠિયો સહિત બારવટું લીધું અને કાઠિયોએ તેને પોતાનો નાયક ઠરાવ્યો અને ભૂમિયાઓ પાસેથી મુલ્ક લેવાની તેઓ વાલાના કેહેવા પ્રમાણે યુક્તિયો કરવા લાગ્યા. સૂર્ય પૂજન કરવાનો પોતાના બાપ દાદાનો ધર્મ વાલો રાખી રહ્યો હતો, તે તેના વર્ત્તિયા કાઠિયોએ પણ પાલવાં માંડ્યો. એકવાર વાલો ઉંઘતો હતો તેવામાં પોતાના ખુંચી લીધેલા ગ્રાસનું તેને સ્વપ્ન આવ્યું, એટલે સૂર્યે તેને દેખાદઇને કહ્યું કે, " મારાઉપર આસ્તા રાખીને તું લડવાને જા હું તને સહાય થઈશ, તારો જય કરીશ, અને તું મારી પૂજા કરવા સારૂ એક દેવાલય બંધાવજે" શ્રીસૂર્યની સહાયતાથી વાલો અને તેના કાઠી વર્ત્તિયોએ ઘણાં ગામ જીતી લીધાં; અને બીજા કેટલાંએકના ભેગાં થાન અને ચોટીલા પણ સોડાઓ પાસેથી લઈ લીધાં. થાન પોતાની રાજધાની કરીને ત્યાં સૂર્યદેવનું દેવાલય બંધાવ્યું તેની પૂજા આજસુધી ત્યાંના લોક કરેછે. રાધો ચાવડો કરીને એક કાઠી સામંત હતો તેના નાયકપણા નીચે તેઓએ મૂલી ચોવીશી લેવાનો પ્રયત્ન કરચો પણ રાજાસતમાલ સોડાપરમારે તેમના સામી લડાઇ કરીને રાધાને ઠેર કરચો.

" પોતાની સેના એકઠી કરીને, તેણે ચૂડાસમા અને ગોહિલને ધુ-
" જાવી દીધા—એ યોદ્ધા તો વશ થઈ શકે નહિ, તે પોતાનો ઘોડો બહુ
" આઘે કૂદાવી ગયો. સતમાલનો દીકરો મહાદેવના સરખો શૂરવીર હતો.—
" ઓરાધા! તેં આ રાજાજી શું સાંભળ્યા નથી?

" માણુસને બરોબરિયો માણુસ માત્ર કોઇવેળાએજ મળેછે. ઓ!
" ચાવડા,—તું યોદ્ધા છે એ વાત ખરી; પણ પરમાર બી બલવાન યોદ્ધા
" છે. ભાલાની અણીથી વિધાયાવિના તે પોતાની ધરતી કેમ છોડે! શું
" આગળ તેણે તેતરને સારૂ વેડચું નથી. સદાય ટેકીલી સોડા જાતિને
" માન હજો!"

વાલા રાજાને કાઠીરાણીના પેટના ત્રણ દીકરા હતા, ખુમાન, ખા-

ચર, અને હુરસરવાળા તેઓએ તેનો મેળવેલો મુલ્ક વેહેંચી લીધો; અને તેમનું રેઠાણ અનુક્રમે ચોટીલા, ભીતિયાળુ અને જેતપુર કર્યું; પછી તેમના નામથી કાઠી વંશની ત્રણ શાખા પડી.* પ્રથમ તો કાઠિયોની આઠ શાખાઓ હતિયો. પણ તેઓનું હવણાં તો એક સામાન્ય નામ વ-ર્તિયા કેહેવાયું. અને ઢાંકના રાજા અને તેની સ્ત્રી અમરાબાઈના વંશના વાળાકાઠી અથવા ધરડેરા કેહેવાયા તેથી એક બીજાથી ઓળખાઈ શ-કાય એમ થયું.

અણહિલવાડના રજપૂત વંશના જેવા વાઘેલા સગા થતા હતા, અને તે રાજ્યના પડી ભાગવાથી જેમ ઘણો મુલ્ક તેઓના હાથમાં ગયો હતો તેમજ ઝાલા પણ વાઘેલાની પછીના પાસેના સગા થતા હતા, અને તેમના હાથમાં પણ તે વંશના રાજ્યનો ઘણો મુલ્ક આવ્યો હતો. પ્રથ-મ તો આ ઝાલા રજપૂતો [1]કીર્તિગઢ અથવા કેરાકોટમાં મકવાણાના નામથી ઓળખાતા હતા. જ્યારે ગૂજરાતમાં રાજ્ય કરતા હતા ત્યારે ત્યાં

---

* ખાચરના વંશમાં ઓઘડ ખાચર થયો તેને પાંચ પુત્ર હતા તેમાંથી એક નિર્વંશ ગયો તથા બાકીના ચારમાંથી.—

રામો, ચોટીલાની ગાદિયે બેઠો તેના વંશના રામાણી કેહેવાયછે.
લખો, જશદણની ગાદિયે બેઠો તેના વંશના લખાણી કેહેવાયછે.
ઠેબો, પાળિયાદની ગાદિયે બેઠો તેના વંશના ઠેબાણી કેહેવાયછે.
ગોદડ, ગઢડા તથા બોટાદની ગાદિયે બેઠો તેના ગોદડકા કેહેવાયછે.

ભા. ક.

૧ કેહેછે કે કેરાકોટ એ ન્હાનું ગામડું છે ને હજુ પણ એજ નામ કેહેવાયછે. તે કચ્છમાં ભચાઉની પાસે છે. અને વળી આગળ જેમ વિસ્તીર્ણ જૂનું નગર કલ્પી શકાય છે તેમ ત્યાં પણ નિશાનિયો છે. સામ્ભર રાજાએ અણહિલવાડ ઉપર ચડાઈ કરી તે વેળાએ મૂળરાજ જે કંથકોટમાં સંતાઈ પેઠો હતો એવું પૃષ્ઠ ૬૩ લખ્યું છે, તે ને કેરાકોટ એ બે એકજ હોય તો નકશામાં તેનું નામ આવી શકે બાકી કેરાકોટ એવું નામ નકશામાં જોવામાં આવતું નથી.

ઉપરની ટીપમાં જે ગુચવારો જણાવ્યો છે તેનું નિરાકરણ એમ છે કે કી-ર્તિગઢ સિંધના થલ પ્રગણામાં હતું અને તે સમયે તે કચ્છના તાબામાં સં. ૧૮૧૯ સુધી હતું. કપીલકોટ અથવા કેરાકોટ હાલના ભુજ તાબાના કેરા ગામ પાસે હતું. અને કંથકોટ તો ભચાઉ તાલુકામાં હાલ પણ છે જ્યાં ભીમદેવ અને મૂળરાજ રહ્યા હતા. આ પ્રમાણે ત્રણે સ્થાન જૂદાં છે. મકવાણા કીર્તિગઢમાં રેહેતા હતા. ભા. ક.

એક વિહિયાસ મકવાણો કરીને પોતાના બાપ દાદાઓનું ચાલતું આવેલું રાજ્ય ચલાવતો હતો.

ભાટ કેહેછે કે, " વિહિયાસ જ્યારે મરણ સજ્યાયે સૂતો ત્યારે તેનો " જીવ જતો ન હતો, તે સમયે તેના કુંવર કેસરે પૂછ્યું કે,—પિતાજી, " તમારો જીવ કેમ ગતિ પામતો નથી ? ત્યારે વિહિયાસે ઉત્તર આપ્યું " કે સામઈયા નગરમાં મારો વૈરી *હમીર સુમરો ( બીજો ) રાજ્ય ક- " રેછે, તેના દૂધમલિયા વછેરા સવાસો લાવીને મારા તેરમાને દાહાડે " ભાટ ચારણોને આપવાનું કોહો તો મારો જીવ ગતિએ જાય. આ વેળાએ " પોતાના ભાઈ, ભત્રીજા સર્વે પાસે બેઠા હતા તેમાંથી કોઇયે કંઇ કહ્યું " નહિં. ત્યારે કેસર જે ન્હાની વયનો હતો તે આગળ આવ્યો. તેણે પો- " તાના પિતાના હાથમાં જળ મૂકીને કહ્યું કે હું તમારી ઇચ્છા છે તે પ્ર- " માણે કરીશ. એટલે વિહિયાસ દેવલોક પામ્યો. "

જ્યારે તેરમું આવવાનું થયું ત્યારે કેસરે શોક મૂકી દઇને પોતાના ભાયાતોને સામઇયે જવાને બોલાવ્યા, ત્યારે કોઇયે કહ્યું કે, " તારી સાથે જીવ ખોવાને કોઈ આવે એવું નથી " કેસરે તેમની કોઈની પરવા કરી નહિ, તેણે પોતાના બળ ઉપર માત્ર આધાર રાખ્યો. તેના હાથ ઢીંચણુની હેઠળ ઢળકતા હતા. તેના હાથમાં સવામણ લોહોડાનો ભાલો રેહેતો હતો. અને ધનુષ્યબાણુ ધારણ કરેલાં હતાં. તે એક ઘોડા ઉપર બેઠો તે વિષ્ણુના વાહન ગરૂડના જેવો હતો. તે સામઇયે જઈ પોહોંચ્યો, અને ત્યાંથી વછેરા લાવીને અને ભાટ ચારણોને વેહેંચી આપીને પોતાનું વચન પરિપૂર્ણ કર્યું.

કેસરે જોશીને બોલાવીને પોતાની જન્મોતરી બતાવીને પૂછ્યું કે મારો આવરદા કેટલા વર્ષનો છે ? જોશિયે જોઇને કહ્યું કે તમારૂં મોત ઢુંકડું આ-

---

* સિંધમાં બે હમીર થયા છે. પેહેલો હમીર કચ્છના લાખા ફૂલાણીના સમયમાં હતો, અને જેણે કચ્છના પુંઅરા જામને ગુંમલીના વિયડ ગુજર સાથેની લડાઈમાં આશ્રય આપ્યો હતો. એ હમીર પેહેલો અને આ હમીર બીજો છે તે સામઈયા અથવા મોમતુરનો છે. એક નામ હોવાથી ઘણા જણ ગુચવારો કરી નાંખેછે. આ હમીર ઉપર જૂનાગઢના રાહ નૌંઘણે ( ઈ. સ. ૧૦૨૫ થી ૧૦૪૪ સુધી હતો તેણે ) ચડાઈ કરી હતી. એ હમીર બીજાને કચ્છના જાડેજા રાજા જામ લાખા જાડાણીના કાકા હાલાજીના કુંવર હોથીજિયે લડાઈમાં મારયો.

વ્યું છે. કેસર બોલ્યો, "ઘરને ખુણે હું મરી જઇશ તો કોઈ મને ઓળખશે નહિ; પણ જો લડાઇમાં મરૂં તો મારૂં નામ રેહે." આ પ્રમાણે વિચાર કરીને તે ફરીને સામઇયે ગયો અને હુમીરની સાતસેં સાંઢો મેની નદીની તીરે ચરતી જોઈ તે લઇ [1]આવીને કીર્તિગઢના ભાટોને આપી દીધી. તો પણ હુમીરની સેના સામઇયેથી ચડી આવી નહિ. ત્યારે કેસર ત્રીજીવાર બારવટે નીકળ્યો. તે સમયે [2]દસરાનું પર્વ હતું, તેથી હુમીરની દીકરિયો અને વહૂઓ રથમાં બેશીને સેલ્ક કરવા નીકળી હતી, ત્યાંથી કેસર તેમના રથ હંકાવી ગયો. તેઓનો બધો મળીને ૧૨૫ સ્ત્રિયોનો સાથ હતો. હુમીરે પોતાનો કારભારી કીર્તિગઢ મોકલ્યો તે ત્યાં આવી પોહોંચ્યો ત્યારે કહ્યું કે,—એ સ્ત્રિયો તો હુમીરની દીકરિયો અને વહૂઓ છે માટે જે રીતે લાવ્યા છો તે રીતે સાસરવાસા કરીને પાછી મોકલો. ત્યારે કેસર હશીને બોલ્યો કે એ માલ તો પાછો નહિ મોકલાય એ તો અમારા ઘરની રાણિયો થઈ છે. પછી કારભારી આવું ઉત્તર સાંભળી લઇને સામઇયે ગયો.

કેસરે પછી, કીર્તિગઢમાં જેટલા પોતાના ભાયાત હતા તેઓને બોલાવ્યા ને પોતાને માટે ચાર [3]સુમરિયો રાખીને બાકીની અકેકી અકેકી તેમને વેહેંચી આપી. આ ચારવિના કેસરને બીજી ઘણી રાણિયો હતી. દશ બાર વર્ષ એમ વીતી ગયાં ને કજિયો તો ચાલતો રહ્યો. કેસરને અને તેના ભાયાતોને થઇને સુમરિયોના પેટના અરાડ [4]કુંવર થયા.

છેવટે હુમીરે તેને કાહાવ્યું કે, "હું તારી સામે લડવાને તો આવું પણ કીર્તિગઢ ખારા પાટમાં છે તેથી મારી સેનાને ખાવાનું કયાંથી મળે? તેનું કેસરે ઉતર કેહેવરાવ્યું કે, હું તમારી સેના સારૂં હજાર વિઘાં લીલા ઘઊં વવરાવુંછું. પછી હુમીર કીર્તિગઢ આવ્યો ને લઢાઈ ચાલી તેમાં ઘણા રજપૂતો મારયા ગયા. બાકી રહ્યા હતા તેમાં કેસર અને તેના કુંવર પડ્યા, ને માત્ર એક કુંવર હરપાલ કરીને હતો તે ઉગરયો. તેના ભાઈ ભ-

---

૧ સાંઢો અથવા ઉંટને સામટાં દોરી લાવવાની રીતિ એ છે કે ગમે તેના લોહીમાં લૂગડું પલાલી તે લાકડીની ટોચે બાંધી દોરનાર સર્વે ઉંટ જુવે એમ ઉંચી રાખી દોડતો જ્યાં જાય ત્યાં તેની પછવાડે આખું ટોળું દોડતું જાય.

૨ સુમરા રજપૂત હિંદુ હતા પણ અલાઉદ્દીન ખીલજિયે સુમરા દુદા અને ચનેસરને જીતી સિંધનું રાજ્ય લીધું તે પછી ઘણા સુમરા મુસલમાન થયા.

૩ ચારમાં એક તો ચારણની દીકરી હતી.

૪ તેમાં નવ કુંવર તો કેસરના હતા. ભા. ક.

ત્રીજા પણ પડ્યા ને કીર્ત્તિગઢનો નાશ થયો તેથી સુમરી સ્ત્રિયો પોતાના ધણિયોની સાથે બળી મોઈ.[1]

અણહિલવાડમાં ઘેલડો કર્ણ વાઘેલો[2] રાજ્ય કરતો હતો, ત્યાં

---

૧ મૂળ વાત એમ ચાલેછે કે કેસરના કુંવર હરપાળે સવાસો સુમરિયોને ઝમોરમાં બાળી દીધી ને કીર્ત્તિગઢ તોડી પાડયો. પછી તેણે પાટણમાં નાસેડું લીધું. એજ વાતમાં તેઓના વંશની નવ શાખાઓ થઈ એમ ભાટ લખેછે —

( છપ્પય. )

મકવાણા રાણીંગ૧, બહો બાબલર બરદાળા,
લજ્જાવંત લુણંગ૩. ભલા બલો૪ અચ ભાઈ,
ખતરવટ રાખણ ખાંટ૫, જકે પારાકર૬ જાણું
વિહોડ૭ ને હાપેવ,૮ જકે ઝલરાણ૯ વખાણું,
નવ શાખાઓ નવખંડમાં, મકવાણો દશમો મણી,
એટલી શાખ ઉજ્જળતલ, તિલક શાખ ઝાલાતણી.

ભાષાન્તરકર્ત્તા.

૨ કર્ણવાઘેલો ઈ० સ० ૧૨૭૯ થી ૧૩૦૪ સુધી હતો, પણ આ સમય ઈ. સ. ૧૧ મા સૈકડાનો છે, માટે આ સ્થાને કર્ણ સોલંકી (૧૦૭૨ થી ૧૦૯૪ જે સિદ્ધરાજનો પિતા થાય તે હતો પૃથ્વીરાજ ચોહાણના સમયમાં ઝાલા હતા, એમ પૃથીરાજ રાસામાં આવેછે તે સમય પણ કર્ણ વાઘેલાથી પેહેલાંનો છે. કેસરને મારનાર હમીર સુમરાને સિંધના સમા જામ હાલાજીના કુંવર હિંગોળજી અને હોથીજિયે માર્યો છે. તેઓ ઈ० સ० ૧૧૪૭ પેહેલાં હતા, કેમકે એમના કાકા જાડાજીના દત્ત કુંવર લાખોજી અને લાખિયારજી જે તેમનાથી ન્હાની વયના હતા તે કચ્છમાં ૧૧૪૭ માં આવ્યા છે. આ લાખાજીની કુંવરી બે જે બચી હતી તેમાંથી એક સિદ્ધરાજ સાથે પરણાવી હતી અને બીજી જગદેવ પરમારને દીધી હતી. સિદ્ધરાજ ઈ० સ० ૧૧૪૩ માં દેવ થયો છે તે પેહેલાં પરણ્યો છે એ હિસાબે પણ કર્ણ સોલંકીનો સમય આવેછે.

વળી કર્ણ વાઘેલાના સમયમાં સિન્ધમાંના સુમરા રજપૂતોમાં હમીર નામે કોઇ હતો નહિ, પણ સિન્ધસુમરાની ગાદીના વારસ દુદો અને ચનેસર નામે બે હતા તેમાંનો ચનેસર પોતાને ગાદી ન મળવાથી દિલ્હીના પાદશાહ અલ્લાઉદ્દીન ખીલચી પાસે મદદ માગવા ગયો અને સુમરા પોતાની કન્યા મુસલમાનોને આપતા નહિ અને જેને માટે સુમરા આજ સુધી અભિમાન ધરાવેછે તેમ છતાં અલ્લાઉદ્દીનને પોતાની બેહેન પરણાવવાનું ઠરાવી લસ્કર લઇ આવ્યો, તેમાં દુદાનો નાશ થયો ને ચનેસરની મતિ ઠેકાણે આવતાં એ પણ ફોજ સામે લડીને માર્યો ગયો. પછી બચેલા જેટલા સુમરા હતા તેમને વટાળીને મુસલમાન કર્યા એટલે સુમરી સ્ત્રિયો જેટલી હતી તેટલી ત્યાંથી નાશીને કચ્છના જામ અબડાને શરણે આવી. તેમની પછવાડે પાદશાહી લશ્કર આવ્યું. અબડો શક્તિ ન છતાં પણ સુમરિયોને નાસવાનો લાગ મળે એટલા માટે લશ્કરના સામો લડી મુવો એટલામાં સુમરિયો નળિયા પાસેના વડસર ગામે જઈ પોહોંચી અને ત્યાં પણ બચવાનો ઉપાય રહ્યો નહિ એટલે જીવતી ડટાઈ મોઈ. આ

[1]કેસરનો કુંવર હરપાલ નાસેડે ગયો. હરપાળનો ભાણો તેના બાપના ભાલા જેવો ભારે હતો અને એ તથા કર્ણ, બે મશિયાઈ ભાઈ થતા હતા, તેથી પાટણમાં તેનો સારો આદરસત્કાર થયો. આ વેળાએ બાબરોભૂત કર્ણને બહુ નડતો હતો, અને તેની માનીતી રાણી ફૂલાદેવી ઝાંઝમેર તળાજાની[2] હતી તેના અંગમાં આવીને ભરાયો હતો. હરપાળે ભૂતના ઉપર હલ્લો કરીને તેની માથાની લટ ઝાલી, તેથી તે નિરૂપાય થઈ ગયો ને એવો ડબાવ્યો કે, પાટણમાં ફરીથી કોઈ પ્રકારની પણ નડતર નહિ કરવાના તેણે સોગન ખાધા ત્યારે જતો મૂકયો. વળી જ્યારે જ્યારે હરપાળને બાબરાના આશ્રયની ગરજ પડે ત્યારે ત્યારે આવીને હાજર થવાનો પણ કોલ કરાવી લીધો. ભૂતે તે માન્ય કર્યું. હરપાળને શક્તિદેવી સાથે પછીથી એવાજ પ્રકારનો ઝગડો થયો હતો; તેને તેણે વશ કરી લીધી અને પોતાની સ્ત્રી કરીને રાખી.

---

સ્થાને હજી લગણ પણ સુમરાઓનો ફાલ્ગુણ શુદિ ૧૫ મે મેળો ભરાયછે. અબડો આજે પણ શરણાધાર કેહેવાયછે અને પીર તરીકે પૂજાયછે.

બાબરો ભૂત સિદ્ધરાજના સમયમાં હોવાનું પણ કેહેવાય છે તો તે તેના પિતા કર્ણ સોલંકીના સમયમાં હોય એમ સંભવેછે. પણ કર્ણ વાઘેલાના સમય સુધી તે હોવાનું બની શકે નહિ.

૧ હરપાળ સિવાય તેને વિજયપાળ તથા શાન્તાજી એવા બે કુંવર હતા તે પણ હરપાળ સાથે ગૂજરાતમાં આવ્યા હતા. વિજયપાળના વંશજ મહિકાંઠાના ઇલોળ ગામમાં આજે પણ છે. તેમજ શાન્તાજીના વંશજ કટોસણ આદિના મકવાણા તાલુકદારો કેહેવાયછે.

હરપાળને ૨૩૦૦ ગામ મળેલાં તેમાંથી કર્ણની રાણીને ૫૦૦ ગામ કાપડામાં આપ્યાં તે જતાં ૧૮૦૦ ગામ રહ્યાં હતાં, તેમાંથી પાટડીમાં તેણે ગાદી કરી હતી. તેના કુંવર નીચે પ્રમાણે હતા:—

૧ સોઢોજી ઈ૦ સ૦ ૧૧૩૦–૧૧૬૦ પાટડીમાં.
૨ માંગોજી. લીંબડીમાં.
૩ શેખરોજી.
૪ ખવડજી—કાઠીમાં ભળી ગયો.
૫ ખોડોજી.
૬ જોગોજી.
૭ રાણોજી.
૮ બાપુજી, એના વંશજ મોલેસલામ થયા, તેઓ માંડવામાંથી પુનાદરા, ખડાલ, ડાભા અને રમાસના તાલુકદારો થયા.
૯ બળવંત, ૧૦ લોણકજી, ૧૧ દેવોજી, ૧૨ વીસોજી. ર. ઉ.

૨ તળાજા અને તેની આસપાસના ભાગનું પ્રાચીન નામ "વાળાકક્ષેત્ર" છે.

એક દિવસ કર્ણ દરબારમાં બેઠો હતો, ત્યારે તેણે હરપાળ મકવાણાને તેડું મોકલ્યું. તે આવીને મ્હો આગળ ઉભો રહ્યો. કર્ણે કહ્યું કે તેં કામ કર્યું તેના બદલામાં તારી નજરમાં આવે તે માગી લે. તેણે કહ્યું કે એક રાતમાં જેટલા ગામે તોરણ બાંધું તેટલાં ગામ મને આપો. કર્ણે તે વિષેનો લેખ લખી આપ્યો. હરપાળ ઘેર ગયો ત્યારે શક્તિયે પૂછ્યું કે કર્ણે તમને શું તુષ્ટિદાન આપ્યું? તેણે તેને બનેલી વાત કહી, ત્યારે ગામે તોરણ બાંધવાનું કામ પોતે પોતાને માથે લીધું. વળી હરપાળે બાબરા ભૂતને[1] બોલાવ્યો તે સવાલક્ષ સેના લઇને આવી હાજર થયો. રાત્રે નવ ઘડી રાત જતાં તેઓ નીકળી પડ્યાં, અને પેહેલું તોરણ પાટડિયે બાંધ્યું, પછી તેના તાબાનાં છસેં ગામે બાંધ્યાં. સવારમાં ચાર ઘડી રાત રહી એટલે બેહજાર ગામે તોરણ બાંધીને આવ્યા. સવાર થતાંજ રાજાએ પોતાના એક કારભારીને સાંઢ ઉપર બેસારીને, મકવાણાના હાથમાં કેટલાં ગામ ગયાં તે જોવાને મોકલ્યો. બે હજાર ગામની યાદી થઈ તે વાંચીને કર્ણે તે પ્રમાણે પોતાનો ઠરાવ બાહાલ રાખ્યો.[2]

---

૧ જ્યારે શક્તિ દેવિયે કામ માથે લીધું ત્યારે બાબરા ભૂતની અગત્ય જેવું રહ્યું નહિ, પણ મૂળ વાત એવી છે કે, પ્રથમ બાબરાને ને તેને લડાઈ થઈ ને ઝગડો આખી રાત થયો હતો, તેથી તે છેક થાકી ગયો હતો ને તેને સારી પેઠે ભૂખ લાગી હતી, તેથી રબારીવાડે જઈ બે બકરાં લાવીને સ્મશાણમાં ગયો; તે મડદાની ચિતામાં શેકીને ખાવા લાગ્યો, ત્યાં સ્મશાણની દેવિયે હાથ કાહાડયો એટલે પેલું ભક્ષ સર્વ તેના હાથમાં મૂકયું, તે દેવી ખાઈ ગઈ ને ફરીને હાથ ધરયો; ત્યારે કટારવતે પોતાની ઘ કાપીને કડકો હાથમાં મૂકયો, તેથી દેવી પ્રસન્ન થઇ ને વર માગવાનું કહ્યું એટલે તે બોલ્યો કે, તું મારી સ્ત્રી થઇને રેહે. દેવી બોલી અમે દેવતા ને તું મનુષ્ય પ્રાણી આપણું લગ્ન થાય કેમ? તે બોલ્યો, મારામાં જો દૈવત દેખો તો મારૂં કહેલું માન્ય કરજો. શક્તિ તે કરાર પ્રમાણે હરપાળને ઘેર ગઈ.તે રાજા સાથે લેખ કર્યાના સમાચાર તેણે દેવીને કહ્યા ત્યારે તેણે જાણ્યું કે હવે હરપાળનું દૈવત જોવાનો લાગ આવ્યો છે—રાજા સાથે એવો ઠરાવ હતો કે એક રાતમાં જેટલાં ગામે ગાગર બેડિયું અને તોરણ બાંધે તેટલાં ગામ આપવાં. હરપાળે કહ્યું કે હું ગાગર બેડિયાં મૂકીશ તમે તોરણ બાંધજો. દેવિયે તે પ્રમાણે પાટડીથી આરંભ કરી છસેં ગામે તોરણ બાંધ્યાં ત્યારે હરપાળે કોલ પ્રમાણે બાબરા ભૂતને બોલાવ્યો તેણે પોતાની સેના સહીત તેવીસસેં ગામને ગાગર બેડિયાં મુકયાં. આ બનાવ બન્યો તેથી હરપાળનું દૈવત જાણી શક્તિ પરણી, ને મશાલી ગામના રાવળ ઔદિચ્ય બ્રાહ્મણે એમને પરણાવ્યાં.

ભાષાન્તર કર્ત્તા.

૨ નવું ગામ જેને વસાવવું હોયછે, તે જોશિયોને પૂછીને મુહુર્ત્ત નક્કી કરેછે, અને બે સ્તંભ કરાવીને તેને તોરણ બાંધેછે તે કીર્ત્તિ સ્તંભનું કામ સારેછે. તેમજ

બપોરી વેળાએ રાજા અંતઃપુરમાં ગયો ત્યારે તેનું મ્હો ઉતરી ગ-

---

જળના એક કુંભની સ્થાપના કરીને પોતાની કુલદેવીનું તેમાં આવાહન કરીને તેની પૂજા કરેછે. પછી હનુમાનની પૂજા કરેછે, અને છેવટે જમણવાર કરેછે.

મૂળમાં જે વાત છે તેને મળતી વાત. નીચે લખિયે છિયે:—

" ટિચબોર્નનો ધર્માદાનો ભાગ,—ટિચબોર્નના કુટુંબના તાબામાં ટિચબોર્નનું વતન ઇ. સ. ૧૦૬૬ માં ઈંગ્લંડ નાર્મંડીના ડયૂક વિલિયમે જીતી લીધું તે પેહેલાં આશરે ૨૦૦ વર્ષથી તેમના હાથમાં આવેલું છે એમ તેઓ કેહેછે. જ્યારે લેડી માબેલ્લા ઘરડપણથી નબળી થઈ ગઈ હતી અને પોતાની મરણ પથારીમાં પડી હતી ત્યારે તેણિયે પોતાના પ્રિય ધણીની પાસેથી છેલવેરકું એટલું માગી લીધું કે, મેરી કુમારિકાના મેળા ઉપર ( તા. ૨૫ મી માર્ચને રૌજ કુમારિકા મેરીને દેવદૂત મળ્યા હતા, અને ક્રાઇસ્ટના અવતાર વિષેના સમાચાર તેને કહ્યા હતા) પ્રતિવર્ષે મારી પછવાડે ધર્માદા રોટલી આપવી. આ બાઇનો ધણી સર રાજર હતો તેણે એ વાત રાજી થઈને માન્ય કરી, અને કહ્યું કે, આ લાકડાનો કડકો બળી રેહે એટલી વારમાં તમે જેટલી જગ્યા પછવાડે ફરી વળશો તેટલી જગ્યાની ઉપજ એ કામમાં આપવાને ઈલાયદી કાહાડીશ. તે બાઈ ઘણા વર્ષથી મંદવાડને લીધે પડી રેહેતી તેથી તેના ધણિયે જાણ્યું કે નબળાઇને લીધે થોડી જમીનની પછવાડે તેનાથી ફરી વળાશે. પણ તેના કેહેવાથી તેના ચાકરો તેને લઈને ખેતરોના એક ખૂણમાં ગયા એટલે તેનામાં તાજું જોર આવ્યું હોય તેમ દીસવા લાગ્યું, અને તેનો ધણી તો આશ્ચર્યે પામતો રહ્યો અને થોડીવારમાં તે કેટલાક બધા ઘણા સરસ એકર ધરતીની પછવાડે ફરી વળી, જે ખેતરમાં લેડી માબેલ્લાનો આવા ચમત્કારિક મહત્કૃત્યનો બનાવ બન્યો તે આજે પણ " ક્રાલ્સ " એટલે ભાંખડિયે ચાલવાના કામને નામે ઓળખાય છે. એ જગ્યા પાર્ક અથવા ચોગાનના ઝાંપાની પાસે છે અને તે ૨૩ એકરની છે. પછી એ બાઈને તેના ખાટલામાં લઈ ગયા તેવારે તે પોતાના કુટુંબનાં સર્વ માણસોને પોતાની પાસે બોલાવીને કેહેવા લાગી કે જ્યાં સુધી આ ધર્માદાયનો ભાગ આપવાનો વહિવટ ચાલશે ત્યાં સુધી કુટુંબનો વંશ રેહેશે અને આપણા વંશ માહેલો કોઈ એવો નીચ અને લાલચુ થશે અને એ ધર્મનો ભાગ બંધ કરશે, ત્યારે પુરાતન કુટુંબની પડતી દશા આવશે અને પુરૂષ વંશ રેહેશે નહિ તેથી કુટુંબના હાલના નામનો નાશ થશે. તેની નિશાની એકે, એવો બનાવ બનવાનો હશે તો સાત દીકરા થયા પછી સાત દીકરિયો થશે ને ત્યાર પછી દીકરો થશે નહિ. આ પ્રમાણે બીજા હેનરી રાજાની વેળાથી ચાલ પડયો તે કેટલાંક સેંકડાં સુધી ચાલ્યો; અને ૨૫ મી માર્ચનો દિવસ એ કુટુંબની મીજવાનીનો દાહાડો થઈ પડયો.

ગયા સૈંકડાનાં અર્ધાં વર્ષ વીત્યાં હતાં તેવામાં એ દાન આપવાના ચાલનો ધિઃકાર થવા માંડયો; કેમકે ટિચબોર્નનો ધર્મ ભાગ લેવાને બાહાને સર્વ ઠેકાણેથી સર્વ જાતના રઝળી ખાનારા, ભટકનારા અને આળસુ લોકો આસપાસ ચોરિયો કરતા ત્યાં ભેગા થવા લાગ્યા, તેથી છેવટે સારા લોકોએ અને મ્યાજીસ્ટ્રેટોએ વાંધો ઉઠાવવા માંડયો, એટલે છેવટ ઇ. સ. ૧૭૯૬ માં એ ચાલ બંધ કરી દીધો. આશ્ચર્યકારક વાત એ બની કે તે દિવસે જે બારોનેટ હતો તેને સાત દીકરા હતા અને તેમાંથી વડો પુત્ર

વેશું જોઇને રાણીને લાગ્યું કે, ખેદ પામવા સરખું કાંઈક નીપજ્યું છે ખરૂં. તેણે ખેદનું કારણ કેહેવાને આગ્રહ કરયો ત્યારે હુરપાળને સ્વાધીન બે હજાર ગામ ગયાના સમાચાર તેને કહ્યા. રાણી હુરપાળને ભાઈ કહીને બોલાવતી હતી તેથી પોતાનો રથ જોડાવીને તેની પાસેથી કાપડું લેવા ચાલી. હરપાળ તેને આવતી જોઇને હવેલીની બાહાર આવી અંદર લઈ ગયો અને બોલ્યો, "બેહેન! તમે શા કામે આવ્યાં છો?" તે બોલી, "ભાઈ! હું ભાઈ પસલીમાં કાપડું લેવા આવીછું." પછી તેણે પાંચસેં ગામનું ભાલ પરગણું કાપડામાં આપ્યું.

બાબરા ભૂતે હુરપાલને કૉલ આપ્યો હતો કે, મારો ખપ પડશે ત્યારે હું તમારી ચાકરીમાં આવી હાજર થઇશ તે સાથે તેણે એક બોલી કરી હતી કે, "મને જે કામ કરવાને આજ્ઞા કરો તે કામ થઈ રેહે એટલે હું તમને ખાઈ જાઉં." તેથી હરપાલ ભૂતનો ઘાટ ઘડવાના ઉપાય શોધતો હતો; કેમકે ભૂતે તો ઠરાવ પ્રમાણે ખાઈ જવાની વાત કાહાડી. ત્યારે છેવટે હરપાળે બાબરા પાસે એક ઉંચો ઝંડો મંગાવ્યો. ભૂત જઇને સત્વર એક લઈ આવ્યો. હુરપાલે કહ્યું કે, "એને ભોંયમાં ડાટીને ચડઉતર કર; અને જ્યારે એ કામ પૂરૂં થઈ રેહે ત્યારે મને ખાઈ જજે." આ પ્રમાણે હુરપાલને પોતાની ચિંતા દૂર થઈ ગઈ.[1]

હુરપાલ અને શક્તિનો વંશ સ્વર્ગવેલની પેઠે વિસ્તાર પામવા લાગ્યો;

---

જ્યારે વતનનો ભોગવટો કરવા લાગ્યો ત્યારે તેને સાત દીકરિયો થઇ અને છેલા બારોનેટે એક સગાના મૃત્યુપત્ર પ્રમાણે પોતાના કુટુંબનું નામ બદલીને ડોટી પાડયું. એ પ્રમાણે પેલી બાઈના ભવિષ્ય વર્ત્યા પ્રમાણે થયું." લુઇન્યસ્ટર આબઝરવરમાં ઉપર પ્રમાણે લખ્યું છે.

૧ એની સાથે નીચેની વાત મળતી આવેછે. મિચાયલસ્કોટ, એક ભૂતને જાથુ કામમાં રોકેલું રાખવાની સંકડામણમાં આવેલો હતો, તેથી એક સમયે તે ઘણો ગભરાટમાં આવી પડયો. તેણે તેને કેલ્સો આગળ ટ્વીડમાં જળબંધક બાંધવાની આજ્ઞા કરી, તે પ્રમાણે તે એક રાત્રમાં તેણે તૈયાર કર્યું, અને ભૂતનું બાંધેલું તે હજી લગણ કેહેવાયછે. મિચાયલે પછી ઇલડન ડુંગર જે તે વેળાએ એક સરખા શંકુ આકારનો હતો, તેના ત્રણ વિભાગ કરવાની આજ્ઞા કરી. તે પ્રમાણે તે ડુંગરની ટોચનાં ત્રણ ચિત્રોપમ શિખર જે આજે છે તેવાં એક રાત્રમાં કરી દીધાં. ત્યાર પછી દરિયાની રેતનાં દોરડાં બનાવાતું કદિ બને નહિ એવું અને અપાર માથાકૂટનું કામ, કદિ થાકે નહિ એવા ભૂતને સોંપીને તેના ઉપર તેણે જીત મેળવી.

આપેન્ડિકસ ટુ ધ લે આવ ધ લાસ્ટ મિન્સ્ટ્રેલ.

સોઢો[1] માંગો ને શેખરો તેમના કુંવર થયા; અને એક દીકરી બાઈ ઉમાદેવી કરીને થઈ. એક દિવસે શક્તિના કુંવર હવેલીના આંગણા આગળ રમતા હતા, તેવામાં રાજાનો એક હાથી છૂટી આવ્યો; એટલે [2]શક્તિએ પોતાનો હાથ આગળ કાહાડતેકને કુંવરો ઝાલી લીધા તે ઉપરથી તેઓ ઝાલા કેહેવાયા.[3]

( છપય. )

" તું સુણિયો સામંત, દૈસ સબ ભાગ્યા ડોટે;
તું સુણિયો સામંત, ચડપડે લીધા ચોટે;
તું સુણિયો સામંત, શક્તિ રાખી કરી રાણી;
તું સુણિયો સામંત, અઢારસેં ધર[4] ધર આણી;
હુરપાલ વડો જમરા હથો, દિનદિન અધિકો દાખિયે,
તુંઆરો તોલ કેસર તણા, ઈલા સામંત ન આખિયે. "

---

૧ અંગ્રેજીમાં શેડો નામ લખ્યું છે પણ નીચેના છપયમાં સોઢો છે માટે તેવું નામ રાખ્યું છે. તે અમરવેલ ઉત્પન્ન કરી, એવું છપયમાં છે તેથી અંગ્રેજી "સ્વર્ગ વેલા" કરીને લખેલું જણાય છે.

( છપય. )

ગામ મશાલી તણે, બિરદ રાવળ બોલાવ્યો;
અંગ થકી ઔદીચ્ય, તેંણે મંગળ વરતાવ્યો;
પોહો પાટણ પરણિયો, જગત કો નાત ન જાણી;
હુવા દેવ હરપાળ, શક્તિ રીઝી થઈ રાણી;
સંસાર વાત રાખી સહી, અમરવેલ ઉત્પન્ન કરી,
સોઢો, માંગો, ને શેખરો, બાઈ ઉમાદે દીકરી.

૨ આ શક્તિ દેવી તે પ્રતાપ સોલંકીની પુત્રી થતી હતી. તે સંવત્ ૧૧૭૧ ના ચૈત્ર વદિ ૧૩ ને દિવસે મરણ પામી છે, તે દિવસનો હવણાં પણ ઝાલા શોક પાળે છે. હરપાલ બીજી રાણી થરપારકરના સોઢાની કુંવરી રાજકુંવરબા વેરે પરણ્યો હતો, તેને નવ કુંવર થયા હતા. તે ઇ૦ સ૦ ૧૧૩૦ માં દેવ થયો. પાટડીમાં હરપાળે ઇ. સ. ૧૦૯૦ થી ૧૧૩૦ સુધી રાજ કરયું. ર. ઉ.

૩ પાસે ચારણનો દીકરો રમતો હતો તેને ટાપી મારીને વેગળો કરયો, તેથી ઝાલા રજપૂતોના તેના વંશના હસોંદી ચારણ થયા તે ટાપરિયા કેહેવાયા.

૪ પહેલાં જણાવેલી હકીકત ઉપરથી જણાશે કે ત્રેવીશસેં ગામે તોરણ બાંધ્યાં છે ને પાંચસેં ગામ રાણીને આપ્યાં છે તે બાદ જતાં અઢારસેં ગામ રહ્યા તે બરાબર છે વળી અઢારસેં ગામની ઝાલાવાડ કેહેવાયછે તે ઉપરથી અંગ્રેજીમાં બે હજાર ગામ લખ્યાં છે તે ભૂલ જણાયછે.

"પાટઉગે પોહોપાટ, મેહેલ કીધો ઝકવાણે;
રાણી ગોખ રહંત, ગતિ કો શક્તિ ન જાણે;
રાયતણા ગજરાજ, મેહ છૂટયા મદમંતા;
દૂર પંથ દેખિયા, રાજવી કુંવર રમંતા,
સોઢો, માંગો, ને શેખરો, લાંબે કર ઝાલી લિયા;
ઓ આપે શક્તિં આપણી, કુંઅર સાખ ઝાલો કિયા.

વિન્ધ્ય અને આરાવલીની હારોને સાંધી દેછે તે ડુંગરાની હારની નૈઋત્ય કોણના મ્હો ભણી ઈડરનો કિલ્લો આવ્યો છે. મેદાનની ઉપર કેટલીક ઉંચાઇયે સપાટ ધરતીના ભાગ ઉપર તે છે. અને તેની આસપાસ ઉંચા ટેકરા વિંટલાઈ વળેલા છે તથા તે ટેકરાઓની વચ્ચે ઉઘાડા ભાગ રહેલા તે ચણીને પૂરી લીધા છે અને તેને પ્રાકાર કરીને બળવાન કરવામાં આવ્યો છે. ઈડર શેહેરની આસપાસ ગોળાકાર બુરજાવાળી સુંદર પત્થરની ભીંત આવી રહી છે, ને તે ડુંગરની તલાટિયે વશેલું છે; તે થોડે અંતરથી પણ ભાગ્યેજ દેખાઈ શકાયછે, કેમકે ન્હાના ખરાબાવાળા ટેકરાનો ઓથો પડેછે. આ ટેકરા ઉપર બાંધકામ છે તેના ઉપર તોપો ચડાવેલી છે અને જેતાવત, કુંપાવત, ચોહાણ અથવા રાજાના બીજા શૂરા માણસોની ચોકી રાખવાથી બીહામણું દેખાયછે. રાઠોડ રાજાઓનું રેહેઠાણ, શેહેરને પાછલે ભાગે જળાશયની પાસે છે; ત્યાંથી ઉભો અને સેહેલાઈથી બચાવ થઈ શકે એવો પગદંડિયો રસ્તો ચાલેછે, તે રસ્તે થઇને જતાં એક કરતાં પણ વધારે દરવાજાના રસ્તા તથા બાંધકામ આવેછે ને ત્યાંથી કિલ્લાની સપાટી ઉપર જઈ પોહોંચાયછે. ડુંગરનાં બે ઘણાં સ્ફુટ શિખર છે તેનાઉપર ઇમારતો છે; તેમાં ડાબી બાજુનું છે તે ઉપર હિંદુનું દેવાલય છે, તે ઈડરના રાવ રણમલનું રક્ષણસ્થાન કેહેવાયછે; જમણી બાજુનું છે તે ઉપર ન્હાની ઘુંમટાકારની બાંધણી છે તે "દોહાગણ રાણીનો મેહેલ" કેહેવાય છે. ઈડર શેહેરના મોખરા આગળ સપાટ મેદાન છે તે, હવણા સુધી, ગંઠાઈ ગયેલાં ઝાડની ઘાડી અને અભેદ્ય ઝાડીથી ભરાઈ ગયું હતું, તેનાથી કિલ્લાનો બચાવ પૂરો થયો હતો અને ગઢને દુર્ગમ પદ અસલથી ચાલ્યું આવ્યું છે તે પદ મળવામાં એ પણ એક આધારભૂત હતું, તેની ખાતરી એથી થાયછે કે નિરાશ થવા જેવા માથે લીધેલા કોઈ ભારે કામમાં સિદ્ધિ થયેલી બતલાવવી હોય તો આખા ગૂજરાતમાં એક કેહેવત ચાલી ગઈ છે કે,—

## "મૈં ઈડરગઢ જીત્યો."

ઇડર પ્રથમ તો ઇતિહાસમાં ઈલ્વદુર્ગને નામે ઓળખાતું હતું, અને દ્વાપરયુગમાં, તે ઐલ્વલ રાક્ષસ અને તેના ભાઈ વાતાપીનું રેઠાણ હતું. આ રાક્ષસો આજુબાજુના દેશને હેરાન હેરાન કરતા. આ રાક્ષસેમાં મનુષ્ય ભક્ષણ કરીને રેહેવાનો દુર્ગુણ હતો તેથી દેશ ઉજ્જડ થઈ ગયો; છેવટે અગસ્ત્ય ઋષિએ તેમનો નાશ કરયો; કળિયુગમાં જ્યારે યુધિષ્ટિરનું નામ માણુસોના સંભારણામાં તાજુ રહી ગયું હતું, અને જગતને દેવામાંથી છોડવાને જેવામાં વિક્રમ થયો ના હતો તેવામાં ઈડરમાં વેણીવચ્છરાજ[1] રાજ્ય

[1] પ્રારંભ કથા એવી છે કે, હરદ્વારની ઉત્તર ભણીના શ્રીનગરના રાજાને પુત્ર થતો નહિ ત્યારે એક બ્રાહ્મણે પ્રયોગ કરીને કહ્યું કે, રાણી રજસ્વળા થાય ત્યારે ચોથે દિવસે લોહીથી નાહાવું ને ત્યાર પછી પાણી વતે ન્હાઈ રાજા પાસે જવું ને પાછું સવારમાં પણ તેમજ કરવું. રાણી તેમ કરી સવારમાં જેવી લોહીથી ન્હાઈ કે એક ગિધ પંક્ષી તેને માંસ જાણી લઇને ઉડયો ને ઇડરના ડુંગર ઉપર મૂકી. ત્યાં ધૂમાડાનો પે બાંધીને સિદ્ધ પુરૂષોની ઝુંપડી હતી ત્યાં જઈ પોહોંચી ને ધુંગાને ઓથે રહીને વિનતિ કરી લૂગડું માગ્યું તે મળ્યું એટલે ન્હાઇને સિદ્ધો પાસે આવી, તેને તેઓએ દીકરી પેઠે પાળી. દશ માસ પૂરા થતાં તેને દીકરો અવતરયો. પાંચ વર્ષનો થયો એટલે તેમના વચ્છ ( વાછડાં ) ચારવા જવા લાગ્યો તેથા તેનું નામ વચ્છરાજ પાડયું. તેવામાં મહાકાળેશ્વરના ડુંગર ઉપર એક અઘોરી રેહેતો હતો, તેથી તેણી મગ જવાની સિદ્ધોએ તેને ના કહી હતી. હાલ મદારશાનો ડુંગર કેહેવાય છે ત્યાં તે ગયો તો એક સિદ્ધ તેણે જોયો. તે નમન કરી ઉભો રહ્યો, સિદ્ધે તેને પરાક્રમી દેખીને મહાકાળેશ્વરના અઘોરી પાસે જવાનું કહ્યું પણ તે બોલ્યો કે મારા ગુરૂએ ત્યાં જવાની ના કહી છે. સિદ્ધ બોલ્યો પ્રથમ તો તે તારો સત્કાર કરશે ને, તેલની કડાઈ તપાવી તેની આસપાસ સાત પ્રદક્ષિણા કરવાનું કેહેશે ત્યારે તારે કેહેવું કે તમે પેહેલા કરી બતાવો. પછી સાતમીવાર ફરી રેહે એટલે કડાઈમાં તેને મારૂં નામ દઈ નાંખી દેજે, તેથી તે સોનાની મૂર્તિ થઈ જશે. તેનું અંગ કાપી વાવરીશ તેમ કાપેલો ભાગ પાછો હતો તેવો થશે. આ સાંભળી તે ત્યાં ગયો ને સિદ્ધના કેહેવા પ્રમાણે કરી સોનાનો પુરૂષ લઈ ઘેર આવ્યો. સિદ્ધે કહ્યું કે, એની સહાયતાથી તારૂં નામ રેહે એવું કર. તે ઉપરથી ડુંગર ઉપર તેણે ઈડરગઢ બંધાવ્યો ને વસ્તી કરાવી. એક બાગ કરી ત્યાં કુંડને વાવ બંધાવ્યાં. બાગનાં પુષ્પ કોઈ છાનું માનું લઈ જતું હતું પણ ઝલાતું નહિ એટલે વચ્છરાજ શસ્ત્ર સજી ચોકી કરવા ગયો. તે સમયે ગુફામાંથી એક નાગકન્યા આવી ફૂલ વીણવા લાગી. એટલે વચ્છરાજે તેની વેણ ઝાલીને કાપી લીધી ને તે તો જતી રહી. ઘેર આવી ચમત્કારિક સ્ત્રીની વેણ જાણી પૂજા કરવા લાગ્યો. નાગકન્યાએ પોતાને નિવાસ જઈ નાગને કહ્યું. તેણે વચ્છને ઝાલવા દૂત મોકલ્યા પણ તેઓ તેનું રૂપ જોઈ પ્રસન્ન થયા ને વેણ પૂજતો જોયો તેથી નાગને સર્વે સમાચાર કહી નાગકન્યા તેને પરણાવવાની ભલામણ કરી. પછી તેને તે કન્યા પરણાવી ને વેણી ઉપરથી તેનું નામ વેણી વત્સરાજ પડયું. ભાષાંતરકર્ત્તા.

કરતો હતો. એની પાસે સોનાની એક કારમી મૂર્ત્તિ[1] હતી તેને લીધે ડુંગર ઉપર કિલ્લો બાંધવાને અને તેને લગતાં ઘણુંએક જળાશય કરાવવાને તેને સાધન મળ્યાં. વેણીવચ્છરાજની રાણી પાતાળના એક નાગની પુત્રી હતી. ત્યાં તેઓએ ઘણાં વર્ષ સુધી સુખમાં રાજ્ય કર્યું અને પછીથી નીચેની વાત ઉપરથી જણાશે કે તેઓ અલોપ થઈ ગયાં. "એક સમયને વિષે રાજા અને રાણી ઇડરગઢમાં પોતાના મેહેલને ઝરૂખે બેઠાં હતાં, તેવામાં તે શેહેરમાં એક માણુસ મરી ગયો હતો તેનું મુરદું શોક કરતા લઈ જતા હતા. રાણિયે પૂછ્યું કે આ બધા રડતા કકળતા જાયછે તેનું કારણ શું છે? ત્યારે તેના સ્વામિયે કહ્યું કે, કોઇ મરી ગયું છે એટલામાટે એ બધા રડે છે. તે સાંભળી રાણી બોલી, "જ્યાં માણસ મરી જાયછે એવી જંગ્યાએ આપણે રેહેવું નહિ." તે ઉપરથી વચ્છરાજ અને તેની રાણી, તારણમાતાના ડુંગર ઉપર ગયાં, અને જ્યાં આગળ આજે માતાનું સ્થાનક છે તેની પાસેના વિવરમાં થઇને તેઓ પાતાળમાં ઉતરી પડ્યાં, તેથી ઘણા દિવસ સુધી ધરતી ઉજજડ રહી."

જ્યારે વલ્લભીનગર ટૂટ્યું ત્યારે, શીલાદિત્યની રાણિયો માંહેલી એક પુષ્પાવતી કરીને હતી તેણે પોતાને કુંવર થાય તો આરાસુરમાં અંબાભવાની છે ત્યાં જવાની બાધા રાખી હતી, તે ઉતારવાને ગઈ હતી. તે પાછી આવી ત્યારે તો તેને પોતાના પતિના મરણના સમાચાર મળ્યા; અને દેવિયે તેની પ્રાર્થનાના બદલામાં વચન આપ્યું હતું કે તને કુંવર થશે, તેનું રાજ્ય કરવાનું પણ ગયું, તેથી તેને આશાભંગ થયાનો કારી ઘા લાગ્યો. તે ત્યાંથી નાશીને એક પર્વતની ગુફામાં ગઈ ત્યાં તેને પુત્ર પ્રસવ્યો. તે ઉપરથી તેનું નામ ગોહો પાડ્યું. રાણિયે તે કુંવરને એક બ્રાહ્મણીને[2] સ્વાધીન કર્યો અને તેને વિનવી કે તારી જાતિના જેવી એને વિદ્યા ભણાવજે પણ પરણાવું તો તો રજપૂત જાતિની પુત્રી વેરે પરણાવજે. પછી તે પોતાના પતિ પછવાડે ચિતામાં બળી મોઈ. આ વેળાએ ઇડર ભીલ લોકોના

---

[1] આવી એક મૂર્ત્તિ કચ્છના જામ લાખા ફુલાણી પાસે હતી, તેમાંથી જેટલું સોનું કાપી લેવામાં આવે તેટલું પાછું નવું થઇ જાય. આ મૂર્ત્તિ સોનાના પુરૂષને નામે પ્રસિદ્ધ છે અને તે ભુજ પાસેના ઝુડક નામે ધોધના દ્રોહમાં હોવાનું કેહેવાયછે.
ભા૦ ક૦

[2] આ બ્રાહ્મણીનું નામ કમળાવતી હતું. ભા૦ ક૦

હાથમાં હતું, [1]ગોહો તો પોતાની બ્રાહ્મણીમાતાને ખોળીને ભીલ ભેગો વગડામાં ભટકવા લાગ્યો ને તેમને તે માનીતો થઈ પડયો. ભીલોએ રમતમાં, કોઇને રાજા કરવાનો ઠરાવ કરયો ને તે બધાયની મરજી ગોહા ઉપર થઈ. વગડાના એક છોકરાએ પોતાની આંગળી કાપીને તેના લોહીવડે ગોહાને રાજતિલક કર્યું.[2] આ પ્રમાણે શીલાદિત્યનો પુત્ર વનનો અને ઈડરગઢનો રાજા થયો. તેના વંશજો આ દેશમાં ઘણી પેહેડી સુધી રહ્યા એમ કેહેવાય છે. ભીલ પછીથી પરદેશી રાજાના રાજ્યથી કંટાળી ગયા; અને ગોહાથી આઠમો રાજા [3]નાગાદિત્ય રાજ્ય કરતો હતો તેના ઉપર હલ્લો કરીને તેને

---

૧ આ ગોહા ઉર્ફે ગુહાદિત્યને વલભીપુરના છેલ્લા રાજા શીલાદિત્ય સાતમાનો કુંવર ગણ્યો છે, પણ તેમ નથી. કેમકે શીલાદિત્ય સાતમો ઇ. સ. ૭૬૬ (ગુપ્ત અથવા વલભી સંવત્ ૪૪૭) માં હતો. અને આ ગુહાદિત્યના વંશજો તે વખતે મેવાડના ચિતોડના રાજા હતા. આ ગુહાદિત્ય તો વલભીપુરના પહેલા રાજા વિજયસેન અથવા સેનાપતિ ભટાર્કનો પૌત્ર ગુહસેન જે વલભીનો છઠ્ઠો રાજા ઈ. સ. ૫૩૯ થી ૫૬૯ સુધી હતો. એને ગુહિલ પણ કેહેતા તેના વંશજો ગોહિલ અને ગેલોટી (જે હાલ સીસોદિયાને નામે ઓળખાયછે તે) થયા. ગુહિલપુત્ર ઉપરથી ગુહિલુત્ત કે ગેલોત અથવા ગેલોતી કે ગેલોટી થયા. આ ગુહસેનનો મોટો કુંવર ધરસેન બીજો વલભીની ગાદિયે તેની પછી બેઠો અને ન્હાનો કુંવર ગુહા અથવા ગુહાદિત્યે ઈડરનું રાજ્ય મેળવ્યું.

૨ આ રમતની વાત ઈડરના ભીલ રાજા મંડલિકે જાણી; તેને કુંવર હતો નહિ એટલે સ્વાભાવિક રીતે રાજા થયેલા ગોહાને પોતાનો કુંવર સ્થાપી તેને રાજ્ય સ્વાધીન કરી દીધું.

૩ ઈડરની ગાદિયે ગેલોટી વંશના રાજા આ રીતે થયાઃ—

૧ ગુહાદિત્ય અથવા ગુહા. તે પછી ૨ કેશવાદિત્ય,એ પછી ૩ નાગાદિત્ય પેહેલો, પછી ૪ ભગાદિત્ય અથવા ભોગાદિત્ય, પછી ૫ દેવાદિત્ય. તે પછી ૬ આશાદિત્ય, પછી ૭ કાલભોજાદિત્ય અથવા કલભોજ. અને તે પછી ૮ નાગાદિત્ય બીજો અથવા ગુહાદિત્ય બીજો થયો. તેનો કુંવર બપ્પ અથવા બાપો થયો તેને તેની માએ આલોરથી એક મૈલને છેટે ભાંડીરના કિલ્લામાં લઈ જઈને એક ભિલ્લ (ભીલ) ને સોંપ્યો. તેણે પારાસરના જંગલમાં હાલના ઉદયપુરની સમીપમાં નાગદા ગામ છે ત્યાં રાખ્યો. તે પંદર વર્ષનો થયો ત્યારે મેવાડના ચિતોડના મોરીવંશ (પરમાર) ના રાજા જે તેના મોસાળિયા થતા હતા તેણે સામંત ઠરાવી પોતા પાસે રાખ્યો. તેવે સમયે ગજનીના મુસલમાનોએ ચિતોડપર ચડાઈ કરી ત્યારે બાપાએ તેને હરાવીને તેની પુંઠ પકડી ગજની સુધી ગયો ત્યાં ગજની જીતી લઈ પોતા તરફથી એક ચાવડા સામંતને તે રાજ્ય સોંપ્યું ઈસ્વી સન ૭૨૬. બાપાના પરાક્રમથી ચિતોડના સામંતો ખુશી થયાથી તેમ મોરીવંશના રાજાના જુલમથી કંટાળ્યાથી સામંતોની મદદથી બાપાએ ચિતોડનું રાજ્ય મેળવી "રાવળ" પદવી ધારણ કરી ગાદિયે ઈસ્વી સન ૭૨૮માં બેઠો.

ડેર કરયો (ઈ. સ. ૭૧૬). પણ તેને બાપા કરીને એક ત્રણ વર્ષનો કુંવર હતો તે મેવાડના વંશનો સ્થાપનાર થવા માટે વંચી ગયો.[1]

આ પ્રમાણે બનાવ બન્યા પછી મારવાડના મંડોવર શેહેરથી પરિહાર (પ્રતિહાર) જાતના રજપૂતોએ આવીને ઇડરને દરવાજે તોરણ બાંધીને ફરી વસાવ્યું, ત્યાં તેઓએ કેટલીક પેહેડીસુધી રાજ્ય કર્યું. પરિહાર અમરસિંહના વારામાં કનોજનો જેચંદ દલપાંગળો પોતાની કુંવરી સંયોગિતાના વિવાહમાં રાજસુયજ્ઞ કરતો હતો. તેણે સર્વે રાજાઓને કંકોતરિયો મોકલી હતી. આ વેળાએ ઇડર ચિતોડના તાબામાં હતું, અને સમરશીરાવળ ત્યાંના રાજા, પૃથ્વીરાજના બંનેવી થતા હતા, તેમને વિવાહમાં સાથે તેડી જવા સારૂ પોતાના પટાવત અમરસિંહને તેડવા મોકલ્યો. પરિહાર રાજા પોતાના કુંવરને સાથે લઇને પાંચહજાર ઘોડું લઈને ચિતોડ ગયો, અને મુસલમાનોની સાથે લડતાં પૃથ્વીરાજ હારયો તે લડાઇમાં તેઓ પણ તરતજ કપાઇ મુવા. જ્યારે તે વાત ઇડરમાં જઈ પોહોંચી ત્યારે કેટલીક રાણિયો તો સતી થઇ ને કેટલીકતો ઇડરની ઉત્તરમાં ઉંચી ટેકરી છે ત્યાંથી પડી મોઈ. તે હજી સુધી "રાણિયોના ઝોલાની ગોઝારી ડુંગરી કેહેવાયછે."

હાથીસોડ કરીને એક કોળી અમરસિંહનો ચાકર હતો તેના ઉપર તેનો ઘણો ભરોંસો હતો તેથી તેણે ઇડર તેને સોંપ્યું હતું. હાથિયે પોતાના મરણ સુધી દેશ પોતાને કબજે રાખ્યો ને તે મરી ગયો ત્યારે તેનો દીકરો સામળિયોસોડ રાજ્યનો વારસ થયો, તેની વેળામાં ઇડરમાં રાઠોડ પેહેલવેરકા આવ્યા.

જેચંદ દલપાંગળાના મરણપછી સિયોજીરાઠોડ જે તેનો પૌત્ર હતો, તે કનોજ છોડીને મારવાડના રેતીના મેદાનમાં વસ્યો. તેને ત્રણ કુંવર હતા તેમાં મ્હોટો આસ્તાનજી તેની પછવાડે ગાદિયે બેઠો; સોનંગજી અને અજી જે બે ન્હાના કુંવર હતા તેઓએ વિચાર્યું કે, "આપણે આપણો રોટલો મેળવવાને કોઈ પરદેશ જવું" પછી તેઓ અણહિલવાડના દરબારમાં આવ્યા, ત્યાંનો રાજા સો વશા બીજો ભીમદેવ તેઓનો મામો થતો હતો. સોલંકી રાજાએ કડી પરગણાનું સામેત્રા ગામ આપ્યું. અજીરાઠોડ પછી ચાવડા રાજાની કુંવરી વેરે પરણ્યો. તેઓનો ગ્રાસ દ્વારકાની

---

[1] ટાડ રાજસ્થાન ભાગ ૧ લો પૃષ્ઠ ૨૨૦.

પાસે હતો. આ સંબંધ થયો તેથી તે દેશના તેટલા ભાગનો તે જાણીતો થયો એટલે ત્યાં કાંઈ સંસ્થાન સોધવાનું તેને મન થયું; પછીથી તરતજ તેટલા માટે તેણે ભોજરાજ ચાવડાને મારી નાંખ્યો, અને દ્વારકા તથા ઓખામંડળનો કબજો કરી લીધો. અજીને બે કુંવર હતા, વાગાજી ને વાઢેલજી, તેમના વંશના હવણાં ઘણા છે અને તેઓ વાજી અને વાઢેલ કેહેવાયછે.

ઈડરમાં સામલિયોસોડ પોતાની પ્રજાને કનડતો હતો તેથી તે અણગમતો થઈ પડયો હતો. તે વેળાએ સોડના રાજ્યમાં નાગર બ્રાહ્મણ ઘણા વસતા હતા અને તેમનો જે મુખ્ય હતો તે રાજાનો મુખ્ય કારભારી હતો. તેને એક સુંદર દીકરી હતી. તેને એક દિવસ રાજાએ જોઈ તેથી તે મોહ પામ્યો ને તેને પરણવાનું માગું કરયું. કારભારિયે જાણ્યું કે જો હું પાંશરી ના કહીશ તો મારી દીકરીને સામલિયો બલાત્કારે લઈ જશે; તેણે ખોટું બાહાનું કાહાડીને કહ્યું કે છ માસની મને મેહેતલ આપો એટલીવારમાં હું વિવાહની ઘટે તેવી તૈયારી કરૂં. પછી તેટલીવારમાં કોઈ બળવાન રાજાને પોતાની સહાયતામાં લેવા સારૂ શોધી કાહાડવાની ઇચ્છા કરવા લાગ્યો. બ્રાહ્મણ આવા મનસુબાથી, સામેતરે સોનંગજીના દરબારમાં ગયો ને તેને મળીને કહ્યું કે જો તમારામાં હિંમત હોય તો નવલાખ રૂપિયાની ઇડરની ગાદી અપાવું. સોનંગજિયે હા ભણી, પછી નાગરે ઘેર આવીને એવી વાત જણાવી કે હું વિવાહની તૈયારી કરૂંછું ને તેટલા માટે મારાં સગાંવાહાલાંને તેડાવુંછું. પછી બબ્બે ત્રણ ત્રણ બેશી સો રથમાં, નાગરબ્રાહ્મણિયો આવેછે એમ ઠરાવીને, મારવાડી યોદ્ધા અને તેઓના નાયક, પ્રધાનની હવેલીમાં આવ્યા. અને કણબિયોની પાસે પીવાનો દારૂ અને બકરાં મંગાવ્યાં. પછી પ્રધાને કહ્યું કે બધી તૈયારી થઇ ચૂકી ને સામળિયાસોડને કેહેવરાવ્યું કે તમે તમારા સગાની જાન લઇને જમવા ચાલો. જાન આવી તેને ખૂબ દારૂ પાઇ તથા કેફી પદાર્થ ખવરાવી ચકચૂર કરી. પછી પ્રધાને પોતાના ચાકરોને સંકેત કરી રાખ્યા પ્રમાણે બીજાં ભાણાં પીરસવાની આજ્ઞા કરી એટલે રજપૂત બાહાર ધશી આવ્યા ને જ્યાં બધાં જમતાં હતાં ત્યાં ઉભરાઇ ગયા. તે વેળાએ કોઇ નાશી જાય નહિ માટે બારણાં બંધ કરયાં હતાં, પણ કોળીની એક ટોળિયે બાહારથી ધસારો કરીને બારણાં ઉઘાડી નાંખ્યાં ને સામળિયાસોડને બાહાર કાહાડી લાવ્યા. રાજાએ શત્રુઓમાં થઇને નાશી જઈ કિલ્લામાં જઈ પેસવાનો પ્રયત્ન કરયો, પણ ચડાવ

ઉપર તેના માણુસો મરાયા ને સામળિયો ઇડરગઢના દરવાજાથી થોડે છેટે પોતાની મેળે પડ્યો. જ્યાં તે તરફડિયાં મારતો હતો ત્યાં રાવ સોનંગજી આવ્યો, સામળિયો છેલ્લીજ વારને માટે ઉઠ્યો ને પોતાના લોહીથી જયવંત રાઠોડને કપાળે રાજતિલક કર્યું અને તેને વિનતિ કરીને મરતાં મરતાં કહ્યું કે મારૂં નામ રાખવા સારૂ ઇડરની ગાદિયે જે રાઠોડ રાવ બેસે તે વેળાએ સોડના જમણા હાથના લોહીવડે તેને હાથે રાજતિલક કરાવવું, અને તેની પાસે કેહેવરાવવું કે, "તપો સામળિયાસોડનું રાજ્ય" રાવ સોનંગજિયે તે વાતની હા કહી એટલે સામળિયાએ પોતાનો પ્રાણ છોડચો.

સામળિયાની સ્ત્રી જે ગર્ભવતી હતી તે નાશીને મહાદેવ ખોખરનાથનો પવિત્ર ડુંગર હતો તેની ગુફામાં સંતાઈ રહી. ત્યાંના પૂજારિયે તેનું રક્ષણ કરચુ. પછીથી તેને દીકરો અવતરચો. તેના વંશના મેવાડની સીમ ઉપર સરવાણુમાં પાટણવાડામાં છે તે ખોખર કેહેવાયછે.

ઈડરગઢના ચઢાવ ઉપર જ્યાં સામળિયો અને તેના માણુસો કંપાઈ મુવા હતા ને લોહીના છાંટા પડ્યા હતા તે જગ્યાએ કાળી ચૌદશને દિવસે તથા હનુમાનની પૂજા કરવાના બીજા દિવસે લોક તેલ સિંદૂર ચડાવા જાયછે. રાવ સોનંગજીનું ઈડરમાં રાજ્ય રહ્યું ત્યાં સુધી, તથા ત્યારપછી તેઓ પોળે ગયા ત્યાં પણ સામળિયાના વંશના સરવાણુમાં છે તે ઠાકોર, જે રાવના વંશના ગાદિયે બેસેછે, તેને રાજતિલક કરેછે, તેથી સામળિયાના હજીસુધી પણ શરણ નહિ કરેલા રાજ્ય ઉપર તેનો દાવો સાબીત કરેછે.

કર્નલ ટાડ લખેછે કે, "ગોહિલ રજપૂતો એવો ડોળ બતાવેછે કે અમે સૂર્યવંશી છિયે." પણ અમને જેટલો વૃત્તાંત મળી ચૂક્યો છે તે ઉપરથી તેઓ વિક્રમાદિત્યની ઉપર જય મેળવનાર શાલિવાહનનાથી ચંદ્ર વંશમાં ઉત્પન્ન થયેલા છે. પ્રથમ તેઓનું રેઠાણુ મારવાડમાં લૂણી નદીને કાંઠે ભાલોતરાની પશ્ચિમમાં દશ મૈલને છેટે જૂના ખેડગઢમાં હતું. તેમણે ત્યાંના મૂળ રેહેવાશી ભીલ રાજા ખેડવાની પાસેથી જૂનું ખેડગઢ લીધું ને ત્યાર પછી વીસ પેડી સુધી તેમના હાથમાં રહ્યું; પછી ત્યાંથી તેમને રાઠોડોએ કાહાડી મૂકચા[1]. પણ તેઓ ઘણા કાળ સુધી મરૂ ધરતીમાં રહ્યા તેથી મરૂ પદ પ્રાપ્ત થયું તે હજી સુધી તેમના ઠાકોર એ પદથી ઓળખાયછે.

૧ કનોજના જયચંદ્રના પુત્ર શેખજીનો પુત્ર શિયાજી રાઠોડ હતો તેણે મોહોદાસને મારીને જૂનું-ખેડગઢ લીધું. મોહોદાસના કુંવરનું નામ ઝાંઝરશી. ૨. ૬.

ગોહિલા રજપૂતો મારવાડ છોડીને ગયા તે ઝાંઝરશીના કુંવર સેજકના ઉપરીપણા નીચે ગયા હતા. તેનું કારણ એવું કે, બીજા સિયાજીનો કુંવર આસતાનજી હતો તેના વારામાં રાઠોડોએ ગોહિલો તથા તેમની પાડોસના ડાભી એઓને લડાવી મારયા. ભાટની વાતમાં એમ આવેછે કે "ડાભિયોએ ગોહિલોની સાથે કપટ કર્યું-અને "સેજકને કપટ કરીને મારી નાંખવાનો લાગ ખોળવા લાગ્યા. સેજકમરૂને મારી નાંખવાને તેઓએ "જમવાને તેડયો. ડાભીની દીકરી ઘણી કુશળ હતી તે સેજકની રાણી થતી "હતી. પોતાનાં સગાંનો મનસૂબો આ સદ્ગુણી સ્ત્રીના જાણવામાં આવ્યો, "એટલે રથ જોડાવીને તે પોતાના ધણીને ઘેર ગઈ અને સર્વે વાત સેજકને "કહી. મરૂ પોતે નીકળ્યો ત્યારે તેણે પોતાના સારા સારા યોદ્ધા બોલાવ્યા "અને તેમને બધી યોજનાથી જાણીતા કરયા; તેઓ હથિયાર સજીને તેની "પાસે આવી હાજર થયા. ડાભિયો સેજકને મારવાને એકઠા થયા હતા; "પણ તે વાત તેના જાણવામાં હતી, માટે તેમના સામા થવાને તે ગયો. "યોદ્ધા એક બીજાને કતલ કરવા લાગ્યા. સેજકને જમવા તેડયો હતો તેવા "સમયમાં એક બીજાને કતલ કરે એ અચંબા ભરેલી વાત છે. રસોડામાં "ભાણાં પીરશેલાં રહ્યાં, ને તરવારો ચાલી; ને મ્હોટી હવેલીની ઉઘાડી બારિયોની પેઠે મ્હો વિકાશીને ઠાકોરોએ એક બીજાને શરીરે ઘા કરયા; ઝાંઝરશીના કુંવરે પોતાની કટારી ઉચકતેકને માનની છાતી વચ્ચે ઘોચી. જેમ "મૃગયા રમતો હોય તેમ ગોહિલે ડાભિયોની સાથે લડીને પોતાની રમત "પૂરી કરી આનંદ ભરયો પોતાને ખેડગઢ ગયો. માનને તેણે યમને દ્વાર "પોહોંચાડયો," રાઠોડોએ આ બન્ને ટોળિયો વચ્ચે શત્રુતા કરાવી હતી, તે બન્નેને કજિયાને લીધે હાની પોહોંચવાથી નરમ પડી ગયેલા જોઇને, આગળ ધપી આવ્યા ને લૂટનો લાભ પોતે લઈ લીધો ને રણુશીલ જાતને મરૂ ધરતીમાંથી કાહાડી મૂકયા. તે ઉપર કેહેવત ચાલી કે,—

"ડાભીડાબા, ને ગોહિલ જમણા."

સેજકજિયે પોતાની જાતના લોકોને એકઠા કરયા, ને પરદેશમાં જઇને કમાઈ શોધવા સારૂ ઉચાળા ભરયા; તેની સાથે તેનો કારભારી શાહ રાજપાળ અભિપાળ તથા પરોત (પુરોહિત) ગંગારામ વલ્લભરામ ગયા, તેમાં પરોતના વંશના આજસુધી સિંહોરમાં છે. રસ્તે ચાલતાં પોતાના ઈષ્ટદેવ મોરલીધરની મૂર્ત્તિ તથા કુળદેવીનું ત્રિશૂળ, ખેત્રપાળએ અગાડીના

રથમાં મૂકયાં; કેમકે મોરલીધરે સેજકજીને સ્વપ્નમાં દેખા દઇને કહ્યું હતું કે મારો રથ જ્યાં ભાગે ત્યાં આગળ નગર વસાવીને રેહેજે. જ્યારે પંચાળ દેશમાં આવ્યા ત્યારે દેવના રથનું પયડું નીકળી ગયું તે જગ્યાએ એટલે જ્યાં સાપર ગામ છે ત્યાં આગળ નિવાસ કરચો. અને શાહે રાજપાળને લઇને જૂનાગઢના રાવને નમન કરવાને ગયા. રા [1]કવાત તથા કુંવર ખેંગારે તેમનો આદરસત્કાર કરચો. ને પૂછ્યું કે તમારે તમારો દેશ કેમ છોડવો પડયો! સેજકજિયે કહ્યું કે રાઠોડોએ ડાભિયોને ખોટી સલાહ આપીને મારા સામા લડાવ્યા ને છેવટે તો આસતાનજિયે ડાભિયોને પણ કાહાડી મૂકયા ને ખેડગઢ પોતાને સ્વાધીન કરી લીધો. રા કવાતે પછી સેજકજીને પોતાની ચાકરીમાં રાખ્યો, ને સાપર તથા બીજાં અગિયાર ગામ આપ્યાં ને કહ્યું કે દેશના એટલા ભાગનું તમારે ખાંટ "ભીલ" નાથી રક્ષણ કરવું. તે વેળાએ કાઠી પાવર (કચ્છ) ધરતીમાંથી નીકળી આવ્યા નહતા, અને ચોટીલાની પાસે થાંડલપુર એ જૂનાગઢના રાવ અને વાઘેલાની સીમા વચ્ચે મોખરાનું શેહેર હતું.

સેજકજી ઘણા દિવસ જૂનાગઢમાં રહ્યા, અને એ જેવામાં ત્યાં હતો તેવામાં કુંવર ખેંગાર જે તેર વર્ષનો હતો તે મૃગયા રમવાને નીકળ્યો. તે સાપરની પડોસમાં જઈ પોહોંચ્યો ત્યાં એક સસલું જોવામાં આવ્યું, તેની પંછવાડે દોડતાં તે ગોહિલના ઉચાળામાં ભરાઈ પેઠું, ખેંગારે કહ્યું કે એ સસલું મને આપો, પણ સેજકના ભાઈ ભત્રીજાઓએ ના કહી, ને બોલ્યા કે, આશ્રયે આવ્યું તેને કોઈ રજપૂત આપે નહિ. પછી લડાઈ થઈ; કુંવરના કેટલાક માણસો મરાયા ને તેને કેદ કરી લીધો. તેનું એક માણસ નાશી જઇને જૂનેગઢ જઇ પોહોંચ્યું ને જે બન્યું હતું તે રા કવાતને કહ્યું ને બોલ્યો કે ખેંગાર જીવતો છે કે મરાયો છે તે હું જાણતો નથી. આ વેળાએ સેજકજી દરબારમાં બેઠેલો હતો; તેને ઘણો ખેદ થયો; ને જાણ્યું કે હવે આપણાથી ગામનો પટો રખાય એમ નથી. તે ઉભો થયો ને નમન કરીને પટો રાજાના ખોળામાં નાંખ્યો. કવાતે પૂછ્યું કે તમે આમ શું કરવાને કરોછો ? સેજકે ઉત્તર આપ્યું કે, "મારાં માણસે તમારો એકનો એક કુંવર મારી નાંખ્યો; તો હવે તમારા દેશમાં મારાથી કેમ રહી શકાય ?" રાહે સેજકજીને પટો પાછો આપીને કહ્યું કે, કાંઈ ચિંતા નહિ. સેજક સત્વર

[1] મહિપાળ ત્રીજો ઈ. સ. ૧૨૩૦–૧૨૫૩ માં થયો તે કવાત ત્રીજો.

સાપર ન્યો તો કુંવર સાજો સમો જીવતો દીઠો, તેણે તેને નમન કર્યું ને પોતાની પુત્રી લાવીને તેને પરણાવી દીધી. કુંવરીનું નામ [1]વાલમ કુંવરબા હતું. તેની સાથે કેટલોક દાયજો આપીને જૂનેગઢ પોહોંચતાં કર્યાં; અને સેજકજિયે રાહની આજ્ઞા લઇને સાપરની પાસે એક શેહેર વસાવી તેનું નામ સેજકપુર પાડયું.

આ વેળાએ સેજકજીના ભાઇયો, તેમને આપેલાં ગામમાં જૂદે જૂદે ઠેકાણે વસ્યા હતા હેતુજીને બગડ ગામ મળ્યું. માનસિંહને બોટાદની પાસે ટાટમ ગામ મળ્યું; દુદાજીને તુરખા ગામ મળ્યું; અને દેપાલજીને પાલિયાદ મળ્યું.[2]

સેજકજીની પછી તેનો વડો પુત્ર રાણોજી ગાદિયે બેઠો. ન્હાના સાહાજી ને સારંગજી હતા તેમને માંડવી (ચોવીશી) ને અરથીલા (ચોવીશી) અનુક્રમે મળી અને તેમનાં ગારિયાધાર ને લાઠી એવાં બે કુળ થયાં.

આ વેળાએ વાળા કુળનો એભલ અથવા અભી ઠાકોર હતો. તેના હાથમાં વાલાક ધરતી અને તેની રાજધાની વળા શેહેર હવણાં જે પ્રાચીન વલભીપુરીના ખંડેર આગળ છે, તે હતાં. વળી તેના હાથમાં પાસેનું તળાજા શેહેર પણ હતું. તે શત્રુંજય નદીને કાંઠે, દરિયાથી ઘણે છેટે નથી, શત્રુંજય નદી જૈનના પવિત્ર પર્વતમાંથી નીકળીને સુંદર અને શંકુ આકારના ડુંગરાની પડખે વેહેછે, તે ડુંગરાને તીર્થંકરના પંથવાળા સોરઠના બરડાના હાડનો એક ભાગ ગણેછે—અને જે ડુંગરાની હારમાં ગિરનાર અને શત્રુંજય એ બે બહુ પ્રસિદ્ધ શિખરો છે તેમાં એ પણ એક શિખર જેવો છે.

એ ડુંગરામાં ઘણી ગુફાઓ છે તે ઘણું કરીને ઉત્તર અને પશ્ચિમ ભણીની બાજુએ, અને તેના પાયાની તથા ટોચની વચ્ચે છે. સર્વ કરતાં ઘણી ચમત્કારિક ગુફા સમકોણ આકારની છે તે ઘણી વિશાળ છે તેનો

---

૧ એ વિના બીજી કુંવરી ફૂલ કુંવરબા હતી.

ભાષાંતર કર્તા.

૨ એ વિના સોનજી હતા, ને વિસાજી અથવા વેજાજી કરીને હતા તેમને ખસ ગામ મળ્યું. આઠમો એક હતો તેનું નામ જાણવામાં આવ્યું નથી. વિસાજીના વંશના ખસ ગામ ઉપરથી ખશિયા કેહેવાયા. ખશિયો ધંધુકિયા મેર કોળીની દીકરીને પરણ્યો હતો તેથી તેના વંશના ખશિયા કોળી થયા.

સાહાજીના વંશના હજડાં પાલીટાણે છે ને સારંગજીના વંશના લાઠીમાં છે.

ર. ઉ. ભાષાંતર કર્તા.

બાહારનો મોખરાનો ભાગ હતો તે ચોખંડા સ્તંભો ઉપર હતો; પણ હવણાં તે સ્તંભ કાહાડી નાંખ્યો છે. સ્તંભ ઉપરનો ભાગ ચોખંડી તકતિયોથી શણગારેલોછે, ને તેને ચારવાંકની પાંચ કમાનો છે. પ્રાચીન બૌદ્ધ કારીગરોએ શોભાને માટેજ આવા પ્રકારની બાંધણી પસંદ કરેલી જણાયછે, પણ એમાં મજબૂતાઈ ઇત્યાદિ ગુણ છે તેની અગત્ય તેમના સમજવામાં હોય એમ લાગતું નથી. * વલ્લભીમાં શીલાદિત્ય રાજ્ય કરતો હતો તે સમયની જે યોગિયોને વિષે વાત ચાલેછે તે યોગિયોને ને આ ગુફાને સંબંધ હતો તે વાત તો એક કોરે રહી જાયછે ને દંત કથા એમ ચાલેછે કે એભલવાળાંએ ગુફા બંધાવી છે. પાસેજ એક બીજી ગુફા છે તે દેવી ખોડિયારની (તેનેવિષે હવે પછી લખવામાં આવશે) કેહેવાયછે; એ વિના બીજી ઘણી ન્હાની ગુફાઓ અથવા પોલાણ છે તેમાં ભટકતા ગોસાઈયો રેહેછે; અને બાકીના પોલાણનો ઘણો ભાગ તો કુંડ અથવા તલાવ રૂપે થયેલો છે, તેમાં વર્ષાદનું સ્વચ્છ પાણી એકઠું થવાસારૂ ડુંગરની ચોગરદમ નીકો કરવામાં આવી છે. આ ડુંગરની ટોચે એક જૈનોનું દેરાસર છે તે ઈ૦ સ૦ ૧૩૮૧ માં બંધાવેલું છે, તથા પશ્ચિમમાં એક સપાટ સ્કંધ છે તેના ઉપર હવણાંનું બંધાવેલું એક બીજું દેરાસર છે; આ બન્ને ઠેકાણે જવાસારૂં ચણીને અથવા જીવતા ખરાબામાંથી કોરી કાહાડીને પગથિયાં કરાવેલાં છે. ઉત્તર અને પૂર્વ ભણીની બાજુએ તળાજાનું શિખર વનશોભાથી શણગરાયલું છે, તેના સરસ અને નાનાપ્રકારના રંગને લીધે, જે દેવાલયો ખરાબાની બેસણી ઉપર આવી રહ્યાં છે, અને કાળા આકાશની સામે સફેદ ચંદની જેવાં ચકચકિત થઇ રેહેછે તેઓની શોભામાં વધારો થાયછે. આ ડુંગરાની તલાટીમાં શેહેર આવેલું છે તેની ચોગરદમ સુંદર પ્રાકારનો કોટ છે, તેના ઉત્તર ભણીના બુરજોભણી એક સ્વચ્છ નદી વેહેછે, તેનું ડુંગરને નામે નામ છે, અને તે, શેહેરથી થોડેક છેટે, પાલીટાણામાંથી નીકળતી નદી ભેગી ભળી જાયછે. આ ડુંગરાને પૂર્વ ભણીને પાસે તાલત્ર દૈત્યનું એક ન્હાનું દેરૂં છે, એ દૈત્યના નામ ઉપરથી આ ડુંગરનું સંસ્કૃત નામ તાલધ્વજગિરિ પડ્યું છે, તે દૈત્યની આગળ પ્રત્યેક રાત્રે દીવો પ્રકટવામાં આવેછે. દંતકથા એવી ચાલેછે કે તાલત્ર દૈત્ય એભલ રાજાનો શત્રુ હતો અને એ રાજાએ પોતાના હથિયારથી તેને વશ કરી

* હિંદુસ્થાનનાં પત્થરના કોરણીનાં દેવાલયો વિષે મિ. ફરગ્યુસન કૃત ચિત્ર પુસ્તક છે તેને પૃષ્ઠ ૬૩ મે જુવો.

લીધો હતો, તોયપણ એ કીર્તિમાન્ જયવંત રાજા લોકોના સંભારણામાંથી વીસારે પડયો છે અને દૈત્ય તો પોતાના ડુંગરી ખરાબાના રાજ્યાસન ઉપર બેશીને હજી લગણ સત્તા ચલાવેછે; એના દેરામાં જે દીવો બળેછે તે, કદાપિ ચોમાસામાં વાવાઝડાનું ઘણુંજ તોફાન હોય અને વર્ષાદની મુશળધારથી ડુંગરાની બાજુ તૂટી પડતી હોય તોયપણ કદિ તે હોલાઈ જવો જોઇયે નહિ; તલાજાના લોકોમાં મરકી ચાલે, અથવા ખરાબાના પથરા ગગડીને તેમના ઘર ઉપર પડે તો લોકો એમ સમજેછે કે તાલવ દૈત્યની આરાધના કરવાનું ભૂલી જવાથી તેનો કોપ આપણા ઉપર થયોછે.[1]

(બીજા) એભલવાલાની વેળામાં એક જૈન વાણિયાએ[2] દાણાની એટલી બધી વખારો ભરી હતી, કે તે વેચી કાહાડીને નાણું કરવાં તેને ઘણાં કઠણ લાગ્યાં. આવા સંકટમાં તેણે કામણટુમણમાં કુશળ એવા ગોરજીને વિનવ્યા, એટલે તેણે એક ચિઠ્ઠી મંત્રીને એક કાળિયાર હરિણને શિંગડે બાંધીને તેને વનમાં ફરતો મૂકયો. ત્યાર પછી વર્ષાદ વરસતો બંધ થયો; સાત વર્ષ સુધી કાળ પડયા; ઢોર મરી ગયાં; લોક માળવે નાશી ગયા; અને ધરતી ઉજજડ થઈ ગઈ. પણ વાણિયાના દાણા તો વેચાયા. (બીજા) એભલવાલાને ઘણાં ઘોડાં હતાં પણ માત્ર પાંચ ઉગરયાં હતાં. તેને ઘણોજ ખેદ થયો. એક દિવસ એક વનનાં લાકડાં કાપી લાવનારાએ દરબારમાં આવીને કહ્યું કે મેં વનમાં એક કાળિયાર હરિણ જોયો, તે જયાં જયાં જાયછે ત્યાં ત્યાં લિલોતરી હોયછે. ત્યારે સર્વે બોલી ઉઠયા કે, કોઇએ હરિણને શિંગડે વર્ષાદ બાંધ્યો હશે. રાજા અને તેના માણસ જંગલમાં ગયા, હરિણને પકડયો ને તેને શિંગડેથી મંત્રેલી ચિઠ્ઠી છોડીને વાંચી જોઈ તેમાં લખ્યું હતું કે,—" આ ચિઠ્ઠીને પાણીમાં બોળશે તો વર્ષાદ વરસશે," તેઓએ પછી ચિઠ્ઠીને પાણીમાં બોળી કે તતકાળ વર્ષાદ વરસવા માંડયો. (બીજા) એભલવાળાનાં કેટલાંક માણસ તો વાવાઝડામાં મારયાં ગયાં; રાજા એક દેવતાઈ ઘોડા ઉપર અશ્વાર થયો ને એક દીવાનું અજવાળું

---

૧ એભલ ત્રણ થયા છે તેથી ત્રણેની જૂદી જૂદી હકિકત એક જ એભલ નામે વર્ણવામાં આવી ગઇ છે.

પેહેલા એભલનો કુંવર શરોજી, તેનો કુંવર થયો તે બીજો એભલજી, હવે જે વાત ચાલે છે તે બીજા એભલજીના સંબંધમાં છે માટે અમે કૌંસમાં જણાવ્યું છે.

ભા૦ ક૦

૨ વાણિયાનું નામ મેઘાશાહ હતું ને ગોરજીનું નામ સુખવિજય હતું. ભા. ક.

જોઇને તે દિશાએ ઘોડાને મારી મૂકયો તે એક ચારણના નેહમાં આવ્યો; ત્યાંના પુરૂષો હતા એટલા બધાય માળવે ગયા હતા; પણ સ્ત્રિયોને ઘેર મૂકી હતી તેમાંની એક સાઈ નેહડી કરીને હતી તેણે (બીજા) એભલને ઘોડાઉપરથી હેઠે ઉતારયો. રાજા તો થાકથી અને શરદીથી બેભાન થઈ ગયો હતો.તેને ગરમી થવા આલિંગનદઇને તથા શેક કરીને સચેતન કરયો. એભલ સાવધાન થયો ત્યારે સાઇને પૂછ્યું કે તું કોણ છે? તેણે કહ્યું હું ગઢવીની સ્ત્રી છું. તે બોલ્યો કે તેં (બીજા) એભલવાલાનો જીવ ઉગારયો છે માટે ભાઈપસલીમાં કાંઈ માગી લે. તે બોલી, જ્યારે ઘટિત સમય આવશે ત્યારે હું માગી લઈશ. પછી (બીજો) એભલ પોતાને ઘેર તલાજે ગયો.

કાળ મટયો એટલે ગઢવી ઘેર પાછો આવ્યો. તે વેળાએ કોઇયે તેને કહ્યું કે તમે ઘેર હતા નહિ તેવામાં તમારી સ્ત્રિયે કોઈ અજાણ્યા માણસને ત્રણ દિવસસુધી ઘરમાં રાખ્યો હતો. ગઢવીને હાડોહાડ લાગી ગઈ અને તેને માથે અપવાદ મૂકીને ધમકાવા લાગ્યો. સાઈ બે હાથ જોડીને સૂર્ય ભણી જોઈ પ્રાર્થના કરવા લાગી, "સૂર્યનારાયણ! જો હું દોષિત થઈ હોઊં તો મને કોહોડ નીકળજો નહિકર આ ગઢવીને નીકળજો" પછી તેનો ધણી કોહોડિયો થયો. તેથી સાઇનું નિરપરાધીપણું સિદ્ધ થયું, એટલે તેને નિરાંત વળી અને પોતાના ધણીની સારી સંભાળ રાખીને તેને તળાજે એભલ રાજાને દરબાર લઈ ગઈ. દ્વારપાળને તેણે કહ્યું કે એભલને જઇને કહે કે તારી બેહેન સાઇનેહડી ભાઈપસલી લેવા આવી છે. આ સમાચાર તેને પોહોંચ્યા ત્યારે તે પોતાના કુંવર અણાસાથે જમવા બેઠો હતો; તે તરતજ ઉઠીને બાહાર આવ્યો ને નેહડીને વંદન કરીને પૂછ્યું કે તમારે શું જોઇયે છિયે? તે બોલી, "મારો ધણી કોહોડિયો થયો છે, પણ બત્રીસ લક્ષણી પુરુષના લોહીવડે ન્હાય તો તે સારો થાય." એભલે પૂછ્યુ કે એવો પુરૂષ કહિંથી હાથ લાગે એમ છે? તે બોલી, તારો કુંવર અણો એવો છે. વાળો ખેદ પામતો અંતઃપુરમાં ગયો. રાણિયે પૂછ્યું કે કોણ આવ્યું છે, ને એવું શું છે કે જેથી તમને આવડો બધો સંતાપ થયો છે. એભલ બોલ્યો "એક ગઢવીની સ્ત્રીને મેં વચન આપ્યું હતું તે પ્રમાણે માગવાને આવી છે, ને તે અણાનો જીવ માગેછે." આ સાંભળીને અણો તરતજ બોલી ઉઠયો, "તે ઠીક કહેછે, આપણી કીર્ત્તિ થઇને નામ અમર રેહેશે" રાણિયે પણ તે વાત સ્વિકારી; ને લોક કેહેશે કે,—" એવું રત્ન માત્ર એવીજ

માતાના ગર્ભસ્થાનમાં પાકે" તેથી તેને બહુ હર્ષ થયો. છેવટે પોતાનો કોલ પાળવાનો એભલે નિશ્ચય કરીને અણાનું માથું કાપી નાંખી ગઢવીને તેના લોહીમાં ન્હવરાવ્યો એટલે તેજ ક્ષણે તેનો કોહોડ મટી ગયો. યોગમાયાના પ્રતાપથી ગઢવીની સ્ત્રી અણાને સજિવન કરી શકી; પણ તેનો અને તેના પુત્રનો ભાવ હજી સુધી સજિવન રહીને કવિતામાં ગવાય છે—

( સોરઠો. )

સોરઠ કરો વિચાર, બે વાળામાં કિયો ભલો;
શિરનો સોંપણહાર કે વાઢણહાર વખાણિયે?

( બીજા ) એભલના સમયમાં, વળામાં એક માઢ જાતનો મામડિયો કરીને ચારણ હતો, તેને સાત દીકરિયો શક્તિરૂપ હતી, અને જીવતી ભશ અને પાડાનું લોહી ચૂસેછે એવો શક ઉપજ્યો એટલા ઉપરથી એભલવાળાએ તેમના બાપને બોલાવ્યો ને તેમને ગામ બાહાર કાહાડી મૂકવાની આજ્ઞા કરી. મામડિયાએ પોતાની દીકરિયોને બોલાવીને કહ્યું કે તમે શક્તિરૂપ છો તેથી કોઈ તમને વરશે નહિ, અને રાજા પણ આજ્ઞા કરેછે કે તમે અહિંથી જતી રોહો. સાતે બેહેનો આજ્ઞા પાળવાને તૈયાર થઈ અને નીકળતી વેળાએ માંહોમાંહે ઠરાવ કરયો કે ગમે તે ગામમાં આપણામાંથી કોઇનું દેહેરૂં બંધાય તો બીજિયોએ ત્યાં રેહેવું નહિ ને બીજે ગામ જવું. મ્હોટી દીકરી પગે ખોડી હતી ને તે ઉપરથી તેનું નામ ખોડિયાર હતું. બીજિયો આગલ ચાલી ને તે તેમની પછવાડે રહી. પણ તેનું નામ એવું પ્રતાપવાન્ હતું કે જ્યાં જ્યાં તેઓ ગઈ ત્યાં ત્યાં ખોડિયાર દેવીના નામનું દેહેરૂં જોવામાં આવ્યું.

આખા ગુજરાતમાં ખોડિયાર માતાનાં દેહેરાં હજી પણ ઘણાં છે; બાધા આખડિયો રાખવામાં આવેછે; ભેંસ પાડાનાં બલિદાન અપાયછે. તેના ઘણા ભૂવા હોયછે ને ગોહિલ ઠાકોરો પણ તેના બીજા ભક્ત ભેગા ગણવામાં આવેછે. તેની બીજી બેહેન આવડનું દેહેરૂં કાઠિયાવાડમાં મામચી ગામમાં છે, અને તેની બીજી બેહેનો પણ એમજ પૂજાયછે.

અસલ, વળામાં વાલમ બ્રામણનાં એક હજાર ઘર હતાં તેઓ કાયસ્થ જ્ઞાતના ગોર હતા અને વૈજનાથ મહાદેવનું દેરૂં તેમને સ્વાધીન હતું. તેમના યજમાનની દીકરીનું લગ્ન થતું ત્યારે તેઓ સો રૂપિયા દક્ષિણાના લેતા

હતા તેથી કેટલીક કન્યાઓ ત્રીસ વર્ષની થઈ હતી પણ ગોરની દક્ષિણા આપવાની તેમના બાપની શક્તિ હતી નહિ તેથી તેઓ કુંવારિયો રેહેતી. આખરે, કાયસ્થની આખી નાત લગ્ન કરતાં અટકી પડી ને આશા રાખી કે ગોર દેવતા હવે દક્ષિણાનો ભાવ ઓછો કરશે. તથાપિ ગોર દેવતા તો આતું થતું જોઇને ત્રાગાં કરવાને અને શરીરવધ કરવાને ઉભા થયા ને કેહેવા લાગ્યા કે બધું પાપ તમારે માથે ચોંટશે. હવે તેઓએ એક છેલ્લો ઉપાય હતો તે કરચો, તે એ કે, તેઓ જઇને રાજાને પગે પડ્યા; (ત્રીજા) [1]એભલ વાળાને સમજાવવામાં આવ્યું હતું કે એક કન્યાદાન દીધેથી અશ્વમેધ યજ્ઞ કરવા જેટલું પુણ્ય થાયછે. તેણે જોશીને બોલાવીને મુહૂર્ત્ત જોવરાવ્યું ને આજ્ઞા કરી કે એક દિવસે સર્વ કન્યાનાં લગ્ન કરવાં ને કન્યાદાનનું જેટલું ખર્ચ થશે તે હું આપીશ. આવો ઠરાવ થયો છતાં પણ, ગોર દેવતાએ કહ્યું કે અમારી દક્ષિણા અગાઉથી આપો તો અમે પરણાવિયે; આ ઉપરથી (ત્રીજા) એભલે જાણ્યું કે વળાના બ્રાહ્મણો ઘણાજ વકરી ગયા છે, માટે સર્વ કન્યાઓને તળાજે લઈ જઇને બીજી નાતના બ્રાહ્મણો પાસે લગ્ન કરાવ્યાં.

( દુહો. )

અણુકલ ત્રીજે એભલે, સાવડ સંકટ સોડ,
દિયા તળાજા ડુંગરે, કન્યા દાન કરોડ.

આ પ્રમાણે મનોરથ પરિપૂર્ણ કરીને કાયસ્થ વળામાં પાછા આવ્યા ત્યારે, ગોર દેવતાઓએ જાણે પોતેજ લગ્ન કરાવ્યાં હોય એવી રીતે દક્ષિણા માગવા લાગ્યા ને ત્રાગાં તથા બીજા પ્રકારનો બલાત્કાર કરવા લાગ્યા. ત્યારે રાજાએ તેનું સમાધાન કરવાને સર્વે બ્રાહ્મણોને બોલાવીને સભા કરી, પણ ગોર દેવતાઓ ઘણા ક્રોધાયમાન થઈ ગયા ને રાજાને, મરજી પડે તેવા અપશબ્દ કેહેવા લાગ્યા. તેથી (ત્રીજા) એભલવાળાને પણ ક્રોધ ચડ્યો ને પોતે વેગળો ખશી ગયો; એટલે કાયસ્થોએ ભીલોને કામે લગાડી દીધા. તેઓ ગોરદેવતાઓ ઉપર ટૂટી પડ્યા ને ઘણા બ્રાહ્મણોને ઠેર કરયા. જેટલા ગોર દેવતા ઉગરચા તેટલા ઉચાળો લઈને વળામાંથી ગયા, અને પ્રતિજ્ઞા કરી કે આજ પછી કોઇયે વળામાં રેહેવું નહિ તથા કાયસ્થ નાતનું ગોરપદું કરવું

---

1 બીજા એભલવાળા પછી તેનો કુંવર અણોજી ગાદિયે બેઠો ને તેની પછી તેનો કુંવર ત્રીજો એભલવાળો ગાદિયે બેઠો તેનો હવે પ્રસંગ ચાલે છે. ભા૦ ક૦

નહિ. પછી ગૂજરાતમાં ચાલતા ચાલતા તેઓ ધંધુકે આવી પોહોંચ્યા, ત્યાં ધનમેર કોળી રાજ્ય કરતો હતો. તેને પછવાડે દીકરો હતો નહિ તેથી પોતાની સર્વે માલમતા બ્રાહ્મણોને શ્રીકૃષ્ણાર્પણ કરી દીધી. તેમાંના ચારસેં ધંધુકે વસ્યા, બીજાઓએ દાન લેવાંની ના કહી તે ગૂજરાતમાં આગળ ચાલ્યા, ને વસો, સોજિત્રા, અને બીજે ઠેકાણે વસ્યા. જેઓ ધંધુકે રહ્યા તેમને રાજાએ ધંધુકાના ક્ષત્રીય તથા વૈશ્યનું ગોરપદું આપ્યું, અને મોઢ બ્રાહ્મણ બીજી જગ્યાએથી મોઢ વાણિયાનું ગોરપદું કરવાને આવ્યા પણ રાજાએ કરવા દીધું નહિ, અને આજ સુધી વાલમ બ્રાહ્મણ ધંધુકામાં સર્વે જાતનું ગોરપદું કરેછે.

આ વેળાએ રાણાજી ગોહિલે ગોમા અને ભાદર નદીના સંગમ આગળ ધંધુકાની પાસે એક શેહેર વસાવ્યું ને તેનું નામ રાણપુર પાડ્યું ને તેણે બળવાન મેરોની સાથે મિત્રાચારી બાંધીને તેમને રાજી રાખવાને તેમના ઠાકોર ધનમેરની દીકરી વેરે પરણ્યો, તેનાથી તેને એક દીકરો થયો તેને ખસ ગામ મળ્યું, તેના વંશના હજી સુધી છે તે ખશિયાકોળી કેહેવાયછે.*

(ત્રીજા) એભલવાળાએ બ્રાહ્મણોને દુઃખ દીધું તેનું વૈર વાળવાને મિષે, રાણાજી ગોહિલ અને ધનમેર એ બંનેએ મળીને તેના ઉપર ચડાઈ કરી. ગોહિલના હાથ નીચે બેહજાર રજપૂત હતા અને મેરના નાયકપણા નીચે પાંચહજાર મેર હતા. કેટલાક કેહેછે તે પ્રમાણે, સવારના પ્રહરમાં પોતાના નિત્યના ચાલ પ્રમાણે (ત્રીજો) એભલ ઉગતા સૂર્યની પૂજા કરતો હતો તે વેળાએ તેના ઉપર હલ્લો થયો, તે વેળાએ પૂજા કરવાનું રેહેવા દેવાને તેણે ના કહી તેથી તે મરાયો, પણ બીજા કેહેછે કે, રણક્ષેત્રમાં, સંધ્યાકાળના અંધારામાં પડ્યો, અને તે આગળ ગયો ત્યારે તેણે સૂર્ય નારાયણની પ્રાર્થના કરી હતી કે હું જય મેળવીને પાછો ફરૂં ત્યાંસુધી તારે ચળવું નહિ, પણ નારાયણ તો અસ્ત પામ્યા. આ ઉપરથી, એવું માનવામાં આવેછે કે, વલભીપુરના ખંડેરોમાં તેનો પાળિયો છે તે, સૂર્યનારાયણે તેને દગો દીધો એટલા માટે સૂર્ય ઉગતાં, પોતાનું મુખ પશ્ચિમમાં ફેરવેછે ને

* સેજકજી ગોહિલના ભાઈ વિસાજી ધંધુકિયા મેર કોળીની દીકરી વેરે પરણ્યા હતા તેના વંશના ખશિયા કોળી થયા એમ પણ કેહેવાયછે.

ઉપરના વધારે ખુલાસા સારૂ પૃષ્ટ ૫૫૫ ની ટીપ જુવો. ભા. ક.

સૂર્યનું મુખ જોવાય નહિ એમ ફરતાં આથમવાની વેળાએ પાછો પૂર્વમાં ફરી જાયછે !

એભલ વાળાએ કરેલાં કામવિષે, ખોડિયારનો પિતા મામડિયો ચારણ નીચે પ્રમાણે વર્ણન કરેછેઃ—

( ઝૂલણા છંદ. )

પ્રથમ મેહ વાળિયો, કોહોડ ટાળયો પછે,
વાળો સત વાદિયા જેત્ર વાદી;
તખત ભૂપાં શિરે શિરોમણ તળાજા,
ગાદિયાં શિરોમણ વળે ગાદી.
ક્રોડ પરણાવતલ, દીહ એકે કન્યા,
ભયંકર ભાંજતલ શેર ભેભો;
શાપ ઉતારતલ નેહડી સાઇરો,
અણારો આપતલ શિશ એભો.
પોતરો સૂરરો, સરજેરો પિતા,
મોજ મેહેરાણ હિંદુવાણ માઝા;
વસારો ઊવસણ ઉવસણ વસાવણ,
રાંકરો માળવો ધર્મ રાજા.

વાલાક ધરતીને સહિયારી જીતી લીધી હતી તોપણ ધનમેરે બધીએ પોતાના જમાઇને આપી દીધી; અને રાણાજી ગોહિલે પોતાની ગાદી વળામાં કરીને મરતાસુધી ત્યાં રાજ્ય કર્યું.

[1]રાણાજી ગોહિલના પછી તેનો કુંવર મોખરોજી ગાદિયે બેઠો, તે તેના વંશમાં મહા પરાક્રમી ઉઠયો, "પીરમનો રાજા" એવું કીર્તિવંત પદ મેળવી લેનાર તે પેહેલોજ હતો. ખોખરાનો ડુંગરો જે ખંભાતના અખાતની સમાંતર લીટીમાં તેના પાણીની અને પાલીટાણાના પર્વતની વચ્ચે છે તે માંહેલી બળવાન જગ્યા કબજામાં કરી લેવાનું મોખરાજી ગોહિલે પેહેલુંજ પરાક્રમ કર્યું. ત્યાંથી તેણે બધી બાજુએ જૂદી જૂદી જગાએ હલ્લા કરવા માંડ્યા, અને આસપાસના દેશમાં ત્રાસ વર્ત્તાવી દીધો. "જ્યારે ખોખરાની ગુફામાં આપસિંહ ગર્જના કરી ઉઠયા, ત્યારે ઓ ! મોખરા ! વિં-

---

૧ સુમારે ઈ. સ. ૧૩૦૯ માં અલ્લાઉદ્દીનના લશ્કરે રાણપુર લીધું અને તેને મારી નાંખ્યો.

ધ્યાચળના રેહેવાસિયોયે ખાવાનું તજ્યું.[૧]" તેણે ઉમરાળા અને ભીમડાદ, માંડલગઢ અને મિતિયાળું કબજે કરી લીધાં હતાં; પણ તેની ખરેખરી અગત્યની જીત તો ગોઘા અને પીરમની હતી.

ગોઘા, હવણું સ્વચ્છ અને આબાદ થતું બંદરનું શેહેર છે, તેમાં આઠ હજાર કરતાં પણ વધારે માણસની વસ્તી છે, અને ખંભાતના અખાતમાં તેની સારી ખાડી છે. ત્યાંના ખારવા ગોઘારી કેહેવાયછે, તેઓ કેટલાક મુસલમાન છે અને કેટલાક કોળી અથવા હિંદુ છે અને જેઓને અણહિલપુરના રાજાઓએ આશ્રય આપીને તે નગરમાં વસવા માટે ઈલાયદો ભાગ સોંપેલો તેઓના વંશજ છે, તેઓ પોતાની પુરાતન પ્રતિષ્ઠા હજી લગણ રાખી રહ્યા છે અને બ્રિટિશ રાજ્યના વાવટા નીચે હિંદુસ્થાનના જે ખારવા પોતાનાં વાહાણ ચલાવેછે તેઓમાં તેઓ સારામાં સારા અને ઘણોજ વિશ્વાસ રાખવા યોગ્ય ગણાયછે. ગોઘામાં હવણાં ફેરફાર થયેલો છે તેમાં મોખરા ગોહિલના વારાની નિશાનિયો હજીલગણ રહેલી છે. શેહેરની નૈરૂત્ય દિશાના ખૂણામાં, અને હવણાંનો કોટ છે તેની આસપાસ, પ્રાચીન કિલ્લાની નિશાનિયો જોવામાં આવેછે, બુરજા ટૂટી જઇને વિખરાઈ પડેલા હજીલગણ જોવામાં આવેછે, પણ જેની ઉપર પીપળા ઉગીને તેનાં મૂળિયાં વિસ્તરાઈ ગયાં છે તેઓની નિશાનિયો દેખાતી નથી. શત્રુનાથી રક્ષણ કરી શકાય એવી જગ્યા ચમત્કારિક રીતે પસંદ કરીને શેહેર વસાયેલું જણાયછે. આસપાસની જગ્યા કરતાં તે ઊંચાણમાં છે તેથી એક બાજુએ પીરમના અખાત અને બીજી બાજુએ ખોખરાના ડુંગરા સુધીના આખા પ્રદેશ લગી બહુ આઘે ચારેમેર નજર પોહોંચી શકે એમ છે. તેમજ વળી પીવાના અતિ સ્વચ્છ પાણીની કશી ખોટ નથી.

પીરમના બેટની અને ગોહિલવાડની વચ્ચે ત્રણ મૈલ પોહોળાઇની એક ખાડી છે તે મધ્યમાં સુમારે ૬૦ વામ ઉંડી છે. વલભી નદી એ ખાડીમાં થઇને સમુદ્રને મળેછે. એવી વાત ચાલેછે કે પીરમબેટ જમી-

૧ આ પ્રમાણે લોકોએ પોકાર કરેલો તેટલ જ શબ્દ લખ્યા છે તે ઉપરથી કદાપિ આ. મિ. ફાર્બસે એમ ધાર્યું હોય કે તે સિંહના જેવો બળવાન હતો તેથી વિંધ્યાચળના રેહેવાશિયોએ તેનાથી ધ્રુજી જઇને ખાવાનું તજ્યું હશે, પણ મૂળ વાત તો એમ છે કે, પીરમ બેટમાં સાર્દુલો સિંહ રેહેતો હતો તેનું માથું કાપી લાવીને તેણે પીરમના દરવાજા વચ્ચે ડાટયું હતું. ભાષાંતર કર્તા.

નની સાથે એકાકાર હતો. એ વાત ચાલવાનું કારણ કદાપિ એમ હશે કે જ્યારે ઓટ આવેછે ત્યારે ઘણા ખરાબા ઉઘાડા પડી જાયછે અને તે મુખ્યત્વે કરીને ગોઘા ભણીની બાજુએ ઘણા જોવામાં આવેછે. ખંભાતના અખાતના કિનારા ઉપર જે ઘણાં ચમત્કારિક બનાવો બન્યા છે તેનું છેવટ કારણ ઈતિહાસ ઉપરથી કે પદાર્થવિજ્ઞાનશાસ્ત્ર ઉપરથી પણ કાંઇ સિદ્ધ થયું નથી; અને પીરમનું હૈયાતીપણું તથા વલ્લભીનો નાશ એનો કોઈ અકળ રીતનો સંબંધ ધારવામાં આવેછે તે ખરેખરૂં ભેદ ભરેલું રહ્યું છે. રેતાળ ડુંગરા જે થોડી કાળી ભૂમિના તળ ઉપર છે તેનાથી પીરમ બેટ છવાઈ ગયલો છે, પશ્ચિમ ભણીની આખી બાજુએ આ ડુંગરિયો કોટનું કામ સારેછે, અને દરિયાથી રક્ષણ કરવાના કામમાં આવેછે. ખુલ્લી મોસમમાં પવન ચાલેછે તેથી કરીને રેતી વગેરે તણાઇ આવેછે તેને લીધે પણ આ ડુંગરા વધતા જાયછે; પણ પૂર્વ ભણીની બાજુ તો છેક રેતી વિનાની છે; અને ત્યાં આગળ વાવણી થાય એવી જમીન છે તેથી ત્યાં રેહેનારા લોકો જે થોડા છે અને માત્ર થોડી મુદ્દત લગી રેહેછે, તેઓને થોડો ઘણો ખોરાક પૂરો પડી શકેછે. રેતાલ ડુંગરાઓ ઉપર મોરણ છવાઇ જાયછે. વિસ્તાર પામેલાં થોડાં લીંબડાનાં ઝાડ છે તે ઉપર ત્યાંના લોકો ચાર ભરી રાખેછે, તે વિના કેટલાંક ઠીંગરાઇ ગયેલાં ઝાડ, અને પૂર્વ કિનારા ઉપર તમરિયાની ઝાડી છે એટલું પીરમમાં ઝાડપાન છે. આ કિનારા ઉપર નૈઋત્ય કોણનો પવન વાયછે તે વેળાએ મુખ્યત્વે કરીને પાણીનો ધસારો ઘણો ભારી થાયછે, અને પીરમની ખાડીમાં, બલવાન ભરતીની નાશકારક અસર જેટલી થાયછે તેટલી તેની અસર બીજે ઠેકાણે થતી નથી. મહા ભરતીનો પ્રથમનો ધસારો બળમાં દુરનિવાર હોયછે; અને તે વેળાએ જોવાની રચના એવી થાયછે કે તે વિષેનો વિચાર માત્ર નજરે જોનારના મનમાંજ આવી શકે. ત્રણ અથવા ચાર ફીટ ઉંચાઈનાં ભીંતના જેવાં લંબાકાર મોજાં જોવાઈ શકે એવી રીતે વિસ્તાર પામતાં એક અવરમાં બાર મૈલ કાપતાં ત્વરાથી આવી પોહોંચેછે, અને અજાણતાં અથવા તેનો સુસવાટો સાંભળીને હડિલા ખારવા તેની દરકાર રાખતા નથી તો તેઓનો ઘાણ વાળી નાંખેછે.[1] ગોઘેથી પીરમ જે નાવ હંકારી જવા-

---

૧ ફાર્બસકૃત ઓરિઅન્ટલ મેમ્વાર ભાગ બીજાને પૃષ્ઠ ૨૩૧ મે જૂવો; તેમ જ જોન્મે બાન્ચ આવ ધી રોયલ એશિયાટિક સોસાઇટીના જર્નલના પ્રથમ ભાગમાં પીરમ બેટ વિષે લખાણ છે તે જૂવો.

માં આવેછે તે પ્રવાહથી ખેંચાઈ જઇને સંકટમાં આવી પડે નહિ એટલા માટે નર્મદાના મુખમાં દેહેજબારામાં હંકારી જતા હોય એમ સીધા ચલાવેછે. ઉછાળા મારતા દરિયાના સપાટામાં આવી જાય એવી સ્થિતિમાં નાવ આવી પડેછે, અને ઘણીવાર તો સપડાઈ જાયછે. પાણીમાં ડુબેલા ખરાબા ઉપર શંકુ આકારનાં મોજાં થાયછે તે ખરાબા ઉપર નાવ અથડાય નહિ તે માટે પણ તેઓને બહુ સાવધાન રેહેવું પડેછે; મોખરાજી ગોહિલનાં પાળિયા આગળ એક ટેકરો ઉપર ધોળું નિશાન છે તેની નીચે બેટની ઉત્તરદિશાએ રેતાળ તીરે ઘણું કરીને ઉતરી પડવામાં આવેછે. પીરમના કિલ્લાનાં ખંડેર હજીલગણ જોવામાં આવેછે તે તે બેટની વચ્ચે અને ચોગરદમ વેરાતાં પડ્યાં છે. થોડાક બુરજ, અને પશ્ચિમ બાજુના દરવાજાની જગ્યા ખુલી રીતે જણાઈ આવેછે; એક દ્વાર જે એક પત્થરમાંથી કોરી કાહાડેલા બે હાથિયોથી મૂળ શણગારેલું છે તે ગચ્છીના ખંડેરના નમુના તરીકે જોવા લાયક થઇ પડ્યું છે. જૂના કિલ્લાના ઘેરાવામાં તલાવ તથા કૂવાનાં ખંડેર દેખાઇ આવેછે; પત્થરકામની કોતણીના ભાગી ગયેલા કડકા ચોગરદમ વેરાયલા પડેલા છે. મધ્યભાગમાં આશરે બારેક ઝુંપડાંનો એક કુબો છે. કિલ્લાની નૈઋત્ય કોણમાં એક ઉંચો ટેકરો છે તે અસલને વારે ગઢીની જગ્યા હશે પણ હવણાં તો તે ઠેકાણે દીવાદાંડી છે. અસલનેવારે, દરિયાઈ અથવા ચાંચવાની સત્તાનો પીરમનો કિલ્લો કેવો ઉપયોગી થઈ પડેલો હશે તે આ ઉપરથી જણાઇ આવેછે. એક બાજુએથી ગોહિલવાડનો કિનારો, ગોઘા બંદર, અને ઝાડની ઘટામાં આવી રહેલાં ઘણાં ગામડાં તથા ખોખરાના ડુંગરો ભણી ઉંચો ચડી જતો પ્રદેશ જણાઇ આવેછે; બીજી બાજુભણીથી નર્મદા અને ટંકારિયા નદીનાં મુખ ખુલી રીતે દીશી આવેછે; તેમજ ઉત્તર અને દક્ષિણ દિશાઓભણી પીરમમાંથી જોનારની નજરે આખો ખંભાતનો અખાત એવો નજર તળે આવી જાયછે કે દ્રવ્યવાન ગૂજરાતનાં બંદરોભણી દરિયામાંથી જે વાહાણ હંકારી જાયછે તેઓના દિવસે ધોળા વાવટા અને રાત્રીની વેળાએ ફાનસના ઝળકાટ તેની નજરે પડ્યા વિના રેહેતા નથી.

આવી જગ્યામાં મોખરાજી ગોહિલ આખરે પોતાની મેળે વશ્યો. "રાણીનો કુંવર, બળવાન, રાજાધિરાજ, એણે પોતાને વસવાને નવું શેહેર "બાંધ્યું. ને ડુંગરઉપર મજબૂત કિલ્લો બાંધ્યો. દરિયાનાં મોજાં તેની ચારે

"બાજુએ છોળો મારતાં હતાં. ધરતીના ધણિયે, કાળિયોનું રાજ્ય ખુંચી "લઇને પીરમના નામથી જગમાં જાણીતું કર્યું તેના પેહેલાં ગોઘાના તથા "પીરમના બારૈયા ધણી હતા. તે બે મોખરાએ લઈ લીધા; સાતસેં ખા-"રવાને તેણે તરવારની ધારે ચડાવ્યા; બધા કોળીને ઠેર કર્યા. પૂર્વજન્મના "તપશ્ચિયે એ બે શેહેર સ્વાધીન કરી લઇને પીરમની ગાદી પ્રતાપવાન "કરી દીધી. ઘણા દેશનો રસ્તો ત્યાં થઇને હતો તેથી તેણે પીરમમાં ઘણાં "વાહાણ રાખ્યાં હતાં. ઘણાં વાહાણ તેણે લૂટી લીધાં હતાં; સર્વ જગ્યાએ "તેનો ત્રાસ વર્તાઇ ગયો હતો. જે હંકારીને આવતા હતા તેની પાસેથી તે "ખંડણી લેતો હતો; હનુમાનની મૂર્ત્તિ તે બાજુબંધમાં રાખતો, ને તેને "કાલિકા માતાનો હાથો હતો. * "

પીરમનો રાજા ખંડણિયો પડાવતો, તથા ચાંચવાનો ધંધો ચલાવતો હતો તેથી છેવટે તેણે સરકારના હથિયારનો ભાર પોતાનાઉપર ખેંચી લીધો. હિંદુઓના વૃત્તાંતમાં તુઘલુખશાહને તેનો શત્રુ કરીને વર્ણવ્યો છે; પણ મુસલમાન ઈતિહાસ લખનારાઓએ પીરમના નાશવિષે કાંઈ લખ્યું નથી તેથી ગ્યાસુદ્દીનના શાહજાદા મહંમદ સંબંધી ગૂજરાતને લગતી જેટલી વાત હતી તેટલી અમે લખી ગયા છિયે તે મહંમદ અને હિંદુઓએ લખેલો મુસલમાન સરદાર એ બે એક હશે એમ માની લેવાને કાંઈ હરકત નથી.

મહંમદ તુઘલુખ પોતાના રાજ્યના આણીમગના ભાગમાં વ્યવસ્થા કરવાના કામમાં લાગ્યો હતો, ત્યારે મોખરાજી ગોહિલ ભણી તેણે પોતાનાં હથિયાર ફેરવ્યાં હશે એમાં શક નથી. હિંદુની વાતમાં તતક્ષણ વાંધો ઉઠવાનું કારણ એવું બનાવવામાં આવ્યું છે કે, દિલ્હીનો એક વ્યાપારી તેજ મતુરીનાં ચૌદ વાહાણ ભરીને પીરમ લાવ્યો હતો, તેનું રક્ષણ કરવાનું મોખરાજિયે વચન આપ્યું હતું અને વચ્ચે સમુદ્ર દેવને રાખ્યા હતા તોપણ પછીથી તેણે લૂંટી લીધાં.

"ગજનીની ભારે સેના પીરમ અને ગોઘાઉપર ચડી આવી; ડંકા "વાગવા માંડ્યા, અને રણસિંગાંના અવાજ થવા લાગ્યા; તથા દરિયો પો-"તાની સોમા છોડતો હોય એમ દેખાવા માંડયું. જૂદી જૂદી જાતના મુ-

* અંગ્રેજીમાં એમ છે કે,—મોખડાના હાથ ઉપર કાલિકાની મૂર્ત્તિની છાપ હતી, પણ મૂળ ભાવાર્થ ધ્યાનમાં નહિ હતસ્યાથી ભૂલ કરી હોય એમ લાગે છે.

"મુસલમાનો ત્યાં આવ્યા હતા તેમાં પાળા, ઘોડા, અને હાથી સર્વે હતું. "સાગરના ધણીનીસાથે લડવાને તેઓએ સમુદ્રકાંઠે ડેરા તંબુ ઠોક્યા. ગો- "હિલ એકલો પોતાની પીરમની ગુફામાં સિંહની પેઠે ગર્જના કરી રહ્યો "હતો, તેનું તપ ભારે હતું તેથી જરા પણ ડગ્યો નહિ. સેના તયાર થઇ, "આકાશમાં બાણ ઉડવા લાગ્યાં, પણ મોખરાના શેહેરને કશો ઘા લાગ્યો "નહિ. દગાફટકા કરીને તુગલુખશાહ ઘણા દિવસ લડયો, પણ તેના લાખો "પ્રયત્ન નિષ્ફળ ગયા; શાહ મેહેનત કરતો થાકી ગયો; દરિયાના પાણીમાં "તેની નાંખી નજર પોહોંચી નહિ; પણ મોખરાએ હાથમાં તરવાર ઝા- "લીને રાજાઓની પ્રતિષ્ઠા રાખી."

મોખરાની પાસે જઇ પોહોંચવાને શત્રુઓ પીરમમાં જઈ શક્યા નહિ, કેમકે, પાણીનો રસ્તો તેમનાથી ઓળંગાય એમ હતું નહિ, તેમજ ખેદ પામેલા વ્યાપારિયે અપવાસ કરચા, અને સમુદ્રદેવ વચ્ચે સાક્ષી રાખ્યા હતા તેમને, પાણી પાછું ખેંચી લઇ મુસલમાન સેનાને રસ્તો આપવા વિનતિ કરી પણ કાંઈ વળ્યું નહિ.

મહંમદશાહે પોતાની ફોજ પાછી હઠાવી, તે એવી આશાથી કે આમ કરવાથી ગોહિલો પોતાના અજીત કિલ્લામાંથી બાહાર આવશે: આવી યુક્તિઓ મુસલમાનો વારંવાર કરતા આવ્યા છે અને તેમાં રજપૂત સરદારો ઘણીવાર સપડાઇ ગયા છે.

"ગોઘા અને ગુંડીની વચ્ચે મુસલમાનો ડર પામતા રહ્યા. ત્યારે "રાજાએ વિચાર કર્યો કે, એક દિવસ મોત તો આવવાતુંજ છે, તેથી એક "વાહાણમાં બેશીને રાતમાં પીરમથી ગોઘે આવ્યો; ને લડવાને તૈયાર "થયો; હાથમાં તરવાર લઇને, મોતના મુકુટને માથે બાંધ્યો. દરવાજા ઉ- "ઘડાવીને ઉંચા મનના ધણિયે પોતાની સેના બાહાર કાહાડી, તે યોદ્ધા- "ઓને ધીરજ આપવા લાગ્યો, મોખરા મરૂયે પાદશાહની સેના ઉપર હલ્લો "કરચો; તેણે મુસલમાનોને કાદવમાં કચરી નાંખ્યા. શરણાઇયો અને રણ- "શિંગાંના નાદ થવા લાગ્યા; આકાશમાં નિશાન ફરકવા લાગ્યાં; લોહીની "નીકો વેહેવા લાગી. બન્ને સેનાના યોદ્ધાઓ શેળભેળ થઈ ગયા, પાદશા- "હનો ભાણેજ સેનાનો ઉપરી હતો તેને મોખરાએ જોયો; એટલે તેના "હાથી ઉપરથી નીચે મારી પાડયો. મોખરા ગોહિલે ઘા કરવા માંડ્યા "ત્યારે મુસલમાનો અલ્લાની બંદગી કરવા લાગ્યા. અસુરની સેના ઉપર તેના

"ધા વરશી રહ્યા; તુઘલુખના અર્ધા યોદ્ધા તો રાણુાના પુત્રે પોતાની "તરવારથી કતલ કરી નાંખ્યા. રાજાની તરવારથી શત્રુની આડ તૂટી. તે "વીજળીથી પર્વત તૂટી ગયો હોય એવી દેખાવા લાગી. પછી મોખરો "પડચો તેનું માથું ગોધાના દરવાજા વચ્ચે પડ્યું ને ધડ તરવાર ચલાવતું "દોડમદોડ કરી રહ્યું. માથું જે ભોંય ઉપર પડ્યું હતું તે મુખમાંથી "મારો! મારો! ના અવાજ કરવા લાગ્યું. શત્રુની સેના સામટી સ- "ટી ગઈ, ઘણુા યોદ્ધા પડ્યા. એકલો પાદશાહ બહુ બલાત્કારે બચ્યો. "ગળીનો દોરો આડો નાંખ્યો ત્યારે ધડ પડ્યું, ને ત્યારેજ તરવાર ચા- "લતી બંધ પડી. બીજા યોદ્ધા પછી પાછા ભાગ્યા. ને પીરમનો ધણી "પોતાના કોલ પ્રમાણે પૂરેપૂરૂં કરી રહ્યો ત્યારે તે ધરણીઉપર ઢળ્યો. (૧૩૪૭) "સેજકનો પાૈત્ર દેવની જાતમાંનો ગણાયો; તેનો શ્વાસમાં શ્વાસ સમાઇ "ગયો, અને પાદશાહની સેનાના યોદ્ધા નાસતે પગે કેહેવા લાગ્યા કે, "ધન્ય છે હિંદુ! તને ધન્ય છે હિંદુ!"[૧]

મુસલમાનોએ પીરમનો કોટ તેના સ્થાપનારના મરણુ પછી તોડી પાડચો, તે પછીથી ફરીને કદિ બંધાયોજ નહિ. મોખરાજીના નામની સાથે તેનો સંબંધ હજુ તાજો રહી ગયો છે. એનો પાળિયો જ્યાં ઉભો કરચો છે ત્યાં આગળ હિંદુઓ રાજી થઇને અફિણુની કાંકરી મૂકેછે અને પીરમે આગળ થઇને જે ખારવા જાયછે તે મોખરાજી ગોહિલને નામે થોડું ભાતુ સમુદ્રમાં નાંખવાને ભાગ્યેજ ભૂલી જાયછે.

---

૧ આ મોખરાજિયે શૂરવીરપણું બતાવ્યું ને લડાઈમાં મ્હોં આગળ રહ્યા તેથી તે સ્થાન તેના નામથી મોખરો કેહેવાયછે. ગોધામાં હવણાં પણ તેની દેહેરી ઉભી છે. ભાવનગરના દરબાર જ્યારે એ જગ્યા ભણી જાયછે ત્યારે પ્રથમ ત્યાં દર્શન કરચા પછી બીજું કામકાજ કરેછે. હવણાં ત્યાં જે પૂજારી છે તેને દરબાર ભણીથી વર્ષાસન આપવામાં આવેછે. ભા૦ ક૦

# પ્રકરણ ૩.

## ગૂજરાતના રજપૂત સુલતાન.

| | | |
|---|---|---|
| ૧ મુઝફ્ફરશાહ ૧ લો | ૧૪૦૭—૧૪૧૦ | ૩ |
| ૨ અહંમદશાહ | ૧૪૧૦—૧૪૪૨ | ૩૨–૬–૨૦ |
| ૩ મહંમદશાહ ૧ લો | ૧૪૪૨—૧૪૫૧ | ૯ |
| ૪ કુત્બુદ્દીન | ૧૪૫૧—૧૪૫૯ | ૮ |
| ૫ દાઊદ | ૧૪૫૯—૧૪૫૯ | ૦–૬ માસ |
| ૬ મહંમદ બેગડો (બીજો) | ૧૪૫૯—૧૫૧૧ | ૫૨ |
| ૭ મુઝફ્ફર ૨ જો | ૧૫૧૧—૧૫૨૬ | ૧૫ |
| ૮ સિકંદર | ૧૫૨૬—૧૫૨૬ | ૦–૨–૧૬ |
| ૯ મહંમદ ૩ જો | ૧૫૨૬—૧૫૨૬ | ૦ |
| ૧૦ બહાદુરશાહ | ૧૫૨૬—૧૫૩૭ | ૧૧ |
| ૧૧ મુહંમદ ફારૂકી | ૧૫૩૭—૧૫૩૭ | ૦ |
| ૧૨ મહંમદ શાહ ૪ થો | ૧૫૩૭—૧૫૫૪ | ૧૭ |
| ૧૩ અહંમદશાહ ૨ જો | ૧૫૫૪—૧૫૬૧ | ૭ |
| ૧૪ મુઝફ્ફર ૩ જો | ૧૫૬૧—૧૫૭૨ | ૧૧ |

### મુઝફ્ફરશાહ પેહેલો. શાહઅહંમદ પેહેલો.

ઈ૦ સ૦ ૧૪૦૭ થી ૧૪૧૦. ઈ૦ સ૦ ૧૪૧૦ થી ૧૪૪૨.

મુઝફ્ફરખાન ગાદિયે બેઠો કે તરતજ તેણે હિંદુ ઠાકોરોને પોતાના ખંડિયા કરી દેવાનું કામ આરંભ્યું, અને તેમ કરવાને માટે પ્રથમ તેણે ઈડર ઉપર ચડાઈ કરી.

રાવ સોનંગજીની પછી એહેમલજી, ધવલમલજી, લુણકરણજી, અને ખરહતજી અનુક્રમે થયા. તેમના સંબંધી કાંઈ વિશેષ લખી રાખેલું નથી, પણ માત્ર એટલુંજ લખી રાખવામાં આવેલું છે કે "રાવ ખરહતજીના વારાસુધી રાજ્યમાં વધારો થયો નથી તેમજ ઘટારો પણ થયો નથી." ખરહતજીનો કુંવર રણમલજી વધારે પ્રસિદ્ધ થયો છે. ઈડરગઢ ઉપર તેણે

બેઠક ચણાવી હતી તે "રણમલની ચોકી" કહેવાયછે. તેની પાસે અગિયાર સરદારો હતા, તે રણમલ કહેવાતા હતા. તે સરદારો અને રણમલ સંબંધી ચમત્કારિક વાતો બનાવવાને ભાટને ઠીક સાધન મળ્યું છે. "રાવ "રણમલે ઈડર અને મેવાડ વચ્ચેનો ભાગર દેશ યાદવ વંશવાળા પાસેથી "લઈ લીધો, અને ત્યાંની રાજધાની ઝારડગઢમાં કેટલીક વારસુધી પોતાનું "રેઠાણ કર્યું. ત્યાંથી તે પાનોરે ગયો ને સોલંકી વંશના એક પટાવ"તને તેણે ભાગર આપ્યું. મુસલમાનોએ સોણગરા ચોહાણોના ઠાકોરને "હાંકી મૂક્યો એટલે તે ઝાલોરથી ઈડર આવ્યો, તેને પણ રણમલે રાખ્યો. "અને જોરામીરપુરનો પટો કરી આપ્યો. આ ચોહાણવંશવાળા શ્રાવના "વંશવાળાઓ સાથે પરણતા હતા, પણ પછી તેઓ ભીલની દીકરિયોસાથે "પરણવા લાગ્યા તેથી વટલાઇને જૂદા પડી ગયા."

ફેરિસ્તા કહેછે કે, "ઈ૦ સ૦ ૧૩૯૩ માં ઇડરના રાવે રીત પ્રમાણે "ખંડણી આપવાની ના પાડી એટલે જોરાવરીથી લેવાને મુઝફ્ફરખાને તેના "ઉપર ચડાઈ કરી. કેટલીક ન્હાની ન્હાની લડાઇયો થઈ તેમાં મુઝફ્ફરખાન "જીત પામતો ગયો અને ઈડર શેહેરની લગભગ આવીને તેને ઘેરો ઘાલ્યો. "તે ઘણી લાંબી મુદતસુધી રહ્યો તેથી કિલ્લેદાર ખોરાકને માટે એટલા બધા 'હેરાન થયા કે પછી તેમણે બિલાડાં અને કૂતરાં ખાવા માંડ્યાં એમ કેહેવાયછે. પછી છેવટે રાવે પોતાના કુંવરને મુઝફ્ફરખાન પાસે મોકલ્યો. તે તેને પગે લાગ્યો અને પોતાના લોકોના જીવ ઉગારવાની પ્રાર્થના કરી. પણ "સોનું, રૂપું અને ઝવેર આપવાની સરત કરી ત્યારે તેણે તેની પ્રાર્થના સ્વીકારી."

ખાનદેશમાં સુલતાનપુર અને નંદુરબાર પરગણાં છે, તે બથાવી પડવાને અદીલખાન પ્રયત્ન કરતો હતો; તેના ઉપર છેક સિદ્ધરાજના સમયનો ગૂજરાતના રાજાઓનો દાવો સ્થાપવાના કામમાં મુઝફ્ફરખાન હવે લાગ્યો. તે પોતાની રાજધાનીમાં પાછો આવ્યો ત્યારે તેના જાણવામાં આવ્યું કે પશ્ચિમના પટ્ટણ પરગણામાંના જેહેરંદના રાવે મુસલમાનની સત્તા માન્ય રાખી નથી, તે ઉપરથી તરતજ તેણે તે રાવના ઉપર ચડાઇ કરીને ખંડણી લીધી અને ત્યાંથી સોમનાથ ઉપર ગયો; ત્યાં તેણે હિંદુ દેવાલયોને વળી પાછાં તોડી પાડી ત્યાં આગળ મસ્જીદો બનાવી ( ઈ. સ. ૧૩૯૦ ). ત્યાર પછી તે મંડલગઢ ઉપર ચડ્યો ને તે પોતાને સ્વાધીન કરી લીધું. ત્યાંથી અજમેરમાં જ્યારત કરવાને ગયો અને જલવાડાને રસ્તે પાછો આ.

વતાં ત્યાંનાં દેવાલય તોડી પાડ્યાં અને ત્યાંથી ખંડણી લીધી.[1]

ઈ૦ સ૦ ૧૩૯૮ માં ઇડરના રાવ રણમલ ઉપર તેણે ફરીને ચડાઈ કરી અને પ્રથમની પેઠે તેણે જ્યારે ખંડણી આપી ત્યારે તેને જવા દીધો. તૈમુરનો ભયંકર હુમલો આ સમયે થયો હતો, તેથી દિલ્હીના દરબારમાં ઘણી અવ્યવસ્થા થઈ પડી હતી અને ગાદીનો કબજો લેવાને ઘણા પ્રતિસ્પર્ધિયો લડી મરતા હતા. મુઝફ્ફરખાન અને તેના દીકરાએ પણ રાજગાદી ઉપર પોતાનો હક બતાવવાનું બાહાનું કર્યું હતું, પણ તેઓ હદબાહાર ધપ્યા નહતા અને મુઝફ્ફરખાન તો ગૂજરાતનો ખરેખરો રાજા હતો એટલે ત્યાંનું રાજપદ ધારણ કરવાથી સંતુષ્ટ થયો હતો. તે વેળાએ તે પોતાને બાદશાહ કેહેવડાવવા લાગ્યો અને મુઝફ્ફરશાહ પદ ધારણ કર્યું; પોતાના નામના શિક્કા પાડ્યા અને ખુતબો પઢાવ્યો.

ઈ૦ સ૦ ૧૪૦૧ માં ઈડરમાંથી ખંડણી વસૂલ કરવાને સારૂ મુઝફ્ફરશાહે ફરીને ચડાઈ કરી; ત્યારે રાવ રણમલજી શત્રુને માટે પોતાની રાજધાની સૂની મૂકીને વીસલનગર જતો રહ્યો. એક હિંદુરાજા દીવમાં રેહેતો હતો, તેના ઉપર મુઝફ્ફરશાહે બીજે વર્ષે સોમનાથ આગળ જીત મેળવી. લડાઈ થયા પછી તે જગ્યા તેના સ્વાધીનમાં થઈ, અને ત્યાંના કેટલાક કિલ્લેદાર અને રાજાને ઠેર કરયા.

મુઝફ્ફરશાહે પોતાનું છેલ્લું પરાક્રમ માળવા ઉપર હલ્લો કરવામાં કર્યું. ત્યાંના પાદશાહ હુસંગની સાથે ધાર આગળ તેણે લડાઈ કરી તેમાં તેને હરાવીને કેદ કરી લીધો. તે ઈ૦ સ૦ ૧૪૧૧ ના જુલાઈ મહિનાની તારીખ ૨૭ મિયે મરણ પામ્યો.[2]

મુઝફ્ફરશાહની પછી તેનો પૌત્ર અહંમદખાન ગાદિયે બેઠો; પણ ફિ-

---

૧ આ પછી ઈ. સ.૧૩૯૬ માં તેણે સુલતાનનું પદ ધારણ કરીને મુઝફ્ફરશાહે પોતાના નામનો શિક્કો પાડયો તથા ખુતબા કરાવવા માંડયો. એટલે જુમાને દિવસે કે ઈદને દિવસે નિમાઝ પડવાને જાય ત્યારે મિંબર ઉપર ચડીને ખુદાની બંદગી કરી તથા નબી ( મહમદ )નાં વખાણ કરેછે ત્યાર પછી એક પગથિયું નીચે ઉતરીને જે સુલતાન હોય તેનું નામ દઇને તેની દુવા માગેછે.

૨ હી. સ. ૮૧૩ તા. ૧૪ રમઝાન ( ઈ. સ. ૧૪૧૦ ) માં સુલતાન અહંમદ નાસરૂદ્દીન અબુલફત્ત અહંમદશાહ પદ ધારણ કરીને ગાદિયે બેઠો. તેના બાપનું નામ તાતારખાન હતું તેને ત્યાં તે હી. સ. ૭૯૩ ( સ. ૧૩૯૦ ) માં જન્મ્યો હતો. ગાદિયે બેઠો ત્યારે તેનું વય ૨૧ વર્ષનું હતું.

રોજખાન કરીને તેનો એક પિત્રાઈ હતો તે રાજ્ય ઉપર પોતાનો હક ધરાવીને ભરૂચમાં પોતાને બાદશાહ કેહેવરાવવા લાગ્યો અને સાત આઠ હજાર માણસ સહિત નર્મદા ઉપર છાવણી નાંખીને પડ્યો. હાલ તરતજ આ બંડ તો સેહેલાઈથી બેશી ગયું; અને સાભ્રમતીના કિનારા ઉપર ચસાવલ ( આશાવલ ) ગામની હવા અને જગ્યા બહુ મન વસ્યાથી તેણે ત્યાં એક નવા શેહેરની સ્થાપના કરી પોતાના રાજ્યને પ્રતિષ્ઠિત કર્યું. આશાવળ એ નવા શેહેરનું એક પરૂ થયું અને ત્યારપછી તે શેહેર ગૂજરાતના બાદશાહોનું રારાજધાની નગર થયું તેનું નામ તેના સ્થાપનારના નામ ઉપરથી (અહમદાબાદ) [1]અમદાવાદ પડ્યું. ( ઈ૦ સ૦ ૧૪૧૨ ).

અમદાવાદ વસ્યાની આખર સાલમાં ફિરોઝખાને ગાદી ઉપર પોતાનો દાવો કરીને મોડાસા આગળ કેટલીક ફોજ એકઠી કરીને બંડ મચાવ્યું. ઈડરનો રાણો રણમલ્લ પોતાના પાંચ છ હજાર અશ્વાર અને બીજા પાયદળ સહિત તેને મળી ગયો. અહંમદશાહ આવી પોહોંચ્યો એટલે ફિરોઝખાન અને રાવ, મોડાસે થાણું મૂકીને ત્યાંથી દશ મૈલ ઉપર રંગપુર છે ત્યાં જતા રહ્યા. અહંમદશાહે તેમની આસપાસ ઘેરો ઘાલ્યો અને કિલ્લા ઉપર ચડી ઉતરીને તે શેહેર લીધું એટલે બંને જણને ડુંગરામાં નાશી પેસવાની અગત્ય પડી. કેહેછે કે ત્યારપછી રાવ રણમલ અને ફિરોઝખાનને અણબનાવ થવા ઉપરથી રાવે પોતાના સોબતીના હાથી, ઘોડા અને બીજો સરસામાન લઈને અહંમદશાહની કૃપા સંપાદન કરી લેવાને તેને આપ્યો.

માળવાના સુલતાન હુશંગે અહંમદશાહના સામાવાળિયાઓને આશ્રય આપ્યો હતો તેની સાથે લડાઈ મચાવવાના કામમાં પડ્યો. તેમાં શાહનો જય થયો અને તેના શત્રુ વિખરાઈ ગયા. તે માંહેલો એક ગિરનારમાં સોરઠના રાહનો આશ્રય લઈને રહ્યો, તે ઉપરથી અહંમદશાહનું લક્ષ તેના ભણી ખેંચાયું.

સોરઠ દેશ હિંદુને મૂળથી માનીતો છે; તે તેને મન આ પૃથ્વી ઉપરનું સ્વર્ગ છે, તે સ્વચ્છ નદિયોની ભૂમિ છે, ત્યાં ઉત્તમ જાતિના ઘોડા નિપજેછે અને ત્યાંની સ્ત્રિયો સુંદર છે, વળી વિશેષમાં તે પવિત્ર ક્ષેત્ર છે, જૈન લોકોને તે આદિનાથ અરિષ્ટ મુનિનો આશ્રમ છે, હિંદુઓને તે મહાદેવ અને

[1] કર્ણ સોલંકીની 'કર્ણાવતીને સ્થાને આ શેહેર વસેલું જણાયછે. ઠી. સ. ૮૧૫ ની સમાપ્તિમાં. ભા. ક.

શ્રીકૃષ્ણનું રેહેઠાણ છે. તીર્થંકરને માનનારા જૈન લોકો યાત્રા કરવા સારૂ પોતાનું મન ગિરનાર અને શત્રુંજયના પવિત્ર પર્વતો ભણી દોડાવેછે; વિષ્ણુનો સેવક ગોપીચંદનનું તિલક કપાળે કરતી વેળાએ નિત્ય સવારમાં સોરઠ વિષેનો વિચાર કરેછે; શિવનો ભક્ત જયવંત શંકરના ગુણાનુવાદ શંખનાદથી કરેછે,* તેમજ રજપૂત અને ચારણ રા' ખેંગારના પરાક્રમનાં વખાણ કરે છે, અથવા રાણિક દેવીના માઠા ભાગ્યનો શોક કરેછે, અથવા તો સાંજની વેળાએ ગામના એક ઝાડ નીચે બેશીને હુક્કા ગગડાવતાં કોઈ ભટકતો પરદેશી બીજા દેશની વાતો કરેછે ત્યારે તે નીચે લખેલી કવિતા ગાયછે:—

### શ્લોક.

**सौराष्ट्रे पंच रत्नानि, नदी, नारी, तुरंगमः,**
**चतुर्थं सोमनाथश्च, पंचमं हरिदर्शनं.**

પંચરત્ન સોરઠ વિષે, અશ્વ, નદીને નાર,
સોમનાથ ચોથા વસે, વળી હરિનો ઠાર.

મુસલમાન પણ સોરઠનાં વખાણ કરવાને થોડા આતુર નથી. મિરાતે સિકંદરીમાં લખેછે, કે "માળવા, ખાનદેશ, અને ગૂજરાત જે અતિ "ફળદ્રુપ છે તેમાં જે જે મુખ્ય વાત નિપજેછે તે સર્વ એકદમ એક ઠેકાણે "દૃષ્ટિએ પડે એવા હેતુથી આ દેશ પસંદ કરવામાં આવ્યો હોય એમ "લાગેછે. વળી એ પ્રાન્તોની ધરતીમાંથી થતા લાભ એ દેશની ધરતીમાંથી થાયછે એટલુંજ નહિ પણ તે સાથે એ દેશમાં બંદરો છે તેથી ત્યાંના વ્યા-"પારિયો દ્રવ્ય મેળવેછે અને માહેલા પ્રાન્તોમાં મોજશોખને સારૂ વસ્તુઓ "પૂરી પાડવામાં આવેછે એવો લાભ આપવાનું અભિમાન ઉપરના ત્રણે દેશોથી કરી શકાવાનું નથી."

* સોરઠના કિનારા ઉપર વેરાવળનું બંદર છે તેને હિંદુઓ "શોકનું સ્થાન કરીને કેહેછે, કેમકે શ્રી કૃષ્ણ અને તેના સોબતી યાદવોના મરણ ઉપર રૂકમણી અને યાદવોની સ્ત્રિયો પોતાના ધણીની સાથે બળી મોઈ છે. વેરાવળની પાસે એક કુંડ છે તે કૃષ્ણની માનીતી ગોપિયોના નામ ઉપરથી "ગોપિયોનો કુંડ" કરીને કેહેવાયછે. તેની તર ધોળી છે અને તે ગોપીચંદન કેહેવાયછે તેનો ઉપયોગ વૈષ્ણવો કરેછે તેમાં મુખ્યત્વે કરીને રામાનંદી સાધુ તેનાં તિલક પોતાને કપાળે કરેછે.
શિવના દેરામાં જે શંખ રાખવામાં આવેછે તે દ્વારકાંની પાસે સોરઠના કિનારા ઉપરથી મળી આવેછે.

હરિવંશના એટલે ગિરનારના * યાદવ કુળના રાજાઓના ઇતિહાસ સંબંધી અમારી પાસે કશું સાધન નથી એ શોચનીય છે. અમે તેમની રાજધાનીનું વર્ણન કરી ગયા છિયે. અમે રા' ખેંગારની વાત લખી ગયા છિયે; ગોહિલ અને બીજા, રા'હના પટાવત તરીકે સોરઠમાં પેઠા હતા અને ત્યાંર પછી તેઓના ત્યાં ન્હાના ન્હાના વિભાગ થઈ ગયેલા આપણા જોવામાં આવ્યા છે. હવે તો માત્ર, મુસલમાનોએ જીત કરી લેવાને લાંબા પ્રયત્નો કરચા અને તેમાં તેઓ જય પામ્યા તે તથા ચૂડાસમાવાળાએ કેવળ પોતાના ગ્રાસને વાસ્તે પોતાના અસલના ખેંગારવંશના હકથી રાજ્યપર દાવો ઉઠાવ્યો અને પછી સર્વ પતી ગયું અને સોરઠમાં એકત્ર થયેલાઓનો (મુસલમાનોનો) વાવટો ફરુકવા લાગ્યો એટલું લખવાનું રહ્યું છે.

મુસલમાની ઇતિહાસકર્ત્તા કેહેછે કે, "અહંમદશાહને ગિરનારનો "ડુંગરી કિલ્લો જોવાની ઘણી જિજ્ઞાસા થઈ હતી, તે ઉપરથી બંડખોરોની "પાછળ તેણે તે દિશામાં દોડ કરી; અને કોઈ પણ રાજાએ મુસલમાની "રાજ્યનું ધુસરૂં ધારણ કરવાને પોતાની ડોક નીચી નમાવી ન હતી, તેથી "શેરમલીકને સોરઠના રાજાએ પોતાના રક્ષણ નીચે રાખ્યો માટે તેના દેશ "ઉપર ચડાઈ કરવાનો સારો સબબ મળ્યો. ડુંગરાઓની પાસે તે આવી "પોહોંચ્યો એટલે હિંદુરાજા તેના સામો થયો, પણ મુસલમાનોના લડાઈ "સમયના પ્રહારનો તેને અનુભવ થયેલો ન હતો તેથી તે હારચો અને ગિ-"રનારનો કિલ્લો હવણાં જે જુનાગઢ કેહેવાયછે ત્યાં સંતાઈ પેઠો ત્યાં સુધી "તેનો કેડો લીધો. થોડી વાર પછી રાજાએ પ્રતિવર્ષ ખંડણી આપવાનું કબુલ "કર્યું અને પાદશાહના મુખ આગળ મ્હોટી ભેટ કરી. રાજાએ કબૂલ કરેલી "રકમ ઉઘરાવી લેવાને અહંમદશાહ પોતાના કારભારિયો મૂકીને અમદાવાદ "પાછો ગયો; રસ્તે જતાં તેણે સિદ્ધપુરના દેવાલયોનો નાશ કરચો ત્યાંથી તેને

* રૉયલ એશિયાટિક સોસાઈટી (મુંબઈ બ્રાન્ચ)ના ટાન્ઝાકશના પેહેલા ભાગમાં, રા'ખેંગારના ગિરનાર ઉપરના મેહેલના દરવાજા ઉપરના લેખની તક્તીનો એક ભાગ છે તેમાં નવઘણ, ખેંગાર, અને મંડલિકનાં નામ છે તથા સિદ્ધરાજ જયસિંહ વિષે લખ્યું છે કે, "પૃથ્વીથી મળતી ચોખ્ખો મઝાહના ભોગના પ્રવાહથી એની "આંખ્યો ભીંજેલી અને ખુમારી ભરેલી રેહેતી; તેની કીર્ત્તિના મહિમાથી શત્રુ "અંજાઈ જતા હતા, અને જે રાજાઓ તેને પાદવંદન કરતા તેઓના ચકચકિત મુકુટ "મણિયોમાંથી ઉત્પન્ન થતા જળ વડે જેનું પાદપ્રક્ષાલન થતું હતું." ખેદકારક વાત એ છે કે આ લેખ ઉપર તારીખ નથી.

"મૂલ્યવાન જવાહીર અને બીજું ધન મળ્યું."

અહંમદશાહે વિશેષ બળિયા હિંદુ રાજાઓસામે પ્રયત્ન કરવા માંડ્યો તે સાથે ગૂજરાતમાં જૂદે જૂદે ઠેકાણે ઘણાએક ઠાકોરો ઘણી અથવા થોડી ધરતીના ધણી હતા તેમની સામે પણ તેણે યત્ન કરવા માંડ્યો. તેં માહેલા કેટલાક તો જંગલ અને પર્વતના પ્રવેશ થઈ શકે નહિ એવા સ્વાભાવિક કિલ્લાઓથી રક્ષાયલા હતા તેમના ઉપર બહુ સંકટથી ખંડણી બેસારી. પણ ઘણું લશ્કર આવ્યું હોય ત્યારે તેમને ખંડણી આપવી પડે તે વિના મૂળમાંથીજ તેઓએ ખંડણી આપવી બંધ કરી; બીજા કેટલાકનાં રેહાણ બરાબર રક્ષણ થઈ શકે એવી જગ્યાએ હતાં નહિ તેથી તેઓને તેમની ધરતીમાંથી હાંકી કાહાડ્યા, પણ તેઓએ બાહારવટે નીકળીને ઉપરાચાપરી હુમલા કરવા માંડ્યા, તેથી ગર્વિષ્ટ બાદશાહને આખરે તેઓનું સમાધાન કરવાની જરૂર પડી અને તે લોકોએ પણ પોતાના વંશપરંપરાના ગ્રાસમાંથી ખંડણી આપવાનું કબૂલ કરીને તેની સત્તા માન્ય રાખી. કેટલાક હતા તેમને સમજાવીને અથવા બળાત્કાર કરીને તેમના પૂર્વજોનો ધર્મ બદલીને મુસલમાની ધર્મ કબૂલ કરાવ્યો; તેમના ઉપર સારી નજર રહી અને તેઓ મુસલમાની જમિદાર થયા. તથાપિ તેમનાથી એ કામ સંપૂર્ણ કરી શકાયું નથી; એ તો [1]સિસિફસના જેવા પ્રયત્ન કરવા જેવું હતું; ઠાકોર અને રાવના ઉપર રાજભક્તિની સત્તા ઓછી બેઠી હતી તેમજ જમિદારો ઉપર પણ ઓછી બેઠી હતી, અને ઉદ્ધત મુસલમાનોને ઘણો ગર્વ છતાં પણ ગૂજરાતમાં સલાહ શાન્તિ અને એકત્રપણું સ્થાપવાનું કામ લાંબા ભવિષ્યકાળ ઉપર થનારા, તેમના કરતાં વિશેષ ડાહ્યા, અને વિશેષ દયાવંત હાથથી થવાનું બાકી રહી ગયું.

મિરાતેઅહંમદીનો કર્ત્તા કેહેછે કે, "અલ્લાઉદ્દીનના વારામાં મુસલ-
"માની ધર્મ પશ્ચિમમાં નેહેરવલ પટ્ટણથી તે પૂર્વમાં ભરોચ સુધીના પ્ર-
"દેશમાં દાખલ થયો હતો, એ વાત ખરી પણ હજી લગણ ઘણી જગ્યા-
"એ પાખંડીધર્મ ચાલતો હતો. ત્યાં ગૂજરાતના પાદશાહોના પ્રયત્નથી રે-

---

1 Sisyphus નર્કમાં પડેલો હતો તેને એક ચમત્કારિક પત્થર ડુંગરની ટોચ ઉપર પોહોંચાડવાની શિક્ષા કરવામાં આવી હતી. તે પ્રમાણે તે પત્થર, ઉપર લઈ જઇને મૂકે કે તેમાં એવો ચમત્કાર હતો કે પાછો નીચે ગગડી પડે એટલે તેને ખાલી ચડઉતર કરવી પડતી હતી ને તેનો બધો શ્રમ વ્યર્થ જતો હતો. ભા. કે.

"હેતાં રેહેતાં ચોખવટ અને સુધારો થવા લાગ્યો; અને શાહઅહંમદની મેહે-"નતથી કેટલેક ઠેકાણે ધર્મનું અજવાળું થયું." ઈ૦ સ૦ ૧૪૧૪ ના વર્ષમાં તાજુલમુલ્કનો એલકાબ આપીને બાદશાહે પોતાના એક કારભારીને ગૂજરાતમાં મુસલમાની સત્તા સ્થાપવાનું અને મૂર્ત્તિપૂજકોનાં દેવળ તોડી પાડવાનું કામ સોંપ્યું. તે કામ તેણે એવી હોંશિયારીથી બજાવ્યું કે ફેરિસ્તાના માનવા પ્રમાણે આખા રાજ્યમાં મેવાસ અને ગ્રાસનું નામ સંભળાતું બંધ થયું.

રાજ્યના ફેરફાર સંબંધી અમે જે ઉપર પ્રમાણે લખવાને પ્રયત્ન કર્યોછે તે સંબંધી ભાટલોકો બોલ્યા વિના રહ્યા હોય એમ ધરાય નહિ, અને તેઓએ તેમ કર્યું પણ નથી, અને અગર જો તેમના સદાના સ્વભાવ પ્રમાણે તેઓએ ધર્મ અથવા રાજપ્રકરણના કરતાં સંસારી બાબતને મુખ્ય ગણી છે તોયપણ તેઓએ અહંમદશાહની નીચે લખેલી વાતમાં એવા સમયનું વર્ણન આપ્યું છે અને કદાપિ તે ઇતિહાસમાં જોઇયે તે પ્રમાણે બારીક વિસ્તારવાળું નથી તોપણ એટલા બધા દમવાળું છે કે તે આ ઠેકાણે મૂકી દેવાય એવું છેજ નહિ.

## અહંમદશાહનો વિવાહ સંબંધી આર્જવ.

આ નીચેની ભાટની વાત ઉપરથી જણાયછે કે, જ્યારે પાદશાહે વાઘેલાઓનું રાજ્ય લીધું, ત્યારે તે વંશના વરસોજી તથા જેતોજી નામે બે ભાઇયો બારવટે * નીકળ્યા. અણહિલવાડ પાટણની પાસે થળ પર-

* કર્નલ વાકર કેહેછે કે, " બાર=બારણે અને વાટ=રસ્તો, જે ગામ બારણે "નીકળીને રસ્તો પકડે તે બારવટિયો. રજપૂત અથવા ગ્રાસિયા પોતાની રૈયતને "અને આશ્રિતોને પોતાનું ગામ છોડાવેછે એટલે તે ઉજ્જડ થઈ પડેછે ત્યારપછી "ગ્રાસિયો પોતાના ભાયાતોને લઈને પોતાનું રક્ષણ થાય એવી જગ્યાએ જઈને રેહેછે, "અને કોઈના સપાટામાં આવી જાય નહિ એવી રીતે ત્યાં રહીને લૂટફાટ કરવાનું "કામ ચલાવેછે. તેઓને દેશની માહિતગારી સારી હોયછે. અને પ્રત્યેક કુટુંબના "માણુસોને એ પ્રમાણે પોતાના નુકસાનનો બદલો વાળી લેવાનું સામાન્ય સાધન "છે તેથી, બારવટિયાના શત્રુના ભેગો જેઓનો સ્વાર્થ હોતો નથી તેઓનાથી ધાસ્તી "રાખવાનું તેને રેહેતું નથી તેટલા માટે તેનો નાશ થતા સુધી અથવા તેના કુટુંબના "મુખ્ય માણસને નીકાલ કરવાની અગત્ય પાડતા સુધી ઘણું નુકસાન કરવાને શ-"ક્તિમાન થાયછે. દેશમાં ન્હાના ન્હાના કિલ્લાઓ હોયછે તેમાં ભરાઈ પેસવાનું "મળેછે અને તેઓને શિક્ષા કરનારાઓ પાસે તોપનું પુરૂ સાધન હોતું નથી, કદાપિ "હોયછે તો તેનો ઉપયોગ કરવાની કુશળતા હોતી નથી તેથી પોતાના શત્રુનું કાંઈ "ચાલે નહિ એમ બારવટિયો પોતાનું રેઠાણ પકડી બેસેછે અને આ પ્રમાણે તેને "સાધન મળેછે તેથી તેને ઘણી લૂંટફાટ કરવાને ફાવેછે, પણ જો એમ હોય નહિ

ગણુાનાં ભીલડીગઢ અને સરધાર કરીને બે ગામ છે ત્યાં તેઓ કુટુંબ સહિત છાના રહ્યા, તેમાં વરસાજીનું કુટુંબ ભીલડીમાં રહ્યું તેથી તેના વંશજ ભિલડિયા કેહેવાયછે, અને જેતાજીનું સરધારમાં રહ્યું તેથી તેનાવંશના સરધારા વાઘેલા કેહેવાયછે. તેઓ કુટુંબ છોડીને સુમારે ૧૫૦ અશ્વારો સહિત અમદાવાદ સુધી ઉપદ્રવ કરતા હતા. કોઇ વાર રાત્રે અને કોઇ વાર દાહાડે તેઓ અમદાવાદનાં ગામ લૂંટતા હતા; તથા કોઇ વાર બાન ઝાલી જતા હતા. તેઓને ઝાલવાને સુલતાન અહંમદ પાદશાહ ઘણી યુક્તિઓ કરતો પણુ તેનું કાંઇ ચાલતું નહિ. છેવટે તેમની ખર્ચી ખૂટી પડવાથી તેઓને ઘણું સંકટ સોસવું પડયું, અને રેહેતાં રેહેતાં તેમના અશ્વારો બહુ ઓછા થઈ ગયા. સાંતજ ગામની પાસે, અમદાવાદ અને કડીના રસ્તાની વચ્ચે નાસમધ કરીને ગામ છે તેના તલાવ ઉપર, એક રાત્રિયે બંને ભાઈ આવ્યા. તેવામાં તે ગામનો એક રજપૂત ભંડારી અખો કરીને પરોડિયે ખાતરનું ગાડું ભરીને પોતાના ખેતરમાં હાકી જતો હતો; તેને આવતો જોઇને વાઘેલાનો એક માણુસ સંતાઇ ગયો. તે અખાનો ખેડુત ગાડું હાંકતો હતો તેના જોવામાં આવ્યો એટલે તે બોલ્યો, " ભાઈ ! તલાવ ઉપર બારવટિયા આવ્યા હોય એમ લાગેછે માટે આપણે વેહેલા વેહેલા જતા રહિયે તો બહુ સારૂં." અખો બોલ્યો, "તું ડરીશ નહિ, તેમનામાં મારા જેવો કોઇ "રજપૂત નથી, જો હોય તો ત્રીજે દાહાડે ગ્રાસ પાછો વાળ્યો હોય." વાઘેલાના માણુસે આ વાત સાંભળી તે પોતાના ઠાકોરોને જઇને કહી; તેઓએ રજપૂતને પોતાની પાસે બોલાવ્યો. અખોભંડારી તેમની પાસે આવ્યો એટલે તેમને પૂછ્યું કે "ભાઇ! તમે શું કેહેતા હતા"? અખાએ મનમાં વિચાર કરયો કે મેં તો સેહેજ મશ્કરીમાં કહ્યું હતું પણ હવે આપણે ફરી

"તો જરા પણુ ફાવે નહિ." ઇડરના ડુંગરી પ્રદેશમાં, અને ગુજરાતની ઈશાન કોણુમાં આવા બારવટિયાને "વખે છે" એમ કેહેછે. તેના દાખલા આગળ ઉપર ઘણા લખવામાં આવશે. બારવટિયાના જેવાં કામ કરયાવિષેનું સામ્યુઅલના બીજા ભાગના ચૌદમા પ્રકરણુમાં લખેલું છે. "એટલા માટે આબસેલમે જોબને "બોલાવા તેડું મોકલ્યું કે તેને રાજા પાસે મોકલવામાં આવે. પણ તે તેની પાસે "આવ્યો નહિ. ફરીને બીજી વાર તેડાવ્યો તોપણ આવ્યો નહિ ત્યારે તેણે પોતાન "માણુસોને કહ્યું કે મારા ખેતરની પાસે જોબનું ખેતર છે ને તેમાં જવ વાવેલા છે "ત્યાં જાઓ અને તે સળગાવી મૂકો. આબસેલમના માણુસોએ જઈને ખેતર સળગાવી મૂકયું."

જવું નહિ. તે બોલ્યો, "હા ઠાકોર! જો તમારામાં મારા જેવો રજપૂત હોય તો ત્રણ દિવસમાં ગ્રાસ પાછો વાળી આપે." આવું સાંભળીને બન્ને ભાઇયોએ કહ્યું કે "એક હજાર રૂપિયાનો ઘોડો તમને ચડવાને આપિયે અને બીજું તમે જે કેહેશો તે આપીશું." એમ કહીને તેને પોતાની સાથે અમદાવાદ લઈ ચાલ્યા.

હુરમ અથવા પાદશાહની બેગમ અને મુસલમાન સરદારોની બેગમો પાંચસેં રથ તથા બીજા માણસ લઇને દર શુક્રવારે સરખેજની પાસે મકરબાને રોજે જતાં હતાં. પણ ચાકર નફરો થોડે છેટે રેહેતા હતા, અને બેગમો એકલી પીરની કબરપાસે જતી હતી. અખા ભંડારિયે પેલા બે ભાઇયોને કહ્યું કે "તમે આ બેગમોને ઝાલી લેશો નહિ ત્યાંસુધી તમારો ગ્રાસ પાછો વળવાનો નથી." જ્યારે ઓરતો મકરબા (મુકબરા) માં ગઈ ત્યારે રજપૂત અશ્વારોએ તેમને ચોમેર ઘેરી લીધી. હુરમાએ પૂછ્યું કે, "તમે કોણ છો"? તેઓ બોલ્યા, "અમે વરસો અને જેતો છિયે, અમારો ગ્રાસ ગયો છે તેથી અમે હવે મરવાનો ઠરાવ કરચો છે, અને અમે તમારા રથ હાંકી જઈશું." તે સાંભળીને હુરમ બોલી, "જો તમે મારી "લાજ લેશો તો મારે મરવું પડશે. હું હવણાં શેહેરમાં જઇને તમારો ગ્રાસ "તમને તરતજ પાછો અપાવીશ." આ વિષેના તેણે ખરેખરા સોગન ખાધા એટલે તેઓ જતા રહ્યા. એટલામાં બેગમની સાથે માણસો હતા તેમના જોવામાં વાઘેલા આવ્યા એટલે લડવાને સામા થયા, પણ તે રજપૂતોને પજવવાની બેગમે ના કહી તેથી તેઓએ તેની આજ્ઞા માની. હુરમ શેહેરમાં ગઇ અને રાત્રે દીવા શણગારવાની ના કહી ને ખેદ પામતી બેઠી. પાદશાહને આ વાતની જાણ થઈ એટલે તે તેની પાસે આવ્યો, અને કેહેવા લાગ્યો કે એવું શું થયું છે? તેણિયે બધી વાત માંડીને કહી અને બોલી, "મેં સોગન ખાધા છે માટે તમે બન્ને ભાઇયોને બોલાવીને તેમનો ગ્રાસ "તેમને પાછો આપો. જો તેઓ મારો રથ હાંકી ગયા હોત તો પછી પાદશાહની શી શોભા રેહેત?"

પાદશાહે બન્ને ભાઇયોને આદરમાન સહિત અમદાવાદમાં તેડાવીને શિરપાવ આપવાનું વચન આપ્યું. હુરમે તેમને પાલડીની પાસે ઘોડીકૂવો છે ત્યાં આગળ રેહેવાનું કહી રાખ્યું હતું અને કહ્યું હતું કે સવારમાં હું તમારી પાસે બાંહ્યધર મોકલીશ. તે પ્રમાણે તેઓ ત્યાં રહ્યા હતા, અને

સવારમાં પાદશાહે પોતાના બે કારભારી માણુકચંદ અને મોતીચંદને તેમની પાસે મોકલ્યા.તેઓ ત્યાં ગયા અને એક માળીને કહીને વરસાજીને અને જેતાજીને પાસે બોલાવ્યા. વાઘેલા બોલ્યા કે અમને ઝાલીને કેદમાં નાખશે નહિ તેની ખાતરી કેમ થાય? કારભારિયો બોલ્યા કે એ વિષેના અમે જમાન થઇયે છિયે. એમ કહીને સોગન ખાઇને તેઓને શેહેરમાં તેડી લાવ્યા. દરવાજે આવ્યા ત્યારે સંધ્યાકાળ પડવા આવી હતી તેવામાં રસ્તાની એક બાજુએ એક સ્ત્રી લાજવિનાની રીતે બેઠેલી જોઇ એટલે વાઘેલાઓએ પૂછ્યું કે, આ કેઇ નાતની હશે, ત્યારે કારભારિયો બોલ્યા કે સોવશા એ બ્રાહ્મણ કે વાણિયાની નાતની હશે. પછી રજપૂતોએ તેમને પૂછ્યું કે તમે શી નાતના છો? ત્યારે તેમણે ઉત્તર આપ્યું કે અમે વાણિયા છિયે. પછી વરસાએ જેતાને કહ્યું કે, "ભાઈ! જેની બાયડિયો આવે ધોળે દિવસે ઉઘાડી "બેસેછે તેના દીકરા આ કારભારિયો છે, તો પાદશાહ આપણને કેદખાનામાં "નાંખે તો પછી તેમને શી શરમ રહી? અથવા પાદશાહના ઉપર તેમનું શું "ચાલી શકશે? માટે આપણે તો અહિંથી પાછા જવું જોઇયે." પછી તેઓએ કારભારિયોને કહ્યું કે, "અમે તમારી બાંહ્યધરી ઉપર વિશ્વાસ રાખી શકતા નથી." એમ કહીને પાછા વળી ઘોડીકૂવે ગયા. કારભારિયોએ જે બન્યું હતું તે જઇને પાદશાહને કહ્યું, ત્યારે પાદશાહે વિશ્વાસ નહિ આણવાનું કારણ પૂછ્યું. તેઓએ કાહાવ્યું કે પાકી બાંહ્યધરી વિના અમે આવનાર નથી. પછી પાદશાહે બાંહ્યધરીને સારૂ અમીરોને મોકલ્યા એટલે રજપૂત અશ્વારો શેહેર ભણી આવ્યા. તે વેળાએ સાંજ પડવા આવી હતી અને રસ્તો સાંકડો હતો. જેવા તેઓ ખૂણામાં વળ્યા કે એક પઠાણની ઓરત બુરખો નાંખીને ચાલતી હતી; તેણે અશ્વારોને દીઠા એટલે સંતાઈ જવાને ફાંફાં માર્યાં પણ એવી કોઈ જગ્યા જોવામાં આવી નહિ. ત્યારે તેણે મનમાં વિચાર કરયો કે, હું પઠાણની દીકરી છું ને કોઈ મારૂં મ્હો જૂવે તે ઠીક નહિ તેથી બીજો એકે ઉપાય રહ્યો નહિ એટલે પાસે એક કૂવો હતો તેમાં પડી. તેનો ધબકારો સાંભળીને ઘણા લોકો એકઠા થઈ ગયા. જ્યારે તેને બાહાર કાહાડી ત્યારે વરસાની ને જેતાની ખાતરી થઈ કે આવી સ્ત્રિયોના દીકરાની બાંહ્યધરી જોખમ વિનાની છે. પછી તેઓ પાદશાહની કચેરીમાં આવ્યા ત્યાં તેમનાં જૂનાં લૂગડાંને બદલે તેમને નવાં પેહેરાવ્યાં. જૂના લૂગડામાંથી ચાર શેર લીખો કાહાડી નાંખી—આવું સંકટ તે રજપૂતોએ જંગલમાં વેઠ્યું હતું.

બન્ને ભાઈયોએ વિચાર્યું કે પાદશાહ આપણી ઉપર રાજી થાય એમ કરવું. પછી પોતાની બ્હેન લાલાં કરીને હતી તે તેને વેરે પરણાવી. પછી પાદશાહે તેમને પાંચસે ગામનું તેમનું કલોલ પરગણું આપ્યું અને પૂછ્યું કે તમે તે શી રીતે વેહેંચી લેશો ? વરસો અને જેતો બોલ્યા—ચાલ પ્રમાણે મ્હોટા ભાઇને વધારે ભાગ મળવો જોઇયે. પાદશાહે પૂછ્યું કે મ્હોટાને મ્હોટો ભાગ મળવો જોઇયે તેનું કારણ શું? તેનું ન્હાના ભાઇયે ઉત્તર આપ્યું કે, બળાત્કાર એજ એનું કારણ છે. અહંમદશાહ બોલ્યો કે તમે બન્નેએ સમાન દુઃખ વેઠયું છે માટે બરાબર ભાગે વેહેંચી લેવું. આ ઉપરથી વરસાએ કલોલ ને ૨૫૦ ગામ લીધાં. તેના વંશના પાટવી રાજા આજ લેંબોદરે છે અને ફૂટાયા, પેથાપર અને પેંડાઇડે છે, તેમના તાબામાં હાલ બારબાર ગામ છે. બાકીનાં કોળી લોકો દબાવી પડ્યા છે. ન્હાના ભાઈ જેતાને સાણંદનાં ૨૫૦ ગામ મળ્યાં, એ બેમાં ન્હાના મ્હોટાનો ભેદ એટલો રાખ્યો કે મ્હોટાને મીઠાપાટનો ભાગ મળ્યો ને ન્હાનાને ખારા પાટનો ભાગ મળ્યો. પણ જતે દાહાડે ન્હાનાની ભોંયમાં સારા ઘહું પાકવા માંડ્યા ને મ્હોટાની ભોંયમાં મઠ સરખા પણ ભાગ્યેજ પાકવા લાગ્યા.

આ બનાવ બન્યા પછી, બિહોલો સામતસિંહ કરીને ૬૫૦ ગામોનો ઠાકોર એક દિવસે પાદશાહના મેહેલ નીચે થઇને જતો હતો. ઉન્હાળાનો દિવસ હતો તેથી તાપ ઘણો પડતો હતો, તેથી તેણે પોતાના માથા ઉપર લુગડું નાંખ્યું હતું. કેમકે તે વેળાએ છત્રિયો રાખવાનો ચાલ ન હતો ને માત્ર મ્હોટા મુસલમાન ઉમરાવ લોકોને આફતાબગિરિ વાપરવાની પરવાનગી હતી. આ સમયે વરસો ને જેતો મેહેલના એક છજામાં બેઠેલા હતા. તેઓ મશ્કરીમાં બોલ્યા કે, "આ માથાઢંકો કોણ જાયછે ?" સામતસિંહે આવું સાંભળીને કહ્યું કે, "અમે માથાઢંકા નહિ, જેની બેહેન કે દીકરી તુર્કને દીધી હોય તે માથાઢંકા કેહેવાય." આ સાંભળીને વસાને ને જેતાને ઘણો ક્રોધ ચડ્યો; અને ધાર્યું કે આપણે એની દીકરી તુર્કને અપાવીને આપણા જેવા કરિયે તોજ આપણે વરસો ને જેતો ખરા, નહિ તો આપણા જિવતરને ધિઃકાર છે. પછી સામતસિંહ તો પોતાને ઉતારે ગયો. વાઘેલા ભાઇયોએ લાગ મળ્યો એટલે પાદશાહને કહ્યું કે, બિહોલા ઠાકોરે અમારૂં અપમાન કર્યું છે ને એને ચૌદ વર્ષની દીકરી ઘણી રૂપાળી છે તેની સાથે આપના નેકા થાય તો અમારે માથેથી ગાળ ઉતરે. પાદશાહે તેમનું કેહેવું

માન્ય રાખ્યું અને પોતાના કેટલાક મોગલ અમીરોને કહી રાખ્યું કે, "જ્યારે સામતસિંહ કચેરીમાં આવે ત્યારે તેની દીકરી મારે વેરે પરણાવાનું માગું કરવું. તેઓ બોલ્યા," બંદેનવાજ ! એ સામતસિંહ તો મેવાસનો રેહેનાર છે; તેથી અમે જે કહીશું તે તરત માનશે નહિ; અને એવી વાત અમારે મ્હોડેથી નીકળવી ઘણી કઠિણ છે." પાદશાહ બોલ્યો," વારૂ ત્યારે એ આવે એટલે મને યાદ દેવરાવજો, અને હું એને કહીશ." એક દિવસ સામતસિંહ કચેરીમાં આવ્યો. એટલે મોગલ અધિકારિયોએ સુલતાનને યાદ દેવરાવ્યું તેથી તે બોલ્યો," સામતસિંહ તમારે શાં ફરજંદ છે ?" ઠાકોરે ઉત્તર આપ્યું "બંદેનવાજ ! મારે એક દીકરો છે ને એક દીકરી છે." અહમદશાહ બોલ્યો, "દીકરી કેટલા વર્ષની છે." તે બોલ્યો."તે સાત વર્ષની છે." પાદશાહે પૂછ્યું કે રજપૂતો પોતાની દીકરિયો પરણાવવાને એટલી બધી વાર કેમ કરેછે ? ઠાકોર બોલ્યો, કે અમારે બે ત્રણ હજાર રૂપિયા દીકરી પરણાવતાં થાય એટલા એકઠા કરી રાખવાનું કામ ઘણું અઘરૂં છે; અને વળી વિશેષ એકે જો તેને ન્હાનપણમાંથી પરણાવિયે ને તે મરી જાય તો ખર્ચ કરેલો નિ-ષ્ફળ જાય. પાદશાહ બોલ્યો, " આરે સામંતસિંહ ! તમે તમારી દીકરીને પાદશાહના તખ્ત વેરે પરણાવો. " ઠાકોર બોલ્યો, " બંદેનવાજ ! આપ ઠીક કોહોછો, હું જાણુંછું કે હિંદુ રાજાઓની ઘણી દીકરિયો આપના જનાનામાં છે. કલોલના રાજાની, ઈડરના રાજાની અને બીજાની છે. તેથી મારી દીકરી પણ તેમાં હોય તો તે પાંશરૂં છે, પણ હવણાં તે ઘણી ન્હાની છે, અને રૂપે રંગે પાદશાહને લાયક નથી. પણ અમારા ભાઈભત્રીજાઓમાં પાદશાહ લાયક હશે તો અમે શાદી કરીશું." પાદશાહ બોલ્યો, "ગમે તેમ હોય પણ તમારી દીકરી મને પરણાવો." સામતસિહે તેની ન્હાની વય માટે ઘણાં બાહાનાં બતાવ્યાં, પણ પાદશાહ હઠે ચડયો, એટલે છેવટે તેણે તેનું કહ્યું માન્ય કર્યું. ઠાકોર ઉતારા ઉપર ગયો; અને પાદશાહે વરસાને ને જેતાને બોલાવ્યા અને કહ્યું કે તમે ના કેહેતા હતા પણ સામતસિંહે પો-તાની દીકરી દેવાનું કબૂલ કર્યું છે; તેઓ બોલ્યા, " એણે એટલે સુધી હા "કહી છે ખરી, પણ રજપૂતોમાં વસંત ચડાવવાનો ચાલ છે તે જો બિહોલો "લઈ જાય તો અમે માનિયે કે વિવાહ ચોકશ થયો."

કેટલાક દિવસ પછી, સામતસિંહ કચેરીમાં આવ્યો ત્યારે અહંમદ-શાહે તેને કહ્યું કે, "સામતસિંહ ! તમે તમારી દીકરીનું વસંત લઈ જાઓ."

ત્યારે તેણે કહ્યું કે, "મારે ગામ જતી વેળાએ હું લેતો જઈશ." પાદશાહ બોલ્યો, "નહિ હવણાંને હવણાં તમે તમારે ઉતારે લઈ જાઓ." પછીથી ઠાકોરને બલાત્કારે વળગાડયું. પછી પાદશાહે બન્ને ભાઈયોને કહ્યું કે તમારૂં પેહેલું ભવિષ્ય જેમ ખોટું પડયું તેમ આ પણ ખોટું પડયું, કેમકે બિહોલાએ વસંત લીધું. તેઓ બોલ્યા, "તેણે વસંત તો લીધું ખરૂં પણ તે નક્કી લગ્ન લેશે નહિ" આઉપરથી પાદશાહે સામતસિંહને બીજા મેળાપની વેળાએ કહ્યું "તમે લગ્નનો દિવસ નક્કી કરો." તેણે ઉત્તર આપ્યું "હું દશ મહિનાથી અહિંજ છું; માટે મારે ગામ જઇને મારી ઉપજનીપજ સંભાળું ને પછી સરસામાન એકઠો કરતાં એક વર્ષ થશે; ને પાદશાહ મારે ઘેર પરણવા આવે તેનો ખર્ચ ઉપાડવાનું હવણાં મારૂં ગજું નથી. માટે જરાક થોભો." પાદશાહ બોલ્યો, "તમારે જોઇયે એટલું અમારા ખજાનામાંથી લઈ જાઓ પણ લગ્નનો દિવસ નક્કી કરો." તે બોલ્યો, "બંદેનવાજ ! આપનાં નાણાંવતે લગ્ન કરૂં તો મારી શોભા કેહેવાય નહિ" પણ પાદશાહે ઉંટ ઉપર નાણાં લદાવીને બિહોલ પોહોંચાડ્યાં. તે પૈસાવડે સામતસિંહે બિહોલને કોટ ચણાવ્યો, બુરજ કરાવ્યા. અને યોદ્ધા રાખ્યા તથા દારૂ, ગોળી એ સર્વ એકઠું કર્યું. પછી પાદશાહને કાહાવી મોકલ્યું કે હવે "પરણવાસારૂં પધારજો."

બિહોલથી આશરે ૧૪ મૈલ ઉપર એક ડુંગર છે, ત્યાંની જગ્યા ઘણી ભયંકર છે; અને ત્યાં "ઘોરીપાવટી" કરીને એક કિલ્લો છે. તે ઠેકાણે સામતસિંહે એક મેહેલ બંધાવ્યો હતો અને કદાપિ બિહોલથી નાસવું પડે તો સંતાઈ પેસવાસારૂ એક વિશાળ ભોંયરૂં કરાવી રાખ્યું હતું. મેહેલ તથા ભોંયરાનાં ખંડેર હજી લગી ત્યાં છે. અને લોકો કેહેછે કે ત્યાં ઘણું ધનડાટેલું છે, પણ ભ્રમરના ભયથી તેમાં કોઇનાથી પેશી શકાતુ નથી.* ત્યાંથી

* પૂર્વ ભણીના દેશમાં અને બીજી એવીજ જગ્યાએ મધમાખિયો જે શત્રુ થઈ પડેછે તે કાંઈ જેવી તેવી નથી. ડયુટરોનોમીમાં મોઝીઝે ઇસરાયલોને યાદ દેવરાવ્યું છે તેમાં પર્વતના રેહેનાર આમોરેટો મધ માખિયોની પેઠે કેવા તેમના ઉપર તૂટી પડ્યા હતા, અને તેમની પછાડી પડયા હતા તે જણાવ્યું છે, અને ભ્રમર અથવા વિષશૃંગી ઈશ્વરની સેનાના અગ્રગામિયોએ તેમના શત્રુઓને કેવા નસાડી મૂક્યા તે વિષે જોશુઆએ લખેલું છે. કર્નલ ટાડ પણ પોતાના વેસ્ટર્ન ઈન્ડિયા નામના પુસ્તકમાં અમદાવાદના સુલતાન મહમૂદ બેગડા વિષેની વાત લખેછે તથા આબુ પર્વત ઉપરની અચળેશ્વરના દેરામાંની પોઠિયાની વિશાળ મૂર્ત્તિ તોડવાનો પ્રયત્ન કર્યો તે વિષે પણ જણાવેછે. "અચળ ગઢનો નાશ કરીને આબુ પર્વત ઉપરથી

બે ગાઉ ઉપર કેદારેશ્વર મહાદેવ છે, તે પાંડવના વારાના છે એવું કેહેવાય છે તથા ત્યાંથી સાત ગાઉ ઉપર ઊંટડિયા મહાદેવ છે તે પાંડવના વારા કરતાં પણ પૂર્વના છે.

પાદશાહ પોતાની સાથે લશ્કર લઇને બિહોલ ભણી આવ્યા અને ગામથી બે ગાઉ ઉપર મેલાણુ કર્યું. સામતસિંહે પોતાના ભાઈ ભત્રીજા મોકલીને પાદશાહને કેહેવરાવ્યું કે "મુસલમાનની રીત પ્રમાણે નકા પઢશો કે હિંદુની રીત પ્રમાણે પરણુશો." પાદશાહે કહ્યું કે "મેં હિંદુની પરણુવાની રીતિ જોઈ નથી માટે તે પ્રમાણે પરણુવાની મારી ઇચ્છા છે." ત્યારે તેઓ બોલ્યા કે, "પાદશાહ અમારે ઘેર પરણુવાને પધારયા છે; એટલા માટે, અમે સારી રીતે વિવાહ કરીશું; બંધુકો વગેરે દારૂખાનું છોડીશું, અને ગુલાલ ઉડાડીશું તેમજ વળી જાનૈયાઓની મશ્કરી કરવાનો, મીઠું છાંટવાનો, અને "કાંકરીચાળો કરવાનો અમારા હિંદુઓમાં ચાલ છે, તે તમારા કોઈ મા-"ણુસને ઠીક લાગે નહિ ને કોઇને મારે તો વિવાહને ઠેકાણે લડાઈ ઉઠે, એટલા માટે, તમારે તેમને કહી રાખવું જોઇયે કે બિહોલનું કોઈ માણુસ તેમની મશ્કરી કરે તો તેની સાથે કજિયો કરી ઉઠે નહિ." પાદશાહે તે પ્રમાણે પોતાના લશ્કરને ચેતવણી આપી. પછી સામતસિંહનો ભાઈ બો-લ્યો, "બંદેનવાજ! તમારા લશ્કરને ઉતરવા જેટલી બિહોલની પાસે જગ્યા "નથી. માટે મ્હોટા મ્હોટા ઉમરાવ અને પટાવતોને પેહેલા મોકલજો; તેમની "પછવાડે આપ પધારજો, અને ફોજને પછીથી આવવા દેજો." એ પ્રમાણે જે કેહેવાનું હતું તે સર્વ નિવેદન કરીને તેઓ ગામમાં ગયા. પાદશાહે પ્રથમ

---

"ઉતરતાં તેનો જીતનો વાવટો ફરકી રહ્યો હતો તેવામાં નહિ ધારેલી જગ્યાએથી "એકાએક ગડબડાટ ઉઠયો. શિખરમાં ભરાઈ પેઠેલું મધમાખિયોનું સૈન્ય તેઓના "ઉપર ટૂટી પડયું અને છેક ઝાલોર સુધી તેઓની પછવાડે પડયું. નાશ કરનાર "ઉપર આવો જય મેળવ્યો તેનું સ્મરણ રેહેવા સારૂં તે ઠેકાણાનું નામ ભ્રમર થળ પડયું. ત્યાં એક દેવલ બંધાવ્યું અને લશ્કરે નાસતાં લઈ લીધેલાં હથિયાર "નાંખી દીધાં હતાં તે સર્વ એકઠાં કરીને તેનું એક વિશાળ ત્રિશૂળ બનાવ્યું અને "નંદીનું આવું અપમાન કર્યું તેઓનું વૈર લેનાર દેવ આગળ તે મૂકવામાં આવ્યું." ટાડ ટ્રાવેલ્સ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા પૃષ્ટ ૮૧.

ગૂજરાતમાં ખેડા છે ત્યાં એક બ્રિટિશ આફિસરને ભૂમિદાહ દેવા લઈ જતા હતા તેઓના ઉપર પણુ મધમાખિયોનું ટોળું ટુટી પડયું હતું અને તેથી ભંગાણુ પડયું હતું.

પોતાના અધિકારિયોને મોકલ્યા, તેમની પછવાડે પોતે ચાલ્યો ને લશ્કર પછવાડે રાખ્યું, તેઓ જ્યારે બિહોલની પાસે આવ્યા ત્યારે તેમને માટે પાંચ હજાર રજપૂતો, ગોળિયો ભરી રાખેલી બંધુકો સહિત ઉભા રહેલા જોવામાં આવ્યા. તેઓએ દરવાજા બંધ કરી દીધા, ને કોટ ઉપરથી બંધુકો છોડવા માંડી તેથી પાદશાહનું ઘણું લશ્કર માર્યું ગયું; પણ ઘણી વાર સુધી અહંમદશાહના જાણવામાં એમ આવ્યું કે, એ તો દારૂખાંનું છોડેછે. પછી તો ઘણાં માણસો પડતાં જોયાં ત્યારે તેણે જાણ્યું કે આ તો દગલબાજી થઈ. સાત દિવસ સુધી લડાઈ ચાલી. છેવટે સામતસિંહે ઘણો માર ખાધો એટલે પોતાનો કબીલો ઘોરીપાવટિયે લઈ ગયો. પાદશાહનું લશ્કર બિહોલમાં પેઠું અને તે લૂંટી લીધી; ઘવાયલાઓને ઔષધ કરવાને, અને લડાઈની સામગ્રી અને લશ્કર એકઠું કરવા સારૂ અહંમદશાહ ત્યાં ત્રણ માસ સુધી પડાવ કરીને રહ્યો. પછીથી તે ઘોરીપાવટી ભણી લડવા ચાલ્યો. ત્યાં તેણે ઘણાં ઝાડ કાપી નંખાવ્યાં અને બે મહિના સુધી લડાઇ ચલાવી. લોકો કહેછે કે સીસું ખૂટવાથી સામતસિંહ સોનારૂપાની ગોળિયો કરાવીને મુસલમાનો ઉપર ચલાવવા લાગ્યો. છેવટે સામતસિંહ ઘોરીપાવટિયેથી નાશીને ધ્રુનવાના ડુંગર ઉપર ભરાઈ પેઠો, અને પોતાની પુત્રીને ઈડરના રાવ સાથે પરણાવી. પાદશાહે તેનાં ૩૫૦ ગામ ખાલસા કરી દીધાં.

સામતસિંહ બાર વર્ષ સુધી બારવટે રહ્યો તેટલામાં મુસલમાનોને કાયર કાયર કરયા, છેવટે પાદશાહે બાંહ્યધરી આપીને ટંટો પતાવી દેવાને તેને તેડાવ્યો. સામતસિંહે કહ્યું કે મારાં ગામ પાછાં આપશો તોજ હું જંપીને બેશીશ. પછી પાદશાહે ડેગામ પરગણાનો ૮૪ ગામનો વાંટો સામતસિંહને આપીને કજિયો પતાવી દીધો. પછી સામતસિંહ બિહોલ જઇને રહ્યો; અને આજસુધી તેના વંશજ છે તે બિહોલા રજપૂતને નામે ઓળખાયછે. અને તેઓનો વાંટો ડેગામમાં હજુ છે.

પછી વરસા અને જેતાની બેહેન લાલાં ગુજરી ગઈ; તેનેવિષે કેટલાક લોક એમ કેહેછે કે, ઉન્હું દૂધ પિતાં તેનાં આંતરડાં દાઝયાં તેથી તે મરી ગઈ. પાદશાહને તેનાઉપર ઘણો પ્રેમ હતો અને તેના રૂપગુણથી તે મોહિત થઈ ગયો હતો તેથી બહુ ખેદયુક્ત થઈ ગયો. તેણે લાલાંના જેવી બીજી કોઈ હિંદુની કન્યા ખોળવાને પોતાના કારભારિયો જૂદે જૂદે

દેશ મોકલ્યા પણ તેના સરખી સુંદરી હિંદુ કે મુસલમાનોમાં તેમના જો-વામાં આવી નહિ. એટલે પાછા[1] આવીને તે પ્રમાણે વિચાર જણાવ્યો તેથી પાદશાહ નિરાશા કરતાં વિશેષ શોકાતુર થયો. તેણે રાજકારભાર છોડી દીધો ને ખેદયુક્ત થઇને બેશી રેહેવા લાગ્યો. કારભારિયોએ વિચાર્યું કે લાલાં વાઘેલીના જેવી બીજી સ્ત્રી આણી આપ્યાવિના બીજો કાંઈ ઉપાય નથી. તેથી તેમના જેવી સુંદર કન્યા શોધવા તેમણે એક બ્રાહ્મણ મોકલ્યો. બ્રાહ્મણ ઘણા દેશ ફરતો ફરતો છેવટે માતર આવ્યો, ત્યાં ચિતોડવંશનો સિસોદિયો રાજા હતો તેનું નામ સત્રાસલજી હતું અને તે રાવળ કેહેવાતો હતો. તે ૬૬ ગામનો ધણી હતો ને તેને રાણીબા કરીને એક દીકરી હતી તથા ભાણજી અને ભોજી કરીને બે કુંવર હતા. રાણીબા ઘણીજ રૂપાળી હતી. બ્રાહ્મણે તેને જોઇને ધાર્યું કે મેં સારી કન્યા શોધી કાહાડી છે એવા શુભ સમાચાર કચેરીમાં જઇને કહીશ તો મને શિરપાવ મળશે તેથી તેને ઘણો જ આનંદ થયો. તે પાદશાહના કારભારિયો પાસે ગયો અને બોલ્યો કે લાલાં વાઘેલીના જેવી એક કન્યા મેં શોધી કાહાડી છે. તેઓએ તેને શિ-રપાવ આપીને યથાસ્થિત સમાચાર પૂછ્યા. તે બોલ્યો, ચરોતરના[2] માતર-ગામમાં રાવળ સત્રાસલજીની દીકરી ઘણી રૂપાળી છે. કારભારિયોએ સત્રા-સલજીને અમદાવાદ બોલાવ્યો, અને તેનો સત્કાર કરીને ગાદીવેરે દીકરી દેવાને તેને સારી પેઠે સમજાવ્યો. ત્યારે સત્રાસલજી બોલ્યો કે હિંદુની દી-કરીને એ પ્રમાણે પરણાવાય નહિ. કારભારિયોએ તેને સમજાવ્યો કે પા-દશાહના જનાનખાનામાં ઘણા હિંદુ રાજાઓની કન્યાઓ છે. તેનું ઉત્તર સત્રાસલજિયે માત્ર એટલુંજ આપ્યું કે "તે જૂદા છે, અમે જૂદા છિયે." દિવાનોએ કહ્યું કે જો તમે રાજી ખુશીથી હા કેહેશો નહિ તો પછી બલા-ત્કાર કરવો પડશે. આવું કેહેતાં છતાં પણ રાવળે તો નાનીનાજ કેહેવા માંડી એટલે છેવટે તેને કેદ કરયો. ઠકરાણીને જ્યારે આ વાતની જાણ થઇ ત્યારે

---

૧ અંગ્રેજીમાં એવો અર્થ છે કે, "પાદશાહે અમદાવાદમાં આવીને આ વિ-ષેનો પોતાનો વિચાર જણાવ્યો." પણ એ તો અમદાવાદમાંજ હતો અને કારભા-રિયોને તેણે ખોળ કરવા મોકલ્યા હતા માટે તે ચૂક થયેલી છે. અને તે ચૂક થવાનું કારણ એમ લાગે છે કે, "પાછા આવીને ઈ." એવા ઉચ્ચાર ઉપરથી "પાછા" ને "પાદશાહ" ને ઠેકાણે સમજી લીધો છે, કેમકે ઘણા લોકો પાછછા એવો ઉચ્ચાર કરેછે. ૨ ચારૂ+તર=ચારૂતર–વિશેષ સુંદર. ભા. ક.

તેણે પોતાના મનમાં વિચાર કરયો કે," આ એક દીકરી મરી ગઇ છે એમ હું સમજીશ; પણ, ગમે તે પ્રકારે ઠાકોરનો જીવ ઉગરે ને ગ્રાસ રેહે એમ કરવું જોઇયે." તેણિયે પછી પોતાની દીકરીને અમદાવાદ મોકલી. જ્યારે તેને તેનો પૂરેપૂરો શૃંગાર સમજાવીને પાદશાહની હુઝૂરમાં દાખલ કરી ત્યારે તેની સુંદરતા જોઇને તે અચંબો પામ્યો અને બોલી ઉઠયો, " આ શું લાલાં પાછી આવી ! " તે બોલી, તે લાલાં તો ગઈ" પાદશાહને પછી ભાન આવ્યું. બીજે દિવસે તેણે કચેરી ભરી. સત્રાસલજીની બેડી તોડી નંખાવીને તેને કચેરીમાં બોલાવીને શિરપાવ કરયો. તે સમયે સત્રાસલજિયે વિચાર્યું કે કેદખાનું તો ભોગવ્યું પણ મુસલમાનને દીકરી દેવી પડી નહિ એ બહુ સારૂં થયું. તે રાજી થતો પોતાને ગામ ગયો. જ્યારે જમવાની વેળા થઈ ત્યારે તેણે રાણીબાને બોલાવી. ઠકરાણી, તેને બાહારથી તેડી લાવવાનું ડોળ કરીને પાછી આવી કેહેવા લાગી કે રાણીબા તો રમતમાં પડ્યાં છે તેથી હવણાં આવશે નહિ. સત્રાસલજી બોલ્યો કે તે આવશે નહિ ત્યાં સુધી હું જમનાર નથી. ત્યારે ઠકરાણી બોલ્યાં, " મહારાજ જ્યારે રાણીબાને અમદાવાદ મોકલ્યાં ત્યારે તમારા કેદખાનાના દરવાજા ઉઘડયા છે." આવું સાંભળીને સત્રાસલજી અતિ શોકાતુર થઈ ગયો. તે બોલ્યો, " હું ત્યાં મરી ગયો હોત તો શી ચિંતા હતી ? હું ચિતોડ વંશનો છું; હું નિ-"ષ્કલંકી કેહેવાઉછું ને અમારે સિસોદિયાને માથે આવું કલંક કદિ આવ્યું "નથી, માટે તને ધિ:કાર છે કે આવું કલંક તેં મારે માથે બેસાર્યું. ઠકરાણી બોલી, " તમારો જીવ જાત તે કરતાં આપણે હવે એમ સમજીશું કે એ દીકરી મરી ગઈ છે. " રજપૂત, તાબડતોબ ખડો થયો, અને પોતાની તરવાર પકડી; તે જોઈ ઠકરાણી તેને વળગી પડી, પણ તેણે તેને તરછોડી નાંખી ને તરવાર ખેંચી કાહાડી પોતાના પેટમાં ઘોચીને મુરદુ થઇને પડયો.

સત્રાસલજીના કુંવર ભાણજી તથા ભોજિયે સારી રીતે તેનું ક્રિયા ખર્ચ કર્યું; ને માતરમાં તેઓ રાજ્ય કરવા લાગ્યા. અમદાવાદમાં જ્યારે એ વાતની જાણ થઇ ત્યારે રાણીબાએ સ્નાન કર્યું ને તે ઘણોજ ખેદ પામી. તેને શોકાતુર જોઇને પાદશાહ રેમિયતથી કેહેવા લાગ્યો, જ્યારે કોઈ "હિંદુ રાજા મરી જાય અને તેના કુંવર ગાદિયે બેસે ત્યારે તેમને દિલાસો આપવાને તેમનું કોઈ સગું હોય તે શું શું કરે ! " રાણીબા બોલી, "પૈસા

વાળું સગું હોય તો તે પોશાક મોકલાવીને તેઓના શોકનો ધોળો પોશાક બદલાવે." પાદશાહ બોલ્યો, ત્યારે તમારા ભાઇનો શોક મૂકાવાને માટે હું પણ તેઓને અહિં બોલાવુંછું, એમ કહીને તેઓને તેણે બોલાવ્યા; પછી બન્ને ઠાકોરો અમદાવાદ આવ્યા ને પોતાને ઉતારે ઉતરયા; પાદશાહે, ઘાસ, દાણો અને બીજો જોઇતો સરસામાન પોહોંચાડયો; ને રાણીબાને કહ્યું, "હું આજે તમારા ભાઇયોને શિરપાવ આપીશ." તે બોલી, ભાઈ કોણ ને બેહેન કોણ? હવે હું તેમની સગી રહી નથી. પાદશાહ બોલ્યો, "એમ કેમ! શું એ તમારા ભાઈ ન હોય?" રાણીબાએ ઉત્તર આપ્યું, હવે હું મુસલમાન થઈ ને તે હિંદુ છે અમે ભેગાં બેશીને જમિયે નહિ ને એક પ્યાલાવતે પાણી પણ પિયે નહિ. ત્યારે અમે ભાઇ ને બેહેન ક્યાંથી રહ્યાં!" પાદશાહ બોલ્યો, "તમે આજે તેમને સારૂં રસોઈ કરો. આવું સાંભળીને રાણીબાએ વિચાર કરયો કે, મારે કેહેવાની વાત પાંશરી હતી પણ આ-તો આડું નીકળ્યું. જ્યારે પાદશાહે બન્ને ભાઇયોને તેડવા મોકલ્યું ત્યારે તેઓ શિરપાવ લેવાની આશાએ પોતાની બેહેનને મેહેલ આવીને બેઠા. તેઓને એકલા જોઇને રાણીબા બોલી, ભાઇયો! તમને ધિઃકાર છે કે જ્યારે મને મુસલમાનને દીધી ત્યારે તેના શોકમાં આપણા બાપ મરી ગયા; ને તમે નાત બાહાર નીકળવાને અહિં આવ્યા છો!" પછી પાદશાહનો જે મનસુબો હતો તે તેઓને જણાવ્યો. ન્હાનો ભાઈ ભોજી હતો તે એકદમ બારીમાંથી પડતું મૂકીને નાઠો. મ્હોટો ભાઈ ભાણજી રહ્યો. પછી પાદશાહ આવ્યો ને તેને કેહેવા લાગ્યો કે, "તમારી બેહેને ખાવાનું કર્યું છે તે તમે ખાઓ," ભાણજી બોલ્યો, "સાહેબ! મારાથી ખવાય નહિ." પાદશાહ બોલ્યો, "તમે આ પ્રમાણે વેગળા શું કરવાને થાઓછો!" ત્યારે ભાણજિયે કહ્યું કે "સાહેબ! જો હું અહિં ખાઊં તો કોઈ રજપૂત મને કન્યા દે નહિ." પાદશાહ કેહે કે, એ વિષેની તમે કાંઈ ચિંતા રાખશો નહિ, તમે કેહેશો એટલા રજપૂતને બોલાવીને તમારા ભેગા જમાડીશ." એમ કહીને ભાણજીને જમાડયો. તેથી ઠાકોર ઘણો ખેદયુક્ત થયો. પણ પાદશાહે બાવને ગામના રજપૂતોને અમદાવાદમાં બોલાવ્યા. ત્યારે ઘણા રજપૂતોએ જાણ્યું કે આપણને બલાત્કારે વટલાવાનો પાદશાહનો વિચાર છે તેથી પોતાનાં ગામ, ગ્રાસ છોડીને બીજે દેશ જતા રહ્યા ને જેટલા પાદશાહના હાથમાં આવ્યા તેમને તેની નાત છોડાવી દીધી. આ પ્રમાણે

ઘણાં વર્ષ સુધી ચાલ્યું; ઘણી લડાઇયો થઈ, અને ઘણા રજપૂતોએ તેમના પ્રાણ છોડયા.

ચાંપાનેરની પાસે [1]રાજપીપળા છે તે ૬૫૦ ગામની રાજધાની છે

---

## ૧ રાજપીપળા.

મોખડાજી (પીરમ) ઇ. સ. ૧૩૪૭

- ડુંગરસિંહજી (ભાવનગરની શાખા)
- ૧ સમરસિંહજી ઉર્ફે અર્જુનસિંહજી
  - ૨ ભાણુસિંહજી
  - ૩ ગેમલસિંહજી
  - ૪ વિજયપાળજી
  - ૫ રામશાહજી ઉર્ફે હરિસિંહજી
  - ૬ પૃથ્વીરાજજી
  - ૭ દિપાજી
  - ૮ કર્ણભાજી
  - ૯ અભયરાજજી
  - ૧૦ સુજનસિંહજી
  - ૧૧ ભૈરવસિંહજી
  - ૧૨ પૃથ્વીરાજજી બીજો.
  - ૧૩ દીપસિંહજી
  - ૧૪ દુર્ગશાહજી
  - ૧૫ મોહરાજજી
  - ૧૬ રાયશાલજી
  - ૧૭ ચંદ્રસેનજી

ત્યાંનો હરિસિંહજી ગોહિલ કરીને રાજા હતો. એક સમયે ઘણાં મૂલ્યવાન મોતી તેને ભેટમાં મળ્યાં તેનો તેણે પોતાની ઠકરાણીસારૂ હાર કરાવ્યો.

---

- ૧૮ ગંભિરસિંહજી
- ૧૯ સુભયરાજજી
- ૨૦ જયસિંહજી
  - મુગલરાજજી
    - ૨૨ શૂરમાલજી
    - ૨૩ ઉદયકરણજી
    - ૨૪ ચંદ્રભાજી
    - ૨૫ છત્રશાલજી
    - ૨૬ વૈરિશાલજી ઈ. સ. ૧૭૧૫માં દેવ થયા.
    - ૨૭ જીતસિંહજી નાંદોદમાં ગાદી સ્થાપી. ઈ. સ. ૧૭૧૫–૧૭૫૪
    - ૨૮ પ્રતાપસિંહજી ઈ. સ. ૧૭૫૪–૧૭૬૪
      - ૨૯ રાયસિંહજી ૧૭૬૪–૧૭૮૬
      - ૩૦ અજબસિંહજી ઇ. સ. ૧૭૮૬–૧૮૦૩
        - ૩૧ રામસિંહજી ઈ. સ. ૧૮૦૩–૧૮૧૦
        - નાહારસિંહજી
          - ૩૨ વૈરિશાલજી ઈ. સ. ૧૮૧૦–૧૮૬૦ (બીજા)
          - ૩૩ ગંભિરસિંહજી ઈ. સ. ૧૮૬૦
          - છત્રસિંહજી
  - ૨૧ મૂળરાજજી

રાજપીપળાના તાબામાં ૧૫૧૪ ચોરસ મૈલ જમીન, ૬૭૦ ગામ, સુમારે ૧,૧૫,૦૦૦ માણસની વસ્તી; અને વાર્ષિક ઉપજ આસરે ૭ લાખ રૂપિયા થાયછે. તેમાંથી

ને ઠકરાણીને કહ્યું કે "આમાં ખરેખરૂં પાણી છે" પછી જ્યારે પાદશાહ સાથે કજિયો થયો ને બીજા ઠાકોરો સાથે તેને જંગલમાં નાશી જવું પડ્યું ને પાણીવિના તેઓ હેરાન થવા લાગ્યા ત્યારે રાણિયે શોકાતુર થઇને પોતાના મોતીના હાર સામું જોઇને કહ્યું "ઠાકોર! તમે એક વાર મને કહ્યું હતું કે આમાં પાણી છે." આ બનાવ ઉપરથી એક ચારણે તે વિષેનું કવિત કર્યું છે.

शाह जहां सुलतान कोपी चढ्यो जबे तब,
शेषना सहानो भार धरनी हलानी हैं;
मारे रजपूत शूरे महा पूरे रेवाहुके,
आसपास धूर लाल रंगसे रंगानी हैं;
सुलतान तेरे त्रास पाउनमे छाले परे,
कंदमूल खाने भागी भोमियेकी रानी हैं;
तोर तोर हार अपसरा ले नीचोवे मुख,
"तुमै ज्यों कहंत कंथ! मुगतामें पानी हैं."

હરિસિંહજી ગોહિલે ૧૨ વર્ષ બારવટામાં કાહાઢ્યાં, ત્યાર પછી, શાહપાસેથી તેને પોતાનો ગ્રાસ પાછો મળ્યો, અને તેના વંશજ હજી સુધી રાજપીપળામાં રાજ્ય કરેછે.

ભાટ વાતની સમાપ્તિ કરતાં કેહેછે કે, ઉપર પ્રમાણે જે રજપૂતોને વટલાવામાં આવ્યા તેઓની એક જૂદી નાત થઈ અને તે "મોલે સલામ" કેહેવાયા; કેમકે તેઓએ પાદશાહના મોહોલને સલામ કરી, અથવા નમી પડ્યા. તેઓ હજીલગી હિંદુઓનો પોશાક રાખી રહ્યા છે; કેટલાક તો હિંદુધર્મની ક્રિયાઓ કરેછે, અને કેટલાક મુસલમાનની કરેછે; પણ તેમનાં મુરદાં સદા ડાટવામાં આવેછે, બાળવામાં આવતાં નથી. તેઓની સ્ત્રિયો પણ હિંદુનો પોશાક પેહેરેછે. બીજા હિંદુઓ તેમને મુસલમાનમાં ગણે છે; પણ પ્રથમ જેઓ જે વંશના હતા તે વંશનું નામ રાખી રહ્યા છે; અને તેઓને વહીવંચા ભાટ છે તે તેમનાં પેડીનામાં વાંચેછે. પરણતી વે-

રૂ. ૬૫,૦૦૧ ગાયકવાડ સરકારને ખંડણીના અને રૂ. ૧૩,૩૫૧ રાજપીપળા તથા ગાયકવાડ સરકારનાં સહિયારાં ગામો વગેરેનો મોબદલો થયો તેની કસરના આપે છે. મહારાજાને ઈંગ્રેજ સરકાર તરફથી દેશી લશ્કરની સલામતી અને ૧૧ તોપ ફોડી માન અપાયછે.

ળાએ તેઓ અગ્નિની ક્રિયા કરતા નથી પણ કલમો પઢેછે. વળી ગણેશ પૂજા તો તેઓ રાખી રહ્યા છે. તેમજ કેટલીક હિંદુઓની ક્રિયાઓ તેમનામાં છે. કેટલાક રજપૂત જે માલવિનાના હતા તે બચ્યા ને વટલ્યા નહિ તેઓ કારડિયા કેહેવાયા; અને બીજા જે શરણ થઈ શકે નહિ એવા બળવાન્ હતા તેઓએ કર ભરયો એટલે રાજા રહ્યા અને હજીસુધી જીનું પદ તેમના નામને લગાડવામાં આવેછે. કેટલાક ગરીબ રજપૂત નરવા (નિર્વાહ) છોડીને ખેતી કરવાની પરવાનગી મેળવીને બચ્યા તે **નાડોદા** કેહેવાયા; તેમજ એજ સમયે વાણિયા અને બ્રાહ્મણને વટલાવવામાં આવ્યા તે વોહોરાની જાતિમાં ભળી ગયા. *

---

* "પણ આ જિલ્લામાં (ભડોચ) મુસલમાનની એક જાતિ છે તે ખેતીનું "કામ કરેછે. તેઓ **વોહોરા** કેહેવાયછે; તથાપિ જે વ્યાપારી **વોહોરા** છે તે કરતાં "તેઓ કેવળ જૂદીજ જાતિના છે. તેઓ કોઈ કોઈવાર ગાડીતું કરેછે. તોપણ તેમનો "મુખ્ય ધંધો અને ઉદ્યોગ ખેતીવાડીનો છે. તેઓ ઘણા ચંચળ, ઉદ્યોગી, અને આખા "જિલ્લામાં કુશળ ખેડુતો ગણાયછે; તેમનો પોશાક, રીતભાત, અને ભાષા એ સર્વે "કણબી અને બીજા હિંદુ ખેડુતોના જેવાં છે; તેઓ બેશક મૂળમાં તો હિંદુજ "હતા. તેઓના પૂર્વજ, ઘણા ખરા કોળી, રજપૂત, અને થોડાકના કણબી હતા, તેઓ "એવું કેહેછે કે ગૂજરાતના મુસલમાન રાજ્યકર્ત્તા સુલતાન **મહંમૂદ** બેગડાના વા-"રામાં અમને વટલાવામાં આવ્યા હશે. આ **વોહોરાઓ** ગૂજરાતી ભાષા બોલેછે, "અને **મુસલમાન** ખેડુત જે **મલેક**, ખાન ઈત્યાદિ કેહેવાયછે તેમની પેઠે **મુસલમાની** "બોલતા નથી. ખેતી કરનારા બધાય **વોહોરા** સૂની છે." **ભડોચ** જિલ્લા વિષે કર્નલ **વિલિયમની યાદ પૃષ્ઠ ૯૧.**

**એશિયાટિક** સોસાઈટી (બંગાળ) ના જર્નલના પુસ્તક ૬ઠ્ઠાના પૃષ્ટ ૮૪૨મેં **કાન્નોલિયે** ઉજ્જણ વિષે વિષય લખ્યો છે તે ઉપરથી નીચે લખેલો **વોહોરાઓ**ની ઉત્પત્તિ વિષેનો વૃત્તાંત ઉતારી લીધો છે:—

"**યાકુબ** કરીને એક માણસને પોતાના ઘરના અથવા તરફેણના કજિયાને લીધે "પોતાનો દેશ તજવો પડયો. તે ઈજિપ્ત છોડીને હિ. સ. ૫૩૨ (ઇ. સ. ૧૧૩૭) "માં **ખંભાત**માં ઉતરયો. હિંદુસ્થાનમાં પ્રથમ પગ મૂકનાર એના ધર્મના લોકોમાં "એ પેહેલોજ હતો. તે સમયે તે ધર્મનો મુખ્ય મૂલ્લા (જે કેટલાક વર્ષથી ઈમનમાં "વશ્યો હતો) **ઝોહરીબિન મુસા** કરીને હતો. ઈજિપ્તમાં ખલિફ **મોસ્તમસિર બિ-"લ્લાહ** અમલ કરતો હતો, અને **સદરાસિંગ** હિંદુઓના પિરાનપટ્ટણ ઉપર રાજ્ય "ચલાવતો હતો. ઘણાં ખરાં પ્રમાણ ઉપરથી જણાયછે કે **મોસ્તમસિર** હિ. સ. ૪૮૭ "માં મરણ પામ્યો અને તેનો પૌત્ર હાફેધ ૧૧ મો ખલિફ હતો તેણે ૫૨૪ થી ૫૪૪ "સુધી અમલ કરયો. આ સમયનો ગૂજરાતનો ઈતિહાસક્રમ ગૂચવણ ભરેલો હતો. "તોપણ ઉપરનાં વર્ષ સાથે તે મળતો આવેછે, કેમકે **સિદ્ધ** અથવા જયસિંહ કે "જે નામ ઉપરથી **સદરાસ** એ બગડીને થયેલો શબ્દ જણાયછે તે **૧૦૯૪માં અણ-"હિલવાડ પાટણનો રાજા હતો.**"

આ વેળા પછી વાઘેલાની પાટવી શાખા બંધ થઈ પડી. પેહેલા ઠાકોરનો આનંદદેવ પૌત્ર હતો, તેની પાસે કલોલનો વગર વેંહેંચાયલો ગ્રાસ હતો, પણ તેના ન્હાના કુંવર રાણકદેવને બાપના વારસ તરીકે ૪૨ ગામ સાથે રૂપાલ મળી. ઈ૦ સ૦ ૧૪૯૯ માં શાહઅહંમદનો પૌત્ર મહમૂદ બેગડો ગાદી ઉપર હતો ત્યારે કલોલના ઠાકોર વીરસિંહ વાઘેલાની સ્ત્રી રૂડાંરાણિયે પાંચ લાખ ટકા ખરચીને એક ભવ્ય વાવ કરાવી છે તે અડાલજના ગામ આગળ હજી છે.

વીરસિંહ અને તેનો ભાઈ અજેત્રસિંહ એ બે મુસલમાનો સાથે લડાઈમાં ઉતરયા હતા તેમાંથી મ્હોટા ભાઇને મુસલમાનોએ મારી નાંખ્યો અને તેને વારસામાં મળેલા શેહેર ઉપર કિલ્લેદાર મૂકયા. તથાપિ કેટલીક પેડી પછી કલોલ વીરસિંહના વંશજોના હાથમાં આવી, તે છેક ઈ૦ સ૦ ૧૭૨૮ માં ભગતસિંહ ખોઈ બેઠો ત્યાં સુધી રહી. ભગતસિંહ લેંબોદરામાં જઈ વસ્યો. એ ગામ તેણે આંજણા કણબી પાસેથી લીધું તે હજી સુધી તેના વંશજોના હાથમાં છે. તેઓ વાઘેલાના મુખ્યપણાની પ્રતિષ્ઠાનો દાવો કરેછે તે ઘટિત કારણ ઉપરથી જ કરેછે.

આનંદદેવના ન્હાના કુંવર રાણકદેવના મરણ પછી બે ત્રણ પેઢિયે જેવામાં સામતસિંહ થયો તેવામાં તેના કુંવરો વચ્ચે રૂપાળના ગ્રાસના વિ-

---

હવે એ વિષય સંબંધી જ્યાંથી બાકી રહ્યું છે ત્યાંથી જોઈયે. એમ જણાયછે કે યાકૂબ ખંભાતમાં ઉતરીને એક માળી ભેગો રહ્યો તેને તેણે પોતાના ધર્મમાં કરી લીધો. પછીથી તેણે એક બ્રાહ્મણના છોકરાને પણ વટાળ્યો. "સદરાસ રાજા," અને તેના બે દિવાન તારમલ અને ભારમલ જે બે ભાઈ હતા તે ખંભાતમાં એક દેરે વારે વારે જતા હતા. ત્યાં એક લોહોડાના હાથીને ચમક પત્થરના આધારે અદ્ધર લટકતો રાખ્યો હતો. યાકૂબે ચમક પત્થર કાહાડી નાંખ્યો, અને બ્રાહ્મણો સાથે વિવાદ થયો તેમાં પણ જીત્યો. સદરાસ અને તેના દરબારીને આવા ચમત્કારવડે કરીને જીતી લીધા એટલે તેનો ધર્મ તેઓએ સ્વીકારયો. તેમનો દાખલો બીજા ઘણાઓએ લીધો. ને તે લોકોએ આર્બસ્તાનની સાથે વ્યવહાર જારી રાખ્યો તેથી "વ્યવહારિયા" અથવા વોહોરા કેહેવાયા.

આ વાતમાં ખરાં નામનું અને વૃત્તાંતનું અચંબા ભરેલું શેળભેળપણું થઈ ગયેલું દેખાયછે, સદરાસિંહ એ ખરેખરો સદરા જેસિંગ હશે. સિદ્ધરાજ ગૂજરાતમાં એજ નામથી ઓળખાયછે, પણ તારમલ અને ભારમલ બે દિવાન એ વીરધવળ વાઘેલાના પ્રધાન બે ભાઈ તેજપાળ ને વસ્તુપાળ હતા તે બે હશે. વળી, કુમારપાળ અથવા અજયપાળ સંબંધી વાતો બીજે ઠેકાણે લખી છે તે પ્રમાણે, રાજાએ બીજો ધર્મ ગ્રહણ કરયો તે વાત તેઓને ઠીક લાગું પડેછે.

ભાગ થઈ ગયા; વજેકરણજી પાટવી હતો તેણે રૂપાળ રાખો, પણ ન્હાના કુંવર સોમેશ્વરને પોતાના બાપના ગ્રાસમાંથી ૧૪ ગામ મળ્યાં અને તેને સારૂં કોલવડામાં હવેલી બંધાવી. વજેકરણજિયે રૂપાલ ખોયેલી જણાયછે, કેમકે તેના પાટવી કુંવર ભીમજિયે ઈડરદેશમાં જઇને પોસીણા તથા હુરાદની શાખાઓ સ્થાપી, તેઓ પછી ઈડરના રાવના પટાવત થયા. અને ન્હાનો કુંવર વણેજી હતો તે સાભ્રમતીને કાંઠે આલુવામાં જઈ વસ્યો, તેના વંશજ હજી લગી ત્યાં છે.

સોમેશ્વરના પૌત્ર ચાંદાજીના હાથમાં હજી લગી કોલવડા છે. તેને એક હિમાળોજી કરીને કુંવર હતો તેના મામા પેથુગોલના હાથમાં સાભ્રમતીની પાસે સોખડા છે તેનો ગ્રાસ હતો. પેથુગોલને મટે નહિ એવો રોગ થયો હતો. ને તેને કાંઈ સંતાન ન હતું તેથી હિમાળાજીનાથી ડરતો હતો; કેમકે ભાટ કેહેછે કે ગ્રાસને સારૂ મામાને મારી નાંખવાનો ચાલ તે વેળામાં અસાધારણ ન હતો. પેથુને ડર લાગતો હતો તે વગર પાયાનો ન હતો, પણ તે સાવધાની રાખતો હતો, તેથી તેના ભાણેજથી ઉઘાડાં પડાતું ન હતું. તોયપણ આખરે, હિમાળોજી સોખડિયા મહાદેવનાં દર્શણ કરવા જવાને મિષે સ્ત્રિયો બેસેછે તે પ્રમાણે ઢાંકેલા પડદાના રથમાં કેટલાક રજપૂતો લઈને સોખડામાં પેઠો. તેઓ પછી ઠાકોરની હવેલીમાં પેઠા ને તેને ઠેર કરયો. એટલે રાણીને સત્ય ચડયું, ને હિમાળાને શાપ દીધો કે "તારી દીકરીનાં છોકરાં પણ અકાળ મરણ પામશે." ઠાકોરે ક્ષમા માગીને પ્રાર્થના કરીકે, "માજી ! તમારે કાંઈ સંતાન નથી; હું તમારો દીકરો છું; જે બન્યું તે બન્યું; મારા ઉપર કૃપાદૃષ્ટિ કરો, હવે તમે જે આજ્ઞા કરશો તે હું પાળીશ." સતિયે કહ્યુંકે; "તારા મામાના નામથી તું ગામ વસાવજે, અને હું તને વરદાન આપુંછું કે તારો પુરૂષવંશ તે ગામમાં ચાલશે પણ મારૂં બોલ્યું મિથ્યા થાય નહિ માટે તારો દીકરિયોનો વંશ ચાલશે નહીં." પેથાપુર સ્થપાયાનું આ મૂળ કારણ છે. તે અમદાવાદની ઉત્તરમાં થોડે ગાઉને છેટે સાભ્રમતીઉપર એક સુંદર ગામ છે, ત્યાં બંધુકો બનાવવાનું કારખાનું છે, અને ત્યાંના પગાર લઈ રેહેનારા માણસોની સ્વામિભક્તિ અને શૌર્યને લીધે તે આજ સુધી પ્રખ્યાત છે.

તેઓની કલોલની શાખાકરતાં સાણંદની શાખા વધારે ભાગ્યશાળી

છે, તેઓ પોતાનો ગ્રાસ હજી સુધી રાખી રહ્યાછે તેના બે મુખ્ય વિભાગ થયા છે, એક સાણંદનો (કોઠનો પણ કેહેવાયછે) અને બીજો ગાંગડનો.*

---

* વાઘેલા સંબંધી ભાટ લોકોએ આપેલું વૃત્તાંત ઘણું ગુચવાઈ ગયેલું છે પણ તે હવે સીધુ કરી દેવાને ઘણું અશકય છે. એક વૃત્તાંતમાં, કલોલ અને સાણંદનો પ્રથમ ગ્રાસ, કર્ણ *વાઘેલાના કુંવરોને મળ્યો હતો. એમ લખેછે. અને તેઓની માનાં નામ સુદ્ધાંત આપેછે. તે વૃત્તાંત નીચે પ્રમાણે છેઃ—"કર્ણના કુંવર, સારંગ અને "વરસંગ બંને એકજ વેળાએ જન્મ્યા હતા. અને તેથી તે બન્ને પાટવી હતા. સા-"રંગની માનું નામ તાજકુંવરીજી હતું, અને તે જેસલમેરના ગજસંઘજી ભાટીની "કુંવરી થતી હતી; વરસંગની મા અમર કુંવરબા કરીને હતી,' તે કેરાકોટના દેસ-"લજી જાડેજાની કુંવરી હતી. વરશંગને તેના બાપની વેળામાં સરધાર જિલ્લો અને "તેનાં ૬૫૦ ગામ મળ્યાં હતાં. સારંગને તેજ પ્રમાણે ભીલડી જિલ્લાનાં ૬૫૦ ગામ "મળ્યાં હતાં. ભીલડીમાં એકઠા મળીને મુસલમાનો પાસેથી કડી લીધી. પણ +બે "ગમને ગાદી ઉપર રેહેવા દઇને બાંહધરી લીધા વિના, પાટણ જઈને પાદશાહને "મળ્યા. પાદશાહ રાજી થયો ને તેમને ૫૦૦ ગામ આપ્યાં. સારંગદેવે કલોલ "ને ૨૫૦ ગામ લીધાં ને વરશંગે સાણંદ ને તેટલાં જ ગામ રાખ્યાં. "અડાલ-"જની વાવ્માં લેખ છે તેમાં નીચે પ્રમાણે પેઢિયો લખેલી છેઃ—૧ મોકલસિંહ; ૨ કર્ણ; ૩ મૂળરાજ; ૪ મહીપ, તેના વીરસિંહ અને અજિતસિંહ બે પૂત્ર હતા તેમાં વીરસિંહ એ રૂડાંરાણીનો વર થાય. ભાટ લોકોએ જેઓને વિષે વાત કહી છે તે આ વરસો અને જેતો બન્ને ભાઇ હશે એમાં કશો શક નહિ. માણસાની વાવ્માં એક બીજો લેખ છે તેમાં નીચે પ્રમાણે પેઢિયો છેઃ—૧ મૂલરાજ, ૨ વિજયાનંદ, ૩ વેલો, ૪ ધવલ, ૫ વાંકો, ૬ ચંપક. તે સારંગદેવજીના દીકરા લુણકાની દીકરી ચંપાદેવી સાથે પરણ્યો હતો, તેને એક ધારા કરીને દીકરો થયો હતો તેણે ઇ. સ. ૧૫૨૬માં વાવ્ બંધાવી હતી. કલોલની પાસે ઓગાણજમાં વાઘેલાની આ શાખા રહી હતી.

* કર્ણ વાઘેલાને કુંવર હતા નહિ, એ આપણે પાછળ જોઈ ગયા છિયે, તેમ જ જેસલમેરના ભાટી ગજસંગજી તથા કચ્છના કેરાકોટના જાડેજા દેસલજીની કુંવરી વિષે લખ્યું છે તે પણ ગળત છે, કેમકે આ સમયે તે બંને સ્થાને તે નામના રાજા થયેલા હતા જ નહિ. તે સમયે જેસલમેરની ગાદિયે ભટી રાવલ ચીચદેવના પૌત્ર કરણ ઇ. સ. ૧૨૫૧ થી ૧૨૭૯ સુધી હતા. પછી રાવલ લખુધસેન ઈ. સ. ૧૨૭૯થી ૧૨૮૩ સુધી. પછી તેનો કુંવર પંપળ ઈ. સ. ૧૨૮૩ થી ૧૨૮૫ સુધી થયો તેને ભાયાતોએ ગાદિયેથી ઉઠાડી તેના ભાયાત જેતસીને ગાદિયે બેસાર્યો તેણે ૧૨૮૫ થી ૧૩૦૩ સુધી રાજ્ય કર્યું. કર્ણ વાઘેલો ૧૩૦૪ સુધી હતો; તો આ ઉપરથી જણાય છે કે ગજસંગજી આ સમયે ન હતો પણ છેક ઈ. સ. ૧૮૨૦ થી ૧૮૪૬ સુધી થયેલો છે. તેમજ તે સમયમાં કચ્છમાં નીચે પ્રમાણે રાજા થયા છેઃ—

જામ ગાવજી ઈ. સ. ૧૨૫૫ થી ૧૨૮૫ સુધી.

જામ વેણજી ઈ. સ. ૧૨૮૫ થી ૧૩૨૧ સુધી.

## પ્રકરણ ૪.

### અહમદશાહ ૧ લો.—મહંમદશાહ ૧ લો.—કુતુબશાહ.

ઈ૦ સ૦ ૧૪૧૮ માં માળવાનો સુલતાન હોશંગ અને આસીરનો વાલી મળી જઇને સુલતાનપુર અને નંદુરબારનાં પરગણાંઓ લઇ લેવાને ધારતા હતા, તેઓનું રક્ષણ કરવાને અહમદશાહ ગયો. તે અવસરે ચોમાસું બેઠું હતું તેવામાં ઈડરનો રાણો, ચાંપાનેરનો રાવળ અને મંડળગઢ અને નાંદોરનો રાજા સુલતાન હોશંગને ગૂજરાત ઉપર હલ્લો કરવાને બોલાવવા સારૂં એકઠા મળ્યા છે, અને તે વિચાર સોરઠના રાહના સાંભળવામાં આવ્યાથી તેણે ખંડણી આપવાને ના પાડી એવા સમાચાર અહમદશાહના જાણવામાં આવ્યા. એટલે ચોમાસું છતાં પણ નર્મદા નદી ઉતરીને પોતાની ફોજની છાવણી મહીનદીના કિનારા ઉપર કરીને પોતે થોડી ફોજ લઇને તાબડતોબ અમદાવાદ ગયો; અને ત્યાંથી મોડાસે જઈ પોહોંચ્યો. સોરઠના રાજા, મંડળગઢનો રાજા, અને બીજા એકઠા મળી ગયેલા રાજાઓ ઉપર તેણે ફોજ મોકલી, અને ચોમાસું વીત્યાપછી તે મોડાસેથી માળવે ગયો; ત્યાં હોશંગને હરાવીને મંદુના કિલ્લાની લગભગ તેની પછવાડે દોડ કરી. આવતા વર્ષમાં ગૂજરાત અને માળવાના બાદશાહો વચ્ચે સલાહ થઇ એટલે ગૂજરાતના બાદશાહને પોતાની પાસેના રાજાઓ

---

આ ઉપરથી પણ જણાય છે કે તે વખતમાં દેસલજી હતા નહિ પણ છેક રાવ દેસલજી પેહેલા તો ઇ. સ. ૧૭૧૯ થી ૧૭૫૨ સુધી હતા.

આ ઉપર વિચાર કરતાં ટોપમાં લખ્યું છે કે "ભાટ લોકોનો વૃત્તાન્ત ઘણો ગુચવાઇ ગયો છે." એ વાત ખરી છે. પણ રેવાકાંઠાના ભાદરવાના ઠાકોર તથા કોઠના ઠાકોર, કર્ણ વાઘેલાના વંશજ હોવાનો દાવો કરેછે. કેહેછે કે કર્ણ વાઘેલાને સારંગદેવ અને વરસિંહ એ બે કુંવરો હતા, તેમાંના સારંગદેવને તેના બાપના વખતમાં ભીલડી જિલ્લાનાં ૬૫૦ તથા વરસિંહને સરધાર જિલ્લાનાં ૬૫૦ ગામ મળ્યાં હતાં. જ્યારે કર્ણે ગુજરાતનું રાજ્ય ખોયું ત્યારે એ બે કુંવરોનું શું થયું તે જણાયું નથી પણ હાલ જે ભીલડિયા અને સરધારા શાખાના વાઘેલા કેહેવાયછે તે આ બંને ભાઈઓના વંશજ હોવાનો દાવો કરેછે.

( + મૂળ વાત એમ પણ છે કે, "કડી પરગણું હાથ કરીને કેટલીક બેગમોને કેદ કરી, અને બાંહ્યધરી આપી ત્યારે દીલ્હી જઇને અલાઉદ્દીનને મળ્યા એટલે તેઓને તેણે રાજી થઇને ૫૦૦ ગામ આપ્યાં. ભા. ક.)

ઉપર વૈર વાળવાનો લાગ ફાવ્યો. તેણે ઇડરનો કબજો કરી લીધો, અને ચાંપાનેર ઉપર ચડાઈ કરીને દરવર્ષે ખંડણી આપવાનું રાવળની પાસે કબુલ કરાવ્યું. ત્યારપછી તે પોતાના દેશમાં સીમા નક્કી કરવાને પાછો વળ્યો, અને હુલ્લડી લોકોને વીખેરી નાંખ્યા તથા હિંદુનાં દેવાલયો તોડી પાડીને તે ઠેકાણે મસીદો કરી. અને ત્યાં કિલ્લા બાંધીને કિલ્લેદાર રાખ્યા; તેમાં બારિયા અને શિવપુરના પરગણામાં જીતોડ શેહેરનો કિલ્લો પણ હતો. પછીથી પર્વતોમાં કિલ્લો બાંધીને દાહમોદ નામે બજારનું શેહેર વસાવ્યું. ત્યાર પછી અલાઉદ્દીન ખિલજીનીવતી અલપખાન રાજ્ય કરતો હતો તેના હુકમથી ઈ૦ સ૦ ૧૩૦૪ માં કરીહ ( ખેડા અથવા કડી ) કિલ્લો બંધાવ્યો હતો તેની મરામત કરાવીને તેનું નામ સુલતાનાબાદ પાડયું.

ત્યારપછી માળવાસાથે ઘણા દિવસ સુધી લડાઇ ચાલી તેમાં અહમદશાહ રોકાયો, તે લડાઈથી તેની ફોજને એટલો બધો ધોકો લાગ્યો કે, કેટલાંક વર્ષ સુધી પારકા દેશ ઉપર હલ્લો કરવાને તેનાથી બન્યું નહિ, તોય પણ એકંદરે તેની જીત થઈ. ઈ૦ સ૦ ૧૪૨૬ માં તે ઈડર પાછું લેવાને ચડયો, પણ તે શેહેર રાખી શકવાને પોતાની શક્તિ નથી એવી તેની ખાતરી થઈ માટે, અને તે કિલ્લો તેને તાબે થયો નહતો તે ઉપરથી, આ પ્રસંગે રાવના દેશઉપર દાબ બેસાડવાના વિચારથી હાથમતી નદીના કિનારા ઉપર અને ઈડરગઢની ઉપર ઝોકી રહેલા પર્વતના શિખર ઉપરથી દેખાય એવો વિશાળ અને સુંદર કિલ્લો બાંધવાનો પ્રારંભ કરયો અને તેનું નામ અહમદનગર પાડયું. વળી દંતકથા એવી છે કે તેણે સાદરા કરીને કિલ્લો બાંધ્યો, તે તેની રાજધાની અને અહમદનગરની વચ્ચે અર્ધા રસ્તાઉપર એક મજબૂત જગ્યાએ સાબ્રમતીને કિનારે ઉંડી કંદરાઓથી રક્ષાયલો છે. તે સમયે ઈડરમાં રાવ પુંજો રાજ્ય કરતો હતો તેણે અહમદનગર ઉપર રાત્રે હલ્લાં કરીને, અને મુસલમાનોના તાબાના દેશમાં ઉપદ્રવ કરવા માંડીને તેના કામમાં વિઘ્ન પાડયું તે ઉપરથી તેનું માથું કાપી લાવનારને ઈનામ આપવાનું ઠરાવ્યું. એક પ્રસંગે તેણે અહમદનગર ઉપર હુમલો કરયો એવામાં મુસલમાની અશ્વારોએ તેને પાછો નસાડી મૂકીને તેની પછવાડે દોડ કરી. તે ઘોડો દોડાવીને ઈડર ભણી નાઠો, પણ એક કોતરની બાજુએ ત્વરાથી જતો હતો તેવામાં ઘોડાસહિત તે કોતરમાં ધસી પડયો અને તે ઘોડા નીચે આવી પડયો તેથી મરણ પામ્યો. બીજે દિવસે એક કઠિયારો લાકડાં કા-

પવાને ગયો હતો તેણે કોતરમાં રાવજીનું મુરદું જોયું અને સુલતાનના જાહેરનામાની વાત તેના જાણવામાં હતી તેથી તેનું માથું કાપીને સુલતાનને રજુ કર્યું. વીસલનગરના જે દેશમાં ડુંગરાઓની માંહે રાવ પુંજાને સંતાઇ રેહેવાની ટેવ પડી હતી તે જગ્યા ઉજ્જડ કરવાને અહમદશાહે એક ટુકડી મોકલી.

રાવ પુંજાની પછી તેનો કુંવર નારણદાસ ગાદિયે બેઠો તેનેવિષે ફેરિશ્તાએ લખ્યું છે કે, ગૂજરાતના ખજાનામાં ત્રણ લાખ ટકાની ખંડણી દરવર્ષે આપવાનું તેણે કબૂલ કર્યું હતું. ઇડરથી સુલતાન ગઢવાડાના પરગણા ઉપર ચડયો અને બીજે વર્ષે ઇ૦ સ૦ ૧૪૨૮ માં નારણદાસ સાથે થએલી સલાહ ટૂટી "એટલે ઇડર ઉપર તેણે ફરીથી હુમલો કરીને ઇડરવાડાનો એક કિલ્લો ઘેરો ઘાલીને લીધો અને ત્યાં એક ભવ્ય મસીદ બંધાવી."

દક્ષિણ માંહેલા બ્રાહ્મણી રાજા સાથે અહમદશાહને લડાઈ થઇ તેમાં સદાની રીત પ્રમાણે તેની જીત થઈ, સાષ્ટી અને મહીમ તથા મામા દેવીના બેટ મળીને હાલનો મુંબાઈ બેટ બનેલો છે તે ગૂજરાતના રાજાઓના તાબામાં હતો એવી મનોરંજક વાત આ ઠેકાણે જાણવામાં આવેછે. એક ખંડિયો હિંદુરાજા જે રાય કેહેવાતો હતો તેના સ્વાધીનમાં તે વેળાએ મહીમ હતું, તે રાજાએ પછવાડેથી પોતાની પુત્રી શાહ અહમદને પરણાવી હતી. મુસલમાનોએ આ દેશની ઈલાયદી જીત કરી હોય એવો લેખ કહિયે જણાતો નથી, તેમજ ગૂજરાતના સુલતાન અથવા તેમના સુબાઓમાંથી કોઈ આ સમયસુધી ખરેખરા કહિંપણ રોકાયા વિનાના રહેલા હતા એમ જણાતું નથી. તેમજ આ ઇલાયદા અને દૂરના પ્રદેશમાં તેમનું રાજ્ય વિસ્તારવાનું કામ માથે લેવાને શક્તિમાન થાય એવાં પૂરતાં સાધન મળ્યાં હોય એમ પણ જણાતું નથી. પાછળ આપણા જોવામાં આવ્યું છે કે અણહિલવાડના રાજાઓ છેક દક્ષિણ સુધી પોતાની ફોજ લઇ ગયા છે; અને જે ખાનદેશના ઉત્તર ભાગમાં કર્ણઘેલો ગૂજરાત ઉપર ચડાઇ થયા પછી ઘણીવાર સુધી રહ્યા હતો તે તેઓએ પોતાના સ્વાધીનમાં કરી લીધો છે એટલુંજ નહિ પણ તેઓએ આખું કોકણ લઈ લીધું છે, અને કોલાપુરના રાજ્યને પણ બીક દેખાડી છે. તે ઉપરથી એવી કલ્પના થાયછે કે અણહિલવાડના રાજાઓના તાબાના દેશમાં મુંબાઈઅને

ઉત્તર કોંકણ એ બે આવી ગયેલાં હતાં તે વાઘેલા વંશનો નાશ થયાથી તેમનું રાજ્ય મુસલમાનોના હાથમાં ગયું ત્યારે તે તેમના હાથમાં ગયાં એ વાતની સાબીતીને માટે અણહિલવાડના રાજાઓની દરિયાઈ સત્તા ચાલતી હતી તેની થોડી ઘણી વાત આપણને મળેલી છે તેના સંબંધ સાથે આ વાતનો વિચાર કરતાં, સિદ્ધરાજના પ્રસિદ્ધી પામેલા વંશસંબંધી ઓછી રમુજ મળતી નથી.

અહમદશાહની વતીનો કુતુબખાન કરીને મહીમનો સૂબો હતો તે મરણ પામ્યો એટલે બ્રાહ્મણી સુલતાને ખરેખરો લાગ જોઇને કંઇ નુકસાન વેઠયાવિના તે પોતને સ્વાધીન કરી લીધું, અને વળી તેણે સાષ્ટી માંહેલું થાણા પોતાના હાથમાં કરી લીધું. અહમદશાહે તરતજ દીવ, ઘોઘા ને ખંભાતમાં સત્તર વાહાણનો કાફલો તૈયાર કરયો તેની સાથે ઉત્તર કોકણમાં ફોજ લઇ જઇને થાણા ઉપર હલ્લો કરીને તે પાછું સ્વાધીન કરી લીધું. બ્રાહ્મણી સરદાર મહીમ નાશી ગયો. એ બેટનો આગલો ભાગ ખુલ્લો હતો તેથી તેણે લાકડાનો ઘણો મજબૂત કિલ્લો કરી લીધો અને પોતે અંદર રહ્યો, તેમ છતાં પણ અહમદશાહે પોતાની ફોજનો ઘણો નાશ થતાં પણ તે હાથ કરી લીધો, અને પોતે દક્ષિણની આખી ફોજની સામે આવી પડયો. એક ઘણી ખુનરેજી ભરેલી લડાઈ થઈ તેમાં કોની જીત થાયછે તે કહેવાઈ શકાય એમ ન હતું. છેવટે રાત પડી એટલે લડાઇનો છેડો આવ્યો; પણ અંધારાની વેળાએ દક્ષિણના સૂબેદારે પોતાનું રેઠાણ છોડયું અને તે પાસેના મામાદેવી બેટમાં નાશી ગયો. ગૂજરાતની દરિયાઇ ફોજે તે બેટને ઘેરો ઘાલ્યો અને ફોજને ચડી ઉતરવાને માટે સીડી લગાવી દીધી તેથી બ્રાહ્મણી શાહનો સરદાર બેટ છોડી દઇને ખંડરથ ભાગ ઉપર નાશી ગયો. થાણાના કિલ્લા આગળ બીજી લડાઇ થઈ તેમાં દક્ષિણની ફોજે છેક હાર ખાધી અને તે અસ્તાવ્યસ્ત થઈ ગઈ એટલે ગૂજરાતની સેના મહિમના બેટમાંથી મળેલાં સોના અને રૂપાનાં ભરતનાં ભરેલાં કેટલાંએક સુંદર લૂગડાં લઇને ઘર ભણી પાછી વળી.

ઈ૦ સ૦ ૧૪૩૧ માં બ્રાહ્મણી રાજાએ, પ્રથમ ખાધેલી હારનું વેર લેવા સારૂં ગૂજરાત તાબાના ખાનદેશ ઉપર એકાએક હલ્લો કરયો; પણ અહમદશાહ જાતે તેના સામો થયો અને પ્રથમ પ્રમાણે તેની હાર કરી દીધી.

બીજે વર્ષે અહમદશાહે રાજસ્થાન ઉપર ચડાઇ કરીને ડુંગરપુરના રાવળપાસેથી ખંડણી લીધી, અને ભીલના દેશમાં થઇને મેવાડના રાણા મોકલજીના પ્રાન્તમાં પેઠો, અને કોટા, બુંદી, અને નદુલયના રાવો પાસેથી ખંડણી ઉઘરાવી. અહમદશાહે પોતાના રાજ્યની આખેરીમાં તેના જૂના શત્રુ સુલતાન હોશંગના વંશજો પાસેથી માળવાનું રાજ્ય લઈ લેવાનો પ્રયત્ન કરયો તેમાં છેવટનો સર્વ વખત રોકાયો પણ તેની ધારણા પ્રમાણે તે પાર પડ્યો નહિ. તે ઈ૦ સ૦ ૧૪૪૩ ના જુલાઈ મહિનાની ચોથી તારીખે અમદાવાદમાં મરણ પામ્યો, અને તેને જુમામસ્જીદની પાસે એક મૂલ્યવાન કબરમાં દાટયો.

અહમદશાહનો શાહજાદો અને તેનો ક્રમાનુયાયી મહંમદશાહ (ઈ. સ. ૧૪૪૨ થી ૧૪૫૧) થયો, તેણે ઇડરના રાવ ઉપર ચડાઈ કરી એટલે તે કેટલીક વાર સુધી ડુંગરોમાં સંતાઈ રહ્યો પણ પોતાના વાંકને માટે ક્ષમા માગવાસારૂં સંદેશો મોકલવા ઉપરથી તેને ક્ષમા કરવામાં આવી; અને તેણે પોતાની કુંવરી સુલતાન વેહેરે પરણાવી. મહંમદશાહ બાગર ઉપર ચડાઈ કરવાનું ચાલુ રાખીને ત્યાંથી ખંડણી લઇને અમદાવાદ પાછો આવ્યો. ઈ૦ સ૦ ૧૪૪૯ માં ચાંપાનેરના રાવળ ગંગાદાસ ઉપર ચડાઈ કરીને તેને હરાવ્યો અને તેના કિલ્લામાં ભરાઇ પેસવાની તેને અગત્ય પાડી, પણ માળવાના ખિલજી પાદશાહને તે રાવળે સમજાવીને પોતાની ઓથે બોલાવ્યો. તે ઉપરથી મહંમદશાહથી આ નવા શત્રુની સામે ટકાઈ શકાયું નહિ એટલે દીવ્રુપસ્તી પોહોંચે એવી રીતે નાસેડું લીધું.

માળવાના સુલતાન મહમૂદે ગૂજરાત સ્વાધીન કરી લેવાની હવે બીક દેખાડી અને મહંમદશાહ મરણ પામ્યો અથવા તેને ઝેર દેવામાં આવ્યું ત્યાર પછી તેનો શાહજાદો કુતુબશાહ (ઈ. સ. ૧૪૫૫ થી ૧૪૫૯ સુધી.) ગાદિયે બેઠો કે તરતજ પોતાની રાજધાનીની લગભગ થોડા મૈલ ઉપર સરખેજ અને વટવાની વચ્ચે શત્રુ આવી પોહોંચેલો હતો તેના સામો ગયો; ત્યાં એક લડાઈ થઈ તેમાં માળવાનો સુલતાન લગભગ જીત પામવા આવ્યો હતો તેવામાં છેવટે તેને નાસવાની જરૂર પડી. બંને સુલતાનો વચ્ચે સલાહ થઈ અને તેમણે એવો કોલકરાર કરયો કે હવેથી આપણે હિંદુઓની સાથે સદા લડાઈ મચાવતાં રેહેવું. તે પ્રમાણે મેવાડના રાણા કુંભા ઉપર તેઓએ એકઠા મળીને ચડાઈ કરી.

મેવાડ ઉપર એક પછી એક શૂરવીર રાજાઓએ રાજ્ય કર્યું તે માંહેલો [1]કુંભોરાણો પણ એક રાજા હતો, અને તેના શૂરવીર પૌત્ર શંગના વારામાં

---

૧ ઈડરના છેલ્લા ઘેલોટી રાજા ગ્રહાદિત્ય ઉર્ફે નાગાદિત્ય બીજાને ભીલોએ દગાથી મારી નાંખ્યાથી, તેની વિધવા રાણિયે પોતાના ત્રણ વર્ષની ઉમરના બાળકુંવર બાપા અથવા બપ્પને છુપી રીતે લઇને ઝારોળની નૈઋત્ય કોણના ભાગમાં એક માઈલને છેટે ભાંડીરના કિલ્લામાં એક ભીલના રક્ષણ તળે મૂકયો. પછી થોડા દિવસે હાલના ઉદયપુરની ઉત્તરે દશ મૈલને છેટે નાગદા ગામની પાસે પારાસરના જંગલમાં રાખ્યો. એના મોસાળ પક્ષના, મોરી વંશના પરમાર રાજા ચિતોડમાં રાજ કરતા હતા તેણે પંદર વર્ષની ઉમરના બાપાને સરદારની પદવી આપી પોતા પાસે રાખ્યો. ઈ. સ. ૭૨૬ માં ગજનીના મુસલમાન રાજકર્તાએ ચિતોડ ઉપર ચડાઈ કરી તેને બાપાએ હઠાવીને છેક ગજની સુધી તેની પુંઠ પકડી ગઢને જીતી લઈ પોતા તરફથી એક ચાવડા રજપૂતને ત્યાં રાખ્યો. ત્યાંથી વળી આવ્યા પછી બધા સરદારોની ખુશીથી મોરી વંશના રાજાને મારી, ઈ. સ. ૭૨૮ માં રાવળ પદવી ધારણ કરી ચિતોડ ( મેવાડ ) ની ગાદિયે બેઠો. એનાં “ હિંદુ સૂર્ય ” “ રાજગુરૂ ” અને “ ચક્રવર્તિ ” એવાં ઉપનામ છે. એણે મોટી ઉમરે ચિતોડનું રાજ પોતાના કુંવર અપરાજીત અથવા ગુહિલને સોંપી પોતે ગજની ગયો. ત્યાં લશ્કરથી ઈરાનપર ચડાઈ કરી ત્યાંની રાજકન્યા પરણ્યો. તેના વંશના ઘેલોટી ગજનીની ગાદિયે થયા. જેમાંના ચિતોડના રાવળ ખુમાન ( ઇ. સ. ૮૧૨ થી ૮૩૬ ) ઉપર જાબુલીસ્તાનનો અલ મામુન ચડી આવ્યો ત્યારે ગજનીથી મદદે આવ્યા હતા.

ચિતોડની ગાદિયે ૨ અપરાજીત પછી નીચેના રાજા થયા. (તેઓ એક બીજાના બાપ દીકરો હતા એમ સમજવાનું નથી પણ કોઇ ભાઈ ભત્રીજા પણ હતા.) ૩ ભોજ, ૪ શીલ, ૫ કાલભોજ, ૬ ભર્તૃભટ, ૭ સિંહ, ૮ મહાયિક, ૯ ખુમ્માણ ઇ. સ. ૮૧૨ થી ૮૩૬ સુધી. ૧૦ અલ્લટ, ૧૧ નરવાહન, ૧૨ શક્તિકુમાર, ૧૩ શુચિવર્મા, ૧૪ નરવર્મા ૧૫ કીર્ત્તિવર્મા, ૧૬ યોગરાજ, ૧૭ વૈરટ, ૧૮ વંશપાળ, ૧૯ વૈરિસિંહ, ૨૦ વીરસિંહ, ૨૧ અરિસિંહ, ૨૨ ચોડસિંહ, ૨૩ વિક્રમસિંહ, ૨૪ રણસિંહ, ૨૫ ક્ષેમસિંહ, ૨૬ સામતસિંહ, ૨૭ કુમારસિંહ, ૨૮ મથનસિંહ, ૨૯ પદ્મસિંહ, ૩૦ જૈત્રસિંહ, ૩૧ તેજસિંહ અથવા તેજસ્વીસિંહ, ૩૨ સમરસિંહ એ દિલ્હીના ચહુઆણ રાજા પૃથ્વીરાજનો બનેવી અને મિત્ર થતો હતો. પૃથ્વીરાજ ઉપર ઈ. સ. ૧૧૯૩ માં શાહબુદ્દીનગોરી ચડી આવ્યો. ત્યારે પૃથ્વીરાજ પકડાઈ કેદ થયો અને એ લડાઈમાં રાવળ સમરસિંહ તથા તેનો મોટો કુંવર કામ આવ્યા. બીજા કુંવરને બીદડની જાગીર મળી, ત્રીજા કુંવરે નેપાળમાં ગુરખા વંશની સ્થાપના કરી, અને ચોથો કુંવર ૩૩ કર્ણ જે બાળક હતો તેને સરદારાએ મેવાડની ગાદિયે બેસાડયો. બાળ રાજાની મા રાજ્ય ચલાવતી હતી. એ બહુ બહાદુર હતી; એના સમયમાં દિલ્હીથી કુતુબુદ્દીન ( ઈ. સ. ૧૨૦૬ થી ૧૨૧૦ સુધી હતો ) તેનું લશ્કર મેવાડ ઉપર આવતું જાણી લશ્કર સામે અંબર આગળ જઈ બહુ બહાદુરીથી લડી, ઘણા મુસલમાનોને કાપી નાંખ્યા. આ લડાઈમાં કુતુબુદ્દીન જખમી થયો હતો. રાવળ કર્ણે ઈ. સ. ૧૧૯૩ થી ૧૨૧૦ સુધી રાજ્ય કર્યું. કર્ણ મરણ પામ્યો ત્યારે તેનો કુંવર મહપ પોતાને મોસાળ હતો

મુસલમાની સત્તાની સામે મેવાડે બહાદૂરી ભરેલો ટકાવ કરયો છે. મેવાડના રક્ષણને અર્થે ચોરાશી કિલ્લા બાંધવામાં આવ્યા છે તેમાંથી બત્રીસ

---

તેથી કર્ણના જમાઈ ઝાલોરના રાજાએ પોતાના દીકરાને ગાદિયે બેસારયો. તે ખબર કર્ણનો ભત્રીજો (૩૪) રહપ જે સિંધમાં રાજ કરતો હતો તેણે જાણી એટલે મોટા લશ્કરથી ચિતોડ આવી જીત કરી ગાદિયે બેઠો. રાવળને બદલે રાણા પદવિ ધારણ કરી જેથી આજ સુધી મેવાડના રાજા, રાણા કેહેવાયછે. એણે મુસલમાનો સાથે ઘણી લડાઇયો કરી હતી. એણે પોતાના કુળની શાખા જે ઘેલોત હતી તે બદલીને સીસોદિયા કેહેવરાવી. એણે ઈસવીસન ૧૨૧૧થી ૧૨૩૯ સુધી રાજ કર્યું એના પછી ૩૫ ભુવનસિંહ, ૩૬ જયસિંહ, ૩૭ લક્ષ્મીસિંહ ઉર્ફે લખમસી ઈ સ. ૧૨૭૫ થી ૧૩૦૩ સુધી. એના ઉપર દિલ્હીના બાદશાહ અલાઉદ્દીન ખીલજી ( ઈ સ ૧૨૯૫ થી ૧૩૧૫ સુધી,) ચડી આવ્યો. પણ હારૂ ખાઇ પાછો ગયો ફરી ઇ. સ. ૧૩૦૩ માં રાણા લખમસીના કાકા ભીમસિંહની રાણી જે લંકાની પદ્માણી હતી તે લેવા માટે ચડી આવ્યો હતો. એ ભારે લડાઈમાં રાણાના બાર કુંવરમાં એક કુંવર અજયસિંહ જે કેલવાડે હતો તે સિવાયનું તમામ કુટુમ્બ મરાયુ. રાણિયો મેહેલ સળગાવી બળી મોઈ તે પછી ૩૮ અજયસિંહ ઈ. સ. ૧૩૦૩ થી ૧૩૧૦ સુધી, એને બે કુંવર હતા તેઓને રાણે બતાવેલું કામ ન થવાથી મોટો આપઘાત કરી મરણ પામ્યો અને ન્હાનો કુંવર ડુંગરપુર ગયો તેનાથી તેરમો પુરૂષ સજ્જનસિંહ થયો તે દક્ષિણમાં વિજાપુર ગયો, ત્યાંના બાદશાહની સારી નોકરી બજાવ્યાથી તેના તરફથી ૮૪ ગામનું મોધલ પરગણું અને રાજાનો કિતાબ મળ્યો. એના વંશમાં મરાઠારાજ્યસ્થાપનાર પ્રખ્યાત શિવાજી થયો. આજે એના વંશજ કોલાપુરના મહારાજા છે. મેવાડના રાણા અજયસિંહ પછી તેના ભાઈ અરિસિંહના કુંવર ૩૯ હમ્મીર ઈ. સ ૧૩૧૦થી ૧૩૬૫ સુધી, એણે ૩૭ મા રાણા લખમસીના સમયમાં ગયલું ચિતોડ લીધું અને દિલ્હીના તુઘલુખ બાદશાહ મહમૂદ પેહેલા ( ઈ. સ. ૧૩૨૫ થી ૧૩૫૧ સુધી ) ને જીત્યો તથા તે પાસેથી અજમેર રણથંભોર, નાગોર, સુઇસોપુર લીધાં. હમ્મીર પછી તેનો કુંવર ૪૦ ખેતસિંહ ઈ. સ ૧૩૬૫ થી ૧૩૮૩ સુધી. એણે માંડલગઢ, દસોર, છપ્પનનાં પરગણાં મેવાડ સાથે જોડયાં એક વખત દિલ્હીના બાદશાહ તરફથી હુમાયુ નામનો સરદાર લશ્કર લઈ મેવાડ ઉપર ચડી આવ્યો, બાકરોલ આગળ લડાઈ થઈ તેમાં મુસલમાનોનો પરાજય થયો. તે પછી ૪૧ લક્ષ અથવા લાખો રાણો થયો, તેણે મેવાડનો પાહાડી ભાગ જીતી લઈ વેરાટગઢ તોડી પાડી તેની નજીક બેદરનો કિલ્લો બાધ્યો. રાણા લાખાના ઘડપણના વખતમાં મારવાડના રાજા રણમલ તરફથી રાણાના પાટવી કુંવર ચંદ્રસિંહ ઉર્ફે ચંદને માટે નાળિયેર ( સગપણ ) આવ્યું ત્યારે રાણાએ મશ્કરીમાં કહ્યું કે “ તમે આવાં રમકડાં મારા જેવા સફેત દાહાડીવાળાને માટે લાવ્યા હશો.” તે વાત ચંદે જાણ્યાથી રાણાને કહ્યું કે તમે પરણો. રાણાએ ઘણી ના પાડી પણ કુંવર કેહે એ તો મારી મા થાય અને મારે પરણવું જ જોઈશું પછી તેનો કુંવર થાય તે રાજ્યગાદિયે બેસે, અને પોતે ગાદીનો હક છોડયો. રાણા લાખાને નવી રાઠોડ રાણીથી કુંવર મોકલસિંહ

તો રાણા કુંભાએ બંધાવેલા કેહેવાયછે. તે માંહેલો મ્હોટામાં મ્હોટો કુંભામેર અથવા કોમલમેર નામનો કિલ્લો છે; તેની સ્વાભાવિક જગ્યાને લીધે અને તે સાથે વળી તેણે એવું ચણતર કામ કરાવ્યું છે કે તેથી દેશી ફોજનાથી જીતી શકાય એવો નથી. આબુગઢ ઉપર પરમારોનો કિલ્લો છે; તેમાં પણ તેણે એક કોટ બાંધ્યો, તેમાં તે ઘણી વાર રેહેતો હતો. ત્યાંના તોપખાના ઉપર અને ગઢીના બુરજ ઉપર હજી લગણ કુંભાનું નામ છે; અને એક કઢંગુ દેવલ છે તેમાં તેની પીત્તલની મૂર્ત્તિ છે તેની આજે પણ પૂજા થાયછે. વળી કુંભારાણાએ, આબુ અને પશ્ચિમ ભણીની સીમા વચ્ચેના રસ્તા, કિલ્લાવતે આંતરી લીધા છે. સિરોઈની પાસે વસંતી નામે એક કિલ્લો તેણે બાંધ્યો છે; અંબાજીના દેરા પાસે કુંભારિયામાં એક બીજો બાંધ્યો છે; અને બીજા કેટલાક બાંધ્યા છે તેથી આરાવલીના મેર અથવા ઝારોલ અને પાનોરાના ભીલ લોકોનાથી તેના દેશનું રક્ષણ થાયછે. આબુ પર્વત ઉપર કુંભાસ્વામનું દેવાલય છે એ પણ સિસોદિયા રાજાની નામના છે, તે વિના તેણે ઋષભદેવનું પ્રખ્યાત ચૈત્ય બંધાવાના કામમાં ઘણો આશ્રય આપ્યો છે, એ

---

થયો. તે પાંચ વર્ષનો થયો ત્યારે લાખા રાણાએ પ્રયાગ જઈ ત્યાં રેહેવાનું ધાર્યું. કુંવર ચંદે ગાદી ન લીધી તેથી મોકલસિંહને ગાદિયે બેસારી રાજની લગામ ચંદને સોંપી, અને ઠરાવ્યું કે દરબારમાં પેહેલી પદવિ ચંદની, રાજ્ય તરફથી કોઈ પણ સરદારને જાગીર આપવામાં આવે તો તેની સનદો ઉપર રાણાની સહિની સાથે ચંદ અને તેના વંશજોએ ભાલાની નીશાની કરવી. બાળરાજાની વતી રાજકારભાર ચંદ કરતો હતો પણ તેની માને વેહેંમ આવવાથી ચંદ મેવાડ છોડી માન્ડુના રાજમાં ગયો. પાછળ તેની વતી મોકલસિંહનો નાનો રણમલ રાઠોડ રાજ ચલાવવા લાગ્યો, પણ પાછળથી તેની દાનત સારી નથી એમ રાણીને લાગ્યાથી ચંદને તે હકીકત કાહાવી મૂકયાથી ચંદે આવી રણમલને મારી તમામ રાઠોડોને કાહાડી મૂકયા. એ ચંદના વંશજ ચંદાવત કેહેવાયછે. ૪૨ મોકલસિંહ પછી ૪૩ કુંભકર્ણ ઉર્ફે કુંભોજી ઈ. સ. ૧૪૧૯ થી ૧૪૬૯ સુધી. મેવાડના ચોરાશી કિલ્લામાંના ૩૨ કિલ્લા કુંભા રાણાએ બંધાવ્યા છે એ બહુ બહાદુર હતો તેમ કવિ પણ હતો. કાઠિયાવાડમાના ઝાલાવાડના ઝાલા રાજ જેતસિંહ (ઈ. સ. ૧૪૨૦ થી ૧૪૪૧ સુધી) ની કુંવરીનું સગપણ મારવાડના રાજા સાથે કીધું હતું, તેનું હરણ કરી કુંભેજી ચિતોડમાં લાવ્યા. આથી મારવાડના રાઠોડ મેવાડ ઉપર ચડી આવ્યા પણ તેમાં ફાવ્યા નહિ. ઈ. સ. ૧૪૪૦માં રાણા કુંભાજિયે, ગૂજરાત અને માળવાના એકત્ર મળેલા મુસલમાન લશ્કરને હરાવ્યું, એટલું જ નહિ પણ માળવાના મહા પરાક્રમી બાદશાહ મહમૂદને કેદી બનાવ્યો હતો. આ મોટા જયની યાદગીરી માટે કુંભારાણાએ ચિતોડ ગઢ ઉપર પત્થરનો એક મોટા અને સુંદર કીર્તિસ્થંભ અથવા જયસ્થંભ બંધાવ્યો, જે આજ સુધી છે.

દેરાસર રાણાના માનીતા કોમલમેર * કિલ્લાની નીચે આરાવલીના પશ્ચિમ ઢોળાવની ઉજ્જડ ખીણ, સાદરી રસ્તા ઉપર આવેલી છે ત્યાં આગળ છે. તે જાતે કવિ હતો અને તેની રાણી પ્રખ્યાત રાઠોડ કુંવરી +મિરાંબાઈ પણ કવિયણ હતી.

મુઝફ્ફરશાહના ભાઈના વંશનો શમ્સખાન કરીને કુતુબશાહનો સગો થતો હતો, અને જેના તાબામાં નાગોર હતું તેણે મેવાડના રાણાની સામે થવાને કુતુબશાહને પોતાની ઓથે બોલાવ્યો હતો. પેહેલી ચડાઈ કરી તેમાં શાહ પિંડે આવ્યો નહતો, તેનો પરિણામ એવો થયો કે રાણાએ ગૂજરાતની ફોજને છેક હરાવી દીધી, અને તેનું કશું ચાલવા દીધું નહિ. આવો ફેર થયાના સમાચાર કુતુબશાહે સાંભળ્યા એટલે તે જાતે ચડયો; અને સિરોઈના રજપૂતો તે સમયે મેવાડના પટાવત હતા તેમને હરાવીને ડુંગરામાં પ્રવેશ કરીને કોમલમેર ભણી ચાલ્યો. આ ઠેકાણે રાણાએ તેના ઉપર હલ્લો કરયો, પણ તે કેટલીક લડાઈયોમાં જય પામ્યો નહિ એટલે છેવટે તેણે સલાહ કરવાને વિનતિ કરી.

માળવાના સુલતાન મહમૂદે આ વેળાએ કુતુબશાહને પોતાનો એવો અભિપ્રાય આપ્યો કે આપણે બે મળીને રાણા કુંભાનો દેશ વેહેંચી લઈયે, અને આ વિષેનો સલાહનો લેખ ચાંપાનેરમાં બંનેના એલચિયોએ

---

* આ દેરાસરમાં એક લેખ છે તેમાં કુંભારાણાને રાણાશ્રી કુંભકર્ણ, શ્રીબાપ્પ અથવા બાપા વિષે પૃષ્ઠ ૫૫૦ માં લખવામાં આવેલું છે તેનાથી થયેલો લખ્યો છે તથા તેમાં તેની વંશાવલી આપેલી છે. આ લેખ જે ( જે ઈ૦ સ૦ ૧૪૪૦ ની સાલનો છે.) તેમાં કુંભારાણાને બીજાં વિશેષણ આપવામાં આવેલાં છે, તે સાથે નીચે પ્રમાણે વિશેષણ આપવામાં આવેલાં છે. સર્પ સરખા જંગલી રાજાઓના ટોળાનો નાશ કરનારો ગરૂડ, અસત્ય રૂપી જંગલને બાળી નાંખનારો દાવાનલ, હિંદુઓનો સુલતાન." મેવાડમાં સાદ્રી અથવા સાદરી શેહેરથી આશરે પાંચ મૈલ ઉપર રાણપુર નામના ગામમાં એક દેવલ છે તેના ચિત્ર અને વર્ણનને સારૂ ફર્ગસ્સનની ઈલસ્ટ્રેટેડ હાન્ડ બુક આફ આર્કિટેકચરના પ્રથમ ભાગને પૃષ્ઠ ૭૯ મે અથવા તેના ઈલસ્ટ્રેશન્સ આફ ઈન્ડિયન આર્કિટેકચરમાં જુવો.

+ ઉદયપુરના કવિ સામળદાસના અભિપ્રાય પ્રમાણે મીરાંબાઈ કુંભારાણાની રાણી ન હતી. પણ કુંભારાણાના કુંવર સાંગારાણાના પુત્ર ભોજરાજજીની રાણી થાય. આ ભોજરાજજી કુંવરપદેજ દેવ થયા હતા તેથી મિરાંબાઈ બાળવિધવા હતાં અને તે મેડતાના ઠાકોર વીરમદેની પુત્રી અને અકબર સામે થનાર ચિતોડના જયમલની બેહેન થાય.

સોગન ખાઇને સહિ કરચો. બીજે વર્ષે કુતુબશાહે ચિતોડ ઉપર ચડાઈ કરીને આબુગઢનો કિલ્લો લીધો, અને ડુંગરાઓમાં પ્રવેશ કરચો ત્યાં એ સામાન્ય લડાઇયોમાં તે જય પામ્યો, ત્યાર પછી બીજી વેળાએ તેણે પોતાને તાબે થઈ જવાની રાણાને જરૂર પાડી. બીજે વર્ષે ઈ૦ સ૦ ૧૪૫૮ માં નાગોર જેર કરવાને અર્થે રાણા કુંભાએ ફરીને હથિયાર પકડ્યાં. ત્યારપછી ઘણી વારે કુતુબશાહ તેનાઉપર ચડી આવ્યો, તે જય પામતો કોમલમેરના દુર્જય કિલ્લા આગળ આવ્યો એટલે તેને ફરીને અટકાવવામાં આવ્યો. ત્યાંથી તે અમદાવાદ પાછો ગયો, ને થોડા દિવસ પછી મરણ પામ્યો તેને તેના બાપ મહંમદશાહની પાસે સુલતાન અહમદના રોજામાં દાટચો.

## પ્રકરણ ૫.

### મહમૂદ બેગડો. ઈ૦ સ૦ ૧૪૫૯ થી ૧૫૧૧ સુધી.

કુતુબશાહની પછી તેનો કાકો દાઉદ ગાદિયે બેઠો.( ઈ૦ સ૦ ૧૪૫૯). પણ તેણે થોડા દિવસ રાજ્ય કર્યું, તેમાં તે અયોગ્ય જણાઈ આવ્યાથી તેનો ન્હાનો ભાઈ મહમૂદ બેગડો જે ગૂજરાતના સુલતાનોમાં પ્રતાપી થઈ ગયો તે પાટ બેઠો. તે પાટ બેઠો ત્યારે ચૌદ વર્ષનો હતો એટલામાં તરતજ તેણે એવી હિંમત અને શક્તિ બતાવી કે તેથી તે આગળ ઉપર પ્રખ્યાતી પામ્યો. તેનો એક નિમકહલાલ વઝીર હતો તેને મારી નાંખવાને તેના શત્રુઓ બાહાર પડ્યા હતા તેને જો મારી નાંખવા દીધો હોત તો તે વઝીરની પછવાડે તેનો પણ નાશ થાત, એવા વઝીરનું તેણે રક્ષણ કર્યું તેથી ત્રીસ હજાર બંડખોર આ જુવાન સુલતાનના મેહેલને ઘેરી રહ્યા. આ વેળાએ તેના કેટલાક સલાહકારોએ એવી સલાહ આપી કે ગમે તો આપણે આ કિલ્લામાં સંતાઈ રેહેવું કે ગમે તો ખજાનો લઇને સટકી જવું, પણ મહમૂદ ( બીજો ) તો કોઇ જૂદાજ સ્વભાવનો માણસ હતો. તેણે કિલ્લાના દરવાજા ઉઘડાવી નંખાવ્યા, અને પછવાડે તીરનો ભાથો બાંધીને અને હાથમાં કમાન લઇને ન્હાનકડો સુલતાન બહાદુરીથી બાહાર પડ્યો. તેની આગળ ડંકો થવા લાગ્યો અને રાજમાર્ગમાં પોતાના શત્રુઓની વચ્ચે થઈને તેણે ધીરે ધીરે ચાલવા માંડ્યું એટલે તેના રાજભક્ત ઉમરાવો હતા તેઓને તેના વાવટા પછવાડે વિંટલાઇ વળવાનો પ્રસંગ મળ્યો. ત્યારપછી ધીરજ અને ચતુરાઇથી તેણે એવી વ્યવસ્થા કરી કે આખું બંડ બેશી ગયું.

તેના રાજ્યના આવા વખાણવા જેવા પ્રારંભ પછી ત્રણ વર્ષે મહંમૂદ ફોજ લઇને ચડ્યો, અને તેણે ખાનદેશની ઉત્તરમાં જઇને દક્ષિણના બ્રાહ્મણીશાહને માળવાના સુલતાનથી ઉગાર્યો.

ઇ૦ સ૦ ૧૪૬૮ માં મહંમદ પેગંબરે તેને સ્વપ્નમાં દેખા દીધી અને સ્વાદિષ્ટ પકવાનનું જમણ તેના મોહો આગળ મૂકીને, કાફરો અથવા મૂર્ત્તિપૂજકોને જીતી લેવાની આજ્ઞા કરી. તે પ્રમાણે મહમૂદશાહ સોરઠ જીતી લેવાને તૈયાર થયો. આગળ મહંમદ તુઘલુખે અને તેના પૂર્વજ અ-

મહદશાહે એ દેશ જીતવાને પ્રયત્ન કરચો હતો પણ તે વ્યર્થ ગયો હતો. મહમૂદે તો આ ચડાઇને સારૂ ભારે દબદબા ભરેલી તૈયારી કરવા માંડી, પાંચ કરોડ મોહોરોની પેટિયો ભરાવી; ઈજીપ્ત, આબેસ્તાન, અને ખોરાશાનની રચેલી મૂઠચોની અઢારસે તરવારો; તે સાથે અમદાવાદની વખણાયલી ત્રણ હજાર અને આઠસે તરવારો તથા એજ પ્રમાણે સોને રૂપે રચેલી કટારિયો એકઠી કરી; ઘોડેશ્વારના સરદારના હાથ નીચે આર્બસ્તાન અને તુર્કસ્તાનના બે હજાર ઘોડા તૈયાર કરાવ્યા અને મહમૂદે ધાર્યું કે મારી સાથે જે યોદ્ધાઓ આવવાના છે તેઓને બદલો આપવાને આ સર્વ ઇનામ કદાપિને ઓછું ગણાશે માટે તેણે તેઓને કહ્યું કે તમારા શૂરવીરપણાને બદલે સોરઠની બધી લૂંટ તમને વેંહેંચી આપવામાં આવશે.

ગિરનાર એંશી મૈલ દૂર રહ્યો ત્યાં સુધી મહમૂદ(બીજો) આવ્યો એટલે પોતે ત્યાં જઇ પોહોંચે તેના પેહેલાં મોહાબિલા કરીને બાહારની જગ્યા છે તે રોકી લેવાને તેણે પોતાના કાકા તુઘલુખખાનને સત્તરસેં માણસ આપીને મોકલ્યો. આ ઠેકાણે રજપૂતોનો પેહેરો મૂકવામાં આવેલો હતો તેમના ઉપર છાપો મારીને તેમને કતલ કરચા, તે સમાચાર સોરઠના [1]રાહના સાંભ-

---

૧ રાહ મંડલિક (ત્રીજો) એ સોરઠનો ચૂડાસમો રાજા ૩૦ મો થયો. તે ઇ. સ. ૧૪૫૧ થી ૧૪૭૩ સુધી ગાદીપતિ હતો. એના પિતાએ ઘણી સંભાળથી વિદ્યા ભણાવી હતી. રણની રમતમાં અને હથિયાર વાપરવામાં તે એકકો હતો. યોગ્ય ઉંમરનો થયો ત્યારે અર્જુન ગોહિલની કુંવરી કુન્તાદેવી વેરે લગ્ન થયું. અર્જુન ગોહિલ મુસલમાનો સાથની લડાઈમાં કામ આવેલો તેથી તેની કન્યા તેના ભાઈ આર્થિલા ( હાલ લાઠી ) માં રાજ્ય કરનાર દુદા ગોહિલને ઘેર ઉછરી હતી. તે દુદો લૂટનો ધંધો કરતો હોવાથી એને સજા કરવાનું અમદાવાદના સુલતાને રાહ મંડલિકને લખ્યું. તે ઉપરથી તેને રાહે સમજાવ્યો પણ તેણે પોતાની ટેવ નહિ છોડવાથી, તે ઉપર ચડી જઇ તેનો અને તેના શેહેરનો રાહે નાશ કરચો.

આ રાહના સમયમાં નરસિંહ મેહેતો ભક્ત થયો. તેને રાહે હાર માટે સંતાપ્યો હતો તેથી રાહનો નાશ થયો. એવું વૈષ્ણવ લોકો માને છે.

ચારણ લોકો કેહેછે કે માણિયા ગામમાં એક ચારણ જાતિની સ્ત્રી ગંગાબાઈ ઉર્ફે નાગબાઈ નામની રેહેતી હતી. તે બાઈ સુરૂપા તેમ પતિવ્રતા હતી. તેનાં વખાણ સાંભળી રાહ મંડલિક તે ગામ ગયો. ત્યાં તે બાઇની છેડ કરી તે ઉપરથી તેણે શાપ દીધો કે "જેવી રીતે હું તારી આગળથી ફરી જાઉછું, તેવી રીતે તારી ભાગ્યદેવી, તારાથી વિમુખ થઈ, તારા શત્રુ મુસલમાનને વરશે." એમ કહી તે ચાલતી થઈ. મંડલિક શરમિંદો થઈ જૂનેગઢ પાછો ગયો. કેહેછે કે નાગબાઈ નીચેનો દુહો બોલી હતી.

જવામાં આવ્યા એટલે તેણે પોતાના ડુંગરી કિલ્લા ઉપરથી નીચે આવીને તુઘલુખખાનના ઉપર હુમલો કરયો અને તેને તે નસાડી મૂકવાની તૈયા-

---

ગંગાજળ ગઢેશા પંડ તારૂં હુતુ પવિત્ર;
વીંઝને રગત ગયાં, મને તો વાળા મંડલિક.

વળી ભાટો કેહેછે કે જુનાગઢથી બાર મૈલ દક્ષિણે વડાલ તાલુકાનું દાતરાણા ગામ છે, ત્યાં રાહ મંડળિકને શાપ દેનાર ચારણિયાણી નાગબાઇનો જન્મ થયો હતો, એના બાપનું નામ હરજોગદાસો હતું. તેને પ્રથમ સંતાન ન હતું. પણ હીરાગર બાવાની કૃપાથી નાગબાઇનો જન્મ થયો હતો. એના ધણીનું નામ શવસૂરભાસૂર હતું. એના વંશજો આજે પણ દાંતરાણામાં ગોરવિયાલા ચારણ કેહેવાય છે દાંતરાણામાં નાગબાઈની દેરી છે. કેહેછે કે નાગબાઈના દીકરા નાગાજનની વહુ મીનબાઈની ખૂબસૂરતીથી રાહ મંડળિક મોહિત થયો. તેને જોવાને તે ગામ ગયો. ચારણોની રીત છે કે રાજા પધારે ત્યારે ચારણિયાણિયોં થાળમાં કંકુ અક્ષત લઈ પોખવા જાય છે. તેમ રાહ મંડળિક નાગાઇને ઘેર આવ્યો ત્યારે મીનબાઈ તેને પોંખવા આવી. ત્યારે રાહ તે બાજુથી ફરી જઇ બીજી બાજુ મોં કરી ઉભો ને ઓવારણાં લેવા દીધાં નહિ. કારણ કે એમ કરવા દે તો પોતાની બદદાનત પાર પડે નહિ. મીનબાઇયે આ વાત પોતાની સાસુ નાગબાઈને કહી ત્યારે તેણે કહ્યુ કે એ દિશા અચોખી હશે તેથી રાહે તેમ કર્યું હશે. માટે બીજી દિશાએ પોંખ. તે ઉપરથી મીનબાઇ ફરી પોંખવા આવી, પણ રાજાએ ફરી જઈ કોઈ પણ દિશાથી પોંખવા દીધી નહિ તે વાત સાસુ પાસે કહી ત્યારે તેણે વહૂને કહ્યું જે તેનું નસીબ જ તેનાથી ભાગતું ફરેછે. મીનબાઈ ઘરમાં જતી હતી ત્યારે રાહે તેની મશ્કરી કરી તેથી નાગાઇએ શાપ આપ્યો. એના ઘણા દુહા કાઠિયાવાડમાં બોલાયછે:—

ચાંપે જે ચારણ ભણે, તું વાર્યું માને વીર;
હીણ્યું નજરૂ હમીર, માવિત્રાંન્યુ નોય મંડળિક. ૧
ચૂડારા ચારણતણું, વચન જ માને વીર!
નેવાંતણાં નીર, મોભે ન ચડે મંડળિક. ૨
(તોળિ) તપસામેં ખામિ પઈ, (તિયમાણી) કિરિયા ઘટસે કોટ;
(તાં) ખૂટામણની ખોટ, મું બિસારસ મંડળિક. ૩
પિસે જૂનાની પોળ, દામો કુંડ દેખિશ નહિ;
(તેદી) રતન થીશે રોળ, (તેરાં) મું સંભારસ મંડળિક. ૪
પોથાને પુરાણ, ભાગવતે ભિળસો નહિ;
કલમો પઢસો કુરાણ (તેદી) મું સંભારસ મંડળિક. ૫
નહિ વાગે નિસાણ, નકીબ હુંકળસે નહિ;
મેડી ત્યાં મસાણ, (તેદી) મું સંભારસ મંડળિક. ૬
નહિ હોય ઘોડાનાં ઘેર, પાલખિયું પામસ નહિ,
ગિરનારે ગર મેર, (તેદી) મું સંભારસ મંડળિક. ૭
જીસે રાંની રીત, રાંપણું રેંશે નહિ;
ભમતો માગસ ભીખ, મું સંભારસ મંડળિક. ૮

રીમાં હતો એટલામાં મહમૂદશાહ (બીજો) જાતે ત્યાં આવી પોહોંચ્યો, એટલે તે દિવસના બનાવનો ફેરફાર થઇ ગયો. રાહ સખત ઘાયલ થયો, તેથી તે નાશી ગયો. પાસેનો દેશ મહમૂદે ચોખો કરી દીધો, અને ઘાસ દાણાને માટે ટોળિયો ફરી વળી તે તેની છાવણીને સારૂ પુષ્કળ સામાન લઈ આવી, પછીથી તેણે ઘેરો ઘાલવાની તૈયારી કરી, પણ તેણે ધારી હતી તેના કરતાં વધારે મુસીબતો પડવા માંડી, એટલે પુષ્કળ જવાહીર અને નગદી પોતાના આગળ ભેટ મૂકવાની અને જાતે આવીને શરણ થવાની તેણે રાહને છૂટી આપી. (ઈ૦ સ૦ ૧૪૬૭).

આ પ્રમાણે થયું છતાં ગિરનાર ઉપર ફરીને ચડાઈ કરવાનું બાહાનું મહમૂદ શોધતો હતો, તેવામાં એક બાહાનું બીજે વર્ષે (ઈ૦ સ૦ ૧૪૬૯) તેને મળી આવ્યું, તે એ કે રાહ [1]મંડલિક રાજચિન્હ ધારણ કરીને કોઈ દેવાલયમાં ગયો હતો, એવું તેના સાંભળવામાં આવ્યું માટે તેને શિક્ષા કરવા સારૂ ચાળીસ હજાર ઘોડેસ્વારની ફોજ ગિરનાર ઉપર ચાલી પણ રાવ

---

રાણિયુ રીત પખે, જાય બજારે બીસસે;
(તેદી) ઓજલ આળસતે, સું સંભારસ મંડલિક. ૯
પોતાના પરિયાતણી, લાજજ લોપે મા;
જૂનાણું જાતાં, મરવું હુતું મંડળિક. ૧૦
ઘોડા ને ઘોડલિયું લઈ, જૂને પાછો જા;
માનને મોદૂલ રા', મત કીં ફરિ મંડળિક. ૧૧

બીજી વાત એવી ચાલેછે કે રાહ મંડળિકે પોતાના વિમળશાહ નામના પ્રધાનની સુંદર સ્ત્રી મનમોહિનીને પતિત કરી, તેથી તેનું વેર લેવા પ્રધાન અહમદાબાદ પાદશાહ મહમૂદ (બેગડા) ત્રીજા પાસે જઈ જૂનાગઢ ઉપર ચડાઇ લાવ્યો.

[1] સોરઠના ચૂડાસમા રાજા દશમા રાહ ખેંગાર (બીજા) ને સિદ્ધરાજ જયસિંહે ઈ. સ. ૧૧૧૫-૧૬ માં માર્યા, પછી જૂનાગઢનું રાજ્ય ખાલસે કરી ત્યાં પોતા તરફથી સજાણ નામનો થાણદાર નીમ્યો હતો. પણ ત્યાંની પ્રજાએ પાછળથી બળવો કરી તેને કાઢી મૂકી રાહ ખેંગાર (બીજા) ના નજીકના વારસને ગાદિયે બેસાડ્યો. તે ૧૧ રાહ નોંધણ (ત્રીજો) તે ઈ. સ. ૧૧૨૫ થી ૧૧૪૦ સુધી. તે પછી તેનો કુંવર ૧૨ રાહ કવાત બીજો ઈ. સ. ૧૧૪૦ થી ૧૧૫૨ સુધી. તે પછી તેનો કુંવર ૧૩ રાહ જયસિંહ ઉર્ફે રાહ આરિયો ૨ જો (અથવા દયાસ બીજો) ઈ. સ. ૧૧૫૨ થી ૧૧૮૦ સુધી. તે પછી તેનો કુંવર, ૧૪ રાહ રાયસિંહ ઈ. સ ૧૧૮૦ થી ૧૧૮૪ સુધી. પછી તેનો કુંવર, ૧૫ રાહ મહીપાળ બીજો ઈ સ. ૧૧૮૪ ૧૨૦૧ સુધી, એને ગજરાજ કેહેતા. એના સેનાપતિનું નામ ચૂડામણી હતું. પછી તેનો કુંવર, ૧૬ જયમલ ઈ. સ. ૧૨૦૧ થી ૧૨૩૦ સુધી. એની કીર્તિનો "જયમલ જસવર્ણન"

મુસલમાનોની સામે થવાને રાજી ન હતો તથા તેમ કરવાની તેનામાં શક્તિ નહતી તેથી તેની પાસે માગી એટલી ખંડણી આપી, અને રાજચિન્હ સુ-

---

નામનો ગ્રંથ છે. પછી તેનો કુંવર, ૧૭ રાહ મહિપાળ ત્રીજો ઉરફે રાહ મેહેપો ઈ. સ. ૧૨૩૦ થી ૧૨૫૩ સુધી. એના પ્રધાનનું નામ મોતીશાહ હતું. તેના સમયમાં કોટડા પાસે કાઠિયોએ બળવો કરયો તે સમાવવા માટે મોતીશાહ પ્રધાન ચડી ગયો પણ હાર ખાઈ પાછો આવ્યો. પછી ઢોંકના વાળા રાજા અર્જુનસિંહની અ-દદથી કાઠિયોને નસાડયાં. પણ કાઠિયોએ પાછા આવી ઢોંકનાં ગામ લઈ લીધાં. એ રાહના સમયમાં ગોહિલ રજપૂતોનો મુખ્ય સરદાર સેજકજી મારવાડથી પેહેલ વેહેલો આવ્યો તેને રાહે આશરો આપ્યો, અને શાહપુર ગામ જાગીરમાં આપ્યું. આજે સેજકજીના વંશજ ભાવનગર, પાલીટાણા, લાઠી, અને રેવાકાંઠાના રાજપી-પળામાં રાજ કરેછે. રાહ મેહેપા પછી તેનો કુંવર, ૧૮ રાહ ખેંગાર ત્રીજો ઈ. સ. ૧૨૫૩ થી ૧૨૬૦ સુધી. એની પાસે ઢોંકના વાળા તથા કલ્યાણ શેઠ મુખ્ય હતા. એના પિતાના સમયમાં ઢોંકનાં ગામો કાઠિયોએ લઈ લીધાં હતાં તે આ રાહે અ-ર્જુનસિંહને પાછાં અપાવ્યાં. રાહ અને અર્જુનસિંહ મિત્ર હતા તેણે એક મેરની સ્ત્રીની આબરૂ લીધી તે ઉપરથી મેરે બન્નેને મારી નાખ્યા. તે પછી તેનો કુંવર, ૧૯ રાહ મંડલિક ૧ લો ઈ. સ. ૧૨૬૦ થી ૧૩૦૬ સુધી. આ રાહ ઉપર રાઠોડ અને વાઘેલા ચડી આવ્યા હતા. આના સમયમાં દિલ્હીના પાદશાહ અલાઉદ્દીન ખીલજીનું લશ્કર ગૂજરાતના રાજા કર્ણ વાઘેલા ઉપર અલપખાન અને નસરતખાનની સરદારી તળે આવ્યું, તેણે ગૂજરાત જીત્યા પછી જૂનાગઢ ઉપર ચડી આવી ઘણું નુકસાન કર્યું. પછી સોમનાથ પાટણ ઉપર જઈ, જ્યાં સુલતાન મહમૂદ ગજનવિયે ઈ. સ ૧૦૨૪ માં ચડાઈ કરી દેરૂં તોડી નાખી નુકસાન કર્યું હતું ત્યાં સોલંકી રાજા ભીમદેવ પેહેલાએ સોમનાથનું દેરૂં ફરી બંધાવ્યું હતું અને સોલંકી રાજા કુમારપાળે તેનો મોટા ખર્ચથી જીર્ણોદ્ધાર કરયો હતો. તે તોડી નાંખ્યું. ઘોઘાથી માધવપુર સુધીનો દરિયા કાંઠો જીતીને સોમનાથમાં એક સૂબો મૂકયો. ઈ. સ. ૧૩૦૪ રાહ મંડલિક પછી તેનો કુંવર, ૨૦ રાહ નોંઘણ ૪થો ઈ. સ. ૧૩૦૬ થી ૧૩૦૮ સુધી. તે પછી તેનો કુંવર, ૨૧ રાહ મહિપાળ ૪ થો ઈ. સ. ૧૩૦૮ થી ૧૩૨૫ સુધી. એણે સોમનાથના દેરાનો સૌથી છેલ્લો અને પ્રખ્યાત જીર્ણોદ્ધાર કરયો. એ કામમાં તેના કુંવર ખેંગાર ૪થા એ પણ મેહેનત લીધી હતી. પછી ૨૨ રાહ ખેંગાર ૪ થો ઈ. સ. ૧૩૨૫ થી ૧૩૫૧ તેણે સોમનાથના મુસલમાન સૂબાને કાહાડી મૂકયો. દિલ્હીના મહમૂદ તુઘલુખે તેનું રાજ લીધું પણ તેના ગયા પછી તે દેશ તાબે કરી દરિયાના અઢાર બેટ રાજ્યમાં ઉમેરયા. ઝાલા, ગોહિલ વગેરે ૮૪ રાજા ઉપર સત્તા બેસાડી. તે પછી તેનો કુંવર ૨૩ રાહ જયસિંહ બીજો ઈ. સ. ૧૩૫૧ થી ૧૩૬૯ સુધી એણે રાજ્ય જમાવી વધારો કરયો. એના વખતમાં દિલ્હીના બાદશાહ ફીરોજશાહ તુઘલુખે સૌરાષ્ટ ઉપર ચડાઇ કરી સોમનાથ પાટણમાં મુસલમાનનું થાણું બેસા-ડયું. તેના પછી તેનો કુંવર, ૨૪ રાહ મહીપાળ પાંચમો (ઉરફે મહીપતિ) ઈ. સ. ૧૩૬૯ થી ૧૩૭૩ સુધી. એણે વંથલી (વામનસ્થલી) પાછી મેળવી. એના પછી એનો કુંવર, ૨૫ રાહ મોકલસિંહ (મુક્તસિંહ) ઈ. સ. ૧૩૭૩થી

લતાનના આગળ મૂકી દીધાં. "જેમ માખિયોને ઉડાડી મુકવામાં આવેછે ને તે પાછી આવેછે તેમ શત્રુ પણ ફરીફરીને આવેછે," એવું શૂરવીર પૃથ્વીરાજનું કેહેવું સોરઠના રાહને પણ ખરેખરૂં લાગું પડ્યું. કેમકે એજ વર્ષની આખેરિયે મહમૂદે જાતે સોરઠ ઉપર ફરીને ચડાઇ કરી. તેને રાહે કહ્યું કે, મારી પ્રજાને લડાઇના ત્રાસમાંથી મુક્ત કરો તો મારી પાસેથી જેટલું નીકળે એટલું ધન તમને આપી દઉં; પણ મહમૂદે (બીજાએ) ઉત્તર આપ્યું કે, "નાસ્તિક થવું તેના કરતાં વધારે વાંક બીજો એકે નથી, અને જો તમે શાન્તિની ઇચ્છા રાખતા હો તો ખુદા એક છે એમ માન્ય કરો." રાહે કાંઇ ઉત્તર આપ્યું નહિ પણ જૂનાગઢના કિલ્લામાં પોતે સંતાઇ પેઠો એટલે મહમૂદે તેની પછવાડે ઘેરો ઘાલ્યો. રાહે વિચાર કરયો કે આપણાથી અહિ પણ રહી શકાશે નહિ તેથી તે ગિરનારના ઉપરકોટમાં જતો રહ્યો; પણ તેના કિલ્લેદારો ભૂખે મરવાથી શરણ થયા. અને રાહના દુઃખનો પાર આવ્યો નહિ એટલે તે કિલ્લો છોડીને આવ્યો અને સુલતાનની આગળ કુંચિયો મૂકી દીધી, અને મહમૂદે કલમો પઢાવી તે પ્રમાણે પઢીને મુસલમાની ધર્મનો સ્વીકાર કરયો. (ઈ૦ સ૦ ૧૪૭૩) મિરાતે સિકંદરીનો કર્ત્તા કેહેછે કે, પાદશાહના કેહેવાથી તે મુસલમાન થયો નથી પણ પીરનો દાખલો લઇને તેની ખરાબી થયા પછી તે થયો છે. તે ગ્રંથકર્ત્તા કેહેછે કે, "મંડલિક રાજાને કેદ કરીને અમદાવાદ મોકલ્યો. એક "દિવસે રસુલાબાદ શાહઆલમનો મેળો જતો હતો ત્યારે રાહે પૂછ્યું કે

૧૩૬૭ સુધી. એણે આસપાસ સલાહ સંપ રાખી વિદ્યા વધારી. વંથલીમાં ગાદી સ્થાપી. આ ઉપર ગૂજરાતના જાફરખાં જે મુજફ્ફરખાનને નામે પ્રસિદ્ધ થયો, તેણે ખંડણી બેસાડી. તે પછી તેનો કુંવર, ૨૬ રાહ મંડલિક બીજો ઈ. સ. ૧૩૬૭ થી ૧૪૦૦ સુધી. તે પછી તેનો ભાઈ, ૨૭ રાહ મેલિંગદેવ ઈ. સ. ૧૪૦૦ થી ૧૪૧૫ સુધી. એના ઉપર અહમદાબાદના સુલતાન અહમદશાહ પેહેલાએ ઈ. સ. ૧૪૧૩-૧૪ માં ચડાઈ કરી પણ પરાજય પામી પાછો ગયો. એના પછી એનો કુંવર, ૨૮ રાહ જયસિંહ ત્રીજો ઇ. સ. ૧૪૧૫ થી ૧૪૪૦ સુધી. એણે ઝાંઝમેર (ઝાઝરકોટ) આગળ યવનોને હરાવ્યા. એના પછી એનો ભાઈ, ૨૯ રાહ મહીપાળ છઠ્ઠો ઇ. સ. ૧૪૪૦ થી ૧૪૫૧ સુધી. એણે પોતાના કુંવર મંડલિક ત્રીજાને બહુ ભણાવી વિદ્વાન બનાવ્યો, તેમ શસ્ત્ર વિદ્યામાં પણ કુશળ કરયો, પણ નઠારી સોબતથી તે ખરાબ ચાલનો થયો, રાહ મહીપાળે પોતાની હૈયાતીમાં જ પોતાના કુંવરને ગાદિયે બેસાડયો. ૩૦ રાહ મંડલિક ત્રીજો ઈ. સ. ૧૪૫૧ થી ૧૪૭૨ સુધી આ હીણભાગી રાજાના સમયમાં જૂનાગઢના રજપૂત રાજ્યનો છેડો આવ્યો.

"શાહ આલમ કોણ છે અને તે કોની સેવા કરેછે? ત્યારે તેને ઉત્તર આ-
"પવામાં આવ્યું કે એ પીર કોઇનું ધણીપણું માન્ય કરતો નથી પણ સર્વ
"શક્તિમાન ઇશ્વરનું ધણીપણું માન્ય કરેછે. આવું ઉત્તર સાંભળીને તેને
"આશ્ચર્ય લાગ્યું અને તેની પાસે જવાનો તેણે નિશ્ચય કરયો; ત્યાં તે પીરે
"તેને મુસલમાન થવાનો બોધ કરયો." સોરઠના છેલ્લા રાહને "ખાનજ-
હાન" અથવા "જગતનો ધણી" એવો મુસલમાનોએ અલકાબ આપ્યો,
અને એક મુસલમાની પીરજાદા પ્રમાણે અમદાવાદમાં તેની કબર છે ત્યાં
આગળ તેની આખી જીંદગાનીમાં જેઓએ દુઃખ દીધું હતું તેઓનાજ
વંશજ [1]તેની (બીજા પીરજાદાઓની પ્રમાણે) આજ સુધી પૂજા કરેછે.

મહમૂદશાહે પોતાની ધારણા પ્રમાણે જીત મેળવ્યા પછી સૈયદ
અને બીજા વિદ્વાનોને સોરઠમાં વસાવામાટે બોલાવ્યા. વળી તેણે ત્યાં
એક શેહેર વસાવ્યું, તે થોડીવારમાં તેના રાજધાની નગર જેવું ઘણું ખરૂં
થઇ ગયું, અને તેનું નામ તેણે મુસ્તફાબાદ પાડયું. આ નવા શેહેરમાં તે
એક ઇમારત ચણાવતો હતો તેવામાં તેના સાંભળવામાં આવ્યું કે કચ્છના
લોકે ગૂજરાત ઉપર હલ્લો કરયો છે, તેટલા ઉપરથી ઇ૦ સ૦ ૧૪૭૨ માં
તેણે તેઓના ઉપર ચડાઇ કરી,[2] અને તેમને તાબે કરી લીધા, ત્યાર પછી
તરતજ સિંધના જટ અને બલુચી લોકો ઉપર તે ચડયો, તે સમયે તે
સિંધુ નદી જઇ પોહોંચ્યો હતો.

---

૧ રાહ મંડલિક પાસેથી સુલતાને રાજ્ય લઈ લીધું પછી તેનો કુંવર ભૂપતસિંહ ઉર્ફે મેલિંગદેવને જાગીરદાર બનાવ્યો. તે ઇ. સ. ૧૪૭૩ થી ૧૫૦૫ સુધી. તે પછી તેનો કુંવર ખેંગાર પાંચમો ઈ. સ. ૧૫૦૫ થી ૧૫૨૫ સુધી. પછી તેનો કુંવર નોંઘણ પાંચમો ઈ. સ. ૧૨૨૫ થી ૧૫૫૧ સુધી. તે પછી તેનો કુંવર શ્રીસિંહ ઇ. સ. ૧૫૫૧ થી ૧૫૮૬ સુધી. અને તે પછી તેનો કુંવર ખેંગાર છઠ્ઠો ઇ. સ. ૧૫૮૬ થી ૧૬૦૮ સુધી. એ બગસરે તાલુકદાર થઈ રહેલો.

૨ આ ચડાઈ કચ્છના તે સમયના જામ હમીરજિયે કરેલી નથી. તે તો તુરતમાં જ ગાદીપતિ થયા હતા, અને તેમના વિરોધી વાગડમાં સાપર (રાપર) ના જામ અબડાજીના પિતાએ હમીરજી ઉપર સંકટ લાવવાના હેતુથી અમદાવાદના પ્રગણામાં લૂટ કરી હતી. આ વેળાએ સુલતાન ગિરનારના મંડલિક રાહ ઉપર ચડી ગયો હતો.

જામ હમીરજીનો હેતુ સુલતાન વિરૂદ્ધ હતો તેથી સલાહ સંપ થતાં જામ હમીરજિયે પોતાની કુંવરી પરણાવી તેથી મહમૂદ પાછો ફરી ગયો.

નીચે લખેલો ભાટનો આપેલો વૃત્તાન્ત, અમે જે સમયનું લખતા આ-વ્યા છિયે તેના સંબંધનો છે.

સારંગજીના વંશના ગોહિલ ભીમજીના હાથમાં લાઠી અને અ-ઠીલા હતાં, તેને ત્રણ કુંવર હતા, અને એક કુંવરી હતી, તે સોરઠના રાહને દીધી હતી; માટે એ સંબંધને લીધે તેના કુટુંબી સર્વે ઘણાંખરાં જૂનેગઢ રેહેતાં હતાં. જ્યારે મુસલમાનોની સેના, રસ્તે ચાલતાં હિંદુઓનાં દેવાલય ભાગતી લાઠી પાસે આવી ત્યારે આખા કુટુંબમાં પુરૂષમાં ભી-મજી ગોહિલનો ન્હાનો કુંવર હમીરજી માત્ર ઘેર હતો. તેના સાંભળ-વામાં આવી નઠારી વાત આવી ત્યારે તે પોતાની ભાભીને કેહેવા લાગ્યો કે, "મુસલમાનોની સેના સોમનાથનો નાશ કરવાને મનસુબે ચાલી આવેછે; પણ ક્ષત્રીયનું બીજ જો રહ્યું હોય તો મ્લેચ્છલોકો, હિંદુનાં દેવાલય તોડી શકે નહિ." તેની ભાભિયે ઉત્તર આપ્યું કે, "બીજું કોઇ ક્ષત્રીયનું બીજ નથી તો તમે છોકની!" હમીરે આવા શબ્દ સાંભળ્યા એટલે તેનું લોહી ઉકળી આવ્યું. એક પણ શબ્દ તે બોલ્યો નહિ; પણ બસેં માણસને લઇને ચાલ્યો, તે સિહોરની પશ્ચિમમાં, થોડે ગાઉને છેટે, સરો-ડનો ડુંગર છે ત્યાં તેનો મિત્ર વેગડો ભીલ રેહેતો હતો ત્યાં ગયો. તે હમીરે પોતાની વાત વેગડાને કહી; પણ ભીલ બોલ્યો, "જ્યારે કોઈ "મ્હોટા રાજા લડવાને આગળ પડતા નથી ત્યારે તું શું કરવાને જાયછે ? "આ મુસલમાન લોકોની સેના ઘણી બળવાન છે; તારા એકલાથી પાછી "કાહાડી મૂકાય એમ નથી." હમીર બોલ્યો,"હું તો ત્યાં જઇને લડીને મરીશ; પણ એક વાતનો મારા મનમાં ઘણો ખેદ થાયછે તે એ કે હું હજીસુધી પરણ્યો નથી.[૧]" આ ઉપરથી વેગડા ભીલે પોતાની સ્ત્રીની સલાહ લઇને પોતાની મ્હોટી પુત્રી તેને વેરે પરણાવી, હમીર ત્યાં એક રાત્ર રહ્યો ને તેની સ્ત્રિયે ગર્ભ ધારણ કરયો. તેના વંશના હાલ સુધી દીવ પરગણા-માં નાઘેરમાં છે તે ગોહિલકોળી કેહેવાયછે.

વેગડા ભીલે ત્રણસેં કામઠાંવાળા ભીલ એકઠા કરયા અને હમીર તથા તેના બસેં માણસોના ભેગો સોમનાથનું રક્ષણ કરવા ચાલ્યો.[૨] ખરે-

[૧] શાસ્ત્રમાં લખ્યું છે કે પુત્ર વિના પિતાની મુક્તિ થતી નથી, અને સ્વર્ગ પણ તેને મળતું નથી.

[૨] સુલતાન મહમૂદ બેગડે સોમનાથ ઉપર ચડાઈ ઈ. સ. ૧૪૯૦ માં કરી.

ખરી લડાઈ જામી ત્યારે વેગડો જે કિલ્લાની બાહાર રહીને લડતો હતો તેને હમીરે બારિયેથી અંદર બોલાવ્યો, પણ બીલે ઉત્તર આપ્યું કે, મારૂં નામ વેગડો (લાંબાં શીંગડાંવાળો બળદ) છે, તે હું બારીમાં શું કરવાને પેસું! પછી જેને જેમ ફાવ્યું તેમ, વેગડો પડયો ત્યાં સુધી લડ્યા.

(સોરઠો)

વેગડ વડ ઝુંઝાર. ગઢ બારિયે ગયો નહિ;
શિંગ સમારણુ હાર, અંબર[1] લગી અડાવિયાં. ૧

પછી તે લડાઇમાં હમીર પણ તરતજ મરાયો;

(સોરઠા.)

વેહેલો આવે વીર, સખાતે સામૈયાતણી
હીલોહલવા હમીર, ભાલાં અણિયે ભીમાઉત. ૨
પાટણ[2] આવ્યાં પૂર, ખળહળતા ખાંડાતણાં
સેલે માંહી શૂર, ભેંસાયણસો ભીમાઉત. ૩
વેળ્ય તાહરી વીર, આવી ઉલાટી નહિ;
હાકમતણી હમીર, ભેખડ હતી [3]ભીમાઉત. ૪
*ચંત ચલણુ તેં વાય, અંગ જે અણુસારો થયો;
ક્રમ તોય કુળ હેવાય, ભરતો આવે ભીમાઉત. ૫

---

૧ આકાશ.

૨ શિવ પટ્ટણમાં ખખડતા શસ્ત્રોનું પુર આવ્યું; તેમાં ઉધમાતી પાડાની પેઠે ભીમ ગોહિલનો પુત્ર શૂરવીર સેલ કરવા લાગ્યો.

૩ ઓ વીર! ભીમના પુત્ર હમીર તારો વેહેળો આવીને પાછો વળ્યો નહિ સાથી કે હાકમની ભેખડ આડી હતી.

*મનમાં તો પાછા ફરવાનો વિચાર ઉઠીને શરીરમાં પ્રેરણા થઈ પણ પોતાના કુળની ટેવથી ક્રમ એટલે ડગલાં ભરતો ગયો. ૫ અંગ્રેજીમાં એમ છે કે તારા શરીરનો આકાર ચાલણીના જેવો થયો તોપણ તારાં પગલાં તારા કુળને ઘટે તેવી રીતે તું આગળ ભરતો ચાલ્યો "આ છે તો સાર્થક અને" ચંત ચાલણી તણા "એવા કોઈ પાઠ ઉપરથી કરયો હશે પણ તેવો પાઠ ઘણી રીતે બરાબર બેસતો આવતો નથી.

ઓ વીર! ભીમપુત્ર હમીર હવે જીવીને કાંટાવાળાં જંગલ જોવાનાં રહ્યાં, અને તું આંબા રૂપ હતો તે તને મોર આવ્યા પછી તું વેગળો જતો રહ્યો. અંગ્રેજીમાં એવો ભાવાર્થ છે કે,—" ઓ વીર જેઓ પછવાડે જીવતા રહ્યા તેઓએ કાંટાનાં વન

વન કાંટાળાં વીર, જીવીને જોવા થયાં;
આંબો અળગ હમીર, ભાંગ્યો મોરી ભીમાઉત.[1] ૬

એભલ વાળાનો દીકરો ચાંપો જે જૂનાગઢની પાસે જેતપૂરનો રાજા હતો તે પણ એજ લડાઈમાં મરણ પામીને પછવાડે મુસલમાનોને ત્રાસ ઉપજાવનારૂં નામ કરતો ગયો.

" ઓ ! બાદશાહ એ ફૂલ ગયું તેથી નીરાંતે રહીશ નાહિ;
" ફૂલની ટોપલીમાંથી ચંપો[2] પાછો એક વાર ફરીને ઉછળશે.
" એભળનો પુત્ર "

એક બીજો ભાટ કેહે છે કે મહમૂદ બેગડાના વારામાં, રાણજી કરીને ગોહિલ ઠાકોરના કબજામાં રાણપુર હતું, તે ગોમા અને ભાદર નદીના સંગમ ઉપરના કિલ્લામાં રેહેતો હતો. એ ઠેકાણે પછવાડેથી અઝિમખાન ઉધેઈની[3] બાંધેલી ઈમારત હજાણું પણ છે. કેહેછે કે, મારવાડના રાજાને બે કુંવરિયો હતી, તેમાં એક રાણજી ગોહિલને પરણાવી હતી, અને બીજી પાદશાહને દીધી હતી. એક સમયે પાદશાહની બેગમ અને

---

જોયાં કેમકે આંખનું રક્ષણ કરનાર પોપચા રૂપી હમીર પ્રથમ નાશ પામ્યો હતો." આવો અર્થ બેસારા દીધો છે તેનું કારણ એવું ધારવામાં આવે છે કે આંબો એ શબ્દને બદલે આંખો એવો શબ્દ " બ " ને " ખ " ના હસ્તદોષથી સમજાવામાં આવ્યો હશે. ૬ ભા. ક.

૧ મહમૂદ ગજનવીની રીત પ્રમાણે ઘણા બંલવાન મુસલમાન સરદારો ચાલ્યા છે. તેમાં અમદાવાદનો સુલતાન મહમૂદ બેગડો આ સ્થળ ઉપર લશ્કર મોકલનાર છેલ્લો હતો એમ ગણવામાં આવ્યું છે. " એના સામો લાઠીનો ગોહિલ ઠાકોર "થયો હતો પણ તેનું કાંઈ ચાલ્યું નહતું. તે મરાયો હતો, અને મહમૂદ તેની "જગ્યા કબજ કરી લેવામાં જય પામ્યો અને તે સમય ત્યાં એક દેવાલય હતું "તે જગ્યાએ તેણે એક મસીદ બાંધી. હોલકરની રાણી અહિલ્યાબાઈયે થોડા "દિવસ ઉપર એક બીજું દેવાલય બંધાવીને મહાદેવની સ્થાપના કરી છે." કર્નલ વાકરના રિપોર્ટ ઉપરથી.

૨ ચંપો એ ચંપાનું ફૂલ અને ચાંપો એભલનો પુત્ર એ બે શબ્દ ઉપર અલંકારમાં કહ્યું છે.

૩ મુસલમાન સરકારનો અઝિમખાન ધાઝી સરદાર હતો. તેણે રાણપુરનો સુંદર કોટ બાંધ્યો તે વિના ( સન ૧૬૩૦ માં ) અમદાવાદમાં મદરેશાને માટે એક ઇમારત બાંધો હતી ( ત્યાર પછી તેને કેદ ખાનાની જગ્યા ઠરાવીને તેનું કદ હલકું પાડી નાંખ્યું છે.) અને બીજી એટલી બધી ઈમારતો તેણે બાંધી કે તેથી તેનું ઉધેઈ એવું ઉપનામ લોકોમાં પ્રસર્યું, કેમકે ઉધેઇ પોતાના ઉપર ઘર બાંધ્યા વિના રેહેતી નથી એવી તેની રીતિ છે તેને મળતી તેની રીતિ હતી.

તેની બેહેન, રાણુજીનાં ઠકરાણું પોતાને પિયર ગયાં હતાં, ત્યાં બેગમે પોતાની બેહેનને ભેગાં જમવા બેસવાનું કહ્યું, ત્યારે ગોહિલની રાણી બોલી કે, " તમે પાદશાહ વેરે પરણ્યાં છો, અને મારા સ્વામી પાદશાહના "પટાવત છે તેથી તમારા ભેગાં જમવા બેસવા જેટલી મારી યોગ્યતા નથી. આ પ્રમાણે તેણિયે બીજાં કેટલાંક બાહાનાં બતાવ્યાં પણ તેની મ્હોટી બેહેને હઠપકડીને ઘણો આગ્રહ કરવા માંડયો ત્યારે તેની ન્હાની બેહેને તેની ક્ષમા માગીને ખરેખરૂં કારણ કહી દીધું કે,—"તમે મુસલમાન વેરે પરણ્યાં છો તેથી હું તમારા ભેગી જમવા બેસું તો વટલું." આ વાત સાંભળીને બેગમને રીસ ચડી અને મનમાં એવો ઠરાવ કરયો કે, ગમે તેમ કરીને એને અમદાવાદ બોલાવીને મારા ભેગી જમાડવી.

પછી બેગમ પોતાના રાજધાની નગરમાં પાછી ગઈ તેવામાં રાણુજી ગોહિલ કાંઈ સરકારી કામ સારૂં ત્યાં ગયા. બેગમે પાદશાહને સર્વ વાત કહીને કહી રાખ્યું હતું કે, ગમે તેમ કરીને પણ મારી બેહેન અહિં આવે તેમ કરવું. આ સમયે રાણુજીના ઢોલિયાનો એક ચાકર વાંકમાં આવ્યાથી તેને કાહાડી મૂકયો હતો. તેને બેગમે પોતાની ચાકરીમાં રાખ્યો અને કહ્યું કે તું જઇને ઠકરાણાંને અહિ તેડી લાવ. ત્યારે ચાકરે કહ્યું કે રાણુજીના કાગળ વિના તે અહિં આવે નહિ. પણ જો તેની કાંઈ નિશાની દેખે તો આવે ખરાં. બેગમે આ વાત પાદશાહને કહી તે ઉપરથી પાદશાહે રાણુજી પાસેથી એક દિવસે તેની તરવાર જોવા સારૂં માગી લીધી, બીજે દિવસે કટાર માગી લીધો, અને ત્રીજે દિવસે હાથનું માદળિયું માગી લીધું. પછી ત્રણે વાનાં ચાકરને આપીને રવાના કરયો. ચાકર રાણપુર ગયો અને ઠકરાણાંને કેહેવા લાગ્યો કે, " હું તમારા ઢોલિયાનો ચાકર છું "તે તમે જાણોછો; અને રાણજિયે મને તમને તેડવા સારૂં મોકલ્યો છે, "તેની નિશાનીને વાસ્તે આ ત્રણ વાનાં આપ્યાં છે. જો તમે રાણુજીની આજ્ઞા "લોપશો તો તે તમારો ત્યાગ કરશે. વાસ્તે તમારે વેહેલાં પધારવું જોઇએ." આ વાત સાંભળીને ઠકરાણાંએ પોતાનો રથ જોડાવ્યો અને ચાકરની સાથે ચાલી. તે જ્યારે અમદાવાદની પાસે આવી પોહોંચી ત્યારે રસ્તામાં રાણુજીનાં માણુસ સામાં મળ્યાં તેઓએ રથ ઓળખ્યો એટલે તેની પાસે ગયાં. તે ઉપરથી પેલો કાહાડી મૂકેલો ચાકર નાશી ગયો. પેલા માણસ ઠકરાણાંને

રાણુજીને ઉતારે લઈ ગયા ત્યાં રાણુજિયે પૂછયું કે તમારે શા કારણ સારૂં આવવું પડયું ત્યારે તે બોલી કે હું તો તમારા તેડાવ્યાથી આવી છું. જૂઓ આ તમારી નિશાનિયો. રાણુજિયે જાણ્યું કે આમાં કપટ થયું.

પછીથી પાદશાહે રાણુજીને કેહેવરાવ્યું કે, "તમારાં ઠકરાણાંને અહિ "મળવા સારૂં મોકલો, જો પાંશરે પાંશરા મોકલશો નહિ તો હું જબરાઈથી આણીશ." રાણુજી ગોહિલે ના કહી તે ઉપરથી લડાઈ થઈ. પણ રાણુજિયે જાણ્યું કે હવે સામા થવામાં કાંઇ માલ નથી માટે કાંઇક યુક્તિ રચવી એમ ધારીને એક ચારણની દીકરીને ઠકરાણાંનો વેષ પેહેરાવીને પાદશાહને ઘેર મોકલી અને તેણિને હેમ ક્ષેમ ઘેર લઈ આવ્યો.

ચારણની દીકરી કાંઈ સાધારણ સ્ત્રી ન હતી પણ ખરૂં જોતાં શક્તિ હતી. તે ઉમેટાના દુદા ચારણની દીકરી થતી હતી. એક વાર રાણુજી તેણી મગ ખંડણી ઉઘરાવવાને ચડયો હતો ત્યારે તેનું પરાક્રમ તેના જાણવામાં આવ્યું હતું. તે એવી રીતે કેવા વર્શાદનું તોફાન થવાથી રાણુજી પોતાના અશ્વારોથી વિખુટો પડી ગયો, અને ફરતો ફરતો ઉમેટે આવી પોહોંચ્યો ત્યારે તેને તરસ લાગી એટલે પાસે એક છોકરી દીઠી તેની પાસે પાણી માગ્યું, એટલે તે જ્યાં બેઠી હતી ત્યાંથી તેણે લાંબો હાથ કરીને પાણી આપ્યું તે રાણુજીને ઘોડા ઉપર બેઠાં બેઠાં પાણી પોહોંચ્યું. આ ચમત્કાર જોઇને રાણુજી ઘોડા ઉપરથી ઉતરીને તેની પ્રદક્ષિણા કરીને તેને લાંબા થઇને પગે લાગ્યા. એટલે તે છોકરીનું નામ રાજબાઈ હતું તે પ્રસન્ન થઇને બોલી કે "વરદાન માગ" ત્યારે તેણે કહ્યું કે, "મારે "સંકટની વેળા આવશે ત્યારે હું તમને મારી ઓથે બોલાવીશ." તેણે તે વાત માન્ય કરી. અને ઉપર પ્રમાણે અમદાવાદમાં રાણુજી સંકટમાં આવ્યો ત્યારે તેણે તેનું સ્મરણ કર્યું તે ઉપરથી તે ત્યાં આવી. રાણુજી જ્યારે રાણપુર પાછો આવ્યો ત્યારે તેણે કિલ્લામાં રાજબાઈનું સ્થાનક કરાવીને તેમાં તેની મૂર્ત્તિ બેસારી અને તેને પોતાની કુળદેવી કરીને સ્થાપી.

ઉપર પ્રમાણે બનાવ બની રહ્યા પછી, એક ઘરડી મુસલમાન ડોશી અને તેનો દીકરો મક્કે યાત્રા કરવા સારૂં જતાં હતાં તેમણે રાણપુરમાં રાતવાસો કરયો. ભળકડું થતાંવ તજ છોકરાએ પોતાના સદાના નિયમ પ્રમાણે બાંગ પોકારવા માડી. તે સાંભળીને બ્રાહ્મણોએ જઇને ગોહિલને કહ્યું

કે, "આ મુસલમાને એવા યોગે બાંગ દીધી છે કે, આ ઠેકાણે મ્લેચ્છનું "રાજ્ય થાય." આવી વાત સાંભળીને ગોહિલને ક્રોધ ચડયો અને તેણે ડોશીને તથા દીકરાને પકડી મંગાવીને ધમકી દીધી કે, તમે મારે દરવાજે બાંગ દીધીજ કેમ. ડોશિયે ક્ષમા માગી કે, અમારા મનમાં કાંઇ કપટ નથી, પણ તેથી રાણજીનું મન માન્યું નહિ, અને તેણે તેના દીકરાને પોતાની તરવારના ઘાથી મારી નાંખ્યો, તે ઉપરથી ઘરડી ડોશિયે અમદાવાદ જઇને સુલતાનને ફરિયાદ કરી. એટલે જે બન્યું હતું તે મહમૂદ બેગડાએ પોતાના સર્વ ઉમરાવોને કહી સંભળાવ્યું, પણ કોઇયે ગોહિલ સામે લડવાને હામ બકી નહિ. છેવટે પાદશાહનો ભાણેજ ભંડેરીખાન તેજ દિવસે પરણ્યો હતો તોપણ રાણપુર ઉપર ચડવાને તૈયાર થયો. એટલે સુલતાને તથા બીજા અમીરોએ તેને ના પાડી, પણ તેણે કહ્યું કે, હું અલ્લાની ખાતર લડીશ. તે ફોજ લઇને ધંધુકા સુધી ગયો. ત્યાં રાણજી ગોહિલ જઇ પોહોંચ્યો અને ખરેખરી લડાઈ જામી. લડાઈ ઘણી વાર સુધી ચાલી, અને રાણજી પાછો હઠતો હઠતો રાણપુરના દરવાજા સુધી આવ્યો. તેણે પોતાનાં ઠકરાંણાંને કેહેવરાવ્યું કે મારૂં છત્ર તમારી નજરે પડતું બંધ થાય ત્યારે તમે તમારો જીવ કાહાડી નાંખજો કે મુસલમાનોના હાથમાં પડો નહિ. પણ લડાઈ ચાલતી હતી તેવામાં છત્ર ધરનારને તરસ લાગી એટલે પાણી પીવાને તેણે છત્ર નીચે મૂક્યું. તે ઉપરથી રાણિયોએ જાણ્યું કે આપણા સ્વામી પડ્યા એટલે કિલ્લામાં કૂવો હતો તેમાં સર્વે પડીને મરણ પામી. આ કેર ગુજર્યા પછી પણ રાણજિયે લડવાનું જારી રાખ્યું હતું, તથાપિ આખરે તે રાણપુરના દરવાજા આગળ પડયો, અને મુસલમાનોએ કિલ્લામાં પ્રવેશ કરયો, પણ તેના પેહેલાં તેઓનો બાહાદુર સરદાર ભંડેરીખાન મારયો ગયો હતો. ત્યાર પછી મહમૂદ બેગડાએ રાણપુર, મૂળીના હાલાજી પરમારને આપ્યું હતું, તે હાલાજી રાણજીનો ભાણેજ થતો હતો.

હાલાજીની વાત નીચે પ્રમાણે છેઃ—જટ લોકોનો મ્હોટેરો તે સમયે સિંધમાં રેહેતો હતો, તેને ઘણી રૂપવંતી દીકરી હતી, તેનું નામ સુમરીબાઈ હતું, તેને બલાત્કારથી બાદશાહે પોતાના જનાનખાનામાં આણવાનો પ્રયત્ન કરયો. તેટલા માટે સત્તરસેં જટ લોકો સિંધમાંથી નાશીને મૂળી ગામ આવ્યા. તે વેળાએ સોડાપરમારના વંશના બે ભાઈનો

હાથમાં મૂળી હતી. તેમાં એકનું નામ લખધીરજી હતું અને બીજાનું નામ હાલોજી હતું. જટ લોકોએ કહ્યું કે, સિંધનો પાદશાહ નક્કી અમારી પછવાડે લશ્કર મોકલશે, માટે જો તમે અમારૂં રક્ષણ કરી શકો એમ હોય તો અહિં રહિયે, નહિકર અમે આગળ જઇશું. પરમારોએ પ્રતિજ્ઞા કરીને કહ્યું કે, જ્યાં સુધી અમારા ધડ ઉપર માથું હશે ત્યાં સુધી અમે તમને હરકત થવા દઈશું નહિ. આ ઉપરથી જટ લોકો મૂળીમાં રહ્યા.

પછી તરતજ સિંધના પાદશાહનું લશ્કર આવ્યું, અને તે ઘણું બળવાન હતું તેથી પરમારોએ જાણ્યું કે, આપણા ગામને કોટ નથી, માટે તેમના સામો ટકાવ કરવાને આપણને ઘણું કઠિન પડશે. આવું વિચારીને મૂળીની પશ્ચિમમાં પંદર ગાઉ ઉપર માંડવનો ડુંગર છે તેની ઝાડીમાં જઇ રહ્યા. પાદશાહનું લશ્કર તેમની પછવાડે ત્યાં ગયું. અને ઘણા દિવસ સુધી લડાઈ ચાલી. છેવટે પરમારનો એક હજામ ફૂટ્યા તે શત્રુને જઈ મળ્યો, અને માત્ર એકજ કૂવામાંથી પરમારોને પાણી પૂરૂં પડતું હતું તે કૂવો તેણે બતાવી દીધો. મુસલમાનોએ એક ગાયનું માથું કાપીને કૂવામાં નાંખ્યું; તેથી પરમારોને હવે સલાહ કરવાની અગત્ય પડી, એટલે તેઓએ જટની દીકરીને નસાડી મૂકાવી, અને લખધીરજિયે પોતાના ન્હાના ભાઇ હાલાજીને ઓળમાં મૂક્યા. પેલી કન્યા નાશીને વણોદ ગઈ અને ત્યાં જીવતી ડટાઈ તેના ઉપરની ઘોર હજી સુધી જોવામાં આવેછે.

લખધીરજિયે જઇને ગૂજરાતના સુલતાનનો આશ્રય માગ્યો, તે ઉપરથી અમદાવાદથી લશ્કર નીકળ્યું.[1] ભૂજદેશમાં લડાઇ ચાલી તેમાં સિંધિયો હારચા અને હાલાજીને મૂકાવીને રાજધાનીમાં લાવ્યા.

---

૧ આ વખતે કચ્છની ગાદિયે નીચેની વંશાવળીના દશમા રાજા—જામ હમીરજી હતા. તેની રાજધાની હબાયમાં હતી અને ભુજ તે પછી વસ્યું.

૧ જામ લાખો જાડાણી (લાખોજી) (કચ્છની ગાદિયે)
ઈ. સ. ૧૧૪૭–૧૧૭૫

૨ રાયધણજી
ઈ. સ. ૧૧૭૫–૧૨૧૫

૧૫૭ દેદોજી | ૩ ઓઠોજી ઇ. સ. ૧૨૧૫—૧૨૫૫ (આના વંશજ કચ્છના રાજકર્તા છે) | ગજણજી (આના વંશજ જામનગરના રાજકર્તાછે.) | હોથીજી

હાલોજી પરમાર મુસલમાન ધર્મમાં ગયો તે ઉપરથી મહમૂદ બેગડાએ કેટલાંક પરગણામાં પસાયતું આપ્યું. તે લેવાની તેણે ના પાડી અને કહ્યું કે મારા કુટુંબિયોના જાણવામાં નથી કે મારી કેવી સ્થિતિ થઇ છે, માટે રાણપુર શેહેર જે ઉજ્જડ થઈ ગયું છે અને જે મારા મામા રાણજી ગોહિલના તાબામાં હતું તથા પાદશાહે ખેડાવીને માંહ મીઠું વવરાવ્યું છે તે આપો. પાદશાહે રાણપુર તેને સોંપ્યું, ત્યારે હાલાજિયે તામ્રપટ ઉપર લેખ કરી આપવાનું કહ્યું, પણ પાદશાહે કહ્યું કે, તમે મુસલમાન થયાછો તે કંઈ વીસરી જવાય એવું નથી, માટે લેખની કશી અગત્ય નથી.

લખધીરજી પરમાર તો પોતાનાજ ધર્મમાં રહ્યા અને તેના પૂર્વજોએ મૂળીની જાગીર મેળવી લીધી. તેનું મરણ કેવા પ્રકારે થયું તે નીચેની વાત ઉપરથી જણાયછે:—

| | |
|---|---|
| ૪ ગાહોજી | હાલોજી |
| ઇ. સ. ૧૨૫૫-૧૨૮૫ | |
| ૫ વેહેણજી | રાયધણજી |
| ઈ. સ. ૧૨૮૫-૧૩૨૧ | |
| ૬ મૂળવોજી | કુમેરજી |
| ઈ. સ. ૧૩૨૧-૧૩૪૭ | |
| ૭ કાંયોજી | હરધોળજી |
| ઇ. સ. ૧૩૪૭-૧૪૧૪ | |
| ૮ આમરજી | હરપાળજી |
| ઈ. સ. ૧૪૧૪-૧૪૨૯ | |
| ૯ ભીમજી | ઉન્નડજી |
| ઈ. સ. ૧૪૨૯-૧૪૭૨ | |
| ૧૦ હમીરજી | તમાચીજી |
| ઇ. સ. ૧૪૭૨-૧૫૦૬ | |
| ૧૧ રાવ ખેંગારજી | હરભમજી |
| ઈ. સ. ૧૫૧૦-૧૫૮૬ | |
| (ભુજમાં ગાદી સ્થાપી.) | હરધોળજી |
| | લાખોજી |
| | જામ રાવળજી (નવાનગરની ગાદી સ્થાપી) — હરધોળજી (ધ્રોળ) |

સાણંદના ઠાકોરે રાણીસર ગામ એક ચારણને પસાયતું આપેલું તેના વંશમાં રળિયો ગઢવી નામે થયો, તે બુદ્ધિવાળો અને ખરેખરો મશ્કરો હતો. તે વેળાએ દેશમાં લૂંટફાટ બહુ ચાલતી હતી, પણ ચારણનું ગામ કોઈ લૂંટતું નહી, તેથી આસપાસના ગામોના રેહેવાસિયો પોતાની માલમતા સાચવવા માટે ત્યાં મૂકી આવતા. તે વાત બોડી મોગલના જાણવામાં આવી એટલે તે રાણીસર લૂંટવાને આવ્યો. ગામ લૂંટ્યા પછી હલ્લો કરનારાઓ રળિયા ગઢવીને તેના કબીલા સહિત બાંધીને ગામના બીજા લોકો સુદ્ધાંત લઈ ચાલ્યા. પછી પેહેલે મુકામે રાત રહ્યા. ત્યાં રળિયો અર્ધીરાતે ઉઠીને રડવા કકળવા લાગ્યો. મુસલમાનોએ તેને પૂછ્યું કે તું શું કરવાને રડેછે? તે બોલ્યો, મારે કકળવાનું મ્હોટું કારણ છે, તે તમારા સરદારવિના હું બીજા કોઇને કેહેનાર નથી. બોડી મોગલને તે વાતની જાણ કરવા ઉપરથી તે પિંડે આવ્યો. ત્યારે ગઢવિયે કહ્યું કે મને અને મારા કબીલાને છોડી મૂકો તો તમે માગો એટલી ખંડણી આપું. મોગલે પૂછ્યું કે હવે તે તારો પૈસો ક્યાં રહ્યો હશે? તેણે કહ્યું કે માદળિયામાંથી મને ચિઠ્ઠિ જડી છે તેમાં મારા બાપની દાટેલી પૂંજીની નિશાની લખેલી છે. મોગલે તેની સાથે પાંચસો માણસો મોકલીને કહ્યું કે જો એ એક લાખ રૂપિયા આપે તો એને છોડી મૂકજો. એ[illegible]ણ મુકામે હળવદની પાસે ટીકરના રણ સમીપે આવ્યા. એટલે ગઢવી એક બેટ બતલાવીને બોલ્યો કે મારૂં ધન પણે દાટેલું છે, માટે ત્યાં ઘોડાં દોડાવીને આપણે જઇ પોહોંચિયે. તેણે પોતાનો ઘોડો મારી મૂક્યો ને તેની પછવાડે બીજાઓએ પણ પોતાના ઘોડા મારી મૂક્યા, તેમને એક કાદવવાળી જગ્યામાં લઈ ગયો, ત્યાં તેઓ સારી રીતે સપડાઇ ગયા એટલે વઢવાણ ભણી નાઠો. તેણે રાજાને કહ્યું કે હું રજપૂતોનો ચારણ છું, માટે મારા કબીલાને મોગલો પાસેથી છોડાવો. વઢવાણના રાજાએ કહ્યું કે તું જઇને મળીના સોઢા પાસેથી આશ્રય લઈ આવ્ય, એટલી વારમાં હું મોગલો સામો જાઉંછું. તેણે તે પ્રમાણે કર્યું. રળિયો મૂળી ગયો, ને પોતાની વાત કહી, એટલે લખધીરજી પાંચસે પરમારો લ ને ચડ્યો. તે નળકાંઠાની પાસે પનંગસર તલાવ પાસે બોડી મોગળને જઈ મળ્યો. ત્યાં સુધી વઢવાણનો રાજા ત્યાં આવી પોહોંચ્યો ન હતો; ત્યાં ભારે લડાઈ થઈ. છેવટે મોગલ પાસે થોડાં માણુસ રહ્યાં તેથી તે રાણીસરના બ્રાહ્મણની

એક દીકરી પોતાના ઘોડા ઉપર લઈને નાઠો. લગધીરજી પાછળ ધાયો અને અર્ધ ગાઉ જતાં લગભગ આવી પોહોંચ્યો. મોગલે પાછું મ્હો કરીને જોયું તો લખધીરજીને એકલો દીઠો, એટલે પાછો ઘોડો ફેરવીને તેના ઉપર ઘા કરયો પણ તે ખાલી ગયો; લખધીરજિયે પણ પોતાના શત્રુ ઉપર ઘા કરયો તે પણ ખાલી ગયો; બંનેના ઘોડા ભડકીને ઝાડ થયા એટલે બંને નીચે પડ્યા, અને ઉઠીને બાથંબાથા કરવા લાગ્યા. પ્રથમ લગધીરજી નીચે પડયો પણ પેલી બ્રાહ્મણની દીકરિયે તેને આશ્રય આપ્યો તેથી મોગલને નીચેં નાંખ્યો. ને તેણિયે તેને પોતાની કમર સંભાળવાનું કહ્યું, એટલે લખધીરજિયે કમરમાંથી કટાર કાહાડીને મોગલને મારયો. તે મોગલે તેજ ક્ષણે પોતાની કમરમાંથી છરો કાહાડીને તેના પેટમાં ખોશ્યો. તેથી બન્ને મરણ પામ્યા. લખધીરજીના માણસોએ મોગલની છાવણી લૂંટીને પોતાના ઠાકોરની લાસ ખોળી કાહાડીને દાહ દીધો, તથા તે જગ્યાએ એક પાળિયો ઉભો કરયો, ને બ્રાહ્મણીને રાણીસરમાં તેના બાપને સોંપી.

મૂળીના + પરમાર આજ સુધી તેમની હિંમતને લીધે પ્રખ્યાત છે.

---

+ સોઢા પરમાર ૧ લખધીરજી ( મૂળી ) સિંધના થળપારકરથી આવ્યા.

- ૨ રામોજી
  - ૩ ભોજરાજજી
    - ૪ સામતસિંહજી
      - ૫ લખધીરજી (બીજા)
        - ૬ ભોજરાજજી (બીજા)
          - ૭ ચાચોજી ( એને સેજકપરના ભાચાજિયે મારયા.)
            - ૮ રત્નજી
            - રામોજી
        - સતોજી
        - વીશોજી
      - હાલોજી ( પાછળથી મુસલમાન થયો. રાણપુર મળ્યું )

        આ બન્ને ભાઇઓએ સિંધના જત લોકોને આશ્રય આપ્યો હતો.
  - સુજોજી (માલોઢ)
- દાલ્લજી (ગઢાદ)

અને જતલોકોનું રક્ષણ કર્યું હતું, તેથી તે લોકો તેના સંભારણામાં ઘણું આદરમાન રાખેછે. લખધીરજી અને હાલાજીનો ન્હાનો ભાઇ પોતાના વચટ ભાઈનું જોઇને મુસલમાન થયો; તેને બોટાદનાં ચોવીસ ગામ મળ્યાં, તે તેના વંશમાં ઘણી પેઢી સુધી રહ્યાં. પછીથી તેઓ ધોળકાના તાલુકદારને નામે ગૂજરાતમાં ઓળખાવા લાગ્યા.

---

(રત્નજીને અમીનખાન ગોરિયે મારી રાજમાં થાણદાર મૂક્યો હતો પણ તેના દોસ્ત જાળિયા ઝાલાએ થાણદારને માર્યો ને પોતે પણ મરાયો. પછીથી પાછું પરમારોને રાજ મળ્યું.)

૯ કણજી
૧૦ જગદેવજી
૧૧ રામસિંહજી
૧૨ રાયસિંહજી
૧૩ રત્નજી (બીજા)
૧૪ કલ્યાણસિંહજી
૧૫ મુંજોજી
૧૬ રત્નજી (ત્રીજા)
૧૭ કલ્યાણસિંહજી (બીજા) ઉરફે બાપજી

૧૮ રામોભા (ઇ. સ. ૧૮૦૭-૮ માં કર્નલ વૉકરનો કાઠિયાવાડમાં ખંડણી સંબંધી તપાસ ચાલતો હતો.)

૧૯ વખતસિંહજી    ૨૦ સુરતાનજી

મૂળીના તાબામાં ૧૩૪ ચોરસ મૈલ જમીન, ૧૯ ગામ, આશરે વીશ હજાર માણસની વસ્તી, અને વાર્ષિક ઉપજ સુમારે પચાશ હજાર રૂપિયાની થાયછે. તેમાંથી ઈંગ્રેજ સરકારને જમાબંદી અને જૂનાગઢના નવાબ સાહેબને જોરતલબી મળી કુલ રૂ. ૯,૩૫૪ આપેછે.

## પ્રકરણ ૬.

### મહમૂદ બેગડો.

મહમૂદ સિંધ ઉપર ચડાઈ કરીને પાછો આવ્યો ત્યાર પછી તેણે જગત (દ્વારકા) અને બેટના ચાંચવા નાયકો ઉપર ચડાઈ કરી; તે કરવાનું કારણ એમ બન્યું કે, એક ધર્મી માણસ (મૌલાના મહંમદ સમરકંદી) બહુ શીખેલો વિદ્વાન હતો, તે તેને દેશ ઓર્મઝ વાહાણમાં બેશીને જતો હતો. તે વાહાણને ચાંચવાઓએ જગતના બંદરમાં વાળી આણ્યું, "અને કાળા મનના બ્રાહ્મણોએ ખોટી સલાહ આપી તે ઉપરથી કાફરોએ" ત્યાં તેને લૂંટી લીધો. મુસલમાનોએ અતિ સંકટ સહન કરીને જગત અને બેટનો કબજો કરી લીધો, અને રજપૂતોનો સરદાર રાજા ભીમ હતો તેને કેદ કરી લીધો, ત્યાર પછી પેલા વિદ્વાનની ઉશ્કેરણી ઉપરથી તેને અમદાવાદ શેહેરની આસપાસ તણાતો ઘસડાવીને ઠેર કરયો કે, તેનો દાખલો જોઇને બીજા કોઈ એવી ચાલ ચલાવે નહિ.[1]

આ બનાવ બન્યા પછી તરતજ, મહમૂદને પદભ્રષ્ટ કરવાને અને તેના કુંવર મુઝફ્ફરને ગાદી ઉપર બેસારવાના ઈરાદાથી મુસલમાન ઉમરાવો માહેથી એક ટોળી ઉભી થઈ.[2] ચાંપાનેરના કિલ્લા ઉપર ચડાઈ કરીને

---

૧ સુલતાને દ્વારકાનું મંદિર તોડી મસ્જીદ બનાવવામાં ફોજ લગાડી. ત્રણ ચાર માસની રોકાણ થઈ તેટલામાં બેટ ઉપર ચડી જવાને વાહાણો તૈયાર કરાવ્યાં. રાજા ભીમે બાવીસ વેળા જંગ મચાવી. છેવટે મહમૂદ બેટમાં ઉતરયો ને ઘણા રજપૂતોને કતલ કરયા. ભીમ ન્હાની હોડીમાં બેશીને ભાગતાં પકડાઈ ગયો.

૨ મહમૂદે પોતાના રાજ્યનો ઘણો વિસ્તાર થયેલો જોઇને રાજ્યની સારી વ્યવસ્થા રેહેવા માટે પોતે મુસ્તફાબાદ (જૂનાગઢ) માં રેઠાણ રાખ્યું અને રાજ્યના વિભાગ નીચે પ્રમાણે ઠરાવ્યા.

બેટ અને દ્વારકાં ફર્હતુલમુલ્કને સોંપ્યું.

સોનગઢ ઈમાદુલમુલ્કને સ્વાધીન કર્યું.

ગોધરા કિવામુલમુલ્કના તાબામાં કર્યું.

અમદાવાદ ખુદાવંદખાનના હાથમાં રાખ્યું.

આ ચાર સરદારોમાંથી ખુદાવંદખાન હતો તે સુલતાનના શાહજાદા મુઝફ્ફરનો ઉસ્તાદ હતો. તેણે રાયરાયાન અને બીજા સરદારોની સાથે મળી જઇને રમઝાન મહિનાની ઈદને દિવસે ગોઠવણ કરવા ઈમાદુલમુલ્કને પણ બોલાવ્યો. તેણે પોતાની ફોજ અમદાવાદમાં આણી, પણ શાહજાદાને ગાદિયે બેસારવાનું

તેના ઉમરાવોને કામે લગાડી દેવા વિષેની પાદશાહને આજ વેળાએ સલાહ આપવામાં આવી. પણ ટોળીવાળા તેમના દુષ્ટ કામમાં ફળીભૂત થાય એવું રહ્યું નહિ, તેથી કરવા ધારેલી ચડાઈ કેટલાંક વર્ષ સુધી મુલતવી રહી, તે ઈ૦ સ૦ ૧૪૮૨ માં કરવાને તૈયાર થયો; પણ આ વેળાએ સુરતની દક્ષિણના વલસાડના ચાંચવાઓનું બળ દરિયામાં એટલું બધું વધી પડ્યું હતું કે તેઓ વ્યાપારને ખલેલ પોહોંચાડતા હતા એટલુંજ નહિ, પણ તેમના તરફથી હલ્લો થવાની ધાસ્તી ઉત્પન્ન થઈ હતી, માટે મહમૂદનું લક્ષ તેમના ઉપર દોડ્યું. તે એક દરિયાઈ નાખુદા થયો; ખંભાત આગળ તેણે દરિયાઇ કાફલો તૈયાર કરયો, અને કમાનવાળા, બંધુકોવાળા અને તોપવાળા સહિતની ફોજ વાહાણોમાં ચડાવીને ચાલ્યો; પછી શત્રુઓને નસાડતાં તેમની સાથે કેટલીક ઘડી સુધી દોડતાં લડાઇ થઇ; તેમાં તેણે ચાંચવાઓનાં કેટલાંક વાહાણ પકડી લીધાં. ત્યાર પછી એજ વર્ષની છેક આખેરિયે તેણે ચાંપાનેર ઉપર ચડાઈ કરી, તે વિષે અહિ લખવા માંડિયે તેના પેહેલાં ઇડર સંબંધી આ ઠેકાણે થોડુંક લખવાની અગત્ય છે.

નારણદાસનો ભાઈ રાવ ભાણ હતો તેના ઉપર પોતાની કુંવરી, મહમૂદના બાપ મહંમદશાહ વેરે પરણાવવાનો બલાત્કાર થયેલો જણાયછે. મુસલમાની ઇતિહાસકોએ તેને બીર અથવા વીરરાજા કરીને લખ્યો છે. ઈડરવાડામાં જેભારાની વાવ છે તેમાં એના વિષેનો લેખ છે તે ઉપરથી તારીખ માલમ પડેછે એટલુંજ નહિ, પણ તેના નામમાં ફેરફાર થઈ ગયો છે તેનો ખુલાસો થાયછે. રાવનાથી અચાનક એક ગાય મારી ગઈ

થયું નહિ. છેવટ કેશરખાન કરીને ખાનગી ખાતાનો ઉપરી હતો તેણે છાની રીતે સુલતાનને બધું જાહેર કરી દીધું એટલે તે લાગલો જ ગોધે ગયો અને ત્યાંથી વાહાણમાં બેશીને ખંભાત આવ્યો. દગો કરનારામાંથી ત્યાં તેને માન આપવા મુઝફ્ફર સહિત આવી પોહોચ્યા. ત્યાં પેહેલી કચેરી થઈ ત્યારે મહમૂદે કહ્યું કે, મુઝફ્ફર હવે સમજુ થયો છે અને કેટલાક સરદાર મારા કરતાં તેને ગાદિયે બેસાડવાને પસંદ કરે છે તો હું તેમ કરી મક્કે જવાને રાજી છું, પણ ઈમાદુલમુલ્કે તેને અમદાવાદ જવાને અરજ કરી તેથી તેના ભણીનો ભય ન રાખતાં તે અમદાવાદ જવા નીકળ્યો અને કહ્યું કે મને મક્કે જવાની સરદારો કબુલાત આપશે નહિ ત્યાં સુધી હું કશુ ખાઈશ નહિ સરદારો તેનો ભેદ સમજી ગયા અને ઇમાદુલમુલ્કના કેહેવાથી બુઢા નિઝામુલમુલ્કે સલાહ આપી કે ચાંપાનેર ઉપર જીત મેળવીને ત્યાંની લૂંટનો પૈસો આવે તે હજ કરવામાં વાપરવો. ઈમાદુલમુલ્કે સુલતાન આગળ બધો ભેદ જાહેર કરી દીધો.

હતી, તેના પાપના નિવારણને અર્થે તેણે એક વાવ બંધાવી હતી તેમાં લેખ રહેલો છે. "સંવત ૧૫૩૨ (ઈ૦ સ૦ ૧૪૭૬).ના ફાલ્ગુણ શુદિ "ચોથને સોમવારને દિવસે કામદુર્ગામાતા,—એ રામ, શ્રીરામ! પાણી "પીવાને આવી હતી તેને રાજા શ્રી શ્રી ભાણુવીરજિયે રામ શરણે પો- "હોંચાડી. એટલા માટે પાપ નિવારણ કરવાને અર્થે તેણે સોનાની ગા- "યનું દાન કર્યું; અને આ પાણી પીવાની જગ્યા બંધાવી." * * * ભા- ટલોકો કેહેછે કે, "રાવ ભાણ ગાદિયે બેઠો કે તરતજ તેણે પોતાના રાજ્ય- "ની સીમા નક્કી કરી. તેણે પ્રથમ તો શિરોઈનું લાસ ગામ મારીને "રોહીડા અને પોસીના વચ્ચે શેઢાનો ઘોડો બેસારયો. ત્યારપછી નાઈ "નદી ઉપર રાવ જેઠીજીની છત્રી છે ત્યાં બીજો શેઢો નક્કી કરયો; અને "તેની પેલીમેર છપ્પનપાળનો દેશ જે આજે ઉદેપુરને તાબે છે તે લીધો. "ત્યાંથી થાણા ઉપર ચાલ્યો, તે આગળ રાવનું થાણું કેહેવાતું હતું, તે "સોમા નદી ઉપર ડુંગરપુરથી સુમારે ચાર મૈલનેઅંતરે છે. ત્યાંથી સોમા "નદીને કિનારે કિનારે માલપુર અને મગોડી આવીને તે ઈડરના રાજ્ય- "માં મેળવી દીધાં; તેમજ કપડવણજ અને સાભ્રમતી સુધીનાં બાવન "પરગણાં પણ મેળવી દીધાં. અને તારિંગા તાબામાં લઈ લઇને સા- "ભ્રમતીને પોતાના રાજ્યની સીમા કરી દીધી; અને ત્યાંથી શિરોઇને "ઘોડે શીમાડો મેળવી દીધો." ઉપર પ્રમાણે તેણે પોતાનો સીમાડો નક્કી કરયો તે ઉપરથી આપણા જોવામાં આવેછે કે ઘણો પ્રાન્ત તેનો સ્વાધીનમાં હતો.

અહિયાં તારિંગાનું નામ લખવામાં આવ્યું તે જૈનના પ્રસિદ્ધ પવિ- ત્ર ડુંગરો માહેલો એક છે. જોકે તેનામાં શત્રુંજયનો દબદબો અને ગ- લાજાની સુંદરતા નથી તોયપણ તે રળિયામણો અને મનોહર છે. કુમા- રપાળનું બાંધેલું અજિતનાથનું ચૈત્ય છે તે ડુંગરની હારની વચ્ચે ઉંચી સપાટ ધરતીનો એક મ્હોટો ભાગ છે તે ઉપર આવી રહ્યું છે. પાલી- ટાણાના પ્રાસાદોની પેઠે જો કે, હવણાંના નવિન ફેરફારકરનારાઓથી તેને ખામી પોહોંચી છે તોયપણ તે તેમના કરતાં પૂર્વનો પૂજ્ય દેખાવ વધારે રાખી રહ્યું છે. તેની આસપાસ હવણાંનાં બનાવેલાં કેટલાંક ન્હા- નાં ન્હાનાં દેરાસર છે, અને ચાલ પ્રમાણે તેની પાસે સ્વચ્છ પાણીના કુંડ છે. ડુંગરા ઉપર દેવી તારણ માતાનું દેરું આવી રહ્યું છે, તેના ઉપરથી

તારિંગા નામ પડેલું છે; અને તે વેણીવચ્છરાજ અને નાગપુત્રી તેની સ્ત્રી હતી તેની વેળાથી છે, અને કુમારપાળે શ્રી અજિતનાથની સ્થાપના કરી તેના પેહેલાં તે જગ્યાએ ઈમારત હતી એમ જણાયછે. ડુંગરાની ચારે મગ ઘાડું જંગલ આવી રહેલું છે, તેથી તેમાં સર્વ કોઇને પેસવાને મહા કઠણ છે, અને જેની પાસે ભોમિયો હોતો નથી તેનાથી તો ઘણું કરીને પેસાય એવું છેજ નહિ. તેમાં વિશેષે કરીને ચડાઇ કરવાને શત્રુ આવ્યો હોય તેનાથી તો હામ બકાય એમ છેજ નહિ. સેહેલાઈથી રક્ષણ થઈ શકે એવા બે રસ્તા છે, ત્યાં થઇને જ્યાં દેરાં છે તે ચોગાનમાં જવાયછે, અને ઈડરમાં છે તે પ્રમાણે મૂળથી જેટલો ભાગ કિલ્લા જેવો નથી તેટલો ભાગ ચણી લેવામાં આવ્યો છે. આસપાસનાં શિખર છે, તેમાંથી ત્રણ ઉપર ધોળી છત્રિયો છે તે એટલી બધી તેજ મારેછે કે, અજિતનાથના પવિત્ર સ્થાનની જગ્યા, થાકી ગયેલા યાત્રાળુને દર્શાવવાને, અને અંધારી ઘોર કંન્દરી ( ગુફા ) અને ઘાડા જંગલમાં દિવસના ફાનસનું કામ સારવાને તે વારે ઘડિયે કામ લાગેછે.

ઈ૦ સ૦ ૧૪૭૧ માં મહમૂદશાહે, ગિરનારની પાસેના મુસ્તફાબાદ નામના નવા શેહેરમાં પોતાની ગાદી કરી અને અમદાવાદમાં તેની વતી કામ ચલાવવાને મોહફેજખાનનું પદ આપીને પોતાના એક સત્તાવાન અધિકારીને ઠરાવ્યો. તેના દીકરા મલેક ખિઝરે પાદશાહની ગેરહાજરીમાં હુકમવિના [1]વાગડ અને શિરોઈના ઠાકોર તથા ઈડરના રાવ ભાણ ઉપર ચડાઈ કરીને તેમની પાસેથી ખંડણી લીધી.

રાવ ભાણ આ વેળાએ ચાંપાનેરના રાવળની સામે લડાઈ કરવામાં ગુંથાયો હતો, તેને તે કેદ કરીને પોતાની સાથે ઇડર લઈ આવ્યો અને છ મહિના સુધી તેને કેદમાં રાખીને પછી છોડી મૂકયો. આ કજિયો થવાનું કારણ ઘણું તરેહવાર છે. કેહેછે કે, રાવ ભાણ શરીરે દુબળો અને રંગે કાળો હતો તેથી એક નાટક થતું હતું તેમાં વિદૂષકને રાવળે રાવ ભાણનો વેશ લેવરાવીને અને તેની ખાંપણો કહી સંભળાવીને સભાને ખુશ કરી, તે વાત રાવ ભાણના જાણવામાં આવી એટલે તેને ક્રોધ ચડયો. નીચેની કવિતા રાવળની રાણી કેહેતી એવી ધારણા કરવામાં આવી છે તે ઉપ-

[1] આ વાગડ કચ્છનું નહિ પણ ઈડર નજીકનું.

રથી રાવ ભાણની શક્તિનો તેના શત્રુના હૃદયમાં કેવો દાબ બેશી ગયો હશે તે બતાવી આપેછે:—

छपय.

जब मेवर संचरुं, वडे हय खरके घुघर;
जव अलंगण अधिक, अंगडर सेवे भर;
जब कंकण खळकंत, पेख मन पटा पहारह;
जब कुंडल झलकंत, गणे शत्रु खग अंगारह;
भडकंत थोहड राव भाणसे, करे वास अवासगर;
केम रमुं कंथ कामनी कहे, सेज सोहतां रंगभर.

રાવ ભાણ અને તેની રાણિયે ઈડરમાં ભાણસર અને રાણીસર નામે તલાવ બંધાવ્યાં હતાં; તેમજ વડાલી, દધાલિયા અને બીજી જગ્યાઓએ પણ તેનાં બંધાવેલાં તળાવ છે. વળી ભાટલોકો ખાતરીથી કેહેછે કે, મહમૂદ બેગડાએ ચાંપાનેરની જીત કરી તેમાં રાવ ભાણ મુખ્યત્વે કરીને સહાયકારી હતો, અને કદાપિ એ વિષે મુસલમાન ઇતિહાસકોએ કાંઈ લખ્યું નથી, તોપણ તેને રાવળ સાથે પ્રથમથી કજિયો હતો એ ઉપરથી ઘણું કરીને શકય લાગેછે કે શાહની ફોજમાં ઈડરનો રાવ પણ સામેલ હશે.

ચાંપાનેરનો કિલ્લો વનરાજના સાથી જાંબ અથવા ચાંપાએ સ્થાપ્યો હતો માટે તેના નામ ઉપરથી તેનું નામ પડેલું છે; વળી તે પવનગઢ (પાવાગઢ) ના નામથી પણ પ્રસિદ્ધ છે. તેની આસપાસ નિરંતર પવનના સપાટા લાગ્યાં કરેછે. તેથી એ નામ તેને ખરેખરૂં યોગ્ય છે. કાલિકા માતાએ પોતાને મન ગમતું રેહાણ ત્યાં કર્યું છે તેથી પણ તેની પ્રસિદ્ધિ છે. તેનું દેરૂં ડુંગરના શિખર ઉપર છે. અને આ પૂજ્ય પર્વતવાસી માતાની આણ બહુ માનથી તેના ઘણા રજપૂત પટાવતો માનેછે. પવનગઢ બહુધા નોખો પડી ગયેલો છે, તે ગૂજરાતના પૂર્વ પરગણામાં આવેલો છે. તેની કેટલીક બાજુએ ઉભા ખરાબા જોવામાં આવેછે; તેનો ઉભો ચડાવ સર્વ ઠેકાણેથી રક્ષાયલો છે, અને મેદાન ઉપર રહીને જોનારાને કૃત્રિમ કિલ્લા જેવો દેખાયછે. તે અતિ ભયંકર ઉંડાઈની ખાડીનો ઢાળાવ થયેલો જે ખરાબો તેનો ખરેખરો સ્વાભાવિકજ બનેલો છે. તેની ઉત્તર ભણીની તલાટીમાં હિંદુ રાજાઓના નગરનું ખંડેર છે, ત્યાં પડી ગયેલા ઘુંમટ અને ભાગી ગયેલા મિનારા, સૂકા અને રેતાળ જંગલમાંથી દેખા દઈ એવું સૂ-

ચ્યવેછે કે મુસલમાનની રાજધાની તરીકે એ શેહેર એક વાર મહમૂદાબાદ કેહેવાતું હતું.

સ્કોટલાન્ડના બાર વંશની પેઠે ચાંપાનેરના હિંદુરાજાઓનું મૂળ તેમના પૂરાતનપણાએ કરીને હાથ લાગતું નથી. ચાંપાનો કિલ્લો ચોહાણોના હાથમાં ક્યારે આવ્યો એ વિષેની કલ્પના કરવી નકામી[1] છે. હિંદુસ્થાનના સર્વ રાજવંશોમાં જે વંશને રણમધ્યેના શૂરપણાની શ્રેષ્ઠતા આપવામાં આવેલી તે વંશની શાખાના પવનગઢના પાવઈ છે, અને આ ઠેકાણે ખાતરીપૂર્વક જણાવવું જોઈયે કે તેવા વંશની શાખા થવાને તેઓ અયોગ્ય છે એમ નથી. રાવળ ગંગદાસ મહમૂદશાહની સામે થયો હતો તેને વિષે અમે લખ્યું છે. હવણાં અમે જેને વિષે લખિયે છિયે તે એનો કુંવર જયસિંહ છે. ફેરિસ્તા તેને બેનીરાય લખેછે, અને હિંદુ દંતકથામાં તે ફૂટાઈ (પતાઈ) રાવળને નામે મશહુર છે.

ચાંપાનેરના રાવળે જાણ્યું કે, મહમૂદ ચડાઈ કરવાની તૈયારી કરેછે એટલે પ્રથમ તો જુસ્સાથી બાહાર નીકળી પડયો, અને શાહના મુલ્કમાં આગ સરખી તરવાર ચલાવા લાગ્યો, પણ પછીથી તો તે જાણે પોતાનાજ

---

1 કેહેછે કે ચહુઆણના મૂળ પુરૂષ અણહલને વસિષ્ટ મુનિએ આબુ ઉપરના અગ્નિ કુંડમાંથી પેદા કરયો. તેના પછીના અજયપાળે અજમેર વસાવ્યું ને ત્યાં રાજ્ય ગાદી કરી. તેના વંશજ માણકરાયે "સંભરના રાવ" એવી પદવિ ધારણ કરી. એના વંશમાં વીશળદેવ પ્રખ્યાત થયો.. તેના વખતમાં રજપૂતોની જમીન મુસલમાનોએ દબાવવા માંડી, તે પાછી મેળવવા વીસલદેવના ઉપરીપણા નીચે હિંદુસ્તાનના ઘણા રજપૂત રાજાઓ ભેગા થયા હતા. પણ ગૂજરાતનો સોલંકી રાજા ભીમદેવ પેહેલો આવ્યો નહિ, તેથી તેણે ગૂજરાતપર ચડાઈ કરી જય મેળવ્યો, ને પોતાને નામે વીશલનગર (વીસનગર) વસાવ્યું. એના વંશમાં પ્રખ્યાત પૃથ્વીરાજ ચહુઆણ થયો. દિલ્હીમાં શાહબુદ્દીન ગોરિયે એ રાજ્યનો નાશ કરયા પછી, પૃથ્વીરાજના વંશજ ત્યાંથી નાશી માળવામાં ગયા, અને "ગઢધારણ" માં ગાદી સ્થાપી. એ ગાદી સ્થાપનારનું નામ ખેંગારસિંહ હતું. એનો વંશજ ખીચી (ચહુઆણ) હમીર થયો તેણે અલાઉદ્દીન ખીલજીની સામે "રણસ્થંભોર" ની લડાઈમાં ઘણી બહાદુરી બતાવી નામ મેળવ્યું. તેના વંશજ પાલનદેવની સરદારી નીચે ખીચીઓ (ચહુઆણો) ગૂજરાતના પૂર્વ ભાગમાં આવ્યા, અને પાવાગઢની તળેટીમાં ચાંપાનેરનું રાજ્ય ભીલ પાસેથી જીતી લીધું. એના પછી રામદેવ, ચાંગદેવ, ચચીંગદેવ, સોનંગદેવ, પાલનસિંહ, જીતકરણ, કંપુરાવળ, વીરધવળ, શિવરાજ, રાઘવદેવ, ત્રીંબકભૂપ, ગંગદાસ, અને જયસિંહદેવ અનુક્રમે થયા. આ જયસિંહદેવ પતાઈ રાવળને નામે ઓળખાયછે.

સાહસ કર્મથી ભયભિત થઈ ગયો હોય તેમ તેણે શાહની પાસે ક્ષમા માગવાને દૂત મોકલ્યા. તેણે નાશ કરયો હતો તેથી મહમૂદે કોપાયમાન થઇને કશું પણ સલાહનું કેહેણ સાંભળ્યું નહિ, અને મુસલમાની ફોજની અગાડી થઈ આવેલા યોદ્ધાઓ ઈ૦ સ૦ ૧૪૮૩ ના માર્ચ મહિનાની ૧૭ મી તારીખે કાલિકાના ડુંગરની તલાટી આગળ આવી પોહોંચ્યા. ત્યાર પછી શાહ પણ પિંડે પોતાની આખી ફોજ લઇને ત્યાં આવી પોહોંચ્યો. રાવળ જયસિંહે ફરીને પાછું શરણ થવાનું કેહેણ કાહાડ્યું, પણ તે સ્વીકાર્યું નહિ, એટલે તેણે સાહસિકપણે અટકાવ કરવાનો પ્રારંભ કરયો. રજપૂતોએ ઘેરો ઘાલી બેઠેલા મુસલમાનો ઉપર નિરંતર હલ્લો કરવાનું જારી રાખ્યું, અને છેવટે તેઓએ એવા બળથી દેખાવ દીધો કે, એક વાર તેઓની સામે લડવાને મહમૂદને ઘેરો ઉઠાવવાની અગત્ય પડી. ઘણું તુમુલ યુદ્ધ થયું અને તેમાં હિંદુઓ છેક હઠી ગયા, તોપણ તેઓએ નિયમસર નાસેડું લીધું. મહમૂદે હવે ફરીને ઘેરો ઘાલ્યો, અને અગર જો કે તે શત્રુને ઘાસ દાણો અને ખોરાક પૂરાં પડવાનાં સાધન તોડી પાડવામાં કેટલેક દરજ્જે ફળદ્રુપ થયો તોયપણ પોતાને ઘણી તંગી પડવા માંડી તેથી નિરાશ થઇને તેના અસલના સહાયકારી માળવાના સુલતાનને કાહાવી મોકલવાની અગત્ય પડી. ગ્યાસુદ્દીને ફોજ એકઠી કરી, અને રાવળને આશ્રય આપવાની ઈચ્છા જણાવી, પણ મહમૂદ તેના ઉપર ચડી આવ્યો એટલે તેણે પોતાનો વિચાર જવા દીધો, અને શાહ ચાંપાનેર આગળ પોતાની ફોજને આવી મળ્યો. અને ઘેરો રાખી મૂકવાનો પોતાનો જે નિશ્ચય તે ફોજના મનમાં ઠસાવવાને સારૂં તેણે તે ઠેકાણે મસ્જીદ બંધાવવા માંડી. રજપૂતો ન્હાવાને કાજે નિત્ય સવારમાં જે ગુપ્ત દ્વારથી નીકળતા હતા ત્યાં સુધી મુસમાનો ધપેલા હતા તેથી તે જગ્યા તેમના જાણવામાં આવી. અને તેજ વેળાએ તેઓએ પશ્ચિમ ભણીની ભીતમાં ભગદાળું પાડયું, અને ઈ૦ સ૦ ૧૪૮૪ ના નોવેમ્બર મહિનાની ૧૭ મી તારીખની સવારમાં મુસલમાન ગુપ્તદ્વાર કબજે કરી બેઠા. આણી મગ મલેક ઇયાઝ સુલતાની, જે પછવાડેથી પોર્તુગીઝની સાથે દરિયાઇ લડાઈ મચાવવામાં પ્રસિદ્ધિ પામ્યો છે તેણે પશ્ચિમ ભણીની ભીંતથી સીડિયો મૂકીને ચડી ઉતરવા માડયું. રજપૂતોએ તેને હાંકી કાહાડવાને અતિ શૂરથી પ્રયત્ન કરયો પણ કાંઈ ફાવ્યું નહિ; મહમૂદશાહ તે વેળાએ બીજી ફોજ

લઇને તેની ઓથે જાતે આવી પોહોંચ્યો, અને ચાંપાનેરના કિલ્લા ઉપર કાલિના કોપને લીધે મુસલમાનોનો વાવટો ફરકવા લાગ્યો અને રાજાના મેહેલ ઉપર મુસલમાનોનો શંખનાદ સંભળાવા લાગ્યો. માંહેલી બાજુએ ચિતા ખડકાઈ અને તેમાં રજપૂતની રાણિયો, બાળકો, અને ધનમાલ હોમાયાં અને તેના ઉપર અગ્નિ ઉડીને તેના ભભુકા થઇને શાન્ત થવા લાગ્યા. તે વેળાએ પવનગઢના રક્ષકો, સ્નાન કરીને, અને કેસરિયાં કરીને આંખો મીંચીને શત્રુઓની ઉપર તૂટી પડ્યા. થોડાક રજપૂતો જીવતા રહ્યા, મુસલમાનોનો પણ મરવાથી, ઘવાવાથી ઘાંણુ નીકળી ગયો, અને ચાંપાનેરનો રાવળ[૧] અને તેનો પ્રધાન (ડુંગરશી) પોતાનાજ લોહીથી લદબદી ગયેલા શાહના હાથમાં પડ્યા.

મહમૂદે પોતાની જીતને માટે ખુદાની બંદગી કરાવી, અને માંદા

---

૧ સુલતાન મહમૂદે (બેગડાએ) તા. ૧૭ મી નવેમ્બર સન ૧૪૮૪ ને રોજ ચાંપાનેરનો કિલ્લો સર કરયો. આ સુલતાને પ્રથમ જૂનાગઢ ઈ. સ. ૧૪૭૩ માં અને પછી પાવાગઢ (ચાંપાનેર) એમ બે ગઢ જીત્યાથી "મહમૂદ બેગડો" કેહેવાયો.

પતાઈ રાવળને ત્રણ કુંવર હતા. તેમાં મોટો રાયસિંહજી પોતાના પિતાની હયાતીમાંજ ગુજરી ગયો હતો. બીજો ભાઈ લિંબાજી રાજ્યની પડતી થઈ ત્યારે નાશી ગયો અને ત્રીજા તેજસિંહને સુલતાને કેદ કરી મુસલમાન કરયો. પતાઈ રાવળના મરહુમ કુંવર રાયસિંહજીને પૃથ્વીરાજજી અને ડુંગરસિંહજી બે કુંવર હતા. તેઓ નર્મદાના ઉત્તર કિનારા પાસેના હાંફ ગામે ગયા. ને ત્યાં પોતાનું રાજ્ય સ્થાપ્યું. ત્યાં રહી તેમણે લૂંટફાટ કરવા માંડી, તે ન કરે એટલા માટે અમદાવાદના સુલતાને કેટલાંએક ગામમાં ચોથ આપવા કબૂલી. ત્યાં થોડે થોડે પોતાની સત્તા જમાવી અને એટલો વધારો કરયો કે રાજપીપળાથી તે ગોધરા વચ્ચેનો તમામ ભાગ તેમના હાથમાં આવ્યો. પછી બે ભાઈઓએ અર્ધોઅર્ધ રાજ્ય વેહેચ્યું. મ્હોટા પૃથ્વીરાજજીના ભાગમાં મોહન (છોટા ઉદેપુર) અને ન્હાના ડુંગરસિંહજીની પાંતીમાં બારિયા આવ્યું. અને આજ સુધી તેના વંશજો ત્યાં રાજ કરેછે.

છોટા ઉદેપુરના તાબામાં ૮૭૩ ચોરસ મૈલ જમીન, ૫૬૫ ગામ, સુમારે ઈકોતેર હજાર માણસની વસ્તી, અને વાર્ષિક પેદાસ આસરે રૂ. અઢીલાખ થાય છે. તેમાંથી ૧૦,૫૦૦ ગાયકવાડ સરકારને ખંડણીના અને રૂ. ૬૨૦ બીજા ગરાસિયાને ગરાસના આપેછે. અડના ઠાકોર પાસેથી રૂ. ૪૭૫ લે છે. નવ તોપનું માનછે.

બારિયાના તાબામાં ૮૧૩ ચોરસ મૈલ જમીન, ૪૧૫ ગામ, વસ્તી સુમારે ૬૭,૦૦૦ માણસની છે. અને વાર્ષિક ઉપજ આશરે પોણાબે લાખની છે તેમાંથી રૂ. ૧૨૦૦૦ સાલમશાહી નામદાર ઈંગ્રેજ સરકારને આપેછે. ઈંગ્રેજ સરકાર તરફથી નવ તોપનું માન છે.

તથા ઘવાયલા સાજા થતા સુધી મસ્જીદ બંધાવાના કામમાં અને નવું નામ પાડેલા મહમૂદાબાદ શેહેરને મુસલમાની ઢબ આણવાના કામમાં પડ્યો. પણ મહમૂદે પોતાના જયને એક કલંક લગાડ્યું, તે એ કે, રાવળ જયસિંહના અને તેના પ્રધાનના ઘા રૂઝયા ત્યારે તેમણે પાદશાહને વિનતિ કરી કે તમે જો અમને મારી નાંખો નહિ તો અમે મુસલમાની ધર્મ સ્વિકારિયે પણ તેઓનું કશું નહિ સાંભળતાં તેમને ઠેર કરયા.

ચાંપાનેરના નાશવિષેનું મુસલમાન ઉપર પ્રમાણે વર્ણન આપેછે. છેલ્લા બલિદાનમાં જે હિંદુ રાજા હોમાયા,—અને તેવાંજ ક્રુર લોહીના પ્રેમવાળી કાલિને પ્રિય છે— તેઓનાં નામ ભાટોએ રક્ષી મૂકયાં છે.—

**छपय.**

**संवत पंद्र प्रमाण, एकताळो संवत्सर[1];**
**पोस मास तिथि त्रीज, वढेहु वार रवि सुदन;**
**मराशिया खट भूप; प्रथम वेरसी पडीजे;**
**जाडेजो सारंग, करण, जेतपाल कहीजे;**
**सरवरियो चंद्रभाण, पताइ काज पिंडज दियो;**
**मेमदाबाद मेहेराण, लघु कटक सर पावो लियो.**

આ ઉપરથી જણાયછે કે મહમૂદનાથી ડુંગર ઉપરનો કિલ્લો લેવાયો નથી પણ માત્ર શેહેર લેવાયું છે. અને મુસલમાની ઈતિહાસકો તે સંબંધી કાંઈ વિશેષ બોલતા નથી તોયપણ હિંદુઓની દંત કથામાં કેહેછે કે પવનગઢની આસપાસ ઘણા દિવસ સુધી માત્ર ઘેરોજ રહ્યો હતો એ વાત સોવસા ખરી છે.

એક ભાટ વર્ણન આપેછે કે, પતાઈ રાવળ ચાંપાનેરનો રાજા હતો. એક દિવસે નવરાત્રીના દાહાડામાં તે ગરબા સાંભળવા ગયો. તે સમયે

---

૧ આ પ્રસંગે ભાટ લોકોએ ઘણી ચોકસ સાલ લખી છે, ફેરિસ્તાના લખવા પ્રમાણે ચાંપાનેરનો નાશ ઈ. સ. ૧૪૮૪ માં થયો. જો મિ. પ્રિન્સેપના મત પ્રમાણે સંવત્ અને ઇસવીસનની વચ્ચે સત્તાવન વર્ષનું અંતર ગણવામાં આવે તો મુસલમાનોએ લખેલી સાલ ભાટ લોકોની સાલ સાથે બરાબર મળતી આવે. અને સાધારણ ચાલ છે તે પ્રમાણે છપ્પન વર્ષનું અંતર ગણવામાં આવે તો એક વર્ષનો ફેર પડેછે.

કાલિકાદેવી મનુષ્યનું રૂપ ધારણ કરીને ગાતાં હતાં. રાજા તેમને જોઇને મોહ પામ્યો અને તેણે ખોટા વિચારથી માતાનો પાલવ પકડ્યો. ત્યારે માતાએ શાપ દીધો કે તારૂં રાજ્ય જશે.

એક સમયે સુલતાન ચાંપાનેરને રસ્તે થઇને જતો હતો તેવામાં તેની નજર કિલ્લા ઉપર પડી અને મૂછે તા દીધો. ત્યાં એક બ્રાહ્મણનો છોકરો લોવો કરીને હતો તેના જોવામાં સુલતાનની વર્ત્તણૂક આવી તે ઉપરથી તે ચેતી ગયો કે ચાંપાનેર લઇ લેવાને એણે તકાસ્યું. તે પતાઈ રાવળ પાસે ગયો અને કેહેવા લાગ્યો કે આ વર્ષમાં સુલતાન તમારૂં રાજ્ય લેશે. રાજાએ શેહેરની આસપાસ, પત્થર, પાણી, લાકડાં, માટી, અને જંગલના પાંચ કોટ કરાવ્યા. યુદ્ધનાં સાહિત્ય પણ તૈયાર રખાવ્યાં. અને સુલતાનની હાલચાલ ઉપર નજર રાખવાને લોવાને અમદાવાદ મોકલ્યો. સુલતાનના મેહેલની સામે એક વ્યાપારીની હવેલી હતી તે તેણે ભાડે રાખી. એક વેળાએ પાદશાહ ઝરૂખે બેઠો બેઠો ચારે દિશાયે જોતો હતો, તેવામાં ચાંપાનેર ભણી જોઇને મૂછે હાથ નાંખ્યો, અને ફોજ તૈયાર કરાવાને આજ્ઞા કરી. લોવો જાણી ગયો કે સુલતાન હવે ચાંપાનેર ઉપર ચડવાની તૈયારીમાં છે; તે પતાઈ રાવળ પાસે પાછો ગયો; અને કહ્યું કે, સુલતાનની ફોજ તમારા ઉપર ચડી આવેછે. રાવળે બચાવ કરવાને બની શકે એવી સાવધાની રાખવા માંડી. સુલતાનની પાંચ લાખ ફોજ ચાંપાનેરની લગભગ આવી પોહોંચી પણ તેનો ઈરાદો શો છે તે કોઈના જાણવામાં આવ્યું નહિ. મધ્યરાત્રિયે તેણે પોતાના સરદારોને એકઠા કરીને કહ્યું કે, આપણું નિશાન શેહેર ઉપર ચડાવો. ફોજે શેહેર ઉપર હુમલો કરયો, અને તોપોનો મારો ચલાવ્યો, પણ તેમના મારા કરતાં શેહેરની માંહેથી ભારે મારો થવા લાગ્યો અને શેહેર લેવાઈ શકાયું નહિ; તેથી સુલતાને બાર વર્ષ સુધી ઘેરો ઘાલ્યો પણ કાંઈ વળ્યું નહિ. પછી તેણે પતાઇ રાવળ સાથે સલાહ કરીને તેને પોતાની સાથે મળવાને બોલાવ્યો, તે વેળાએ તેણે તેને પૂછ્યું કે હું તમારા ઉપર ચડાઈ કરવાનો હતો તે તમારા જાણવામાં શી રીતે આવ્યું? ત્યારે રાજાએ ઉત્તર આપ્યું કે લોવો કરીને મારો એક બ્રાહ્મણ છે તેના સમજવામાં તમારો ઇરાદો આવ્યો એટલે તેણે મને કહ્યું. શાહે કોલ આપ્યો કે મારે હવેથી ચાંપાનેરની બાબતમાં વચ્ચે પડવું નહિ, અને તમે મને

લોવો આપો. પતાઇ રાવળે તે વાતની હા કહી, પછી શાહે એક પાળિયો કરાવીને તેના ઉપર બે ગધેડાં કોતરાવ્યાં, અને નીચે લખાવ્યું કે, "જો કોઈ મુસલમાન આ શેહેર લે તો તેને ગધેડી ગાળ છે." પછી તે લોવાને પોતાની સાથે લઈ ગયો, અને તેને પોતાનો પ્રધાન કરચો, અને અગર જો તેણે ચાંપાનેર લીધું નહિ પણ તેણે આસપાસનાં ગામ અને પરગણું લઈ લીધું અને એવો કાયદો કરચો કે ચાંપાનેરમાં કોઇ કાંઇ લઇ જાય નહિ, અને ત્યાંથી કાંઇ લાવે નહિ. આ ઠરાવથી લોકો ઘણા સંકટમાં આવી પડ્યા અને તેઓ અમદાવાદ જઇને વસ્યા.

ભાટ પોતાનું વર્ણન ચાલતું રાખીને કેહેછે કે, સુલતાન ચાંપાનેરથી ઉમરાળે ગયો, અને ત્યાંના રાજાને પકડીને અમદાવાદ લઈ જઈ તેને બંધીખાને નાંખ્યો. ત્યાં તે બે વર્ષ કેદ રહ્યો તેવામાં તેના તાબાના ભંડારિયા ગામનો એક કુંભાર અમદાવાદ ગયો, અને કેદખાના સાથે જે કુંભારને સંબંધ હતો તેની સાથે ઓળખાણ કર્યું, તેની મદદથી તે રાજાને ગૂણમાં ઘાલીને બાહાર લાવ્યો, અને અતીતની જમાતમાં તેને ભેળવી દીધો; તે તેને તેની ફોઇને ઘેર ચાંપાનેર લઈ ગયા. તેણિયે અમદાવાદના સુલતાનને ખંડણી આપીને ઉમરાળાની ગાદિયે પાછો બેસારચો; તે દિવસથી પતાઇ રાજા પ્રમાણે તેણે રાવળનું પદ ધારણ કર્યું, તે હજી લગણ તેના વંશવાળા રાખી રહ્યા છે. અને જ્યારે તેમના વંશમાંથી કોઈ ગાદિયે બેસવાનું હોયછે ત્યારે તેને રાજ્યાભિષેક કરતી વેળાએ કુંભારિયાનો કુંભાર તેને કપાળે રાજતિલક કરેછે.

આ વાતના પાછલા ભાગનો સંબંધ પીરમના ગોહિલોને લાગું પડેછે માટે ફરીથી એક વાર પાછી તેમની ભેટ લઇયે છિયે—

×મોખડાજી ગોહિલની ઠકરાણી વદનકુંવરીબા કરીને પાલીટાણા પાસે હાથસણી ગામના સરવૈયા રજપૂતના કુટુંબની હતી તેના પેટનો તેને ડુંગરજી* કરીને કુંવર હતો તે તેની પાછળ ગાદિયે બેઠો. તે વિના તેને સમરસિંહજી અને ગોડમાલજી નામના બીજા બે પુત્ર હતા, તે પીરમમાં જન્મ્યા હતાં. તેમાં સમરસિંહજી પોતાને મોસાળ રાજપીપળે જઈ રહ્યો તેને છેવટે ત્યાંની ગાદી મળી, ને ગોડમાલજીનો વંશ ચાલ્યો નહિ.

---

+ મોખડાજી વિષે ભાટની વાત એવી છે કે-તેને કાલિકા માતાનો હાથો હતો તથી સવારેર સિંદુર પાણીમાં ચોળીને પી જતો. તે પચાસ વર્ષનો થયો ત્યાં સુધી

પાટવી કુંવર *ડુંગરજીયે પીરમ છોડીને ગોઘામાં પોતાનું રહેઠાણ કર્યું. તેના પછી તેનો પુત્ર વિજોજી ગાદિયે બેઠો, તેને કાનજી, રામજી, અને રૂડોજી એવા ત્રણ કુંવર હતા. વિજાજી પછી કાનોજી ગાદિયે બેઠો,

---

તેને કાંઇ સંતાન થયું નહતું. તેવામાં એક સમયે બાલાશાહ કરીને એક ફકીર મુલતાનથી એક સિપાઈ લઈને આવ્યો અને મોજે ખરખડિયે ખાના ઘાંચીને ઘેર મુકામ કરયો. ઘાંચીની ડોશી આંધળી હતી તેની આંખે હાથ ફેરવીને તેને દેખતી કરીને તેને ઘેર એક વશેલ ભેંશ હતી તેને દોહી. આ વાત મોખડાજીના જાણવામાં આવી એટલે ખરકડિયે જઈ ફકીરને મળ્યો. ને પોતાને દીકરાની ખોટ હતી તે પૂરી પડે એમ કરવાની પ્રાર્થના કરી. ફકીરે કહ્યું કે, મને ગાય ચડાવાની માનતા કરો તો સંતાન થાય. મોખડાજિયે તે વાતની હા કહી એટલે ફકીરે કાંઈક ઔષધ આપીને કહ્યું કે સંતાન થશે. પછીથી ઘેર આવ્યો. ત્યાર પછી સરવૈયાણી ઠકરાણીને નવ માસે પુત્ર આવ્યો; તેનું નામ ડુંગરશી પાડયું. તે છ માસનો થયો એટલે મોખડોજી ગાય શણગારોને ફકીરની માનતા કરવા આવ્યો એ વાત ફકીર જાણીને ખાના ઘાંચીને તથા પોતાના સિપાઈને કેહેવા લાગ્યો કે મોખડોજી ખરો ઈમાનદાર છે. હું તો ભોંયમાં શમાઉછું, તમે એને કેહેજો કે હિંદુ છે માટે ગાયને બદલે દક્ષિણ દિશામાંથી શિંગડે ધજા બાંધેલી એવો પાડો આવશે તે ચડાવજે એટલે માનતા પૂરી થશે. પછી ફકીર ભોંયમાં શમાયો તે આજે બાલાશાહ પીર કેહેવાય છે, ને તેના પછી ખાનો ઘાંચી ગામના ઝાંપા પાસે ભોંયમાં શમાયો, તે ખાનપીર હવણાં સુધી કેહેવાયછે. તેમની માનતા ચાલેછે. રોજામાં બે કબરો છે તેમાં એક બાલાશાહની છે ને બીજી તેના ભાઇ ઇબ્રાંહીમશાહની છે. ઈબ્રાહીમશાહ પોતાના ભાઈની શોધ કરતો કરતો ખરકડિયે આવ્યો હતો ને બાલાશાહને ઘેર પાછા વળવા કહ્યું હતું પણ તે બોલ્યો કે, “ હું અહિં શમાયો છું તેની ઘેર જાણ કરજે.” ઈબ્રાહીમશાહે ઉત્તર આપ્યું કે, હું એવા સમાચાર લઈ ઘેર નહિ જાઉં. ત્યારે બાલાશાહ કેહેકે તું પણ મારી સાથે આવ; પછી તે પણ જોડે ભોંયમાં શમાયો. બાલાશાહે મોખડાજીને કહ્યું હતું કે, તારી માનતા ફળે તો તારા વંશના પુરૂષો ચામડાની બદ્દી અંગ ઉપર રાખે તે મારો મલીદો કર્યા પછી કાહાડી નાંખે. તેના વંશના હજી સુધી તે પ્રમાણે કરેછે; અને પરણ્યા પછી બાલાશાહને મલીદો કરીને બદ્દી કાહાડી નાંખેછે. મોખડાજીના મનમાં શક હતો કે મારી માનતા પૂરી થઈ હશે કે નહિ, પણ બાલાશાહની કબરમાંથી શબ્દ થયો હતો કે, “ તારી માનતા પૂરી થઈ.” પછી સંવત્ ૧૨૧૪ ની સાલમાં મોખડાજિયે પીરનો રોજો ચણાવ્યો ને તેમના મુલતાની સિપાઇ મુઝાવરને ખરકડી ગામ આપ્યું; ત્યાર પછી પોતે પીરમ ગયો, ત્યાં પછીથી તેને બીજા બે કુંવર થયા.

ભાષાન્તર કર્તા.

* ડુંગરજી ઈ. સ. ૧૩૪૭–૧૩૭૦
વિજોજી ઈ. સ. ૧૩૭૦–૧૩૯૫
કાનોજી ઈ. સ. ૧૩૯૫–૧૪૨૦
સારંગજી ઈ. સ. ૧૪૨૦–૧૪૪૫

તેને સારંગજી અને ગેમલજી બે કુંવર હતા તે કાનોજી મરણ પામ્યો ત્યારે છેક ન્હાના હતા.

રામજીના ઉપર મુસલમાનોની ફોજ આવી. તેના સરદારને હિંદુઓ બોડી મોગલ કેહેછે, તેને તે શરણ થયો અને પોતાના ભત્રીજા સારંગજીને ખોળમાં આપીને જાણે પોતાનોજ ખરો હક હોયની તેમ ગોધાની ગાદિયે બેઠો. સારંગજીને અમદાવાદ લઈ ગયા; પણ કોલિયાક ગામનો પાંચો ગૂજર કરીને એક કુંભાર હતો તે અમદાવાદ ગયો ત્યારે તેના ગધેડા માહેથી એકના લગડામાં ઘાલીને તેને શેહેર બાહાર લઈ ગયો. તે સમાચાર જાણ્યા એટલે પછવાડે અશ્વારો ચડ્યા. તે તેને પકડી પાડે એવા લગભગ આવી ગયા તેવામાં સારા ભાગે પ્રતાપગિરિ બાવાની જમાત જતી હતી તેમાં સારંગજીને ભેળી દઇને બાવાને કુંભારે કહ્યું કે, એ ગોધાના રાજાનો વારસ છે તેથી હવણાં તમે ઉગારશો તો આગળ ઉપર તેનો બદલો વાળશે. એમ કહી કુંવર સોંપીને કુંભાર પોતાનાં ગધેડાં લઈ આગળ ચાલ્યો.તેને અશ્વારોએ પકડી પાડ્યો પણ સારંગજી જોવામાં આવ્યો નહિ તેથી નિરાશ થઈ થોડેક આગળ જઈ પાછા વળ્યા. ડુંગરપુરનો પતાઈ રાવળ સારંગજીની ફોઈ વેરે પરણ્યો હતો તેથી પ્રતાપગિરિ બાવો તેને ત્યાં લઇ ગયો. તે વીસ વર્ષનો થતાં સુધી પોતાની ફોઇને ઘેર છાનો રહ્યો. પછી ફોઇને કહ્યું કે, મને હવે મારે ઘેર જવાની આજ્ઞા આપો ને સાથે થોડાંક માણસ મોકલો. પતાઇ રાવળે તેના રક્ષણ સારૂં ફોજ આપી. તેની ફોઇયે તેને કહ્યું કે, જાઓ કુંવર તમે તમારી ગાદી સ્વાધીન કરી લ્યો. પણ અમારે અહિ તમારૂં રક્ષણ થયું છે માટે તમારા વંશને રાવળનું નામ આપજો. "સારંગજી પોતાની ફોઇનું કેહેવું માન્ય કરીને ઉમરાળા ભણી વાધ્યો. એટલે તેના કાકા રામજીને ગોધામાં જાણ પડી કે સારંગજી આવેછે તેથી સેજકજીના ન્હાના કુંવરના વંશના અને ગોહિલ જાતની બે પાસેની શાખાના ગારિયાધાર તથા લાઠીના ધણી હતા તેમને બોલાવ્યા. અને કહ્યું કે, જો તમે સારંગજીને પાછો તગડી કાહાડવામાં આશ્રય આપો તો તમને બાર બાર ગામ આપું. આ વાતની તેમણે હા કહી એટલે ગારિયાધારવાળાને ત્રાપજ અને બીજાં ૧૧ ગામ લખી આપ્યાં, ને વાલુકડનાં બાર ગામ લાઠીના ઠાકોરને લખી આપ્યાં. પછી ગોઘેથી જતાં બન્ને ઠાકોર વિમાશી વિચારવા લાગ્યા કે, મુખ્ય હકદારને રોવરાવીને પેટા ભાગિયાને ગાદીનો હક

આપવો ઠીક નહિ, એમ ધારીને તેઓ ઉમરાળે ગયા. ત્યાં જઈ પોહોંચ્યા ને સારંગજીનો મેળાપ થયો એટલે તેઓ બોલ્યા, રામજી ગોધારિયે અમને બાર બાર ગામના પટા લખી આપીને તમારી સામે થવા અમને મોકલ્યા છે પણ તમે રાજગાદીના ધણી છો તેથી પટા તમને આપિયે છિયે." સારંગજિયે કહ્યું લાવો તે પટા તમને સહિ કરી આપું." એમ કહી સહિ કરી આપીને તેઓને પોતાની પક્ષમાં લીધા. પછી રામજી ગોધારીના જાણવામાં તે આવ્યું ત્યારે તેણે જાણ્યું કે આપણો તાલ કથળી ગયો, એટલે તે પણ ઉમરાળે આવીને સારંગજીને શરણ થયો. કાકે ભત્રીજે કસુંબા પીધા ને પાછલી વાત વીસારી દીધી. પછી સારંગજિયે ગોઘે જઇને પોતાની ગાદી સંભાળી લીધી. તેનો કાકો રામજી ગાદીને નમ્યો એટલે તેને ઉખરાળુ, અગિયાળી અને ભાડેલી એ ત્રણ ગામ જિવાઇ સારૂં આપ્યાં. ત્યાંના ગરાશિયા હજી લગણ ગોધારી કેહેવાયછે. રામજીને પછી ગોરાણુપર પણ મળ્યું.

ઈ૦ સ૦ ૧૪૯૪માં [1]દક્ષિણ સરકારના નાફરમાન સરદારે ગૂજરાતનાં વેપારનાં વાહાણ પકડ્યાં અને વળી મહિમનો બેટ પણ કબજે કરી લીધો. તેના ઉપર મહમૂદશાહે લશ્કર અને દરિયાઈ ફોજ મોકલી. દરિયાઈ ફોજ જેવી બેટ આગળ આવી કે, તરત તોફાન લાગ્યું તેથી નાશ પામી; તેના સરદાર અને ખારવા જે બચ્યા તે કિનારે તણાઈ આવ્યા તેઓને શત્રુએ કેદ કરયા કે પછી ઠેર કરયા.

જે સરદાર ફોજ લઇને ઉત્તર કોકણમાં થઇને જતો હતો તે મહિમની પાસે આવી પોહોંચ્યો ત્યારે દરિયામાં કેદ થયાના સમાચાર તેના સાંભળવામાં આવ્યા એટલે મુકામ કરીને તેણે મહમૂદશાહના ભણી એક મા-

---

૧ બ્રાહ્મણી સુલતાન મહમૂદનો સરદાર બહાદુર ઘેલાની કરીને હતો, તેણે બારહજાર માણસ તથા એક દરિયાઈ કાફલો લઇને ગોવા અને દાભલનાં બંદર લૂંટી લીધાં તેના ઉપર બેગડાએ સફદરૂલમુલ્કને દરિયા રસ્તે મોકલ્યો અને કેવામુલમુલ્કને સૂકાને રસ્તે મોકલ્યો. સફદરૂલમુલ્કના વાહાણોને તોફાન લાગ્યું અને બચીને કિનારે આવતાં ખારવાએ અમાન માગ્યું, પણ શત્રુઓએ તેઓને કતલ કરયા ને સફદરૂલમુલ્કને કેદ કરી લીધો. કેવામુલમુલ્કને ખબર થતાં તે મહિમ જઈ પોહોંચ્યો અને બેગડાને લખી મોકલ્યું તે ઉપરથી તેણે એક એલચી કાગળ લખીને બ્રાહ્મણી સુલતાન ઉપર મોકલ્યો. તે જાતે બળવાખોર બહાદુરઘેલાની ઉપર ચડી ગયો અને તેને પકડીને મારી નાંખ્યો. બેગડાનાં માણસ તથા વાહાણો સફદરૂલમુલ્કને સ્વાધીન ગૂજરાત મોકલી દીધાં તે સાથે હદિયો પણ મોકલ્યો.

ણુસ મોકલ્યું કે આગળ ઉપર હવે શું કરવું તેની સૂઝ પડે. પછીથી દક્ષિણના રાજાએ બંડખોર લોકોને વશ કરી લીધા, અને તેમની દરિયાઇ ફોજ હતી તે નુકસાનના બદલામાં ગૂજરાતના સરદારને કેદમાંથી છોડાવીને તેને આપી દીધી.

બીજે વર્ષે " મહમૂદશાહે વાગડ અને ઈડર એ બંને દેશોઉપર ચ-"ડાઈ કરીને ત્યાંના રાજાઓ પાસેથી ભારે ભેટ લીધી અને બહુ ધન લાદી "લઇને મહમૂદાબાદચાંપાનેર પાછો ગયો." આ સમયે ઈડરમાં રાવ ભાણનો કુંવર સૂરજમલજી ગાદિયે હતો એમ જણાયછે. તે અરાડ મહિના રાજ્ય ભોગવીને પોતાની પાછળ રાયમલજી નામે કુંવર મૂકીને મરણ પામ્યો. તે કુંવરની બાલ્યાવસ્થામાં તેના કાકા ભીમે તેની ગાદી ખુંચાવી લીધી.

"ઈ૦ સ૦ ૧૫૦૭ માં મહમૂદશાહ (બીજો) ફરીને જળયોદ્ધાધિપતિ "બન્યો. પાખંડી યુરોપિયન લોકો, કેટલાંક વર્ષથી સમુદ્રનું રાજ્ય દબાવી "પડ્યા હતા, અને આ સમયે ગૂજરાતના કિનારાના કેટલાકભાગનો કબજો કરી લઇને ત્યાં વસવા ઇચ્છતા હતા." તુર્કી પાદશાહ બીજા બાજાઝેતનો જળયોદ્ધાધિપતિ અમીર હુસેન બાર વાહાણમાં પંદરસેં માણસની દરિયાઇ ફોજ લઇને ગૂજરાતને કિનારે આવી પોહોંચ્યો અને મહમૂદશાહ ( બીજો ) પરદેશી લોકોને હાંકી કાહાડવાને બહુ ઇચ્છતો હતો તેથી જાતે પોતાની દરિયાઇ ફોજ લઇને દમણ અને મહિમ ભણી હંકારી નીકળ્યો. અમીર ઉલઉમરા મલિક ઇયાઝ સુલતાની પણ દીવ બંદરમાંથી ચાલ્યો, અને તુર્કી જળયોદ્ધાધિપતિના સૈન્યવ્યૂહ સાથે મળી જઇને, પોર્ટુગીઝલોકોની દરિયાઇ ફોજ, મુંબઇની દક્ષિણમાં કેટલાક મૈલ ઉપર ચૌલ બંદર છે તેમાં હતી તેના ઉપર હુમલો કરચો. મુસલમાનોની જીત થઇ; ને પોર્ટુગીઝોના ત્રણ ચાર હજાર માણસો મારચા ગયા તેથી તેઓ નાશી ગયા એવું તેમના સામાવાળિયા લખેછે; 'પણ તેઓ તેમની મેળે કબૂલ કરેછે તે પ્રમાણે તેમનું એક વાવટાનું વાહાણ તેમનો જળયોદ્ધાધિપતિ ડોનલારેન્સો આલમેડિયા, અને એકસોને ચાળીસ માણસનો નાશ થયો જણાયછે. તથાપિ ત્યાર પછીથી મુસલમાનોની એકઠી મળેલી દરિયાઈ ફોજે હાર ખાધી છે, અને સોરઠના કિનારા ઉપરના દીવ બેટની સમીપ લડાઈ થઈ તેમાં પણ તેના તાબાના ભાગનો કેટલોક નાશ થયો છે.

અમદાવાદના પાદશાહ થઈ ગયા તેમાં સુલતાન મહમૂદ (બીજા) એ

કદાપિ સર્વોત્તમ તો નહિ તોપણ ખચિત તે અતિલોકપ્રિય શાહ થઇ ગયો; જેને વિષે વાર્ત્તા અને કલ્પિત કથા જોડાઈ છે. જેવો હિંદુમાં સિદ્ધરાજ થઇ ગયો તેવોજ મુસલમાનમાં એ થયો. તેના અંગનું શૂરવીરપણું, અને બળ, તેનો ન્યાય, તેનો પરોપકાર, મુસલમાની વિધિશાસ્ત્ર પ્રમાણે તેનું ખરેખરૂં વર્તવું, અને તેની વિચાર શક્તિનું ઉત્તમપણું, એ સર્વનાં સરખાંજ વખાણ થાયછે.[૧] કેહેછે કે તે વળી બહુ ખાઉધર હતો. તેના સંબંધી ઘણી વાતો કેહેવાયછે; મુસલમાની ઈમારતનો આખા ગૂજરાતમાં એકે એવો કડકો નહિ હોય કે જેની સાથે મહમૂદ બેગડાનું નામ જોડાયલું નહિ હોય. મુરતફાબાદ અને મહમૂદાબાદચાંપાનેર એ બે મુસલમાની શેહેર વિના વાત્રક નદીના કિનારા ઉપર તેણે એક નવું શેહેર વસાવ્યું અને તેનું પોતાને નામે નામ પાડ્યું; અને મિરાતે અહમદીનો કર્ત્તા કેહેછે કે, "એ નદીના કિનારા ઉપર ઉંચી જગ્યા બંધાવીને ત્યાં તેણે "ઉત્કૃષ્ટ જાતના મેહેલ ચણાવ્યા, તેની નિશાનિયો અને ખંડેર આ લખતી "વેળાએ એટલે ઈ○ સ○ ૧૭૫૬ ની સાલ સુધી છે."[૨] આ મેહેલોમાં તે ઘણી વાર આવીને રેહેતો; પણ તે અચૂક "ઉન્હાળાની ઋતુમાં કાલિં"ગડી પાકવાની વેળાએ અમદાવાદ જતો, અને ત્યાં છ મહિના રહીને પાછો "આવતો. એજ ગ્રંથકર્ત્તા એટલે સુધી ખાતરીપૂર્વક લખેછે કે, "ખુલ્લા દેશ "માહેલાં તેમજ નગર, કસબા, અને ગામડાં માંહેલાં સર્વ ઝાડ આ સુ"લતાનના વારામાં રોપાવવામાં આવ્યાં હતાં." ચાંપાનેર અને ગિરનારના દુર્જય હિંદુ ગઢ તેણે લીધા તે ઉપરથી તેનું બેગડાનું ઉપનામ પડ્યું; એ વાત યથાયોગ્ય અને શક્ય છે એવું ફેરિશ્તા કેહેછે, અને એના જેવું

૧ કચ્છના જામ હમીરજીને મારી તેનું રાજ્ય તેના ભાયાત કચ્છના બારાવાળા જામ રાવલજી (એના વંશજ જામનગરના અધિપતિ છે) એ લઇ લીધું હતું; તે ઉપરથી જામ હમીરજીના કુંવર ખેંગારજી પોતાના ભાઈ સાહેબજી સહીત અમદાવાદ સુલતાન મહમૂદ બેગડાને આશ્રયે ગયા, ત્યાં સિંહના શીકારમાં બાદશાહને ખુશી કર્યાથી સુલતાને તેને રાવનો એલકાબ અને રાજ્ય મેળવવા લશ્કર આપ્યું, જેથી રાવ ખેંગારજિયે જામ રાવળજી પાસેથી પોતાનું કચ્છનું રાજ્ય સંવત ૧૫૫૬ માં જીતી લીધું.

૨ વાત્રક નદી ઉપર આજે પણ એ મેહેલોનાં ખંડેર છે. એ સિવાય એ જ પાદશાહનો બંધાવેલો એક ફેર કૂવો છે તેમાં થઇને અમદાવાદ જવાનો ભીતર રસ્તો છે એવું કેહેવાયછે.

બીજું કારણ બતાવવાનું અમારી પાસે નથી તેથી અમે પણ એના પ્રમાણ ઉપરથી બાહાલ રાખિયે છિયે. યુરોપિયન લોકો ભણીથી તેને કીર્ત્તિ મળી તે કદાપિ તેની દરિયાઈ લડાઇને લીધે મળેલી છે. મિ૦ એલ્ફિન્સ્ટન કેહેછે કે, "તેના સમયના પ્રવાસિયોએ એ પાદશાહ સંબંધી ઘણા ભયાનક "વિચાર બાંધેલા છે. બાર્ટેમા અને બાર્બોસાએ વિસ્તારથી એનું વર્ણન "કરેલું છે. એમનામાંથી એક જણે એના જાતના દેખાવનું ભયંકર વર્ણન "આપેલું છે; અને તેના ખોરાકનો મુખ્ય ભાગ મનુષ્ય પ્રાણીને ઝેર ચડે "એવો હતો એ વિષયમાં તો બંનેનાં એક મત થાયછે; આવો ખોરાક "ખાવાથી એનું બંધારણ એવું થઈ ગયું હતું કે, તેના અંગ ઉપર જો ઉ-"ડતી માખ આવીને બેસે તો તત્કાળ મુરદું થઇને નીચે પડે. સત્તાવાન "મનુષ્યને મારી નાંખવાની તેની સાધારણ રીતિ એ હતી કે, પાનસો-"પારી ખાઇને તેના ઉપર મ્હોડાની પીચકારી મારતો. બટલરે "ખં-"ભાતના રાજા" વિષે વાત જણાવી છે તેમાં "તેનું નીત્યનું ભોજન બે "જાતના ઝેરી સાપ અને એક જાતનો દેડકો. "લખ્યું છે તેના સર-"ખો એ હતો."

તેના મરણ વિષેનો નીચે લખેલો એહવાલ મિરાતે અહમદીમાંથી લીધો છે.—"ઈ૦ સ૦ ૧૫૧૦ માં સુલતાન પાટણ જવાને નીકળ્યો. "ત્યાં તેની છેલ્લી મુલાકાત હતી એવું તેને લાગ્યાથી તેણે રાજ્યના સર્વ "મહાન્ લોકોને એકઠા કરીને કહ્યું કે, હવે મારે મરવાનું પાસે આવ્યું "છે. ત્યાંથી તે નીકળીને ચાર દિવસમાં અમદાવાદ આવ્યો, રસ્તામાં શેખ "અહમદ ખતુની કબરને પગે લાગવા ગયો ત્યાં તેની પાસે પોતાની ક-"બર કરાવી રાખી હતી તે જોઇને તેને પસ્તાવો થયો અને તેની આં-"ખ્યોમાંથી આંસુ પડ્યાં. ત્યાર પછી અમદાવાદ ગયો ત્યાં ત્રણ મહિના "સુધી માંદો રહ્યો એટલે વડોદરેથી તેણે ખલીલખાનને બોલાવ્યો તેને "છેલ્લી સલામ કરીને હીજરી સન ૯૧૭ (ઈ૦ સ૦ ૧૫૧૧) ના રમઝાન "મહિનાની ત્રીજી તારીખે સોમવારને દિવસે આ દુનિયાનો ત્યાગ કરી "ગયો;[1] તેને સર્ખેજમાં ડાટયો ત્યાં તેની કબર આજે પણ છે."

---

૧ ફેરિસ્તામાં તે ૭૦ મે વર્ષે મરી ગયો લખે છે અને મિરાતે અહમદીમાં ૬૭ વર્ષે તેના રાજ્યના ૫૫ મા વર્ષમાં મુવાનું લખેછે. ર. ઉ.

# પ્રકરણ ૭.

## મુઝફ્ફર બીજો—સિકંદર-મહમૂદ બીજો-બહાદુરશાહ-મહમૂદ લતીફખાન. અમદાવાદના રાજવંશની સમાપ્તિ—અકબર પાદશાહ.

મહમૂદ બેગડાની પછી તેનો શાહજાદો મુઝફ્ફર બીજો[1] (ઈ૦ સ૦ ૧૫૧૧ થી ૧૫૨૬ સુધી) ગાદિયે બેઠો, એના રાજ્યના પ્રારંભમાં માળવાના સુલતાન ભણીથી એનો આશ્રય માગવાને માટે આતુરતાથી વિનતિ કરવામાં આવી. સુલતાને તેને કહ્યું કે, મારો હિંદુ પ્રધાન મેદનીરાય છે તે એટલો બધો સત્તાવાન થઈ પડ્યોછે કે હું તો માત્ર નામનોજ પાદશાહ છું; પણ કશો અધિકાર મારી પાસે નથી તેથી પાખંડીપણાએ પોતાનું રાજ્ય ઝડપથી પાછું ચલાવા માંડ્યું છે. મુઝફ્ફરના મનમાં ખરા ધર્મની આસ્તાને લીધે લાગ્યું અને તરતજ ભોજના દેશ (માળવા) ઉપર ચડાઈ કરવાની તૈયારી કરી અને અણહિલવાડ પાટણના સુબેદાર ઈનુલમુલ્કને અમદાવાદ આવી રેહેવાને આજ્ઞા કરી. ઈડરનો રાઠોડ રાજા રાવ ભીમ જે રાવ ભાણનો પુત્ર થાય, અને જેણે પોતાના ભત્રીજા રાયમલજીની ગાદી છીનવી લીધી એવું આગળ લખવામાં આવ્યું છે. તેણે સુબેદારની ગેરહાજરીનો સારો સમય સાધી લઇને સાબ્રમતી નદી સુધી આસપાસનો દેશ લૂંટયો અને ઉજ્જડ કરી નાંખ્યો. એનુલમુલ્ક આ સમાચાર સાંભળીને મોડાસે ચડી આવ્યો, ત્યાં આગળ રાવ ભીમે તેના ઉપર હલ્લો કરીને તેને હરાવ્યો અને તેના એક નામીચા અધિકારીને અને બસેં માણસોને ઠેર કરયાં. મુઝફ્ફરશાહ આવા સમાચાર સાંભળીને પોતાના રાજ્યમાં તરતજ પાછો આવ્યો, અને મોડાસે મુકામ કરીને ત્યાંથી આંખો ઈડરવાડો ઉજ્જડ કરી નાંખ્યો. રાવ ભીમ પોતાની મેળે ડુંગરામાં સંતાઈ પેઠો; પણ ઇડરના કિલેદાર જે મુસલમાનોનાજ લખવા પ્રમાણે માત્ર દશ રજપૂત હતા તેઓએ શત્રુઓની સામે આગ્રહથી જગ્યાનું રક્ષણ

---

૧ એનું નામ ખલીલખાન હતું, તે ઈ. સ. ૧૪૭૦ માં એપ્રિલ મહિનાની ૧૦મી તારીખે જન્મ્યો હતો. તે પોતાની ૪૧ વર્ષની ઉમરે સુલતાન મુઝફ્ફરનું નામ ધારણ કરીને ગાદિયે બેઠો. મિરાતે અહમદીમાં ૨૭ મે વર્ષે ગાદિયે બેઠાનું લખ્યું છે તે ભૂલ છે. કેમકે ઇ. સ. ૧૫૧૧ માં ગાદિયે બેઠો છે. ર. ઉ.

કર્યું, તોયપણ ઈડર તો લેવાયું; ત્યાંનાં દેવાલય, મેહેલ અને વાડીનાં ઘર પાયમાલ કરી નાંખ્યાં, અને ત્યાંના શૂરવીર રક્ષકોને કતલ કરયાં. તેવામાં રાવે મદન ગોપાલ નામના એક બ્રાહ્મણને પોતાના વકીલ તરીકે શાહની પાસે મોકલીને કહેવરાવ્યું કે, એનુલમુલ્કે વગર કારણે જુલમ કરયો એટલા માટે આપણી વચ્ચે લડાઇ ઉઠવાનું કારણ થયું; પણ તેને માટે હું ઘણો દિલગીર છું. તે સાથે તેણે સો ઘોડા અને બે લાખ ટકા ભેટ મોકલ્યા. મુઝફ્ફરશાહે વિચાર્યું કે માળવાની ચડાઇ બંધ પડી છે તેથી રાવના દોષ ઉપર આંખઆડાકાન કરીને મોકલેલી ભેટનો સ્વીકાર કરવો યોગ્ય છે. પછી માળવાં ઉપર ચડાઈ કરવાના કામમાં રાવની ખંડણીનો પૈસો આણીને માળવા ઉપર ચાલ્યો. ઇડરનો રાવ ભીમ ત્યાર પછી મરણ પામ્યો એટલે તેનો કુંવર ભારમલ* તેની પછવાડે ગાદિયે બેઠો; પણ ચિતોડના સંગ રાણાની પુત્રી સૂરજમલના કુંવર રાયમલજી વેરે પરણાવી હતી અને તે હવે પાકી ઉંમરે થયો હતો તેથી રાણા સંગે ભારમલને તરતજ ગાદી ઉપરથી ઉઠાડી મૂકયો. ભારમલે ઈ૦ સ૦ ૧૫૧૫ માં મુઝફ્ફરશાહની ભણી પોતાના વકીલ આશ્રય માગવાને મોકલ્યા અને સંગરાણો વચ્ચે પડયો તેથી પાદશાહ નારાજ થયો, અને પોતાની આજ્ઞાથી રાવ ભીમ ઇડરમાં રાજ્ય કરતો હતો એ વાત નક્કી કરી બતાવાનો લાગ મળ્યો; તેથી રાજી થઇને ઇડર ઉપર ફોજ મોકલવાનો નિશ્ચય કરયો. નિઝામુલમુલ્ક તેનો સરદાર હતો તે આજ્ઞા પ્રમાણે ચડયો અને ભારમલને ફરીથી ગાદિયે બેસાડયો. પણ ડુંગરામાં રાયમલજીની પછવાડે પડતાં તેની સાથે લડાઈ થઈ તેમાં તે હારયો અને ઘણો નાશ થયો. નિઝામુલમુલ્કને આજ્ઞા કરેલી તે ઉપરાંત તેણે પગલું ભર્યું તેટલા માટે પાદશાહે તેને ઘણો ઠપકો દઇને રાજધાનીમાં પાછો બોલાવ્યો, પણ ત્યાં તે આવી પોહોંચ્યો એટલે તેને અહમદનગરનો સૂબો ઠરાવ્યો. ઈ૦ સ૦ ૧૫૧૭ માં રાયમલજિયે ફરીને ઇડરવાડામાં દેખા દીધી તેની સામે થ-

---

* ટીંટોઈ અને રીંટોડાંની વાવમાં આ રાજા વિષેના બે લેખ છે. પેહેલી વાવ સંવત્ ૧૫૬૬ (ઇ. સ. ૧૫૧૦) માં શ્રી મહારાય શ્રી શ્રી શ્રી ભીમ અને કુંવર શ્રી ભારમલની આજ્ઞાથી બંધાવી છે, બીજી સંવત્ ૧૫૯૯ માં (ઈ. સ. ૧૫૪૩) જ્યારે મહારાજા રાવશ્રી ભારમલ જયવંતપણે રાજ્ય ચલાવતા હતા તે વેળાએ બંધાવી છે.

વાને એક ઘોડેશ્વારની ટુકડી આપીને જહીરઉલમુલ્ક અથવા હિંદુઓની કથામાં જેને જેરખાન કહેછે તેને મોકલ્યો; પણ બસેં સાત માણસને મારીને તેને હરાવ્યો. તે ઉપરથી મલેક નુસરતઉલમુલ્કને વીસલનગર ઉપર મોકલ્યો અને શાહે પોતાના હુકમમાં જે દેશને બંડખોરોનું સ્થાન અને સ્વધર્મભ્રષ્ટ થયેલા લોકનું રેહેઠાણ કરીને લખ્યું છે તે બધોએ દેશ લૂંટવાની ને ઉજ્જડ કરવાની તેને આજ્ઞા કરી.

મુઝફ્ફરશાહનાં ત્યાર પછીનાં બીજાં બે વર્ષ તો માળવાના સુલતાનને તેની ગાદી ઉપર ફરીને સ્થાપવામાં પ્રતિષ્ઠા પૂર્વક ગુજરચાં. રજપૂતોને એક બે વાર હરાવ્યા, મંડુગઢ ઉપર હલ્લો કરીને તેનો કબજો કરી લીધો, અને રાણો સંગ તેનું રક્ષણ કરવાને પ્રયત્ન કરતો હતો તેને નાશી જવાની જરૂર પાડી. મુઝફ્ફરશાહ સુલતાન મહમૂદને ઓસિંગણુ કરીને પોતાની રાજધાની તરફ પાછો વળ્યો હતો ત્યાં તે આવી પોહોંચ્યો નહિ એટલામાં તેને એવા સમાચાર મળ્યા કે, ઈડરના રાયમલજિયે વીસલનગરના ડુંગરામાંથી નીકળી જઇને પાટણ પરગણું ઉજ્જડ કરી નાંખ્યું છે, અને ગિલવાડાનું શેહેર લૂંટી લીધું છે. રાયમલજીને છેવટે મલેક નુસરતઉલમૂલ્ક જે ઈડર આગળ હતો તેણે પાછો કાહાડી મૂક્યો. પાદશાહે રાયમલજીને પકડવાનો નિશ્ચય કરચો; તે જાતે વીસલનગર ઉપર ચડચો અને દેશ ઉજ્જડ કરી નાંખ્યો. પરંતુ પોતાની મતલબ તેનાથી પાર પાડી શકાઈ નહિ. પછી તરતજ રાયમલજી રોગથી મરણ પામ્યો એટલે તેના વારસ તરીકે ભારમલ નિષ્કંટક રાજ્ય ચલાવવા લાગ્યો.

આ વેળાએ એવા સમાચાર સાંભળવામાં આવ્યા કે, માળવાના સુલતાન મહમૂદે ગૂજરાતની ફોજના આશ્રયથી મેદનીરાય અને રાણાસિંહની એકઠી મળેલી સેના ઉપર હુમલો કરવાની હિંમત ચલાવી તેમાં તેણે હારખાધી અને (જખમી થઇને) કેદ પકડાયો. પછી તરતજ નુસરતઉલમુલ્કને ઈડરના કારભાર ઉપરથી ખશેડીને મુબારિઝઉલમુલ્કને તેની જગ્યાએ ઠરાવ્યો હતો તેના મ્હો આગળ કોઈયે આવીને રાણા સિંહના શૂરવીરપણા વિષે વખાણ કરવા માંડ્યાં. મુબારિઝનાથી તે સહન થઇ શક્યું નહિ એટલે કિલ્લાને દરવાજે એક કૂતરો બંધાવીને તેનું રાણાને નામે નામ પાડીને તે પ્રમાણે બોલાવાની તેણે આજ્ઞા કરી. આ પ્રમાણે

રાણા સિંહનું અપમાન કર્યું, તે વાત તેના સાંભળવામાં આવી; એટલે તે એવો ક્રોધાયમાન થયો કે, ઈડર ઉપર હુમલો કરવાને ઇરાદે તે તરતજ નીકળી પડયો; અને શિરોઈ સુધીનો દેશ ખુલ્લી રીતે લૂંટી લીધો. તે વાગડ આગળ આવ્યો એટલે ત્યાંનો રાજા તેને મળી ગયો, તેને સાથે લઇને તે ડુંગરપુર ભણી ચાલ્યો. ત્યારે ઇડરના સૂબાને નવી ફોજ મંગાવવાની અગત્ય લાગી; પણ દરબારમાં તેના પ્રતિપક્ષી હતા તેઓએ તે મોકલવા દીધી નહિ, અને ઉલટું પાદશાહને સમજાવ્યું કે મુબારિઝે અયોગ્ય રીતે રાણાનું અપમાન કર્યું અને હજુ સુધી એના ઉપર હલ્લો તો થયો નથી એટલામાં તો હિંમત હારી જઇને આશ્રય માગેછે. આ પ્રમાણે આધાર મળ્યો નહિ એટલે મુબારિઝ ઉલમુલ્કને ઇડર છોડી જવાની જરૂર પડી અને ત્યાંથી નીકળીને અહમદનગરના કિલ્લામાં જતો રહ્યો. બીજે દિવસે સિંહરાણે રાઠોડના રાજધાની નગરનો કબજો કરી લીધો, અને ત્યાંના સૂબાના જુલમથી કેટલાક રજપૂત ઠાકોરો જતા રહ્યા હતા તે ત્યાં આવીને તેને મળ્યા. પછી રાણો સિંહ પોતાના નવા મળતિયાને લઇને અહમદનગર ભણી ચાલ્યો, અને તેણે સોગન ખાધા કે હાથમતી નદીમાં ઘોડાને પાણી પાઉં, ત્યાં સુધી તેની લગામ ખેંચી ઝાલવી નહિ, મુબારિઝ ઉલમુલ્કની ફોજ તેના શત્રુના કર્તાં ઘણીજ ઓછી હતી તોય પણ તે કિલ્લો છોડીને બાહાર આવ્યો, અને પોતાની ફોજને નદીને આણી મગને કિનારે કિલ્લાની ભીંતે વ્યૂહબંધ સજ્જ રાખી. રાણા સિંહની ફોજ ઉપર મુસલમાનોએ સ્થિરતાથી હલ્લો કરયો, અને પછી મારો ચલાવા માંડયો. રજપૂતોના મહાવેગને લીધે મુસલમાનોની હાર ટૂટી અને કેટલાક નામીચા અધિકારિયો માર્યા ગયા; મુબારિઝઉલમુલ્ક પિંડે સખ્ત ઘાયલ થયો; તેના હાથિયો પકડાયા, અને તેની આખી ફોજ અસ્તાવ્યસ્ત થઈ ગઇ, તેને પછી હિંદુઓએ અમદાવાદ હાંકી કાહાડી. ત્યાર પછી રાણા સિંહે મોકળાઇથી આસપાસનો દેશ લૂંટી લીધો; તેણે વડનગરા બ્રાહ્મણોને ઉગારયા; પણ વીસલનગરવાળાઓએ તેના સામી બાકરી બાંધી તેના ઉપર હલ્લો કરીને તે લીધું, અને ત્યાંના મુસલમાન સૂબાને ઠેર કરયો. પોતાને અપમાન કરયું તેનું આ પ્રમાણે વૈર વાળીને, વગર અટકાવ થયે તે ચિતોડ પાછો ગયો.

મુબારિઝઉલમુલ્ક આ પ્રસંગે માળવાની સીમા ભણી જતો રહ્યો હતો

ત્યાં તેણે પોતાની ફોજની ભરતી કરી, અને કૂતરો રાણો સિંહ પાછો વળ્યો એવા સમાચાર તેના સાંભળવામાં આવ્યા એટલે પોતાની સૂબાગીરી પાછી લેવાનો તેણે પ્રયત્ન કરચો. અહમદનગર જતાં રસ્તામાં ઇડરદેશના રજપૂત અને કોળિયોનું એક ટોળું તેના સામું થયું, તેને હાર ખવરાવીને તે ઈડરમાં આવી પોહોંચ્યો, પણ આસપાસનો દેશ લૂંટાલૂંટથી એવો દૈવત વિનાનો થઈ ગયો હતો કે, ખાવાપીવાના સરસામાનને વાસ્તે તેને પરાંતીજ ઉપર આધાર રાખવો પડચો.

મુઝફ્ફરશાહે નિશ્ચય કરચો કે, અહમદનગર છોડી દેવું નહિ. તેથી ગમે તે થાય તે વેઠીને પણ ચોમાસામાં તે રાખી રેહેવાને માટે તેણે પોતાના અધિકારિયોને હુકમ કરચો; અને ઈ૦સ૦ ૧૫૨૦ના ડિસેમ્બર મહિનામાં, જે ફોજથી રાણા સિંહની આગળ ઉપર દુર્દશા થવા સજી હતી તે ફોજ લઇને તે જાતે ત્યાં ચડી આવ્યો. ઈડરવાડો પાછો ફરીને મુસલમાનોએ લૂંટચો; પણ ચિતોડના રાણા ઉપર તેમનો ખરો જય થયો નહિ; અને મિરાતે અહમદીમાં લખ્યું છે તે પ્રમાણે "ફોજના ઉપર અધિકાર ચલા-"વનારા અધિકારિયોના કપટભાવને લીધે તેની સાથે સલાહ કરી લીધી."

જેવામાં ઇડર મુસલમાનોના કબજામાં હતું, તેવામાં ત્યાંના રાવો, પોતાના કુટુંબસહિત, મેવાડના સીમાડા ઉપરના ડુંગરીદેશમાં સરવણ ગામ આવ્યું છે અને જે સામળિયાસોડના વંશજના તાબામાં હતું ત્યાં રેહેતા હતા. રીતોડાના લેખમાં લખ્યું છે તે પ્રમાણે બીજો મુઝફ્ફરશાહ મરણ પામ્યો, અને તેના બે શાહજાદા સિકંદર (ઈ૦ સ૦ ૧૫૨૬) અને અહમૂદ ત્રીજો (ઈ૦ સ૦ ૧૫૨૬) મરણ પામ્યા ત્યાં સુધી રાવ ભારમલ જીવતો હતો, અને ઈ૦ સ૦ ૧૫૨૮ માં જ્યારે બહાદુરશાહે (ઈ૦ સ૦ ૧૫૨૬-૧૫૩૭) ઇડર અને [1]વાગડ એ બન્ને દેશો ઉપર ચડાઈ કરીઅને ત્યાંથી ચાંપાનેરને રસ્તે ભડોચ પાછો આવ્યો ત્યારે પણ તે જીવતો હતો; અને વળી ઈ૦ સ૦ ૧૫૩૦ માં જ્યારે સુલતાન પિંડે ઇડર ઉપર ચડી આવ્યો પણ પોતાના બે સરદારને મ્હોટી ફોજ આપીને વાગડ (બાગડા) ઉપર મોકલીને પોતે પાછો વળ્યો ત્યારે પણ તે હયાત હતો. તે છેક ઈ૦ સ૦

---

૧ સાકરિયો વાગડ એવું દેશનું નામ છે. તેનાં ૩૫૦૦ ગામ કેહેવાતાં હતાં હવણાં અર્ધો ભાગ ડુંગરપુરના તાબામાં છે ને અર્ધો ભાગ વાંસવાડાને સ્વાધીન છે. ર. ઉ.

૧૫૪૩ ના વર્ષપછી મરણ પામ્યો તેની પછવાડે તેનો કુંવર રાવ પૂંજોજી થયો, તેના કારભાર સંબંધી બનાવોની નોંધ રહેલી નથી.

મુસલમાન ઇતિહાસકોએ અમદાવાદના રાજવંશિયો વિષેનું હવે પછીનું જે વર્ણન આપેલું છે, તેમાં ગૂજરાતના હિંદુ રાજાઓ સંબંધીની વાતને ખુલ્લી રીતે લાગુ પડે એવું કાંઈ નથી માટે તેમના વિષેનું વિસ્તારથી અત્રે વર્ણન આપવાનું અમારી મતલબને અનુસરતું નથી. સુલતાન બહાદૂરનું રાજ્ય અતિ અસ્વાભાવિક વિરૂદ્ધપણાને લીધે પ્રસિદ્ધ છે. એક સમયે તેને તેની પૂર્વે થઈ ગયેલા મહાન્ સિદ્ધરાજની કીર્તિની ચડસાચડસી કરતો આપણે તેની જોઇયે છિયે, તેની શ્રેષ્ઠતા ખાનદેશ, વરાડ, અને અહમદનગરના રાજાઓએ માન્ય કરેલી આપણા જોવામાં આવેછે; માળવાનું રાજ્ય ફરીને પાછું ગૂજરાતના હથિયારવડે જીતાયલું એવું તેની સત્તાનીચે આવેલું જણાયછે; અને તેનો યશવંત વાવટો મંડુના ઉંચા મોરચા ઉપર ફરકતો આપણા જોવામાં આવેછે. બીજે સમયે, જે હુમાયૂન પાદશાહને તેણે તેના ઉદયકાળમાં ચીડાવ્યો હતો, તેજ પાદશાહે તેને તેના રાજ્યમાંથી હાંકી કાહાડેલો આપણા જોવામાં આવેછે, અને છેવટે ફિરંગી લોકો સાથે એક દુ:ખદાયક લડાઈ થઈ તેમાં તે દગાથી મરાયો, અને તેનું મુરદું દરિયામાં ફેંકી દીધું; ઇતિહાસકર્ત્તા જે બહાદુરશાહ વિષે લખેછે તે તેના પછી નબળાઈ ચાલશે અને ખરાબી થશે એવું પોતાના લખાણની અંત્યે ભવિષ્ય વર્ત્તેછે. "સુલ-
"તાન બહાદુરના મરણ પછી ગૂજરાતના કારભારમાં અવ્યવસ્થા અને રાજ-
"દ્રોહે પોતાનો પ્રવેશ કરયો; અને ત્યાર પછી દક્ષિણના રાજાઓ પાસેથી,
"અને યુરોપિયનોએ કબજે કરી લીધેલાં બંદરોમાંથી ખંડણી મળતી બંધ
"થઈ ગઈ."

કેટલાંએક વર્ષ વીત્યા પછી ઈ૦ સ૦ ૧૫૪૫ માં બહાદુરશાહનો ભત્રીજો મહમૂદ લતીફ્ખાન (ઈ૦ સ૦ ૧૫૩૭ થી ૧૫૫૪ સુધી) ગાદી ઉપર હતો તેવામાં, આગળ જેમ શાહઅહમદ અને મહમૂદબેગડાના બલવાન દિવસોમાં, હિંદુ જમીદારોના હક દૂબાવવાને સાવધપણે થોડોક પ્રયત્ન કરવામાં આવ્યો હતો; તે પ્રમાણે ગૂજરાતના આ છેડાથી પે'લા છેડા સુધી કરવાને તેણે પોતાનો અભિમાની તેમજ નબળો હાથ ચલાવવાને ધાર્યું; અને એવી રાજનીતિ ચલાવી કે, તેમાં જે ખામી આવી ગઈ તે આવી હોત નહિ અને તેનો પૂરેપૂરો અમલ થયો હોત તો સુલતાનનું તખ્ત ઊંધું

વળવાને કાંઈ પણ બાકી રેહે એમ થાત નહિ. " આ સમયે શાહે જના-
"નખાનાની મોજ મૂકી દીધી તેથી રાજ્યની સત્તા એટલી બધી વધી ગઈ
"કે ઉમરાવ અને સિપાઈ સર્વે કોઈ વશમાં આવી ગયા અને શાહની
"આજ્ઞા ઉલંઘન કરવા જેટલી તેમનામાં સત્તા રહી નહિ. આ વેળાએ મા-
"ળવાનો કબજો કરી લેવાની પાદશાહે ઇચ્છા જણાવી; પણ તેણે પોતાના
"વજીર આસફ્ખાનને સલાહ પૂછી ત્યારે તેણે કહ્યું કે, રજપૂતો, ગરાશિ-
"યા, અને કોળિયોના તાબામાં ગૂજરાત પ્રાન્તની ચોથ અથવા વાંટાની
"જમીન છે તે દબાવી પડવાથી માળવા જેટલો દેશ હાથ આવશે; અને તે
"એક જાગીર થઈ પડવાથી તેની ઉપજમાંથી પચીસ હજાર અશ્વારોનું પૂરૂં
"થઈ શકશે." આ પ્રમાણે વાંટા ખાલસા કરી દેવાનો હુકમ થયો. આનો
પરિણામ સર્વ કોઇ ધારી શકે એમ એવો થયો કે, સર્વ ઠેકાણે બળવો
ઉઠયો, અને હવે પછીના વૃત્તાંત ઉપરથી સિદ્ધ થાયછે તે પ્રમાણે તે લોકોનો
જય થયો. કેમકે કદાપિ તે સમયે જાત્યાભિમાનનાં અને જુલમનાં ગમે તે
કામ કરયાં હશે, અને હિંદુઓને કચરી નાંખેલા અને વશ કરી લીધેલા,
મુસલમાન રાજકર્ત્તાઓએ ગમે એટલા માનવાને પસંદ કર્યું હશે, અથવા
મુસલમાન ઇતિહાસકોએ તે પ્રમાણે લખવાને દુરસ્ત ધાર્યું હશે, તોયપણ
વગર વાંધાની ખરી વાત તો એજ છે કે તેમના વંશજો ઉપર પછ-
વાડેથી ઘણાં સંકટ આવી પડ્યાં, તથાપિ જે જમીન તેમની પાસેથી છીનાવી
લેવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો, તે જમીન હજી લગણ તેઓ ભોગવે
છે; અને આણીમગ તો થોડી પણ ચીંથરે હાલ દરિદ્રતા અને ટગુમગુ
થઇ રહેલાં ખંડેર શાહઅહમદના વંશના રાજ્યના એક સમયનો દબદબો
બતાવાને માત્ર રહેલાં છે. "ઇડર, શિરોઇ, ડુંગરપુર, વાંસવાડા લુણા-
"વાડા, રાજપીપળા, મહીકાંઠો, અને હલવદ (ઝાલાવાડ) ના ગ્રાસિયાઓએ,
"પોતાનો ગ્રાસ સાચવી રાખવાને દેશમાં પજવણી કરવા માંડી માટે શિ-
"રોઈ, ઇડર, અને બીજે ઠેકાણે થાણાં બેસારયાં અને ત્યાંથી રજપૂત અને
"કોળી નામે નાશ કરવાની આજ્ઞા થઈ; માત્ર જેઓ દેશનું રક્ષણ કરવાને
"સિપાઇગીરીની નોકરીમાં હતા, અથવા જેઓ વ્યાપાર કરતા હતા, અને
"ઓળખાવાને માટે જેઓને જમણે હાથે કાંઇક નિશાની રખાવામાં આવી
"હતી તેઓનેજ જીવતા મૂકવાની છૂટ હતી. એ જાતના લોકોમાંથી જેઓને
"તે નિશાની ન હતી તેઓને ઠેર કરતા હતા. આ પાદશાહના રાજ્યના

"લગભગ છેલા સમયમાં, ઉપર પ્રમાણે હુકમ હોવાને લીધે તેટલા ભાગોમાં "મુસલમાની ધર્મની શ્રેષ્ઠતા એટલી બધી વધી પડી હતી કે, શેહેર વચ્ચે "ઘોડાઉપર બેશીને જવાની કોઇ હિંદુને છૂટ ન હતી; અને જેઓ પગે "ચાલીને જતા હતા તેઓને પણ જમણે ખભે લાલ પટી લગાવ્યા વિના "લૂગડાં પેહેરવા દેતા નહિ, અને વળી વિશેષમાં એ હતું કે હોળી, દિવાળી-"ના તેહેવારનું પૂજા આદિકનું પ્રસિદ્ધ પાખંડીપણું કરવા દેવાની મના "કરી હતી. આ ઉપરથી એમ લખવામાં આવ્યું છે કે, દુષ્ટ બુરહાને "પાદશાહને મારી નાંખ્યો ત્યારે આસિયા અને કોળિયોએ તે ખુનીની એક " ર્તિ કરીને સ્થાપી અને તેની પૂજા કરી તેને કેહેવા લાગ્યા કે, આ "અમારો રક્ષક છે, એણે અમને નાશમાંથી બચાવ્યા છે."

જે કોઈ ગૂજરાતમાં આવેછે અને આવા જુલમનું મુખ્ય ઠેકાણું જે રાજધાની નગર અમદાવાદ તે મુખ્યત્વે કરીને જુવેછે; ત્યારે ત્રાસ પમાડેલા હિંદુઓનાં ભોંયનાં દેવળ અને મુસલમાનોના ઉંચા મિનારા તેઓના રાજ્યના અને ધર્મના જુલમના દિવસોમાં થયેલાં જોવામાં આવેછે,અને હાલમાં જે છે તેની સાથે તે દિવસના કારભાર ઉપરથી આ સર્વ જે લક્ષમાં આવેછે તેનો મુકાબલો કરવાને બની આવેછે. એક તરફ પડી જતી મસ્જીદનાં ખંડેર વધતાં જાયછે, અને બીજી તરફ તેનીજ પાસે શિવ અને પારસનાથની મૂર્તિઓ તેમની અંધારી સંતાઈ રેહેવાની જગ્યાઓમાંથી બાહાર નીકળેછે અને નવાં બંધાવેલાં દેવાલયોમાં તેમની સ્થાપના થાયછે; અને અભિમાનનો પોકાર કરનારા પઠાણ અને મોગલોના છોકરા હિંદુનાં દેવળમાં આરસપાહાણ ગોઠવવાની મજુરી કરેછે, અથવા છેક હલકો રોજ લઇને, જે દેવની મૂર્તિઓનો નાશ તેઓના પૂર્વજોએ કરયો હતો એવું તેઓ ધારેછે તેઓની ફરી સ્થાપના થતી વેળાના વરઘોડામાં મશાલો ધરેછે અને નગારાં વગાડેછે.

**મહમૂદ લતીફ્ખાન** (મહમૂદ શાહ ચોથા) ને ઈ૦ સ૦ ૧૫૫૪ માં મારી નાંખવામાં આવ્યો ત્યાર પછી તેના વંશના બે (અહમદશાહ બીજો ઈ૦ સ૦ ૧૫૫૪ થી ૧૫૬૧ સુધી અને મુઝફ્ફર ત્રીજો) નબળા ક્રમાનુયાયિયો થયા ત્યાં સુધી તેનો વંશ રહ્યો; ત્યાર પછી ઈ૦ સ૦ ૧૫૭૨ ના નોવેમ્બર મહિનાની ૧૮ મી તારીખે મહાન અકબરે પોતાનો વાવટો અહમદના નગરની પડોશમાં ફરકાવવા માંડ્યો, તે અવસરે ત્યાંના સર્વ પદવિના

સર્વ લોક ટોળે મળીને તેને પોતાના પાદશાહ તરીકે માન આપવાને આગળ ગયા.

મિરાતેઅહમદીનો કર્ત્તા કેહેછે કે, "પંડિત અને અવલોકન કરના-"રા સારી પેઠે જાણેછે કે, દુનિયાના પ્રારંભથી જે રાજ્યની સ્થાપના થ-"ચેલી છે, તે દરેક રાજ્યનો નાશ થવાનું કારણ તેના અમીરો અને તેઓ-"ની સાથે મળી ગયેલી બંડખોર પ્રજા થાયછે, તેઓનું બંડ અને પ્ર-"યત્ન ઇશ્વરનો પાડ કે ઘણું કરીને તેમના સામાં થઇ પડેછે; અને તેથી "કરીને કોઇ વધારે ભાગ્યશાળી પ્રતિસ્પર્ધીનું કામ થાયછે. આ પ્રમાણે " ગૂજરાતના રાજાઓના ઉમરાવોનો પાર આવ્યો. બળવાની વેળાએ " માંહોમાંહે લડી મરીને અન્યોન્યના સાચા સંબંધની અવગણના કરી, " તેથી દૈવે રાજ્યનો અને તેના ચાકરોનો નાશ કરાવ્યો; અને મિત્રતાને "રૂપે તેઓએ ખુલ્લી રીતે શત્રુતાનાં કર્મ કરવા માંડ્યાં, તેથી તે બન્ને " બાજુવાળા વેગળા રહી ગયા, અને આ રાજ્યની સત્તા અને રાજમુદ્રા તૈ-" મુરના જગપ્રસિદ્ધ વંશજ જલાલુદ્દીન મહમૂદ અકબરના હાથમાં આવી.

અકબરની સત્તાની સ્થાપના થતા પેહેલાંનો તરતજનો જે સમય હતો તે ગૂજરાતના ઈતિહાસમાં ખરેખરો ખેદદાયક થઈ પડચો હતો. આ વેળાએ, મુસલમાની અમીરોએ મહમૂદ ચોથાનો કૃત્રિમ શાહજાદો આણીને ગાદિયે બેસાડચો; અને તેનું નામ ત્રીજો મુઝફ્ફર (ઈ૦ સ૦ ૧૫૬૧ થી ૧૫૭૨) કરીને પાડચું. પણ ખરૂં જોતાં તો તેમણે પોતપોતામાં દેશ વેહેંચી લીધો હતો. તેમનામાં અતિ બળિયો અયતેમાદખાન હતો તેણે રાજધાની નગર અમદાવાદ અને ખંભાતનું બંદર તથા તે બે વચ્ચેના પ્રદેશનો કબજો કરી લીધો; એક બીજો હતો તે અણહિલપુરનું ખંડેર અને સાબ્રમતી તથા બનાસ નદિયો વચ્ચેનો ઘણો ભાગ દબાવી પડચો; ત્રીજાના સ્વાધીનમાં સુરત તથા ભરૂચનાં બંદર, ચાંપાનેરનો કિલ્લો, અને મહીની દક્ષિણ ભણીનાં પરગણાં આવ્યાં. ધંધૂકા અને ધોળકા ચોથાના તાબામાં થયાં; અને પાંચમો ખેંગારના (જૂનાગઢ) કિલ્લામાં રહીને સોરઠના દ્વિપકલ્પ ઉપર સત્તા વિસ્તારવાનું તકાસવા લાગ્યો. આ વેળાએ રાજ્યના હિંદુ લશ્કરી પટાવતો ઘણા હતા. કડીથી ડીસાસુધીનાં ઉત્તર ભણીનાં પરગણાંમાંથી ત્રણહજાર રજપૂત ઘોડેશ્વારોનું લશ્કર મ-

ળતું હતું; બાગલાણના જમીનદાર બોહરજીના કબજામાં મુલર અને સાલ્હેરના કિલ્લા હતા, અને ત્રણ હજાર ઘોડેસ્વારોના લશ્કરવડે ચાકરી કરતો હતો; ગોધરા ટપ્પાનાં બે પરગણાં, સાંથના જમીનદાર અને છત-રાલ કે.ળિએ નોકરી કરી હતી તેના બદલામાં આપ્યાં હતાં; નાગોર પર-ગણાના વતનદારોએ રજપૂત ઘોડેસ્વારોના મ્હોટા લશ્કર સહિત ચાકરી કરી હતી; અને ઇડરનો પુંજો રાઠોડ, રાજપીપળાનો રાવ જયસિંહ, ડું-ગરપુરનો રાવળ, ઝાલાઓનો ઠાકોર, જામ અને તેના ચારસે આસિયા આશ્રિતો, તેમજ ભુજના ખેંગારજી (પેહેલા) રાવે લશ્કર પૂરૂં પાડ્યું હતું તેમાં સોળ હજાર તો માત્ર ઘોડેસ્વાર હતા. આ સત્તાવાન રજપૂત ઠાકોરોએ અમદાવાદના પાદશાહોના ધસારામાંથી પોતાની જમીન અને સ્વતંત્રપણું જાળવી રાખ્યું હતું. તેઓને ભાગી પડેલી સત્તાના જોરથી થોડુંજ ડરી જવાનું હતું, અને અસલની જંગલી જાતિઓ જે આગળ વધારે વજનથી દબાવી રાખી હતી, પણ તેનો કદિ નાશ થયો ન હતો તે આ વેળાએ ફરીને અગ્નિની પેઠે ધશી આવવા લાગી.

અકબરે ગુજરાતની જીત કરી લીધી ત્યારપછી તેણે આખા દેશ ઉપર એક સુબેદાર ઠરાવ્યો, અને તેના હાથ નીચે મેહેસુલના અને લશ્કરી અધિકારી નિમ્યા. ઘણુંકરીને સૂબેદાર ઉત્તમ પંક્તિના માણસો હતાં. જેવા કે અકબરનો દૂધ ભાઈ ખાન અઝીઝકોકા, અને તેનો શાહજાદો સુલતાન મુરાદબખ્ત એ જગ્યા ઉપર ઠરયા હતા; જહાંગીરના વારામાં તેનો શાહજાદો શાહજહાંન ઠરયો હતો, અને તેના વારામાં તેનો શાહ-જાદો મુરાદ નિમાયો હતો. આ સમયના ઇતિહાસનો સમાવેશ દિલ્હીના સામાન્ય ઇતિહાસમાં થાયછે અને આ પુસ્તકમાં રજપૂત ઠાકોરો સંબ-ધી લખવાનો જે હેતુ છે તેમના સંબંધી મુસલમાન લખનારાઓએ પો-તાના લખાણમાં જુજ સૂચના આપેલી છે. આપણા જોવામાં આવેછે કે, જમીનની ઉપજ સંબંધી વ્યવસ્થા કરવાને અકબરે રાજા ટોડલમલને ગૂજરાતમાં મોકલ્યો ત્યારે અકબરની મુસલમાનોના મુખ્ય તરીકે રાજ્ય કરવાની માત્ર ધારણા નહિ પણ આખા હિંદુસ્થાનના એકઠા મળેલા લોકોના ઉપરી તરીકે રાજ્ય કરવાની તેની ઉદારતા ભરેલી અને ડાહા-પણ ભરેલી ધારણા તે પૂર્ણ થાય એટલા માટે રજપૂત ઠાકોરોનો સંબંધ

રાજ્ય સાથે થાય અને તેઓની પ્રીતિ સંપાદન કરી લેવાય એવા હાથ આવેલા પ્રસંગ તેણે સાધી લોધા. ઈ૦ સ૦ ૧૫૭૬ માં તે ગૂજરાતની સરહદ ઉપર આવી પોહોંચ્યો ત્યારે "શિરોઇના જમીનદારે પાંચસે રૂપિયા અને સો મોહોરોની ખંડણી આપી.[1] રાજા ટોડલમલે તેના બદલામાં તેને શિરપાવ કરચો અને એક જડાવનો શિરપેચ અને એક હાથી આપીને દિલ્હીના રાજ્યની વતી ગૂજરાતના સૂબાની બે હજાર અશ્વારોથી ચાકરી કરવાનો બંદોબસ્ત કરચો. રાજા ટોડલમલ ત્યાંથી સુરત જતાં રસ્તામાં રા- "મનગરના જમીનદારને ભરૂચમાં મળ્યો, તેણે બારહજાર રૂપિયા અને "ચાર ઘોડાની ખંડણી આપી તેના બદલામાં ઘટિત ઇનામ તેને આપ્યું. "આ વેળાએ જમીનદારને પંદરસે અશ્વારોની પદવિ ધારણ કરવાની છૂટ આપી અને તેણે એક હજાર ઘોડેસ્વારો સહિત ગૂજરાતના સૂબાની ચાકરી કરવાનું કબૂલ કર્યું.

ટોડલમલ ગૂજરાતથી દિલ્હી જતો હતો તેવામાં ડુંગરપુરનો જમી- નદાર, રાણો શોહમલ તેના મેળાપને અર્થે આવ્યો, તેને પણ શિરપાવ આ- પીને બે હજાર પાંચસે ઘોડેસ્વારની પદવિ આપવામાં આવી અને ગૂજરાત પ્રાન્તમાં ચાકરી કરવાને તેણે કબૂલ કર્યું એટલે બીરથા આગળથી પાછાં જવાની તેને રજા આપી.

આઈન અકબરીમાં લખ્યું છે કે, ઈડરના રાવ નારણદાસ પાંચસે ઘોડેસ્વાર અને બે હજાર પાયદળ ઉપર સરદારી ચલાવતો હતો, તે ઉપરથી જણાયછે કે, શિરોઈ અને ડુંગરપુરના ઠાકોરોની પેઠે એને પણ ગૂજરાતના સૂબાના આશ્રયમાં રેહેવાને ઠરાવ્યો હશે. વીરમદેવ ચરિત્રમાં પણ ઇડરના રાવને દિલ્હીના પાદશાહનો લસ્કરી પટાવત કરીને લખેલો છે. અબુલફ- જલે ગૂજરાતના બીજા ઠાકોરોને એજ પ્રમાણેનું પદ ધારણ કરેલી સ્થિતિના લખી જણાવ્યા છે. તે કેહેછે કે, "ઝાલાવાડ પ્રથમ સ્વતંત્ર "રાજ્ય હતું, તેમાં બે હજાર બસેં ગામ હતાં, તેનો વિસ્તાર શિત્તેર કોસ "લંબાઇનો અને ચાળીસ કોસ પોહોળાઇનો હતો; તેના તાબામાં દશ હજાર

---

૧ મેળાપની વેળાએ "નજરાણો" અથવા ભેટ આપવામાં આવેછે તે આ હશે કાંઈ ખંડણી નહિ. અહિ અને બીજા હત્રે પછી ફકરા ઉતારી લેવામાં આ- વનાના છે તેમાં સંખ્યા વિષે પણ બહુ પરિકાષ્ટા છે.

"ઘોડેશ્વાર અને તેટલુંજ પાયદળ હતું. હમણાં તેના તાબામાં બસ ઘોડે-
"શ્વાર અને ત્રણ હજાર પાયદળ છે, અને તેમાં ઝાલા જાતિની વસ્તી છે.
"હાલમાં તેના ચાર ભાગ, કરેલા છે, તોયપણ તેને અમદાવાદ તાબાનું માત્ર
"એક પરગણું ગણેલું છે. તેમાં શેહેર ઘણાં છે" અહિયાં જે ચાર ભાગ ગણવામાં આવેલા છે તે હુલવદ, વઢવાણ, લખતર અને લીંબડીના છે, તે વિષે હવે પછી લખવામાં આવશે. એજ ઈતિહાસકના લખવા પ્રમાણે સોરઠના નવ ભાગ કરેલા જણાયછે. એ માહેલો પેહેલો, સામાન્ય રીતે, નવો સોરઠ કેહેવાતો હતો, તેનો તપાસ અરણ્યના ગહનપણાને લીધે અને ડુંગરાઓની ગુચવણને લીધે ઘણા કાળ સુધી થયો ન હતો. જૂનાગઢની ગણના આ ભાગમાં થઈ હતી.. નવા સોરઠમાં તેમજ પટ્ટણ સોમનાથમાં ઘેલોટી જાતના રજપૂતોની વસ્તી હતી; અને ત્યાંના ઠાકોરોમાંથી દરેક એક હજાર ઘોડેશ્વાર, અને બે હજાર પાયદળની સરદારી કરતો હતો, તે સાથે કેટલાક આહીરો પણ હતા. આ આહીર તે ઘણું કરીને કાઠી લોક હશે, કેમકે તેઓ આહીર જાતના છે, અને ઘોડાની સંભાળ રાખવાનું તેમનું કામ છે, એવું બીજે ઠેકાણે લખવામાં આવેલું છે. ત્રીજા ભાગ વિષે અબુલફજલ લખેછે કે, "શિરોંજ (શત્રુંજય) પર્વતની તલાટી આગળ એક વિશાળ
"નગર છે, તેની જગ્યા ઘણી પસંદ પડે એવી છે તોપણ ફરી વસાવા સ-
"રખું તે હવે રહ્યું નથી." આ સૂચન ઘણું કરીને વલભીપુરના ખંડેરને લાગુ પડેછે. તે લખેછે કે, "માબીડચીન અને ઘોઘાનું બંદર તેના સ્વા-
"ધીનમાં હતું. પીરમનો બેટ પણ આ ભાગમાં છે; તે નદીની વચ્ચે નવ
"કાસનો ચોખૂણ ડુંગર છે, આગળ તેમાં રાજ્યની ગાદી હતી. આ ભા-
"ગનો જમીદાર ગોહિલ જાતિનો છે, અને બે હજાર ઘોડેશ્વાર અને ચાર
"હજાર પાયદલની સરદારી ભોગવેછે." ચોથા ભાગમાં વાળા રજપૂતની વસ્તી હતી; તેમાં મહુવા અને તળાજાનાં બંદર આવ્યાં હતાં, અને તે ત્રણસેં ઘોડેશ્વાર અને પાંચસેં પાયદલનું લશ્કર પૂરૂં પાડતો હતો. એ ગ્રંથકર્ત્તાના લખવા પ્રમાણે બીજા ભાગોનું વર્ણન અમે આપતા નથી, કેમકે તે બધી વેળાએ સમજાય એવું નથી. તે લખેછે કે, વાઢેરના તાબામાં આરંભડાનું બંદર હતું તે ઘણી મજબૂત જગ્યા હતી, અને ફોજ પૂરી પાડવાનો તેનો કરાર એક હજાર અશ્વાર અને બે હજાર પાયદલનો હતો. વાંજાની મિશ્ર જાતિના તાબામાં ઝાંઝીરનું બંદર હતું, અને તે બસેં ઘોડેશ્વાર અને તેટલુંજ પાય-

દલ પૂરૂં પાડતા હતા. ચિતોડની જાતિના, એક હજાર અશ્વાર અને બે હજાર પાળા પૂરા પાડતા એમ લખ્યું છે, તે ધુમલીના જેઠવા લોકોવિષે સોવશા લખ્યું છે. વાઘેલા જાતિના એક ભાગમાં વસતા હતા, અને બસે ઘોડા તથા તેટલાજ પાળાની સરદારી કરતા હતા; અને આણીમગ સોરઠના તેજ ભાગના કાઠી લોકો છ હજાર અશ્વાર અને દશ હજાર પાયદલનું ઉપરીપણું ચલાવતા; તેમજ આહીરની એક બીજી જાતિના લોકો ડુંડી નદીને કાંઠે વસતા હતા અને જે પુરંજા કેહેવાતા હતા તે તેનાથી અર્ધું લશ્કર પૂરૂં પાડતા. કચ્છ ભુજના રાવનું લશ્કર દશ હજાર અશ્વાર અને પચાસ હજાર પાયદલનું હતું; તેઓ ઉંચા અને દેખાવડા હતા તથા લાંબા કાતરા રાખતા. જામ "સત્તરસાલ" કચ્છભુજના રાજ્યી કુટુંબનો સગો થતો હતો, તે રાવલજીનો પૌત્ર થતો હતો, તેને *રાવે સાઠ વર્ષ પેહેલાં તે દેશમાંથી હાંકી કાહાડયો હતો, તે સોરઠમાં ચઢવા, બરડીલ અને નવનીલના પ્રદેશની વચ્ચેના એક ફળદ્રુપ દેશમાં વસ્યો હતો અને તેનું નામ તેણે "ન્હાનું કચ્છ" (હાલાર) કરીને પાડ્યું હતું તેમાં તેણે તેનું રાજધાની શેહેર નવાનગર વસાવ્યું હતું. જામની ફોજનો કરાર સાત હજાર અશ્વાર અને આઠ હજાર પાયદલનો હતો.

મિરાતે અહમદીમાં લખ્યું છે કે, નવાનગરના જામે એક વેળાએ અમદાવાદના છેલ્લા સુલતાન, ત્રીજા મુઝફ્ફરને આશ્રય આપ્યો હતો, પણ છેવટે તેણે દગો કરીને તેના શત્રુઓને સ્વાધીન કરચો. ઈ૦ સ૦ ૧૫૯૦ માં મુઝફ્ફર અને જામને ખાનઅઝીઝકોકાએ હરાવ્યા તેથી તેઓને ડુંગરામાં સંતાઈ પેસવાની અગત્ય પડી. આ જીત થયા પછી સૂબાએ નવાનગર લૂંટયું અને જૂનાગઢને ઘેરો ઘાલ્યો તે વેળાએ ત્રીજા મુઝફ્ફરના સાથિયોએ તેનું રક્ષણ કર્યું, તેથી તેનું કાંઈ ચાલ્યું નહિ એટલે તે અમદાવાદ પાછો જતો રહ્યો, તેવામાં ઈતિહાસકર્ત્તા લખેછે કે, અમીરોને એક વાર તેમની પોતાની જાગીર ઉપર શાન્તપણે રેહેવાને છૂટી આપી. બીજે વ જૂનાગઢ સૂબાના હાથમાં આવ્યું, અને મુઝફ્ફરશાહ નાશી જઇને કચ્છના રાવ ખેંગારજી (ના

* પૃષ્ઠ ૬૧૯ મેં આપેલી જાડેજાની વંશાવળીના ૧૧મા રાજા રાવ ખેંગારજી પેહેલાએ જામ રાવળજીને કચ્છમાંથી નસાડ્યા તેણે ઈ. સ. ૧૫૩૯માં નવાનગર વસાવી ગાદી સ્થાપી. તે પછી તેનો કુંવર વીભોજી (ઇ. સ. ૧૫૬૨–૧૫૬૯) થયો. તે પછી તેનો કુંવર જામ સતાજી ઉર્ફે સત્તરસાલ (ઇ. સ. ૧૫૬૯ થી ૧૬૦૭) થયો.

કુંવર રાવભારમલજી ) ને આશરે જઇને રહ્યો; તેને તેણે મદદ આપી. અ-
ઝીઝકોકાએ પોતાના દીકરાને ફોજ આપીને તેની પછવાડે મોકલ્યો, તે
રસ્તે જતો હતો તેવામાં જામ તેને સ્વાધીન થયો, અને તેની સાથે સલાહ
કરી, ત્યાર પછી નિરાશ્રય સુલતાન જામના આશ્રયથી પકડાયો, તેને બદલે
રાવને તેનું આગળનું મોરબી પરગણું હતું તે ઈનામમાં મળ્યું.

ગૂજરાતની પૂર્વ સીમા ઉપર જે રજપૂતોનાં સંસ્થાન આવેલાં છે
તેનું અબુલફજલે કરેલું વર્ણન નીચે પ્રમાણે છે,—"મેરવ અને મંગ્રીચની
" પાસે એક દેશ છે તે પાલ કેહેવાયછે, તેની વચ્ચે મેહીંદરી નદી વેહેછે.
" આ દેશની ગૂજરાત ભણીની બાજુએ એક સ્વતંત્ર જમીનદાર છે તે ડુંગર
" પુરમાં રેહેછે. આ દેશની માળવા ભણીની બાજુએ વાંસવાડા છે ત્યાંનો
" રાજકર્ત્તા સ્વતંત્ર છે. આ બંને રાજકર્ત્તાઓની પાસે પાંચ પાંચ હજાર અશ્વાર
" અને એક એક હજાર પાયદળ છે; તેઓ બંને સિસોદિયા જાતિના હતા
" અને રાણાના સગા થતા હતા, પણ હવણાંના છે તે જૂદી જાતિના છે."

"પટ્ટણ સરકારની પડોસમાં એક દેશ છે તેની રાજધાની શિરોઈ છે.
" ત્યાંનો રાજકર્ત્તા એક હજાર અશ્વાર અને પાંચ હજાર પાયદળની હકુમત
" કરેછે, આબુગઢ નામના પર્વતની ટોચે તેનો કિલ્લો છે, તેમાં બાર ગામ
" આવ્યાં છે ત્યાં પાણી અને ઘાસ પુષ્કળ છે. નદીબારની પૂર્વમાં, મ-
" ન્ડુની ઉત્તરમાં, નાદોતની દક્ષિણમાં, અને ચાંપાનેરની પશ્ચિમમાં વ-
" ળી એક બીજો દેશ છે તેની લંબાઈ સાઠ કોસ છે, અને પોહોળાઇ
" ચાળીસ કોસ છે. ત્યાંનો રાજકર્ત્તા ચોહાણ વંશનો છે તેની રાજધાની અ-
" લીમોહન છે. અહિયાં ઘણા જંગલી હાથિયો છે. લશ્કરી ફોજ છસે
" અશ્વાર અને પંદર હજાર પાયદળની છે.

" સુરત અને નંદીરબારના સરકારની વચ્ચે એક સારી રીતે વશેલો
" પાહાડી દેશ છે તે બગલાણા કેહેવાયછે. ત્યાંનો ઠાકોર રાઠોડ વંશનો
" છે, અને ત્રણ હજાર અશ્વાર, તથા બે હજાર પાયદળના ઉપર હુકમ
" ચલાવેછે. અહિયાં જાંબુ, બોર, દ્રાક્ષ, રાંયણ, દાડમ, અને જમ્બીરફળ
" બહુ થાયછે. બગલાણામાં સાત કિલ્લા છે તેમાં મોલીર અને સાલી-
રના કિલ્લા અતિશય દૃઢ છે.

"નાદોત અને નંદુરબારના સરકારની વચ્ચે એક પાહાડી દેશ છે તે

"લંબાઈમાં પચાસ કોસ છે, અને પોહોળાઈમાં ચાળીસ કોસ છે, તેમાં
"ગોહિલ રજપૂતની જાતિ વસેછે. હાલમાં રાજકારભાર એક તરવાડી કરીને
"બ્રાહ્મણ છે તેના હાથમાં છે; રાજા છે તે માત્ર નામનોજ છે. કોઈ વેળા
"તે રાજપીંપળામાં રેહેછે અને કોઇવેળા ઝુલવામાં રેહેછે. તેનીપાસે ત્રણ
"હજાર અશ્વાર, અને સાત હજાર પાયદલ છે. ઝુલવાનું પાણી ઘણું ખરાબ
"છે; પણ ત્યાં ડાંગર અને મધ ઘણું સરસ થાયછે*"

છેલા સંસ્થાન વિષે ઉપર લખવામાં આવ્યું તે આપણા જોવામાં આવ્યું છે કે પીરમના રાજા મોખડાજી ગોહિલના કુંવર સમરસિંહજિયે સ્થાપ્યું હતું, અને પોતાની માના ભણીથી તેનો તે ઉપર હક થયો છે.

* બર્ડની મિરાતે અહ્મદીનાં પૃષ્ઠ ૩૨૫, ૩૩૯, ૩૪૩, ૩૪૯.

## પ્રકરણ ૮.

### ઈડરનો રાજકારભાર—રાવ નારણદાસ—રાવ વીરમદેવ—રાવ કલ્યાણમલ્લ.

[1]ઈડરના રાવ પુંજાની પછી તેનો કુંવર નારણદાસ ગાદિયે બેઠો,

---

[1] ઈડરના રાવની વંશાવળી.

જયચંદ્ર રાઠોડ ( ઈ. સ. ૧૧૯૪ માં કનોજનું રાજ ગયું )

શેખજી

- ૧ શિયોજી
  - ૨ અસોધામ ( મારવાડની ગાદિયે )
  - ૧ સોનીંગ ( ભોળા ભીમે સામેત્રા આપ્યું પછી ત્યાંથી ઈડર જીત્યું સન ૧૨૫૭ "રાવ" પદવી ધારણ કરી. )
    - ૨ રાવ એહમલજી
    - ૩ ધવલમલજી
    - ૪ લુણકરણજી
    - ૫ ખનહતજી
    - ૬ રણમલજી
    - ૭ રાવ પુંજોજી
    - ૮ નારણદાસ
    - ૯ રાવ ભાણ
      - ૧૦ સૂરજમલજી
      - ભીમસિંહજી
  - અજમાલ ( ઓખા લીધું. )
    - વાગાજી (વાજી)
    - વાઢેલજી (વાઢેલ)
- સાઈતરામ ( ઈ. સ. ૧૨૧૨ મારવાડમાં આવ્યા. ) અને રાજ સ્થાપ્યું.

અકબરે ખાનઅઝીઝકોકા નામના એક મુસલમાન ઉમરાવને ગૂજરાતનો સૂબો ઠરાવીને મોકલ્યો હતો, તેના સામું બંડ ઉઠાવવાને નારણદાસે મદદ કરી હતી.[૨] (ઈ૦ સ૦ ૧૫૭૩). તે બંડ અકબરે જાતે ચડીને બેસારી દીધું, અને ઈડરના રાવને શિક્ષા કરવાને સારૂ એક મ્હોટી ફોજ મોકલી. બે વર્ષ પછી અઝીઝકોકાની જગ્યાએ મીરઝાખાન સૂબો ઠર્યો ત્યારે ઈડર વશ કરી લેવાને જોઇયે તેવી ફોજ મોકલવામાં આવી, અને પાદશાહની આવી મ્હોટી ફોજનો મેળાવડો જોઇને નારણદાસ ગભરાઇ ગયો તેથી ઇ૦સ૦

---

- ૧૧ રાયમલજી (રાયમલજીને ગાદિયેથી હઠાડી મૂકી પોતે પચાવી પડયા પણ પછીથી વળી રાયમલજિયે રાજ લીધું)
  - ૧૨ ભારમલજી
    - ૧૩ રાવ પુંજોજી (બીજા)
      - ૧૪ નારણદાસ (બીજા)
        - ૧૫ વીરમદેવ
        - રાયસિંહજી
        - ગોપાલદાસ
        - ૧૬ કલ્યાણમલ
          - ૧૭ જગનનાથ
            - ૧૮ રાવ પુંજોજી (ત્રીજો)
            - ૧૯ અરજુનદાસ
          - ૨૦ ગોપીનાથ (રાવ અરજુનદાસ પછી ગાદિયે બેઠા.)
            - કર્ણસિંહજી
              - ૨૧ રાવ ચાંદોજી (આ રાવે ઈડરનું રાજ ગુમાવ્યું અને પોળનો પળીઆર જે પોતાનો સસરો થતો હતો તેને દગેથી મારી ત્યાંનું રાજ લીધું અને તેના વંશજો આજ પણ પોળમાં છે.)
              - માધવસિંહ

---

૨ આઈન અકબરીનું ગ્લયાડવીને ભાષાન્તર કર્યું છે તેના બીજા ભાગના ગુજરાતના સૂબા વિષેના વિષયમાં જુવો. પૃષ્ઠ ૭૫-૯૬.

૧૫૭૬ માં પર્વતોમાં સંતાઇ પેઠો. પણ છેવટે ત્યાંથી નીકળીને મુસલમાનોની સાથે લડાઇ કરતાં હારચો અને તેની રાજધાની પાદશાહના હાથમાં ગઇ.

આઈન અકબરીમાં રાવ **નારણદાસ** વિષે નીચે પ્રમાણે લખેલું છે:—
"ઇડરનો જમીનદાર, જેનું નામ **નારણદાસ** કરીને છે તે બળદના પોદ-
"ળામાંથી વીણી કાહાડેલા દાણા ખાઇને રેહેવાનું વ્રત આચરેછે; આવી
"જાતનું જમણ બ્રાહ્મણો ઘણુંજ પવિત્ર માનેછે. આ **નારણદાસ** રાઠોડ
"જાતિના મુખ્ય રાજકર્ત્તાઓ માંહેલો એક છે; અને તેના તાબામાં ૫૦૦
"ઘોડેશ્વાર અને ૨૦૦૦ પાયદલ છે."

રાવ **નારણદાસ**ની પછી તેનો મ્હોટો કુંવર **વીરમદેવ** ગાદિયે બેઠો, તે ભાટ લોકોની દંતકથાનો માનીતો નાયક હતો. એક લાંબી કવિતામાં તેની યુવાવસ્થાનું ચરિત્ર વર્ણવેલું છે, તેમાં પચીસ વર્ષની ઉમ્મરે તે **મારવાડ**ની ઉત્તરના પુંગળદેશમાં કેવી રીતે ગયો, અને ત્યાંના એક ધનવાન વ્યાપારીની પુત્રી પના કરીને બહુ સુંદર હતી તેનો પ્રેમ તેણે કેવી રીતે સંપાદન કરી લીધો, પોતાના હથિયારના બળથી તે સુંદરીને કેવો યશવંતપણે લઈ ગયો, અને પુંગળની ફોજ લડવા આવી ત્યારે કેટલાક શૂરવીર સરદારોને તેણે કેવી રીતે મારચા. એ વિષેનું વર્ણન કરવામાં આવ્યું છે. ત્યારપછી એક બીજી ભાટની વાતમાં **વીરમદેવ**ની કથાનું સાંધણ સમાપ્ત થાયછે. આ વાત અમારાથી બની શકે એમ બોલેબોલ વાંચનારાઓની આગળ રજુ કરિયે છિયે.

## રાવ શ્રી વીરમદેવનું ચરિત્ર.

વીરમદેવને પુંગળથી આવ્યાને દોહોડ વર્ષ થયું તેવામાં **અકબર** પાદશાહે હિંદુસ્તાનના સર્વ રાજાઓને દિલ્હી બોલાવ્યા. ઉદેપુર, જોધપુર અને બુંદીના રાજાઓ તથા બીજાઓએ તે આજ્ઞા માથે ચડાવી. રાવ **નારણદાસ** અને કુંવર વીરમદેવ પણ ત્યાં ગયા. એક દિવસે, **પાદશાહ**નો વાઘ પાંજરામાં ઘાલ્યો હતો ત્યાંથી છૂટી ગયો. **અકબરે** હુકમ કરચો કે એને પકડી આણો, પણ તેના યોદ્ધાઓએ જવાબ દીધો કે સા-

હેબ! "વાઘ તો પકડાય નહિ." કુંવર વીરમદેવ બોલ્યો, "વાઘ મરાય "કે નહિ એ નક્કી કેહેવાય નહિ પણ રજપૂત હોય તે એને ઝાલી શકે, "વાઘ રજપૂતને મારે, કે રજપૂત વાઘને મારે." પાદશાહ બોલ્યો," તમે ઠીક કહ્યું." પછી વીરમદેવ વાઘને ઝાલવા ગયો; તેણે ન્હાની સરખી ઢાલ હાથમાં ઝાલી લીધી, અને તે આગળ ધરીને શત્રુની સાથે મારામારી કરવા લાગ્યો; તેણે વાઘને મારી પાડવાને ડબે હાથે લૂગડું વિંટીને તે હાથ વાઘના મ્હોમાં ઘાલ્યો અને તેને જમણે હાથે તરવારની અણીથી ચીરી નાંખ્યો તેથી મરણ પામ્યો. પાદશાહ બહુજ ખુશી થયો અને તેને મુલ્યવાન શરપાવ કરયો. નારણદાસજી હલકે કાઠે હતો તેના સામું જોઇને અકબર બોલ્યો કે, "વીરમદેવ સરખા પુત્રના તમે પિતા છો એવું હું જાણતો ન હતો, તેથી રાવનું દુબળું શરીર જોઇને રાવને વિષે જેટલો વિચાર કરવો જોઇયે તે કરતાં મેં ઓછો કરયો હતો,"

હવે વીરમદેવે પાદશાહ પાસેથી માત્ર એક કબુલાત કરી લીધી, તેણે કહ્યું કે " હું જ્યારે અહિ આવું અને મારે જ્યારે ઇડર પાછાં જ"વાની મરજી થાય ત્યારે એકદમ જવાની મને રજા આપવી." અકબરે તે વાત કબુલ કરી. રાવ અને વીરમદેવ પછી સલામ કરીને ઇડર ગયા, પછી તરતજ નારણદાસ મરણ પામ્યો અને વીરમદેવ રાજગાદિયે બેઠો. નારણદાસને ચાર રાણિયો હતીઃ—તેમાં ઉદેપુરના રાણા પ્રતાપસિંહની એક બેહેન હતી, તેને બે મ્હોટા કુંવર હતા; બીજી જેસલમેરના ભાટી રાજાની કુંવરી હતી, અને તે રાયસિંહ અને કિશોરસિંહની મા હતી; ત્રીજી શીખાવત વંશની રાણી હતી અને તે ગોપાળદાસની મા થતી હતી. તે વિના ચોથી રાણી કોટાના હાડાની પુત્રી હતી, અને ત્રણ રાખેલી હતી. તે સાતે નારણદાસની પછવાડે સતિ થઇ. પછીથી રાવનો સરદાર હેમતસિંહ બીઓલો, ડુંગરપુર પોતાના બનેવી રાવળ રામસિંહને મળવા ગયો. જમવાની વેળા થઇ એટલે રામસિંહે તેને બોલાવ્યો, અને પોતાની સાથે એક થાળમાં જમવા બેસારયો. હેમતસિંહની આંખો નબળી હતી, તેથી જમતાં જમતાં તેમાંથી પાણી વેહેવા માંડયું એટલે રામસિંહ બોલ્યો, " આના જેવું બીજું મને એકે અણગમતું નથી; હું જો પેહેલેથી "જાણતો હોત તો મારા ભેગા તમને જમવા બેસારત નહિ." હેમતસિંહ

આવા અપમાનના શબ્દ સાંભળીને ત્યાંથી ઉઠી ગયો; તેણે ઈડર જઇને રાવ વીરમદેવને કહ્યું ડુંગરપુર મારવાને મારા એકલામાં જોર નથી, માટે તમે કૃપા કરીને મારી સાથે આવશો ? જો નહિ આવો તો મારી પાસે જેટલો પૈસો અને માણુસ છે તેટલાવડે હું જઇને ડુંગરપુર સાથે લડીશ અને ત્યાંજ મરોશ. વીરમદેવ બોલ્યો, " નવા વર્ષના પડવાસુધી તમે ધીરજ "ખમો, ત્યારપછી હું તમારી સાથે આવીશ." તે દિવસ આવી ગયા પછી ઠરાવ પ્રમાણે તેઓ ચઢ્યા હતા તેવામાં મારવાડમાં દુકાળ પડયો હતો તેથી ચારણના બે છોકરા ગૂજરાત આવતા હતા. એક છોકરો ભાતુ લઇને રસ્તે ચાલ્યો જતો હતો તેવામાં વીરમદેવની અશ્વારી ત્યાં આવી પોહોંચી; એટલે તે એક બાજુએ ખશી જઇને વાડની થડમાં લપાઇને બેશી ગયો. રાવ તેને જોઈને બોલ્યો કે, " તું કોણ છે, અને શા વાસ્તે વાડના થડમાં બેઠો છે" ! છોકરો બોલ્યો, " મહારાજ ! હું ચારણનો દીકરો છું અને મેં સાંભળ્યું છે કે વીરમેદવજી વાડમાં વરસેછે માટે હું જોઉંછું કે આપ આ વાડમાં શું વરશ્યાછો." ત્યારે વીરમદેવે પોતાના હાથમાંથી સોનાનાં કડાં વાડમાં નાંખીને કહ્યું " તું વાડમાં શોધ્યાં કર તને કાંઈ જડશે." પછી તે આગળ ચાલ્યા એટલે પેલા છોકરાના ભાઇને કૂવાને કાંઠે ઉભો રહેલો જોઇને રાવે તેને પૂછ્યું આ કૂવો તમારો છે ? તેણે ઉત્તર આપ્યો કે મહારાજ ! અમારે કૂવા કયાંથી એ કૂવો તો આપનો છે, રાવે ત્યારે આજ્ઞા કરી કે, " જા એ કૂવો મેં તને બક્ષિસ કરયો." વીરમદેવે આ બંને છોકરાઓને સારી રીતે પરણાવ્યા, તેમના વંશના હાલ સુધી તે કૂવાની ઉપજ ખાયછે. ત્યારપછી રાવે વડાલિયે આવીને આઠ દશ દિવસ મુકામ કરયો. વીરમદેવ વડાલીમાં સમળેશ્વર તલાવની બાજુએ મેલાણ કરીને પડયો હતો તેવામાં તેનો ભાઈ રાયસિંહ મૃગયા રમતો ત્યાં આવી ચડયો. રાયસિંહ ખરેખરો શિકારી હતો. વીરમદેવે તેને દીઠો ત્યારે તેના મનમાં આવ્યું કે જો રાયસિંહ જીવતો રેહેશે તો મારી ગાદી ખુંચાવી લેશે. પછી જ્યારે તે વડાલીથી પાછો આવ્યો ત્યારે રાયસિંહનો કાંઈ વાંક કાહાડીને તરવારવતે તેને ઠેર કરયો. આ રાયસિંહને એક બેહેન હતી, તે જયપુર પરણાવી હતી, તેણીયે પોતાના ભાઈનું વેર મનમાં રાખીને વીરમદેવને મારી નાંખ્યો તે વિષે હવે પછી લખવામાં આવશે.

આ પ્રમાણે દિવસ જતાં નવા વર્ષનો પડવો લગભગ આવી પોહોંચ્યો.

અને રાવે પોતાની ફોજ એકઠી કરવા માંડી તેમાં તેના સરદારો સહિત ૧૮૦૦ અશ્વાર થયા. તેઓ નીકળ્યા અને કુચ કરતા વિંછીવાડે આવી પોહોંચ્યા; તેમનો લડાઇનો સરસામાન,-માણસ અને ઘોડાનાં બખતર અને હથિયાર તોપો અને જંજાળો એ સ ઉંટ ઉપર લાદ્યુ હતું, અને જેહેમતસિંહને માટે ડુંગરપુર ઉપર ચડાઈ કરવાની અગત્ય પડી હતી તે પણ પોતાની ફોજ સહિત સંગાથે હતો. વિંછવાડાનો ઠાકોર ડુંગરપુરના તાબાનો હતો, તેણે તપાસ કરી કે રાવની અશ્વારી કયાં જાયછે. તેને એવો ઉત્તર મળ્યો કે રાવ પોતાના સસરાને ત્યાં મેવાડ અને માળવાની હદ ઉપર ચંબલ નદી છે તેને કિનારે રામપુર છે ત્યાં જાયછે. તોયપણ, તે ઠાકોરને હેમતસિંહ અને પોતાના રાજા વચ્ચે શત્રુવટ હતી તે તેના જાણવામાં હતું, તેથી તેણે મનમાં વિચાર્યું કે, "હેમતસિંહ પોતાના સવ માણસ સહિત એમની સંગાથે છે, અને તોપો અને બીજો લડાઇનો સરસામાન છે, એ બધું રામપુર લઈ જવાનું શું કારણ હશે!" આ પ્રમાણે તેના મનમાં સંશય આવ્યો. પછી ઇડર તાબાના ઠાકોરોએ વીરમદેવને કહ્યું "કોઇ કેહેશે કે રાવે ચોરની પેઠે આવીને ડુંગરપુર માર્યું, પણ જો તે ઉઘાડી રીતે આવ્યો હોત તો તેનાથી મરાત નહિ, એટલા માટે વાત જાણ પાડવી." રાવે જવાબ દીધો કે, "ઠીકછે એમ કરો." પછી તેઓએ વિંછવાડાના ઠાકોરને કહ્યું કે અમે ડુંગરપુર ઉપર ચડી જઇયે છિયે; માટે તમે જઇને ડુંગરપુર ઉઘાડી રીતે કોહો કે રાવ તમારા ઉપર ચડ્યા છે,અને તમે તેમની સાથે લડવાને તૈયાર થઇ રેહેજો. ઠાકોરે જઈને તે પ્રમાણે જાણ કરી અને રાવળે પોતાના તાબાના ઠાકોરોને બોલાવ્યા અને લડવાને તૈયાર થઈ રહ્યા, પછી વીરમદેવને માણસ મોકલાવીને કેહેવરાવ્યું કે, "તમને ફાવે ત્યારે લડવાને આવજો. અમે તૈયાર છિયે." રાવ જ્યાં મેહેલાણ કરીને રહ્યા હતા ત્યાં આઠ દિવસ સુધી રહ્યા, અને પછી ડુંગરપુરની પાસે આવી પોહોંચ્યા, એટલે બંને બાજુવાળાઓએ તોપો ચલાવીને લડાઇનો આરંભ કરયો. વીરમદેવે ડુંગરપુરના કિલ્લાનો અને મેહેલનો ઘણો ખરો ભાગ તોડી પાડ્યો, તે આજ સુધી તેવીજ ભાગી ટુટી અવસ્થામાં છે. આ પ્રમાણે દશ દાહાડા કહાડ્યા પછી, માણસ અને ઘોડાઓને કવચ પેહેરાવીને મારો ચલાવ્યો, તે સમયે બન્ને બાજુનાં સો સો માણસ મુવાં. રાવળયો કુટુંબ સહિત નાશી ગયો અને રાવ ડુંગરપુરમાં

સાડા ત્રણ દિવસ સુધી રહ્યો અને શેહેર લૂંટયું તથા જેટલો મળ્યો એટલો બધો ખજાનો લઈને ઇડર પાછો આવ્યો. જ્યારે તે ગયો, ત્યારે રાવળ ડુંગરપુરમાં આવ્યો.

ત્યાર પછી પાદશાહનું લશ્કર ઉદયપુર ઉપર ચડીને આવ્યું, અને રાણા પ્રતાપસિંહ વિંછવાડે નાશી ગયો. ( આ વિંછવાડા પાનોરા પાસેછે તે ). ઉદયપુરના રાણા બાપથી તે દીકરા સુધી એકેએક પાદશાહની ઉપર બારવટે નીકળતા હતા, અને તે પાદશાહે ચિતોડના દરવાજાનાં કમાડ કાહાડી લીધાં હતાં, તે દિલ્હીના દરવાજાને બેસારયાં હતાં; બાવન રાણા મારયા ગયા હતા અને તેઓ તેમની આપત્તિની વેળામાં રાત્રે ભોંય ઉપર લૂગડું પાથરીને સૂતા, પલંગે પોઢતા નહિ, હજામત કરાવતા નહિ, અને ખાતા તો માટીના વાસણમાં કુશ્કા રાંધીને ભૂખ નિવારણ કરવાને ખાતા હતા, આ કારણને લીધે હજીસુધી ઉદયપુરમાં એ પ્રમાણે કરવામાં આવેછે; રાણાના પાથરણા નીચે લૂગડું પાથરવામાં આવેછે; તે દાઢી મુંડાવ્યા વગરની રાખેછે, અને તેના ભાણામાં નિત્યે બાફેલા કુશ્કા મૂકવામાં આવેછે. આજે પણ ચિતોડના દરવાજાને નવાં કમાડ કરાવામાં આવ્યાં નથી, અને જ્યારે અંગ્રેજ સરકારે રાણાને કહ્યું કે, તમે નવાં કમાડ કરાવો, અથવા જો તમારી મરજી હોય તો તમારાં જૂનાં કમાડ મંગાવી લ્યો; ત્યારે તેણે જવાબ દીધો કે, હથિયારના જોરથી રાણો દિલ્હીથી જ્યારે કમાડ પાછાં લાવશે ત્યારે ફરીને બેસાડશે *

જ્યારે રાણો વિંછવાડે જતો રહ્યા ત્યારે ચાંપો કરીને એક મેવાડો ભીલ, જે રાણાની ઉપર બારવટે નીકળ્યો હતો, તે તે દેશમાં ઘણી હરકત કરતો હતો. રાણાએ તેને ત્યાંથી કાહાડી મૂક્યો, અને તે ઇડરવાડાના ઉજ્જડ ભાગમાં આવીને રહ્યો, ત્યાં તે રસ્તે લૂંટ કરીને અને રાત્રે ખાતર પાડીને પોતાનો નિર્વાહ કરતો હતો. જ્યારે તે ઇડરવાડામાં બહુ હરકત કરવા લાગ્યો ત્યારે, રાવ વીરમદેવે પોતાના ઠાકોરોને કહ્યું કે, " જે ચાંપા ભીલને પકડી લાવશે તેને હું ઈનામ આપીશ." ત્યારે દધાળિયાના ઠાકોરે કહ્યું, "હું એને પકડી લાવીશ." એ પ્રમાણે કહીને તે

* મેવાડના રાણા પ્રતાપસિંહની વાત વિષે ટાડ રાજસ્થાનના પુસ્તકના ૧ લા ભાગને પૃષ્ટ ૩૩૧ થી ૩૫૦ સુધી મેવાડના ઇતિહાસનું અગિયારમું પ્રકરણ છે તે જૂવો.

"પોતાને ગામ ગયો. જ્યારે ચાંપા ભીલે આ વાત સાંભળી ત્યારે બીજે ઠેકાણે લૂંટફાટ કરવાનું જવા દઇને એકલા દધાળિયાને હરકત કરવા લાગ્યો. તે ઉપરથી ઠાકોરે તેને ખાનગી રીતે કાહાવ્યું કે," તમારે મારૂં ગામ લૂંટવું નહિ, હું તમને પકડીશ નહિ." કેટલાક મહિના ગયા પછી ચાંપાને માટે રાવે ફરીને પોતાના ઠાકોરોને કહ્યું. ત્યારે મોહનપુરનો ઠાકોર કેહે કે, "હું એ ભીલને પકડી લાવું." એ પ્રમાણે કહીને, તે પોતાને ઘેર જવાને નીકળ્યો, અને સાબળીના તળાવ પાસે આવી પોહોંચ્યો એટલે એક વડના ઝાડ નીચે, હથિયાર છોડીને વીસામો લેવાને બેઠો. તેની સાથે ત્રણ ચાર અશ્વાર હતા તેમને કંઈ જોયતું કરતું લેવાને ગામમાં મોકલ્યા હતા. જેમ છાંયડો ખસતો ગયો તેમ પોતાની નીચે પાથરણું પાથર્યું હતું તે ખેંચી લઇને તે પણ ખસતો ગયો તેથી છેવટે તેનાં હથીયાર ઘણે છેટે પડતાં ગયાં. એટલામાં ચાંપો ભીલ ત્યાં આવી પોહોંચ્યો, રાવને ત્યાં જે વાત થઈ હતી તે એના જાણવામાં આવી હતી અને તે ઉપરથી તેણે ઠાકોરને મારી નાખવાનું ધાર્યું હતું. તેણે તેને કહ્યું, "ત્યારે તમે મને પકડવા આવ્યા છો નહિ વારૂં?" ઠાકોર થરથરી ગયો અને બોલ્યો, "મારે તમને પકડવાનું કામ નથી પણ ઘણા દિવસથી હું તમારી સાથે વાતચીત કરવાને આતુર છું. આ પ્રમાણે કહીને તેને વિશ્વાસ આપી, પોતાની પાસે બોલાવ્યો અને કસુંબો પાયો. ત્યાર પછી, જ્યારે ચાંપો ઉઠ્યો, અને જવા માંડ્યું ત્યારે ઠાકોરે મનમાં વિચાર્યું, "એ જો આ વેળાએ મારા હાથમાંથી છટકી જશે તો પછી આવો બીજો લાગ ક્યારે આવશે?" એ પ્રમાણે વિચાર કરીને તરતજ તે ચાંપા ઉપર કૂદી પડ્યો અને તેના હાથમાં તરવાર હતી તે ઝાલી લીધી, અને તેની કેડમાં કટાર હતી તે બીજે હાથે કાહાડી લઇને તેને મારી અને તરવાર વતે તેને ઘાયલ કરીને મારી નાંખ્યો, ત્યાર પછી ઠાકોરનો ઘોડાવાળો આવી પોહોંચ્યો, તેની સાથે ભીલનું માથું ઈડર મોકલીને ઘેર પાછો ગયો. ચાંપા ભીલની સંતાઈ રેહેવાની જગ્યા રાવે ઠાકોરને આપી દીધી, ત્યાં તેણે ચાંપાનાળિયા કરીને ગામ વસાવ્યું તે હજુ સુધી મોહનપુરના તાબામાં છે. આ વેળાએ વીરમદેવે અહમદનગરના કિલ્લા ઉપર હલ્લો કરવાનો નિશ્ચય કરચો અને તે ઈરાદા ઉપરથી તેણે પોતાના ઠાકોરોને એકઠા કરચા. તેમાં મુખ્ય પોસીનાનો રતનસિંહ વાઘેલો હતો. ફોજ તૈયાર કરી, તોપો અને અસબાબ તૈયાર થયો

અને દશ, બાર, દાહાડા સુધી અહમદનગર ઉપર હલ્લા કરીને છેવટે તે લીધું. બજાર લૂંટયું તથા બાન પકડ્યાં. જ્યારે વીરમદેવ પાછો વળ્યો ત્યારે શેહેરના વ્યાપારિયોએ નુકશાન થએલું બંધ બેસાડવા માંડ્યું. ત્યારે રાવ બોલ્યો કે જો તમે ઇડરનું નામ રાખશો તો હું તમને કાંઇ હરકત કરીશ નહિ, તે ઉપરથી શેહેરના એક દરવાજાનું નામ "ઈડરિયો દરવાજો" પાડ્યું.

આ ચડાઈમાં રાવની સાથે પેથાપુરનો ઠાકોર હતો, તે શત્રુતાને લીધે અમદાવાદની એક ફોજે પેથાપુર ઉપર ચડાઈ કરી. રાવ તેની મદદે જઈ પોહોંચ્યો, અને મુસલમાનની ફોજને પાછી કાહાડી મૂકી, તે ઉપરથી પેથાપુરના ઠાકોરે વીરમદેવને પોતાની દીકરી પરણાવી. તે બહુ સુંદર હતી તેથી રાવની એના ઉપર બહુ પ્રીતિ હતી, તેથી તેના ભાઇને ઘઢા ગામ ઈનામ આપ્યું, તે હજુ સુધી પેથાપુરના તાબામાં છે. આ બનાવ બન્યા પછી પેથાપુરના ઠાકોરે રાવનું પ્રધાનવટું કેટલાક દિવસ સુધી કર્યું *

ત્યારપછી વીરમદેવના સસરા પાસેથી ખંડણી લેવા દિલ્હીની ફોજ રામપુર આવી. એટલે તેણે વીરમદેવને લખ્યું કે, "આ ફોજ આજે મારા ઉપર આવેછે; પણ કાલે તે તમારા ઉપર આવશે; માટે તમે મારી મદદે વેહેલા આવજો." વીરમદેવે એક હજાર ઘોડેશ્વાર એકઠા કરીને મોહનપુર અને દધાળિયાના ઠાકોરો સાથે મોકલ્યા. એ વેળાએ પોશીનાનો રતનસિંહ રીસાવીને ઘેર રહ્યો હતો, તેનું કારણ એ હતું કે રાવને કોઇએ એવું કહ્યું હતું કે તમે અહમદનગર લીધું તે રતનસિંહ સરખા ઠાકોર તમારી સાથે હતા તેથી; તેનું ઉત્તર વીરમદેવે એવું આપ્યું હતું કે રતનસિંહ શું કરી શકે? જે દેશ ઉપર હું રાજ્ય કરૂંછું તે શું એમણે મેળવેલો છે? આ વાત સાંભળીને ઠાકોરને ગુસ્સો ચડ્યો. હવે ઉપર લખેલા બે સરદારો રામપુર ગયા ત્યાંના રાવે સોગન ખાધા હતા કે જે રજપૂત પીઠે ઘાયલ થએલો કે વગર ઘાયલ થએલો પાછો વળશે તેને હું

*પેથાપુર વિષે ભાટ નીચે પ્રમાણે લખેછેઃ—"જ્યારે શકરદીને ઈડર ઉપર હલ્લો કરયો ત્યારે ઠાકોર હુદોજી ૭૦૦ રજપૂતો સાથે મારયો ગયો, અને તે વેળાએ ઘણા તુર્કો પણ પડયા. ૧૨ વાઘેલા ઠાકોર. ૧ ગોહિલ ને ૧ પરમાર એટલા જણ હુદોજીની સાથે પડયા. ત્યા ઈડરની જીત થઈ તે ઉપરથી ઈડરના રાવે હુદાજીના દીકરા વાઘજીને ૨૫ ગામનો ઘઢાનો તાલુકો આપ્યો, તે હજી લગણ પેથાપુરના તાબામાં છે."

મારી ચાકરીમાં રાખીશ નહિ. ચડી આવેલી ફોજની સામે લડાઈ ચાલી તેમાં તેને પાછી હઠાવી; પણ રામપુર અને ઇડર એ બંને ઠેકાણાના ઘણા રજપૂતો કામ આવ્યા, અને એક પણ ઘાયલ થયાવિના રહ્યો હોય એને માટે શક છે. લડાઇમાં જેઓનાં માથાં ગયાં હતાં તેમના વારસોને વીરમદેવે ગામ બક્ષિસ આપ્યાં. કેટલાએક લોકો એમ પણ કહેછે કે વીરમદેવે રામપુરના રાવને ઉપર પ્રમાણે આશ્રય આપ્યો તેથી તેણે તેની દીકરી તેને પરણાવી.

ત્યાર પછી મુસલમાનની ફોજ ચિતોડ ઉપર ચડી આવી, અને મેવાડના રાણાએ મરણિયા થઇને તેની સામે ટકાવ કરયો, તેમાં બાવન રાજા કામ આવ્યા અને રાણા પ્રતાપસિંહને ઘણા ઘા વાગ્યા; પણ છેવટે પાદશાહની ફોજને નાશી જવાની અગત્ય પડી. આ પ્રતાપસિંહ વીરમદેવનો મામો થતો હતો તેથી રાવ તેને મળવાને ગયો. રાણો સાજો થયો ત્યાં સુધી ઘણા દિવસ લગી તે ઉદયપુર રહ્યો. ઉદયપુરમાં પીછોલું કરીને એક વિશાળ તલાવ છે તેની વચ્ચે મેહેલાત છે તેને જગમંદિર કહેછે.* ત્યાં રાણો અને રાવ નાવમાં બેશીને જતાં હતા. એક દિવસે સોંચાણા પક્ષિયે આકાશમાં ઉડતાં ઉડતાં પાણીમાં ધબ પડતું મૂકીને માછલી પકડી લીધી. તે જોઇને રાવ બહુજ રાજી થયા અને બોલ્યા "વાહ! વાહ! આ ન્હાના પક્ષીની હિંમત કેવી છે! ત્યારે રાણાએ પૂછ્યું કે પક્ષિયે પાણીમાં ડબકી ક્યાં આગળ મારી, તે ઉપરથી રાવે પોતાના હાથમાંથી એક જડાવનું કડું કાહાડીને પાણીમાં નાંખ્યું અને બોલ્યો," પણે પેલી જગ્યાએ." ત્યારે રાણાજી બોલી ઉઠ્યા કે, "કડું ગયું કડું ગયું." તે ઉપરથી રાવે બીજું નાંખ્યું અને બોલ્યા, "આ બાહાદુર ન્હાના પક્ષીને રાજી કરવાને ઇનામ આપવું જોઇયે, કેમ નહિ વારૂ?" આને ઉદારતાનું કામ ગણીને ભાટોએ ઘણાં વખાણ ગાયાં છે.

ત્યારપછી વીરમદેવજી પાછો ઈડર આવ્યો તે વેળાએ આલોજી કરીને એક મારવાડી ચારણ વીરમદેવ પાસે ત્યાગ લેવાને આવ્યો. રાણાનો એવો ધારો હતો કે પુનમનો દિવસ આવે ત્યારે વારાવાળી રાણીને ત્યાં જવું નહિ અને રામપુરવાળી રાણીને મેહેલ જવું, ત્યાં ચંદ્ર દેખાતા સુધી

* આ તળાવના વર્ણન અને દેખાવ વિષે ટાડ રાજસ્થાનના પેહેલા પુસ્તકને પાને ૩૭૩ મે જૂઓ.

પૂર્વ ભણીની બારિયે બેસવું, અને લાખ પસાવનું દાન કરવું. આવે પ્રસંગે રાવ પોતાના ચાલ પ્રમાણે બેઠો હતો, તેવામાં પેલા ચારણને જોઇને તે બોલ્યો, "અહિયાં એક ચારણ છે લાખ પસાવ "લાવો" પ્રધાને ઉત્તર આપ્યું "હા ત્યાં એક ચારણ આવ્યો છે, બોલાવો એને." ચારણ તે પ્રમાણે આવ્યો, અને બોલ્યો–"રાતની વેળાએ તો ગણિકા કે કોઈ વેરાગણ હોય તે દાન લે. આવી વેળાએ હું તો નહિ લેઉં." રાવ બોલ્યો,– "હવણાં લ્યો, સવાર થશે એટલે હું આપીશ નહિ." ચારણે સોગન ખાઇને કહ્યું કે દાહાડો થતાં હું ઈડર છોડીને જઇશ જો તમે મને બે લાખ આપશો તોપણ હું તેને તુચ્છ ગણીશ. ત્યારે રાવ બોલ્યો—"જો મારા "વાંકથી તમે પાછા જતા હો તો તમને ખાવાનું મળજો; પણ તે તમારો "વાંક હોય અને વગર કારણે મારે માથે દોષ દઇને જતા હો તો તમને ખાવાનું મળશો નહિ." આ પ્રમાણે તેણે ચારણને શાપ દીધો અને કોઈ બીજા બંદીજનને લાખ પસાવ અને રેહેડું ગામ દાન કર્યું. પેલો ચારણ તો સવારમાં ઉઠ્યો અને તેણે પોતાનો રસ્તો ઝાલ્યો; તેની સાથે ચાળીસ ઘોડા, પાંચ ઊંટ, અને તંબુ તથા બીજો અશ્વારીનો સરસામાન હતો; પણ રાજવાડામાં જ્યાં જ્યાં તે ગયો ત્યાં ત્યાં તેનું અપમાન થયું અને પેટનું પૂરૂં કરવાને માટે પોતાનો સર સામાન વેચતો તે મેવાડ ગયો.

હવે પોશીનાનો રતનસિંહ જે ક્રોધે ભરાયો હતો તે રાવને દિવસે દિવસે વધારે અણગમતો થઈ પડ્યો; તે ઉપરથી તે ઠાકોર પોતાને ઘોડે ચડ્યો, અને અસ્વારી તૈયાર કરાવીને એકાએક શિરોઈ જતો રહ્યો. ત્યારે રાવે વિચાર કર્યો, "જો પોશીનાનાં બોતેર ગામમાંથી એકે ગામ હું "લઈ લઉં તો તે બારવટે નીકળશે; પણ બીજી મગ જોતાં, મારે તે કશા "કામમાં આવતો નથી." આ પ્રમાણે વિચારીને તેણે એક ભાટને રતનસિંહને તેડી લાવવા શિરોઈ મોકલ્યો. તેણે ઇડર આવવાની ના કહી; પણ ગઢે જવાની હા પાડી. તે ઉપરથી રાવ ત્યાં ગયો અને બંને મળ્યા. તે પ્રસંગે વીરમદેવે ઉપર ઉપરથી બહુ હેત બતાવ્યું, અને તે જગ્યાએ એક જૂનું દેરૂં છે તેમાં તે તથા રતનસિંહ વાતો કરવાને બેઠા; પણ શિરોઈના બે રજપૂત, જે રાવની ચાકરીમાં હતા, તેમને અગાઉથી તૈયાર કરી રાખ્યા હતા. તેઓ તે પ્રમાણે એકાએક ધશી આવ્યા, અને ઠાકોરને તરવારવને ઠેર કરયા. તેનો અઢાર વર્ષનો દીકરો હતો તેને તેનો ગ્રાસ આપ્યો, વીરમદેવે

રતનસિંહને મારયો તે વિષેની કવિતા એક ચારણે કરી છે તે નીચે પ્રમાણે છેઃ—

"महाराव रतन बोलाडे मारत, खात्री मल खहकाज खत
देवळ साहित भमत वीरमदे, भीमतणा हाथिया भत."

"જો તમે રતનસિંહને બોલાવીને છેતરીને મારયો હોત નહિ તો "ભીમે જેમ હાથીને ટીંગળાવ્યો તેમ તેણે તમને અને દેરાને એક હાથે "ટીંગળાવ્યા હોત." રાવ ઈડર પાછો ગયો; પણ આ કવિતા તેના કાનમાં અવાજ કરી રહી હતી. તેણે શોધ કરીને તે કવિતા કોણે કરી હતી તેનો પત્તો શોધી કાહાડયો. પછી રાવે સોગન ખાધા કે જો એ ચારણ મારા હાથમાં આવશે તો હું એને મારયા વગર છોડનાર નથી. તે પ્રમાણે તેણે જાહેર કર્યું કે જે કોઈ એ ચારણના સમાચાર લાવશે તેને ઈનામ આપીશ એક દિવસે જ્યારે તે ચારણ વડાલી અફીણ લેવાને ગયો હતો ત્યારે રાવ પણ ત્યાં અચાનક આવી ચડયો. ચારણે વીરમદેવના આવ્યાના સમાચાર જેવા જાણ્યા કે તરત ને તરત પાછે પગે નાઠો—તે સમાચાર રાવને કોઇએ કહ્યા એટલે તે ઘોડેશ્વાર થઇને તેની પછવાડે દોડયો, અને થોડે આઘે જતા સોરો તેને પકડી પાડયો. પછી રાવે તેને કહ્યું, "તમે તમારા મરદાલ ટટુવા ઉપર બેશીને તે કેટલે આઘે નાશી જવાના હતા!" ચારણ નીચે ઉતરયો અને કટાર કાહાડી પેટ ઉપર ધરીને બોલ્યો, "મારા "જેવા ગરીબ માણસને મારવાથી આપને કાંઈ યશ મળવાનો નથી, તે કરતાં "જો અગત્ય હોય તો હું મારે હાથે મરૂં." ત્યારે રાવજિયે કહ્યું કે "તું મરે તો તને મારા સમ છે" અને કહ્યું "મારી ઇતરાજી તમારા ઉપર થઈ "છે તે જાણતાં છતાં તમે આવા ટટવા ઉપર બેશીને કેમ ફરોછો?" ચારણ બોલ્યો, "મહારાજ! મારા જેવો ગરીબ માણસ સારો ઘોડો તે ક્યાંથી લાવે?" રાવે તેને પોતાનો ઘોડો, વિવાવ ગામ અને શિરપાવ આપ્યો, તેમાં તે ગામ હજી સુધી તેના વંશવાળા ભોગવેછે; પછી રાવ ત્યાંથી ઈડર ગયો.

ત્યારપછી રાવે પાનોરા ઉપર ચડાઈ કરી તેનું કારણ એવું હતું કે ત્યાંનો ભીલ ડેશોલ ઉપર રાતની વેળાએ હુમલો કરીને ઢોરાં લઈ ગયો હતો તેથી ડેશોલનો ઠાકોર જે રાવના તાબામાં હતો તે ઘોડે ચડીને લડાઈ કરવાને ગયો, અને ઢોર પાછાં છોડાવીને ઘણા ભીલોને ઠેર કર્યા,

અને તેના આગેવાનનું માથું કાપીને ઈડર મોકલ્યું. જે ભીલ નાશી ગયા હતા, અને મરી ગએલાના જે વારસો હતા, તેમણે ઇડરવાડાનાં ઘણાં ગામ લૂંટવા માંડ્યાં અને વેર રાખીને ડેલોલવાળાને પજવવા માંડ્યો. તે ઉપરથી ડેલોલના વાઘેલાએ રાવને કજિયો પતાવાની આજીજી કરી એટલે રાવ વીરમદેવે ભીલોને અટકાવાનું પાનોરાના રાણાને લખ્યું તેનું તેણે એવું ઉત્તર વાળ્યું કે એ લોકો મારા દાબમાં રેહેતા નથી. ત્યારે રાવે તેના ઉપર ચડવાની તૈયારી કરી અને પોળને રસ્તે સરવાણ જઇને ત્યાંથી પાનેરે ગયો. એક આખો દાહાડો તોપો ચાલી, બીજે દિવસે બંદુકો અને તરવારો ચાલી; તેમાં બંને બાજુના લડવઈયા મારયા ગયા અને પાનોરાનો રાણો કામ આવ્યો. રાવ એક મહિનો પાનોરામાં રહ્યો અને તે ભાગના ઘણા ભીલોને મારી નાંખ્યા, બીજાઓને પકડીને શિક્ષા કરી, અને જેઓએ જમાન આપ્યા તેઓને છોડી મૂકયા. પછી તેણે રાણાના દીકરાને ગાદિયે બેસારયો, ત્યારપછી તે ઇડર પાછો ગયો. સરવાણનો કોળી ઠાકોર પણ રાવની સાથે આ ચડાઈમાં હતો.

ત્યારપછી રાવે પોતાના ભાઈ રાયસિંહ અને પોશીનાના ઠાકોરને મારી નાખ્યા હતા માટે તે તેનું પ્રાયશ્ચિત્ત કરવાને દ્વારકા યાત્રા કરવા નીકળ્યો. તેની રાણિયો અને તેના ઠાકોરો સાથે હતા. તેઓ દ્વારકા ગયા, અને ઘેર પાછા વળતાં હળવદ મુકામ કરયો. રાવે ત્યાં સતિયોની છત્રિયો જોઇને હળવદના રાજને પૂછ્યું, "આ બધી રાણિયો સતી થઈ છે?" "રાજે જવાબ દીધો, એ તો મોચિયોની બાયડિયો સતી થઈ છે. રાવે પૂછ્યું, "રાજવાડાની સતિયોની છત્રિયો કયાં છે! રાજ બોલ્યો "મારા "કુટુંબમાં કોઈ સતી થઈ હોય એવું મેં સાંભળ્યું નથી." રાવ બોલ્યો "આ "ભોંયનો કાંઈ વાંક હશે. જ્યાં મોચિયોનાં ઘર છે ત્યાં આગળ તમા- "રા મેહેલ બંધાવો." રાજે કહ્યું કે, "અમે તેમ કરયું છે તોપણ કોઈ સતી થઈ નથી." ત્યારે વીરમદેવ બોલ્યો "તમારા વંશમાં કોઈ ખરી રજપુતણ વેરે પરણ્યો નથી એ શું! જૂઓ ત્યારે મારી એક બેહેન કુંવારી છે તેને હું તમારે વેરે પરણાવુંછું" એમ કહી વિવાહનો ઠરાવ નક્કી કરયો, અને જ્યારે રાવ પાછો ઘેર ગયો, ત્યારે ઝાલોઠાકોર ત્યાં પરણવાને આવ્યો, અને જ્યારે તે દેવ થયો ત્યારે ઈડરની બેહેન તેની પછવાડે સતી થઈ.

રાવ જેવામાં દ્વારકા ગયો હતો તેવામાં માંડવાના લાલમિયાંનો દીકરો જે ઘાતકી હતો તે કેટલાક દિવસ કપડવણજ જઇને રહ્યો. ત્યાં તેણે એક વ્યાપારીની દીકરી દીઠી તે ઘણી સુંદર હતી, તેને કાહાડી લઇને માંડવે લઈ ગયો. તેનો બાપ તેના ઉપર બહુ ગુસ્સે થયો પણ ખોટું થવાનું તે થઈ ચૂક્યું હતું, અને પેલી છોકરી વટલી ચૂકી હતી. કપડવણજ રાવના તાબામાં હતું તેથી તે જ્યારે દ્વારકાથી પાછો આવતો હતો ત્યારે પેલો વ્યાપારી તેની પાસે ફરિયાદ કરવાને આવ્યો. વીરમદેવ પોતાની અશ્વારી લઇને માંડવે ગયો અને તેણે તે ગામ માર્યું. તથા લાલમિયાંના દીકરાને પકડીને મારી નાંખ્યો. લાલમિયાં ત્યાંથી નાશી ગયો અને રાવ માંડવે ત્રણ દિવસ રહીને પોતાની રાજધાનીમાં ગયો. આ બનાવ બનતા પેહેલાં અને ત્યાર પછી પણ માંડવા ઈડરને ખંડણી આપતું હતું.

રાવને કોઇ કુમાર ન હતો તેથી દેવ અને દેવિયોની ઘણી બાધાઓ રાખી, અને ઘણી યાત્રાઓ કરી પણ કુંવર થયો નહિ. છેવટે કોઇયે તેને કહ્યું કે, રેવા નદીની તીરે +ઓમકારેશ્વર જઈને ત્યાં રાણી તથા તમે એક વસ્ત્ર પેહેરીને ન્હાઓ તો તમને કુંવર થાય. તે ઉપરથી કુટુંબને લઇને રાવ ત્યાં ગયો. તેવામાં પાદશાહના શાહજાદાના[1] માણસો ત્યાં ઉતર્યા હતા અને કેટલાક કસાઇયોએ તેમને માટે આડદશ ગાયો એકઠી કરી હતી, તે રસ્તે હાકી જતા હતા, તે વીરમદેવના ચાકરોના જોવામાં આવ્યા, અને તેમણે તેઓને પૂછ્યું કે તમે કોણ છો અને આ ગાયો ક્યાં લઇ જાઓછો? તેઓએ કહ્યું અમે કસાઈ છિયે અને શાહજાદાને માટે ગાયો લઇ જઇયે છિએ જ્યારે રાવના જાણવામાં આ સમાચાર આવ્યા, અને કસાઇયોએ તેને કહ્યું કે અમે સો ગાઉને છેટેથી ગાયો લઈ આવ્યા છિયે, ત્યારે તેણે તેઓને એકેક ગાયના સોથી તે હજાર રૂપૈયા સુધી આપવાના કહ્યા પણ તેઓએ ના કહી. ત્યારે રાવે પોતાના મનમાં વિચાર્યું કે, "હું ગોબ્રાહ્મણનો પ્રતિપાળ કેહેવાઉંછું, માટે ગાયનો બચાવ કરતાં તીર્થની જગ્યાએ મરવું સારૂં છે" આ પ્રમાણે વિચાર કરીને તે જોરાવ-

---

+ભરૂચની સામી બાજુએ, નર્મદાના કિનારા ઉપર અંકલેશ્વર છે. તેજ આ છે.

૧ આ ઠેકાણે આ વેળાની વાતના સંબંધમાં ભાટોએ જે શાહજાદો લખ્યો છે તે વાત બેશક મિરઝને લાગુ પડેછે. એ વર્ણન વિષે એલ્ફિન્સ્ટન કૃત અંગ્રેજી ઇતિહાસને પૃષ્ઠ ૨૬૬ મે જુવો.

રીથી ગાયો પડાવી લઈ ગયો, અને તરતજ તેણે પોતાના કુટુંબને ઈડર પોહોંચતું કર્યું, તે વેળા રાણિયે તેને કહ્યું કે " ગાયનું રક્ષણ કરતાં કામ આવશો તો હું આ જગત્‌માં તમારી પછવાડે એક પળ વાર પણ રહીશ નહિ." હવે કસાઈ શાહજાદાની પાસે ગયા અને તેને સર્વ વાત કહી, તે ઉપરથી તેણે ગાયો લેવાને માણસ મોકલ્યું. રાવે નમ્રતાથી જવાબ દીધો કે, " હું હિંદુ છું, અને આવી તીર્થની જગ્યામાં મારામાં જીવ છે ત્યાં સુધી મારાથી ગાયો આપી દેવાય નહિ, પણ તેને બદલે જેટલા રૂપિયા આપવાનું મને ફરમાવશો તેટલા આપવાને હું તૈયાર છું." આવું ઉત્તર સાંભળીને શાહજાદાએ રાવના ઉપર તોપો ચલાવવાનો હુકમ કરયો, પણ વીરમદેવ અને તેના માણસો તરતજ તેમના ઉપર ટૂટી પડ્યા, અને તોપોના છિદ્રમાં (કાનમાં) ખીલા ઠોકી બેસાડ્યા, અને પછી તરવારો ચલાવી. બંને બાજુનાં ઘણાં માણસ મારયાં ગયાં, અને થોડી વાર પછી રાવ પોતાનું મેલાણ બે મૈલને છેટે હતું ત્યાં ગયો. લડાઈ થતા પેહેલાં ગાયોને શ્રીસૂર્યદેવને આશરે જંગલમાં છૂટી મૂકી હતી. રાતની વેળાએ તેણે વિચારયું કે અશ્વારીમાં ઘણા કસાઇયો છે તેથી જો હું તેમને મારી નાંખું તો ઘણી ગાયોનો જીવ ઉગરે, આ ઉપરથી અંધારૂં હતું તેટલી વારમાં તે તેઓના ઉપર ટૂટી પડયો અને ઘણા કસાઈયોને ઠેર કરયા, આ લડાઈમાં વીરમદેવનો એક વાહાલો ખવાસ હતો તે મારયો ગયો. રાવ તેનું મડદું લઈને થોડા મૈલને છેટે ગયો, અને દેવાતીરે તેને અગ્નિદાહ દીધો પછી તે સીસોદિયાના તાબાના વડવાણી ગામમાં છાનો માનો રહ્યો. એ ગામ તે જગ્યાની પડોસમાં હતું ત્યાંથી કેટલાએક દાહાડા સુધી અને દરેક રાત્રે શાહજાદાના માણસોને જઈને મારતો હતો અને લૂંટતો હતો. છેવટે તેની સવારી અમદાવાદ જતી હતી તેને રસ્તામાં એટલી બધી વિપત્તિ પડી કે તે ઘર ભણી જવાને પાછી ચાલી. રાવે ખવાસનું સપિન્ડ શ્રાદ્ધ અને બીજી ક્રિયા કરી અને તેના ઉપર એક તુળશીકચારો ચણાવ્યો; તે તેને જે જગ્યાએ બાળ્યો હતો તે જગ્યાએ આજે પણ જોવામાં આવેછે. ત્યારપછી તે ઈડર પાછો ગયો. હવે શાહજાદાએ જઈને પાદશાહને સર્વ સમાચાર કહ્યા તે ઉપરથી ઈડર ઉપર ભારે ફોજ મોકલી, તે રામેશ્વર તલાવ આગળ આવીને પડી અને શેહેરના સામા મોરચા બાંધ્યા. તોપખાનાની લડાઈ દશ દાહાડા લગી ચાલી પણ રાવ ઇડરગઢમાં રહેલો હતો તેથી પાદશાહની

ફોજનો કશો ઉપાય રહ્યો ન હતો. એટલા માટે તેઓએ પેહેરા મૂકી દીધા અને ત્યાં છ મહિના સુધી મે'લાણ કરીને પડ્યા. જ્યારે છ મહિના થઈ ગયા ત્યારે રાવ પોતાની સાથે રાણિયોને અને તેઓના ખટલાને લઈને ૧૮૦૦ ઘોડા સહિત ઈડરગઢ છોડીને છાને રસ્તે પોળે જઇને મેલાણ કર્યું તોયપણ તેણે પોતાના ન્હાનાભાઇ કલ્યાણમલને થોડા સિપાઇ સાથે રાખ્યો હતો. પાદશાહની ફોજે ઈડર શેહેર લઇને લૂંટ્યું, પણ તેનાથી કિલ્લો લેવાયો નહિ. પછી તેઓના જાણવામાં આવ્યું કે રાવ પોળે જઇને રહ્યો છે, તે ઉપરથી શાહજાદાએ ઇડરમાં થોડી ફોજ મૂકીને ભંલોડા ઉપર ચાલવા માંડ્યું અને રસ્તામાં વડાલી, ગલાડુ, અહમદનગર, મોડાસા, મેગરજ અને બીજાં શેહેરોમાં થાણાં મૂકીને આખો ઈડરવાડો તાબે કરી લીધો. રાવ છ મહિના લગી પોળે રહ્યો, ખાવાની સામગ્રી ખૂટી જવા આવી, અને તેને આખા બે દિવસ સુધી ભૂખે રેહેવું પડ્યું; ત્રીજે દિવસે તે મહાદેવના દેરામાં ગયો અને કમળપૂજા કરવા સારૂ તેણે પોતાની તરવાર ગળે મૂકી. આ વેળાએ "માં ! માં !" એવો દેરામાંથી શબ્દ થયો. રાવે આસપાસ જોયું પણ કોઈ દીઠામાં આવ્યું નહિ; તે ઉપરથી તેને લાગ્યું કે મારો જીવ ભૂખનો મારયો મને ભ્રમથાપ દેવરાવતો હશે. ફરીને તેણે ગળા ઉપર તરવાર માંડી પણ ત્રણ વાર દેરામાંથી એનો એ શબ્દ ઉઠ્યો ત્યારે રાવે પૂછ્યુ, "મને મના કરેછે એ કોણ છે?" તેનું ઉત્તર મળ્યું કે, "હું મહાદેવ છું તું શા માટે આત્મઘાત કરેછે? વીરમદેવે કહ્યું, "મારો જીવ ઉગરે એટલું પણ ખાવાનું નથી માટે હું મરૂં છું. મહાદેવે ઉત્તર આપ્યું કે તું જે ઇચ્છેછે તે તને કાલે મળશે. આવુ સાંભળીને તે મેલાણમાં ગયો. આ વેળાએ પ્રથમ લખેલો આસો ગઢવી જે લાખ પસાવ લેવાની ના કહીને ગુસ્સે થઇને જતો રહ્યો હતો તે ગરીબ અવસ્થા થઈ જવાથી પોળે રાવની પાસે પાછો આવ્યો, અને તેના વખાણનાં કવિત કહીને ત્યાગ માગ્યો. જેઓ પાસે બેઠેલા હતા તેમણે કહ્યું કે, "આવી વેળાએ ત્યાગ માગતાં તમને શરમ નથી લાગતી!" આના ઉત્તરમાં ચારણે તેજ વેળાએ એક સોરઠો કહીને જવાબ વાળ્યો.[1] એટલી વારમાં

---

૧ સોરઠો—વીરમદે વનવાસ, કાંસુ કીરતિયાં તણે;
લંકાં લીલ વિલાસ, રામ ન દીધી રઘણઉત.

ભાવાર્થ:—ઓ રણમલ વંશના વીરમદેવ ? વનવાસમાં પણ કીર્ત્તિને વાસ્તે લીલા વિલાસવાળી લંકાં રામે આપી નથી કે શું ? ભા. ક.

સમાચાર ઉદયપુર જઈ પોહોંચ્યા હતા કે વીરમદેવ પોળમાં વખામાં છે અને ખાવા જેટલું પણ રહ્યું નથી. એ વાત સાંભળીને દ્રવ્ય અને બીજો સરસામાન ઊંટો ઉપર લાદીને મોકલી દીધા હતો, તે આ વેળાએ ત્યાં આવી પોહોંચ્યો. વીરમદેવે તેમાંથી સર્વ દ્રવ્ય ચારણને આપી દીધું.

ત્યાર પછી રાવે વિચાર કરયો કે પાદશાહની ફોજને આપણાથી હરાવાય એમ નથી, અને જો થાણું ઉઠાડી મૂકાવીશું તો તે ફરીને બેસારવામાં આવશે; તેથી એક દિવસે સવારમાં ઉઠીને કટાર અને છરો કેડે ખોશી લીધો, તરવાર બાંધી અને કોઇને કહ્યાવિના ઘોડે બેશીને નીકળી ચાલ્યો. તેણે એક ઘોડાવાળો પોતાની સાથે રાખ્યો હતો તેને લઇને ભીલોડે ગયો. ત્યાં એક ઉંચી હવેલી હતી તેના ઉપર શાહજાદો બેઠેલો હતો. રાવે નીચે પોતાનો ઘોડો ઉભો રાખ્યો અને હેઠળ ઉતરી પડીને ઘોડાવાળાને કહ્યું કે તારે અહિયાંથી જરા પણ ખસવું નહિ. તે ઉપર ચડયો અને પેહેરેગીરને કહ્યું કે મારે શાહજાદાને મળવું છે. પેહેરેગીરે તે વાત શાહજાદાને કહી તેણે કહ્યું કે હથિયાર નીચે મૂકાવીને આવવા દો. તે ઉપર ગયો અને વાતચીત કરવા લાગ્યો, એટલામાં એક ઘરના છાપરા ઉપરથી બીલાડી એક કબૂતરને પકડીને નીચે પડી. બિલાડી ઉપર હતી અને કબૂતર નીચે હતું તેથી તે મરી ગયું અને બિલાડી જીવી. વીરમદેવે પોતાના મનમાં વિચાર્યું કે, "જો હું એને લઇને પડું તો કદાપિ જીવું તો ખરો." તેણે શાહજાદાને ગળેથી પકડયો અને બારિયેથી તેને નાખીને તેના ઉપર પડતું નાંખ્યું. શાહજાદો મરી ગયો પણ રાવ ઘોડે ચડીને પોળે જતો રહ્યો. જ્યારે શાહજાદાના મરણની ખબર જાણવામાં આવી ત્યારે સર્વ ફોજ પાછી ગઈ. પછી રાવ ઇડર પાછો ગયો અને ત્યાં ઘણા દિવસ સુધી રહ્યો.

એક સમયે એક વ્યાપારી ઘોડા વેચવાને ત્યાં આવ્યો તેમાં તેનીપાસે બે ઘોડા હતા તેમાં એકનું નામ નટુવો અને બીજાનું નામ ઝાલાહર હતું, તેમનું મૂલ *ચુંવાળીસ હજાર રૂપિયા વેપારિયે કહ્યું તે આપીને વીરમદેવે વેચાતા લીધા જ્યારે દસરા આવી ત્યારે શમડીની પૂજા કરવાને અને ચોગાનિયા પાડાનો વધ કરવાને સવારી નીકળી તે વેળાએ આ બંને ઘોડાનાં બહુ વખાણ થયાં. ઇડરની રીત પ્રમાણે એક મ્હોટા અને સારીપેઠે ખવરાવેલા પાડાને છૂટો મૂકયો; રાવે પોતાના ભાલાની પીઠે તેને દોડાવ્યો અને તેને ભાલા મારવાને તેના ઉમરાવ પાડા પછવાડે દોડ્યા. પાડાનો વધ

* મારી પાસે વૃત્તાન્ત છે તેમાં ૩૬ હજાર રૂપિયા લખ્યાછે. ર. ઉ.

કરયા પછી શમી પૂજા કરી અને સર્વેએ પોતાના ઘોડાનું પાણી અને પોતાની બેસવાની ચતુરાઈ બતાવી. આ ગંમત થઈ રહી, રાવ અને તેના ઉમરાવો સાંજ પડતા સુધી ઝાડે હિંચકા બાંધ્યા હતા ત્યાં રહ્યા, ત્યાર પછી મશાલો થઈ અને સવારી સજાઈ રહી અને સર્વે મ્હોટા દબદબાથી દરબાર ભણી ચાલ્યા. ચૌદશને દિવસે રાવે ઝાલાહર ઘોડો સાયા ઝુલાં ગઢવીને આપી દીધો અને નટુવો પોતાને બેસવાને રાખ્યો. તે દિવસે રાવને ગંમત આપવાનો વારો પેથાપુરવાળી વાઘેલી રાણીનો હતો. રાવે ત્યાં જઇને બે ત્રણ વાર કહ્યું કે, આજે મેં મારો ઝાલાહર ઘોડો ઈનામ આપી દીધો. રાણી બોલી. “તમે એક ટટ્ટુનું ઈનામ આપ્યું તેમાં મને બબ્બે ત્રણ ત્રણ વાર શું કોહોછો?” તે સાંભળીને રાવને ક્રોધ ચડયો અને બોલ્યો, “જ્યારે તમારો બાપ ચારણને ઝાલાહાર જેવા ઘોડા આપશે ત્યારે હું તમારે મેહેલ આવીશ, નહિકર આવવાનો નથી.” એ પ્રમાણે કહીને તે ઉઠીને ચાલતો થયો. રાણિયે સવારના પોહોરમાં ઉઠીને પોતાનો રથ તૈયાર કરાવ્યો અને પેથાપુર જઇને તે વાત પોતાના બાપને કહી. તે ઉપરથી તેણે તેવો ઘોડો શોધવાને માટે કાઠિયાવાડમાં, મૂળી, ચોટીલા, થાન, રાદરૂં, અને બીજી જે જે જગ્યાએ સારા ઘોડા નીપજતા હતા ત્યાં માણસ મોકલ્યા; પણ એવો મૂલનો ઘોડો કહિં જડયો નહિ. ત્યારે ઠાકોર જાતે ચારણને ઘેર ગયા અને બહુ મૂલ આપીને તે ઘોડો ઘેર લઈ આવ્યા. છ મહિના રાતબ દીધા પછી તેણે તેજ ચારણને બોલાવ્યો, અને (આ ઉપરથી સર્વે તાકીને અને ગુસ્સે થઇને જોવા લાગ્યા) તેને પેલો ઘોડો આપી દીધો. જ્યારે રાવને આ વાતની જાણ થઇ ત્યારે તે પિંડે પેથાપુર આવ્યો, અને બહુ સારૂં કર્યું એવું પોતાના સસરાને કહીને રાણીને પોતાની સાથે ઘેર તેડી લાવ્યો. પછી ચારણે, રાવને કહ્યું કે ચોમાસામાં ઘોડાને સાચવતા રાખો, પણ રાવે કહ્યું કે મારો સરદાર માલજી ડાભી બાહાર બ્રહ્મખેડમાં કામગરી ઉપર છે તેને સાચવવાને ઘોડો આપો. તે ઉપરથી ચારણે ઠાકોર માલજીને ઘોડો આપ્યો. ત્યારપછી તરતજ તરસંગમાનો રાણો વાઘ ખેડસુધી ઉપદ્રવ કરવા લાગ્યો, અને ડાભી એજ ઘોડા ઉપર ચડીને લડાઇયે નીકળી પડયો. તેમાં તે જીત પામ્યો અને ઢોર પાછાં વાળ્યાં પણ ઘોડો ઘાયેલ થયો; કેમકે વાઘવા ગામની પાસે મનદાવરી ડુંગર છે તેના ઉપર ઉપદ્રવ કરનારા ચડી ગયા હતા, અને પેલો ઘોડો ડુંગરા ઉપર અર્ધા રસ્તાસુધી કૂદી ગયો હતો

તેની નિશાનિયો આજે પણ છે. એ જગ્યા ઘણી કથોલી છે, અને ઘોડાથી ચડી શકાય એવી નથી. ત્યાર પછી ઘોડો ઘાયલ થયો હતો તેથી તે મરણ પામ્યો તે ઉપરથી ચારણે થોડીક કવિતા કરેલી છે. આ રાણો વાઘ ઘણો શૂરવીર હતો, અને તે કેહેતો કે,—

"હું રાણો વાઘ, "મારો હરણાવ સુધી ભાગ."

એટલે નદી હરણાવ, જે સતલાસણા પાસે ભાટિયોના ભાણપુર આગળ સાભ્રમતીને મળેછે તેના ઉપર રાણો પોતાની સીમા તરીકે દાવો કરતો હતો.

ત્યાર પછી બીજી દસરા આવી ત્યારે રાણાએ પોતાને હાથે ચોગાનિયો પાડો મારયો. તે દિવસે રાણી ચંદ્રાવતીજીને મેહેલ જવાનો વારો હતો ત્યાં જઇને રાણીને કહ્યું કે, "આજે મેં એક ઘણા મ્હોટા પાડાને મારયો." ત્યારે રાણી બોલી, "પાડા તો જૂદી જાતના હોયછે, એ કાંઈ પાડો કેહેવાય નહિ." આવું સાંભળીને રાવ ઘણો ગુસ્સે થયો, અને બોલ્યો, "જ્યારે તમે મને બીજી જાતનો પાડો બતાવો ત્યારે તમે ઇડર પાછાં આવજો, ત્યાં સુધી, પિયર જઇને રોહો" એમ કહીને તે ઉઠયો એટલે રાણિયે તેને કહ્યું કે, "આવતી દીવાળિયે રામપુર પધારવાનું વચન આપો." રાવ તે પ્રમાણે વચન આપીને ચાલતો થયો, અને સવાર થઇ એટલે રાણી પોતાને પિયર ગયાં અને જબરામાં જબરો એક અરણો પાડો શોધાવી મંગાવીને તેને ખૂબ ખવરાવા માંડયું. ત્યાર પછી દીવાળીની લગભગ રાવ ઇડરથી નીકળ્યા. તેવામાં જોધપુરનો રાજપુત્ર અમરસિંહ મૃગયા રમવાને નીકળ્યો હતો, તેણે એક વરાહને (સુવરને) ઘાયલ કરયો તે દોડતો દોડતો વીકાનેરના રાજ્યમાં જઈ પોહોંચ્યો, ત્યાંના રાજાએ તેને મારી નાંખ્યો. તે ઉપરથી અમરસિંહ ક્રોધાયમાન થયો, અને બોલ્યો કે જેણે મારા ઘાયલ કરેલા વરાહને મારયો છે તેને હું મારી નાંખ્યાવિના છોડનાર નથી. આવો નિશ્ચય કરીને તે વીકાનેર ઉપર ચડવાને તૈયાર થયો એ વાત દિલ્હી પાદશાહના સાંભળવામાં આવી એટલે કજિયાનું સમાધાન કરાવાને સારૂ શાહજાદાને મોકલ્યો. તે અને વીરમદેવ રસ્તામાં મળ્યા, શાહજાદાએ પોતાના ભાઈનું વેર લેવાને ધારયું; પણ, એટલામાં તો તેને અમરસિંહનો કાગળ પોહોંચ્યો, તેમાં લખ્યું હતું કે, "જો તમારે મારી સામે લડવાની મરજી હશે તો તૈયાર છું." આ પ્રમાણે લખવાનું કારણ એવું કે તેના વિચારમાં

એવું આવ્યું કે એ વીકાનેરની મદદે આવ્યો છે. આ ઉપરથી રાવને કાંઈ હરકત કરચાવિના તેને વીકાનેર મદદે જવાની અગત્ય પડી. ત્યાં બન્ને બાજુવાળાઓને લડાઈ ચાલતી હતી તેવામાં રાવ રામપુર આવ્યો જ્યારે તે ત્રીસ મૈલને છેટે આવી પોહોંચ્યો ત્યારે પોતાના આવવા વિષેના સમાચાર તેણે કાહાવી મોકલ્યા. હવે રામપુરનો દસોંદી ચારણ કોઈ એક વેળા ઇડર ગયો હશે ત્યારે ત્યાં તેનું જોઇયે એવું સન્માન થયું નહિ હોય, તેની મનમાં આંટી રાખીને જ્યારે રાવના આવવા વિષેની વાત તેણે જાણી ત્યારે પેલા અરણાપાડાને રાવના આવવાના રસ્તામાં છૂટો મૂકચો, અને તેનો સબબ એવો ગોઠવ્યો કે રામપુરમાં ઘણું નુકશાન કરેછે માટે છોડી મૂક્યો છે. રાવે તેને આવતો જોયો ત્યારે તેણે ધાર્યું કે મને મળવાને મારા આવવા ઉપર એને છૂટો મૂક્યો હશે તે ઉપરથી તેણે તેને ઠેર કચો. પણ મનમાં જાણ્યું કે "મારી મશ્કરી કરવાના મનસુબાથી આમ કર્યું હશે" તે ઉપરથી તેને ઘણો ક્રોધ ચઢચો અને ધાર્યું કે, "જો મેં એને મારી નાંખ્યો હોત નહિ તો મારી લાજ જાત." આ ઉપરથી ક્રોધાયમાન થઈને બે મૈલ ઉપર એક ગામ હતું ત્યાં રાતની રાત મેલાણ કરયું. જ્યારે રામપુરના રાજાના જાણવામાં એ વાત આવી ત્યારે તે વીરમદેવને મળવાને ગયો. અને તેની ક્ષમા માગીને સમજાવી આણ્યો કે, "એ પાડાને કાંઈ મેં છૂટો મૂક્યો નહતો." ઘેર આવીને જ્યારે તપાસ કરચો ત્યારે જાણવામાં આવ્યું કે ચારણે તેને છૂટો મૂક્યો હતો, અને આ કારણને લીધે તેને ઘણો ઠપકો દીધો. ત્યારપછી રાવ ત્યાં એક મહિનો રહ્યા, અને જવાની વાત કરવા લાગ્યા, ત્યારે રાણી બોલી કે, "મારા બાપના મરણ પછી બુંદીનો રાવ મારા ભાઈને ન્હાનો જાણીને તેનાં કેટલાંક પરગણાં દબાવી પડચો છે. આપ અહિ પધારચા છો તો કૃપા કરીને તે પાછાં અપાવો." આ ઉપરથી વીરમદેવે બુંદીના રાવને લખ્યું કે "પરગણાં પાછાં આપો, નહિકર લડવાને તૈયાર થાઓ, અને હદ ઉપર આવો." તે ઉપરથી બંને રાવ હદ ઉપર મળ્યા ને ત્યાં લડાઈ થઇ તેમાં બન્ને બાજુનાં ઘણાં માણસ મારચાં ગયાં. તથાપિ પરગણાં પાછાં જીતી લીધાં અને રાવ પાછા રામપુર આવીને રાણીને પોતાની સાથે ઇડર લઇ ચાલ્યો. ત્યાર પછી તેણે સાયાજી ગઢવીને એક હાથી અને લાખ પસાવનું દાન કર્યું.

થોડે દિવસે પછી, વીરમદેવ ગંગાજી યાત્રા કરવા સારૂ નીકળ્યો; ત્યાં સોરમઘાટ સ્નાન કરીને પાછો વળ્યો. હવે તેની ઓરમાઇ બેહેન (રાયસિંહની સગી બેહેન) જે જયપુર પરણી હતી તેણે રાવના આવ્યાના સમાચાર જાણ્યા એટલે કુંવર, તેનો પ્રધાન, અને બીજાઓને સામા તેડવા મોકલીને તેને આગ્રહથી જયપુર બોલાવી આણ્યો. રાવે જાણ્યુ કે એ પોતાના ભાઈનું વેર લેવાને મને ઝેર દેશે તેથી ખાવા પીવામાં ઘણી સાવચેતી રાખતો હતો. તેથી તેણે ઘેર જવાને આજ્ઞા માગી ત્યારે ઝેર દીધેલો પોશાક બક્ષીસ કરચો. જ્યારે તે ચાલતો ચાલતો ભીલોડે ઈડરવાડાની સરહદમાં આવ્યો ત્યારે તેને કશું ભય રહ્યું નહિ ત્યારે પેલો બેહેનનો પોશાક પેહેરચો કે તત્કાળ આખે શરીરે ઝેર વ્યાપી ગયું અને એક ઘડીમાં મડદું થઈને પડ્યો. તેને ભીલોડાના દરવાજા આગળની ટેકરી ઉપર અગ્નિસંસ્કાર કરચો તે સમાચાર ઇડર રાણિયોના સાંભળવામાં આવ્યા ત્યારે તેઓ તેની પછવાડે સતી થઇ.

વીરમદેવને પુત્ર હતો નહિ. પણ રાવ નારણદાસના બાકી રહેલા— ગોપાલદાસ, કેશવદાસ, સામળદાસ, કલ્યાણમલ, અને પ્રતાપસિંહ જીવતા હતા. કેશવદાસ અને સામળદાસને સબળવાડ અને હાથિયા વસઇનો ગ્રાસ મળ્યો. પ્રતાપસિંહનું મોસાળ તરસંગમે હતું તેથી તે ઘણોખરો ત્યાં રેહેતો હતો. ત્યાં તેણે એક પ્રસંગે રાણાને કાંઈ નુકસાન કર્યું તે ઉપરથી તેણે તેને મારી નાંખ્યો, એ પણ એક કારણ હતું તે ઉપરથી રાવ કલ્યાણમળજી જ્યારે ગાદિયે બેઠા ત્યારપછી તરસંગમાં મારચું હતું.

વીરમદેવનું મરણ થતા પેહેલાં ગોપાળદાસ અને કલ્યાણમલ દ્વારકા યાત્રા કરવા સારૂ એકઠા ગયા હતા, તે સમયે તેઓ ત્યાં શ્રીકૃષ્ણની પૂજા કરતા હતા તેવામાં તેમના કપાળનું રૂપાનું તીલક કલ્યાણમલના ખોળામાં પડ્યું તે ઉપરથી તેમને શ્રીકૃષ્ણે ગાદી ઉપર બેસાડવાનો ઠરાવ કરી રાખ્યો છે એવું જાણવામાં આવ્યું હતું. તથાપિ જ્યારે વીરમદેવ મરણ પામ્યો ત્યારે ગાદીનો ખરો વારસ ગોપાળદાસ હતો તેથી ગાદી ઉપર બેસવાની તે તૈયારી કરી રહ્યો હતો, જોશિયો શુભ ચોઘડિયું જોવાને હોરાયંત્ર માંડીને બેઠા હતા. તે વેળાએ કલ્યાણમલ પોતાને મોસાળ ઉદયપુર હતા તેમને પોતાના ભાઈના ગાદી ઉપર બેસવાના મુહૂર્ત ઉપર બોલાવ્યા

હતા. જ્યારે મુહૂર્તનું ચોઘડિયું આવ્યું ત્યારે ગોપાળદાસ રાજદાગીના પેહેરવાને બેઠો હતો. તે એક પેહેરતો હતો, બીજો પેહેરતો હતો અને તે વળી કાહાડી નાંખતો હતો અને એ પ્રમાણે કિયો પેહેરવો તેનો નિશ્ચય તેના મનમાં થતો નહતો. અહિ મુહૂર્તની વેળા તો થઇ રેહેવા આવતી હતી. તેથી પ્રધાનો અને ઠાકોરોએ જાણ્યું કે આવો માણસ તો રાજ્ય ચલાવાને યોગ્ય નહિ; આ પ્રમાણે વાત થાયછે એવામાંજ કલ્યાણમલ પાંચ સવારો લઇને ઉદયપુરથી આવી પોહોંચ્યા. સર્વ રાજસભાએ તેમનો આદરસત્કાર કરયો અને તેમને ગાદિયે બેસારયા. જ્યારે રાજનોબત થવા માંડી ત્યારે ગોપાળદાસે તજવીજ કરાવી કે એ શું છે ? તેનું તેને ઉત્તર મળ્યું કે કલ્યાણદાસ ગાદિયે બેઠા.

તે ઉપરથી ગોપાળદાસ દિલ્હિયે ગયો, અને ઈડરની ગાદી લેવાને પાદશાહની કુમક મળે એટલા માટે ત્યાં જઈ તેમની ચાકરીમાં રહ્યો. છેવટે તે ત્યાંથી ફોજ લઇને ચડયો. અને માંડવું મારીને પોતાને તાબે કરી લીધું, અને ત્યાંથી ઈડર ઉપર ચડવાનો વિચાર કરયો. માંડવાનો લાલમિયાં પોતાનાં માણસ લઇને કોતરની ગુફામાં સંતાઈ રહ્યો હતો ત્યાં ગોપાળદાસ તેના કબજામાં સપડાઈ ગયો એટલે તેનો તથા બાવન રજપૂતોનો ઘાણ નીકળી ગયો. ગોપાળદાસ જ્યારે દિલ્હી ગયો ત્યારે તે પોતાના કુટુંબને વલા નામના ગોવાળને ગામ મૂકીને ગયો હતો. ત્યાં તેઓ તેના મરણ પછી પણ રહ્યા હતા ત્યાં તેમણે ગામ વસાવ્યું અને વલા ગોવાળને નામે તેનું વલાસણા નામ પાડયું. તેઓ રેહેતાં રેહેતાં આસપાસનો પ્રદેશ દબાવા લાગ્યા અને છેવટે હરિસિંહ અને અજબસિંહ કરીને ગોપાળદાસના બે કુંવર હતા તેઓએ પોતાનો ગ્રાસ વેંહેંચી લીધો તે વલાસણાનો ન્હાનો ગ્રાસ અને મ્હોટો ગ્રાસ કેહેવાયછે.

વીરમદેવ કાશિયે ગયો હતો તેવામાં, પાનોરા, પહાડી, જવાસ, જોરા, પાથિયા, વલેછા, અને બીજાં પરગણાં મેવાડ તાબામાં કરી દીધાં હતાં, તે કલ્યાણમલે ફોજ એકઠી કરીને પાછાં જીતી લીધાં. ઉદયપુરનો રાણો અમરસિંહ ફોજ લઇને તેના સામો થયો; તેમાં તોપો છૂટયા પછી તરવારો ચાલિયો; બંને બાજુનાં ઘણાં માણસ કપાયાં પણ તેમાં રાવની જીત થઈ. ત્યારપછી નીચેના કારણને લીધે કલ્યાણમલે તરસંગમા માર્યું.

તરસંગમાના રાણા વાઘના સાંભળવામાં આવ્યું હતું કે, કલ્યાણમલની રાણી જે ભુજના રાવની કુંવરી થતી હતી તે ઘણી રૂપવતી છે. તે ઉપરથી તેને જોવાની તેના મનમાં ઘણી આતુરતા હતી. ધનાલના પ્રાસમાં ગઢરૂ કરીને ગામ છે તેની ધરતીમાં પચાસ હજાર રૂપિયા ખરચીને રાવની જાડેજી રાણિયે સામળાજીનું દેરૂં બંધાવ્યું છે. ત્યાં રાણી યાત્રા કરવા સારૂં આવ્યાં છે એવું રાણા વાઘના જાણવામાં આવ્યું એટલે તે બ્રાહ્મણનો વેશ લઇને બીજા બ્રાહ્મણો ભેગો ભળી ગયો. રાણિયે બ્રાહ્મણોને તિલક કરીને દક્ષિણા આપવા માંડી તેમાં રાણા વાઘને પણ આપવા માંડી પણ તેણે લીધી નહિ તેથી રગઝગ થઈ અને તે ત્યાંથી જતો રહ્યો. રાવ કલ્યાણમલને આ વાતની જાણ થઈ ત્યારે તે વેરને લીધે તેણે તરસંગમા માર્યું. ત્યાર પછી ગઢવી સાયાજિયે કુવાવા ગામને કિલ્લો કરી લેવાની ધારણા કરી, તે વાત રાવને ગમી નહિ. ગઢવિયે પોતાના જોશીને કહી રાખ્યું હતું કે મારૂં મોત આવે ત્યારે મને કેહેજો કે હું વ્રજમાં જઇને વાસ કરૂં. આ વાત રાવની જાણમાં હતી તેથી તેમણે જોશીને બોલાવીને કહ્યું એટલે તેણે તેને કહ્યું કે તમારો આવરદા આવી રહ્યો છે માટે હવે વ્રજમાં વાસ કરો. તે ઉપરથી ગઢવી વ્રજમાં જવાને નીકળ્યો. ત્યાં જઇને તેણે શ્રીનાથજીને તેરશેર સોનાની તાસક ભેટ કરી, ત્યાર પછી ત્યાંથી તે કાશી ગયો અને જોશીના કેહેવા ઉપર તેને વિશ્વાસ હતો તેથી પોતાના મરણની રાહા જોતો ત્યાં રહ્યો. પણ ત્યાર પછી તો બીજાં દશ વર્ષ જીવ્યો જ્યારે તે ઘણો માંદો પડયો ત્યારે તેણે ઇડરના રાવને લખ્યું કે મારા મનમાં તમને મળવાની ઘણી ઉત્કંઠા છે. રાવ કાશિયે જવાને નીકળ્યા અને ત્યાંથી એક મંજલને છેટે આવી પોહોંચ્યા એટલે તો તેમના સાંભળવામાં આવ્યું કે સાયાજિયે દેહ છોડયો. પછી રાવે વિચાર્યું કે હું જો કાશિયે જઇશ તો લોક જાણશે કે રાવ યાત્રા કરવા સારૂં આવ્યા છે, સાયાજીને માટે આવ્યા નથી તે ઉપરથી તેણે પોતાના મેલાણ ઉપર ગંગાજળની કાવડ મંગાવીને ત્યાં સ્નાન કરયું અને ઉદયપુરને રસ્તે ઘેર આવ્યા. ત્યાંથી તે ગઢવી ગોપાળદાસને પોતાની સાથે લેતા આવ્યા તેને થૈરસણ અને રામપુર એ બે ગામ આપ્યાં તે હજી લગણ તેના વંશવાળા બાર ભાગે ખાયછે. બીજો ચારણ જે એમની સાથે આવ્યો હતો તેને થુરાવાસ ગામ આપ્યું તે તેના વંશવાળા હજી લગણ ચારે ભાગે ભોગવેછે.

પછીથી રાવને શિરોહી સાથે કજિયો થયો, અને સરહદ ઉપર લડાઇયે ગયા. રોહિરા અને પોશીનાની વચ્ચે બન્ને બાજુનાં વીશ વીશ કે ત્રીશ ત્રીશ માણસ મુવાં; છેવટે પોશીનાનો ઠાકોર વચ્ચે પડ્યો અને સમાધાન કરાવી આપ્યું. કલ્યાણમલ જ્યારે મરણ પામ્યા ત્યારે તેમની પછવાડે તેમના પુત્ર રાવ જગન્નાથ ગાદિયે બેઠા.

## પ્રકરણ ૯.

### અંબાભવાનીનું દેવળ—દાંતા.

અંબાભવાનીનું દેરૂં આરાસુરના ડુંગરામાં આરાવલી પર્વતની હારની નૈઋત્ય કોણમાં છે. અણહિલવાડથી અને સિદ્ધપુરક્ષેત્રથી સરસ્વતિ નદીને કાંઠે કાંઠે ચાલ્યા જઇયે તો અંબાજીનીપાસે કોટેશ્વર આગળ તેનું મૂળ છે ત્યાં સુધી, ઠેઠ વગડાની પણ રળિયામણી અને ફળદ્રુપ ખીણ ઉપર જ્યાં જંગલથી છવાઇ ગયેલા ડુંગરાનો રેહેતાં રેહેતાં છેડો આવેછે ત્યાં જઇ પોહોંચાયછે. આ એકાંત વેહેળિયાની બાજુએ જે વેળાએ સાંઝનું અંધારૂં પડી રેહેછે, અને તેને લીધે કોઇયે પ્રવેશ કરાય નહિ એવું જંગલનું ગહન અંધારૂં બની રેહેછે, તથા જ્યાં ચિત્રા અને વાઘની બાંડયો આવી રહી છે, અને જંગલવાસો તેમના નગ્ન સ્વરૂપે કાળારંગના ફરતા હોયછે, તેમજ તેમનાં કઠોર અને ખોખરા અવાજનાં નગારાં કોઇ છેટેના ગામમાં વાગી રહેલાં હોયછે, તે વેળાએ ત્યાં આવી ચડેલા પરદેશી જનને તો આફ્રિકાના હબસીના કિનારાનો ભાસ થયાવિના રેહેતો નથી. થોડી વારમાં તે ચમત્કારિક અજવાળાથી આ અઘોર દેખાવ ચકચકી ઉઠેછે. ભીલલોકો ડુંગરાને દેવરૂપ ગણીને તેને [1]સળગાવવાની જંગલી માનતા અમલમાં લાવેછે તેનો એ ચલકાટ થાયછે. ડુંગરાઉપરની ઝાડી સળગતી સળગતી એક ડુંગરા ઉપરથી બીજા ડુંગરા ઉપર ઉતરેછે, તે સમયે વિક્રાળ સાપની પેઠે બળતું મંદ મંદ તરંગિત થતી ગતિએ ચાલેછે, " તે જાણે કે પવનને અટકાવી " દેનારૂં ઠૂંઠું જંગલને જલાવી દેનારો દાવાનલ, અને પર્વતોને સળગાવી "દેનારો ભડકો હોયની" એવો સાલમિસ્ટ ( salmist )ની કલ્પનાનો ચિતાર ખડો કરાવે છે.

કેટલાક લોકો તો અંબાજીની યાત્રા કરવા સારૂ, આસપાસના ગામોમાંથી, અને હિંદુસ્થાન માહેલા આઘેના ભાગમાંથી પણ આવેછે, તથાપિ મ્હોટો સંઘ તો વર્ષમાં ત્રણ વાર આવેછે, તેમાં મુખ્યત્વે કરીને એક સંઘ તો ચોમાસામાં ભાદ્રપદ મહિનામાં માતાજીનો જન્મદિવસ આવેછે તે પ્રસંગે ભરાયછે. જ્યાં યુરોપની રીતભાત દાખલ થઈ ગયેલી એવું મુંબઈ નગર, જેની હવા વ્યાપારની ધામધુમથી ગરદવાન થઈ ગયેલી, જેની આસપાસનું દરિયાનું પાણી પશ્ચિમ ભણીના વાહાણોના વાવટાઓથી સફેદી પકડતું જ-

---

૧ ભીલ લોકોનાં પગનાં તળિયાં બેહેરાં થઈ જાય અને જોડા પેહેરવા પડે નહિ એટલા માટે ડુંગરા સળગાવવાની બાધા રાખેછે તેને ડુંગરો નવરાવ્યો અથવા ડુંગરો ટાઢો કર્યો કેહેછે.

ણાયછે, જેમાં પૂર્વ ભણીના મહાન એપાસલનું દેવલ આવી રહ્યુંછે, તેમજ જે પરદેશી ભૂમિનો છાયાવાન આકાર કદાપિ તે હિંદુનીમનકલ્પનામાં ઉતરી શકનો હોય તોપણ તેની ખરી નજરની આસપાસ તેના ધર્મે એવો પડદો નાંખી દીધો છે કે જે ભૂમિ તેનાથી જોઈ શકાતી નથી તે ભૂમિના નવીન કાયદાઓની રૂઇથી, દમદબા ભરેલા ઝભ્ભા ધારણ કરીને ન્યાયાધિશો મુંબઈ નગરમાં જે કોર્ટોમાં બેશી ન્યાય કરેછે ત્યાંથી પણ ઘણીવાર હિંદુ યાત્રાળુ એવી માયીક જગ્યા છોડીને, તેને મન વધારે સાચી ભાસતી આરાસુરની જગ્યાના દોહલા રસ્તા ભણી પુણ્ય થવાને માટે કુચ કરેછે.

માતાનો સંઘ ઘણો મ્હોટો થાયછે, તે જ્યાં પડાવ કરેછે તે ઠેકાણે સંઘમાંનો ગમે તે કોઈ જેને માતાને બાહાને ખર્ચ કરવાનો હોય તે જમાડેછે. છેલો ઢાળો દાંતે થાયછે. દાંતા એક ન્હાનું સરખું શેહેર, વગડાઉ અને ખરાબાવાળા ડુંગરાના પડખામાં છે, ત્યાં પરમાર વંશનો રાણો રાજ્ય કરેછે તે શ્રી અંબાજીનો માનીતો સેવક છે. આ જગ્યાએથી માતાના દેરા ઉપર જવાનો ચડાવ લાંબો છે, અને તે ઘણા ખરા ભાગમાં રેહેતાં રેહેતાં ઊંચો થયેલો છે પણ વચ્ચે વચ્ચે બહુ ઉભો અને ખાડા ટેકરાવાળો છેઃ—કેમકે શ્રીદૂર્ગાની ગાદિયે પોહોંચવાના રસ્તાની મુસીબતો મનુષ્ય પ્રાણીના હાથની કારીગરીથી મટાડી શકાય એમ નથી. આવા ફેરફાર થતા માર્ગે ચાલતાં માતાજીનો સંઘ લાલ, ધોળા, અને પીળા રંગથી તડકામાં ચકચકી રહેલો અને ચળકાટ મારતા લોહોડાથી અને નરમ સોનાથી ભભકા ભરેલો દેખાવ દેતો જાયછે; ઘડીકમાં તે ખંડિત મેદાનમાં હારબંધ જતો દેખાયછે, અને ઘડીકમાં તે કેટલાક રંગીત ખરાબાથી ઢંકાયછે અથવા વનની ઘાડી છાયાને લીધે નજરે પડતો બંધ પડી જાયછે. આશરે અર્ધે ચડાવે ઊંચા ભાગમાં ન્હાનાભાઇનો કૂવો છે ત્યાં આગળ તે થોડી વાર ઢાળો કરેછેઅને પછી ગહન ખરાબાઓ વચ્ચે પેશીને આગળ એક ખુલ્લા મેદાનમાં જઈ પોહોંચેછે એટલે તેને આરાસુરનો સુગંધીવાળો પવન વાવા માંડેછે. સંઘના લોકોની ચાલતી હારને મોખરેથી, રહી રહીને અવાજ થાયછે કે, "હવે દેવાલય દેખાયછે." એટલે પછી જે ઘોડે અને મ્યાનામાં બેઠેલાં હોયછે "તે ઉતરીને, અને પગે ચાલનારા એમના એમ લાંબા થઇને પગે પડેછે અને જેવા ઉભા થાયછે તેવા તો "અંબા માતકી જય" એવો અવાજ કરીને તેના પડઘાથી ડુંગરા ગજાવી મૂકેછે.

માતાનું દેરૂં ન્હાનું છે અને બીજાં તેના કરતાં ઓછાં પ્રસિદ્ધ દેવાલયોના કરતાં ચડિયાતી બાંધણીનું છે; તેની આસપાસ કોટ છે, ને માંહે ઈમારતો છે તેમાં માતાના પૂજારી અને સેવકો રેહેછે; તેમજ યાત્રાળુ લોકો આવેછે તે વાસો કરેછે. ત્યાં એક થાણું છે, પણ માણસના હથિયારથી માતાજીના રેઠાણનું રક્ષણ થાયછે એમ કેહેવાય નહિ, માતાજી તો બાહારનો દરવાજો કરવાની પણ આજ્ઞા આપતાં નથી. આ દેરામાં જેની મૂર્તિ પૂજાયછે તે પ્રબળ શિવની અર્ધાંગના હિમાચળ અને મેનાની પુત્રી દુર્ગા છે; ચાંપાનેરના ડુંગર ઉપરના દેરામાં કોપાયમાન કાલિકાનું સ્વરૂપ પૂજાયછે તેવી તે નથી, પણ તે કરતાં કાંઈક શાન્ત અને માયાના વિશેષ ગહન ભવાનીના સ્વરૂપે જગતની માતા અંબાજી છે.

આરાસુરનું આ દેરૂં ઘણાં કાળનું છે. કેહેછે કે શ્રીકૃષ્ણના વાળ આ ઠેકાણે લેવરાવવામાં આવ્યા હતા, અને ત્યારપછી તેમની અર્ધાંગના રૂક્મિણી અહિ માતાને પૂજવા આવી હતી, ત્યારે તેને શિશુપાળના ભયથી આ ઠેકાણેથી હરણ કરીને કૃષ્ણ લઈ ગયા હતા. ઘણા કાળથી આવતા યાત્રાળુ લોકોના પગથી માતાજીનો ઉમરો ઘસાઈ ગયો છે. યાત્રાળુ લોકો માતાનાં દર્શન કરીને વાગા, ઘરેણાં ચડાવેછે અને પૈસા મોં આગળ મૂકેછે, તેમજ પોતાના અથવા પોતાનાં સગાંવાહાલાંના સ્વાર્પણને બદલે નાળિયેર ચડાવેછે.[1]

નવરાત્રીની આઠમને દિવસે દાંતાનો રાણો હવન કરેછે અને મ્હોટા વાસણમાં પ્રસાદ ભરી રાખેછે તે જ્યારે માતાજીની કોટનો ફૂલનો હાર એની મેળે ગળેથી છૂટી પડેછે એટલે તાબડતોબ પર્વતવાસી ભીલ લોકો ઉપર પડીને લૂંટી ખાયછે. દાંતાનો રાણો સંઘનું રખવાળુ કરેછે તેથી તેને કર મળેછે. જો કોઈ ઠાકોર યાત્રા કરવાને આવેછે તો તેની પાસે જે સારામાં સારો ઘોડો હોય તે રાણાને અર્પણ કરવો પડેછે. યાત્રાળુ લોકો જ્યાંસુધી

---

૧ મનુષ્ય પ્રાણીને બદલે હિંદુઓ નાળિયેરનો ઉપયોગ કરેછે તેનું કારણ વિશ્વામિત્રની આશ્ચર્યકારક વાત ઉપરથી જણાઈ આવેછે. બ્રહ્માની ઉત્પન્ન કરવાની શક્તિ છે તે પ્રમાણે વિશ્વામિત્રે પણ ઘણી જાતિનું અનાજ ઉત્પન્ન કર્યું. તેમણે નાળિયેરી ઉપજાવીને તેમાંથી મનુષ્ય પ્રાણી નીપજાવવા માંડ્યાં અને પ્રારંભમાં માણસનું માથું નિપજાવ્યું. તે જોઈને બ્રહ્માએ જાણ્યું કે સૃષ્ટિ સરજવાનું મારૂં કામ એ ઋષિ લઈ લેશે તેથી તેમની તેણે આરાધના કરી ત્યારે ઋષિ બંધ પડ્યા, પણ પોતાનો મહિમા રાખવા સારૂં મનુષ્યના માથા જેવું નાળિયેરનું ફળ થાય એમ કર્યું.

રેહેછે ત્યાં સુધી માતાને વાગા, ધ્વજા, મૂલ્યવાન ધાતુનાં વાસણ, ઘંટ, અને દેવાલયના કામની અગત્યની વસ્તુઓ અર્પણ કરેછે તે સર્વ રાણો લઈ જાયછે. રૂપાની સાત[૨] પાદુકા માતાની આગળ સદા રેહેછે.

આ ઠેકાણે માતાનું સ્વરૂપ કલ્યાણકારી છે તથાપિ પશુનું બલિદાન આપવામાં આવેછે, અને મધુ પણ અર્પણ કરવામાં આવેછે. માતાના કામકાજમાં તેલ વાપરવાની બંધી છે; તેમજ યાત્રાળુ લોકો આવેછે તે રેહેછે ત્યાં સુધી તેલ વાપરતા નથી. દેરામાં દીવા શણગારવામાં આવેછે તે અને આરતી એ સર્વમાં ઘી વાપરવામાં આવેછે. સાંજની વેળાએ દાંતાનો રાણો ત્યાં હોયછે ત્યારે તે માતાને ચમર કરેછે, પણ ખરા પૂજારી તો ત્રણ છે—તે ઔદિચ્ય બ્રાહ્મણ સિદ્ધપુરના છે, તેઓ રાણાને ઉપજ આપીને પૂજારીનું કામ કરેછે. યાત્રાળુ ત્યાં આવેછે એટલે તેઓ તેમને કપાળે ચાંદલો કરેછે અને જ્યારે વિદાય થાયછે ત્યારે વાંસે કંકુનો થાપો મારેછે; યાત્રાળુ લોકો પોતપોતાની સત્તા પ્રમાણે તેઓને જમાડેછે, અને કોઈ વેળાએ તો તેમના દાવા પ્રમાણે આપવામાં આવતું નથી એટલે તેઓ છાપ કરતા નથી અને છાપ લીધા વિના યાત્રાળુને ચાલતું નથી.

અજીત માતાનું મુખ્ય દેરૂં જે માનસરોવરના કિનારા ઉપર છે તેમાં મહારાણા શ્રી માલદેવનો લેખ સંવત ૧૪૧૫ (ઈ૦ સ૦ ૧૩૫૯) નો છે. અંબાજીના દેરાના માંહેલા મંડપનાં દ્વારમાં લેખ છે તેમાં રાવ ભારમલની રાણિયે સંવત ૧૬૦૧ (ઇ૦ સ૦ ૧૫૪૫) માં માતાને જે અર્પણ કરેલું છે તે નોધેલું છે, તે ઘણું કરીને તો તેણે પોતાના પતિના મરણ ઉપર કરેલું જણાયછે. દેરાની માંહેલા સ્તંભ ઉપર બીજા ઘણા લેખ છે તે મુખ્યત્વેકરીને સોળમા સેંકડાના છે અને તેમાં બીજા લોકોએ દાન કરેલાં તેની નોંધ છે. એક લેખ સંવત ૧૭૭૯ (ઈ૦ સ૦ ૧૭૨૩) નો છે તેમાં લખ્યું છે કે, "પૃથ્વીપતિ રાજાધિરાજ રાણાજી શ્રી ૧૦૮ "શ્રી પૃથ્વીસંગજી રાજ્ય કરતા હતા ત્યારે એક વાણિયાએ યાત્રાળુલોકોને "રેહેવા સારૂ પુત્રની આશાએ એક ધર્મશાળા બંધાવી તે આશા અં-"બાની કૃપાથી પૂર્ણ થઇ."

---

૨ ત્રણ, પાંચ, અને સાત એ સંખ્યા હિંદુઓ શકુનિયાળ ગણેછે; તેમાં પાંચ અને સાત તો વિશેષ ગણાયછે. ત્રણથી સ્વર્ગ, મૃત્યુ ને પાતાળની ગણના થાયછે, પાંચથી પંચતત્વ ગણાયછે; અને સાતથી સપ્ત ઋષિ ગણાયછે.

શિરોઇના રાવનો દેશ અંબાજીના દેરાની પાસે છે તેઓને ઉપજ-માંથી ભાગ મળતો હતો, પણ પછીથી કેહેછે કે તેણે છોડી દીધો, તે એવા કારણથી કે દેવાલય ખાતે દાન કર્યું હોય તેની ઉપજ તો ગોસાઇ ખાય. દાંતાની કન્યા શિરોઈવાળાને ત્યાં પરણાવી હતી. એક વાર એવો બનાવ બન્યો કે શિરોઈવાળાએ જે લૂગડું માતાને પેહેરાવેલું તેજ લૂગડું પેહેરીને દાંતાવાળાની કન્યા પોતાને સાસરે શિરોઇ ગઇ તે જોઈને તેના ધણિયે કહ્યું કે તેં માતાને પેહેરાવેલો પોશાક પેહેર્યો છે તેથી આજથી તું મારી માતા જેવી છે, એમ કહીને તેને તેના બાપને ઘેર " પરણેલી કુંવા-રીકા અને રાંડેલી સ્ત્રીને વેશે" વિદાય કરી, તે દાહાડાથી એવો ધારો કર્યો કે અંબાજીને અર્પણ કરેલો પોશાક દાંતાની કન્યાને પેહેરવા આપવો નહિ.

અંબાભવાનીના દેરાની પશ્ચિમમાં આશરે બે મૈલ ઉપર એક ડુંગર છે તેના ઉપર અસલને વારે ગબ્બરગઢ[1] કરીને એક કોટ હતો. ત્યાં ખરાબા છે તે વેગળેથી મ્હોટા કમાનદાર દરવાજા જેવા દેખાયછે. માતા અંબાજી ડુંગરાના પોલાણમાં રેહેછે એવી વાત જે ચાલી છે તે સો વર્શા-તો એજ ઉપરથી ચાલી હશે. કેહેછે કે, " એક વેળાએ માતાજીની ગાય " આખો દાહાડો રબારીના ધોરમાં ચરતી હતી, અને રાતની વેળાએ " ડુંગરમાં પાછી જતી; ગોવાળને આશ્ચર્ય લાગ્યું કે એ ગાય તે કોની " હશે. પછી તેણે એવો નિશ્ચય કર્યો કે, ગમે તે થાય પણ ગાયના " ધણીને શોધી કાહાડીને તેની પાસેથી ચરાઇ લેવી. એક સાંજરે નિત્ય-" ની પેઠે ગાય ઘેર જવા ચાલી એટલે ગોવાળ તેની પછવાડે પછવાડે ગયો, " અને તેની સાથે ડુંગરમાં પેઠો એટલે તેના જોવામાં એક ભવ્ય મેહેલ " આવ્યો; તેના મુખ્ય ઓરડામાં માતાજી બીરાજમાન થએલાં હતાં, " તે હીંચકે હીંચતાં હતાં, અને ઘણી દાસિયો આસપાસ ઉભી રહી હતી. ગોવાળ હિંમત ધરીને માતાની પાસે ગયો, અને પૂછ્યું કે ગાય તમારી છે? " તેમણે હા કહી, તે ઉપરથી આગળ બોલવાની ગોવાળને હિંમત આ-" વી. ' એ ગાયને બાર વર્ષ સુધી મેં ચરાવી છે, ને આજે તેની ચરાઈ " લેવાને આવ્યો છું ' જવનો એક ઢગલો પડ્યો હતો તેમાંથી થોડા આ-

[1] "જે જાય ગબ્બર તે થાય જબ્બર," એવો એ ગઢનો મહિમા કેહેવાયછે. ર. ઉ.

"પવાને માતા અંબાજિયે એક દાસીને આજ્ઞા કરી. દાસિયે એક સૂપડું ભરીને ગોવાળને આપ્યું, તે લઇને નિરાશ થતો ક્રોધાયમાન થઈને ચાલતો "થયો, અને ઉમરો ઓળંગીને જવ કાહાડી નાંખ્યા. પણ ઘેર પોહોંચ્યા "પછી તેના લૂગડામાં સોનાના જવ ચોટી રહેલા તેણે દીઠા. બીજે દિવસે "ફરીને તેણે ડુંગરમાં પેસવાનું પ્રયત્ન કર્યું પણ તેને રસ્તો જડયો નહિ "અને માતાજીની ગાયે ફરીને દેખા દીધી નહિ."

એજ ડુંગરની પાસે એક બીજો ડુંગર છે તેને વિષે એક વધારે તાજી દંત કથા છે. "થોડાં વર્ષ ઉપર શિરોઈ તાબાનો એક ખેડૂત બળદની "જોડ વેચવા નીકળ્યો. તે ભટકતો હતો તેવામાં તેને એક ગોસાઈ મળ્યો "તેણે તેને કહ્યું કે જો તું મારી પછવાડે આવે તો તને હું તારા બળદ "વેચાવી આપું. તે ઉપરથી ખેડુત ગોસાઈની પછવાડે ચાલ્યો અને ડુંગરની "એક બાજુએ ગુફા હતી તેમાં બળદ સુદ્ધાંત તેને ગોસાઇ લઈ ગયો. ગુ-"ફામાં કેટલેક આઘે ચાલ્યા પછી તેઓ એક ભવ્ય ઓરડા આગળ આવ્યા, "તેની પાસે એક ડેલું હતું તેમાં ઘણા ઘોડા બાંધેલા હતા. ત્યાં ઘણાં "માણસ પણ કામે લાગ્યાં હતાં, તેઓ ઘોડાને અને માણસને માટે "કવચ, અને હથિયાર, તોપો, અને લડાઈનો બીજો સામાન તૈયાર ક-"રતા હતા. તેમજ વળી તોપના ગોળાનો ગંજ મારેલો હતો અને બંધુ-"કોની ગોળિયોનો ઢગલો કરી મૂક્યો હતો. હવે ગોસાઇયે ખેડુતને પૂછીને "બળદોનું મૂલ્ય નક્કી કર્યું, અને માંહથી આણી આપ્યું, ત્યારપછી ખે-"ડુતે પૂછ્યું કે 'આ કોનો મેહેલ છે! અને આ સરસામાન કોનો છે, "તથા અહિ કોણ રેહેછે?' ત્યારે ગોસાઇયે ઉત્તર આપ્યું કે એ વાત "બે વર્ષ પછી તારા જાણવામાં આવશે. એ તો અંગ્રેજ સરકાર સાથે "લડવાની સામગ્રી છે. પછી ખેડુત પોતાને ઘેર ગયો અને તેના જોવામાં "જે આવ્યું હતું તે વિષે ગામના લોકોને જાણીતા કર્યા. તે ઉપરથી ગા-"મના લોકો પેલા ખેડુતને લઇને ગુફા જોવા સારૂં ગયા પણ કહિ પત્તો "હાથ લાગ્યો નહિ. * "

---

૧ આવી દંતકથાઓ સર્વ દેશમાં હોયછે. એનિહેરિયર વલહલ્લામાં રેહેછે અને જ્યારે જગતનો નાશ થશે ત્યારે ઓડિનના હાથ નીચે ફરીને હથિયાર સજીને આવશે. આર્થર રાજા પોતાના શત્રુઓનો નાશ કરવાની વેળાની વાટ જોતો આવેલનના બેટમાં આરામ ભોગવેછે. થરિંગિયા માંહેલા કિફહાસરમાં ફ્રેડરિક

અંબાજીની પાસે, એટ વેહેલિયાની કોરે સ્વાભાવિક ઉગેલા મોગરા અને જુઈ તથા બીજા સુગંધીમય પુષ્પની ઘટામાં ચિતોડના કુંભા રા-

---

બાર્બેરાસ્સા પોતાના છૂટકારાની અને સારી વેળાની રાહા જુવેછે તે આવી પોહોંચવાની કેહેછે કે નિશાની એ કે પિયર નામનું જૂનું અને સુકાઈ ગયેલું ઝાડ રૂથ્સ ફેલ્ડ ઉપર છે તે પાછું તાજુ થશે અને તેને અંકુર, પાંદડાં અને મોર આવશે તથા પર્વતની આસપાસ કાગડા ઉડતા બંધ થશે. સાલ્ઝબર્ગની પાસે વન્ડરબર્ગમાં પાંચમો ચાર્લ્સ મહારાજા રેહેછે, તેના માથા ઉપર સોનાનો મુકુટ છે અને રાજદંડ પણ સોનાનો છે તથા અમીર ઉમરાવો તેની આસપાસ વીંટાઈ બેઠેલા છે. જે ટેબલે તે બેસે છે તેની આસપાસ તેની ધોળી થઈ ગયેલી દાહાડીના બે આંટા ફરી વળ્યા છે તે જ્યારે ત્રીજો આંટો ફરી વળશે ત્યારે જગતનો નાશ થશે અને આન્ટા ક્રાઈસ્ટ દેખા દેશે. ગોરી બેટની સામે આફ્રિકા ખંડના ભાગ ઉપર જાલ્લાફ નામના લોક વસેછે તે યમમો નામની પરિયોને માનેછે તે ગાથિક પરિયોને મળતી આવેછે. સમુદ્ર કિનારેથી આશરે ત્રણ મૈલ ઉપર પાપ્સ નામના ડુંગરા છે તેની ગુફામાં મુખ્યત્વે કરીને તેઓ મ્હોટા દબદબાથી રેહેછે. ત્યાં મનુષ્યોની તેમાં વિશેષે કરીને યુરોપિયનોની આગતા સ્વાગતા તેઓ કેવી કરેછે; તેઓને ઉત્તમ જાતિનાં ભોજન કેવાં જમાડેછે, અને રિકાબિયો મૂકતાં જ માત્ર તેમના હાથ પગ જોવામાં કેવા આવેછે તથા ગુફાની જગ્યામાં કેટલા બધા માળ છે, અને નીસરણી વિના એક માળથી બીજે માળ કેવું જવાય છે એ વગેરેની ઘણી ચમત્કારિક વાતો ચાલે છે. આવે પ્રસંગે ઈનામ આપવામાં આવેછે તે સંબંધીનો મુકાબલો કરવાને એક નીચે વાત લખિયે છિયેઃ—

"સ્વિટ્ઝરલ્યાન્ડમાં વાલ્કવીલ નામના ગામ પાસે એક પર્વતની બાજુએ "ચેસ્તનટનું એક જંગલ છે ત્યાંથી એક રાત્રિયે એક ઠીગણું માણસ આવ્યું, અને "દાઈયણના ઘરની પૂછપરછ કરવા લાગ્યું. તેને તેનો પત્તો લાગ્યો એટલે આ"તુરતાથી આગ્રહ કરીને પોતાની સાથે તેડી ગયું, અને હાથમાં મશાલ લઈને "તેને જંગલમાં લઈ ગયું. એક ગુફા આવી તેમાં થઈને દાઈયણને લીધી તે "દબદબા ભરેલા મેહેલ આગળ આવી પોહોંચી. ત્યાંથી ભભકદાર ઓરડાઓમાં "થઈને મુખ્ય ઓરડામાં તેને લઈ ગયો ત્યાં ઠીગણાંઓની રાણી સૂતેલી હતી "તેને માટે દાઈયણનો ખપ હતો. દાઈયણની મદદથી રાણીને પુત્રનો પ્રસવ "થયો પછી તેનો ઉપકાર માનીને તેને વિદાય કરતી વેળાએ તેના ઘાઘરામાં "કાંઈક નાંખ્યું અને કહ્યું કે ઘેર પોહોચો ત્યારે શું છે તે જો જો ત્યાર પેહેલાં "ગમે તે થાય પણ જોશો નહિ. પ્રથમ આવેલો ઠીંગણો માણસ તેને લઈ ચાલ્યો "અને જ્યારે તે અલોપ થઈ ગયો ત્યારે પેલી દઈયણ જે આતુર થઈ રહી હતી "તેણે ઘેર પોહોંચતા પેહેલાં ઘાઘરામાં જોયું તો કોયલા દીઠા એટલે ક્રોધાવેશમાં "તેણે તે કાહાડી નાંખ્યા અને માત્ર બે કોયલા પરીક્ષા જોવાને હાથમાં રાખ્યા "તે જ્યારે ઘરમાં આવી ત્યારે ભોંય ઉપર નાંખી દીધા તે જોઈ તેનો ધણી રાજી "થઇને અને આશ્ચર્યે પામીને બોલી ઉઠ્યો, કેમકે તે હીરાના જેવા ચકચકતા "હતા. દઈયણે કહ્યું કે મને તો ત્યાંથી કોયલા જ આપેલા હતા પણ તેમના

ણાએ વસાવેલું એક ગામ છે, તે રાણાના નામ ઉપરથી કુંભારિયા કેહેવાયછે. તેની પાસે ધોળા આરસ પાહાણનાં વિમળશાહનાં બાંધેલાં જૈન ધર્મનાં દેરાસર છે. એક દંત કથા એવી છે કે "માતાએ વિમળશાહને ઘણું ધન "આપ્યું, અને તેણે પારસનાથનાં ત્રણસેં ને સાઠ દેરાં બંધાવ્યાં. માતા- "જિયે તેને પૂછ્યું કે તેં કોના પ્રતાપથી બંધાવ્યાં ? ત્યારે તેણે કહ્યું કે "મારા ગુરૂજીના પ્રતાપથી. માતાજીએ ત્રણ વાર પૂછ્યું પણ ત્રણે વેળા "તેણે એનું એ ઉત્તર આપ્યું. ત્યારે માતાએ કહ્યું કે તારાથી નસાય તેમ "નાશ. તે ઉપરથી વિમળશાહ દેરાસર નીચેના એક ભોંયરામાં થઇને નાઠો "તે ભોંયરૂં દેલવાડાના ભોંયરા સાથે સંધાયલું હતું એટલે ભોંયમાંને ભોંયમાં "આબુપર્વત ઉપર આવી ચડયો. પછી માતાએ બધાંય દેરાં બાળી મૂક્યાં, "અને વાત રેહેવાસારૂ માત્ર પાંચ રેહેવા દીધાં. બીજાં દેરાસરના પથરા "આજે પણ વીખરાયલા પડેલા છે." જે જગ્યાએ વિમળશાહે ચૈત્ય બંધાવ્યાં હતાં તે બળી ગયા વિષેની વાત સાચી જણાયછે કેમકે તેવામાં આરાસુરના આખા ડુંગરામાં જ્વાળામુખી પર્વતનાં તત્વ પ્રજ્વાલત હતાં એમ જણાયછે અને વિમળશાહે તો ખરેખરૂં જાણેલું કે શ્રી અંબાજીના કોપથી દેરાસર બળી ગયાં કેમકે ત્યાર પછી તેણે આબુ પર્વત ઉપર દેલવાડામાં ચૈત્ય બંધાવ્યું તે માંહેલા લેખમાં માતાજીની સ્તુતિ તેણે નીચે પ્રમાણે કરેલી છેઃ—

"૯. સતી અંબિકા! તારા પત્ર સરખા હાથ અશોક ઝાડના પુષ્પ "જેવા લાલ છે, તું જે સુંદર તેજવાન જણાયછે, અને કેશરીસિંહના "રથમાં બેસેછે; તું જે બે બાલક તારા ખોલામાં બેસારેછે એવા સ્વરૂ- "પથી તું સદ્ગુણી પુરૂષોનાં દુઃખનો નાશ કર!"

"૧૦. ડાહી અંબિકાએ રાત્રની વેળાએ એક સમયે ત્યાંના અધિપ- "તિને આજ્ઞા કરી કે, આ પર્વત ઉપર શુદ્ધ જગ્યા છે માટે તું યુગા- "દિનાથનું સારૂં દેરાસર બંધાવ."

---

"કરતાં તેના પાડોશી આવી બાબતથી માહીતગાર હતા તેને જઈને બોલાવી "લાવી. તેઓએ જોઇને કહ્યું કે આ તો મુલ્યવાન હીરા છે. તે ઉપરથી પેલી "દઇયણ જ્યાં કોયલા કાહાડી નાંખ્યા હતા ત્યાં દોડી ગઈ પણ ત્યાં કાંઈ જો- "વામાં આવ્યું નહિ." "ફિટલી ફૂત ફેરી મૈથાલાજી," થાન્સનાર્ધન "મૈથાલાજી." ઈત્યાદિ ઉપરથી.

"૧૧. શ્રી વિક્રમાદિત્યની વેળાથી એક હજાર ઇઠ્ઠાશી વર્ષાકાળ
"ઈ૦ સ૦ ૧૦૩૨ ) ગુજરયા ત્યારે શ્રી વિમળદેવે અર્બુદની સ્તૂપ ઉપર
"શ્રી આદિદેવનું ચૈત્ય બંધાવ્યું. તેને હું વંદું છું.

કુંભારિયામાં નેમીનાથનું ચૈત્ય છે, તેમાં વધારે પાસેની વેળાનો લેખ સંવત્ ૧૩૦૫ ( ઈ૦ સ૦ ૧૨૪૯) નો છે, તેમાં કુમારપાળ સોલંકીના પ્રધાને ચાહડના પુત્ર બ્રહ્મદેવે દેરાસર બંધાવ્યાવિષેની વધારે * સૂચના લખેલી છે, તેમાં લખ્યું છે કે, "પાદપરા ગામમાં ઉંદરવસાઈકા નામનું "તેણે ચૈત્ય બંધાવ્યું છે."

પાસે એક પાળિયો છે તેના ઉપર એક બીજો જાણવા જેવો લેખસંવત્ ૧૨૫૬ ( ઈ૦ સ૦ ૧૨૦૦ ) ની સાલનો છે, તેમાં લખ્યું છે કે, "શ્રી
"ધારાવર્ષ, અર્બુદનો ધણી, અને જેઓના ઉપર સૂર્ય પ્રકાશે છે એવા
"સર્વ મંડલિકોનો કંટક, તેણે આ આરાસનાપુરમાં વાવ્ બંધાવી."

આ પ્રમાણે તેઓની કુલદેવી માતાના દેવલ વિષેની વિગત આપ્યા પછી દાંતા અને તરસંગમાના રાણા વાઘ પરમારના વંશ વિષે લખિયે છિયે.

વિક્રમથકી ચાળીસમો રવપાળજી પરમાર થયો. તે દ્વારકાની યાત્રાએ ગયો, ત્યાંથી વળતાં કચ્છ આવ્યો. તેને એવો નિયમ હતો કે માતા અંબિકાની પૂજા કરયાવિના ખાવું પીવું નહિ, આ ઉપરથી માતા તેના ઉપર પ્રસન્ન થયાં, અને દર્શણ દઇને કહ્યું કે તારે જે જોઇયે તે મારીપાસેથી માગી લે, હું આપવાને તૈયાર છું. તેણે માગ્યું કે હું નગરઠઠ્ઠામાં રાજધાની કરીને સિંધ ઉપર રાજ કરૂં એવું આપો, તે માતાએ તેને આપ્યું; પછી તેણે નગરઠઠ્ઠા, બામણવા અને બેલા એ ત્રણ ઠેકાણે રાજ સ્થાપ્યું રવપાળજીની પછી બારમો દામોજી થયો તેને કુંવર નહતો, તેથી અંબાજીની બાધા રાખી. માતાએ પોતાની આંગળીમાંથી લોહી કાહાડીને અને પોતાના શરીર ઉપરના મેલ સાથે મેળવીને એક કુંવર ઉત્પન્ન કરીને તેનું નામ જશરાજ પાડવાની આજ્ઞા કરી. વળી માતા બોલ્યાં કે, મારા દેવાલયનું રક્ષણ કરવા માટે મેં એને ઉત્પન્ન કરયો છે. દામાજીના વારામાં

---

૧ અથવા ઉંદરનું દેરાસર. પ્રબંધ ચિંતામણીમાં લખ્યું છે કે કુમારપાળે ઉંદરના રૂપિયા લઇને તેને હરકત કરી હતી તે ઉપરથી તેણે આ દેરાસર બંધાવ્યું હતું. જૂઓ પૃષ્ટ ૨૪૭-૪૮.

નગરઠઠ્ઠા ઉપર મુસલમાનોએ હલ્લો કરયો, તેમાં નવ વર્ષ સુધી લડાઈ થયા પછી નગર તેમને સ્વાધીન થયું, અને રાજા દામોજી મારયો ગયો. તોપણ ત્યાર પછી જશરાજે લડાઈ ચાલુ કરીને નગર પાછું હાથ કરી લીધું.

રાજા જશરાજ પણ અંબાજીનો ખરેખરો ભક્ત હતો અને તેને માતા પાસેથી બહુ આશ્રય મળતો હતો. એના રાજ્યમાં મુસલમાનો ફરીને ચડી આવ્યા, અને પશુનાં હાડકાંવડે કૂવા બાંધીને અને બીજાં એવાં અપવિત્ર કામ કરીને ધરતી એવી અપવિત્ર કરી નાંખી કે અંબાજીનું ત્યાંથી મન ઉઠયું અને રાજા જશરાજને કહ્યું, "અહિયાં વધારે વાર રેહેવાની મારી ઈચ્છા નથી; હું આરાસુર મારે ઠેકાણે જઇશ" રાજા બોલ્યો, "હું તમારો દાસ છું તેથી તમે જ્યાં જશો ત્યાં તમારી પછવાડે હું આવીશ." તેની આવી પ્રાર્થના સાંભળીને માતાએ કહ્યું, "બહુ સારૂં તું મારી સાથે ચાલ, અને હું તને ત્યાંનું રાજ્ય આપીશ." એ પ્રમાણે કહીને માતા અલોપ થઈ ગયાં. ત્યાર પછી જશરાજને મુસલમાનો સાથે ફરીને લડાઈ થઈ તેમાં તેણે નગરઠઠ્ઠા ખોયું, એટલે પોતાનું કુટુંબ લઇ તે આરાસુરમાં માતાજી પાસે ગયો. અંબાજિયે પોતાની અશ્વારીનો વાઘ તેને આપીને કહ્યું, "આ વાઘ ઉપર તું બેશીને જેટલો ચક્રાવો ખાઇશ તે માંહેલો તેટલો "દેશ તારે સ્વાધીન થશે" રાજાએ તે પ્રમાણે કર્યું. અને સાતસેં ને સાઠ ગામ પછવાડે ફરી વળ્યો. દક્ષિણમાં દાંતરપટો એટલે ખેરાળુ; ઇશાન કોણમાં કોટડા; પૂર્વમાં દેરોલ; ઉત્તરમાં ભારજીની વાવ શિરોઇ જીલ્લામાં છે ત્યાં સુધીનો દેશ; અગ્નિકોણમાં ગઢવાડા; અને વાયવ્ય કોણમાં હાથીદરા ગામ સુધી તેને તાબે થયું. ભંડારાના ડુંગરને લોકો હવણાં ગબ્બર કેહેછે ત્યાંથી તેને દાટેલું ધન મળ્યું, તેની વડે તેણે લશ્કર એકઠું કર્યું અને પોતાના બાપનું વૈર લેવા સારૂ નગરઠઠ્ઠે ગયો. જશરાજે ઘણા મુસલમાનોને નગર બાહાર હાકી મૂકયા અને ઘણાને ઠેર કરયા; તે દેશમાં મરતા સુધી રહ્યો પણ ત્યાં લગણ તેનો કુંવર માતાજી પાસે ગબ્બરગઢમાં હતો.

જશરાજનો કુંવર કેદારસિંહ અથવા કેશરીસિંહ હતો તેણે તરસિંગિયો ભીલ જે તરસંગમામાં રાજ્ય કરતો હતો તેની સાથે લડીને તેને ઠેર કરયો અને પોતાની ગાદી ગબ્બરગઢ હતી ત્યાંથી ફેરવીને તરસંગમામાં

કરી. કેદારસિંહનો કુંવર જશપાળ અથવા કુળપાળ કરીને હતો. તેણે રોહીડા ગામમાં મ્હોટો યજ્ઞ કરવા માંડયો, પણ તેમાં તે નિષ્ફળ ગયો, અને જે બ્રાહ્મણને ક્રિયા કરાવવાને ઠરાવ્યો હતો તેને એટલો બધો ક્રોધ ચડયો, કે તેણે અગ્નિકુંડમાં પડતું મૂકયું અને શાપ દીધો કે તારા કુળમાં સર્વ પાછળ બુધિયા થશે અને આવેલો લાગ ખોઇને પછવાડેથી પસ્તાશે.[1] પછી કેટલીએક પેહેડિયો થયા પછી, રાણા જગતપાળની વેળામાં અલાઉદ્દીન ખુનિયે તરસંગમા લીધું, ત્યારે રાણો માતાજીનો આશ્રય મેળવવાને સ્તુતિ કરવા લાગ્યો, તેને માતાજિયે ફરીને બીજે દિવસે લડવાનું કહ્યું, તે પ્રમાણે તે લડયો, અને તરસંગમા પાછું લઇ લીધું જગતપાળથી છઠ્ઠો કાનડદેવ થયો, તેના ભાઇ આંબાજિયે કોટડા પટો લઇ લીધો. કાનડદેવને બે રાણિયો હતી; તેમાંથી હળવદનાં ઝાલીજી રામકુંવરીને દોતર અથવા ખેરાળાનો પટો જીવાઇમાં આપ્યો હતો. રાણી પોતાના કુંવર મેઘજી સહિત ત્યાં રેહેતી હતી. તેણે ખેરાળાનો ઉગમણો દરવાજો બંધાવ્યો હતો, તે આજ લગી ઝાલીજીનો દરવાજો કેહેવાયછે. એવિના તેણે વાવ્‌ને તલાવ બંધાવ્યાં છે. બીજી રાણી રતનકુંવરી ઉદયપુરની સિસોદણી હતી, તેણે રોહીલપુરપટ્ટણ વસાવ્યું તે હવણાં રોહીડા કેહેવાયછે. રાણો ત્રીજી વાર પરણવાને ઉદયપુર ગયો હતો ત્યાંથી લાલકુંવરી સિસોદણીને પરણીને આવતાં રસ્તામાં તેનો ભાઇ આંબોજી કોટડામાં હતો તે સર્વને પોતાને ત્યાં રાખવાને આગ્રહ કરવા લાગ્યો, પણ કાનડદેવની ત્યાં રેહેવાની મરજી ન હતી. ત્યારે આંબોજી નમ્રતાથી રાણી લાલકુંવરીને કેહેવા લાગ્યા કે "પટા માટે અમારે બંને ભાઇયોને કજિયો થયો છે, તે તમે અહિયાં આવ્યાં છો ત્યારે પતાવી નહિ દ્યો તો પછી કોણ પતાવશે." રાણિયે પછી પોતાના ધણીને સમજાવ્યો, એટલે ત્યાં રેહેવાનો ઠરાવ થયો, જ્યારે જમવાની વેળા થઈ ત્યારે બંને ભાઇ જમવાને સંધાથે બેઠા. તેમાં આંબોજી એકાએક ઉઠયો અને કાનડદેવના માથા ઉપર તરવારનો ઘા કરીને મેડા ઉપર ચડી ગયો. કાનડદેવ તેની પછવાડે દોડયો અને તેનું પેહેરેલું લૂગડું ઝાલીને પકડી પાડી પોતાની કટારી વતે એકવીસ

---

૧ આ વાત ઉપર હાલનો રાણો જાલમસિંહ એમ કેહેછે કે, "હા ખરી વાત, એ શાપ મારા કાકા જગતસિંહના વારા સુધી ચાલ્યો."

ઘા કરયા તેથી તે મરણ પામ્યો. આ પ્રમાણે બંને ભાઈ મરાયા, નવી પરણી આણેલી રાણી તેજ ઠેકાણે સતી થઈ. તેના ઉપર બાંધેલી છત્રી આજે પણ છે, ઝાલી રાણી જે હુલવદ પોતાને પિયર હતી તે ત્યાં સતી થઇ.

જ્યારે રાણો કાનડદેવ ઉદયપુર પરણવાને ગયો ત્યારે મેઘજી તથા વાઘજી નામના પોતાના બે કુંવરોને તેમને મોશાળ હળવદ મૂકયા હતા, અને પોતાના ખવાસ મારૂરાવતને તરસંગમુ સોપ્યું હતું. ઈડરનો રાવ ભાણ, આંબાજીની દીકરી વેરે પરણ્યો હતો, તેણે બન ભાઈના મરણ વિષેના સમાચાર સાંભળ્યા એટલે ફોજ એકઠી કરીને તરસંગમા ઉપર ચડાઈ કરી અને તે કબજે કરી લઇને ત્યાં થાણું બેસાર્યું તથા મારૂ રાવતને કેદ પકડીને રાવના મેહેલની સાંમે કેદખાનું છે તેમાં તેને પૂરી મૂકયો. પછી રાવ સામી બારિયે બેશીને નિત્યે તેને લાગે એવાં વચન કહીને ચીડાવા લાગ્યો ત્યારે ખવાસે કહ્યું કે, "રાવ! કુંવર ન્હાના છે તેથી તમે તે-
"મનો દેશ દબાવી પડ્યા છો, એમ ધારશો નહિ કે એમને આશ્રય આપ-
"નારૂં કોઇ નથી. વાઘ સરખો પણ પાંજરે પડયો હોયછે ત્યારે કશું કરી
"શકતો નથી; પણ જો તમે મને એક વાર છોડો તો હું આ તમારા મેહેલ
"ખોદાવીને રોહીડાની હરણાવ નદીમાં નંખાવું." આવા બોલ સાંભળીને રાવને ક્રોધ ચડયો, અને થાણાવાળાને કેહેવા લાગ્યો કે, "એ કૂતરાને કાહાડી મૂકચ" પણ રાવજીની રાણી આંબાજીની દીકરી થતી હતી તે મારૂરાવતના પરાક્રમ કરેલાં જાણતી હતી તેથી તેણે તેને છોડી મૂકવા દીધો નહિ. બીજે દિવસે જ્યારે તે રાણી ત્યાં હતી નહિ ત્યારે રાવે તેને છોડી મૂકાવ્યો. તે કળનાથ મહાદેવમાં બે દિવસ રહ્યો અને ત્યારપછી હળવદ ગયો, અને તલાવને કિનારે બેઠો, એવામાં રાણી ઝાલીજીના તાબાની એક વડારણ ત્યાં પાણી ભરવાને આવી તેને પોતાના સમાચાર કહ્યા તે ઉપરથી રાજાને જાણ થઈ એટલે તેને ઘેર બોલાવી આણ્યો, અને પછી તરતજ બે કુંવરને લઇને નાણાની એક મ્હોટી રકમ સાથે રાખીને અમદાવાદ ગયો. ત્યાં મારૂ પ્રધાનને મળ્યો અને તેની સાથે બંદોબસ્ત કરી રાખ્યો; અને કુંવરોને માથે મૂકી તેમના ઉપર બળતી તાપણી મૂકીને પાદશાહની પાસે લઈ ગયો. તે જોઇને પાદશાહ બોલ્યો કે, કુંવરો દાઝી મરશે, એમને હેઠે ઉતારો. ત્યારે કુંવર બોલ્યા કે, "ઈડરવાળે અમારી ધરતી લઈ લીધી છે, અને આ તો પાદશાહની ધરતી છે, અમારે રેહેવા જેટલી ધ-

રતી રહી નથી" ત્યારે પાદશાહે કહ્યું કે, હિંમત રાખો. અને નીચે ઉતરો. પછી તેમણે પોતાની સર્વ વાત પાદશાહને કહી એટલે ઈડર ઉપર તેમની સાથે ફોજ મોકલવાને રાજી થયો અને નજરાણાના રૂપિયા એક લાખ લેવાના ઠરાવ્યા. લશ્કર આગળ ચાલ્યું અને ઈડર આગળ પડ્યું. રાવ ભાણે તેના સરદારને કાહાવ્યું કે, "તરસંગમાવાળાએ તમને જે આપવાનું પચડું હશે તે હું આપીશ માટે તમે તમારૂં લશ્કર પાછું લઈ જાઓ." પણ સરદારે કહ્યું કે, "મારે તો પાદશાહના હુકમ પ્રમાણે કરવું જોઈયે." આવું સાંભળીને રાવ ભાણ પોતાના કુટુંબ સહિત નાશી ગયો, અને લશ્કરે ઈડર માર્યું અને રાવનો મેહેલ જમીન બરાબર કરી નાંખ્યો. મારૂ રાવતે કહ્યું કે "આ મેહેલનો એકેકો ઇંટાળો લઇને જે "હરણાવ નદી આગળ લઈ જઇને નાંખશે તેને એકેકી મોહોર આ- "પીશ." તે ઉપરથી ઘણા સિપાઇયોએ એકેકો પત્થર લઇ જઇને હરણાવ આગળ ઢગલો કરયો તેનું સામળાજીનું દેવાલય બંધાવ્યું તે ગઢાગામ આગળ નદીને કિનારે છે. ત્યાંથી લશ્કર તરસંગમે ગયું એટલે ઈડરનું થાણું તે જગ્યા છોડીને નાશી ગયું. તે પછી સારૂં આગાહ કરીને કુંવરોને સ્વાધીન કર્યું. એટલે લશ્કરના સરદારે મારૂ રાવતને કહ્યું કે, "હવે મને પચડેલાં નાણાં આપો." ત્યારે મારૂ રાવત કેહે કે, "મારી પાસે અહિ રૂપિયા નથી, પણ મારો ભંડાર સુવાસણાના ડુંગરામાં છે, માટે તમે ત્યાં આવો તો આપું." એમ કહીને કુંવરને માતાજીને આશરે મૂકીને લશ્કરની સાથે ચાલ્યો. તેણે ફોજને વરશંઘ તલાવની પાળે ઉતારી. આ તલાવ ગઢવાડામાં ટીંબા અને ભાટવાશની વચ્ચે છે. પછી તેણે કહ્યું કે, "હું જઇને ખજાનો ઉઘડાવીને રૂપિયા લઇ આવુંછું." એમ કહીને તે સુવાસણાના ડુંગરામાં સંતાઈ પેઠો. પછી ફોજવાળાએ એક બે દિવસ વાટ જોઈ, પણ તે આવ્યો નહિ એટલે તેનો શોધ કરવા માંડ્યો, તથાપિ તેનો પત્તો લાગ્યો નહિ. છેવટે તેણે ફોજના સરદારને કાહાવ્યું કે, "જો તમે બાંહ્યધરી આપો તો આવીને તમારૂં પતાવી જાઉં." પછી બાંહ્યધરી આપી એટલે રાવત છાવણીમાં આવ્યો અને બોલ્યો, "મારી પાસે પૈસો તો નથી પણ આ ખેરાળુ પરગણું છે તે હું પાદશાહને "ઘેર ઘરાણે મૂકુંછું, તે જ્યારે મને રૂપિયા મળશે ત્યારે પરગણું છોડાવી

"જઈશ." એમ કહીને તેણે ખેરાળુ પરગણું લખી આપ્યું પણ કેટલાએક ગામોમાં વાંટા રાખ્યા.

આશકરણજી રાણાની વેળામાં અકબરનો એક શાહજાદો કાંઇ વાંક કરીને દિલ્હીથી નાશી આવ્યો. તે ઉદયપુર, જયપુર અને રાજવાડાની (રજપૂતાનાની) બીજી કેટલીએક જગ્યાએ ગયો પણ કોઇએ તેને પોતાના રક્ષણ નીચે રાખ્યો નહિ. છેવટે તે તરસંગમે આવ્યો. આશકરણજિયે તેને રાખ્યો, તે ત્યાં રહ્યો અને તેણે કાલવાણ નામના ડુંગરા ઉપર કિલ્લો બાંધ્યો. આ જગ્યા તરસંગમાથી આશરે ત્રણ મૈલને છેટે છે. એક દિવસે શાહજાદો બહુ ખુશી થયો ત્યારે રાણાને પોતાની વીંટી આપવા લાગ્યો, તે વીંટી ઘણી મૂલ્યવાન હતી અને તેમાં ઊંચો હીરો જડેલો હતો; પણ રાણાએ કહ્યું કે, "હું એ હવણાં નહિ લઉં પણ જ્યારે તમારી "તકરાર પતી રેહેશે અને તમે જ્યારે સલાહ સંપમાં જશો ત્યારે તમે "જે મને આપશો તે હું લઇશ." તેના એક માણસે તેને કહ્યું કે એ શાહજાદો સ્થિર મનનો નથી માટે તમે વીંટી લીધી નહિ ને આવેલો લાગ જવા દીધો તે ઠીક કર્યું નહિ. આ વાત સાંભળીને રાણાને પોતાના કુળ ઉપર થયેલા શાપની વાત યાદ આવી કે તરસંગમાના રાણા પાછળ-બુધિયા છે. બીજે દિવસે તે શાહજાદા પાસે ગયો, અને બોલ્યો કે, "આપ જે વીંટી કાલે મને આપતા હતા તે આજે આપશો?" પણ શાહજાદે ઉત્તર આપ્યું કે, "હું જ્યારે જઇશ ત્યારે તમને આપતો જઈશ." આ પ્રમાણે કહ્યું તો ખરૂં પણ તે આપ્યાવિના પશ્ચિમભણી ગયો, ત્યાં ભૂજના રાવ ભારમલ્લજીએ તેને પકડીને દિલ્હી પોહોંચતો કરયો; આ ચાકરી ઉપરથી રાવ ભારમલ્લજીને મોરબી પરગણું મળ્યું.[૧] પછીથી જ્યારે પાદશાહ અને શાહજાદાને સલાહ થઇ ત્યારે, પાદશાહે તેને પૂછ્યું કે તને કોણે કોણે શરણે રાખ્યો. તેણે કહ્યું તરસંગમાના આશકરણજિયે મને રાખીને મારી બહુ ચાકરી કરી. તે સાંભળીને પાદશાહે આશકરણજીને શરપાવ મોકલીને મહારાણાની પદવિ આપી. શાહજાદાએ પણ પેલી વીંટી મોકલી દીધી, તેમાં ઘણો મૂલ્યવાન હીરો જડેલો હતો. આશકરણ-

૧ પૃષ્ઠ ૬૫૨–૫૩ મેં જે વાત લખી છે તેનો આ એક ભૂલ ભરેલો સંબંધ છે. તે પ્રમાણે તો શાહજાદો એટલે અમદાવાદનો ત્રીજો સુલતાન મુઝફ્ફર હોવો જોઈયે.

જીને ત્રણ કુંવર હતા—વાઘ. જાયમલ, અને પ્રતાપસિંહ.

રાણા વાઘની વખતમાં ઈડરના રાવ કલ્યાણમલની રાણી ભાણવંતી ઉદયપુરના રાણાની કુંવરી, અને ચિંતયામતી જાડેજી ભૂજના રાવની કુંવરી હતી તે બંને રાણિયો દર સોમવારે મહાદેવની પૂજા કરવા સારૂં બ્રહ્મખેડમાં આવતી હતી.[1] તે જગ્યા ભૃગુ ક્ષેત્ર કેહેવાયછે ત્યાં આગળ હરણાવ નદી વેહેછે ત્યાં સુધી રાણો વાઘ પોતાના સીમાડાનો દાવો રાખતો હતો, તેની કેહેવત ચાલેછે જે, .

" હું રાણો વાઘ, મારો હરણાવ સુધી ભાગ."

રાણા વાઘને કોઇયે કહ્યું હતું કે, ઈડરના રાવની રાણિયો બહુ સુંદર છે, અને તે ઉપરથી તેમને જોવાનો તેણે નિશ્ચય કરયો હતો. તે એક સોમવારે ભૃગુ ક્ષેત્રમાં બ્રાહ્મણનો વેશ લઇને ગયો. રાણિયોએ મહાદેવની પૂજા કરીને બ્રાહ્મણોને કપાળે ચાંદલા કરીને દક્ષિણા આપવા માંડી. તેમાં રાણા વાઘને પણ ચાંદલો કરીને દક્ષિણા આપવા માંડી પણ તેણે લીધી નહિ ત્યારે તેને પૂછ્યું કે તમે શા માટે લેતા નથી ? તેણે કહ્યું કે, મેં કાશિયે જઇને નિયમ લીધો છે જે કોઈની દક્ષિણા લેવી નહિ. પછી રાણિયો ગઇ, અને રાણો પણ પાછો ગયો, તથાપિ રાવ કલ્યાણમલના જાણવામાં આવ્યું. પછી રાવે રાણા વાઘેલાના ભાઈ જાયમલ સાથે મિત્રાઈ કરીને તેને ઇડરમાં રાખ્યો. વેગરણો જમાદાર જે નાગર બ્રાહ્મણ હતો અને વટલીને મુસલમાન થયો હતો તેને ને પાદશાહને કજિયો થયો એટલે અમદાવાદ છોડીને ઇડર આવ્યો તેને પણ રાવે રાખ્યો. રાવે આ જમાદારને કહ્યું કે જો તું મને રાણા વાઘને પકડીને આપે તો હું તને વડાલી ગામ આપું. વેગરણાએ વડાલિયે જઇને તે પોતાને સ્વાધીન લીધી અને રાણા વાઘ સાથે સારી પેઠે મિત્રાઈ કરી. એક સમયે રાણા વાઘને સાબ્રમતીના લાંકને આરે જમાદારે કસુંબો પીવાને બોલાવ્યો. રાણાજીનો ઉમરાવ મંજી વાછાવત જે દીવડીનો ઠાકોર હતો તેના મનમાં આવ્યું કે આજે રાણોજી એકલા જાયછે તે નક્કી કેદ પકડાશે એમ જાણીને તેણે જવાની ના કહી, પણ રાણાજીના કુળને ઋષિનો શાપ હતો તેથી આગળ મતિ ઉપજી નહિ. તે ઉપરથી તેણે જવાને હઠ લીધી એટલુંજ નહિ,

[1] અહિંયાં જે વર્ણન આપ્યું છે તે દાંતાની વાત પ્રમાણે આપ્યું છે, અને પૃષ્ટ ૬૮૯ મે આપ્યું છે તે ઈડરની વાત પ્રમાણે છે.

પણ મંજી વાછાવતને પોતાની સાથે આવવાની પણ ના કહી. પણ ઠાકોરના મનમાં એટલી બધી બીક ભરાઈ ગઈ હતી કે છેટે છેટે તે તેની પછવાડે ગયો. રાણો વાઘ લાંકને આરે જઈ પોહોંચ્યો અને વેગરણાની સાથે રાવણું કરીને દારૂ પીધો; ત્યાર પછી વેગરણાના માણસોએ તેને ઝાલી લીધો; એક તેનો ચાકર મરાયો ને એક નાશી ગયો. મંજી ઠાકોર મૂકાવાને આવી પોહોંચ્યો, અને તેણે પોતાના ભાલાવડે એક બે માણસોને મારી નાંખ્યા, પણ પછીથી તે મરાયો. જમાદારે રાણાને વડાલી લઈ જઇને કેદ કરયા, અને રાવને લખી મોકલ્યું કે, મેં રાણા વાઘને પકડ્યો છે માટે તમે એમના ભાઈ જાયમલને કેદ કરજો. એ પત્ર રાવ પાસે આવ્યો તે સમયે જાયમલ સાથે રાવ મેડા ઉપર સોગઠાં રમતા હતા અને નીચે નીસરણી આગળ એક રજપૂત નામે સાલુભૂત કરીને ચાંપા તથા ખાપરેટાનો ઠાકોર બેઠો હતો. કાશદે તેને જઇને કહ્યું જે રાવજી ક્યાં છે ? હું વડાલીથી કાગળ લઈ આવ્યો છું. ઠાકોરે પૂછ્યું કે કાગળ શા વિષેનો છે ? મને કેહેવાને તારે ડરવું નહિ, હું રાવનો ચાકર છું. કાશદે કહ્યું કે રાણા વાઘને પકડીને કેદ કરયાનો કાગળ છે. એટલે સાલુભૂતે કહ્યું કે રાવજી પોડયા છે માટે તું અહિયાં બેશ, હું જઇને જોઈ આવું, જો એ જાગતા હશે તો હું તને બોલાવીશ. પણ જો ઉંઘ્યા હશે અને તું ઉતાવળો બોલીને જગાડીશ તો તારા ઉપર કોપશે. એમ કહીને તેને બેસારયો, અને ઉપર જઇને રાવની પછવાડે અને જાયમલ દેખે એમ ઉભા રહીને તેને ઈશારત કરી કે રાવ તમારૂં માથું કાપી નાંખશે; પણ જાયમલના સમજવામાં આવ્યું નહિ ત્યારે ઠાકોરે નીચે આવવાની તેને ઈશારત કરી. ત્યારે જાયમલ સમજ્યો અને કંઇ સબબ બતાવી નીચે ગયો. સાલુભૂતે સર્વે વાત કહી એટલે તે પોતાને ઉતારે જઇને ઘોડે ચડીને ઉત્તર દિશા ભણી બાલેશી (મઉ) જતો રહ્યો. તેણે પચીસ મૈલ સુધી લાગટ, ઘોડાને દોડાવ્યો તેથી તે આકોડિયા ગામની ભાગોલે, પોહોંચ્યો ત્યારે ઘોડો ફાટી પડ્યો. જાયમલ ત્યાંથી પગે ચાલીને ગામમાં ગયો અને વરજાંગ બાડુવા ચારણના ઘરમાં સંતાયો. વરજાંગના દીકરા સદુજિયે પૂછ્યુ કે તમે કોણ છો ! અને તમારી હકીકત શી છે ? તે ઉપરથી જાયમલજી બોલ્યો કે રાવનાં માણુસ મારી પછવાડે પડ્યાં છે, માટે મને

રાખી શકો તો રાખો નહિ તો કહિં દૂર પોહોંચાડો. ત્યારે ચારણે કહ્યું કે મારા માથા સાટે હું રાખીશ, પણ હું મરીશ ત્યાં સુધી રાવ તમને છોડશે નહિ. માટે આ બે ઘોડિયોમાંથી તમને જે સારી લાગે તે લઇને નાશી જાઓ; અને જ્યારે તમારો ગ્રાસ વળે ત્યારે મારી ખબર લેજો પછી જાયમલ કેશર નામની ઘોડી લઇને નાઠો તે હેમ ક્ષેમ ખેરાળે પોહોંચ્યો.

હવે રાવને કાશદ પાસેથી કાગળ મળ્યો એટલે તે વાંચીને જાયમલ પછવાડે માણસ મોકલ્યાં તે જ્યારે આકોડિયે આવી પોહોંચ્યાં ત્યારે મરેલો ઘોડો જોઇને તેમને ખાતરી થઇ કે એ નાશીને આ ગામમાં ભરાયો છે. તેઓ ચારણને ઘેર ગયા અને અમારો ચોર આપો એમ કહીને બૂમરાણ કરવા લાગ્યા. ત્યારે ચારણે કહ્યું કે તે મને ઠગીને મારી ઘોડી લઇને નાશી ગયો છે. તે કોણ છે તે પણ હું જાણતો નથી. પછી તેઓ તેની પછવાડે વીસ પચીસ મૈલ ગયા અને ત્યાંથી પાછા ઇડર આવ્યા. જાયમલે ખેરાલા પરગણામાં માણસો એકઠાં કરયાં અને તરસંગમે જઇને તે કબજે કરી લીધું અને ત્યાં સામાન એકઠો કરવા માંડયો. એટલામાં રાવ કલ્યાણમલ ફોજ લઇને ત્યાં આવ્યો. ત્યાં લડાઈ થઇ પણ રાવનું કંઈ ચાલ્યું નહિ એટલે તે ઈડર પાછો જતો રહ્યો. રાવની સાથે કજિયો ઘણા દિવસ લગી ચાલ્યો. રાણાની ચાકરીમાં મેહેપો અને રાજધર કરીને બે ભાઈ મહાવડના ઠાકોર હતા અને વજાશણાનો કોળી ઠાકોર દેપો કરીને હતો તેની પાસે એંશી માણસ હતાં. આ દેપાએ ઇડર ઉપર હલ્લો કરવાને રજા માગી, તે તેને મળી એટલે પોતાના માણસને ઇડરવાડાના ન્હાના ન્હાના ગામમાં મૂકીને બે ત્રણ માણસ લઇને પોતે ઇડર ભણી ચાલ્યો, ત્યાં રાવના દરબારમાં ભવાયા રમતા હતા, ત્યાં ઠાકોર ગયો, અને બીજા જોવા બેઠા હતા તેમાં તે પણ ભળી ગયો; પછી રાવનો ભાઈ કેશવદાસ ત્યાં જોવાને આવ્યો હતો તેને ઓળખી રાખ્યો. આ કેશવદાસની દીકરી રાણા વાઘ ઉપર ગોખેથી કાંકરિયો મારતી હતી ત્યારે રાણો રોવા જેવો શબ્દ કરે તે ઉપરથી રમનારા ને જોનારા સર્વે હસે. આવો મામલો જોઈ રાણા વાઘે કહ્યું કે, "જ્યાં સુધી મારો કોઈ વારસ આ છોકરીને રડાવશે નહિ ત્યાં સુધી મારો જીવ ગતે જવાનો નથી," રાણાને આવા દુઃખમાં જોઇને દેપા ઠાકોરને ઘણું માઠું લાગ્યું, હવે જ્યારે

રમત પૂરી થઈ રહી અને કોઈ આપે તે લેવાને થાળી ફેરવી ત્યારે દેપાએ પોતાના હાથમાંથી 'કડું કાહાડીને તેમાં નાંખ્યું ત્યારે ભવાયે કહ્યું કે આ કોણ આપેછે, અમે કોના વખાણ કરિયે ? પણ દેપાએ કંઈ કહ્યું નહિ. ત્યારે પાસે ઉભા હતા તેઓએ કહ્યું કે કોઈ દારૂ પીધેલાએ આપ્યું હશે. તમને પરમેશ્વરે આપ્યું તો તમારે પૂછપરછ કરવાનું શું કારણ છે. પછીથી તેમણે ફરીથી તાસક ફેરવી ત્યારે ઠાકોરે બીજું કડું નાંખ્યું. આ વેળાએ અર્ધીરાત ગઈ હતી તેવામાં રાવના ભાઈ કેશવદાસ બાહાર ગયા. દેપો તેની પછવાડે ગયો અને મશાલચીના હાથ ઉપર ઝટકો મારીને મશાલ પાડી નાંખી. પછી કેશવદાસનું માથું કાપી લઇને તે નાશી ગયો. ત્યાં બુમ પડી કે રાવના ભાઈ મરાયા ! તે વખતે પેલી છોકરિયે રડવા માંડયું અને છાતી કૂટવા માંડી, અને રાણા વાઘે આ વાત જ્યારે સાંભળી ત્યારે તરતજ પોતાને હાથે મરણ પામ્યો. જ્યાં લગી રાણો જીવતો હતો ત્યાં લગી રાવ નિત્યનિત્ય તેને કેહેતો કે જો થોડાં ગામ તું મને લખી આપે તો હું તને છોડું; પણ રાણો તે વાત માન્ય કરતો નહિ અને માત્ર એટલુંજ ઉત્તર આપતો કે,

"હું રાણો વાઘ મારો હરણાવ સુધી ભાગ."

હવે જ્યારે દેપો પોતાની મેળે નકળો થયો ત્યારે પોતાનાં માણસો સાથે સંતલશ કરી રાખી અને તે પ્રમાણે એક ડુંગર સળગાવ્યો એટલે તેનાં માણસ જે જૂદે જૂદે ઠેકાણે મૂક્યાં હતાં તેમણે તે તે ગામમાં આગ મૂકી.

પછીથી દેપો તરસંગમે આવ્યો અને જાયમલને રામ રામ કરીને કહ્યું જે અંબાજિયે મારી લાજ રાખી. જાયમલે તેને ભીમાલ ગામ આપ્યું. તે દેપાના વંશના હજી લગણ વજાસણામાં ખેતી કરેછે. રાણા જગતસિંહે તેના વંશજ પાસેથી ભીમાલ ગામ પાછું લીધું અને તેનો ચોથો ભાગ આપવાનો ઠરાવ્યો તે આજ લગી તેઓ ખાયછે.

રાવે ચારણ બાહુવા સદુજીને બોલાવીને કહ્યું જે મારા ચોરને તેં બચાવ્યો માટે તારે મારા દેશમાં રેહેવું નહિ. જ્યારે રાણા જાયમલે આ વાત સાંભળી ત્યારે તેને તરસંગમે તેડાવીને પાણિયાલી ગામ આપ્યું અને પોતાનો દસોંદી સ્થાપીને પોતાની પાસે રાખ્યો.[1]

---

૧ જે ચારણ પાસેથી આ વૃત્તાંત મળ્યો છે તે ચારણ સદુજીના વંશનો છે તેને પાણિયાલી ગામનો સોળમો ભાગ મળેછે.

રાણા જાયમલની ચાકરીમાં મેહેપો અને રાજધર એ બે ગઢિયા હતા, તેઓ થોડાક દિવસની રજા લઇને પોતાને ઘેર ગયા. રસ્તે જતાં ગોઢડા ગામને પાદર નદી ઉપર ઉતરયા, તેવામાં એક રબારી બકરાં લઇને આવ્યો તેને તેઓએ પૂછ્યું કે, આ બકરાં કેનાં છે? ત્યારે તેણે જવાબ દીધો કે, રાણાજીનાં છે. પછી ગઢિયાએ કહ્યું કે અમે પણ રાણાજીના છિયે માટે અમને એક બકરૂં આપ. રબારિયે બકરૂં આપ્યું નહિ એટલે જોરાવરિયે લઇને માર્યું. પછી તેણે તરસંગમે જઇને રાણાને ફરિયાદ કરી કે, ના કહી છતાં ગઢિયાયે, જબરાઈથી એક બકરૂં લઈને મારી નાંખ્યું. તે વાત રાણાએ સાંભળીને કહ્યું કે, એ લોકો બહુ ઉન્મત્ત થયા છે માટે તેમને હવેથી જોઇ લઇશું. તેમના કોઈ મિત્રે આ વાત તેમને જણાવી અને લખ્યું કે બરાબર તપાસ કરયા વિના જો તમે પાછા આવશો તો તમને મારી નાંખશે. પછી તે ગઢિયા છ મહિના સુધી ઘેર બેશી રહ્યા, ત્યારે રાણાએ તેમને તેડું મોકલ્યું, તેઓએ કહ્યું કે, રાણાનો અમને વિશ્વાસ નથી માટે બાડુવા સદુજીની બાંહ્યધરી આપો તો આવિયે. આ પ્રમાણે સમાચાર લઇને ચાકર પાછો આવ્યો એટલે રાણાએ પોતાના કારભારીને બોલાવીને અને સરદારોને એકઠા કરીને ચારણ જાણે નહિ એમ તેના નામનો બાંહ્યધરીનો કાગળ તેઓની સલાહથી મોકલ્યો. જ્યારે મેહેપાએ અને રાજધર ગઢિયાએ તે કાગળ વાંચ્યો, ત્યારે તરસંગમેં આવ્યા અને ગાંમને પાદર એક બાગમાં ઉતારો કરીને રાણાની હુઝૂરમાં જવાને તૈયાર થયા. તેવામાં બાડુવો સદુજી તેઓને મળવા ગયો અને મળીને કહ્યું જે, તમે ધણીને ચાકર ફરીને એકઠા થયા તે બહુ સારૂં થયું. તે સાંભળી તેઓ બોલ્યા કે, ખરી વાત, પણ અમે તો તમારા બાંહ્યધરીના કાગળ ઉપરથી આવ્યા છિયે. સદુજિયે કહ્યું કે બાંહ્યધરી વિષેનો શબ્દ પણ મને ખબર નથી; તે ઉપરથી તેમણે તેને કાગળ બતાવ્યો. ત્યારે તેણે ફરીને કહ્યું કે, આ વિષે કશું હું જાણતો નથી માટે તમારે જેમ કરવું ઘટે તેમ કરજો. ત્યારે બંને ભાઇએ માહોમાહે એક યુક્તિ કરી અને ન્હાનો ભાઈ, મ્હોટા ભાઇની સાથે કજિયો થયાનું મિષ કરીને ચાલતો થયો. એટલે સર્વ લોક મ્હોટા ભાઈની આસપાસ વીંટાઈ વળીને સમજાવવા લાગ્યા કે, તમે જઇને તમારા ભાઈનું મન મનાવીને પાછા તેડી લાવો. મેહેપો તે પ્રમાણે ઘોડે અશ્વાર થઇને રાજધરને પાછો બોલાવી લાવવાને બાહાને નીકળ્યો, અને જ્યારે

તેઓ એકઠા થયા ત્યારે ઘોડા મારી મૂકીને માહાવડ જતા રહ્યા. જ્યારે રાણાએ સાંભળ્યું કે ગઢિયા પાછા જતા રહ્યા ત્યારે તેના કારણ વિષે તેણે તપાસ કરચો તે ઉપરથી લોકોએ કહ્યું કે બંને વચ્ચે કજિયો થયો છે, અને એક રીસાવીને જતો રહ્યો છે, તેને પાછો વાળવાને બીજો ગયો છે, તોય પણ રાણાએ મનમાં વિચાર્યું કે કોઇયે તેમને ભેદ કહ્યો હશે. તેણે ગઢવીને બોલાવીને પૂછ્યું કે તમે એમને મળવાને ગયા હતા કે નહીં! અને તમે કંઈ વાત કરી હતી કે કોઈ બીજાએ કરી હતી! ગઢિયાનો ચાકર વાલિયો કોળી અફીણિયો હતો અને રાણાની પાસે રહીને પાનની બીડિયો તૈયાર કરવાનું કામ કરતો હતો. ચારણે કહ્યું કે કદાપિ એ વાલિયાએ કહ્યું હશે તેથી ચેતીને તેઓ નાશી ગયા હશે. રાણાએ કોળીને બોલાવીને સારી પેઠે ધમકાવ્યો, અને તેને કાહાડી મૂકચો, એટલે એ પણ માહાવડ ચાલતો થયો. ત્યાર પછી બાડવા સદુજિયે રાણાને કહ્યું કે બહુ સારૂ કર્યું ઠાકોર! તમે મને ઇડરના રાવ સાથે કજિયો કરાવીને અહિંયાં તેડી લાવ્યા અને મારા નામની જૂઠી બાંહ્યધરી મોકલીને ગઢિયાઓને અહિ બોલાવીને મારી આબરૂ લેવાનું કામ કર્યું. હવે હું તમારા દેશમાં રેહેવાનો નથી. પછી તે ક્રોધનો મારચો નીકળ્યો અને મેહેપાએ તથા રાજધરે તેને છાનો માનો બોલાવ્યો હતો તેથી તે પણ માહાવડ ગયો. ત્યારે તે ઠાકોરો ગઢવીને ગામ આપવાના વિચારમાં હતા એટલામાં રાણાને તે વિષેની ખબર થયાથી તેને મનાવી આણીને પાણિયાલીમાં રાખ્યો.

પછી ઈડરની ફોજ તરસંગમા ઉપર ચડી આવી, અને એક લડાઈ થઈ, તેમાં બંને બાજુનાં ઘણાં માણુસ મરાયાં. આખરે ફોજ ઈડર ભણી પાછી ગઈ. આ વેળાએ તેઓ તરસંગમાના એક નાગરને ઝાલી ગયા, અને તેને રાવ કલ્યાણમલને સોંપી દીધો. રાવે તેનું નાક કાપી નાખવાની આજ્ઞા કરી, ત્યારે નાગર બોલ્યો "એ તો ઠીક છે, હું કલ્યાણમલની ફોજ સાથે હતો એવું એ ઉપરથી જણાશે." રાવે પૂછ્યું કે તારા બોલવામાં શો ભેદ છે? નાગરે ઉત્તર આપ્યું કે, "તમે મને એકલાને પકડીને મારૂં નાક કાપી નાંખશો ત્યારે એ ઉપરથી તમારી આખી ફોજનું નાક કપાયું કેહેવાશે. તે સાંભળીને રાવે તેને કંઈ કરચા વગર કાહાડી મૂકચો. ફોજ જે વેળાએ પાછી જતી હતી તે વેળાએ કણબીની એક બાયડી પોતાના ધણી સારૂ ભાતું લઈ જતી હતી. રાવે તેને દીઠી અને તે ભૂખ્યો હતો તેથી

પૂછ્યું કે તમારી પાસે શું છે ! તે બોલી કે, ખીર છે. પછી તેણે લઇને ખાવા માંડયું પણ ખીર ઉની હતી તેથી તેની આંગળિયો દાઝી ત્યારે બા-યડી બોલી કે, "વાહરે ! તમે તો કલ્યાણમલ જેવા ઠગારા દેખાઓછો." રાવે પૂછ્યું કે એમ કેમ વારૂ ? તે બોલી, "રાવ તરસંગમો લેવાને આજ દશ વર્ષથી ફાંફાં મારેછે પણ આસપાસનાં ગામડાં પેહેલેથી લીધા વિના "મેહેનત કરેછે તે પેશ જતી નથી. તે પ્રમાણે તમે પણ કોરે કોરેથી ટાઢી "થયેલી ખીર ખાવાને બદલે એકદમ વચ્ચે હાથ ઘાલીને આંગળિયો બાળી." તે સાંભળીને રાવે મનમાં વિચાર કરયો કે, "એ કેહેછે તે બરાબર છે, એનાથી મને ખરેખરો બોધ મળ્યો." તેણે પેલા ગઢિઆઓને પોતાની છાવણીમાં બોલાવીને કહ્યું કે, તમે મારી ફોજના ઉપરી થાઓ. ત્યારે તે બોલ્યા, અમે રાણાનું લુણ ખાધું છે અને ઘણા દિવસ સુધી એના કૂવાનું પાણી પીધું છે. એને એક વાર સમજાવવાને અમને રજા આપો, જો તે અમારૂ માનશે નહિ તો અમે તમારા કેહેવા પ્રમાણે કરીશું." પછી મેહેપો તરસંગમે ગયો અને કહ્યું, આ પીપળાનાં ઝાડ તરસંગમાના કિલ્લા ઉપર આવ્યાં છે માટે કપાવી નાંખો નહિ તો શત્રુ ઝાડ ઉપર ચડીને તમારા મેહેલ ઉપર મારો ચલાવશે. રાણો બોલ્યો અહિયાં સુધી આવે એવો કોણ બળિયો છે ? વળી પીપળાનું ઝાડ કાપવું અને બ્રાહ્મણને મારવો એ બેબરાબર * છે; માટે હું એકે કાપનાર નથી." જ્યારે ગઢિઆએ બહુ આગ્રહ કરયો ત્યારે રાણો બોલ્યો, "જા તુંય પણ તેમના ભેગો ચડને હું તારાથી ડરતો નથી." પછી ગઢિયો રાવની છાવણીમાં પાછો આવ્યો, અને બોલ્યો, "રાણો તો માનતો નથી." ત્યાર પછી તેમણે ફોજના ત્રણ ભાગ કરયા; બે ભાગ બે ગઢિઆને સોંપ્યા અને એક ભાગનું ઉપરીપણું રાવે પોતાની પાસે રાખ્યું. તેઓ તરસંગમા ઉપર જૂદે જૂદે રસ્તે ચાલ્યા, અને તે ઘેરી લઈ કિલ્લા ઉપર ચડીને શેહેરમાં ઉતરયા, ત્યારે રાણો પોતાનું કુટુંબ લઇને દાંતે નાશી ગયો. આ લડાઈમાં રાણાના સરદાર કામ આવ્યા તે નીચે પ્રમાણે હતાઃ—બેત, મેહેદાસ, પાહાડખાન, પ્રતાપ, ગોપાળસિંહ,

---

૧ ભગવત ગીતામાં શ્રીકૃષ્ણ કેહેછે કેઃ—

**अश्वस्थ सर्व वृक्षाणाम्, देवर्षिनां च नारदः**
**गंधर्वानाम चित्ररथः, सिद्धानां कपिलो मुनि.**

"ઝાડમાં પીપળો મારૂ રૂપ છે, સર્વ ઋષિયોમાં નારદ મારૂ રૂપ છે, ગાંધર્વોમાં ચિત્રરથ મારૂ રૂપ છે, અને સિદ્ધમાં કપિલ મુની મારૂ રૂપ છે."

અને વીરભાણ. રાણાના ઉમરાવોમાંના જગમાલે ઈડરના એક સરદાર સેનખાનને ઠેર કરચો.

રાણો જાયમલ અને કુંવર જેતમાલ દાંતે ગયા એટલે શત્રુ તેમની પછવાડે પડ્યા તે ઉપરથી તેઓએ માતાજીની ઓથ ઝાલી, અને રાવના ઉપર બાહારવટે નીકળ્યા. કલ્યાણમલ ગામે ગામ થાણું મૂકીને ઈડર પાછો ગયો. તરસંગમાના થાણાનો ઉપરી મલો ડાભી હતો; સરામાં રેહેવર હતા; થાણામાં મેઘો જાદવ હતો. રાણા જાયમલનાં માણસ અને ઘોડાં રેહેતાં રેહેતાં ઓછાં થઈ ગયાં અને છેવટે તે મરણ પામ્યો.

જાયમલના મરણ પછી કુંવર જેતમાલ માતાજીને બારે ઘણા દિવસ સુધી લાંઘવા બેઠો, પણ માતાજિયે કાંઈ ભાળ લીધી નહિ. ત્યારે છેવટે કમળપૂજા કરવાની તેણે તૈયારી કરી, એટલે માતાજિયે તેના હાથ ઝાલ્યા અને કહ્યું, "તું તારે ઘોડે ચડીને નીકળી પડ હું તને સહાય થઇશ. આજના દિવસમાં જેટલી ધરતી પછવાડે ઘોડે બેશીને ફરી વળીશ તેટલી તારી થશે, અને જ્યાં અટકીશ ત્યાંથી તારી સીમા બંધ થશે." ત્યારે જેતમાલની પાસે થોડા સવાર રહેલા હતા તેટલા લઇને નીકળી પડચો. પેહેલાં તો તેઓ રેહેવરોને થાણે આવ્યા ત્યારે અસ્વારોનું મ્હોટું દળ પાસે આવતું હોય એવું તેમના જોવામાં આવ્યું તેથી થાણાવાળા તેમનાં ઘોડાં અને સરસામાન મૂકી દઇને નાશી ગયા. ત્યાર પછી તેઓ મેઘા જાદવને થાણે જઇ પોહોંચ્યા, ત્યાં પણ માતાજીની સહાયતાથી ડુંગરાની બાજુએ ઝાડે ઝાડે અકેકો ઘોડેસવાર જોયો, તેથી તેઓ પણ ગભરાઇને નાશી ગયા; મેઘો પોતાના ઘોડાને નવરાવા વળગ્યો હતો તેને ઝાલી લઇને ઠેર કરચો. ત્યાંથી પછી તરસંગમે ગયા અને ત્યાંનું થાણું નસાડી મૂકચું; ત્યાર પછી ઘોરાદ અને હુરાદમાંથી શત્રુઓને કાહાડી મૂકચા. ત્યારે રાણો જેતમાલ થાકચો, અને ઘોડા ઉપરથી નીચે ઉતરવા લાગ્યો એટલે બીજા રજપૂતોએ પ્રાર્થના કરીને કહ્યું કે, હવણાં તમે નીચે ઉતરશો નહિ, પણ તેણે કહ્યું કે, હવે મારાથી વધારે વાર ઘોડા ઉપર બેશી રેહેવાય એમ નથી. એમ કહીને તે નીચે ઉતરી પડચો, અને માતાજીનું વચન પૂરૂં થયું. ત્યારપછી તરસંગમો ઉજ્જડ કરીને રાજગાદી દાંતે લઈ ગયા; દાંતેથી બે મૈલને છેટે પશ્ચિમમાં, નવા વાસના રસ્તા ઉપર દાંતોરિયા વીરનું થાનક છે તે ઉપરથી દાંતા નામ પડેલું છે. વીરને થાનકે માટીના ઘોડા કરીને લોક ચડાવેછે. દાંતે આવ્યા પછી તરતજ જેતમાલ મરણ પામ્યો.

# પ્રકરણ ૧૦.

## ઈડર.

ઇડરના રાવ કલ્યાણમલની પછી તેનો કુંવર રાવ જગન્નાથ ગાદિયે બેઠો. કલ્યાણમલ્લ રાજ્ય કરતો હતો તે વેળાએ કારભારિયોની બે ટોળિયો બંધાઈ હતી; તેમાં એક વસાઈ, મુંડેટી, અને કરિયાદરાના દેસાઈ જમીનદારોની હતી, અને તેમને પોશીનાના વાઘેલ ઠાકોરો અને ડેરોલના સરદારોની સહાય હતી; બીજી રણાસણના રેહેવોર ઠાકોર ગરીબદાસ, ઈડરના મુસલમાન કસબાતિયોના મુખિયો, અને વડાળીના મોતીચંદશાહ મજમુદારની હતી. આ વેળાએ, ઈડરની ખંડણી મુદતસર ઉઘરાવાને મુસલમાનો ફોજ મોકલવા લાગ્યા અને વડોદરાનો વૈતાલ ભાટ, જેને રાવનો કિતાબ મળ્યો હતો, તે પાદશાહને ત્યાં રાઠોડ રાજાઓનો જામીન થયો હતો. ઇડરની જમાબંદી દિલ્હીની વતી અમદાવાદમાં ચૂકતી હતી. દરવર્ષે ખંડણી ઉઘરાવી લેવાનો ચાલ પડચો નહતો, પણ અમદાવાદના સૂબાની પાસે પૂરતું જોર થતું ત્યારે તે દર પાંચ કે દશ વર્ષે વસુલ કરી લેતો. રાવ જગન્નાથ ગાદિયે બેઠો ત્યાર પછી મુસલમાની સત્તા નિત્ય નિત્ય વધતી ચાલતી હતી, અને રેહેતાં રેહેતાં ઈડરની ખંડણી પ્રતિ વર્ષે વસુલ કરી લેવાનો ચાલ પડી ગયો હતો. અને વૈતાલ બારોટ હજી લગણ હામી ભરતો હતો. છેવટે તેનું રાવજી પાસે એટલું બધું લેણું થઈ ગયું હતું કે, રાવે તે ખોટું કરવાને તેનું કાટલું કાહાડવાનો નિશ્ચય કરચો. પછી એક દિવસે તેને ઉતારે એક દાસી મોકલીને અને તેની સાથે તેણે વ્યભિચાર કરચો એવો દોષ મૂકીને તેને શેહેરમાંથી કાહાડી મૂકયો, એટલે બારોટ ત્યાંથી વડોદરે ગયો અને ત્યાર પછી દિલ્હી જઈ પોહોંચ્યો તે વિષે બીજા ભાગમાં જોવામાં આવશે.

આ બનાવ બન્યા પછી રાવ જગન્નાથને,[1] ડુંગરપુરના સિસોદરા રાવળ પૂંજા સાથે ઉંચપદ વિષેનો કજિયો થયો. તેઓની સીમા ઉપર શામળાજીનું દેવાલય છે ત્યાં આશરે ઇ૦ સ૦ ૧૬૫૦ ની સાલમાં મળ્યા.

---

૧ ઇડરની વાવમાં રાવ જગન્નાથ વિષેનો લેખ ઈ. સ. ૧૬૪૬ની સાલનો છે.

આ વેળાએ રાવળ પૂંજાનો રૂમાલ નીચે પડી ગયો એટલે રાવ તેના કરતાં ન્હાનો હતો તેથી તેણે ઉપાડી લઇને રાવળને આપ્યો. પણ વાત તો એમ ચલાવી કે રાવળે જોરાવરી કરીને રાવને પગે લગાડયો. આ વેળાએ મોહનપુરનો ઠાકોર મોહનદાસ રેહેવર હતો તેણે રાવની સારી ચાકરી બજાવી, તેણે ડુંગરપુર ઉપર ચડાઈ કરીને રાવળને કેદ કરયો, અને જ્યારે તે રાવને પગે પડયો ત્યારે તેને શિરપાવ આપીને વિદાય કરયો. રાવળ પૂજા કરવા બેઠો હતો તે વેળાએ રાવે તેને પકડયો હતો, અને જે મૂર્ત્તિની તે પૂજા કરતો હતો તે ઠાકોર લઇ ગયો તે હજી લગણ મોહનપુરમાં છે. આ વિષે ભાટે કવિતા કરી છે તે નીચે પ્રમાણે છેઃ—

## कुंडळियो.

पूंजो पाय लगाडियो, ईडर हंदे राव;
जोर कियो जगनाथिये, दीनो सबळो दाव;
दीनो सबळो दाव, रावे रावळने रेश्यो;
की अचरज [1]कमधज्ज, [2]खगां बळ पावो खेशो;
[3]गरपरानाथ इजत गई, चास लगी जद त्राडियो;
केल परो झाले कर, पूंजो पाय लगाडियो.

એક દિવસે રાવ જગન્નાથ જેવામાં મોડાસામાં હતા તેવામાં દિલ્હીથી એક હકીમ આવ્યો તેણે ધાતુપુષ્ટીનું ઔષધ આપ્યું ને કહ્યું કે, રાણીને મળવાનું થાય ત્યાર પછી ખાવા માંડવું. જગન્નાથ ઈડરથી થોડે મૈલને અંતરે આવ્યો ત્યારે તેણે ઔષધ ખાધું તેથીજ ઘણું કરીને મરણતુલ્ય થઈ ગયો તે તરત તો બચ્યો ખરો પણ તે દિવસથી તેનાથી ટટાર ઉભા રેહેવાતુંજ નહિ.

હવે વૈતાળ બારોટે દિલ્હી જઇને પાદશાહને સોનાની રિકાબી ભેટ કરી, તેમાં પાણી ભરીને આંબાનું પાદડું, શેલડીનો કડકો, તથા ખાખરાના પાંદડામાં ખીશકોલી બનાવીને તેના મ્હોમાં સાકરનો કડકો આપ્યો હતો. બાદશાહે પૂછ્યું કે આમ કરવાનું શું કારણ છે, ત્યારે બારોટે ઉત્તર આપ્યું,—

---

૧ રાઠોડ. ૨ તરવાર. ૩ ડુંગરપુર.

"એક ઠેકાણે સોનાના થાળ જેવી ધરતી છે, તેમાં પુષ્કળ પાણી છે,
"અને તેમાં આંબાનાં ઝાડ અને શેલડી થાયછે, પણ ખાખરાની ઝાડીમાં[1]
"ખીશકોલી રેહેછે તે સાકર ખાઈ જાયછે. જો આપ પાંચ હજાર[2] અશ્વાર
"આપો તો તે દેશ હું આપના કબજામાં કરી આપું." આ ઉપરથી પાદશાહે શાહજાદા મુરાદને હુકમ મોકલ્યો કે પાંચ હજાર અશ્વાર લઇને વેતાળ બારોટની સાથે જવું. આ વેળાએ મુરાદ અમદાવાદનો સરસુબો હતો. રાવ જગન્નાથનો વકીલ દિલ્હી હતો તેના જાણવામાં આ વાત આવી એટલે કાશદ મોકલીને રાવને કાહાવી મોકલ્યું કે, વૈતાળ બારોટની સાથે ઇડર ઉપર લશ્કર મોકલવાની તૈયાર થઇ છે. રાવે બારોટનું અપમાન કર્યું હતું તે વાત આ સમયે તો પોતે ભૂલી ગયો હતો તેથી તેણે તેને દોસ્તીદાવે લખ્યું કે મારો તમારા ઉપર સંપૂર્ણ ભરોંસો છે, માટે ઇડર ઉપર ફોજ ચડવાની છે કે નહિ તે લખી મોકલજો. વૈતાળ બારોટે ઉત્તર વાળ્યું કે તમારે જરા ડરવું નહિ. પણ ફોજ તો મુરાદની સાથે ચડી અને એક પણ ઘા કરયા વિના ઈડર તાબે કરી લીધું.

## छपय.

संवत सत्तर प्रमाण, वर्ष बारोत्तर वीमळ;
त्रीज तिथि रविवार. मास आसो पख निर्मळ;
शाहजादो मूराद, लेण गढ इडर आयो;
करवा रोषां काज, साथ जगनाथ सजायो;
वैताळ भाट न दियो वढण, कुड करी राव का'डियो;
पूंज राज अंग पड्या पछी, लोहा बळ इडर लियो.

છેલી લીટીમાં પૂંજો લખ્યો છે તે રાવ જગન્નાથનો દીકરો થતો હતો, તે મુસલમાનો ઉપર બારવટે નીકળ્યો હતો. તે જ્યાં સુધી જીવ્યો ત્યાં સુધી ખરેખાત મુસલમાનોથી ઇડરગઢ પોતાનો કેહેવાયો નહિ.

---

૧ તે દિવસે ઈડરની આસપાસ ખાખરાનું જંગલ હતું ને તે તેના કિલ્લા જેવું બની રહ્યું હતું. તે વિષેનું સૂચન અહિ છે.

૨ અંગ્રેજીમાં પાંચસે અશ્વાર લખ્યા છે તે ભૂલ થયેલી જણાયછે. ભા. ક.

## गीत.

रावे रेहँच्या पठाण पडे रण, इडरिये दळ आणी;
नाव! नाव! करती निशवासर,[1] पडे [2]धाह पठाणी.
पूंजेजी [3]खळ खेत पछाड्या, [4]तणरी नहि तबीबी;
कंत तणे दख भांगिये कांकण, बूम करे मूख बीबी.
जोध जडे कमधज्ज[5] जणांरे, [6]खाग [7]रोहिला खाया;
मेली धाह दिये मुगलाणी, नाव किसीका ना'या.

રાવ જગનનાથ ઈડરથી નાઠો તે પોળે જઇને રહ્યો અને ત્યાં પછી તરતજ મરણ પામ્યો.‡

મુરાદશાહે ઈડર લઇને સૈયદ હાથા નામના મુસલમાની સરદારને અધિકારી ઠરાવીને ત્યાંના પ્રધાનોને કારભાર ઉપર રેહેવા દીધા અને પોતે પાછો ગયો. ત્યાર પછી સૈયદહાથાએ રાવોનાં આપેલાં શાસન પાછાં ખૂંચાવી લીધાં, તે ઉપરથી ભાટ અને ચારણો પોતાનાં ગામડાં છોડીને માલપુરના ઠાકોરને આશરે જઇને રહ્યા, તેઓનું તેણે રક્ષણ કર્યું.[1]

---

૧ રાત દાહાડો. ૨ બૂમો અથવા નિશ્વાસ મૂકવો. ૩ રણભૂમિ. ૪ તેની. ૫ રાઠોડ રજપૂત. ૬ ખડ્ગ, તરવાર. ૭ મોગલ.

‡ આ રાવના ઉપર કવિતા થયેલી છે તેનો પ્રારંભ નીચે પ્રમાણે થાયછે.
"જગ બોળ્યું જગનનાથિયે, નીચ કલ્યાણરો સુત."

જે ભાટ અમારા આગળ એ કવિતા બોલતો હતો, તેણે અદા કરવાને હાથ ઉંચા કર્યા હતા તે ઉપરની બે ટુક બોલ્યા પછી પાછા પડ્યા, તેની ડોક તેની છાતી ઉપર નમી ગઈ, તેની આંખ્યોમાં આંસુ ભરાઇ ગયાં, અને ગળગળો થઈ બોલવા લાગ્યો કે, "મારે રાવજીનું વાંકું શું કરવાને બોલવું જોઈયે !" આ વેળાએ અને ત્યાર પછી પણ કેટલીકવાર તેને એ કવિતા પૂરી કરવાને કહ્યું પણ તેણે કરીજ નહિ.

નીચે પ્રમાણે એ કવિતા કેટલાક ભાટ બોલેછે.

જળ ખોયું જગનાથિયા, કલ્લાતણા કપૂત;
વટલાવ્યા બ્રાહ્મણ વાણિયા, રખડાવ્યા રજપૂત. ર. ઉ.

૧ ઈડરગઢના ઓળગુ, સાંસણ દે સુખદાય;
વિસામો દે વાંકડા, માલપરા ધરમાંય.

ભાટે કહ્યું કે, અમે ઈડરગઢના આશ્રીત છિયે, માટે અમને હે સુખદાયક ગામ આપો, હે વાંકા ! અમને માલપરા ધરતીમાં વિસામો આપો. ર. ઉ.

જગન્નાથના કુંવર પૂંજા વિષે ભાટ લોકો નીચે પ્રમાણે વર્ણન આપેછે:—પૂંજો ન્હાનો હતો તેથી દિલ્હી પોશાક લેવાને ગયો ત્યાં જયપુરનો રાજા પોતાના મ્હોટા મામા વીરમદેવના વારાનું જૂનું વૈર મનમાં રાખીને ધારવા લાગ્યો કે, પૂંજાને શીરપાવ થાય તે ઠીક નહિ, અને તે ઉપરથી પાદશાહને તેણે સમજાવ્યો કે, ઇડરનો રાજકુંવર ઘણો ઉન્મત્ત છે તેથી તેની હવણાંની બાલ્યાવસ્થામાં એનું રાજ બથાવી પડવાનો સારો લાગ છે. પાદશાહે પૂછ્યું કે ન્હાનો રાવ ઉન્મત્ત છે એ વિષેની મારી ખાતરી શી રીતે થાય? રાજાએ કહ્યું કે, એની પાસે એક સુંદર ઘોડો છે તે તમે માગજો, જો તે સીધેસીધો આપે તો જાણજો કે પૂંજો રાજભક્ત છે, પણ આપે નહિ તો ઉઘાડી રીતે જણાશે કે એ દગાખોર છે. પાદશાહે તે વાત સાચી માનીને ઘોડો લેવાને માણસ મોકલ્યું, પણ જયપુરના રાજાએ અગાઉ જઇને રાવ પૂંજાને સમજાવી રાખ્યું હતું કે, પાદશાહ તમારૂં અપમાન કરવાને ઇચ્છેછે, અને તમારો નાશ કરવાનો નિશ્ચય કરયો છે, માટે તમે એકદમ ઘેર પાછા જતા રોહો તો બહુ સારૂં. રાવ તે સાંભળીને જતો રહ્યો. તેની પછવાડે પાદશાહની ફોજ થઈ અને દિલ્હીથી પચીશ મૈલ ઉપર એક ગામ હતું ત્યાં તેને ઘેરી લીધો. પણ તે એક સૂતારના ઘરમાં ભરાઈ ગયો, અને અતિતોના એક ઝુંડમાં મળી જઇને કેટલાક દિવસ સુધી તેમની સાથે ભટકતો ફરયો. એટલામાં તો પાદશાહની ફોજે ઈડર લઇ લીધું, અને રાવ પૂંજાની માએ જાણ્યું કે મારો દીકરો મરી ગયો હશે તે ઉપરથી તે પોતાને પિયર ઉદયપુર જતી રહી કેટલાક દિવસ પછી રાવ પૂંજો અતિતોની સાથે ઉદયપુર જઈ પોહોંચ્યો અને ત્યાં પોતાની મા [illegible] અને રાણાને મળ્યો, પછી તેણે તેનું વંશપરંપરાનું રાજ્ય પાછું અપાવાને એક ફોજ તેની મદદે મોકલી. રાવ પૂંજો તે લઇને ચાલ્યો અને ઈડર પાછું જીતી લીધું, ત્યાં તેણે પોતાનું રેકાણ રાખ્યું, પણ રાણિયો અને ખજાનો સરવાણમાં રાખ્યો. તેણે સંવત ૧૭૧૪ (ઈ० स० ૧૬૫૮) માં ઇડર પાછું લીધું, અને છ મહિના રાજ્ય કર્યું ત્યાર પછી ઝેર દેવાયાથી મરણ પામ્યો.

રાવ પૂંજાનો ભાઈ અરજનદાસ આ વેળાએ ધામોદની નાળમાં રેહેતો હતો ત્યાં તેણે રેહેતાં રેહેતાં એક હજાર શિરબંધી એકઠી કરીને અમદાવાદ પરગણા ઉપર બખો કરયો. એક સમે દેવળિયાનો રાજકુંવર,

વાંસવાડાનો રાજકુંવર, લુંણાવાડાનો રાજકુંવર અને ડુંગરપુરનો રાજકુંવર, એ સર્વે અમદાવાદથી ઘેર જવા સારૂં નીકળ્યા હતા, ત્યાં રસ્તામાં રણાસણમાં મુકામ કરયો, તે ઠેકાણે તેમની સારી ચાકરી કરી, અને જેવા ત્યાંથી રવાને થઇને ચાલ્યા તે રાવ અરજનદાસના જાણવામાં આવ્યું ત્યારે તેમણે મુદ્દામ માણુસ મોકલીને કાહાવ્યું જે, મને મળીને જજો; તેથી તેઓ ધામોજ ગયા અને મસલહત કરી જે રણાસણની જગ્યા વિકટ છે માટે ત્યાં રહીને રાવ હલ્લા કરે તો અમદાવાદ અને ઇડર સુધી દોડ કરી શકે. એવો ઠરાવ કરીને રાવની સાથે તેઓ મળી ગયા અને તેમનાં સર્વનાં માણુસ એકઠાં કરયાં તો પાંચ હજાર થયાં. હવે કુંવરો જ્યારથી રણાસણ આવ્યા હતા ત્યારથી રેહેવરો તપાસ રાખતા હતા કે રખેને તેઓ રાવ અરજનદાસને મળી જઇને આપણી જગ્યા ઉપર નજર કરે. રાવ અને તેના મસલહતિયા એકાએક ચડી આવ્યા તેના પેહેલાં તો રેહેવરો તૈયાર થઈ રહ્યા હતા, અને ઝાંપાઆડા રહીને જેવા તેઓ રણાસણમાં પેસતા હતા તેવોજ તેમના ઉપર તાશેરો મારયો. તેમાં અરજનદાસ, અને ડુંગરપુર, લુણાવાડા અને દેવલિયાના કુંવર મારયા ગયા. વાંસવાડાનો કુંવર જીવતો રહ્યો તે ચાર જણની લાશો લઇને નાઠો, તેણે પાછો ધામોજમાં આવીને તેઓને અગ્નિદાહ કરયો. અરજનદાસને એક કુંવર હતો તે તે વેળાએ પાંચ વર્ષનો હતો તેને તે કુંવર વાંસવાડે લઈ ગયો અને તેના જીવતરને અર્થે વાગડ માંહેલા ટુંટિયાબળનો પટો કાહાડી આપ્યો, તે પટો હજુ સુધી તેના વંશવાળા ભોગવેછે.

રાવ અરજનદાસના મરણ પછી જગન્નાથનો ભાઈ ગોપીનાથ બારવટે રહ્યો અને તેણે અમદાવાદ સુધી વખો કરવા માંડયો. આ વેળાએ પાદશાહનું જોર નરમ પડેલું હતું તેથી સૈયદહાથાએ દેસાઈ અને મજમુદારોને બોલાવીને કહ્યું કે, રાવ જો દેશ ઉપર વખો કરે નહિ તો કાંઈક રકમ તેને બાંધી આપિયે, માટે તમે જઇને તેમને સમજાવો. પણ તેઓએ કહ્યું કે, એ કામ ભાટ અને ચારણો વિના થવાનું નથી, તે ઉપરથી સૈયદ હાથાએ ભાટ અને ચારણોને પાછા બોલાવીને રાવ પાસેથી જે શાસન મળતું તે પાળીને તેમનાં ગામ પાછાં આપ્યાં; ત્યાર પછી જોગીદાસ ચારણ જે કુમાવાનો હતો તેણે ઠરાવ કરીને રાવને વોળ ગામ આપ્યું તે હજી લગણ ઇડરના રાવને તાબે છે. સૈયદહાથાની પછી કુમાલખાન સબો થયો

તે ઘણો આળસુ હતો, તેણે પોતાના રાજ્ય ઉપર કશું લક્ષ આપ્યું નહિ. તેથી તેને કાહાડી મૂકવાનું ગોપીનાથને ફાવ્યું, ને ઇડર પોતાને સ્વાધીન કરી લઇને આશરે પાંચ વર્ષ રાજ્ય કર્યું. રણાસણના ઠાકોર ગરીબદાસ રેહેવરને બીક લાગતી હતી કે, જો રાવના તાબામાં ઇડર આવશે તો તે માંડો વેહેલો રાવ અરજનદાસનું વૈર લેશે. આગળ લખ્યા પ્રમાણે ગરીબદાસ ઈડરમાં એક બલવાન ટોળીનો મુખી હતો, અને કસબાતિઓ પણ તેનામાં સામેલ હતા. તેમની સહાયતાથી તે અમદાવાદ જઇને રાવને કાહાડી મૂકવાને એક ફોજ લઈ આવ્યો. રાવ ગોપીનાથને બે રાણિયો હતી. એક પેથાપુરના વાઘેલાની દીકરી હતી, અને બીજી ઉદયપુરની હતી તે સિવાય બીજી બે રાખેલી હતી. આ ચારે સ્ત્રિયોને લઇને તે ઇડરગઢમાં ગયો, પણ કસબાતિયોએ તેની પછવાડે પડીને માંહ્ ધસારો કર્યો તેથી તે ડુંગરા ઉપરથી કળનાથ મહાદેવ ભણી ઉતરી પડ્યો, અને રાણિયો ગોઝારિયા ગગરા ભણી દોડી ગઈ, ત્યાં તેમણે જાણ્યું કે હવે સર્વનો નાશ થયો એટલે ફાટા તલાવમાં પડીને મરણ પામી. રાવ ગોપીનાથ કળનાથ મહાદેવમાં પેઠો હતો તેને સવાશેર અફીણનું બંધારણ હતું તેની તલપ થઇ હતી તેવામાં વડાલીનો એક બ્રાહ્મણ મહાદેવની પૂજા કરવાને ત્યાં આવી પોહોંચ્યો, તેને પોતાના હાથનાં સોનાનાં બે કડાં આપીને કહ્યું કે, આમાંથી એક તને બખશીસ આપુંછું પણ બીજાને વેચીને તેનું અફીણ મને આણી આપું તો મારાથી સરવાણ જઈ પોહોંચાય. વળી બ્રાહ્મણને તેણે વચન આપ્યું કે, મને ઈડર પાછું મળશે તો હું તને એક ગામ આપીશ. બ્રાહ્મણ તે કડાં લઇને પોતાને ઘેર ગયો અને જે બન્યું હતુ તે પોતાની સ્રીને કહી સંભળાવ્યું; ત્યારે તેની વહુએ તેને સલાહ આપી કે, હવે તમારે પાછા જવું નહિ, કેમકે રાવ જો જીવતો હશે તો કોઇ દિવસે પણ કડાં પાછાં માગશે. ગોપીનાથને આ પ્રમાણે અફીણ મળ્યું નહિ તેથી તે મરણ પામ્યો અને ત્યાર પછી ઇડરની ગાદી ગઈ તે પછી તેમના વંશવાળાને કદિ પાછી મળીજ નહિ.

વડાલીના મજમુદાર મોતીચંદ અને વસાઈના દેસાઈ, એઓ ઇડરનો કારભાર કરવા લાગ્યા અને પ્રધાનપણું ગરીબદાસ રેહેવર કરવા લાગ્યો. ગોપીનાથનો કુંવર કરણસિંહ જીવતા સુધી સરવાણમાં રહ્યો. તેને બે કુંવર હતા, એક ચાંદો અથવા ચંદ્રસિંહ હતો તેની મા હુલવદના ઝાલાજીની

દીકરી હતી; અને બીજો માધવસિંહ કરીને હતો તેની મા દાંતાવાળાની દીકરી થતી હતી. ચાંદો સરવાણમાં મ્હોટો થયો અને માધવસિંહની માને અઢેરણ જીવાઇમાં આપ્યું હતું તે ત્યાં ઉછરયો. છેવટે માધવસિંહ વખે નીકળ્યો અને પોશીનાના પટામાં મોજે ચાંપલપુર છે ત્યાં પાદશાહની ફોજ સાથે લડાઈ કરી. ત્યાર પછી ત્યાંથી તે વેરાબરનો પટો દબાવી પડીને ત્યાં રહ્યો તેનો વંશ આજે પણ ત્યાં છે.

સંવત્ ૧૭૫૨ (ઇ. સ. ૧૬૯૬) માં રાવ માન અને ગોવિંદ રાઠોડ રાવ ચાંદાના સગા થતા હતા તે તેને મેવાડથી મળી ગયા, અને તેઓ એકઠા મળીને ઇડર ઉપર વખો કરવા લાગ્યા. સંવત્ ૧૭૭૪ (ઇ૦ સ૦ ૧૭૧૮) માં દેસાઇયોએ મુસલમાન કિલ્લેદારોને હાંકી મૂકયા ને રાવ ચાંદાને ઇડરમાં લાવ્યા. રાવ ચાંદાએ ઠીક ઠીક રાજ્ય ચલાવી શકાયું નહિ એટલે વાઘેલા અને રેહેવરોએ ઇડરનાં ગામ દબાવી પડવા માંડ્યાં; તેમાં વાઘેલાઓએ વડાલી સુધી દેશ કબજે કરી લીધો, અને રેહેવરોએ પોતાની હદ સાબળી સુધી વધારી. આ વેળાએ પાલિયાનો ઠાકોર મરણ પામ્યો તેથી તેની ગાદી ઉપર બેસનારને તરવાર અને શિરપાવ આપવાની અગત્ય પડી તેથી આ બાહાનું કાહાડીને રાવ ચાંદાએ ઇડર છોડીને નીકળી જવા પ્રયત્ન કરયો પણ તેની શિરબંદિયે પોતાનો ચડેલો પગાર લેવાને તેને અટકાવ્યો. ત્યારે વલાસણાનો ઠાકોર સરદારસિંહ તે વેળાએ ઇડરમાં હતો તેને બાંહેધરી આપી, અને તેને રાજકારભાર સોંપીને પોતાની વતો મૂકીને ગયો તે પછી કદિ પાછો આવ્યોજ નહિ સરદારસિંહે થોડા દિવસ સુધી રાવને નામે ઇડરમાં રાજ્ય કર્યું, પણ છેવટે ત્યાંના દેસાઇયોએ અને મજમુદારોએ તેને ગાદી ઉપર બેસારયો. સરદારસિંહનો પ્રધાન લેહીનો ઠાકોર સામળાજી જે વલ્લાસણનો ભાઈયાત થતો હતો તે ઘણો હિંમતવાન અને બહુ કુશળ હતો તેણે વાઘેલાઓએ અને રેહેવરોએ દબાવેલાં ગામ પાછાં હાથ કરી લીધાં. તે જય પામતો ગયો તેથી ઘણા જણ તેના શત્રુ થયા; અને કસબાતિયોએ સરદારસિંહને સમજાવ્યો કે સામળાજી તમારો અને અમારો ઘાણ વાળવાના વિચાર કરેછે. રાવે આ વાત માની અને સામળાજીને કાહાડી મૂકયો તે પોતાની મેળે રસ્તે પડયો. તેની જગ્યાએ બાછા પંડિતને વડોદરેથી બોલાવ્યો. ત્યાર પછી તરત જ સરદારસિંહને અને

કસબાતિયોનો કજિયો થયો અને સરદારસિંહ ઉઘાડો કેહેવા લાગ્યો કે જ્યાં સુધી એ લોકોનું કાટલું થયું નથી ત્યાં સુધી મારાથી ઇડરમાં રેહેવાવાનું નથી, પણ આ પ્રમાણે કરવાની પોતાનામાં શક્તિ રહી નહિ એટલે તે વલાસણે જતો રહ્યો. ત્યાર પછી બછો પંડિત ઇડરમાં રાજ્ય કરવા લાગ્યો, તેની સાથે કસબાતિયો, મોતીચંદ મજમુદાર, રણાસણનો અદેસિંહ રેહેવર કારભાર કરવા લાગ્યા. આ વેળાએ દેસાઇઓ પડતી દશામાં આવી પડ્યા હતા. બછા પંડિતે અમદાવાદના સરસૂબાને ખંડણી આપીને ઇડરમાં રાજ્ય કરવા માંડ્યું, પણ દેસાઇયો નિરાશ થઇ ગયા હતા, અને લાલસિંહ ઉદાવત સોરઠથી મેવાડ જતાં વસાઈ આવી પોહોંચ્યો હતો તેને સર્વ વાત કહી ત્યારે તેણે તેમને કહ્યું કે, જો તમારી મરજી હોય તો હું તમને સારો રાજા આણી આપું. દેસાઇયોએ તે વાત માન્ય કરી અને દસ્તાવેજ કરયો, તે ઉપરથી લાલસિંહ પોશીને જઇને મહારાજ આનંદસિંહ અને તેના ભાઇયોને ઇડર લઇ આવ્યો. સંવત્ ૧૭૮૭ (ઈ૦ સ૦ ૧૭૩૧)માં બછા પંડિત પાસેથી આનંદસિંહે ઇડર લીધું.

હવે રાવ ચાંદા વિષે લિખિયે છિયે. પોળોના પઢિયાર રજપૂતોને ત્યાં રાવ ચાંદો પરણ્યો હતો તેથી તેમને લખ્યું કે, હું કાશિયે મરતા સુધી જઈ વસવાને જવા સારૂં નીકળ્યો છું તે તમને છેલ્લા રામરામ કરવાને આવું છું. એ પ્રમાણે તે પોળોમાં બે મહિના રહીને કાશિયે જવાને નીકળ્યો. પોળથી દશ મેલ ઉપર સરસાઉ કરીને ગામ છે ત્યાં રાવ મુકામ કરીને પડ્યો અને પોળે પોતાના સખરાને લખ્યું કે, આજે હવે છેક છેલ્લાં મારી સાથે બેશીને મીજમાની જમવા સારૂં આવીને પાછા જજો. તેઓ આવ્યા અને રાવની સાથે સારી પેઠે ખાધું પીધું અને પોળના રજપૂતો નીસાથી ખુબ ચકચૂર થયા ત્યારે રાવે સર્વને ઠેર કરાવ્યા. ત્યાર પછી રાવ પોળે જઇને ત્યાંની ગાદિયે બેઠો તે હજી સુધી તેના વંશવાળા પોળમાં છે.

# પ્રકરણ ૧૧.

## [1]ગોહિલ.

ઉત્તર ગુજરાતની સ્થિતિમાં જેમ ફેરફાર થતો ગયો, તેમ અમે તેનું વર્ણન કરતા કરતા મુસલમાનોનું થોડો કાળ નિભે એવું રાજ્ય બંધ થઈ ગયું, અને જે વેળાએ બંદગીનો મોઝિન ભણીથી ઉત્તર મળતો બંધ થ-

---

૧ ગોહિલ એ સૂર્યવંશી છે.

મોહોદાસ (મારવાડમાં જૂના ખેરગઢમાં)
|
ઝાંઝરજી
|
૧ સેજકજી ઈ. સ. ૧૨૬૦ સુરાષ્ટ્રમાં આવ્યા ને સેજકપુરમાં ગાદી સ્થાપી. ઈ. સ. ૧૨૯૦ સુધી રાજ્ય કર્યું.
|
- ૨ રાણોજી (રાણપુરગાદી) ૧૨૯૦–૧૩૦૯
- શાહજી (પાલીટાણા)
- સારંગજી (લાઠી)

(રાણોજી) |
૩ મોખડોજી. પીરમમાં ઈ. સ. ૧૩૦૯–૧૩૪૭
|
- ૪ ડુંગરસિંહજી ઘોઘામાં (ઈ. સ. ૧૩૪૭–૧૩૭૦)
- સમરસિંહજી (રાજપીપળા)

(ડુંગરસિંહજી) |
૫ વીજોજી. ઈ. સ. ૧૩૭૦–૧૩૯૫
|
૬ કાહાનોજી. ઈ. સ. ૧૩૯૫–૧૪૨૦
|
૭ સારંગજી. ઈ. સ. ૧૪૨૦–૧૪૪૫ (ઉમરાળા).
|
૮ શિવદાસજી. ઈ. સ. ૧૪૪૫–૧૪૭૦
|
૯ જેઠોજી ઈ. સ. ૧૪૭૦–૧૫૦૦
|
૧૦ રામદાસજી. ઈ. સ. ૧૫૦૦–૧૫૩૫
|
૧૧ સરતાનજી ઈ. સ. ૧૫૩૫–૧૫૭૦

વા આવ્યો, તથા દરેક હિંદુના દેવાલયમાંથી છૂટ પામેલા ઘંટનાદ થવા લાગ્યા, અને શિવની ધ્વજા મરાઠાના દેશી રાજ્યના વાવટા નીચે, મુસ-

---

|

૧૨ વીસોજી. સીહોરમાં ઈ. સ. ૧૫૭૦–૧૬૦૦

|

૧૩ ધુણોજી ઈ. સ. ૧૬૦૦–૧૬૧૯

|

૧૪ રત્નજી ઈ. સ. ૧૬૧૯–૧૬૨૦

|

૧૫ હરભમજી ઈ. સ. ૧૬૨૦–૧૬૨૨ ૧૬ ગોવિંદજી ૧૬૨૨–૧૬૩૬

|

૧૭ અખેરાજજી ૧૬૩૬–૧૬૬૦ સત્રસાલજી ૧૬૩૬–૧૬૩૬

|

૧૮ રત્નજી (બીજો) ૧૬૬૦–૧૭૦૩

|

૧૯ ભાવસિંહજી. ભાવનગર ઈ. સ. ૧૭૦૩–૧૭૬૪

|

૨૦ અખેરાજજી (બીજો) વીસાજી

| (ઈ. સ. ૧૭૬૪–૧૭૭૨ (વળા)

૨૧ વખતસિંહજી ઈ. સ. ૧૭૭૨–૧૮૧૫

|

૨૨ વજેસિંહજી ઈ. સ. ૧૮૧૫–૧૮૫૨

|

ભાવસિંહજી (બીજા) કુંવર પદ્વીમાં જ દેવલોક થયા.

|

૨૩ અખેરાજજી (ત્રીજા) ૨૪ જસવંતસિંહજી

ઈ. સ. ૧૮૫૨–૧૮૫૪ | ઇ. સ. ૧૮૫૪–૧૮૭૦

૨૫ તખતસિંહજી ઈ. સ. ૧૮૭૦–૧૮૯૬

| મહારાજાનો કિતાબ મળ્યો હતો.

૨૬ ભાવસિંહજી ઈ. સ. ૧૮૯૬ માં ગાદિયે બેઠા છે.

ભાવનગરના તાબામાં ૨,૮૬૦ ચોરસ મૈલ જમીન, ૬૪૫ ગામ, આશરે ચાર લાખ માણુસની વસ્તી, અને વાર્ષિક ઉપજ સુમારે પચીશ લાખ રૂપિયાની છે. તેમાંથી અંગ્રેજ સરકાર અને ગાયકવાડ સરકારને જમાબંદી અને જૂનાગઢના નવાબને જોરતલબીના મળી રૂ. ૧,૫૪,૪૯૯ આપેછે.

લમાનોના બહુ સંતાપેલા પ્રભાસના દેવાલયથી તે હજીસગણુ જેના દેવાલયને અપવિત્ર નહિ કરેલું, અને જ્યાં પ્રવેશ થાય નહિ એવી શિવની અર્ધાંગના અંબા ભવાનીના દેરા સુધી ઠેકાણે ઠેકાણે સર્વોપરી થઇને ફરીથી ફરકવા લાગી ત્યાં સુધી અમે આવ્યા. દક્ષિણના રાજાઓ જેમ કલ્યાણના સોલંકી રાજાઓની વેળામાં ગૂજરાત તથા સોરઠ ઉપર તેનું રાજ્ય વધારતા આપણા જોવામાં આવ્યા તેવીજ રીતે હવેથી પણ રાજ્ય ફેલાવતા આપણા જોવામાં આવશે. તથાપિ એ વાતનો પ્રારંભ કરિયે તેના પેહેલાં, વિસારી મૂકેલી વલભીપુરી, લોલિયાણાના ધુમમાં મળી ગયેલ મિનારા, અને હવણાં દામાજી ગાયકવાડનું ધમધમાવી દેતું નામ ધારણ કરનાર શૈવી શિખરો જે જગ્યાએ ચડવાનાં છે તે જગ્યા, એ સર્વ વાતથી અમારા વર્ણનનો પ્રારંભ થયોછે તે સર્વે વિષય ઉપર એક વાર ફરીને અમારે અમારૂં ધ્યાન પોહોંચાડવાનું છે.

[1]સારંગજી ગોહિલની પછી વારા પ્રમાણે તેનો પુત્ર શિવદાસ તથા ત્યાર પછી પૌત્ર જેતાજી ગાદિયે બેઠા. જેતાજીને બે કુમાર રામદાસ અને ગંગદાસ હતા તેમાંથી ગંગદાસને તેના ભાગમાં [2]ચમારડી ગામ મળ્યું.

ભાટલોકો કેહેછે કે ગોહિલ રામદાસજી કાશિયે યાત્રા કરવા સારૂં ગયો ત્યારે ત્યાં ચૌદ હજાર બ્રાહ્મણોને જમાડીને એકેક અભરામી (મોહોર) દક્ષિણામાં આપીને યાત્રા પૂરી થઈ રહી ત્યારે સંઘ પાછો મોકલીને પોતે એકલો ઉદયપુર ગયો. ત્યાં તેને [3]કુંભા રાણાએ પૂછ્યું કે તમે કેવા રજપૂત છો? અને તમારે શો ગ્રાસ છે? ત્યારે રામદાસે ઉત્તર આપ્યો કે "અમે ગોહિલ રજપૂત છિયે અને અમારે ઘોઘા અને ગોહિલવાડ છે." એ ઉપરથી રજપૂત રાણાએ પોતાની સુકોમળબા કુમારી હતી તે રામદાસને પરણાવી. આ વેળાએ મહંમદશાહની ફોજે ઉદયપુર ઉપર ચડાઈ કરી ને લડાઇ જામી તેમાં રામદાસે ઘણાં માણસ, હાથી, અને ઘોડાને કતલ કરયા તેવામાં તેના માથામાં શાલિગ્રામ હતા તેના લડાઇમાં બે ચીરા થઇને પડ્યા

---

[1] પૃષ્ઠ ૬૩૫ મું જુવો.

[2] તે ઉપરથી ચમારડિયા ગોહિલ કેહેવાયા તે આજે ભુજમાં છે ભા. ક.

[3] રાણા સંગની કુંવરી સાથે પરણ્યા હતા. એ રાણો ઈ. સ. ૧૫૦૯માં ગાદિયે બેઠો હતો. તે ૧૫૩૦ માં ઝેર દેવાથી મરણ પામ્યો છે.

એટલે હાથીનો ઘંટ તેના ઉપર પડ્યો, ને થોડી વાર તેમને ઢાંકી રાખ્યા, અને પછીથી તે ઉપર સાપનો રાફડો થયો. ગોગ્રામાં સરતાનજી કુંવરે લડાઈના સમાચાર જાણ્યા; અને પોતાના બાપનું ક્રિયા ખર્ચ કર્યું. આ વેળાએ શાલિગ્રામે તેને સ્વપ્નમાં દેખા દઇને કહ્યું કે, "હું તારો ઇષ્ટદેવ ઉદયપુરની ભોંયમાં દટાયો છું; માટે અહિંથી મને કાહાડી લઇ જા." પછી સંતાજિયે રઘુનાથ દવે અને બીજાં માણસોને મોકલીને શાલિગ્રામ કાહાડી મંગાવ્યા. તેના બે વિભાગ થયેલા સંધાઈ ગયા છે તે હજી લગી દવેના વંશવાળા[1] પાસે સિંહોરમાં છે તે તેની પૂજા કરેછે અને તેને બદલે તેને વર્ષાસન મળેછે.

રામદાસજીને સાદુલજી અને ભીમજી કરીને બીજા બે ન્હાના કુંવર હતા તેમાંથી સાદુલજીને મોજે અધેવાડું તેના ભાગમાં મળ્યું અને ભીમજીને મોજે ટાણા આપ્યું તેથી તેના વંશના હજીલગણ ટાણિયા રાવળ કેહેવાયછે.

મેવાડના [2]ઇતિહાસમાં લખ્યું છે કે, અલાઊદ્દીને ઇ૦ સ૦ ૧૩૦૩ માં ચિતોડ લીધું ત્યારે તેના સામા લડનારાઓમાં પીરમનો એક ગોહિલ હતો, અને ઈતિહાસ લખનાર કેહેછે કે, તે બનાવ રામદાસજી ગોહિલના વારામાં બન્યો હતો. ભાવનગરના દરબારના ભાટ લોકો પણ, આપણે ઉપર લખ્યું તે પ્રમાણે રામદાસજી ગોહિલ, મેવાડના કુંભારાણાની સાથે સંબંધમાં આવેલો જણાવેછે. ફરિશ્તાના માળવાના ઇતિહાસમાં લખવા પ્રમાણે એ રાણાએ માળવાના શાહ મહમૂદનાસામા થઇને ઈ૦ સ૦ ૧૪૫૪માં તેને હરાવ્યો હતો. આ છેલો લખેલો સન રામદાસજીની વેળાના સન સાથે ભાગ્યેજ મળતો આવેછે. કેમકે તેનો પ્રપૌત્ર ધૂણોજી ઇ૦સ૦ ૧૬૧૯ ની સાલમાં મરણ પામ્યો છે. વધારે સંભવ એવો લાગેછે કે, ગૂજરાતના બહાદુરશાહે ઇ૦ સ૦ ૧૫૩૨—૩૩*માં ચિતોડ ઉપરચડાઈ કરીને તે લીધું તે વેળાએ તેનું રક્ષણ કરવા રાજવાડાના સર્વે ભાગમાંથી ઘણા સહાયકારી આવ્યા હતા તેમાં ગોહિલ રાજા હતો.

રામદાસના પુત્ર સરતાનજીને વીસોજી, દેવોજી, વીરોજી, માંકોજી એવા ચાર કુંવર હતા, તેમાંથી વીસોજી ગાદિયે બેઠો. ને ત્રણે ન્હાના ભા-

---

૧ તેનું નામ હરજીવન દવે છે. ૨ ટાડકૃત રાજસ્થાન પુ. ૧ લું પૃ. ૨૬૬. ટાડ્સવે. ઈ. પૃ. ૨૫૮-૯, ૨૬૬.

* ટાડરાજસ્થાન પુસ્તક ૧ લું પૃ. ૩૧૦.

દયોને પછેગામ, અવાણિયા, અને નવાણિયા ગામ સાથે અનુક્રમે બીજાં બબ્બે ગામ મળ્યાં. દેવાજીના વંશના તેના નામથી દેવાણી ગોહિલ કેહેવાયછે; વીરાજીના વંશના, તેના કુંવર વાછાના નામ ઉપરથી વાછાણિયા કેહેવાયછે. તેમના હાથમાં હવણાં ખોખરા, માંચી, અને કનાડ છે.

અમે આગળ લખ્યું છે કે, સિંહપુર અથવા સિહોર શેહેર અણહિલવાડના રાજાએ બ્રાહ્મણોને દાન કરી દીધું હતું, તેઓએ બાહારના બીજા કોઇની સત્તા નહિ માનતાં, અમે જે વેળા સુધીનું લખતા આવ્યાછિયે તે વેળા સુધી તેઓએજ તેના ઉપર કબજો રાખેલો જણાયછે પણ માહોમાહેના કજિયાને લીધે પછી વીસોજી ગોહિલ તેમનો ધણી થયો.

જ્વાળામુખી પર્વતના મુખને થોડી ઘણી મળતી આવે એવી સિહોરની જગ્યા દેખાયછે; તે સપાટ મેદાન છે અને તેની આસપાસ ખડબચડા ડુંગરો વિંટાઇ વળેલા છે. પ્રાચીન શેહેરનું એકે ઘર હવણાં રહેલું નથી. તેના મધ્યભાગમાં એક શિખાકૃતિનો ન્હાનો ડુંગર છે તે સાતશેરીનો ડુંગર કેહેવાયછે, તેની ટોચે એક બેઠક છે, તેમાં કેહેછે કે સિહોરના બ્રાહ્મણો પ્રાચીન કાળમાં સભા ભરતા અને ન્યાય ચૂકાવતા. આ ડુંગરની તળાટીની પાસે એક સુંદર કુંડ છે તે "બ્રહ્મ કુંડ" કેહેવાયછે. તે ચોખંડો છે ને વિશાળ છે, તેની આસપાસ હિંદુ સલાટની કારીગરીનાં પૂતળાં છે. તેની ચારે બાજુએ પગથિયાં તથા વચ્ચે વચ્ચે પ્રસ્તાર છે તેથી માંહ્ ઉતરાયછે. કુંડના ધાબાની આસપાસ દેવાલયો આવી રહ્યાં છે, તેથી એક જાતની દેવશાળા બની રહેલી છે ને તે સર્વેની ચોમેર એક કોટ છે. કુંડની દક્ષિણ દિશામાં એક અપૂર્વ ડુંગર છે તેને ત્રણ શિખર છે તેથી તે તરસિંગડો ડુંગર કેહેવાયછે.

પ્રાચીન સિહોરનો કોટ કેટલીક જગ્યાએ જોતાં, આગળ જ્યાં હતો તે ઠેકાણે ઓળખી કાહાડી શકાય એવો છે. આ સર્વેની ઉત્તરમાં અર્વાચીન શેહેર છે, અને આસપાસના ડુંગરાની તળાટીની જોડાજોડ છે. તેની પશ્ચિમ દિશાએ ગોમતી અથવા ગૌતમી નદી વેહેછે અને તેના કિનારા ઉપર મરી ગયેલા માણસોને દાહ દીધેલા તે ઉપર તુળશીક્યારા વગેરે બાંધેલી ઘણી નિશાનિયો છે. શેહેરથી થોડે છેટે અને નદીની પાસે બીજો એક ગૌતમેશ્વર કુંડ છે.

કહેછે કે, એ જાતિના બ્રહ્મણો વચ્ચે પ્રાચીન સિહોર શેહેરના બે વિભાગ કરવામાં આવ્યા હતા, તેમાં રણા બ્રાહ્મણ દક્ષિણ ભાગમાં વસતા હતા, અને જાની બ્રહ્મણ ઉત્તર ભાગમાં વસતા હતા. જાની બ્રાહ્મણની એક કન્યા રૂપવતી હતી તે રણા બ્રાહ્મણને દીધી હતી તે એક સમયે પોતાના ધણીના ઘરમાં વલોણું કરતી હતી તે વેળાએ તેણિયે માથે નહિ ઓઢતાં ચોટલો છુટો મૂકયો હતો. તેવામાં કેટલાએક બ્રાહ્મણો, સાત શેરીના ડુંગર ઉપરથી ચોમેર જણાય તેવી જગ્યાએ બેઠકમાં બેઠા હતા તેમાં પેલી સ્ત્રીનો ધણી પણ હતો. પણ એક બ્રાહ્મણના જોવામાં તે આવ્યો નહિ એટલે બોલી ઉઠયો કે "આપણે પેલી બાયડીને દેખિયે છિયે તોયપણ તે માથે ઓઢતી નથી, જેનો ધણી હીજડો હોય તેની બાયડી આવી નિર્લજ હોય" આ સાંભળીને પેલીના ધણીને હાડોહાડ લાગી ગઇ, ને ઘેર જઈને તેનો ચોટલો ને નાક કાપી નાંખ્યાં એટલે તેના ઉપર આવું ઘાતકી પણું કર્યું માટે તે બાઇ રડતી કકળતી પોતાને પિયર ગઇ; તેના પિયરિયા વૈર લેવાને હથિયાર લઇને દોડતા આવ્યા. ત્યાં મારામાર થઈ તેમાં ઘણા બ્રાહ્મણો માર્યા ગયા,[1] અને એ જગ્યા આવી રીતે બ્રાહ્મણોના પવિત્ર લોહીથી ખરડાઇ તેથી ત્યાર પછી તે ઘોજારી અને ઉજજડ થઇ, તે હજી લગણ "ઘોજારી ભોંય"ને નામે પ્રસિદ્ધ છે.

પછી જાની અને રણા વચ્ચે અદાવત ચાલી તેથી બન્ને ટોળીવાલા કોઈ બીજાનો આશ્રય શોધવા લાગ્યા. જાની બ્રાહ્મણો રાણજી ગોહિલનો ભાઈ શાહાજીનો વંશવાળો ગારિયાધારમાં હતો તેમની પાસે ગયા. અને તેને સિહોર તથા તેનાં ૧૨ ગામ આપી દેવાનાં ઠરાવ્યાં, એટલે ગારિયાધારનો ઠાકોર ફોજ એકઠી કરીને સિંહપુર ઉપર ચડયો પણ તેને ખોટા શકુન થયા એટલે રસ્તામાં મુકામ કરયો તેથી તેનો લાગ જતો રહ્યો, ને [2]રણા બ્રાહ્મણો ભણીથી રાવલ વીસાજી ગોહિલ ઉમરાળેથી આવ્યો તેણે પોતાના પિત્રાઇને નસાડીને સિહોરમાં પ્રવેશ કરયો ને બધો રાજકારભાર લઇ લઇને બ્રાહ્મણોને ભોંય આપી ત્યારથી, વડવા નામના જૂના શેહેરના

૧ એ વેળાએ સવામણ જનોઇ ઉતરયાં હતાં એવી દંતકથા છે. ભા. ક.

૨ ભાવનગર સ્ટાટિસટીકલ એકોંટમાં જાનીને મદદ આપ્યાનું લખ્યું છે. રણાની મદદે ગારિયાધારના કાંધોજી ચડયા હતા તેમને હરાવીને વીસાજીએ સિહોર લીધું. ર. ઉ.

ખંડેરમાં ભાવસિંહે પોતાના નામનું શેહેર વસાવ્યું ત્યાં સુધી, સિહોર, ગોહિલોની રાજધાની રહ્યું.

ભાટ કેહેછે કે, "ઉમરકોટ (ઉમરાળાં) નું બળ કોઇ શત્રુના- "થી કદિ જીતાયું નહિ. સતમાલજીનો પુત્ર હાથમાં તરવાર ઝાલીને આખા "સોરઠમાં ફરચો. વીસલ વાઘ જેવો હતો; તેની ભોંયનું એકેકું વીધુ તેને "પોતાના આંતરડા જેવું હતું, તે સરતાનજીના પુત્ર પાસેથી કોઈ પણ "શત્રુ ગમે તેવો યત્ન કરતાં પણ પામી શકે નહિ."

વીસાજીના પછી રાવળ ધૂણોજી[૧] ગાદિયે બેઠો; બીજા બે ન્હાના કુંવર ભીમાજી ને કુશિયાજી હતા તેમને હુલિયાદ અને ભડલી નામે ગામ અનુક્રમે મળ્યાં.

જેવામાં ધૂણોજી સિહોરમાં રાજ્ય કરતો હતો તેવામાં તેનો સગો નોંઘણજી ગારિયાધારવાળો હતો તેના ઉપર મોજે ખેરડીના કાઠી લોમા ખુમાણે ચડી આવીને તેનો ગ્રાસ દબાવ્યો. નોંઘણજી આશ્રય સારૂ સિહોર નાશી આવ્યો અને રાવળ ધૂણોજી પોતાથી બનતો આશ્રય કરવા સારૂ તૈયાર થયો; કેમકે, પાટવી વંશના રજપૂતો પેટા ભાગીદારોનો ગ્રાસ લઈ લેવાને સદા તૈયાર થઈ રહ્યા હોય પણ જ્યારે કોઈ બાહારનો આવીને તેમની પાસેથી ગ્રાસ લઈ લે ત્યારે તેઓની સહાયતા અગત્ય કરીને કરે, શાથી કે પછી જો પરભારચો માણસ તેમના ઉપર ફાવી જાય તો પછી ફટાયાના ગ્રાસ ઉપર છેવટે તિલાયતના વારસનો હક પોહોંચવાને ડખલ થાય. પછી વળામાં જઈને ધૂણોજી પોતાની શિરબંધી એકઠી કરતો હતો તેના ઉપર રાત્રની વેળાએ લોમા ખુમાણે બસે ઘોડાસહિત હલ્લો કરચો તે લડાઈમાં ધૂણોજી રાવળ ખપ્યા. (ઈ૦ સ૦ ૧૬૧૯)

પછી નોંઘણજી ગોહિલ બારૈયાની ઝાડીમાં ગામ જવાસ છે ત્યાં ગયો અને ત્યાંના બારૈયા રાજાની દીકરી વેરે પરણીને બારૈયા કોળીની ફોજ લઇને સિહોર આવ્યો અને ત્યાંથી પણ શિરબંધી લઇને ગારિયા- ધાર ઉપર આવ્યો. એટલે ગામનો પટેલ તેને મળીને કેહેવા લાગ્યો કે લોમાની ફોજ ઘણી છે તેથી જીતી શકાય એમ નથી. પછી દગાઇ કર- વાની યુક્તિ કરીને પટેલ ગામમાં પાછો ગયો ને વારની બૂમ ઠોકીને કેહેવા

૧ ધૂણોજી ઈ. સ. ૧૬૦૦-૧૬૧૯. આના વખતમાં અકબર પાદશાહે ગૂજરાત જીતી લીધું. ઈ. સ. ૧૫૮૩.

લાગ્યો કે મારાં ઢોર ઘોડાવાળા આવીને પશ્ચિમ દિશા ભણી વાળી ગયા. તે સાંભળી કાઠી તે દિશાયે ધાયા એટલે નોંઘણને લાગ મળ્યો તેથી પોતાના કબીલા અને માણસો સહિત ગામમાં પેઠો. ગામના લોકો ગોહિલના ભણી હતા તેથી ગારિયાધાર હાથ થયું; પણ નોંઘણજીને તેની સ્ત્રિયે સલાહ આપી કે લોમો શેહેર પાછું લેશે માટે તેના મ્હો આગળ જઇને તરવાર છોડી નાંખ્યો. નોંઘણજિયે જઇને તે પ્રમાણે કર્યું ત્યાર પછી તેની સ્ત્રિયે લોમા ખુમા સાથે બેહેન ભાઈનો સ્નેહ કરયો; પણ વૈર-લેવાનો અવસર મળતા સુધી બન્ને જણે આ એક ઉપર ઉપરનો ડોલ કરયો હતો. છેવટે નગરના જામને ત્યાં નોંઘણજી ગોહિલે દીકરી દીધી હતી તેને ત્યાં વિવાહ હતો તે ઉપર ગારિયાધારના ઠાકોર ઠકરાણીને કંકોતરી આવી પણ ઠકરાણિયે કહ્યું કે, મારો ભાઈ લોમો ખુમાણ વિવાહે આવે તો હું આવું. જામને ને મુસલમાનોને આગળ લડાઇ થઈ હતી તેમાં લોમાએ દગો દીધો હતો તેથી જામને અને તેને શત્રુતા બંધાઈ હતી પણ ઉપરના કારણને લીધે જામે લોમાને પણ કંકોતરી મોકલી એટલે લોમો જામનગર વિવાહે ગયો ત્યાં તેને માણસો સહિત દરબારમાં જવાને બોલાવ્યો. હથિયાર લઇને જતાં અટકાવી કહ્યું કે, દરબારમાં હથિયાર લઇને જવા દેવાનો અમારો ચાલ નથી માટે ડોઢિયે હથિયાર મૂકીને જાઓ પછી તેઓ હથિયાર મૂકીને ગયા. ત્યાં જામે તથા નોંઘણે મળીને લોમાને ઠેર કરયો. તેમજ તેનાં સગાંવાહાલાંનું પણ એમજ થયું.

જ્યારે લોમાને બાંધ્યો હતો અને તે ઘાથી અશક્ત થઈ ગયો હતો ત્યારે જામે તેને મશ્કરીમાં પૂછ્યું કે તને આવો ને આવો છોડી મૂકિયે તો તું શું કરે ? ત્યારે તેણે ઉત્તર આપ્યું કે, " બાઇડી જેમ તાવડીમાં રોટલો ઉથલાવી નાંખેછે તેમ હું નગર ઉથલાવી નાંખું."

ધૂણાજી રાવળની વાત ભાટ નીચે પ્રમાણે વર્ણવે છે:—"લોમા કાઠી
"અને નોંઘણ, લડાઈમાં બળિયા, યુદ્ધમાં ઉતર્યા; વળાની સીમમાં નો-
"બત વાગી, સંગ્રામમાં ગોહિલ ભળી ગયાં; બાણ અને ગોળિયો ઉડવા
"લાગી; તરવારની ધાર ચાલી, ઈશ પોતાની રૂદ્રમાળામાં માથાં પરોવાને
"ત્યાં આવી પોહોંચ્યા; માંસ ભક્ષણ કરનારી શક્તિઓ અને હિંસ્ર પક્ષી
"ત્યાં આવી પોહોંચ્યાં; અપ્સરા અને તેત્રીસ કરોડ દેવતા હાજર થયા.
"સૂર્ય અરણને કેહેવા લાગ્યા કે ઓ! અરણ રથ રાખ્ય અને ધૂણોજી ર-

"ણસંગ્રામમાં પડેછે તે જો. એક હજાર ઘોડા ત્યાં ખોંખારી રહ્યા હતા;
"નિશાન ફરકતાં હતાં; ધૂણાજિયે શત્રુથી પાછી પાની કરી નહિ. મારૂરાજા
"આવેશથી લડચો, અને કાઠીની સેનાને તોડી પાડી. એના વિના બીજું
"કોણ માથું આપે! નોંધણ તો બચ્યો પણ ધૂણોજી રણમાં રહ્યો. વિરૂદના
"રાખનાર બીજા રામની પેઠે, રાજાએ ક્ષત્રિયનું કુળ દીપાવ્યું. વીસલનો
"દીકરો તરવાર રમતી રાખીને અપ્સરાને વરચો અને સ્વર્ગે ગયો."

સિહોરમાં નદીને કિનારે રાવળ ધૂણાજીનો પાળિયો છે; તે શૂરવીરને ઘોડા ઉપર બેસારીને તેના હાથમાં ભાલો આપેલો છે અને તેની આસપાસ તેની પછવાડે સતી થયેલી બે રાણિયોના પાળિયા છે. તેમાંથી એક સતી બાઈ શ્રી કર્માદેવીનું નામ વંચાય એવું છે. વળી પાળિયા ઉપર ધૂણાજીની મરણતિથિ છે તે ઉપરથી જણાયછે કે તે સંવત્ ૧૬૭૫ (ઈ. સ. ૧૬૧૯) ના કાર્તિક [1]વદિ ૬ઠે મરણ પામ્યો હતો. આ પાળિયાની પાસે જ રાવળ શ્રી ધૂણાજીના પુત્ર શ્રી રતનજીનો પાળિયો છે, તેના ઉપર માત્ર એક વર્ષના અંતરાયનો સંવત્ ૧૬૭૬ (ઇ૦ સ૦ ૧૬૨૦) નો છે. રાવલ રતનજીના પાળિયાની પાસે બીજા બે સતીના પાળિયા છે તેમાંથી એક ઉપર माताश्री-जी-इ सहगमन कृत લખેલું છે. રતનજીનું મરણ એક શૂરવીરના મરણ જેવું થયું છે, એ વિના તેના મોત સંબંધી કાંઈ વૃત્તાન્ત જાણવામાં આવ્યો નથી. ભાટનું તે વિષેનું વર્ણન નીચે પ્રમાણેછે:-
"જ્યારે રતને લડવાને માટે પોતાનો પગ મૂકયો ત્યારે ધૂણાજીના તે કુંવરનો
"પાણીગ્રહણ કરવા સ્વર્ગમાંથી અપ્પરાઓ ટોળે મળી. તેના કુટુંબ રૂપી દે-
"વાલય ઉપર લા [2]ગોહિલે ઉદારતા રૂપી શિખર બાંધ્યું; અને ધુનાનો દી-

---

૧ અંગ્રેજીમાં શુદિ છે તે ભૂલ જણાયછે. ભા. ક.

૨ લા ગોહિલ એ કુટુંબનો કૃત્રીમ પૂર્વજ છે. તે મરી ગયા પછી પણ ઉઠીને દાન આપતો એવી ભાટ લોકો તેની ખ્યાતી કરેછે.

કનાદ ઉપર ખુમાણો, ખશિયા, અને સરવાઈયા સાથે લડાઈ થઈ તેમાં રતનાએ તેમને હરાવ્યા પણ તેમની પછવાડે દોડ કરતાં તે મરાયો.

| | | |
|---|---|---|
| રતનજી ઈ. સ. ૧૬૧૯-૧૬૨૦ | } | |
| હરભમજી ઈ. સ. ૧૬૨૦-૧૬૨૨ | } | રટે. એ. ભા. |
| ગોવિંદજી ઈ. સ. ૧૬૨૨-૧૬૩૬ | } | |
| સત્રસાલજી ઈ. સ. ૧૬૩૬-૧૬૩૯ | | |
| અખેરાજજી ઈ. સ. ૧૬૩૯-૧૬૬૦ | | |
| રતનજી બીજો ઈ. સ. ૧૬૬૦-૧૭૦૩ | | |
| ભાવસિંહજી ઈ. સ. ૧૭૦૩-૧૭૬૪ | | રટે. એ. ભા. |

"કરો તેના ઉપર યુદ્ધ સમયના ક્ષત્રિય પણાના વાવટાનો હમેશ કરીને ચાલતો થયો."

રાવળ રતનજીને અખેરાજજી કરીને એક ભાઈ હતો; અને હુરભમજી, ગોવિંદજી અને સારંગજી કરીને ત્રણ કુંવર હતા, તથા લીલાજીબા કરીને એક પુત્રી હતી તેને ભુજના રા ભારાજી (ભારમલજી પેહેલો) વેરે પરણાવી હતી. રાવળ હુરંભમજી પોતાના બાપની પછવાડે ગાદિયે બેઠો; તે રાણી અનાજીબા સરવૈયાણી વેરે પરણ્યો હતો. તેને અખેરાજજી કરીને પુત્ર હતો. જ્યારે તેનો બાપ દેવલોક પામ્યો ત્યારે તે કુંવર બે વર્ષનો હતો. એટલે તેનો કાકો ગોવિંદજી ગાદીપતિ થયો તેનાથી ડરીને બાળકુંવરને લઇને રાણી ભુજ જતી રહી.

વાછાણી કેશવજી, મકનજી, અને દેવાણી માલજી એઓએ સલાહ કરીને ભાંગરા રબારીને તેઓની ઓથે લીધો ને પોતાના રાજાનો ન્હાનો કુંવર ભુજમાં આશરો લઈ રહ્યો હતો તેનો પક્ષ કરી ગોવિંદજીની સામે થવાને નિશ્ચય કરયો. તેઓએ સિહોર ઉપર ચડાઈ કરવાને તૈયારી કરી. મુસલમાન સરકારનો આશ્રય લેવાને ગોવિંદજી અમદાવાદ ગયો તે ત્યાંજ મરણ પામ્યો. તેના સમાચાર સિહોરમાં આવ્યા ત્યારે તેનો દીકરો સત્રાસલજી ક્રિયાખર્ચ કરવા લાગ્યો. તેની ગડબડમાં કેશવજી અને તેના મળતિયા જે જૂના શેહેરમાં ઘોડાં ટાડાં બાંધીને ઉતરયા હતા તે પગપાળા દરબારમાં આવ્યા અને સત્રસાલજીને ઉંઘતા ઉપાડીને જૂના સિહોરમાં લાવ્યા. ત્યાંથી પોતામાંહેલા એકના ઘોડા ઉપર નાંખીને તેને અગ્નિકોણમાં લઈ જતા હતા તેવામાં તેરમા ઉપર કાઠી લોકો સિહોર આવવાને પાસે આવી પોહોંચતા દીઠા એટલે કેશવજી તથા તેના મળતિયાઓએ તરશીંગડા ડુંગર ઉપર જઈ પોહોંચવાનો પ્રયત્ન કરયો પણ તેટલામાં તો કાઠી આવી પોહોંચ્યા તેથી તેમના સામા થયા, અને કહ્યું કે, "ગોવિંદજિયે અમારા રાજાની ગાદી લીધી છે એટલા માટે અમે એનો કુંવર ઝાલી આણ્યો છે. જો એના પક્ષવાળા ખરા વારસને ગાદી પાછી સોંપશે તો અમે કુંવર પાછો આપીશું. કાઠિયોએ વચન આપીને કહ્યું કે, અખેરાજજીને ભુજથી તેડાવો અમે તેમને ગાદી ઉપર બેસારવામાં આશ્રય આપીશું. પછી રાવળ અખેરાજજીને પાછો આણ્યો ને ગાદિયે બેસાડયો. સત્રાસલજીને છૂટો મૂક્યો

ને તેને તેના ભાગમાં ભંડારિયા આપ્યું. તેનાં વંશના ગોવિંદાણી ગોહિલ કેહેવાયછે.

અખેરાજજી હજી ન્હાનો હતો અને સિહોરમાં હજીલગણ ગોવિંદાણી ભંડારિયાની સત્તા ચાલતી હતી તેથી કુંવરની મા અનાજીબાએ લોલિયાણાના પાદશાહી નોકર દેસાઈ મેહેરાજ સાથે ઓળખાણ કર્યું અને તેનો દીકરો મેહેતા રામજી મેહેરાજને સિહોર બોલાવીને પ્રધાન કરી સ્થાપ્યો તેથી તેને લોલિયાણાથી ફોજની મદદ મળી એટલે ગોવિંદાણીની સત્તા નરમ પાડી નાખી. અખેરાજજી પછી તેનો પાટવી પુત્ર રતનજી ગાદિયે બેઠો; ને તેના ન્હાના કુંવર હુરભમજી, વજરાજજી, અને સરતાનજીને અનુક્રમે વરતેજ, થોરડી, અને મોગલાણું આપ્યું; પાંચમો ધૂણોજી હતો તેનો વંશ ન હતો.

રાવળ રતનજિયે રામજી મેહેરાજના પુત્ર દામજીને પ્રધાન પદ આપ્યું હતું; રતનજીને એક કુંવર રાવળ ભાવસિંહ કરીને હતો તેણે ભાવનગર વસાવ્યું.

ભાવસિંહ જેવામાં ન્હાનો હતો તેવામાં દામજીનો પુત્ર વલ્લભજી કારભાર કરતો હતો તેના ઉપર ભાવસિંહનો ક્રોધ ઉપજવાને કોઇયે મસ્કરીમાં કહ્યું કે, રાજ તો વલ્લભજી મેહેતો કરેછે, તમે તો નામનાજ રાજા છો. આ ઉપરથી ભાવસિંહે વલ્લભજીને પોતાના ભાલાવતે મારી નાંખ્યો. એટલે તેના ભાઇયોએ અને સંબંધિયોએ ઉચાળા ભરયા, પણ ભાવસિંહની મા રથમાં બેશીને ઉચાળા આડાં આવીને તેમને સમજાવીને કેહેવા લાગ્યાં કે " કશી વાત મારા જાણુવામાં નથી ને કુંવરને પણ ખરી વાત જણાવવામાં આવશે ત્યારે તેને પસ્તાવો થશે. તેથી તમે પાછા વળો ને જો વળશો નહિ તો અમારા ઉચાળા પણ તમારી સાથે થશે." આ પ્રમાણે કેહેવાથી વલ્લભજીના ભાઇયો પાછા વળ્યા ને તેમનામાં રણછોડ મેહેતો વડીલ હતો તેમને પ્રધાન ઠરાવી રીત પ્રમાણે પાઘડી બંધાવીને રૂપાનો દવાત તેમને સ્વાધીન કરયો.

ઈ૦ સ૦ ૧૭૨૩માં રાવળ ભાવસિંહે પ્રાચીનના વડવા ગામ પાસે એક નગર વસાવ્યું[1] તેનું નામ ભાવનગર પાડયું, આ રળિયામણા બંદરની

[1] સંવત. ૧૭૭૯ ના વૈશાખ શુદિ ૩ ને સોમવારને દિવસે ચાર ઘડી દિવસ ચડતાં.

પાસે એક ખાડી છે તે ભાવનગરની ખાડી કહેવાયછે, તેમાં ન્હાના ખરાબાને લીધે ભાવનગર અને વળા શેહેરના અર્ધ માર્ગ સુધી ઘેલડી બંદર લગણ વાહાણ ચલાવી શકાય એમ છે. ગોહિલ રાવળોનો રેહેવાનો મેહેલ, તે સાથે ત્યાંનો ગઢીનો કોઠો, તથા એક બે બીજા કોટની આસપાસના કોઠા, રાવળ વજેસિંહજિયે બંધાવેલું સરોવર, અને કેટલાંક દેવાલય, તેમ જ રાજકુટુંબિયોને અગ્નિદાહ દીધેલી જગ્યાઓ ઉપર બાંધેલી છત્રિયો એ સર્વે ભાવનગરમાં પ્રથમ જનારનું લક્ષ ખેંચે તેવાં છે. ત્યાંનાં ઘર સારી બાંધણીનાં છે, તે ઘણાં ખરાં પત્થરનાં છે પણ કેટલાંક થોડોક ઇંટોનાં અને ઘણી શોભાયમાન લાકડાની કોતરીથી દીપી નીકળેછે.

નગરની પાસે, ભોંય ભણીની બાજુએ. થોડી ઉંચાણની જગ્યા છે[1] ત્યાંથી ગોઘાબંદરનો દેખાવ નજરે પડેછે, તથા તેની અને ભાવનગરની વચ્ચે દરિયાથી છૂટો પડેલો, નિર્જન અને સપાટ ભાગ છે; તેમજ ખોખરાના તથા પાલીટાણા, સિહોર, અને ચમારડીના ડુંગરો આવેલા છે તે જોવામાં આવેછે, અને ખાડી વીંટલાતી અખાત ભણી વેહેતી જણાયછે. નગરની નીચાણમાં ખાડીના કિનારાની ઉભી અને વનસ્પતિથી વિંટાઇ ગયેલી જગ્યાએ રૂવાપુરી માતાનું દેવલ છે તે માતાની મૂલ ઉત્પત્તિ વલ્લભીપુરીનો નાશ થવાની વેળાએ કુંભારની સ્ત્રિયે પાછું વાળીને જોવાથી થયેલી છે. આ માતાનું દેવળ એટલું બધું નોંધી રાખવા જેવું નથી તથાપિ તેની છેક પાસે એક યોગીના દાહની જગ્યાએ એક લાંબો પત્થર છે તે "સત્ય અસત્યની બારી" ને નામે આજે પ્રસિદ્ધ છે.

એથી પણ ખાડીના પાણીની લગભગ ઢુંણો કરીને એક ટેકરો છે. તે વિષે એવી કથા છે કે એક વ્યાપારિયે રૂવાપુરી માતાની માનતા કરી હતી પણ તે પ્રમાણે પાળ્યું નહિ તેથી માતાનો કોપ થયો ને તે તેલ તથા મંજીઠ ભરીને વાહાણો લાવ્યો હતો તે સુધાં ત્યાં ડૂબી ગયો. રૂવાપુરીના કોપની સાબીતી એવી મળી આવેછે કે આજે પણ તે ઠેકાણા આગળ બદલાઇ ગયેલા રંગનું પાણી થાયછે.

---

૧ તે ચાડિયાની ધાર કેહેવાયછે. અસલ ધાડું આવે તેની ચાડી ખાવા અથવા સૂચના આપવા ઢોલ વગાડવામાં આવે તેથી સર્વના જાણવામાં આવે કે ધાડ લઈ કોઈ ચડી આવેછે. ખબર પડવાથી તેમના સામા લડવાને તૈયાર થઈ શકાતું તેથી તેનું નામ ચાડિયાની ધાર પડ્યું છે. બા. ક.

પીરમના રાજાની દરિયાઇ સત્તાની નિશાની દાખલ, નગરની સામી બાજુએ ખાડીમાં થોડાક ઉંચા વાહાણુના કૂવા જોવામાં આવેછે; અને તેઓના તળિયાની નીચે હુતારપટ્ટણુ ડટાઈ ગયેલું છે તે કદાપિ વલભી નગરનું બંદર હશે. જ્યારે ભરતી ઘણી ઉતરી જાયછે, ત્યારે તેનો પત્થરનો અને ઈંટનો પાયો દેખાઈ આવેછે.

ગોહિલ રાવળોની રાજધાનીનું વર્ણન તેમનાજ ભાટોએ કરેલું અમે આ ઠેકાણે દાખલ કરિયે છિયે.

"આ કલિયુગમાં સંવત્ ૧૭૧૯ ના વૈશાખ શુદિ ૩ ને દિવસે "પંડિતોને બોલાવીને મુહૂર્ત્ત નક્કી કર્યું. યોગ જોઇને પંડિતો બહુ રાજી "થયા, તેઓ કેહેવા લાગ્યા કે 'વાહ! વાહ! આ નગર તો ઈંદ્રપુરી સ-"રખું થશે.' તેમના મુખમાંથી વાણી થઇ એટલે નગરનું નામ ભાવ-"નગર પાડ્યું. બ્રાહ્મણોએ ભવિષ્ય વર્તુંકે મોતી અને માણકથી નગર "શોભી રેહેશે અને તેના શત્રુઓ પરાજિત પામશે. બ્રાહ્મણો ભવિષ્ય "બાંધે તે પ્રમાણે ખરેખરૂં થાય! આ વાત માનીને રાવળે પોતાની ગા-"દી ત્યાં કરી; વાડિયો કરાવી, અને આકાશમાં પોહોંચે એવી હવેલિ-"યો ઉઠાવિયો; કિલ્લાના કોઠા ઉપર મેહેલ આવી રહ્યા. કોઠાઓની "ઉપર પતંગની પેઠે નિશાન ફરકવા લાગ્યાં; સાંકડામાં સાંકડી શેરીમાં પ-"ણ ભિંતો કળીચૂનાથી ચકચકવા લાગી; શેરિયે શેરિયેથી પાણી ભરવા "નીકળી પડેલી સ્ત્રિયો સિંહલદ્વીપના હાથિયોના ટોળા સરખી દેખાવા "લાગિયો. જૂદા જૂદા નકશા પ્રમાણે કારીગરોએ બહુ માળનાં ઘર "બાંધ્યાં; બંને બાજુએ છજાં આવી રહ્યાં છે; જાળિયો અને બાકાંમાંથી "ફુલઝાડ ડોકિયાં કરેછે; હાથિયો ચાલે તેમના ઘંટ કડિંગ કડિંગ થાય "છે. તેમની પછવાડે પાયદલ ચાલેછે, અને ભાલાવાળા અશ્વારો "તેમની પાછળ હારબંધ જાયછે મ્હોટા પેટના વ્યાપારિયો લથર "પથર થતે વેશે આમ તેમ ફરેછે; બંને બાજુએ હજારો દુકાનો આવી "રહી છે; દુકાને દુકાને અગણિત ખરીદનારા ઉભા રહ્યા છે; વ્યાપારિયો "વેચાણ કરીને અને ખરીદ કરીને બીજા શેહેરોનો વ્યાપાર ભાગી પાડે "છે; બીજે કોઈ ઠેકાણે એવા લખપતિઓ જોવામાં આવતા નથી. કરોડના "વાવટા ઉરાડનારાઓનાં ઘર ઠેકાણે ઠેકાણે આવી રહ્યાં છે; રાવળના મે-

"મ્હેલની શોભા એવી છે કે તેની ગણના કોઈનાથી થઈ શકે નહિ. સોનેરી
"રંગનાં પુષ્પની વેલથી તે છવાઈ ગયેલો છે; મૂલ્યવાન માણકની જડેલી
"બારિયો આવી રહી છે; તે ઘણા પ્રકારના કોતરકામથી શોભી રહી છે;
"નાના પ્રકારનાં વાદિત્ર વાજી રહ્યાં છે; સર્વે કેહેવા લાગ્યા કે 'ધન્ય છે
"આ રાજ્યને!' દીવા શણગારયા; દરબારી લોકો એકઠા થયા; નોબતોના
"ગડગડાટ થવા લાગ્યા; નાચણોના નાચ થવા લાગ્યા; મલ્લ કુસ્તી કરવા
"લાગ્યા, દરેક તમાશગીરને આનંદ વ્યાપી ગયો, પરદેશનો પુષ્કળ મેવો
"મંગાવ્યો, અપ્સરાઓ નાચ કરી રહી, ગોહિલ વંશનું તિલક સૂર્યની પેઠે
"પ્રકાશ પામવા લાગ્યું, તેના મુખ આગળ કવિયો કવન કેહેવા લાગ્યા; એ
"પ્રમાણે આઠ પ્રહરનો દિવસ આનંદમાં ગયો. ઓ પીરમના પાદશાહ!
"જાતવીના રેતીકણ ગણાય, અથવા વર્ષાદનાં ફોરાં ગણાય, પણ તારા ધ-
"ણીપણાની મ્હોટાઈ કિયો પંડિતનો પુત્ર વર્ણવી શકે!"

## પ્રથમ ભાગ સમાપ્ત.

00054285

LIBRARY OF THE BOMBAY BRANCH OF THE ROYAL ASIATIC SOCIETY

Digitized with financial assistance from

NSDL
Technology, Trust & Reach

on 11 March, 2020